# સમયસાર રહસ્ય

ભાગ – ૧૧



ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ–૧૧

**અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના**
**૧૮૪ થી ૨૦૪ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૩૧ અક્ષરશઃ પ્રવચનો**


**પ્રકાશક**
**શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ**
**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

| વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|
| ૨૫૫૦ | ૨૦૮૦ | ૨૦૨૪ |

**પ્રકાશન**

શ્રી જંબુદ્વીપ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ, તા. ૨૫-૧-૨૦૨૪

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**અજય ઑફસેટ**
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદ્દઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ એ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે કે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી આ નિજ વૈભવ પ્રાપ્ત થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું **'સમયસાર રહસ્ય'** નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે

લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો 'પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.'

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદ્દુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમ જ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેથી તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના

વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૧૧ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગરનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તુરંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરુણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું

દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન '**સમયસાર રહસ્ય**'નો અગિયારમો ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્‌ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૩૨૨ | ૨૧–૦૨–૧૯૭૩ | શ્લોક–૧૨૬ | ૦૦૧ |
| ૩૨૩ | ૨૨–૦૨–૧૯૭૩ | ગાથા–૧૮૪ થી ૧૮૫ | ૦૧૭ |
| ૩૨૪ | ૨૩–૦૨–૧૯૭૩ | ગાથા–૧૮૪ થી ૧૮૬ | ૦૨૯ |
| ૩૨૫ | ૨૪–૦૨–૧૯૭૩ | ગાથા–૧૮૬ થી ૧૮૯ | ૦૪૩ |
| ૩૨૬ | ૨૫–૦૨–૧૯૭૩ | ગાથા–૧૮૭ થી ૧૮૯ | ૦૫૮ |
| ૩૨૭ | ૨૬–૦૨–૧૯૭૩ | ગાથા–૧૮૭ થી ૧૯૨ | ૦૬૯ |
| ૩૨૮ | ૨૭–૦૨–૧૯૭૩ | ગાથા–૧૯૦ થી ૧૯૨, | |
| | | શ્લોક–૧૨૯, ૧૩૦ | ૦૮૫ |
| ૩૨૯ | ૨૮–૦૨–૧૯૭૩ | શ્લોક–૧૩૦, ૧૩૧ | ૧૦૦ |
| ૩૩૦ | ૦૧–૦૩–૧૯૭૩ | શ્લોક–૧૩૧, ૧૩૨ | ૧૧૫ |
| ૩૩૧ | ૦૨–૦૩–૧૯૭૩ | શ્લોક–૧૩૩, ગાથા–૧૯૩ | ૧૩૦ |
| ૩૩૨ | ૦૩–૦૩–૧૯૭૩ | ગાથા–૧૯૩ | ૧૪૩ |
| ૩૩૩ | ૦૪–૦૩–૧૯૭૩ | ગાથા–૧૯૪ | ૧૫૮ |
| ૩૩૪ | ૦૫–૦૩–૧૯૭૩ | ગાથા–૧૯૫ | ૧૭૫ |
| ૩૩૫ | ૦૬–૦૩–૧૯૭૩ | ગાથા–૧૯૫–૧૯૬, શ્લોક–૧૩૫ | ૧૮૭ |
| ૩૩૬ | ૦૭–૦૩–૧૯૭૩ | શ્લોક–૧૩૫, ૧૩૬, ગાથા–૧૯૭ | ૨૦૩ |
| ૩૩૭ | ૦૮–૦૩–૧૯૭૩ | શ્લોક–૧૩૬, ગાથા–૧૯૮ | ૨૧૮ |
| ૩૩૮ | ૦૯–૦૩–૧૯૭૩ | ગાથા–૧૯૯ | ૨૩૩ |
| ૩૩૯ | ૧૦–૦૩–૧૯૭૨ | ગાથા–૧૯૯. ૨૦૦ | ૨૪૪ |
| ૩૪૦ | ૧૧–૦૩–૧૯૭૩ | શ્લોક–૧૩૭ | ૨૫૯ |
| ૩૪૧ | ૧૨–૦૩–૧૯૭૩ | શ્લોક–૧૩૭ | ૨૭૧ |

| | | | |
|---|---|---|---|
| ૩૪૨ | ૧૩–03–૧૯૭૩ | શ્લોક–૧૩૭ | ૨૮૩ |
| ૩૪૩ | ૧૪–03–૧૯૭૩ | શ્લોક–૧૩૭ | ૨૯૫ |
| ૩૪૪ | ૧૫–03–૧૯૭૩ | ગાથા–૨૧૦, ૨૦૨ | ૩૧૧ |
| ૩૪૫ | ૧૬–03–૧૯૭૩ | ગાથા–૨૦૧, ૨૦૨, શ્લોક–૧૩૮ | ૩૨૩ |
| ૩૪૬ | ૧૭–03–૧૯૭૩ | શ્લોક–૧૩૮, ગાથા–૨૦૩ | ૩૩૭ |
| ૩૪૭ | ૧૮–03–૧૯૭૩ | ગાથા–૨૦૩ | ૩૫૩ |
| ૩૪૮ | ૧૯–03–૧૯૭૩ | ગાથા–૨૦૩, શ્લોક–૧૩૯, ૧૪૦ | ૩૬૬ |
| ૩૪૯ | ૨૬–03–૧૯૭૩ | શ્લોક–૧૪૦, ગાથા–૨૦૪ | ૩૮૧ |
| ૩૫૦ | ૨૭–03–૧૯૭૩ | ગાથા–૨૦૪ | ૩૯૫ |
| ૩૫૧ | ૨૮–03–૧૯૭૩ | ગાથા–૨૦૪, શ્લોક–૧૪૧ | ૪૦૭ |
| ૩૫૨ | ૨૯–03–૧૯૭૩ | શ્લોક–૧૪૨, ગાથા–૨૦૫ | ૪૨૧ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

ॐ

સહજ ચિદાનંદ.

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)
(ભાગ-૧૧)

## શ્લોક-૧૨૬

(शार्दूलविक्रीडित)

चैद्रूप्यं जडरूपतां च दधतोः कृत्वा विभागं द्वयो-
रन्तर्दारुणदारणेन परितो ज्ञानस्य रागस्य च।
भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः
शुद्धज्ञानघनौघमेकमधुना सन्तो द्वितीयच्युताः।।१२६।।

एवमिदं भेदविज्ञानं यदा ज्ञानस्य वैपरीत्यकणिकामप्यनासादयदविचलितमवतिष्ठते, तदा शुद्धोपयोगमयात्मत्वेन ज्ञानं ज्ञानमेव केवलं सन्न किञ्चनापि रागद्वेषमोहरूपं भावमारचयति। ततो भेदविज्ञानाच्छुद्धात्मोपलम्भः प्रभवति। शुद्धात्मोपलम्भात् रागद्वेषमोहाभावलक्षणः संवरः प्रभवति।

---

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :- [चैद्रूप्यं जडरूपतां च दधतोः ज्ञानस्य रागस्य च] ચિદ્રૂપતા (ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ— [द्वयोः] એ બન્નેનો, [अन्तः] અંતરંગમાં [दारुण-दारणेन] દારુણ વિદારણ વડે (અર્થાત્ ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે), [परितः विभागं कृत्वा] ચોતરફથી વિભાગ કરીને (—સમસ્ત પ્રકારે બન્નેને જુદાં કરીને—), [इदं निर्मलम् भेदज्ञानम् उदेति] આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે; [अधुना] માટે હવે [एकम् शुद्ध-ज्ञानघन-ओघम् अध्यासिताः] એક શુદ્ધ વિજ્ઞાન ઘનના પુંજમાં સ્થિત અને [द्वितीय-च्युताः] બીજાથી એટલે રાગથી રહિત એવા [सन्तः] હે સત્પુરુષો! [मोदध्वम्] તમો મુદિત થાઓ.

ભાવાર્થ :- જ્ઞાન તો ચેતનાસ્વરૂપ છે અને રાગાદિક પુદ્‌ગલવિકાર હોવાથી જડ છે; પરંતુ અજ્ઞાનથી, જાણે કે જ્ઞાન પણ રાગાદિરૂપ થઈ ગયું હોય એમ ભાસે છે અર્થાત્ જ્ઞાન અને રાગાદિક બન્ને એકરૂપ-જડરૂપ-ભાસે છે. જ્યારે અંતરંગમાં જ્ઞાન અને રાગાદિનો ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ કરવાથી ભેદજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે એમ જણાય છે કે જ્ઞાનનો સ્વભાવ તો માત્ર જાણવાનો જ છે, જ્ઞાનમાં જે રાગાદિકની કલુષતા-આકુળતારૂપ સંકલ્પવિકલ્પ-ભાસે છે તે સર્વ પુદ્‌ગલવિકાર છે, જડ છે. આમ જ્ઞાન અને રાગાદિકના ભેદનો સ્વાદ આવે છે અર્થાત્ અનુભવ થાય છે. જ્યારે આવું ભેદજ્ઞાન થાય ત્યારે આત્મા આનંદિત થાય છે કારણ કે તેને જણાય છે કે 'પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે, રાગાદિરૂપ કદી થયો નથી'. માટે આચાર્યમહારાજે કહ્યું છે કે 'હે સત્પુરુષો ! હવે તમે મુદિત થાઓ.' ૧૨૬.

ટીકા : આ રીતે આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ (રાગાદિવિકારરૂપ) વિપરીતતા નહિ પમાડતું થકું અવિચળપણે રહે છે, ત્યારે શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું જરા પણ રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી; તેથી (એમ સિદ્ધ થયું કે) ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે અને શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી રાગદ્વેષમોહનો (અર્થાત્ આસ્રવભાવનો) અભાવ જેનું લક્ષણ છે એવો સંવર થાય છે.

## મહા વદ -૪, બુધવાર, તા. ૨૧-૦૨-૧૯૭૩
## શ્લોક-૧૨૬, પ્રવચન-૩૨૨

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર. સંવર અધિકાર ચાલે છે. ૧૨૬ કળશ છે. નીચે એનો અર્થ છે. સૂક્ષ્મ વાત સંવરની ચાલી, ૭-૮ દિવસથી ચાલે છે. ઓહો..!

'**શ્લોકાર્થ :— ચિદ્રૂપતા (ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન...**' આ આત્મા છે એ તો જ્ઞાનરૂપી, જ્ઞાનસ્વરૂપે આત્મા છે. ચિદ્રૂપતાને ધરતું જ્ઞાન. આત્મા જ્ઞાનસ્વરૂપને ધારણ કરે છે. આત્મામાં જ્ઞાન અને આનંદ છે. આત્મા જ્ઞાન અને આનંદને ધારણ કરે છે '**અને જડરૂપતા ધરતો રાગ...**' આહા..હા..! એને જેટલો શુભ અને અશુભ રાગ ઉત્પન્ન થાય છે એ તો જડ છે. હિંસાનો, જૂઠનો, ચોરી, વિષય વાસનાનો રાગ કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપનો રાગ એ પણ બધો રાગ છે. એ રાગ જડ છે. ચૈતન્યસ્વભાવ જ્ઞાનસ્વરૂપથી તે વિપરીત છે. પંડિતજી! આહા..હા..! આ શરીર, વાણી આ તો જડ છે જ, એ તો રજકણરૂપી જડ, રૂપી જડ પણ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાની શુભવૃત્તિ ઉઠે છે બધી એ પરમાણુરૂપ જડ નહિ, પણ અરૂપી જ્ઞાનની શક્તિથી વિરુદ્ધ રાગ એ જડરૂપ છે, અચેતન છે. કહો, સમજાય છે કાંઈ?

'**ચિદ્રૂપતા ધરતું જ્ઞાન...**' અર્થાત્ આત્માને પોતાની જ્ઞાનની પરિણતિ આનંદને ધારણ કરનાર છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપનો વિકલ્પ જે છે, એ તો વિકલ્પ છે, એ તો રાગ છે શુભરાગ, એ તો જડ છે. જડનો અર્થ રજકણ નહિ પણ એમાં જ્ઞાનનો અભાવ છે એ અપેક્ષાથી તેને અચેતન કહેવામાં આવે છે. આહા..હા..! ભારે આકરું કામ. આવો આવો અંદર. નજીક આવો નજીક, બેસો. આ આત્મા જે છે આત્મા અંદર, એ તો જ્ઞાન, શાંતિ, આનંદની પર્યાયને ધારણ કરનાર છે. એ આત્મા તો પોતાના જ્ઞાન, શાંતિ, આનંદસ્વરૂપના આધારે આત્મા છે. એ વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિનો વિકલ્પ ઉઠે છે તેના આધારે આત્મા નથી. અને જે વિકલ્પ ઉઠે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા કે હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના એ બધો વિકલ્પ છે તે અચેતન છે. આહા..હા..! એ ચૈતન્યસ્વભાવ ભગવાન આત્મા એના સ્વભાવથી એ પુણ્યના ભાવ શુભભાવ પણ વિપરીત

છે, અચેતન છે. એમાં જ્ઞાનસ્વભાવના કિરણનો અભાવ છે રાગમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

આમ કરનાર, '**એ બન્નેનો...**' ધર્મી શું કરે છે? ધર્મ કઈ રીતે થાય છે? એ બન્નેમાં (અર્થાત્) એ વિકલ્પ જે રાગાદિ છે ઈ અને અહીંયા ચૈતન્ય પરિણતિવાળો આત્મા છે ઈ, '**અંતરંગમાં દારુણ વિદારણ વડે...**' આહા..હા..! અંતરંગમાં નિર્મળ જ્ઞાનની પરિણતિથી અંતર્મુખ થઈને રાગનું અને જ્ઞાનનું વિદારણ કરીને—ભેદ કરીને. આનું નામ ભેદજ્ઞાન અને આનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ... કહે છે કે અંતરમાં જાણન.. જાણન.. જાણન.. જાણન.. પરિણતિ દ્વારા પોતાના આત્માને પકડવો, તો રાગથી ભિન્ન થઈ જવું. આવા ભેદજ્ઞાનને અહીંયા સંવર અને ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? સમજાય છે એટલે કુછ સમજમેં આતા હૈ? એ ગુજરાતી ભાષા છે.

'**અંતરંગમાં દારુણ વિદારણ...**' ભાષા શું છે? જેમ કસાઈ નિર્દયપણે બોકડાને કાપે. આત્મામાં રાગને નિર્દયપણે, મહાપુરુષાર્થથી, દારુણ પુરુષાર્થથી (અર્થાત્) અંતર્મુખના પુરુષાર્થથી રાગને ભિન્ન કરવો એ દારુણ, અંતરંગમાં દારુણ, '**અંતરંગમાં દારુણ વિદારણ દ્વારા...**' આહા..હા..! '**(અર્થાત્ ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે),...**' અંતર્મુખ થવાનો અભ્યાસ. હું આનંદ અને જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબિંબ છું એમ વર્તમાન પરિણતિ દ્વારા અંતર્મુખ થઈને દારુણ વિદારણ, રાગ અને પોતાની પર્યાયમાં દારુણ—ઉગ્ર પુરુષાર્થ વડે બેનો ભેદ કરે છે. આહા..હા..! જેમ કરવત હોયને? શું કહે છે? કરૌંત, આરા. બે ટૂકડા કરી નાખે. આહા..હા..! ભગવાન આત્મા જાણન.. જાણન... જાણન સ્વભાવથી ભરેલો અને રાગભાવ અચેતનભાવથી ભરેલો, બેનો દારુણ નામ ઉગ્ર પુરુષાર્થથી બેને ભિન્ન કરીને અંતરમાં સ્વસન્મુખ થઈને રાગથી ભિન્ન કરવો તેનું નામ ભેદજ્ઞાન છે, તેનું નામ સમ્યગ્દર્શન છે, તેનું નામ ધર્મની પ્રથમ સીઢી છે. આહા..હા..! કહો, શેઠ! આહા..હા..!

કેમકે ભગવાન અંદર ચૈતન્યબિંબ છે એ તો. આનંદનો કંદ છે અને રાગ છે એ તો દુઃખ છે. ચાહે તો શુભરાગ હો, શુભ ઉપયોગ, દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, તપનો એ શુભરાગ છે, દુઃખ છે. આહા..હા..! સમજ્યા? કાંઈક આવ્યું હતું. રાગ દાવાનળ એવું આવ્યું હતું. આમાં તો આવ્યું હતું, રાગ દાહ. 'રાગ આગ દાહ દહે' એ છ ઢાળામાં આવે છે, છ ઢાળામાં. છ ઢાળામાં આવે છે. 'રાગ આગ દાહ દહે સદા, તાતૈં સમામૃત સેઈએ'. ઈ છ ઢાળામાં આવે છે. રાગ ચાહે તો શુભ હો કે અશુભ હો, પણ છે આગ. કષાયઅગ્નિ છે. આહા..હા..! 'રાગ આગ...' બીજે દાવાનળ શબ્દ ક્યાં આવે છે? રાગ-દ્વેષ દાવાનળને છોડીને. એ અગ્નિ ભઠ્ઠી છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતરસ એવો પ્રભુ આત્મા

અકષાય સ્વભાવથી ભરેલો એ તરફના ઝુકાવથી, રાગના વિકલ્પના ઝુકાવથી ખસીને બેનું ભેદજ્ઞાન કરવું એનું નામ પ્રથમ ભેદજ્ઞાન નામ સંવર કહેવામાં આવે છે. એનું નામ જ સમ્યગ્દર્શન છે, એનું નામ જ સ્વરૂપમાં એકાગ્રતા થવી અને રાગની એકાગ્રતા તોડવી (ઈ છે). આહા..હા..! મહા પુરુષાર્થ છે ઈ. ઈ કંઈ સાધારણ ચીજ નથી. કહ્યુંને?

**'અંતરંગમાં દારુણ વિદારણ...'** મોક્ષ અધિકારમાં એમ આવે છે. બે પત્થર હોયને બે પત્થર? (એમાં) સંધિ છે સંધિ. આ પત્થર હોયને મોટા, એમાં સુરંગ નાખેને? પછી ફોડે. હજારો મણના પત્થર તોડી નાખે. એક લીટી હોય છે, લાલ, પીળી, ધોળી એવી ઝીણી (લીટી હોય છે) એમાં નાખે છે. એમ આત્મા અને રાગ વચ્ચે સંધિ છે.

મુમુક્ષુ :— સુરંગની જેમ ફોડી નાખવા.

ઉત્તર :— હા, ફોડી નાખવા. સ્વરૂપચંદભાઈ! આહા..હા..! આપણે ત્યાં જોયેલું, રાજકોટ. ત્યાં નદીમાં રાજકોટમાં. દિશાએ આઘે જઈએને. બહુ પત્થર કાળા. અને એમાં રગુ અંદર હોય, રગ. આપણે રગ કહે છે. ધોળી ધોળી. ખોદી અને નાખે દારૂ, પછી વાટ નાખીને સળગાવે, ભાગી જાય. હજારો ટન પત્થર નીકળી જાય.

એમ આત્મામાં આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને રાગ તે જડસ્વરૂપ, બે વચ્ચે સંધિ છે. બે વિસંધિ—બે એક થઈ ગયા નથી. આહા..હા..! ઝીણું બહુ પણ આ. વીતરાગમાર્ગ એવો તો બીજે ક્યાંય છે નહિ. વીતરાગ સિવાય, સર્વજ્ઞ સિવાય ક્યાંય ન હોય. આહા..હા..! કહે છે કે આ બાજુ ચૈતન્યસ્વરૂપ. એ તો નિર્મળ પરિણતિને ધારણ કરે છે. એ શું રાગને ધારણ કરે? અને રાગને ધારણ કરનાર તો આત્માની પરિણતિને પરિણમે? રાગ ધારણ કરવાવાળો જીવ શું આત્માની પરિણતિપણે થાય? એ તો જડપણે પરિણમે. આહા..હા..! અનંતકાળમાં એણે કદી એક સેકંડ પણ સંવર નામ ભેદજ્ઞાન કર્યું નથી અને એ વિના એને મોક્ષનો ઉપાય હાથ આવતો નથી. 'લાખ વાતની વાત...' આવે છેને? છ ઢાળામાં આવે છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ, આતમ ઉર ધ્યાવો.' ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી આનંદસ્વરૂપી એની પરિણતિથી તે જણાય એવો છે. એ રાગથી જણાય એવો નથી. રાગથી તો ભિન્ન પાડે તો જણાય એમ કહે છે. રાગથી ભિન્ન પાડીને જણાય છે. રાગની એકતાથી એ જણાતો નથી. એનો અર્થ થયો કે રાગની ક્રિયા જે અંદર છે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ ભાવથી એ આત્મા નથી જણાતો. એનાથી ભેદ કરવાથી જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એ બન્નેનો,...'** અંદર બે થયાને બે? બે થયા તો બે ભિન્ન છે. એક કોર જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એક કોર રાગસ્વરૂપ અચેતન જડ. અહીં તો જડ લીધું છે. **'ચિદ્રૂપતા (ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ,...'** આહા..હા..! એ બે વચ્ચે

અંતરંગમાં દારુણ વિદારણ વડે '**(અર્થાત્ ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે),...**' ઉગ્ર પુરુષાર્થ વડે '**ચોતરફથી વિભાગ કરીને...**' કથંચિત્ પરથી સર્વથા ભિન્ન કરવું અને કથંચિત્ ન કરવું એમ નથી. એઈ..! ચેતનજી! આ સર્વથા આવ્યું. થોડું રાખે અને થોડું.. એમ નહિ. '**ચોતરફથી વિભાગ કરીને...**' કોઈપણ રાગનો અંશ હો, ચાહે તો ભગવાનનું સ્મરણ હો એ પણ રાગ છે. એ રાગના કણથી અને ભગવાન આત્માથી સ્વભાવના ભાવથી બેને ભિન્ન કરી નાખ. સર્વથા ભિન્ન કરી નાખ, ચારે બાજુથી ભિન્ન કરી નાખ. '**ચોતરફથી વિભાગ કરીને...**' એમ આવ્યુંને? આહા..! ચારે બાજુથી એને છોડી દે, આહા..! વિભાગ કરી નાખ. કંઈ પણ રાગના અંશની મદદ મળશે, રાગ મંદ છે થોડો શુભરાગ એનાથી મને ભેદજ્ઞાન થશે (એમ નથી). જેનાથી જુદું પડવું છે એને સાથે કેમ લીધો? સમજાણું કાંઈ? એ શુભરાગથી તો જુદા પડવાનું છે? એ શુભરાગ મદદ કરે એને? આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કામ.

પહેલું વીતરાગી સમકિત કોને કહેવું? વીતરાગ સમકિત કોને કહે છે? અને ધર્મની પ્રથમ દશા કોને કહેવી એ સમજવું જ જગતને કઠણ છે. એમને એમ દયા, દાન, વ્રત, તપ, અપવાસ, જાત્રા, ભક્તિ કરો ધર્મ થઈ જશે. ધૂળમાંય ધર્મ નથી, એ તો રાગ છે. સમજાણું કાંઈ? એ તો શુભરાગ છે. એ રાગમાં ચૈતન્યના કિરણનો અભાવ છે અને આત્મામાં એકલા ચૈતન્યનો ભરેલો ભાવ છે. આહા..હા..!

'**ચોતરફથી વિભાગ કરીને...**' કથંચિત્ એક બાજુથી વિભાગ કરીને? સર્વથા વિભાગ કરીને, એનો અર્થ ઈ થયો. મૂળચંદભાઈ! ચારે બાજુ. એક રાગનો કણ પણ મારો નહિ. અંતર ચારે બાજુથી દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી બધાથી ભિન્ન છે. આહા..હા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! .... તો ક્યારે થાય? કે જ્યારે આ મિથ્યાત્વનો નાશ થાય. મિથ્યાત્વનો નાશ ત્યારે થાય કે રાગ અને આત્માની ભિન્નતા કરે તો એ મિથ્યાત્વનો નાશ થાય છે. રાગથી ભિન્ન કરતો હોય તો સમ્યગ્દર્શનરૂપી સંવર પ્રાપ્ત થાય છે. આહા..હા..! ભારે. કહો, સમજાણું કાંઈ?

'**ચોતરફથી...**' ગુજરાતીમાં શું છે? ગુજરાતીમાં. ચોતરફથી. સમસ્ત પ્રકારે. ઈ બરાબર છે. સમસ્ત પ્રકારે. ચોતરફથી એટલે સમસ્ત પ્રકારે. કોઈ પણ રાગ (હો), હું ગુણી છું અને એમાં ગુણ છે એવો જે વિકલ્પ છે રાગ, એનાથી પણ ભિન્ન કરીને એમ કહે છે. કહો, સ્વરૂપચંદભાઈ! આત્મા અંદર જ્ઞાનાનંદ સ્વભાવનું દળ છે અને રાગ છે તે વિભાવનો, દુઃખનો ભાવ છે. બે વચ્ચે સંધિ છે. બેય એક થયા નથી. એક હોય તો ભિન્ન થઈ શકે નહિ. એક માન્યા છે. સમજાણું કાંઈ? એ રાગથી મને લાભ થશે, એ રાગની ક્રિયાથી મને (લાભ થશે) એવી એકતા મિથ્યાત્વથી માની છે. એક થયા નથી, એક થયા હોય તો ભિન્ન પડશે નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..!

અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ પંચ મહાવ્રતના પરિણામ એ પણ એક વિકલ્પ છે, એ રાગ છે, શુભરાગ છે. એ સંવર નહિ, એ ધર્મ નહિ. સમસ્ત પ્રકારે, ચોતરફથી એનો અર્થ ઈ કે જે કંઈ દયા, દાન, મહાવ્રતના પરિણામ થાય એનાથી પણ ભિન્ન કરી નાખ. સમજાણું કાંઈ? બહુ ભાઈ આવો ધર્મ ઝીણો છે. પછી માણસો કહે, આ શાસ્ત્રો આવા કેવા લખ્યા? કંઈક સહેલું પડે એવું લખવું જોઈએને. એ.. શેઠ! શું કરવું. અંતરમાં જ્ઞાનસ્વરૂપી ભગવાન અને રાગરૂપી જડ, બેમાં પરનું લક્ષ છોડીને સ્વમાં લક્ષ બાંધવું એ ભેદજ્ઞાન છે. ઈ શબ્દથી કેટલું કહે? સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ તીર્થંકરે જે આત્મા કહ્યો એ આત્મામાં તો, રાગાદિ તો આસ્રવ છે, આસ્રવ ક્યાંથી આવ્યો? રાગ વિકલ્પ તો આસ્રવ છે. અહીં સંવરની વાત કરવી છેને. દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, જાત્રા, પૂજા એ બધો ભાવ રાગ છે, એ તો આસ્રવ છે. આસ્રવથી પોતાના આત્માને ભિન્ન કરવો એનું નામ સંવર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ચૈતન્યસ્વભાવ આમ જ્ઞાનસ્વભાવ, શુદ્ધસ્વભાવ એની અંતર દૃષ્ટિ લગાવી, દૃષ્ટિ લગાવી તો રાગથી ભિન્ન થઈ ગયો. દારુણ બેનો ભેદ કરી નાખ્યો. કંઈ પણ રાગનો અંશ સાથે લઈને ભેદજ્ઞાન થતું નથી. રાગ શુભ છે ઈ ભેદજ્ઞાનમાં મદદ કરશે, સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં શુભરાગ સહાયક થશે એમ નથી.

મુમુક્ષુ :— શુભ ઉપયોગ પોતે સંવર નથી?

ઉત્તર :— શુભ ઉપયોગ આસ્રવ છે. ... વીતરાગમાર્ગ ... વીતરાગભાવથી સંવર થાય છે. શુભ ઉપયોગ તો રાગ છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળવા, વ્રત પાળવા, તપસ્યા કરવી, જાત્રા કરવી એ તો બધો શુભરાગ છે. શુભરાગ તો આસ્રવ છે. એ સંવર ક્યાંથી થયો? શુદ્ધ ઉપયોગ એ સંવર છે. શુભ અને અશુભ બેય ભાવ આસ્રવ છે. આહા..હા..! એનાથી (ભિન્ન) સ્વભાવમાં એકતા કરવી, ભિન્નતા કરવી એ જ સંવર છે. આસ્રવથી ભગવાન આત્માને અંદરમાં ભિન્ન કરવો એ સંવર છે. આસ્રવ સાથે એકતા કરવી એ તો મિથ્યાત્વ અને આસ્રવ છે. આહા..હા..!

'**ચોતરફથી વિભાગ કરીને (—સમસ્ત પ્રકારે બન્નેને જુદાં કરીને—),...**' છેને? સમસ્ત છેને? સંપૂર્ણ. આહા..હા..! બરાબર છે. '**परितः**' છેને? સમસ્ત પ્રકારે, '**परितः**' સમસ્ત પ્રકારે. આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ ભગવાન આત્મા, એમાં રાગ છે એ તો દુઃખ છે. રાગથી ભિન્ન કરીને સમામૃત સેઈએ. સમતારૂપી અમૃતનું પીણું પીવું એનું નામ સંવર ને સમકિત અને ધર્મ છે. આહા..હા..! માણસને તો એવું લાગે સાધારણ જનતાને... આહા..! બાપુ! માર્ગ તો આવો છે. આવો માર્ગ મળ્યા વિના જન્મ મરણ મટશે નહિ. આહા..હા..! અને આ માર્ગ વીતરાગમાર્ગમાં જ આ માર્ગ છે, બીજે તો ક્યાંય છે નહિ.

આહા..! બીજે તો, કાં ઈશ્વરની ભક્તિ કરો, ઈશ્વરની કૃપા થશે તો તમારું કલ્યાણ થશે. એ બધું ફોગટ છે. કોઈ ઈશ્વર છે નહિ અને ઈશ્વરની કૃપા થવાની નથી. ઈશ્વર તો પોતે છે અને જો ઈશ્વર થયો તો પોતે વીતરાગ થઈ ગયો. અને પોતાનો આત્મા ઈશ્વર છે પૂર્ણાનંદ નાથ, ઈશ્વરની કૃપા થશે અંતરમાં રાગથી ભિન્ન પાડવાની તો કલ્યાણ થયું. આહા..હા..! સમજાણું કાંઈ?

'(**—સમસ્ત પ્રકારે બન્નેને...**)' બન્ને એટલે? એક કોર ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ અને એક બાજુ રાગ અચેતનસ્વરૂપ '**(બન્નેને જુદાં કરીને), આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે;...**' આહા..હા..! શબ્દો તો બહુ સહેલા છે. ભાવ ગંભીર છે ગંભીર. આહા..હા..! એક સેકંડનું ભેદજ્ઞાન, બીજ ઉગે જેમ ચંદ્રની બીજ ઉગે અને બીજ ઉગી એ પૂર્ણ પૂનમ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન વિના ગમે તેટલા વ્રત ને તપ ને ક્લેશ કરે, માસ માસ ખમણના અપવાસ, બધા સંસાર ખાતે રખડવાના ભાવ છે. કહો, સમજાય છે કાંઈ? '**આ નિર્મળ ભેદજ્ઞાન...**' જુઓ! પેલો આસ્રવ હતો એ મલિન હતો. આસ્રવ રાગથી ભિન્ન અંતર્મુખ થયો તો નિર્મળ ભેદજ્ઞાન પ્રગટ થયું. '**નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે;...**' જુઓ ભાષા વાપરી. સમજાણું કાંઈ? 'उदेति' છેને? 'भेदज्ञानम् उदेति' સંસ્કત. ભેદજ્ઞાન ઉદય પામે છે, પ્રગટ થાય છે. જેમ સૂર્ય ઉગે છે એમ આત્માને રાગથી ભિન્ન કરીને ભેદજ્ઞાન પ્રગટ થાય છે. ચૈતન્યસૂર્ય જાગ્યો. જાગતો થકો જાગ્યો. આહા..હા..!

'**માટે હવે એક શુદ્ધ વિજ્ઞાનઘનના પુંજમાં...**' આ કારણે '**હવે એક શુદ્ધ વિજ્ઞાનઘન...**' પૂર્ણ જ્ઞાનઘન સમૂહ પ્રભુ આત્મા. જેનો દ્રવ્યસ્વભાવ શુદ્ધ વિજ્ઞાનઘન એક એવો જે પુંજ આત્મા એમાં '**સ્થિત...**' એમાં સ્થિત '**અને બીજાથી એટલે રાગથી રહિત...**' શુદ્ધ જ્ઞાનઘનમાં સ્થિત અને રાગથી રહિત. '**હે સત્પુરુષો!**' આચાર્ય અમૃતચંદ્રાચાર્ય કહે છે, '**હે સત્પુરુષો!**' આનંદને અનુભવો. હવે '**મુદિત થાઓ.**' આનંદને અનુભવો એમ કહે છે. આહા..હા..! રાગની સાથે એકતાથી જે દુઃખનો અનુભવ કરતો હતો અનાદિથી,.. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. મુનિવ્રત ધાર, મુનિના વ્રત લીધા, પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ એ તો બધો રાગ છે. આહા..હા...! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો એનો અર્થ થયો કે પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણ એ દુઃખ છે. મુનિવ્રત (પરિણામ) તે દુઃખ છે. આહા..હા..! પંચ મહાવ્રત આદિ રાગ છે.

તો કહે છે કે '**શુદ્ધ વિજ્ઞાનઘનના પુંજમાં સ્થિત...**' અને દુઃખથી રહિત. રાગથી રહિત એટલે દુઃખથી રહિત. આહા..હા..! બહુ ટૂંકા શબ્દો. ભગવાન આત્મા આનંદસ્વરૂપમાં સ્થિત અને રાગ પરિણામ જે દુઃખ છે તેનાથી રહિત, એનું નામ આનંદનું વેદન છે. એનું

નામ અતીન્દ્રિય આનંદનું વેદન કરો, મુદિત થાઓ. મુદિત નામ અતીન્દ્રિય આનંદનું વેદન કરો. અનાદિથી રાગનું, દુઃખનું વેદન કરો છો એ તો ઝેરનું વેદન છે. આગનું, આગનું, આગનું વેદન છે આગનું. અગ્નિ રાગની આગ. શાંતિનું વેદન કરો કહે છે. આહા..હા..! બહુ થોડા શબ્દમાં...

ભગવાન આત્મા શાંત આનંદસ્વરૂપ એમાં સ્થિત થઈને અને રાગભાવ જે દુઃખ છે તેનાથી રહિત થઈને અતીન્દ્રિય આનંદનું વેદન કરવું, અનુભવ કરવો એનું નામ સંવર અને ધર્મ છે. આહા..હા..! અન્યથી રહિત થઈને 'હે સત્પુરુષો!' આહા..હા..! 'सन्तः' છેને? 'सन्तः' સંત સાધુ, હે સંત! અરે..! સત્સ્વભાવનો આશ્રય લીધો એ સત્પુરુષ આનંદનો અનુભવ કરો, આનંદનું વેદન કરો. રાગનું, શુભરાગનું વેદન તો દુઃખ છે, એ તો આસ્રવ છે. એનાથી રહિત જ્ઞાનપુંજ ભગવાન આત્મામાં સ્થિત થાઓ અને દુઃખથી રહિત થાઓ. આહા..હા..!

સુખ તો રાગમાં નથી, સુખ સ્ત્રીમાં નથી, સુખ કુટુંબમાં નથી, પૈસા—ધૂળમાં નથી, પૈસા તો ધૂળ છે. ઈ છોકરા કહે છે બોર્ડિંગના, મહારાજ! પૈસો તો ધૂળ છે. ધૂળ છે પણ અંદર બેસવું જોઈએને. ધૂળ છે એમ ન ચાલે. એની કિંમત હૃદયમાંથી ઊડવી જોઈએ. ત્યારે ધૂળ છે એમ કહેવાય. એની કિંમત કાંઈક લાગે (ત્યાં સુધી ધૂળ નથી લાગી). છોકરાઓ જોતા હોયને ત્યાં બોર્ડિંગમાં. સાંજે આવેને બે ત્રણ કલાકે. એક છોકરો તો એવું બોલ્યો, પૈસા તો ધૂળ છે. કીધું, બરાબર છે. પણ ક્યારે? એની કિંમત હૃદયમાંથી નીકળે ત્યારે. પણ એની કિંમત લાગે અને ધૂળ છે એમ ક્યાંથી આવ્યું? એની કિંમત ઊડી જાય અને ચૈતન્યની કિંમત અંદર આવે ત્યારે ધૂળ છે. નહિતર ધૂળ છે, પણ ધૂળનું વેદન છે રાગનું, તો તો એણે પૈસામાં કિંમત ગણી છે. કંઈક છે, સગવડતા છે, ... છે, મોટરું થાય, શેઠ! કેટલી મોટરું. કો'ક કહે છે, શેઠને ચાલીસ મોટરું છે. બીડ્યું ફૂંકવા માટે જ્યાં ત્યાં મોકલવી હોયને બીડી. એવી કો'ક વાતું કરતા હોય, આપણે ક્યાં (જોવા ગયા હતા). બીડ્યું ભરીને મોકલેને? શું કહેવાય? બીડ્યુંના વેપારી છેને. સાગરવાળા બુંદેલખંડના શેઠ. બુંદેલખંડના શેઠ ક્યાંથી? બુંદેલખંડમાં ક્યાં હતો આત્મા? અહીં તો રાગમાં આત્મા નથી ત્યાં વળી ખંડમાં ક્યાંથી આવ્યો? આહા..હા..!

ભાઈએ કહ્યું નથી સોગાનીએ? ચક્રવર્તી... ઈ ત્યાં બંધ છે. ત્યાં આવ્યા હતા હમણાં. બે કલાક બંધ, બે કલાક ખુલ્લી, બે કલાક બંધ, બે કલાક ખુલ્લી. ... પોપટભાઈ એમાં આવ્યા હતા. બાર વાગે આવ્યા હતા. આ પોપટભાઈ બેઠા. પોપટભાઈ કહેતા હતા. બે કલાક બંધ, બે કલાક ખુલ્લી. આમાં શું કરે માણસ?

કહે છે, હે જ્ઞાનીપુરુષો! જેને રાગથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન આત્મજ્ઞાન થયું, આનંદ કરો હવે. આહા..હા..! બીજામાં ક્યાંય નથી. ખુશી થા, ખુશી થા એમ કહે છે. આ છોકરાઓને

કંઈક આપીને પછી કહે, હવે ખુશી થા. ... એમ અહીં કહે છે કે એકવાર તો આનંદને પામ. ભગવાન આત્માને જો અંદર, રાગથી ભિન્ન પડ, તને આનંદ થશે. એ આનંદનો અનુભવ એ ધર્મ છે. બાકી બધી વાતું છે. સમજાણું કાંઈ? એ શુભરાગ છે, પુણ્ય બંધ છે, પુણ્ય બંધ છે. પુણ્યબંધનમાં તો અબંધસ્વરૂપને બંધ થાય છે. એ પુણ્યબંધમાં તો સંયોગ મળે છે, બહારની ધૂળ આદિ. એમાં ક્યાંય આત્મા નથી આવતો.

'**ભાવાર્થ :— જ્ઞાન તો ચેતનાસ્વરૂપ છે...**' એટલે આત્મા તો ચેતનાસ્વરૂપ છે. જ્ઞાન એટલે આત્મા. જાણન દેખન ચેતનાસ્વરૂપ છે '**અને રાગાદિક પુદ્ગલવિકાર હોવાથી જડ છે;...**' આહા..હા..! એ શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો રાગ એ તો પુદ્ગલવિકાર હોવાથી. આહા..હા..! એ તો પુદ્ગલનો વિકાર છે, તારી ચીજ નહિ. તારી હોય તો જુદી પડે નહિ અને જુદી પડે એ તારી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? રાગાદિક એટલે રાગ, દ્વેષ, શુભ, અશુભભાવ તો પુદ્ગલવિકાર હોવાથી જડ છે. '**પરંતુ અજ્ઞાનથી, જાણે કે જ્ઞાન પણ રાગાદિરૂપ થઈ ગયું હોય...**' ભાન વિના, નિજ ચૈતન્યના ભાન વિના જાણે કે આત્મા રાગરૂપ થઈ ગયો હોય. એ તો અજ્ઞાનથી માન્યું છે. આહા..હા..! પુણ્યના પરિણામ, રાગનો ભાવ એ રૂપે આત્મા થઈ ગયો હોય એમ માને એ તો અજ્ઞાન છે, મિથ્યા ભ્રમ છે. આ છેને? છેલ્લો એક બાકી હતોને? શુદ્ધ ઉપયોગ, છેને એમાં? જુઓને. ... લ્યો, આવ્યું. કહો, સમજાણું કાંઈ? પહેલા ચારિત્ર હોય, એને કોઈ ઋધ્ધિ પ્રગટી હોય ઋદ્ધિ, બે લાડવા માથે આમ લૂગડું ઢાંકે તો આખું ચક્રવર્તીનું રાજ જમી લ્યે. એવી ઋદ્ધિ પ્રગટે એને ઋષિ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ચાર તસુ આમ ઊંચા ચાલે.

ઉત્તર :— હા. ઉપર ચાલે. ચાર તસુ ઊંચે ચાલે. એ બધું ઋદ્ધિમાં જાય છે. ઋદ્ધિના ઘણા પ્રકાર છે. ઓલામાં છે, મહાધવલ, મહાધવલ. મહાધવલમાં છે. ઘણા બોલ લીધા છે.

અહીં તો કહે છે કે આવા ઋષિ પ્રત્યે પ્રેમ એ ... છે. આવા સાચા સંત પ્રત્યે પણ વમન થાય પ્રેમનું એ એક મોહ છે, ભલે શુભ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એના પ્રત્યેનો પ્રેમ એ ધર્મ છે એમ નહિ. આહા..હા..! દુઃખરૂપ રાગ બે એક ... છે. રાગ છે તે આકુળતા છે, ભગવાન અનાકુળ આનંદ છે એવું ભેદજ્ઞાન કરતો નથી.

'**જ્યારે અંતરંગમાં જ્ઞાન અને રાગાદિનો ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ કરવાથી...**' આત્મસ્વભાવ જાણન દેખન સ્વભાવ અને રાગ દુઃખરૂપ અને અચેતન સ્વભાવ, એ બેનું જ્ઞાન ઉગ્ર પુરુષાર્થ કરીને તીવ્ર અભ્યાસ કરવો, એ અભ્યાસનો અર્થ એકાગ્રતા કરવી. સ્વભાવમાં એકાગ્રતા કરવાનો પુરુષાર્થ કરવો. '**ભેદજ્ઞાન પ્રગટ થાય છે...**' આ રીતે સમ્યગ્દર્શન થાય છે. '**ત્યારે એમ જણાય છે...**' ત્યારે ધર્મીને જ્ઞાનમાં જણાય છે કે '**જ્ઞાનનો સ્વભાવ**

**તો માત્ર જાણવાનો જ છે,...'** મારો સ્વભાવ તો જાણવું દેખવું માત્ર જ છે. **'જ્ઞાનમાં જે રાગાદિકની કલુષતા...'** આત્માના સ્વભાવમાં જે રાગાદિ ભિન્ન દેખાય છે એ તો કલુષતા, એ તો **'આકુળતારૂપ સંકલ્પવિકલ્પ—ભાસે છે...'** આહા..હા..! **'તે સર્વ પુદ્ગલવિકાર છે,...'** થાય છે ચૈતન્યની પર્યાયમાં. એ ચૈતન્યની જાતના નથી, ભાત નથી તેથી પુદ્ગલવિકાર, પુદ્ગલવિકાર (કહ્યું છે). ત્રિકાળ ચૈતન્યદળ આનંદકંદ એમાં એક સમયનો પુદ્ગલના નિમિત્તે ઉત્પન્ન થયેલો ભાવ એ પુદ્ગલવિકાર. નિર્વિકારી ચૈતન્યની સામે, ભગવાન નિર્વિકાર ચૈતન્યસ્વભાવ ત્રિકાળ નિર્વિકાર શુદ્ધ સ્વભાવ એની અપેક્ષાએ એક સમયનો ધર્મના નિમિત્તના લક્ષે થયેલો વિકાર એ બધો પુદ્ગલવિકાર છે. ચૈતન્યનો સ્વભાવ નહિ માટે પુદ્ગલવિકાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! નવરો થઈને આ કરે નહિ, કો'કની પંચાત માંડીને બેસેને કે આમ છે ને તેમ છે ને ફલાણું છે. કરને, કરવાનું તો આ છે તારે. અહીંથી નવરો થાય ત્યારે પછી કરજે કાંઈક. પછી કરે શું? જ્ઞાન થયું ઈ થયું, પછી જ્ઞાતા દૃષ્ટા થઈ જશે. કરે કોને? કહો, મૂળચંદભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વખત ક્યાં મળે? આમાંથી જ વખત મળતો નથી ન્યાં જવાનો. આ ન્યાં જાય તો બીજો વખત જ નથી એમાં, કહે છે. આહા..હા..! પછી કાંઈ કરવાનું જ નથી એણે, જાણવું દેખવું થયા કરે. આહા..હા..! સમ્યગ્દર્શનથી માંડીને ભેદજ્ઞાન થતાં વિકલ્પાદિ આવે એને જાણનાર છે, એને પકડનાર નથી. પોતાની દશાનો ભાવ છે એમેય નથી. એવું સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન અપૂર્વ છે. જેના આનંદના સ્વાદ આગળ ચક્રવર્તી હો, છન્નુ હજાર સ્ત્રી હો એના ભોગમાં એને ઝેર લાગે છે. કાળો નાગ જેમ દેખે અને દુઃખ લાગે એવું દુઃખ લાગે છે. આહા..હા..! અજ્ઞાનીને એમાં મીઠાશ અને રસ લાગે છે. સમજાય છે કાંઈ?

ભાવનગરમાં એકવાર ગયા હશું, .... એમાં પૈસા ... એકલો નોટું ગણે. કીધું, આ શું? આપણને કંઈ બહુ ખબર નથી. સાધુ પાસે આ પૈસા ક્યાંથી આવ્યા? પૈસા ગણતો હતો, રૂપિયા હતા રોકડા. પૈસા તો આમ પચ્ચીશ પચ્ચીશની આમ થોકડી. ... (સંવત) ૧૯૬૪-૬૫ની વાત છે. ભાવનગર અપાસરામાં. સાધુના દર્શન કરવા ગયા હતા. દેશમાંથી આવ્યાને. ચાલો જઈએ. ત્યાં રૂપિયા ગણતા હતા. થોકડી આમ. દસ આ, દસ આ, દસ આ. પછી કાંઈક થોકડી કરતો હતો. અરે..રે..! મારી નાખ્યા જગતને મમતાએ.

અહીં તો કહે છે, પૈસા ગણનારો પણ... વિકલ્પ ઉઠે છે એ દુઃખ છે. આહા..હા..! એનાથી ભિન્ન પડ તો આનંદ આવશે, એમ કહે છે. આહા..હા..! પૈસા આમ દેખાય, આ પચાસ હજાર, લાખ, ફલાણું છે... સો સોની પચાસની નોટું નીકળી હતીને? એઈ..! ચેતનજી! આપણે હતાને? મહાનંદજી નહિ? અહીં નહોતા એક દેરાવાસી સાધુ? મરી ગયા તો સો

સોની પચાસ નોટ નીકળી. સો સોની પચાસ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળનો .. નથી. અરે..! અરે..! મારી નાખ્યા. એનો બિચારાનો સગોવ્હાલો, જટાશંકર, ઈ તરત દેવા આવ્યો અહીંયા. ભાઈ ગુજરી ગયા અને પાંચ હજાર નીકળ્યા છે. સો સોની નોટું નીકળી પચાસ. નાખો આમાં. પરમાગમમાં નાખી દીધા. જેતપુર ગયા હતા. એના સંબંધી હશે, ત્યાં રહેલા. ગુજરી ગયા. સાધુ થઈને પાછા રૂપિયા રાખે! એઈ..! કહે છે, રાગ રાખવો અજ્ઞાન છે. રાગ મારો કરીને રાગને રાખવો એ મિથ્યા ભ્રમ છે. આહા..હા..! ભાઈ! તારે શું કરવું છે? એમ કે માણસને એમ થઈ જાય કે, વૃદ્ધાવસ્થા થઈ હોય, કોઈ રોગ આકરો આવી ગયો હોય.. બે પાંચ દસ હજાર હોય તો એવે ટાણે કામ આવે. ધૂળેય કામ આવે એવું નથી ત્યાં. મોઢું ફાટી જાય આમ કરીને. આપણા શાંતિભાઈ લ્યો. રાત્રે મરી ગયા ન્યાં. ખાટલામાંથી પડીને મરી ગયા. એની પાસે પૈસા હતા કેટલાય. ... દસ હજાર રૂપિયા ... એ પછી આપ્યા હશે તમને. મરી ગયા ... રાખીને. આપણે શાંતિભાઈ નહોતા?

મુમુક્ષુ :— સાચવતા હતા.

ઉત્તર :— ... પ્રાણભાઈના વખતથી સાચવતા. રાત્રે ખાટલામાંથી આમ હેઠે ઉતરવા ગયા ત્યાં મરી ગયા. એમને એમ મરી ગયેલા. આહા..! શું કરે? જીવોને ક્યાં આશ્રય અને કોનું શરણ? રાગનું શરણ નથી આત્માને ત્યાં બીજા શરણ ક્યાંથી આવ્યા? નમો અરિહંતાણં એવો વિકલ્પ છે એ પણ એનું શરણ આત્માને નથી, એ તો રાગ છે. આહા..હા..! અરિહંતા શરણં, સિદ્ધા શરણં એ આ આત્મા શરણં. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાનમાં જે રાગાદિકની કુલષતા—આકુળતારૂપ સંકલ્પવિકલ્પ—ભાસે છે તે સર્વ પુદ્ગવિકાર છે, જડ છે.'** જડ છે એમ ભાસન થવું જોઈએ એમ કહે છે. આમ જડ જડ કરીને (બોલવામાત્ર નહિ). સમજાણું? આત્મા જાણન-દેખન અને રાગાદિ એ તો અચેતન ક્લુષિત દુઃખ છે એમ અંતરમાં ભાસ થવો એનું નામ ભેદજ્ઞાન છે. એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત છે, શરૂઆત છે. આહા..હા..! પછી શ્રાવક અને મુનિપણાની દશા તો અલૌકિક અલૌકિક છે!! સાચાની હોં! આહા..હા..!

**'આમ જ્ઞાન અને રાગાદિકના ભેદનો સ્વાદ આવે છે...'** લ્યો ઠીક. આ પ્રકારે જ્ઞાન અને રાગાદિકના ભેદનો સ્વાદ આવે છે એટલે અનુભવ આવે છે, અનુભવ થાય છે. રાગમાત્રનો સ્વાદ ક્લુષિત છે અને ભગવાનનો સ્વાદ અનાકુળ આનંદ છે. આવું ભેદજ્ઞાન થવાથી ભેદનો સ્વાદ આવે છે. રાગાદિકથી ભેદનો સ્વાદ આવે છે. એટલે કે રાગાદિકની એકતાનો સ્વાદ નથી આવતો. આહા..હા..! **'જ્યારે આવું ભેદજ્ઞાન થાય ત્યારે આત્મા**

**આનંદિત થાય છે...'** મુદિત થાઓ કહ્યુંને? '**આત્મા આનંદિત થાય છે કારણ કે તેને જણાય છે કે 'પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે,...'** હું તો ત્રણકાળ ત્રણલોકમાં જ્ઞાન અને આનંદરૂપ જ રહ્યો છું, હું કદી રાગરૂપ થયો નથી. આહા..હા..! આ ધર્મની પહેલી સીઢી. આ વિના ધર્મ થતો નથી. આહા..હા..! ભારે! લોકો તો અત્યારે આ કરો, આ કરો, વ્રતને કરો એ બધો ધર્મ. કરતા કરતા આગળ વધશે. મારી નાખ્યા જગતને. નવમી ગ્રૈવેયક ગયો ત્યારે અનંતવાર કર્યું. મુનિવ્રત ધારણ નથી કર્યા? મુનિવ્રત એટલે પંચ મહાવ્રત. અંતરનું મુનિપણું જે છે એ તો સમ્યગ્દર્શનસહિત સ્વરૂપની રમણતા છે. અંતરનું આત્મજ્ઞાન અને આનંદમાં લીનતા એ તો અંતરની ચીજ છે. એ ચીજ વિના એકલી રાગની ક્રિયાકાંડ કરીને દુઃખનું વેદન કર્યું. ઓહો..હો..! વ્રતના ભાવ કરવા અને પાળવા એ, કહે છે, દુઃખ છે. કેમકે એ વિકલ્પ છે, રાગ છે. આહા..હા..! ભારે આકરું કામ. દુનિયાને વીતરાગમાર્ગથી (ભિન્ન) અજૈનને જૈન મનાવી દીધું છે. વીતરાગમાર્ગથી ભિન્ન માર્ગને વીતરાગમાર્ગ બતાવી દીધો.

'**પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે,...'** ધર્મની ભાનદશા થતાં પુણ્ય પાપના રાગથી ભિન્ન ભેદજ્ઞાન થતાં ધર્મીને એમ લાગે છે કે આ આત્મા તો આવોને આવો સદા રહ્યો છે. '**રાગાદિરૂપ કદી થયો નથી.'** માન્યું હતું. એ માન્યતા ગઈ કે રાગરૂપ આત્મા કદી થયો જ નથી. આવી દૃષ્ટિને અહીંયા સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! '**રાગાદિરૂપ કદી થયો નથી. માટે આચાર્યમહારાજે કહ્યું છે કે 'હે સત્પુરુષો!'** આનંદરૂપ રહ્યો છે એવા આનંદનું વેદન કરો એમ કહે છે. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય... કુંદકુંદાચાર્ય તો બે હજાર વર્ષ પહેલા થયા એમના શ્લોક છે અને આ કળશ છે એ અમૃતચંદ્રાચાર્ય (જે) એક હજાર વર્ષ પહેલા મુનિ દિગંબર સંત વનવાસી કહે છે કે હે ધર્માત્મા! આહા..હા..! ધર્મનું વેદન કરો. આનંદનું વેદન કરો, ધર્મ એટલે. આહા..હા..! રાગ દ્વેષનું અધર્મનું વેદન તો અનંત વાર થયું. એ કંઈ અપૂર્વ ચીજ નથી. પૂર્વમાં અનંતકાળથી કર્યું છે. ભાઈ! તારે આ કરવાનું છે. રાગરૂપ તો હું થયો નથી, હું તો ત્રિકાળી આનંદરૂપ રહ્યો છું. એવી દૃષ્ટિ કરીને આનંદનું વેદન કરો. ત્યારે ધર્મ થાય છે. આહા..હા..! ૧૨૬. '**હવે તમે મુદિત થાઓ.'** આ હિન્દી ચાલે છે. બીજી ટીકા છે, હવે બીજી ટીકા છે. કળશ પછી પણ થોડી ટીકા છે.

'**ટીકા :— આ રીતે આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ...'** સંસ્કૃત ટીકા છે હોં! ભાવાર્થ નહિ. '**આ રીતે...'** ઉપર કહ્યું એ પ્રકારે '**આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ...'** રાગથી ભિન્ન પડેલું જ્ઞાન આત્માને અણુમાત્ર પણ '(રાગાદિવિકાર) **વિપરીતતા નહિ પમાડતું થકું...'** લ્યો. આહા..હા..! પુણ્ય પાપના વિકલ્પથી ભિન્ન પડીને જે ભેદજ્ઞાન થયું એ રાગાદિને, અણુમાત્ર પણ રાગાદિને તે રૂપે '**વિપરીતતાને નહિ પમાડતું થકું...'** જ્ઞાનસ્વભાવી ભગવાન જ્ઞાનસ્વભાવે રહેતો થકો. જ્ઞાનને રાગથી વિપરીતતાને નહિ

પમાડતું થકું. પાઠમાં છેને, ટીકા છે. '**एवमिदं भेदविज्ञानं यदा ज्ञानस्य वैपरीत्यकणिका**' જુઓ! એ વિપરીત કણિકમાત્ર. આહા..હા..! '**અવિચળપણે રહે છે,...**' આત્મા રાગથી ભિન્ન થઈને ભેદજ્ઞાન થયું તો ભેદજ્ઞાનનું જ્ઞાન રાગને પોતાનું નહિ કરતું થકું જ્ઞાનસ્વરૂપરૂપે અવિચળરૂપે રહે છે. રાગ થાય છે તો એને પણ જાણે છે. એને પોતાનો કરતું નથી. સમ્યગ્જ્ઞાનીને રાગ થાય છે તો એ રાગને જાણે છે. રાગને પોતાનો કરતો નથી. આહા..હા..!

'**ત્યારે શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે...**' લ્યો. ત્યારે શુદ્ધ ઉપયોગમયાત્મકપણા વડે. શુદ્ધ ઉપયોગ થયો. વિકલ્પથી રાગથી ભિન્ન પડ્યો. ભેદવિજ્ઞાન થયું તો ઈ શુદ્ધ ઉપયોગ થયો. પોતાની પરિણતિમાં શુદ્ધ ઉપયોગ થયો. શુભ અને અશુભ રાગથી ભિન્ન પડ્યો તો શુદ્ધ થયો. એ '**શુદ્ધ-ઉપયોગાત્મકપણા વડે જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું...**' પછી તો શુદ્ધ ઉપયોગાત્મકપણા વડે કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું, એકલું જ્ઞાનરૂપ રહેતું થકું. એકલો જ્ઞાનરૂપ જ રહેતો થકો. કેવળ એટલે એકલું જ્ઞાન. '**જરાપણ રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી;...**' ભેદજ્ઞાની કિંચિત્‌માત્ર. કણિકામાત્ર એમ છેને? કણિકમાત્ર રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી. આહા..હા..!

મુમુક્ષુ :— શુદ્ધ ઉપયોગ...?

ઉત્તર :— શુદ્ધ ઉપયોગ. ... શુદ્ધ જ છે પણ એમાંય વીતરાગ થાય ત્યારે શુદ્ધ કહેવાય. શું કરે? એ શુભ ઉપયોગમાં સંવર માને છે. શું થાય? સ્વતંત્રતાની... એની પર્યાયનો કર્તા સ્વતંત્ર છે. જે રીતે બેઠું ઈ તો આત્મા થઈ ગયો. આત્મા કેમ ના પાડે કે આ નહિ? અહીં રાગરૂપ થઈને આત્મા થઈ ગયો, રાગરૂપ રહીને આત્મા થઈ ગયો, રાગથી ભિન્ન પડીને. હવે ઈ કેમ રાગને પોતાનો માને? એમ રાગરૂપ છું એમ માન્યું ઈ કેમ રાગરહિત પોતાને માને? રાગરૂપ થઈને માન્યું હવે ઈ રાગરૂપ રહીશ હું ઈ શી રીતે માને? આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનવરનો માર્ગ સૂક્ષ્મ બહુ. સંપ્રદાયમાં તો કડાકૂડ જ ચાલી છે એકલી. બહારની કડાકૂટ. અને એ કરતા કરતા ધર્મ થઈ જશે. એમ નથી. એ રાગના વિકલ્પથી નિવૃત્ત થઈને સ્વભાવનું જ્ઞાનરૂપ પરિણમન થાય તો એ જ્ઞાન અવિચળપણે રહેતું થકું, રાગનો, દ્વેષનો, મોહનો કણમાત્ર પણ પોતામાં કરતો નથી. સમજાણું કાંઈ? આસ્રવને કણમાત્ર પણ (પોતાનો) કરતો નથી એમ કહે છે.

એ '**કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું જરા પણ રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી; તેથી (એમ સિદ્ધ થયું કે) ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે...**' એ રાગથી ભિન્ન પડવાથી ભેદજ્ઞાનથી જ શુદ્ધ આત્માનો અનુભવ થાય છે. એ અનુભવ શુદ્ધ ઉપયોગથી થાય છે. આહા..હા..! અલિંગગ્રહણમાં તો કહ્યું નથી? સૂરજમાં જેમ ઉપરાગ નથી, એમ શુદ્ધ ઉપયોગમાં ઉપરાગનો, શુભભાવનો રાગ નથી. એ આત્મા તો શુદ્ધ ઉપયોગી

છે. શુદ્ધ ઉપયોગી છે તે આત્મા છે. રાગરૂપ આત્મા ક્યાં છે? એ તો આસ્રવ થઈ ગયો. બહુ તકરાર. શુભ ઉપયોગ ઈ જ સમકિત છે, બસ, એમાંથી બધું થાય છે. આહા..હા..! શુદ્ધ ઉપયોગ, છેને આમાં? જુઓને!

एदं तु अविवरीदं णाणं जइया दु होदि जीवस्स।
तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा।।१८३।।

બે ગાથાની ટીકા થઈ અને આ ત્રીજીની થઈ આમાં. 'उवओगसुद्धप्पा' આહા..! અહીં તો સંવર પહેલેથી ભેદજ્ઞાનથી લીધું છે. કોણ ચર્ચા વાર્તા કરે, સાંભળે? આહા..હા..! '**શુદ્ધ-ઉપયોગાત્મકપણા...**' એટલે શુદ્ધ ઉપયોગમય સ્વરૂપ. એમ. '**ત્યારે શુદ્ધ-ઉપયોગાત્મકપણા વડે જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું જરા પણ રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી; તેથી (એમ સિદ્ધ થયું કે) ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે અને શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી...**' શુદ્ધ આત્મા પરમાનંદ મૂર્તિના અનુભવથી '**રાગદ્વેષમોહનો (અર્થાત્ આસ્રવભાવનો) અભાવ જેનું લક્ષણ છે...**' જુઓ! રાગદ્વેષમોહનો અભાવ જેનું લક્ષણ છે '**એવો સંવર થાય છે.**' આહા..હા..! એની ગાથાની ટીકા છે. સમ્યગ્દર્શનમાં તો સર્વથા મિથ્યાત્વ અને રાગ મોહનો અભાવ છે. આહા..હા..! મોહનો તો અભાવ છે જ પણ ભેદજ્ઞાનમાં તો રાગદ્વેષના પરિણામનો અભાવ છે. આહા...! સમજાણું કાંઈ? ભારે ગાથાઓ ભેદજ્ઞાનની. કાલે તો ભાઈ સાંભળીને બહુ ખુશ થતા હતા. ગટ્ટુલાલ. બહુ કહેતા હતા કાલે રાત્રે. ઓ..હો..હો..!

વીતરાગનો માર્ગ જ આવો છે. વીતરાગનો માર્ગ વીતરાગતાથી ઉત્પન્ન થાય છે. શું રાગથી આસ્રવથી ઉત્પન્ન થાય? રાગ તો આસ્રવ છે. વીતરાગભાવ રાગથી ભિન્ન પડીને પોતાની દૃષ્ટિમાં રાગરહિત થાય છે અને સ્વરૂપની પરિણતિ વીતરાગી થાય છે તેને સંવર થાય છે. એનું ... કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૮૪-૧૮૫

कथं भेदविज्ञानादेव शुद्धात्मोपलम्भ इति चेत्--

जह कणयमग्गितवियं पि कणयभावं ण तं परिच्चयदि।
तह कम्मोदयतविदो ण जहदि णाणी दु णाणित्तं।।१८४।।
एवं जाणदि णाणी अण्णाणी मुणदि रागमेवादं।
अण्णाणतमोच्छण्णो आदसहावं अयाणंतो।।१८५।।
यथा कनकमग्नितप्तमपि कनकभावं न तं परित्यजति।
तथा कर्मोदयतप्तो न जहाति ज्ञानी तु ज्ञानित्वम्।।१८४।।
एवं जानाति ज्ञानी अज्ञानी मनुते रागमेवात्मानम्।
अज्ञानतमोऽवच्छन्नः आत्मस्वभावमजानन्।।१८५।।

यतो यस्यैव यथोदितं भेदविज्ञानमस्ति स एव तत्सद्भावात् ज्ञानी सन्नेवं जानाति— यथा प्रचण्डपावकप्रतप्तमपि स्वर्णं न स्वर्णत्वमपोहति तथा प्रचण्डकर्मविपाकोपष्टब्धमपि ज्ञानं न ज्ञानत्वमपोहति, कारणसहस्त्रेणापि स्वभावस्यापोढुमशक्यत्वात्; तदपोहे तन्मात्रस्य वस्तुन एवोच्छेदात्; न चास्ति वस्तूच्छेदः, सतो नाशासम्भवात्। एवं जानंश्च कर्माक्रान्तोऽपि न रज्यते, न द्वेष्टि, न मुह्यति, किन्तु शुद्धमात्मानमेवोपलभते। यस्य तु यथोदितं भेदविज्ञानं नास्ति स तदभावादज्ञानी सन्नज्ञानतमसाच्छन्नतया चैतन्यचमत्कारमात्रमात्मस्वभावमजानन् रागमेवात्मानं मन्यमानो रज्यते द्वेष्टि मुह्यति च, न जातु शुद्धमात्मानमुपलभते। ततो भेदविज्ञानादेव शुद्धात्मोपलम्भः।

---

હવે પૂછે છે કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) કઈ રીતે થાય છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :—

જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,
ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪.
જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવ ગણે,
આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫.

ગાથાર્થ :- [यथा] જેમ [कनकम्] સુવર્ણ [अग्नितप्तम् अपि] અગ્નિથી તપ્ત થયું થકું પણ [तं] તેના [कनकभावं] સુવર્ણપણાને [न परित्यजति] છોડતું નથી [तथा] તેમ [ज्ञानी] જ્ઞાની [कर्मोदयतप्तः] કર્મના ઉદયથી તપ્ત થયો થકો પણ [ज्ञानित्वम्] જ્ઞાનીપણાને [न जहाति] છોડતો નથી. —[एवं] આવું [ज्ञानी] જ્ઞાની [जानाति] જાણે છે, અને [अज्ञानी] અજ્ઞાની [अज्ञानतमोऽवच्छन्नः] અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત હોવાથી [आत्मस्वभावम्] આત્માના સ્વભાવને [अजानन्] નહિ જાણતો થકો [रागम् एव] રાગને જ [आत्मानम्] આત્મા [मनुते] માને છે.

ટીકા :- જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે તે જ તેના (ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી જ્ઞાની થયો થકો આ પ્રમાણે જાણે છે :— જેમ પ્રચંડ અગ્નિ વડે તપ્ત થયું થકું પણ સુવર્ણ સુવર્ણત્વ છોડતું નથી તેમ પ્રચંડ કર્મોદય વડે ઘેરાયું થકું પણ (અર્થાત્ વિઘ્ન કરવામાં આવતાં છતાં પણ) જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી, કેમ કે હજાર કારણો ભેગાં થવા છતાં સ્વભાવને છોડવો અશક્ય છે; કારણ કે તેને છોડતાં સ્વભાવમાત્ર વસ્તુનો જ ઉચ્છેદ થાય, અને વસ્તુનો ઉચ્છેદ તો થતો નથી કારણ કે સત્‌ના નાશનો અસંભવ છે. આવું જાણતો થકો જ્ઞાની કર્મથી આક્રાંત (ઘેરાયેલો, આક્રમણ પામેલો) હોવા છતાં પણ રાગી થતો નથી, દ્વેષી થતો નથી, મોહી થતો નથી, પરંતુ શુદ્ધ આત્માને જ અનુભવે છે. અને જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન નથી તે તેના અભાવથી અજ્ઞાની થયો થકો, અજ્ઞાન-અંધકાર વડે આચ્છાદિત હોવાથી ચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને નહિ જાણતો થકો, રાગને જ આત્મા માનતો થકો, રાગી થાય છે, દ્વેષી થાય છે, મોહી થાય છે, પરંતુ શુદ્ધ આત્માને બિલકુલ અનુભવતો નથી. માટે એમ સિદ્ધ થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે.

ભાવાર્થ :- જેને ભેદવિજ્ઞાન થયું છે તે આત્મા જાણે છે કે 'આત્મા કદી જ્ઞાનસ્વભાવથી છૂટતો નથી'. આવું જાણતો હોવાથી તે, કર્મના ઉદય વડે તપ્ત થયો થકો પણ, રાગી, દ્વેષી, મોહી થતો નથી પરંતુ નિરંતર શુદ્ધ આત્માને અનુભવે છે. જેને ભેદવિજ્ઞાન નથી તે આત્મા, આત્માના જ્ઞાનસ્વભાવને નહિ જાણતો થકો, રાગને જ આત્મા માને છે તેથી તે રાગી, દ્વેષી, મોહી થાય છે પરંતુ કદી શુદ્ધ આત્માને અનુભવતો નથી. માટે એ નક્કી થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થાય છે.

---

## મહા વદ-૫, ગુરુવાર, તા. ૨૨-૦૨-૧૯૭૩
## ગાથા-૧૮૪-૧૮૫, પ્રવચન-૩૨૩

૧૮૩ ગાથા થઈ. '**હવે પૂછે છે કે ભેદવિજ્ઞાનથી જ...**' ભેદવિજ્ઞાનથી જ. અહીં 'જ' આવ્યો. પણ ઈ જ આવેને? શું આવે? કથંચિત્ ભેદવિજ્ઞાનથી એમ આવે? આહા..હા..! કથંચિત્, પણ અહીં કથંચિત્ નહિ, અહીં તો એકાંત આમ છે. '**ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ...**' છે. આત્મામાં રાગથી ભિન્ન પડે એટલે એને આત્માની પ્રાપ્તિ થાય. કંઈ પણ રાગનો સથવારો—સાથ—લઈને ભેદજ્ઞાન થાય? '**કઈ રીતે થાય છે? તેના ઉત્તરરૂપ**

ગાથા કહે છે :—'

जह कणयमग्गितवियं पि कणयभावं ण तं परिच्चयदि।
तह कम्मोदयतविदो ण जहदि णाणी दु णाणित्तं।।१८४।।
एवं जाणदि णाणी अण्णाणी मुणदि रागमेवादं।
अण्णाणतमोच्छण्णो आदसहावं अयाणंतो।।१८५।।

નીચે હરિગીત.

**જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,**
**ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪.**
**જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવ ગણે,**
**આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫.**

સ્વયંમેવ આદં છેને? '**रागमेवादं**'. રાગ એ જ આત્મા. એમ.

'**ટીકા :— જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે...**' એટલે કે જેને ઉપર કહ્યું તેવું રાગ અને વિકલ્પથી ચૈતન્ય ભિન્ન છે, રાગ અને ભેદથી પણ ભિન્ન છે એવું જેને ભેદવિજ્ઞાન છે '**તે જ તેના (ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી...**' એ ભેદવિજ્ઞાનના સદ્ભાવથી, એને જ કારણે '**જ્ઞાની થયો થકો...**' આહા..હા..! વિકલ્પથી ભિન્ન પડીને ભેદજ્ઞાની થયો થકો. સમજાણું કાંઈ? '**(ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી...**' એમ શબ્દ છેને? રાગથી સ્વભાવને ભેદ પાડીને ભેદજ્ઞાનની હયાતીથી '**જ્ઞાની થયો...**' ત્યારે જ્ઞાની થયો. આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્ય વસ્તુ જે ભગવાન પૂર્ણાનંદ એને રાગથી ભિન્ન પાડતાં જે ભેદજ્ઞાન થયું એ ભેદજ્ઞાનથી જ જ્ઞાની થયો થકો, એમ કહે છે. સમજાણું કાંઈ? શાસ્ત્રના જાણપણા કરીને જ્ઞાની થયો થકો, બહું વાંચતા આવડે, બહુ બોલતા આવડે સભામાં (એટલે જ્ઞાની થયો એમ નથી કહ્યું).

મુમુક્ષુ :— .. ન હોય ત્યાં શું કરવું?

ઉત્તર :— ન હોય તો ભેગું કરવું.

અહીં તો રાગથી ભિન્ન પડીને થયેલું ભેદજ્ઞાન, એ ભેદજ્ઞાનથી થયેલો જ્ઞાની એમ. આહા..હા..! કેમ કે વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ તો વિભાવસ્વભાવ છે અને ભગવાન ત્રિકાળ તો સહજ સ્વભાવ છે. એવા બે વચ્ચે વહેંચણી કરીને સ્વસન્મુખ થતાં રાગથી ભિન્ન પડ્યો, રાગથી લક્ષ છોડીને સ્વભાવના લક્ષે રાગથી ભિન્ન પડેલું જે ભેદજ્ઞાન, એ ભેદજ્ઞાન વડે જ્ઞાની થયો થકો. સમજાણું કાંઈ? કેમકે રાગથી ભિન્ન પડતાં ચૈતન્ય ભગવાન જ્ઞાનની પર્યાયમાં જણાતાં એવું જે ભેદજ્ઞાન એનાથી તે જ્ઞાની એટલે આત્માનું જ્ઞાન થયું. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

'**જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે તે જ તેના (ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી...**'

ભેદજ્ઞાનની હયાતીથી. રાગથી ભિન્ન પડેલો ભગવાન એના જ્ઞાનથી, ભેદજ્ઞાનના જ્ઞાનથી. આહા..હા..! '**જ્ઞાની થયો થકો...**' ત્યારે ધર્મી થયો. જ્ઞાની એટલે જ્ઞાની થયો પણ ધર્મી ન થયો હોય (ઘણા એમ કહે). આહા..હા..! સમજાણું કાંઈ? ભેદવિજ્ઞાનની હયાતથી જ્ઞાની થયો થકો. આહા..હા..! '**આ પ્રમાણે જાણે છે :—**' સૂક્ષ્મ વાત છેને આ તો ભાઈ. આહા..હા..! આ કાંઈ બહારની ક્રિયાકાંડથી કે બહારના જાણપણાથી પ્રાપ્ત થાય એવી ચીજ નથી. એ તો બે છે, રાગ અને સ્વભાવ, એને ભેદ પાડતાં જે ભેદજ્ઞાન થયું તેથી તે જ્ઞાની થયો, તેથી તે સમકિતી થયો, એથી એ ધર્મી થયો, એથી એને સુખના સ્વાદની લહેજત આવી. આહા..હા..! તે '**આ પ્રમાણે જાણે છે :—**' આહા..હા..! '**જેમ પ્રચંડ અગ્નિ વડે...**' આકરી અગ્નિ વડે '**તપ્ત થયું થકું પણ સુવર્ણ સુવર્ણત્વ છોડતું નથી...**' આકરી અગ્નિના તાપ આવે, સોનાના લાટામાં અગ્નિ... ઘર સળગે ત્યારે સોનાના લાટા હોયને અંદર? આહા..હા..!

દ્વારિકા સળગી ત્યારે તો સોનાના લાટા તો લાખો, કરોડો હતા અંદર. શું કહ્યું? દ્વારિકા સળગી. છ મહિના સુધી અગ્નિ. નવ જોજનમાં લાંબી, બાર જોજન પહોળી. છપ્પન કરોડ જાદવો. હાથી, ઘોડા, બીજા કેટલાક બહાર હતા. ક્રોડો રાજકુમારો હડ હડ... કેટલા ઘી હશે, કેટલા તેલ હશે, કેટલા ગ્યાસતેલ હશે. એવું બધું હોય કે નહિ માણસોનું? કેટલા ગોળના રવા હશે, સાકરના ઓલા હશે, સમજાણું? કેટલી કાપડની દુકાનો હશે. આહા..હા..! કેટલી રૂની પેટીઓ હશે, રૂના કેટલા ધોકડા હશે, ... આહા..હા..! કહે છે, પણ અંદરના સોનાના લાટા હશે એ બળ્યા નહિ હોય એમાં. એ સોનું સોનાપણું છોડે નહિ. ભલે નરમ થાય પણ ઈ સોનાપણું ન છોડે. સમજાણું કાંઈ? આહા..હા..! એ દ્વારિકા છ મહિના સુધી હડ હડ અગ્નિથી સળગતી હશે. કૃષ્ણ અને વાસુદેવ જેવા શલાકા પુરુષો આમ બહાર ઊભા ઊભા (જોતા રહ્યા). અરે..! આમાં માતા બળે, પિતા બળે, દીકરા બળે, વહુરુ બળે. વ્હાલામાં વ્હાલી પ્રિય પ્રજા બળે. એ.. સ્વરૂપચંદભાઈ! આહા..હા..! કહે છે કે એ અગ્નિમાં છ મહિના સુધી લાટા સોનાના હશે એ અગ્નિથી તપ્યું થકું સોનું કાંઈ લોઢું થઈ જાય? આહા..હા..! સોનાના ગઢ અને રતનના કાંગરા હતા એને. સોનાનો ગઢ દ્વારિકાને. માથે રતનના કાંગરા. છ મહિના સુધી બળ્યા. બળદેવ વાસુદેવ નીકળ્યા બહાર. કૃષ્ણ બળદેવ ઉપર હાથ નાખીને (કહે છે), ભાઈ! જ્યાં હુકમ કરતાં હજારો રાજાઓ ભેગા થાય, ભાઈ! ક્યાં જાશું? જુઓ! આ સંસાર. એની સેવામાં દેવ હતા એ ક્યાં ગયા?

કહે છે કે.. આહા..હા..! એ અગ્નિએ સળગ્યું પણ સોનું કાંઈ જાય? આહા..હા..! સોનું સોનાપણું ન છોડે એમ કહે છે. દ્રવ્યને દ્રવ્યનું દ્રવ્યપણું. સોનું જે છેને, એનું સોનાપણું. આહા..હા..! '**સુવર્ણ સુવર્ણત્વ છોડતું નથી...**' આહા..હા..! '**તેમ પ્રચંડ કર્મોદય વડે**

ઘેરાયું થકું...' આહા..હા..! પાંડવોને સુંવાળા શરીર માખણ જેવા, રાજકુમાર, પાંચ પાંડવોને અગ્નિ મૂકી આમ. મુગટમાં અગ્નિ, હાથમાં અગ્નિ, કહે છે કે પણ અંદર આત્માનું ધ્યાન છે આનંદસ્વરૂપ એને એણે છોડ્યું નથી. સમજાણું કાંઈ? જેમ દ્વારિકા સળગી એમાં સોનાએ સોનું નથી છોડ્યું, એમ આ શરીર સળગ્યું એમાં આત્માએ આત્માપણું છોડ્યું નથી. **'પ્રચંડ કર્મોદય વડે...'** પ્રંચડ કર્મનો ઉદય કેવો? મુનિ થયા, દિગંબર થયા મોક્ષની ઝંખનામાં અંદર પડ્યા એને આ લોઢાના દાગીના ઊના ઊની ધગધગતા કરી, ચીપિયે પકડી પહેરાવ્યા. ખ્યાલ આવ્યો કે અગ્નિ છે. દ્વેષનો અંશ નહિ. એકતાબુદ્ધિ નહિ, દ્વેષનો અંશ નહિ, રાગ પ્રત્યે પ્રેમ નહિ, શરીર પ્રત્યે પ્રેમ નહિ. એ ચૈતન્યના અંતરમાં આનંદના ઘોલનમાં પોતાને એ પ્રચંડ અગ્નિ અડી નથી. એ તો અડી નથી પણ તેના તરફના વલણવાળો રાગ પણ જેને થયો નથી, કહે છે.

આત્મા આત્માપણે જ્યાં થાય છે.. આહા..હા..! પરિણામ પરિણામપણે પરિણમી ગયા, હું તો જે છું તે રહ્યો. એવું આવે છેને? ન બેસે લોકોને આ વાત. બહારની દૃષ્ટિવાળા, પર્યાયદૃષ્ટિ વ્યવહારવાળા (એને ન બેસે). પરિણામ પરિણામ પરિણમી ગયા. એ પર્યાય એમ કહે છે કે પરિણામ પરિણમી ગયા. પર્યાય એમ કહે છે કે હું તો એવોને એવો અંદર રહ્યો છું. સમજાય છે? શરીર, વાણી એક કોર રાખો અહીં તો. અહીં તો પરિણામ પલટી ગયા, પલટી. કહે છે કે પરિણામ પલટ્યા પણ હું તો જે છું તે છું. હું તો પલટ્યો પણ નથી અને પલટવામાં હું આવ્યો નથી એમ પર્યાય કહે છે.

મુમુક્ષુ :— દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં છે.

ઉત્તર :— એમાં છે. ઈ દ્રવ્યદૃષ્ટિનો પ્રકાશ જ આ છે. સમજાણું કાંઈ? દ્રવ્ય એટલે વસ્તુ એની દૃષ્ટિ થતાં એનો પ્રકાશ એટલે પરિણામ થાય છતાં એ પરિણામ પલટતાં પણ ધ્રુવ તો એનું એ રહ્યું છે. તો શરીર વળી પલટતા મારામાં કાંઈક પલટે છે (એમ છે નહિ). આહા..હા..! અગ્નિ સળગે.

ગજસુકુમાલ લ્યોને. ગજસુકુમાલ. સાસરો અગ્નિ (મૂકે છે). મસાણમાં ધ્યાનમાં હતા. આહા..હા..! શ્વેતાંબરમાં એવું આવે છે. આ વાત તે દિ' થઈ ગયેલી ૭૨માં હો! તકરાર થઈ હતીને ઓલી વાંધાની. ભગવાને દીઠું (એ પ્રમાણ થાશે), આપણે પુરુષાર્થ અત્યારે ન કરી શકીએ. કીધું, અરે..! આવી વાણી શાસ્ત્રની હોય? શું કરો છો આ? ગજસુકુમાલે ઈ સાંભળ્યું હશે? ૭૨ના ફાગણ સુદની વાત છે, ૧૩-૧૪. આવું ગજસુકુમાલે સાંભળ્યું હશે. હાથીના તાળવા જેવા તો શરીર. ગજસુકુમાલ છેને. ગજ નામ હાથી, તાળવું લાલ. એકલું લાલ કોમળ એવું આખું શરીર રાજકુમારનું. ભગવાનની વાણી સાંભળે છે. ફાટ ફાટ પ્યાલા અંદર થઈ જાય છે. આહા..હા..! આ વાણી સાંભળી ... અંદર પ્યાલા ફાટી ગયા. પ્રભુ!

મને આજ્ઞા (આપો). હું ... જાઉં છું. મારે દીક્ષિત થાઉં છું. ત્યાં તો જરી ભાષા શ્વેતાંબરની છેને. '... દેવાનુપ્રિયા' એમ ભાષા છે. ન્યાં ક્યાં એને ભાષા હતી. દિવ્યધ્વનિ. પણ શ્વેતાંબરની એવી શૈલી '..દેવાનુપ્રિયા... મા પ્રતિબંથ કરેહ.' પ્રતિબંધ કંઈ કરશો નહિ. એ ભાષા. તે દિ' તો એ (હતું). આ તો ૭૨ની વાત છેને. આ પ્રમાણે ગજસુકુમાલ જ્યારે માતા પાસે જાય છે, (અને કહે છે), જનેતા! મને રજા દે. મારે તો મોક્ષ જોઈએ છે. મારે તો આત્માની પૂર્ણ પ્રાપ્તિ માતા જોઈએ છે. ફરીને અવતરું નહિ એ ભાવ મારે જોઈએ છે. આહા..! છેવટે એમ કહે છે, દીકરા! તમે જે પંથ લીધો એ અમને હજો. ભાઈ! ભાવના... આહા..હા..! ભાઈ! તેં પંથ લીધો એ પંથ અમને હજો. સમજાય છે? માતા કહે છે, દેવકી ગજસુકુમાલને, ભાઈ! જે પંથ તેં લીધો અને જા છો, દીક્ષિત થવાને, મોક્ષ જવા માટે એ પંથ અમને હજો. તને હજો તો આજ્ઞા આપી, પણ અમને આ હજો. આહા..હા..! જુઓ તો ખરા. ઘરમાં લૂંટંમલૂંટ ચાલતી હશે આનંદની. એ જ્યાં દીક્ષિત થયા, પ્રભુને કહે છે, પ્રભુ! આપની આજ્ઞા હોય તો સ્મશાનમાં જાઉં. સ્મશાન, દીક્ષિત થઈને સ્મશાન. એ મડદાને આમ ઉપાડીને સાથે લઈ જાય, અમે ચાલીને મસાણમાં જાશું. આહા..હા..! હજી તો રાજકુમાર (છે). સોનીની દીકરી બહુ ... ઘરે મોકલી હતી અંતેપુરમાં. એ ત્યાં હજી તો કુંવારી અને આ થઈ ગયા દીક્ષિત લ્યો. આહા..હા..! એને પણ માથે ઈ અગ્નિ.

'**કર્મોદય વડે ઘેરાયું થકું...**' આહા..! ગજસુકુમાલ. હાથીના તાળવા જેવું શરીર, આખું શરીર કોમળ.. કોમળ.. કોમળ... માથે પડી અગ્નિ થયું થકું '(**અર્થાત્ વિઘ્ન કરવામાં આવતાં છતાં પણ**)...' આ વિઘ્ન થયુંને માથે? પાંડવને લોઢાના (દાગીના) પહેરાવ્યા. આ કર્યા. એ તો બહારનો સંયોગ છે. આહા..હા..! એ '**જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી,...**' એ આત્મા આત્માપણું છોડતો નથી. આહા..હા..! જ્યાં આનંદની છોળ ઉઠે છે એવી સ્થિતમાં પણ ધર્માત્મા કર્મોદયમાં ઘેરાયો થયો થકો. આહા..હા..! અગ્નિથી તપેલું સોનું પણ સોનાપણું સોનું છોડે નહિ. એમ બહારના કર્મોદયના અઘાતિના નિમિત્તથી ઘેરાયેલો. આહા..હા..! પોતાનું જ્ઞાન એટલે આત્મા આનંદ અને શાંતિપણું એ જ્ઞાનનું જ્ઞાનત્વ, આત્માનું આત્મપણું છોડતો નથી. સમજાણું કાંઈ? આ તો મારગડા એવા છે ભાઈ! આ તો કાયરના કાંઈ કામ નથી.

એક ફેરી પોરબંદરમાં પૂછ્યુ હતું, ભાઈ! કીધું, મરુદેવી મોક્ષ ગયા એવું તમને ઠીક પડે કે ગજસુકુમાલ મોક્ષ ગયા ઈ ઠીક પડે? કહ્યું, મરુદેવી મોક્ષ ગયા એ ઠીક પડે. કાંઈ પરિષહ નહિ. શું એનો અર્થ? અંદર આત્મા આત્માપણે પરિણમીને મોક્ષ જાય છે અને તે એક જ પ્રકાર છે. એમાં સોંઘું હોય અને કાંઈ પ્રતિકૂળતા ન હોય અને મોક્ષ થાય એ ઠીક. એનો અર્થ શું?

મુમુક્ષુ :— પ્રતિકૂળતા બહારમાં છે જ ક્યાં.

ઉત્તર :— ઈ છે જ ક્યાં? આહા..હા..! પોપટભાઈ! જેવો આ લક્ષ્મીને રળવામાં હરખ છેને, એવો આને હરખ છે અંદરમાં. આહા..હા..! આનંદના રસના છાટણા અંદરથી છૂટે છે. કહે છે કે એ આત્મા આત્માપણું, ભાવપણું, શુદ્ધપણું, શાંતિપણું, આનંદપણું એવા ઘેરાયેલામાં પણ ભગવાન આત્મા પોતાપણું છોડતો નથી. ઓહો..હો..! જ્ઞાતાદષ્ટાપણું, આનંદપણું તેનું છૂટતું નથી. આ એને સંવર અને નિર્જરા થાય એમ કહે છે. સંવર અધિકાર છેને. સમજાણું કાંઈ? એવા ભરતની અને ... વાતું તો કરે પણ આ વસ્તુના ભાનસહિતની જે આવી દશા એ વસ્તુ સંવર છે. આમ ભાન ન મળે આત્માનું, સંવર થઈ ગયો અમારે, આસ્રવ સેવ્યા નથી ને ઢીકણું આ ક્રિયા કરી. એ તો આસ્રવનો ભાવ છે બધો. સમજાણું કાંઈ? કહે છે.. ઈ પાંડવોનો દાખલો આપ્યો હતો. જયસેનાચાર્યદેવની ટીકામાં છે. પાંડવોનો દાખલો આપ્યો છે, પાંડવોનો. ઓહો..! રાજકુમાર પાંચ. સહોદર—એક પેટે જન્મેલા કુંતીના. દુર્યોધનનો ભાણેજ આવે છે. લોઢાના ધગધગતા લાલ લાલચોળ, જેને એક લુગડાની ગાંઠ જરી,.. શું કહેવાય? ઓછાડ ઓછાડ હોયને? ... ગાદલા ઉપર પાથરવાનું હોયને. ચાદર. અમારી કાઠિયાવાડી ભાષામાં આવેને. ઈ ચાદરમાં જરી ગાંઠ પડી હોય તો સૂવે ત્યાં ખૂંચે. સળ પડ્યો હોય લૂગડાનો જરી તો અહીં હળ પડી જાય, અહીં ચામડીમાં હળ પડી જાય. એટલું તો સુંવાળુ શરીર હોય. સમજાણું કાંઈ? એને અગ્નિના અંગારા પડ્યા શરીરે અને માથે. એ આત્મા આત્માપણું ન છોડે. આત્મા આત્માપણે થયો છેને! રાગપણેથી છૂટી ગયો છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સમય એક જ છે, ક્યાં ફેર છે? એમ કહે છે, આ પાંચમો આરો છે અને એ વખતે ચોથો આરો હતો. એમ કહે છે. આહા..હા..! અરે..! પણ માર્ગ તો એક જ જાતનો છે. માર્ગમાં ફેર છે કાંઈ? એની હજી પ્રતીતમાં પણ ઠેકાણા નથી કે આવું હોય ઈ સહજ થઈ જાય છે. આત્મા આત્માપણે જ્યાં જાગ્યો, આહા..હા..! એ શરીરપણે તો નહીં, રાગપણે પણ નહિ જ્યાં. આહા..હા..! એને આત્માપણે થયો કહેવાય. શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એવી પરિણતિરૂપે થયો ઈ આત્મા આત્માપણે થયો કહેવાય. આહા..હા..! એ આવા કર્મોદયના સંગમાં પણ, અરે..! એ વાત સાંભળતા કાયરના કાળજા છૂટે અને વીરના વીર્ય ફાટી જાય એવા છે અંદરથી. આહા..હા..! આથી અનંતગુણી પ્રતિકૂળતા હોય તો આવી જા. કારણ કે એ તો બધું જ્ઞેય છે, મારે માટે પ્રતિકૂળતા છે નહિ. સમજાણું કાંઈ? આટલી પ્રતિકૂળતા છે પણ એથી અનંતગુણી પ્રતિકૂળતા હોય તો આવી જા, હું જાણવાને સમર્થ છું, વેદવાને સમર્થ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ વીરોના કામ છે આ.

કહેતા ઈ, લખ્યું છેને નહિ તે દિ'? પત્ર લખતાને તમે નહિ? બે ભાઈઓ મળીને.

વીરવાણી. ૮૨માં વીરવાણી આવતું. '...' એ શબ્દ છે. બોટાદના ... વીરોનો માર્ગ મહા દુષ્કર મહા પુરુષાર્થથી છે. '...' વીરોનો માર્ગ ધર્મીનો માર્ગ તો ... અનંત પુરુષાર્થવાળો છે, પણ છે કેવા ઈ? એ વીરો જે રસ્તે ગયા ન્યાંથી અફરગામી, ફરે નહિ એવા માર્ગે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ આ... આહા..હા..! શાંતિ શાંતિપણે આત્મા પરિણમ્યો છે. રાગથી ભિન્ન પડ્યો છેને, ત્યારે સંવર થયો છેને. નવાવાળાને આ જરી ઝીણું લાગે. પણ છે તો એના ઘરની વાત આ, હોં! પણ કોઈ દિ' સાંભળ્યું ન હોયને. ભાઈ આવ્યા છે. ડૉક્ટર છે. આત્મસિદ્ધિ આપણે છે અહીંયા હોં! નવી. ભાઈ છેને? ... વઢવાણ. કહો, સમજાણું કાંઈ? ... યાદ આવ્યા ભાઈ! પણ આ પગથિયું જોય ન હોય.. આ તો વીરોની વાતું છે. ધર્મીની કહો કે વીરોની કહો. આહા..હા..!

કહે છે કે '**જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી...**' એટલે શું? આત્મા આત્માપણું, જે વીતરાગપણું શાંતિપણું થયું એ છોડતો નથી. સમજાણું કાંઈ? એનું નામ સંવર કહેવાય છે. આહા..હા..! ઓલા કહે ... થઈ ગયા સંવર. જામનગર બહુ કરે અપાસરામાં. ચૌદશ અને પાખી ને આઠમ હોયને, ... ન્યાં કાઠિયાવાડમાં એક ફેરી ત્યાં રહ્યો છું. પોષા કરે. શેના પણ પોષા? આહા..હા..! હજી આત્મા શું ચીજ છે? રાગથી ભિન્ન પડ્યો નથી. રાગથી ભિન્ન છે તો ભિન્ન પડ્યો નથી તો આત્મા આત્માપણે થયો નથી ત્યાં એને ધર્મ ક્યાંથી થાય? સમજાણું કાંઈ? ઓહો..હો..! જ્ઞાન એટલે આત્મા, આત્માપણું એટલે વીતરાગી પર્યાયપણું જ્ઞાતાપણું છોડતો નથી. એમ કહે છે. અહીં તો જરીક પ્રતિકૂળતા આવે ત્યાં તો રોવા મંડે.. હાય.. હાય..! પરિષહથી ઘેરાઈ ગયા, ઉપસર્ગથી ઘેરાઈ ગયા, ક્યાંય હખ ન મળે. હખ ક્યાં હતું બહારમાં?

'**પ્રચંડ અગ્નિ વડે તપ્ત થયું થકું સુવર્ણ સુવર્ણત્વ છોડતું નથી તેમ પ્રચંડ કર્મોદય વડે ઘેરાયું થકું...**' ઓલું તપ્ત થયું થકું, આ ઘેરાયો ચારે કોરથી. આહા..હા..! વાઘ મોઢામાં લ્યે. પોતે ભગવાન આત્મા રાગથી ભિન્ન પડેલું ભેદજ્ઞાન છે. ભેદજ્ઞાનપણું જે છે રાગથી ભિન્ન પડેલું, એ ભિન્નપણું છોડતું નથી એટલે અભિન્નપણાની દશા ત્યાં છૂટતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**કેમ કે...**' હવે ન્યાય આપે છે. રાગના વિકલ્પથી વસ્તુ ભિન્ન છે એવું ભાન થયું તો એના ભાનમાં જ્ઞાતા દૃષ્ટા અને શાંતિપણું જે આવ્યું એ પ્રતિકૂળતાના લાખ, ક્રોડ સંયોગ હો, પણ એ પોતાના શાંતભાવને જ્ઞાતા દૃષ્ટાના ભાવને છોડતું નથી. '**કેમ કે હજાર કારણો ભેગાં થવા છતાં સ્વભાવને છોડવો અશક્ય છે;...**' કેમ કે પુણ્ય અને પાપના રાગથી આત્મસ્વભાવ જ જ્યાં ભિન્ન જાણ્યો, એવો જે આત્મસ્વભાવ જ્ઞાતા દૃષ્ટા અને આનંદસ્વરૂપ એ બીજા હજાર કારણો ભેગાં થાવ પણ એ સ્વભાવ છૂટતો નથી. સ્વભાવ છૂટે? આહા..હા..! એ વાતું આકરી ભાઈ! અને એ વાતું સહેલી પણ છે. ઘરની છે માટે સહેલી પણ અભ્યાસ નથીને એટલે અઘરી લાગે છે. આ તો દુનિયાને બતાવવા કરવું છે

જેને, અપવાસ ને આ ને મેં ધર્મ કર્યો, મેં પોષા કર્યા, મેં પડિકમ્મણા કર્યા, આ કર્યા ને આ કર્યા. એ તો બધા એકલા દુઃખને વેદે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેવા અપવાસ કર્યા મેં જોયું! પાંચ અપવાસ કર્યા હતા. ચોવિહારા કર્યા હતા. .. છે કાંઈ? અમારી કાંઈ ગણતરી ખરી બીજા કરતાં? લ્યો, આ બતાવવા ... અહીં તો કહે છે, આત્મા આત્માપણે થયો એ બતાવે કોને? આહા..હા..!

દાખલો એક આવે છેને? ઓલામાં આવે છે. એક બાઈ હતી ગરીબ. કુબો હતો, એમાં સોનાના દાગીના કરાવેલા. કોઈ જોવા આવે નહિ અને પ્રશંસે નહિ કે તમે દાગીના સારા કરાવ્યા. કરવું શું હવે? કુબાને સળગાવ્યો. જોવા આવે, એ બાયું.. આ કુબો સળગે રે કુબો. ઓલું બતાવવા. ત્યારે એક બાઈ પૂછે છે, બેન આ સોનું..? અરે..! પહેલેથી મોથ માંડવી હતીને. તો સળગાવત તો નહિ. પોપટભાઈ! પહેલેથી માંડવી હતીને કે સોનું આવું છે તમારું. હવે શું કરવું મારે? કહો, શેઠ! પહેલેથી મોકાણ માંડવી હતીને આવી કે સોનાનો દાગીનો.. જોવા તો આવ્યા નહિ. આ સળગાવ્યું ત્યારે આવ્યા. એમ વર્ષીતપ કરે ને આ કરે ને વખાણ કરે. અહીં રાત્રે શું થાય? સાંજી સાંજી. ગાયન ગાય બધા, વહેંચે, સમજાણુંને? બધા વહેંચેને? ત્યારે એને સારું લાગે કે આહા..! આપણે તપસ્યા કરી, બહાર આવી અને દુનિયાએ જાણી. એ સળગાવવા જેવું છે.

અહીં તો કહે છે, જ્યાં રાગના વિકલ્પથી ભિન્ન પડ્યો ભગવાન.. આહા..હા..! કોણ ભાળે? કોણ જાણે? એ પાંડવો શાંતિ વેદતા હતા ઈ કોણ જાણે બહારમાં? આમ તો અગ્નિ પડતી હતી. દેખનારા દેખે. ઈચ્છા અને વિકલ્પથી એનું માપ આવે એવું છે? આહા..હા..! જ્ઞાયક તો એવો છે કે સામાનું જે જ્ઞાન અને આનંદ છે એનો નિર્ણય પણ પ્રત્યક્ષ જેને જ્ઞાન થયું એ અનુમાન કરીને નિર્ણય કરી શકે. પણ જેને વસ્તુ પ્રત્યક્ષ નથી થઈ એ અનુમાન કરીને પણ શી રીતે પરને જાણે? આહા..હા..! અલિંગગ્રહણમાં આવે છેને? બીજાઓ દ્વારા અનુમાનથી તે ભગવાન જણાય એવો નથી. આહા..હા..! એ એકલો અનુમાન પોતે કરનારો નથી. આ અનુમાન. પ્રત્યક્ષ આત્માનું વેદન થાય એ પછી અનુમાનથી બીજાને જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? ચોથો બોલ છે. બીજાઓ દ્વારા અનુમાનથી જણાય નહિ. આહા..હા..! એ ચોથો બોલ છે. પાંચમો, આત્મા પોતે અનુમાનથી જાણે નહિ બીજાને. એ તો આત્મા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ છઠ્ઠો. આહા..! ગજબ કામ કર્યા છેને! આચાર્યોએ કેવી શૈલી મૂકી છે! આહા..હા..! સીધી આમ એને અડી જાય એવી છે.

ભાઈ! એ તો સ્વભાવથી જણાય એવો છેને. એ કોઈ વિકલ્પથી, નિમિત્તથી, શરીરની ક્રિયાઓથી જણાય એવી ચીજ છે નહિ. આહા..હા..! તેને હજાર કારણો (ભેગા થવા છતાં). આત્મા આત્માપણે જ્યાં પરિણમ્યો એમ કહે છે. રાગપણે પરિણમતો હતો ત્યારે તો આત્મા

નહોતો થયો. સમજાણું કાંઈ? અંતર્મુખની દૃષ્ટિ થતાં રાગથી જ્યાં ભિન્ન પડ્યો એ તો આત્મારૂપે થયો. એનું આત્માનું રૂપ એ તો પ્રકાશ્યું. એને હજાર કારણો મળો. છતાં, '**હજાર કારણો ભેગાં થવા છતાં સ્વભાવને છોડવો અશક્ય છે;...**' સ્વભાવ શું છૂટે? આહા..હા..! સાતમી નરકની વેદના અનંતવાર વેદી. પણ આત્મસ્વભાવ છૂટી ગયો છે? હીણો થયો છે? કરમાયો છે? એ સાતમી નરકનો નારકી સમકિતી પણ જ્યાં અંદર વેદે ત્યારે શાંતિને વેદે છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! આ શાંતિ.. આહા..હા..! આમ ઘેરાયો કેટલો કર્મનો ઉદય તો? આહા..હા..! રવરવ નરક. સાતમી નરકનો વચલો પાસડો. એની અંદર પણ સમકિતી જીવ છેને. આવ્યો હતો ત્યારે મિથ્યાત્વ લઈને આવ્યો હતો અને જાશે ત્યારે મિથ્યાત્વ લઈને જાશે. વચલી દશામાં.. આહા..હા..! રાગથી ભિન્ન પડેલો જ્ઞાની, એને પર સંયોગ કાંઈ અડતા નથી. ઘેરાઈ ગયેલો ચારે કોરથી. ઠંડીનો પાર નહિ. આહા..હા..! સુવાને કોઈ ઓઢણું નહિ. રહેવાને ઓટલો નહિ, ખાવાને અનાજ નહિ, પીવાને પાણી નહિ, શરીરે ચોપડવા માટે કોઈ દવા નહિ. આહા..હા..! પણ અંદર આત્મા જ્યાં પરથી ભિન્ન પડ્યો એ ભિન્ન પડ્યો એ છોડે શી રીતે? કહે છે. લાખ રવરવ નરકની પ્રતિકૂળતા હો. આહા..હા..! અરે..! રૂંવાટે રૂંવાટે કદાચ લોઢાની સોયું ઊની કરીને તપાવીને નાખે, પણ જ્યાં રાગથી ભિન્ન પડ્યું, ચૈતન્ય આત્મારૂપ થયું, એ આત્મા આત્માનું રૂપ બહારના લાખ કારણ, અનંત કારણ આવો, છૂટે નહિ. સમજાણું કાંઈ? આહા..!

'**હજાર કારણો ભેગાં થવા છતાં...**' ઓહો..! સ્વભાવ સ્વભાવ જ્યાં પ્રગટ્યો છે, વિભાવથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન થયું છે એ આત્મા આત્માપણે થયો એને અનાત્માપણે કરવાને કોણ સમર્થ છે? અનાત્મા એટલે રાગદ્વેષપણે. સમજાણું કાંઈ? '**કારણ કે તેને છોડતાં સ્વભાવમાત્ર વસ્તુનો જ ઉચ્છેદ થાય,...**' જોયું? સ્વભાવ શાંત અને જ્ઞાનસ્વરૂપ જો છૂટી જાય તો તો આત્મા છૂટી જાય. કારણ કે સ્વભાવ અને સ્વભાવવાન એક વસ્તુ છે. આત્માનો જ નાશ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? '**કારણ કે તેને છોડતાં સ્વભાવમાત્ર...**' વસ્તુ સ્વભાવમાત્ર છે (તો) એનો '**વસ્તુનો જ ઉચ્છેદ થાય,...**' આત્માનો નાશ થઈ જાય '**અને વસ્તુનો ઉચ્છેદ તો થતો નથી...**' વસ્તુ ક્યાં જાય? આહા..હા..! શાશ્વત વસ્તુ નિત્યાનંદ પ્રભુ એ ક્યાં જાય? આનંદ લુંટાઈ જો પરને લઈને તો તો આનંદ લુંટાતા આત્મા પણ લુંટાઈ જાય, તો નાશ થઈ જાય આત્માનો. પણ એમ કોઈ દિ' થતું નથી.

'**કારણ કે સત્‌ના નાશનો અસંભવ છે.**' છે ઈ નથી એમ કે દિ' થાય? એમ કહે છે. સત્ સત્ પ્રભુ, છે એ ગુણ દ્રવ્યની પર્યાયની પર્યાયવાળું શાંતિવાળું દ્રવ્ય છે. એવું જે સત્ છે એ સત્‌ના નાશનો અસંભવ છે. છે એનો અભાવ કે દિ' થાય? સમજાણું કાંઈ?

ઝીણી વાત ભારે ભાઈ. આ સંવરની વ્યાખ્યા ચાલે છે. સંવર એને થાય કે રાગથી ભિન્ન પડેલા આત્માનો જ્ઞાની થયો થકો બહારના સંયોગોને અડતો નથી. અમથોય અજ્ઞાની પણ અડતો નથી. પણ આ સંયોગમાં ઘેરાઈ જાય અને રાગ દ્વેષ થઈ જાય એ જ્ઞાનીને થતો નથી. આહા..હા..!

નરકમાં તો સમકિતી છે એને પણ ઉષ્ણની, ઠંડીની, ઉષ્ણની વેદનામાં આંખ્યું ઓગળી જાય હોં! આ આંખ્યું છે. અગ્નિમાં પાણી થઈ જાય. એટલી ઉષ્ણતા કે આ શરીરાદિના પાણી થઈ જાય. શરદી એટલી કે શીતને લઈને બધું આમ ઠરી જાય, હિમ થઈ જાય. આહા..હા..! જુઓને આ, શું કહેવાય ઈ? શિયાળામાં પડેને ઓલું? હિમ હિમ. હિમ પડે ત્યારે રીંગણી સૂકાઈ જાય. રીંગણા, રીંગણી. બૈગન. થોડું થોડું તો હવે શીખવુંને હિન્દીવાળાએ. રીંગણા એટલે બૈગન. આમ ખેતરના ખેતર હોયને, આમ હીમ આવ્યું જરી તો બધું ખેતર સૂકાઈ જાય. આહા..હા..! બહુ ઠંડી પડી. આ તો અનંતમા ભાગની ઠંડી છે. એ પહેલી અને બીજી નરકમાં ઠંડી અને પછી ઉષ્ણ. પછી ઉષ્ણતા. એ ઠંડી શું કહેવી? જેમાં આંખ્યું ઓગળીને પાણી થઈ જાય. છતાં ધર્મીજીવનો આત્મા રાગથી ભિન્ન પડ્યો તે સ્વભાવ કેમ છોડે? સમજાણું કાંઈ? અનુકૂળતામાં ઠીક લાગે અને પછી પ્રતિકૂળતામાં ખેદાઈ જાય. આહા..હા..! અનુકૂળતામાં મજા નથી અને પ્રતિકૂળતામાં દુઃખ નથી. એ તો જ્ઞાતા દૃષ્ટાનો સ્વભાવ એનો છે. સમજાણું કાંઈ?

'**સત્‌ના નાશનો અસંભવ છે.**' એટલે કે છે એનો અભાવ કેમ થાય? વસ્તુ અને વસ્તનો સ્વભાવ, જ્યાં રાગથી ભિન્ન પડીને શાંતિ આવી.. આહા..હા..! એ શાંતિની અશાંતિ કેમ થાય? શાંતિની અશાંતિ થાય તો તો સ્વભાવનો અભાવ થાય, અભાવ થતાં વસ્તુનો અભાવ થઈ જાય. પોપટભાઈ! માર્ગ આવો છે આ. આહા..હા..! ઓલા કહે, સંવર કરો. થઈ ગયા સંવર. દુકાન-બુકાન છોડી, આઠ વાગ્યા સુધી બેસે દુકાને, બધું સંભાળીને પછી છોકરાને કહે, હવે કરજે, હું આ જાઉં છું. હવે સંવર કરવા જાઉં છું. સંવર તારા..! સ્વરૂપચંદભાઈ! આવું કર્યું છે.

અહીં તો કહે છે કે રાગથી વિકલ્પથી ભિન્ન પડે એણે સંવર કર્યો. અને જેને સંવર થયો એને પ્રતિકૂળતાના અનંત સંયોગ હોવા છતાં સંવરપણું છૂટતું નથી. કારણ કે સંવર કરવો તો સ્વભાવ છે એમ કહે છે. એ તો આત્માનો સ્વભાવ થઈ ગયો. એ શી રીતે છૂટે? બહારથી એના માપ ન આવે. '**આવું જાણતો થકો જ્ઞાની...**' આવું ફક્ત જાણવા દેખવાના જ પરિણમનમાં પડેલો જ્ઞાની '**કર્મથી આક્રાંત (ઘેરાયેલો, આક્રમણ) પામેલો...**' અઘાતિકર્મના નિમિત્તથી હોં! '**હોવા છતાં પણ રાગી થતો નથી, 'દ્વેષી થતો નથી,...**' વસ્તુ પ્રતિકૂળ છે જ ક્યાં? માની હતી એ માન્યતા તો ગઈ, રહી જ્ઞાતા દૃષ્ટાની પરિણતિ.

આહા..હા..! ઓહો..હો..! પરિણતિ શું હશે વળી? જાણવા દેખવાની પર્યાય. પર્યાય એટલે અવસ્થા. આહા..હા..! એ **'મોહી થતો નથી...'** એટલે કે મિથ્યા અભિપ્રાયના પરિણામ થતાં નથી. આહા..હા..!

**'પરંતુ શુદ્ધ આત્માને જ અનુભવે છે.'** લ્યો. આહા..હા..! હું તો રાગરહિત શુદ્ધ આત્મા છું એ હું છું. એ રાગરહિત આત્માને જ અનુભવે છે. રાગથી ભિન્ન પડ્યો ભગવાન, ભેદજ્ઞાનને કારણે જ્ઞાની થયો એ પોતાના આત્માને જ વેદે છે, શુદ્ધ આત્માને જ અનુભવે છે. ઓહો..હો..! એટલે કે એવા કાળે પણ પોતાના આનંદને જ વેદે છે. કારણ કે આનંદ એનો સ્વભાવ છે અને આનંદસ્વભાવ પર્યાયમાં પ્રગટ થયો છે. આહા..હા..! બહુ વીતરાગમાર્ગ... **'શુદ્ધ આત્માને જ...'** એઈ..! ચેતનજી! અહીં તો 'જ' પાછું આવ્યું. કેટલે ઠેકાણે 'જ' (આવે છે). બીજું, સર્વથા આવ્યું. સર્વથા આવે તો રાડ્યું પાડે. આહા..હા..! રાગના ભાગથી ભિન્ન પડ્યો ધર્મી (તે હવે) આત્માને જ, સર્વથા આત્માને (અનુભવે છે). કથંચિત્ રાગને (અને કથંચિત્ આત્માને અનુભવે છે) એમ નહિ. એ ઓલા શબ્દમાં આવે છે. આલાપ પદ્ધતિમાં નથી આવતું? એક આવે છે. સર્વથા નિયમ વાંચી.. એવું આવે છે. આલાપ પદ્ધતિમાં આવે છે. સર્વથા બે પ્રકારના છે. એક જોવું. ઘણા શબ્દ વાપર્યા છે. આલાપ પદ્ધતિમાં છે. આ સર્વથા પોતાના સ્વભાવની અપેક્ષાએ સર્વથા જ છે. સમજાણું કાંઈ? ઘણા શબ્દ વાપર્યા છે. આલાપ પદ્ધતિ નથી? એની આ બાજુના પાનામાં (છે). સર્વથા બે પ્રકારે (છે). એક નિયમવાચી અને એક.. નિયમવાચી સર્વથા. પૂર્ણ રૂપે અને એક પોતે સર્વથા પોતાના ભાવને અનુભવે. એમાં ભલે પૂર્ણ ન હો, પણ વેદે છે ઈ સર્વથા પોતાના જ ભાવને. સમજાણું કાંઈ? એક, સર્વથા કેવળજ્ઞાન થયું હોય, સર્વથા પૂર્ણ દશા પ્રગટી હોય અને એક સર્વથા પોતાના સ્વભાવને વેદે નીચલી દશામાં. સમજાણું કાંઈ? ... આ તો સર્વથાનું લક્ષમાં આવ્યું. અરે.. ભાઈ! તને ખબર નથી. વસ્તુ રાગથી સર્વથા જુદી પાડે કે થોડી પાડે જુદી?

મુમુક્ષુ :— સર્વથા જુદું ન પાડે તો જુદું...

ઉત્તર :— તો જુદું શેનું થયું? આહા..હા..! ભેગું થયું કાંઈક. બિલકુલ ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવી... ઈ પછી કહેશેને, જુઓને! શ્લોક પછી ઈ લેશે. **'सुद्धं तु वियाणंतो'** ઈ લેશે. ઈ શુદ્ધ સ્વરૂપી નિર્મળાનંદ પ્રભુ સ્વના લક્ષમાં આવીને, પરના લક્ષ જ્યાં છૂટી ગયા છે, એને રાગનું પરિણમન જ છૂટી ગયું છે એમ કહે છે. એને તો આનંદ અને જ્ઞાનનું પરિણમન એકલું જ્ઞાનનું રહી ગયું છે. ઈ એનો ભાવ છે ઈ ભાવ ભાવ વિના કેમ રહે? અને ભાવનો નાશ થઈ જાય તો ભાવવાનનો નાશ થઈ જાય. આહા..હા..! ઝીણો બહુ ભાઈ ધર્મ જગતને. વ્રત કરો, અપવાસ કરો, પોષો કરો, જાત્રા કરો, એમાં કાંઈ સમજવું છે? જયંતિભાઈ! લ્યો, ઈ ધર્મ. અરે.. ભાઈ! ધર્મ તો અપૂર્વ છે. વીતરાગ માર્ગ પરમાત્મા

પરમ શાંતરસે પરમાત્મા પરિણમી ગયા છે. એનો કહેલો માર્ગ અપૂર્વ છે. તારામાં છે. ઈ બહારથી આવતો નથી.

**'પરંતુ શુદ્ધ આત્માને જ અનુભવે છે.'** લ્યો. અગ્નિના કે પ્રતિકૂળતાના સંયોગમાં રાગદ્વેષ અને મોહ કરતો નથી. એટલે કે 'આ મને થાય છે' એમ મોહ નથી, તેમ આ અનુકૂળ છે એમ રાગ નથી અને પ્રતિકૂળ હોય તો દ્વેષ નથી એમ કહે છે. સ્ત્રી આદિના પરિષહ હોય, અનુકૂળ હોય લ્યો. અનુકૂળતામાં રાગ નથી, પ્રતિકૂળતામાં દ્વેષ નથી અને અનુકૂળ પ્રતિકૂળ પ્રત્યેની એકત્વબુદ્ધિ નથી. ઈ (એકત્વબુદ્ધિ તે) મોહ. ઓહો..હો..! ટીકામાં તો હીરા ભર્યા છેને એકલા!! આહા..હા..! દિગંબર સંતોએ જગત પાસે જાહેર કર્યું, એકલા હીરા ગોઠવ્યા છે! આહા..! ઈ સવળું કીધું. છેને બીજી ગાથા? **'अण्णाणी मुणदि रागमेवादं'** ઈ. એક પદ મૂકી દીધું. ત્રણ પદ લીધા.

**'અને જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન નથી...'** એટલે કે રાગ અને સ્વભાવની એકતા હજી છે અને રાગ ને સ્વભાવની એકતા જેણે તોડી નથી, એવું ભેદવિજ્ઞાન જેને નથી **'તે તેના અભાવથી...'** ભેદવિજ્ઞાનના અભાવથી. ઓલામાં ભેદવિજ્ઞાનના સદ્‌ભાવથી જ્ઞાની થયો થકો. ભેદવિજ્ઞાનના સદ્‌ભાવથી જ્ઞાની થયો થકો. આ ભેદજ્ઞાનના અભાવથી અજ્ઞાની થયો થકો. સમજાણું કાંઈ? બીજું આવડે, ન આવડેની વાત નથી. અહીં તો ઓલા રાગથી ભિન્ન પડતો નથી અને રાગની એકતા છે તેથી તેને ભેદવિજ્ઞાન નથી. **'તે તેના અભાવથી અજ્ઞાની થયો થકો...'** એટલે રાગરૂપે થયો થકો. આહા..હા..! **'અજ્ઞાની થયો થકો...'** એમ છેને ઓલામાં? **'અજ્ઞાન-અંધકાર વડે આચ્છાદિત હોવાથી...'** ઓલામાં જ્ઞાની થયો થકો આ પ્રમાણે જાણે છે એમ હતું. અહીં અજ્ઞાન-અંધકાર વડે રાગમાં એકાકાર થઈ ગયો છે. રાગ વિકલ્પ છે એ તો અજ્ઞાન-અંધકાર છે. અજ્ઞાન-અંધકાર વડે આચ્છાદિત—ઢંકાયેલો હોવાથી **'ચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને નહિ જાણતો થકો,...'** લ્યો. ચૈતન્યચમત્કાર. જાણવું દેખવું જેને એક ક્ષણમાં ત્રણકાળ ત્રણલોકને જાણે દેખે એવો ચૈતન્યચમત્કાર ભગવાન સ્વભાવ છે. કોઈનો થઈને રહે નહિ, કોઈનો થઈને બીજાથી થઈને ધર્મ થાય નહિ. એવો ચૈતન્યચમત્કાર આત્મસ્વભાવને નહિ જાણતો થકો, એ રાગમાં જ એકત્વ થયો થકો. ભગવાન આત્માના સ્વભાવને જાણતો નથી. એ નહિ જાણતો થકો **'રાગને જ આત્મા માનતો થકો,...'** જોયું? પાઠમાં હતુંને? મૂળમાં છે. રાગને જ (આત્મા માને છે). વિકલ્પ ઉઠે છેને. અહીં ચૈતન્યચમત્કાર આત્મસ્વભાવ એનું તો ભાન નથી. એટલે ક્યાંક હોવાપણું તો માનેને ઈ? રાગના વિકલ્પને પોતાનું હોવાપણું માનતો નિર્વિકલ્પ ચૈતન્યચમત્કાર આત્મસ્વભાવને નહિ જાણતો. આને જાણતો એમ. આહા..હા..!

**'આત્મસ્વભાવને નહિ જાણતો થકો, રાગને જ આત્મા માનતો થકો,...'** એટલે

કે પોતાનો ચૈતન્યચમત્કાર જાણકસ્વભાવ અનંત અમાપ સ્વભાવ એની તો જેને ખબર નથી એટલે મર્યાદિત ચીજ જે રાગાદિ એને પોતાનો માનતો **'રાગી થાય છે,...'** લ્યો. રાગને જ આત્મા માનતો થકો રાગરૂપે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'દ્વેષી થાય છે, મોહી થાય છે, પરંતુ શુદ્ધ આત્માને બિલકુલ અનુભવતો નથી.'** રાગને અને વિકારને જ વેદે છે. પંચ મહાવ્રતનો ધરનાર સાધુ દિગંબર મિથ્યાદૃષ્ટિ એ રાગને જ અનુભવે છે. (આત્માને) બિલકુલ અનુભવતો નથી. **'માટે એમ સિદ્ધ થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે.'** બીજી રીતે થાતી નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૬, શુક્રવાર, તા. ૨૩-૦૨-૧૯૭૩
## ગાથા-૧૮૪-૧૮૫, ૧૮૬, પ્રવચન-૩૨૪

(ગાથા-૧૮૪-૧૮૫નો) ભાવાર્થ છે. આ સંવરનો અધિકાર છે. સંવર એટલે શાંતિનું વેદન. જે કષાયનું વેદન છે અનાદિથી, શુભ અશુભ રાગ, એનું જે વેદન છે એ દુઃખવેદન છે. અને સંવરનું વેદન છે ઈ સુખનું વેદન છે, એ ધર્મનું વેદન છે. રાગ દ્વેષનું વેદન છે ઈ અધર્મનું વેદન છે. સમજાણું કાંઈ? સુખ થવાને પંથે પડનારને શું થાય છે? એમ કહે છે. અનાદિથી અજ્ઞાનથી આનંદસ્વરૂપ ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ આત્મા, જેનું સ્વરૂપ સુખાનુભૂતિલક્ષણ એવું ભેદજ્ઞાન એને પામતાં આનંદ થાય છે. અને સંસારની અનાદિથી અજ્ઞાનથી સ્વરૂપ અનાકુળ આનંદ હોવા છતાં એનો આશ્રય આનંદનો છોડીને એકલો શુભ અશુભ રાગનો આશ્રય કરીને વેદે છે એ દુઃખી પ્રાણી છે. ચાહે તો એ પૈસાવાળો હો, રાજા હો કે દેવ હો. કેમ શેઠ નથી આવ્યા? આવે છે. મહેમાન આવ્યા છે, ઠીક. સમજાણું કાંઈ?

આત્મા આનંદભૂમિ છે. એની ભૂમિકાને છોડીને જેણે પુણ્ય અને પાપની ભૂમિકાનું સાધન કર્યું છે એ આસ્રવનું સાધન કરે છે અને દુઃખી છે ઈ. કહો, સમજાણું કાંઈ? અને જે આનંદનું સાધન કરે છે, આનંદસ્વરૂપ તો ભગવાન પોતે છે એને રાગના વિકલ્પથી ભિન્ન પાડીને સ્વભાવનું સાધન અથવા ત્રિકાળી શુદ્ધ ધ્રુવ સ્વરૂપમાં આરૂઢ કરે છે એને ભેદજ્ઞાન થાય છે. એ જેને ભેદજ્ઞાન થયું છે... એ છેને લીટી? જેને એ રાગ અને વિકલ્પથી ભિન્ન આત્મા છે એવો

જણાણો સુખાનુભૂતિલક્ષણથી તેને ભેદજ્ઞાન થયું. 'તે **જાણે છે કે 'આત્મા કદી જ્ઞાનસ્વભાવથી છૂટતો નથી'**. વસ્તુ તરીકે જે જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ છે એનાથી કદી છૂટ્યો નથી, વસ્તુ તરીકે. આત્મા આનંદમૂર્તિ છે. એના આનંદસ્વભાવથી કદી છૂટ્યો નથી, વસ્તુએ. પર્યાયમાં છૂટ્યો એ તો અવસ્થા વર્તમાન ક્ષણિક છે. સમજાણું કાંઈ?

'**જેને ભેદવિજ્ઞાન થયું છે...**' એટલે કે જેને ધર્મ થયો છે એટલે કે જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મા કદી આનંદ અને જ્ઞાનસ્વભાવથી કદી છૂટ્યો જ નથી એમ જાણે છે. આહા..હા..! ભારે ધર્મની વ્યાખ્યા. આ બધા મશગુલ છેને. મુંબઈમાં કેટલા બધા દુઃખી છે જુઓને! મોટરું ને ભોગવવા ... એક એકને કેટલી? બે બે, પાંચ પાંચ મોટરું હોય. શેઠિયા પાસે વધારે હોય, લ્યોને. આમ બંગલા જોતાં... આહા..હા..! ઊંચી ઊંચી મોટરું હોય તો લોકો જોવા નીકળે. એમાં બેઠેલો પોરહાય. સુખી છીએ એમ લાગને? નહિ? ઈ પર તરફનો જેટલો આશ્રય છે એ રાગ અને દ્વેષ છે ઈ દુઃખી છે. મૂઢ પાગલ થઈ ગયો છે તો એનું ભાન નથી એને. આહા..હા..! સ્વરૂપચંદભાઈ! આહા..! પાગલ જેમ દાંત કાઢે, સનેપાતિયો... શું કહેવાય? સનેપાત. દાંત કાઢે. ત્રિદોષ (વકર્યો છે) એવું એને (થાય છે). અરે..! પરમાં આનંદ છે એ ત્રિદોષ વળગ્યો છે એને. દુઃખી છે.

સાધુ હોયને, નામ ધરાવનારો, આહા..હા..! જેને રાગથી ભિન્ન આત્મા શું ચીજ છે એનું જ્યાં ભાન નથી એને તે રાગ અને પુણ્યના પરિણામ મહાવ્રતાદિમાં એ પોતે અટકેલો છે, એ દુઃખી છે. આહા..હા..! પાંચ મહાવ્રત પાળનારો, જંગલમાં વસનારો, હજારો રાણીને છોડી પણ એ રાગને ન છોડ્યો. એથી રાગમાં એકત્વ થયેલો એ પ્રાણી દુઃખને વેદે છે, ઝેરને વેદે છે. નિર્વિકલ્પ દશાના ભાવને છોડી દુઃખરૂપને વેદે છે.

'**જેને ભેદવિજ્ઞાન થયું છે તે આત્મા જાણે છે...**' આહા..હા..! કે આત્મા કદી જ્ઞાનસ્વભાવથી ચ્યુત થયો જ નથી. '**આવું જાણતો હોવાથી તે, કર્મના ઉદય વડે તપ્ત થયો થકો...**' અઘાતિ કર્મ. એના ઉદયથી ઘેરાયેલો આમ ચારે કોર. શરીરમાં રોગ, દીકરી રાંડે, દીકરો મરે, દીકરી રાંડે હોં! મરી જાય તો તો ઠીક. એક તો દીકરી રાંડે, દીકરો મરે, વહુ થાય વિધવા, અહીં દુકાન ભાંગે, એ વખતે વિમાવાળો ટૂટે. આહા..હા..! એ વખતે તાર આવે કે તારી દીકરીનું પણે કર્યું છે ઈ તોડી નાખવા માંગે છે. હાય.. હાય..! ચારે કોરથી ઘેરાઈ ગયા. કહે છે કે જ્ઞાની આવા કર્મથી ઘેરાયેલો છતાં તપ્ત થતો નથી. આહા..હા..! એને દ્વેષ થતો નથી. આહા..હા..! સમજાણું? અને અજ્ઞાની તો એવે સમયે ખેદાઈ જાય છે. અરેરે..! ક્યાંય દુઃખના આરા? આ બધા દુઃખ મારે ઘરે કેમ આવ્યા? એમ માનીને દુઃખી થાય છે બિચારા. મને જ? આ બધાના શરીર નિરોગી, બાયડી છોકરા સારા, સારા

ઘરે પરણાવ્યા હતા. મોટી મોટી ઉંમરના છતાં એનો કોઈ જમાઈ મરતો નથી. શેઠ!

મુમુક્ષુ :— કોઈ તો આપઘાત કરે.

ઉત્તર :— આપઘાત કરે. અરેરે..! આ ન કરે બહારથી તોપણ અંદરથી આપઘાત તો કરે જ છે. આહા..હા..! આપ એટલે આનંદસ્વરૂપ ભગવાન, એને રાગના દ્વેષના ભાવથી આપ-ઘાત કરે છે.

ધર્મીજીવને એ સંયોગ અને સંયોગી વિકારી પુણ્ય-પાપનો ભાવ એનાથી મારી ચીજ સ્વભાવ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છું, એવું જેને ભેદજ્ઞાન, સમકિત થયું, જ્ઞાન થયું, ધર્મ થયો, શાંતિ થઈ, સંવર થયો.. આહા...હા..! એને કર્મના ઉદયે તપ્ત ચારે કોરનો ઘેરાવો (હોય), એવો હોવા છતાં. એ પોતાના શરીરમાં દુઃખ થાય તો શરીરમાં રાગ કરતો નથી, પ્રતિકૂળતા થાય તો દ્વેષ કરતો નથી. અને મોહ એટલે 'એ મારા અને મને થાય છે' એમ એકત્વબુદ્ધિ કરતો નથી. આહા..હા..! જુઓ! આ ધર્મદશા. સમજાણું કાંઈ? સમકિતી જીવ ચક્રવર્તી હોય, ઇન્દ્ર જેના મિત્ર હોય, હીરાના સિંહાસને ભેગા બેઠા હોય હોં! પણ રૂંવાટે પણ 'આ મારા છે' એમ માનતો નથી. આહા..હા..! શું ... આ મારા મિત્ર છે, આ હીરાના સિંહાસન છે, આ મણિરત્નના મહેલ છે. બાપુ! એ તો જગતની ચીજ છે. હું છું એ તો જ્ઞાન અને આનંદ છું. એવા ધર્મીજીવને એવા અનુકૂળ સંયોગમાં પણ રાગ નથી અને દુઃખથી ઘેરાયેલા પ્રસંગમાં પણ દ્વેષ નથી અને તેથી તે અનુકૂળ પ્રતિકૂળતામાં એકતા નથી. એકતા અહીં (સ્વભાવમાં) છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

**'પરંતુ નિરંતર શુદ્ધ આત્માને અનુભવે છે.'** અરે..! હું તો આત્મા છું, આનંદ છું, જ્ઞાન છું, નિત્યાનંદ છું. એવી સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી સ્વભાવનો જ જ્યાં સ્વીકાર છે, વિભાવનો સ્વીકાર જ્યાં ગયો છે. આહા..હા..! ભારે ધર્મનું રૂપ ભાઈ! **'શુદ્ધ આત્માને અનુભવે છે.'** હું તો શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ છું. ભલે એ આઠ વર્ષની બાલિકા હો, પણ ભેદજ્ઞાન થયું એ તો આત્માને જ અનુભવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લગ્નના પ્રસંગમાં પણ, એ લગ્ન પણ કરે મોટી ઉંમર થાયને, સમકિતી, છતાં એમાં ક્યાંય રાગ અને પ્રેમ છે એમ ભાસતો નથી. આહા..હા..! શુદ્ધ આત્મા, હું તો નિર્મળાનંદ સચ્ચિદાનંદ પ્રભુ છું. મારી ચીજને અને રાગને ક્યાંય સંબંધ નથી, તો બીજી ચીજને તો સંબંધ હોય જ ક્યાંથી? આહા..! ભારે ભાઈ!

**'જેને ભેદવિજ્ઞાન નથી...'** હવે અવળું લીધું. જેને રાગ અને પુણ્યના ભાવથી ભગવાન ભિન્ન છે અને એ તો સ્વરૂપ જ એવું છે એનું. એવું જેને રાગના વિકલ્પથી પ્રભુ ચૈતન્ય આનંદમૂર્તિ જુદો છે એમ જેણે જાણ્યું નથી **'તે આત્મા, આત્માના જ્ઞાનસ્વભાવને નહિ જાણતો થકો,...'** હું તો એક જાણકસ્વભાવી દૃષ્ટા, જ્ઞાતાસ્વભાવી જગતની આંખ છું.

જગતની ચીજ મારી નહિ પણ જગતને દેખનારો, જાણનારો આત્મા આંખ છું. આહા..હા..! એ જ્ઞાનસ્વભાવ, મારો તો જ્ઞાનસ્વભાવ છે અથવા આનંદસ્વભાવ છે. જ્ઞાનની વ્યાખ્યા મુખ્ય કેમ કરી? કે એને અંશે વિકાસ છેને બહાર, એથી આ જ્ઞાનસ્વભાવ છું એમ ન જાણતો, '**રાગને જ આત્મા માને છે...**' આહા..હા..! એ શુભ અશુભ રાગ જે આકુળતા, દાહ, અગ્નિ, કષાય (છે) એને જ પોતાની સત્તા અને અસ્તિત્વ તરીકે સ્વીકારી (એને જ આત્મા માને છે). કહો, સમજાણું કાંઈ?

'ધાર તરવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા જિનતણી ચરણસેવા, ધાર પર નાચતા દેખ બાજીગરા, ધાર પર રહે ન દેવા'. દેવ ન રહી શકે ત્યાં સ્થિરતા... એમ ભગવાન આત્મા, રાગની ધાર ઉપર ચાલતો પ્રાણી એ દુઃખી છે અને રાગથી ભિન્ન પડીને આત્મામાં ચાલતો પ્રાણી (સુખી છે). એ નિર્વિકલ્પ દશાનું માપ ઈચ્છાથી થાય નહિ. તેમ સંયોગની ક્રિયાથી ન થાય. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને સંયોગ બહારનો વર્તતો હોય, લગ્ન પ્રસંગ હોય, પરણે. તો એનું માપ કાંઈ બહારના સંયોગથી ન થાય. અજ્ઞાની સંયોગ છોડીને નગ્ન મુનિ થઈ જાય. સમજાણું કાંઈ? એથી બાહ્ય સંયોગના ત્યાગ અત્યાગના સંબંધ અને અસંબંધથી એનું નિર્વિકલ્પપણું માપમાં ન આવી શકે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાની તો એને સંયોગ છૂટ્યો એટલે જાણે છૂટી ગયો હું. એમ માપ કરે છે અને અજ્ઞાની રાગ દ્વેષને કરે છે.

'**રાગને જ આત્મા માને છે તેથી તે રાગી, દ્વેષી, મોહી થાય છે પરંતુ કદી શુદ્ધ આત્માને અનુભવતો નથી.**' રાગના વિકલ્પથી ભિન્ન પડીને, ભિન્ન છે તેને, રાગના વિકલ્પથી ભિન્ન છે તેને જાણતો નથી, એને અનુભવતો નથી. બહુ લક્ષણ ટૂંકું. '**માટે નક્કી થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થાય છે.**' અનુભવ થાય છે. બીજો કોઈ એનો ઉપાય નથી. આહા..હા..! જે કંઈ વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ કે કામ, ક્રોધના એનાથી ભેદ પાડનારો ભેદવિજ્ઞાની સુખી છે, એને જ આત્માનો અનુભવ થાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આત્માનો અનુભવ, એને જ શુદ્ધનો સ્વાદ આવે છે એમ કહે છે. ભેદજ્ઞાનીને જ શુદ્ધનો સ્વાદ આવે છે. રાગથી એકત્વ માનનારને એકલા દુઃખનો સ્વાદ આવે છે. આહા..હા..! આવી વાતું છે.

## ગાથા-૧૮૬

कथं शुद्धात्मोपलम्भादेव संवर इति चेत् –

सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो।
जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि।।१८६।।
शुद्धं तु विजानन् शुद्धं चैवात्मानं लभते जीवः।
जानंस्त्वशुद्धमशुद्धमेवात्मानं लभते।।१८६।।

यो हि नित्यमेवाच्छिन्नधारावाहिना ज्ञानेन शुद्धमात्मानम्पलभमानोऽवतिष्ठते स ज्ञानमयात् भावात् ज्ञानमय एव भावो भवतीति कृत्वा प्रत्यग्रकर्मास्रवणनिमित्तस्य रागद्वेषमोहसन्तानस्य निरोधाच्छुद्धमेवात्मानं प्राप्नोति; यस्तु नित्यमेवाज्ञानेनाशुद्धमात्मानमुपलभमानोऽवतिष्ठते सोऽज्ञानमयाद्भावादज्ञानमय एव भावो भवतीति कृत्वा प्रत्यग्रकर्मास्रवणनिमित्तस्य रागद्वेषमोहसन्तानस्यानिरोधादशुद्धमेवात्मानं प्राप्नोति। अतः शुद्धात्मोपलम्भादेव संवरः।

હવે પૂછે છે કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી જ સંવર કઈ રીતે થાય છે ? તેનો ઉત્તર કહે છે :—

જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;
અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.

ગાથાર્થ :- [शुद्धं तु] શુદ્ધ આત્માને [विजानन्] જાણતો-અનુભવતો [जीवः] જીવ [शुद्धं च एव आत्मानं] શુદ્ધ આત્માને જ [लभते] પામે છે [तु] અને [अशुद्धम्] અશુદ્ધ [आत्मानं] આત્માને [जानन्] જાણતો-અનુભવતો જીવ [अशुद्धम् एव] અશુદ્ધ આત્માને જ [लभते] પામે છે.

ટીકા :- જે સદાય અચ્છિન્નધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે, 'જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે' એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ (પરંપરા) તેનો નિરોધ થવાથી, શુદ્ધ આત્માને જ પામે છે; અને જે સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે, 'અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ થાય છે' એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ તેનો નિરોધ નહિ થવાથી, અશુદ્ધ આત્માને જ પામે છે. માટે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.

ભાવાર્થ :- જે જીવ અખંડધારાવાહી જ્ઞાનથી આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે છે તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાય છે તેથી તે શુદ્ધ આત્માને પામે છે; અને જે જીવ અજ્ઞાનથી આત્માને અશુદ્ધ અનુભવે છે તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાતા નથી તેથી

તે અશુદ્ધ આત્માને જ પામે છે. આ રીતે સિદ્ધ થયું કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.

## ગાથા-૧૮૬ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી જ સંવર કઈ રીતે થાય છે?' ઉપલબ્ધિ એટલે અનુભવ. એનાથી જ સંવર? આ તો 'જ' આવ્યો પાછો. ઓલા કહે છેને, સર્વથા નહિ, સર્વથા નહિ. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. આહા..હા..! ભગવાન પરમાનંદનો નાથ પ્રભુ એવો જે શુદ્ધ આત્મા એના જ અનુભવથી, એના અનુભવથી જ સંવર થાય છે. એમ છેને? 'જ' છે કે નહિ? '**एव**' છે જુઓ! '**कथंशुद्धात्मोपलम्भादेव**' એ.. પંડિતજી! '**एव**' આવ્યું છે, ઉપર ઉપર. '**कथंशुद्धात्मोपलम्भादेव**'. ઉત્થાનિકા. '**एव**', '**एव**' શબ્દ છે. શિષ્યનો પ્રશ્ન આ છે કે મહારાજ! આ કેવી રીતે આત્માના અનુભવથી જ સંવર થાય? અનુભવથી જ સંવર થાય? બીજી રીતે કોઈ રીતે ન થાય? સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ આકરો ભારે. અણઅભ્યાસે એને પ્રાણીને એવું લાગે કે આ શું કહે છે?

આ બધું કરે છેને, વ્રત ને તપ ને બધા, એ ધર્મી નહિ? બિચારા વર્ષીતપ કરે, મહિના મહિનાના પારણા કરે, મહિનાના અપવાસ. વરઘોડા ચડાવે લ્યો મોટા. ઘોડા અને વરઘોડા. ... અને બેંડ વાજા, એક મોઢા આગળ, એક વચમાં, એક પાછળ. દસ હજાર માણસ હોય તો પાંચ પાંચ બેંડ વાજા હોય. હજાર હજારને આંતરે નાખો. એઈ..! હવે આવો વરઘોડો ચડે સંવત્સરી પછી, અપવાસ કર્યા હોય એને ધર્મ નહિ થાતો હોય કાંઈ? સ્વરૂપચંદભાઈ! આહા..હા..! એ તો બાહ્યની ક્રિયા, ભગવાન! એમાં તું ક્યાં આવ્યો? અને એમાં રાગ થયો એમાં તું ક્યાં આવ્યો? આહા..હા..! અને તું આવ્યા વિના ધર્મ કેમ થાય? જેની પરિણતિમાં આત્મા આવે તો ધર્મ થાય. જેની પરિણતિમાં રાગ આવે એને ધર્મ થાય? આહા..હા..! અને પરિણતિની પર્યાયની બહાર બધા સંયોગના ઢગલા આવા થાય, હો.. હા.. હાથીઓ ચડે, લ્યોને મોટા પચ્ચીસ પચ્ચીસ હાથીઓ. જયપુરમાં કેટલા હાથી હતા જુઓને! ૨૧, ૨૧ હાથી. અને ચાલીસ ચાલીસ હજાર, પચાસ હજાર માણસ આમ. વરઘોડે... શું કહેવાય? રથયાત્રા. આમાં આત્મા ક્યાં? ઈ તો બહારની પ્રવૃત્તિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ઈ વખતે..

ઉત્તર :— ઈ વખતે શું કહેવાય? ઈ તો બહારથી બધા પરાવર્તનો પુદ્ગલના થાય છે,

એમાં આત્મા ક્યાં આવ્યો? અને જ્યાં આત્મા છે ત્યાં આ ક્યાં અડે છે? શેઠ હતા, હતા કે નહિ? હા.

મુમુક્ષુ :— સલામી ભરી હતી.

ઉત્તર :— હા, ૨૧ હાથી. (રામલીલા) મેદાન. પહેલા રામ મેદાન હતું. તે દિ' ઘણું માણસ, તે દિ' અઢાર હાથી હતા, તે દિ' અઢાર હતા પહેલા. પણ તે દિ' પચ્ચીસ, ત્રીસ હજાર માણસ હોં! આજ ફેરી ઘણું માણસ. હાલી નીકળે લોકો. ઓહો..હો..! છે શું આ? બાપુ! એ બહારની ચીજમાં આત્મા નથી. અને બહારની ચીજે એના માપ ન થાય. ઓહો..હો..! આટલા માણસો માટે એને ધર્મ છે. એમ નથી. આહા..હા..! એકલો ધર્માત્મા પોતાની અંધારી ઓરડીમાં જઈને બેઠો હોય, મકાનમાં અને અંદરમાં ધ્યાનમાં ઉતરીને આનંદના સ્વાદ લેતો હોય, ત્યાં તો કાંઈ નથી બહારમાં. એને શું? બહારને શું પણ? આહા..હા..!

કહે છે કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિ, ઉપલબ્ધિ એટલે અનુભવ, એનાથી જ સંવર કઈ રીતે થાય છે? એવો પ્રશ્ન કરનારને ઉત્તર દેવામાં આવે છે.

**'सुद्धं तु वियाणंतो'**. અચ્છિન્નધારા નાખ્યું છેને? **'वि'** શબ્દ છેને **'वि'** એટલે નાખ્યું છે. જાણંતા કરતાં **'वियाणंतो'** છેને ભાઈ? **'वि'** છેને એટલે અચ્છિન્નધારા નાખ્યું છે. ઈ શબ્દમાંથી કાઢ્યું છે.

सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो।
जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि।।१८६।।

**જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;**
**અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.**

**ટીકા.** આ તો ધર્મના કેમ વ્હેણ આવે આત્મામાં એની વાતું છે. આ કંઈ બહારના હો..હો ને ઠાઠ માઠ એ આ ચીજ નથી. આહા..હા..! જ્યાં અંતરમાં ધ્રુવ ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદથી ભરેલો છલોછલ પ્રભુ છે. ઇન્દ્રિયોના સુખમાં તો દુઃખ અને ઝેર છે. સમજાણું કાંઈ? એ વાત શેમાં આવી હતી? **'जे इंदिये जिणित्ता'** એમ છેને? સંવર, સમ્યગ્દર્શન છે પહેલો. આહા..હા..! જેને ભાવઈન્દ્રિય, જે ઈન્દ્રિયનો અંશ ભાવ એક વિષયને જાણે એવી ખંડખંડ ઈન્દ્રિય, આ જડઈન્દ્રિય જે જાણવામાં નિમિત્ત થાય અને બહારની ચીજો નોકર્મ એ બધા પણ ઈન્દ્રિયનું નિમિત્ત છે માટે એને પણ ઈન્દ્રિય કહેવામાં આવી છે. એ બધી ઈન્દ્રિયોને જીતે. આહા..હા..! એટલે કે ત્રણે ઉપરથી રુચિને ઉઠાવી લે. અને ભગવાન આત્મા નિજાનંદ સ્વરૂપમાં દૃષ્ટિને પ્રસરાવે. આહા..હા..! કઈ રીતે?

**'ટીકા :— જે સદાય અચ્છિન્નધારાવાહી...'** અહીં શબ્દ છે. આહા..હા..! આ શ્લોક હતોને, આ ગાથા તે દિ' ઓલા નાગર નહિ? નાગર ગુલાબરાય. જૂનાગઢ નહિ? રેલના

ઉપરી હતા. અહીં રહેતા તમારે ત્યાં. ગુલાબરાય કરીને એક રેલના ઉપરી હતા. એની દીકરીને ક્ષય હતો તો અહીં આવ્યા હતા. છોડીને પ્રેમ બહુ અહીંનો. હતા વેદાંતી. ઓહો..હો..! આવું જૈનમાં છે! જૈનમાં એટલે આ ક્રિયાકાંડ એ જૈનમાં જાણે. પણ એ જૈનમાં છે ઈ જ જૈનમાં છે, બીજે છે જ નહિ ક્યાંય. અચ્છિન્નધારા શબ્દ છેને આ? હવેનો શ્લોક આવે છેને? '**कथमपि धारावाहिना बोधनेन**' એ મોઢે કર્યો હતો. નાગર હતા નાગર, જૂનાગઢના. ઘણા વર્ષ થયા હોં! ઘણા વર્ષ થઈ ગયા. ખબર છે તમને? તમે નહિ હો તે દિ'. તમે તો (સંવત) ૧૯૯૮માં આવ્યાને? એના પહેલાની વાત છે. ઈ આપણે જૂનાગઢ ગયા હતાને, એના પહેલા. ૯૫માંથી ૯૬માં જૂનાગઢ ગયાને. ૯૫ રાજકોટ ચોમાસુ (હતું). પછી જૂનાગઢ ગયાને? ૯૬માં. ત્યારે ત્યાં હતા એ ગુલાબભાઈ. ઈ પહેલા અહીં આવી ગયેલા. પછી વ્યાખ્યાનમાં આવતા. વળાવવા આવ્યા હતા. ત્યારે જોયેલા. ૯૫ની વાત છે. છોડી બિચારી જુવાન હતી, પરણેલી. ક્ષય થઈ ગયેલો. અહીં બેસતી. આ ગાથા બોલતી આ. '**कथमपि धारावाहिना बोधनेन**' એક વચ્ચે પણ છેને કળશ, આના પછીનો કળશ છેને? ઈ. ઈ આ શબ્દ છે અંદર, જુઓને ટીકામાં.

'**જે સદાય અચ્છિન્નધારાવાહી...**' જે જ્ઞાનની પર્યાયને આત્મામાં પ્રસરાવીને સદાય ત્રુટ ન પડે એ રીતે, અત્રુટક ધારાવાહી. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ એની ઉપર જ્ઞાન અને શ્રદ્ધાની ધારા, અચ્છિન્નધારા ત્રુટ પડ્યા વિના, છેદ થયા વિના, એકધારા રહે. રાગથી ભિન્ન પડીને સ્વભાવમાં એકાગ્રતા કરે છે. '**અચ્છિન્નધારાવાહી જ્ઞાનથી...**' જુઓ! ક્રિયા ને દયા, દાનના વિકલ્પથી એમ નથી અહીં. એ તો પરવસ્તુ છે. આહા..હા..! '**જે સદાય...**' કેમ કે નિત્ય એવો ભગવાન આત્મા એના તરફના વલણવાળી પરિણતિ પણ સદાય અચ્છિન્નધારાવાહી છે. આહા..હા..! અહીં તો એમ કહે છે કે એ ધારાવાહી જે જ્ઞાન થયું એ પાછું પડવાનું નથી. કેવળજ્ઞાન લીધે છૂટકો છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનના ભેટા થયા એની પરિણતિમાં શું કમી હોય? કહે છે. આહા..હા..!

'**જે સદાય...**' વસ્તુ તો સદાય છે ત્રિકાળ પણ પરિણતિ સદા એની વાત છે આ અત્યારે. સમજાણું કાંઈ? જે નિરંતર અચ્છિન્ન નામ ન તૂટે એ રીતે. ઓહો..હો..! ચાહે તો વિકલ્પ હો, પણ અંદરમાં તો એકાગ્રતાની અચ્છિન્નધારા વહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**સદાય અચ્છિન્નધારાવાહી...**' જ્ઞાન કેવું છે? કે જેની ત્રુટ થતી નથી અને ધારાવાહી પ્રવાહ ચાલે છે અંદરમાં એકાગ્રતાનો. સમજાણું કાંઈ? દ્રવ્યદૃષ્ટિ થઈ છેને. લ્યો વળી દ્રવ્યદૃષ્ટિપ્રકાશ આવ્યું. દ્રવ્ય વસ્તુ જે છે પૂર્ણ નિત્યાનંદ ધ્રુવ એવી દૃષ્ટિ થઈ છે એ દૃષ્ટિની સાથેનું જ્ઞાન અને દૃષ્ટિ ધારાવાહી ચાલે છે એમ કહે છે. આહા..હા..! ઝીણી વાતું છે બાપુ! પ્રભુ! તારા પ્રયાણ ગયા અંદરમાં હવે, એમ કહે છે. જે રાગમાં પ્રયાણ હતા એ પ્રયાણ થયા અંદરમાં.

આહા..હા..! આહા..હા..! એની શું કહેવી વાત ભાઈ! એ તો અચ્છિન્નધારાવાહી જ્ઞાન છે. એટલે વર્તમાન જ્ઞાનની પર્યાય ધ્રુવમાં પ્રસરતી, ફેલાતી, અચ્છિન્નધારાવાહીથી '**શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે...**' આહા..હા...! શુદ્ધ આત્માને જે અનુભવ્યા કરે છે. ભલે વિકલ્પ હો પણ એનો અનુભવ તો આનો જ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! આનું નામ સંવર. સમજાણું કાંઈ?

'**જે સદાય...**' આહા..હા..! અચ્છિન્ન નામ છેદાય નહિ, તૂટે નહી ધારા. આ ગંગાની ધારા આવે છે કે નહિ? આપણે તો ઓલો જોયોને ધોધ? શેનો ધોધ? ગેલછપ્પા નદી પડે છેને ઉપરથી. જોયું છે? નથી જોયું? ... ગયા હતાને? ઉપરથી ધોધ (પડતો હતો). ઈ ધોધ કોઈ દિ' તૂટે નહિ. ગમે એવો દુકાળ પડે નહિ, એટલો પાણીનો ધોધ જ ઉપરથી પડે. ...માં છે.

મુમુક્ષુ :— .. સુકાઈ ગયો.

ઉત્તર :— સુકાઈ ગયો? ન્યાં તો કહેતા. આ ન સુકાય. હશે, પાણી ન હોય તો શું થાય? વરસાદ ન આવ્યો ઉપરાઉપર. પાણી તો કેટલું પડતું હતું! ઓહો..હો..! એનો ઉતરવાનો રસ્તો પણ અમુક હતો, નહિ? આહા..હા..! અને હેઠે ... એ પાણીને લઈને પાવર હાઉસ. વીજળી થાતી હતી. પ્રોફેસરો અંદર હતા. ગયા હતા અંદર. એક ફેરી ગયા હતા. એક જ ફેરી ગયા હતાને? (સંવત) ૨૦૧૫ની સાલ. આહા..હા..! આ તો એક જ વાર જવા જેવું આમાં. આહા..હા..!

ભારે! આ સંવરની વ્યાખ્યા કેવી! આ જુઓ! ઓલો કહે, પાંચ આસ્રવ સેવવાના.. પાંચ આસ્રવ સેવવાના પચ્ચખાણ, પણ આસ્રવ કોને કહેવો? અને ત્યાગ કોને કહેવો? પચ્ચખાણ શેના થયા? આહા..હા..! સમજાણું કાંઈ? જેણે આસ્રવ અને રાગ વિનાનો ભગવાન એવો ચૈતન્યમૂર્તિ જેણે દૃષ્ટિમાં લીધો છે, એની અક્રિયા—રાગરહિતની ક્રિયા, પરિણતિ છે પણ રાગરહિતની જે સક્રિય, છે પરિણતિ એટલે સક્રિય પણ રાગરહિત (છે) માટે એને અક્રિય કહેવામાં આવે છે. એવી ધારાવાહી ક્રિયાથી જે '**શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે,...**' આહા..હા..! કરવાનું તો આ છે. લાખ વાત કરે, ક્રોડ વાત કરે, અનંત વાત કરે. સમજાણું કાંઈ? પૂર્ણ શાંતિનો સાગર ભગવાન, શાંત.. શાંત.. શાંત.. એવા રસનો ઢીમ છે ચૈતન્ય તો. ધ્રુવ છેને. એને પર્યાયમાં અચ્છિન્નધારાએ જે અનુભવે તે, '**જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે**' લ્યો. કહે છે કે જે જ્ઞાનની પર્યાય એને દ્રવ્યમાં પ્રસરાવી અને અચ્છિન્નધારાએ એમને એમ પર્યાય રહી, એ જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય. એ આત્માની જ્ઞાયકભાવની ભાવનામાંથી જ્ઞાન અને આનંદની જ પર્યાય આવે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, જયંતિભાઈ! આ બધી વાત રહી ગઈ અને લોકો બીજે ચડી ગયા.

આહા..હા..! આવી વાત તો દિગંબર સંતોમાં છે, બીજે ક્યાંય નથી, હોં! આહા..હા..! છતાં છે એની ખબર નથી એને. એને એમ કે, આ તો નવું કાઢ્યું એમ કહે છે લ્યો. એ.. મૂળચંદભાઈ! જૂના માણસ એમ કહે, સોનગઢવાળાએ આ નવો પંથ કાઢ્યો. અરે..! ભગવાન! આ તો અનાદિનો પંથ છે. આહા..હા..! ઓલું તો નિંદા ખાતર નવો છે કહે છે.

મુમુક્ષુ :— દ્વેષ માટે.

ઉત્તર :— દ્વેષ માટે. બાપુ! આમ ન હોય ભાઈ! આ તો વસ્તુનો સ્વભાવ છેને. એના સ્વભાવ સન્મુખની એકાગ્રતા, એવા જ્ઞાનમય ભાવમાંથી તો જ્ઞાનમય ભાવ જ થાય છે. આહા..હા..! ભગવાન પોતે જ્ઞાનમય આત્મા, આનંદમય આત્મા એની ભાવનામાંથી તો આનંદ અને જ્ઞાનની જ પર્યાય થાય. એમાં રાગ ને દયા, દાનના વિકલ્પ ન્યાં ક્યાં હતા. આહા..હા..! સમજાણું કાંઈ? પણ આ બધા જુવાન માણસોને આ બધું સમજવું પડતું હશે? જુવાનીમાં મજા ન આવે? પચ્ચીસ પચ્ચીસ વર્ષનું શરીર હોય જુવાન ફાટતું. ધૂળેય નથી. શરીર સડે ત્યારે ખબર પડે. હાય.. હાય..! છોકરો જુવાન બાર-તેર વર્ષનો હતો. પોપટભાઈ હતાને આપણા? વઢવાણ. એની પાસે આવ્યા. હું બરાબર દિશાએ ગયો હતો. શરીરમાં બધે આમ ફોડલા ફોડલા. શું આવું? આ બધું વિક્રિયા કરી એનું આ ફળ છે શરીરનું. આહા..હા..! ઘણા વર્ષની વાત છે, ૭૬ની વાત છે.

'**જ્ઞાનમય ભાવમાંથી...**' ઈ શું કીધું? કહે છે કે ભગવાન તો આત્મા જ્ઞાન ને આનંદ ને શાંતિસ્વભાવમય છે તો એમાંથી શાંતિ, જ્ઞાનમય, આનંદમય જ ભાવ થાય. જ્ઞાનમય શબ્દે આનંદ, જ્ઞાન, શાંતિ અને સ્વચ્છતાના ભાવ જ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનમય ભાવમાંથી, ભાષા વાપરી જોઈ? સ્વરૂપ ચૈતન્યમય છે એવી દૃષ્ટિ છે અંદર એકાકાર, એટલે એના ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય, શુદ્ધતા જ થાય. શુદ્ધ જ્ઞાનરૂપે છેને. જ્ઞાનમય ભાવ થાય એટલે શુદ્ધ થાય. આહા..હા..! '**જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે**' આ પર્યાયની વાત છે, હોં! શુદ્ધતાનું ધ્યાન કરતાં અચ્છિન્નધારાએ એને ભાવતા એની જાતમાં જે જ્ઞાન અને આનંદ છે તેનું પરિણમન થાય. એને કંઈ રાગનું ને વ્યવહારનું વિકલ્પનું પરિણમન ન થાય. આહા..હા..!

'**જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે...**' અહીંયા પણ 'જ' આવ્યું. સર્વથા આવ્યું. જ્ઞાનમય ભાવમાંથી સર્વથા જ્ઞાનમય ભાવ જ થાય. સર્વથા આવ્યું આમાં? છેને? સમ્યક્ એકાંતમાં તો સર્વથા જ હોય. જ્ઞાનમય ભાવમાંથી કદાચિત્ જ્ઞાનમય થાય અને કદાચિત્ રાગમય થાય, એમ બે હોય? આહા..હા..! બધે ઠેકાણે જુઓને સર્વથા જ ભર્યું છે. આહા..હા..! લોકો એવી રીતે ઊંધાઈ કરીને, અનેકાંત આવું હોય, અનેકાંત કથંચિત્ આમ અને કથંચિત્ આમ (હોય). આ જ કીધું. આ જ હોય અને બીજું ન હોય, એ અનેકાંત

છે. આહા..હા..! અરે..! પણ નાની દશામાં આવું હોય? ઈ દશા પણ એનીને? નાગનો નાનો કણિયો પણ નાગને. નાગ.. આવે છેને કંઈક? નાગ, રાજા અને સિંહનું બચ્ચું નાનાને નાનું ન જાણવું. એમ આવે છે વાત ત્રણ. નાગનો કણ હોય આવડો, સર્પ, શું કહેવાય? કણો. આમ ફણ માંડે. આમ ઊંચો થાય. પૂંછડી હેઠે થોડી રહે અને આમ ઊંચો થાય. મારી નાખે. રાજાનો કુંવર નાનો હોય એને નાનો ન માનવો. હુકમ કરે કે આમ કરો, તો ઊડી જશે, ઊડાડી દેશે. સમજાણું કાંઈ? એમ સિંહના બચ્ચા, નાનું છે. નાનું ફાડી નાખશે. આવ્યું હતુંને? એક જણ સિંહનું બચ્ચુ ચોરી ગયો. નાનું આવડું, તો અહીં નાખ્યું એણે. આવી હતી, છાપામાં આવી હતી. પછી કોર્ટમાં ઊભો રહ્યો અહીં ભરાવીને. ત્યાં ઓલો ખાઈ ગયો ખાતો ખાતો. પડ્યો. પેટમાં સંતાડ્યું હતું આમ સિંહનું બચ્ચુ, લુગડાની અંદર. કોર્ટમાં એમને એમ ઊભો રહ્યો. ત્યાં ઓલું બચ્ચુ આમ આમ પેટમાં બટકા ભરવા મંડ્યું. ખાવા મંડ્યું. ત્યાં પડી ગયો. ત્યાં બચ્ચુ નીકળ્યું. અરે..! આ તો આની પાસે જ છે. આહા..હા..! ઈ સિંહના બચ્ચાને સંતાડ્યે કાંઈ રહેતા હશે?

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જ્યાં અંદર પકડ્યો એને, એની સિંહની ગર્જના શુદ્ધતાના પરિણમનથી એની હોય છે. એમાં અશુદ્ધતાનું પરિણમન હોતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! **'એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત...'** નવાં કર્મ આવવાના આસ્રવનું નિમિત્ત, આવવાનું નિમિત્ત છે. **'જે રાગદ્વેષમોહની સંતતિ...'** ઓલામાં અચ્છિન્નધારા છેને. અહીં અચ્છિન્ન (ધારા છે). સામે લીધું. **'સંતતિ (પરંપરા) તેનો નિરોધ થવાથી...'** સ્વભાવ શુદ્ધ આનંદકંદ પ્રભુ એનું ભેદજ્ઞાન રાગથી ભિન્ન થવાથી અચ્છિન્નધારાએ તેને શાંતિ અને આનંદનું વેદન હોય છે. જ્ઞાનમય ભાવ જ હોય છે. જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતિમય, સ્વચ્છતામય, પ્રભુતામય, આનંદમય (ભાવ જ હોય છે).

**'એ ન્યાયે નવા કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ (પરંપરા) તેનો નિરોધ થવાથી,...'** .. છેને. એ ઉત્પત્તિ જ ન થઈ. આહા..હા..! રાગદ્વેષમોહની ઉત્પત્તિ ન થઈ. અરાગી, અદ્વેષની, શાંતિની ઉત્પત્તિ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કઠણ આવો માર્ગ ભાઈ! ઓલા તો દીક્ષા લઈને ચાલો, એક રજોણું ને મુહપત્તિ, ઓલો મોટો દંડ, થઈ ગયા સાધુ, લ્યો. ધૂળેય નથી સાધુ, સાંભળને. આહા..હા..! ચિત્રભાનુનું આજે આવ્યું છે, એમાં લખ્યું હતું. ઈ કહે છે, હું નિર્દંભ થયો. ના, હજી દંભવાળો છો. ન્યાં જઈને કેમ છોડ્યું? અહીં છોડવું હતુંને. એમ કરીને (લખ્યું છે). અહીં કો'ક મૂકી ગયું હતું. આમાં છે. ... માંથી નાખ્યું આમાં. અર..ર..ર..! આવા .. સાધુ નામ ધરાવીને આવા ગોટા વાળે. દંભ ચલાવ્યો તેં ઘણો. હવે હું નિર્દંભ થઈ ગયો. નિર્દંભ થયો તો અહીં ખોલવું હતુંને. ન કરી શકે. અહીં તો આપે કોણ? રોટલો કોણ આપે? ત્યાં તો બધું... ખબર ન

પડી. ઘણા માણસ ભેગા થયા, ભાઈ! .. બધા ગોરાઓ. અનેકાંત શીખવા. ઓહો..! આવો જૈન માણસ! આ એકમાં બીજું ન હોય અને બીજામાં આ ન હોય. લોકો બિચારા યુરોપિયનો શીખવા માટે ભેગા થાય. હજારો માણસો. કાંઈક મળતું હશે. આહા..હા..!

એક એક કડી અને એક એક ગાથાએ તો ગજબ કરે છે! કહે છે કે પ્રભુ! તું કોણ છો? તું તો પ્રભુ છોને! એ પ્રભુના પત્તા જેણે ભેદજ્ઞાનથી લીધા અને તો પ્રભુતા જ પરિણમે છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનમય ભાવ, સમકિતમયભાવ, શાંતિમયભાવ, શાંતિ એટલે ચારિત્ર, વીતરાગમય ભાવ, આનંદમય ભાવ, સ્વચ્છતામય ભાવ, પ્રભુતામય ભાવ, એ ભાવપ્રાણનો ભાવપ્રાણરૂપી ભાવ. આહા..હા..! એવો ભાવ થાય છે. લ્યો, પોપટભાઈ! આવું સાંભળ્યું હતું ત્યાં ક્યાંય? નહોતું ત્યાં? આહા..! શાસ્ત્રમાં તો આ રહ્યું. આ નવું છે કાંઈ?

ઓલામાં લખ્યું છે, પરમેષ્ઠીદાસે આમાં સભા ભરાઈ હતીને, કોટા, અત્યારે સમયસારને એકમાં વાંધા ઉઠ્યા છે પંડિતોમાં, એક સમયસારમાં વ્યાખ્યાનમાં એનું સમાધાન તો કરો. એવું છે ક્યાંક. આમાં છે. એમાં લખ્યું છે ભાઈએ, હોં! પરમેષ્ઠીદાસે. એક સમયસાર માટે પંડિતોમાં, વ્યાખ્યાતામાં એના અર્થ કરવામાં બે મત પડી ગયા, એનું સમાધાન તો કરો. ઠીક કર્યું. એક સમયસારનો કાંઈક અર્થ કરે, એક સમયસારનો કાંઈ અર્થ કરે. આહા..હા..! લખ્યું છે, એમાં ક્યાંક છે, જુઓ! વીરમાં? હા, વીરમાં હશે. સમયસાર નામ તો આવ્યું. 'હમારે શાસ્ત્રીય વિવાદ આજ ભી જ્યોંકે ત્યોં ચલ રહે હૈં. હમારે શાસ્ત્રીય વિવાદ આજ ભી જ્યોંકે ત્યોં ચલ રહે હૈં. સમયસાર જૈસે પરમ અધ્યાત્મિક ગ્રંથોંકી વ્યાખ્યાઓં પર વિકૃત વિવાદ અને પરસ્પરિક પ્રહાર હો રહે હૈં.' ઠીક, કીધું, આવ્યું તો ખરું. ભાઈ! ભેગા થઈને વિચાર કરો. સમયસારનું નામ આપ્યું. 'હમારી દિગંબર જૈન વિદ્વત પરિષદકો ઈન પર ગંભીરતાપૂર્વક વિચાર કરકે સુનિશ્ચિત સમાધાન દેના ચાહિયે ઔર ઉપર લિખિત સમસ્યાઓંકા ઉલ્લેખનીય હલ દેના ચાહિયે.' લ્યો. ઠીક કર્યું. સમયસાર તો આવ્યું. પંડિતો ભેગા થઈને... આહા..હા..! આ તો વીતરાગનો માર્ગ છે આમાં એના પક્ષપાતથી શું કરવું? આહા..હા..!

કહે છે, **'આસ્રવણનું નિમિત્ત જે...'** નવા આસ્રવ જે આવે એનું નિમિત્ત કારણ તો રાગ, દ્વેષ અને મોહ છે એનો તો નિરોધ થઈ જાય છે. આહા..હા..! અને શુદ્ધ આત્માને જ પામે છે. લ્યો. ત્યાં 'જ' આવ્યો. શ્રીમદ્ કહે છેને, મારો મહાવીર 'જ' ન કહે. ઈ કઈ રીતે? ઈ કઈ અપેક્ષા? ઈ બધે લગાડે. શ્રીમદ્‌માં આવે છેને? મારો મહાવીર 'જ' ન કહે. એક ત્રણ-ચાર લીટીનો પત્ર છે. કઈ અપેક્ષાથી? આત્મા નિત્ય જ છે, આત્મા અનિત્ય જ છે એમ નહિ. અહીં તો **'શુદ્ધ આત્માને જ પામે છે;...'** (આત્મા દ્રવ્યે) નિત્ય જ છે, પર્યાયે અનિત્ય જ છે. વસ્તુએ શુદ્ધ જ છે. નય તો એકાંત સમ્યક્ એકાંતને સૂચવે

છે. આહા..હા..! '**શુદ્ધ આત્માને જ પામે છે;...**' આહા..હા..! અંદરમાં શુદ્ધ ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાનમાં એને પ્રસરતા એ શુદ્ધ આત્માને જ પામે છે, એ શુદ્ધ પરિણતિને જ પામે છે. એમ. સમજાણું? શુદ્ધ આત્મા એટલે દ્રવ્યને નહિ પણ શુદ્ધ આત્માની પરિણતિને જ પામે છે. આહા..હા..!

'**અને જે સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે,...**' અશુદ્ધને જ એકાંત અનુભવ્યા કરે છે. ભાન થયા પછી, અશુદ્ધ છે એટલું ભલે જ્ઞાન થાય પણ એનું વેદન નથી ખરું. અહીં તો અધ્યાત્મમાં એકધારા કહેવી છેને. જ્ઞાનની અપેક્ષાએ વેદન પણ સાથે એમ લેવાય. દૃષ્ટિના જોરમાં વેદન નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એકાંત વેદન છે અને આ વેદન નથી. પણ વેદન સમકિતીને જ્ઞાનીને થોડું વેદન તો છે. પણ દૃષ્ટિની મુખ્યતામાં એ લેવું નથી. જ્ઞાન જાણે છે કે આ વેદાય છે, ભોગાય છે. ભોગવું આવે છેને? ભોક્તાનય. ઈ અપેક્ષા તો છેને. પોતાના વેદનને ભોગવે અને રાગને ભોગવે છે એવું એ જ્ઞાન જાણે છે. પણ આની ભાવનામાંથી રાગ ઉત્પન્ન થાય છે એમ નહિ. અહીં તો એ સિદ્ધ કરવું છેને. શુદ્ધ આત્માની એકાગ્રતાથી રાગ ઉત્પન્ન થાય નહિ એમ સિદ્ધ કરવું છે. જ્ઞાતા દૃષ્ટા અને શુદ્ધનું જ પરિણમન છે. શુદ્ધ આત્માની એકાગ્રતાથી શુદ્ધતા આવે, ન્યાંથી અશુદ્ધતા ક્યાંથી આવે? એ સિદ્ધ કરવું છેને અહીં. '**सुद्धं तु वियाणंतो**' એમ લેવું છેને. શુદ્ધને જાણતો શુદ્ધ પરિણતિ હોય છે. અહીંયા એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

'**સદાય અજ્ઞાનથી...**' રાગને જ પોતાનું સ્વરૂપ માનનાર અશુદ્ધ આત્માને પામે છે. અશુદ્ધ આત્મા જુઓ! પર્યાયથી અશુદ્ધ હોં! એથી કંઈ દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું એમ નથી. પણ એણે તો એ અશુદ્ધ પોતે જ આત્મા છે એમ માન્યું છેને. '**અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે...**' એટલે કે રાગને જ અનુભવ્યા કરે છે. શુભ અશુભ પરિણામ અથવા મહાવ્રતના પરિણામ, પાંચ સમિતિ, ગુપ્તિના વિકલ્પોના પરિણામ એને જ અનુભવે છે. કારણ કે એની દૃષ્ટિ ત્યાં છે. રાગ ઉપર દૃષ્ટિ હોવાથી રાગને જ વેદે છે. નવા માણસને શું કહેશે? આવો ધર્મ કેવો હશે આ? ભાઈ! ધર્મ આવો જ છે. વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા એનો માર્ગ જ આ છે. ઝીણો પડે, સૂક્ષ્મ લાગે, સમજાય નહિ તેથી કરીને કંઈ ચીજ બીજી થઈ જાય? અભ્યાસ નહિ એટલે શું થાય? આહા..હા..! ઊંધા અભ્યાસ અનાદિના. આહા..હા..!

આવો ધર્મ સંવર આને કહીએ કે શુદ્ધ ભગવાન આત્માની એકાગ્રતાથી જે પરિણતિ ઉત્પન્ન થાય એમાં રાગદ્વેષમોહનો અભાવ છે તેથી રાગદ્વેષમોહ જે આસ્રવણનું નિમિત્ત હતા એ રોકાઈ ગયા છે. આહા..હા..! અજ્ઞાનીને તો અશુદ્ધ આત્મા જ અનુભવમાં આવે છે. વેદનમાં ફેર છે, બસ. સમજાણું કાંઈ? '**અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ થાય છે**' અશુદ્ધતાના પરિણમનમાં એની દૃષ્ટિ હોવાથી એ પર્યાયદૃષ્ટિને અશુદ્ધને જ પોતાનો સ્વભાવ

જાણતો અશુદ્ધતા ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ? ઈ શું થાય ન્યાં? **'અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ થાય છે'** સોનામાંથી સોનાના દાગીના થાય એમ નથી આવ્યું? આવે છેને? લોઢામાંથી લોઢાના થાય. આવશે. આવે છે, આમાં તરત નથી. અહીં તો **'એ ન્યાયે નવાં કર્મનું આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ તેનો નિરોધ નહિ હોવાથી,...'** લ્યો. અજ્ઞાનીને તો રાગ ને દ્વેષ, દયા ને દાન, વ્રત ને ભક્તિના પરિણામમાં પોતાપણું માની એને વેદે છે. એથી એને રાગદ્વેષમોહની સંતતિ અટકી નથી. આહા..હા..! નવાં કર્મને આવવાનું નિમિત્ત એવા રાગદ્વેષ અને મોહ, ઈષ્ટબુદ્ધિ રાગમાં રાગને કારણે દ્વેષ અનિષ્ટ અને મોહ એકતા એવી સંતતિનો નિરોધ નહિ થવાથી અશુદ્ધ આત્માને જ પામે છે. એ તો અશુદ્ધ પર્યાયને જ પામે છે. આહા..હા..! અશુદ્ધને જ એકલા જોવાથી અશુદ્ધ પર્યાય છે એ તો. એમાં વાંધો હતોને આ અશુદ્ધ લાલભાઈને. અશુદ્ધને એકલો જોવે છે તે ... છે. ઓલો કહે, એકલો અશુદ્ધ જોવે એમ નહોતું ત્યાં. એ... તકરાર વાંધા. દિલ્હીમાં. અશુદ્ધને જ જોવે એ તો મિથ્યાદષ્ટિ છે એમ કહે. એકલો અશુદ્ધને જોવે. પછી જોવું નથી. શુદ્ધને જાણતા અશુદ્ધતા છે તે જણાઈ જાય છે. જ્ઞાનનો સ્વભાવ છે, જણાઈ જાય છે. બસ એટલું. સમજાણું કાંઈ? ભારે કઠણ માર્ગ. જરી ફરે ત્યાં આખું ફરે, લાઈન ફરી જાય. એકલો અશુદ્ધ જ, અશુદ્ધ જ, અશુદ્ધ જ જોયા કરે વારંવાર તો અશુદ્ધપણાને પામે. શુદ્ધપણાની ભાવનામાં આંશિક કાંઈક કચાશ છે અને અશુદ્ધપણું થાય તો એ જાણવાલાયક છે. હેયબુદ્ધિએ જ્ઞેય છેને. છેને પણ. આવે છેને ઓલું? આવ્યુંને? જાણ્યા વિના... શું કીધું? બિન જાને (તેં દોષ ગુનનકો, કૈસે ગહિએ તજીયે.. એને ન જાણ્યું હોય? આહા..! વ્યવહારનયના ... આ તો જરીક થડક ખાઈને ક્યાં ખાય છે...

અહીં તો કહે છે, શુદ્ધ સ્વભાવ ભગવાન આત્માને જે એકાગ્રતાથી ભાવે એને શુદ્ધતા આવે છે. રાગવાળો જીવને માને એને રાગ જ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? વાદવિવાદ કરે સો અંધા. વાદવિવાદ શું કરે આમાં ભાઈ? એવી ચીજ છે એ ચીજ. **'અશુદ્ધ આત્માને જ પામે છે.'** કહો, આ શુભભાવનો અનુભવ કરતાં અશુદ્ધને પામે એમ કહે છે. એ શુભભાવને અનુભવ કરતાં કથંચિત્ શુદ્ધતાને પામે છે એમ નથી એમ કહ્યું. એમ આવ્યું કે નહિ? હું શુભરાગ દયા, દાન, વ્રતના વિકલ્પવાળો છું. અશુભ તો ઠીક સાધારણ પણ આ તો શુભ. શુભવાળો છું, રાગવાળો છું, બસ એને રાગની જ ઉત્પત્તિ થાય છે. રાગવાળો, શુભરાગ શુભ ઉપયોગવાળો હું છું, હું શુભ ઉપયોગવાળો છું એવી દૃષ્ટિવાળાને એકલો રાગ જ ઉત્પન્ન થાય છે. કે પછી શુદ્ધતા પણ ભેગી થાય અંદર નહિ? ... બીજી વાત છે.

**'માટે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.'** આહા..હા..! એ આત્માનો પરમાનંદ સ્વભાવ એની ભાવનાથી જ સંવર થાય છે. એની ભાવનાથી જ

આસ્રવ રોકાઈ જાય છે. આ રીત છે. ઈ ભાવના એણે કોઈ દિ' કરી નથી. બાકી બધું (કર્યું). પાપને છોડું ને આ છોડ્યું ને આ છોડ્યું,.. ભેગો ઓલો રાગ છે ... ઈ? એની પણ એકતાબુદ્ધિમાં તો એકલો રાગ જ ઉત્પન્ન થાય. એટલે મિથ્યાત્વ જ ઉત્પન્ન થાય એમ કહેવું છે. અશુદ્ધપણું જ ઉત્પન્ન થાય. એને સંવર થાય છે, શુદ્ધ આત્માના અનુભવથી જ સંવર થાય છે. આહા..હા..! સમજાણું? એ તો સંતતિ કીધીને? કર્મ આવે છે એકધારા. એને અહીં રોક્યું છે. અજ્ઞાનીને એકધારા ચાલ્યા આવે છે. રાગની ભાવના પણ એને એકધારી છેને. રાગ છે, એકતા છે. આ હું, એકધારા ચાલ્યા આવે છે. ધર્મીને એકધારા આ છે, નવા આવરણનું નિમિત્ત છે એ એને રોકાઈ જાય છે. એથી એને સંવર થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૭, શનિવાર, તા. ૨૪-૦૨-૧૯૭૩
## ગાથા-૧૮૬ થી ૧૮૯, શ્લોક-૧૨૭, પ્રવચન-૩૨૫

સમયસાર, ૧૮૬ ગાથાનો ભાવાર્થ છે. ત્યાં સુધી આવ્યુંને? જેને આત્માનો પર્યાય સંવર કરવો હોય તેણે શું કરવું? એમ કહે છે. સંવર કરવો કહો કે ધ્યાન કરવું કહો. સમજાય છે કાંઈ? જેને આત્માનું હિત કરવું છે એણે કઈ રીતે કરવું? જે જીવ અખંડ ધારાવાહી જ્ઞાનથી ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંતરમાં ધ્રુવ ઉપર આશ્રય લઈને આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે છે. આવી વાત છે. સમજાણું કાંઈ? આત્મા નિત્યાનંદ પ્રભુ શુદ્ધ અખંડ આનંદનું ધામ. આમાં ક્યાંક આવે છે. તે આત્મા છે. આહા..હા..! આનંદસ્વરૂપ અંદર છે એવો આરામબાગ આત્મામાં એમાં ફરવાને, રમવાને બાગ છે આત્મા. એવા આત્માની ઉપર ભાવશ્રુતજ્ઞાન, રાગના વિકલ્પથી ભિન્ન કરી ભાવશ્રુતજ્ઞાનને અંતરમાં જોડતાં અચ્છિન્નધારા, અખંડ ધારાવાહી... ... શું કહેવાય? ... જેમ એકધારો ચાલેને? એક બાજુથી એક બાજુ. બીજી બાજુ ફેરવાય નહિ. .... એકધારા જ ચાલે. એવો એક દાખલો છે.

આત્મામાં વસ્તુ એક બાજુની ધારાવાહી જ્ઞાનથી ચાલવું એમ કહે છે. જે જીવ વસ્તુ

પરમાનંદ પ્રભુ એને અખંડ ધારાવાહી, જેમાં ખંડ ન પડે એવા ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે છે, એટલે કે વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે એના ઉપર જ્ઞાનની પર્યાયને પકડતાં એ જણાતા, ધ્યાન વિષય કુરુ, ધ્યાનમાં વિષયને બનાવીને... જ્યાં ત્યાં ... બહુ આવે છે. ધ્યાન વિષય કુરુ અને આમાં પણ છે. વર્તમાન જ્ઞાનની પર્યાયરૂપી ધ્યાન એનો વિષય બનાવવો ધ્રુવ. આહા..હા..! અખંડાનંદ પરમાત્મા પોતે પરમસ્વરૂપ છે. પણ એને સામે અનાદિથી નજર કરી નથી. એક વર્તમાન પર્યાય અવસ્થા પ્રગટ એના ઉપર આખું જોર. વ્યક્ત જે પ્રગટરૂપ અવસ્થા છે એના ઉપર એનું જોર છે એટલે કે પર્યાયબુદ્ધિ (છે). દ્રવ્યબુદ્ધિ છૂટી જઈને અનાદિની પર્યાયબુદ્ધિ છે. છૂટી જઈને એટલે હતી એમ નહિ. અનાદિની છે. ઈ તો આવે છેને? ૬૯-૭૦માં. ઉદાસીન દશા છોડીને. આવે છે? કર્તાકર્મમાં. એટલે હતી કંઈ ઉદાસીન? પણ એનો અર્થ કે ઉદાસીન દશા જેનો સ્વભાવ છે. એને છોડી દઈને રાગની એકતામાં જાય છે અનાદિનો. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ. .. માવજીભાઈ! આ ઊંડુ ઊંડુ, કહેતા હતાને? ઊંડુ ઈ. ઊંડે ઊંડે ચૈતન્યમૂર્તિ વર્તમાન પર્યાયમાં વર્તમાન પ્રગટ અવસ્થાનું લક્ષ છોડી દઈને, નિમિત્તનું તો લક્ષ છોડે, રાગ છોડે પણ વર્તમાન પર્યાય જે અવસ્થા વ્યક્ત છે, જેમાં કાર્ય થાય છે, એ કાર્ય જેમાં છે તેનું લક્ષ છોડી દઈને, સમ્યક્ કાર્ય જેને કરવું હોય એણે ધ્રુવ ઉપર નજર કરવી. સમજાણું કાંઈ? કેવી રીતે? એની જ્ઞાનધારા છૂટે નહિ. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનમાં, સમ્યક્જ્ઞાનમાં તે નિત્યાનંદ પ્રભુને અવલંબતા એ દશા અચ્છિન્નધારા રહે, ત્રુટ પડ્યા વિના રહે એ વાત છેને અહીં તો. આહા..હા..! જ્ઞાનની પર્યાય અંદર વળતાં જે પાછી ફરે નહિ. ઝીણી વાતું બહુ. માર્ગ પણ તેથી હાથ આવવો કઠણ એટલે બીજી રીતે ચડી ગયા. આવું આવે ત્યારે એમ લાગે કે આ તે કંઈ.. શું ધર્મ? આવો જૈન ધર્મ કેવો? ... પણ સહેલી વાત છે, બાપુ! આહા..હા..! આ તો સંવરનો અધિકાર છે. પછી નિર્જરા છે. શુદ્ધિની ઉત્પત્તિ થવી એનું નામ સંવર. ત્યારે શુદ્ધિની ઉત્પત્તિ કેમ થાય? નિર્જરા એ શુદ્ધિની વૃદ્ધિ છે. સંવર એ શુદ્ધિની ઉત્પત્તિ છે અને મોક્ષ એ શુદ્ધિની પૂર્ણતા છે. એ બધા પર્યાયોના અવસ્થાઓના ભેદ છે. પણ એ શુદ્ધિની ઉત્પત્તિ, વૃદ્ધિ અને પૂર્ણતા થાય કેમ? આહા..! સ્વરૂપચંદભાઈ! આહા..હા..! એને આમ બહારમાં ભાસે છે. કારણ કે પ્રગટ અવસ્થા છેને, અને અવસ્થા ઉપર દૃષ્ટિ છે એટલે લંબાવે છે પર્યાયબુદ્ધિને તો એ રાગમાં જાય ને કાં નિમિત્તમાં જાય ને સંયોગબુદ્ધિમાં ... જાય છે. પ્રતિકૂળતા, અનુકૂળતાઓ હોય ત ખેદાઈ જાય. સમજાણું કાંઈ?

આ તો અંદર અનુભવગમ્ય છે એની વાત છે. વાતની વાત તો થાય એટલી થાય. શેઠ! જેને કલ્યાણ કરવું હોય અને સંવર કરવો હોય, અશુદ્ધતા રોકવી હોય અને શુદ્ધતા

ઉત્પન્ન કરવી હોય, રોકવાનો અર્થ અશુદ્ધતાનો વ્યય કરવો હોય અને શુદ્ધતાની ઉત્પત્તિ કરવી હોય તો કોને આશ્રયે થાય? કે ત્રિકાળી દ્રવ્યને આશ્રયે થાય. કહો, સમજાણું? તારાચંદભાઈ! આવો માર્ગ છે. દુનિયાને એવું લાગે કે બીજું (સાધન ખરું કે નહિ)? સાધન જ આ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ છે એવું. આહા..હા..! એ શાશ્વત ચીજ છે. નિયત નિશ્ચય વસ્તુ એ છે, સત્ય એ છે, સત્યાર્થ એ છે, ભૂતાર્થ એ છે. આહા..હા..! એના ઉપર નજર અખંડ ધારાવાહી, ધારાવાહી...

કાલે કહ્યું હતું, ... કહ્યું હતું? ... ધારી ધારી. ત્યાં પણ એવું પાણી છે. નીચે પાણી છે, બે બાજુ નદી છે. નીચે પાણી છે. દુકાળમાં પણ .. ગામની હેઠેથી નદી જાય, બે બાજુ. ત્રણ નદી છે, એક ગામમાં ત્રણ નદી. અમે એક ફેરી ગયા હતા ત્યારે ... આની કોર એટલું પાણી... તમારા ગાંધી નહિ? રાજકોટવાળા, ગુલાબચંદ ગાંધીના કુટુંબી એક હતા. સંચો છે. સંચો રાખતા હતા. પાણીનો ધોધ પડે તો એને લઈને સંચો ચાલે. ધારીમાં. પાણી પડેને, ન્યાં સંચો રાખે એટલે કોઈ માણસ રાખવો ન પડે. એનો આમ સંચો ચાલે અને એનાથી બધું ચાલે. ૮૪ની સાલ. ઈ ધારાવાહી. ન્યાં પણ પાણી એવું આવતું લ્યો. ... પાણી પડ્યા જ કરે, પડ્યા જ કરે. કૂવો સૂકાય ... પણ ગંગાની ધારા કોઈ દિ' સુકાય નહિ. ... આ તો કુદરતી એવી ધારા વહાય.. આહા..હા..!

નિત્યાનંદ પ્રભુ એમાં અંદરમાં ઊંડો જા. એવી રીતે જા કે પરિણતિ પાછી ફરે જ નહિ. એમાં ઉપર ધારાવાહી રહ્યા જ કરે. ગમે એટલા વિકલ્પ હો, શુભ હો, અશુભ હો. સમજાણું કાંઈ? અને દેહની ક્રિયા ગમે તે શરીરની સ્થિતિમાં થતી હોય, એ ધારા ન્યાંથી ખસે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જે જીવ અખંડધારાવાહી...'** ઓ..હો..હો..! કીધુંને, છોડીને બહુ પસંદ છે. ગુલાબરાય. ગુલાબરાય જૂનાગઢના રેલના ઉપરી હતા. ... જૂનાગઢ નહિ? ... લોકો તો એવું માને છે કે જૈનમાં જાણે ક્રિયા કરવી. જૈન એટલે અપવાસ કરવા, સામાયિક કરવા, પોષા કરવા, ચોવિહાર કરવા, કંદમૂળ ન ખાવું ઈ જૈન. એ.. સ્વરૂપચંદભાઈ! .. એમ માનતા, લોકો એમ માનતા. આ વાત આવી કે જૈન તો આનું નામ જૈન. જેણે આનંદનો નાથ પરમાત્મા પૂર્ણ છે એમાં એકાગ્ર થવું અને રાગ અને અજ્ઞાનને જીતવું એનું નામ જૈન છે. આહા..હા..! ... જૈનમાં આવી વાત? અરે..! બીજે છે જ નહિ, બાપા! પર્યાયને આમ બદલાવવી, પર્યાય અહીં વાળવી એ બીજે ક્યાં છે?

સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યા, જે પર્યાયમાં જણાણું એવું વાણીમાં સર્વજ્ઞ અનુસારિણી વાણી આવી. એમાં આ આવ્યું. ભાઈ! એવું તારું તત્ત્વ છે. તેં અચ્છિન્નધારાવાહી રાગની એકતાબુદ્ધિમાં કાળ ગાળ્યો છે. શું કીધું? (ઈ

પણ) અચ્છિન્નધારા. બિલકુલ ફરવા દીધી નથી. આહા..હા..! વિકલ્પ જે પર તરફ જાય છે એના ઉપરની ધારા તેં કોઈ દિ' છોડી જ નથી. નિરંતર સમયે સમયે અચ્છિન્ન એમાં રાગની એકતા વર્તી છે. .... એવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? જેમ ત્યાં સત્યને અવસર નહોતો, એમ અહીંયા અસત્યને અવસર ન રહે એમ કરે. સમજાણું કાંઈ? ભારે માર્ગ આવો. .... આ તો માર્ગ જ છે, ભાઈ! આ તો અનાદિનો માર્ગ છે. આ માર્ગે સંતો તીર્થંકરો કેવળ પામ્યા છે. આહા..હા..!

અંદર વસ્તુ મહાપ્રભુ છે. એક સમયની પર્યાયની પાછળ મોટો પ્રભુ બિરાજે છે. તું મોટો ભગવાન છો, તને ખબર નથી. પર્યાયમાં પામર તરીકે સ્વીકારીને પ્રભુતાનો તેં અનાદર કરીને ચાર ગતિમાં રખડ્યો છો. સમજાય છે કાંઈ? આહા..હા..! શું વાત કરે છે એક એક શબ્દમાં! જ્ઞાનની એટલે જ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન હોં! '**અખંડધારાવાહી જ્ઞાનથી...**' આહાહા..! આ શુદ્ધ ઉપયોગ શુદ્ધ. એને અંતર દૃષ્ટિમાં આમ વસ્તુને લઈને જે ઉપયોગ પ્રગટ્યો શુદ્ધ શુદ્ધ... લ્યો આ શુદ્ધ આવ્યું. શુભને અશુદ્ધ કહે છેને. છઠ્ઠા સુધી શુભ હોય. અરે..! ભાઈ! આહા..હા..! શું કરે છે તું? ત્રિકાળ જ્ઞાનરૂપ ચૈતન્યસ્વરૂપ તો તું છો. એના ઉપર દૃષ્ટિ જતાં તો શુદ્ધતા જ પ્રગટે. અને એ શુદ્ધ ઉપયોગમાં જણાય. ... આ ભાવશ્રુતજ્ઞાન કહ્યું, ભાવશ્રુતજ્ઞાન થાય. આહા..હા..! એ શુદ્ધ ઉપયોગ છે. જેને ૧૫મી ગાથામાં કહ્યુંને? '**जो पस्सदि अप्पाणं**' જૈનશાસનને દેખે છે. શુદ્ધ ઉપયોગ છે એને જાણે એ જૈનશાસનને જાણે. એમ શુદ્ધ ઉપયોગમાં જતાં અબદ્ધસ્પૃષ્ટ .. આવે છે. સમજાણું કાંઈ? ત્યાં દ્રવ્યને જૈનશાસન નથી કહ્યું, જૈનશાસન પર્યાયને કહ્યું છે. જે શુદ્ધ ઉપયોગ છે, વસ્તુ તરફ વળેલો શુદ્ધ ઉપયોગ છે એ જૈનશાસન છે. એ.. ચેતનજી! આવી વાત છે. ... હા તો પાડ એકવાર. અંદર જઈશ તો હાલત થઈ જશે. આહા..હા..!

કહે છે, જે જીવ.. જે જીવ કરે એમ છેને? '**અખંડધારાવાહી જ્ઞાન...**' એટલે ભાવશ્રુતજ્ઞાનથી '**આત્માને...**' આત્મા એટલે ધ્રુવ તે. એને '**નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે છે...**' વર્તમાન પર્યાયમાં અંતર પડ્યા વિના શુદ્ધ આત્માને અનુભવે છે એટલે આસ્વાદે છે, એટલે કે ધ્યાનનો વિષય બનાવીને દ્રવ્યને અનુભવની દશાને વેદે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! '**તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાય છે...**' લ્યો. જેને રાગ અને પુણ્ય પાપના વિકલ્પ વિનાનો પ્રભુ, તીર્થંકર સર્વજ્ઞે કહ્યો એ, પણ કોઈ દિ' સાંભળ્યું ન હોય એટલે એને એમ લાગે કે શું કહે છે આવું? આપણે કંઈક ભક્તિ કરવી, જાત્રા કરવી, પૂજા કરવી, વ્રત કરવા, અપવાસ કરવા આવું સાંભળીએ, એ જૈનધર્મ. એ તો બધો વિકલ્પ છે, ભાઈ! રાગ છે. આ તો ભગવાનસ્વરૂપ પોતે વીતરાગ થવાની લાયકાતવાળી શક્તિ છે. વીતરાગ થાય છે પર્યાયમાં, પણ એ વીતરાગતા પર્યાયમાં થાય એ આવે ક્યાંથી? આહા..હા..! પોતે

વીતરાગમૂર્તિ આત્મા અત્યારે છે, અત્યારે છે. આહા..હા..! એને વર્તમાન પર્યાયમાં એમાં વાળી ભાવશ્રુતજ્ઞાન દ્વારા એમાં એકાગ્ર થઈ.. આહા..હા..! સમજાણું કાંઈ?

નિરંતર શુદ્ધનું જ વેદન ચાલે છે, કહે છે. આહા..હા..! '**તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાય છે...**' એને મિથ્યાત્વ અને ઈષ્ટ અનિષ્ટબુદ્ધિ એવો રાગદ્વેષ ઉત્પન્ન થતો નથી. રોકાય છે એ ઉત્પન્ન થતો નથી. થાતા હતા અને રોક્યા છે એમ નહિ. કઈ રીતે શું આવે છે કથન પદ્ધતિ એવી છે. આસ્રવ રોકાય છે એમ કહેવું છેને સંવરમાં? રુંધાય. ... આસ્રવો થતા રોકાય છે '**તેથી તે શુદ્ધ આત્માને પામે છે;...**' આહા..હા..! પોતે શુદ્ધ ચૈતન્યઘન ભગવાન એમાં અંતરમાં એકાગ્ર થઈને એને પામે છે. આ આત્મા આનંદમય છે એમ પામે છે. આહા..હા..! આ તો હજી શરૂઆતની વાત સમ્યગ્દર્શન અને સંવરની છે. લોકો કાંઈકનું કાંઈક માનીને બેઠા બિચારા. એ.. મૂલચંદભાઈ!

મુમુક્ષુ :—

ઉત્તર :— ક્ષણિક ઉપર નજર અનાદિની છે. આહા..હા..! ભગવાન ક્ષણિકની પાછળ નિત્ય છે શું ચીજ છે ઈ? એની વાતમાં એને ગંધ આવી નથી. ચૈતન્યદળ અંદર આનંદનો કંદ છે એ તો. આહા..હા..! સમજાય છે કાંઈ? અરીસો છેને અરીસો. શીશા. એમાં આ બધું બહારનું દેખાય. બહારનું નથી દેખાતું, એ તો એની પર્યાય અને ઉપરની દશા દેખાય છે. ઉપરની દશા જુઓને પલટી જાય છેને? પલટી જાય છે કે નહિ? સામે ... તો એવું જણાય, બરફની .. તો એવું જણાય. એની પર્યાય હોં! પણ પર્યાય... કેમકે ઓલી પલટી છે એટલે પર્યાય છે. પણ પલટતી પર્યાયની પાછળ અંદર જે છે એ તો પલટ્યા વિનાનું દળ છે. આખો અરીસો આમ પલટી જાય છે? બીજી ચીજો છેને, અરીસામાં ... જેવા માણસ નીકળે એમાં દેખાય. પણ ઈ ચીજ નથી. ઈ તો એની અવસ્થા છે અને અવસ્થા થવાનું કારણ? ભિન્ન ભિન્ન, ભિન્ન ભિન્ન થયા કરે છે અંદર. પણ અરીસાનું જે દળ છે પાછળ એ ભિન્ન ભિન્ન થતું નથી, એ તો એકરૂપ રહે છે. આહા..હા..! મોટા અરીસા રાખે છેને દુકાન આગળ. બજારમાંથી નીકળેને તો બધું ત્યાં અરીસામાં દેખાય. ચીજ છે ત્યાં? અરીસાની અવસ્થા છે. અવસ્થા છે તેને ... એ તો અવસ્થા પલટે છે, આખો અરીસો પલટી જાય છે? સમજાણું કાંઈ?

એમ અંદર જ્ઞાનની પર્યાય ભિન્ન ભિન્ન રાગદ્વેષ, ભિન્ન ભિન્ન જ્ઞેયને જાણતાં બદલતી જાય છે તેથી કંઈ આખી વસ્તુ બદલી જાય છે? આહા..હા..! એ.. ચીમનભાઈ! આ તો સમજાય એવું છે કે નહિ? આહા..! આખું દળ છે એ બદલી જાય તો થઈ રહ્યું, આખા અરીસામાં ... થઈ જાય. અરીસાનો અઅરીસો થાય તો બીજી ચીજ થઈ જાય. પણ અરીસો તો કાયમ રહી અને ઉપરની સપાટી બદલ્યા કરે. એમ ભગવાન આત્મા એક સમયમાં નિત્ય

ધ્રુવ પૂર્ણ શુદ્ધ વસ્તુ રહીને એની બાહ્ય પર્યાય બદલ્યા કરે છે. એ બદલતી અવસ્થા પરને લક્ષે બદલે છે એટલે દુઃખ અને વિકાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! એને સ્વને લક્ષે બદલાવવી, બદલાવવી એ તો એક ઉપદેશ છે, પણ સ્વનું લક્ષ થાય ત્યાં બદલી જાય. આહા..હા..! એવી વાત છે.

પછી તો એ પરિણમે છે એમેય નથી રહેતું. એવો .. છે. કારણ કે ... ભાવઅભાવની શક્તિ. જ્યાં દૃષ્ટિ જઈને જ્યાં પરિણમન ભાવગુણ છે એને અનંતગુણનો પિંડ છે એટલે એની પર્યાયને કાળે તે તે પર્યાય થયા જ કરશે અને પરના અભાવરૂપ થયા જ કરશે. એને અભાવરૂપ કરવું છે ... એમેય રહેતું નથી. વિકલ્પ રહેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેથી તે શુદ્ધ આત્માને પામે છે.'** અશુદ્ધ પામતો, રાગ ને દ્વેષ, દયા ને દાન, વ્રત ને ભક્તિ એવા પરિણામને ... પામતો એ અજ્ઞાનને પામતો, એ અશુદ્ધતાને પામતો. સમજાણું કાંઈ? આ શુદ્ધતાને પામે છે.

**'અને જે જીવ અજ્ઞાનથી આત્માને અશુદ્ધ અનુભવે છે...'** જુઓ આવ્યું. અજ્ઞાન એટલે વસ્તુ જે ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ એનું જેને અ એટલે નથી જ્ઞાન, એને જેણે જ્ઞેય બનાવ્યું નથી એનું તે જ્ઞાન અજ્ઞાન છે. રાગ ને પુણ્ય ને બહારની ક્રિયાને જ જેણે જ્ઞેય બનાવ્યું છે એ અજ્ઞાન છે. આહા..હા..! હવે આ કહે વાદવિવાદ કરો, ચર્ચા કરો. ચર્ચા કરો. આ તે ચર્ચા કઈ? બાપુ! ... આ તો અંદરનો વિષય છે. અંદરમાં સમાવાનો વિષય છે. ... બસ, તમે આમ બોલ્યા હતા માટે આમ છે, તમે આમ બોલ્યા... એક શબ્દ કાંઈક કહો ... બીજો તર્ક કરે. અહીં કહેતા હતાને એક, બદલતો નથી આત્મા. બદલે છે એમ કહીએ, સાંભળને ત્યારે. દ્રવ્યદૃષ્ટિએ બદલતો નથી, પર્યાયદૃષ્ટિએ બદલે છે. ઉત્પાદ વ્યય પર્યાય થાય એ અપેક્ષાએ વ્યવહારનયે પર્યાય આવે ને જાય, આવે ને જાય એ અપેક્ષાએ બદલે છે. નિત્યની એટલે સદૃશ્યતાની અપેક્ષાએ તો એમને એમ રહે છે. આહા..હા..!

મુમુક્ષુ :— બેમાંથી એક કહોને.

ઉત્તર :— બેમાંથી એક શેનું કહે? એઈ..!

મુમુક્ષુ :— દૂધ અને દહીં બેયમાં પગ રાખવો?

ઉત્તર :— દૂધ દહીં નથી, એકલું દહીમાં છે આખો. દહીંનું માખણ ખાવા માટે .... એઈ..! એવી વસ્તુસ્થિતિ એવી છે ત્યાં શું કરવું? આહા..હા..!

એક પર્યાય આવે અને બીજી જાય. આમ તો પર્યાય પર્યાયથી થાય છે, પણ આવે છે તે કંઈ અદ્ધરથી આવે છે? જાય ક્યાં પાછી? ઊડી જાય છે? જળના તરંગ જળમાં સમાય. નથી આવ્યું? સમયસાર (નાટકમાં). એ તો એનો સ્વભાવ છે. સમજાય છે? જેમ ત્રિકાળ એકરૂપ સદૃશ્ય શક્તિને જોઈએ તો કહે છે કે પર્યાય ઉપર નજર હતી એ છૂટીને

જ્યાં ગઈ ત્યાં નજર ત્યાં તે શુદ્ધને પામે છે. અજ્ઞાનથી આત્માને અશુદ્ધને પામે છે, અનુભવે છે. પામે છે એટલે અનુભવે છે. આહા..હા..! **'તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાતા નથી...'** અશુદ્ધતાને જ વેદે એમાં રાગદ્વેષ તો પોતે છે એમાં રોકાય ક્યાંથી? કહો, સમજાણું આમાં? ... આવો માર્ગ છે આ. આહા..હા..! **'તેથી તે અશુદ્ધ આત્માને જ પામે છે.'** એટલે કે અશુદ્ધ આત્માની પર્યાયને જ વેદે છે.

**'આ રીતે સિદ્ધ થયું કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.'** પર્યાયમાં ... છેને. પર્યાયમાં અશુદ્ધ છે એટલે આત્માને અશુદ્ધ કહેવાયને. અશુદ્ધ આત્માને અનુભવે છે એટલે શું? પર્યાયમાં અશુદ્ધતા છે એને અનુભવે છે. પર્યાય એની ગણીને અશુદ્ધ આત્માને જ અનુભવે છે. એટલે કે પર્યાયમાં અશુદ્ધતાને વેદે છે એમ એનો અર્થ છે. ભારે! એનાથી સંવર થાય છે. ઉપલબ્ધિથી જ સંવર થાય છે. લ્યો. એ.. ચેતનજી! 'જ' ક્યાં આવ્યો પાછો. ... બોલો, શ્લોક ૧૨૭. અહીં બહુ ચાલ્યો હતો. નાગર હતા. ખીમચંદભાઈના મકાનમાં રહેતા. ખીમચંદભાઈ છેને.

## શ્લોક-૧૨૭

(मालिनी)

यदि कथमपि धारावाहिना बोधनेन
ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते।
तदयमुदयदात्माराममात्मानमात्मा
परपरिणितिरोधाच्छुद्धमेवाभ्युपैति।।१२७।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :- **[यदि]** જો **[कथम् अपि]** કોઈ પણ રીતે (તીવ્ર પુરુષાર્થ કરીને) **[धारावाहिना बोधनेन]** ધારાવાહી જ્ઞાનથી **[शुद्धम् आत्मानम्]** શુદ્ધ આત્માને **[ध्रुवम् उपलभमानः आस्ते]** નિશ્ચળપણે અનુભવ્યા કરે **[तत्]** તો **[अयम् आत्मा]** આ આત્મા, **[उदयत्-आत्म-आरामम् आत्मानम्]** જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે (અર્થાત્ જેની આત્મસ્થિરતા વધતી જાય છે) એવા આત્માને **[पर-परिणति-रोधात्]** પરપરિણતિના નિરોધથી **[शुद्धम् एव अभ्युपैति]** શુદ્ધ જ પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ :- ધારાવાહી જ્ઞાન વડે શુદ્ધ આત્માને અનુભવવાથી રાગદ્વેષમોહરૂપ પરપરિણતિનો (ભાવાસ્રવોનો) નિરોધ થાય છે અને તેથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે.

ધારાવાહી જ્ઞાન એટલે પ્રવાહરૂપ જ્ઞાન-અતૂટક જ્ઞાન. તે બે રીતે કહેવાય છે :— એક તો, જેમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે એવું સમ્યગ્જ્ઞાન ધારાવાહી જ્ઞાન છે. બીજું, એક જ જ્ઞેયમાં ઉપયોગના ઉપયુક્ત રહેવાની અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું કહેવામાં આવે છે, અર્થાત્ જ્યાં સુધી ઉપયોગ એક જ્ઞેયમાં ઉપયુક્ત રહે છે ત્યાં સુધી ધારાવાહી જ્ઞાન કહેવાય છે; આની સ્થિતિ (છદ્મસ્થને) અંતર્મુહૂર્ત જ છે, પછી તે ખંડિત થાય છે. આ બે અર્થમાંથી જ્યાં જેવી વિવક્ષા હોય તેવો અર્થ સમજવો. અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરે નીચેનાં ગુણસ્થાનવાળા જીવોને મુખ્યત્વે પહેલી અપેક્ષા લાગુ પડે. શ્રેણી ચડનાર જીવને મુખ્યત્વે બીજી અપેક્ષા લાગુ પડે કારણ કે તેનો ઉપયોગ શુદ્ધ આત્મામાં જ ઉપયુક્ત છે. ૧૨૭.

## કળશ-૧૨૭ ઉપર પ્રવચન

यदि कथमपि धारावाहिना बोधनेन
ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते।
तदयमुदयदात्मारामात्मानमात्मा
परपरिणितिरोधाच्छुद्धमेवाभ्युपैति।।१२७।।

'શ્લોકાર્થ :- **यदि** જો **कथम् अपि** કોઈ પણ રીતે (તીવ્ર પુરુષાર્થ કરીને)...' એમ. ... સમજાણું કાંઈ? 'કોઈ પણ રીતે (તીવ્ર પુરુષાર્થ કરીને) **धारावाहिना बोधनेन** ધારાવાહી જ્ઞાનથી...' આ પર્યાયની વાત છે. '**धारावाहिना बोधनेन**' એકરૂપ જ્ઞાનની પર્યાયનો ધારાવાહી ભાવ. '**बोधनेन**' જ્ઞાનેન, સમ્યક્જ્ઞાનેન, શ્રુતજ્ઞાનેન. ધારાવાહી '**शुद्धम् आत्मानम्**' '**શુદ્ધ આત્માને...**' શુદ્ધ ત્રિકાળી પવિત્ર ભગવાન એને '**ध्रुवम् उपलभमानः आस्ते**' ધ્રુવ એટલે ધ્રુવને આશ્રયે ઈ અહીં વાત નથી. અહીં તો '**ध्रुवम् उपलभमानः आस्ते**' '**નિશ્ચળપણે અનુભવ્યા કરે...**' એમ. ધ્રુવ ચીજ છે વસ્તુ એને જ્ઞાનની ધારાવાહીથી નિશ્ચળપણે જે અનુભવે, ચળાચળ રહિત. આહા..હા..! '**તો...**' '**अयम् आत्मा**' '**આ આત્મા,...**' '**अयम् आत्मा**' આ આત્મા પ્રત્યક્ષ પ્રભુ એમ કહે છે. આહા..હા..! '**अयम्**' છેને? આ. પ્રત્યક્ષને બતાવે છે.

'**उदयत्-आत्म-आरामम् आत्मानम्**' '**જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે...**' ઓહો..હો..! '**उदयत्-आत्म-आरामम् आत्मानम्**' આત્માનો આનંદ જેને પ્રગટ થતો જાય

છે. '(**અર્થાત્ જેની આત્મસ્થિરતા વધતી જાય છે**)' આનંદ વધતો જાય છે એટલે કે સ્થિરતા વધતી જાય છે. એનું નામ ધર્મ છે. આનું નામ સંવર છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આત્માનંદ પ્રગટ થતો જાય છે...**' અશુદ્ધતાને વેદતો એ દુઃખને વેદતો. જ્યારે ધર્મ સંવર પ્રગટ્યો ત્યારે શું થયું? આત્માના આનંદને વેદતો. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલા આવ્યું હતું, દુઃખને અનુભવે છે. આવ્યું હતું. અનાદિ કાળથી દુઃખને અનુભવે છે. પુણ્ય પાપને ... છ ઢાળા. અનંત કાળમાં શુભાશુભ ભાવ તો અનંત વાર થયા. મહાવ્રતના પરિણામ પણ અનંત વાર થયા. તો કહે છે કે અનંત કાળથી દુઃખને અનુભવે છે. મહાવ્રતના પરિણામ એ આસ્રવ અને અશુદ્ધ છે એને વેદે છે. ઘણી વાતું લીધી છે હોં! રાગાદિનો અનુભવ છે અનાદિથી એનો અર્થ શું? નવમી ગ્રૈવેયકે તો અનંત વાર ગયો. નવમી ગ્રૈવેયકે જૈન દિગંબર સાધુ નગ્ન થઈને અનંત વાર ગયો. શુક્લલેશ્યા, એ શુક્લલેશ્યા પણ દુઃખ હતું એમ કહે છે. આહા..હા..! પ્રતિકૂળ સંયોગ એ દુઃખ એમ નહિ અહીં. સ્વભાવથી વિરુદ્ધ ભાવ ચાહે તો શુભ કે અશુભ, એ દુઃખનું વેદન છે. આહા..હા..! ધર્મીને આત્માના આનંદનું વેદન છે. કારણ કે જે અનાદિથી વિકાર અને દોષને પોતાનો માની અને પર્યાયબુદ્ધિમાં રખડતો હતો એણે પોતાની પર્યાય એટલે અવસ્થાને ત્રિકાળમાં (વાળી) અને જે શક્તિમાં આનંદ હતો એ આનંદનો અંશ અંદરમાં વેદનમાં આવ્યો અને અશુદ્ધતાનો અંશ જે વેદન હતું તેનો વ્યય થયો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત ... એવી છે. એક પથરણે આઠ સામાયિક, દસ સામાયિક પૂરી કરી નાખે તો થઈ ગયો ધર્મ. સવારે આવે. છ-સાત કલાક સુધી બેસે અને સાંજ થાય ત્યારે ઘરે જાય. એક રૂપિયો આપે. આહા..હા..! અરે..! એક સમયની સામાયિક આનંદને આપે એનું નામ સામાયિક. સામાયિક કોને કહે? એક સમયની સામાયિક. એડનમાં કંઈ કરી છે કે નહિ સામાયિક-બામાયિક? ન્યાં નથી કરી. ઠીક. આહા..હા..!

અહીં કહે છે.. આહા..હા..! દ્રવ્યસામાયિક અને ભાવસામાયિક... દ્રવ્યસામાયિક કહેવી કોને? સમજાણું કાંઈ? જેને અંદરમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિણતિ શુદ્ધને આશ્રયે પ્રગટી છે તેને સામાયિક—સાચી સમતાનો લાભ—એને સામાયિક કહીએ. સમામૃત સેઈએ, સમામૃત સેઈએ. સમતારૂપ અમૃત. ભગવાન આત્મા સામાયિકમાં તો સમતારૂપી આનંદને વેદે છે એને સામાયિક કહીએ. આ ... પથરણું નાખીને (બેઠા એટલે) થઈ ગઈ સામાયિક. ચાલો ઉઠો. થઈ ગઈ સામાયિક. ચાલો દુકાને. ધર્મ કર્યો, હવે દુકાન માંડો.

મુમુક્ષુ :— એક કલાક..

ઉત્તર :— ધૂળેય નથી ધર્મ. .... શુભરાગ કર્યો એને ધર્મ માન્યો એટલે મિથ્યાત્વને સેવ્યું છે. મિથ્યાત્વ મહાપાપને સેવ્યું છે. શુભભાવ સાધ્યો હોય અને એને માન્યું કે અમને ધર્મ સંવર થઈ ગયો. ...

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ... આત્માનો કૂટો કર્યો... છકાયમાં આત્મા છે કે નહિ? અને રાગની ક્રિયામાં ધર્મ માન્યો એટલે કૂટો કર્યો. આહા..હા..! ... શુદ્ધતાનો આશ્રય કરીને જે શુદ્ધતા પ્રગટ થઈ એમાં આત્મા, એવા આત્માને. એમ. જેણે અંતર સ્વભાવનો આશ્રય કરીને, પરનો આશ્રય જેનો છૂટી ગયો છે અને સ્વનો આશ્રય જેનો જામી ગયો છે. આહા..હા..! સમજાણું?

એવા આત્માને '**पर-परिणति-रोधात्**' સંવર કહેવો છેને. પરપરિણતિનો નિરોધ થઈ ગયો. રાગ અટકી ગયો, રાગ ઉત્પન્ન થતો નથી. આહા..હા..! એ વીતરાગના વહેણલા વાયા. વીતરાગી આનંદનું વહેણ આવ્યું. એને સંવર કહીએ. નૌતમભાઈ! ત્યારે શું આ ... શું કર્યું? આ હતું ક્યાં ત્યાં? નહિ? આહા..! ... વરઘોડા કાઢે.. અપવાસ કર્યા હોય એના વરઘોડા કાઢે, રથ કાઢે. ... આહા..હા..! એવો આત્મા છે, ભાઈ! .. અનંત કાળની દશાને પલટે ... એ તે કંઈ વાત છે. તેથી કહ્યુંને એમાં? '**कथम् अपि**'. બેય અર્થ છે. કાળલબ્ધિ અને પૂર્વનો ઉપદેશ અને અનંત પુરુષાર્થ, બધું થયું ત્યારે થયું. આહા..હા..! સમજાણું કાંઈ? '**એવા આત્માને પરપરિણતિના...**' અટકવાથી. શુભ અને અશુભ રાગ ને વિકલ્પ એ તો દુઃખરૂપ તે અટકી જાય છે અને આત્માના આનંદમાં જતાં એને આનંદની ધારા આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**शुद्धम् एव अभ्युपैति**' તે '**શુદ્ધ જ પ્રાપ્ત કરે છે.**' શુદ્ધને જ વેદે છે, અશુદ્ધતાને છોડી દે છે. આહા..હા..! આનું નામ સામાયિક ને આનું પોષો અને આનું નામ ધર્મ. આહા..હા..! આનું નામ સંવર છે.

'**ભાવાર્થ :— ધારાવાહી જ્ઞાન વડે...**' કહે છે, અંતરમાં વળેલાં ભાવશ્રુતજ્ઞાન વડે જેણે ભાવશ્રુતજ્ઞાનમાં વિષય બનાવ્યો છે ધ્રુવને, નિત્યને એવા ભાન વડે, એવી ભાવના વડે '**શુદ્ધ આત્માને અનુભવવાથી...**' પવિત્ર પરમાત્મા પોતે અખંડાનંદ આનંદકંદ પ્રભુ એને અનુભવવાથી. આહા..હા..! દેડકા હોય દેડકા. દેડકા સમજો છો? મેંઢક. એને પણ સંવરમાં આવું થાય છે. મેંઢકને. મેંઢકને સમકિત હોય છે, જ્ઞાન હોય છે, ત્રણ જ્ઞાન હોય છે. અસંખ્ય મેંઢક બહાર પડ્યા છે, અઢી દ્વીપ બહાર. સમકિતી. સમવસરણમાં. પણ આ તો બહાર છે. ... અહીં તો મેંઢક હો, સિંહ હો, વાઘ હો. શરીરની આકૃતિના પરમાણુ પરિણમે પણ અંદરમાં જેને નિત્યાનંદ પ્રભુ છે એમાં જ્યાં નજરું નાખી એને આનંદ વેદાય છે એમ કહે છે. એ સિંહ અને વાઘને. અને આ બંગલામાં મોટા દસ લાખમાં બેઠો હોય તોપણ દુઃખી છે અને રાગને વેદે છે. શેઠ! આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... પામે ઈ પામે. મેંઢક સમકિતી હોય. અઢી દ્વીપ બહાર અસંખ્યાતા (છે). આહા..હા..! મારે એની તલવાર છે, બાંધે એની નહિ. બાંધી રાખે અહીં... આહા..હા..!

.... ક્ષત્રિય, ક્ષત્રિય. ઈ કહે, બાંધે એની તલવાર નહિ, મારે એની તલવાર. કીધું, સાચી વાત. ... એણે જ શરૂ કર્યુંને. ... ઈ કહેતા કે બાંધે એની તલવાર નહિ. બાંધે તો રાજાય બાંધી રાખે અને કૂતરોય બાંધી રાખે. ... આહા..હા..! ... જામનગરવાળા. બાબરા પાસે. આ ભૂપત ગયો છેને ત્યાં? ભૂપત ભૂપત. એનો બાપુ. મોટા શેઠિયા ત્યાં.. એવા મોટા ઝઘડા. એક વખત તો એને માર્યા હતા. બંદૂક હતી. શું કહેવાય? ... મોટા કાઠી જેવા. ... બોઘા જેવા હોં! ... દાતરડું આમ લઈને માર્યું. મારવા ગયો. પકડી તો રાખી હતી બંદુકને. એઈ..! ... પોતાને ને પોતાને મારે. મારે એની તલવાર. પુરુષાર્થ કરીને અંદરમાં જાય એનું કામ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે મારી નાખ્યા, નહિ? ત્રીજો ભાગી ગયો. કૂવામાં પડ્યો. કૂવામાં સંતાઈ ગયો હતો. ઓલા વયા ગયા તો વયો ગયો. ત્રણેને મારી નાખત. ભૂપત હતો ડાકુ. બહારવટિયો. એની બંદૂકે એને માર્યો. આત્મા તો રાગાદિ છે એને પોતાના માને તો પોતાને માર્યો. પુરુષાર્થ ઊંધો કર્યો.

**'ધારાવાહી જ્ઞાન એટલે પ્રવાહરૂપ જ્ઞાન...'** છેને? પ્રવાહરૂપ કીધુંને. **'અતૂટક જ્ઞાન. તે બે રીતે કહેવાય છે :— એક તો, જેમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે...'** સમ્યક્જ્ઞાન આત્માનું થયું ઈ થયું, પછી ભલે ઉપયોગ પરમાં હોય કે સ્વમાં હોય. કેમ કે જ્ઞાન છું એ તો ધારાવાહી થઈ ગયું. એ જ્ઞાન તૂટતું નથી. **'જેમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે એવું સમ્યગ્જ્ઞાન ધારાવાહી જ્ઞાન છે.'** એને ધારાવાહી કહેવાય. આહા..હા..! **'બીજું, એક જ જ્ઞેયમાં ઉપયોગના ઉપયુક્ત રહેવાની અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું કહેવામાં આવે છે,...'** **'એક જ જ્ઞેયમાં ઉપયોગના ઉપયુક્ત રહેવાની અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું કહેવામાં આવે છે,...'** એક જ જ્ઞેયમાં અંદર એકાકાર રહે અંતર્મુહૂર્ત સુધી ઉપયોગ ત્યાં જામી જાય એને પણ ધારાવાહી કહેવામાં આવે છે. શું કીધું સમજાણું?

બે પ્રકાર કહ્યા. એક તો, રાગની રુચિ છોડીને સ્વભાવની દૃષ્ટિનો અનુભવ થયો અને એ જ્ઞાન અને શ્રદ્ધા કાયમ રહે એ પણ ધારાવાહી કહેવામાં આવે છે. ભલે પછી ઉપયોગ વિકલ્પમાં ગયો હોય, અશુભમાં ગયો હોય વેપારાદિના લક્ષમાં પણ અંદરનું જ્ઞાન છે ઈ તો અંદર તૂટતું નથી. જ્ઞાને જ્ઞેયને જાણ્યું એ તો જ્ઞાન બરાબર રહે છે. સમજાણું કાંઈ? અને બીજું, જ્ઞાનમાં જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાતાના ત્રણ ભેદ છોડી દઈને એક જ જ્ઞેય ઉપર લીન થઈ જાય, નિર્વિકલ્પ ઉપયોગ શુદ્ધ ઉપયોગમાં રમે એને પણ ધારાવાહી કહેવામાં આવે છે. વિકલ્પમાં બહાર ન આવે ત્યાં સુધી એને ધારાવાહી કહેવામાં આવે.

**'જ્યાં સુધી ઉપયોગ એક જ્ઞેયમાં ઉપયુક્ત રહે છે ત્યાં સુધી ધારાવાહી જ્ઞાન કહેવાય છે; આની સ્થિતિ (છદ્મસ્થને) અંતર્મુહૂર્ત જ છે,...'** આહા..હા..! સમ્યક્જ્ઞાનીને અંતર્દૃષ્ટિનો વિષય એ તો કાયમ રહે પણ જ્ઞાનનો ઉપયોગ અંદરમાં જામે એની સ્થિતિ અંતર્મુહૂર્ત

રહે. નિર્વિકલ્પ ઉપયોગ અંતર્મુહૂર્ત રહે. પછી વિકલ્પ આવે. ચાહે તો શુભ હો કે અશુભ. **'આની સ્થિતિ (છદ્મસ્થને) અંતર્મુહૂર્ત જ છે, પછી તે ખંડિત થાય છે.'** ઉપયોગ ત્યાંથી ખસી જાય છે. જ્ઞાનમાં એકાકાર થયેલો અનુભવ અંતર્મુહૂર્ત રહે, શુદ્ધ ઉપયોગ. પછી વિકલ્પ બહાર આવે. **'આ બે અર્થમાંથી જ્યાં જેવી વિવક્ષા હોય...'** જ્યાં જેવું કહેવા માંગતા હોય **'તેવો અર્થ સમજવો. અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરે નીચેનાં ગુણસ્થાનવાળા જીવોને મુખ્યત્વે પહેલી અપેક્ષા લાગુ પડે.'** મુખ્યપણે હોં પાછું. ચોથે, પાંચમે, છઠ્ઠા ગુણસ્થાનવાળા જીવને મુખ્યત્વે પહેલી એટલે જ્ઞાનધારા જે સ્વભાવની દૃષ્ટિ પ્રગટી એ સમ્યગ્દર્શન અને જ્ઞાન કાયમ રહે એ અપેક્ષાએ પહેલો બોલ એને લાગુ પડે. મુખ્યપણે. ગૌણપણે શુદ્ધોપયોગ આવી જાય. સમજાણું કાંઈ?

**'શ્રેણિ ચડનાર જીવને મુખ્યત્વે બીજી અપેક્ષા લાગુ પડે...'** ઉપશમશ્રેણિ ચડેને? તો બીજી અપેક્ષા લાગુ પડે. મુખ્ય એટલે ત્યાં ... નથી, બુદ્ધિપૂર્વક રાગ નથી. **'કારણ કે તેનો ઉપયોગ શુદ્ધ આત્મામાં જ ઉપયુક્ત છે.'** ધ્યાનમાં ... શ્રેણિ ચડનારને ઉપયોગ પાછો ફરતો નથી. એ જ શ્રેણિએ કેવળજ્ઞાન લેવાનો. બાહુબલીજી. બાર બાર મહિના સુધી છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે ધ્યાન ધરતા આવ્યા. ... ફડાક અંદર દૃષ્ટિ સ્થિર થઈ ગઈ.. કેવળજ્ઞાન. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન. કેવળજ્ઞાન થવામાં તો અંતર્મુહૂર્ત જ જોઈએ. અંદર દૃષ્ટિ હતી, જ્ઞાન હતું, ચારિત્ર પણ હતું પણ અંદરમાં વિકલ્પ આવ્યા કરતા. ભરતની ભૂમિ... ખટક્યા કરતા હતા. સ્થિરતા થવાની ન હતી. શરીરમાં વેલડી વીટાણી હતી. વેલડી. આહા..હા..! અહીંયા તો એક પડખે ચાર કલાક સૂવે ત્યાં પડખું ફેરવ્યા કરે. પાછું ઊંઘ ન આવે તો .. પડખા બહુ ફેરવે. પડખું સમજાયું? કરવટ. ... રાજકુમાર. સવા પાંચસો ધનુષનો દેહ. આહા..હા..! હજારો રાણીઓ ઘરે હતી પદમણી જેવી છોડીને ધ્યાનમાં રહ્યા. છે તો મુનિ હોં સાચા ભાવલિંગી. ... અંદર શ્રેણિમાં ચડી ગયા. શ્રેણિ એટલે નિર્મળ પરિણતિની ધારા થઈ. સમજાણું કાંઈ? ... રાજકુમાર ધ્યાનમાં અને આ સ્થિતિ. એકલી વીતરાગતા ઝળકી છે. ... આહા..હા..! અદ્ભુત ... અંદર જામી ગયા, અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન થઈ ગયું. **'તેનો ઉપયોગ શુદ્ધાત્મામાં જ ઉપયુક્ત છે.'**

## ગાથા-૧૮૭-૧૮૯

केन प्रकारेण संवरो भवतीति चेत् -

अप्पाणमप्पणा रुंधिऊण दोपुण्णपावजोगेसु।
दंसणणाणम्हि ठिदो इच्छाविरदो य अण्णम्हि।।१८७।।
जो सव्वसंगमुक्को झायदि अप्पाणमप्पणो अप्पा।
ण वि कम्मं णोकम्मं चेदा चिंतेदि एयत्तं।।१८८।।
अप्पाणं झायंतो दंसणणाणमओ अणण्णमओ।
लहदि अचिरेण अप्पाणमेव सो कम्मपविमुक्कं।।१८९।।
आत्मानमात्मना रुन्ध्वा द्विपुण्यपापयोगयोः।
दर्शनज्ञाने स्थितः इच्छाविरतश्चान्यस्मिन्।।१८७।।
यः सर्वसङ्गमुक्तो ध्यायत्यात्मानमात्मनात्मा।
नापि कर्म नोकर्म चेतयिता चिन्तयत्येकत्वम्।।१८८।।
आत्मानं ध्यायन् दर्शनज्ञानमयोऽनन्यमयः।
लभतेऽचिरेणात्मानमेव स कर्मप्रविमुक्तम्।।१८९।।

यो हि नाम रागद्वेषमोहमूले शुभाशुभयोगे वर्तमानं दृढतरभेदविज्ञानावष्टम्भेन आत्मानं आत्मनैवात्यन्तं रुन्ध्वा शुद्धदर्शनज्ञानात्मन्यात्मद्रव्ये सुष्ठु प्रतिष्ठितं कृत्वा समस्तपरद्रव्येच्छा-परिहारेण समस्तसङ्गविमुक्तो भूत्वा नित्यमेवातिनिष्प्रकम्पः सन् मनागपि कर्मनोकर्मणोरसंस्पर्शेन आत्मीयमात्मानमेवात्मना ध्यायन् स्वयं सहजचेतयितृत्वादेकत्वमेव चेतयते, स खल्वेकत्वचेतने-नात्यन्तविविक्तं चैतन्यचमत्कारमात्रमात्मानं ध्यायन् शुद्धदर्शनज्ञानमयमात्मद्रव्यमवाप्तः, शुद्धात्मो-पलम्भे सति समस्तपरद्रव्यमयत्वमतिक्रान्तः सन्, अचिरेणैव सकलकर्मविमुक्तमात्मान-मवाप्नोति। एष संवरप्रकारः।

---

હવે પૂછે છે કે સંવર ક્યા પ્રકારે થાય છે? તેનો ઉત્તર કહે છે :—

પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્મા થકી,
દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્યઈચ્છા પરિહરી. ૧૮૭.
જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે,-
-નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને. ૧૮૮.
તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,
બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.

ગાથાર્થ :- [आत्मानम्] આત્માને [आत्मना] આત્મા વડે [द्विपुण्यपापयोगयोः] બે પુણ્ય-પાપરૂપ શુભાશુભયોગોથી [रुन्ध्वा] રોકીને [दर्शनज्ञाने] દર્શનજ્ઞાનમાં [स्थितः] સ્થિત થયો થકો [च] અને [अन्यस्मिन्] અન્ય (વસ્તુ)ની [इच्छाविरतः] ઈચ્છાથી

વિરમ્યો થકો, [यः आत्मा] જે આત્મા, [सर्वसङ्गमुक्तः] (ઇચ્છારહિત થવાથી) સર્વ સંગથી રહિત થયો થકો, [आत्मानम्] (પોતાના) આત્માને [आत्मना] આત્મા વડે [ध्यायति] ધ્યાવે છે — [कर्म नोकर्म] કર્મ અને નોકર્મને [न अपि] ધ્યાતો નથી, [चेतयिता] (પોતે) [1]ચેતયિતા (હોવાથી) [एकत्वम्] એકત્વને જ [चिन्तयति] ચિંતવે છે--ચેતે છે— અનુભવે છે, [सः] તે (આત્મા), [आत्मानं ध्यायन्] આત્માને ધ્યાતો, [दर्शनज्ञानमयः] દર્શનજ્ઞાનમય અને [अनन्यमयः] [2]અનન્યમય થયો થકો [अचिरेण एव] અલ્પ કાળમાં જ [कर्मप्रविमुक्तम्] કર્મથી રહિત [आत्मानम्] આત્માને [लभते] પામે છે.

ટીકા :— જે જીવ રાગદ્વેષમોહ જેનું મૂળ છે એવા શુભાશુભ યોગમાં વર્તતા આત્માને દઢતર (અતિ દઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી આત્મા વડે જ અત્યંત રોકીને, શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્યમાં સારી રીતે પ્રતિષ્ઠિત (સ્થિર) કરીને, સમસ્ત પરદ્રવ્યની ઇચ્છાના ત્યાગ વડે સર્વ સંગથી રહિત થઈને, નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો, કર્મ-નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના પોતાના આત્માને જ આત્મા વડે ધ્યાતો થકો, પોતાને સહજ ચેતયિતાપણું હોવાથી એકત્વને જ[3] ચેતે છે (જ્ઞાનચેતનારૂપ રહે છે), તે જીવ ખરેખર, એકત્વ-ચેતન વડે અર્થાત્ એકત્વના અનુભવન વડે (પરદ્રવ્યથી) અત્યંત ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ધ્યાતો, શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો, શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થતાં સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો, અલ્પ કાળમાં જ સર્વ કર્મથી રહિત આત્માને પામે છે. આ સંવરનો પ્રકાર (રીત) છે.

ભાવાર્થ : જે જીવ પ્રથમ તો રાગદ્વેષમોહ સાથે મળેલા મનવચનકાયાના શુભાશુભ યોગોથી પોતાના આત્માને ભેદજ્ઞાનના બળ વડે ચળવા ન દે, પછી તેને શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મસ્વરૂપમાં નિશ્ચળ કરે અને સમસ્ત બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત થઈને કર્મ-નોકર્મથી ભિન્ન પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈ તેને જ અનુભવ્યા કરે અર્થાત્ તેના જ ધ્યાનમાં રહે, તે જીવ આત્માને ધ્યાવવાથી દર્શનજ્ઞાનમય થયો થકો અને પરદ્રવ્યમયપણાને ઓળંગી ગયો થકો અલ્પ કાળમાં સમસ્ત કર્મથી મુક્ત થાય છે. આ સંવર થવાની રીત છે.

---

૧. ચેતયિતા = ચેતનાર; દેખનાર-જાણનાર.

૨. અનન્યમય = અન્યમય નહિ એવો

૩. ચેતવું = અનુભવવું; દેખવું-જાણવું.

## ગાથા-૧૮૭-૧૮૯ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે સંવર ક્યા પ્રકારે થાય છે?'

अप्पाणमप्पणा रुंधिऊण दोपुण्णपावजोगेसु।
दंसणणाणम्हि ठिदो इच्छाविरदो य अण्णम्हि।।१८७।।
जो सव्वसंगमुक्को झायदि अप्पाणमप्पणो अप्पा।
ण वि कम्मं णोकम्मं चेदा चिंतेदि एयत्तं।।१८८।।
अप्पाणं झायंतो दंसणणाणमओ अणण्णमओ।
लहदि अचिरेण अप्पाणमेव सो कम्मपविमुक्कं।।१८९।।

નીચે હરિગીત છે.

**પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્મા થકી,**
**દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્ય ઇચ્છા પરિહરી. ૧૮૭.**
**જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે,-**
**-નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને. ૧૮૮.**
**તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,**
**બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.**

આહા..હા..! શ્લોકો તો શ્લોકો બનાવ્યા છેને!!

**'ટીકા :— જે જીવ રાગદ્વેષમોહ જેનું મૂળ છે એવા શુભાશુભ યોગ...'** શુભાશુભ યોગનું મૂળ તો રાગદ્વેષ અને મોહ છે કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ છે એ કાંઈ શુભાશુભ જોગનું કારણ નથી એમ કહે છે. રાગદ્વેષ અને મિથ્યાભ્રાંતિ જેનું મૂળ છે એમાંથી શુભાશુભ યોગ થાય છે એમ કહેવું છે. આહા..હા..! એવા **'યોગમાં વર્તતા આત્માને દઢતર (અતિ દઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી આત્મા વડે જ અત્યંત રોકીને,...'** લ્યો. શુભાશુભ યોગ છેને, આસ્રવ છેને. એનું મૂળ તો રાગદ્વેષ અને મોહ છે એમ કહે છે. એમાં વર્તતા. જોયુંને? **'આત્માને દઢતર (અતિ દઢ) ભેદવિજ્ઞાન...'** રાગથી ભિન્ન પાડવાનું જે વિજ્ઞાન એવા **'આત્મા વડે જ...'** એના આત્માના અવલંબનથી **'આત્મા વડે જ અત્યંત રોકીને,...'** સ્વરૂપમાં જાય છે. ....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૮, રવિવાર, તા. ૨૫-૦૨-૧૯૭૩
## ગાથા-૧૮૭ થી ૧૮૯, પ્રવચન-૩૨૬

સંથારા કર્યા.. અનંત વાર કર્યું છે એવું. .. અનંત વાર એવું કર્યું છે. છેને? મન, વચન, કાયાના શુભાશુભ યોગ છેને? એની સાથે રાગદ્વેષમોહ સાથે મળેલા છે.

'**જે જીવ રાગદ્વેષમોહ જેનું મૂળ છે...**' આહા..હા..! કોનું? શુભાશુભ યોગનું. શુભ અને અશુભ યોગ જ રાગદ્વેષનું મૂળ મિથ્યાત્વમાંથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! છે? '**જે જીવ રાગદ્વેષમોહ...**' મોહ એટલે મિથ્યાત્વ છે. રાગદ્વેષ ઈષ્ટ, અનિષ્ટ... '**એવા શુભાશુભ યોગમાં વર્તતા આત્માને...**' જોયું? આત્મા એમાં વર્તતો છે. રાગદ્વેષ અને મિથ્યાત્વ પરિણામમાં વર્તે છે. આહા..હા..! '**એવા આત્માને દઢતર (અતિ દઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી...**' આ ક્રિયા છે. એવા આત્માને અતિ દઢ ભેદવિજ્ઞાન. વચ્ચે મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામ યોગથી મળેલા છે એનાથી અંદર ભિન્ન પાડીને એટલે કે ત્યાંથી દૃષ્ટિ ફેરવી નાખીને. એને આત્માને દઢતર ભેદવિજ્ઞાન. અંતરમાં ઊંડે ઉતરતા, ચૈતન્યના અંતર સ્વભાવમાં જતાં એ રાગ ને દ્વેષથી ભરેલા ભાવોથી ભેદજ્ઞાન થાય છે. કહો, સમજાણું કાંઈ? બહિર્મુખ દૃષ્ટિ છે, વસ્તુ છે અંતર્મુખ આનંદકંદ, એ તો વીતરાગી આનંદનો નાથ છે, વીતરાગી સુખ જાગૃતિનું છે, પણ બહિર્દષ્ટિમાં અનાદિથી રાગ અને દ્વેષ ને મોહથી મળેલા યોગોમાં જોડાણ હોવાથી એ દુઃખી છે. દુઃખી છે, સંસારમાં રઝળવાના પરિણામને સેવે છે. એને એનાથી ભેદજ્ઞાન કરવું હોય એને એના પ્રત્યેની રુચિ અને આશ્રય છોડવો જોઈએ. કેમ છોડવો?

વસ્તુ જે અંતર ચૈતન્યઘન આનંદકંદ છે એના ઉપર વળતાં એનાથી એકતા તૂટી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુનો સ્વભાવ, વસ્તુ છેને આત્મા? કસ છેને, તત્ત્વ છેને, અને એ તત્ત્વ પોતાની શક્તિ અને ગુણોથી ભરેલો પદાર્થ છે, ખાલી ચીજ નથી. સમજાણું કાંઈ? જેમ કોઠીમાં દાણા ભર્યા હોય ઈ ખાલી કોઠી છે? એમ આત્મામાં ગુણ ભર્યા હશેને? એમ નહિ. કોઠી જુદી અને દાણા જુદા. આ તો ભગવાન આત્મા અસ્તિ તરીકે વસ્તુ એમાં, જેમ દૂધમાં ધોળાશ અને સાકરમાં મીઠાશ એકમેક ભરી છે, એવો ભગવાન આત્મા એમાં અતીન્દ્રિય આનંદ ને જ્ઞાન ને શાંતિ એકમેક મળેલી, ભળેલી છે. આહા..હા..! એને સ્વભાવ સન્મુખની એકતા દ્વારા રાગદ્વેષમોહને મળેલા જોગોને જુદાં પાડવા, ભેદજ્ઞાન કરવું એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ધાર્મિક ક્રિયા. સમજાણું? અંતરંગ ધાર્મિક

ક્રિયા.

આમ રાગ ને દ્વેષ ને મોહ ભ્રાંતિથી મળેલા યોગો જે છે એનાથી રુચિ છોડીને અંતર ભગવાન આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે એની અંતર દૃષ્ટિ કરતાં દૃઢતર ભેદજ્ઞાન થઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**ભેદવિજ્ઞાનના અવલંબનથી...**' લ્યો. આ ભેદવિજ્ઞાનનું અવલંબન. રાગ અને મિથ્યાત્વથી ભિન્ન પાડવાનું ભેદજ્ઞાનનું અવલંબન. વ્યવહારનું કે વિકલ્પનું એનાથી જુદું પાડવું (છે) એને એનું અવલંબન કેમ હોય? સમજાણું કાંઈ? આ તો અપૂર્વ ક્રિયા ધાર્મિક છે જે એણે અનંત કાળમાં એક સેકંડ કરી નથી. આમ પંચ મહાવ્રત પાળ્યા ને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અનંત વાર કરી. શુભભાવ તો એણે અનંત વાર સેવ્યો છે. અશુભભાવ, મિથ્યાત્વ અને રાગદ્વેષથી મળેલો ભાવ છે ઈ. એનાથી ભિન્ન પાડવાની શક્તિ દ્વારા અતિ દૃઢતરથી '**આત્મા વડે જ અત્યંત રોકીને,...**' આહા..હા..! શું કીધું ઈ? કે રાગ અને દ્વેષના, મોહના પરિણામમાં વર્તતા આત્માને, વર્તતા આત્માને એનાથી એને પાછો વાળીને. અરે..! સમજાણું કાંઈ? વર્તે છે ઈ, કોઈ કર્મમાં વર્તે છે કે કર્મ એને વર્તાવે છે એમ નથી. પોતાનું સ્વરૂપ આનંદની મહિમા ન આવતાં... ઈ આવશે, કળશમાં ઈ આવે છે. '**निजमहिमरतानां**'. એને અંતરની મહિમા નામ શુદ્ધાત્માની દૃષ્ટિ પ્રગટી છે એને રાગ અને નિમિત્ત ને પર્યાયની મહિમા દૃષ્ટિમાંથી છૂટી જાય છે. અતિશયતા, અધિકતા એને અંતરમાં રાગથી ભિન્ન પાડવામાં અધિકતા આત્માની જ છે. એથી કીધું કે '**આત્મા વડે જ...**' વાત બેસવી કઠણ એને. આવી વાત છે, બાપુ!

સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન એને આત્મા વડે એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન વડે '**અત્યંત રોકીને,...**' અંતરમાં જે રાગદ્વેષ વર્તે છે એને અંતરમાં જઈને એને રોકીને. એટલે કે એને ઉત્પન્ન થતો નથી. ભારે..! મૂળ વાત ઈ છે કે આત્મા એક પદાર્થ છે. એમાં અનંત શાંતિ અને આનંદથી ભરેલો એ પદાર્થ છે. આહા..હા..! વસ્તુ છે તેમાં અનંત ગુણો વસેલા છે. જેમ વસ્તુ પોતે શાશ્વત છે એની આદિઅંત નથી, ઉત્પત્તિ અને વિનાશ નથી. એવો જે ભગવાન અવિનાશી આત્મા એના ગુણો આનંદ અને જ્ઞાન એ પણ અવિનાશીથી ભરેલો એ પદાર્થ છે. એને રાગદ્વેષમાં જોડાતા, વર્તતા રોકીને અહીં આત્મામાં અંદરમાં વાળતાં. '**અત્યંત રોકીને,...**' પછી શું રોકીને? ઈ તો રોકવું એટલી વાત કરી.

'**શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્યમાં...**' અહીં તો ઈ કહે છે. વસ્તુ અહીં લાવ અંદર. ભગવાન આત્મા કેવો છે અંદર? શુદ્ધદર્શનજ્ઞાનરૂપ છે એ તો. આહા..હા..! શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ દર્શનરૂપ જેનું સ્વરૂપ છે. એ રાગદ્વેષ અને મોહ એ તો પર વિકારી વિભાવ એની જાતના નથી અને એનો સ્વભાવ નથી. '**શુદ્ધદર્શનજ્ઞાનરૂપ...**' પવિત્ર જ્ઞાન અને દર્શનરૂપ જેનું સ્વરૂપ એવું જે આત્મદ્રવ્ય. આહા..હા..! '**સારી રીતે...**' અંતર શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મા એમાં સારી

રીતે સ્થિર કરીને **'પ્રતિષ્ઠિત (સ્થિર) કરીને,...'** સમજાણું કાંઈ? આહા..હા..! શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મ પદાર્થમાં, રાગદ્વેષ અને મોહમાં વર્તતા યોગોને રોકીને અહીં સ્થિર કરવો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! બહુ વાતું... એમ કહે છે કે ગ્રાહ્ય થવું કઠણ, એનો પ્રયોગ કરવો..! આ તો નિભ્રત પુરુષોનું કામ છે. આવે છેને ભાઈ? નહિ? વિકલ્પની જાળ જેણે રોકી છે, કહે છે.

અંતર સ્વરૂપ આનંદનો ધામ તેમાં જવા એણે આ બાજુના વિકલ્પોની જાળ જેમાં વર્તતો એને રોકી છે અને ત્યાંથી રોકીને અહીં લાવ્યો છે. અંતર શુદ્ધદર્શનજ્ઞાનરૂપ જે આત્મા, વસ્તુ આનંદનો ભંડાર, જ્ઞાનનો ભંડાર, અતીન્દ્રિય શાંતિનો સાગર.. આહા..હા..! ક્ષેત્ર નાનું એટલે એમ ન સમજો કે અનંત એમાં સ્વભાવ નથી. અનંત અનંત સ્વભાવ, એક સમયની પર્યાયની પાછળ આખું તત્ત્વ. આરે..! સમજાણું કાંઈ? એ મહા સ્વભાવથી ભરેલો ગંભીર પદાર્થ એમાં સ્થિર થઈને, દૃષ્ટિમાં તેને પસારીને. જ્ઞાનની પર્યાયમાં એને જ્ઞેય બનાવીને એમાં સ્થિર કરીને. સારી રીતે સ્થિર કરીને એટલે ધારણામાં જે હોય એમ નહિ. આહા..હા..! આહા..હા..! એના ધારણામાં હોય કે આત્મા આવો છે અને રાગદ્વેષ આવા છે એમ નહિ. એના ભાવમાં એ આવવું જોઈએ એમ કહે છે. સમજાણું કાંઈ? રોકીને. સંવર છેને અહીંયા. અધિકાર સંવરનો છેને. નિરોધ, રૂંધન. એટલે મન, વચન, કાયાને રોકીને એમ છેને. પાઠમાં પણ એમ છેને. **'अप्पाणमप्पणा रुंधिऊण'** એમ છેને? **'रुंधिऊण'** વર્તે છે. **'दोपुण्णपावजोगेसु'** એ શુભ અને અશુભ રાગમાં વર્તતા જીવને રોકવો.

કહે છે, ભાઈ! એ શુભ અને અશુભ રાગ એ તો ક્ષણિક, વર્તમાન, વિકારી વિભાવી પર્યાય છે. એ કાંઈ આખું સત્ત્વ નથી. એથી એ ક્ષણિક પર્યાય ઉપર દૃષ્ટિ છે એને અંતરમાં વાળીને. વાળીને એટલે કે ઈ પર્યાય તો છે. હવે એનાથી અંતર વાળીને એટલે કે એને ઉત્પન્ન થવા ન દઈને. અંતર ભગવાન શુદ્ધદર્શનનો ધામ એવા આત્મામાં સારી રીતે પ્રતિષ્ઠિત, જેમાં આનંદ આવે એ રીતે સ્થિર કરીને એમ કહે છે. સમજાણું કાંઈ?

**'સમસ્ત પરદ્રવ્યની ઈચ્છાના ત્યાગ વડે...'** અહીં તો ચોથું ગુણસ્થાન થતાં પરદ્રવ્યની ઈચ્છાનો ત્યાગ. અંતર વળતાં સર્વ પરદ્રવ્યની ઈચ્છાની વૃત્તિ ત્યાં ઉત્પન્ન થતી જ નથી. આહા..હા..! એક સ્વ ચૈતન્ય ભગવાન શુદ્ધદર્શન અને જ્ઞાન જેનું રૂપ, જેનું ત્રિકાળ સ્વરૂપ છે. એવો ધ્રુવ ભગવાન આત્મા એને રાગથી ભિન્ન પાડીને, એમાં પ્રતિષ્ઠિત—સ્થિર કરીને **'સમસ્ત પરદ્રવ્યની ઈચ્છાના ત્યાગ વડે સર્વ સંગથી રહિત થઈને,...'** મન ને વિકલ્પ ને દેહના સંગથી જુદો પડીને. આહા..હા..! બાહ્યના સંગથી તો પછી પણ અંતરથી સંગથી રહિત થઈને. અને વિશેષ બાહ્ય સંગથી રહિત થઈને એ પણ કહે છે. આગળ મુનિપણું બતાવવું છેને. પહેલો તો અંદરમાં સર્વસંગથી રહિત થઈને. દૃષ્ટિની અપેક્ષાએ. પછી બાહ્ય સંગનો ત્યાગ

કરીને. આહા..હા..! આ મુનિની અપેક્ષાએ વાત (કરી છે). સારી રીતે સ્થિર કરીને, (ઈ) દૃષ્ટિ થઈ. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન થયું. હવે અહીંયા આગળ વધે છે. ધ્રુવ ઉપર દૃષ્ટિ હોવાથી એની પરિણતિ અંદર આગળ વધે છે. ધ્રુવ શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મા એવો નિજ સત્તાસ્વરૂપ પ્રભુ, જેની પર્યાયનું વલણ આત્મદ્રવ્ય ઉપર છે ઈ હવે આગળ વધે છે, કહે છે. સમજાણું કાંઈ? વસ્તુમાં આશ્રયમાં એકાગ્રતામાં વધે છે. એથી એને બાહ્ય સંગ પણ બધો છૂટી જાય છે. આહા..હા..! મુનિપણાની વાત છે આ. સમજાણું કાંઈ? બાહ્ય સંગથી છૂટી જાય છે. અંતર્મુખ આનંદમાં અસંગી ચૈતન્યનો પરિચય કરે છે. આહા..હા..!

જુઓ, આ સમ્યગ્દર્શન અને આ ચારિત્ર. રાગ અને દ્વેષના વિકલ્પો, ચાહે તો શુભ હો કે અશુભ હો, બેય આસ્રવ છે. એના તરફના વલણને રોકી, વર્તતાને રોકી અંદર ભગવાન શુદ્ધદર્શનજ્ઞાનરૂપ ભગવાન આત્માને સ્થાપી, ત્યાં સુધી તો સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું. સ્વરૂપાચરણ. સમજાણું કાંઈ? પછી સમસ્ત પરદ્રવ્યની ઈચ્છા. આસક્તિની જે વૃત્તિ હજી બાકી હતી પરસંગના લક્ષે, એને છોડી દઈને. '**સર્વ સંગથી રહિત થઈને,...**' અસંગી ભગવાન આત્મા, જેને સંગ બાહ્યનો તો નથી પણ અભ્યંતર રાગનો પણ સંગ નથી. આહા..હા..! શું છે આ તત્ત્વ? કહે છે. કુતૂહલ તો કર એકવાર. દાખલો નહોતો આપ્યો? .... નારદે. આમાં કુતૂહલ આવે છે ... એકવાર મહિમા તો કર કે આ શું ચીજ કહે છે? આવા વખાણનો પાર ન મળે, જેની વાણીમાં એનું પુર અને નુર, ચૈતન્યના સ્વભાવનું નુર અને તેજ જેની વાણીમાં આવતું નથી અને વિકલ્પથી પાર પડે નહિ એ શું ચીજ છે અંદર? એકવાર કુતૂહલ તો કર પ્રભુ! આહા..હા..! એમ કહે છે.

અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર કુંદકુંદાચાર્ય પછી ૯૦૦ વર્ષે થયા. એ તો આભના થોભ ધુરંધર. સંતો દિગંબર મુનિઓ તો કેવળીના કેડાયતો! આહા..હા..! જેણે કેવળીનો કેડો પકડ્યો છે. આહા..હા..! પ્રભુ! અમે ચાલ્યા આવીએ છીએ, હોં સિદ્ધ થવા. આહા..હા..! અમે આત્મા શુદ્ધદર્શનજ્ઞાનમય પ્રભુ એમાં રમતા રમતા ચાલ્યા આવીએ છીએ, કહે છે. તારાચંદભાઈ! દુઃખી થતા નહિ. અમને દુઃખ લાગે છે, અરે..! દુઃખ લાગે (છે). એ તો આર્તધ્યાન અને કષાય છે. અમે અંદરમાં સ્વરૂપમાં રમતા, આનંદ કરતા કરતા ચાલ્યા આવીએ છીએ. પ્રભુ! તારી સમીપે હોં! આહા..હા..! અરે..! એવી વાતું સાંભળીને એને ઘરમાં પડ્યા માલ એની ચિંતા ન મળે એને. આહા..હા..! સમજાણું કાંઈ? એક ફેરી હારનું ... ભાવનગર. ગૃહસ્થ માણસ. .. લાખોપતિ મોટા. છેને લાખોપતિ ઘણા. હવે લાખોપતિ ઘણા થઈ ગયા. પહેલા તો લાખ, બે લાખ બહુ કહેવાતા.

મુમુક્ષુ :— દસ હજાર હોય તો બહુ કહેવાતા.

ઉત્તર :— દસ હજાર. અમારા બાપના બાપ દસ હજાર. મોટા શેઠિયા કહેવાય ગઢડાના.

અગ્રેસર ઘર. રાજકુમાર જેવા શરીર. ... એઈ..! તમારે ... પણ એ વખતે એટલું ક્યાં હતું?

અહીં કહે છે, આહા..હા..! '**સર્વ સંગથી રહિત થઈને,...**' આહા..હા..! બાહ્યાભ્યંતર આવે છેને? 'સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમહેતુ હોય જો.' જેને સંવર થયો છે, મિથ્યાત્વ રોક્યું છે એને આગળ વધીને સંવરની પુષ્ટિ વધારે કરે છે. એ ત્યાં આગળ નિદ્રા લેશે એના પછી, ... જેમ સંવર થતો જાય એમ અશુદ્ધતા ટળતી જાય છે. આહા..હા..! પ્રકાશ જેમ વધે તેમ અંધારા ટળતા જાય. ભગવાન ચૈતન્યના તેજ, એ ચૈતન્યનું નુરનું એ પુર પ્રભુ છે. આહા..હા..! એના પ્રવાહને આમ ઝીલવો અંદર. દૃષ્ટિથી પરથી ભિન્ન પડીને ભેદજ્ઞાનની દૃષ્ટિ એને ઝીલે છે. સમજાણું કાંઈ? મૂળ વાત રહી નહિ એટલે પછી બહારમાં ભટક્યા ભટક (કરે), જિંદગી ચાલી જાય છે. અનંતે કાળે માંડ માણસપણું મળ્યું છે. એ માણસપણું તો ભવના અભાવ માટે હોવું જોઈએ, એને ઠેકાણે ભવને વધારવા માટે કરી નાખે. આ કાંઈ વાદવિવાદે પાર પડે એવું નથી. વસ્તુની સ્થિતિ એવી છે. આ કોઈ મોટા કોલેજમાં ભણે માટે સમજાય જાય એવું કાંઈ નથી. આહા..હા..! એના આત્માની કોલેજમાં ભણે તો સમજાય. આહા..હા..!

એવા વૈરાગ્યના ... સાંભળીએ છીએ. આહા..હા..! ... દામોદરભાઈ, દામનગરવાળા નહિ? છે કે ગયા? આ મકાન કરાવે છેને? અમદાવાદના છે કોઈ? બે ... એક ઓલો છે, ... બળી ગઈ. ડૉક્ટર આવે ત્યાં... એક બીજા શેઠિયાની દીકરી. ... નામ નથી આપતા. દીકરીને ઝેર આપી દીધું. નર્સ સાથે ચાલતું હશે, એને ઝેર આપીને નર્સને બેસાડી. અર..ર..ર..! આ શું? આ તે શું કરે છે? પ્રભુ! તું શું કરે છે? ક્યાં તારે જાવું છે? આ નર્સ હોય છેને નર્સ? એની સાથે કામ કરે. બાયડ્યુંના પરિચય આકરા. સમજાય છે? ખરેખર તો છોકરાઓ એવા હોય એનો પરિચય પણ ખરાબ છે. ... છાપામાં આવ્યું છે. ... અંદર ગોટા વાળે .... આહા..હા..! અરે..! ભાઈ! તું શું કરે છે આ? બાઈને આપી દીધું ઝેર. આહા..હા..! અરે..! ... અમૃતનો સાગર અંદર ડોલે છેને ભાઈ! ત્યાં જઈને અમૃતને પીને. આહા..હા..! આ ઝેરના પ્યાલા ... આહા..હા..!

કહે છે કે '**સર્વ સંગથી રહિત થઈને...**' એકલો પડ એમ ... સંગ જ નહિ કોઈ. એ સાધુ ... સાધર્મીનો સંગ (પણ નહિ). પર છેને. '**નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો,...**' આહા..હા..! નિરંતર આત્મામાં અતિ નિષ્કંપ સ્થિર વર્તતો આનંદની લહેર અનુભવતો. આહા..હા..! અતીન્દ્રિય આનંદને વેદતો. આનું નામ સંવર છે, આનું નામ ધર્મ છે. વીતરાગી ધર્મ આને કહીએ, બાપુ! એ બહારની વાતુંમાં રાગમાં, ક્રિયામાં મનાવ્યો છે ધર્મ. વીતરાગ તો રાગના કણને અને એક રજકણને પણ પોતાનો માને, એ જૈન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે.. આહા..હા..! અસંગ તત્ત્વ પ્રભુ, એમાં નિરંતર.. છેને? '**અતિ**

**નિષ્કંપ વર્તતો થકો,...'** શુદ્ધ સ્વરૂપ પ્રભુ પોતે એનું દૃષ્ટિનું ભાન થયા પછી પણ સ્વરૂપમાં સ્થિર થઈને જામી જાતો. આહા..હા..! જુઓને, આ ઠંડી બહુ પડે ત્યારે પાણી જામી જાય છેને, બરફ (થઈ જાય). એક છાપામાં આવ્યું હતું કાંઈક. પાણી જોતું હતું ઓલાને.. શું કહેવાય? ઈજીનને. પણ ત્યાં નળમાં પાણી બરફ થઈ ગયા. આ ઠંડી પડી હતીને? નળમાંથી પાણી આવેને? રેલો આવતો. જામી ગયા પાણી. પછી નળને ઊના કર્યા. આ ઠંડી પડી હતી (ત્યારે). ઊના કર્યા ઓગળવા માંડ્યું, કટકા થઈને, બરફના કટકા થઈને પાણી આવ્યું પછી. આહા..હા..!

અહીં કહે છે કે જામી ગયો છે અંદર આત્મામાં. આહા..હા..! બરફની જેમ ઠંડી, ઠંડી, ઠંડી શીતળતામાં જામી ગયો છે. એને અહીંયા સાધુ કહીએ. આહા..હા..! સાધુ એટલે કે પંચ મહાવ્રતના પરિણામ ને ક્રિયા નગ્ન થાય માટે સાધુ, બાપુ! એ તો જડના ભેખ છે. એ આત્માનો ભેખ નથી. આત્માનો ભેખ તો આનંદમાં જામી જાવું. આહા..હા..! અતીન્દ્રિય આનંદની જ્યાં અંદર છોળું ઉઠતી હોય, ભરતી આવે. મધદરિયે જ્યારે કાંઠે ભરતી આવે એ ભરતીને કોણ રોકે? એમ અંદરમાં મધ્યબિંદુમાં જોર કરતાં જે શાંતિ અને આનંદ આવે એને અતિ નિષ્કંપ વર્તતો થકો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વાતેય આકરી છે. સમજાણું કાંઈ?

**'કર્મ-નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના...'** જોયું? કર્મ શબ્દે રાગ અને દ્વેષ બધું હોં, ભાવકર્મ બધો. અંતર આનંદસ્વરૂપ ભગવાન એવો અતીન્દ્રિય આનંદને સ્પર્શતો-વેદતો, ઠરતો, અતીન્દ્રિય આનંદમાં અકંપ રહેતો દ્રવ્ય દયા, દાનના વિકલ્પો આદિ ભાવકર્મ, જડ કર્મ અને નોકર્મને **'જરા પણ સ્પર્શ કર્યા વિના...'** આહા..હા..! ઉત્કૃષ્ટ વાત છેને. પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ એને વિકલ્પથી જુદો પાડી અને અતિ નિષ્કંપપણે અંદર ઠરતો, વર્તતો છેને? એ પુરુષાર્થથી કામ કર્યું છે. આહા..હા..! **'નિરંતર અતિ નિષ્કંપ વર્તતો...'** કર્મ ખસે તો વર્તે એમ નહિ. એ તો પુરુષાર્થથી આત્મા અનંત આનંદમાં વર્તતો એમ કહે છે. સમજાણું કાંઈ? 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ' કર્મ કોણ બિચારા? જડ માટી છે. ભક્તિમાં આવે છે. તારાચંદભાઈ! આવે છે? 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ.' લોઢાનો સંગ અગ્નિ કરે તો માથે ઘણ પડે. એમ ભગવાન આત્મા કર્મના નિમિત્તના સંગે જાય તો વિકાર થાય. એ વિકાર કરાવતા નથી. આહા..હા..! ભારે આકરી વાત. આ તો જ્યાં હોય ત્યાં જૈનમાં એ મૂકે, જૈન એટલે કર્મથી વિકાર થાય. કર્મને લઈને (વિકાર થાય). ભગવાને એમ નથી કહ્યું. ભગવાને એમ નથી કહ્યું અને એમ નથી. કર્મથી વિકાર નહિ, ભૂલ તારી છે. તારી ભૂલને લઈને ભગવાન ભૂલેલો જાય છે બીજે. એ.. આત્મારામજી! ભૂલ્યા. ભગવાન ભૂલાની ખડકી, નહિ? એના દાદા. ભગવાન

ભૂલ્યાની ખડકી. ભગવાન ભૂલ્યો તો રાગદ્વેષ અને અજ્ઞાનમાં ચડી ગયો. ખડકી ભૂલી ગયો. આહા..હા..! ખડકી સમજો છો? દરવાજો, નાનો દરવાજો. નાનો, નાનો.

અહીં કહે છે, ઓહો..હો..! શું પણ ટીકા! ગજબ કરે છેને! ભગવાન! તારી ચીજ તો અંદર શુદ્ધ આનંદકંદ, દર્શનજ્ઞાન કીધુંને? શુદ્ધદર્શનજ્ઞાનમય પ્રભુ તું છો. એ પુણ્ય પાપના, દયા, દાનના વિકલ્પ તું નહિ. આહા..હા..! ભારે વાતું ભાઈ! કહે છે કે આ બાજુના આનંદમાં ઉગ્રપણે સ્પર્શતો, અહીં રાગને બિલકુલ સ્પર્શ્યા વિના એમ કહે છે. આ તો શાંતિનું કામ છે. ધીરજના ધીરાના ધીરજના કામ છે. આ કાંઈ ભણી જવું ને ગોખી જાવું એનું કામ નથી આ. આહા..હા..! પહેલી સમજણ તો કર કે આમ છે અને એ ચીજમાં આમ ઠરે ત્યારે પરનો સ્પર્શ એને રહેતો નથી. આહા..હા..! સ્પર્શ પરનો એટલે રાગનો સ્પર્શ હોં! બીજાનો તો સ્પર્શ એને હોતો નથી. રાગનું જ્યાં સુધી એને વેદન છે તો રાગનો સ્પર્શ છે એમ કહે છે. આ બાજુ ઢળતાં જરાય રાગને સ્પર્શ નથી કરતો, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'પોતાના આત્માને જ આત્મા વડે ધ્યાતો થકો,...'** લ્યો. આત્માને જ આત્મા વડે નિર્મળ નિર્મળ નિર્વિકલ્પ અનુભવ વડે. એ .. આત્માને (એટલે) ત્રિકાળી ધ્રુવને આત્મા વડે (એટલે) નિર્વિકલ્પ શાંતિ અને આનંદ વડે. આહા..હા..! ભારે ભાઈ કામ. હમણાં બસ આવી હતી બસ, નહિ? એકદમ બિચારા ભૂખ્યા .... ચાંદ ચાંદ નહિ? ચાંદખેડી. હતો એનો કોઈ માણસ. ... દાહોદના. દાહોદના પંડિત. ક્યાંના? તમારા દાહોદના પંડિત છે.. હરીશચંદ ઈ સાથે હતા. અહીંથી દાહોદ જવાના હતા આખી બસ એને લઈને. મેં કહ્યું, એક કલાક ત્રણથી ચાર .. જાત્રા કરવા ગયા હોય એમાં સાંભળવા ક્યાં રોકાય? આહા..હા..! આમ પડખું ફેરવ્યું એટલે, કહે છે કે ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એની જે રાગ ને દ્વેષને પડખે--કરવટે જ્યાં હતો, એને આમ લાવ્યો અંદરમાં. આહા..હા..! ત્યારે એને પહેલું તો સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થયું. ... પછી આગળ વધતાં એનો આશ્રય લઈને વિશેષ નિષ્કંપ થતાં, સ્થિર થતાં આનંદની, ઉગ્ર અમૃતના સ્વાદમાં રોકાતો પરનો—રાગનો સ્વાદ એને સ્પર્શતો નથી. ત્યારે **'આત્માને જ...'** એમ **'આત્માને જ આત્મા વડે ધ્યાતો થકો,...'** અહીં આમાં એકાંત આવ્યું. વિકલ્પ વડે, રાગ વડે, વ્યવહાર વડે નહિ.

આત્માને જ, શુદ્ધદર્શનજ્ઞાનમય આત્માને જ આત્મા વડે એટલે નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ દ્વારા. એ આત્મા વડે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? **'આત્મા વડે ધ્યાતો થકો,...'** અંદરમાં ધ્રુવને ધ્યેય બનાવીને ધ્યાનમાં આનંદમાં રહેતો થકો. આહા..! ચોથા ગુણસ્થાને શુદ્ધ ઉપયોગ હોય નહિ. અરે..! ભગવાન! શું કહે છે આ? કાંઈ ખબર નથી. પંડિતો મોટા નામ ધરાવે. ચોથા ગુણસ્થાને શુદ્ધ ઉપયોગ ન હોય, ઈ તો શુભ જ હોય. આહા..હા..! બાપુ! પણ આત્મામાં શુભરાગ જ નથી. ઈ આત્માને જાણવામાં આવે ઈ શુદ્ધ ઉપયોગથી જ જાણવામાં

આવે છે. કારણ કે શુદ્ધ ઉપયોગી સ્વરૂપ પ્રભુ છે. પંડિતોએ બહારમાં એવું ખોસી ઘાલ્યું છે લોકોને, ઊંચા આવતા નથી. જન્મ મરણથી રહિત થવું... એ તો શુભભાવ કરો એમાં બધું છે. ધૂળેય નથી, ભાઈ! તને ખબર નથી, બાપા! એ નિગોદના જીવે પણ શુભભાવ અનંત વાર કર્યો છે. પરમાત્મા તો એમ કહે છે. નિગોદના જીવ હોં! ભગવાનની વાણીમાં તો એમ આવ્યું છે કે નિગોદના, નિત્યનિગોદના જીવ જે કદી મનુષ્ય થયા નથી, ઈયળ થયા નથી, ... થયા નથી, એને ક્ષણે ક્ષણે શુભ અને અશુભ, એક ક્ષણે અશુભ અને બીજે ક્ષણે શુભ એવા ભાવો અનંત કાળથી થયા જ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુભભાવની કોઈ વિશેષતા નથી. એ તો બધું કર્મચક્ર છે. એનાથી ખસીને અંદર ધર્મચક્રમાં પરિણમનમાં જા. સમજાણું કાંઈ? આહા..હા..! પરિણામ કહે, મારો પ્રભુ તો નિત્ય છે, ધ્રુવ છે. એ ધ્રુવ છે એ મારો પણ નહિ, ઈ હું છું. સમજાણું કાંઈ? પરિણામ એમ જાણે છે કે આ ધ્રુવ છે તે હું છું. ખરો આત્મા એ છે. ખરો આત્મા.

આજે એક વિચાર આવ્યો હતો. અભૂતાર્થનું ભાઈ આવે છેને? ભૂતાર્થનયને ભૂતાર્થ સત્યાર્થ નય કીધી નિશ્ચય અને વ્યવહારને અસત્યાર્થ કીધીને. ખોટી આની અપેક્ષાએ હોં! વ્યવહારનયને અસત્યાર્થ કીધી છે, ૧૧મી ગાથા. જૂઠી છે. સત્ય આ છે એક જ. આહા..હા..! એક સમયના પર્યાયને ઉડાડવા (કહ્યું કે) અસત્યાર્થ છે. ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ એ નહિ. સમજાણું કાંઈ? પર્યાયના લક્ષને છોડવા અને જેનું પ્રયોજન સિદ્ધ થાય, એવો તો ભગવાન ભૂતાર્થ છે, સત્યાર્થ છે એ સાચો છે. વ્યવહારનય સાચો નહિ. આ તે ... પ્રભુ! ઓલા વેદાંત જેવું લાગે હોં! આની અપેક્ષાએ સાચો નહિ. એની અપેક્ષાએ વિષય છે. સમજાણું કાંઈ? પણ ત્રિકાળ નિત્યાનંદ ભગવાનની અપેક્ષાએ એક સમયની પર્યાયનો વિષય અને પર્યાયને અસત્યાર્થ કીધી છે. ગૌણ કરીને અસત્યાર્થ કહી છે, નથી કરીને નહિ. લ્યો ઠીક. સમજાણું કાંઈ? આહા..હા..! વેદાંતમાં તો પર્યાય છે જ નહિ. પર્યાયને માનતા નથી. પર્યાયને માનતો નથી તો અનુભવ તો દ્રવ્યમાં પર્યાયનો થાય, અનુભવ તો પર્યાયનો થાય, કાંઈ દ્રવ્યનો અનુભવ ન હોય, દ્રવ્ય તો ધ્રુવ છે. આહા..હા..! પડખા ભારે આકરા.

કહે છે કે ભગવાનના પરિણામ આત્માના, એ પરિણામ પરિણામ સહિત ભગવાન પારિણામિકભાવ એને સંગે પરિણામ ગયા તો કહે છે કે એના વડે એને ધ્યાતો, નિર્મળ પરિણામ વડે નિર્મળાનંદ ભગવાનને ધ્યાતો. આહા..હા..! '**પોતાને સહજ ચેતયિતાપણું હોવાથી...**' પોતે તો સહજ જાણનાર દેખનાર જ છે. એમાં કોઈ રાગ દ્વેષ વિકલ્પ છે નહિ. પોતાને સ્વભાવિક ચેતયિતાપણું—વેદનપણું, અનુભવવું છેને? સ્વભાવિક આનંદનું વેદવાપણું, આનંદ અને જ્ઞાનનું જાણવું, દેખવાપણું. એવું સ્વભાવિક છે. એનો સ્વભાવ જ આનંદ ને જ્ઞાન ને દર્શન છે. સમજાણું કાંઈ? '**એકત્વને જ ચેતે છે...**' એકત્વને 'જ'

ચેતે છે. બે ભેગા રાખોને. અનેકાંત (થાય). આવે, ચેતતો નથી, સ્પર્શતો નથી એમ કીધુંને. આહા..! અસ્તિ નાસ્તિ કરી. પોતે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એમાં ઢળતો એકને વેદે છે. **'એકત્વને જ ચેતે છે...'** 'જ' આવે છે જુઓ આમાં. બહુ વસ્તુ.. ઓહો..હો..! એકાંત અનેકાંત. સમ્યક્ એકાંત વિના અનેકાંત શું પણ? સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે છેને? એ વસ્તુ યથાર્થ છે. અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદને સાધવા સિવાય કોઈ રીતે ઉપકારી નથી. પણ શેનું હોય? આહા..હા..! પોતામાં એકત્વપણે સાધવું એ જ એકાંત છે. એનું નયનું જ્ઞાન થતાં પર્યાયનું જ્ઞાન એમાં સહજ થઈ જાય છે. આહા..હા..!

ઓલામાં તો કહ્યું છેને, પ્રમાણની પૂજ્યતા નથી. ભાઈ! નિશ્ચયની પૂજ્યતા છે. કારણ કે પ્રમાણમાં પર્યાયનો નિષેધ નથી. માટે એને (પૂજ્ય ગણ્યું નથી). નિશ્ચયનો વિષય છે એ પૂજ્ય છે, નિશ્ચયનય પૂજ્ય છે. આહા..હા..! પ્રમાણમાં પર્યાય ભળે છે જ્ઞાનમાં તો પૂજ્ય છે એમ નથી કહ્યું. જુઓને શૈલી! આહા..હા..! પ્રમાણમાં ત્રિકાળી દ્રવ્યનું ભાન અને પર્યાયનું ભાન, બે આવે. છતાં પ્રમાણ નિશ્ચયનયનો નિષેધ કરીને પર્યાયને પ્રમાણ નથી કરતું, પર્યાયને ભેળવતો નથી, રાખે છે એમને એમ. એટલે આ પ્રમાણમાં પર્યાયનો નિષેધ થતો નથી. નિશ્ચયમાં પર્યાયનો નિષેધ થાય છે માટે નિશ્ચય તે પૂજ્ય છે. સમજાણું કાંઈ? ભારે આવું ઝીણું. આવું ઝીણું ક્યાં હવે... ઈ કરતાં એક ભક્તિ કરી નાખે ભગવાનની, જાત્રા કરે બે પાંચ. આ ભગવાનની ભક્તિ છે અહીં તો. એ તો રાગ છે, વિકલ્પ હોય છે. અશુભ વંચનાર્થં આવે છેને? ... એ કાળે એ જ આવે, પણ અશુભ વંચનાર્થ એમ કહેવામાં આવે છે. આવે, પણ એ વસ્તુ નહિ, એ ધર્મ નહિ, ધર્મનું કારણ પણ નહિ. આહા..હા..!

જેને અહીં પર્યાયને અસત્યાર્થ કીધી. આહા..હા..! ગજબ કામ કર્યું છેને! ત્રિકાળ ત્રિકાળ સત્ત્વ તે સત્યાર્થ છે. સમજાણું કાંઈ? એનો આશ્રય કર બાપુ! ત્યાં આગળ પડ્યું છે બધું. આહા..હા..! પોતાને એટલે ભગવાન આત્માને સ્વભાવિક ચેતયિતાપણું હોવાથી. સ્વભાવિક આનંદનું વેદનપણું અને જાણવા દેખવાપણું સ્વભાવિક છે. એ કોઈને મદદે અને સહાયથી જાણવા દેખવાનું છે એમ છે નહિ. ભારે ભાઈ! આવી વ્યાખ્યા ધર્મી કેવી આ? આ વ્રત કરવા ને અપવાસ કરવા તો આમાં ક્યાંય આવતું નથી. એ તો વિકલ્પની વાતું છે, બાપુ! આહા..હા..!

આ તો ઉપવાસ તો એને કહીએ, ત્રિલોકનાથ શુદ્ધદર્શનજ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માની સમીપમાં ઠરવું એને ઉપવાસ કહેવામાં આવે છે. આહા..હા..! એના સમીપમાં ગયા વિનાના એકલા અપવાસ એ તો લાંઘણું છે, લાંઘણ લાંઘણ. એ.. પંડિતજી! લંઘન-ત્રાગા. ત્રાગા છે. .. પાસે આવે. ... .. કરવા આવે. હું નહિ ખાઉં. મારો ખુલાસો કરી દીધો. .... આ તો ધર્મના કાયદામાં વાંધા આવતા એ કોર્ટે ચડે. ... આહા..હા..! એમ ભગવાન મહાજન

પ્રભુ એની સત્તા જ્યાં પ્રાપ્ત થઈ, કહે છે કે એકલા ચેતનને જ અનુભવે છે એ તો. આહા..હા..! એને રાગનું વેદન નથી. ... વજન છેને. નીચે સાધકજીવમાં આનંદનું વેદન છે અને થોડું રાગનું વેદન છે. જો દૃષ્ટિની અપેક્ષા લઈએ તો આનંદનું વેદન મુખ્ય છે અને જ્ઞાનની અપેક્ષા લઈએ તો બેય સાથે છે. આહા..હા..! જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી આનંદનું પણ વેદન અને થોડો રાગ છે એનું દુઃખનું પણ વેદન છે. અસ્તિ તરીકે જ્ઞાન જાણે બન્નેને. મુખ્ય ગૌણ ત્યાં નથી. દૃષ્ટિની અપેક્ષાએ મુખ્ય ગૌણ થાય છે. સમજાણું કાંઈ?

ઓહો..હો..! ટીકા તે ટીકા પણ આવી! કેવળજ્ઞાની, સંતોએ.. મુનિઓએ કેવળજ્ઞાનીના પેટ ખોલ્યા છે. આહા..હા..! છદ્મસ્થ મુનિ છે આ તો. દિગંબર સંત વનવાસમાં વસતા. આહા..! નગ્ન, એક મોરપીંછી અને કમંડળ, બીજું કાંઈ નહિ હોં! અને અંતર આનંદની લહેર જેને ઉઠતી હોય છે. એવા '**એકત્વને જ ચેતે છે (-જ્ઞાનચેતનારૂપ રહે છે),...**' જ્ઞાનચેતના છેને અહીં. કર્મચેતનાને વેદે છે એ અહીં નથી લેવું. સમજાણું કાંઈ? આગળ વધેલાની વાત છેને. એકલી જ્ઞાનચેતના, જ્ઞાનચેતના.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાનનું વેદન, સ્વભાવનું વેદન, ઉગ્રપણે પુરુષાર્થથી આનંદનું વેદન.

'**તે જીવ ખરેખર, એકત્વ-ચેતન વડે અર્થાત્ એકત્વના અનુભવન વડે...**' અંતરના આનંદના અનુભવન વડે. એમ. સ્વભાવની એકતાના અનુભવન વડે રાગની એકતા જેને છૂટી ગઈ છે. આહા..હા..! આવો ધર્મ. ઓલું તો સેવા કરો, પરોપકાર કરો, દયામંડળી એવું આવે છેને? જીવદયા મંડળ, ઓલા કહે, જુવાનનું મંડળ, યુવકનું મંડળ. અત્યારે બહુ ચાલ્યું છે એવું. મોઢાઆગળ માન લેવા માટે મોઢાઆગળ પડે બે ચાર જણા. મહાવીર મંડળ, ઢીકણું મંડળ.. આહા..હા..! એકાદ બે બોલકા હોય ઈ મોઢાઆગળ પડે. માસિક કાઢે ને પાના નીકળે અને એ લખાણ ચાલ્યા તમારે. અરે.. ભાઈ! એ તો બધો વિકલ્પ છે, રાગની ક્રિયાઓ છે. આહા..હા..! અહીં તો શુભાશુભ જોગમાં ... બતાવવો છેને. '**તે જીવ ખરેખર, એકત્વ-ચેતન વડે અર્થાત્ એકત્વના અનુભવન વડે...**' ચેતન એટલે અનુભવ વડે કીધું.

'**(પરદ્રવ્યથી) અત્યંત ભિન્ન...**' એ પુણ્ય અને પાપના વિકલ્પથી પણ અત્યંત ભિન્ન. એ પરદ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ... કહે છે, મોટી મોટી વાતું.. અરે..! ભગવાન! મોટી વાતું નથી. પ્રભુ! તારી મોટપ છે એટલી તો કથનમાં આવી શકતી નથી. આહા..હા..! સમ્યગ્દર્શનમાં મોટપ ભાસે ઈ પણ વાણીમાં પૂરું આવતું નથી. એવી ચીજ છે અને એને કહે કે આ મોટી મોટી વાતું કરે અને કાંઈ સાધન બતાવે નહિ. અરે..! પણ શું સાધન હતું? ભાઈ! ચોર્યાશીમું છેને એમાં. દિગપટ. દિગંબરના ચોર્યાશી બોલનો વિરોધ કર્યો છે. હેમરાજજી. પ્રવચનસારમાં ... અહીં તો કહે છે, ભગવાન! આ વાત તો આવી છે, હોં! શરૂઆતથી વિકલ્પથી રહિત દૃષ્ટિ થવી અને વેદન થવું ન્યાંથી શરૂ થાય છે. તું નાની કહે,

મોટી કહે, ઘણી કહે, જે કહે તો માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**એકત્વ-ચેતન વડે અર્થાત્ એકત્વના અનુભવન વડે (પરદ્રવ્યથી) અત્યંત ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર આત્માને**...' આહા..હા..! પહેલું ન્યાં કહ્યું હતું, શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મદ્રવ્ય. ત્રીજી લીટી. આહા..! હવે અહીં ઉપાડ્યું એકદમ ... '**અત્યંત ભિન્ન ચૈતન્યચમત્કાર**...' આહા..હા..! ત્રણકાળ ત્રણલોકને જાણવાના ચમત્કારની દશા પ્રગટે એ ચમત્કાર, બીજો ચમત્કાર ક્યો હતો? આહા..હા..! શરીર પ્રમાણે હોવા છતાં અને એક સમયની પર્યાયનો કાળ મુદત હોવા છતાં એ ત્રણકાળ ત્રણલોકને શ્રુતજ્ઞાનની પર્યાયને જાણે એવો ચૈતન્યચમત્કાર છે. સમજાણું કાંઈ? એ ચૈતન્યચમત્કારનું માહાત્મ્ય આવતું નથી અને બહારના ચમત્કાર ... આને દીકરો આપે છે ને આ પૈસા આપે છે. ધૂળેય નથી હવે, સાંભળને! આહા..હા..! ભગવાનને નામે ચડાવી દીધું, જુઓને, ઓલું શું કહેવાય? પદ્મપુરી. ધુણે ધુણે.. અરે..રે..! વીતરાગમાર્ગમાં આ ન હોય ભાઈ! સમજાણું કાંઈ? ઘણે ઠેકાણે. મહાવીરજીમાં પણ ઘણા છે. કેસરીયાને કેસર ચડાવે છે ત્યાં. કેસર કેસર. બાધા રાખે. ભગવાનને કેસર કેવા? બાપા! આહા..હા..! એ તો વીતરાગમૂર્તિ એને વીતરાગભાવ હોય. ગયા હતા એક ફેરી ત્યાં. તે દિ' તો ઓલા હતા, પાંડ્યા. ત્રીજી વાર ગયા હતા ત્યારે શ્વેતાંબર હતા. પાંડ્યા કહે, મહારાજ! થોડી વાર પધારજો. પછી ટોકરી વગાડે. ભગવાનને કેસર કેસર... બહુ વિકૃત કરી નાખ્યું. ... કેસરીયાજી બનાવ્યા હતા અહીં પાલીતાણા. પછી દેરાસરમાં વળે, લોકો વળે.

અહીં તો નજીકમાં ભગવાન બિરાજે છે અંદર. અંદરમાં દૃષ્ટિ કરીને સ્થિર થતો '**ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ધ્યાતો**,...' જેની દૃષ્ટિમાં, જ્ઞાનની પર્યાયમાં એકલો ધ્યાતા ધ્યાનમાં આત્મા ધ્રુવપણે ધ્યાન કરે છે. આહા..હા..! એ ધર્મી ધ્રુવનું ધ્યાન કરે છે, કહે છે. સમજાણું કાંઈ? ધર્મીના ધ્યાનના વિષયમાં ધ્રુવનું ધ્યાન હોય છે. આહા..હા..! '**અત્યંત ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ધ્યાતો**,...' પાછા શબ્દ લીધા ઈ. '**શુદ્ધદર્શન**...' આત્મા છે ખરોને. દર્શનજ્ઞાનમય અનન્યમય. ત્રીજી લીટી છેને. '**શુદ્ધદર્શનજ્ઞાનમય**...' આત્મા. ભગવાન તો જ્ઞાન ને દર્શન ને શુદ્ધ વસ્તુમય આત્મા છે. એમાં કોઈ પુણ્ય ને પાપના વિકલ્પની ગંધેય નથી. ઉદયભાવ સંસાર તેમાં નથી. આહા..હા..! નિશ્ચયથી શુદ્ધ પર્યાયનો એક અંશ પણ જેમાં નથી. એવું જે '**શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો**,...' અંતરમાં પૂર્ણ આત્માને પ્રાપ્ત થયો થકો. પર્યાયમાં પૂર્ણતા પ્રાપ્ત થઈ. સમજાણું કાંઈ?

'**શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થતાં**...' અંતરમાં શુદ્ધ પવિત્ર આત્માની અનુભવની પ્રાપ્તિ થતાં '**સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો**,...' ઓહો..હો..! ... સર્વસંગથી રહિત થઈ ગયો. પરદ્રવ્યની ઈચ્છાના ત્યાગ વડે. અહીં લીધું '**પરદ્રવ્યમયપણાથી**

**અતિક્રાંત થયો થકો,...'** એ વિકલ્પની સૂક્ષ્મતાથી પણ ઈ છૂટી ગયો કહે છે. **'અલ્પ કાળમાં જ...'** એ જીવ અલ્પ કાળમાં જ **'સર્વ કર્મથી રહિત આત્માને પામે છે.'** એ સિદ્ધપદને અલ્પ કાળમાં પામે છે. આહા..હા..! એનો આ ઉપાય છે. વસ્તુ ત્રિકાળી આનંદકંદમાં એકાગ્ર થવું તે. થોડી એકાગ્રતા તે સમ્યગ્દર્શન, વિશેષ એકાગ્રતા તે ચારિત્ર, વિશેષ એકાગ્રતા તે (પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ).

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૯, સોમવાર, તા. ૨૬-૦૨-૧૯૭૩
## ગાથા-૧૮૭ થી ૧૮૯, ૧૯૦-૧૯૨, પ્રવચન-૩૨૭

(ગાથા) ૧૮૭થી ૧૮૯નો ભાવાર્થ. સંવર અધિકાર. સંવર એટલે ધર્મની પ્રાપ્તિ કેમ થાય? ધર્મની પ્રાપ્તિ એટલે શુદ્ધિ. જે અનાદિથી અશુદ્ધતાનું વેદન અને અશુદ્ધતાની પ્રાપ્તિ છે એ તો આસ્રવની પ્રાપ્તિ અને વિકારની પ્રાપ્તિ અને અધર્મની પ્રાપ્તિ (છે). તો ધર્મ કેમ થાય?

**'ભાવાર્થ :— જે જીવ પ્રથમ તો રાગદ્વેષમોહ સાથે મળેલા મનવચનકાયાના શુભાશુભ યોગોથી...'** જે આસ્રવ પરિણામ શુભાશુભ ભાવ છે એ રાગદ્વેષમોહથી મળેલા ભાવ છે. એને **'પોતાના આત્માને ભેદજ્ઞાનના બળ વડે...'** પર તરફના વલણવાળા શુભ અશુભ વિચાર સહિત યોગ જે છે એને અંતરથી જુદા પાડવાના બળ વડે. એટલે સ્વભાવ સન્મુખતાના પ્રયત્ન પુરુષાર્થ દ્વારા **'ચળવા ન દે,...'** સ્વરૂપની અંતર દૃષ્ટિ કરતાં પુણ્ય પાપના ભાવ એનાથી ખસી જાય છે અને સ્વભાવની એકતા થાય છે. સ્વભાવની એકતા થઈ એટલે વિકલ્પની એકતા તૂટી જાય છે એમ કહે છે. પહેલેથી આમ કીધું. રાગદ્વેષમોહ વિકલ્પ જે છે એનાથી પાછો હઠીને ભેદજ્ઞાન કરીને. એનો અર્થ ઈ કે ચૈતન્યસ્વરૂપ નિત્યાનંદ એના તરફની દૃષ્ટિ નિર્વિકલ્પ દૃષ્ટિ કરતાં વિકલ્પ એટલે રાગદ્વેષમોહ સાથે મળેલો યોગ એની એકત્વબુદ્ધિ તૂટી જાય છે. કહો, સમજાણું કાંઈ?

**'પોતાના આત્માને ભેદજ્ઞાનના બળ વડે...'** એમ કહ્યું છેને? કર્મનું નિમિત્ત મંદ પડે તો આ સંવર થાય એમ નહિ. પોતાનો પુરુષાર્થ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એના તરફ વાળતાં, એના તરફ એકત્વ કરતાં યોગમાં શુભાશુભ પરિણામની એકતા તૂટી જાય છે ત્યારે એને સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન થાય છે. શું કરવું? આ કરવાનું છે. ફાવાભાઈ! શું કરવું? સુખી થવું હોય

તો શું કરવું? દુઃખી થવું હોય તો શું કરવું? એ તો અનાદિથી કરી રહ્યો છે. શુભ અશુભ .. છે ભાવ, એનાથી એકત્વબુદ્ધિ, ભેદજ્ઞાન નહિ એટલે એકત્વબુદ્ધિ એ તો અનાદિથી કરી રહ્યો છે. એ કંઈ નવીન અને અપૂર્વ વાત નથી. એને પર તરફના વલણવાળા જે રાગ દ્વેષ અને મિથ્યાભાવ એ મળેલા જોગ એનાથી દૂર હઠીને એટલે કે તેના તરફની રુચિ અને લક્ષ છોડી દઈને ભિન્ન પાડવાના ભેદજ્ઞાનના બળ વડે આત્માને અંતરમાંથી ચળવા ન દે.

'**પછી તેને શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મસ્વરૂપમાં નિશ્ચળ કરે...**' એ તો સમજાવવાની રીત છે. આ બાજુથી ખસ્યો એટલે શુદ્ધજ્ઞાનદર્શનમય ભગવાન આત્મામાં ઠરે છે. સમજાણું કાંઈ? ત્યારે એને સંવર થાય છે કહે છે. આ લોકો સંપ્રદાયના માણસો કહે છે કે હાથ જોડીને પાંચ આસ્રવના પચ્ચખાણ લેવાના. એ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો સમ્યક્ ભેદજ્ઞાન ભાવની વાત છે. રાગ એટલે માણસને રાગ એટલે શું? સ્ત્રી કુટુંબ પ્રત્યેનો રાગ. એ વાત તો બહુ સ્થૂળ છે. અહીંયા તો પરમાં પ્રેમ છે, જેને રાગનો પ્રેમ છે એનું નામ મિથ્યાત્વરૂપી રાગ છે અને મિથ્યાત્વરૂપી રાગની સાથે પ્રતિકૂળતાનો દ્વેષ અંદર ઊભો છે ભેગો. એવા રાગને, દ્વેષને મિથ્યાત્વ સાથે મળેલા કંપન્ન જોગ ભાવ શુભાશુભ, શુભાશુભ તો એને લઈને થયું. વીતરાગ હોય તો ક્યાં શુભાશુભ છે? રાગદ્વેષ અને મિથ્યાભ્રમ ભળે તો એને શુભાશુભ જોગ કહેવાય. એનાથી ભેદજ્ઞાનના બળ વડે એટલે અંતર્મુખના પ્રયત્ન વડે ચળવા ન દે. એટલે કે તેના તરફ પાછો જવા ન દે.

'**પછી તેને...**' પહેલા શબ્દ હતોને? '**જીવ પ્રથમ તો...**' શબ્દ હતો એમાં. '**પછી તેને શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મસ્વરૂપમાં...**' ભગવાન આત્મા તો શુદ્ધદર્શન અને જ્ઞાનસ્વરૂપ છે. એટલે કે બીજી ભાષાએ કહીએ તો જ્ઞાતાદૃષ્ટા સ્વરૂપે ભગવાન છે આત્મા. સમજાણું કાંઈ? '**શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મા...**' એમ કીધુંને? શુદ્ધદર્શનજ્ઞાનવાળો એમેય નહિ. શુદ્ધદૃષ્ટાપણું અને શુદ્ધજ્ઞાતાપણું એવા સ્વભાવમય આત્મા એને આત્મા કહીએ. ગતિ કરે ઈ ત્રસ અને સ્થિર થાય ઈ સ્થાવર એવી જીવની વ્યાખ્યા છે એ વ્યાખ્યા સાચી નથી. સ્થાવર જે હોય એ સ્થિર રહે. એકેન્દ્રિય, પૃથ્વી, પાણી. ત્રસ હોય એ ચાલે. સ્થિર અને ચાલે એ બધી જડની ક્રિયા છે. એને આત્માની સાથે શું સંબંધ છે? અંદરમાં ચાલીને પોતાનો સ્વભાવ છોડીને રાગદ્વેષ અને ભ્રમણાથી મળેલા જોગમાં જે જોડાઈ ગયો છે એ સંસાર છે, એ દુઃખ છે, એ મિથ્યાત્વભાવ છે. એને એમાંથી ભેદજ્ઞાનબળ વડે એટલે કે આમ ભેદજ્ઞાન બતાવવું છેને? બાકી તો એના તરફનું લક્ષ છોડી દઈને સ્વ ચૈતન્યમૂર્તિ દર્શનજ્ઞાનમય આત્મા તરફ વળતાં પરથી ભિન્ન પડી જાય છે. ભિન્ન પડતાં સ્વમાં ઠરે છે. આવી ક્રિયા. હાથ આવે નહિ એવી ક્રિયા. હાથ આવે એ જાતની. ઓલામાં હાથ કાંઈ આવતું નથી. આહા..હા..! આ તો શુદ્ધ ચૈતન્યમય, જ્ઞાનમય આત્મા હાથ આવે છે. સમજાય છે કાંઈ? એમાં નિશ્ચળ

ઠરે એટલે નિશ્ચળ કરે, ભેદજ્ઞાનના બળ વડે. પરમાં જવા ન દે અને સ્વમાં સ્થિર કરે. આહા..હા..! ભારે ક્રિયા.

આત્મા એટલે જ્ઞાન અને દર્શનમય સ્વરૂપ. ત્રિકાળ જ્ઞાતા દૃષ્ટા સ્વભાવથી ભરેલો ભગવાન. એવા આત્મામાં રાગ ને દ્વેષ ને ભ્રમણાથી ખસીને, એ તો ભ્રમણાવાળા મળેલા જોગ કીધો એ તો એ વખતની વાત છે, એમાંથી ખસીને અંતર સ્વરૂપમાં.. ઝીણી વાત બહુ. સાંભળવામાં પણ જે વિકલ્પ છે, કહે છે કે રાગ છે. સાંભળવું છોડી દઈને એમ નથી કહ્યું. અહીં તો ઓલો રાગ છે એમાંથી છોડી દે. સમજાણું કાંઈ? પર તરફના વલણવાળો મિથ્યાત્વ અને રાગદ્વેષનો ભાવ એ મલિન છે, એ દુઃખરૂપ છે, અગ્નિ છે, કષાય છે, સંસાર છે, ઘોર સંસારનું મૂળ ઈ ભાવ છે. એનાથી ભેદજ્ઞાનના બળ વડે **'આત્મસ્વરૂપમાં નિશ્ચળ કરે...'** ત્યાં સુધી તો હજી સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થયું. સમજાણું કાંઈ? આ સ્થિતિમાં તો સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શન થયું. હવે વિશેષ વધે છે.

**'સમસ્ત બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત થઈને...'** પછી જે હજી અંદર આસક્તિ છે, ભિન્ન પડ્યો છે પણ આસક્તિ છૂટી નથી, એના આસક્તિના નિમિત્તો જે બાહ્ય ચીજ છે, સર્વ બાહ્ય અભ્યંતર પરિગ્રહ. ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ, દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ. ચોવીસ પ્રકારના પરિગ્રહ કહેવાય છે. બેયને છોડી દઈને એટલે આસક્તિના રાગભાવને છોડી દઈ અને સ્વભાવમાં લીન થવા જાય છે ત્યારે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ છૂટી જાય છે. ચારિત્રની વ્યાખ્યા છે. ચારિત્ર એને કહીએ. લુગડાં ફેરવી નાખે કે નગ્ન થઈ જાય માટે ચારિત્ર એમ નથી. ચારિત્ર, જેમાં રમવું છે એ ચીજનો અનુભવ થાય પછી એમાં રમે એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? જગતની બાહ્યની મીઠાશ, દૃષ્ટિથી ભિન્ન પાડતાં છૂટી જાય છે, કહે છે. પણ એમાં આસક્તિ રહી જાય છે. શું કીધું? રાગદ્વેષના, પુણ્ય પાપના ભાવની મીઠાશ અંતરથી ભેદજ્ઞાન કરતાં મીઠાશ છૂટી જાય છે પણ આસક્તિ છૂટતી નથી. એ આસક્તિ છોડવા માટે **'સમસ્ત બાહ્ય અભ્યંતર પરિગ્રહથી રહિત થઈને...'** આહા..હા..!

જેને સુખ મુખ્યનું જોઈતું હોય એને આ વિધિએ માર્ગ લેવો પડશે. ધૂળમાં ક્યાંય સુખ નથી, બધે અગ્નિ સળગે છે. રાગ દ્વેષની ઝાળ સળગે છે. સમજાણું કાંઈ? એમ હશે? મણિભાઈ! સુખી નથી સુખી? છોકરો હવે એ કામ કરે... આહા..હા..! ભાઈ! સુખ તો આત્મામાં છે. આત્મા આનંદથી ભરેલો છે. એ આનંદને પુણ્ય પાપના દુઃખભાવથી ભિન્ન પાડીને એમાં ઠરવું એકત્વ થવું એ પહેલું ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન છે. પછી સ્વરૂપમાં સ્થિરતા કરવા વિકલ્પ આદિ બાહ્ય બધા પરિગ્રહને છોડી દઈ, **'કર્મ-નોકર્મથી ભિન્ન...'** કર્મ શબ્દે ભાવકર્મ અને જડ આદિથી ભિન્ન **'પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈ...'** પોતાનો આનંદસ્વરૂપ ભગવાન એમાં આનંદના અનુભવમાં લીન થઈ **'તેને જ અનુભવ્યા કરે...'** એ આત્મા આત્મા અતીન્દ્રિય

એને જ અનુભવ્યા કરે, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં જ વારંવાર રમ્યા કરે. આહા..હા..! આ ચારિત્ર. સમજાણું કાંઈ? બાહ્ય નગ્નપણું ધારણ (કરે), પંચ મહાવ્રત (લે) એ કંઈ ચારિત્ર નથી. જેમાં રમવું છે, ઠરવું છે એ ચીજનો પત્તો સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થતા મળે છે. પછી એમાં ઠરે છે એકાગ્ર થઈને. અનુભવ્યા કરે, વારવાંર આનંદને અનુભવ્યા કરે. અતીન્દ્રિય આનંદના પીણા વારંવાર પીધા કરે. આહા..હા..!

**'તેના જ ધ્યાનમાં રહે,...'** વસ્તુને દ્રવ્યને ધ્યેય બનાવી એના જ ધ્યાનમાં એકાગ્ર થાય, **'તે જીવ આત્માને ધ્યાવાથી...'** તે જીવ આત્માનું ધ્યાન કરવાથી **'દર્શનજ્ઞાનમય થયો થકો...'** પહેલા રાગ અને પુણ્ય પાપરૂપે થતોને, એ છૂટીને દર્શનજ્ઞાનમયની પર્યાયરૂપે પરિણમ્યો. સમજાણું? પહેલું શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મસ્વરૂપ કહ્યું હતું, ત્રિકાળી વસ્તુ. હવે એ પોતે અંદર ધ્યાનમાં એકાગ્ર થવાથી **'દર્શનજ્ઞાનમય થયો થકો...'** પરિણતિમાં-અવસ્થામાં એકલી દૃષ્ટા ને જ્ઞાતાપણાની અવસ્થાપણે પરિણમતો. આહા..હા..! આ બધી ભાષા અને ભાવ બધા એવા છે, શેઠ! કાલે આવ્યા હતા, ચાંદખેડી કહેવાય છેને? એનો ... હતો. કીધું, એક કલાક ત્રણથી ચાર વ્યાખ્યાન છે. ... એણે સાંભળ્યું છે વ્યાખ્યાન. આ જાત્રામાં ... આમથી આમ ને આમથી આમ. કરવાનું એક કોર રહ્યું. આ ડુંગરે ફર્યા ને આ ડુંગરે ફર્યા, વચમાં હેરાન હેરાન.. ભૂખ લાગી છે સૌને, બે વાગ્યાથી બધા ભૂખ્યા છે. કાંઈક ખાશું. પણ આ જાત્રા તો અહીં છે. શેત્રુંજય, પણ શેત્રુંજય કોણ? શેત્રુંજય તો આત્મા છે. રાગ દ્વેષ અને અજ્ઞાન શત્રુને જીતનારો એવો આત્મા, માટે આત્મા શત્રુંજય છે. આ તો બધો વ્યવહાર છે. શુભભાવ હોય, એનું વજન કેટલું? આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! ત્રણલોકના નાથ સાક્ષાત્ બિરાજતા હોય દિવ્યધ્વનિથી, એના સાંભળવા તરફથી પણ જેને લક્ષ છોડીને આત્મામાં જાવું છે એને પરનો આશ્રય હોતો નથી. આહા..હા..! સાક્ષાત્ કેવળજ્ઞાન અને કેવળદર્શનપણે બિરાજમાન પરમાત્મા એને સાંભળતા પણ પરલક્ષમાં છે. એને પરલક્ષ અને પરલક્ષથી થતો રાગ એનાથી છૂટીને અંદરમાં જાય ત્યારે આત્માની પ્રાપ્તિ થાય. આહા..હા..! કેમકે સ્વનો આશ્રય લે તો પરિણતિ શુદ્ધ પ્રગટે. પરના આશ્રયમાં તો પરિણતિ અશુદ્ધ વર્તે, પછી શુભ હો કે અશુભ, બેય અશુદ્ધ છે. આહા..હા..!

**'આત્માને ધ્યાવાથી દર્શનજ્ઞાનમય થયો થકો અને પરદ્રવ્યમયપણાને ઓળંગી ગયો...'** વિકલ્પમાત્ર પરદ્રવ્ય છે રાગાદિ. આહા..હા..! એને ઓળંગી જઈને અંદરમાં ઘુસી ગયો. એ **'અલ્પ કાળમાં સમસ્ત કર્મથી મુક્ત થાય છે.'** લ્યો. એ જીવ અલ્પ કાળમાં સિદ્ધપદને પામે છે પણ આ એની રીત છે. સંવર થવાની આ એક રીત છે, બીજી કોઈ રીત છે નહિ.

## શ્લોક-૧૨૮

(मालिनी)

निजमहिमरतानां भेदविज्ञानशक्त्या
भवति नियतमेषां शुद्धतत्त्वोपलम्भः।
अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां
भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः।।१२८।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :- [भेदविज्ञानशक्तया निजमहिमरतानां एषां] જેઓ ભેદવિજ્ઞાનની શક્તિ વડે નિજ (સ્વરૂપના) મહિમામાં લીન રહે છે તેમને [नियतम्] નિયમથી (ચોક્કસ) [शुद्धतत्त्वोपलम्भः] શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ [भवति] થાય છે; [तस्मिन् सति च] શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થતાં, [अचलितम् अखिल-अन्यद्रव्य-दूरे-स्थितानां] અચલિતપણે સમસ્ત અન્યદ્રવ્યોથી દૂર વર્તતા એવા તેમને, [अक्षयः कर्ममोक्षः भवति] અક્ષય કર્મમોક્ષ થાય છે (અર્થાત્ ફરીને કદી કર્મબંધ ન થાય એવો કર્મથી છુટકારો થાય છે). ૧૨૮.

## કળશ-૧૨૮ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—'

निजमहिमरतानां भेदविज्ञानशक्त्या
भवति नियतमेषां शुद्धतत्त्वोपलम्भः।
अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां
भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः।।१२८।।

આ તો 'सति' એટલે છે એમ. છે. આવું થયા થકા. અહીં તો મગજમાં એમ આવ્યું કે જ્યારે આમ થાય ત્યારે 'सति' પરિણતિ સતિ થાય છે. ભાઈ! રાગ માથે એને રહેતો નથી. આહા..હા..! એક ધણી આત્મા માથે રહે છે. શુદ્ધ પરિણતિ થતા એને માથે માલિક

આત્મા રહે છે. સમજાણું? ઓલામાં આવે છેને? કથામાં આવે છે. જાડેજા, તોરલ નહિ? તોરલ. હતી કો'કની રાણી. જાડેજાની નહિ. જાડેજા તો હતો ઓલો, બહારવટિયો. તોરલ હતી બીજા ઠાકોરની રાણી. આ જાડેજા આવ્યો લૂંટવા. ઠાકોર કહે છે, હે તોરલ! જા ત્યાં. આ કહે છે, તને માંગે છે. રૂપાળી બહુ હતી. બહુ રૂપાળી. પોતે ધણી કહે છે, જા જા. એને એમ થઈ ગયું કે હું ત્યાં જઈશ એ સુધરશે. એમ થયું. ઓલો બીજી આશાથી આવેલો, ડાકુ. જાય છે, એની પાસે પડખે ઊભી રહે છે, હોં! .... પતિ છેને, બીજો પતિ વિકલ્પમાં નથી. સજ્જનતા તરીકે તો એને... અને ઈશ્વરની ભક્તિ એને. પડખે જાય છે ત્યાં જાડેજા કહે છે, અરે..! તમે તો સતિ છોને. પણ મારા ધણિ તમારે માટે મોકલે છે. એ જ્યાં પડખે જાય છે ત્યાં બેસે છે હોડીમાં, હોડી હોડી. એમાં હોડી હાલકડોલક થાય છે. બૂડશે કે બૂડી. જાડેજા કહે છે, હે તોરલ! હે તોરલદે! દેવી કહે છે. આ ડૂબે છે મારી હોડલી. રાણી કહે છે, પાપ તારા પ્રકાશ જાડેજા, ધર્મ તારો સંભાળ, તારી બેડલીને બૂડવા નહિ દઉં. એ પ્રકારના એક સજ્જનતાના .... બેડલી બૂડવા નહિ દઉં, સતિ છું હું સાથે, પતિએ મોકલી છે તારે માટે પણ આ માટે મને મોકલી છે હોં! તું બીજું માનતો હો તો નહિ. સમજાણું કાંઈ? મારા પતિને ખાત્રી છે કે હું ત્યાં જઈને એને ઉગારશે. મારે ... લેવા આવ્યો છે, જા જા. બુડે છે ને આમ બોલે છે, હે જાડેજા! તોરલ મેં બહુ પાપ કર્યા છે. પરણેલા મોડિયા સોતા રાજકુમારને મારી નાખ્યા છે. શેઠિયાના દીકરાઓ પરણતા પરણેલા મોડિયા સોતા મેં મારી નાખ્યા છે. મેં બહુ પાપ કર્યા, હરણિયાને મારી નાખ્યા. બોલ, બોલ, બોલ. પાપને બોલ એકવાર, પ્રકાશ કર. આહા..હા..! ઓલો પ્રકાશ કરે છે. એઈ..! અંતરમાં જવા માટે મથે છે, અહીં આત્મા મથે છે એમ કહેવું છે. સતિ પરિણતિ જ્યાં શુદ્ધ થઈ એ સતિનો પતિ તો ભગવાન આત્મા છે. એ પરિણતિનો રાગનો એ સ્વામી નથી. પરિણતિનો રાગ સ્વામી નથી. એ લુંટારા ડાકુએ છોડી દીધું પદ. અહીં પરિણતિ જાય છે અંદર, જે કંઈ પાપના પ્રકારો હોય એ લક્ષમાં નહિ લે, છોડી દે એનાથી દૃષ્ટિ. સમજાણું? એમ ન થાય કે અમે બૂડશું. નહિ બૂડે, તું ધ્યાન રાખ. આહા..હા..! તારો સંસારમાં.. જાડેજા, તારી બેડલીને બૂડવા નહિ દઉં. આહા..હા..!

એમ ભગવાન કહે છે કે જે રાગ અને દ્વેષના હોડલામાંથી ખસી ગયો છે, એ બેય વ્યભિચાર છે. આહા..હા..! અને જેણે આત્માનો સંગ કર્યો છે અંદર, અસંગનો સંગ કર્યો, સંગનો સંગ છોડી દીધો છે. સમજાણું કાંઈ? એમાં હાલકડોલક થતાં કહે છે, બાઈ! પણ મેં તો બહુ પાપ (કર્યા છે). ભૂલી જા, ભૂલી જા. પાપ નથી કર્યા તેં, પાપ કર્યા જ નથી. આવે છેને ઓલામાં? પડિકમણામાં આવે છે. સમયસાર નાટકમાં. કોણ કરે? કોણ કર્યા? મેં તો કાંઈ કર્યું નથી. પૂર્વના પાપ કર્યા હતા. કોણ કરે? કરનાર છે ક્યાં? આત્મા શું કરે?

ત્યાં પડિકમણમાં બોલ આવે છે, ૪૯-૫૦. સમયસાર નાટકમાં આવે છે. આહા..હા..!

કહે છે કે વ્યભિચાર એવા જે પુણ્ય અને પાપથી ભરેલા યોગો એમાંથી જેણે ભેદજ્ઞાન કરીને જે પરિણતિ અહીં વળી ગઈ.. આહા..હા..! લુંટારાએ છોડી દીધી પરિણતિ. પરિણતિ ગઈ સતિ સ્વભાવને આશ્રયે. આહા..હા..! કહે છે, એ પરદ્રવ્યને ઓળંગી ગયો આત્મા અને સ્વદ્રવ્યમાં આત્મા લીન થયો. આહા..હા..! એ અલ્પ કાળમાં સર્વથી મુક્ત થાય છે.

'**શ્લોકાર્થ :—** '**भेदविज्ञानशक्तया**' પાછું આવ્યું. '**જેઓ ભેદવિજ્ઞાનની શક્તિ વડે...**' દેખો! કોઈ કષાયની મંદતાની શક્તિ વડે કે સહાય વડે, એ નહિ. જે કંઈ રાગાદિ વિકલ્પ છે મેલ એમાંથી ખસીને પર્યાયબુદ્ધિમાંથી ખસીને એમ કહે છે. ભેદવિજ્ઞાન એટલે પોતાનો રાગ વિનાનો ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એમાં આરૂઢ થાય છે એ '**નિજ (સ્વરૂપના) મહિમામાં લીન રહે છે...**' નિજ મહિમા છેને? મહિમાનો અર્થ આનંદમાં લીન રહે ઈ મહિમા એની. સમજાણું કાંઈ? પરથી ભિન્ન પડીને સ્વરૂપના આનંદમાં રહે એનું નામ '**निजमहिमारतानां**'. આહા..હા..! સમજાણું કાંઈ? એ ઓઝલમાં પડ્યો આત્મા એની ઓઝલ તોડી નાખી, કહે છે. અંદર આત્મા આનંદમૂર્તિ પ્રભુ એના અંતર વેદન અને અનુભવમાં ગયો, કહે છે કે એ મહિમામાં લીન થઈ ગયો. એટલે કે આનંદની ઝલક અંદરમાં આવી, ઠરી ગયો અંદરથી. આહા..હા..! જેના અંશમાં આટલો આનંદ એ પૂર્ણ કેટલો! જેના નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાન થતાં અંશ આનંદ જેમાં આવે એનો પૂર્ણ આનંદ કેટલો! એમ જે નિજ સ્વરૂપના અનુભવમાં લીન છે એ નિજ મહિમામાં રત છે. રાગની મહિમા કરીને રાગમાં જે રત હતો (એ ત્યાંથી છૂટી ગયો). આહા..હા..! પાંચ, પચાસ લાખ પૈસા હોય, છોકરા કાંઈક ઠીક હોય, શરીર ઠીક હોય, બાયડી ઠીક હોય, કહ્યાગરી અને પૂછો જુઓ, ઘર ને મકાન ને આબરૂ, ચારે કોરનો ઘેરાવો થઈ ગયો હોય કષાયનો. એમાં બેઠો હોય તો એને એમ લાગે કે આહા..હા..! (પણ) હોળી સળગે છે બધી.

મુમુક્ષુ :— એને લાગે છે?

ઉત્તર :— એને લાગે કે અમે આનંદમાં છીએ, અમારા જેવા કોઈ સુખી નથી. કીધું નહોતું એક ફેરી? રાણપુરનું. અપાસરામાં હતા. એક ગરીબ હરિજન બિચારો હતો, ભંગી હશે, ખાટલો ભરતો, ખાટલો. કાથી ભરેને કાથી. રાણપુરના અપાસરાની સામે છેને ઓલા વોરાનો ખાંચો. ત્યાં હતો. ગરીબ માણસ બિચારો. ૮૪ની વાત છે, ૮૪ની સાલ. ભરતો હતો એમાં ટાઈમ થયો એટલે એની બાયડી આવી, એનો એક છોકરો આવ્યો. એક હાંડલી એમાં છાશ, રોટલો (લઈને બેઠા). ગરીબ માણસ બિચારો. ખાટલા સમજો છો? ચારપાઈ. કાથી ભરતો હતો. દસ, સાડા દશ થયા એટલે ખાવા બેઠા ત્રણે. છોડી હતી કાંઈક. ચક્રવર્તીનું રાજ જોઈ લ્યો. એક કોર નિરંજન તમારો બેઠો હોય, બાયડી તો મરી ગઈ તમારી, છોકરા

પરણાવ્યા છે, વહરુ (હોય), વચમાં બેસે. એઈ..! અમે સુખી છીએ એમ માને. ધૂળમાંય નથી. સળગે છે અગ્નિ ત્યાં. તને ભાન નથી. આહા..હા..! આત્માનો વેરી થઈને વિકારને વેદે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાલમાં બહુ પાણી હોયને ત્યાં ફોડા પડે ફોડા. આમ ઉપર જરીક દેખાય પણ ઈ પગ મૂક્યો ભેગો હેઠો ઉતરી જાય. એવા ફોડા હોય. ફોડા સમજો છો? વરસાદ બહુ હોયને, બહાર પાણી સાધારણ લાગે. ઊંડુ ઊંડુ બે માથોડા, ત્રણ માથોડા (હોય). એક વાર એની વહુ અને છોકરા બે નીકળ્યા હતા. એમાં એ જરીક આઘો ગયો ત્યાં આ બિચારીને પગની ખબર ન રહી. આમ જોવે ત્યાં કાંઈ નહિ, છોડી ઊતરી ગઈ અંદર. અજ્ઞાની રાગમાં એટલા ઊતરી જાય છે, ડૂબી જાય છે. ફોડા પડ્યા છે એને અજ્ઞાનના. લીન લીન થઈ જાય. ઓહો..હો..! ક્યાંય આત્મા ક્યાં છે એનો પત્તો એને નથી.

ધર્મીજીવ તો એને '**નિયમથી (ચોક્કસ) શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ...**' પરથી ભિન્ન પડીને આત્માની પ્રાપ્તિ કરે છે. આહા..હા..! ઓલો ઊંડે ઊંડે ન્યાં ગરી જાય છે તો આ ઊંડે ઊંડે આત્મામાં જાય છે. ઊંડે આવે છેને? નિયમસારમાં આવે છે, નિયમસારમાં. અંદર પેસીને. ક્યાં ઊંડે? અંદરમાં.. ઉપરની પર્યાય ઉપરથી લક્ષ છોડી દઈને ધ્રુવ જે પર્યાયની પાછળ અંદર ધ્રુવ પડ્યું છે આખું, આખા અસંખ્ય પ્રદેશે હોં! ઊંડે ઊંડેનો અર્થ એવો નથી કે ઉપરની પર્યાય છે અને મધ્યમાં છે અને અંદર દ્રવ્ય છે આમ. આખા અસંખ્ય પ્રદેશે એક સમયની પર્યાય છે. એ પર્યાય ઉપરનું લક્ષ છોડી અંદર ઊંડે જા. જ્યાં ધ્રુવ તત્ત્વ પડ્યું છે ત્યાં નજર કર. ત્યાં નજર કરતાં કહે છે, નિયમથી એને આત્માની પ્રાપ્તિ થાય છે. આહા..હા..!

'**શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થાય છે;...**' ચોક્કસ થાય છે. નિયત. જેને અંતર ભગવાન દ્રવ્યસ્વભાવ પરમભાવ પારિણામિકભાવ એકરૂપ સહજ તત્ત્વ છે, વસ્તુ છેને, સત્ત્વ છેને આખું મોટું એક સમયનો પર્યાય તો ક્ષણિક છે, નાશવાન છે, અવિનાશી તો આ ભગવાન છે. એવા અવિનાશીને પ્રાપ્ત કરે છે, કહે છે. પર્યાયમાં એનું પ્રાપ્તપણું થાય છે. પર્યાયમાં જે રાગનું પ્રાપ્તપણું અજ્ઞાનમાં હતું એ પર્યાયમાં 'આ આત્મા છે' એમ પ્રાપ્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી કેવી ક્રિયા હશે આ ધર્મની ક્રિયા?

'**तस्मिन् सति**' '**શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થતાં,...**' એમ છેને? શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ હોતાં. રાગાદિ વિકલ્પથી ખસીને ભગવાન નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ એનો અંતર ભેટો થતાં એને આત્મા શું છે એની પ્રાપ્તિ થાય છે. આહા..હા..! અને એ આત્માની પ્રાપ્તિ થતાં ઈન્દ્રના ઈન્દ્રાસનો મીંદડા સડી ગયા હોય, કૂતરા સડી ગયા હોય એવા સુખ લાગે એને. ઈન્દ્રના સુખ હોં! અહીં તો બધું સમજવા જેવું હોય. બે દિ' આહાર ન ખાય ને જ્યાં તાવ આવ્યો હોય ત્યાં મોઢું ઉં..ઉં.. થઈ જાય, લ્યો. ત્રણ દિ' ચાર પાંચ ડિગ્રી તાવ આવે, કાંઈ લેવાય

નહિ, વૈદ્ય તો ના પાડે. ઓલા કહે કે ચોખા લેજો, દાળ લેજો, થુલી લેજો. થુલી સમજ્યા? દલિયા. ખાવાની ના પાડે તો આ સુકાઈ જાય. આ તો ઈન્દ્રના ઈન્દ્રાસનો, જેને આહારની જરૂર નહિ, અમૃતના ઓડકાર જેને હજાર વર્ષે આવે, આહા..હા...! એ ઈન્દ્રના સુખો પણ જેને, ધર્મની આત્માની પ્રાપ્તિ થઈ એને ઈન્દ્રના સુખ એ સડ્યા તરણા જેવા લાગે. આહા..હા..! અજ્ઞાનીને પોતાથી અધિક બહારની ચીજો ભાસે છે. આહા.. આહા.. એમ વિસ્મય થાય છેને એને. પૈસા કરોડ, બે કરોડ, પાંચ કરોડ.. આહા..! શું આહા છે? ધૂળ. દુઃખનો આહા છે. સમજાણું કાંઈ?

ધર્મીજીવ તો પરથી ખસી અને સ્વની પ્રાપ્તિ અંદરમાં કરે છે અને '**અચલિતપણે સમસ્ત અન્યદ્રવ્યોથી દૂર વર્તતા...**' અંદરમાં એવા ઠરે છે કે પરદ્રવ્યથી દૂર વર્તતા ચળતા નથી. આહા..હા..! આ એક ધાર્મિક ક્રિયા અંદરની. આરે.. આરે.. ભારે! હાથ આવે નહિ એટલે બિચારા ક્યાંકનું ક્યાંક મથે. અહીંથી આ મળશે ને અહીંથી આ મળશે. વ્રત કરવાથી મળશે અને તપ કરવાથી મળશે. ડુંગરે જાત્રા કરવાથી મળશે. ન્યાં ક્યાં ડુંગરે ભગવાન હતો, ભગવાન તો અહીં છે. આહા..હા..! જુઓ! કીધુંને? પરથી જુદું પાડીને ચોક્કસ શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ એને થાય છે. આહા..હા..! '**અચલિતપણે સમસ્ત અન્યદ્રવ્યોથી દૂર વર્તતા એવા તેમને,...**' '**अक्षयः कर्ममोक्षः भवति**' '**અક્ષય કર્મમોક્ષ થાય છે (અર્થાત્ ફરીને કદી કર્મબંધ ન થાય એવો કર્મથી છૂટકારો થાય છે).**' આહા..હા..! એટલે મોક્ષ થાય છે. સંવરની વિધિથી મોક્ષ સુધી લઈ ગયા છેને.

## ગાથા-૧૯૦-૧૯૨

केन क्रमेण संवरो भवतीति चेत् -

तेसिं हेदू भणिदा अज्झवसाणाणि सव्वदरिसीहिं।
मिच्छत्तं अण्णाणं अविरयभावो य जोगो य।।१९०।।
हेदुअभावे णियमा जायदि णाणिस्स आसवणिरोहो।
आसवभावेण विणा जायदि कम्मस्स वि णिरोहो।।१९१।।
कम्मस्साभावेण य णोकम्माणं पि जायदि णिरोहो।
णोकम्मणिरोहेण य संसारणिरोहणं होदि।।१९२।।

तेषां हेतवो भणिता अध्यवसानानि सर्वदर्शिभिः।
मिथ्यात्वमज्ञानमविरतभावश्च योगश्च।।१९०।।
हेत्वभावे नियमाज्जायते ज्ञानिन आस्रवनिरोधः।
आस्रवभावेन विना जायते कर्मणोऽपि निरोधः।।१९१।।
कर्मणोऽभावेन च नोकर्मणामपि जायते निरोधः।
नोकर्मनिरोधेन च संसारनिरोधनं भवति।।१९२।।

सन्ति तावज्जीवस्य आत्मकर्मैकत्वाध्यासमूलानि मिथ्यात्वाज्ञानाविरतियोगलक्षणानि अध्यवसानानि। तानि रागद्वेषमोहलक्षणस्यास्रवभावस्य हेतवः। आस्रवभावः कर्महेतुः। कर्म नोकर्महेतुः। नोकर्म संसारहेतुः इति। ततो नित्यमेवायमात्मा आत्मकर्मणोरेकत्वाध्यासेन मिथ्यात्वाज्ञानाविरतियोगमयमात्मानमध्यवस्यति। ततो रागद्वेषमोहरूपमास्रवभावं भावयति। ततः कर्म आस्रवति। ततो नोकर्म भवति। ततः संसारः प्रभवति। यदा तु आत्मकर्मणोर्भेदविज्ञानेन शुद्धचैतन्यचमत्कारमात्रमात्मानं उपलभते तथा मिथ्यात्वाज्ञानाविरतियोगलक्षणानां अध्यवसानानां आस्रवभावहेतूनां भवत्यभावः। तदभावे रागद्वेषमोहरूपास्रवभावस्य भवत्यभावः। तदभावे भवति कर्माभावः। तदभावेऽपि भवति नोकर्माभावः। तदभावेऽपि भवति संसाराभावः। इत्येष संवरक्रमः।

---

હવે પૂછે છે કે સંવર ક્યા ક્રમે થાય છે ? તેનો ઉત્તર કહે છે :

રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાનને,
-મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમ જ યોગને. ૧૯૦.
હેતુઅભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,
આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મ તણો બને; ૧૯૧.
કર્મોતણા ય અભાવથી નોકર્મનું રોધન અને
નોકર્મના રોધન થકી સંસારસંરોધન બને. ૧૯૨.

ગાથાર્થ :- [तेषां] તેમના (પૂર્વે કહેલા રાગદ્વેષમોહરૂપ આસ્રવોના) [हेतवः] હેતુઓ [सर्वदर्शिभिः] સર્વદર્શીઓએ [मिथ्यात्वम्] મિથ્યાત્વ, [अज्ञानम्] અજ્ઞાન, [अविरतभावः च] અવિરતભાવ [योगः च] અને યોગ—[अध्यवसानानि] એ (ચાર) અધ્યવસાન [भणिताः] કહ્યા છે. [ज्ञानिनः] જ્ઞાનીને [हेत्वभावे] હેતુઓના અભાવે [नियमात्] નિયમથી [आस्रवनिरोधः] આસ્રવનો નિરોધ [जायते] થાય છે, [आस्रवभावेन विना] આસ્રવભાવ વિના [कर्मणः अपि] કર્મનો પણ [निरोधः] નિરોધ [जायते] થાય છે, [च] વળી [कर्मणः

अभावेन] કર્મના અભાવથી [नोकर्मणाम् अपि] નોકર્મોનો પણ [निरोधः] નિરોધ [जायते] થાય છે, [च] અને [नोकर्मनिरोधेन] નોકર્મના નિરોધથી [संसारनिरोधनं] સંસારનો નિરોધ [भवति] થાય છે.

ટીકા : પ્રથમ તો જીવને, આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ (અભિપ્રાય) જેમનું મૂળ છે એવાં મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે, તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે; આસ્રવભાવ કર્મનું કારણ છે; કર્મ નોકર્મનું કારણ છે; અને નોકર્મ સંસારનું કારણ છે. માટે સદાય આ આત્મા, આત્મા ને કર્મના એકપણાના અધ્યાસથી મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય આત્માને માને છે (અર્થાત્ મિથ્યાત્વાદિ અધ્યવસાન કરે છે); તેથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે, તેથી કર્મ આસ્રવે છે; તેથી નોકર્મ થાય છે; અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે. પરંતુ જ્યારે (તે આત્મા), આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ઉપલબ્ધ કરે છે—અનુભવે છે ત્યારે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો કે જે આસ્રવભાવનાં કારણો છે તેમનો અભાવ થાય છે; અધ્યવસાનોનો અભાવ થતાં રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવનો અભાવ થાય છે; આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે; કર્મનો અભાવ થતાં નોકર્મનો અભાવ થાય છે; અને નોકર્મનો અભાવ થતાં સંસારનો અભાવ થાય છે. આ પ્રમાણે આ સંવરનો ક્રમ છે.

ભાવાર્થ :— જીવને જ્યાં સુધી આત્મા ને કર્મના એકપણાનો આશય છે ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો વર્તે છે, અધ્યવસાનથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ થાય છે, આસ્રવભાવથી કર્મ બંધાય છે, કર્મથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થાય છે અને નોકર્મથી સંસાર છે. પરંતુ જ્યારે તેને આત્મા ને કર્મનું ભેદવિજ્ઞાન થાય છે ત્યારે શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થવાથી મિથ્યાત્વાદિ અધ્યવસાનોનો અભાવ થાય છે, અધ્યવસાનના અભાવથી રાગદ્વેષમોહરૂપ આસ્રવનો અભાવ થાય છે આસ્રવના અભાવથી કર્મ બંધાતાં નથી, કર્મના અભાવથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થતાં નથી અને નોકર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે. —આ પ્રમાણે સંવરનો અનુક્રમ જાણવો.

## ગાથા-૧૯૦-૧૯૨ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે સંવર ક્યા ક્રમે થાય છે?' ઠીક! ચારિત્રમાં ક્રમ પડે છેને, ભાઈ! એથી આ પ્રશ્ન છે. દર્શનમાં ક્રમ નથી. સમ્યગ્દર્શનમાં તો એક સમયમાં આખા દ્રવ્યની પ્રતીત થતાં આખો આત્મા પ્રતીતમાં, અનુભવમાં આવે છે. એમાં ખંડ ન હોય કે થોડો આવે ને થોડો આવે નહિ. અહીં ઈ વાત કરે છે. અક્રમે દ્રવ્યને પકડતાં પછી સ્થિરતામાં ક્રમ પડે છે. સમજાણું કાંઈ? સ્વરૂપમાં ઠરવાને માટે ક્રમ પડે છે, દ્રવ્યને પકડવા માટે ક્રમ પડે છે એમ નહિ. સમજાણું કાંઈ? ચારિત્ર છે એ વિશેષ પ્રયત્ન છેને. દૃષ્ટિમાં દ્રવ્ય હોવા છતાં પુરુષાર્થની કમીને લઈને આસક્તિ થઈ જાય છે એને ટાળવા એનો ક્રમ હોય છે, કહે છે. સમજાણું કાંઈ? એકદમ ટળી શકતું નથી. એક સમયમાં જેમ સમ્યગ્દર્શન થાય, એમ એક સમયમાં ચારિત્ર થઈ જાય એમ નહિ એમ કહે છે. સંવર એટલે શાંતિની ક્રિયા, ચારિત્રની ક્રિયા એનો ક્રમ શું છે? કેવી રીતે શાંતિ પૂર્ણ થાય? ત્રણ ગાથા છે.

'तेसिं हेदू भणिदा अज्झवसाणाणि सव्वदरिसीहिं।' જુઓ! આધાર આપે છે, જોયું? કુંદકુંદાચાર્ય પણ આધાર (આપે છે કે) સર્વદર્શીએ આમ કહ્યું છેને, ભાઈ! આહા..હા..! પોતે કહે તોય એ તો બરાબર છે, પણ ત્રણલોકના નાથ આમ કહે છે.

तेसिं हेदू भणिदा अज्झवसाणाणि सव्वदरिसीहिं।<br>
मिच्छत्तं अण्णाणं अविरयभावो य जोगो य।।१९०।।<br>
हेदुअभावे णियमा जायदि णाणिस्स आसवणिरोहो।<br>
आसवभावेण विणा जायदि कम्मस्स वि णिरोहो।।१९१।।<br>
कम्मस्साभावेण य णोकम्माणं पि जायदि णिरोहो।<br>
णोकम्मणिरोहेण य संसारणिरोहणं होदि।।१९२।।

સંવર છે ખરોને, નિરોધ.. નિરોધ...

એનું હરિગીત.

રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાનને,<br>
-મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમ જ યોગને. ૧૯૦.<br>
હેતુઅભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,<br>
આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મ તણો બને; ૧૯૧.<br>
કર્મોતણા ય અભાવથી નોકર્મનું રોધન અને<br>
નોકર્મના રોધન થકી સંસારસંરોધન બને. ૧૯૨.

સંરોધન આવ્યું. કહો, સમજાણું? '**णिरोहणं**' શબ્દ છે ત્યાં '**संसारणिरोहणं**'. ...

'**ટીકા :— પ્રથમ તો, જીવને, આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ (અભિપ્રાય) જેમનું મૂળ છે...**' ભગવાન આનંદ અને જ્ઞાયકસ્વરૂપ એને, પુણ્ય પાપના વિકલ્પો અને કર્મ જડ બધું એક છે. એ કર્મના એકપણાનો અધ્યાસ છે. પુણ્ય અને પાપના ભાવ અને આત્મા, બેને એકપણાનો અભ્યાસ એ '**(અભિપ્રાય) જેમનું મૂળ છે...**' એકપણાના અભિપ્રાયથી આ બધા '**મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે,...**' શું કીધું? આત્મ વસ્તુ છે એ તો ચૈતન્યગંજ પ્રભુ છે એને રાગ અને પુણ્ય પાપના યોગ.. સંવર કહેવો છેને? એ ભાવની સાથે એકત્વબુદ્ધિ છે. એ અભિપ્રાય જ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ છે. એવો અભિપ્રાય જેનું મૂળ છે. એને લઈને આ બધું મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? જુઓ! અધ્યવસાન કીધા છે.

ત્રણ વાત અટપટી લઈને એની વાત કરવી છે. ભગવાન આત્મા એ તો જ્ઞાયકસ્વરૂપ ચિદ્ આનંદકંદ એને કર્મ નામ રાગાદિના પરિણામ અને કર્મ જડ એના એકપણાની જે અભિપ્રાયદશા, એ અભિપ્રાય જેનું મૂળ એવા મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, યોગસ્વરૂપ અધ્યવસાનો (અર્થાત્) એકતાબુદ્ધિ. '**તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...**' એ રાગદ્વેષમોહસ્વરૂપ, કોણ? મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, યોગસ્વરૂપ અધ્યવસાન '**તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે; આસ્રવભાવ કર્મનું કારણ છે;...**' એવો જે રાગદ્વેષ અને મિથ્યાત્વનો ભાવ એ કર્મનું કારણ છે. એને લઈને કર્મ આવે છે. કર્મનું કારણ છે એટલે આવે છે કર્મ. ભાષા બે રાખી છે, જોયું? કોઈ કહે, જીવને, આત્માને અને કર્મને. આ જીવને અને આત્માને, કર્મને. એમ ભાષા. આત્મા કોઈ જુદો હશે અને જીવ જુદો હશે? એટલે કોઈ એમ જ માને કે આત્મા તો તદ્દન રાગ વિનાની જુદી ચીજ છે અનાદિથી અને જીવ હોય એને રાગની એકતાબુદ્ધિ હોય છે. એથી બે શબ્દ મૂક્યા છે. સમજાણું કાંઈ? એમ નથી. જીવ કહો કે આત્મા કહો (બન્ને એક જ છે).

જીવને.. સંસ્કૃત ટીકામાં છે, '**सन्ति तावज्जीवस्य आत्मकर्मैकत्वाध्यासमूलानि** ' આહા..હા..! ભાષા જ એવી ટીકામાં સહજ આવી છે. ભગવાન આત્માને પોતે અને રાગનો વિકલ્પ જે છે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ, એ કર્મ જ છે. ભાવકર્મ સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ એ કર્મ છે, આત્મા નહિ. બેના એકપણાનો અભિપ્રાય જેના મૂળમાં છે. એ અભિપ્રાયથી આ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરિતિ, યોગસ્વરૂપનો અધ્યવસાય વિદ્યમાન છે. એકતાબુદ્ધિ એને લઈને વર્તે છે. ભારે. '**તેઓ...**' એટલે અધ્યવસાયો '**રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...**' એ એકતાબુદ્ધિ જ રાગદ્વેષમોહનું કારણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ત્રણ બોલ લીધા છે.

ભગવાન આત્મા આનંદનું ધામ એ તો પ્રભુ, એને આત્મા કહીએ. અતીન્દ્રિય આનંદનો સાગર, સ્વભાવનો સાગર છે. એ રાગનો વિકલ્પ જે કર્મ છે એની સાથે જે એકતાનો અભિપ્રાય, એ અભિપ્રાયને લઈને મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિરૂપ અધ્યવસાયની એકતા વિદ્યમાન છે એને. એને લઈને મિથ્યાત્વમાં એકતાબુદ્ધિ, અજ્ઞાનમાં, અવિરતિ અને યોગમાં એકતાબુદ્ધિ છે. સમજાણું કાંઈ? ઝીણું છે જરી. અને એ '**રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...**' ઈ અધ્યવસાય છે, અહીં એકતાબુદ્ધિ ઉપર જોર દેવું છે. રાગની એકતાબુદ્ધિ સ્વભાવની સાથે એને લઈને, એ અભિપ્રાય મૂળ છે જેનો, એને લઈને મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગના અધ્યવસાયો હયાતી ધરાવે છે. એને લઈને આ અધ્યવસાય હયાતી ધરાવે છે. અને તેઓ એટલે તે અધ્યવસાયો '**રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...**' રાગદ્વેષ અને મિથ્યાત્વરૂપી ભાવ એનું એ કારણ છે. આહા..હા..!

'**આસ્રવભાવ કર્મનું કારણ છે;...**' એ રાગદ્વેષ અને મિથ્યાત્વભાવ એ આસ્રવ છે, એ કર્મનું કારણ છે, એને લઈને કર્મ આવે. '**કર્મ નોકર્મનું કારણ છે;...**' કર્મ શરીરનું કારણ છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ વર્ણવે છે હોં! પાછું કોઈ એમાં લગાડી દે કે આ કારણ આવ્યું, આ કારણ આવ્યું. કર્મ એ નોકર્મ (અર્થાત્) શરીરનું કારણ છે. લ્યો, અહીં તો નિમિત્ત નૈમિત્તિક સંબંધે ઊભું કેમ થાય એમ બતાવવું છે. કર્મને લઈને શરીર છે? શરીર લઈને શરીર છે, કર્મ તો નિમિત્ત છે. આસ્રવને લઈને કર્મ છે એ નિમિત્તથી વાત છે. ... અહીંથી આમ થતાં થતાં આમ થાય છે એમ કહેવું છે. સમજાણું કાંઈ?

'**આસ્રવભાવ કર્મનું કારણ છે;...**' પહેલા તો એમ કીધું કે રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવના કારણ છે. ઈ તો ઠીક, એના ને એના પરિણામ છે. '**આસ્રવભાવ કર્મનું કારણ છે;...**' આસ્રવ તો મિથ્યાત્વ, અજ્ઞાન પરિણામ જે એકત્વબુદ્ધિ એ કર્મનું કારણ છે. કર્મ તો જડ છે એનું આ નિમિત્ત કારણ છે. આમ નિમિત્ત નૈમિત્તિક સંબંધ જોડી દે છે. અનાદિથી આમ કરે છે કહે છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ છોડ્યો નથી, એને નિમિત્ત સંબંધ આમ ચાલ્યો જાય છે. સમજાણું કાંઈ? પછી આમાંથી કાઢે, જુઓ! આસ્રવને લઈને કર્મ જડ આવે. જુઓ! આમાં નથી કહ્યું? ઈ તો આ બાજુ ઢળ્યો નથી અને પર બાજુ ઢળ્યો છે એટલે એ અભિપ્રાયથી આસ્રવ આવે છે, એકતાબુદ્ધિ. એને લઈને કર્મ આવે છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. અને કર્મને લઈને નોકર્મ, શરીર. કર્મ છે તો શરીર મળે. અહીં અશરીરી બતાવવું છે એટલે અહીં શરીર મળે આમ હોય તો.

'**અને નોકર્મ સંસારનું કારણ છે;...**' લ્યો. એ શરીર રખડવાનું કારણ છે. કહો, સમજાણું આમાં? છેને, પણ નોકર્મ સંસારનું કારણ, રખડવાનું કારણ. એમાં એકતાબુદ્ધિ થઈને એના પ્રત્યેનું લક્ષ રહ્યા કરે છે એ સંસારનું કારણ છે. આમાંથી ને આમાંથી કાઢે. એક જણો

કહેતો હતો, આમાંથી હું બતાવી દઉં. ચંદ્રશેખર નહિ? લીંબડીમાં આવ્યો હતો. સમયસારમાંથી બતાવી દઉં. પણ બાપુ! સમયસાર ભાઈ! ઝીણી ચીજ છે. ચંદ્રશેખર છેને? જીવાભાઈનો, જીવ પ્રતાપનો ભત્રીજો. સમયસારમાંથી કાઢી દઉં. ચશ્મા વિના દેખાય નહિ. પૂછો બધાને. આવી ગયું. શું કરવું? એને બેઠી હોય એ પ્રમાણે વાત કરે. આહા..હા..!

અહીંયા તો આત્મા અને વિકારી ભાવ, બેમાં એકત્વનો જે અભિપ્રાય, મિથ્યાત્વ, એ મિથ્યાત્વ જેનું મૂળ છે એવા મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત, કષાય, યોગ છે. એ મૂળિયામાંથી આ બધા ફાટ્યા છે. વિકારભાવ આખો. એ વિકારભાવ રાગદ્વેષમોહના આસ્રવનું કારણ છે. આહા..હા..! અને એ રાગદ્વેષમોહ જે આસ્રવ છે એ કર્મનું કારણ છે, કર્મ છે એ શરીરનું કારણ છે અને શરીર તે સંસારનું કારણ છે. આહા..હા..! કહો, શરીર કંઈ ધર્મનું કારણ થાય? એમ કહે છે. શરીરથી ધર્મ થાય? આહા..હા..! શરીર શરીર આ જડ. ભગવાન ચૈતન્યનું શરીર ભિન્ન, આ જડનું શરીર ભિન્ન. આવા પરિણામ જેને હોય છે એને શરીર, કર્મ થાય છે રાગદ્વેષમોહના પરિણામ. એ જ આસ્રવ છે, એનાથી કર્મ થાય છે, કર્મથી શરીર મળે, શરીરથી સંસાર. આમને આમ સંબંધ જોડી જોડીને સંસાર રખડે છે એમ કહે છે. સમજાણું?

'**માટે—સદાય આ આત્મા,...**' એમ પાછું. ઓલાપણે લીધું, પ્રથમ તો, જીવને અને આત્માને. જીવને, આત્માને અને કર્મને એકપણાનો અધ્યવસાય છે. પાછું સદાય આ આત્મા, '**આત્મા અને કર્મના એકપણાના અધ્યાસથી...**' બધું ભેગું. '**આ આત્મા, આત્મા અને કર્મના એકપણાના...**' અભિપ્રાયથી. રાગના, પુણ્યના વિકલ્પના એકપણાના અભિપ્રાયથી '**મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય આત્માને માને છે...**' લ્યો. અજ્ઞાની એને જ આત્મા માને છે. આત્મા, આત્મા અને કર્મના એકપણાની બુદ્ધિથી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, યોગમય આત્માને માને છે. એ આત્મા છે, મિથ્યાત્વ એ આત્મા છે, અજ્ઞાન એ આત્મા છે, રાગ એ આત્મા છે, યોગ એ આત્મા છે. જે આત્મા નથી એને આત્મા માને છે. આવા લાંબા વિચાર કરીને કોણ નવરો થાય? નવરાશ ક્યાં છે? મરવાની નવરાશ નથી એમ કેટલાક કહે છે. ધંધા એવા હોયને, નવરાશ ક્યાં? મરવાની નવરાશ નથી. અરે..! મરવા ટાણે પડીશ તો એં.. થઈ જશે. નવરાશ નથી શું? એમ અભિમાનમાં બોલે. અત્યારે તો કામ છે. આહા..હા..! મરવાની ફુરસદ નથી. એક જણાને પૂછ્યું હતું, કીધું, કાંઈ વાંચવાનો વખત? અરે..! મહારાજ! અમારે ઠેકાણે તમે (હો તો) તમને ખબર પડે. આહા..! ભારે કરી. હીરાભાઈના મકાનમાં વાત થઈ હતી. નવી બાઈ અને ઈ, બેય જણ આવ્યા હતા. તે દિ' તો પૈસા થોડા હતા. સાંઈઠ લાખ, સાંઈઠેક લાખ તે દિ', પછી આઠ, નવ, દસ કરોડ થઈ ગયા. મેં કીંધું, આ વાંચનનો વખત મળે છે કે નહિ? મહારાજ! અમારે ઠેકાણે તમે હો તો ખબર પડે. ...ભાઈ! પછી ખંખેર્યા હરખાઈના. અમારે શું? કોની સામે બોલો છો આ? શું કહો

છો આ? આ બધા પૈસાના વ્યવસાય અમારે છે માટે નિવૃત્તિ મળતી નથી. આટલું બધું અભિમાન, આ શું છે તમને? સાંભળતા હતા બિચારા. ક્યાં તમે બોલ્યા? શું બોલ્યા? ... પછી ત્રીસ, ચાલીશ હજાર હતા. એના બાપ છોટાભાઈ પાસે પાંત્રીસ હજાર રૂપિયા. પછી તો વાપરતા ને... ત્રણ, ચાર કરોડ રૂપિયા... પાવર ફાટી જાય છે કે નહિ? પોપટભાઈ! અરે..! ભગવાન! ભાઈ! નવરો જ છો. ક્યાં તો પરની સાથે ક્રિયા કરે છે? રાગ અને આત્માને એકપણે માન્યો છેને. આહા..! તેથી આવા બધા અભિપ્રાયો ઊભા થાય છે. એને લઈને કહે છે કે મિથ્યાત્વાદિ અધ્યવસાન એકતાબુદ્ધિ કરે છે. રાગને અને આત્માને એક માન્યા છે એટલે મિથ્યાત્વ, અવ્રત પરિણામને પોતામાં એકપણે માને છે. એનો વિસ્તાર કર્યો. રાગના પછી પ્રકાર બધા પાડ્યા. વિકાર અને આત્માને એક માન્યા એટલે આ બધા પ્રકાર પાડ્યા. પાંચે. કહો, સમજાણું કાંઈ? ... આવી ગયું. અવિરતિમાં પ્રમાદ આવી ગયો. અહીં અજ્ઞાન લીધું છેને. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ છે. અહીં અજ્ઞાન લીધું છે.

'તેથી...' ભગવાન આત્મા તો નિરાળો ચૈતન્યગંજ પડ્યો છે પ્રભુ કહે છે. પણ ઓલા રાગના વિકલ્પની ઉપર દૃષ્ટિને લઈને એકત્વ માન્યું છેને, એવા અભિપ્રાયને કારણે એને મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત અને યોગના અધ્યાવસાયની એકતાબુદ્ધિ ઊભી થઈ જાય છે. આહા..હા..! આ સંસાર, આ મિથ્યાત્વ. **'તેથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે,...'** લ્યો, જોયું? શું કીધું? જેને એકપણાની ભાવનાથી આવા ભાવને એકપણે માન્યા, જે પોતાના માન્યા એની એને ભાવના હોય. એને રાગદ્વેષ અને મિથ્યાત્વની જ ભાવના ભાવે છે. વધજો, વધજો, આ રાગ વધો, મિથ્યાત્વ વધો, અજ્ઞાન વધો, અવ્રતપણું વધો. એની એને ભાવના (હોય છે). વસ્તુ છે એની તો ખબર નથી અને નથી ભાવ એનો એને પોતે એકપણે માન્યો. એટલે જેને પોતાનો માન્યો એની ભાવના એને હોય. એકાગ્ર ઈ હોય. આખો દિ' ચોવીસ કલાક. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કપડું ફાડ્યું હતુંને! સપનામાં ઓલા ભાવની વાતું કરે. અજાણ્યા માણસને સૂવા ન દે. કપડામાં લવારો કરે તો ઈ કરે, આનો આ ભાવ છે, સુતરનો આ ભાવ છે, .. નો આ ભાવ, પેલાનો આ ભાવ... એમાં એક ફેરી ઉઠ્યા, ... ઓઢેલું હોયને. ચોફાળ એટલે ચાર એના ફાડિયા હોય આવડા આવડા. ચાર કરીને ... લ્યો, અડધું. એકતાબુદ્ધિ ન્યાં સુધી ગરી ગઈ સપનામાં. આહા..હા..!

**'તેથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે,...'** જોયું? જેને પોતાના કરીને માન્યા એની એને ભાવના હોય. આહા..હા..! સમજાણું કાંઈ? અને **'તેથી કર્મ આસ્રવે છે;...'** નવા કર્મ આવે છે, **'તેથી નોકર્મ થાય છે;...'** અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે. સંસાર રખડવાનો ચોર્યાશીના અવતારમાં. હવે સવળું શું ઈ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ-૧૦, મંગળવાર, તા. ૨૭-૦૨-૧૯૭૩**
**ગાથા-૧૯૦-૧૯૨, શ્લોક-૧૨૯, ૧૩૦, પ્રવચન-૩૨૮**

સંવર અધિકાર ચાલે છે. સંવર એટલે ધર્મ કેમ થાય? દુઃખની દશા ટળે અને સુખની દશા પ્રગટ થાય એનું નામ સંવર છે. મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામ છે.. આવ્યું છેને પહેલું? એક ભાગ આવી ગયો થોડો. જુઓ ફરીને. ઈ ફરીને લઈએ.

'ટીકા :— **પ્રથમ તો જીવને, આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ** (અભિપ્રાય) **જેમનું મૂળ છે...**' એટલે શું કહે છે? કે ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ... એની એકતાની માન્યતા તે મિથ્યાત્વનો કષાય છે. સમજાય છે કાંઈ? વસ્તુ આત્મા એક કોર સચ્ચિદાનંદ પ્રભુ અને એક બાજુ આ પુણ્યના ભાવ, દયા, દાન, વ્રતના, કામ, ક્રોધના વિકલ્પો રાગ ભાગ છે, અધર્મ છે. એવી સ્વભાવ અને અધર્મની એકતા જ્યાં સુધી છે ત્યાં સુધી અભિપ્રાય એવા એકતાનું મૂળ એવો જે અભિપ્રાય, એનું મૂળ એવા મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતી, યોગસ્વરૂપ... એ બધાની સાથે એકતા વર્તે છે. મિથ્યાત્વની સાથે એકતા, અજ્ઞાન સાથે એકતા, કષાયભાવ સાથે એકતા અને દુઃખસ્વરૂપ એવા અધ્યવસાન. બધામાં એકતાની બુદ્ધિ છે. વિકલ્પમાત્ર રાગાદિ છે અને એક કોર ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે. બેની એકતાનો અધ્યવસાય અભિપ્રાય જેનું મૂળ એવા મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગ એ અધ્યવસાયો એને લઈને ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? અને તે અધ્યવસાય એકતાબુદ્ધિવાળો અભિપ્રાય, આશય '**રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...**' રાગ શુભ, અશુભ અને દ્વેષ અને મોહ એ આસ્રવભાવના કારણ છે. તેઓ એટલે ઓલા અધ્યવસાય કીધા ઈ. આહા..! મૂળ તો બેની એકતાબુદ્ધિ એને...

આત્મા જ્ઞાયકભાવથી નિરાળું તત્ત્વ છે અંદર વસ્તુ. એને અને એક સમયના વિકલ્પની એકતાની માન્યતા એ અભિપ્રાય અધ્યવસાય મિથ્યાત્વ જેનું મૂળ છે. આહા..હા..! એવા મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, યોગસ્વરૂપ અધ્યવસાય એકતાબુદ્ધિ છે એ બધામાં, તે જ '**રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે; આસ્રવભાવ કર્મનું કારણ છે;...**' ... ભાવ મિથ્યાત્વનો એ આસ્રવભાવ કર્મનું કારણ છે. કર્મ શરીરનું કારણ છે અને શરીર સંસારનું કારણ છે. ચોર્યાશી લાખના અવતારમાં (પરિભ્રમણ) એનું કારણ આ શરીર છે. શરીર ઉપર એકતાબુદ્ધિ છે તો એને લઈને ચોર્યાશીના અવતાર થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ તત્ત્વ આખું ભિન્ન છે. આ શરીર તો માટી જડ છે. આ જગતના અજીવતત્ત્વો જુદા છે, ઓલું અંદર ચૈતન્યતત્ત્વ જુદું છે. પણ જેને રાગની સાથે એકતાબુદ્ધિ છે એને એનો એકતાબુદ્ધિનો અભિપ્રાય એ જ મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત અને કષાય ઉત્પન્ન થવાનું મૂળિયું છે અને એ અધ્યવસાયોની એકતા છે એ રાગદ્વેષમોહના આસ્રવનું કારણ છે. આહા..હા..! કહો, સમજાણું આમાં?

એ રાગદ્વેષમોહ આસ્રવનું કારણ અને આસ્રવભાવ કર્મનું કારણ. કર્મ થાય એને. જડ નિમિત્ત નૈમિત્તિક સંબંધ બતાવવો છે. સંબંધ તોડ્યો નથી તો સંબંધ આમ જાય છે એમ કહે છે. કર્મ નોકર્મનું કારણ અને નોકર્મ સંસારનું કારણ. શરીરને લક્ષે ઇન્દ્રિયોનો વેપાર થાય અને એમાં પોતાપણું માનીને વર્તે એ સંસારનું કારણ છે. આહા..હા..! કહો, આ લક્ષ્મી-બક્ષ્મી તો ક્યાંય વઈ ગઈ એક કોર. કોઈને હોતી નથી. મફતનો માને છે. માને છે, કોઈને હોતી નથી. આહા..હા..!

આ પરિભ્રમણના દુઃખો ચોર્યાશીના અવતારના દુઃખો, કકળાટના કકળાટના અવતાર છે બધા. ખદબદાટ, ચોર્યાશીના અવતાર જ્યાં જાય ત્યાં ખદબદાટ એકલો કષાય છે. આહા..હા..! પોતે શાંતિનો સાગર પ્રભુ આત્મા છે. શાંતિ એટલે અકષાય સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એને કષાયના રાગ સાથે એકતાબુદ્ધિ એ અધ્યવસાય જેનું મૂળ છે એવા મિથ્યાત્વ, અવ્રત, કષાયનો આસ્રવ થાય છે. આહા..હા..! અને એને લઈને એનાથી રાગદ્વેષ અને મોહ અનંત સંસારના કારણના રાગદ્વેષની વાત છે. મોહ ઉત્પન્ન થાય છે. ઈ આસ્રવના કારણ છે, આસ્રવ કર્મનું કારણ છે, કર્મ નોકર્મનું કારણ છે, નોકર્મ સંસારનું કારણ છે. આહા..હા..!

**'માટે—સદાય આ આત્મા, આત્મા ને કર્મના એકપણાના અધ્યાસથી મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય આત્માને માને છે...'** જેમાં પોતાપણું માને તેની સાથે એકત્વતા હોય. પોતાપણું ન માને એની સાથે એકત્વતા ન હોય. જેને પોતાપણું માને તો એકત્વનો અભિપ્રાય એમાં (હોય છે), એ જ માને છે એને. ચૈતન્ય ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એની તો એને ખબર નથી. પરિણામમાં વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રત, કામ, ક્રોધના એને એ પોતાનું સ્વરૂપ માને છે. એને લઈને મિથ્યાત્વ, અવ્રત આદિ ઉત્પન્ન થાય. એને લઈને રાગદ્વેષમોહ કારણ થાય. એને લઈને કર્મ થાય, કર્મને લઈને શરીર થાય અને શરીરને લઈને સંસાર થાય. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

જુગટામાં એવું આવે છે. એક માણસ હતો, ઈ કહે, તમે જુગટુ રમો છો. પછી શિકાર કરો? શિકાર પણ કરીએ છીએ. કેમકે જુગટામાં પૈસા ખોવાય તો શિકારમાં ... પૈસા મેળવીએ. એમેય કરીએ. શિકાર કરો છો? તમે વેશ્યા સેવો છો? હા. ... વેશ્યા પણ સેવીએ. એમ કરતાં સાતે વ્યસનનું લીધું છે ત્યાં. જૂઠું બોલો છો તમે? ચોરી કરો છો? હા, પૈસા ન

હોય જુગટામાં ગયા હોય તો ચોરી પણ કરીએ. એકમાં બધું આવી ગયું. એક પરંપરા આ. વિકાર અને સ્વભાવની એકતા એ પરંપરા દુઃખનું કારણ છે. એમાંથી આ બધા ... ઊભા થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :—

ઉત્તર :— ભેદજ્ઞાનની વાત કરવી છેને. અભેદથી આમ થાય છે. પરની સાથે એકતામાં આમ થાય છે અને પરથી ભિન્ન થતાં શું થાય એ પછી કહેશે. સમજાણું કાંઈ? જેની દૃષ્ટિ રાગ ઉપર ને પુણ્યના, પાપના વિકલ્પ ઉપર છે એને એકતા માનનારો એને લઈને મિથ્યાત્વ ને અજ્ઞાન ને અવ્રત પરિણામ ઉત્પન્ન થાય છે અને એ આસ્રવના કારણો ઉત્પન્ન કરે છે. રાગદ્વેષમોહ. અને આસ્રવના કારણોથી—વિકાર ભાવથી કર્મ આવે છે, કર્મથી શરીર ફળે છે, શરીરથી સંસાર ફળે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક થયો, મિથ્યાત્વ અધ્યવસાન બે થયા, એનાથી રાગદ્વેષનો આસ્રવ ત્રણ થયા, અને આસ્રવભાવ કર્મનું કારણ, ચાર થયા અને કર્મ નોકર્મનું કારણ, પાંચ થાય, નોકર્મ સંસારનું કારણ, છ થયા.

મુમુક્ષુ :—

ઉત્તર :— એણે લાળ સેવી છે એમ કહે છે. ઉત્સાહથી. આહા..હા..! સમજાણું કાંઈ? પછી શરીરથી ઇન્દ્રિયથી જોવે આમ આ ચીજને. એને અનુકૂળ હોય એમાં રાગ થાય અને પ્રતિકૂળતામાં દ્વેષ થાય. પોતાનું છે એમ માને તો મિથ્યાત્વ થાય. એ ચાલ્યું. આહા..હા..!

'**તેથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે,...**' હવે .. કહ્યું. સમજાણું? ઈ રાગદ્વેષના ભાવને જ ભાવે છે. આહા..હા..! કારણ કે જેને પોતાના માન્યા એની વૃદ્ધિ કરવાનો જ એને ભાવ હોય. રાગ અને દ્વેષ ને પુણ્ય ને પાપના ભાવ માન્યા, એની એને ભાવના હોય. રાગ કરું, રાગ કરું, દ્વેષ કરું, મિથ્યાત્વ કરું એવી ભાવના એને હોય. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેથી કર્મ આસ્રવે છે;...**' લ્યો. '**તેથી નોકર્મ થાય છે; અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે.**'

'**પરંતુ...**' જોયું? '**સંસારનું કારણ છે. માટે...**' એમ કીધું હતુંને? અહીં પાછું અહીં લીધું. '**માટે—સદાય આ આત્મા, આત્મા ને કર્મના એકપણાના અધ્યવસાયથી મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય આત્માને માને છે...**' એમ ઈ આવ્યું. ઓલામાં એકતાના અધ્યવસાય કીધા હતા. આને હવે માને છે. '**તેથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે,...**' ભાવના એ જ હોય કે આમ પુણ્ય કરું, પાપ કરું, આ કરું, આ કરું, આ કરું એવી ભાવના હોય છે. આહા..હા..! '**તેથી કર્મ આસ્રવે છે;...**' આસ્રવની ભાવના ભાવતા કર્મ (આસ્રવે છે). એનાથી શરીર થાય, એનાથી સંસાર ઉત્પન્ન થાય. આમ ચોર્યાશીના અવતારમાં આમ ઘેરો ઘાલ્યો છે એણે. આહા..હા..!

'પરંતુ...' હવે આવે છે સવળું. '**જ્યારે (તે આત્મા), આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે...**' પેલી એકત્વબુદ્ધિ હતી અધ્યવસાય. હું આત્મા જ છું ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ. અહીં તો કર્મથી વાત લીધી છે. પણ ખરેખર તો એક સમયની પર્યાયમાં એકત્વબુદ્ધિ છે એ પણ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનાદિની એની એક સમયની પર્યાય (ઉપર દૃષ્ટિ) છે. પર્યાય પાછળ આખું તત્ત્વ શું છે એ દૃષ્ટિમાં લીધું નથી. આખો મહારાજાને ભૂલી ગયો છે. એક સમયની પર્યાય એટલે શું? ઓહો..હો..! ક્યાં ત્રિકાળી સ્વભાવ ત્રણકાળ ત્રિકાળ રહેનારું, ક્યાં એક સમયની અવસ્થા. એ અવસ્થાની એકતાબુદ્ધિ એ રાગની એકતાબુદ્ધિ છે અને એ સંસારનું કારણ છે. આહા..હા..!

'**જ્યારે (તે આત્મા), આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે...**' રાગ અને ભગવાન બે જુદાં છે. રાગથી રુચિ અને લક્ષ છોડી દઈ, ભેદજ્ઞાન લેવું છેને એટલે, નહિતર તો આમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતાં રાગની એકતા તૂટી જાય છે. ઓલામાં ભેદજ્ઞાન લીધું છે. ... ભેદવિજ્ઞાન છે હેય, પણ પહેલું ઉપાદેય છે. કળશ છેને, એમાં લીધું છે. આમથી લીધું છેને. રાગ નહિ, આ હું નહિ, આ હું નહિ. એમ. દૃષ્ટિમાં તો આ હું એમ નહિ, આ હું. ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ તે હું. એમ જાણે પર્યાય, કંઈ ધ્રુવ જાણતું નથી કે હું આ છું. ધ્રુવ તો કૂટસ્થ વસ્તુ છે. પર્યાય જાણે છે કે આ હું. ત્રિકાળ ધ્રુવ તે હું. એ બુદ્ધિ થતાં રાગની અને એક સમયની એની એકત્વબુદ્ધિ છૂટી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ એની રીત છે. વ્રત ને નિયમ ને ક્રિયા કરતાં કરતાં ભેદજ્ઞાન થઈ જાય એમ નથી. આહા..હા..! સાંભળતા, સાંભળતા ભેદજ્ઞાન થઈ જાય એમેય નથી એમ કહે છે. એકત્વબુદ્ધિ છોડી આ બાજુમાં જાય ત્યારે ભેદજ્ઞાન થાય. આહા..હા..! ત્યારે તે ... ત્યાં લક્ષ જામ્યું છે એને ઉઠાવીને અહીં લક્ષ ત્યારે પરનું લક્ષ છૂટી જાય છે બધું. સમજાણું કાંઈ? એ પર્યાય જે છે ઈ ત્રિકાળ દ્રવ્યમાં પ્રસરે છે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય જે આમ પ્રસરતી રાગમાં એકત્વને લઈને, એમ કહે છે. આમ જાતી હતી રાગ અને પછી આસ્રવ થયા પછી કર્મ થયા ને નોકર્મ થયા. પણ એ પર્યાયની ઉપરની બુદ્ધિ છે એ રાગ ઉપરની બુદ્ધિ છે એની. આહા..હા..!

એનાથી ખસીને '**ભેદવિજ્ઞાન વડે...**' જોયું? ભેદવિજ્ઞાન પાછું. '**શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ઉપલબ્ધ કરે છે...**' વિકલ્પ અને શ્રવણ થયેલું, શ્રવણ થઈને થયું જે જ્ઞાન એવા જે જ્ઞાન ઉપરથી પણ દૃષ્ટિ ઉઠાવી દઈને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જ્ઞાન ઉઠાવી દે, ઈ જ્ઞાન ક્યાં સાચું હતું? પરને લક્ષે થયું જ્ઞાન સાચું ક્યાં છે? એમાં આનંદ આવે આ ક્યાં આવ્યો? આહા..હા..! આ તો ધીરાનું કામ છે.

'**આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે...**' એ વડે '**શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્માને...**'

આટલી વ્યાખ્યા કરી આત્માની. કેવો છે આત્મા? એ તો ચૈતન્યચમત્કારમાત્ર. એકલો જાણે.. જાણે.. જાણે.. દેખે જાણે, દેખે જાણે, દેખે જાણે.. એ સિવાય બીજું કાંઈ નહિ. આહા..હા..! એવો જાણનાર દેખનાર ચૈતન્યચમત્કાર કે જે એક રાગ જ જાણે એમ નહિ, એ તો ત્રણકાળ ત્રણલોકને જાણે એવો ચૈતન્યચમત્કાર આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્યચમત્કારમાત્ર, ભાષા દેખો! દુનિયાના આ ચમત્કાર ને ધૂળના ચમત્કાર... કહો, સમજાણું? ઓલો છેને? સાંઈબાબા. આમ હાથ કરે ને આમ લાવે. ભ્રમણા છે બધી. એમાંય મુંઝાણા છે મુંબઈમાં જૈનો પણ. આહા..હા..! એ અજૈન. જૈન હતા કે દિ'? જન્મ્યા જૈનમાં એટલે શું થઈ ગયું? સમજાણું કાંઈ? સાંઈબાબાને માથે ને માથા ફોડે. આહા..હા..! મૂઢ જેવા છે. કરોડોપતિઓ માને. એની પાસે.. આમ હાથ કરે ત્યાં ... કોઈકે કીધું હતું કે લુગડું કાઢીને લાવો તમારું. કોણે કીધું? ઝભ્ભો રાખ્યો અંદર કાંઈક છે. આમ કરે ત્યાં... કોણે કીધું હતું? ઝભ્ભો કાઢીને આવો. ... ધૂળમાં આવાને આવા.

ચમત્કાર તો અંદર રાગથી ભિન્ન પડીને ભગવાન આત્મા એની પ્રાપ્તિ નામ અનુભવ થાય એનું નામ ચમત્કાર છે. છેને? **'ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ઉપલબ્ધ કરે છે...'** ઉપલબ્ધ (કરે છે) એટલે અનુભવે છે. રાગને વેદનમાં અનાદિથી રાગનું વેદન જે દુઃખરૂપ છે, ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, એ અનાદિથી એ દુઃખને વેદ્યું છે. એનો અર્થ શું થયો? કે એને શુભ અશુભ રાગ બેય હતા. અનાદિનો એકલા અશુભરાગ હતો? બેય રાગ હતા. વ્રત, નિયમ, તપ એના બહુ કરેલા એવા વિકલ્પ. દુઃખરૂપ છે. આત્માના આનંદસ્વભાવથી ઊલટી વાત છે. કહો, સમજાણું કાંઈ? એનાથી ભેદજ્ઞાન વડે, એ વડે નહિ. શુભરાગની મંદતા વડે ભેદજ્ઞાન એમ નહિ. જેનાથી ભેદજ્ઞાન કરવું (છે) એવો શુભરાગ એનાથી જુદું પડવું છે. આહા..હા..! ભારે આકરું કામ જગતને. વાત આખી એવી ફરી ગઈ હતી. સમજાણું કાંઈ? બહારમાં મનાવવું છે, આ કરો, આ કરો ને આ કરો. અહીં તો વિકલ્પને કરું એ પણ દુઃખને કરે છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

નિર્વિકલ્પ એવો ભગવાન ચૈતન્યચમત્કાર આત્મા એને ઉપલબ્ધ કરે છે, રાગથી લક્ષ છોડીને ચૈતન્ય ભગવાન આત્મા એવા આત્માને પ્રાપ્ત કરે છે. આહા..હા..! ઈ કંઈ શબ્દે પાર પડે એવું નથી. ભાવથી તેનો પત્તો ખાય એવું છે. આહા..હા..! **'આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે...'** સુખનો પંથ છે. બાકી તો બધા દુઃખના પંથે દોરાઈ ગયા છે બધા. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ પંથ કહો, સંવર પંથ કહો, સુખ પંથ કહો ઈ આ માર્ગ છે. એક બાજુ ચાર મોટર જાય અને એક બાજુ ચાર મોટર આવે. તમારા નિરંજનને પૂછ્યું હતું. ... ચાર મોટરો જાય આમ, ચાર મોટર જાય આમ, એટલો રસ્તો પહોળો. કેટલા સુખી? એકસાથે આમ ચાર જાય એટલો પહોળો રસ્તો. આ બાજુ પાછી ચાર આવે. એટલો પહોળો રસ્તો.

કમાવું હોય અને થોડામાં પોગવું હોય. બધાને મોટરો હોય. આહા..હા..! દુઃખી છે બિચારા.

મુમુક્ષુ :—

ઉત્તર :— ઈ દુઃખનો અર્થ કે 'આમાં મને ઠીક છે' એવી માન્યતા એ દુઃખ છે. 'આમાં મને મજા છે' બસ. મોટરમાં બેઠા હોય ... સાધારણ હોય, મોટી મોટી હોયને, લાખો રૂપિયાની. એઈ..! કંપાલા. લાખ સવા લાખની મોટર મોટી લાંબી. આહા..હા..! એમાં બેઠો હોય તો જાણે આમ... દુઃખી છે. એને પોતાની માને છે અને એમાં 'મને ઠીક છે' એ માન્યતા દુઃખ છે. આહા..! દુઃખમાં એ ઘેરાઈ ગયા છે, મૂઢ થઈ ગયા છે, સનેપાત વળગ્યો છે. સમજાણું કાંઈ? શ્રદ્ધા મિથ્યા, જ્ઞાન મિથ્યા અને આચરણ મિથ્યા. ત્રણે મિથ્યા. આહા..હા..!

અહીં તો આત્મા ને કર્મમાં રાગથી ભેદવિજ્ઞાન વડે. ઈ તો કર્મ ઉપરનું લક્ષ છોડતાં અહીં જ આવે છે. છઠ્ઠી ગાથામાં આવે છેને? ભાઈ! પરદ્રવ્યનું લક્ષ છોડીને સ્વદ્રવ્યની સેવા કરતાં શુદ્ધ એવો આત્મા તેને પ્રાપ્ત થાય છે. આ દ્રવ્ય શુદ્ધ છે એવું જણાય છે. ત્યાં તો રાગથી નથી કહ્યું. પરદ્રવ્યનો અર્થ કે ઈ ન્યાંથી છૂટ્યો એટલે અહીં જ આવે. આહા..હા..! સ્વદ્રવ્યની દૃષ્ટિ નથી એને પરદ્રવ્યની દૃષ્ટિ છે તેથી તે દુઃખી અને ચાર ગતિમાં રઝળે છે. ચાહે તો એ સાધુ થયો હોય નગ્ન મુનિ દિગંબર પણ એના પંચ મહાવ્રતના પરિણામ છે એ રાગ છે અને એ દુઃખ છે. આહા..હા..! એ દુઃખથી જેણે આત્માને ભિન્ન પાડ્યો છે એને આનંદસ્વરૂપ ચૈતન્યચમત્કાર આત્માનો અનુભવ થાય છે. આમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'ત્યારે **મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગરૂપ અધ્યવસાનો કે જે આસ્રવભાવનાં કારણો છે તેમનો અભાવ થાય છે;...**' લ્યો. ચૈતન્યચમત્કાર વસ્તુ નિત્યાનંદ પ્રભુ, પર્યાયને ધ્રુવમાં પ્રસારતા તેને ધ્રુવનો અનુભવ થાય છે. જોકે અનુભવ પર્યાયનો છે, કંઈ ધ્રુવનો અનુભવ હોય નહિ. ધ્રુવનો અનુભવ ન હોય નિત્યનો. દ્રવ્યનો અનુભવ ન હોય. પણ આમ રાગનો અનુભવ કરતો એ પર્યાયને આમ ઢાળી એ ધ્રુવનો અનુભવ છે એમ કહેવામાં આવે છે. છે તો પર્યાયનો અનુભવ. આહા..હા..! સમજાણું કાંઈ? એ 'ઉપલબ્ધ કરે છે...' પ્રાપ્ત કરે છે, '**અનુભવે છે, ત્યારે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો કે જે આસ્રવભાવનાં કારણો છે તેમનો અભાવ થાય છે; અધ્યવસાનોનો અભાવ થતાં રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવનો અભાવ થાય છે;...**' લ્યો. એકતાબુદ્ધિનો નાશ થતાં રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવનો પણ અભાવ થાય છે.

'**આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે;...**' એને કર્મ આવતા નથી. '**કર્મનો અભાવ થતાં નોકર્મનો અભાવ થાય છે;...**' એને શરીરનો પણ અભાવ થાય છે અને શરીરનો અભાવ થતાં '**સંસારનો અભાવ થાય છે. આ પ્રમાણે આ સંવરનો**

**ક્રમ છે.**' કહો, સમજાણું કાંઈ? ઘરની પુંજી મહાપ્રભુ એને ભૂલી ગયો અને રાગ ને પર્યાય ને વિકલ્પમાં ઘેરાઈ ગયો. એ સંસાર છે, કહે છે. પરથી ભિન્ન પાડી અને એકત્વબુદ્ધિ સ્વમાં થઈ એટલે અનુભવ થયો. એકત્વબુદ્ધિનો અનુભવ થયો. ત્યારે એને રાગદ્વેષ જે આસ્રવના કારણ હતા એ અટકી ગયા, એને લઈને કર્મ અટકી ગયું અને કર્મ અટક્યું એટલે શરીર ન રહ્યું, શરીર રહ્યું નહિ તો સંસાર પણ રહ્યો નહિ. સમજાણું કાંઈ? સંવરનો અધિકાર અલૌકિક વાત છે! સંવર એટલે જેમાં આનંદ આવે એમ કહે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કલ્યાણ કહો કે આનંદ કહો. ધર્મ કહો, સંવર કહો, આનંદ કહો, શાંતિ કહો, સ્વચ્છતા કહો, પ્રભુતાના અંકુરા ફૂટ્યા અંદરમાંથી. સમજાણું કાંઈ? ભિન્ન ભિન્ન રીતે સમજાવે. વસ્તુ તો અંદર ચૈતન્યદ્રવ્ય છે એમાં પર્યાયને પ્રસારવાની છે, બાકી બધી વાતું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એણે કરવટ બદલાવી દેવાની છે. આમ પર્યાય ને રાગને પડખે છે એ દ્રવ્યને પડખે આવવાનું છે એને. આહા..હા..! બહુ આકરું કામ.

'**સંસારનો અભાવ થાય છે.**' પરિભ્રમણ અટકી જાય છે. એકલો આનંદમય આત્મા રહી જાય છે. આહા..હા..! ... શું કહે છે આમાં? બહારથી એમ કહે કે આ વ્રત કરવા, જાવજીવ બ્રહ્મચર્ય પાળીએ, દયા પાળીએ, દાન કરીએ, ભગવાનની ભક્તિ અને મંદિરો કરી દઈએ લાવોને.

મુમુક્ષુ :— દયા પાળવાની તો વાત છે આ.

ઉત્તર :— પણ દયા આની કે આની? આને જેવો છે એવો સ્વીકારવો એનું નામ એની દયા છે. અને જેવો છે એવો ન સ્વીકારતા રાગવાળો ને પુણ્યવાળો છું, એ માન્યતા જ આત્માની હિંસા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :— જીવને જ્યાં સુધી આત્મા ને કર્મના એકપણાનો આશય છે...**' પેલામાં અભિપ્રાય કર્યો હતો, અધ્યવસાય કર્યો હતો, એકપણાનો અધ્યાસ કહ્યો હતો. એ અભિપ્રાય છે, આ આશય કહ્યો. આહા..હા..! '**ભેદવિજ્ઞાન નથી...**' એટલે કે રાગ ને આત્મા બે જુદી ચીજ છે એમ ભેદવિજ્ઞાન નથી. આહા..હા..! આવું ગૃહસ્થાશ્રમમાં થઈ શકતું હશે? ગૃહસ્થાશ્રમમાં છે જ ક્યાં પણ ઈ? રાગમાં નથી પછી વળી ગૃહસ્થાશ્રમ ક્યાંથી આવ્યો? આહા..હા..! એ તો પોતે આનંદ અને શાંતિના ધામમાં છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' આવે છે શ્રીમદ્‌માં. 'સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.' એ પર્યાયને ત્યાં લઈ જા તો પામ. બાકી બીજી વાત છે નહિ. આહા..હા..! સોગાનીમાં આવે છે એ કડી, આ શુદ્ધ બુદ્ધની. આવે છે. શુદ્ધ બુદ્ધ પવિત્ર નામ બુદ્ધ નામ જ્ઞાનસ્વરૂપ. સુખધામ આનંદનું સ્થળ છે એ તો. આરામબાગ છે. આરામ કરવા જાય છેને? ... માથેરાન ને ફલાણે

ને.. હવાફેર માટે જાય છેને? આ હવાફેર માટે જવામાં આત્મા સ્થાન છે કહે છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' ચૈતન્યનો ઘન એ ત્યાં પ્રદેશ કહ્યું છે. અસંખ્ય પ્રદેશ વાપર્યા છે. કારણ કે અન્યમાં નથીને. અસંખ્ય પ્રદેશ છે, શુદ્ધ છે, બુદ્ધ છે અને જ્યોતિ ધામ છે. 'બીજું કહીએ કેટલું?' જે કહીએ તો આ છે. 'કર વિચાર...' એની તરફ જા તો તને મળે. એની સામું જોયા વિના એ મળે એવું નથી. આહા..હા..! બહારમાં પણ ઠીક હશે કે નહિ? આ છોકરા સારા થાય, પૈસા થાય. નહિ? મણિભાઈ! પણ જુઓ આ નવરા બેઠા, ઓલો છોકરો ન્યાં રળે સરખું તો અહીં નવરા રહેવાય. પણ રળવું પડતું હોય તો? જાતે રળવું પડતું હોય તો? પોપટભાઈને છ છોકરા ન્યાં રળે છે, નિવૃત્તિ લઈને બેઠા છે.

મુમુક્ષુ :—

ઉત્તર :— ફેર પડે, લે. .. છોકરા અમેરિકામાં ગયા છે. કાંઈ ધૂળેય ફેર પડતો નથી. એમાં વિકલ્પમાં છું ત્યાં સુધી માન્યતામાં પણ કાંઈ ફેર નથી, કહે છે. વિકલ્પનો સંગ પણ જ્યાં ખોટો છે, ત્યાં વળી બહારના સંગની વાતું ક્યાં કરવી અહીં. આહા..હા..!

ભગવાન તો અસંગ તત્ત્વ છે. એને વિકલ્પનોય સંગ નથી. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એવો રાગ એનો પણ સંગ અસંગને નથી, એને વળી બહારનો સંગ (ક્યાંથી હોય)? સમજાણું કાંઈ? સોગાનીએ એકવાર કહ્યું છે કે બહારના બાયડી, છોકરાને ફેરવ્યા પછી દેવ-ગુરુ-શાસ્ત્રને વળગ્યો. નિમિત્ત ફેરવ્યું, વસ્તુ ફેરવી નહિ. ચેતનજી! આવે છે કે નહિ એમાં? એ તો નિમિત્ત ફેરવ્યું? વિષય તો એકનો એક થયો. પર ઉપર ગયો. આહા..હા..! ઘર હતું, ન્યાંથી અહીંનું દેરાસર બનાવ્યું, છોકરા હતા ત્યાં શિષ્યો બનાવ્યા. સમજાણું? પૈસા હતા ત્યાં, તો અહીં પૈસાની આબરૂ વધારી. પોતાની આબરૂ વધી એટલે પૈસા વધ્યાને. પણ એ તો બધું પર છે. આહા..હા..! પરમાં પહોળો થઈને વસ્યો. પોતાની દશાની પહોળાઈ કેટલી એને ભૂલી ગયો. આહા..હા..! કેમ કે એક સમયની પર્યાયનો જ અભ્યાસ અનાદિથી છે. પર્યાયની પાછળ મોટું દળ છે એ જ ખરો આત્મા છે ખરેખર તો. એ જ સર્વ આત્મા, સત્યાર્થ છે, એ જ આત્મા છે. ભૂતાર્થ એટલે ખરો આત્મા એ જ છે. પર્યાય તો અભૂતાર્થ આત્મા છે. આહા..! ગજબ વાતું કરે છે! એક સમયનો પર્યાય અસત્યાર્થ આત્મા. હતો ક્યાં નાશવાનની પર્યાયમાં? ત્રિકાળ ભગવાન આત્મા એને રાગના સંગથી જુદો પાડતાં જેને... અહીં તો પહેલું અવળું લીધું છે.

'**એકપણાનો આશય છે—ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો વર્તે છે,...**' બધામાં એકતાબુદ્ધિ વર્તે છે. રાગમાં જેની એકતાબુદ્ધિ એને બધામાં એકતાબુદ્ધિ વર્તે છે. પરિણામમાં વાત છે હોં! આ બધી પરિણામની વાત છે. આહા..! એ '**અધ્યવસાનથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ થાય છે,...**' વિકારી

ભાવ થાય છે. એકતાબુદ્ધિને લઈને પછી વિકારી ભાવ થાય છે અને **'આસ્રવભાવથી કર્મ બંધાય છે, કર્મથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થાય છે...'** શરીર વાણી આદિ એ બધું કર્મથી ઉત્પન્ન થાય છે. આ નિમિત્ત નૈમિત્તિક સંબંધની વાત કરે છે હોં! પછી એમાંથી માની લે કે (આના કારણે આ થાય). **'અને નોકર્મથી સંસાર છે.'**

**'પરંતુ જ્યારે તેને આત્મા ને કર્મનું ભેદવિજ્ઞાન થાય છે...'** અરે..! હું તો પરમાત્મા અખંડ આનંદકંદ છું, મારામાં સિદ્ધની અનંતી અનંતી પર્યાયો અંદરમાં સંગ્રહરૂપ પડી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ જૈનનું કેવળજ્ઞાન પણ જોઈતું નથી એને ભગવાન શું આપશે? એમ લખ્યું છે શ્રીમદ્દે એકવાર. લોકો જાણે કે... અમે જ્યાં છીએ ત્યાં અમારે કેવળજ્ઞાનની પણ જરૂર નથી. એ તો થયા જ કરશે. એ પરિણમનનો કાળ છે એટલે પરિણમન આવ્યા વિના રહેશે નહિ. આહા..હા..! અમે પકડ્યું છે આખા દ્રવ્યને એટલે જૈનનું કેવળજ્ઞાન છે એની અમારે જરૂર નથી. ... પણ કઈ અપેક્ષા છે? અહીં જરૂર છે અંદરની. સમજાણું કાંઈ? આહા..હા..! પટારો ભર્યો છે આખો. હીરાના રત્નથી ભરેલો ચૈતન્યરત્ન છે. એને લઈને મારે, કહે છે, કેવળજ્ઞાનની જરૂર નથી . પ્રભુ સર્વગુણસંપન્ન હોવા છતાં અપલખણનો એને પાર નથી. એક પત્ર છે. ઓલાએ ઊંધુ લીધું બધાએ. જુઓ! આ પ્રભુમાં પણ અપલખણ કહે છે શ્રીમદ્ તો. પ્રભુ સર્વગુણસંપન્ન વસ્તુ પણ એની પર્યાયમાં અપલખણનો પાર નહિ. મિથ્યાત્વ, રાગદ્વેષ એમ વાત કરે છે. ત્યારે આ કહે, જોયું? શ્રીમદ્‌ને એવો અહંકાર આવી ગયો. કેવળીમાં પણ દોષ છે કહે છે. અરેરે..! જોવાની દૃષ્ટિમાં ફેર પડ્યો તને. સમજાણું કાંઈ?

**'જ્યારે તેને આત્મા ને કર્મનું ભેદવિજ્ઞાન થાય છે ત્યારે શુદ્ધ આત્માની...'** ઉપલબ્ધિનો અનુભવ થાય છે. **'ઉપલબ્ધિ થવાથી મિથ્યાત્વાદિ અધ્યવસાનોનો અભાવ થાય છે,...'** એકતા તૂટી જાય છે પર આદિની. **'અધ્યવસાનના અભાવથી રાગદ્વેષમોહરૂપ આસ્રવનો અભાવ થાય છે,...'** એકતાબુદ્ધિ ન રહી એટલે રાગદ્વેષમોહ થાતા નથી અને **'આસ્રવના અભાવથી કર્મ બંધાતા નથી,...'** આસ્રવ જ્યાં નથી ત્યાં બંધનનું નિમિત્ત આવતું નથી. **'કર્મના અભાવથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થતાં નથી...'** નોકર્મ એટલે શરીર ને વાણી આદિ. **'નોકર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે.—આ પ્રમાણે સંવરનો અનુક્રમ જાણવો.'** ધર્મની શુદ્ધિની ઉત્પત્તિ થતા થતા પૂર્ણ થાય એ આ ક્રમ છે. સમજાણું કાંઈ?

## શ્લોક-૧૨૯

(उपजाति)

सम्पद्यते संवर एष साक्षा-
च्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात्।
स भेदविज्ञानत एव तस्मात्
तद्भेदविज्ञानमतीव भाव्यम्।।१२९।।

સંવર થવાના ક્રમમાં સંવરનું પહેલું જ કારણ ભેદવિજ્ઞાન કહ્યું છે તેની ભાવનાના ઉપદેશનું કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :- [एषः साक्षात् संवरः] આ સાક્ષાત્ (સર્વ પ્રકારે) સંવર [किल] ખરેખર [शुद्ध-आत्म-तत्त्वस्य उपलम्भात्] શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી [सम्पद्यते] થાય છે; અને [सः] તે શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ [भेदविज्ञानतः एव] ભેદવિજ્ઞાનથી જ થાય છે. [तस्मात्] માટે [तत् भेदविज्ञानम्] તે ભેદવિજ્ઞાન [अतीव] અત્યંત [भाव्यम्] ભાવવાયોગ્ય છે.

ભાવાર્થ :- જીવને જ્યારે ભેદવિજ્ઞાન થાય છે અર્થાત્ જીવ જ્યારે આત્માને અને કર્મને યથાર્થપણે ભિન્ન જાણે છે ત્યારે તે શુદ્ધ આત્માને અનુભવે છે, શુદ્ધ આત્માના અનુભવથી આસ્રવભાવ રોકાય છે અને અનુક્રમે સર્વ પ્રકારે સંવર થાય છે. માટે ભેદવિજ્ઞાનને અત્યંત ભાવવાનો ઉપદેશ કર્યો છે. ૧૨૯.

## કળશ-૧૨૯ ઉપર પ્રવચન

'સંવર ઉત્પન્ન થવાના ક્રમમાં સંવરનું પહેલું જ કારણ ભેદવિજ્ઞાન કહ્યું છે તેની ભાવનાના ઉપદેશનું કાવ્ય કહે છે :—' ૧૨૯.

सम्पद्यते संवर एष साक्षा-
च्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात्।
स भेदविज्ञानत एव तस्मात्
तद्भेदविज्ञानमतीव भाव्यम्।।१२९।।

સામાન્ય નાખ્યું છે. સમજ્યાને? ભેદવિજ્ઞાન ... ભેદવિજ્ઞાન અતિ ભાવ્યું છે, કહ્યું છે.

'શ્લોકાર્થ :— આ સાક્ષાત્ (સર્વ પ્રકારે) સંવર...' નાખ્યું છે હોં કળશમાં, સર્વ પ્રકાર છે. શબ્દ છે સર્વથા. સાક્ષાત્નો અર્થ સર્વ પ્રકાર કર્યો. કળશટીકા. સાક્ષાત્ એટલે પ્રત્યક્ષ અને પ્રત્યક્ષ એટલે સર્વ પ્રકારે શુદ્ધતા. સર્વ પ્રકારે સંવર થાય છે. એમ. અહીં ક્યાંય કથંચિત્ ન આવ્યું. આહા..હા..! આનંદસ્વરૂપ એવો આત્મા આનંદનો ધામ, અતીન્દ્રિય સુખનું ઢીમ. ઈ ક્યાં હશે? જેને પર તરફના વલણમાં ઠીક ન પડે તે અંતર વલણને શોધે. સમજાણું કાંઈ? આહા..હા..! આમ જતાં ઉકળાટ થાય છે. એ ઉકળાટ દેખાય, જણાય એ અંદરમાં જાય. આહા..હા..! આ ઉકળાટને શમાવનાર વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ? વ્રતના ભાવ ને ભક્તિના ભાવ ને પૂજા બધો ઉકળાટ છે કહે છે. ઉકળાટ સમજો છો હિન્દી ભાષામાં? આકુળતા. ઉકળાટ અમારી કાઠિયાવાડી ભાષા છે. ઉકળાટ ... આકુળતા. સાક્ષાત્ શબ્દ વાપર્યો છેને. પ્રત્યક્ષ સંવર થાય છે, આત્મા ત્યાં પ્રત્યક્ષ જણાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..!

'ખરેખર...' મતિ અને શ્રુતજ્ઞાનની પર્યાયને અંતરમાં વાળતાં આત્મા પ્રત્યક્ષ થાય છે. પૂર્ણ આનંદનો નાથ એના જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે અને સર્વથા પ્રકારે એને સંવર થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાક્ષાત્ શબ્દ છેને એટલે એમાંથી બે અર્થ ઉઠે છે. પ્રત્યક્ષ છે અને પૂરો છે. પૂરો સંવર થાય છે એમ કહેવું છે. આહા..હા..! 'एषः' છે પાછું. આ એમ છેને. ખરુંને. આ ભગવાન સાક્ષાત્ ચૈતન્યમૂર્તિ. સાક્ષાત્ શબ્દ તો સંવરનો છે પણ એ સંવર રાગથી ભિન્ન પડીને અંતરમાં જતાં એકલો સંવર અને શુદ્ધતાનો જ ભાવ પ્રગટ થાય છે. આહા..! સમજાણું કાંઈ? એને સંવર કહે છે. અહીં તો સંવરની વ્યાખ્યા બહુ ટૂંકી કરી નાખી. દેશમાં બહુ સંવર થાય, આઠમના ને પાખીના જામનગરમાં બહુ થાય. આખા કાઠિયાવાડમાં ન્યાં બહુ થાય. પોષા કરે, સંવર પોષા, સંવર પોષા. સવારે ચા-બા પીને આવે પછી બેસી જાય ત્યાં સંવર પોષા કરવા.

ખરેખર તો જેને પૌષધ હોય એને તો સવારમાં... પહેલેથી હોં! ૭૧ની સાલ હતીને, ચોમાસુ, ક્યાં? લાઠી. તારાચંદભાઈ આવ્યા. વિરજીભાઈના બાપ. ચાર વાગે ઉઠ્યા. ચૌદશ હતી, પુનમનો ભાઈ અપવાસ કરે. ચૌદશની પાછલી રાતે ચાર વાગે કહે, સંવર આપો. પોષા કરાવો. ૭૧ની વાત છે. ... તારાચંદભાઈને જોયા છેને ભાઈ? વિરજીભાઈના બાપ. ડોસા

વૃદ્ધ. સાધુને ભણાવતા. ચાલતા સૂત્ર જેવા હતા એની દૃષ્ટિમાં. સવારમાં ચાર વાગે ઉઠ્યા. ચૌદશની સવારે. પૂનમ હતી. સવારે ઉઠીને ચાર વાગે ... પોષો કરાવો. ચાર વાગે. કાંઈ પણ ઉઠીને એકદમ ... કંઈક કામ કરીને આવવું એ વસ્તુ નહિ, એ ખોટી વાત. એનો અર્થ એ કે વિકલ્પમાં કાંઈપણ ભળ્યા વિના એકદમ અંદરથી નિવૃત્તિ લેવી જોઈએ. થોડો વિકલ્પ થોડો ... ચિંતવન કરે અને પછી અંદર જાવું. એ ચિંતવન પણ અટકવું છે. એ વિકલ્પ છેને.

અહીં તો સાક્ષાત્ સીધો સંવર થાય એમ કહે છે. જેને વિકલ્પની અપેક્ષા નથી, ચિંતવનની અપેક્ષા નથી. આહા..હા..! આ આત્માને સાક્ષાત્ સંવર ખરેખર '**शुद्ध-आत्म-तत्त्वस्य उपलम्भात्**' શુદ્ધ આત્મતત્ત્વનો અનુભવ થાય છે. આહા..! ત્યાં સંવર થાય છે એમ. ઉપલબ્ધ, આત્મતત્ત્વ ઉપલબ્ધ થયું, પ્રાપ્ત થયું. ઓલો રાગ જે ઉપલબ્ધ હતો, રાગ અને પુણ્ય પાપનો ભાવ ઉપલબ્ધ હતોને, અનુભવ, એ આત્મતત્ત્વ ઉપલબ્ધ થયું. ભારે કળા ભાઈ આ! મેટ્રિક ભણવા માટે રાતે ઉજાગરા કરે. ચોટલી બાંધે. ઝોલું ખાય તો તણાય તો વળી ... સૂતા સૂતા ... આમ સૂતા હોયીને તળાઈએ, તો આમ ઓલું રાખે, ફાનસ રાખે. એમાં ઊંઘ આવી જાય. આ સમજવું હોય તો વખત મળે નહિ. રખડવાના ભણતર બધા એમાં વખત ગાળે. આહા..હા..! ડિગ્રી પ્રાપ્ત કરવી છે. ડિગ્રી એટલે ઉપાધિ. ઉપાધિ આવે છે કે નહિ? એને ઉપાધિ કહે છે બધે. એમ.એ. એલ.એલ.બી ને.. આહા..હા..! આ તો આ એમ.એ. છે, આત્મા એ પોતે છે. આહા..હા..!

કહે છે કે રાગથી ભિન્ન પડીને ભગવાન આત્મા સાક્ષાત્ સર્વ પ્રકારે સર્વથા, સર્વથા શબ્દ છે, હોં! કળશટીકામાં છે, સર્વથા સંવર થાય છે. લ્યો. એ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થાય છે. આત્મા પ્રાપ્ત થાય એમાં થોડો પ્રાપ્ત થાય એવું ક્યાં છે? આખું દ્રવ્ય જ આવું છે. સમજાણું કાંઈ? '**અને તે શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ...**' નામ પ્રાપ્તિ થવાથી '**भेदविज्ञानतः एव**' ભેદજ્ઞાનથી જ થાય છે. એમ. શુદ્ધ આત્માનો અનુભવ અને આત્માની પ્રાપ્તિ પરથી ભિન્ન પડતાં જ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**भेदविज्ञानतः एव**' '**एव**' કીધું છે. ભેદવિજ્ઞાનથી જ થાય છે. ન્યાં '**एव**' આવ્યો, 'જ' આવ્યો. પણ તત્ત્વ સિદ્ધ કરવું છે તો 'જ' જ આવેને, એમાં શું છે પણ? એકાંત આત્મા તરફથી ઢળવાથી જ આત્મા મળે છે. હવે આમાં કથંચિત્ કરવું? આહા..હા..!

'**શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ...**' થાય છે, અનુભવ થાય છે. તે '**ભેદવિજ્ઞાનથી જ થાય છે.**' એ સિવાય કોઈ ઉપાય નથી. '**માટે...**' '**तत् भेदविज्ञानम्**' '**તે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવાયોગ્ય છે.**' પરથી ભિન્ન પાડવાની ભાવના વારંવાર કરવા જેવી છે. આહા..હા..! સર્વથા એમાં શું છે? ઓલામાં પણ સાક્ષાત્ (લીધું છે). અત્યંત પૂરું. પૂરી રીતે પરથી ભિન્ન ભાવના કરવાલાયક છે. આહા..હા..! વિકારનો તો સર્વથા અત્યંત અભાવ

જ છેને. વસ્તુમાં પુણ્ય પાપના વિકલ્પનો અત્યંત અભાવ છે. એ રીતે અત્યંત ભાવના કરવા જેવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું આવી. આ શું પણ આ? ધર્મ શું ..? આ કંઈ ધર્મની રીત હશે? વીતરાગની હશે આવી રીત? કોઈની દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા... લ્યો. પડિકમણા કરવા સવાર સાંજ. અમે ન્યાં પડિકમણા કરતા ત્યાં દુકાનમાં. પજોસણમાં હોં! નવરા થઈને બધા ભેગા થાય. હું પડિકમણું કરાવતો ત્યાં. ૧૯૬૪-૬૫-૬૬ની વાત છે. સંવત ૬૪-૬૫-૬૬.

મુમુક્ષુ :— આવડે ઈ કરાવે.

ઉત્તર :— કોઈ બીજા ક્યાં હતા? મેં તો મોઢે કરેલું. બધા સાંભળે. નવરા થાયને પછી ઓલું વગાડે, શું કહેવાય તમારું? સોનોગ્રાફ. એકાદ રેકર્ડ ચડાવી દે, બધા સાંભળે. ધર્મની હોય વૈરાગ્યની. પછી સૌ ચાલ્યા જાય. થઈ ગયો ધર્મ. આઠ દિ'એ સંભાળે પાછું. બાર દિ'એ. પજુસણ હોય ત્યારે સંભાળે. આહા..હા..! ક્યાં ધર્મ અને ક્યાં રહી ગયો માર્ગ. લોકો ક્યાં અટક્યા છે.

અહીં તો કહે છે કે તારા દયા, દાન, વ્રતનો ભાવ, કક્ષાનો ભાવ એ બધો વિકલ્પ છે. એ વિકલ્પથી ભિન્ન પાડીને ભેદવિજ્ઞાન અંતર ભાવવાયોગ્ય છે. ભિન્નપણું ભાવવાયોગ્ય છે, એની એકતા ભાવવાયોગ્ય છે નહિ. આહા..હા..!

'**ભાવાર્થ :— જીવને જ્યારે ભેદવિજ્ઞાન થાય છે અર્થાત્ જીવ જ્યારે આત્માને અને કર્મને યથાર્થપણે ભિન્ન જાણે છે...**' કર્મથી ભિન્ન જાણે છે એટલે રાગથી પણ ભિન્ન જાણે છે. એમ. '**ત્યારે તે શુદ્ધ આત્માને અનુભવે છે,...**' ઉપલબ્ધ કીધું હતુંને? એને આનંદનું વેદન થાય છે એમ કહે છે. રાગથી આત્માને જુદો ઉપલબ્ધ કરતાં જ ત્યાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ સડેલા તરણા જેવા, સડેલા મીંદડા મરી ગયા હોય અને કૂતરા સડ્યા હોય એવું લાગે. આહા..હા..! આમ માખણની જેવી તળાઈ હોય, શરીર સુંવાળા હોય, માખણ ખાતા હોય અને જાણે સુખ હોય એમ લાગે એને, કહે છે, સડેલા મીંદડા, મરી ગયેલા મડદા હોય એવી ગંધ મારે એને. દુઃખ લાગે. આહા..હા..! આત્માના આનંદના સ્વાદ આગળ શુભરાગ પણ દુઃખ લાગે. એને અહીંયા આત્માને અનુભવે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધ આત્માના અનુભવથી આસ્રવભાવ રોકાય છે...**' અહો..! શુદ્ધ આત્માનો અનુભવ એટલે આનંદનો અનુભવ. અશુદ્ધ આત્માનો અનુભવ એટલે દુઃખનો અનુભવ. સમજાણું કાંઈ? સાંભળી પણ ન હોય વાત, હવે એ કે દિ' કરે? અને શું કરે? આહા..હા..! કહો, શેઠ! એમને એમ જિંદગી જાય. થઈ રહ્યું. આહા..હા..! કાંઈક ધર્મ કર્યો, સરવાળો આવો.

આ વાત તો એવી ઊંધી ચાલી એને.. અંતર વસ્તુ શું છે? પૂર્ણાનંદનો નાથ જેમાં અનંત સિદ્ધપદ પડ્યા છે. એકલો અતીન્દ્રિય આનંદના સાગરથી ઊછળી રહ્યો છે. ધ્રુવ તારામાં બોલે છે અંદર, ડોલે છે અંદરમાં. પણ એ ચીજની નજર કર્યા વિના 'આ છે' એમ ક્યાંથી એને નજરમાં આવે? એથી કહે છે, પરનો આશ્રય અને લક્ષ છોડી અંતરમાં ભેદજ્ઞાન દ્વારા આત્માને અનુભવે. એને આસ્રવભાવ રોકાઈ જાય છે. એને આસ્રવભાવ થાય જ નહિ એટલે રોકાઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'અને અનુક્રમે સર્વ પ્રકારે સંવર થાય છે.'** જુઓ, ન્યાં આવ્યું. **'અનુક્રમે સર્વ પ્રકારે સંવર થાય છે.'** પૂરો સંવર થાય છે. **'માટે ભેદવિજ્ઞાનને અત્યંત ભાવવાનો ઉપદેશ કર્યો છે.'** સંસ્કાર તો નાખ અંદર, કહે છે. એ રાગથી જુદો, રાગથી જુદો, સ્વભાવથી એકમેક એ સંસ્કાર તો રેડ અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? બેની જુદાઈના સંસ્કાર, રાગ અને આત્માની જુદાઈના સંસ્કાર. એ સંસ્કાર જામ્યે પરથી જુદો પડીને આત્માને અનુભવે છે. સમજાણું કાંઈ?

## શ્લોક-૧૩૦

(अन्ष्टुभ)

भावयेद्भेदविज्ञानमिदमिच्छिन्नधारया।
तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।१३०।।

હવે, ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું તે કાવ્ય દ્વારા કહે છે :

શ્લોકાર્થ :- **[इदम् भेदविज्ञानम्]** આ ભેદવિજ્ઞાન **[अच्छिन्न-धारया]** અચ્છિન્નધારાથી (અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે) **[तावत्]** ત્યાં સુધી **[भावयेत्]** ભાવવું **[यावत्]** કે જ્યાં સુધી **[परात् च्युत्वा]** પરભાવોથી છૂટી **[ज्ञानं]** જ્ઞાન **[ज्ञाने]** જ્ઞાનમાં જ (પોતાના સ્વરૂપમાં જ) **[प्रतिष्ठते]** ઠરી જાય.

ભાવાર્થ :- અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે જાણવું. એક તો મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્જ્ઞાન થાય અને ફરી મિથ્યાત્વ ન આવે ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય; બીજું, જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઈ જાય અને ફરી અન્યવિકારરૂપે ન પરિણમે ત્યારે તે જ્ઞાનમાં ઠરી ગયું કહેવાય. જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવ્યા કરવું. ૧૩૦.

## કળશ-૧૨૩ ઉપર પ્રવચન

**'હવે, ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું તે કાવ્ય દ્વારા કહે છે :—'** શ્લોકો બહુ ઊંચા છે આ બધા, એકલા માલ! શું કીધું ઘઉંનું? શક્કરપારો. શક્કરપારો સમજાય છે? સાકર તો હોય અંદર, .... શેર લોટ અને ચાર શેર ઘી, પહેલાના કંદોઈ બહુ હુશિયાર હતા. બાઈઓને બહુ એવું ન આવડે. ... આ શક્કરપારો બહુ ઊંચી ચીજ. ઘઉંનો લોટ હોય ઘઉંનો. એટલો દાણો એનો ઓલો થઈ જાય, ચાર શેર ઘી પાઈ દે. ..... ઓહો..હો..! ભગવાન આત્મા રાગથી ભિન્ન પડીને જ્યાં પ્રાપ્ત થાય છે.. આહા..હા..! ત્યારે એને આનંદનો સ્વાદ એટલો આવે છે કે જેમાં એ મશગુલ થઈ જાય છે, તરબોળ થઈ જાય છે. સમજાણું? ક્યાં સુધી ભાવવું? કે પૂર્ણ થાય ત્યાં સુધી ભાવવું. એમ. કેવળજ્ઞાન થાય ત્યાં સુધી ભાવવું.

**'भावयेद्भेदविज्ञानमिदमिच्छिन्नधारया'** જુઓ ભાષા. અચ્છિન્ન આવ્યું હતું પહેલા.

**भावयेद्भेदविज्ञानमिदमिच्छिन्नधारया।**
**तावद्यावत्पराच्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।१३०।।**

આહા..હા..! ભારે વાત ભાઈ! કહે છે, **'इदम् भेदविज्ञानम्' 'આ ભેદવિજ્ઞાન...'** વિકલ્પથી જુદો નિર્વિકલ્પ આનંદનો નાથ. આહા..હા..! એને પર્યાયને અંતરમાં વાળતા પરથી ભેદજ્ઞાન કરતા. કેવી રીતે કરવું? અચ્છિન્નધારા. જેમાં વિચ્છેદ ન પડે. અખંડ પ્રવાહ. સમજાણું કાંઈ? **'ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી..' 'परात् च्युत्वा' 'પરભાવોથી છૂટી...'** બિલકુલ રાગથી છૂટી. **'જ્ઞાન જ્ઞાનમાં જ (પોતાના સ્વરૂપમાં જ) ઠરી જાય.'** જ્ઞાન સમજ સમજ સમજ શક્તિનું તત્ત્વ, એ સમજ સમજમાં ઠરી જાય. જ્ઞાન જ્ઞાનમાં ઠરી જાય. ત્યાં સુધી પરથી ભિન્ન ભાવના ભાવવી. લ્યો, આ કર્તવ્ય છે કરવાલાયક. આહા..હા..! સમજાણું કાંઈ? એનો ભાવાર્થ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

## મહા વદ-૧૧, બુધવાર, તા. ૨૮-૦૨-૧૯૭૩
## શ્લોક-૧૩૦, ૧૩૧, પ્રવચન-૩૨૯

આ સમયસાર, સંવર અધિકાર ચાલે છે. એનો ૧૩૦ કળશ છે, એનો ભાવાર્થ છે. જુઓ! સંવર કોને કહે છે ઈ અહીંયા વાત ચાલે છે. આત્મામાં જે પુણ્ય અને પાપના શુભ અશુભભાવ થાય છે એનાથી ભિન્ન પડીને પોતાના સ્વભાવમાં શ્રદ્ધા જ્ઞાનમાં સ્થિર રહેવું એનું નામ સંવર છે. દેહ, વાણી, મનથી તો ભિન્ન છે પણ અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના જે ભાવ થાય છે એ પણ શુભ છે, પુણ્યાસ્રવ છે. અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપાસ્રવ છે. એ બેય ભાવથી ભિન્ન, રાગથી ભિન્ન પોતાને કરીને પોતામાં એકાગ્ર થવું એમાં જે શુદ્ધિની ઉત્પત્તિ થાય છે એનું નામ સંવર કહેવામાં આવે છે. શેઠ! કહો, સમજાણું કાંઈ? ભાવાર્થ અહીંયા છે જુઓ!

'**ભાવાર્થ :— અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે જાણવું.**' શું કહે છે? કે આ આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યપુંજ છે એમાં પુણ્ય પાપના વિકલ્પથી ભિન્ન થઈને સમ્યક્જ્ઞાન પ્રગટ કરીને અંતરમાં દૃષ્ટિ કરીને સ્થિર રહેવું, સમ્યગ્દર્શનમાં સ્થિર રહેવું એનું નામ પ્રથમ જ્ઞાનમાં સ્થિર રહેવું એમ કહેવામાં આવે છે. સૂક્ષ્મ વાત છે. અનંત કાળમાં આ વાત એણે કદી કરી નથી. '**એક તો મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્જ્ઞાન થાય...**' એક વાત આ. ભ્રાંતિનો નાશ થઈને, શુભ અને અશુભ જે વિકલ્પ રાગ છે એમાં જે એકતાબુદ્ધિ છે એ મિથ્યાત્વભાવ છે, એ આસ્રવભાવ છે, બંધભાવ છે, અધર્મભાવ છે. સમજાણું કાંઈ? એ પુણ્ય પાપના આસ્રવથી ભિન્ન થઈને પોતાનો ચૈતન્યસ્વભાવ જ્ઞાનમાં એકાકાર થવું એ સમયે મિથ્યાત્વનો નાશ થાય છે. તો એ સમ્યગ્દર્શનમાં કાયમ રહેવું એ એક પ્રકારનું જ્ઞાનમાં સ્થિર થવું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**અને ફરી મિથ્યાત્વ ન આવે...**' રાગની એકતા ન થાય અને ચૈતન્યમૂર્તિ ભગવાનની એકતા કાયમ ટકી રહે, ધ્રુવ ચૈતન્યનું અવલંબન લઈને નિત્યાનંદ ભગવાન જ્ઞાન અને આનંદથી ભરેલો છે. આત્મા જ્ઞાન અને આનંદથી તો પૂરો ભરેલો છે. એમાં એકાકાર થઈને શુદ્ધિની પ્રગટ દશા કરવી અને પુણ્ય પાપથી પૃથક્ થવું એનું નામ પ્રથમ જ્ઞાનમાં સ્થિર રહેવું કહેવામાં આવે છે. આહા..! ઝીણી વાત બહુ. સમજાણું કાંઈ? આ શુભભાવ છે એ પુણ્ય છે. પાપથી

બચવા માટે એ ભાવ આવે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ અશુભ ટાળવા માટે શુભ હોય છે, પણ એ ધર્મ નહિ. એ આસ્રવ છે, એ સંવર નહિ. જેમાં પુણ્ય પાપના ભાવ રોકાઈ જાય અને પોતાની શુદ્ધિની ઉત્પત્તિ થાય એનું નામ ભગવાન સંવર કહે છે. વીતરાગમાર્ગ તો આ છે. તારાચંદજી! આમ છે. આહા..હા..! લોકો બહારથી માની લે છે કે આ અમારો ધર્મ છે. ભક્તિ ભગવાનની, પૂજા, દાન, દયા, વ્રત, અપવાસ એ બધો શુભરાગ છે. એમાં વૃત્તિ ઉઠે છે રાગની, એ તો આસ્રવ છે. વૃત્તિનું ઉત્થાન થાય છેને. એ આસ્રવ છે. એનાથી અંતરમાં ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા જ્ઞાનનો સમુદ્ર છે, જ્ઞાન અને આનંદનો તો એ દરિયો છે. દરિયો કહે છે? સમુદ્ર. એમાં ડૂબકી મારવી. એમાં એકાગ્ર થવું તો એ સમ્યગ્દર્શન છે, એનું નામ ભેદજ્ઞાન છે, એનું નામ સંવર છે. એ દૃષ્ટિ કાયમ રહે એનું નામ આત્મામાં સ્થિર રહ્યો એમ એક પ્રકારે કહેવામાં આવે છે.

'**બીજું, જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઈ જાય...**' બીજી વાત હવે. આત્મા પોતાનો શુભ અશુભભાવથી ખસીને સમ્યગ્દર્શન તો પ્રગટ કર્યું પણ પછી એમાં ધ્યાતા, ધ્યાન, ધ્યેયને ભૂલીને અંતરમાં શુદ્ધ ઉપયોગ, પુણ્ય પાપના ભાવ એ અશુદ્ધ ઉપયોગ છે, આહા..હા..! એનાથી ખસીને શુદ્ધ ઉપયોગ જ્ઞાતા, જ્ઞાન, ધ્યેયનો ભેદ છોડીને અંતરમાં ધ્યેયમાં વસ્તુને ધ્યેય બનાવીને ધ્યાનમાં લીન થવું એ શુદ્ધ ઉપયોગરૂપી સ્થિરતા કહેવામાં આવે છે. માર્ગ આવો છે ભગવાનનો. લોકોને બીજી રીતે માનતા માર્ગ બીજો થઈ જાય? અનંત કાળથી મળ્યો નથી. અનંત વાર જૈન સાધુ થયો. કહ્યું હતુંને સવારે?

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! પંચ મહાવ્રત, સાધુના અઠ્યાવીશ મૂળગુણ જે છે એ બધો રાગનો આસ્રવભાવ છે. અરે..! એવી ક્રિયા તો અનંત વાર કરી છે. એ ક્રિયાથી શુક્લલેશ્યાથી નવમી ગ્રૈવેયક ગયો. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો'. હિન્દી ભાષા છે. આવે છે સજ્ઝાયમાં. ચાર સજ્ઝાયમાળા છેને. દુકાનની યાદ રહી ગઈ. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો' એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એવા થયા કે એવા શુભભાવથી ગ્રૈવેયક ગયો. નવમી ગ્રૈવેયકનું ફળ પણ 'ફેર પીછો પટક્યો'. ત્યાં મિથ્યાત્વભાવ તો સાથે હતો. અને રાગનો કણ છે એ પણ મારી ચીજ છે, એવી માન્યતાને અહીંયા ભગવાન મિથ્યાત્વ કહે છે. સમજાણું કાંઈ? અશુભથી બચવા માટે એ કાળે શુભ હોય પણ એ તો ફક્ત પુણ્યબંધનું કારણ છે. અબંધ (પરિણામ) નહિ અને અહીં તો અબંધ પરિણામને મોક્ષમાર્ગ કહે છે. અબંધ પરિણામનો અર્થ ભગવાનસ્વરૂપ આત્મા અબંધસ્વરૂપ છે. રાગથી રોકાણો નથી, શરીર, કર્મથી રોકાણો નથી, ભિન્ન પદાર્થ છે. એવો અબદ્ધસ્વરૂપ ભગવાન આત્મા એમાં એકાગ્ર થઈને અબદ્ધ પરિણામ—સમ્યગ્દર્શન, જ્ઞાનની સ્થિરતા આદિના પરિણામ પ્રગટ કરવા એ અબદ્ધ પરિણામ એ મુક્તિનું કારણ છે.

મુમુક્ષુ :— ચારિત્ર..

ઉત્તર :— ચારિત્ર—સ્થિરતા.

મુમુક્ષુ :— શરીરની ક્રિયા..

ઉત્તર :— નહિ, નહિ. એ જ વાત અહીંયા ચાલે છે. શરીર તો જડ છે.

મુમુક્ષુ :— વ્યવહાર કારણ...

ઉત્તર :— નહિ, કારણ-ફારણ નહિ. એ વાત જરી સૂક્ષ્મ છે. જ્યારે સ્વરૂપની દૃષ્ટિ અનુભવમાં આનંદની સ્થિરતા અંદર આવી જાય ત્યારે શરીર નગ્ન થઈ જાય છે. પણ એ ક્રિયા ચારિત્ર નહિ. ચારિત્ર તો અંદર સ્થિરતા થાય ઈ છે. બહુ ઝીણી વાત.

પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદઘન છે એવી અંતર દૃષ્ટિ થાય અને એનું જ્ઞાન થાય અને એમાં લીનતા થાય, ચરવું, ચરવું નામ ચારિત્ર, આત્માના આનંદસ્વરૂપમાં રમવું એનું નામ ચારિત્ર છે. અને આવું ચારિત્ર જેને હોય એને શરીર નગ્ન થઈ જાય છે, થઈ જાય છે. એને વસ્ત્ર પાત્ર રહે એમ નથી હોતું. પણ આવી દશા હોય તો. આવી દશા વિના નગ્નપણું તો અનંત વાર લીધું. એ તો કહ્યું, 'મુનિવ્રત ધાર અનંત બૈર' એ કોઈ વસ્તુ નથી. સમજાણું કાંઈ?

અંતર્મુખ પરમાત્મા શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવ જે ચીજ અંદર છે, સાક્ષાત્ ચીજ પડી છે. આહા..હા..! એક સમયના પરિણામ, એક સમયની અવસ્થાની પાછળ આખી વસ્તુ પડી છે. એ આખી ચીજમાં દૃષ્ટિ કરીને એકાકાર થઈને સ્થિરતા કરવી એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. સમજાણું કાંઈ? અને વચ્ચે શુભરાગ હો પંચ મહાવ્રત આદિનો, પણ એ તો આસ્રવ છે અને શરીરની નગ્ન અવસ્થા એ તો જડની છે. એની સાથે આત્માને કંઈ સંબંધ નથી. એવું નિમિત્ત થઈ જાય. જ્યાં અંતરની દશા ચારિત્ર આત્માનો આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. સમ્યગ્દર્શન થતાં જ પોતાના આનંદનો સ્વાદ આવે છે એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન કહે છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ.

સમ્યગ્દર્શન એવી વસ્તુ નથી કે ભગવાન સાચા છે, દેવ-ગુરુ સાચા છે માટે એ સમ્યગ્દર્શન. એવી વસ્તુ નથી. સમજાણું કાંઈ? પૂર્ણ આનંદ, આનંદઘન ભગવાન, આત્મા તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી પૂરો ભરેલો છે. એની અંતરમાં દૃષ્ટિ કરવી એ પર્યાયને એમાં પ્રસારવી અને એકાકાર થવું એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. સમજાણું કાંઈ? ત્યારે એ દશામાં પંચ મહાવ્રતના વિકલ્પ હોય, પણ છે ઈ આસ્રવ. સમજાણું કાંઈ? એ ચારિત્ર નહિ, એ તો ચારિત્રમાં દોષ છે. આહા..હા..! શુભરાગ એ દોષ છે. શાસ્ત્ર તો ઘણી વાત કહે છે. શુભરાગને તો ઝેર કહે છે. ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ, શાંતિનો સાગર પ્રભુ એમાંથી વિકલ્પ ઉઠવો એ અમૃતથી વિરુદ્ધ ઝેર છે. માર્ગ એવો છે, ભગવાન! સમજાણું

કાંઈ?

તો કહે છે, એક બાજુ તો ભગવાન આત્માની દષ્ટિ, અનુભવ થયા, પછી ભલે વિકલ્પ આવો શુભ અશુભના, પણ દષ્ટિ ખસે નહિ, મિથ્યાત્વ ન થાય ત્યાં સુધી જ્ઞાનમાં સ્થિર છે એમ કહેવામાં આવે છે. બીજો પ્રકાર, શુદ્ધ ઉપયોગમાં સ્થિર થાય. શુભ આવે જ નહિ, અંદર આનંદકંદમાં સ્થિર થઈ જાય એને અહીંયા જ્ઞાનમાં સ્થિર છે એ બીજા પ્રકારનો અથવા આખા પ્રકારનો એ પ્રકાર છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ. જ્ઞાનમાં, આનંદમાં લીન થાય. ઈ છ ઢાળામાં આવે છે. છ ઢાળા છેને? શુદ્ધ ઉપયોગી મુનિ. શુદ્ધ ઉપયોગીને મુનિ કહે છે. શુદ્ધ... છ ઢાળામાં આવે છે. 'તીનોં મોક્ષમગ્ગચારી' સમ્યગ્દષ્ટિ, પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક અને શુદ્ધ ઉપયોગી મુનિ 'તીનોં મોક્ષમગ્ગચારી'. શુદ્ધ ઉપયોગી. ઝીણી વાત છે, ભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે અને આવી ચીજ બીજામાં ક્યાંય નથી. સર્વજ્ઞ પરમાત્મા સિવાય આવી ચીજ કોઈ ઠેકાણે નથી. બધે વાત કરે આમ ધર્મ થાય ને તેમ થાય, પણ વીતરાગ સિવાય ક્યાંય સાચી વાત નથી. વીતરાગમાર્ગમાં પણ ગોટા ઉઠ્યા. પુણ્યની ક્રિયાને ધર્મ માન્યો, શુભભાવને સંવર માન્યો. મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

અહીંયા કહે છે, શુદ્ધ ઉપયોગમાં સ્થિર થઈ જાય **'અને ફરી અન્ય વિકારરૂપે ન પરિણમે...'** એવો લીન થઈ જાય કે શુભભાવ આવે જ નહિ, તો એને જ્ઞાનમાં સ્થિર રહેવું એમ કહેવામાં આવે છે. **'જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવ્યા કરવું.'** ત્યાં સુધી રાગથી ભિન્ન પહેલા કરવો, પછી રાગથી ભિન્ન પડીને સ્થિર થવું. સમજાણું કાંઈ? માર્ગ આવો છે, ભાઈ! દિગંબર ધર્મ આવી ચીજ છે. એ કોઈ વાડાની ચીજ નથી. આ તો વસ્તુની સ્થિરતાની ચીજ એવી છે. હવે બહુ ઊંચો શ્લોક આવ્યો.

## શ્લોક-૧૩૧

(अन्ष्टुभ्)

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।

ફરીને ભેદવિજ્ઞાનનો મહિમા કહે છે :

શ્લોકાર્થ :- **[ये केचन किल सिद्धाः]** જે કોઈ સિદ્ધ થયા છે **[भेदविज्ञानतः सिद्धाः]** તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે; **[ये केचन किल बद्धाः]** જે કોઈ બંધાયા છે **[अस्य एव अभावतः बद्धाः]** તે તેના જ (ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.

ભાવાર્થ :- અનાદિ કાળથી માંડીને જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી તે કર્મથી બંધાયા જ કરે છે સંસારમાં રઝળ્યા જ કરે છે; જે જીવને ભેદવિજ્ઞાન થાય છે તે કર્મથી છૂટે જ છે મોક્ષ પામે જ છે. માટે કર્મબંધનું સંસારનું મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે અને મોક્ષનું પ્રથમ કારણ ભેદવિજ્ઞાન જ છે. ભેદવિજ્ઞાન વિના કોઈ સિદ્ધિ પામી શકતું નથી.

અહીં આમ પણ જાણવું કે વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધો અને વેદાન્તીઓ કે જેઓ વસ્તુને અદ્વૈત કહે છે અને અદ્વૈતના અનુભવથી જ સિદ્ધિ કહે છે તેમનો, ભેદવિજ્ઞાનથી જ સિદ્ધિ કહેવાથી, નિષેધ થયો; કારણ કે સર્વથા અદ્વૈત વસ્તુનું સ્વરૂપ નહિ હોવા છતાં જેઓ સર્વથા અદ્વૈત માને છે તેમને ભેદવિજ્ઞાન કોઈ રીતે કહી શકાતું જ નથી; જ્યાં દ્વૈત જ બે વસ્તુઓ જ માનતા નથી ત્યાં ભેદવિજ્ઞાન શાનું ? જો જીવ અને અજીવ બે વસ્તુઓ માનવામાં આવે અને તેમનો સંયોગ માનવામાં આવે તો જ ભેદવિજ્ઞાન બની શકે અને સિદ્ધિ થઈ શકે. માટે સ્યાદ્વાદીઓને જ બધુંય નિર્બાધપણે સિદ્ધ થાય છે. ૧૩૧.

---

## કળશ-૧૩૧ ઉપર પ્રવચન

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।**

ભગવાન કુંદકુંદાચાર્ય સંવત ૪૯માં થયા. એમની આ ગાથાઓ છે. ગ્રંથ એમણે બનાવ્યો અને એની ટીકા કરનાર અમૃતચંદ્રાચાર્ય થયા. ભગવાન પછી, કુંદકુંદાચાર્ય પછી હજાર વર્ષે થયા. આ કળશ એમના છે. અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત વનવાસી હતા. આજથી હજાર વર્ષ પહેલા અને કુંદકુંદાચાર્ય આજથી બે હજાર વર્ષ પહેલા. સંવત ૪૯. સમજાણું કાંઈ? અને કુંદકુંદાચાર્યના શ્લોકની ટીકા કરનારા અમૃતચંદ્રાચાર્યે આ કળશ બનાવ્યા. શું કહે છે? બહુ સારો શ્લોક છે. આખા શાસ્ત્રનો મર્મ છે.

**'શ્લોકાર્થ :— જે કોઈ સિદ્ધ થયા છે...'** અત્યાર સુધી ગણતરીના જીવ.. ભાઈ!

ગણતરીના જીવ, બહુ થોડા અનંત. નિગોદમાં જીવ હો, તો નિગોદ... નિગોદ સમજ્યા? આલુ, કાઈ (લીલ) એની એક કણી લ્યો, આટલી કણી રાઈ જેટલી એમાં અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધની સંખ્યા થઈ એના કરતાં અનંતગુણા જીવ છે. શું કહ્યું? અત્યાર સુધી સિદ્ધ થયાને..? શાસ્ત્રમાં એવો લેખ છે ભગવાનનો કે છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિએ જાય, જાય અને જાય જ. શું કહ્યું સમજાણું? છ મહિના ને આઠ સમય. એમાં અઢી દ્વીપમાંથી ૬૦૮ જીવ મુક્તિ પામે, પામે ને પામે જ. અત્યારે અહીંથી ન થાય તો મહાવિદેહમાંથી જાય છે. આખા અઢી દ્વીપમાંથી, ભગવાનનું કેવળજ્ઞાનીનું વચન છે કે છ મહિના અને આઠ સમય, આટલા કાળમાં ૬૦૮ સિદ્ધ થાય છે. તો અત્યાર સુધી કેટલા સિદ્ધ થયા? અનંત. છતાં અનંતગુણાથી અનંતમા ભાગે. સમજાણું કાંઈ? એ તો ગણતરીના થયા. અપાર નિગોદના જીવ. ઓહો..હો..! અહીંયા સૂક્ષ્મ નિગોદ છે. આખા લોકમાં ભર્યા છે. અહીંયા સૂક્ષ્મ છે. અહીંયા નિગોદના અસંખ્ય શરીર છે. એક એક શરીરમાં એ સિદ્ધની સંખ્યા થઈ એનાથી અનંતગુણા જીવ છે. એવો આખો લોક ભર્યો છે. સમજાણું કાંઈ? જીવથી. એ જીવમાં અનંતગુણી સંખ્યામાંથી જે કોઈ સિદ્ધ થયા, અનંતમા ભાગના પરમાત્મા થાય એ ભેદજ્ઞાનથી સિદ્ધ થયા છે. અત્યાર સુધી જેટલા પરમાત્મા નમો સિદ્ધાણં, સિદ્ધ પરમાત્મા થયા એ બધા ભેદજ્ઞાનથી સિદ્ધ થયા છે. વિકલ્પ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના વિકલ્પથી ભિન્ન થઈને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું પછી આસક્તિથી ભિન્ન થઈને સ્થિર થયા. તો ભેદજ્ઞાનથી સિદ્ધ થયા છે. સમજાણું કાંઈ?

અત્યાર સુધી અનંત જીવ સિદ્ધ થયા. પણ એ પણ અનંતમે ભાગે, બહુ થોડી ગણતરીમાં. આહા..હા..! એ બધા સિદ્ધ કેવી રીતે થયા? એક જ પ્રકારે. પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગથી ભિન્ન થઈને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું અને આસક્તિથી ભિન્ન થઈને સ્થિરતા પ્રગટ કરી. તો ભેદજ્ઞાનથી સિદ્ધ થયા. કોઈ વ્યવહાર ક્રિયાકાંડથી સિદ્ધ થયા એમ જગતમાં છે નહિ.

મુમુક્ષુ :— શરીરની ક્રિયા..

ઉત્તર :— શરીરની ક્રિયા તો જડ છે, એનાથી ક્યાં મુક્તિ થાય છે? એ તો જડ છે. આ તો માટી જડ છે. પરમાણુ જડ છે, એના રંગ, ગંધ જડ છે, એની અવસ્થા પણ જડ છે. આ પર્યાય છે જડની, એ જડ છે. પરમાણુ જે છે એનો, આ તો એક રજકણ અંદર છે, અનંતા રજકણ છે. એક એક રજકણમાં અનંતા અનંતા રંગ, ગંધ ગુણ છે. અને એક એક દ્રવ્યની અનંતી પર્યાય ગુણની છે. ત્રણે જડ છે. આહા..હા..! એમાં આત્મા નથી. આત્મા એ રૂપે થયો જ નથી, એ આત્મા રૂપે થયા નથી. આહા..હા..! તો શરીરની ક્રિયાથી મુક્તિ થાય છે એમ ત્રણ કાળમાં નથી. અરે..! દયા, દાન, વ્રતના પરિણામથી મુક્તિ થાય

છે એમ ત્રણકાળમાં નથી, એ તો રાગ છે. આવી વાત છે. બંધ છે. સ્વર્ગાદિ મળે પુણ્યથી, આ શેઠિયાની ધૂળ મળો. શેઠ! પૈસા ધૂળ. પૈસા એટલે ધૂળ મળો. ધૂળ છે, એ તો મળે, એમાં થયું શું પુણ્યથી? આત્મા ક્યાં આવ્યો વચ્ચે?

મુમુક્ષુ :— પરંપરા..

ઉત્તર :— પરંપરા રખડશે. રાગના કર્તૃત્વથી પરંપરા રખડશે. રાગથી ભિન્ન પાડીને મુક્તિ થાય છે. ઈ શ્લોક છે અહીંયા. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. કદી સમજાણી નથી.

પૂર્ણાનંદનો નાથ પ્રભુ જેમાં અનંત અનંત અતીન્દ્રિય આનંદ અને અનંત અનંત અતીન્દ્રિય જ્ઞાન ભરચક ભરેલા છે. એવું આત્મદળ, એ આત્મદળની જ્યારે દૃષ્ટિ થાય ત્યારે રાગથી ભિન્ન થઈને થાય છે અને એમાં સ્થિર થાય એ પણ આસક્તિથી ભિન્ન થઈને સ્થિરતા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે શ્લોક? હિન્દી આપ્યુંને? હિન્દી આપ્યું કે નહિ? સમયસાર. છે હિન્દી? હિન્દી. નીચે શ્લોક છે.

**'જે કોઈ સિદ્ધ થયા છે...'** જે કોઈનો અર્થ ગણતરીમાં અનંતગુણ અનંતમે ભાગે મર્યાદિત સિદ્ધ થયા. આહા..હા..! થયા અનંત પણ એ સંસારના જીવની સંખ્યાથી તો અનંતમે ભાગે (થયા છે). સમજાણું કાંઈ? **'જે કોઈ સિદ્ધ થયા...'** ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ છેને, ભાવલિંગી સંત છે, છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલે છે. મુનિની દશા એવી હોય છે કે જેને નિદ્રા પણ પોણી સેકંડની અંદર આવે છે. સમજાણું કાંઈ? ઈ છ ઢાળામાં આવે છે. 'પીછલ રયન કછું શયન એકાસન' એક પડખે પોણ સેકંડની અંદર નિદ્રા આવે છે. પાછા જાગ્રત થઈ જાય છે. છઠ્ઠું સાતમું ગુણસ્થાન હોય એનું નામ મુનિ. છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ પોણી સેકંડની અંદરની છે અને સાતમા ગુણસ્થાનની સ્થિતિ પોણી સેકંડથી અડધા ભાગની છે. થોડી નિદ્રા આવી જાય. દશા ઘણી પ્રગટ થઈ છેને. અલ્પ પોણી સેકંડની અંદર નિદ્રા આવી જાય, તરત અપ્રમત્ત દશા આવી જાય. સમજાણું કાંઈ? એમ હજારો વાર એક દિવસમાં છઠ્ઠું-સાતમું, છઠ્ઠું-સાતમું ગુણસ્થાન આવે છે.

સવારમાં ભાઈ ઈ કહ્યું હતું. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** હું તો પ્રમત્ત અપ્રમત્ત નથી. પ્રમત્ત અપ્રમત્ત તો દશા છે, પર્યાય છે, હું એ નહિ. **'जाणगो दु जो भावो'** હું તો જ્ઞાયકભાવ છું. એમ જાણે છે પર્યાય. ... પ્રમત્ત અપ્રમત્ત હું નથી. હું તો જ્ઞાયકભાવ ત્રિકાળ જાણવા દેખવાનો પિંડ તે હું છું. સમજાણું કાંઈ? એમ કોણ જાણે છે? પોતાની પ્રગટ પર્યાય શુદ્ધ ઈ જાણે છે. આ તો પર્યાય જાણે છે. અહીં તો પર્યાયનો નિષેધ કર્યો. આ પર્યાય ગઈ ધ્રુવ ઉપર, પ્રમત્ત અપ્રમત્ત હું નથી, હું તો જ્ઞાયક છું. ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ ચૈતન્ય તે હું છું. પર્યાય એમ જાણે છે કે હું આ ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હું તો જ્ઞાયકભાવ છું. મારામાં તો પ્રમત્ત અપ્રમત્તની પર્યાયનો

નિષેધ છે. આહા..હા..! એવી દૃષ્ટિ પહેલા થાય, પછી સ્વરૂપમાં સ્થિર થઈને પરથી ભિન્ન થઈને મુક્તિને પ્રાપ્ત થાય છે. રાગની મદદથી, શુભરાગની સહાયથી, શરીરના સંઘયણની સહાયથી મુક્તિ થાય છે એમ ત્રણકાળમાં નથી. મૂળચંદભાઈ!

મુમુક્ષુ :—

ઉત્તર :— નિરપેક્ષ છે. આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર રાગ અને નિમિત્તની અપેક્ષા વિના થાય છે. એવો વીતરાગનો માર્ગ છે. આહા..હા..! શું કરે? સાંભળવા મળે નહિ, સમજવા મળે નહિ, વખત છે નહિ. આખો દિવસ રાત મજૂરી કરવી. મજૂરી, ધંધા. શેઠિયા પણ મજૂરી કરે છે કે નહિ? આ બીડી આમ આપવી, આમ લેવી. રાગ છે. આહા..હા..! અહીંયા તો શુભરાગની વાત હોય તોપણ કહે છે કે મજૂરી છે. આહા..! કેમકે એ તો રાગ અને આસ્રવ છે. સૂક્ષ્મ છે, ભગવાન! વીતરાગ માર્ગ જે છે એ અલૌકિક માર્ગ છે! લૌકિક સાથે મેળ ખાય એવો નથી. લૌકિકની સાથે મેળ ન ખાય એવો માર્ગ છે.

કહે છે કે **'જે કોઈ સિદ્ધ થયા છે...'** ચાહે તો સમુદ્રમાં પડ્યા કોઈ, મુનિને નાખ્યા, ત્યાંથી સિદ્ધ થયા. કોઈને મેરુ પર્વત ઉપર દેવે પછાડ્યા, ત્યાંથી સિદ્ધ થયા. અને કોઈ અહીંયા ધ્યાનમાં રહીને સિદ્ધ થયા, એ બધા પરથી ભિન્ન થઈને સિદ્ધ થયા છે. રાગ અને શરીરથી ભિન્ન થઈને સિદ્ધ થયા છે. સમજાણું કાંઈ? મેરુ પર્વત ઉપર કોઈ દેવ, સાચા મુનિ હોય એમનો કોઈ વેરી હોય તો પગ ઝાલીને મેરુ પર્વત ઉપર પછાડે, પટકે, મારે. અંદરમાં ધ્યાનમાં આવી જાય છે. વિકલ્પ અને શરીરથી ભિન્ન દૃષ્ટિ તો હતી. વિકલ્પની અસ્થિરતા હતી એને છોડીને સ્થિર થાય છે. ભેદજ્ઞાનથી મુક્તિ થઈ. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો સમ્યગ્દર્શન પણ દ્રવ્યની એક મુક્તિ છે. દ્રવ્ય મુક્તસ્વરૂપ છે. આત્મા, દ્રવ્ય મુક્તસ્વરૂપ છે. મોક્ષસ્વરૂપ જ એનું સ્વરૂપ છે. તો દૃષ્ટિ થઈ ત્યાં એટલો તો મોક્ષ થયો. પણ રાગથી ભિન્ન થઈને મુક્તિ થઈ. મિથ્યાત્વથી મુક્તિ થઈ. આહા..હા..! પછી સ્વરૂપમાં સ્થિરતા કરવાથી આસક્તિથી મુક્તિ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? અનંત જીવ ભરતમાંથી મુક્ત થાય, ઐરાવતમાંથી થાય, ઐરાવત છેને, મહાવિદેહમાં ભગવાન બિરાજે છે, મહાવિદેહ પંચ મહાવિદેહ છે. વીસ તીર્થંકર તો સદા માજૂદ હોય છે. વીસ તીર્થંકર તો સદા મોજૂદ (હોય છે). વિદ્યમાન (તીર્થંકર) કહે છે. બયાના, બયાના છેને? કોની પાસે? દેવગઢની પાસે બિયાના છે. ત્યાં સીમંધર ભગવાનની પ્રતિમા છે. પાંચસો વર્ષ પહેલાની. એનું નામ જીવંતસ્વામી લખ્યું છે. જેવા આપણે અહીંયા સીમંધર ભગવાન બિરાજે છેને, એવા ત્યાં પાંચસો વર્ષ પહેલાની પ્રતિમા છે મૂળ વેદીમાં. બયાના છે, બયાના. અમે ગયા છીએ. સાથે પાંચસો માણસ હતું.

મુમુક્ષુ :— મહાવીરજીની બાજુમાં.

ઉત્તર :— હા, મહાવીરજીની બાજુમાં. નજીક છે, ત્યાં ગયા હતા, પાંચસો માણસો સાથે હતા, આપણા પાંચસો માણસ સાથે હતા. જાત્રામાં, ત્યાં છ હજાર રૂપિયા આપ્યા હતા. સાથે માણસો હતા. છ હજાર રૂપિયા આપ્યા. ભગવાન બિરાજે છે તો એમનું નામ લખ્યું છે, જીવંતસ્વામી, જીવતાસ્વામી. મહાવીર ભગવાન તો મોક્ષ પધાર્યા. એ તો અત્યારે શરીર નથી. આ ભગવાનને તો શરીર છે, તો જીવતા સ્વામી એમ એમાં લખ્યું છે. જીવંતસ્વામી શ્રી સીમંધર ભગવાન. સમજાણું કાંઈ? પ્રભુભાઈ અને બેય સાથે હતા. ધીયા. એણે અભિષેક કર્યો હતો, ત્રણ હજાર રૂપિયા દઈને. ત્રણ હજાર દઈને પહેલો અભિષેક કર્યો હતો. ... ત્યારે છ હજાર આપ્યા હતા. અહીંયા સંઘ આવ્યો હતો એમ યાદ રહે. સીમંધર ભગવાન અહીંયા બિરાજે છે. એવા જીવંતસ્વામીની પાંચસો વર્ષ પહેલાની પ્રતિમા છે. એ કંઈ નવી નથી. તો છ હજાર રૂપિયા આપ્યા હતા. અભિષેક ... શું કહેવાય? કમાન, કમાન. છ હજાર રૂપિયા આપ્યા હતા. અમે તો પછી ગયા નહોતા, તે દિ' એક દિવસ ગયા હતા.

જીવંતસ્વામી તીર્થંકર પરમાત્મા જીવતા બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં મોજૂદ સમવસરણમાં બિરાજે છે, જમીન(ની) ઉપર. સમવસરણમાં અત્યારે બિરાજે છે. સમજાણું કાંઈ? તો એની પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય. આહા..હા..! લખાવ્યું છે, સવારે ભાઈએ પૂછ્યું હતું. ક્યાં આવ્યું? મદ્રાસથી એંસી માઈલ આ બાજુ, વંદેવાસ. પોન્નુર હિલ છે. લખ્યું છે કોઈ ભાઈએ. મદ્રાસ છેને મદ્રાસ, એનાથી એંસી માઈલ આ બાજુ એક વંદેવાસ ગામ છે. મદ્રાસથી આ બાજુ. સવારમાં લખાવ્યું છે. પૂછ્યું હતું. લખી લીધું છે. સવારે પૂછ્યું હતું ભાઈએ કે ક્યાં આવ્યું? મદ્રાસથી એંસી માઈલ આ બાજુ છે. વંદેવાસ નામનું દસ હજારની વસ્તીવાળું ગામ છે. ત્યાંથી પાંચ માઈલ દૂર પોન્નુર હિલ છે. ત્યાં આગળ કુંદકુંદાચાર્યના ચરણ પાદુકા છે, બે હજાર વર્ષ પહેલાના. અમે બે વાર ત્યાં ગયા છીએ. પૈસા આપ્યા હતા, ત્રીસ હજાર આપ્યા છે. ઓરડા બનાવવા માટે. કુંદકુંદાચાર્ય ત્યાં રહેતા હતા અને ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. એ ભગવાનની વાણી લઈને આવ્યા. એની ટીકા અમૃતચંદ્રાચાર્ય કરે છે. સમજાણું કાંઈ?

ભગવાન આમ કહે છે. ત્રિલોકનાથ પરમાત્મા. અત્યાર સુધી જે કોઈ પ્રાણી ગણતરીના અનંત જીવ મુક્તિને પામ્યા એ બધા રાગ અને શરીરથી ભિન્ન થઈને દૃષ્ટિ અને સ્થિરતા અંદર જમાવીને મુક્તિ પામ્યા છે. કોઈ બાહ્ય ક્રિયાકાંડથી અને શરીરની ક્રિયાથી મુક્ત થયા છે એમ ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ? આ શરીર તો અજીવ છે. એની ક્રિયા થાય એ તો અજીવની છે. આ કાંઈ આત્માની નથી. આમ આમ ચાલે એ અજીવની ક્રિયા છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એનાથી નહિ, ઈ વાત કરે છે. આત્મા અંદર છે તો હલે છે એમ નહિ.

મુમુક્ષુ :— મડદું..

ઉત્તર :— નહિ, નહિ. મડદું જ હલે છે. એ પોતાથી હલે છે. ઈ વાત સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :—

ઉત્તર :— નહિ, નહિ. આત્મા પ્રેરણા કરે છે તો આમ ચાલે છે એમ ત્રણકાળમાં નથી. કેમકે આત્મામાં જડનો અભાવ છે અને જડમાં આત્માનો અભાવ છે.

મુમુક્ષુ :—

ઉત્તર :— આત્મા ... કાર્મણશરીર છે. કાર્મણ જડ છે.

મુમુક્ષુ :—

ઉત્તર :— નહિ, નહિ. નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. પણ એનાથી કાર્માણશરીર રહ્યું છે એમ નહિ.

મુમુક્ષુ :— કાર્મણશરીરથી પુણ્ય પાપનો આસ્રવ થાય છે.

ઉત્તર :— આસ્રવ એનાથી નથી થતો. સૂક્ષ્મ વાત છે. કાર્મણ તો જડ છે. એનું લક્ષ કરવાથી શુભાશુભ ભાવ થાય છે એ આસ્રવ છે. જીવની વિકારી પર્યાય છે. કાર્મણશરીરથી આસ્રવ નથી થતો. સૂક્ષ્મ વાત છે. તત્ત્વની વાત ચાલતી નથી. કાર્મણ તો, જેમ આ શરીર જડ છે એમ સૂક્ષ્મ છે, એ તો અજીવ છે. એનાથી આસ્રવ નથી થતો. પણ એનો સંગ કરવાથી, સ્વભાવનો સંગ છોડવાથી, એનો સંગ કરવાથી શુભાશુભ ભાવ થાય છે. એ શુભાશુભ ભાવ એ આસ્રવ છે. કાર્મણ શરીર તો અજીવ છે. ઈ આવે છે, ભક્તિમાં આવે છે. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ,' આવે છે, ચંદ્રપ્રભુ ભગવાનની (પૂજામાં) જયમાલામાં આવે છે. ચંદ્રપ્રભુ ભગવાન. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ.' અગ્નિએ લોઢાનો સંગ કર્યો તો ઘણ પડે છે. એમ આત્માએ કર્મનો સંગ કર્યો તો રાગ દ્વેષ ઉત્પન્ન થઈને ચાર ગતિમાં ફરવું પડે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ.

મુમુક્ષુ :— જૈનમાં તો બધું કર્મ જ કરે.

ઉત્તર :— કર્મ ધૂળ કરે. કર્મ શું કરે? 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ'. એ તો જડ છે, જડને ખબરેય નથી કે હું કોણ છે? આત્મા પોતાની વસ્તુને ભૂલીને પર્યાયમાં–અવસ્થામાં પુણ્ય ને પાપ અને મિથ્યાત્વભાવ કરે છે એ પોતાની ભૂલ છે. બીજાને કારણે ભૂલ નથી. આહા..હા..! એ ભૂલથી પોતાની વસ્તુને ભિન્ન કરીને... મિથ્યાશ્રદ્ધાની ભૂલ, પછી આસક્તિ–અસ્થિરતાની ભૂલ, બેયથી આત્માને ભિન્ન કરીને સિદ્ધ થાય છે. એનો સંગ કરીને અને સાથ લઈને સિદ્ધ થાય છે એમ ત્રણકાળ ત્રણલોકમાં વીતરાગમાર્ગમાં નથી. બીજામાં તો છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ વાત ચાલતી નથી. અત્યારે તો બધું બહાર.. બહાર.. બહાર...

અંતર ચૈતન્યમૂર્તિ, અહીં તો કહે છે કે આ શરીર ચાલે છે, એ ક્રિયાવર્તી શક્તિ પરમાણુમાં છે એને કારણે ચાલે છે, આત્માને કારણે નહિ. આત્મા અરૂપી, આ તો રૂપી. તો આત્મા પોતાના અસ્તિત્વમાં આત્મા છે. શરીરના અસ્તિત્વથી તો નાસ્તિ છે. પણ શરીરનું અસ્તિત્વ શરીરથી છે, પોતાના આત્માના અસ્તિત્વથી શરીરની નાસ્તિ છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ તો આ ભેદજ્ઞાનની વાત ચાલે છે. શરીરથી પણ ભિન્ન અને રાગની ક્રિયાથી પણ ભિન્ન. આહા..હા..! સૂક્ષ્મ વાત. પરમાગમ બને છેને આ? એમાં બધું કોતરાય છે. જોયું? નથી જોયું. જોઈ લીધુંને? સંગેમરમર પત્થરમાં કોતરે છે. ૪૫૦ (પાટીયા) છે, પત્થર હોયને? પાટીયા છે, એવા ૪૫૦ પાટીયા છે. ૨૫૦ તો થઈ ગયા. ૨૦૦ બાકી છે. આ મંગળવારે ચોડવાનું શરૂ થઈ જશે. લગાવવાનું આ મંગળવારે (શરૂ થશે). ૪૫૦. હિન્દુસ્તાનમાં આ પહેલું છે. દિગંબર શાસ્ત્રો અને મશીનથી કોતરવાનું તો પહેલુંવહેલું છે. મશીન કદી હતું નહિ. એ તો ઈટાલીથી ત્રીસ હજારનું મશીન આવ્યું છે. લખીને પછી કોતરે છે. આહા..હા..! આ શેઠ છેને, એના દીકરા લાવ્યા છે. આ સામે બેઠા છે. એમનો દીકરો ત્યાં ગયો હતો, વીસ દિવસ રહ્યા હતા. ત્યાંથી લાવ્યા. ત્રીસ હજારનું. પંદર હજારનું અને બીજા ખર્ચ થયા. ઓગણીસ હજારના તો ટાઈપ છે નીચે, ટાઈપ પ્રમાણે ન્યાં કોતરે છે. ઈ ઘણી મહેનત કરે છે.

અહીં તો કહે છે કે અંદરમાં કોતરવું. વિકલ્પ નામ રાગથી ભિન્ન થઈને પોતાના ચૈતન્યમાં જ્ઞાનાનંદની કોતરણી કરવી. સૂક્ષ્મ વાત છે, ભાઈ! એમ તો અનંતવાર જૈન સાધુ થયો, શાસ્ત્ર ભણ્યો, ભૂતકાળમાં બહુ કર્યું હતું. સવારે કહ્યું હતુંને હિન્દી?

યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો,
વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દિયો,
મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠ યોગ પ્રયોગ સુતાર ભયો,
જપ ભેદ જપે...

ભગવાન.. ભગવાન.. ભગવાન.. જપ કર્યા. એ તો શુભરાગ છે. તપ તપ્યો. મહિના મહિનાના અપવાસ, બે બે મહિનાના અપવાસ. એ તો રાગ છે, શુભરાગ છે.

વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.
અબ ક્યોં ન બિચારત હૈ મનસે, કુછ ઔર રહા ઉન સાધનસે.

એ સાધનથી ભિન્ન એનું સાધન છે. સમજાણું કાંઈ? એ આવી વાત અત્યારે તો ઘણી થોડી થઈ ગઈ. ... આમ કરો, આમ કરો. આમ કલ્યાણ થશે. શરીરથી નગ્ન થઈ જાઓ તો એનાથી થશે, દયા, દાન, વ્રત પાળો તો કલ્યાણ થશે. ધૂળમાંય નહિ થાય.

અહીં તો ભગવાન એમ કહે છે, જુઓ! '**જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...**' રાગની ક્રિયા, શરીરની ક્રિયાથી ભિન્ન પડીને અને પોતામાં સ્વભાવમાં એકાકાર થઈને સિદ્ધ થયા છે. '**જે કોઈ બંધાયા છે...**' જુઓ ભાષા! અત્યાર સુધી સંસારમાં રખડે છે '**તે તેના જ (-ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.**' ભેદવિજ્ઞાનના અભાવથી બંધાયા છે. કર્મને કારણે બંધાય છે એમ નથી. રાગથી ભિન્ન પડ્યો નહિ, રાગ સાથે એકત્વબુદ્ધિ કરી તેને કારણે અનંત સંસારમાં બંધાવું પડ્યું છે. આહા..હા..! ગોમ્મટસારમાં એમ છે, પ્રચુર ભાવકલંક. ભાવકલંક પહુરા. નિગોદના જીવ ભાવકલંક પ્રચુરા નિગોદવાસ ન મુચ્ચંતિ. ગોમ્મટસારમાં છે. જીવ પણ ભાવ પ્રચુર કલંક, મિથ્યાત્વનું તીવ્ર કલંક એનાથી નિગોદવાસ એને છૂટતો નથી. અત્યાર સુધી અનંત જીવ પડ્યા છે જે કદી ત્રસ નથી થયા. મનુષ્ય નથી થયા એવા નિગોદ અનંત પડ્યા છે. આહા..હા..! અનંત જીવ છે. અનંત સંસાર છે. આહા..હા..!

જે કોઈ સિદ્ધ થયા, કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ અને અશરીરી જીવ થયા એ બધા પરથી ભિન્ન થઈને થયા છે. આહા..હા..! વ્યવહારની ક્રિયા અને શરીરની ક્રિયાથી ભિન્ન પડીને થયા છે. જે કોઈ બંધાયા અત્યાર સુધી રખડે છે એ પરથી ભિન્ન ન પડ્યા અને રાગથી એકત્વ કર્યું તે કારણે બંધાય છે એમ કહે છે. કર્મને કારણે બંધાય છે એમ નહિ, કર્મ તો જડ છે. રાગની વૃત્તિમાં એકાકાર થયો. રાગથી ભિન્ન થવાથી મુક્તિ થાય છે અને રાગની એકત્વબુદ્ધિથી બંધાયો છે. આ સીધી બે વાત છે. સમજાણું કાંઈ? શુભ અશુભભાવ તો નિગોદમાં પણ થાય છે. સમજાણું કાંઈ? નિગોદ છેને, નિગોદ એકેન્દ્રિય જીવ એને પણ શુભ અશુભ થાય છે, અનંત વાર થયા. કોઈ વખતે એવો શુભભાવ થાય તો મનુષ્ય થઈ જાય, મનુષ્ય થઈ જાય. નહિતર શુભભાવ તો એને કાયમ થાય જ છે. ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ એવો શાસ્ત્રમાં લેખ છે. ભલે ત્રસ ન હોય, સ્થાવર હોય, બટાકા, બટાકા. એની એક કટકીમાં અનંત જીવ છે. એક એક જીવને ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ ભાવ થાય જ છે. શુભ હોય તો શાતા બંધાય છે, અશુભ હોય તો અશાતા બંધાય છે એવો શાસ્ત્રમાં પાઠ છે. શુભ અશુભ કોઈ નવી વસ્તુ નથી. સમજાણું કાંઈ? એનાથી ભેદ કરવો, જુદા પડવું એ નવી વસ્તુ છે. આહા..હા..! નવી દશા પ્રગટ કરવી હોય, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તો રાગ અને પરથી ભિન્ન થઈને પોતામાં અભિન્ન એકાકાર થતાં થાય છે. આહા..હા..! કેટલો સિદ્ધાંત, બહુ સિદ્ધાંત ટૂંકો!

'**જે કોઈ બંધાયા છે તે તેના જ (-ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.**' અર્થાત્ અનંત કાળમાં રખડે છે નિગોદથી માંડી એ રાગની એકતાબુદ્ધિથી રખડે છે. રાગની ભિન્નતાથી મુક્તિ થાય છે, રાગની એકતાથી સંસાર થાય છે. આહા..હા..! આ એક પદમાં

ઘણું સમાડી દીધું છે. વિચાર નહિ, મનન નહિ અને એમને એમ એક કલાક જાય, થોડું સાંભળી લે, બસ, ચાલો થઈ ગયું, સ્વાધ્યાય કરી લીધો. એક કલાક. એનાથી કંઈક કર્યું, કાંઈક માની લીધું. આહા..હા..! વીતરાગ કથા તો એને કહી છે કે રાગથી ભિન્ન પડવાથી લાભ થાય છે, રાગથી લાભ નથી થતો એને વીતરાગ કથા કહેવામાં આવે છે. અને રાગથી લાભ માને એવી જે કથા એ તો સત્‌ની ભેદણી કથા છે. આહા..હા..! કહો, પોપટભાઈ! **'અભાવથી બંધાયા છે.'** રાગ અને આત્મા બેનું ભેદજ્ઞાન ન કર્યું અને રાગ અને આત્મા બેની એકત્વબુદ્ધિ કરી એનાથી અનંતકાળ રખડે છે. રખડવાનું એક જ કારણ છે અને છૂટવાનું પણ એક જ કારણ છે. પરથી છૂટવું. રાગ ચાહે તો શુભ હો કે અશુભ હો, એનાથી એકતા કરવાવાળી વસ્તુ ભેદજ્ઞાનનો અભાવ છે. તો એનાથી બંધાયો છે. નિગોદના ભવ કરે છે તો આ કારણે કરે છે. નિગોદના જીવ પણ આ કારણે કરે છે. એક શ્વાસમાં અઢાર ભવ. આવે છેને? એક શ્વાસમાં અઢાર ભવ કરે છે. એનો હેતુ, આસ્રવભાવ જે રાગ છે એની સાથે મિથ્યાત્વની એકત્વબુદ્ધિ પડી છે તે કારણે ભવ ઉપર ભવ કરે છે. નિગોદના જીવ પણ બંધાય છે તો કર્મની તીવ્રતા છે માટે બંધાય છે એમ નથી લીધું. રાગની એકતાથી. એકલા રાગભાવથી નહિ, એકત્વબુદ્ધિથી. રાગની એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વભાવ છે અને મિથ્યાત્વભાવથી બંધાય છે. અને રાગથી ભિન્ન પડવું અને પોતાનું સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ તો સંવર છે. સંવર ચાલે છે. આહા..હા..!

**'ભાવાર્થ :— અનાદિ કાળથી માંડીને...'** ઓ..હો..હો..! અનંત અનંત કાળ. આત્મા તો અનાદિનો છે, તો રહ્યો ક્યાં? અનાદિથી માંડીને **'જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી...'** અનાદિ કાળથી માંડીને જ્યાં સુધી જીવને રાગ અને શરીરની ક્રિયાથી ભેદજ્ઞાન કરતો નથી **'ત્યાં સુધી તે કર્મથી બંધાયા જ કરે છે...'** ત્યાં સુધી કર્મથી બંધાય છે. આહા..હા..! **'સંસારમાં રઝળ્યા જ કરે છે;...'** નિગોદ, એકેન્દ્રિય શરીર, બે ઈન્દ્રિય શરીર, પશુ, પંખી, મનુષ્ય, નારકી દેવ બધી દુઃખની ગતિ છે દુઃખની ગતિ. રાગના ભાવથી બધા દુઃખી પ્રાણી છે. દેવ પણ રાગના અંગારાથી શેકાય છે. રાગરૂપી અંગારા. અંગારાને શું કહે છે? અગ્નિ. અંગારા નથી કહેતા? અગ્નિના અંગારા નથી હોતા? રાગરૂપી અંગારાથી એ બળે છે. દેવ પણ રાગના અંગારાથી બળે છે. આ શેઠિયા પણ પૈસા મારા એવા રાગથી બળે છે એમ કહે છે. રાત દિવસ. આહા..હા..! પોપટભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા રાગની એકતાથી બળતો થકો ચાર ગતિમાં બંધાય છે. આહા..હા..! ક્યાંય સુખ નથી. સુખ તો ભગવાન આત્મામાં છે. ત્યાં નજર નથી. જ્યાં સુખ નથી ત્યાં નજર પડી છે. પુણ્ય અને પાપના ભાવ એ સુખ નથી, એ તો દુઃખ છે. આકુળતા છે. ભઠ્ઠી લખ્યું છે. ભઠ્ઠીનો અર્થ ત્યાં આકુળતા છે. શુભભાવ છે ઈ અગ્નિ અને અશુભભાવ

એ ભઠ્ઠી. શુભભાવને ભઠ્ઠી ન કહેવાય. ઈ તો અગ્નિ શબ્દના અર્થમાં ભઠ્ઠી કીધી છે. લોકો માણસને એવી (હઠ). શુભભાવને અગ્નિ કહો, ભઠ્ઠી નહિ. ભઠ્ઠી અશુભભાવને (કહો). પણ અહીં તો શુભ અને અશુભ બેય ભઠ્ઠી છે, સાંભળને! બેય કષાય છેને. કષાય-અગ્નિ છે. અશુભ જ છે. આહા..હા..! છ ઢાળામાં આવ્યું છે. 'રાગ આગ દાહ દહે સદા' 'રાગ આગ દહે સદા, તાતૈં સમામૃત સેઈએ'. છ ઢાળામાં આવે છે. પુણ્ય અને પાપના ભાવ તો .... છે. 'રાગ આગ દહે સદા' રાગમાં એમ કહ્યું કે અશુભરાગ દહે સદા અને શુભરાગ નહિ દહે સદા? દહે છે. ઈ ભાવ શાંતિને બાળે છે. આહા..હા..!

મુમુક્ષુ :—

ઉત્તર :— મંદ અને તીવ્ર તો અપેક્ષા છે. સ્વભાવની અપેક્ષાએ તો બેય સંસાર, ઉદયભાવ તો સંસાર છે. આહા..હા..! શુભભાવની મીઠાશ છેને, મીઠાશ. લોકો કહે કે આહા..હા..! એનાથી પુણ્ય બંધાય ને પછી ધૂળ મળે. ધૂળ એટલે આ પૈસા. સ્વર્ગ મળે. સ્વર્ગમાં પણ ધૂળ છે, ન્યાં શું છે? આહા..હા..! આત્મામાં આનંદ છે. એ આત્માના આનંદને ભૂલીને રાગની આકુળતામાં એકત્વબુદ્ધિ કરે છે તો પરિભ્રમણ કરે છે. પછી ભલે સાધુ હો, બાહ્યનો ત્યાગી થયો હોય, પણ અંદર રાગની એકતાબુદ્ધિ પડી છે તો પરિભ્રમણ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જે જીવને ભેદવિજ્ઞાન થાય છે...'** જે જીવને રાગથી ભિન્ન મારી ચીજ છે, મારામાં રાગ નથી અને રાગમાં હું નથી. આહા..હા..! ચાહે તો શુભરાગ હો, હો ભલે પણ મારી ચીજમાં નથી. રાગને તો હું અડ્યો પણ નથી એવી મારી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા આનંદસ્વભાવ, રાગ દુઃખસ્વભાવને કેમ અડે? આહા..હા..! રાગમાં તો દુઃખ લાગે છે જ્ઞાનીને. રાગ થાય છે જ્ઞાનીને પણ દુઃખ લાગે છે. રાગ સ્વયં દુઃખરૂપ છે. ભારે વાત ભાઈ! જગતને વીતરાગમાર્ગ સમજવો બહુ પુરુષાર્થ, બહુ જાગ્રતિ (જોઈએ). આહા..હા..! **'જે જીવને ભેદવિજ્ઞાન થાય છે તે કર્મથી છૂટે જ છે...'** જરૂર કર્મથી છૂટે છે. એને મુક્તિ મળ્યા વિના રહેતી નથી. **'મોક્ષ પામે જ છે. માટે કર્મબંધનું—સંસારનું—મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે...'** સંસાર અને કર્મબંધનનું કારણ તો રાગથી ભિન્ન પડવું અને રાગ સાથે એકતા કરવી તે બંધનું કારણ છે. આહા..હા..! ચાહે તો શુભ હો. શાંતિને બાળે છેને.

એ તો પહેલા કહેતા હતા, નહિ? ભાઈ! ઉકડિયાનું આવે છેને? દાન, દાન અધિકારમાં આવે છે. પદ્મનંદી આચાર્ય કહે છેને, કે પૂર્વના કોઈ પુણ્ય બંધાયા હોય તો પુણ્યના ફળમાં આ પૈસા મળે છે, બે લાખ, પાંચ લાખ, પચ્ચીશ લાખ, કરોડ. તો કહે છે કે કાગડો, કાગડાને ખુરજન (એંઠવાડ) મળે. ખુરજન, અમારે ઉકડિયા કહે છે. નીતરીને ચોખા થાયને

પછી નાખે બહાર. તો કાગડા... પદ્મનંદી આચાર્યમાં છે, પદ્મનંદી (પંચવિંશતિકા) ગ્રંથ શાસ્ત્ર છે. પદ્મનંદી મુનિ દિગંબર થયા વનવાસી, એમણે પદ્મનંદી પંચવિંશતિ બનાવ્યું છે. અહીં તો બધા વ્યાખ્યાન થઈ ગયા છે. એમાં એક લેખ છે કે કાગડાને ઉકડિયા, ખુરજન તમારી ભાષા, અમારે ઉકડિયા કહે છે, ઈ મળ્યા તો કાગડો એકલો નથી ખાતો. પાંચ દસને બોલાવીને ખાય છે. એમ તને પૂર્વના પુણ્યને કારણે મળ્યું, પૂર્વનો પુણ્યભાવ તારો હતો એ ઉકડિયા હતા, શાંતિ દાઝીને શુભભાવ થયો છે. શાંતિ બળે છે ત્યારે શુભભાવ થાય છે. એ શુભભાવથી પુણ્ય બંધાણું અને પુણ્યને કારણે તને પાંચ પચ્ચીશ લાખ મળ્યા, જો એકલો ખાઈશ તો કાગડામાંથી જાઈશ. દાનનો અધિકાર છેને ત્યાં. રાગને મંદ કરવો. દાન કરવાનો ભાવ બતાવવો છેને, શુભભાવ. પુણ્યને કારણે તને મળ્યા, એ શુભભાવ અંદરમાં ઉકડિયા છે, ખુરજન છે. આહા..હા..! એનાથી પુણ્ય બંધાણા અને એને કારણે તને પાંચ પચાસ લાખ મળ્યા, પાંચ પચાસ થોડા પડે તો ભલે કરોડપતિ કહો. સમજાણું કાંઈ? પોપટભાઈ જેવાને થોડું લાગે. બીજા બે બે, પાંચ પાંચ કરોડવાળા છેને. ન્યાલભાઈ ચાર કરોડ. એ બધા ઉકડિયા છે. પુણ્યભાવ હતો (ત્યારે) શાંતિ દાઝી હતી તો પુણ્યભાવ થયા હતા, એનાથી પુણ્ય બંધન થયું અને એનાથી તને ધૂળ મળી. એમાં દયા, દાનમાં રાગ મંદ કરીને જો આવો ભાવ નહિ થાય તો કાગડામાંથી જઈશ. છે તો શુભભાવ. સમજાણું ભાઈ? કાગડો બીજાને બોલાવીને ખાય છે, તું એકલો ખાય છે? રાગ મંદ કરીને દયા, દાન, ભક્તિ, પ્રભાવનામાં નહિ ખર્ચે તો કાગડામાંથી તું જઈશ. આચાર્ય કહે છે. આચાર્યને ક્યાં કંઈ દુનિયા પાસે ખરડો કરાવવો છે કે આ ખુશ થાય તો ખરડો લખાવે. માર્ગ તો આ છે ભાઈ!

**'મોક્ષનું પહેલું કારણ ભેદવિજ્ઞાન જ છે.'** રાગથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન કરવું એ ભેદજ્ઞાન છે. સમજાણું કાંઈ? **'ભેદવિજ્ઞાન વિના કોઈ સિદ્ધિ પામી શકતું નથી.'** પરથી ભિન્ન પાડ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી, સમ્યગ્જ્ઞાન થતું નથી, પરથી ભિન્ન કર્યા વિના ચારિત્ર નહિ થાય અને એ વિના મુક્તિ થતી નથી. બેય વાત લઈ લીધી. ભેદજ્ઞાનથી મુક્તિ અને ભેદવિજ્ઞાનના અભાવથી સંસાર. એક સિદ્ધાંત લીધો. બીજું થોડું છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૧૨, ગુરુવાર, તા. ૧-૦૩-૧૯૭૩
## શ્લોક-૧૩૧, ૧૩૨, પ્રવચન-૩૩૦

સંવર અધિકાર, એનો ૧૩૧ કળશ છે. ભાવાર્થ છે.

**'અહીં આમ પણ જાણવું કે...'** ત્યાંથી છેને? **'વિજ્ઞાનાદ્વૈતવાદી...'** એક જ વિજ્ઞાનને જ માનનારા **'બૌદ્ધો...'** એને ભેદજ્ઞાન હોતું નથી. ભેદ તો બે માને એને ભેદ હોય. જીવ અને અજીવ બે માને એને અજીવથી ભેદ કરવાનો પ્રસંગ રહે. બધું એક જ છે એમાં એને ભેદજ્ઞાન કેવું? સમજાણું કાંઈ? ભેદજ્ઞાન એમ બતાવે છે કે બે ચીજ છે. એમાં એકથી ભિન્ન પડે છે અને પોતામાં લીન થાય છે એને અહીં ભેદજ્ઞાન કહેવામાં આવે છે. એ તો એકલા વિજ્ઞાન અદ્વૈતને જ માને છે. એકલું જ્ઞાન જ જગતમાં છે, બસ. એ (સિવાય) બીજી કોઈ ચીજ જ નથી. **'વેદાન્તીઓ કે જેઓ વસ્તુને અદ્વૈત કહે છે...'** વેદાંતી આત્મા અદ્વૈત, એક જ વસ્તુ, એક પણ નહિ પણ અદ્વૈત, બે નહિ. બધું થઈને અદ્વૈત. **'અને અદ્વૈતના અનુભવથી જ સિદ્ધિ કહે છે...'** છેને, ... સ્વભાવ છે. માન્યતા છેને. તર્કથી સિદ્ધ કર્યું એણે કે બધું એક જ છે. બસ. સ્વભાવથી સિદ્ધ કર્યું નહિ. કૂટસ્થ. ... અદ્વૈત છે એમ નક્કી કર્યું કોણે? એ તો પર્યાયમાં નક્કી થાય. કૂટસ્થમાં નક્કી થાય નહિ. પર્યાય અને દ્રવ્ય બે થઈ ગયા. એક ન રહ્યા.

મુમુક્ષુ :— આમ બે પણ એક જ વસ્તુ છે.

ઉત્તર :— ઈ કઈ અપેક્ષાએ? એક નયને ગૌણ કરીને એક નય. વાસ્તવિક નિશ્ચયનયનો વિષય એ જ સત્ય છે, પણ બીજી પર્યાય એની અપેક્ષાએ અસત્ છે. પણ એની અપેક્ષાએ સત્ છે કે નહિ? પર્યાય છે, ગુણભેદ છે. એક જ ગુણ નથી, અનંત ગુણ છે. કેમકે શ્રદ્ધા કરે છે ત્યારે શ્રદ્ધા સાથે શાંતિ, આનંદ, વીર્ય આદિ અનંત ગુણની પરિણતિ પ્રગટ થાય છે. નહિતર શ્રદ્ધાનું અસ્તિત્વ, શ્રદ્ધા, એનું જ્ઞાન, એની રમણતા, એનો આનંદ એ બધું ક્યાં ગયું? અનંત ગુણ ન હોય તો. અનંત ગુણ છે, એની અનંતી પરિણતિ પર્યાય છે. એમાં રાગ પણ છે અને રાગનું લક્ષ (જાય છે એવી) બીજી ચીજ પણ છે. સ્વને આશ્રયે રાગ થાય? બીજી ચીજ છે, રાગ છે, પર્યાય છે, ગુણભેદ છે અને ગુણનું એકરૂપ એવું દ્રવ્ય પણ છે. આવું જેને નથી એને ભેદજ્ઞાન સંભવતું નથી. વેદાંત પંથ તો મોટો ચાલે છે અત્યારે. એકોહં—એક છું તે ઘણા રૂપે થાઉં. એક ભવરૂપે થાઉં છું એ ભ્રમ છે. એમ કહે છે.

મુમુક્ષુ :—

ઉત્તર :— એ તો કીધીને. ઓલાએ ... ઘણી કહી. ... એક દિ' અહીં આવ્યા હતા. તમે એક જ માનો છો તો ભૂલ છે ઈ ક્યાં સાબિત થાય? અને ભૂલ નથી તો પછી આ વસ્તુ અંદર પ્રગટ દેખાવી જોઈએ. લોકોને... અહીં તો વાત થઈ ગયેલી બધી. ... ભૂલ તો કબુલ કરવી પડશે. ભૂલ કબુલ કરો તો બે (વસ્તુ) થઈ ગઈ, બે સિદ્ધ થઈ ગઈ. અને ભૂલનો આશ્રય એક બીજી ચીજ છે એ પણ સિદ્ધ થઈ ગયું. ભૂલ કંઈ પોતાને આશ્રયે થાય નહિ. અહીં આવ્યા હતા. માધવ... કેવું? માધવા કે એવું છે એનું નામ. મોતીલાલજી હતા. ... બિચારા બુદ્ધિ જાડી અને માની બેસે અમે માનીએ છીએ એ બરાબર છે. ઓલો ધ્રાંગધ્રાવાળો નહોતો આવતો? ત્યાં કાંપમાં, નહિ? એક એક કર્યા કરે. સાંભળવા બેસે. એક છે, એક છે, એક છે એમ કરે. પણ એક કોની અપેક્ષાએ એક? એક કોણે જાણ્યો? એ જાણનારની પર્યાય ઈ અને એક, બે થઈ ગયા એ તો. વાત તદ્દન બેસી ગઈ, ઘણા લોકો એમાં જ છે. સુધરેલા લૌકિક કહેવાય. અભેદ છે, બધું એકરૂપ છે. એકરૂપ હોય તો...

**'અદ્વૈતના અનુભવથી જ સિદ્ધિ કહે છે...'** અદ્વૈતનો અનુભવ. તો અનુભવ એટલે શું? એની પણ ના પાડે છે. બે થઈ ગયા. સમજાણું કાંઈ? ચર્ચા થઈ હતીને? ૧૯૯૯માં એક આવ્યો હતો. જૈન સાધુ છે, મહારાજ છે ઈ આત્માની વાત કરે છે. ચાલો જઈએ. આવ્યા. એમાં આ વાત નીકળી કે પર્યાય છે જીવની એ અનિત્ય છે. હેં? જીવમાં અનિત્ય હોય? આત્મામાં અનિત્યપણું? ભાગો, ઉઠો. એને બેઠું હોય એ પ્રમાણે (માને). એના અભિપ્રાયમાં જે બેઠું એ આત્મા થઈ જાય. આત્મા ના પાડે તો હું નથી એમ થઈ જાય.

એમ અહીં કહે છે, **'તેમનો, ભેદવિજ્ઞાનથી જ સિદ્ધિ કહેવાથી, નિષેધ થયો;...'** અદ્વૈત માનનારા એકલું વિજ્ઞાન જ જગતમાં છે,... હતાને? શું તમારા? શું કહેવાય? મશરૂવાળા. ઈ અભેદ આત્મા (માનતા). બૌદ્ધવાળા નહિ. વેદાંતી જેવા ઈ. પાંચ તત્ત્વ ને જીવનશોધનું પુસ્તક કાઢ્યું હતુંને. વાંચ્યું હતું. ત્યાં આવતા હતા. ... ગાંધીજી હતા ખરાને. ઈ આમ નીચે હતા. પછી અમારી પાસે આવ્યો. ... બધું એક છે, બધું એક છે. ભાઈએ એ વાત કરી નથી. બિચારા ... શું નામ એનું કીધું? ... આવ્યા હતા. મોહનભાઈના મકાનમાં. ... બધાને એ વાત બેસી ગયેલી. વેદાંત.. વેદાંત.. વેદાંત.. ... એક જ અદ્વૈત છે, અદ્વૈત છે. અદ્વૈત છે તો અદ્વૈતમાં શંકા કેમ પડી તને? કે આ દ્વૈત હતું એમાંથી મેં અદ્વૈત નક્કી કર્યું? આહા..! બહુ ઝીણી વાતું. સમજાણું કાંઈ?

**'ભેદવિજ્ઞાનથી જ સિદ્ધિ કહેવાથી,...'** અત્યારે આ કારકુનો ને મોટા મોટા અમલદારોમાં આ વેદાંતનું બહુ ચર્ચાય. બેઠા હોય નવરા તો વાતું કરે. એક છે, બસ, એક જ છે. એક માનો એટલે ... આ બધું દેખાય ઈ ભ્રમ. એને એક ફેરી એવો પ્રશ્ન કર્યો હતો. ભૂલ છે.

કંઈક ભૂલ છે કે નહિ? તો ભૂલ શું? જેમ ઘડો છે ઘડો એમાં ઘોબો પડ્યો. તો આખામાં ઘોબો પડ્યો એ એક બીજી ચીજ થઈ ગઈ કે નહિ અંદર? એમ જો વસ્તુ છે એને આત્યંતિક દુઃખથી મુક્ત થવાનો ઉપદેશ વેદાંત કરે છે. આત્યંતિક દુઃખથી મુક્ત થવાનો ઉપદેશ કરે છે. ત્યારે દુઃખ શું? દુઃખની હયાતી સિદ્ધ થઈ. દુઃખથી મુક્ત થાઓ, આત્યંતિક દુઃખથી મુક્ત થાઓ. ઘડો છે તો ઘડો એમને એમ રહ્યો છે? એને ઘોબો પડ્યો છે એમાં. એમાં છે એનો. પણ બીજી ચીજ છે તે અથડાણી છે ત્યાં. ઘડો સમજો છો? ઘડા મિટ્ટીકા. માટીનો નહિ તાંબાનો. માટીનો હોય તો ભૂક્કા ઊડી જાય. તાંબાનો પીત્તળનો હોય તો વાગે તો ત્યાં જરી ઘોબો.. ઘોબો એટલે ખાડો, ખાડો પડી જાય. તો એ ખાડો અને ઘડો બે વસ્તુ થઈ ગઈ. ભૂલ અને ભૂલ રહિત ચીજ અંદર ત્રિકાળી. ઝીણી વાત બહુ. જેને બેઠી હોય એને... બહુ ચાલે છે. વિલાયતમાં પણ કેટલાય વેદાંતની સુધરેલા વાતો કરે. આહા..હા..! સુધરેલા પણ આ બધા ... ખાવા પીવા બેસે, ઈ એમ માને કે સુધરેલા છીએ. બહુ હુશિયાર હોય..

અહીં કહે છે કે **'અદ્વૈતના અનુભવથી જ સિદ્ધિ કહે છે તેમનો, ભેદવિજ્ઞાનથી જ સિદ્ધિ કહેવાથી,...'** અદ્વૈત માનનારાનો **'નિષેધ થયો; કારણ કે સર્વથા અદ્વૈત વસ્તુનું સ્વરૂપ નહિ હોવા છતાં...'** આ વેદાંત-બેદાંત ... કે નહિ? એ.. ચીમનભાઈ! નહિ? ઠીક કોરા ઘડા છે. ઘડામાં કાંઈક ગરી ગયું હોય તો કાઢવું મુશ્કેલ પડે. વેદાંત બહુ ચાલે છે તમારા જેવા હુશિયાર માણસમાં. ડોક્ટરો ને અમલદારો ને અધિકારીઓ. ઘણા અમારી પાસે ...

... હતો, ભાવનગરનો. ૧૯૭૬માં ત્યાં આવ્યો હતો. દશાશ્રીમાળી વાણિયા. શરીર લઠ્ઠ જેવું ને ઘણી વાતું કરે. પછી મેં એક વાર કહ્યું, મેં કીધું તમને કોઈ રોગ આવ્યો હતો શરીરમાં? ના. જો રોગ આવ્યો હોય તો કાંઈક ઠીક નથી અને કાંઈક ... બીજી ચીજ છે અને આ રોગને કેમ મટાડવો? એવા પ્રકારમાં દ્વૈત સિદ્ધ થઈ જશે. એ માણસને કુદરતી એવું થયું, એવું શરીર, ભાઈ! છોકરો છોકરી કાંઈ નહિ હોં! ગૃહસ્થ માણસ, ... મુંબઈમાં ... દામનગરના જમાઈ. મરતા એવું થઈ ગયું કે શરીર અકડાઈ ગયું. મારાથી એમ પૂછાણું તે દિ', રોગ આવ્યો છે કોઈ દિ'? રોગ આવ્યો હોય તો એને જરી આ ખબર પડે. શું છે આ? .. કહેતા હતા. ... લલ્લુજી વેદાંતી નહોતા? .. સુરતવાળા. ઈ છેલ્લે એમ કહેતા હતા મરતા, કાંઈક છે ખરું બીજું. કારણ કે રોગ આવે, સહન ન થાય. ત્યારે વળી સહન ન થાય અને સહન થાય, આ શું? તારાચંદજી! એ અદ્વૈત માનતા. પ્રકાશચંદના ગુરુ હતા. બાવો રહેતોને મસાણમાં. મને મળ્યા હતા ત્યાં જૂનાગઢમાં. પ્રકાશચંદજી ... ચંદુભાઈ આવ્યા હતા, જૂનાગઢવાળા. લઈને આવ્યા હતા. જંગલમાં રહેતા, મસાણમાં રહે ઈ. એક ઓરડી

રાખે. ... મસાણમાં પડ્યા રહે. ... એ બહારની ચીજથી નથી ક્યાં? નથી તો પછી છે એમ નક્કી કરવાનું કારણ શું? કાંઈક છે બીજું એનાથી મારે એકત્વ તોડવું...

દોરડીમાં સર્પ કલ્પ્યો તો એનો અર્થ થયો કે દોરડીથી બીજી ચીજ છે. બીજી ચીજનો અહીંયા ... કે આ સર્પ છે. તેમ બીજી ચીજ કોઈ હોય તો આ રાગ છે, આ શરીર છે એ મારું છે, એમ માન્યું હોય. પણ નથી જ તો કોણે માન્યું હોય? આહા..હા..! કોને પણ પડી છે એવી દરકાર? ઘણો ભાગ ...

'**સર્વથા અદ્વૈત વસ્તુનું સ્વરૂપ નહિ હોવા છતાં જેઓ સર્વથા અદ્વૈત માને છે તેમને ભેદવિજ્ઞાન કોઈ રીતે કહી શકાતું જ નથી;...**' સમજાણું કાંઈ? દુઃખ છે, તો થઈ રહ્યું, બે થઈ ગયું. એક આનંદસ્વરૂપ છે અને પર્યાયમાં દુઃખ છે અને એ દુઃખની દૃષ્ટિ ટાળીને સ્વભાવની દૃષ્ટિ કરે તો દુઃખનો નાશ થાય અને અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય. એ ધર્મદશા છે. અતીન્દ્રિય આનંદ આવવો એ ધર્મદશા. અતીન્દ્રિય આનંદ થયો અને દુઃખ ગયું, એ તો દ્વૈત થઈ ગયું. સમજાણું કાંઈ? એકલા અદ્વૈત જ છે અને એકલું વિજ્ઞાન જ છે... આત્મા એક જ હોય જગતમાં તો પછી પરથી જુદું પાડવાનું ને દુઃખથી જુદું પાડવાનું અને આનંદ લેવાની વાત રહેતી નથી. આહા..હા..! મોટો ભાગ અત્યારે અદ્વૈતમાં છે.

'**જ્યાં દ્વૈત જ—બે વસ્તુઓ જ—માનતા નથી...**' આહા..હા...! '**તેમનો સંયોગ માનવામાં આવે...**' બે વસ્તુ માનવામાં આવે, તેમનો સંયોગ માનવામાં આવે '**તો જ ભેદવિજ્ઞાન બની શકે...**' કે આત્મા છે એ જડના સંબંધમાં છે અથવા જડના નિમિત્તે થતાં વિકારના સંબંધમાં છે. જો એમ બે માને તો વિકારથી ભિન્ન પાડવાનો પ્રસંગ રહે. વિકારથી ભિન્ન પાડીને આનંદસ્વરૂપમાં આવે. સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? જીવ અને અજીવ બે તત્ત્વો માને તો જીવ અને અજીવનો સંયોગ થતા દુઃખ છે એમ બે માને તો દુઃખથી જુદું પડવાનું એને ભેદજ્ઞાન થાય. પણ બે જ ન માને એને ભેદજ્ઞાન કોનું? એક છે, એક છે, બ્રહ્મ છે. મોટો ભ્રમ અજ્ઞાન છે. આહા..હા..! '**સિદ્ધિ થઈ શકે નહિ.**' ભેદવિજ્ઞાન બની શકે નહિ અને સિદ્ધ થઈ શકે નહિ. જો ભેદવિજ્ઞાન બને તો સિદ્ધિ થઈ શકે પણ ભેદવિજ્ઞાન ન બને તો સિદ્ધિ ક્યાંથી થાય? '**માટે સ્યાદ્વાદીઓને જ બધુંય નિર્બાધપણે સિદ્ધ થાય છે.**' લ્યો. છેલ્લો કળશ.

## શ્લોક-૧૩૨

(मंदाक्रान्ता)

भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलम्भा-
द्रागग्रामप्रलयकरणात्कर्मणां संवरेण।
बिभ्रत्तोषं परममलालोकमम्लानमेकं
ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत्।।१३२।।

इति संवरो निष्क्रान्तः।

इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ संवरप्ररूपकः पञ्चमोऽङ्कः।।

હવે, સંવર અધિકાર પૂર્ણ કરતાં, સંવર થવાથી જે જ્ઞાન થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :- [भेदज्ञान-उच्छलन-कलनात्] ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી [शुद्धतत्त्व-उपलम्भात्] શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ, શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિથી [रागग्रामप्रलयकरणात्] રાગના સમૂહનો વિલય થયો, રાગના સમૂહનો વિલય કરવાથી [कर्मणां संवरेण] કર્મનો સંવર થયો અને કર્મનો સંવર થવાથી, [ज्ञाने नियतम् एतत् ज्ञानं उदितं] જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું આ જ્ઞાન ઉદય પામ્યું -[बिभ्रत्त परमम् तोषं] કે જે જ્ઞાન પરમ સંતોષને (અર્થાત્ પરમ અતીન્દ્રિય આનંદને) ધારણ કરે છે, [अमल-आलोकम्] જેનો પ્રકાશ નિર્મળ છે (અર્થાત્ રાગાદિકને લીધે મલિનતા હતી તે હવે નથી), [अम्लानम्] જે અમ્લાન છે (અર્થાત્ ક્ષાયોપશમિક જ્ઞાનની માફક કરમાયેલું-નિર્બળ નથી, સર્વ લોકાલોકને જાણનારું છે), [एकं] જે એક છે (અર્થાત્ ક્ષયોપશમથી ભેદ હતા તે હવે નથી) અને [शाश्वत-उद्योतम्] જેનો ઉદ્યોત શાશ્વત છે (અર્થાત્ જેનો પ્રકાશ અવિનશ્વર છે). ૧૩૨.

ટીકા :- આ રીતે સંવર (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

ભાવાર્થ :- રંગભૂમિમાં સંવરનો સ્વાંગ આવ્યો હતો તેને જ્ઞાને જાણી લીધો તેથી તે નૃત્ય કરી બહાર નીકળી ગયો.

ભેદવિજ્ઞાનકલા પ્રગટૈ તબ શુદ્ધસ્વભાવ લહૈ અપનાહી,
રાગ-દ્વેષ-વિમોહ સબહી ગલિ જાય ઈમૈ દુઠ કર્મ રુકાહી;
ઉજ્જ્વલ જ્ઞાન પ્રકાશ કરૈ બહુ તોષ ધરૈ પરમાતમમાહી,
યોં મુનિરાજ ભલી વિધિ ધારત કેવલ પાય સુખી શિવ જાહીં.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સંવરનો પ્રરૂપક પાંચમો અંક સમાપ્ત થયો.

## કળશ-૧૩૨ ઉપર પ્રવચન

भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलम्भा-
द्रागग्रामप्रलयकरणात्कर्मणां संवरेण।
बिभ्रत्तोषं परमममलालोकमम्लानमेकं
ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत्।।१३२।।

પ્રલયનો અર્થ નાશ કર્યો છે કળશમાં. ભાઈ કહેતા હતાને? પંડિતજી. શું કહેવાય? બંસીધરજી. બંસીધરજી કહેતા હતા કે સત્તા નાશ. આ પ્રલયનો અર્થ...

મુમુક્ષુ :— સત્યાનાશ કહેતા હતા.

ઉત્તર :— ના, સત્તાનાશ કહેતા. સત્યાનાશને, સત્તાનાશ એમ. એમાં અર્થ કર્યો હતો પ્રલયનો.

'શ્લોકાર્થ :— '**भेदज्ञान-उच्छलन-कलनात्**' '**ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી...**' એટલે શું કહ્યું? આ આત્મા ભગવાન આનંદસ્વરૂપ છે આત્મા. પુણ્ય અને પાપ એવા ભાવ વિકાર (છે) એનાથી ભિન્ન પાડીની સ્વભાવની એકતા કરતાં આત્માની પ્રાપ્તિ થઈ કે આત્મા આનંદસ્વરૂપ છે. રાગથી, પુણ્યથી ભિન્ન પાડતાં આત્માની પ્રાપ્તિ થઈ કે આત્મા તો આનંદ ને શાંત ને અવિકારી અકષાયસ્વરૂપ છે. સમજાણું કાંઈ? બહુ ટૂંકુ કરી નાખ્યું સંવરનું. આત્માનો અનુભવ થયો. આત્મા મળ્યો. ઓલો રાગ હતો એક કોર, રાગ જ મળતો હતો, ભેદ પડ્યો તો એને આત્મા મળ્યો. દૃષ્ટિના અનુભવમાં આત્મા આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં ઘણો સાર ભર્યો છે.

'**भेदज्ञान-उच्छलन**' '**ભેદજ્ઞાન પ્રગટ કરવાના...**' '**कलनात्**', '**कलनात्**' એટલે

અભ્યાસ. '**भेदज्ञान-उच्छलन**' પરથી જુદા પાડવાના પ્રગટ અભ્યાસથી. જુઓ! આત્માને અનુભવની પ્રાપ્તિમાં આ ઉપાય. સમ્યગ્દર્શન પામવામાં પણ આ ઉપાય. દૃષ્ટિનો વિષય કહ્યો પણ અહીંથી ભેદ પાડવો, ભેદજ્ઞાનની વ્યાખ્યા કરી છેને. એટલે રાગથી ભિન્ન પડીને અભેદ દૃષ્ટિમાં જ્યાં જાય ત્યારે એને આત્મા પ્રાપ્ત થાય કે આ આત્મા સ્વરૂપે શુદ્ધ છે.

મુમુક્ષુ :— કેટલા સમયે થાય?

ઉત્તર :— એક જ સમયે થાય છેને. આ તો સમજાવવું શી રીતે એને? ભેદ પાડી એટલે કે અહીં અભેદમાં ગયો ત્યારે ભેદ પાડ્યો કહેવાય. સમજાણું કાંઈ? ભેદજ્ઞાનની સિદ્ધિ કરવી છેને અહીંયા. પરથી ભેદ પાડતાં સ્વભાવની પ્રાપ્તિ થઈ. આત્મા આનંદસ્વરૂપ છે એવી ભેદજ્ઞાન થતાં એ સ્વરૂપ આમ છે એવી પ્રાપ્તિ અનુભવમાં આવી. સમજાણું કાંઈ? રાગને અને પુણ્યને પોતાનો માની અને પોતાની સ્વસત્તા ખોઈ બેઠો હતો. એ પુણ્ય અને પાપના વિકલ્પની બાહ્ય દૃષ્ટિથી પાછો વાળી, એનાથી ભેદ કરીને. આ પ્રથમ ધર્મની શરૂઆતની વાત છે. એ ધર્મ કેમ થાય એની આ રીત છે. સમજાણું કાંઈ?

અંતરમાં રાગ ને પુણ્યના પરિણામ ભાવ છે એનાથી ભિન્ન પાડવાના અભ્યાસથી, એનાથી હું જુદો છું, છૂટો છું, એકરૂપ છું એમ અંતરમાં અભ્યાસથી શુદ્ધ ... ઓલી અશુદ્ધ પર્યાય હતી, એ મલિન આત્મા કહેવાય પર્યાયથી, એને જુદું પાડવાના અભ્યાસથી શુદ્ધ જ્ઞાનઘન આત્મા પ્રાપ્તિ—મળ્યો. પર્યાયમાં શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ થઈ. પર્યાયમાં જે રાગની પ્રાપ્તિ હતી, પર્યાયમાં આમ પર્યાય આઘી જાય ત્યાં રાગને અવલંબે, રાગ આગળ જાય તો નિમિત્તને અવલંબે. આમ જાય છેને બહાર. એ રાગથી ભિન્ન પાડવાનો અભ્યાસ.

બીજી રીતે કહીએ તો અંતર્મુખ થવાનો અભ્યાસ. અંતર્મુખ. બહિર્મુખના લક્ષથી છૂટી અંતરના અભ્યાસમાં જાય ત્યારે એને 'આ આત્મા છે' એમ પર્યાયમાં અનુભવવામાં આવે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ટૂંકા શબ્દો છે અને આખા બાર અંગનો સાર છે. સમજાણું કાંઈ? પરમેશ્વરે જે ભગવાને બાર અંગ કહ્યા એમાં આ કહેવું છે. સ્યાદ્વાદમાં પૂર્ણાનંદ અખંડ એકરૂપ એને ખંડ માને રાગથી જુદો પાડીને પૂર્ણની દૃષ્ટિ થતાં પર્યાયમાં એનો અનુભવ થાય ત્યારે આત્મા પ્રાપ્ત થયો એમ કહેવામાં આવે. આહા..હા..! ભારે ભઈ આવું. કહો, મૂળચંદભાઈ! આવું બધું શું કરવું? આ ક્યાં જાવું? દુકાને બેસીને કરવું? રળવું? શું કરવું? આહા..હા..! ... ત્યારે એને આ આત્મા છે એમ પર્યાયમાં અનુભવવામાં આવે. આહા..હા..! સમજાણું કાંઈ? ...

કહે છે કે એ વસ્તુ ભગવાન આત્મા, જે લક્ષ બહાર છે અનાદિથી એને રાગ અને પુણ્યના લક્ષથી છોડી દઈ અને અંતરમાં એનાથી જુદું પાડવાની ક્રિયા દ્વારા. અભ્યાસ '**कलनात्**' અનુભવ. ભેદજ્ઞાન પ્રગટ કરવાના અનુભવથી '**શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ...**' આહા..હા..!

બહુ શબ્દ ટૂંકો. સમજાણું કાંઈ? ઊંડે પેસી જા, નહોતું આવ્યું સવારે? અંદર જ્યાં તત્ત્વ છે, જ્યાં છે પૂર્ણ પૂર્ણ ધ્રુવ એને રાગથી ભિન્ન પાડીને ત્યાં જા. એનો અર્થ કે પરનું લક્ષ છોડીને ત્યાં લક્ષ બાંધ. એથી તને જેવો આત્મા છે એવો તને પર્યાયમાં અનુભવમાં આવશે. સમજાણું કાંઈ? બહુ આ તો પ્રાપ્તિની રીત બહુ ટૂંકી. ધર્મ આમ થાય. ધર્મ કાંઈ બહારની ક્રિયાકાંડે થતા નથી. આહા..હા..!

એ વિકલ્પ છે દયા, દાન, વ્રતાદિનો શુભભાવ.. કારણ કે જ્યારે આ ભેદઅભ્યાસ કરે ત્યારે એને કાંઈક કરેલું છેને બીજું, જાણ્યું કે શુભરાગ થયો, એ શુભરાગથી ભિન્ન પાડવાની કળા. અંતર્મુખ થવાની અને બહિર્મુખથી ખસી જવાની. એવા ભેદજ્ઞાનથી શુદ્ધ આત્મા, નિર્મળ પવિત્ર સ્વભાવસ્વરૂપ આત્મા એનો અનુભવ થાય છે. **'શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિથી...'** શુદ્ધ તત્ત્વ સ્વભાવ એના અનુભવથી **'રાગના સમૂહનો વિલય થયો,...'** પ્રલય શબ્દ છેને. **'रागग्रामप्रलयकरणात्'** **'રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ વિભાવપરિણામોનો સમૂહ—અસંખ્યાત લોકમાત્ર ભેદ, તેમનો...'** **'प्रलय'** **'મૂળથી સત્તાનાશ...'** મૂળથી સત્તાનાશ. **'प्रलय'** છેને? પ્ર—વિશેષ, લય—નાશ. સત્તાનાશ. રાગની સત્તાનો નાશ અને સ્વસત્તાની ઉત્પત્તિ. સત્તાનાશ શબ્દ (છે). અસ્તિત્વ મટાડ્યું. આનું અસ્તિત્વ એકલું દૃષ્ટિમાં રહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? રાગગ્રામ એટલે વિકલ્પનો સમૂહ, એનો પ્રલય સત્તાનાશ. રાગનો સત્તાનાશ થયો અને અરાગી સ્વભાવની પ્રાપ્તિ થઈ. ભારે વાતું ભાઈ. શબ્દો તો થોડા પણ... આવો માર્ગ છે. વીતરાગ સર્વજ્ઞદેવ તીર્થંકરની આ કળા છે.

રાગ એટલે વિકલ્પનો સમૂહ, ગ્રામ, ભિન્ન ભિન્ન જાતના ઘણા વિકલ્પો હોયને. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ.. છેલ્લે તો અશુભ હોય નહિ, વિચાર કરવા જ્યાં બેઠો ત્યારે શુભનો વિકલ્પ હોય એનાથી પણ ભિન્ન પાડીને આત્મા પ્રાપ્ત થયો, ત્યાં રાગનો પ્રલય થઈ ગયો. પોતાની સત્તામાં રહ્યો નહિ. એને નિજ સત્તાનું અવલંબન લઈને જે અનુભવ થયો ત્યાં રાગની સત્તાનો અભાવ થઈ ગયો. નાશ જ થઈ ગયો. અસ્થિરતા રહી. દૃષ્ટિમાંથી નાશ થઈ ગયો. સમજાણું કાંઈ? એ અસ્થિરતાનો રાગ સત્તામાં ગણવો એ દૃષ્ટિની અપેક્ષાએ છે જ નહિ, એ તો જ્ઞાનની અપેક્ષાએ જાણવું હોય જ્યારે ત્યારે પર્યાય છે. દૃષ્ટિના જોરમાં તો એકલું દ્રવ્ય જ જ્યાં ભિન્ન પડીને અનુભવ્યું તો એના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં રાગની સત્તા જ નથી. શુદ્ધ દ્રવ્ય અને શુદ્ધ ગુણ અને એની પર્યાયમાં શુદ્ધતા આવી (તો) અશુદ્ધતા છે જ નહિ. સમજાણું કાંઈ?

રાગના સમૂહનો વિલય કરવાથી. પ્રલયનો અર્થ વિલય કર્યો છે, વિલય. **'कर्मणां संवरेण'** **'કર્મનો સંવર થયો...'** થાય છે એકસાથે હોં! પણ સમજાવે શી રીતે? રાગનો નાશ થતાં કર્મ આવતા અટકી ગયા. એમ. સમજાણું કાંઈ? સમજાવવામાં શું આવે? રાગનો કર્મનો સંવર

થયો. લ્યો. કર્મ આવતા હતા તે અટકી ગયા એમ છે? પણ રાગનો નાશ થયો તો કર્મ આવતા નથી. એને કર્મનો સંવર થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! **'કર્મનો સંવર થવાથી,...'** અને કર્મો નહિ આવવાથી **'ज्ञाने नियतम् एतत् ज्ञानं उदितं' 'જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું આ જ્ઞાન...'** આત્મામાં પોતાની પર્યાયને સ્થિર કરેલું જ્ઞાન. પોતાનો સ્વભાવ જે ચૈતન્ય ભગવાન એને જ્ઞાન કીધું આખાને. એ જ્ઞાનમાં **'ज्ञाने नियतम्' 'જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું...'** વર્તમાન પર્યાયરૂપી જ્ઞાન. **'એવું આ જ્ઞાન ઉદય પામ્યું...'** લ્યો. **'ज्ञानं उदितं'** જ્ઞાનની કળા ઉઘડી. સૂર્યના તેજની માફક જ્ઞાનના પર્યાય ફૂટ્યા, નીકળ્યા. આહા..હા..! ઝીણો માર્ગ બહુ ભઈ, આ તો સૂક્ષ્મ વીતરાગનો માર્ગ છે. ઈ અનંત કાળમાં કોઈ દિ' એણે કર્યો નથી. ભેદજ્ઞાન કર્યું નથી. આહા..હા..!

**'ज्ञाने नियतम् एतत् ज्ञानं उदितं'** આત્મામાં જ નિશ્ચળ થયેલું એવું જે જ્ઞાન ઉદય નામ પ્રગટ પામ્યું. એકલું નહિ હવે કહે છે. **'बिभ्रत्त परमम् तोषं' 'કે જે જ્ઞાન પરમ સંતોષને (અર્થાત્ પરમ અતીન્દ્રિય આનંદને) ધારણ કરે છે,...'** આહા..હા..! રાગના વિકલ્પથી ભિન્ન પડીને આત્માની પ્રાપ્તિ થતાં પર્યાયમાં રાગના સમૂહનો અભાવ થતાં અહીં આનંદની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન પ્રગટ થયું ભેગો અતીન્દ્રિય આનંદ પણ સાથે આવે છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનનો આનંદ ખોરાક સાથે આવે છે કહે છે. આહા..હા..! અતીન્દ્રિય જ્ઞાન. એ અતીન્દ્રિય જ્ઞાનની સાથે અતીન્દ્રિય સાથે હોય છે. સમજાણું કાંઈ? **'જે જ્ઞાન પરમ સંતોષ...'** છેને? **'तोषं'** પરમ તોષ, તોષ એટલે સંતોષ. સંતોષ એટલે આનંદ. આહા..હા..! સમ્યગ્દર્શન, જ્ઞાન થતાં રાગથી ભિન્ન પડીને ધર્મની પર્યાય થતાં ત્યાં જ્ઞાન જે પ્રગટ થયું સમ્યક્ કળા એની સાથે અતીન્દ્રિય આનંદ પણ સંતોષ લેતું આવ્યું, અતીન્દ્રિય આનંદ પણ પ્રગટ થયો. આ એનું નામ ધર્મ સમ્યગ્દર્શન કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ જ્ઞાન પરમ સંતોષને ધારણ કરે છે. **'बिभ्रत्त'**નો અર્થ શું કર્યો? ધારણ કરે છે. બરાબર છે. જે જ્ઞાન પરમાં એકત્વ કરીને રાગને ધારતું અને સ્વમાં એકત્વ થયું એટલે આનંદને ધારતું પ્રગટ થયું. કરવાનું છે આ. બધું ભણીને કે કરીને. આહા..હા..! આ ન કરે ત્યાં સુધી એને ધર્મ ન થાય. ધર્મ થતાં એને જ્ઞાનની પર્યાય પ્રગટ થાય, એની સાથે મૂળ બે ચીજ, આમ તો અનંત ગુણો પ્રગટ થાય છે, પણ મૂળ તો સુખનું ધ્યેય છેને એને, સુખી થાવું છેને? જ્ઞાનામૃત ભોજનમ્. આહા..હા..! એ જ્ઞાન અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેતું ઉત્પન્ન થયું. આહા..હા..! અર્થાત્ એ જ્ઞાનની પર્યાય કાળે અનંતા ગુણોનો અંશ પ્રગટ સાથે થયો. એમાં મુખ્ય આનંદને સાથે લીધો. આહા..હા..! સમજાણું કાંઈ?

દ્રવ્ય વસ્તુ છે આત્મા એમાં તો અનંતા ગુણો છે. એમાં મુખ્ય તો જાણવું અને આનંદ

વેદવો, ઈ બે ચીજ છેને? શ્રદ્ધા, ચારિત્ર એ છે પણ ખરું તો જ્ઞાન ચીજ છે, જ્ઞાન પ્રગટ્યું એ બધા ગુણોને જાણે છે, પણ જાણવા છતાં જ્ઞાનની સાથે આનંદ આવે ત્યારે એણે રાગથી ભિન્ન પાડ્યો અને દ્રવ્યમાં એકત્વ થયો. સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે. આહા..હા..!

વળી કેવું છે જ્ઞાન? **'अमल-आलोकम्' 'જેનો પ્રકાશ નિર્મળ છે...'** આહા..! જે પહેલા જ્ઞાનમાં રાગ હતો એ રાગનો તો નાશ કર્યો, રાગનું લક્ષ છોડીને સ્વભાવની દૃષ્ટિ કરીને. એથી રાગાદિને લીધે મલિનતા હતી એ હવે છે નહિ. **'अमल-आलोकम्'**. આલોક એટલે પ્રકાશ. છેને? આલોક એટલે પ્રકાશ. અમલ એટલે નિર્મળ. ભલે આડાઅવળા શબ્દ હોય. **'अमल-आलोकम्'** એમ. નિર્મળ પ્રકાશ જેનો છે. એમ. પુણ્ય પાપના વિકલ્પથી ભિન્ન પડતું જ્ઞાન આનંદ લેતું જ્ઞાન જેનો પ્રકાશ નિર્મળ છે. એક વાત. **'જે અમ્લાન છે...'** કરમાય એવું નથી, સુકાય એવું નથી, હીણું પડે એવું નથી. ક્ષયોપશમિક જ્ઞાનની માફક કરમાયેલું નિર્બળ નથી. ઉત્કૃષ્ટ લીધુંને ઉત્કૃષ્ટ હવે.

**'સર્વ લોકાલોકને જાણનારું છે,...'** આ સંવર થતાં કેવળજ્ઞાન થાય છે એમ સિદ્ધ કરે છે અહીં. આહા..હા..! મુનિએ એક કળશમાં પહેલેથી ઠેઠ પૂરું કર્યું. ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી મુખ્યપણે જ્ઞાનસ્વભાવી ચીજ છે. એને રાગથી ભિન્ન પાડતા વસ્તુની પ્રાપ્તિ થઈ, પ્રાપ્ત-અનુભવ થતાં જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું, પર્યાય આત્મામાં ઠરી, સ્થિર થતાં જ્ઞાન પ્રગટ થયું, પ્રગટ થતાં આનંદ સાથે આવ્યો એને એ જ્ઞાન કરમાયા વિનાનું રહ્યું. કરમાવું શબ્દ છેને! મુરઝાવું, કરમાઈ જવું. શાક થાયને, બીજે દિવસે કરમાઈ જાય. ગુવાર હોય, દૂધી હોય બે દિ' થાય ત્યાં ઓલી થઈ જાય, ફીક્કુ લાગે. એમ આ કરમાય જાય એવું નથી, એમ કહે છે. તાજેતાજા. આહા..હા..!

**'જે અમ્લાન છે,...'** અમ્લાન નામ કરમાતું નથી. એમ. નિર્બળ નથી. ભગવાન અનંત ગુણના પુરુષાર્થથી લઈને જે જ્ઞાન આવ્યું છે.. ઓહો..હો..! રાગથી ભિન્ન પડીને આત્મા પોતાના અનંત ગુણની પર્યાયને પ્રગટ કરીને પ્રગટ્યો છે, એમાં હવે નબળાઈ હોતી નથી. પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશનો પુંજ જ્ઞાતા દૃષ્ટાની સાથે અનંતા ગુણની પર્યાય નિર્મળ પ્રગટી એ હવે કોઈ પર્યાય કરમાતી નથી, કમળાતી નથી, ઓછી થતી નથી. આહા..હા..! કેવળજ્ઞાનની વાત છેને! **'સર્વ લોકાલોકને જાણનારું છે...'** કહો. કથંચિત્ લોકાલોકને જાણનારું અને કથંચિત્ કો'કને (જાણનારું) એમ હશે? પૂરેપૂરું. આહા..હા..! અમ્લાન લોકાલોકને જાણે. અમ્લાન એટલે જરી પણ હીણું નથી, કરમાયેલું નથી. રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થઈને સર્વથા રાગથી ભિન્ન પાડીને સ્થિરતા પ્રગટ કરી ત્યારે એ જ્ઞાન પૂર્ણ એવું પ્રગટ્યું, પાછું ઓછું પડે કે હેઠે પડે એમ છે નહિ. આહા..હા..!

**'ક્ષયોપશમથી ભેદ હતા...'** હવે કહે છે. **'एकं'** કેવું છે? એક જ્ઞાન છે. એકરૂપ જ્ઞાન

રહી ગયું. ભલે પર્યાયમાં અનેકતા પ્રગટ થાય પણ એકરૂપ શુદ્ધતા છે. કેવળજ્ઞાનની સાથે બધી પર્યાયો એકરૂપ શુદ્ધ છે. એ ક્ષયોપશમથી ઓછા જ્ઞાનમાં જે ભેદ રહેતો એ આમાં ભેદ નથી. એકરૂપ જ્ઞાન થયું. **'અને...' 'शाश्वत-उद्योतम्'** આ પર્યાયની વાત છે હોં! વસ્તુ તો શાશ્વત છે ઈ. પણ એના આશ્રયે દૃષ્ટિ થતાં અને સ્થિરતા થતાં પર્યાયમાં આવું જ્ઞાન પ્રગટ થાય છે. આ એનો સરવાળો લાવ્યા છેલ્લે. આહા..હા..! સમજાણું કાંઈ? **'शाश्वत-उद्योतम्'** એટલે પ્રગટ્યું ઈ પ્રગટ્યું કેવળજ્ઞાન, એમ કહે છે. **'જેનો ઉદ્યોત શાશ્વત છે...'** લ્યો ઠીક. છે તો પર્યાય પણ એવીને એવી હવે રહે છે. કૂટસ્થ જેને કીધી છે, પંચાસ્તિકાયમાં. આહા..હા..!

રાગના વિકલ્પથી ખાલી છે આત્મા તેથી જુદો પડે છે. અને પોતાના સ્વભાવથી ભરપૂર ભરેલો છે. તેથી ભરપૂર દૃષ્ટિમાં આવે છે. રાગનો વિકલ્પ છે, ચાહે તો દયા, દાન, વ્રત ગમે તે હો પણ એ વિકલ્પથી તો પ્રભુ શૂન્ય છે આત્મા, પણ એને અને સ્વને જાણવાના સ્વભાવ શક્તિઓથી ભરપૂર ભરેલો છે. એવા ભગવાનની સામું જોતાં અને રાગથી વિમુખ થતાં એ આત્મા પ્રાપ્ત થયો, અનુભવમાં આવ્યો અને ક્રમે કરીને જ્ઞાન આનંદ સાથે લેતું આવ્યું એ પૂર્ણ થઈ ગયું, એ કરમાય નહિ, પાછું પડે નહિ. કેવળ થયું અને વળી અવતાર ધારણ કરે, કહે છેને, બધે ઠેકાણે ઈ નાખે છેલ્લે, મુક્તમાં જાય અને વળી ટાણું આવે ત્યારે ભક્તોની ભીડ ભાંગવા ત્યારે હું પ્રગટું છું, ઉત્પન્ન થાઉં છું, એમ નથી એમ અહીં કહે છે. એ શાશ્વત થઈ ગયું છે. આહા..હા..! એકરૂપ દશા એને હવે પડીને, ફરીને અલ્પ જ્ઞાન થાય કે સંસાર થાય એ રહેતું નથી. આહા..હા..! **'(અર્થાત્ જેનો પ્રકાશ અવિનશ્વર છે).'**

**'ટીકા :— આ રીતે સંવર (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.'** લ્યો. પૂર્ણ થઈ ગયું પછી શું રહ્યું હવે?

**'ભાવાર્થ :— રંગભૂમિમાં સંવરનો સ્વાંગ આવ્યો હતો...'** નાટક વર્ણવ્યું છેને. નાટકનો અખાડો હોયને? શું કહેવાય ઈ? થિયેટર, થિયેટર ભાષા છે. ભાવનગર થિયેટર મોટું છે, વડોદરામાં છે, મુંબઈમાં છે, બધે ઠેકાણે મોટા મોટા (હોય છે). એમાં સ્વાંગ લઈને આવ્યો હતો **'તેને જ્ઞાને જાણી લીધો...'** અરે..! તું તો આ. તારી દશા આવી હોય. એમ જાણી લીધું **'તેથી તે નૃત્ય કરી બહાર નીકળી ગયો.'** સંવરરૂપ દશા પરિણમીને પૂર્ણ થઈ ગયું. હવે એને સંવર કરવાનો રહ્યો નહિ. બધાનું ટૂંકુ પાછું (કહે છે).

**ભેદવિજ્ઞાનકલા પ્રગટૈ તબ શુદ્ધસ્વભાવ લહૈ અપનાહી,**
**રાગ-દ્વેષ-વિમોહ સબહી ગલિ જાય ઈમૈ દુઠ કર્મ રુકાહી;**

એ કળશનો જ અર્થ છે પાછો. જે કળશમાં છે એ જ બધું છે આ.

**ઉજ્જ્વલ જ્ઞાન પ્રકાશ કરૈ બહુ તોષ ધરૈ પરમાતમમાહી,**

**યોં મુનિરાજ ભલી વિધિ ધારત કેવલ પાય સુખી શિવ જાહીં.**

ઓહો..! હિન્દીમાં કર્યું. '**ભેદવિજ્ઞાનકલા પ્રગટૈ તબ...**' પુણ્ય અને પાપના વિકલ્પથી ભેદ પાડવાનો અભ્યાસ સ્વસન્મુખ થઈને. પરથી વિમુખ અને સ્વથી સન્મુખ. એવી ભેદવિજ્ઞાન કળા પ્રગટે. ત્યારે '**શુદ્ધસ્વભાવ લહૈ...**' ત્યારે આત્મા પવિત્ર છે એની પ્રાપ્તિ પર્યાયમાં અનુભવમાં આવે. લૂખુંલહ લાગે. બિલકુલ રસવાળું છે આ. આત્મરસથી ભરેલું કથન છે આ. આનંદનો રસ આવે એમ કહે છે. સાંભળતા સાંભળતા પણ દૃષ્ટિ જો દ્રવ્ય ઉપર હોય તો આનંદની શુદ્ધિની વૃદ્ધિ થાય. આને લઈને હોં! સાંભળવાથી નહિ. આહા..હા..!

મુમુક્ષુ :— સાંભળવા ટાણે આનંદ થાય?

ઉત્તર :— હા, આનંદ વધે. ન થયું હોય એને થાય. થાય છે એને આનંદ વધે. સાંભળવાના સમયમાં. જે સાંભળવાનો છે એ તો વિકલ્પ છે, પણ એની દૃષ્ટિ ત્યાં હોય છે દ્રવ્ય ઉપર એટલે ત્યાં જ જોર છે એનું. એથી એને ત્યાં શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે. આહા..હા..! સંવર વધતો જાય છે કહે છે. વિકલ્પ ઉઠ્યો એ તો આસ્રવ છે, ત્યાંની દૃષ્ટિ હઠી ગઈ છેને. પરથી ભિન્ન પડ્યું છેને. પરથી ભિન્ન તો પોતામાં અભિન્ન થયું છેને. આહા..હા..! એવા પૂર્ણ સ્વભાવને લક્ષમાં, દૃષ્ટિમાં લઈને પરથી ભિન્ન પાડતાં, પૂર્ણ આવો સ્વભાવ, એમ પ્રાપ્તિ થાય.

'**શુદ્ધસ્વભાવ લૈહ અપનાહી**' પોતાનો શુદ્ધ સ્વભાવ પ્રાપ્ત થાય. ભગવાન તો ભગવાનમાં રહ્યા. '**રાગ-દ્વેષ-વિમોહ સબહી ગલિ જાય...**' આ પ્રલય, પ્રલય. એના રાગ દ્વેષ અને મિથ્યાત્વ બધા ગળી જાય. સત્તા નાશ થઈ જાય. મૂળમાંથી ગળી જાય. આહા..હા..! '**ઈમૈ દુઠ કર્મ રુકાહી**' કે જેથી દુષ્ટ કર્મ ત્યાં આવે નહિ. રોક્યા, રોકાણા. રોકાણાનો અર્થ થયા છે અને આવતા હતા ને રોક્યા છે એમ કંઈ છે? એમ જ આવે. ભાષા શું કરે? આહા..હા..! વચનાતીત વસ્તુને વચનમાં, વાણીમાં કહેવી એ તો એની મર્યાદા પ્રમાણે કહે. વાણીનો એવો સ્વભાવ છે હોં! કહેવાનો સ્વભાવનો અર્થ એ વાણીનો એવો સ્વભાવ છે. અમુક શૈલીથી વાત આવે એમાં. આહા..! એને ખબર નથી કે આ કોણ છે અંદર. જે તત્ત્વનું કહેવા માંગે છે એની એને ખબર છે? પણ ભાષાનો એવો સ્વભાવ છે જે કહેવા માંગે એ શક્તિથી ભરેલું છે. એ શક્તિ એમાં હોય છે કહેવાની. કહેવાની હોં! સ્વપર કથા કહેવાની શક્તિ વાણીમાં છે. સ્વપર જાણવાની નહિ. આહા..હા..!

... કાંઈક કાંઈક જ્ઞાનને અસર હશે કે નહિ? ત્રણકાળ ત્રણલોક જાણ્યા, દિવ્યધ્વનિમાં ઘણું હોય તો જ્ઞાનમાં પૂર્ણ હશે એમાંથી કાંઈક આવ્યું હશે કે નહિ આમાં? કે એમને એમ ભાષા જડમાં એમને એમ થઈ જતી હશે? બેય જુદાં તદ્દન છે, બેય અડ્યા પણ નથી. રાગને અને સ્વભાવને અડવું નથી ત્યાં ભાષા અને જીવને ક્યાં (અડે)? આહા..હા..! એવો

કોઈ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે, જ્યાં નિર્મળ દશા પ્રગટ થાય એ વાણીમાં એવું જ સ્વરૂપ આવે. આહા..હા..! એવું જ આવે. એ વાણીનો સ્વપર કહેવાનો, કથન કરવાનો સ્વભાવ છે. એના મોટા વાંધા કે નહિ, વાણી પ્રમાણ પોતાથી નહિ. જ્ઞાનીનું જ્ઞાન છે એને લઈને વાણીનું પ્રમાણ આવે. સ્વતઃ પ્રમાણ નહિ. પરતઃ પ્રમાણ. પરતઃ પ્રમાણ આવે છે, નહિ? ઓલા પ્રમાણમાં. આવે છે શરૂઆતમાં. ... પહેલા પરતઃ પ્રમાણ થાય. આવું છે, આવું છે, આવું છે. ઇન્દ્રિયના વિષય પરતઃ પ્રમાણ છે. આહા..હા..! એમ અહીં નથી. અહીં તો સ્વતઃ પ્રમાણ છે. જ્ઞાન પણ સ્વતઃ પ્રમાણ અને ભાષા પણ સ્વતઃ પ્રમાણ છે. આહા..હા..! આવી વાત.

'**ઉજ્જ્વલ જ્ઞાન પ્રકાશ કરૈ**' એ બધું ગાથાનું જ ઈ. અમલ આવ્યું હતુંને? '**अमल-आलोकम्**' નિર્મળ જ્ઞાન પ્રકાશ કરૈ '**બહુ તોષ ધરૈ**' આનંદ ધરૈ. તોષ. સંતોષ, સંતોષ, સંતોષ... જે કેવળજ્ઞાન પરથી ભિન્ન પાડીને થતાં અનંતા આનંદની સાથે પ્રગટ થાય છે, અનંતો સંતોષ લઈને જ્ઞાન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? '**ઉજ્જ્વલ જ્ઞાન પ્રકાશ કરૈ બહુ તોષ ધરૈ**' ઘણો આનંદ ધારણ કરે. અને '**પરમાતમમાહીં**' પરમ આત્માની પૂર્ણ પર્યાયમાં આવું જ્ઞાન ઉજ્જ્વળ અનંત આનંદ સહિત પ્રગટ થાય. '**યોં મુનિરાજ ભલી વિધિ ધારત...**' ધર્માત્મા સંતો આ રીતે ભલી વિધિ, કેવળજ્ઞાન પ્રગટવાની રીત '**ધારત કેવલ પાય...**' લ્યો. કેવળજ્ઞાન પામી '**સુખી શિવ જાહીં.**' સુખી થઈને શિવરૂપ એટલે સિદ્ધરૂપ થાય. શિવ એટલે મોક્ષ. શિવ એટલે આ શંકર નહિ. નમોત્થુણં આવડે છે? આવે છે? નમોત્થુણં કર્યું હતું? એમાં આવતું નહિ? શિવમય.. પાછળ. શિવમય અયમ એવો કંઈક શબ્દ છે. કોને ખબર? ગડિયા ગોખ્યા હોય. આહા..હા..! અર્થની ખબર ન મળે તો ભાવની તો ક્યાં (ખબર હોય)? શિવસ્વરૂપ છે પ્રભુ. સિદ્ધસ્વરૂપ. ... '**કેવલ પાય..**' સુખી થઈ મોક્ષ પામે એમ કહે છે. .. જાય એટલે મોક્ષ જ થાય. '**આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સંવરનો પ્રરૂપક પાંચમો અંક સમાપ્ત થયો.**' સંવર પૂરો થયો.

હવે આવી નિર્જરા. સંવરમાં શુદ્ધિની ઉત્પત્તિ, નિર્જરામાં શુદ્ધિની વૃદ્ધિ. આહા..હા..! એ નિર્જરા. અંતરમાં રાગથી ભિન્ન પડીને સમ્યક્‌જ્ઞાન થયું, દર્શન થયું અને સ્થિરતાનો અંશ થયો એ સ્થિરતાની શુદ્ધિ વધે એટલી અશુદ્ધતાનો નાશ થાય અને કર્મની નિર્જરા થાય એ ત્રણેને નિર્જરા કહેવામાં આવે છે. ત્રણ એટલે? શુદ્ધિની વૃદ્ધિ થાય એ પણ એક નિર્જરા કહેવામાં આવે છે. અશુદ્ધતાનો નાશ થાય એને પણ નિર્જરા કહેવામાં આવે છે અને કર્મનો નાશ થાય એને પણ નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગ વધ્યોને, શુદ્ધ ઉપયોગ એ નિર્જરા છે એમ કહે છે. એને નિર્જરા, અશુદ્ધતા ટળી અને અસ્થિરતા

ન લેતાં શુદ્ધતા થઈ એ નિર્જરા. એમ. અને અશુદ્ધતા ગઈ એ પણ એક નિર્જરા અને એનું નિમિત્ત કર્મનો ગળવાનો એનો સમય એને પણ નિર્જરા કહે છે.

નિર્જરાના ત્રણ પ્રકાર. શુદ્ધ ઉપયોગરૂપી ભાવ એને નિર્જરા કીધી. સમ્યગ્દર્શનમાં શુદ્ધ ઉપયોગ પ્રગટ્યો એને પણ નિર્જરા કીધી. શુદ્ધ ઉપયોગને નિર્જરા કીધી અને શુદ્ધ પ્રગટતા અશુદ્ધતાનો નાશ થાય એ નાશ થયો એ નિર્જરા અને કર્મનો નાશ થાય એ કર્મની નિર્જરા. ત્રણ પ્રકારે. આહા..હા..! આ તો એક અપવાસ કરે તો કર્મ બાંધેલા ખરે એ નિર્જરા. એક જ પકડ્યું હોય. કર્મનું ખરવું થાય. પણ કર્મનું ખરવું તો જડ છે. એને કારણે ગળવાની પર્યાય થાય પણ અહીં તારે કારણે અહીં શું થાય? સમજાણું કાંઈ?

ચૈતન્ય શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એનો અનુભવ થવાથી પછી એમાં શુદ્ધ ઉપયોગમાં રમવાથી એ શુદ્ધ ઉપયોગને જ સંવરપૂર્વક નિર્જરા કહે છે. સમજાણું? અને અશુદ્ધતા ટળે છે એ નાસ્તિથી નિર્જરા. આ અસ્તિરૂપ નિર્જરા. પવિત્રતા વધી, અપવિત્રતા ગઈ, નાશ થઈ, કર્મનું ગળવું એ એને કારણે હોં! આહા..! નિર્જરા અધિકાર છઠ્ઠો.

**‘अथ प्रविशति निर्जरा।’** લ્યો. પોપટભાઈ! આપણે આવ્યુંને? **‘अथ प्रविशति संवर।’** **‘अथ प्रविशति मोक्ष।’** પ્રવેશ (એટલે) નાટકનું રૂપ આપ્યું છેને. એટલે સંવર પછી નિર્જરા પ્રવેશ કરે છે હવે. આહા..હા..! નિર્જરા શુદ્ધતાનો ભેખ. આત્માની પવિત્રતાની પરિણતિ એનું હવે નાટક બતાવે છે. જોનારો આત્મા, જાણનારો આત્મા. એને શુદ્ધતા પ્રગટે એને પણ ઈ જાણે છે. એવું નાટક અહીંયા બતાવે છે. કળશ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# નિર્જરા અધિકાર

अथ प्रविशति निर्जरा।

(शार्दूलविक्रीडित)

रागाद्यास्त्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः।
कर्मागामि समस्तभेव भरतो दूरातिरुन्धन् स्थितः।
प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा।
ज्ञानज्योतिरपावृतं न हि यतो रागादिभिर्मूर्छति।।१३३।।

---

રાગાદિકના રોધથી, નવો બંધ હણી સંત;
પૂર્વ ઉદયમાં સમ રહે, નમું નિર્જરાવંત.

પ્રથમ ટીકાકાર આચાર્યમહારાજ કહે છે કે 'હવે નિર્જરા પ્રવેશ કરે છે'. અહીં તત્ત્વોનું નૃત્ય છે; તેથી જેમ નૃત્યના અખાડામાં નૃત્ય કરનાર સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે તેમ અહીં રંગભૂમિમાં નિર્જરાનો સ્વાંગ પ્રવેશ કરે છે.

હવે, સર્વ સ્વાંગને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તેને મંગળરૂપ જાણીને આચાર્યદેવ મંગળ અર્થે પ્રથમ તેને જ-નિર્મળ જ્ઞાનજ્યોતિને જ-પ્રગટ કરે છે :-

શ્લોકાર્થ :- [परः संवरः] પરમ સંવર, [रागादि-आस्त्रव-रोधतः] રાગાદિ આસ્રવોને રોકવાથી [निज-धुरां धृत्वा] પોતાની કાર્ય-ધુરાને ધારણ કરીને (-પોતાના કાર્યને બરાબર સંભાળીને), [समस्तम् आगामि कर्म] સમસ્ત આગામી કર્મને [भरतः दूरात् एव] અત્યંતપણે દૂરથી જ [निरुन्धन् स्थितः] રોકતો ઊભો છે; [तु] અને [प्राग्बद्धं] જે પૂર્વે (સંવર થયા પહેલાં) બંધાયેલું કર્મ છે [तत् एव दग्धुम्] તેને બાળવાને [अधुना] હવે [निर्जरा व्याजृम्भते] નિર્જરા (-નિર્જરારૂપી અગ્નિ-) ફેલાય છે [यतः] કે જેથી [ज्ञानज्योतिः] જ્ઞાનજ્યોતિ [अपावृतं] નિરાવરણ થઈ શકી (ફરીને) [रागादिभिः न हि मूर्छति] રાગાદિભાવો વડે મૂર્છિત થતી નથી - સદા અમૂર્છિત રહે છે.

ભાવાર્થ :- સંવર થયા પછી નવાં કર્મ તો બંધાતાં નથી. જે પૂર્વે બંધાયાં હતાં તે કર્મો જ્યારે નિર્જરે છે ત્યારે જ્ઞાનનું આવરણ દૂર થવાથી જ્ઞાન એવું થાય છે કે ફરીને રાગાદિરૂપે પરિણમતું નથી-સદા પ્રકાશરૂપ જ રહે છે. ૧૩૩.

**મહા વદ-૧૩, શુક્રવાર, તા. ૨-૦૩-૧૯૭૩**
**શ્લોક-૧૩૩, ગાથા-૧૯૩, પ્રવચન-૩૩૧**

આ છઠ્ઠો અધિકાર, નિર્જરા અધિકાર. નિર્જરા એટલે સંવરપૂર્વક શુદ્ધતાની વિશેષ વૃદ્ધિ થવી એનું નામ નિર્જરા અથવા અશુદ્ધતાનો નાશ થવો એનું નામ નિર્જરા અથવા કર્મરૂપ પર્યાયનું અકર્મરૂપ થઈ જવું એનું નામ નિર્જરા. કર્મનું ખરવું. ખરવુંનો અર્થ આ. કર્મ જે પર્યાય કર્મપર્યાયપણે છે એ અકર્મરૂપે થઈ જાય. એનું નામ કર્મની નિર્જરા કહેવામાં આવે છે. ભાઈએ નાખ્યું છેને. ઇ આમાંય છે, કળશમાં છે. ભાઈએ નાખ્યું છે, ફૂલચંદજી. અકર્મરૂપ પર્યાય થાય છે. તમે એમ કહો છો કે જ્ઞાનાવરણીયના નાશથી કેવળજ્ઞાન થાય. જ્ઞાનાવરણીયના નાશથી તો અકર્મરૂપ પર્યાય કર્મની થાય. એમ. જ્ઞાનાવરણીયની જે પર્યાય છે કર્મની એનો નાશ થવાનો અર્થ વ્યય થઈને ઉત્પાદ અકર્મ પર્યાયનો થાય. સમજાણું? એમાં કેવળજ્ઞાનનો ઉત્પાદ ક્યાં આવ્યો? આમાં એમ લખ્યું છે હોં, કળશટીકામાં. નિર્જરા અધિકારમાં. કર્મનું અકર્મરૂપ થવું એ નિર્જરા એમ લીધું છે. કર્મનો નાશ. પણ નાશનો અર્થ શું? ખરવું. ખરવું એટલે શું? કે કર્મરૂપ પર્યાય હતી એ અકર્મરૂપ થઈ એને નિર્જરા અને કર્મ ખર્યા એમ કહેવામાં આવે છે. વસ્તુસ્થિતિ આવી છે.

**अथ प्रविशति निर्जरा।** છઠ્ઠો અધિકાર.

रागाद्यास्त्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः।
कर्मागामि समस्तभेव भरतो दूरातिरुन्धन् स्थितः।
प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा।
ज्ञानज्योतिरपावृतं न हि यतो रागादिभिर्मूर्छति।।१३३।।

જુઓ મંગળિક! એનું હિન્દી.

**રાગાદિકના રોધથી, નવો બંધ હણી સંત;**
**પૂર્વ ઉદયમાં સમ રહે, નમું નિર્જરાવંત.**

જે કોઈ રાગાદિને રોકીને '**નવો બંધ હણી સંત**' નવા આવરણોને રોકે છે. હણીનો અર્થ નવો બંધ રોકે છે, રોકાઈ જાય છે. રાગાદિક, રાગ દ્વેષને ઉત્પન્ન થવા દેતો નથી. નિર્જરા લેવી છેને. એ અશુદ્ધતાનો નાશ છે. અને '**નવો બંધ હણી સંત**' એટલે એને નવા કર્મના રજકણો આવતા નથી. ત્યારે પૂર્વના ઉદયમાં '**સમ રહે**'. કર્મ જે પૂર્વનો ઉદય છે એમાં સમતા અને જ્ઞાતા દૃષ્ટા રહે. '**નમું નિર્જરાવંત.**' એવા નિર્જરાવંત સંતને હું નમસ્કાર

કરું છું. જેને આત્માની વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ છે, રાગની પર્યાય જેણે રોકી છે એને લઈને કર્મનું આવવું અટકી ગયું છે એવા નિર્જરાવંતને અને પૂર્વના ઉદયમાં સમતા છે. ઉદયનો સ્વામી નથી, ઉદયમાં જોડાતો નથી અને સ્વભાવની એકતામાં રહે છે એથી એવા સમતાવંતને **'નમું નિર્જરાવંત.'** નમસ્કાર કરું છું. જયચંદ્ર પંડિત, હિન્દી અર્થ કરનારે કહ્યું.

**'પ્રથમ ટીકાકાર આચાર્યમહારાજ કહે છે કે 'હવે નિર્જરા પ્રવેશ કરે છે'. અહીં તત્ત્વોનું નૃત્ય છે;...'** પ્રવેશ કરે છે એમ કેમ કહ્યું? કે નાટકમાં માણસ વેશ લઈને આવે છેને? આ ભર્તૃહરિ, આ પીંગળા, આ ફલાણું, આ ઢીકણું. નિર્જરા તત્ત્વ પ્રવેશ કરે છે. તત્ત્વોનું નૃત્ય છે—પરિણમન છે. **'તેથી જેમ નૃત્યના અખાડામાં નૃત્ય કરનાર સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે...'** નાચનાર સ્વાંગ ધારણ કરીને આવેને? **'તેમ અહીં રંગભૂમિમાં નિર્જરાનો સ્વાંગ પ્રવેશ કરે છે.'** એવી રીતે વર્ણન કર્યું છે.

**'હવે, સર્વ સ્વાંગને યથાર્થ જાણનારું...'** સર્વ સ્વાંગને. અશુદ્ધતાનો સ્વાંગ ને શુદ્ધતાનો સ્વાંગ ને નિર્જરાનો સ્વાંગ વગેરે બધાને. **'જે સમ્યગ્જ્ઞાન છે તેને મંગળરૂપ જાણીને...'** એ મંગળરૂપ સમ્યક્‌જ્ઞાન તે મંગળિક છે. **'આચાર્યદેવ મંગળ અર્થે પ્રથમ તેને જ-નિર્મળ જ્ઞાનજ્યોતિને જ-પ્રગટ કરે છે :—'**

**'શ્લોકાર્થ :— 'परः संवरः' 'પરમ સંવર,...'** એટલે કે શુદ્ધિની ઉત્પત્તિ દ્રવ્યને અવલંબે. ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એનું અવલંબન લેતાં જે શુદ્ધિ પ્રગટ થાય તેને અહીંયા પરમ સંવર કહે છે. પરમ આનંદની મૂર્તિ પ્રભુ. છે તો સંવર પર્યાય, પણ કોને આશ્રયે—આધારે થાય? એ પર્યાય સંવર થનારને પર્યાય ઉપર લક્ષ નથી. સમજાણું કાંઈ? એણે દ્રવ્ય ચૈતન્ય વીતરાગમૂર્તિ આત્મા એને જેણે અંદરમાં ધ્યેય બનાવ્યું છે અને જેની વર્તમાન પર્યાય દ્રવ્યમાં વ્યાપકપણે પ્રસરી છે એથી એને શુદ્ધતા જે પ્રગટ થાય છે એને અહીંયા પરમ સંવર કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ?

**'પરમ સંવર, રાગાદિ આસ્રવોને...'** એટલે શું કહે છે? કે **'રાગાદિ આસ્રવોને રોકવાથી...' 'रोधतः'** સંવર છેને એટલે રોકવું એમ લીધું. પુણ્ય પાપના ભાવ એને ઉત્પન્ન થવા દેતો નથી. કઈ રીતે? કે દ્રવ્યના સ્વભાવમાં અંદરમાં એકાગ્ર થતાં એને રાગ ને દ્વેષના પરિણામ ઉત્પન્ન થતા નથી. મૂળ તત્ત્વની ચર્ચા કરતા... એક ઓલું આવ્યું છે હોં! વાંચવા જેવું છે. એકે પૂછ્યું હતું, ઓલો અર્થ છેને, જયધવલમાં ભાઈ, નહિ? અર્થ, અર્થ. વર્તમાન પર્યાય અર્થ છે. એ અર્થપૂર્વક ભૂત ભવિષ્યને જાણે છે. ત્યારે ઓલાએ પ્રશ્ન કર્યો છે. એ વાંચવા જેવો છે. ભગવાન ભૂત ભવિષ્યને પ્રત્યક્ષ ન જાણે? પ્રવચનસારમાં તો પ્રત્યક્ષ જાણે એમ કીધું છે. એમ કરીને.. વર્તમાન ઈ એમ કર્યું છે. વર્તમાનની પેઠે જાણે. પર્યાય પ્રગટી નથી એને પ્રગટી જાણે તો તો મિથ્યાજ્ઞાન થઈ ગયું. એમ ... ભાઈ! ... ઠીક પણ એવી

વાત... તત્ત્વની વાત મૂકે કે આમ હોય, આમ હોવું જોઈએ. ત્રિકાળ એવ છેને? ત્રિકાળ એવ. એવ છેને? વર્તમાનની પેઠે. પેઠેનો અર્થ શું થયો? જેવું વર્તમાન જોવે છે એવું ભૂત ભવિષ્યનું જોવે છે એમ થયો એનો અર્થ. પણ ના, ભવિષ્ય પ્રગટ્યું નથી એને કેમ જોવે વર્તમાન તરીકે? તો જ્ઞાન ખોટું થાય. ઠીક! અરે..! અને જે પર્યાય અત્યારે નથી એને વર્તમાન તરીકે જોવે, તો તો નથી એને જોવે તો મિથ્યાજ્ઞાન થઈ જાય. ક્યાં લગાવે છે? જેવું સ્પષ્ટ વર્તમાન છે એવું જ એ વર્તમાન.. વર્તમાન.. વર્તમાન બધું જાણે છે. સ્વામી કાર્તિકેયનો દાખલો આપ્યો છે. ન્યાં આવે છે સ્વામી કાર્તિકેયમાં. પર્યાય અસત્ ઉત્પન્ન થાય છે. પર્યાય નથી એ ઉત્પન્ન થાય તો એને પર્યાય કહીએ. એ તો આવે છે. એમ નથી કે દેવદત્ત હતોને લૂગડું ઢાક્યું છે અને ખોલ્યું. એ દાખલો આવે છે, સ્વામી કાર્તિકેયમાં. એ આવે છે. એ વાત થઈ છે. એ વાતની બધી ખબર છે. પર્યાય પ્રગટરૂપ નથી વર્તમાન. એમ નથી કે પર્યાય અંદર છે અને ઢંકાયેલી છે. પણ શક્તિરૂપ ગુણ છે. આહા..હા..!

પર્યાય પ્રગટે છે એ પ્રગટેલીની પેઠે જ પ્રગટેલા બધા ભાવ છે. ત્રણકાળ ત્રણલોક (જાણે), નહિતર એ જ્ઞાન શેનું? સમજાણું કાંઈ? વાંધા આખા સર્વજ્ઞપણામાં, આ મૂળમાં વાંધા. આહા..હા..! ઘડો થશે, એ છદ્મસ્થના ખ્યાલમાં પણ ઘડો આવો છે એમ નથી આવતું એને? થયો નથી પણ આવો થશે, પણ ઈ વર્તમાન આમ છે એમ દેખાય છે. બહુ વાંધા. સર્વજ્ઞના આખા વાંધા. મૂળમાં વાંધા. આહા..હા..! જેનો સ્વભાવ સર્વજ્ઞસ્વરૂપ છે અને એ સર્વજ્ઞપણું જ્યાં પ્રગટ પર્યાયમાં વ્યક્ત થયું શક્તિમાંથી એને શું કહેવું? ઓહો..હો..! એ શું સાધારણ તર્કથી તમે એમ કહો કે વર્તમાનપૂર્વક ભવિષ્યને જાણે. એમ. તો ઓલો બિચારાએ પ્રશ્ન કર્યો કે તો તો પ્રવચનસારમાં કહ્યું એ વાત રહેતી નથી. તું ધીરેથી અમારું સમાધાન સાંભળજે. એમ કરીને... એ અધૂરું મૂક્યું. પણ વાંચવા જેવું છે. આહા..હા..!

ઝળહળ જ્યોત ચૈતન્ય.. અહીં તો કહે છે કે જ્યાં નિર્જરા થઈ ત્યાં ભગવાન જ્ઞાનસ્વભાવી પૂર્ણ વસ્તુ એને જ્યાં અવલંબન થયું અને એનો આશ્રય થયો એટલે અંદર શુદ્ધતા રાગાદિને રોકીને શુદ્ધતા પ્રગટ થઈ છે. સમજાણું કાંઈ? રાગદ્વેષ આસ્રવો રોકવા, ઈ ભાવઆસ્રવની વાત છે હોં! **'निज-धुरां धृत्वा'** પોતાની કાર્યની ધુરાને બરાબર જાળવીને. ડ્યુટીને જાળવે છેને? નથી કહેતા? પોલીસ આદિ હોયને? ડ્યુટીમાં હું ઊભો છું, આમ થયું ને તેમ થયું. ફરજ. ડ્યુટી એટલે એનું સ્થાન. ઈ સ્થાનમાં હું ઊભો છું. મારું તપાસવાનું સ્થાન જ ઈ હતું.

અમારે ઈ થયું હતુંને, અફીણનો કેસ. પોલીસ કહે, હું આ ડ્યુટીમાં ઊભો હતો, એમાં આમ થયું, તેમ થયું. બધી ગપ્પેગપ. અફીણનો પોટલું લઈને આવ્યા. તે દિ' તો ઉંમર નાનીને. સત્તર, સત્તર વર્ષની ઉંમર. (સંવત) ૧૯૬૩ની સાલની વાત છે. એમાં પછી આમ

થયું ને બધા કુટુંબીને બોલાવીને મને માર્યો. પોલીસે ઓપીયન, ઓપીયન કહેવાયને ભાઈ? અફીણ. અફીણ... અફીણનો હતો. રાણપુરનો હતો મોટો જમાદાર, બ્રાહ્મણ પગે લુલો અને આ હતો પોલીસ એનો. સાતસોનો ખર્ચ. અડધો રૂપિયો ન આપ્યો એમાં સાતસોનો ખર્ચ થયો. એક સવા મહિનો વડોદરા જાવું પડ્યું. ઈ કહે, હું ડ્યુટી ઉપર હતો. ગોરો એવોને. અમને જ્યાં જોયા કોર્ટમાં, પાંચ જણા હતા. જોયા ત્યાં ઓલાને કહે, આ લોકો અફીણના ગુનેગાર દેખાતા નથી. આ લોકો શેઠિયા વાણિયા દેખાય છે, આ કેવા? હું હતો, મારા પિતાજી, ખુશાલભાઈ હતા. ત્રણ. ગાંડાભાઈ હતા, ચાર અને એક ત્રિભુવન પારેખ હતા. છેવટે એમ કહ્યું કે આ કેસ થયો ક્યે સ્થાને? જે સ્થાન થયો હોય ત્યાં આવી, ભાઈ! શું કહેવાય તમારે ઈ? કોર્ટ. તે સ્થાનમાં કોર્ટ લાવ્યા. વડોદરાથી હોં! મોટો પ્રેસિડેન્ટ, ત્રણ હજારનો પગાર. બરાબર આમ જોયું. ખોટો કેસ છે, કેસ જ ખોટો છે. પછી એમ પણ કહ્યું, કારકુન હતો ઈ, આ બધો ખર્ચ થયો ઈ તમને આપી શકશે આ. આપી શકે એવું કોર્ટ માને છે. તમે કરો એના ઉપર. હવે જવા દેને બિચારાને ગરીબ માણસને. આહા..હા..!

એમ સંવર ધુરામાં ઊભો છે એમ કહે છે. રાગને રોકીને પોતાની ડ્યુટી સાચવે છે. સંવરનું કામ શું? રાગને ન થવા દેવો એ એનું કામ. શુદ્ધિની ઉત્પત્તિ એનું કામ, નાસ્તિથી કહેવું હોય તો રાગની ઉત્પત્તિ ન થવા દેવી એ એનું કામ. અસ્તિથી કહીએ તો શુદ્ધિની ઉત્પત્તિ થવી. નાસ્તિથી કહીએ તો સંવર છેને, એટલે રોકવું. ... સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ વીતરાગમૂર્તિ આત્મા છે, ત્રિકાળ. એને શરણે જતાં જે વીતરાગ પર્યાય ઉત્પન્ન થાય એનું નામ સંવર છે. એને તે પ્રકારના રાગની ઉત્પત્તિ થઈ નથી એને રોક્યો છે એમ કહેવામાં આવે છે. એમ કીધું છેને? '**रागादि-आस्रव-रोधतः**'. ભાષા શું કરવી પણ? રાગાદિ આસ્રવને રોકવાથી. થતો હતો તો રોક્યો? એને સંવર બતાવવો છે તો કઈ ભાષાએ કહેવું? અટક્યો. રાગ થતો અટક્યો, થતો હતો પહેલા સમયે ઈ બીજા સમયે થયો નહિ એને રાગને અટકાવ્યો સંવરે એમ કહેવામાં આવે છે. તકરાર કરે આમાં કંઈ પાર પડે એવું નથી. શાસ્ત્રની ભાષા (એવી આવે).

'**निज-धुरां धृत्वा**' શુદ્ધતા, ચૈતન્ય ભગવાનને અવલંબે જે પવિત્રતા પ્રગટ થઈ, જેમાં રાગનો અંશ નથી પણ અરાગની પર્યાય ઉત્પન્ન થઈ એ પોતાનું કાર્ય બરાબર જાળવીને ઊભું છે. એ રાગને ઉત્પન્ન થવા દેતું નથી એમ કહે છે. પોતાના કાર્યને બરાબર સંભાળ્યું છે. કીધુંને? '**निज-धुरां धृत्वा**'. નિજ કાર્ય-ધુરાને એટલે પોતાના કાર્યને બરાબર સંભાળ્યું છે. '**સમસ્ત આગામી કર્મને...**' સમસ્ત આગામી કર્મને '**भरतः दूरात् एव**' '**અત્યંતપણે દૂરથી જ...**' અતિશયપણે દૂરથી જ. '**भरतः**' શબ્દ છેને? એ.. પંડિતજી! '**भरतः**'નો અર્થ શું છે? પૂર્ણતયા. અતિશયપણે વિશેષપણે. ઓલામાં એવો અર્થ કર્યો છે, પોતાની મોટપને પોતાની

મોટપથી એને થવા દેતો નથી. 'भरतः'નો અર્થ એવો કર્યો છે, ભાઈ! મોટપ. પોતાની મોટપથી એવી એની મોટપ છે કે રાગ આવવા દેતો નથી. એમ. સમજાણું કાંઈ?

ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એમાં આસ્રવ કેવા? ને બંધ કેવા? ને વિકાર કેવા? એવી ચીજની ઉપર દૃષ્ટિ પડતાં એની દૃષ્ટિ સંવર ઉત્પન્ન કરવા ઉપર દૃષ્ટિ નથી. દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે. ધ્રુવ ઉપર દૃષ્ટિ થતાં શુદ્ધતા જે પ્રગટી એ શુદ્ધતાએ પોતાનું કાર્ય જાળવ્યું કે રાગને થવા દીધો નહિ. એમ. રાગ થતો એને થવા દીધો નહિ એમ નથી કંઈ ત્યાં. આહા..હા..! જુઓ! આ માર્ગ વીતરાગનો. શાંતિનો આ માર્ગ. ક્યાંય શાંતિ નથી, શાંતિ આત્મામાં છે. શાંતિથી ભરેલો અકષાયથી ભરેલો ભાવ છે. આસ્રવ અને બંધથી ખાલી છે. પણ પોતાની શુદ્ધતા અને વીતરાગતાથી ભરેલો ભરપૂર છે. આહા..હા..! એવી ચીજ ઉપર દૃષ્ટિ પડતાં એ પર્યાયની એવી મોટપ છે. ઓલો તો મહા મોટો છે જ. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ તો મોટી છે, મહા છે. પણ એનો આશ્રય કર્યો એવી જે પર્યાયની મોટપ એવડી છે એમ કહે છે. એટલી પર્યાયની અધિકતા છે કે રાગને ઉત્પન્ન થવા દેતી નથી. આહા..હા..!

**'સમસ્ત આગામી કર્મને...'** સમસ્ત આગામી કર્મને અતિશયપણે, અત્યંતપણે, મોટપથી થવા દેતો નથી. આહા..હા..! મોટાને ઘરે સાધારણ વાઘરી કાંઈ ઘરે આવી શકે? એટલી તો એની મોટપ છે. શેઠિયાના ઘરે લગ્ન થાય, માણસો આવે ખારેક લેવા પણ કાંઈ અંદર ઘરમાં ન ગરી શકે, એના માંડવામાં ન આવે વાઘરી, બિચારા બહાર ઊભા રહે. ન્યાં આપે. ખારેક આપેને, ખારેક. ખારેક સમજો છોને? ખારેક-છુઆરા. ખારેક હોય છે આવડી. ખજૂર ખજૂર, ખજૂર સુકા. છુઆરા કહે છે. ઈ જાણે શું હશે? કેમ શેઠ આવ્યા નથી? ભાઈને એમ થઈ જાય છે હોં! શોભાલાલને. હોય ... પણ એમ થઈ જાય. ખજૂર, સૂકો ખજૂર. ખજૂર સુકાઈ ગઈ એનું નામ ખારેક. આહા..હા..! જેમ આ હળદર સૂકી થઈ જાય, હોય તો લીલી કંદમૂળ, અનંતકાય. હળદર કંદમૂળ હોય. સૂકી હળદર અથવા આદુ. આદુ છે અનંતકાય, પણ આદુ સૂકાઈ જાય તો સૂંઠ થાય. સૂંઠ સૂંઠ. આદુ શું છે? અનંતકાય છે. સૂકાય .. પછી એમાં જીવ નથી. એ બધા નિગોદના શરીરો છે. જીવ અંદર હતા ત્યાં સુધી એ અભક્ષ્ય કહેવાય, નીકળી ગયા પછી એ ચીજ અભક્ષ્ય નથી. મુનિ પણ સૂંઠ તો લઈ શકે છે. હળદર લઈ શકે. શાકમાં નાખે હળદર. છે અનંતકાય લ્યો. એક ગાંઠડામાં અનંતકાય, લીલી હોય ત્યારે. સૂકાય જાય ત્યારે હળદર શાકમાં નાખે, ઢેબરામાં નાખે. એ અભક્ષ્ય નથી. છે તો કલેવર નિગોદના શરીરના.

મુમુક્ષુ :— શાકભાજી..

ઉત્તર :— શાકભાજી પ્રત્યેક છે. આ તો અનંતકાય. શાકભાજી પ્રત્યેક (વનસ્પતિ છે). આ દૂધી, કારેલા ઈ છે એકેન્દ્રિય જીવના શરીર. પ્રત્યેક કહો કે સાધારણ કહો. એક એકમાં

એક ઈ અસાધારણ (પ્રત્યેક), એકમાં અનંત એ અસાધારણ. એક શરીરમાં અનંતા જીવ એ સાધારણ. અને એક શરીરમાં એક જીવ ઈ અસાધારણ. એના શરીર છે ઈ.

મુમુક્ષુ :—

ઉત્તર :— સચેત તે અચેત થઈ ગયોને. સૂંઠ અચેત થઈ ગઈને હવે. જીવ વયો ગયો. એમ આ લીલું શાક હોય, દૂધી, ઈ રાંધ્યું ત્યાં અચેત થઈ ગયુંને. નહિતર જીવ છે, એકેન્દ્રિય જીવનું શરીર છે ઈ. ઈ કંઈ માંસ હાડકા એને ન હોય. (બે ઈન્દ્રિયાદિ) હોય તો માંસ હાડકા થાય. એકેન્દ્રિયને માંસ, હાડકા ન હોય. એવું છે.

અહીં સમસ્ત કર્મને રોકીને, દૂરથી રોકીને એમ છેને? 'दूरात् एव' 'दूरात्'નો અર્થ ઉત્પન્ન થવા દીધું જ નહિ. ઉત્પન્ન થયું ને પછી ટાળ્યું એમ નથી એમ કહે છે. થયું તે થયું, એને વળી રોક્યું ક્યાંથી આવ્યું? પણ સ્વભાવની ધારામાં વહેતા ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવ સ્વરૂપને ધ્યેયમાં લઈને રહેતાં રાગની દૂરથી, એટલે રાગને ઉત્પન્ન થવા દેતો જ નથી એમ કહે છે. દૂરથી રોક્યો એટલે ઈ. આહા..હા..! **'दूरातिरुन्धन् स्थितः' 'રોકતો ઊભો છે;...'** સ્થિત ઊભો છે. છે તો એ સંવર પર્યાય. હવે પૂર્વના બાકી રહ્યાને એની વાત છે. નિર્જરા અધિકાર છેને. **'प्राग्बद्धं'** લ્યો. પ્રાગભાવ આવે છેને. અહીંયા **'प्राग्बद्धं' 'જે પૂર્વે (સંવર થયા પહેલાં...)'** અજ્ઞાનપણાથી જે બંધાયેલું કર્મ હતું એ હજી જ્ઞાનીને પડ્યું છે અંદર. બંધાયેલું કર્મ છે તે **'तत् एव दग्धुम्' 'તેને બાળવાને...' 'तत् एव दग्धुम्'** બાળવાને. **'હવે નિર્જરા (-નિર્જરારૂપી અગ્નિ-) અગ્નિ ફેલાય છે...'** ભાષા જુઓ! એક કોર કષાયને અગ્નિ કહેવાય, આ નિર્જરારૂપી અગ્નિ ફેલાય છે હવે. દાખલો આપવો છેને, છે તો શાંતિ. શાંતિ ફેલાય છે એને અગ્નિ બાળે છે આને એમ કહ્યું છે. છે તો શાંતિની પર્યાય. સંવર તો શાંતિ છે, ઉપશમરસ છે. પણ અહીં ઉપમાથી કહેવું છેને. **'दग्धुम्'** પૂર્વના કર્મને એ બાળે છે. એમ. પૂર્વના કર્મને એ દગ્ધ કરે છે. આહા..હા..!

**'तत् एव दग्धुम' 'તેને બાળવાને...' 'अधुना' 'હવે...' 'निर्जरा व्याजृम्भते' 'નિર્જરા (-નિર્જરારૂપી અગ્નિ-) ફેલાય છે...' 'व्याजृम्भते'** ફેલાય છે, વિસ્તાર પામે છે. શુદ્ધિની વૃદ્ધિ થાય છે એમ કહે છે. ભગવાન આત્માનું અવલંબન લીધું છે, અનુભવ થયો છે, સંવર તો થયો છે એમ કહે છે. હવે એ અંતર ઉગ્રપણે આશ્રય લ્યે છે એટલે શુદ્ધિની વૃદ્ધિ થાય છે. નિર્જરા ત્યાં ફેલાય છે, શુદ્ધતા ફેલાય છે. શુદ્ધતાનું પ્રસરવું થાય છે. આહા..હા..! ભાષા..! ઓલા તો કહે કે કર્મ બંધાણા છે. અપવાસ કરે તો નિર્જરા થઈ જાય. હવે કાંઈ એમાં સમજવું? કર્મ બંધાણા કર્મ. તપેલાને કાટ ચોંટ્યો હોય તો આ ભોગાવાની રેતી લાવે અને કાથી (લાવીને ઘસે). કાથી સમજો છો કે નહિ? કાથી હોય છેને? રસી. આ નાળિયેરના છોલાની કાથી બને. એમાંથી કાથી બને. નાળિયેરના ઉપરના હોય છેને? તાણા.. તાણા.

એની કાથી બને. કાથી ક્યાંથી આવી? અદ્ધરથી આવે છે કાંઈ? ... રેતીને તપેલા ઉપર ઘસે. એમ કર્મ બાંધેલા છે અને અપવાસ કરે બે, ચાર, દસ તો તો અંદર કર્મ ખરે. એમ નથી.

આ તો શુદ્ધતાનો ઉગ્ર આશ્રય લ્યે છે ત્યારે શાંતિ પ્રગટે છે એને કર્મ બાળવાની ઉપમા દઈને અગ્નિ એને બાળી નાખે છે. નિર્જરારૂપી અગ્નિ એને નાશ કરી નાખે છે. સમજાણું કાંઈ? અહીં તો '**व्याजृम्भते**' કીધુંને, બાળે છે, ફેલાય છે. શુદ્ધતા વિસ્તરે છે. આહા..હા..! ચૈતન્ય ભગવાનમાં પૂર્ણ શુદ્ધતા પડી છે એનો અંશે સમ્યગ્દર્શન થતાં શુદ્ધતા બહાર આવી. હવે નિર્જરામાં વિશેષ શુદ્ધતા ફેલાય છે. શુદ્ધતા વિસ્તરે છે, શુદ્ધતા પ્રસરે છે. આહા..હા..! '**કે જેથી જ્ઞાનજ્યોતિ નિરાવરણ થઈ થકી...**' શુદ્ધતાનો વિસ્તાર પ્રસરતા ભગવાન પૂર્ણાનંદનો ઉગ્ર આશ્રય લેતા જે નિર્જરા વિસ્તાર પામી એ નિરાવરણ જ્ઞાનજ્યોતિ, જ્ઞાનસ્વરૂપ આવરણ વિનાની થઈ '**रागादिभिः न हि मूर्छति**' '**નિરાવરણ થઈ થકી રાગાદિભાવો વડે મૂર્છિત થતી નથી...**' આહાહા..! કેટલી ઉપમા આપીને વાત કરી છે! એ શુદ્ધતાનો શુદ્ધ ઉપયોગ પ્રગટ્યો એને અહીં નિર્જરા કહેવાય છે. શુદ્ધ ઉપયોગ વિસ્તર્યો. પહેલા શુદ્ધ ઉપયોગમાં ભાન તો થયું હતું, હવે શુદ્ધ ઉપયોગ વિશેષ પ્રસર્યો. ઈ શુદ્ધ ઉપયોગ ઈ નિર્જરા છે. અથવા એ અશુદ્ધતાના નાશનું કારણ અથવા કર્મના અભાવનું કારણ છે. સમજાણું કાંઈ? બહુ આકરું કર્યું એમ કહે છે. ઈ કરતાં તો અપવાસ કરે અને કર્મ બાંધ્યું હોય એ ટળી જાય, લ્યો. પણ શું અપવાસ કરે? અપવાસ તો એને કહે કે ઉપ વસ્તુ ભગવાન આત્મા મહા પ્રભુ એની સમીપમાં જાય તો અશુદ્ધતા ટળે અને શુદ્ધતા પ્રગટ થાય. એનું નામ ઉપવાસ કહે છે. કહો, પોપટભાઈ! અપવાસ તો કર્યા હશે કે નહિ કોઈ દિ'? નાનપણમાં કર્યા હશે. કર્યા હશે ખબર છે? ઠીક. ભૂલી ગયા હોય કદાચ. પંડિતજીની સાથે કર્યા છે.

'**रागादिभिः न हि मूर्छति**' આહા..હા..! એ ચૈતન્યજ્યોતિ, આવરણનો અભાવ થાય છે અને રાગમાં મૂર્છાતી નથી. શુદ્ધ વીતરાગ પર્યાય પ્રગટ થઈ જાય છે. પૂર્ણ. એનું અહીં મંગળીક કર્યું છે, લ્યો. આહા..હા..! '**સદા અમૂર્છિત રહે છે.**' જ્ઞાનજ્યોતિ ઝળહળ. શક્તિમાંથી વ્યક્તતા પૂર્ણ થઈ એ પછી રાગમાં મૂર્છિત થતી નથી. થઈ એ થઈ, અમૂર્છિત સદાય રહે છે. કેવળજ્ઞાનપણે શુદ્ધતાપણે કાયમ રહે છે. લ્યો, આ મંગળિક કર્યું. આહા..હા..!

'**ભાવાર્થ :— સંવર થયા પછી નવા કર્મ તો બંધાતા નથી.**' ભાવાર્થ છેને? એને સંવર કહીએને. જેટલે અંશે સંવર થયો એટલે અંશે કર્મ નવા આવતા નથી. '**જે પૂર્વે બંધાયા હતાં તે કર્મો જ્યારે નિર્જરે છે...**' એટલે કર્મની અવસ્થા છૂટી જાય છે '**ત્યારે જ્ઞાનનું આવરણ દૂર થવાથી...**' ત્યારે જ્ઞાનમાં પર્યાયમાં આવરણનું નિમિત્ત હતું એના દૂર થવાથી '**જ્ઞાન એવું થાય છે કે ફરીને રાગાદિરૂપે પરિણમતું નથી...**' એમ કહે

છે. પૂર્ણ શુદ્ધતા થઈ, સિદ્ધ થયા પણ વળી કારણે આવવું પડે, અવતાર (લેવો પડે) રાક્ષસોને મારવા અને ભક્તોને તારવા. 'યદા યદા...' આવે છેને ઈ? એમ નથી એમ કહે છે. એક વાર પણ પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ એ ફરીને અશુદ્ધતા થતી નથી. એમ કરીને અવતરે નહિ એમ કહેવું છે. સમજાણું કાંઈ? **'સદા પ્રકાશરૂપ જ રહે છે.'** ચૈતન્યજ્યોત શક્તિનું સત્ત્વ તો, સ્વભાવ તો શુદ્ધ જ પૂર્ણ હતું પણ શક્તિરૂપ હતું. ઉપાદાનમાં ધ્રુવ ઉપાદાનમાં હતું. એને પર્યાયના ઉપાદાનમાં, ક્ષણિક ઉપાદાનમાં પ્રગટ કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

મહાવીરકીર્તિની પાછળ એક ગ્રંથ છપાશે, ગ્રંથ. મહાવીરકીર્તિ ગુજરી ગયાને એની પાછળ. એમાં શું શું લેખ આવશે, એ બધા લેખો લખ્યા છે. ફલાણું આવશે, ઢીકણું આવશે, ઉપાદાન ને નિમિત્ત ને નિશ્ચય ને વ્યવહાર ને, ફલાણું.. ઘણા ઘણા બોલ નાખ્યા છે. મોટું પુસ્તક બનાવે છે. વર્ધમાન શાસ્ત્રી, સોલાપુરવાળો નહિ? વર્ધમાન શાસ્ત્રી. એમાં એને સંભાળશે એમ લાગે છે. ઉપાદાન નિમિત્ત, નિશ્ચય વ્યવહાર નાખ્યા છે. આહા..હા..! હવે ગાથા ૧૯૩.

## ગાથા-૧૯૩

उवभोगमिंदियेहिं दव्वाणमचेदणाणमिदराणं।
जं कुणदि सम्मदिट्ठी तं सव्वं णिज्जरणिमित्तं।।१९३।।

उपभोगमिन्द्रियैः द्रव्याणामचेतनानामितरेषाम्।
यत्करोति सम्यग्दृष्टिः तत्सर्वं निर्जरानिमित्तम्।।१९३।।

विरागस्योपभोगो निर्जरायै एव। रागादिभावानां सद्भावेन मिथ्यादृष्टेरचेतनान्यद्रव्योपभोगो बन्धनिमित्तमेव स्यात्। स एव रागादिभावानामभावेन सम्यग्दृष्टेर्निर्जरानिमित्तमेव स्यात्। एतेन द्रव्यनिर्जरास्वरूपमावेदितम्।

હવે દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહે છે :-

ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇંદ્રિયો વડે
જે જે કરે સુદ્દષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને.૧૯૩.

ગાથાર્થ :- **[सम्यग्दृष्टिः]** સમ્યગ્દૃષ્ટિ જીવ **[यत्]** જે **[इन्द्रियैः]** ઇન્દ્રિયો વડે **[अचेतनानाम्]** અચેતન તથા **[इतरेषाम्]** ચેતન **[द्रव्याणाम्]** દ્રવ્યોનો **[उपभोगम्]** ઉપભોગ **[करोति]** કરે છે **[तत् सर्वं]** તે સર્વ **[निर्जरानिमित्तम्]** નિર્જરાનું નિમિત્ત છે.

ટીકા :- વિરાગીનો ઉપભોગ નિર્જરા માટે જ છે (અર્થાત્ નિર્જરાનું કારણ થાય છે.) રાગાદિભાવોના સદ્‌ભાવથી મિથ્યાદ્રષ્ટિને અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ બંધનું નિમિત્ત જ થાય છે; તે જ (ઉપભોગ), રાગાદિભાવોના અભાવથી સમ્યગ્દ્રષ્ટિને નિર્જરાનું નિમિત્ત જ થાય છે. આથી (આ કથનથી) દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહ્યું.

ભાવાર્થ :- સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાની કહ્યો છે અને જ્ઞાનીને રાગદ્વેષમોહનો અભાવ કહ્યો છે; માટે સમ્યગ્દ્રષ્ટિ વિરાગી છે. તેને ઇન્દ્રિયો વડે ભોગ હોય તોપણ તેને ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી. તે જાણે છે કે 'આ (ભોગની સામગ્રી) પરદ્રવ્ય છે, મારે અને તેને કાંઈ નાતો નથી; કર્મના ઉદયના નિમિત્તથી તેનો અને મારો સંયોગ-વિયોગ છે.' જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય આવીને પીડા કરે છે અને પોતે બળહીન હોવાથી પીડા સહી શકતો નથી ત્યાં સુધી-જેમ રોગી રોગની પીડા સહી શકે નહિ ત્યારે તેનો ઔષધિ આદિ વડે ઈલાજ કરે છે તેમ-ભોગોપભોગસામગ્રી વડે વિષયરૂપ ઈલાજ કરે છે; પરંતુ જેમ રોગી રોગને કે ઔષધિને ભલી જાણતો નથી તેમ સમ્યગ્દ્રષ્ટિ ચારિત્રમોહના ઉદયને કે ભોગોપભોગસામગ્રીને ભલી જાણતો નથી. વળી નિશ્ચયથી તો, જ્ઞાતાપણાને લીધે સમ્યગ્દ્રષ્ટિ વિરાગી ઉદયમાં આવેલા કર્મને માત્ર જાણી જ લે છે, તેના પ્રત્યે તેને રાગદ્વેષમોહ નથી. આ રીતે રાગદ્વેષમોહ વિના જ તેના ફળને ભોગવતો હોવાથી તેને કર્મ આસ્રવતું નથી, આસ્રવ વિના આગામી બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ તો પોતાનો રસ દઈને ખરી જ જાય છે કારણ કે ઉદયમાં આવ્યા પછી કર્મની સત્તા રહી શકે જ નહિ. આ રીતે તેને નવો બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ નિર્જરી ગયું તેથી તેને કેવળ નિર્જરા જ થઈ. માટે સમ્યગ્દ્રષ્ટિ વિરાગીના ભોગોપભોગને નિર્જરાનું જ નિમિત્ત કહેવામાં આવ્યો છે. પૂર્વ કર્મ ઉદયમાં આવીને તેનું દ્રવ્ય ખરી ગયું તે દ્રવ્યનિર્જરા છે.

## ગાથા-૧૯૩ ઉપર પ્રવચન

उवभोगमिंदियेहिं दव्वाणमचेदणाणमिदराणं।
जं कुणदि सम्मदिट्ठी तं सव्वं णिज्जरणिमित्तं।।१९३।।
ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇંદ્રિયો વડે
જે જે કરે સુદ્રષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને.૧૯૩.

ઘણા સિદ્ધાંતો આમાં નાખ્યા. ઇન્દ્રિયો નથી નાખી આવી ટીકામાં. ફરીને એનો અર્થ લઈએ, શબ્દાર્થ લઈએ.

**'અન્વયાર્થ :— સમ્યગ્દૃષ્ટિ જીવ...'** સંવર પછી નિર્જરાની વ્યાખ્યા છેને આ. સમ્યગ્દૃષ્ટિ જીવ ચૈતન્યના વેદનમાં આવેલો, ભગવાન આનંદસ્વરૂપ છે એના સ્વાદિષ્ટમાં સ્વાદમાં આવેલો એવો સમ્યગ્દૃષ્ટિ જીવ. જેને અતીન્દ્રિય આત્માના આનંદના સ્વાદનું વેદન છે. અહીં શું કહેવું છે? કે અનાદિમાં રાગનું વેદન હતું. એ આસ્રવ અને મિથ્યાદષ્ટિપણું હતું. અહીંયા સમ્યગ્દૃષ્ટિ એટલે વસ્તુ ત્રિકાળી ધ્રુવ એમાં વ્યાપીને પ્રગટેલી પર્યાય એ સમ્યગ્દૃષ્ટિને અનંત ગુણના અંશો પ્રગટ થયા છે. જેટલા ગુણો છે એના બધા અંશોના અંકુર ફૂટ્યા છે. ભેગો આનંદનો અંશ પણ ભેગો છે, વીર્યનો અંશ છે, શ્રદ્ધાનો અંશ છે, બધા અંશો છે. એવો **'સમ્યગ્દૃષ્ટિ જીવ જે ઇન્દ્રિયો વડે...'** વળી એક બાજુ એમ કહેવું કે આત્મા ઇન્દ્રિયથી કામ કરી શકે નહિ. પણ લોકો ભાળે છેને એ અપેક્ષાએ વાત કરી છે. એવી શું કરવા વાત કરવી જોઈએ? પણ એ રીતે કર્યા વિના બીજો ઉપાય જ નથી. એમ કહે કે આ જુઓ, ઇન્દ્રિયથી આ કામ (કરે છે). કહે છે કે હું અણીન્દ્રિય આત્મા છું. આ ઇન્દ્રિયોથી તો કામ કરે છે, પાંચેય ઇન્દ્રિયોથી જડથી કામ લ્યે છે. એમ કહે છે. આહા..હા..!

**'ઇન્દ્રિયો વડે અચેતન તથા ચેતન દ્રવ્યોનો...'** છે? અચેતન એટલે શરીરનો, દાળ, ભાત, રોટલા આદિનો અને ચેતનનો એટલે સ્ત્રી આદિનો. આહા..હા..! **'અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ કરે છે...'** જડ અને ચૈતન્ય બીજા, એનો ઉપભોગ સમ્યગ્દૃષ્ટિ કરે છે. કરે છે આવ્યુંને આમાં? પણ કરે છે... સર્વવિશુદ્ધમાં આવે છેને? કે આ કરે છે પણ એમાં તન્મય થતો નથી. ઈ ખોટો અર્થ છે. શિલ્પી શિલ્પી. શિલ્પી કરે છે ખરો. પણ એ કરતો જ નથી. સાંભળને. તારી દૃષ્ટિમાં ભાસે છે. એ ભાષા એમ કહેવાય. દેખાયને. હથોડી આમ કરતો હોય દાગીનો કરવામાં. એમ તને દેખાય છે. એમ અજ્ઞાનીને ઇન્દ્રિયોથી કામ સમકિતી લ્યે છે એમ દેખાય છે. સમજાણું કાંઈ? આવી રીતે વાત કરી છે. દુનિયાને સમજાવવા માટે આવી શૈલી શું કરવા કરવી જોઈએ? પણ બીજો ઉપાય જ ન મળે. સમજાણું કાંઈ?

જ્ઞાનીનું જોર અંતરના સ્વાદ ઉપર છે. આહા..હા..! દૃષ્ટિ આનંદ ઉપર છે. એકલી દૃષ્ટિ નહિ, દૃષ્ટિનો વિષય આખો આત્મા લીધો એટલે આનંદના સ્વાદ ઉપર એનો ભાવ છે. વેદન ઈ છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. સમજાણું કાંઈ? વીતરાગભાવનું વેદન છે. વીતરાગભાવવાળો જીવ ઇન્દ્રિયો વડે. જુઓ! ભાષા શું કરવી? પણ એનું જોર ત્યાં વર્તે છે. આમ લાગે કે ઇન્દ્રિયો અચેતન અને ચેતનને ભોગવે છે. લોકો એમ માને છેને, જાણે છે. એક કોર કહે કે રાગને ભોગવે એ મિથ્યાદૃષ્ટિ. અહીં કહે કે સમ્યગ્દૃષ્ટિ ચેતન અચેતન પરદ્રવ્યને ભોગવે. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ છેને આ, દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ છે.

સમ્યગ્દર્શનમાં આત્મા જે ભાસ્યો છે એ તો પૂર્ણ આનંદ અને શુદ્ધનું ધામ છે. શુદ્ધના ભાનવાળો અને શુદ્ધના વેદનવાળો ઇન્દ્રિયો વડે જે ચેતન, અચેતનનો ઉપભોગ કરે. અહીં

તો 'द्रव्याणाम्' 'દ્રવ્યોનો...' ઠીક! એની પર્યાયનો. '**તે સર્વ નિર્જરાનું નિમિત્ત છે.**' કારણ કે એની દૃષ્ટિમાં રાગ અને નિમિત્તનો સ્વામી નથી. સમજાણું કાંઈ? અને સમ્યગ્દૃષ્ટિને પોતાના ઇન્દ્રિયરહિત અનીન્દ્રિયના સ્વાદ આગળ ઇન્દ્રિયનો સ્વાદ એને દુઃખદાયક લાગે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મીજીવને અંદરના આનંદનું જેને પોષાણ છે, પોષાણ એ વેપાર છે, પોષાતો વેપાર ઈ છે. રાગનો પોષાતો વેપાર એનો નથી. આહા..હા..!

ઈ ચેતન અચેતન દ્રવ્યને એના સંબંધમાં આવે, એમ કહે છે. નહિતર પરને અને એને કાંઈ સંબંધ છે નહિ. સર્વ સંબંધ છૂટી ગયા. આવ્યું નથી? ૨૦૦ ગાથા. નાસ્તિ સર્વોપિ સંબંધ. બસ. કળશ છે. સર્વોપિ સંબંધ નથી. પણ અહીં તો લોકો દેખે એ રીતે કથન કરે છે. અહો..! ધર્મીની દૃષ્ટિ તો સ્વરૂપ ઉપર છે. એની પર્યાય ઉપર દૃષ્ટિ નથી તો ઇન્દ્રિયો વડે પરનો અનુભવ કરે એવું છે નહિ. પણ લોકો આમ ભાળે છે કે જુઓ આ બાયડી પરણે છે, જુઓ આણે આમ કર્યું, આણે આમ કર્યું. કહો, સમજાણું? લોકો ભાળે છે એ રીતે વાત કરી છે. તું ભાળે છો પણ એને નિર્જરા થાય છે. એને તો અશુદ્ધતા ટળતી જાય છે. ભોગના ભાવથી નહિ હોં! શુદ્ધતાના દ્રવ્યના જોરથી.

ભાષા એમ લીધી, જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. ભોગ નિર્જરાનો હેતુ હોય તો ભોગ છોડવાનું રહે નહિ પછી. સમજાણું કાંઈ? આત્માના આનંદ આગળ આખી દુનિયાનો સ્વાદ ઊડી ગયો છે અંદરથી. ઇન્દ્રના ઇન્દ્રાસનો સડ્યા ગંધાયેલા કૂતરા જેવા લાગે. જેને સ્વાદની સાથે મેળવતા એનો મળે ક્યાંય થાય નહિ. આહા..હા..! શાંતિના સ્વાદની આગળ એ અશાંતિનો સ્વાદ જ્ઞાની લેતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પાછો એમ ન માને કે આ ક્રિયા હું કરું છું પણ એમાં જરી રાગનો ભાવ થાય છે એ નથી, એમ ન જાણે. અહીં તો અધિકપણું સ્વભાવની દૃષ્ટિમાં જોર વર્તે છે એથી એને ક્ષણે ક્ષણે કર્મનો ઉદય આવીને ખરી જાય છે. એ સંયોગોમાં ઊભો છે, એ સંયોગોનું કારણ કર્મ, એ સંયોગના સંબંધમાં છે એમ વ્યવહારે કહ્યું. એ સંયોગ છૂટી જાય છે અને કર્મ પણ છૂટી જાય છે. આહા..હા..! છૂટવાની દૃષ્ટિમાં પડ્યો છે. છૂટકારો થઈ ગયો છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ આવો. સંપ્રદાયવાળાને તો ક્યાંય કોઈ રીતે મેળ ખાય નહિ. અપવાસ કરે તો આમ ધર્મ થાય, સામાયિક પોષા કરે એને સંવર થાય. અરે..! ક્યાં બાપા..? એવું તો અનંત વાર કર્યું. આહા..હા..! તને ખબર ક્યાં છે? સમજાણું કાંઈ? '**નિર્જરાનું નિમિત્ત છે.**' લ્યો. ભોગ છે એ નિર્જરાનું નિમિત્ત છે, કહે છે.

'**ટીકા :— વિરાગીનો ઉપભોગ...**' જોયું? આ બાજુથી લીધું. ધર્મીની દૃષ્ટિ વસ્તુ ઉપર છે તેથી રાગથી હઠી ગયો છે. રાગની નાસ્તિ થઈ ગઈ છે એના દ્રવ્યમાં. વીતરાગ સ્વરૂપી ભગવાન આત્મા એ ચૈતન્યનો આનંદકંદ પ્રભુ એના આનંદની અસ્તિની પ્રતીત અને

અનુભવ હોતાં એ રાગથી ખસી ગયો છે. આહા..હા..! રાગ જેને ઝેર જેવો દેખાય છે. અહીં તો કર્મ ખરી જાય છે એમ સિદ્ધ કરવું છેને. સમજાણું કાંઈ? '**વિરાગીનો ઉપભોગ...**' બીજી ભાષાએ કહીએ તો સમ્યગ્દૃષ્ટિનો ઉપભોગ એમ કહ્યું હતું. એને વિરાગી સિદ્ધ કર્યો છે. પંડિતજી! પાઠમાં સમ્યગ્દૃષ્ટિ છે. અહીં વિરાગી છે એમ ઉપાડ્યું છે. સમ્યગ્દૃષ્ટિ, પરથી વૈરાગ્ય છે એને. આહા..હા..! સમજાણું કાંઈ?

'જ્ઞાની મગન વિષયસુખ માંહી, યહ વિપરીત સંભવે નાહિ.' 'જ્ઞાનકલા જિસકે ઘટ જાગી, તે જગમાંહી સહજ વૈરાગી'. એ વાત લીધી છે આ. સમજાણું કાંઈ? મડદું હોય એને શણગારે કે પદમણી સ્ત્રી એને લલચાવે, લલચી શકે છે? એમ રાગથી પરના પ્રેમથી મરી ગયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! ટીકા કરી છેને ભાઈ? ચિત્રભાનુ કહે હું પ્રેમમાં હતો. તું પ્રેમમાં હતો એમ લખ્યું, તું ભોગમાં હતો એમ કેમ ન લખ્યું તેં? કોઈકે કહ્યું છે. કાલે લાવ્યા હતાને તમે? એમાં એ લખ્યું છે. પ્રેમમાં હતો એને હું સ્વીકારું છું. એમ લખ્યું છે. ચોખ્ખી ભાષા કરને, દંભની શું લખાવે છે? સાધુપણામાં હું ભોગ લેતો ઈ હું સ્વીકારું છું એમ કહેને. આહા..હા..! ધર્મીને પ્રેમ-રાગ પર સાથે હોતો જ નથી, એકત્વબુદ્ધિ તૂટી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સમકિતી ત્રણ જ્ઞાન તીર્થંકર, મતિ, શ્રુત અને અવધિ ત્રણ જ્ઞાનના ધણી, ક્ષાયિકસમકિત. ઋષભદેવ ભગવાન આદિ ૮૩ લાખ પૂર્વ રહ્યા. ભરત ચક્રવર્તી છ લાખ પૂર્વ રહ્યા. ચક્રવર્તી પદમાં. છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં. તોપણ અહીં કહે છે કે દૃષ્ટિનું જ્યાં આનંદમૂર્તિ ઉપર છે એને લઈને પર ઉપર લંગડો થઈ ગયો છે. એ રાગ બધો લંગડો (થઈ ગયો છે), એને આધાર રહ્યો નથી. સમજાણું કાંઈ? કેડ ભાંગી ગઈ હોય અને મીંદડી ચાલે, ચાલે ખરી, જોર નથી. એમ ધર્મીને રાગ પાંગળો થઈ ગયો છે, કેડ ભાંગી ગઈ એની. આહા..હા..! રાગની એકતા તૂટી, કેડ ભાંગી ગઈ. બાપુ! ધર્મની આવી ચીજ છે. સાધારણ એમ કહે કે અમે ધર્મી છીએ. અમારે હવે વાંધો નથી. એમ નહિ.

ધર્મી એવો આત્મા જેની ધર્મદૃષ્ટિમાં જેને આત્મા આવ્યો છે એની અધિકતામાં ઇન્દ્રિયના વિષયો જ્ઞાનીએ જીત્યા છે. આવે છેને ૩૧ (ગાથામાં)? એના ઉપર જય મેળવ્યો છે. આહા..હા..! પહેલેથી ઇન્દ્રિયના વિષયથી છૂટ્યો છે. અનીન્દ્રિય ભગવાન આત્મા એ અનીન્દ્રિયના આનંદના પ્રેમમાં એને ઇન્દ્રિયના વિષયોમાં પ્રેમ થતો નથી. આહા..હા..! એને વિરાગી કીધો. સમ્યગ્દૃષ્ટિને વિરાગી કીધો. એ ખરો વૈરાગી છે. આહા..હા..! રાગના ભાવથી હઠી ગયો છે, કહે છે. પુણ્ય પાપમાં આવે છેને? 'પુણ્ય પાપને રોકીને...' વૈરાગ્ય વૈરાગ્ય. વૈરાગ્ય એને કહીએ, ઈ આવે છે. વૈરાગીનો અર્થ આ. રાગની રુચિ રહી નથી. આહા..હા..!

નોવાખલી, નોવાખલીને? નહોતું તોફાન થયું? ગાંધી ગયા. આહા..હા..! જેને પેટે નવ

મહિના રહ્યો, જેના પેટમાં સાથે ઉછર્યા એ બહેન અને ભાઈ, એને નાગા કરીને મુસલમાનો ઊભા રાખે. એકબીજાને ભીડાવે. આહા..હા..! અરે..! પ્રભુ! માર્ગ દે અહીંયા, ક્યાં સમાવું? આંખ્યું ઊંચી થાતી નથી, ક્યાં જવું? શું થાય છે આ? કહો, સમજાણું? નાગા કરે. અર..ર..ર..! અને એકબીજાને ભીડાવે, બેન ભાઈને. જુવાન દીકરો અને માંને. એ વખતે શું હશે એને? પ્રેમમાત્ર ઊડી ગયો છે પરનો. આહા..હા..! આ તો કૃત્રિમ. સમજાણું કાંઈ? અરે..! માતા! જેને કૂંખે નવ મહિના રહ્યો, અરે..! એનો અવયવો જોવા માટે આંખ્યું છે? અર..ર..ર..! આ શું? આંખમાંથી રૂદન ચાલ્યું જાતું હોય. સમજાય છે કાંઈ? છતાં એ જાતનો ઉત્સાહ ત્યાં ભંગ થઈ ગયો છે. આહા..હા..!

એમ ધર્મીને બહાર સંયોગના સંબંધમાં એનો ઉત્સાહ ભંગ થઈ ગયો છે. અરે..! આ શું થાય છે આ? આ સંયોગના ભીડા શાના? આ ભીડમાં હું ક્યાં છું. સમજાણું કાંઈ? એના ઘેરાવામાં હું ક્યાં છું. હું જ્યાં છું ત્યાં ઘેરાવો નથી, ઘેરાવો છે ત્યાં હું નથી. આહા..હા..! એ અંદરથી જ્યાં વૈરાગ્ય (થયો), વસ્તુની દૃષ્ટિ થતાં અહીંથી ખસી ગયો છે. આહા..હા..! ત્રણલોકનું રાજ મળે તો જેને ઝેર જેવું લાગે છે. ઈન્દ્રના ઈન્દ્રાસનો મળે, જેને ધર્મીને તો વૈરાગ્ય.. વૈરાગ્ય.. વૈરાગ્ય.. આહા..હા..! એ સુખો બધા અંગારા જેવા દેખાય. અંગારામાં સળગતો હોય એમ દેખાય. ઓહો..હો..! એવો વૈરાગી. આમથી લીધું છેને. એનો ઉપભોગ એટલે બાહ્ય ચીજના સંબંધમાં વારંવાર આવવું એ નિર્જરા માટે જ છે. એ તો પૂર્વનું કર્મ (ખરવા આવ્યું છે). જડની વાત છે. ભાવનિર્જરાનું સ્વરૂપ ૧૯૪માં લેશે. આહા..હા..!

અરે..! જ્યાં રુચિ નથી ત્યાં સંબંધ શા? જ્યાં પ્રેમ નથી ત્યાં આ પરીક્ષાઓ શું આવી અમારી? એમ એને થઈ જાય છે. આ મારી કસોટી આવી. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિયની વાત છેને. કે એક જ? આ તો સ્પર્શની વાત કરી. આબરૂના ઢગલા બહાર હોય, કાને પડતા હોય, બેઠો હોય ને સાંભળતો હોય. આહા..હા..! તેના પ્રેમ ઊડી ગયા છે. આબરૂ તે હું મારી કરું કે કોઈ દુનિયા કરે? આહા..હા..! સમજાણું કાંઈ? સોગાનીએ દાખલો નથી આપ્યો? અરે..! બાગમાં ફૂલ કોઈ સૂંઘે તો જ એની કિંમત? અને ન સૂંઘે તો એ કરમાઈ જતું હશે? એમ ભગવાન આત્મા જ્યાં જાગ્રત થઈને શાંતિને .... શાંતિને જોઈ એને કોઈ માને તો ફૂલે અને ન માને તો કરમાઈ જાય એમ હશે? આહા..હા..!

'**વિરાગીનો ઉપભોગ...**' પાછો ઉપભોગ એટલે વારંવાર હોં! ભોગ એકવાર અને ઉપભોગ વારંવાર. વારંવારની વાત છે પાછી. જેને ધર્મની દૃષ્ટિ થઈ છે, ધર્મ એટલે આત્માનો આનંદ એની દૃષ્ટિ થતાં આત્માનો આનંદ આવ્યો છે. આહા..હા..! એ રસિકજનોને રસીલો આનંદ (આવ્યો છે) એ આ બહારના આનંદમાં ક્યાં સુખ માને છે. આહા..હા..! બહારથી મરી ગયો છે. રાગથી ધર્મી મરી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાની રોટલો ખાતો

હોય, આ મેસુભ ખાતો હોય, બેય અંદરમાં ભિન્ન છે. ઓલો રોટલા ખાવામાં પ્રેમ છે એને, અને આ મેસુભ વખતે પણ (ઉદાસ છે). મારો ખોરાક તો આનંદનો છે. અમૃતના ખોરાકી ભૂલા પડીને પણ ઝેરના ખોરાક ન ખાય એમ કહે છે. આબરૂ સાંભળીને ખુશી થઈ જાય. રૂપ સુંદર પોતાનું હોય અને કોઈ જોવે તો ખુશી થઈ જાય અને સામાના સુંદર રૂપને દેખીને ખુશી થઈ જાય. આહા..હા..! એવું ધર્મીને હોતું નથી. રાગ લંગડો થઈ ગયો, કેડ ભાંગી ગઈ. આહા..હા..!

એમ ગંધ, ફૂલ ઝાડ ને આમ... પદમણી સ્ત્રી જેના શરીરમાંથી સુગંધ આવતી હોય, ભમરા ફરતા હોય જેને કપડે, જ્ઞાનીને એના ભોગ દુઃખદાયક લાગે છે. આહા..હા..! આર્ય માણસને જ્યાં મરેલું મડદું દેખે તો ઓલું થાય, એને મરેલો ઉંદર ખવડાવે... એઈ..! શું કીધું ઈ? આર્ય માણસને માંસનું નામ ન મળે ક્યાંય, એને મરેલો ઉંદર મોઢામાં નાખે, કેટલો પ્રેમ હશે એને? એમ ધર્મીને, જેનાથી મરી ગયો છે રાગમાંથી, એનો એને ભોગ ઉંદર ખવરાવવા જેવું લાગે. આહા..હા..! સમજાણું કાંઈ? એને અહીંયા સમ્યગ્દર્શન સહિત વૈરાગ્ય કહીએ. આહા..! વૈરાગી થઈને...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૧૪, શનિવાર, તા. 3-03-૧૯૭૩
## ગાથા-૧૯૩, પ્રવચન-332

સમયસાર, નિર્જરા અધિકાર છે, ૧૯૩ ગાથા.

'**ટીકા :— વિરાગીનો ઉપભોગ નિર્જરા માટે જ છે (અર્થાત્ નિર્જરાનું કારણ થાય છે).**' શું કહ્યું ઈ? કે જેને આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે એવો આનંદસ્વભાવનો જેને અનુભવ થઈને દર્શન થયું છે એને અહીંયા સમકિતી અને એને વૈરાગી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ધર્મની પહેલી સીઢીવાળો શરૂઆતવાળો, પણ જેને એ આત્મા આનંદસ્વરૂપ સુખસ્વરૂપ સુખનો સાગર છે એવો જેને અંતર ધ્રુવ ઉપર આશ્રય કરતાં આનંદનો સ્વાદ આવ્યો છે એ જીવને વૈરાગી કહેવામાં આવે છે. કેમકે આત્મા પૂર્ણાનંદ ઉપર જેનો પ્રેમ અને એકાગ્રતા છે એથી એને પુણ્ય અને પાપના વિકલ્પ અને સંયોગથી ભિન્ન વર્તે છે ઈ. ઝીણી

છે વાત. સમજાણું કાંઈ?

**'વિરાગીનો ઉપભોગ...'** કાલે કહ્યું હતુંને થોડું? ધર્મીજીવને તો આત્માના આનંદનો અનુભવ થયો હોય છે, ત્યારે એને ધર્મી કહીએ. એ અનુભવમાં આત્માના સુખસાગરની લહેજત થોડીક અનુભવમાં આવી છે. જેથી ધર્મીજીવને પોતાના સુખના પ્રેમ આગળ એ ભોગ જે બાહ્યના સામગ્રીઓ કર્મના નિમિત્તે સંયોગો સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, લક્ષ્મી, આબરૂ ધૂળ, ધૂળ એટલે આ બધી લક્ષ્મી, એમાં અને એમાં થતાં જરી રાગ એનો એને પ્રેમ હોતો નથી, રાગમાં એકાગ્રતા હોતી નથી એને. આહા..હા..! ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હો, ચક્રવર્તીના રાજમાં હો, પણ જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે એને દુનિયાના ભોગનું દુઃખ અને ઝેર લાગે છે. સમજાણું કાંઈ?

વિરાગી, વિરાગી, પરથી ... સંયોગી ચીજ અને સંયોગી કર્મ અને સંયોગી ભાવ એનાથી જેને વૈરાગ્ય નામ સ્વરૂપમાં એની નાસ્તિ છે એવો વૈરાગ્યભાવ થયો છે. સમજાણું કાંઈ? એનો ઉપભોગ. ભોગ નથી ઉપભોગ લીધો છે. વારંવાર સંયોગમાં સંબંધમાં આવતો દેખાય છતાં તેને સંયાગ અને સંયોગીભાવની રુચિ અને દૃષ્ટિ ખસી ગઈ છે. એને ધર્મી કહીએ. સમજાણું કાંઈ? જેને આ આત્મા અંતર સ્વરૂપ ભગવાન શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ આનંદસ્વભાવ અને જ્ઞાનસ્વભાવ, શાંતસ્વભાવ, પ્રભુત્વસ્વભાવથી ભરેલો પદાર્થ જેને દૃષ્ટિમાં પ્રથમ આવ્યો છે એને બીજી ચીજમાં ક્યાંય પ્રેમ લાગતો નથી. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? એ ઇન્દ્રના ઇન્દ્રાસનમાં હોય ઇન્દ્ર, કરોડો જેને અપ્સરાઓ હોય, ક્યાંય એને પ્રેમ લાગતો નથી. સમજાણું કાંઈ?

કાલે દાખલો આપ્યો હતોને? કે આર્ય માણસને માંસ ખાવાનો અંદર નિષેધ હોય. આર્ય માણસને. એને કોઈ ઉંદર કાચો પકવીને આપે મોઢામાં, રસ હોય એને? આહા..હા..! એમ ધર્મીને આર્ય.. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એ આર્ય છે, આર્યના ભેદમાં આર્ય લીધા છે, ધર્મી આર્ય છે. ઓલો લૌકિક આર્ય છે અને જેને માંસ સપનામાં નથી, સમજાણું કાંઈ? એને કોઈ ઉંદર આમ સડેલો શેકીને કે ઊનો પકવીને મોઢામાં નાખે, પ્રેમ લાગે? આર્યને ન લાગે. એનો રસ ઊડી ગયો છે. એમ ધર્મી ધર્મ-આર્ય છે. ધર્મની દૃષ્ટિ જેને અંતર સ્વરૂપની પ્રગટી છે એને આ ભોગ બધા ઝેર જેવા દેખાય છે. સમજાણું કાંઈ? ભોગીભાઈ! એ બધા છોકરાઓ ને બધા (હોય એમાં) મીઠાશ જે દેખાય એ તો મિથ્યાત્વની મીઠાશ છે. આહા..હા..!

ધર્મી એને કહીએ અને જૈન પરમેશ્વર એને સમ્યગ્દૃષ્ટિ સ્વીકારે છે કે જેને દૃષ્ટિમાં આખું તત્ત્વ આવ્યું છે અને તેથી એને પરથી તદ્દન આખા લોકાલોકથી, વિકલ્પથી માંડીને લોકાલોકથી ખસી ગયો છે ઈ. ઈ એમાં ક્યાંય છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

એથી વિરાગી શબ્દ વાપર્યો છે. વૈરાગ્ય.. વૈરાગ્ય.. વૈરાગ્ય.. આખી દુનિયા પ્રત્યે જેને ઉદાસભાવ છે. જેનું આસન ચૈતન્યમાં ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને બાહ્યના સંયોગો, અહીંથી સંયોગથી વાત કરી છે, સંયોગને ભોગવી ક્યાં શકે છે? સંયોગની ચીજમાં રાગ આવે એને રાગને વેદે તો એ સંયોગને ભોગવે એમ કહેવામાં આવે છે. પણ વૈરાગીનો ઉપભોગ નિર્જરા માટે છે. એને એ સંયોગો કર્મના નિમિત્તે મળ્યા એ બધા દ્રવ્યકર્મ ખરી જાય છે, કહે છે. જડ કર્મને કારણે મોટા ચક્રવર્તીના પદ મળ્યા હોય, ઈન્દ્રના ઈન્દ્રાસન મળ્યા હોય પણ ધર્મીને ક્યાંય પ્રેમ નથી. પ્રેમ જ્યાં લાગ્યો છે ત્યાં સુખ છે અને બીજે લાગ્યો ત્યાં સુખ છે નહિ. સમજાણું કાંઈ? આમ સામાયિક કરે ને પોષા કરે ને પડિકમણા કરે માટે ધર્મી છે એમ નથી. એ તો મંદ રાગની ક્રિયા છે. એ ધર્મ નથી. એ ધર્મ તો એને કહીએ કે જેને અંદર વીતરાગી મૂર્તિ પ્રભુ આત્મા એના સમીપ જઈને શાંતિ અને આનંદનું વેદન આવે, સમતાભાવ એટલે વીતરાગભાવ અંદરમાંથી પ્રગટ થાય એને અહીંયા સામાયિક ને પૌષધ ને વ્રત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી દૃષ્ટિવંતને સંયોગો જેટલા કર્મના ઉદયથી આવે એ બધા ખરી જાય છે. સંયોગો એ ફરીને આવવાના નથી અને ઉદય પણ ખરી ગયો એ ફરીને નહિ આવે હવે. આહા..હા..!

નિર્જરાનું કારણ થાય છે એને તે કર્મ બધું ખરી જાય છે. જેની સામું જોવું નથી, જેની સામું જોવે છે ત્યાં તો આનંદ છે. ધર્મી સન્મુખ પરિણામથી આત્માને જોવે છે. ત્યાં તો આનંદ છે. પરથી તો વિમુખ થઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? પડખું ફેરવી નાખ્યું છે આખું. આમ રાગ અને પરના પ્રેમમાં પડ્યો હતો એ પ્રભુના પ્રેમમાં આવ્યો અંદરમાં, એનું પડખું--કરવટ બદલાઈ ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને આત્માના આનંદ સિવાય ક્યાંય આનંદ ભાસતો નથી, ક્યાંય એને રાજીપો, પરચીજની અનુકૂળતામાં રાજીપો ધર્મીને આવતો નથી અને જો રાજીપો આવે તો એ ધર્મી નહિ. એની મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! કહો, પોપટભાઈ! આહા..હા..! ભારે વાત ભાઈ આવી.

ધર્મની વ્યાખ્યા ભગવાનની, વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવે અરિહંત પરમાત્માના મુખથી આ વાણી આવી છે. સમજાય છે કાંઈ? કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં, આવે છે કે નહિ? મંગળિકમાં ગડિયા આવે. ગડિયા હાંકે. અર્થની ખબર ન મળે. બે ઘડી બેસી, નમો અરિહંતાણં કરી.. પૂરું થયું..આ ભાગ્યા, થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. સાંભળને! ધર્મ કરવો શેમાં? એ કરનારો કોણ છે? ધર્મ કરનારો કોણ કે જેની દશામાં ધર્મ થાય? સમજાણું કાંઈ? એ ધર્મ કરનારો આત્મા છે એની તો એને ખબર નથી. એ આત્મા શું ચીજ છે અંદર? આહા..હા..! જેનામાં અતીન્દ્રિય આનંદ લવોલવ છલોછલ ભર્યો છે. આહા..હા..! ધર્મ કરનાર ઈ છે. ધર્મ કરનારો જે છે એ આનંદથી ભરેલો છે એટલે કરે છે ત્યારે એને પર્યાયમાં-અવસ્થામાં

આનંદ આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ આનંદની અનુભવદશા આગળ સંસારના ભોગો બધા સડેલા મીંડદા જેવા, સડેલા ઉંદરડા જેવા લાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને અહીં ધર્મી અને ધર્મ થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! વીતરાગદેવનો માર્ગ આવો છે. લોકોને એ જાતની વાત અંતર્મુખ ચીજ શું છે એ વાત મળી નથી. બહારનું બધું સાંભળીને આ કર્યું ને આ કરું, એમને એમ જિંદગી ગઈ. અરે..!

કહે છે, કે '**વિરાગીનો ઉપભોગ...**' જેનું પડખું બદલાઈ ગયું છે. સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપની વૃત્તિના પડખે ઊભો હતો એ તો રાગી પ્રાણી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! પણ જે એ રાગના પરિણામથી ખસી જઈને, ભગવાન આનંદમૂર્તિની સમીપે ગયો છે એવો જીવ એને બધું દુનિયાનું વૈરાગ્યપણું દેખાય છે, ક્યાંય મારાપણું એને ભાસતું નથી. મારાપણું ભાસે ત્યાં આનંદ છે અને બીજે ક્યાંય મારાપણું ભાસતું નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

ભલે ગૃહસ્થાશ્રમમાં હો સમકિતી, ભરત ચક્રવર્તી છ લાખ પૂર્વ (સુધી) છન્નુ હજાર સ્ત્રીમાં રહ્યા. ભરત ચક્રવર્તી, ઋષભદેવ ભગવાનના પુત્ર, જેનું ચોર્યાશી લાખ પૂર્વનું આયુષ્ય. સત્યોતેર લાખ પૂર્વ કુંવરપદે રહ્યા. સત્યોતેર લાખ પૂર્વ. એક પૂર્વમાં કેટલા વર્ષ જાય? સાંભળ્યું છે કે નહિ? ક્યાં સાંભળે ન્યાં? સીત્તેર લાખ કરોડ અને છપ્પન હજાર કરોડ એટલા વર્ષનું એક પૂર્વ, એવા એવા સત્યોતેર લાખ પૂર્વ કુંવરપદે રહ્યા. પછી પછી છન્નુ હજાર સ્ત્રી પરણ્યા. છ લાખ પૂર્વ એમાં રહ્યા. છ લાખ પૂર્વ અને પછી દીક્ષિત થાય. ત્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, એ ઇન્દ્રાણી જેવી સ્ત્રીઓ હોં! જેને એક એક સ્ત્રીની એક હજાર દેવ સેવા કરે. એવી સ્ત્રી. સ્ત્રી રતન કહેવાય છેને એક. અરે..! સ્મશાનમાં મડદા ઉપર જેમ શણગાર કરે અને શણગારથી મડદું ખુશી ન થાય. એમ ધર્મી આખી દુનિયાના શણગારથી ખસી ગયો છે. સમજાણું કાંઈ? મારું શોભાનું સ્થાન તો મારું અંદરમાં છે. એમ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ કહેલો આત્મા એને સમજાણો છે, અનુભવાણો છે, જણાણો છે. આહા..હા..! એથી દુનિયાની કોઈપણ ચીજમાં મારાપણાની બુદ્ધિ એની હોતી નથી. તેથી ક્યાંય કોઈ ચીજમાં એનો પ્રેમ બાઝતો નથી. આહા..હા..!

'**રાગાદિભાવોના સદ્ભાવથી...**' હવે એથી ઊંધુ લ્યે છે. '**મિથ્યાદૃષ્ટિને...**' જેની દૃષ્ટિ હજી આત્માની ઉઘડી નથી અને એ પુણ્ય ને પાપના રાગના પ્રેમમાં પડ્યો મૂઢ જીવ અનાદિથી, શુભ અને અશુભ ભાવ વિકારી ભાવ, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હો, એ વિકારી પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપ છે. એવા પુણ્ય અને પાપના ભાવના પ્રેમમાં એકત્વમાં વસ્યો છે એના બધા ભોગોમાં તો રાગ ને દ્વેષ ને મિથ્યાત્વ ઊભું છે. અજ્ઞાનીને તો ભોગમાં પ્રેમ લાગે છે, હરખ લાગે છે, સુખ દેખાય છે.

આહા..હા..! જ્યાં ઝેરની પીણા છે ત્યાં એને અમૃત લાગે છે. સમજાણું કાંઈ? વાતું બહુ આકરી બાપુ! વીતરાગમાર્ગ એવો ઝીણો છે. કેવળી સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો ઈ માર્ગ એ આત્મમાર્ગ છે.

વીતરાગસ્વરૂપે ભગવાન આત્મા છે અંદર એની જેને દૃષ્ટિ નથી, એની દૃષ્ટિ તો પુણ્ય અને વિકાર ઉપર પડી છે. જ્ઞાનીને દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ છે, ત્યારે અજ્ઞાનીને વિભાવ ઉપર દૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી ભલે મુનિ થયો હોય, ત્યાગી થઈને જંગલમાં વસે પણ જેને અંદરના શુભ અને અશુભ ભાવમાં એકત્વબુદ્ધિ (છે) અને એ જ જેની દૃષ્ટિમાં વિષય એ જ તરવરે છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એને રાગાદિના ભાવનો સદ્ભાવ છે. પ્રત્યેક વસ્તુમાં એને પ્રેમ લાગે છે. અનુકૂળતામાં અજ્ઞાનીને પ્રેમ લાગે છે, પ્રતિકૂળતામાં અજ્ઞાનીને દ્વેષ લાગે છે. અનુકૂળ પ્રતિકૂળ જગતમાં કોઈ ચીજ છે જ નહિ. કેમ કે એ તો જ્ઞાનનું જ્ઞેય છે. જણાવાલાયક ચીજ છે. પણ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીને જૈનના વાડામાં પડ્યા સાધુ થયા હોય તોપણ જેને રાગના, પુણ્યના ભાવની રુચિ અને પ્રેમ છે એ મિથ્યાદૃષ્ટિને રાગ ને દ્વેષનો, મિથ્યાત્વનો સદ્ભાવ વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત પકડાય નહિ એવી કેટલી. હજી પકડાય એવી હોય એને કોઈ દિ' પકડમાં લીધી નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

પકડ પકડમેં ફેર હૈ. અમારે ત્યાં છોડી હતી સાત વર્ષની. ઈ ગાતી. આ મિંદડી નથી પકડતી? ઉંદરને. છોડી હતી બિચારી સાત વર્ષની. પોપટશા સાયલાના. બોટાદમાં વખારિયા એના દીકરાની દીકરી હતી. ક્ષય થઈને મરી ગઈ. પણ એને આવા શ્લોકો બહુ આવડતા. પકડ પકડમેં ફેર હૈ. ભૂલી ગયા પછી. મિંદડી છેને, ઉંદરને પકડે અને એના બચ્ચાને પકડે. બેયમાં ફેર. ઉંદરને પકડે ઈ ભીંસથી પકડે છે અને બચ્ચાને પકડે ઈ આમ પોલું રાખીને પકડે અને લઈ જાય બીજે ઠેકાણે.

એમ અજ્ઞાનીને રાગ અને દ્વેષનો પકડ થઈને ભોગવે છે. જ્ઞાનીને રાગદ્વેષની પકડ નથી, છૂટો છે એનાથી. કહો, પોપટભાઈ! કહ્યું નહોતું? એક ફેરી કહ્યું હતું. ઈ છોડી ગાતી બહુ બિચારી. પોપટભાઈનો દીકરો હતો, લઘુભાઈ કરીને. બરવાળામાં પરણ્યો હતો. છોડી હતી નાની. સમજાવ્યા સમજે નહિ, એમ છોડી બોલતી. કરે કાંઈનું કાંઈ, ફાનસ સળગાવો કહ્યું, નાખ્યું ભડકા માંહી. એઈ..! બરવાળા. પોપટભાઈનો દીકરો હતો લઘુ, બરવાળા. ઘણા વર્ષ થઈ ગયા આ તો. સમજાવ્યા સમજે નહિ, કરે કાંઈનું કાંઈ, ફાનસ સળગાવો કહ્યું.. ફાનસ સમજો છો? ફાનસ નથી સમજતા? લાલટેન. લાલટેન કહે છેને તમારે? લાલટેનમાં ઓલી લાલ થાયને અગ્નિ, દીવો એટલે લાલટેન કહે. ફાનસ સળગાવો કહ્યું. ફાનસ સળગાવો. નાખ્યું ભડકામાં. સળગાવાનું કીધું હતુંને તમે? જલા દો. પણ સળગાવાનો અર્થ દીવો કર અંદર.

કંઈ અગ્નિમાં નાખવાનું કહ્યું? પણ તમે કરો અર્થ. ફાનસ સળગાવો એમ તમે કહ્યું. પણ સળગાવાની વ્યાખ્યા સમજવી જોઈએને. ભડકામાં નાખો એમ સળગાવો કીધું હતું? કે દીવો કરવાનું સળગાવાનું કહ્યું હતું? એમ અજ્ઞાની કાંઈકનું કાંઈક માને. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પુણ્યના ભાવમાં ધર્મ માને, પાપભાવમાં સુખીપણું હરખપણું માને. આવી જેને દૃષ્ટિ અજ્ઞાનીની છે એને તો રાગભાવનો સદ્ભાવ છે, કહે છે. આહા..હા..! એનો પ્રેમ અને રાગ દ્વેષની હયાતી ધરાવે છે. ઝીણી વાત છે, ભાઈ! એવાને **'અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ...'** ત્યાં ખુલાસો કર્યો. સામાન્ય વાત હતી ત્યાં, પાઠમાં છેને બધું. અજ્ઞાનીને અચેતન અને ચેતન, મિથ્યાદૃષ્ટિને અચેતન એટલે લક્ષ્મી, આબરૂ, લાડવા, દાળભાત, મકાન, આબરૂ, કીર્તિ એ બધા જડ છે, એને ભોગવે તોપણ રાગદ્વેષને જ પોતાનું સ્વરૂપ માને છે. એથી મિથ્યાદૃષ્ટિને રાગદ્વેષ જ અંદર થાય છે. આહા..હા..! જ્ઞાનીને એ અચેતનનો ભોગ હોવા છતાં અને ચેતન સ્ત્રી આદિનો અનુભવ ભોગમાં હોવા છતાં ક્યાંય એની રુચિ જામતી નથી. જ્યાં દૃષ્ટિ (વસ્તુ) છે ત્યાં દૃષ્ટિ જામી ગઈ છે, એ દૃષ્ટિ ક્યાંય બીજે જામતી નથી. આહા..હા..! ગીરધરભાઈ! આવું ધર્મનું સ્વરૂપ ભારે પણ ભાઈ. આહા..! આવો વીતરાગનો માર્ગ હશે? લોકોને બિચારાને મળ્યો નથી.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ એણે જે વીતરાગ ધર્મ કહ્યો એ તો આ ધર્મ છે, ભાઈ! અંદર ચૈતન્યપ્રભુ આત્માનંદ પ્રભુ પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વભાવથી ભરેલો સાગર દરિયો આત્મા છે. આહા..હા..! એની જેને અંતર દૃષ્ટિ જામી છે.. આહા..હા..! એને રાગથી તો એકતા તૂટી ગઈ છે, પણ વર્તમાન પરિણામની એકતા તૂટી ગઈ છે. આહા..હા..! એક સમયની અવસ્થા જેટલો હું નહિ એમ દૃષ્ટિ છૂટી ગઈ છે ત્યાંથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને તો એ પરિણામ એક સમયના અને રાગાદિમાં એકત્વબુદ્ધિ પડી છે. ત્યાં જ એ ઘૂંટાય છે અને ત્યાં જ એકત્વ થાય છે. ભલે બાવો થયો હોય, સાધુ થાય તોપણ એને સંયોગોના અંદરમાં રાગ અને દ્વેષ જ એને વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

કાલે કહ્યું નહોતું? આહા..હા..! નોઆખલી. આહા..હા..! એ સાંભળતા.. ગાંધીના વખતના મુસલમાનોએ આર્ય માણસોને પકડી મા, બેન અને દીકરો જુવાન ત્રીસ વર્ષનો, પાંત્રીસ વર્ષનો. નાગા કરે. એની માં અને એની બેન સગી, સહોદર બેન, જેના પેટમાં નવ મહિના રહ્યો જનેતા, એને ઉઘાડા કરીને બેને ભીડે. અર..ર..ર..! અંદરથી અરે.. પ્રભુ! શું થાય છે આ? આંખમાંથી પાણી ઝરે, અરે..રે..! આ મારી જનેતા. અને ઓલા મુસલમાનો નાગા કરીને આમ ભીડો કરે. અર..ર..ર..! એમ અંદર જેને રસ નથી, પ્રેમ (નથી). અર..ર..ર..! આ મારી જનેતા, આ મારી બેન સહોદર, સહોદર નામ એક પેટમાં બેય રહેલાં. જે પેટમાં હું રહ્યો એ પેટમાં બેન મારી રહી છે. અરે..! એની સામું આ હોય? સામું જોવાનું હોય?

એના અવયવો ખાનગી જોવાનું હોય? આહા..હા..! એને ઠેકાણે આ?

એમ ધર્મીને બહારના સંયોગના ભીડામાં ક્યાંય એને પ્રેમ લાગતો નથી. અરે..રે..! આ શું છે આ? શું થયું આ? ઉપસર્ગ આવે છે એમ લાગે. ધર્મીને અનુકૂળ સંયોગોમાં ઉપસર્ગ છે એમ લાગે. આહા..હા..! આ તે દૃષ્ટિ ફર્યે.... અજ્ઞાનીને કંઈક અનુકૂળતા જ્યાં થાય (ત્યાં) બાદશાહી છે મારે. કહે છેને? બે પાંચ લાખ, દસ લાખ થયા હોય.. આ તો પહેલાની વાત છે. અત્યારે તો હવે કરોડો રૂપિયા થઈ ગયા. હું પહોળો અને શેરી સાંકડી થઈ જાય. ખોલી મકાન કરો, જોડેવાળા હોય એને (કહે). અમારે સાત છોકરા છે. સાત માટે બે બે ઓરડા, એક પાયખાનુ, એક શું તમારે કહેવાય ન્હાવાનું? એક બાથરૂમ. આહા..હા..! એક લાકડાને ખડકવાનું, ફર્નીચર. આહા..! જગ્યા ખાલી કરો, જોડેવાળાને કહે. અત્યારે ... આહા..હા..! કેટલો પહોળો થયો પણ? શું થયું તને આ? પાગલ થઈ ગયો પાગલ. એવા મિથ્યાદૃષ્ટિને, કહે છે, સંયોગોમાં એને એકલો રાગ દ્વેષ વર્તે છે. એને બીજું કાંઈ છે નહિ. આહા..હા..!

અહીં ખુલાસો કર્યો, બાકી તો બેયમાં એક જ છે. વિરાગીનો ઉપભોગ નિર્જરા માટે છે. એનો ખુલાસો અહીં કર્યો પછી, કે '**રાગાદિ ભાવોના સદ્‌ભાવથી મિથ્યાદૃષ્ટિને અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ...**' બંધનું કારણ છે. આહા..હા..! ચેતન દ્રવ્યોનો ઉપભોગ બંધનું જ કારણ છે. '**તે જ (ઉપભોગ), રાગાદિભાવોના અભાવથી...**' જોયું? સમ્યગ્દર્શન લીધું. '**રાગાદિભાવોના અભાવથી...**' ધર્મીને પ્રેમ નથી રાગમાં. કીધુંને. આહા..હા..! સમજાણું કાંઈ? મીરાબાઈનો દાખલો આપીએ છીએ, નહિ ઘણીવાર? ઈ નાટક જોયેલું તે દિ'. ભરૂચ ભરૂચ. વૈરાગી બતાવે એવું. એને કાંઈ ન હોય અંદરમાં. પણ દેખાવ એવો કરે, એવો કરે.. આહા..હા..! મીરાબાઈ કહે, અરે..! રાણા! અમે તો ઈશ્વરને પરણ્યા છીએ. એ માનેને, ઈ જાતનો પ્રેમ હતોને. એવો પણ દેખાવ એવા કરે. ૬૪-૬૫ની વાત હશે, સંવત ૧૯૬૪-૬૫. દુકાનથી સાધુને લેવા ગયેલા ત્યાં પાલેજમાં દુકાન હતીને. સાધુ-બાધુ આવે સ્થાનકવાસીના. અમે ત્યાં કર્તા હર્તા, દુકાન મોટી હતીને. એટલે ત્યાં જઈએ, આસપાસમાં લેવા જઈએ, દેવા જઈએ. સાધુ આવ્યા હતા બરવાળાના. મોહન, મોહન. કેવા કહેવાય? મોહનલાલજી. મોહનલાલજી નહિ? તમારા બરવાળામાં બહુ રહેતા. કાયમ રહેતા. પૈસા રાખતા. બધી ખબર છે. મોટી દુકાન છેને અપાસરા પાસે. પેંડા-બેંડા લેતા વેચાતા. ખબર છે. ઘણું જોયું હતું. એ મોહનલાલજી આવેલા એટલે જોવા ગયેલા. પછી આહાર લઈને મીરાબાઈનું જોવા ગયેલા. નાટક હતું, હું અને ફાવાભાઈ બે હતા. ફાવાભાઈ અમારા. સુરતમાં છેને? મનહર. એનો બાપ. બે જણા હતા. ગયા હતા. પણ નાટકમાં બોલે (એવું), 'રાણા પરણી મારા પિયુજીની સાથે, બીજાના મીંઢોળ નહિ બાંધુ.' અમે રાણી નહિ તારી. અમે તો ઈશ્વરને રાખ્યા છે.

આહા..હા..! અમે ઈશ્વરમાં અર્પાઈ ગયા છીએ. એણે માનેલી વાત. અમે ઈશ્વરમાં અર્પાણા, અમારી અર્પણતા બીજે ક્યાંય હોય નહિ. અરે..! રાણી ચાલને ઘરમાં. મહેલમાં તને પટરાણી બનાવું. આહા..હા..! 'પરણી મારા પિયુજીની સાથ, બીજાના મીંઢોળ નહિ રે બાંધું, નહિ રે બાંધુ રે રાણા, નહિ રે બાંધું. પરણી મારા પિયુજીની સાથ રે, બીજાના મીંઢોળ નહિ રે બાંધું.' અમારે એક ધણી ઈશ્વર, બીજો ન હોય, હોં! એમ સમકિતી કહે છે કે અમારો ધણી એક આત્મા હોય. અમે આત્માના સ્વામી, આત્મા અમારો સ્વામી છે. રાગના અમે સ્વામી નહિ અને રાગાદિ અમારી ચીજ નહિ. અજ્ઞાનીને રાગ મારો છે અને આત્મા એનો સ્વામી નથી. આહા..હા..! ધણીપતું પલટી ગયું છે. ધર્મીને દ્રવ્યનું ધણીપતું છે. અજ્ઞાનીને રાગ ને પુણ્ય ને સંયોગનું ધણીપતું છે. આહા..હા..!

પ્યાલા ફાટી જાય. એમાં કરોડ, બે કરોડ આવે અને છોકરા સરખાઈના હોય, આબરૂ ઠીક હોય, જોઈ લ્યો એ તો તમારે. અને એમાં મોટર હોય તમારે મોટી, કેવી કહેવાય? કંપાલા (એમ્પાલા) કાંઈક કહે છે. અમે બેઠા છીએ ઘણીવાર એમાં. લઈને જ આવે છે. હમણા જાવું છે તો ભાઈ લઈને આવશે. આપણો છેને? કેવો? જે.પી. વોરા, વોરા. જે.પી. થયા છેને. આવ્યા નહોતા હમણાં? ગોંડલના. પ્રાણભાઈ, પ્રાણભાઈ જે.પી. છેને ઈ. ન્યાં ઠેઠ એના દરવાજે બીજાને ન ગરવા દે. જે.પી. છે એટલે એની મોટર ઠેઠ સુધી જાય પ્લેન ઉતરે ત્યાં. .. ન્યાં આવે. એક ફેરી મુંઝવણ થઈ ગઈ હતી કે આ ક્યાં ગયા ચાર જણા? હમણા આવ્યા ત્યારે. અહીં આવ્યા હતાને જ્યારે. અમે પહેલા ગરી ગયા અને એ લોકો તપાસ કરે. શું કહેવાય ઈ? પેસેન્જર ચાર જણા ગયા ક્યાં? અમે તો અંદર બેસી ગયેલા પ્લેનમાં. ઓલો પહેલા આવી ગયો હતો. ઈ આવ્યો, અરે..! મહારાજ! બહુ ફેર પડી ગયો. વીસ મિનિટ. મેં કીધું, અમે તો વહેલા આવ્યા છીએ. ઓલા કહે, અમે ગોતીએ છીએ ત્યાં. આહા..હા..! પણ કહે છે ઈ અંદરમાં એકાકાર થઈ જાય. ત્યારે બીજો આત્મા ક્યાં છે એને સૂઝ પડતી નથી. આહા..હા..! કહો, પોપટભાઈ!

એમાં શરીર ઠીક હોય, પૈસા ઠીક હોય, બાયડી ઠીક હો, છોકરા ઠીક હોય, આબરૂ ઠીક હોય, મકાન-હજીરા ઠીક હોય. હજીરા એટલે આ મકાન. બે પાંચ દસ લાખનું કર્યું હોયને. બસ, થઈ રહ્યું, ઓહો..હો...! મરી ગયો છો પણ સાંભળને. ત્રણ લોકનો નાથ ચૈતન્ય ભગવાનને ભૂલીને આમાં તને પ્રેમ થઈ ગયો. સમજાણું કાંઈ? અજ્ઞાનીને તો રાગ દ્વેષની જ હયાતી છે, એને આત્માની હયાતી નથી. આહા..હા..! અને જ્ઞાનીને રાગ દ્વેષની હયાતી નથી એમ કહે છે. એને વૈરાગ્યની હયાતી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ચેતન અચેતનનો ઉપભોગ, '**તે જ (ઉપભોગ), રાગાદિભાવોના અભાવથી...**' બસ, થઈ રહ્યું. સમ્યગ્દૃષ્ટિ થયો ત્યાં રાગનો અભાવ? અભાવ જ છે અંદર, સાંભળને.

**'સમ્યગ્દૃષ્ટિને નિર્જરાનું નિમિત્ત જ થાય છે. આથી (આ કથનથી) દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહ્યું.'** દ્રવ્ય એટલે કર્મનો ઉદય હતો એ ખરી ગયો. સામગ્રી આપીને ઉદય ખરી જાય છે. સામગ્રી ઉપર પ્રેમ નથી અને ઉદય પર પણ ધર્મીને પ્રેમ હોતો નથી.

**'ભાવાર્થ :—'** આહા..હા..! **'સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહ્યો છે...'** છેને ભાવાર્થ? **'અને જ્ઞાનીને રાગદ્વેષમોહનો અભાવ કહ્યો છે;...'** ભગવાને તો આમ કહ્યું છે. **'માટે સમ્યગ્દૃષ્ટિ વિરાગી છે.'** ધર્મની અંતર આનંદની દૃષ્ટિ થઈ એને ક્યાંય સુખથી, હોંશથી, ઉલ્લાસ વૃત્તિ થાય એવું રહેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેને ઇન્દ્રિયો વડે ભોગ હોય...'** સમ્યગ્દૃષ્ટિને ઇન્દ્રિયોના સંબંધમાં એને ભોગ દેખાય બીજા માને છે, **'તેને ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી.'** આહા..હા..! શરીર સારું છે, સ્ત્રી સારી છે ને પૈસા ઠીક છે, પલંગમાં રેશમી ગાદલા ઊંચા.. આહા..હા..! એને જ્ઞાનીને ક્યાંય રાગ, પ્રેમ નથી. મારો નાથ આનંદથી ભરેલો હું એવા આનંદની આગળ ક્યાંય એને પ્રેમ અને રુચિ જામતી નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આવો ધર્મ છે. આહા..! એક અપવાસ કરી નાખ્યો ને સામાયિક પડિકમણા કરી નાખ્યા એટલે થઈ ગયો ધર્મ. ધૂળેય નથી ધર્મ. ધર્મની દૃષ્ટિ જુદી ચીજ છે. સમજાણું કાંઈ? વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યો એ ધર્મ. ઇન્દ્રોએ જેને આદર્યો, ગણધરોએ જેને અનુભવ્યો ચારિત્ર સહિત એ માર્ગ જુદી જાતનો છે.

મહા પ્રભુ અંદર ચૈતન્યસ્વભાવ, દ્રવ્યસ્વભાવ ઉપર જેની દૃષ્ટિ છે એટલે જ્ઞાયકભાવની, દ્રવ્ય એટલે વસ્તુ અને એનો સ્વભાવ જ્ઞાયક ત્રિકાળી આનંદ આદિ એના ઉપર દૃષ્ટિ પડવી એનું નામ સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી છે. દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિવંતને ધર્મી કહીએ પર્યાય અને રાગ ઉપર દૃષ્ટિવંતને પર્યાયદૃષ્ટિવાળો અધર્મી કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? **'ઇન્દ્રિયો વડે ભોગ હોય તોપણ તેને ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી. તે જાણે છે કે 'આ (ભોગની સામગ્રી) પરદ્રવ્ય છે,...'** શરીર માટીનો પિંડલો. આ તો જડ માટી હાડકા. આહા..હા..! પ્રભુ અંદર ચૈતન્યમૂર્તિ આનંદનો કંદ. સમજાણું કાંઈ? એ અતીન્દ્રિય આનંદનો જ્યાં પ્રેમ છે એનો હાડકા, ચામડા ઉપરથી પ્રેમ ઉઠી ગયો છે. શું છે આ? હાડકા, ચામડા, માંસ, લોહી, પરુ, વીર્ય, વિષ્ટા, પેશાબ એનું આ પૂતળું છે. આહા..! ધર્મીને ભોગની સામગ્રી જે પરદ્રવ્ય એટલે શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, આબરૂ, મકાન એના ઉપરથી દૃષ્ટિ ઉઠી ગઈ છે.

**'મારે અને તેને કાંઈ નાતો નથી;...'** ભારે ભાઈ. ધર્મી એને કહીએ કે આત્મા સાથે મારે સંબંધ છે. મારે અને રાગને, શરીરને કાંઈ સંબંધ નથી. નાતો જ નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? મુસલમાન સાથે નાતો હોય તો મુસલમાનનો છોકરો પરણે તો આપે. વધામણું દે. આનો છોકરો પરણતો હોય તો એ વધામણે વધાવે, વરઘોડે ચડે ત્યારે. અહીં તો કહે છે સંબંધ જ નથી કોઈ સાથે કાંઈ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી એને કહીએ

કે મારે અને પરદ્રવ્યને કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..! શરીર અને કર્મ ને જડ બીજી સામગ્રીઓ કે બીજા ચેતનો, પરદ્રવ્યમાં બધા આવ્યા કે ન આવ્યા? બીજા ચેતન પણ આવ્યા. એ બીજા દ્રવ્યો એને કારણે ટકીને બદલી રહ્યા, મારે કારણે છે નહિ. હું છું તો બાયડીને નભાવું, છોકરાઓને નભાવું છું એમ ધર્મી માનતો નથી. આહા..હા..! ભારે વાત ભાઈ. એમ હશે કાંતિભાઈ? આ બધા નભાવે છે નહિ? .. છોકરાઓને ભણાવે, જોઈતી સામગ્રી આપે, માંગે ત્યારે આપે. ન હોય એને મેળવી આપે અને હોય એને રાખે. યોગક્ષેમની વ્યાખ્યા છે. એનો નાથ એને કહીએ. હોય એનું રક્ષણ કરે અને ન હોય એને મેળવી આપે. આપે છે કે નહિ? ધૂળેય નથી કાંઈ આપતો. હું અને આત્મા, હું અને બીજા આત્માઓ, હું અને બીજા જડ, મારે અને એને શું સંબંધ? એ પરમાં હું નથી અને મારામાં એ નથી. આહા..હા..! આવી દૃષ્ટિ જ્યાં ઉઘડી છે સમકિતીને, એને કાંઈ નાતો પર સાથે નથી.

અહીં તો જરીક કાંઈક મળે, પૈસા મળે (તો) થઈ ગયા અમે મોટા. છોકરાને પૈસા આવે ત્યારે મા-બાપને માને નહિ. અત્યારે તો બધું એવું થઈ ગયું છેને. એઈ..! આ તમારો પુનમ કહેતો હતો એક ફેરી, બાપુજીએ પૈસાનો સ્વાદ ચાખ્યો નથી. આહા..! બાપુજી પાસે હતા વીસ હજાર, પચ્ચીસ હજાર, ત્રીસ હજાર. તમારા છોટાભાઈ પાસે. પાંત્રીસ હજાર ત્યારે સાંઈઠ વર્ષ પહેલા સાંભળતા. નાગ્રેશ. હવે આની પાસે ચાર કરોડ. પુનમચંદ મલૂકચંદ, મુંબઈ. એના બાપને કહેતો હતો એકવાર, હું બેઠો હતો ત્યાં અમદાવાદમાં. બાપુજીએ ક્યાં પૈસાનો સ્વાદ ચાખ્યો છે. એટલા પૈસા હતા કે દિ' એની પાસે. ઓહો..હો..! ફાટી ગયા ભાઈ પ્યાલા. એ તો પૂર્વની પુણ્યની સામગ્રી. એમાં આત્માને શું છે? આહા..હા..! જડના કટકા ટૂકડા પડ્યા રહેશે, બાપા! આહા..હા..! એ મુસાફર ચાલ્યો જશે અહીંથી. એને પરની સાથે કાંઈ સંબંધ છે નહિ. મૂઢ જીવ માને છે કે મારે અને એને સંબંધ છે. જ્ઞાની માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કર્મના ઉદયના નિમિત્તથી તેનો અને મારો સંયોગ-વિયોગ છે.'** જુઓ! ધર્મી તો એમ સમજે છે કે કર્મ જે જડ છે, પૂર્વે કોઈ પુણ્ય અને પાપના ભાવ કરેલા હોય, એનું પછી કર્મબંધન થયું હોય. એ કર્મના ઉદયથી સામગ્રી મળે અને ઉદય ટળે એટલે સામગ્રીનો વિયોગ થઈ જાય. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ઈ તો કર્મની સામગ્રી એને લઈને મળ્યું બધું. એ કર્મનો જ્યાં બીજી જાત થઈ જાય ત્યાં ચાલ્યું જાય બધું. આહા..હા..! એક જણો કહેતો હતો, નહોતું કીધું એક ફેરી? (સંવત) ૧૯૮૧ની વાત છે. કામદાર હતા, કામદારના જમાઈ. નામ ભૂલી ગયા. છે કે નહિ? ક્યાં ગયા જગજીવનભાઈ? વયા ગયા જગનજીવનભાઈ? ગઢડા, ગઢડા. ગયા. ઈ ઓળખે. વ્યાખ્યાન ચાલતું હતું એમાં એક વાર બોલી ગયા કે મહારાજ! હું ગયો હતો એકલો મુંબઈ, મોટો વેપાર હતો, સોપારીની દુકાન હતી. પછી બાયડી, છોકરા

બાર થયેલા. જેવો ગયો એવો ૪૮ વર્ષે એવોને એવો પાછો આવું છું. ભાવનગરમાં હતા. નામ ભૂલી ગયા. એકલો ગયો, પછી બાયડી થઈ, છોકરા થયા, સોપારીની દુકાન હતી મોટી, બાર જણા થયા હતા. બીજા અગિયાર મરી ગયા અને દુકાન પણ ભાંગી ગઈ. એકલો આવ્યો એવોને એવો. એ તો કર્મનો ઉદય હોય (તો) સામગ્રી આવે, ઉદય જાય એટલે સામગ્રી વઈ જાય. એમાં તારે આત્માને શું સંબંધ છે? આહા..હા..! આહા..હા..! '**મારો સંયોગ-વિયોગ છે.**' જોઈ ભાષા? કર્મને લઈને સંયોગ દેખાય છે અને એવો કર્મ ઉદય જાય, ખસી જાય (તો) બધું ખસી જાય. આહા..હા..! ચાલે ત્યારે એકસાથે, બાયડી સારી, છોકરા સારા, આબરૂ સારી, પૈસા સારા, સગા સારા, વેવાઈવેવલા સારા મળે, કન્યાઓ સારી મળે, છોકરાઓ સારા ઘરે પરણે, ઈ જ્યારે કર્મ જાય.. આહા..હા..! એ વખતે દુકાન ભાંગે, એ વખતે વીમાવાળો ભાંગે, એ વખતે શરીરમાં રોગ થાય, એ વખતે બાયડી મરી જાય, દીકરી રાંડે અને છોકરો મરે.

મુમુક્ષુ :— એવું તો કો'કને થાય.

ઉત્તર :— અરે..! થાય. આ તો કો'કને થાય પણ થાય છેને એવું. દુકાળ પડે, એમાં ઉઘરાણી જાય, જ્યાં છે એનું સળગે, દુકાન સળગે. આહા..હા..! વીમાવાળો તે દિ' જ ભાંગે, વીમો કર્યો હોય તો. આહા..હા..! ચારે કોરથી ફરી વળે. ઈ કહે છે કે ધર્મી માને છે કે એ તો કર્મને લઈને આ સંયોગ વિયોગ છે. મારે કાંઈ એની સાથે સંબંધ નથી. એમ હશે? મણિભાઈ! ... ભાષણ કરતા એવા ક્યાં હવે? ફોફલું શરીર થઈ ગયું. ન્યાં ભાષણ કરતાને? નહિ? ... હવે બોલી શકે નહિ સરખું. એ બધી સામગ્રી ફરી ગઈ. આહા..હા..!

એક પીંજારાને જોયો, રાણપુર. પીંજારો હશે. ક્ષય થઈ ગયો હતો, જીર્ણ શરીર થઈ ગયું હતું. હું દિશાએ જાતો હતો અને ખાલી મકાનની એક ઓસરી હતી, ઓસરી. નવકોરું છેને? નવકોરું નહિ? અપાસરાની આમ. નવકોરુંની ઓલી કોર દિશાએ જવાનો.. ત્યાં એક ખાટલો ઊંધો હતો એમાં ઈ આદમી સૂતો હતો. ગોદડું-બોદડું કાંઈ નહિ, ઊંધે ખાટલે નાખી વયા ગયા લોકો. કારણ કે ખાવાના ઠેકાણા નહિ એના, ત્યાં સુધી લાંબુ લાંબુ ચાલ્યું. શરીર સુકાઈ ગયું, જીર્ણ થઈ ગયું. એ ખાટલો ઊંધો, ગોદડું-બોદડું પણ નહિ. મેં જરી જોયું, બિચારો આમ મોઢું કરીને (પડ્યો હતો). પછી મને એમ થયું, પીંજારો હતો, શરીર જીર્ણ થઈ ગયું હતું. એમને એમ મરી ગયો ન્યાં. કાંઈ સામગ્રી લુગડાનો કટકોય ન મળે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અને કર્મનો યોગ આવે ત્યાં ઢગલા જાણે.. આહા..હા..! એકને હુકમ કરે તો એકવીસ આવે. પાણી માંગે તો મોસંબી મળે. એ તો કર્મની સામગ્રી ધૂળ છે, તારે શું છે હવે? ધર્મીને એ કર્મની સામગ્રીની અનુકૂળતામાં પણ પ્રેમ છે નહિ અને પ્રતિકૂળતામાં દ્વેષ નથી. એ તો આત્મા, હું તો આત્મા આનંદ છું. આહા..હા..! કહો, પોપટભાઈ! આહા..હા..!

જુઓને!

'**જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય આવીને પીડા કરે છે...**' જરી રાગ આવે. ધર્મીને રાગ થોડો થાય પણ એકત્વબુદ્ધિનો રાગ નહિ, આસક્તિનો અસ્થિર રાગ આવે. '**પોતે બળહીન હોવાથી પીડા સહી શકતો નથી ત્યાં સુધી—જેમ રોગી રોગની પીડા સહી શકે નહિ ત્યારે તેનો ઔષધિ આદિ વડે ઈલાજ કરે છે—તેમ...**' ધર્મીજીવ પોતાના આત્માના આનંદનો પ્રેમી છે. સમકિતી તો એને કહીએ. આહા..હા..! ધર્મની પહેલી શરૂઆતવાળો તેને કહીએ કે જેને અતીન્દ્રિય આનંદનો પ્રેમ અને અનુભવ થયો છે. આહા..હા..! એને, કહે છે કે '**ભોગપભોગસામગ્રી વડે વિષયરૂપ ઈલાજ કરે છે;...**' એવી સામગ્રી હોય. ઈ તો આવે એને કારણે, પણ ઈલાજ કરીને વૃત્તિ એવી થાય. તેનો ઔષધિ આદિ વડે ઈલાજ કરે.

'**પરંતુ જેમ રોગી રોગને કે ઔષધિને ભલી જાણતો નથી...**' રોગી રોગ અને ઔષધિને ભલી જાણે? રોગને અને ઔષધિને? કે આ રોગ રહેજો, ઘણા જોવા આવે છે તો ઠીક છે. માંદો પડે બે ચાર મહિનાથી તો સગાવહાલા આવે, ગરીબ હોય તો બિચારા રોટલા આપવા પડે સારી રીતે. આ રોગ રહેજો સારી રીતે અને એનો ઈલાજ પણ ઔષધિ રહેજો, બાટલા ભરી રાખજો. એવો ભાવ હોય? આહા..હા..! કહે છે, કે તેમ સમ્યગ્દૃષ્ટિ ધર્મી એને કહીએ.. આહા..હા..! '**ચારિત્રમોહના ઉદયને કે ભોગોપભોગસામગ્રીને ભલી જાણતો નથી.**' આહા..હા..! ઉદયને ભોગવવું અને સામગ્રી, બેને એમ. કર્મનો ઉદય આવ્યો રાગાદિ એને પણ ભલો જાણતો નથી અને મળેલી સામગ્રી, ઘાતિ અને અઘાતિ બે વાત લીધી. આહા..હા..! કર્મના ફળરૂપ જરી રાગ થયો એને પણ પોતાનો માનતો નથી અને અઘાતિથી સંયોગ મળ્યો,.. આહા..હા..! બેય કર્મની સામગ્રી છે. આહા..હા..!

ચૈતન્ય ભગવાન આત્મા જેને અંતર દૃષ્ટિમાં આવ્યો, જેની દૃષ્ટિ ધ્રુવ ચૈતન્ય ઉપર પ્રસરી ગઈ છે. આહા..હા..! આખા દ્રવ્યને જેણે સમ્યગ્દર્શનમાં કબજે કરી લીધો છે. એને સમકિતી અને ધર્મી કહીએ. એ ધર્મીને બહારમાં રાગાદિ આવે જરી ઉદય એને પણ ભલો જાણતો નથી અને સામગ્રી જે બહારની આવે એને પણ, સારા ઔષધ મળે, (એને પણ ભલું જાણતો નથી).

'**વળી નિશ્ચયથી તો જ્ઞાતાપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ વિરાગી ઉદયમાં આવેલા કર્મને માત્ર જાણી જ લે છે,...**' લ્યો. આહા..હા..! ઝેર છે રાગ ઈ તો. ધર્મીજીવને તો અમૃતસ્વરૂપ ભગવાન આત્મા એની દૃષ્ટિ અને અમૃતસાગરને જેણે જોયો એને રાગમાં પ્રેમ આવતો નથી. ઝેર જાણે છે. આનું નામ ધર્મ કહેવાય. વાતું કરે કે આ કર્યું ને તે કર્યું, દયા પાળી ને વ્રત કર્યા ને તપ કર્યા, એ ધર્મ. એ ધર્મ નથી. એ તો રાગની મંદતાનું

મિથ્યાદષ્ટિ સહિતનું પુણ્ય છે. ગીરધરભાઈ! વીતરાગમાર્ગ ઝીણો બહુ બાપુ! આહા..હા..! ઈન્દ્રોને જે, ભગવાને ઈન્દ્રોની સમક્ષમાં, ગણધરની સમક્ષમાં આ દિવ્યધ્વનિ કહી હતી. આઠ વર્ષની બાલિકા પણ જો સમ્યગ્દર્શન પામે... આહા..હા..! પછી લગન કરે, કહે છે કે કાંઈ માન્યા નથી અંદર. આહા..હા..! આ રાગ ઝેર આવ્યો, સામે કાળો નાગ દેખે. કાળો નાગ હોં! ઝેરી ભારે હોય. આહા..હા..! એમ ધર્મીજીવ એને કહીએ કે જેને આત્માના આનંદ આગળ રાગનો ભાગ ઝેર દેખાય છે, વિષ લાગે છે. આહા..હા..! અજ્ઞાનીને રાગની મીઠાશ વેદાય છે. બસ, આટલો ફેર છે. સમજાણું કાંઈ?

આવો વીતરાગમાર્ગ બીજે ક્યાંય છે નહિ અને વીતરાગમાર્ગમાં જન્મ્યા એને એની ખબર નથી કે વીતરાગ ધર્મ કેવો હોય. આહા..! આ તો દયાઓ પાળી ને વ્રત કર્યા ને તપ કર્યા... થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી, એ તો રાગ છે. આહા..હા..! એવું તો અનંત વાર કર્યું છે. પણ રાગના વિકલ્પથી અને એના ફળથી ભગવાન ભિન્ન છે એને ભાળ્યો નહિ, જોયો નહિ, અનુભવ્યો નહિ. એને ધર્મ હોતો નથી. સમજાણું કાંઈ?

કર્મના ઉદયને '**માત્ર જાણી જ લે છે,...**' નાગ આખો ઘરમાં આવ્યો કોઈ દરમાંથી, ખુશી થાતો હશે માણસ? ઘરનો માણસ. સારું થયું નીકળ્યો ઈ. આહા..હા..! ઘરમાં નાગ રહે, અહીં રહે છે ગામમાં દુકાન ઉપર. બાબુભાઈને આપણે? એનો દીકરો છે. દસ બાર વર્ષનો. ભીંતમાં નાગ રહેતો. પોલું હશેને. હવે તો આ કર્યુંને બધાએ, પથરાનું. આજ બહુ આવ્યું છે. ગારના મકાન પથરાના થયા ઠંડા રહેશે. મરી જાશે માણસો. બહુ લખાણ આવ્યું છે જૈનમાં. કોઈ છે, જૈન છે જૈન હોં! જૈનપ્રકાશમાં. હેઠે આરસપહાણ, ઉપર આરસપહાણ. બાયડી ઉઘાડે પગે જાય. ઠંડા કરીને મરી જાશે આમાં. પહેલું નહોતું ઈ કાંઈ. એઈ..! ચંપલ પહેરીની ચાલે અંદર અપાસરામાં. ખુબ લખ્યું છે જૈનપ્રકાશમાં. ગાયું હતી. ન્યાં પણ ગાર કરે છે, હોટલમાં. માણસ જ્યાં સૂવેને, ગાર કરી રાખે. એમાં લખ્યું છે ઘણું બધું. બે પાનામાં લખ્યું છે. આજે જ આવ્યું છે. આ તો એમ કે ઠંડામાં ચારે કોર ઠંડુ. હેઠે ઠંડુ, ઉપર ઠંડુ અને શિયાળામાં ઓલું હોય. એમ એક જણાએ લખ્યું છે, હું અંદર બેઠો હતો, ધ્રુજી ઉઠ્યો. હેઠે.. શું કહેવાય? પાથરેલો હોય. ગાલીચો અને એને પોતાનું હેઠે હોયને, ઈ નાખેલું. બેઠો હતો. આરસપહાણ ઠંડો.. ઠંડો.. ઠંડો.. એઈ..! પોપટભાઈ! અહીં તમારે આરસપહાણ નખાવવાના છેને. અહીં કહે છે, આહા..હા..! જ્ઞાનીને એવા અનુકૂળ અને પ્રતિકૂળ ઉપર રાગ દ્વેષ હોતો નથી. આહા..હા..! બહુ મોટું લખાણ છે. ખુબ લખ્યું છે.

'**આ રીતે રાગદ્વેષમોહ વિના જ તેના ફળને ભોગવતો હોવાથી તેને કર્મ આસ્રવતું નથી,...**' આહા..હા..! અજ્ઞાનીને રાગનો અને સામગ્રીનો સંબંધ અને મારા છે એમ માન્યું છે. તેથી એને સંબંધમાં રાગદ્વેષ અને મિથ્યાત્વ થયા વિના રહે નહિ. ધર્મીજીવને એ રાગનો

અને સામગ્રી, રાગ આસ્રવ છે, સામગ્રી અજીવ છે અને જીવ બીજા, એ મારામાં નથી, મારા એ નથી. એથી એને પરમાં એ જાતની રુચિ અને દૃષ્ટિ થતી નથી. આહા..હા..! તેથી એને કર્મ આવતું નથી. **'આસ્રવ વિના આગામી બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ તો પોતાનો રસ દઈને ખરી જ જાય છે કારણ કે ઉદયમાં આવ્યા પછી કર્મની સત્તા રહી શકે જ નહિ.'** ઉદયમાં આવ્યું અને ખરી ગયું. ધર્મીને તો પોતાની દૃષ્ટિ આત્મા ઉપર છે. આહા..હા..! ભારે વાતું. આત્મા એટલે શું એ વાત જ જાણે નમાલા જેવી થઈ ગઈ. આત્મા છે. આ દયા પાળે ને હિંસા કરે ઈ આત્મા. ઈ આત્મા નહિ, સાંભળને! હિંસા કરવાનો ભાવ તો પાપ છે, દયા પાળવાનો ભાવ પુણ્ય છે. એ પુણ્ય અને પાપ આત્મા છે. એ તો આસ્રવ છે. આહા..હા..! એની પાછળ રહેલું ચૈતન્યતત્ત્વ, ભગવાને જેને જોયો આત્મા.. આહા..હા..! એ તો અતીન્દ્રિય આનંદની ગાંસડી છે. એ સમ્યગ્દૃષ્ટિએ એને ખોલી નાખી છે. રાગની એકતા તોડીને સ્વભાવની એકતાથી તે નિધાન ખોલ્યા છે. મિથ્યાદૃષ્ટિના એ નિધાનને તાળા માર્યા છે. પુણ્યના, પાપના એકતાબુદ્ધિમાં નિધાન ખુલ્યું નથી. તાળું માર્યું છે એને. શાંતિ નીકળવી એને તાળું માર્યું છે. આહા..હા..! એને તો રાગદ્વેષ નીકળે. સમજાણું કાંઈ?

**'આ રીતે તેને નવો બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ નિર્જરી ગયું તેથી તેને કેવળ નિર્જરા જ થઈ.'** લ્યો ખુલાસો કર્યો. જરીયે બંધ નહિ ઈ અપેક્ષાએ કીધુંને. **'માટે સમ્યગ્દૃષ્ટિ વિરાગીના ભોગોપભોગને નિર્જરાનું જ નિમિત્ત કહેવામાં આવ્યો છે. પૂર્વ કર્મ ઉદયમાં આવીને તેનું દ્રવ્ય ખરી ગયું તે દ્રવ્યનિર્જરા છે.'** લ્યો. રજકણો જડના હતા એ મારા નહિ, એમ ઉદયમાં આવીને રાગ પણ ખરી ગયો અને કર્મ પણ ખરી ગયું. આહા..હા..! કો'ક માણસ વાતું કરવા આવ્યો હોય, પણ એની સામું ન જોવે અને કો'કની સામું જોયા કરે તો ઓલા ઉઠીને વયા જાય કે આ તો સામું જોતા નથી. ખરું કે નહિ? ઈ કહેતો હતો, નહિ? તમારા ભાઈ પણ કહેતા. પુનમ પાસે જાઈએ (તો કહે) બાપુજી! હમણાં નવરાશ નથી. સાંજે આવજો, ભેગા ખાવા બેસશું. આખો દિ' હોળી સળગતી હોય. શેઠસાહેબ, શેઠસાહેબ, શેઠસાહેબ... પહેલા તો ઓલું હતું કાંઈક, શું કહેવાય? ફિલમ, ફિલમ. પાલખી. એવું સાંભળેલું, કો'ક વાત કરે. પાલખી ને પછી બીજું એક મુસલમાનનું હતું. અહીં ન ચાલ્યું. નવરો નહિ આખો દિ'. મોટા મજૂર. નહિ? મૂળચંદભાઈ! આ મજૂર તો ચાર કલાક કામ કરે, સવારે આઠથી બાર. તે પણ એમાંથી એકાદ વાર દિશાએ જાય, એકાદ વાર પેશાબ કરે, બે વાર પાણી પીવા જાય. અને અત્યારે તો મોંઘા એટલા બધા થઈ ગયા કે નજર હોય તો કાંઈક કામ કરે, નહિતર બેઠા હોય. આઠથી બાર અને બપોરે બેથી છ. તમારા મજૂર, સવારના છ વાગ્યાથી તે અરે..! પાંચ વાગે ઉઠે, તે રાતના

દસ અગિયાર સુધી. મોટા મજૂર છે. અરે...! આત્મામાં જવા માટે વખત મળતો નથી એને.

અહીં તો કહે છે, ધર્મની દૃષ્ટિ આનંદ ઉપર હોય છે એટલે સ્વભાવ ઉપર હોય છે બીજી ભાષાએ. અંદર આનંદનો જેનો સ્વભાવ એવો સ્વભાવવાન આત્મા છે. એની દૃષ્ટિને લઈને એને કર્મના ઉદયથી મળેલી સામગ્રીનો પ્રેમ લાગતો નથી. અને અંદરમાં રાગ જરી આવે એના ઉપર એને રુચિ અને પ્રેમ નથી માટે એ ખરી જાય છે. એની સામું જોતો નથી, સામું અહીં (જોવે) છે. સામું જોવે તો આદર કરે, પણ સામું નહિ જોતા, અહીં જોવે છે અંદર. આહા..હા...! શશીભાઈ! માટે એને નિર્જરા થઈ એમ કહેવામાં આવે છે. હવે ૧૯૪મી ગાથા છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૯૪

दव्वे उवभुंजुंते णियमा जायदि सुहं व दुक्खं वा।
तं सुहदुक्खमुदिण्णं वेददि अध णिज्जरं जादि।।१९४।।
द्रव्ये उपभुज्यमाने नियमाज्जायते सुखं वा दुःखं वा।
तत्सुखदुःखमुदीर्णं वेदयते अथ निर्जरा याति।।१९४।।

उपभुज्यमाने सति हि परद्रव्ये, तन्निमित्तः सातासातविकल्पानतिक्रमणेन वेदनायाः सुखरुपो वा दुःखरूपो वा नियमादेव जीवस्य भाव उदेति। स तु यदा वेद्यते तदा मिथ्यादृष्टेः रागादिभावानां सद्भावेन बन्धनिमित्तं भूत्वा निर्जीर्यमाणोऽप्यनिर्जीर्णः सन् बन्ध एव स्यात्; सम्यग्दृष्टेस्तु रागादिभावानामभावेन बन्धनिमित्तमभूत्वा केवलमेव निर्जीर्यमाणो निर्जीर्णः सन्निर्जरैव स्यात्।

---

હવે ભાવનિર્જરાનું સ્વરૂપ કહે છે :-

વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુખ થાય છે,
એ ઉદિત સુખદુખ ભોગવે પછી નિર્જરા થઈ જાય છે.૧૯૪.

ગાથાર્થ :- [द्रव्ये उपभुज्यमाने] વસ્તુ ભોગવવામાં આવતાં, [सुखं वा दुःखं वा] સુખ અથવા દુઃખ [नियमात्] નિયમથી [जायते] ઉત્પન્ન થાય છે; [उदीर्णं] ઉદય થયેલા અર્થાત્ ઉત્પન્ન થયેલા [तत् सुखदुःखम्] તે સુખદુઃખને [वेदयते] વેદે છે-અનુભવે છે, [अथ] પછી [निर्जरां याति] તે (સુખદુઃખ ભાવ) નિર્જરી જાય છે.

ટીકા :- પરદ્રવ્ય ભોગવવામાં આવતાં, તેના નિમિત્તે સુખરૂપ અથવા દુઃખરૂપ જીવનો ભાવ નિયમથી જ ઉદય થાય છે અર્થાત્ ઉત્પન્ન થાય છે, કારણ કે વેદન શાતા અને અશાતા-એ બે પ્રકારોને અતિક્રમતું નથી (અર્થાત્ વેદન બે પ્રકારનું જ છે-શાતારૂપ અને અશાતારૂપ.) જ્યારે તે (સુખરૂપ અથવા દુઃખરૂપ) ભાવ વેદાય છે ત્યારે મિથ્યાદષ્ટિને, રાગાદિભાવોના સદ્ભાવથી બંધનું નિમિત્ત થઈને (તે ભાવ) નિર્જરતાં છતાં (ખરેખર) નહિ નિર્જર્યો થકો, બંધ જ થાય છે; પરંતુ સમ્યગ્દષ્ટિને, રાગાદિભાવોના અભાવથી બંધનું નિમિત્ત થયા વિના કેવળ જ નિર્જરતો હોવાથી (ખરેખર) નિર્જર્યો થકો, નિર્જરા જ થાય છે.

ભાવાર્થ :- પરદ્રવ્ય ભોગવતાં, કર્મના ઉદયના નિમિત્તે જીવને સુખરૂપ અથવા દુઃખરૂપ ભાવ નિયમથી ઉત્પન્ન થાય છે. મિથ્યાદષ્ટિને રાગાદિકને લીધે તે ભાવ આગામી બંધ કરીને નિર્જરે છે તેથી તેને નિર્જર્યો કહી શકાતો નથી; માટે મિથ્યાદષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં બંધ જ થાય છે. સમ્યગ્દષ્ટિને રાગાદિક નહી હોવાથી આગામી બંધ કર્યા વિના જ તે ભાવ નિર્જરી જાય છે તેથી તેને નિર્જર્યો કહી શકાય છે; માટે સમ્યગ્દષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં નિર્જરા જ થાય છે. આ રીતે સમ્યગ્દષ્ટિને ભાવનિર્જરા થાય છે.

---

**મહા વદ-0)), રવિવાર, તા. ૪-૦૩-૧૯૭૩**
**ગાથા-૧૯૪, પ્રવચન-૩૩૩**

૧૯૪ ગાથા, આ નિર્જરાનો અધિકાર ચાલે છે. નિર્જરા એટલે કે આત્મા આનંદ અને જ્ઞાયકસ્વરૂપ છે એવું પરમસ્વભાવનું ભાન થતાં એને મિથ્યાત્વનો ભાવ બંધ થઈ જાય છે અને અનંતાનુબંધીનો રાગ પણ એને ઉત્પન્ન થતો નથી. હવે આ બધા શબ્દો યાદ રહે નહિ, બિચારા શું કરે? એઈ..! ....ભાઈ! શું કહ્યું આ સમજાણું? કે પહેલો ધર્મ થાય કેમ? કે પરમ સ્વભાવભાવ આત્મા ત્રિકાળી આનંદ અને જ્ઞાયકસ્વરૂપ જેનું હોવાપણું ત્રિકાળ ધ્રુવ,

અવિનાશી જેનો સ્વભાવ છે. એક સમયની પર્યાયનો સ્વભાવ નાશવાન છે. રાગનો સ્વભાવ નાશવાન છે. રાગ અને એક સમયની પર્યાયનો સ્વભાવ જેમાં નથી એવો જે સ્વભાવ, એ નિર્ણય કરે છે પર્યાય, નિર્ણય તો પર્યાય કરે છે, કંઈ ધ્રુવ કરતું નથી. આહા..હા..! હું એક પરમસ્વભાવ નિત્યાનંદ છું એવો પર્યાય એટલે અવસ્થા નિર્ણય કરે છે. પણ એ અવસ્થાનું ધ્યેય દ્રવ્યમાં છે એ નિર્ણય કરે છે. ધ્યેય ત્યાં છે. આ એક સમયની પર્યાય હોવા છતાં એ પર્યાય જ્યાં આમ સન્મુખ થાય છે ત્યારે એ પર્યાય એમ જાણે છે કે હું તો ત્રિકાળ આનંદ અને ધ્રુવ છું. એ પર્યાય એમ જાણે છે કે આ ધ્રુવમાં પર્યાય નથી. એટલે હું આમાં નથી એમ પર્યાય જાણે છે. આરે..આરે..! ભારે વાત ભાઈ! આહા..હા..! વીતરાગમાર્ગ એ જ માર્ગ છે, બાકી માર્ગ છે જ નહિ. બધે ગપ્પેપગ માર્યા છે અજ્ઞાનીઓએ. સમજાણું કાંઈ?

અહીં નિર્જરા છેને, ધર્મ થયેલાને અશુદ્ધતા ટળતી જાય, કર્મ ખરતા જાય એ વ્યાખ્યા છે. પણ કોને? કે જેને પ્રથમ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એ ત્રિકાળ પોતાનો પૂર્ણ સ્વભાવનો સત્તાનો સ્વીકાર જેણે વર્તમાન પર્યાય એટલે અવસ્થામાં કર્યો છે એને ત્યાં આગળ સંવર થાય છે. સંવર એટલે કે મિથ્યાત્વ પરિણામ અને તીવ્ર અનંતાનુબંધીના જે પરિણામ (તે) તેને ઉત્પન્ન થતાં નથી. એનું નામ સંવર છે. આહા..હા..! ... કહો, ચીમનભાઈ! લોઢામાં તો બહુ ફરી ગયું છે હમણાં, કહે છે. લાખના બે લાખ, પાંચ લાખના દસ લાખ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નસીબ તેજ કરે એમાં આત્માને શું?

મુમુક્ષુ :— હોંશ તો આવે.

ઉત્તર :— હોંશ આવે, મમતા થાય, પાપ થાય. ઈ હમણાં કો'ક વાત કરતું હતું કે આ ફર્યું છેને કાંઈક પચ્ચીસ ટકાનું? શું કાંઈક કહે છે? સો ટકા. અહીં કોને ખબર છે? સોએ સો ટકા, ડબલ. એઈ..! તમારે હશે કે નહિ લોઢા-બોઢાનું? નથી? ધૂળમાંય નથી કાંઈ. આહા..હા..! લાભનો સોદો તો અંદર ત્રિકાળ ચિદાનંદ પ્રભુ જેના ઉપર નજર મૂકતા નિધાન નજરે પડે અને એનો ભરોસો આવે કે આ તો આવો આત્મા ત્રિકાળ રહેલ છે. એવો નિર્ણય એ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એ નિર્ણય એટલે આમ નહિ. અંતર્મુખ થઈને એનો નિર્ણય અભિપ્રાય શુદ્ધ થાય ત્યારે એને આખો આત્મા શ્રદ્ધામાં આવતા અનંતા ગુણો જેટલા છે એની દરેકની અવસ્થા નિર્મળ પ્રગટ અવસ્થા થાય. સમજાણું કાંઈ? આહા..હા..! એને પ્રથમ સમ્યગ્દષ્ટિને સંવર થયો એમ કહેવામાં આવે છે. બાકી આ દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને તપ કરે ને ધ્યાન કરે એ બધા વિકલ્પો, રાગ આસ્રવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ધ્યાન કરે તે?

ઉત્તર :— ધ્યાન પણ વિકલ્પ છે. ધ્યાન ક્યાં (સાચું છે)? હું આમ કરું, આમ કરું એ બધો તો રાગ છે. અંતર દૃષ્ટિમાં સ્થિરતા થાય એ તો ધ્યેય અને દૃષ્ટિએ સ્થિર થાય છે. એ ધ્યાન ખરું છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગમાં લીધું છે બારે પ્રકારના તપમાં, બધો વિકલ્પ છે. ખબર વિના શું ચીજ છે એની ખબર નથી, આમ કરીને બેસે. જડ થઈ જાય. ભાન વિનાનો થઈ જાય ત્યાં. એ.. મૂળચંદભાઈ! શૂન્ય થઈ જાય શૂન્ય અને એમાં મરીને જાય ઢોરમાં કે નિગોદમાં જાય પછી ન્યાંથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો પરમાત્મા જાગતી જ્યોત ચૈતન્ય દરિયો પ્રભુ છે. પરમસ્વભાવ આવ્યું હતુંને સવારમાં? પરમસ્વભાવમાં સ્થિત, પરમ આત્મભાવ. પરમસ્વભાવનો અર્થ ત્યાં પરમ આત્મભાવ. ત્રિકાળી ટકતું તત્ત્વ પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા સ્વભાવથી ભરેલો પ્રભુ એની સન્મુખ દૃષ્ટિ થઈને જે પર્યાયે એને સ્વીકાર કર્યો કે હું તો આ પૂર્ણ છું. હું પૂર્ણ છું એમ પર્યાય કહે છે હોં! કારણ કે પર્યાયનું ધ્યેય દ્રવ્ય ઉપર છે. એટલે એ પર્યાય એમ જાણે છે કે હું તો પૂર્ણ છું, કૃતકૃત્ય છું. મારે કંઈ કરવાનું છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? એવી અંતરમાં દૃષ્ટિ થતાં પછી એને અનંતા ગુણોનું પરિણમન સ્વતઃ થયા જ કરે. એને આ પરિણમન કરું એવું પણ એને રહેતું નથી. એનું પરિણમન અંદર સ્વભાવને આશ્રયે અને એ સત્તાનો સ્વભાવ જે સમયે જે પર્યાય થવાની એનું પરિણમન, એ પરિણમનને રોકાય નહિ અને પરિણમનને ફેરવાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એવી દૃષ્ટિ થતાં એને પ્રથમ મિથ્યાત્વનો આસ્રવ રોકાઈ જાય છે. જે અનાદિ ભ્રમ અજ્ઞાન એ ત્યાં આગળ ટળી જાય છે. ત્યારે એને સ્વરૂપમાં સ્વરૂપ તરફની સાવધાની છે, સાવધાની પર્યાયમાં છે, સ્વરૂપમાં તો સાવધાનપણું કે એ કંઈ છે જ નહિ, સમજાણું કાંઈ? પર્યાય વર્તમાન પર્યાય ત્યાં સાવધાનપણે જાય છે ત્યારે એ પર્યાય,.. વસ્તુ સાવધાન કર્યા વિનાની ચીજ છે. એવીને એવી છે. આહા..હા..! એવી પ્રતીત મોંઘી તો પડે પણ..

ઈ રાતે પ્રશ્ન પહેલો કર્યો હતો, કોઈ નહોતા આવ્યા પહેલા. એટલે એ બધું મૂક્યું હતું, દાખલા ને ફલાણું ને ઢીકણું.. અને કો'કને રળવાનું અભિમાન હોય કે અમે કાંઈક બાર મહિને પચ્ચીસ, પચાસ હજાર, લાખ રળીએ છીએ. એના પરસેવા ઉતારવા જરી વાતું થાતી હતી. અમે મોટા છીએ ને બે લાખ પેદા કરીએ છીએ ને પાંચ લાખ પેદા કરીએ છીએ. ધૂળેય નથી. કોણ પેદા કરે? સાંભળને.

મુમુક્ષુ :—

ઉત્તર :— પૈસા ઈ તો જડ છે. એનું જ્યાં જવાનું હોય જે કાળે તે કાળે જાય અને તે કાળે રહે. એમાં તારે કારણે ઈ ક્યાં છે? એનું આવવું જવું તારે કારણે ન્યાં ક્યાં છે? આહા..હા..! પોપટભાઈ! આવી વાતું બહુ ઝીણી.

અરે..! જન્મ મરણના અંત લાવવા હોય એની રીત તો બીજી જ હોયને. આહા..હા..! લૌકિકથી લોકોત્તર. સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથે કહ્યો એ માર્ગ કોઈ અલૌકિક છે! અહીં તો પહેલી ગાથામાં એમ કહ્યું કે જેને આવું દર્શન સમ્યક્ થાય છે એને પૂર્વના જડ કર્મોનો ઉદય આવે, સામગ્રી આવે એ પ્રમાણે એ બધું ખરી જાય છે, એનો સંબંધ છૂટતો જાય છે એમ કહે છે. અહીં સંબંધ વધતો જાય છે તેથી એ સંબંધ છૂટતો જાય છે. એમ જડની પહેલી વાત કરી.

હવે અહીંયા ૧૯૪માં ભાવની વાત છે. ઈ ભાવ એટલે શું? ઈ કહે છે જુઓ! ૧૯૪. આ તો અધ્યાત્મના મંત્રો છે, આ કાંઈ સાધારણ વાણી નથી. આહા..હા..! ૧૯૪.

**दव्वे उवभुंजुंते णियमा जायदि सुहं व दुक्खं वा।**
**तं सुहदुक्खमुदिण्णं वेददि अध णिज्जरं जादि।।१९४।।**

નીચે હરિગીત.

**વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુખ થાય છે,**
**એ ઉદિત સુખદુખ ભોગવે પછી નિર્જરા થઈ જાય છે.૧૯૪.**

'**ટીકા :—**' ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ એવું અંતરમાં ભાન ધર્મની દશા પ્રગટી છે એને '**પરદ્રવ્ય ભોગવવામાં આવતાં,...**' પૂર્વના પુણ્યના કારણે સંયોગો મળે. એને પરદ્રવ્ય ભોગવવામાં આવતાં એટલે પરદ્રવ્ય કાંઈ ભોગવાતું નથી, પણ પરદ્રવ્યના સંયોગોમાં જે કંઈ લક્ષ જાય છે એટલું એને રાગ અને દ્વેષનું વેદન થાય છે. સમજાણું કાંઈ? આ તો ધર્મીની વાત છે.

મુમુક્ષુ :—

ઉત્તર :— ના, ના આ તો વેદન થાય એ ધર્મીને થાય (છે) એમ કહેવું છે. એ વેદન છે એ ટળી જાય છે, નિર્જરા થાય છે એમ કહેવું છે અહીં. આહા..હા..! ઝીણી વાત છે, જુઓ!

'**પરદ્રવ્ય ભોગવવામાં આવતાં, તેના નિમિત્તે સુખરૂપ અથવા દુઃખરૂપ જીવનો ભાવ...**' જીવનો ભાવ '**નિયમથી જ ઉદય થાય છે...**' શું કહે છે ઈ? કે અંદર જ્યાં સુધી સાધક છે, પૂર્ણ પરમાત્મદશા થઈ નથી અને સાધક ધર્મની દશામાં છે ત્યારે એને પરદ્રવ્ય તરફનું લક્ષ રહે છે થોડું એટલો એને જરી રાગ અને દ્વેષનો પર્યાય થઈ જાય છે. ભાવમાં. છેને? '**જીવનો ભાવ નિયમથી જ ઉદય થાય છે...**' પર્યાયમાં નિશ્ચયથી રાગ આવે છે. '**અર્થાત્ ઉત્પન્ન થાય છે,...**' પર્યાયમાં જરી રાગની દશા, અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. '**કારણ કે વેદન શાતા અને અશાતા—એ બે પ્રકારોને અતિક્રમતું નથી...**' વેદન શાતા અશાતાનો સંયોગ આવ્યો એના તરફની જરી વૃત્તિ ઉત્પન્ન થાય છે એ ઓળંગતું નથી.

એટલી અંદરમાં કચાશ છેને એટલે જરી થઈ જાય છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મને લઈને નહિ. પોતાની નબળાઈને લઈને જરી રાગ અને દ્વેષનો વિકલ્પ નિશ્ચયથી થાય છે. એના ભાવમાં થાય છે, એની પર્યાયમાં થાય છે.

'**(અર્થાત્ વેદન બે પ્રકારનું જ છે—**' બે પ્રકારનું જ '**(શાતારૂપ અને અશાતારૂપ). જ્યારે તે (સુખરૂપ અથવા દુઃખરૂપ) ભાવ વેદાય છે...**' એ વખતે જ્યારે કલ્પના અંદર સુખ, દુઃખ, હરખ, શોકની વૃત્તિઓ થાય છે '**ત્યારે મિથ્યાદષ્ટિને, રાગાદિભાવોના સદ્‌ભાવથી...**' અજ્ઞાનીઓને રાગનું વેદન એ મારું સ્વરૂપ છે એમ માનનારને... આહા..હા..! ઝીણું બહુ ભાઈ. તે દિ' બિચારા રાતે કહેતા હતા. અરે..! મને તો એમ થયું કે આ જૈનમાં આવીને.. અર..ર..! ક્યાં અથડાય છે. ત્રણ લોકના નાથ કેવળી તીર્થંકર જેને નામ જૈન પડે એ પંચ પરમેષ્ઠી કોણ છે? બાપુ! જેને નામ તરીકે સંપ્રદાય મળ્યો એ ચીજ શું છે? કેટલા પુણ્યે એ સંપ્રદાય મળે છે. આહા..હા..! વસ્તુ સર્વોત્કૃષ્ટ દશા જેને પ્રાપ્ત છે, અશરીરી દશા પ્રાપ્ત છે, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ જેને અશરીરી થવાની તૈયારી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવા પંચ પરમેષ્ઠીના સંપ્રદાયમાં જન્મ પામીને બીજે આથડે, ભારે મુર્ખાઈ કહેવાય. આહા..હા..!

ત્રણલોકના નાથ જેના એક સમયમાં, જેના જન્મ ટાણે ઈન્દ્રોના ઈન્દ્રાસન ચળે, એવો તો જગતને અને એને નિમિત્ત નૈમિત્તિક સંબંધ. ન બેસે સાધારણ પ્રાણીને આ વાત. સમજાણું કાંઈ? જેને છેલ્લો અવતાર તીર્થંકરનો, ત્રણ જ્ઞાન લઈને આવે, પણ માતાના પેટમાં ત્યાં ઈન્દ્રના ઈન્દ્રાસન ચળે. આ શું છે આ ચીજ? સમજાણું કાંઈ? અને જ્યાં જન્મ થાય ત્યાં ઈન્દ્રનું આસન ચળે. ઈન્દ્ર જોવે કે શું છે આ? ઉપયોગ મૂકે, અહો..! સર્વજ્ઞ પરમેશ્વર એ ભવમાં થવાના એ તીર્થંકરનો જન્મ થયો. હેઠે ઉતરી જાય છે ફડાક, સિંહાસન ઉપરથી. બત્રીસ લાખ વિમાનનો લાડો, મણિરત્નના સિંહાસને બેઠો હોય. આમ કંપે અને આમ જોવે જ્યાં અંદર, ઓહો..! ભગવાનનો જન્મ થયો. હજી તો સમકિતી છે ઈ. કોણ? ભગવાન. હજી શ્રાવક પણ થયા નથી, મુનિ પણ થયા નથી. આહા..હા..! ફડાક હેઠે ઉતરી જાય. નમસ્કાર કરે. દેવોને હુકમ કરે. ઘંટા વગાડો. ઘંટ વાગે એકદમ એની મેળાએ પાછા હોં! જુઓ તો ખરા! આહા..હા..! એને હુકમ કરે કે તૈયારી કરો પ્રભુના જન્મોત્સવની. અને એ જાય ઈન્દ્રો. આહા..હા..! પહેલા તો માતાને પગે લાગે. માતા! રત્નકૂંખ ધારિણી આવું રત્ન કૂંખે રાખ્યું માતા! પહેલો નમસ્કાર તને! નમો રયણ કૂખધારિણી. હમણાં આવ્યું હતુંને ઓલામાં, સ્તુતિમાં. 'પુત્ર તમારો ધણી હમારો, તરણતારણ જહાજ રે, માતા જતન કરીને રાખજો એને..' આહા..હા..! ઈન્દ્રો સમકિતીને પણ આવો એક વિકલ્પ હોય છે. એ વાતું બાપુ વિશ્વાસમાં આવવી ભારે કઠણ છે. સમજાણું કાંઈ? એના પુણ્ય પણ કેટલા! ઈન્દ્રો મોટા અર્ધલોકના

સ્વામી એને એમ કહે, માતા! જગતજનની! માતા! જતના કરીને રાખજો. એ અમારો ધણી છે. પ્રભુ! તારો પુત્ર છે પણ અમારો તો ધણી છે. આહા..હા..! અમારો એ નાથ છે. એ કેવળ આપીને ઉપદેશ કરશે, ઘણા જીવોની યોગ્યાથી તરી જશે. સમજાણું કાંઈ? એવા જેના જન્મ વખતે ઇન્દ્રોના આસન ચળે, એ સાધુપણું લ્યે અને આસન ચળે, કેવળજ્ઞાન થાય અને મોક્ષ થાય ત્યારે આસન ચળે. એવા પરમેશ્વર જેને મળ્યા.. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અને એની કથની, એની વાણી એ તો રત્ન છે મહા. વાણી મળવી મુશ્કેલ છે. સમજાણું કાંઈ? ભગવાનને નામે ચડાવી દીધા બીજા શાસ્ત્રો. એ ભગવાનની વાણી નથી. સમજાણું કાંઈ?

એ ભગવાનને જ્યારે કેવળજ્ઞાન થાય ત્યારે તો એની દિવ્યધ્વનિમાં આમ આવે છે કે ધર્મીને નિર્જરા એટલે અશુદ્ધતા કેમ ટળે? કેમ કે જેને શુદ્ધસ્વરૂપ ભગવાન પરમાનંદ સ્વરૂપ ઉપર જેની દૃષ્ટિ છે એ કોઈ વખતે પણ પર્યાયદૃષ્ટિ થઈને દૃષ્ટિ ગૌણ થઈ જાય એમ હોતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેને આત્મા પરમાનંદ સ્વરૂપ પ્રભુ કહે છે કે મને જે પ્રગટ દશા થઈ એ પ્રગટ દશાને કરવાના અભિલાષીઓ સમકિતી જીવો એને સ્વરૂપની ઉપર અંદર દૃષ્ટિ પ્રસરી ગઈ છે. એને અનંત આનંદની ઝલક સ્વાદમાં આવી ગઈ છે. અમારી જાતનો એને આવ્યો છે. એ જીવને જેટલા પૂર્વના કર્મનો ઉદય આવે, સામગ્રી હોય એ બધું ખરી જાય છે, કહે છે. કેમકે અબદ્ધસ્વભાવ ઉપર જેની દૃષ્ટિ હોવાથી અબદ્ધ પરિણામના જોરે પરના કર્મ ખરી જાય છે.

અહીં કહે છે કે એ વખતમાં સ્વભાવ અબદ્ધ પરિણામ પોતે, ભગવાન અબદ્ધસ્વરૂપ છે, મુક્તસ્વરૂપ છે, વસ્તુ મુક્તસ્વરૂપ છે. એનું ભાન થતાં પરિણામમાં મુક્ત પરિણામ, અબદ્ધ પરિણામ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આ શું? અબદ્ધ શું ને પરિણામ ને આ બધું શું છે? એ.. મૂળચંદભાઈ! આ બધા શેઠિયાએ એમને એમ વખત ગાળ્યા હોં! નહિ? ખબર ન મળે ખબર. એમ જ થયું છે. આહા..! અંદર રાગ અને રજકણથી ભિન્ન ભગવાન અબંધસ્વરૂપ છે. એનું સ્વરૂપ જ મુક્ત છે. એવું મુક્તસ્વરૂપનું જ્યાં ભાન સમ્યક્જ્ઞાનમાં થયું ત્યારે મુક્તસ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ તો અંદરથી મુક્ત જ થઈ ગયો અને અંશે વ્યક્ત મુક્તતા આવી. અબદ્ધ પરિણામ અંશે જે આવ્યા એ મુક્તપર્યાય આવી. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે મોક્ષની પ્રગટ અંશ વ્યક્તતા પણ પ્રગટ થઈ છે. પૂરી પર્યાય પ્રગટ નથી થઈ. સમજાણું કાંઈ? આહા..હા..! એ જીવને કહે છે, કર્મના ઉદયનો સંયોગ આવતા જરીક લક્ષ જાય છે. નિયમથી જરી રાગ અને દ્વેષનો અંશ આવે. સમજાણું કાંઈ? ભાવ વેદાય. પણ મિથ્યાદૃષ્ટિને દૃષ્ટિ જ્યાં રાગના વેદન ઉપર જ છે, પર્યાયબુદ્ધિ છે, પુણ્ય પાપના વિકલ્પ તે હું એમાં બુદ્ધિ છે અને એક સમયનો પર્યાય તેટલો હું, એવા પરિણામની આડમાં આખા દ્રવ્યને ખોઈ બેઠો છે. સમજાણું

કાંઈ?

અજ્ઞાની એ વર્તમાન પરિણામ એક સમયના એના ઉપર જેની રમતું છે બધી, અજ્ઞાનીઓની. સમજાણું કાંઈ? એ કહે છે કે પરિણામની આડમાં ભગવાન ત્રણલોકનો નાથ જેને દૃષ્ટિમાં આવતો તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા મિથ્યાદૃષ્ટિને રાગાદિ ભાવોને સદ્ભાવ છે. એક તો કીધું કે રાગ થાય છે. પણ રાગ થાય છે એની હયાતીનો સ્વીકાર અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? આહા..હા..! રાગ અને દ્વેષના **'સદ્ભાવથી બંધનું નિમિત્ત થઈને...'** એને તો નવો મિથ્યાત્વાદિનો બંધ થઈને એ ખરી જાય છે. અશુદ્ધતાનો ભાવ અજ્ઞાનીને અશુદ્ધતાના સ્વામીપણાને કારણે.. આ શું (છે) વાત? આ પૈસામાં તો સોંઘુસટ છે. આ જુઓ હમણાં કીધું નહિ? કો'કે કીધું કે લાખના બે લાખ થઈ ગયા. જેની પાસે પાંચ લાખનું સ્ટીલ પડ્યું હોય તો એકદમ દસ લાખ. રખડવા. પલંગમાં સૂતા સૂતા. ચીમનભાઈ! એમાં ધૂળમાં શું હોય? આહા..હા..! ત્યાં એને હરખનો હડકો આવે. આહા..હા..!

ત્રણલોકનો નાથ અંદર પરમાત્મા એની ગાદીએ બેસે ત્યાં હડકો આનંદનો આવે. એ જ્ઞાનીને આવે. અજ્ઞાનીને તો રાગ અને દ્વેષનું વેદન છે. એનો જ સ્વામી, દૃષ્ટિ જ ત્યાં, એટલો હું એ જ છું એમ માનનારની દૃષ્ટિ મિથ્યા છે. ત્રણલોકનો નાથ અંદર પરમાત્મા પોતે એનો અનાદર કરે છે. એની અશાતના કરે છે. આહા..હા..! પોતે પોતાની અશાતના કરે છે. સમજાણું કાંઈ? એટલે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ એટલે જેનો આખો પૂર્ણ સ્વભાવ એનો અનાદર છે, એને રાગનું વેદન અલ્પ છે એટલાનો જ જેને આદર છે એવા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ અને રાગદ્વેષને કારણે જૂની અશુદ્ધતા ટળે પણ નવું બાંધતો જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

પહેલું તો સાચી સમજણ થવી પહેલી મહા મુશ્કેલ. બીજું પછી. એ સાચી સમજણનો દોરો પરોવે તો એ સોય નહિ ખોવાય. અને જો સાચી સમજણ કરી નહિ એ સોય ખોવાશે તો ક્યાંય પત્તો નહિ લાગે. ચોર્યાશીના અવતારમાં ક્યાંય કાગડે, કૂતરે અસંખ્ય દ્વીપમાં.. આહા..હા..! ક્યાંય મગરમચ્છના પેટમાં (અવતાર લે). મોટું હજાર જોજનનું હોય છેને, આમ મોઢું ફાડે કેટલાય ત્રસ અને માછલા પેટમાં ગરી જાય. આમ બહારમાં ફરતા હોય એ અંદર જાય ત્યાં જઠર લાગે ત્યાં મરી જાય. આ અવતાર. આહા..હા..! સમજાણું કાંઈ? એવા અજ્ઞાનીને તો કહે છે કે અશુદ્ધતા થાય, ખરી જાય પણ નવું બાંધે છે એટલે એ ખર્યું કહેવાય નહિ.

**'નિર્જરતા છતાં (ખરેખર) નહિ નિર્જર્યો થકો, બંધ જ થાય છે;...'** એ ખર્યું નહિ, અશુદ્ધતા ગઈ નથી. અશુદ્ધતા ઘણી રાખીને અશુદ્ધતા થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અશુદ્ધતા એ જ હું છું, એવું માનીને અશુદ્ધતા પહેલા સમયની ગઈ પણ અશુદ્ધ

છું એવી પુષ્ટિ તો એણે સમયે કરી છે. આહા..હા..! અથવા એ અશુદ્ધતા ટળવા ટાણે પણ અશુદ્ધતા ઘણી પેદા કરી છે. આહા..હા..! પછીનું તો વળી... સમજાણું કાંઈ? આહા..હા..! કેવી લાઈન છે? શું છે? બીજે પાટે ચડી ગયો છેને ઈ. રેલ બીજે પાટે ચડી જાય તો જાય ક્યાંયની ક્યાંય. આ ડબ્બો અહીં ક્યાંથી આવ્યો? ... વિરમગામથી કો'ક કલકત્તા લઈ જાય અને કો'ક ક્યાંક લઈ જાય. એમ આણે ભગવાન આત્મા એવો સ્વીકાર અને દૃષ્ટિ તો નથી એથી અનાદિના રાગનો અને વર્તમાન પર્યાયનો સ્વીકાર અને ત્યાં જ દૃષ્ટિ છે. બીજે રસ્તે ચડી ગયો. બંધને માર્ગે ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! એને બંધનું કારણ થઈને તે પર્યાય એટલે અશુદ્ધતા જતાં, વ્યય (થઈ) હોવા છતાં એ ગઈ નથી એમ કહે છે. '**બંધ જ થાય છે;...**' એને અશુદ્ધતા ત્યાં વિશેષ થાય છે. આહા..હા..!

'**પરંતુ સમ્યગ્દૃષ્ટિને,...**' જેને રાગ અને પુણ્યની રુચિ અને પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે, સમજાણું કાંઈ? એવા ધર્મીજીવને, ભલે ગૃહસ્થાશ્રમમાં હો, છ ખંડના રાજમાં પડ્યો ઊભો દેખાય, એવા સમ્યગ્દૃષ્ટિને '**રાગાદિભાવોના અભાવથી...**' વેદન તો આવ્યું. છતાં રાગનો અભાવ કીધો. વેદન આવ્યું પણ એનો સ્વામી નથી અને ત્યાં એની દૃષ્ટિ નથી. દૃષ્ટિ ત્રિકાળ પરમાનંદ સ્વરૂપ ઉપર છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીરનો માર્ગ વીરોનો છે. કાયરના કામ નથી. સમજાણું કાંઈ? સાંભળીને ભડકે એવું છે આ તો. આવો માર્ગ? આવો મોંઘો? અરે..! ભગવાન! તારા લાખ, બે લાખ પેદા કરવા માટે મરી જાય છે આખો દિ', આઠ આઠ કલાક, બાર બાર કલાક.. એઈ..!

અમારે કુંવરજીભાઈ હતાને, સવારમાં વહેલા ઉઠે, વહેલા ઉઠીને નોકરોને ઉઠાડે. હોળી ચારે કોર કરે. છોકરા ના પાડે. એ.. બાપુ! તમે કોના માટે રળો છો? (તો એમ કહે), મરી જઈશ ત્યાં સુધી ઉઠીશ વહેલો. આવો જવાબ આપે. એ.. છોટાભાઈ! આહા..હા..! અમારા ફઈના દીકરા હતા. ભાગીદાર હતાને. મોટાભાઈ અને હું ભાગીદાર, નાનો ભાઈ અને કુંવરજીભાઈના મારા મોટા ભાઈ ભાગીદાર. બેય ભાગીદાર જુદા. આહા..હા..! છોકરા કહે કે બાપુ! અમારે ઘણું છે હોં હવે. દસ દસ લાખ, તે દિ' દસ લાખ હોં! સાંઈઠ વર્ષે ગુજરી ગયા તે દિ' બે લાખની પેદાશ. નહિ, નહિ. ઉઠીશ, વહેલો ઉઠીશ, નોકરોને વહેલો ઉઠાડીશ. બોલશો નહિ કોઈ. આ કેવી જાતનું..? ... ગધેડા જેવા હશે? આમ શેઠ શેઠ કહેવાય. બે લાખની પેદાશ વર્ષની. છોકરાઓ ત્રણ. નોકરો સાત આઠ. છોકરાઓને જુઓ તો ઠાઠ. મોટા તેર તેર તો મોટા ગોદામ. પચાસ પચાસ હજારની કિંમતના ગોદામ તેર. મોટી દુકાન ઘરની, મકાન ઘરના લાખ લાખના મોટા ત્રણ. આહા..હા..! હોળી છે બધી સાંભળને! એ મરતાં.. ભાઈ! આહા..હા..! મગજ ફરી ગયું, ગાંડો થઈ ગયો. એમ જ છે, કોઈ ગાંડો આમ ન થાય (પણ) ગાંડો જ છે મિથ્યાદૃષ્ટિ જીવ, પાગલ છે. જેને, રાગનું વેદન મારું

છે અને વિકાર તેટલો હું, એને ભગવાને મિથ્યાદૃષ્ટિ પાગલ કહ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાગલ એને પાગલ કહે ધર્મીને. પાગલ છે, કાંઈ ભાન (છે), આવું આવડે છે આ બધું? લખતા આવડે છે? ... થડે બેસીએ તો આમ થાય, આમ થાય.. ઈ વળી એને પાગલ કહે. આહા..હા..! ગાંડાની ઈસ્પિતાલમાં ગાંડો મોટો હોય એને ગાંડો સારો કહે. આહા..હા..!

કહે છે, ધર્મીજીવને તો.. ઈ માથે કીધું ખરું, હોં! ભાવ વેદાય છે તો ખરો. ધર્મીને પણ રાગનો અંશ જ્યાં સાધક છેને, એટલે બાધકપણું આવે છે ખરું વેદાવામાં પણ એ ખરી જાય છે, કહે છે. આહા..હા..! અશુદ્ધતા વ્યય નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? પૂર્ણ શુદ્ધ ઉપર જ્યાં પ્રતીત અને અનુભવ પડ્યો છે એને આ અંશ અશુદ્ધતાનો સ્વામી નથી. ધણી નથી, ધણીપતું તો ત્રિકાળ ઉપર છે. સમજાણું કાંઈ? ધર્મીની દૃષ્ટિ ત્રિકાળ ઉપર સદાય છે. પરમભાવનો સ્વામી એ છે. આહા..હા..! ઈ પરમભાવ કેવડો છે? શું છે? એના ભાસમાં ન આવે ત્યાં સુધી એને પામરતા જ દેખાય. આહા..હા..! સમજાણું કાંઈ? અનંત કાળ, અનંત અનંત કાળ ગયો.. ઓહો..હો..! જેની આદિ વિનાનો આત્મા. આદિ છે એને? એ આદિ વિનાનો આત્મા ક્યાં રહ્યો? અત્યાર સુધી રહ્યો ક્યાં? અજ્ઞાનમાં રહ્યો. આહા..હા..! મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાનમાં રહ્યો. પાગલ થઈને ભટક્યો ચાર ગતિમાં. આહા..હા..!

ધર્મીજીવને.. ઈ ધર્મીની વાત કરી. પહેલી ઈ લીધી જોયું? ધર્મીને આત્મા શુદ્ધ ચૈતન્ય એકલો જ્ઞાતા દૃષ્ટાનો પિંડ જ પ્રભુ, એની હયાતી, આવડાની હયાતીનો જ્યાં સ્વીકાર (થયો) એને અશુદ્ધતાનું વેદન હોવા છતાં, કહે છે, અશુદ્ધતા ટળી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**રાગાદિભાવોના અભાવથી...**' એટલે કે એ વેદનનો રાગ છે એનું સ્વામીપણું છૂટી ગયું છે. એથી એના રાગનો એને અભાવ જ છે. આહા..હા..! એને રાગનો રાગ નથી. રાગનો રાગ નથી. અજ્ઞાનીને રાગનો રાગ છે. સમજાણું કાંઈ? વીતરાગની વાણી એક એક કડી સમજવી કઠણ છે. પરિચય નહિ, અભ્યાસ નહિ. આહા..હા..! જૈનના ઓઢણે આવ્યો પણ વીતરાગને એણે ધણી ન સ્વીકાર્યો. આહા..હા..! ભગવાનનું ઓઢણું (ઓઢ્યું કે) અમે જૈન છીએ. અને માને અજૈનને. પોપટભાઈ! આહા..હા..! અમારા ભગવાન અરિહંત હોય એમ કહે. ભગવાન અરિહંત હોય, બાપુ! એની કેવી દૃષ્ટિ હોય? અને કેટલી એની વિવેકદશા પરથી ભિન્ન પડેલી હોય. સમજાણું કાંઈ? ઓઢણા ઓઢવા ભગવાનના અને માનવું અજ્ઞાનીનું. સ્ત્રી નામ ધરાવે પતિનું, વ્યભિચાર બીજા સાથે કરે. ઈ આમાં આવ્યું છે હોં! આ અધિકાર ચાલે છેને એમાં. આ નિર્જરાનો ચાલે છેને. નિર્જરામાં લીધું છે હોં એણે. ઈ જ આવ્યું જુઓ! (નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ-૩).

**મહિમા સમ્યક્જ્ઞાનકી, અરુ વિરાગબળ જોઈ,**
**ક્રિયા કરત ફલ ભુંજતૈ, કરમ બંધ નહિ હોઈ. ૩.**

સમ્યગ્દૃષ્ટિ. '**જૈસે ભૂપ કૌતુક સરુપ કરૈ નીચ કર્મ,...**' રાજા એક હોય મોટો અબજોપતિ. એ જરી વેશ કરે કે ગધેડાનો, આમ બહારનું લુગડું પહેરીને.

**જૈસે ભૂપ કૌતુક સરુપ કરૈ નીચ કર્મ,**
**કૌતુકી કહાવૈ તાસૌ કૌન કહૈ રંક હૈ.'**

એને રંક કોણ કહે? એ તો કૌતુક કરે છે. સમજાણું કાંઈ?

**જૈસૈ વિભચારિની વિચારૈ વિભચાર વાકૌ,**
**જારહીસૌં પ્રેમ ભરતાસૌં ચિત્ત બંક હૈ.**

દાખલો આપ્યો છે બનારસીદાસે, આ ગાથાનો છે. વ્યભિચારીણી સ્ત્રી. '**વિભચાર વાકૌ, જારહીસૌં...**' એટલે જેની સાથે પ્રેમ છે એની સાથે '**ભરતાસૌં ચિત્ત બંક હૈ.**' ભરથારને એ અંદરમાં ગણતી નથી. '**જૈસૈ ધાઈ બાલક ચુંઘાઈ કરૈ લાલિપાલિ,...**' ધાવમાતા લાલપાલ કરે. '**જાનૈ તાહિ ઔરકૌ જદપિ વાકૈ અંક હૈ.**' એ છોકરો ખોળે હોય પણ ધાઈમાતા જાણે કે ઈ કો'કનો છે, મારો નહિ. મને તો જે વીસ, પચ્ચીસ મહિને આપે ઈ આપે. હવે અત્યારે વીસ, પચ્ચીસ (થયા). પહેલા તો પાંચ રૂપિયા આપતા ધાવમાતાને. સમજાણું કાંઈ? અત્યારે પૈસા વધી ગયા છેને બહારમાં. આહા..! '**જૈસૈ ધાઈ બાલક ચુંઘાઈ કરૈ લાલિપાલિ,...**' લાલપાલ કરે, બાળકને નવરાવે, ધવરાવે, સુવડાવે, ધવરાવે બધું કરે. બેટા, બેટા કરે પણ અંદરમાં જાણે કે મારો નથી.

'**તૈસૈ ગ્યાનવંત...**' એમ સમ્યગ્દૃષ્ટિ જીવ '**નાના ભાંતિ કરતૂતિ ઠાનૈ,...**' અનેક પ્રકારની કરતુતી દેખાય. સ્ત્રી, બાયડી, છોકરા, કુટુંબ.. '**કિરિયાકૌં ભિન્ન માનૈ યાતે નિકલંક હૈ. ૪.**' એ બાહ્યની ક્રિયા અને રાગની ક્રિયાથી ભગવાન આત્માને ભિન્ન જાણે છે. એ તો અંતર નિકલંક છે. સમજાણું કાંઈ? બીજો દાખલો આપ્યો છે. ભારે દાખલા આપ્યા છે, બનારસીદાસે. આ ગાથામાં.

'**જૈસે નિસિ વાસર કમલ રહૈ પંકહીમૈં,..**' કાદવમાં કમળ રહે. '**પંકજ કહાવૈ પૈ ન વાકૈ ઢિગ પંક હૈ.**' પંકજ, પંક એટલે કાદવથી, જ નામ ઉત્પન્ન થયેલું કમળ. કહેવાય પંકજ પણ કાદવને અને કમળને કાંઈ સંબંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! ધર્મના મારગડા જુદા ભાઈ! દુનિયા કલ્પીને બેઠી, એમને એમ જીવન ચાલ્યા જાય છે. '**જૈસૈ નિસિ વાસર...**' નિસિ વાસર એટલે રાત-દિન. '**કમલ રહૈ પંકહીમૈં, પંકજ કહાવૈ પૈ ન વાકૈ ઢિગ પંક હૈ. જૈસૈ મંત્રવાદી વિષધરસૌં ગહાવૈ ગાત,**' સર્પને કરડાવે પોતે. એક અમારા આવ્યા હતાને ઓલા, વીંછીને કરડાવતા. નહિ? દેવરાજ દેવરાજ. એના સાળાએ દીક્ષા લીધી

હતી સ્થાનકવાસીમાં અને પછી ભ્રષ્ટ થઈ ગયો, શ્રદ્ધા બદલાઈ ગઈ, વેદાંતની શ્રદ્ધા થઈ ગઈ. આવ્યો હતો, ત્યાં બેઠો હતોને ભાઈ. ત્યાં શું નામ એનું? ત્રિલોકચંદ. ત્યાં આવ્યો હતોને? આપણે દ્રવ્યસંગ્રહ વાંચતા હતા.

મુમુક્ષુ :— હું બેઠો હતો.

ઉત્તર :— બેઠા હતા, ખબર છેને. ત્યાં હીરાભાઈના મકાનમાં. (સંવત) ૧૯૯૨માં હીરાભાઈના મકાનમાં ત્યાં હતાને ત્રણ વર્ષ, ત્યાં આવ્યો હતો. ત્યારે સાધુ થયો હતો સ્થાનકવાસીનો. મગજવાળો ઘણો, બધું વાંચી લીધું. શ્રદ્ધા ભ્રષ્ટ થઈ ગઈ. આ કહે છે જૈન કે કર્મનો ઉદય આવે ત્યારે... શું કહેવાય? બળદ. અશાતાનો ઉદય આવે અને બળદનું શીંગડુ આવે. તો એ ઉદયને ખબર ક્યાંથી પડી કે આ શીંગડુ આવવું.

મુમુક્ષુ :— ઈ દાખલો જ એણે આપ્યો હતો.

ઉત્તર :— આપ્યો હતો. મને બધી ખબર છે. ૯૨ની વાત છે. બળદ આમ નીકળ્યો અને ઓલાને શીંગડુ વાગ્યું, હવે અશાતાના ઉદયની એને ખબર ક્યાંથી પડી? અશાતાનો ઉદય શીંગડુ લાવ્યો ક્યાંથી? માટે કો'ક ઈશ્વર નક્કી અંદર મધ્યમાં છે. આહા..! સ્થાનકવાસી સાધુ થયો હતો. જવાહરલાલજી એના શિષ્ય. જવાહરલાલજી છેને? પાંચ વર્ષ રહ્યો. મગજ ઘણું. દૃષ્ટિ ઊંધી, બધી ખોટી, ઊંધી. ભણી ગયો બત્રીસ સૂત્ર વાંચીને પંડિત થઈ ગયો. પંડિત કહેતા. છોડીને પછી પરણ્યો હતો. દેવરાજની બહેન. એનો સાળો આવ્યો હતો. ઈ એવો હતો એનો સાળો કે આમ વીંછી નીકળ્યો હોય તો પગ અડાડે વીંછીને. ખબર નહિ હોય ભાઈને? રતિભાઈ! ખબર નથી? તમારા વખતના. ચંદ્રકાંત હતા, ચંદ્રકાંત પંડિત તમારે ઠેકાણે માસ્તર હતા. ચંદ્રકાંત. ૯૧, ૯૨, ૯૩, ૯૪. ખબર છે. ચંદ્રકાંત હતો. ઈ ચંદ્રકાંત સાથે પણ વાત થઈ હતી, આ જડ ચૈતન્ય વિષે. કીધું આ જડ-બડ છે કે નહિ? માનીએ તો છે અને ન માનીએ તો કાંઈ નહિ. જૈનમાં એવો સ્યાદ્વાદ છે. અરે..! આવાને આવા. જૈનનું નામ આપે. આમ સરળ ઘણા બિચારા. આમ કાંઈ ઓલો નહિ પણ... જૈન તો એમ કહે છેને, સ્યાદ્વાદ છે. માનીએ તો જડ છે, ન માનીએ તો જડ નથી. એમ સ્યાદ્વાદ આવું ક્યાંથી લાવ્યો? મોટો ઓલો.. રતિભાઈને ઠેકાણે હતો ન્યાં. એમ આ પણ ત્યાં અમથો હતો બિચારો. દેવરાજ મુનિ કહેવાતા, બ્રહ્મચારી. વીંછી નીકળ્યો હોય તો પગ અડાડે. શું કરવા? કેટલી સહનશક્તિ મારામાં છે ઈ જોવા. દેવરાજ આવતો બિચારો અહીંયા આવતો. ત્યાં સાંભળવા આવતો. પંચાધ્યાયી... પણ એનું શું ગજુ બિચારાનું? બ્રહ્મચારી.. કાંઈ સમજાણું નહિ અમને. બાપુ! એમ સમજાય નહિ, બાપા! જૈનદર્શન કોઈ એવી ચીજ છે. આપી ગયો પછી પંચાધ્યાયી પાછી પાછું આપી ગયો. અમને સમજાણું નહિ. વીંછીને કરડાવતો, લ્યો. એઈ..!

કહે છે, **'જૈસે મંત્રવાદી વિષધરસૌં ગહાવૈ ગાત,'** પણ આ તો બીજી વાત છે. **'મંત્રકી સકતિ વાકૈ વિના-વિષ ડંક હૈ.'** વૈદ્ય પાસે મંત્ર હોયને, તો એ ઝેર એને ચડે નહિ. **'જૈસે જીભ ગહૈ ચિકનાઈ રહૈ રુખે અંગ,'** આ જીભને ગુંદર અડે ગુંદર, પણ એ જીભને અડે નહિ કાંઈ, જીભ તો સાફ કરી નાખે. સમજાણું કાંઈ? **'જૈસૈ જીભ...'** આ બનારસીદાસે (બનાવ્યું છે). ગૃહસ્થાશ્રમમાં સમકિતી જ્ઞાની. ૩૦૦ વર્ષ થઈ ગયા. એમણે આ સમયસાર નાટક બનાવ્યું છે. અમૃતચંદ્રાચાર્યના કળશનો છે એનું બનાવ્યું છે આ. **'જૈસે જીભ ગહૈ ચિકનાઈ રહૈ રુખે અંગ'** જીભમાં ગુંદર ખાય તો ઉખડતું હશે પાણી ન હોય તો જીભને? એ તો લુખેલુખી જ હોય. આંખમાં ગુંદર ચોડે તો પાણી ઓગાળવું પડે, જીભમાં ચીકાશ આવી હોય તો પાણીથી ધોવી પડતી હશે જીભને? **'પાનીમૈં કનક જૈસૈ કાઈસૌં અટંક હૈ.'** પાણીમાં સોનું રહે, લાખ વર્ષ રહે પણ એને કાટ ચડે નહિ.

**'તૈસૈ ગ્યાનવંત...'** આ બધા દાખલા આપીને આ દાખલો આપે છે. આહા..હા..! તૈસે ધર્મી, જેને આત્મા શુદ્ધ જ્ઞાયકમૂર્તિ છે એવું ભાન થઈ ગયું છે એને અહીં ધર્મી કહીએ. **'નાનભાંતિ કરતૂત ઠાનૈ,..'** દેખાય એમાં. અનેક પ્રકારે ચાલે, ચાલે, બોલે, ... કરે, વેપારના ધંધામાં દેખાય. **'નાનભાંતિ કરતૂત ઠાનૈ, કિરિયાકૌ ભિન્ન માનૈ યાતૈ નિકલંક હૈ. ૫.'** પણ એ રાગના પરિણાની ક્રિયાથી હું તો જુદો છું. આહા..હા..! આ બધા દાખલા કીધાને. બનારસીદાસે બહુ (લખ્યું છે). આ ગાથાનું છે ઈ. સમયસારનું ઘરે ઘરે થઈ ગયું હતું તે દિ'. એમ આમાં આવે છે. ઘર ઘર નાટક વખાણી, નથી આવતું? સમયસાર નાટકમાં આવે છે. ઘર ઘર નાટક કથા બહુ પ્રચારી. બનારસીદાસ ગૃહસ્થાશ્રમમાં બાયડી, છોકરા હતા. બાયડી, છોકરા એના ઘરે રહ્યા. અંતર નિર્લેપ. જીભને જેમ ચીકાશ અડતી નથી એમ ધર્મીને રાગ અને પરવસ્તુ અડતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સમ્યગ્દૃષ્ટિને, રાગાદિભાવોના અભાવથી બંધનું નિમિત્ત થયા વિના કેવળ જ નિર્જરતો હોવાથી...'** એ અશુદ્ધતા ખરી જાય છે. નવો બંધ એને થતો નથી. આહા..હા..! થોડો .. એટલો તો બંધ થયો કે નહિ? ના. આનંદના વેદનની આગળ એનું વેદન અલ્પ, એને ગણવામાં આવ્યું નથી. આહા..હા..! **'કેવળ જ નિર્જરતો હોવાથી...'** એ અશુદ્ધતાનું થોડું વેદન કેવળ છૂટી જાય છે. **'(ખરેખર) નિર્જર્યો થકો,...'** એ અશુદ્ધતા ગઈ કે ગઈ. **'નિર્જરા જ થાય છે.'** એને કંઈ પણ બંધન થતું નથી. ભારે વાતું ભાઈ આવી. સમજાણું કાંઈ? જૈનનો સાધુ થયો અનંત વાર વાડાનો, દિગંબર મુનિ, કપડાનો કટકો નહિ, મહિના મહિનાના અપવાસ, બે મહિનાનો સંથારો. સંથારો સમજાણો? પણ એ રાગની પરિણતિની ક્રિયા એની ઉપર દૃષ્ટિ. પરિણામ એટલે પર્યાય અને રાગ ઉપર જેની દૃષ્ટિ, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

એ દૃષ્ટિ ગુલાંટ ખાય છે. સ્વભાવ ત્રિકાળને સ્વીકારે છે દૃષ્ટિ ત્યારે એ સમ્યગ્દૃષ્ટિ થાય છે. સમજાણું કાંઈ? એને અશુદ્ધતા નિર્જર્યો થકો. ઓલાને એમ કહ્યું હતું, '(તે ભાવ) **નિર્જરતા છતાં (ખરેખર) નહિ નિર્જર્યો થકો, બંધ જ થાય છે;...'** અહીં '**નિર્જર્યો થકો, નિર્જરા જ થાય છે.**' અશુદ્ધતા ચાલી જાય છે. પેલા કર્મના રજકણો ઉદય આપી સામગ્રી થઈ, ખલાસ થઈ જાય છે. ધર્મી ઉદય, કર્મને અને સામગ્રીને પોતાની માનતો નથી. મોટા રાજ છ ખંડના હોય, ઈન્દ્ર ક્રોડો અપ્સરાઓ, આ અનાજના ખાલી ઢીંગલા જેવી નહિ, એને તો અમૃતના ઓડકાર આવે અમુક વર્ષે, એવી ઈન્દ્રાણીઓ પણ એને અંતરમાં, લેવા કે દેવા કાંઈ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બહારમાં બધું એમ બોલે કે અમારે ઈન્દ્રાણી છે, અમુક ભવમાંથી આવી છે. હું બેઠો છું ત્યાંથી દેહ છોડીને બીજે વઈ જશે. વળી એના સ્થાનમાં બીજી આવશે. એક ભવમાં એવી ઈન્દ્રાણીઓ કેટલી આવે અને કેટલી જાય. કારણ કે ઈન્દ્રનું આયુષ્ય બે સાગરનું અને ઈન્દ્રાણીનું પંચાવન પલ્યોપમ માંડ. વ્યભિચારીણી જેવી હોય એને. આહા..હા..! ભારે!

કહે છે કે ધર્મીને અશુદ્ધતા વેદાય જરી પણ એ ખરી જાય છે. એ વેદન ટકતું નથી. આહા..હા..! શાંતિનું વેદન ટકતું હોય છે ત્યાં. આહા..હા..! ભારે વાતું. આ નિર્જરા. ઓલા તો કહે, અપવાસ કરો, નિર્જરા થઈ જશે. બે અપવાસ કર્યા, પાંચ અપવાસ કર્યા, આઠ અપવાસ કર્યો અને પારણે એક પોર ચડાવે તો એક મહિનાનું ... એઈ..! જયંતિભાઈ! ત્રણ અપવાસ કર્યા હોય અને અઠમ ચડતી હોય અને એક અપવાસ ચડાવે તો પચ્ચીસ અપવાસની નિર્જરા. ધૂળેય નથી, મરી જાને અપવાસ કરીને. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જેમાં રાગનો કણ નથી, રજકણનો સંબંધ નથી જેને. એવી ચીજની દૃષ્ટિ અને અનુભવ વિના બધા થોથેથોથા છે. સમજાણું કાંઈ? થોથા ધર્મની અપેક્ષાએ થોથા, સંસારમાં છે તો ફળ અપેક્ષા છે. એની ક્રિયામાં સફળપણું છે. ફળ આપશે એને ભવભ્રમણનું. એવો પાઠ છે પ્રવચનસારમાં. ધર્મીની ક્રિયા અફળ છે. એટલે કે એને સંસારનું ફળ આવતું નથી. અને સંસાર અજ્ઞાનીની ક્રિયા સફળ છે કે જે અનાદિથી ફળે છે એ ભવ ફળશે એને. આહા..! કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ સાંભળ્યો પણ ન હોય. આહા..હા..! આવું વીતરાગ કહેતા હશે? પરમેશ્વર કહેતા હશે આવું? આહા..હા..!

આનંદઘનજીએ કહ્યું છેને? 'ધાર તલવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા જિન તણી ચરણસેવા. ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.' દેવો ન રહે પણ સેવના ધાર પર રહી શકે ન્યાંને ન્યાં, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઈ ૧૯૪ની ટીકા થઈ. એનો ભાવાર્થ. એક જણો કહેતો હતો, પંદર દિ'માં વાંચી ગયો તમારું સમયસાર. બહુ સારી વાત છે. આ એક લીટી સમજવી કઠણ, બાપા! નવ તત્ત્વની વ્યાખ્યા છેને? મેં કીધું,

ના ના, એક જ આત્માની વ્યાખ્યા છે. ઈ કહે, હું વાંચી ગયો, પંદર દિ'માં વાંચી ગયો રાદ દિ'. આહા..હા..! એકડિયા શીખ્યો હોયને? ૧, ૨, ક, ખ, ગ, ઘ... અક્ષર લખ્યા હોય ગુજરાતીમાં અંગ્રેજી. ગુજરાતીના શબ્દો અંગ્રેજી ગુજરાતીમાં વાંચે. આ, એ આવ્યો હતો. શબ્દોની સંધિ કરી શકે નહિ, ભાવ તો ક્યાંથી (સમજાય)? આ વખતે એક મહા વખતે એક માણસ આવ્યો હતો. અક્ષર વાંચે. પણ અક્ષરની સંધિ કરીને શું કહેવું છે ઈ ભાવને સમજે નહિ. એમ શાસ્ત્ર વાંચી જાય, ભાવ શું કહે છે એને સમજે નહિ. એકડિયા જેવા બધા. આહા..હા..! સમજાણું કાંઈ? એવું છે.

ગારિયાધારમાં ભાઈ પહેલું હતુંને આ પાલીતાણા. .. ગુજરી ગયા હતા જ્યારે, માનસિંહ. બહાદુરસિંહ ગુજરી ગયા. બહાદુરસિંહજી ગુજરી ગયા પણ આ તો.. બાર તેર વર્ષની ઉંમર હતી. તે દિ' ગારિયાધાર.. માનસિંહજી આવતા. એની આંખ ફરકતી. .. ઈ ગુજરી ગયા પછી એને ઠેકાણે, બહાદુરસિંહજી નાના હતા, એનો દીકરો હતો. આ એનો દીકરો છે અત્યારે. ગાદીએ બેઠા હતા અને ઓલો હતો મોટો પ્રેસિડેન્ટ,.. શું કહેવાય તમારો? ગોરો. રાજમાં.. રાજ ચલાવવાનો... ગોરો આવ્યો હતો. ગોરાને બાજરો નામ આવડે નહિ. પછી આવે ઘોડે ચડીને. ગારિયાધારના ચોકઠે ઊભો રહે. બા..જ..રો કેટલો પાક્યો છે? એવું બોલે લ્યો. બાપા! એમ ન બોલાય. બાજરો કેટલો પાક્યો? પણ અહીં બાજરો બાજરો નામ ક્યાં આવડે છે અમને? ઈ ગોરો હતો ગોરો. લાંબો હતો. બા..જ..રો.. કારણ કે એને ભાષા ન (આવડતી) હોયને. આહાહા..!

અહીં કહે છે કે અજ્ઞાનીને સૂઝ પડતી નથી અંદરમાં કે શું છે આ માર્ગ? રાગની ક્રિયા કરે, દયા પાળે, વ્રત ધારે, તપસ્યા કરે, અપવાસ કરે, ભક્તિઓ કરે, પૂજા કરે, ભગવાનની પ્રતિમા સ્થાપે, દેરાસર કરે, સ્તુતિઓ કરે પણ બધી મિથ્યાદષ્ટિ. કારણ કે એ ક્રિયા મારી અને રાગ થાય એ પણ મારો, એવી દષ્ટિવંતને તો નવું નવું કર્મ બંધાય જ કરે. અને જ્ઞાનીને ભોગના કાળે પણ પોતાની દષ્ટિ સ્વભાવ ઉપર હોવાથી અશુદ્ધતા તેને ટળતી જાય છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :— પરદ્રવ્ય ભોગવતાં, કર્મના ઉદયના નિમિત્તે જીવને સુખરૂપ અથવા દુઃખરૂપ ભાવ નિયમથી ઉત્પન્ન થાય છે.**' જોયું? પર્યાયમાં જરી (થાય છેને). ઉત્પન્ન થાય છે એમ કીધું, જોયું? '**મિથ્યાદષ્ટિને રાગાદિકને લીધે તે ભાવ આગામી બંધ કરીને નિર્જરે છે...**' અજ્ઞાનીને તો રાગ ને પુણ્ય એના ઉપર પ્રેમ છે એને. એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, ધ્યાનાદિનો વિકલ્પ હોય એને એ સ્વામીપણે (માનીને) બેઠો હોય. મિથ્યાદષ્ટિને રાગ દ્વેષને લીધે તે ભાવ આગમી બંધ કરીને નિર્જરે છે. નવો બંધ કરીને એ પર્યાય ખસી જાય છે.

**'સમ્યગ્દષ્ટિને રાગાદિક નહિ હોવાથી...'** એ રાગનો રાગ નથી, વેદનનો સ્વામી નથી, વેદનને ધણીપતે વેદતો નથી. આહા..હા..! ધર્મીને આત્માના આનંદનો સ્વાદ આવ્યો હોય છે. એને ધર્મી કહીએ. અતીન્દ્રિય આનંદનો સ્વાદ. એને લઈને આ રાગનો સ્વાદ એને ઝેર જેવો દેખાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'સમ્યગ્દષ્ટિને રાગાદિક નહિ હોવાથી...'** એને એ જાતનો રુચિ અને પ્રેમ જ નથી ત્યાં. **'આગામી બંધ કર્યા વિના જ તે ભાવ નિર્જરી જાય છે તેથી તેને નિર્જર્યો કહી શકાય છે;...'** લ્યો. **'માટે સમ્યગ્દષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં નિર્જરા જ થાય છે.'** નિર્જરા જ થાય. એ.. ચેતનજી! આ 'જ' કીધો 'જ'. વીતરાગમાર્ગમાં 'જ' ન હોયને? નિર્જરા જ થાય છે, ઠીક! નિર્જરા જ થાય છે એમ શબ્દ છે. અને ઓલાને બંધ જ થાય છે, બંધ જ થાય છે. ન્યાં પણ 'જ' છે અને અહીં પણ 'જ' છે. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞનો માર્ગ લોકોને સાંભળવા મળ્યો નથીને, અજૈનને નામે જૈન ચલાવ્યું છે.

## શ્લોક-૧૩૪

(अनुष्टुभ्)

तज्ज्ञानस्यैव सामर्थ्यं विरागस्यैव वा किल।
यत्कोऽपि कर्मभिः कर्म भूञ्जानोऽपि न बध्यते।।१३४।।

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ શ્લોક કહે છે :-

શ્લોકાર્થ :- **[किल]** ખરેખર **[तत् सामर्थ्यं]** તે (આશ્ચર્યકારક) સામર્થ્ય **[ज्ञानस्य एव]** જ્ઞાનનું જ છે **[वा]** અથવા **[विरागस्य एव]** વિરાગનું જ છે **[यत्]** કે **[कः अपि]** કોઈ (સમ્યગ્દષ્ટિ જીવ) **[कर्म भुञ्जानः अपि]** કર્મને ભોગવતો છતો **[कर्मभिः न बध्यते]** કર્મોથી બંધાતો નથી ! (અજ્ઞાનીને તે આશ્ચર્ય ઉપજાવે છે અને જ્ઞાની તેને યથાર્થ જાણે છે.) ૧૩૪.

## કળશ-૧૩૪ ઉપર પ્રવચન

'હવે આગમી ગાથાઓની સૂચનારૂપ શ્લોક કહે છે :—' ૧૩૪.

तज्ज्ञानस्यैव सामर्थ्यं विरागस्यैव वा किल।
यत्कोऽपि कर्मभिः कर्म भूञ्जानोऽपि न बध्यते।।१३४।।

**'શ્લોકાર્થ :––'** **'ખરેખર...'** **'किल'** ખરેખર, નિશ્ચય. **'तत् सामर्थ्यं'** **'તે (આશ્ચર્યકારક) સામર્થ્ય...'** છે. ઓહો..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને પણ નુકસાન ઝેર માને છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવમાં નુકશાન માને છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ જ્ઞાનનું સામર્થ્ય છે. હું આત્મા આનંદ અને જ્ઞાનનો નાથ પૂર્ણાનંદ પ્રભુ એવું જે જ્ઞાન એના બળને લઈને આશ્ચર્યકારી સામર્થ્ય છે. **'જ્ઞાનનું જ છે...'** એ સામર્થ્ય જ્ઞાનનું જ છે. લ્યો. ન્યાં ઈ આવ્યું પાછું. ઠેકાણે ઠેકાણે 'જ' (આવે છે). સમ્યક્ એકાંતને સિદ્ધ કર્યા વિના એને યથાર્થ નિશ્ચય થઈ શકે શી રીતે? આહા..હા..! પુણ્ય પાપના વિકલ્પો રાગ, શરીર, વાણી, મન તો જુદા કામ કરે છે, એ તો જડ છે. રાગ દ્વેષના પરિણામ પણ જુદું કામ કરે છે ધર્મીને.

**'તે (આશ્ચર્યકારક) સામર્થ્ય જ્ઞાનનું જ છે...'** કહે છે. જ્ઞાનનું **'અથવા વિરાગનું જ...'** બે વાત લીધી. અસ્તિ તરીકે મહાપ્રભુ પૂર્ણ એનું જે જ્ઞાન એ જ્ઞાનનું બળ અને આ બાજુથી ઉદાસ, રાગાદિથી આ બાજુ ઉદાસ એમાં વૈરાગ્ય. આહા..હા..! સ્વભાવના મહા અસ્તિત્વનો મહા અસ્તિત્વની હયાતીનું જ્ઞાન એ જ્ઞાનનું બળ. આ બાજુના વિકલ્પના અભાવરૂપ એ વૈરાગ્યનું બળ. સમજાણું કાંઈ? એ સામર્થ્ય જ્ઞાનનું, એ બળ વૈરાગ્યનું. **'કે કોઈ (સમ્યગ્દષ્ટિ જીવ) કર્મને ભોગવતો છતો...'** આમ રાગ છે, વેદાય જરી, સંયોગના સંબંધમાં દેખાય છતાં **'કર્મોથી બંધાતો નથી! (અજ્ઞાનીને તે આશ્ચર્ય ઉપજાવે છે અને જ્ઞાની તેને યથાર્થ જાણે છે).'** વિશેષ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૯૫

अथ ज्ञानसामर्थ्यं दर्शयति -

जह विसमुवभुंजंतो वेज्जो पुरिसो ण मरणमुव्यदि।
पोग्गलकम्मस्सुदयं तह भुंजदि णेव बज्झदे णाणी।।१९५।।

यथा विषमुपभुञ्जानो वैद्यः पुरुषो न मरणमुपयाति।
पुद्गलकर्मण उदयं तथा भुंक्ते नैव बध्यते ज्ञानी।।१९५।।

यथा कश्चिद्विषवैद्यः परेषां मरणकारणं विषमुपभुञ्जानोऽपि अमोघविद्यासामर्थ्येन निरुद्धतच्छक्तित्वात म्रियते, तथा अज्ञानिनां रागादिभावसद्भावेन बन्धकारणं पुद्गलकर्मोदयमुपभुञ्जानोऽपि अमोघज्ञानसामर्थ्यात् रागादिभावानामभावे सति निरुद्धतच्छक्तित्वात बध्यत्रे ज्ञानी।

---

હવે જ્ઞાનનું સામર્થ્ય બતાવે છે :-

જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી.
ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી.૧૯૫.

ગાથાર્થ :- [यथा] જેમ [वैद्यः पुरुषः] વૈદ્ય પુરુષ [विषम् उपभुञ्जानः] વિષને ભોગવતો અર્થાત્ ખાતો છતો [मरणम् न उपयाति] મરણ પામતો નથી, [तथा] તેમ [ज्ञानी] જ્ઞાની [पुद्लकर्मणः] પુદ્ગલકર્મના [उदयं] ઉદયને [भुंक्ते] ભોગવે છે તોપણ [न एव बध्यते] બંધાતો નથી.

ટીકા :- જેમ કોઈ વિષવૈદ્ય, બીજાઓના મરણનું કારણ જે વિષ તેને ભોગવતો છતો પણ, અમોઘ (રામબાણ) વિદ્યાના સામર્થ્ય વડે વિષની શક્તિ રોકાઈ ગઈ હોવાથી, મરતો નથી, તેમ અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્ભાવથી બંધનું કારણ જે પુદ્ગલકર્મનો ઉદય તેને જ્ઞાની ભોગવતો છતો પણ, અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા રાગાદિભાવોનો અભાવ હોતાં (-હોઈને) કર્મોદયની શક્તિ રોકાઈ ગઈ હોવાથી, બંધાતો નથી.

ભાવાર્થ :- જેમ વૈદ્ય મંત્ર, તંત્ર, ઔષધ આદિ પોતાની વિદ્યાના સામર્થ્યથી વિષની મરણ કરવાની શક્તિનો અભાવ કરે છે તેથી વિષ ખાવા છતાં તેનું મરણ થતું નથી, તેમ જ્ઞાનીને જ્ઞાનનું સામર્થ્ય એવું છે કે કર્મોદયની બંધ કરવાની શક્તિનો અભાવ કરે છે અને તેથી કર્મના ઉદયને ભોગવવા છતાં જ્ઞાનીને આગામી કર્મબંધ થતો નથી. આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનનું સામર્થ્ય કહ્યું.

## ફાગણ સુદ-૧, સોમવાર, તા. ૫-૦૩-૧૯૭૩
## ગાથા-૧૯૫, પ્રવચન-૩૩૪

નિર્જરા અધિકાર, ૧૯૫ ગાથા. 'હવે જ્ઞાનનું સામર્થ્ય બતાવે છે :—'

जह विसमुवभुंजंतो वेज्जो पुरिसो ण मरणमुवयादि।
पोग्गलकम्मस्सुदयं तह भुंजदि णेव बज्झदे णाणी।।१९५।।

**જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી.**
**ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી.૧૯૫.**

આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એવો જેણે અંતર સન્મુખ થઈને અનુભવ કરીને નિર્ણય કર્યો છે. એ વખત એને અનંત કાળમાં મળ્યો નથી. સમજાણું કાંઈ? વસ્તુસ્થિતિ, એને કોઈ સમકિતની સ્થિતિમાં એમ બતાવે કે ભાઈ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ સમકિત છે. નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા એ પણ સમકિત છે. ભગવાન સાચા માને (એ સમકિત છે). એની સાથે આ મેળ કેમ ખાય? ભાઈ! વસ્તુ જ આવી છે ત્યાં.

પોતે ચિદાનંદ જ્ઞાનસ્વભાવી વસ્તુ છે એને અંતરમાં સંયોગ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી, રાગથી ઉઠાવી, ઉઠાવી (તે) નાસ્તિથી કથન છે, એક સમયની પર્યાય ઉપરથી રુચિ ઉઠાવી... ભાઈ! આ કાંઈ વાત નથી. કેટલો પુરુષાર્થ જોઈએ. સમજાણું કાંઈ? શરીરમાં અપવાસ કરી નાખવો હોય, શાસ્ત્રને ગોખી નાખવા હોય એમાં એનો કાંઈ કાળ જાતો નથી. એ તો સાધારણ પણ આ ચીજ છે જે અનંત કાળમાં એના સ્વભાવનો વાસ્તવિક સ્વભાવ એના તરફ એની નજર જ ગઈ નથી. આહા..હા..! અનાદિથી. સમજાણું કાંઈ? એણે એ વખત કાઢ્યો જ નથી. પોતાને માટે વખત કાઢ્યો નથી. દુનિયાને માટે (વખત કાઢ્યો કે) આનું આમ થાય ને આનું ભલું થાય, આને રાખીએ. ભાઈ! ક્યાં કોનું ભલું કરે? ભાઈ! વસ્તુની સ્થિતિ એવી છે કે વસ્તુ પોતે પોતાની પર્યાયની મર્યાદાથી આગળ તો જતી નથી. સમજાણું કાંઈ? એની મર્યાદા, સીમા એની પર્યાય પૂરતી છે. દ્રવ્ય ગુણ તો ત્રિકાળ છે પણ આ વર્તમાન એક સમયની અવસ્થાની સીમા છે ત્યાં એના સત્તામાં. એ કંઈ બહાર નીકળીને કો'કનું કરે, કે કો'કથી આવે એ વસ્તુ તો જ નહિ એવી. સમજાણું કાંઈ?

તો કહે છે, જ્ઞાનનું સામર્થ્ય એટલે જેને અંદરમાં સ્વભાવનું ભાન કર્યું છે કે હું તો જ્ઞાન અને આનંદ છું, હું રાગ પણ નહિ, અલ્પજ્ઞ નહિ અને સંયોગો તો કર્મના નિમિત્તથી મળેલી સામગ્રી છે, એમાં મારાપણું ક્યાં આવ્યું? એવો જે ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો સ્વભાવ જે વ્યક્તમાં—પ્રગટમાં તો પર્યાય છે, અને પર્યાયનું લક્ષ બહાર જાય તો ત્યાં વ્યક્ત

રાગ અને સંયોગો દેખે છે. સમજાણું કાંઈ? એનું લક્ષ અંદરમાં ફરે એ તે કાંઈ વાત છે! નવમી ગ્રૈવેયક અનંત વાર જૈન સાધુ થઈને ગયો પણ અંતરની નિવૃત્તિ રાગ ઉપરથી, પર્યાયથી ઉઠાવીને અંતરમાં સ્વભાવમાં દૃષ્ટિ કરવી અને રાગની એકતા તોડવી અને સ્વભાવની એકતા કરવી એ કંઈ વાત સાધારણ નથી. બાપુ! એ વસ્તુ...

ધારણા કરી જાય શાસ્ત્રની એ કંઈ નવી વસ્તુ નથી. અગિયાર અંગ અને નવ પૂર્વ ભણી ગયો. પંચ મહાવ્રત આદિ જેણે બહારની નિવૃત્તિ લઈને કરી, પણ અંતર નિવૃત્તસ્વરૂપ, રાગથી નિવૃત્તસ્વરૂપ છે એટલે કે રાગથી નિવૃત્ત છે તો એ પર્યાયના લક્ષથી પણ પ્રાપ્ત થાય એવું નથી. એવી ચીજ છે. આહા..હા..! શું થાય? આમાં એમ કહે છે, ૨૫૦૦ વર્ષ આવે છેને ભગવાનના, માટે બધા સંપ્રદાયની દૃષ્ટિ છોડી દો. સંપ્રદાય કોને કહેવો? ભાઈ! આ તો સંપ્રદાય નથી, આ તો વસ્તુ છે. આ મોંઘું લાગે એટલે એમ કહે કે આમ નહિ. બધાને સંપ થાય એવી વાત કાઢો. એવી તો શી રીતે નીકળે?

સત્ આ જ રીતે છે. ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વરૂપ મહા સર્વ શુદ્ધ, શુદ્ધ શુદ્ધનો સાગર સ્વભાવ, જેની પાસે સિદ્ધની પર્યાયની પણ જ્યાં કિંમત નથી. કેમકે પોતાને કેવળજ્ઞાન થાય એની પણ ત્યાં કિંમત નથી. એ તો વ્યવહાર એક અંશ આવ્યો. એવો અનંત અંશનો પિંડ પ્રભુ ઈ શું ચીજ છે? એ તો વસ્તુ જ એવી છે. સમજાણું કાંઈ? એ વસ્તુમાં... અહીં સામર્થ્ય બતાવે છેને. વસ્તુનું ભાન થયું તો એને જ્ઞાનનું સામર્થ્ય જાગ્યું. એટલે કોઈ સંગ પ્રસંગમાં એને શાંતિ અને આનંદમાં છે એની આગળ રાગ અને પરમાં શાંતિ ભાસતી નથી. આહા..! વિષયના સુખમાં, પૈસામાં, ચક્રવર્તીનું પદ મળે, કરોડો રૂપિયા એક મિનિટના પ્રાપ્ત થાય, ક્યાંય એને હિત લાગતું નથી. કેમકે મારી સ્વરૂપની લક્ષ્મી જ અપાર અને અપૂર્વ છે. આહા..હા..!

આઠ વર્ષની બાળિકા પણ જો આવા ચિદ્દ્ઘનને જો સ્પર્શે, જ્ઞાનસામર્થ્ય એટલું છે કે કદાચિત્ એ લગન કરે તોપણ એને અંદર દુઃખ લાગે છે. આહા..હા..! આ તે કેવું હશે જ્ઞાનનું સામર્થ્ય! સમજાણું કાંઈ? દુઃખ લાગે. પતિ મળે ચક્રવર્તી પણ સમકિતી જો સ્ત્રી હોય તો એને દુઃખ લાગે છે. આહા..હા..! અને આ સામગ્રી દુઃખનું નિમિત્ત છે. અને દુઃખનો ભાવ થાય એ ઝેર જેવો દેખાય છે. આહા..હા..! આ તે કંઈ વાત છે! એવું વસ્તુનું સ્વરૂપ છે. એવું જ્યાં અંતર ભાન થઈને અંતર બેઠી વાત.. આહા..હા..! જે કદી કરી નથી, કદી જાણી નથી, કદી એની મહિમા અંતરમાં આવી નથી. વાત અને વિકલ્પથી મહિમા ઘણી કરેલી પણ વસ્તુ પ્રત્યક્ષ થઈને જે મહિમા આવે એવી મહિમા એને આવી નહોતી. સમજાણું કાંઈ? આહા..હા..!

એવું જ્યાં અંતરમાં એક સમયની પર્યાયની પણ જ્યાં કિંમત નથી. આહા..હા..! જે

કાર્ય થાય એ તો એક સમયનું કાર્ય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયું એ તો એક સમયની દશા થઈ. પણ એવી દશા તો અનંત અનંત જેની ખાણમાં શક્તિરૂપે પડી છે. એવો જે પૂર્ણાનંદનો નાથ પ્રભુ એની અંતરમાં આત્મસ્વભાવની એકતા.. સવારે કાલે આવ્યું હતુંને? નહિ? પરમસ્વભાવમાં સ્થિત સમ્યગ્દષ્ટિ છે. ઓહો..! ધર્મી તો પરમસ્વભાવમાં સ્થિત છે. એટલે કે આત્મસ્વભાવમાં સ્થિત છે, એટલે કે ત્રિકાળી સહજ સ્વભાવ વસ્તુમાં એની દૃષ્ટિ થંભી ગઈ છે. કહો, સમજાણું? કાંતિભાઈ! આવી વાતું બાપા! અરેરે..! એણે કોઈ દિ' સળવળાટ કર્યો નથી. મહા દુઃખી છું, દુઃખી છું. એ દુઃખમાં સળગી રહ્યો છે. કષાયની, મિથ્યાત્વની (અગ્નિમાં સળગી રહ્યો છે). શાંતિ જોઈ નથી એટલે એને કષાયની અગ્નિ દેખાતી નથી. સમજાણું કાંઈ?

એ જ્ઞાનના ભાનમાં જેને જાગ્રતિ જ્ઞાનની થઈ, અરે..! હું તો પૂર્ણાનંદ, કૃત્યકૃત્ય મારે વસ્તુ માટે કંઈ કરવું એવું છે જ નહિ. સમજાણું કાંઈ? એવું જ્યાં અંતર્મુખમાં વેદન-સ્વસંવેદન (થયું)... આ ઈ આમાં શબ્દ આવ્યો તમારે, એઈ..! ભાઈને બતાવ્યું? રામજીભાઈને. બતાવ્યું. ઈ શબ્દ પહેલો એમાં આવ્યો હતો. કાઢો તો ખરા. આ શબ્દ સ્વસંવેદન. પંડિતજીને બતાવો. અહીં તો મારું સ્વસંવેદન ઉપર લક્ષ છે. વાહ! પ્રવચનસારનું છેને? હું આવો છું, હું આવો છું. હું ભગવાનને વંદન કરનારો આવો છું. આહા..હા..! જુઓ! ઈ આવ્યું. હાથમાં ... કીધું, જુઓ શું આવ્યું આ. હસુભાઈ! ઓલા હસુભાઈની જેમ છે આમાં. ધંધા-બંધા કર્યા હશે પણ આમાં અમે... આવા ચાર લાખ અક્ષરોને... એ પ્રકારનું બનવાનું પણ એમાં શુભભાવનું નિમિત્ત. એમાં આ શબ્દ પહેલો આવ્યો. છેને? બેનને બતાવ્યું બેનને? પહેલું બેનને દેવું જોઈએને. ચંપાબેનને દ્યો. આ અક્ષરોમાં.. શું કહેવાય તમારી? અહીં આપણે ક્યાં... એવા અક્ષરો. કેવો રંગ પસંદ કરે ઈ અમારે પંડિત... લાલ કરવો કે કેવો કરવો, રાત્રે લાવ્યા હતા બધા. પણ એમાં શું શબ્દ છે પહેલો? વાંચો. સ્વસંવેદનપ્રત્યક્ષ. આહા..હા..! એનું નામ જ્ઞાન. આ જ્ઞાનનું સામર્થ્ય ચાલે છેને.

હું કોણ છું, હું પંચ પરમેષ્ઠીને વંદન કરનાર? ઈ છેને? પહેલી પાંચ ગાથા. આહા..હા..! હું કોણ છું કે જે હું પંચ પરમેષ્ઠીને વંદન કરું છું? પંચ પરમેષ્ઠી કોણ છે એની વ્યાખ્યા પછી કરી છે. આહા..હા..! અરિહંત આવા, સિદ્ધ આવા, આચાર્ય, ઉપાધ્યાય શુદ્ધ ઉપયોગવાળા. ઓહો..હો..! સમજાય છે કાંઈ? હું સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાનમાં છું એવો હું છું. ગજબ વાત છેને! આ વાત હવે બીજે ક્યાંથી કાઢવી? કોની સાથે એને મેળવવી? શું કરવું આમાં? એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ એને રાગ વિનાની પ્રત્યક્ષ દશામાં ભાન થાય ત્યારે એને સ્વસંવેદન સમ્યક્જ્ઞાન થયું કહેવાય. આહા..હા..! હવે આને બીજી રીતે (કઈ રીતે સ્થાપવી)? આ તો વસ્તુની સ્થિતિ જ આવી છે. કનુભાઈ! હવે આને શું કરવું ત્યારે? એને એમ કહેવું

કે ના, ના એટલું બધું આકરું ન કહેવું. પણ આકરાની વાત ક્યાં છે? આ તો વસ્તુની સ્થિતિ જ એવી છે. આકરું કહેવું કોને? આહા..હા..! અને એ સંપ્રદાય, દિગંબર સંપ્રદાયની આ રીત છે. માટે બીજા સંપ્રદાયની રીતને પણ મેળવો અને ભેળસેળ કરો. ભાઈ! કોઈની સાથે વિરોધ ન હોય. બધા ભગવાન છે. સર્વ જીવ જ્ઞાનસમ છે. જ્ઞાનથી ભરેલા છે. આહા..હા..! બધો આખો દરિયો દુનિયાનો ભર્યો છે જ્ઞાનથી. અનંત અનંત જીવો અહીં ઠાંસીને ભર્યા છે. એ બધા જ્ઞાનમય સ્વરૂપે છે. સમજાણું કાંઈ? પર્યાયમાં ભૂલ છે ઈ એક કોર રાખો. જ્યાં પર્યાયની ભૂલ ટળી છે એ બીજાની પર્યાયને જાણે ભલે પણ મુખ્યતા ત્રિકાળી સ્વભાવ ઉપર જાય. આત્મા તો આ છે. સમજાણું કાંઈ?

એ કહે છે, એવું જે સ્વસંવેદન, પોતે જ્ઞાન જ્ઞાનથી વેદવામાં, જાણવામાં અને પ્રત્યક્ષ એટલે જેને મન અને રાગની અપેક્ષા નથી એવું જેનું સ્વરૂપ છે. એ સ્વભાવથી જણાય અને પ્રત્યક્ષ થાય એવું જ જ્ઞાનનું સ્વરૂપ છે. જ્ઞાન કહો કે આત્મા કહો. એ આત્માનો સ્વભાવ જ એવો છે. સમજાણું કાંઈ? આ સાંભળ્યું ન હોય અને બીજું લાગે એટલે કે બીજી રીતે કાંઈક હળવું કરો. પણ હળવું શું કરે? સાકરને ઝેર કરવું છે? આહા..હા..! ભગવાન એ બધા આત્મા એવડા જ છે. એમાં એની વેદનમાં દશામાં આવ્યું કે ઓહો..! આ ચૈતન્યસ્વરૂપ તો રાગ અને મનના અવલંબન વિના... કરવાનું આ છે. જીવોને પ્રથમ કરવાનું હોય તો આ છે ધર્મને માટે. સમજાણું કાંઈ? બીજી બધી વાતો પછી... વિકલ્પ ને ભક્તિ, હો, વસ્તુ આ છે. સમજાણું કાંઈ?

'**ટીકા :— જેમ કોઈ વિષવૈદ્ય, બીજાઓના મરણનું કારણ જે વિષ તેને ભોગવતો છતો...**' મંત્ર, તંત્ર, ઔષધિ આદિ એમાં નાખીને સોમલને વૈદ્ય ખાય પણ સોમલને મારીને ખાય. સોમલ આવે છેને સોમલ. ઝેર જેવો. કોઈ તો એમ કહે કે વીંછી એવા હોય છે જંગલમાં, વીંછી, એક તો મેં વીંછી જોયો હતો, જીંદગીમાં એક વાર જોયો હતો. કાળો. .. ડબ્બો આમ જાણે. એક જ વાર જોયો હતો. ઠાકરિયો વીંછી કહે છેને? આવડો તો લાંબો હતો લાંબો. એ કરડે તો મરી જ જાય. હમણાં અહીં થયું હતુંને? મરી ગયો વીંછી કરડીને. ગરાસિયાનો છોકરો, નહિ? વીંછી કરડ્યો. બે દિ'માં મરી ગયો. ગઢડામાં વીંછી કરડ્યો હતો લાઠીવાળાને, છ કલાકે છોકરો ગુજરી ગયો. અહીં કહે છે કે એ વિષ જે ઝેર, સોમલ વીંછી જે પત્થરને ડંખ મારેને, એ પથરો સોનું થઈ જાય. એવું સાંભળ્યું છે. પથરો હોયને પત્થર, એમાં એ વીંછી રહેતો હોય આકરો, ઠાકરિયો કીધો, હેઠે રહેતો હોય અને ડંખ મારે એ પથરો સોનું થઈ જાય. એટલું ઝેર. પણ એને મારનારા, એ ઝેરને મારીને ખાનારા... શરીરમાં પુષ્ટિ કરે પાછી. સોમલને મારીને ખાય એના ઉપર ઘી પીવે સારા. અધ શેર અધ શેર ઘી દરરોજ પીવે. પચી જાય હોં ઓલા સોમલને લઈને. એમ વૈદ્ય કહે છે કે આવું

વિષ એના વૈદ્યના મંત્ર, તંત્ર કે ઔષધ... રામબાણ ઔષધ છે. આહા..હા..!

એક તો એવો કે ભાઈ તમારા વઢવાણવાળા, ચુનીભાઈ કેવા? દાદભાવાળા. દાદભાના હતાને દાદભાના ચંપકભાઈ. એ ચંપક ક્યાંક ગયો હતોને? અમેરિકા ગયો હતો. ઈ કહેતો હતો એકવાર, ચંપકભાઈ કહેતા હતા, કે ત્યાં અમે ગયા તો વિષ્ટાનો ટોપલો પાયખાનામાંથી લઈ આવ્યા. વિષ્ટાનો ટોપલો, વિષ્ટા. પાયખાનામાંથી (લઈ આવ્યા). ઓલો કહે, રાંધીને શેરો બનાવી દઉં. ઓલો કહે. શિરો. નાખ ઔષધ ભલે અમે ખાશું, અમે પૈસા પણ દઈશું. એક જ્યાં ઔષધ નાખ્યું વિષ્ટામાં, ગંધ ઉડી ગઈ આખી. બીજું જ્યાં ઔષધ નાખ્યું, લહલહતો શિરો (તૈયાર). આ તો બનેલી વાત છે. ભાઈ! જાણો છોને? ... ચુનીભાઈ હતાને? ચુનીભાઈએ અમારી પાસે બાધા લીધી હતી. તે દિ'. ... જાહેર સભામાં.. મોટી સભા અને એમાં પતાસા વેચવાના પૈસા નહોતા તે દિ'. માણસ ખાનદાન હોં! ચુનીભાઈ. બહુ પ્રેમ, પ્રેમ ખરો. ... કર્યું હતુંને, ... ઈ કહેતા હતા કે વિષ્ટામાં જ્યાં બીજી ઔષધિ નાખી ત્યાં તો સુગંધ અને .... લ્યો, શેઠ ખાઓ. અર..ર..ર..! અમને નજરે પડ્યું ઈ અમે ખાઈએ? આ તારા ઔષધના પૈસા .. ગરીબને આપી દીધો, ગરીબને ખવરાવી દીધો. વિષ્ટાનો શિરો. ઔષધિ નાખીને બનાવ્યો. એમ આ ઝેરમાં ઔષધ નાખીને વૈદ્ય ખાય અને પુષ્ટિ થાય, મરે નહિ. પોપટભાઈ! હવે ક્યાં ઉતારવું છે ઈ? આત્મામાં ઉતારવાનું છે. આહા..હા..!

'**જેમ કોઈ વિષવૈદ્ય, બીજાઓના મરણનું કારણ...**' જુઓ! બીજાઓના મરણનું કારણ વિષ—ઝેર '**તેને ભોગવતો છતો પણ, અમોઘ (રામબાણ) વિદ્યાના સામર્થ્ય વડે...**' અમોઘ એટલે ફરે નહિ. એ વિદ્યા એમાં નાખે, વિદ્યા અથવા કોઈ ઔષધિ નાખે (એટલે) એ ઝેર મટી જાય. રામબાણ. જેમ રામનું બાણ ન ફરે, આવે છેને શાસ્ત્રમાં? રામ લડે નહિ અને લડવા જાય તો એનું બાણ ફરે નહિ. જેને લક્ષ કરીને માર્યું બાણ એ મર્યે છૂટકો. રામચંદ્રજી પુરષોત્તમ પુરુષ હતા. એ બળદેવ હતા. હતા ત્યાં સુધી.. હતા સમકિતી, જ્ઞાની ધર્માત્મા પુરષોત્તમ પુરુષ એનું બાણ આમ મારે તો ઓલો મરી જાય. એમ વૈદ્યની દવા ન ફરે, રામબાણ જેવી દવા એમ કહે છે. વિષને મારવાની દવા એ '**વિદ્યાના સામર્થ્ય વડે વિષની શક્તિ રોકાઈ ગઈ હોવાથી,...**' આહા..હા..! ઝેરની શક્તિ રોકાઈ ગઈ. આહા..! જુઓને, ઓલી વિષ્ટા બદલી ગઈ. કહેતાને, લહલહતો શિરો લાગે. વિષ્ટા લઈને આવ્યા.. અર..ર..! આ ખાઓ. હવે આ ખાવું શી રીતે અમારે? ગરીબ માણસને આપી દો. તમારા પૈસા લ્યો ઔષધના. આહા..હા..! '**વિષની શક્તિ રોકાઈ ગઈ હોવાથી, મરતો નથી...**' વૈદ્ય. એ વિષને મારવાની શક્તિ દ્વારા ખાય પણ એ વિષથી મરતો નથી.

'**તેમ અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્‌ભાવથી...**' આહા..હા..! જેને ભગવાન આત્મામાં આનંદ છે અને જ્ઞાનનો પુંજ છે એવું જ્યાં ભાન નથી એવા અજ્ઞાનીને રાગ

અને દ્વેષ ને મિથ્યાત્વભાવના સદ્ભાવથી **'બંધનું કારણ જે પુદ્ગલકર્મનો ઉદય...'** પુદ્ગલનો ઉદય તો બંધનું કારણ અજ્ઞાનીને છે. કારણ કે એમાં પ્રીતિથી જોડાય છે અને એને રાગનો પ્રેમ છે. આહા..હા..! રાગ ઝેર છે એનો અજ્ઞાનીને પ્રેમ છે. સમજાણું કાંઈ? ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, આત્માનો અમૃત સ્વભાવ, આનંદ સ્વભાવથી તો ઊલટો ભાવ છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનીને એ રાગના પ્રેમને લઈને નવા કર્મ બાંધે છે પાછો.

અજ્ઞાનીઓને રાગદ્વેષના.. ઈ રાગદ્વેષની વ્યાખ્યા જ જુદી. આમ બાયડી સાથે રાગ કરે.. આ તો અંદરમાં રાગનો રાગ કરે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગના પ્રભાવમાં દોરાઈ ગયો હોય છે ઈ. ધર્મી ચૈતન્યના પ્રભાવમાં દોરાણો માટે રાગના પ્રભાવમાં એ આવતો નથી. આહા..હા..! આ ... અંતરથી દેખાય કે બહારથી દેખાય? સમજાણું કાંઈ? કહે છે કે અજ્ઞાનીને... એટલે? શુદ્ધ ચૈતન્ય આનંદઘન છે એનું જેને જ્ઞાન નથી. એમ. એનું જેને સ્વસંવેદનજ્ઞાન નથી એને રાગના વેદનનું જ્ઞાન છે. આહા..હા..! એ ક્ષણે ને પળે રાગના ઝેરના પીણા પીવે છે. સમજાણું કાંઈ? આહા..! ભોગ કાળે, આબરૂ સાંભળવાને કાળે, પૈસાના દરેડા પડતા હોય એ કાળે એને રાગનું જ વેદન છે, ઝેરનું વેદન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી બંધનું કારણ છે, પુદ્ગલનો ઉદય. એ રાગદ્વેષના પરિણામ.

**'તેને જ્ઞાની ભોગવતો છતો પણ,...'** અરે..! જેની દશા અને દૃષ્ટિ જ પલટી ગઈ છે. અજ્ઞાનીની દૃષ્ટિમાં દ્રવ્ય ગુણ નહિ અને રાગ ને પુણ્ય પાપ જ એની દૃષ્ટિનો ધ્યેય અને વિષય છે. જ્ઞાનીની દૃષ્ટિમાં ધ્યેય બદલી ગયું છે આખું. સમજાણું કાંઈ? આહા..હા..! હવે આવી જ્ઞાનને પામવાની રીત છે. એને બીજી રીતે પમાય એમ કહે એની સાથે મેળ શી રીતે કરવો?

મુમુક્ષુ :— એની સાથે મેળ ન થાય એ જ મેળ છે.

ઉત્તર :— હા, ન થાય એ જ મેળ છે. એમ કે બે નથી. ઈ બેય છે એમાં મેળ છે. છે એમ, બેય એક છે એમ નહિ. આહા..હા..! ભાઈ! માર્ગ જ આ છે. દિગંબર સંપ્રદાય એ સંપ્રદાય નથી. લોકોને ખબર નથી. એ તો આત્મા જેવડો છે અને જેમ છે એમ એને દૃષ્ટિમાં બતાવ્યો અને એના સ્વરૂપમાં રમણતા કરતા ચારિત્ર થાય. એ ચારિત્રની કેવી દશા હોય અને ક્યારે એવો એને સંયોગ હોય? એ તો વસ્તુની મર્યાદા એ એને બતાવી. સમજાણું કાંઈ? શું થાય? ફેર થોડો છે એમ કહે એકબીજાને. બાકી એ ફેર કાઢી નાખો. ભાઈ! એની સાથે વિરોધ ન કરવો, દ્વેષ ન કરવો. એ પરમાત્મા પોતે ભગવાન છે. એક સમયની ભૂલ છે ઈ ટાળશે. ઈ ટાળશે ત્યારે ભગવાન થશે. દ્વેષ નહિ. સર્વ ઉપર મૈત્રી, પ્રેમ. પણ એથી બધી ચીજનો ભાવ એક માને કે સમકિતપણું આવું, સાધુપણું પણ વસ્ત્ર હોય, પાત્ર હોય, બધું હોય..

કાલે એક મોટો લેખ (આવ્યો છે). અગરચંદજીનો. અગરચંદ નહાટા નહિ સ્થાનકવાસીમાં? એ આમાં છે. લેખ પહેલા લખ્યો હશે કે હું તો મધ્યસ્થથી લખું છું પણ હવે તમને બેસે, ન બેસે. અત્યારે સાધુ એને માટે કરેલા પાણી લ્યે છે ઈ, ચોખ્ખો દોષ છે. દિગંબર સાધુ તો એને માટે કરેલા જ લ્યે છે. એનો બીજો અર્થ અત્યારે કરો કે એણે ક્યાં કરાવ્યું છે? માટે એને દોષ નથી. એવી ઉપદેશક એની વ્યાખ્યા અત્યારે કરે છે. એણે તો એમ કીધું. શ્વેતાંબરમાં ઈ શૈલી નથી. પણ દિગંબરમાં પણ એમ નથી. આહા..હા..! દિગંબરમાં શું.. એને માટે કરેલું હોય ભલે કરાવ્યું નથી, પણ ઈ એને માટે (કર્યું છે) ઈ ખબર નથી એને? કે આ મારે ઉદ્દેશીને (કર્યું છે), મારા માટે આ ચોકા (કરે છે). સવારમાં પાણી ભરે, કેરી લાવે, મોસંબી લાવે, શાક (લાવે). શેઠ આવ્યા નથી અત્યારે. આરામ કરે છે.

મુમુક્ષુ :—

ઉત્તર :— છે, છાપામાં લખે, .... અરે..! બાપુ! વસ્તુસ્થિતિ આવી ન હોય. અમારા સંપ્રદાયના ગુરુ હતા ઈ તો જ્યાં જાયને, પહેલી વાત ઈ મૂકે હોં! સાધુને માટે કરીને આપશો, ગર્ભમાં ગળાશો. એમ કહે. ઈ કહેતા. તમે હીરાજી મહારાજને નહિ જોયા હોય. ... કાંપમાં ઓલા હેઠે બેઠા હતા. પુલ હેઠે. ૭૪, ચૈત્ર વદ, ૮. બાળ્યા હતા.. ગુજરી ગયા હતા ૮. ૯મે પાલખી. લોકોનો પ્રેમ બહુ હતો. એવો માણસ હતો. સરળ બિચારા.. પણ આ વસ્તુ નહિ, શું કરે? આહા..હા..! બહુ કષાય મંદ. બ્રહ્મચર્યનો રંગ અને વ્યાખ્યાન આપે તો આમ... ભાઈ! ભગવાન આમ કહે છે હોં! જોયા છે તમે કે નહિ? હીરાજી મહારાજને. નાની ઉંમરમાં ... ઘણા વર્ષ થયા. પણ આ વસ્તુ બાપુ! સાંભળી નહોતી, કાને પડી નહોતી. કે પરનું આત્મા કરી શકે નહિ અને પરની દયાનો ભાવ એ દુઃખરૂપ છે. આહા..હા..! તમારા બાપે બહુ જોયેલું. હિંમતભાઈ હતાને? લોકો બહુ રોતા, રોતા.. આહા..હા..! અમારો હીરલો ... ઉમર નાની, ૫૮ વર્ષ. ૭૪માં ૫૮ વર્ષ. શેઠિયાઓ બધા રાયચંદ ગાંધી જેવા, મોટી આબરૂ એની. લાકડા સુખડના લઈ, અમે બહાર હતા પાંચ ગાઉ છેટે. અમે આવ્યા તો સામા બધા આવ્યા. સુખડના લાકડા માથે. કારણ કે બાળવાની તૈયારી હતી ત્યાં સુખડના લાકડા હતા, ચંદનના લાકડા. શેઠિયાઓએ ધોળા બાંધ્યા હોય અને સુખડ લઈને સામે આવ્યા હતા. અમે ત્યાં ગયા એટલે પછી તરત પાલખી પણ આ ચીજ નહિ, હોં! અરે..! એને શી રીતે મેળ કરવો? એમને મળી નહોતી અને શાસ્ત્રમાંથી ગોતે તો નીકળે એવી નહોતી. સમજાણું કાંઈ? એની વ્હોરવાની ક્રિયા, વ્હોરવા ગયા હોય અને દાણો મગનો પડ્યો હોય, એકલો બાજરાનો, ઓસરી ઉપર, બાઈ ઊભી થઈ હોય, નિર્દોષ આહાર પાણી હોં! આ મગનો દાણો બેન આવ્યો, અમારે ન ખપે હવે. બહાર જ નીકળી જાય. આ તો અત્યારે ઉઘાડે છોગે (ચોકા કરે). બહુ લખ્યું છે એણે બિચારાએ હોં! આમંત્રણ આપે, એને માટે કરે. ભાઈ! આ માર્ગ

નહિ, આ વીતરાગનો માર્ગ નહિ. માર્ગ હોય એ પ્રમાણે માર્ગ હોવો જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? એણે દિગંબરનું પણ નાખ્યું છે. તેરાપંથીનું પણ નાખ્યું છે. .... પણ આમાં તો કાંઈ બીજું નથી. કોણે એવો માર્ગ કાઢ્યો છે કે પાણીમાં રાખ નાખીને અચિત બનાવવું. પણ ઈ તો ઈનું ઈ થયું. હવે તો એમ કે તેરાપંથીમાં ચૂનો નાખીને અચેતન બનાવે છે. એટલે ચૂનામાં કાંઈક શક્તિ છે ને એવું બધું... પાણીમાં નાખીને. પણ એ બધા સાધુ માટે નાખે, બાપુ! ઈ માર્ગ નથી. સમજાણું કાંઈ? શું કરવું ત્યાં? આવું થાય એને સાધુ ન માને તો (કહે છે), તમે માનતા નથી. બાપુ! માર્ગ હોય એમ હોયને, ભાઈ! આહા..હા..!

જુઓને! એક આત્માનું સામર્થ્ય તો જુઓ, કહે છે. જેને આનંદસ્વભાવનું ભાન થયું એવું સ્વસંવેદનજ્ઞાન એના સામર્થ્યને લઈને અજ્ઞાનીઓ જે ભોગ ભોગવે, અરે..! શુભભાવને વેદે જ્યારે ત્યારે પણ એને સ્વામીપણે, ધણીપણે, ઝેરપણે ભોગવે છે. જ્ઞાનીને, એ જ ઉદયને ભોગવતો છતો પણ '**અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા...**' આહા..હા..! ક્યાંય એને રાગમાં ચેન પડતું ન હોય. ધર્મી સમકિતી હોય, ભલે છન્નુ હજાર સ્ત્રી હોય, ક્યાંય ચેન પડતું નથી મને. મને ક્યાંય મન જામતું નથી હોં! તમે એમ ધારો, સ્ત્રીઓ કે મને રાગ થાય અને તમને આદરુ છું, પણ એ રાગને લઈને છે, હોં! મારામાં રાગનોય આદર નથી. સમજાણું કાંઈ?

શાંતિનાથ ભગવાન જ્યારો ગૃહસ્થાશ્રમ છોડી સાધુ થાય છે, હવે ઈ તો કેવા..? કામ, કામ, કામદેવ. શાંતિનાથ ભગવાન તો કામદેવ. છ ખંડમાં એના જેવું રૂપાળું કોઈ નહિ. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, ત્રણ. એક તો કામદેવ, બીજા તીર્થંકર, ત્રીજા ચક્રવર્તી. ત્રણ તો પદવી જેની. શલાકાપુરુષ. ઓહો..હો..! એ જ્યારે.. આત્માનું ભાન તો છે, ત્રણ જ્ઞાન તો લઈને આવ્યા છે, પણ અંતરમાં જ્યાં વૈરાગ્ય ઊછળે છે, એ છન્નુ હજાર સ્ત્રીઓ જંટિયા તાણતી પાછળ આવે છે, બહેનો! હું અત્યાર સુધી રહ્યો હતો એ તમારા આમંત્રણને લઈને નહિ. અમારામાં રાગ હતો માટે (રહ્યા હતા). એ મારો રાગ મરી ગયો છે. હવે હું (રાગ) મરી ગયો એને જીવતો શી રીતે કરશો તમે? બસ કરો, બસ કરો. આહા..હા..! અમે અમારા આત્મસાધન માટે એકલા વનમાં જઈને સાધશું. અમારે કોઈની જરૂર છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવું તો ચારિત્રબળ પ્રગટ્યું. આ તો હજી ચારિત્ર પહેલા પણ જ્ઞાનનું સામર્થ્ય આટલું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાઈ! જ્ઞાન એને કહીએ કે જે સ્વરૂપનું વેદન થઈને પૂર્ણાનંદનો સત્કાર કરે, આદર કરે અને જેમાં રાગનો કણ અને રજકણનો આદર સપનામાં જેમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનની મીઠાશને લઈને ઉદયને ભોગવતો, ઝેરને.. આહા..હા..! કહ્યું નહોતું? આર્ય માણસને માંસ ન હોય. એને કોઈ ભૂખ બહુ લાગી હોય, એને ઉંદર જીવતા મારી અને

પકવે અગ્નિમાં અને ઈ એના મોઢામાં નાખે. આહા..હા..! એમ ધર્મીને ભોગનો ભાવ એ મરેલા ઉંદરને ખાવા જેવો દેખાય. અર..ર..ર..! ભાઈ! એ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ કોઈ પક્ષની વાત નથી. હોય તો ચૈતન્યના પક્ષની વાત છે. આહા..હા..! ઉદાસ.. ઉદાસ.. સમકિતી આખા જગતથી ઉદાસ છે. વિકલ્પથી માંડીને બધી ચીજથી ઉદાસ છે. મારું સ્થાન ક્યાંય નથી. જ્યાં છું ત્યાં રાગ અને પરસ્થાન નથી અને પરસ્થાન છે ત્યાં મારું સ્થાન નથી. આહા..હા..! બાપુ! ધર્મ, ધર્મદૃષ્ટિ આવી હોય છે. સમજાય છે? બીજી રીતે ખતવે અને માને, છેતરાઈ જશે, ભાઈ! આ ભવ ચાલ્યો જશે અને પાછો આવો ભવ નહિ મળે. આહા..હા..! એક સમય પણ જેની મહા કિંમત છે. શ્રીમદ્ કહે છેને, અરે..! મનુષ્યપણું એક કૌસ્તુભ મણિની કિંમત કરતાં પણ મહા કિંમતી છે. એને અરે..! જીવો! ક્યાં તમે એળે ગુમાવો છો? સમજાણું કાંઈ?

અહીં જ્યાં જ્ઞાની, અજ્ઞાની જેને ભોગવે એને એ જ જ્ઞાની ભોગવે, કહે છે. આહા..હા..! હજી તો અજ્ઞાનીને વળી અઘાતિ થોડું હોય તો થોડી સામગ્રી હોય અને જ્ઞાનીને પુણ્યનો યોગ હોય તો મોટી સામગ્રી જબ્બર હોય, અબજો રાણીઓ અને ઈન્દ્રાણીઓ.. આહા..હા..! પણ જ્ઞાનના સામર્થ્યને લઈને, **'અમોઘ જ્ઞાનના સામર્થ્ય...'** એમ કીધું છેને? રામબાણ જ્ઞાનનું સામર્થ્ય છે અંદર. લુખ્ખુ લુખ્ખુ લુખ્ખુ.. અરે..રે..! આ શું? આ શું? આ શું? એમ લાગે. આ શું થાય છે આ? અરે..! આ ઉપસર્ગ શું આવે છે? ચુનીભાઈ! .. આમ છે આ. આહા..હા..! ભાઈએ નથી લખ્યું, સોગાની, વિકલ્પ આવે તો જમનો દૂત ભાળે છે ઈ. ભાઈ! એમ લખ્યું છેને. એની ભાષા બરાબર છે પણ લોકોને ઝીરવાણી નહિને, કેટલાક બિચારા ચડ્યા ઓલાએ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— રાગ છે, રાગ છે. આહા..હા..! આત્માના આનંદથી વિરુદ્ધ દશા છેને, ભાઈ! હો ભલે, પણ એ છે તો દુઃખ. જમનો દૂત આવ્યો એમ દેખાય, કહે છે. આહા..હા..! રતિભાઈ! આવે છે એમાં? તમને તો આપ્યું છે. કહો, સમજાણું આમાં? આહા..હા..!

**'અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા...'** એટલે શું? જેને જ્ઞાનમાં સ્વભાવનો સ્વાદ આવ્યો છે. સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનનો સ્વભાવનો સ્વાદ આવ્યો છે. આહા..હા..! તેથી એને રાગનો સ્વાદ આવતો નથી. કહ્યું હતુંને? મા અને બહેન, માની ઉંમર ચાલીસ વર્ષની હોય અને છોકરાની વીસની હોય. આહા..હા..! એ માંના અવયવો જોવાની પણ નજર ઊંચી ન થાય, એને વિષય લેવાની વૃત્તિ તો કેમ હોય? આહા..હા..! એમ પરપદાર્થને પ્રીતિથી જોવાની જ્યાં દૃષ્ટિ નથી, ત્યાં એને ભોગવવામાં આનંદ અને ઠીક લાગે એમ છે નહિ કાંઈ. આ તો આત્માની રમતુંની વાતું છે ભાઈ! સમજાણું કાંઈ? એ ધર્મ કોઈ એવી ચીજ નથી કે સાધારણ માણસને

... ઓહો..હો..!

**'અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા...'** આહા..હા..! અરે..! અનંત કાળમાંથી આવ્યો ક્યાં? ક્યાં હતો? એ ક્યે સ્થાને હતો? ક્યા દુઃખમાં હતો? ઓહો..હો..! વેંત, દોઢ વેંતની પાતળી ઈયળ હોય અને એમાં પથરો માથે પડે પાંચ મણનો, ઈ અડધી દબાણી અને અડધી બહાર. એ સળવળે પણ નીકળી નહિ શકે. દબાઈ ગઈ છે. આહા..હા..! અને સુંવાળું શરીર. આહા..હા..! એમ અજ્ઞાની રાગમાં દબાઈ ગયો છે આખો. જ્ઞાની રાગમાંથી ખસીને આત્મસ્વભાવમાં દબાણો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગના કણમાંથી નીકળવાની સ્વભાવની એકાગ્રતાથી પ્રયત્ન કરે છે, રાગને રાખવાનો નહિ. સમજાય છે કાંઈ? એટલે પ્રયત્ન તો સ્વભાવ સન્મુખ ચાલુ જ છે. ધર્મીનો પ્રયત્ન અને વીર્ય તો સ્વભાવ સન્મુખ ચાલુ જ છે. આડુંઅવળું કરવું એવું એમાં નથી કાંઈ. આહા..હા..! એ નિર્વિકલ્પતા થાઓ કે સવિકલ્પ હો, પણ પ્રયત્ન તો સ્વભાવ સન્મુખ ચાલુ જ છે. આહા..હા..! અને જ્યારે એને મરણના ટાણા આવે, દેહને છૂટવાના કાળ આવે એના, આહા..હા..! જોરદાર પ્રયત્ન સ્વભાવ સન્મુખ ચાલતો હોય છે એને. સમજાણું કાંઈ? કાં તો નિર્વિકલ્પતામાં દેહ છૂટે અને કાં વિકલ્પ સહિત હો પણ સ્વની દૃષ્ટિ ખસે નહિ એ રીતે છૂટે. આહા..હા..! સમજાણું કાંઈ? ભવના અંત લાવવાનો છેડો, ત્યાં ભવના અભાવના ભાવમાં એ દેહ છોડે. સમજાણું કાંઈ? પણ એ પહેલેથી કર્યું હશે એને ઈ આવશે. આહા..હા..! નહિતર તો ઓલા સરવાળા નાખ્યા હશે એ આવશે સરવાળો એનો. આહા..હા..!

કહે છે, **'અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા...'** અમોઘ શબ્દ વાપરીને (એમ કહે છે કે) એ જ્ઞાનનું સામર્થ્ય સફળ છે. આહા..હા..! સ્વભાવ સન્મુખની દશાનું જ્ઞાન એને રાગના વેદનમાં ઝેર દેખાય છે. એથી રાગાદિનો અભાવ છે. એને રુચિ છે નહિ. આહા..! **'કર્મોદયની શક્તિ રોકાઈ ગઈ...'** છે. જ્ઞાનના સામર્થ્યના સ્વભાવની આગળ કર્મના ઉદયની શક્તિ રોકાઈ ગઈ છે કે જેથી એની શક્તિ આત્માને રોકે અને બંધ થાય એવું રહેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કરવાનું હોય તો આ કરવાનું છે એમ કહે છે. આહા..હા..! પહેલેથી પ્રભુ ચૈતન્યમૂર્તિ ભગવાન પરમાત્મા જેવડો. આ પર્યાયે પૂર્ણ થઈ ગયા, આ સ્વભાવે પૂર્ણ છે. એની સન્મુખતાની દૃષ્ટિનો અનુભવ એને રાગના વેદન હોતા નથી, આનંદનું વેદન છે કહે છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :—'** ધણી મરી જાયને ત્યારે બાઈને કાંઈ ન હોય, છોકરો ન હોય, એકાદ હોય તોપણ સાધન ન હોય, ઈ પછી રોતી હોય બાઈ, આહા..હા..! આ બધું સાંભળેલું, જોયેલું. હોં! એ વખતે વિચાર આવતા કે ઓહો..હો..! અરે..રે..! અમને દોરડી નાખીને કૂવામાં ઉતાર્યા અને દોરડી છેદી. એમ કહે. ભાષા કાંઈક બીજી હશે. કૂવામાં ઉતારી... શું ભાષા

કહે છે? વરત વાઢયા એ ... રોવે. ભાઈ! અમે તો ૫૭માં જોયેલું બધું. (સંવત) ૧૯૫૭ની સાલમાં. આહા..હા..! કૂવામાં ઉતારી દોરડે પછી દોરડા કાપ્યા, અમારે ક્યાં જાવું હવે અહીંથી? એમ કહે. એ.. પોપટભાઈ! અહીં કહે છે કે મિથ્યાત્વે સંસારના દોરડા પાપમાં નાખ્યા, રખડવાના. સમજાણું કાંઈ? સમકિતીએ દોરડા તોડી નાખ્યા. સંસારના દોર તૂટી ગયો છે આખો. આહા..હા..! એમ કહે છે. ભાઈ! આ તે કંઈ વાત છે, ઈ ભાવ છે એવો. એવું સ્વરૂપ—સ્વભાવ છે એવો. આ..હા..! દુનિયાને બેસે, ન બેસે, બીજા સાથે મેળ ખાય, ન ખાય એથી કંઈ વસ્તુ બદલી જાય? અને માનનારા થોડા નીકળે..

મુમુક્ષુ :— એક્કેય ન નીકળે.

ઉત્તર :— ઈ પણ ન નીકળે, પુણ્ય ન હોય તો. એથી કાંઈ વસ્તુ બીજી થઈ જાય? આહા..હા..! એના સ્વપ્નામાં પણ ભણકાર ઈ વાગતા હોય, એને બીજી ચીજ કેમ રુચે? સમજાણું કાંઈ? દુનિયા દેખે કે આમ કરે છે ને આમ છે ને ... પણ અંદર બીજી વાત હોય. આહા..હા..!

**'ભાવાર્થ :— જેમ વૈદ્ય મંત્ર, તંત્ર, ઔષધ આદિ પોતાની વિદ્યાના સામર્થ્યથી વિષની મરણ કરવાની શક્તિનો અભાવ કરે છે...'** ઝેરની શક્તિને, સોમલને મારે છે. સોમલને મારીને ખાય છે. વૈદ્ય આપે મરેલો સોમલ. મરેલો સોમલ કહેવાય.... સોમલ આટલો લઈ લ્યો, હવેથી દરરોજ અને એમાં નવટાંક પાશેર ઘી પી જજો. બીશો નહિ, પચશે કે નહિ. એમ કહે વૈદ્ય. પચી જશે ઘી. કફ નહિ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! એમ અહીંયા કહે છે, જ્ઞાનીએ તો વિષ મરવાની શક્તિનો અભાવ કરી નાખ્યો છે. **'વિષ ખાવા છતાં તેનું મરણ થતું નથી,...'** આહા..હા..!

એક આવ્યો હતો છોકરો ભાઈ આપણે, ૧૯૯૦ની સાલમાં, રાજકોટ. એનું મોટું ... છોકરો જુવાન. ઈ પહેલેથી એને કોઈ સર્પ... જંગલમાં જાતો, એના કોઈ બાવા હશે, પડકા લાવીને એની જીભે અડાડે. એના જીભમાં પદ્મ હતું. એટલે પડકા અડાડે, પડકા સમજ્યાને? નાના સર્પ, એનું ઝેર ન ચડે. ઈ છોકરો મારી પાસે આવતો. જુવાન હતો પણ ગમે ત્યાંથી.. પછી એની મોટી ... રાત્રે બતાવવામાં, ઘણા માણસો બેઠા, ત્રણેક હજાર. પછી મને કહેતો, છોકરો જુવાન હતો, અઢાર-વીસ વર્ષની ઉંમર, મને ઝેર ચડતું નથી સર્પનું. કેમ? કે જો કરડ્યો હોય ત્યાં જીભ આમ ફેરવું તો ખલાસ થઈ જાય. જીભમાં કંઈક હતું. પછી એને રાતે પૈસા લઈને ઓલું કર્યું હતું, શું કહેવાય? દેખાવ નાટક. અને એક વોરો જંગલમાંથી સર્પ લઈ આવ્યો. રાજકોટમાં. આ ૯૦ની સાલની વાત છે. ખબર ન હોય તમારે, ઘણા વર્ષ થઈ ગયાને. વોરો હતો એક લોટિયો. જંગલનો સર્પ લઈ આવ્યો. એને આમ કરડાવ્યો. મૂર્છા આવી ગઈ. એણે કીધેલું પહેલેથી, મરીશ નહિ. યાદ રાખજો મરીશ નહિ. ગમે તેવો

સર્પ હશે પણ મારું મરણ નહિ થાય. થોડો વખત થયો ત્યાં જાગ્યો. પછી પાછો મારી પાસે આવ્યો હતો ન્યાંથી. દિવાન.. છેને? .. ઉપાશ્રય દિવાનનો, સદરનો. ત્યાં આવ્યો હતો પાછો. કેમ છે? ... આકરો સર્પ હતો. મરું નહિ, એનાથી મરું નહિ. મારી જીભમાં પદ્મ છે. ... એમ આ ચૈતન્યના જ્ઞાન, ભાન છે એના પદ્મ છે એને. ચંદુભાઈ! આ તો જોયેલું હોં! ભાઈને વાત કરી હતી તે દિ'. આવ્યો હતો મારી પાસે. તે દિવસે વાત કરી હતી. પહેલા પણ આવ્યો હતો અને પછી હમણાં રૂપિયા એને મળ્યા. જોવાના, આઠ આના, બાર આના એક એક માણસ દેતા. લક્ષ્મીદાસ પીતાંબર તે દિ' ત્યાં હતો. પોરબંદરવાળો. ઘણા પૈસા એને મળ્યા, માણસો બહુ જોવા આવ્યા. આકરો. આકરો સર્પ હતો મહારાજ. મૂર્છા થોડી આવી ગઈ. પણ મેં કીધું હતું, હું મરીશ નહિ. મને બીજું કરશો નહિ ક્યાંય. મરી ગયો જાણીને બાળશો નહિ. ૯૦ની વાત છે. એમાં આવ્યો બીજે દિ', જરીક ઘેન છે, જરીક ઘેન છે.

એમ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને જગતના ઝેર જરીયે ચડતા નથી, કહે છે. આહા..હા..! જ્ઞાનરૂપી સમ્યક્ વેદન છે ત્યાં. આહા..હા..! નાની ઉંમર તે દિ'. નાની ઉંમરથી ... અને એ બાવા સાથે એને.. જીભ જોઈ એમાં કાંઈક દેખ્યું. એ બરડા લાવીને કરડાવતા મને. જીભ અડાડે સર્પની. એમ કરતા કરતા કાળા નાગ ચડાવ્યા પછી. ચડે નહિ. સમજાણું કાંઈ? આ શેની વાતું ચાલે છે આ? અમોઘ સામર્થ્યની વાત ચાલે છે. આહા..હા..! ઈ તો દાખલા છે.

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માના ભાન જ્યાં થયા, જ્યાં વેદનમાં એકલું જ્ઞાન આવ્યું, રાગનું વેદન જ્યાં ઝેર જેવું જુદું પડી ગયું. આહા..હા..! એવા જ્ઞાનના સામર્થ્યથી '**કર્મોદયની બંધ કરવાની શક્તિનો અભાવ કરે છે...**' સમજાણું કાંઈ? આહા..હા..! '**તેથી કર્મના ઉદયને ભોગવવા છતાં...**' ભોગવવા છતાં એમ જ લેવાયને? સંયોગમાં દેખાય, એ જાતનો સંબંધ.. '**જ્ઞાનીને આગામી કર્મબંધ થતો નથી.**' આહા..હા..! '**આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનનું સામર્થ્ય કહ્યું.**' સમ્યગ્જ્ઞાનનું આવું સામર્થ્ય છે. આહા..હા..!

૧૯૬. '**હવે વૈરાગ્યનું સામર્થ્ય બતાવે છે :—**' આ અસ્તિ જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણ એનું જ્ઞાન થયું જ્ઞેય બનાવીને એનું આવું સામર્થ્ય છે. હવે પરથી હઠેલો ભાવ રાગના વિકલ્પથી ખસી ગયેલો ભાવ એને વૈરાગ્ય કહે છે. પહેલું અસ્તિનું જ્ઞાન કરાવ્યું. અસ્તિમાં રાગની નાસ્તિનો વૈરાગ્ય થઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને વૈરાગ્ય કહીએ. વૈરાગી એટલે આ બાયડી, છોકરા છોડ્યા અને દુકાન છોડીને બેઠા ઈ વૈરાગી. ઈ વૈરાગી નહિ. જેને પુણ્ય અને પાપના વિકલ્પને એકરૂપ જાણી ત્યાંથી પડખું ખસી ગયું છે. આહા..હા..! પુણ્ય અને પાપના વિકલ્પને એકરૂપ ઝેરરૂપ જાણી જેનું જ્ઞાન અને દૃષ્ટિ ત્યાંથી ખસી ગઈ છે. એને વૈરાગી કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આમ તો અન્યમતિના બાવા નાગા

ફરે છે ઘણા. વૈરાગ્ય નથી, એને વસ્તુની જ ખબર નથી કે અસ્તિ શું છે. અને અસ્તિની ખબર વિના રાગની નાસ્તિની પણ એને ખબર નથી. આહા..હા..! એ જોયેલો નાગા બાવાને. ત્યાં અમારે બોટાદ હતા. એક ફેરી વ્યાખ્યાન ચાલતું હતું ખરુંને. ... ચાલો જોવા. મૂળચંદજી સાથે હતા, મૂળચંદજી સાથે હતા. હળવદને રસ્તે ગયા હતા. ત્યાં અમે ગયા તો.. મહારાજ! આવો આવો, આવો. પધારો મહારાજ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ-૨, મંગળવાર, તા. ૬-૦૩-૧૯૭૩**
**ગાથા-૧૯૫, ૧૯૬, શ્લોક-૧૩૫ પ્રવચન-૩૩૫**

નિર્જરા એટલે શું? કે આ આત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ છે એવું જ્યાં અંતર્મુખ થઈને ભાન થાય એને અહીંયા ધર્મ કહેવામાં આવે છે. અનાદિથી રાગના વિકલ્પની એકતા એ મિથ્યાત્વભાવ છે. એને લઈને અનંત સંસારનું બંધન ક્ષણે ક્ષણે થયા કરે છે. એની બુદ્ધિ રાગથી ઉઠી જઈ, જેને ધર્મ કરવો હોય એને શું કરવું ઈ વાત છે, એને ધર્મી એવો આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ એની દૃષ્ટિમાં જ્યાં આનંદ તે ઉપાદેય છે, અતીન્દ્રિય આનંદ એ આદરણીય અને આશ્રય કરવાલાયક અને ઉપાદેય છે. એને રાગ ને વર્તમાન પર્યાય પણ નિશ્ચયથી તો દૃષ્ટિમાં હેય છે, ઉપાદેય નથી. સમજાણું કાંઈ? એને નિર્જરા થાય એટલે શું? કે વસ્તુનો આનંદ જ્યાં અંતરમાં દૃષ્ટિમાં આવે ત્યારે આનંદના ઉપાદેયને લઈને એને રાગાદિના ભાવમાં ઉપાદેયબુદ્ધિ રહે નહિ, એથી એને શુદ્ધતા અંતરમાં વધતી જાય, પર્યાયની વાત છે હોં આ. અને અશુદ્ધતા ઘટતી જાય, કર્મ ગળતું જાય એને અહીંયા નિર્જરા કહે છે. આમ અવપાસ કરે અને તપથી નિર્જરા થાય એ નહિ. એ તપ પણ નહિ અને એ નિર્જરા પણ નહિ.

ભગવાન અધિકપણે જ્યાં આનંદપણે રાગથી ભિન્ન પડીને અંતરમાં શુદ્ધ ચૈતન્યઘનમાં અધિકપણાનું જ્યાં માપ અંદરમાં આવ્યું એથી એને શુદ્ધતા વધતી જાય છે. એને તપ અને એને નિર્જરા કહેવામાં આવે છે. આવી વ્યાખ્યા છે. નિર્જરાના ત્રણ પ્રકાર કહ્યા હતા. શુદ્ધ

સ્વરૂપ પ્રભુ, જેની એને લગની લાગી અંદર એની લગનીમાં શુદ્ધતા... કેમકે આત્મા શુદ્ધ સ્વરૂપથી ભરપૂર ભરેલો જ છે. એની અંતર દૃષ્ટિમાં શુદ્ધ સ્વભાવનો જ્યાં આદર થાય ત્યારે એને શુદ્ધતા પ્રગટ થઈને શુદ્ધતા વધતી જાય. એને નિર્જરા કહે છે. શુદ્ધતા વધે એને નિર્જરા કહે છે. અને અશુદ્ધતા ઘટે એને નિર્જરા કહે છે અને એનું નિમિત્ત કર્મ એ વખતે ઝરવું, ખરવું થાય એને જડની નિર્જરા કહેવામાં આવે છે. આ નિર્જરાના ત્રણ પ્રકાર છે. સમજાણું કાંઈ?

જેને આત્માના આનંદના સ્વાદની ઉપાદેયબુદ્ધિ નથી એને રાગના પ્રેમમાં ઉપાદેયમાં મિથ્યાત્વનો બંધ થઈ, જૂનું કર્મ આવે ઈ ભોગવે અને મિથ્યાત્વનો બંધ થઈને ખરી જાય છે. સમજાણું કાંઈ? નવું લાકડું બાંધતો (જાય છે). આહા..હા..! ધર્મીને આત્માના આનંદની ઉપાદેયબુદ્ધિ અંતર જાણીને પ્રગટ પર્યાયમાં થઈ છે, હોં! જ્ઞાનનું સામર્થ્ય કહ્યું હતુંને કાલે? ઈ જ્ઞાનનું સામર્થ્ય એટલે ત્રિકાળીનું નહિ. ત્રિકાળી જ્ઞાનસામર્થ્ય તો પરિપૂર્ણ છે. પણ એનો આશ્રય કરીને જે વર્તમાન દશામાં સમ્યગ્જ્ઞાનની શક્તિની વ્યક્તતા પ્રગટ વિશેષ થઈ એને અહીંયા જ્ઞાનનું સામર્થ્ય કહેવાય છે. એ પર્યાયની વાત છે આ. આહા..! સમજાણું કાંઈ? ત્રિકાળ જ્ઞાનનું સામર્થ્ય છે તો ધ્રુવ પડ્યું જ છે. પણ એ જ્ઞાનસ્વભાવ ચૈતન્ય ઝળહળ જ્યોતિ અતીન્દ્રિય આનંદના જ્યાં ઊછાળા મારે એવો એ સ્વભાવ જેનો દરિયો છે. એવી અંતરમાં દૃષ્ટિ થતાં શુદ્ધતા ક્ષણે ક્ષણે વધે, અશુદ્ધતા ઘટે, કર્મ બળે. એ ત્રણેને નિર્જરા કહેવામાં આવે છે. રતિભાઈ! ઓલા કહે કર્મ ગળે એ નિર્જરા. એમ નથી. કર્મ તો જડ છે. એ તો એને કાળે ગળે કે બંધાય, એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી.

એ અહીં કહે છે. પહેલું ૧૯૫માં જ્ઞાનનું સામર્થ્ય વર્ણવ્યું. એ આત્માનું અંતર આત્મજ્ઞાન સ્વરૂપનું જ્ઞાન, સ્વભાવનું જ્ઞાન, આત્મભાવનું જ્ઞાન. બીજું જ્ઞાન નહિ. આત્મભાવ જે સ્વભાવ ત્રિકાળ ધ્રુવ એને જ્ઞેય બનાવીને પરની સાવધાનીના જ્ઞેયને છોડી દઈને.. ઝીણી વાતો છે ભાઈ! ધર્મ કોઈ સાધારણ ચીજ નથી. ધર્મ થાય એને તો આખી દિશા બદલી જાય. એની દશામાં દિશા બદલી જાય. સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

જ્ઞાનના સામર્થ્યમાં ધર્મીજીવને, એ જ્ઞાન એટલે એકલું જાણપણું એમ નહિ, ત્રિકાળી આનંદકંદના નાથને અંદર પકડી અને જે જ્ઞાનની શાંતિ અને આનંદ સાથે જે વેદન આવ્યું એને અહીંયા જ્ઞાન કહેવામાં આવે છે. નવરંગભાઈ! આવું છે ઝીણું. એટલે માણસ કહે, ઓલા બિચારા કહેતા કે કાંઈક સોંઘું કરો. કઠણ બહુ માર્ગ. બાપુ! માર્ગ જ આ છે. કઠણ કહો, હળવો કહો, ઊંચો કહો, જે કહો તે માર્ગ તો આ છે. અને આ વિના એના જન્મ મરણના આરા નહિ મટે કોઈ દિ'. ચોર્યાશીના અવતારમાં એ દુઃખી છે. આનંદના નાથને જોયા વિના એકલા રાગને જોઈને અટકીને સંતોષાઈ ગયો છે એ દુઃખી છે. એને આત્માનું

અંતર સ્વરૂપ પૂર્ણ સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, નિત્ય સ્વભાવ, પરમભાવ આત્મભાવ એનું અંતરમાં જ્ઞાન થતાં એ જ્ઞાનનું એટલી સામર્થ્ય શક્તિ છે, પૂર્વના કર્મનો ઉદય આવે એને ભોગવતો જ નથી.

આમાં દાખલો આપ્યો છે, જયસેનાચાર્યમાં. ચોરને પકડે કોતવાલ. તલ્વ, તલ્વ એમ ભાષા વાપરી છે. તલ્વ એટલે શું? ગુનાનો પકડનારો. કોટવાલ આપણી ભાષા. એ કોટવાલ ચોરને ગધેડે બેસાડે, ગામમાં ફેરવે પછી અને પછી ગરદન કાપે. હોંશ છે ચોરને? ગધેડે બેસવાની, જેમાં નાગરવેલના પાન ચાવીને મોઢે લાલ થઈને ચમ ચમ, ચમ ચમ જોડા પહેરીને નીકળતો હોય બજારમાં, એ બજારમાં ગધેડે બેસાડીને પાછળ તલવાર (લઈને) ઊભો હોય, ધ્યાન રાખજે, આડીઅવળી નજર જાશે તો કાપી નાખીશ અને છેવટે પછી કાપે. એને હોંશ નથી એમાં.

એમ ધર્મીને આનંદના ઉપાદેયમાં ચારિત્રમોહના ઉદયમાં રાગાદિ થાય એમાં એની આદરબુદ્ધિ, ઉપાદેયબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? એ કોટવાલ એને ગધેડે ચડાવે છે. ચારિત્રમોહનો ઉદય જરી આવે છે. આહા..હા..! છૂટ્યો છૂટતો નથી, વેદવામાં આનંદ નથી અને આવ્યા વિના રહેતો નથી. આવી વાતું છે. ભારે આકરી. આહા..હા..! એ અહીં કહે છે. જ્ઞાનનું સામર્થ્ય. એટલે કે એની પર્યાયમાં અવસ્થામાં ત્રિકાળી ભગવાનને અવલંબીને જે સમ્યક્જ્ઞાન આનંદ સહિતની સાથે પ્રગટ્યું, વીર્ય સાથે, આનંદ સાથે, શાંતિ સાથે, સ્વચ્છતા સાથે, પ્રભુતા સાથે (પ્રગટ્યું) એ જ્ઞાનનું એટલું સામર્થ્ય છે કે કર્મના ઉદયને એ ભોગવતો નથી. ભોગવે છે એમ દેખાય છતાં કોટવાલે જેમ ગધેડે ચડાવ્યો છે એમ છે ઈ. સમજાણું કાંઈ? ભારે આકરો. ઈ બિચારા રાડ પાડે છે. ઈ કરતા ઓલો રજની બતાવે, રજનશી તમારો. સાંઈબાબા બતાવે. આહા..હા..! અરે..! ભાઈ! શું થાય? એ બધા અજ્ઞાની, જેને તત્ત્વની ખબર નથી. જેને આત્મા સર્વજ્ઞસ્વભાવી છે અને એ સર્વજ્ઞસ્વભાવી હોવાથી જેની પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ થાય એવડાને આત્મા કહીએ. સમજાણું કાંઈ? એવડો આત્મા છે એની જેને ખબર નથી, અને આત્માની વાતું કરે એ બધી લૂંટાવામાં છે. આહા..હા..!

એક સેકંડના અસંખ્યભાગમાં પરમાત્મા પોતે સર્વજ્ઞસ્વરૂપી, સર્વદર્શીસ્વરૂપી, પૂર્ણ આનંદસ્વરૂપી, પૂર્ણ બળસ્વરૂપી એવી એની પૂર્ણ શક્તિનો ભંડાર ભગવાન છે. સાક્ષાત્ પરમાત્મા, જિન સોહી આત્મા. એ આત્મા જિનસ્વરૂપ જ સાક્ષાત્ છે. એને પર્યાયમાં પ્રગટ થયું છે, આ શક્તિરૂપે એવડો જ છે. આહા..હા..! કહો, પોપટભાઈ! એ શક્તિની સામર્થ્યતાનું એને બળનું જોરની ખબર નથી કે એમાં કેટલું બળ છે. એ જ્યાં અંદરમાં પડી એ જ્ઞાનની પર્યાયમાં એટલી તાકાત, એટલું સામર્થ્ય આવ્યું કે રાગાદિને ભોગવવામાં દેખાય છતાં એ રાગ ઝરી જાય છે. સમજાય છે કાંઈ? એ કર્મના સંયોગોમાં દેખાય, એ કર્મની ઉદયની સામગ્રીના

ભીડામાં ભીડાતો દેખાય, છૂટતો જ જાય છે. આહા..હા..! જેને અંતરના આનંદના સ્વાદ આવ્યા છે, એની રુચિ અને એનું જ્ઞાન ક્યાંય થંભતું નથી, ક્યાંય રોકાતું નથી. જેને અંદર પરિણામ પ્રત્યે પણ ઉદાસ વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પૂર્ણાનંદનો નાથ જ્યાં દૃષ્ટિમાં આવે છે, એના જ્ઞાનના સામર્થ્યથી એનું કર્મ ગળી જાય છે, કહે છે. એ અસ્તિથી વાત કરી. હવે નાસ્તિથી કહે છે.

ધર્મીને પર પ્રત્યેનો ઉદાસભાવ હોય છે. ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હો, એનાથી પણ ધર્મી તો ઉદાસ છે. એને વૈરાગ્ય કહેવામાં આવે છે. રાગના કણમાત્રથી પણ જેની ઉપાદેયબુદ્ધિ ગઈ છે, હેયબુદ્ધિ થઈ છે એને રાગથી વિરક્તપણું વર્તે છે એને વૈરાગી કહેવામાં આવે છે. સમજાણું? આ હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. સમ્યગ્દૃષ્ટિ પૂર્ણ અસ્તિત્વના જોરે જે સમ્યક્જ્ઞાન થયું એના સામર્થ્યમાં એને કર્મનું બંધન હોતું નથી. અંશે ગણ્યું છે. જેટલે અંશે શુદ્ધિ પ્રગટી એટલે અંશે એને બંધ પહેલા જે બંધ હતો એટલો બંધ એને છે નહિ. જયસેનાચાર્યમાં જરી એવું લીધું છે. સર્વથા નહિ. એને ... કરેને થોડી. જેટલે અંશે શુદ્ધતાના અંશો નિર્મળ પ્રગટ્યા એટલે અંશે એને બંધન એનાથી થતું નથી. થોડો રાગ રહે, બંધન હોય એને અહીં ગૌણ ગણીને બંધન નથી એમ કહ્યું છે. એમાં ખુલાસો કર્યો છે ટીકામાં. યાવત્ જાવત્ અંશે રાગરહિત છે એટલે અંશે એ બંધરહિત છે. જેટલે અંશે રાગ છે એ પૂર્ણ ટાળશે ત્યારે પૂર્ણ વૈરાગી થઈને પૂર્ણ બંધનરહિત થશે. ભારે આકરી વાત.

---

## ગાથા-૧૯૬

अथ वैराग्यसामर्थ्यं दर्शयति –

जह मज्जं पिबमाणो अरदीभावेण मज्जदि ण पुरिसो।
दव्वुवभोगे अरदो णाणी वि ण बज्झदि तहेव।।१९६।।
यथा मद्यं पिवन् अरतिभावेन माद्यति न पुरुषः।
द्रव्योपभोगेऽरतो ज्ञान्यपि न बध्यते तथैव।।१९६।।

यथा कश्चित्पुरुषो मैरेयं प्रति प्रवृत्ततीव्रारतिभावः सन् मैरेयं पिबतपि तीव्रारतिभावसामर्थ्यात माद्यति, तथा रागादिभावानामभावेन सर्वद्रव्योपभोगं प्रति प्रवृत्ततीव्रविरागभावः सन् विषयानुपभुञ्जानोऽपि तीव्रविरागभावसामर्थ्यात बध्यते ज्ञानी।

હવે વૈરાગ્યનું સામર્થ્ય બતાવે છે :-

જયમ અરતિભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી,
દ્રવ્યોપભોગ વિષે અરત જ્ઞાનીય બંધાતો નથી.૧૯૬.

ગાથાર્થ :- [यथा] જેમ [पुरुषः] કોઈ પુરુષ [मद्यं] મદિરાને [अरतिभावेन] અરતિભાવે (અપ્રીતિથી) [पिबन्] પીતો થકો [न माद्यति] મત્ત થતો નથી, [तथा ए] તેવી જ રીતે [ज्ञानी अपि] જ્ઞાની પણ [द्रव्योपभोगे] દ્રવ્યના ઉપભોગ પ્રત્યે [अरतः] અરત (અર્થાત્ વૈરાગ્યભાવે) વર્તતો થકો [न बध्यते] (કર્મોથી) બંધાતો નથી.

ટીકા :- જેમ કોઈ પુરુષ, મદિરા પ્રત્યે જેને તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે એવો વર્તતો થકો, મદિરાને પીતાં છતાં પણ તીવ્ર અરતિભાવના સામર્થ્યને લીધે મત્ત થતો નથી, તેમ જ્ઞાની પણ, રાગાદિભાવોના અભાવથી સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે જેને તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે એવો વર્તતો થકો, વિષયોને ભોગવતાં છતાં પણ, તીવ્ર વૈરાગ્યભાવના સામર્થ્યને લીધે (કર્મોથી) બંધાતો નથી.

ભાવાર્થ :- એ વૈરાગ્યનું સામર્થ્ય છે કે જ્ઞાની વિષયોને સેવતો છતો પણ કર્મોથી બંધાતો નથી.

## ગાથા-૧૯૬ ઉપર પ્રવચન

હવે અહીં વૈરાગ્ય (કહે છે). ૧૯૬.

जह मज्जं पिबमाणो अरदीभावेण मज्जदि ण पुरिसो।
दव्वुवभोगे अरदो णाणी वि ण बज्झदि तहेव।।१९६।।

નીચે (હરિગીત).

જયમ અરતિભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી,
દ્રવ્યોપભોગ વિષે અરત જ્ઞાનીય બંધાતો નથી. ૧૯૬.

આ તો અગમ્યગમ્યની વાતું છે. એણે કોઈ દિ' એ રસ્તો લીધો નથી. પ્રવીણભાઈ! કારખાનામાં જાય અને હોંશ થાય એ બધું કર્યું છે, કહે છે. પણ અંદર કારખાનામાં જવાની હોંશ કરી નથી.

મુમુક્ષુ :—

ઉત્તર :— મોટા કોને કહેવા? મોટા આઠ વર્ષના બાળક પણ મરી જાય છે. આહા..!

તેર વર્ષનો હમણાં છોકરો નહોતો કહેતા? ભાવનગરવાળા. ભાવનગરવાળા નહિ એક? દડવાવાળા નહિ? તેર વર્ષનો. ૨૦૦૮ની સાલ. શું કહેવાય ઈ? આવ્યા હતા ઈ. એનો આહાર હતો. દડવાવાળા નહિ? હમણાં જ થયું, થોડા વખત પહેલા, મહિના પહેલા. બે મહિના, ત્રણ મહિના પહેલા. ઈસ્પિતાલમાં મૂક્યો, આમ ઠીક થયું પણ એક દિ' લાવ્યા ત્યાં પાછો તાવ આવ્યો. ઊડી ગયો. એમાં ઉંમરને ક્યાં છે આમાં? મનસુખભાઈ છે કે નહિ? આ મનસુખભાઈ રહ્યા. એનો પણ દીકરો અઢાર વર્ષનો, લ્યો. ઉંમરનું ક્યાં આમાં છે? ઉંમર તો એની જેટલી નાની ઉંમર.. આત્મા તો અનાદિઅનંત છે અને આ હાડકાની ઉંમર છે. કોઈ પાંચ વર્ષ રહે, કોઈ દસ વર્ષ રહે, કોઈ વીસ વર્ષ રહે. લ્યો, એમનો દીકરો હતો. અઢાર વર્ષનો જુવાન. પાંચ દીકરી વચ્ચે એક દીકરો. એમાં એને જરીક કાંઈક હશે. નાકનું કાંઈક... હાલતોચાલતો. ક્લોરોફોમ કાંઈક આપ્યું ત્યાં શ્વાસ ચાલ્યો ગયો. ઊડી ગયો. ડૉક્ટરને એમ થયું કોણ છે આનો વાલી? મનસુખભાઈને પૂછ્યું. કેમ છે? ડૉક્ટરને કહે છે, મનસુખભાઈના જવાબમાં ઈ, એમ જ થવાનું હતું, એમાં કાંઈ તમે કર્યું નથી. આહા..હા..! એઈ..! આ મનસુખભાઈ બેઠા. આંખમાં પાણી નહિ હોં! આંખમાં આંસુ નહિ. પાંચ છોડી વચ્ચે છોકરો એક, અઢાર વર્ષમાં ઊડી ગયો. આમ હાલતોચાલતો જરીક કાંઈક કરીએને એટલે પરીક્ષામાં કાંઈક ઠીક પડે. ઈ કર્યું ... ડૉક્ટરો મુંઝાઈ ગયો બિચારો. ભાઈ! કોણ છે આના બાપ? વાલી કોણ છે? આ કહે, હું છું. કેમ છે? મુંઝાશો નહિ, ડૉક્ટર. એ દેહની સ્થિતિ એટલી જ રહેવાની હતી. ઈ ટાણે કામ આવે હોં! ટાણે કસોટીએ ખબર પડે કે આ કેવો છે. આહા..હા..! એકનો એક દીકરો. આ મનસુખભાઈ રહ્યા. જુઓ, થઈ રહ્યું. છોડ્યું છે બધી. આહા..હા..! ૫૨-૫૩ વર્ષની ઉંમર. એમાં શું છે પણ? દેહની સ્થિતિ તો ગર્ભમાં આવ્યો ત્યારથી અનિત્યપણે તો આવ્યો છે. ગર્ભમાં પણ ક્યારે ગળશે એની કાંઈ ખાતરી છે? આહા..હા..! દેહ આ તો હાડકા, ચામડાનો મેળો. એની મુદ્દત હશે એટલી રહેશે. અંદર આત્મા તો અનાદિઅનંત છે. દેહથી જુદી ચીજ છે એ તો. એ કંઈ નવી થાય છે અને ઉત્પન્ન થાય છે? અરે..! પણ ખબર ક્યાં? આ જગતની હોળી આગળ... આહા..હા..!

ત્રણલોકના નાથને રાગના પડદે પાછળ રાખ્યો. પોતે પરમાત્મસ્વરૂપ એને રાગની પડદા પાછળ રાખ્યો અથવા પર્યાયબુદ્ધિની આડે પર્યાયના આગળ પર્યાય વ્યક્ત છે અવસ્થા અને ઓલું અવ્યક્ત છે, વ્યક્તની આડે અવ્યક્તની સંભાળ લીધી નહિ. કરવાનું તો આ છે. બરાબર હશે? ચીમનભાઈ! તો આ બધું કે દિ' કરવું? આ કારખાનું ને...

મુમુક્ષુ :— નથી કરી શકતો.

ઉત્તર :— નથી કરી શકતો? ચીમનભાઈ! એને જે.પી. જે.પી. કહેવાયને? જે.પીની પદવી છે એની મુંબઈમાં. ધૂળમાં પણ કાંઈ નથી. પૂછડા છે બધા લાંબા. આહા..હા..! ત્રણ લોકના

નાથને રાગના પ્રેમની આડે એને પડદે રાખ્યો. સમજાણું કાંઈ?

ઘણા વર્ષની એક વાત છે. ખાનગી હતી. એક ડૉક્ટર હતો. પછી મિત્ર તરીકે દુકાને આવે અને પૈસા-બૈસા જોઈતા હોય તો આપીએ થોડા, ખાનગી, પાછો આપી જાય. એકવાર ન્યાં દુકાને ચડેલો. કોઈ નહોતું. એ મરી ગયા, અત્યારે તો બધું ખલાસ થઈ ગયું. હું દુકાને ગયો ત્યાં એના પડદાની પાછળ એક બાઈ. આ શું? આને બૈરાં નથીને. સમજાણું? સંતાડી રાખેલી. ભાઈ આવ્યા છે, કાનજીભાઈ આવ્યા છે. શરમાઈ જાયને. દુકાનની ઓલી હતીને. અને ડૉક્ટર હતો ત્યાંનો. છેલ્લી દુકાન હતી ઓલી કોર સામે. પડદા પાછળ. આ શું? હું સમજી ગયો. ઓહો..! આ હું આવ્યો છું એટલે ઢાંકી રાખ્યું છે. માણસ વ્યભિચારી લાગે છે, વ્યભિચારી. ગામની શેઠની શેઠાણી. હું જોઈ ગયો પડદા પાછળ. મને વાતે ચડાવી દીધો. મેં કીધું, મને વાતે ચડાવ તો હું તો જાઉં છું. અર..ર..ર..! બીજાની સાથે વાતું કરીને ઓલીને આડમાં રાખવું છે. એમ અનાદિથી આત્મા રાગના પ્રેમમાં પડ્યો ભગવાન આત્માને ભૂલી ગયો છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? મોટા શેઠની દીકરી હતી, દીકરી શું વહુ, ધણી મોટી ઉંમરનો હતો, બીજી વાર પરણેલો તો આવા ગોટા. અર..ર..ર..! તે દિ' કીધું, ગજબ છે આ! આડમાં શું કરે છે, આ પડદા આડે. આ તો દાખલો છે.

એમ અનાદિથી રાગના પ્રેમમાં વ્યભિચારી તરીકે રહ્યો, ભગવાન ચિદાનંદને આડમાં પાછળ રાખ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? જેને આત્માના આનંદના ભાનમાં આત્મા છે એને તો, કહે છે કે, આ શરીરાદિના સંયોગ અરતિભાવે દેખાય છે, દુઃખભાવે દેખાય છે. આહા..હા..! ખુલ્લો જ્યાં શક્તિમાંથી વ્યક્ત પ્રગટ કર્યો, હું તો આત્મા છું, હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા છું. હું રાગ પણ નહિ, શરીર પણ નહિ અને વાણી પણ નહિ. આહા..હા..! એ તે કંઈ વાત છે. એવું અંતરમાં ભાન થવું એને ધર્મ કહેવામાં આવે છે અને એ ધર્મ વડે જન્મ મરણના અંત આવવાના છે. બાકી થોથા કરી કરીને મરી જાય, અપવાસ ને ક્રિયાકાંડ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા એ બધા થોથેથોથાં છે, એકડા વિનાના મીંડા છે. પંડિતજી! આહા..હા..!

'**ટીકા :— જેમ કોઈ પુરુષ, મદિરા પ્રત્યે જેને તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે...**' જયસેનાચાર્યમાં તો એમ કીધું છે કે મદિરામાં કોઈ ઔષધિ નાખી છે. એમાં ઈ છે. ઔષધિ નાખીને.. કાલે નહોતું કહ્યું? કાલે કહ્યું હતું. અમેરિકામાં.. અમેરિકાને? અમેરિકામાં નહિ? ચંપકભાઈ, આપણા વઢવાણના.. દાદભાવાળા, ઈ ન્યાં ગયા હતા. કીધુંને? એમાં ઓલા વૈજ્ઞાનિકો હશે ઔષધને જાણનારા. એટલે એક ટોપલો વિષ્ટાનો લઈ આવ્યા પોણો મણનો. પાયખાનામાંથી વિષ્ટા વિષ્ટા લાવીને કહે, આમાંથી શિરો બનાવી દઈએ. અમારી પાસે એવા ઔષધ છે. એક ઔષધિ જ્યાં નાખી ત્યાં રંગ બદલી ગયો આખો. દુર્ગંધ મટી ગઈ. બીજી

એક ઔષધિ નાખી, લહલહતો શિરો. આ બનેલું છે. ઓલી વિદ્યા હોય છેને, ઔષધિ. શેઠ ખાવ હવે લ્યો. અરે..! અમે વિષ્ટા દેખી, અમે ખાઈએ. ગરીબને આપી દો. તમે કહો એટલા (પૈસા આપી દઈએ). ઔષધિ નાખી હોયને, એનું કાંઈક આપી દઈએ. ... આ ઔષધિના લઈ લ્યો. ગરીબોને આપી દ્યો. હવે નજરે જેને વિષ્ટા ભાળી એને શિરો તરીકે ખાય?

એમ જેને રાગ ને પુણ્યના પાપના ભાવ વિષ્ટા જેવા, ઝેર જેવા દેખાય એ એને અનુભવે? સમજાય છે કાંઈ? અરતિભાવે મદિરામાં એવું ઔષધ હોય કે મદિરાની શક્તિ જ ઊડી જાય. સમજાણું કાંઈ? અહીં બીજી વાત કરી છે કે જેને મદિરા પીવાનો ભાવ જ નથી. આપણે અહીં થાય છે જ્યારે સુવાવડ થાયને સુવાવડ ત્યારે કેટલાક દારૂ પાય વાણિયાને. આ તો પહેલા તો રિવાજ નહોતો, હવે જરી ગડબડ થઈ ગઈ બધી. પહેલા એવું નહોતું, સાંભળ્યું હતું. એવું કાંઈક હોય અને શરદી થઈ જાયને સુવાવડમાં તો ખાટલા હેઠે અગ્નિ રાખે. એવું કરતાં. આ તો પહેલાની વાત છે, સીત્તેર વર્ષ પહેલાની. પછી અત્યારે તો કોઈ ઠેકાણે એને દારૂ થોડોક આપે. પણ એને પ્રેમ ન હોયને એને, ફક્ત બીજાએ આપ્યો હોય અને ખ્યાલ કરાવવા નહિ જાય તો આ નહિ પીવે નહિતર, એટલે એને પ્રેમ નથી તો એ દારૂ પીવે છતાં એને દારૂ ચડે નહિ. કહો, પંડિતજી! રતિ અને પ્રેમ હોય તો દારૂ ચડે, કહે છે. આહા..હા..!

આ અફીણમાં એમ હોય છે. આ અફીણયા હોય છેને આ બધા? જોયું હતું અમે ત્યાં. રીબડા, રીબડા. રીબડાની વાત છે એક ફેરી. ૭૭ની સાલ, ૭૭. એક બાવો હતો બિચારો, ત્યાં ઉતરેલા. અફીણ ધોવાઈ ગયું હતું. સામે ગરાસિયાનો ... લ્યો, બાપા, રૂપાની રાબ, રૂપાની રાબ એટલે મોંઘું પડેને અફીણ. હવે તો અત્યારે મોંઘું થઈ ગયું છે. રૂપાની રાબ. પીધું. એક એવો મળ્યો મશ્કરીયો. એ તમારું અફીણ ઉતરી ગયું. એમ કહ્યું ત્યાં ચડ્યું નહિ. એઈ..! તમારે થયું એવું. અમે ત્યાં બેઠા હતા. અફીણ ચડ્યું નહિ. કેમકે ઓલો રસ ઊડી ગયોને અંદર. એમ ધર્મીજીવને આત્માના આનંદના ઉપાદેય, આદરણીય આગળ જગતના વિષય અને ઈન્દ્રના ઈન્દ્રાણીઓ પણ દેખીને એને પ્રેમ થાતો નથી. આહા..હા..! આ ધર્મી કહેવાય, ભાઈ! ધર્મી એટલે કંઈ વાતું કરે અને અંદરમાં રાગ અને પુણ્યનો પ્રેમ વર્તતો હોય, એ ધર્મી નહિ. સમજાણું કાંઈ? આ તો ધર્મ તો જન્મ મરણના અંત લાવે એ ધર્મ કહેવાય.

અહીં તો, મદિરા પીનાર '**તીવ્ર અરતિભાવે...**' જોયું? એકલો અરતિભાવે નથી લીધું. '**તીવ્ર અરતિભાવે પ્રવર્ત્યો...**' એવો વર્તતો થકો. એ વાણિયાની બાઈને પાય કોઈકને, પણ એને ચડે નહિ. ફક્ત ઓલી શરદી હોય વિશેષ, કીધા વિના પાણીની બદલે આપી દે. લો બા, પાણી લો પાણી. હોય જરી. બહુ શરદી થઈ જાયને. નીચે અગ્નિ, ખાટલા નીચે. અને બહુ ... એટલે આપે. ચડે નહિ એને. કેમકે એને પ્રેમ નથી એમાં. એમ ધર્મીને.. આહા..હા..! અરતિભાવે પ્રવર્ત્યો '**એવો વર્તતો થકો, મદિરાને પીતાં છતાં પણ, તીવ્ર**

**અરતિભાવના સામર્થ્યને લીધે...'** તીવ્ર અરતિભાવે પ્રવર્ત્યો એમ લીધું અને અરતિભાવના સામર્થ્યને લીધે **'મત્ત થતો નથી,...'** દારૂ ચડતો નથી.

**'તેમ જ્ઞાની પણ,...'** જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે, અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મજ્ઞાનમાં આત્માના આનંદનો જેને અનુભવ છે એને અહીં જ્ઞાની કહેવામાં આવે છે. જાણપણું ઝાઝું હોય અને બહુ આવડતું હોય ને કહેતા આવડતું હોય માટે જ્ઞાની એમ નહિ. સમજાણું કાંઈ? **'જ્ઞાની પણ, રાગાદિભાવોના અભાવથી...'** અને એને ચારિત્રમોહના ઉદયના ભાવમાં જેને પ્રેમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વેશ્યાનો દાખલો નહોતો આપ્યો એક ફેરી? વેશ્યા નહિ પણ બ્રાહ્મણી હતી, રૂપાળી બહુ. ધણી ધણીયાણી બે. ફરવા નીકળ્યા. નદીને કાંઠે શંકરનું કોઈ દેવળ હશે, છેટું બહુ આઘે. અમારે ત્યાં ઉમરાળામાં એમ છે. ધોળનાથ છે આગળ. એથી આગળ ફરવા નીકળેલા. રૂપાળી બહુ. એમાં એનો રાજા ગામનો એ પણ નીકળેલો ત્યાં. આ બાઈ એના ધણીને મૂકીને બીજે ઓરડે ભેટ્યા રાજા ત્યાં. રાજા મોહ્યો. બાઈને સાથે પ્રેમ કરું. બાઈને એમ થયું, અર..ર..ર..! એણે મારી નાખ્યો રાજાને. મારી નાખ્યો અને અહીં જ્યાં આવે, આ ઓરડે આવે ત્યાં એના ધણીને સર્પ કરડેલો. અને જંગલ. ગામથી દૂર બહુ છેટે. હવે? હવે એને ચોર આવ્યા, રૂપાળી. વેશ્યાને ત્યાં વેંચી. આહા..! એમાં એનો છોકરો વીસ વર્ષનો જુવાન પાંચ સાત વર્ષે આવ્યો. આને ખબર નહિ કે આ મારો દીકરો, એને ખબર નહિ કે આ મારી માં. આહા..હા..! પ્રેમ કર્યા પછી ખબર પડી. ભાઈ! તમે ક્યાંના છો? ... આપણને ક્યાં બહુ ખબર નથી. શેઠ! તમે ક્યાંના છો? એમ પૂછ્યું હશે. કે અમે આમ ફલાણાના છીએ. તમારા બાપ કોણ? ફલાણા. તમારી માં? માં તો વયા ગયા છે. ઈ કોણ નામ હતું? ઉદાસ.. ઉદાસ.. હાય.. હાય..! આ દીકરો, આ થયું. બળવા જાઉં. બળવા પડી. લાડકા સળગ્યા. સળગાવ્યા એમાં આવ્યું પાણી. તણાણી. પાંચ સાત ગાઉએ આમ મૂર્છામાં પડેલી મસાણમાં. નદીમાં મસાણ હોય છેને. ત્યાં ભરવાડ નીકળ્યો. આ શું? આ તો જીવતી બાઈ છે. ઘરે લઈ ગયો. શેક-બેક કરીને જીવતી કરી. જાગતી કરી, જીવતી તો હતી. એમાં એ દહી વેંચવા નીકળી, છાશ વેચવા. મોટું હાંડલું. બજાર વચ્ચે વાણિયાની દુકાનો. એમાં ઠેસ વાગી તો પડ્યું હેઠે ઓલું હાંડલુ. ઓલા કહે, બેન દાંત કેમ કાઢ્યા? બા! અરે..! શેઠિઆઓ શું કહું? 'નૃપ માર ચલી અપને પિયુસે, પિયુ સર્પ ડસ્યો ગુણીકા બની' કોની માંડુ હું? હું ધણી મર્યો એની માંડુ? રાજા મરી ગયો એની માંડુ? છોકરાએ વિષય લીધો એની માંડુ? મરવા ગઈ ત્યાં પાણીએ તાણી. અહીં આવી ત્યાં છાશ વેચવા નીકળી તો છાશ (ઢોળાઈ ગઈ). એ ઘણા વર્ષ પહેલા વાંચેલું. ભાવનગરમાં .. આ ૬૫-૬૬ની વાત છે, સંવત ૧૯૬૫-૬૬. હરખચંદજી હતાને, ઈ ગાતા. આહા..હા..!

અહીં તો ધર્મી કહે છે, હું કોની માંડુ? મેં તો અનાદિકાળના રાગનો રસિયો થઈને મેં

વિકાર સેવ્યા છે. મારો આત્મા હવે હાથ આવ્યો, હવે મને વિકારમાં રસ ઊડી ગયો છે. આહા..હા..! બાપુ! એવી વાતું છે. ધર્મ એટલે શું? ભાઈ! ધર્મ એટલે આત્માની શાંતિ પ્રગટે. ધર્મ એટલે શું? આત્માનો આનંદ ઝળકે. ધર્મ એટલે શું? આત્માની વીતરાગી પર્યાય પ્રગટ થાય. ધર્મ એટલે શું? શુદ્ધતાના વહેણલા વાગે અંદરમાં. એવી ધર્મીની દૃષ્ટિમાં કહે છે કે રાગાદિના ભાવનો અભાવ છે. ક્યાંય મન ચોંટતું નથી. જ્યાં જામ્યું છે ત્યાંથી ખસતું નથી અને ખસી ગયું છે ત્યાં હવે જામતું નથી. આહા..હા..! આવી ધર્મની રીતું છે. સમજાણું કાંઈ? લોકોએ બહારથી કલ્પ્યું છે કે અપવાસ કર્યા ને સામાયિક કરી ને પોષા કર્યા ને તપસ્યા કરી ને વરઘોડા ચડાવે. એ બધા વરઘોડા છે, વરગોળા. એ વરઘોડા બધા વરગોળા. આ વરઘોડે ચડ્યો. વર નામ આત્મા, અહો..! પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનનો સાગર પ્રભુ, એના જેના પ્રેમ થયા અને એમાં જેણે ડોકિયું માર્યું અંદરમાં, કહે છે કે જગતના કોઈ પદાર્થ પ્રત્યે હવે પ્રેમ થાતો નથી. એનું નામ ધર્મ અને એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ આવે એને ચારિત્રમોહના ઉદયને લઈને અને કોઈ શાતાના ઉદયને લઈને સામગ્રી હોય ઘણી, અશાતાના ઉદયને લઈને સામગ્રી ઘણી હોય, સાતમી નરક જેવી, લ્યોને. આહા..હા..! પણ રાગાદિનો અભાવ છે. ક્યાંય ચિત્ત ચોંટતું નથી. ચિત્તને ક્યાંય આશરો મળે એવી ચીજ તો આત્મા છે, બહાર તો આશરો મળે એવી કોઈ ચીજ નથી. આહા..હા..! આવો ધર્મ છે, બાપા! સંસારમાં પણ જુઓને જેને તીવ્ર પ્રેમ હોય, ભૂલી જાય છે કે નહિ? રાજાના કુંવરો પચ્ચીસ વર્ષના જુવાન અને રાજ માથે લશ્કર ચડી આવ્યું હોય, માથુ મૂકવા જાય. ભૂલી જાય, શરીરનું મારું શું થાશે. એક બાજુ તીવ્ર પ્રેમ થઈ ગયો છેને. માથુ કાપે તોપણ એની ખબર ન રહે એને. રાજ જાય છે મારું. આહા..હા..! જગતની ચીજવાળો પરના રસિકમાં રસિયો.. આહા..હા..!

સુરદાસની એક વાત આવે છેને? સુરદાસ. પહેલા વેશ્યાને ત્યાં ગયો હતો. સુરદાસની વાત આવે છે. વેશ્યાને ન્યાં (ગયો). પહેલા સુરદાસ નહોતો, બે આંખ્યું પછી ગઈને. એક સર્પ આમ ટીંગાતો હતો, એને હાથમાં લઈને ઈ વેશ્યાના ઘરમાં ગર્યો હતો. બારીએ. હેઠે રસ્તો નહોતો. હેઠે બધા માણસો. એટલે બાઈ ઉપર ખુલ્લુ એની પાસે જાવું, વેશ્યા પાસે. સર્પ લટકતો હતો એને દોરી માનેલી. સર્પ પણ બરાબર વીંટાઈ ગયેલો એના લાકડાના ... ઘોને આમ નાખેને, પછી એને દોરડું બાંધે એટલે ઘો ખસે નહિ ન્યાંથી, ચોંટી જાય. એમાં સર્પ કોઈ રીતે વળગેલો હશે. એક થોડો ઝાલીને બારીમાં ગરી ગયો. પછી વેશ્યાને ખબર પડી કે ઈ તો સર્પ હતો. પણ આ રસમાં ભૂલી ગયો. આહા..હા..!

એમ આત્મામાં જાગ્રત થયેલો જીવ, અહીં પ્રેમ છે એને જગતની કોઈ ચીજ પ્રેમ ઉપજાવતી

નથી. જગતની સારામાં સારી ચીજ એને લલચાવી શકતી નથી. અને ખરાબમાં ખરાબ ચીજ અને ઓગાળી શકતી, બાળી શકતી નથી. આહા..! સમજાણું કાંઈ? ભાઈ! ધર્મ કોઈ સાધારણ ચીજ નથી. સમજાણું? દયા પાળી કે વ્રત કર્યા કે આ કર્યા માટે થઈ ગયો ધર્મ. મરી ગયો છે અનંત કાળથી. એવું અનંત વાર એણે કર્યું છે. આ એણે આત્માની ચીજ પ્રભુ આનંદનો ધામ જ્યોતિસ્વરૂપ આનંદનો ધામ પરમાત્મા પોતે સ્વરૂપે છે એના જેને પ્રેમ અને રુચિ થઈ એને જગતની કોઈ રુચિમાં રાગ થતો નથી. આહા..હા..!

**'સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે...'** સર્વ દ્રવ્યો લીધા છે આમાં, જોયું? ભાષા કેવી છે. થોડા ઘણા નહિ પણ જેટલા દ્રવ્યો આત્મા સિવાય પર.. આહા..હા..! ભગવાન પ્રત્યેનો પ્રેમ પણ કેડ ભાંગી ગયેલી મીંદડી જેવો છે. મીંદડી હોય છેને મીંદડી? કેડ ભાંગી નાખી હોય, હાલે ખરી પછી, આમ આમ ઢસરડા કરીને પણ કસ ન મળે. એમ જેને આત્મા જ્ઞાનમાં ભાન થયો એની કેડ રાગની ભાંગી ગઈ છે. એ કેડ હવે ટટ્ટાર થઈને રાગ ચાલી શકે એવું ચાલી શકે નહિ. આહા..હા..! ચીમનભાઈ! આવી વસ્તુ છે આ. ન્યાં મુંબઈમાં ક્યાં મળે? હમણાં તો લાલભાઈ આવે છે ત્યાં. જાઓ છો કે નહિ? કો'ક દિ'. ક્યાં કહ્યું? બરાબર નથી કહ્યું. આ ચીમનભાઈને કહ્યું મેં. એની વાત નથી કરી. કહો, સમજાણું કાંઈ? જે.પી.ની પદવી (એટલે) જ્યાં ત્યાં લાકડામાં જાવું પડે. મોટપ સેવવા. આહા..હા..! ત્રણલોકનો નાથ મોટપ એના જેવી ચીજ મોટપ જગતમાં છે ક્યાં? આહા..હા..! જેના ચૈતન્ય ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એની મોટપ આગળ પરમાત્મા પણ જ્યાં હીન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે જેને તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે...'** આખા જગત પ્રત્યેથી ઉદાસ છે અને ચૈતન્યના આનંદમાં જેનો પ્રેમ જામી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કરવાનું આ છે. કરવાનું હોય જિંદગીમાં (તો આ છે). આ બધી પૈસા ને ધૂળધાણી ને આ ને આ...અરે..! વ્યવહાર પણ અનંત વાર કર્યા, દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને તપ. ધ્યાન પણ કર્યા અનંત વાર કલ્પિત, કલ્પિત. કહે છે, **'તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે...'** ઓલામાં એમ આવ્યું હતું, **'તીવ્ર અરતિભાવે પ્રવર્ત્યો છે...'** એમ આવ્યું હતું. એટલે આ લીધું **'તીવ્ર વૈરાગ્યભાવે પ્રવર્ત્યો છે એવો વર્તતો થકો...'** ત્યાં પણ એમ હતું **'એવો વર્તતો થકો...'** ત્યાં મદિરાને પીતા થકા (હતું), અહીં **'વિષયોને ભોગવતાં છતાં પણ...'** આહા..હા..! વેશ્યા રાજકુંવરને કહે, ગરીબને પૈસા દે અને વિષય આપે. પ્રેમ છે અંદરમાં? આ રાજકુમાર છે તો મારો છે કાંઈ? પૈસા દે એટલું છે. જાય પછી ભિખારી હોય તો એ આવે. આહા..હા..! સમજાણું કાંઈ? વેશ્યાનો પ્રેમ જેમ કોઈ એક વ્યક્તિમાં જામતો નથી. એમ ધર્મીનો પ્રેમ કોઈ પરચીજમાં જામતો નથી. આહા..હા..! નૌતમભાઈ!

આવું ધર્મનું સ્વરૂપ છે. બે પાંચ દસ લાખ આપી દે તોપણ ધર્મ ન થાય. એઈ..! એવા તો વાણિયા આપે નહિ ઝટ એટલું બધું. પણ કદાચિત્ કોઈ આપે ભલે. પચાસ લાખ હોય તો દસ લાખ આપીએ છીએ, જાઓ! પચાસ શું આખો વેંચાઈ જાય અને પૈસા આપે તોપણ શું? એનાથી કાંઈ ધર્મ છે? આખો ભગવાન પૂર્ણાનંદમાં અર્પણતા કરતા એને રાગના પ્રેમ અને રાગનો રસ ઊડી જાય છે. આહા..હા..! એવા વૈરાગીને '**તીવ્ર વૈરાગ્યભાવના સામર્થ્યને લીધે...**' એમાં પણ બે વાર આવ્યું હતુંને? તીવ્ર અરતિભાવના સામર્થ્યને લીધે. આહા..હા..! સમજાણું કાંઈ? '**(કર્મોથી) બંધાતો નથી.**'

'**ભાવાર્થ :— એ વૈરાગ્યનું સામર્થ્ય છે....**' પહેલું જ્ઞાનનું સામર્થ્યું કહ્યું. એટલે સમજાણું? અસ્તિ તત્ત્વ જે ભગવાન પૂર્ણ એની જેને સમ્યક્જ્ઞાન દશા પ્રગટી એ અસ્તિ તત્ત્વનું જ્ઞાનનું સામર્થ્ય. અહીં રાગના અભાવના વૈરાગ્યનું સામર્થ્ય. આહા..હા..! એવી કોઈ સમયસારની રચના અજબ કાળે બની ગઈ છે! કેવળીના પેટ ખોલ્યા છે બધા!! એ વૈરાગ્યભાવના સામર્થ્યને લીધે ધર્મી ક્યાંય કર્મથી બંધાતો નથી. '**એ વૈરાગ્યનું સામર્થ્ય છે કે જ્ઞાની વિષયોને સેવતો છતો પણ કર્મોથી બંધતો નથી.**'

---

## શ્લોક-૧૩૫

(रथोद्धता)

नाश्नुते विषयसेवनेऽपि यत्
स्वं फलं विषयसेवनस्य ना।
ज्ञानवैभवविरागताबलात्
सेवकोऽपि तदसावसेवकः।।१३५।।

હવે આ અર્થનું અને આગળની ગાથાના અર્થની સૂચનાનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- **[यत्]** કારણ કે **[ना]** આ (જ્ઞાની) પુરુષ **[विषयसेवने अपि]** વિષયોને સેવતો છતો પણ **[ज्ञानवैभव-विरागता-बलात्]** જ્ઞાનવૈભવના અને વિરાગતાના બળથી **[विषयसेवनस्य स्वं फलं]** વિષયસેવનના નિજફળને (-રંજિત પરિણામને) **[न अश्नुते]** ભોગવતો નથી-પામતો નથી, **[तत्]** તેથી **[असौ]** આ (પુરુષ) **[सेवकः अपि असेवकः]**

સેવક છતાં અસેવક છે (અર્થાત્ વિષયોને સેવતાં છતાં નથી સેવતો).

ભાવાર્થ :- જ્ઞાન અને વિરાગતાનું એવું કોઈ અચિંત્ય સામર્થ્ય છે કે જ્ઞાની ઈંદ્રિયોના વિષયોને સેવતો હોવા છતાં તેને સેવનારો કહી શકાતો નથી, કારણ કે વિષયસેવનનું ફળ જે રંજિત પરિણામ તેને જ્ઞાની ભોગવતો નથી-પામતો નથી. ૧૩૫.

---

## કળશ-૧૩૫ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું અને આગળની ગાથાના અર્થની સૂચનાનું કાવ્ય કહે છે :' ૧૩૫.

नाश्नुते विषयसेवनेऽपि यत्<br>
स्वं फलं विषयसेवनस्य ना।<br>
ज्ञानवैभवविरागताबलात्<br>
सेवकोऽपि तदसावसेवकः।।१३५।।

'શ્લોકાર્થ :— કારણ કે (જ્ઞાની) પુરુષ વિષયોને સેવતો છતો પણ જ્ઞાનવૈભવના અને વિરાગતાના બળથી વિષયસેવનના નિજફળને (-રંજિત પરિણામને) ભોગવતો નથી...' એ રાગથી રંગાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનનો વૈભવ પ્રગટ્યો છે. વૈભવ હોં! પર્યાયની વાત છે આ. જ્ઞાનવૈભવ એને કીધો. આ તમારા ધૂળના વૈભવ હોય છેને. બે પાંચ લાખનું મકાન અને લાખ, બે લાખનું ઓલું શું કહેવાય? ફર્નીચર. હરણિયાના મોઢા આમ રાખે છેને? ધૂળના મસાણના છે બધા. આહા..હા..!

અહીં કહે છે, '(જ્ઞાની) પુરુષ વિષયોને સેવતો છતો પણ...' જેને જ્ઞાનનો વૈભવ પ્રગટ્યો છે. આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપને વેદતા જ્ઞાનની પર્યાય સાથે આનંદ અને શાંતિ સાથે વેદાય છે એ બધો જ્ઞાનનો વૈભવ છે. કહો, સમજાણું કાંઈ? આત્માના આનંદના સ્વાદ આગળ એ સ્વાદની સાથે જ્ઞાન, શાંતિ, વીર્ય, પુરુષાર્થ વગેરે એ બધો જ્ઞાનની પર્યાયનો વૈભવ છે. આ નિજ વૈભવ. સમજાણું કાંઈ? એ જોવા તો આવ એકવાર, કહે છે. આ છોડીને નથી કરતા? કરિયાવર, કરિયાવર. બે પાંચ, પચ્ચીસ પચાસ હજારનો કરિયાવર આપ્યો હોય. શું કહેવાય? આ પંખા ને સાડલા ને પાથરે ખાટલા ઉપર. સગાવહાલાને બોલાવે, જુઓ! આ છોડીને આપવાનું છે. જુઓ તો ખરા, કેટલું અમે આપીએ છીએ. ધૂળના વૈભવ

છે તારા, કહે છે. ભગવાન આત્માનો વૈભવ. આહા..હા..! એ જરી જોવા તો આવ, પાથરીને મૂક્યો છે અંદર. આહા..હા..! એ ચીમનભાઈ! બતાવે છેને છોડીને? બસો તોલા સોનું, અત્યારે એટલું નહિ આપતા હોય, કારણ કે એક તોલાના ૩૦૦ રૂપિયા થઈ ગયા. પહેલા એક તોલાના ૨૪ રૂપિયા હતા. ... હવે આપે છે અત્યારે મોટા ઘરમાં. બસો બસો તોલા, પાંચસો તોલા. પાંચસો પાંચસો તોલા સોનું આપે. એક એક સાડલો હજાર હજાર, પાંચ પાંચ હજારનો આપે, એ કરિયાવર પાથરે અને જોવા આવે બધા. તારો જ્ઞાનવૈભવ છે ઈ તેં જોયો છે કોઈ દિ'? આત્મા આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે એની જેને અંતર દૃષ્ટિ અને એકતા થઈ એને જ્ઞાનાદિ અનંતગુણની પર્યાયનો વૈભવ પ્રગટ થાય છે. એ જ્ઞાનવૈભવનું સામર્થ્ય છે અને વૈરાગ્યતાનું બળ છે. જ્ઞાનવૈભવ, વિરાગતાનું બળ. આહા..હા..! રાગના અભાવનું બળ છે. અહીં અસ્તિનું બળ છે, અહીં રાગના અભાવનું બળ છે.

એ '**વિષયસેવનના નિજફળને...**' એટલે? રાગથી રંજિત થતો નથી. આહા..હા..! ધર્મી રાગથી રંગાતો નથી. ભિન્ન રાખીને જાણે છે. આહા..હા..! એ તે કઈ ચીજ હશે? ભાઈ! એ અંતરમાં જોવે અને જાણે તો ખબર પડે. એ કંઈ બહારથી પ્રગટે એવું નથી. કહે છે, જ્ઞાનનો વૈભવ અને વૈરાગ્યતાનું બળ અંદર, ઉદાસ.. ઉદાસ.. છે. રાજકુમાર જ્યારે વૈરાગ્ય પામે છેને, ... આહા..હા..! આમ પદમણી જેવી સ્ત્રીઓ, જેના અંગમાંથી ગંધ દેખાતી હોય, એના લુગડાં અને સાડલા એવી ગંધ મારે કે ભમરા આવે. એવી કન્યાઓ બત્રીસ બત્રીસ હજાર, સેંકડો એને જ્યારે વૈરાગ્ય થાય છે સમકિતીને, સાધુપણાનો વૈરાગ્ય, આહા..હા..! માં કહે છે, અરે..! આ સ્ત્રીઓ આવી, આ બંગલા, આ લાદી આવી ન હોય ત્યાં હોં એને. એઈ..! એને રતનની લાદી હોય, મણિરતનની લાદી. અહીં તમારી સાધારણ લાદી હતી, હવે આરસપહાણની નાખવાના છે. હમણા લાદી બધી ફેરવી નાખીને. આરસપહાણનું આવ્યું છે બધું બહુ. જૈનપ્રકાશમાં બહુ આવે છે. આરસપહાણ જ્યાં નાખો ત્યાં ભાઈ અમે બેસી શકશું નહિ. સાધુ રહી શકશે નહિ એવામાં. એઈ..! તમારી શોભા ભારે કરે છે લોકોને પણ.

મુમુક્ષુ :—

ઉત્તર :— આપણે એવા થઈ ગયા છે, વાંધો નથી હવે. કરવું હોય એને પછી કાંઈ.. આમાં શું સાધન કરે? ન્યાંથી એક બાથરૂમ કરે ત્યાં પાંચ હજાર જોઈએ. ચંપલ લઈને ગરે તો ગરાય નહિ અંદર અને જોનાર આવે તો ઉઘાડા પગે આવે. પણ પહેલું કહ્યું હતું, તેથી તો ઓલું કર્યું હતું, પણ ઓલાએ એકવીસ હજાર કીધાને, એટલે ગલગલિયા થઈ ગયા લોકોને. ઓલો કહે, એકવીસ હજાર આપું, નાખો આમાં આરસપહાણ. એટલે ઓલું ફેરવી નાખ્યું. અહીં કહે છે કે આત્મામાં શોભા તો અંતરના આનંદની છે. આહા..હા..! એઈ..! એ ઘરની

રચના તો આ છે. જ્ઞાનનું થવું, આનંદનું થવું, શાંતિનું થવું સ્વચ્છતાનું થવું, પ્રભુતાનું થવું. આહા..હા..! ભંડાર ખોલીને અંદરમાંથી ધર્મીના નિધાન ખુલી ગયા છે. જેને રાગની એકતા તૂટીને સ્વભાવ એકતા થઈ છે એમાં અંતરના નિધાન ખીલી ગયા છે. અજ્ઞાનીએ રાગની એકતાના તાળા માર્યા નિધાનને અંદર. પ્રભુ આખો ચિદાનંદ પડ્યો છે અંદર. તમારા ઘરથી બધી ઊંધી વાતું છે આ. સાચી વાત છે? પોપટભાઈ!

મુમુક્ષુ :—

ઉત્તર :— અરે..! એના પ્રેમ માટે કરે છે, ઈ કો'ક માટે કરે છે? એના બાપ પણ શું એને માટે કરે છે? પોતાના રાગ માટે કરે છે.

અહીં કહે છે, આહા..હા..! ભાષા કેવી વાપરી છે? જ્ઞાનનો વૈભવ અને વિરાગતાનું બળ. આમ વાપર્યું છે.

મુમુક્ષુ :— જ્ઞાનનું સામર્થ્ય ન વાપર્યો અને વૈભવ વાપર્યો.

ઉત્તર :— વૈભવ વાપર્યો. આહા..હા..! ઓલામાં વૈરાગ્યનું સામર્થ્ય કીધું હતું. અરતિભાવે સામર્થ્યને લઈને વિષયોને ભોગતા છતાં વૈરાગ્યભાવના સામર્થ્યને લીધે. બેયમાં સામર્થ્ય વર્ણવ્યું, બેમાં સામર્થ્ય વર્ણવ્યું. અહીં ફેરવી નાખ્યું. આહા..હા..! જ્યાં સમ્યગ્દર્શન—આત્માનું દર્શન પ્રગટ્યું ત્યાં જ્ઞાનનો વૈભવ કહે છે બહાર આવ્યો. આહા..હા..! જેના આનંદના વૈભવ આગળ લાખો સોયું ઊની કરીને શરીરમાં ખોસે પણ જેનું એને દુઃખ નથી. કારણ કે એ એને અડતો જ નથી. રાગને અડતો હતો તે રાગ પ્રત્યે રુચિ ગઈ છે. સમજાણું કાંઈ?

કહે છે, જ્ઞાનના બળથી, વૈભવથી અને વિરાગતાના બળથી '**વિષયસેવનના નિજફળને...**' નિજફળ એટલે? વિષય સેવવામાં રાગ થવો એ વિષયનું ફળ છે. વર્તમાન રાગ થવો એના પ્રત્યે, એ રાગ ધર્મીને હોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ રંજિત પરિણામથી ભોગવતો નથી અથવા રંજિત પરિણામ થતા નથી. એટલે રાગને પામતો નથી. ઝીણી વાત છે ભાઈ! નિર્જરા અધિકાર સૂક્ષ્મ છે. અહીં તો માણસ અપવાસ કરે બે ચાર એટલે તપ થઈ ગયો, નિર્જરા થઈ ગઈ. ધૂળમાંય નથી, સાંભળને! મરીને ચાલ્યો જશે ક્યાંક, નરક અને નિગોદ.

અહીંયા જ્ઞાનનો વૈભવ અને રાગથી ઉદાસ દશા એવા બળથી વિષયના સંબંધમાં આવતા છતાં એ ત્યાં પકડાતો નથી. રાગના રંગમાં આવતો નથી. જેને સ્વભાવનો રંગ ચડ્યો છે, આનંદના રંગ જેને ચડ્યા એને રાગના રંગ હોતા નથી. આહા..હા..! આવી વાત છે ધર્મની. આમ કહે, મેં ધર્મ કર્યો, સામાયિક કરી, પોષા કર્યા. જરીક વિષયનું સાધન અનુકૂળતા હોય તો અર્પાઈ જાય આખો. સમજાણું કાંઈ? ક્યાં હતો ધર્મ? સાંભળને! આહા..હા..! ધર્મના મોઢા મોટા છે. દુનિયા માને એ ધર્મ નહિ.

**'તેથી આ (પુરુષ) સેવક છતાં અસેવક છે (અર્થાત્ વિષયોને સેવતા છતાં નથી સેવતો).'** ઈ પછીની ગાથામાં આવશે. પહેલાની ગાથામાં આ કીધું પછીની ગાથામાં આ કીધું. સમજાણું કાંઈ? દાખલો આપશે. લગનનો પ્રસંગ હોય લગનનો અને હુશિયાર કોઈ એનો જમાઈ કે બનેવી હોય એને સોંપ્યું હોય, પોતે સાધારણ માણસ હોય ઘરનો. એને સોંપ્યું હોય કામ, આ કરજો, આમ કરજો, દૂધપાક કરજો, ફલાણું કરજો.. પણ એની જવાબદારી નથી કાંઈ, બધા પૈસા ખર્ચ ઓલાને છે. ખરું કે નહિ? પૈસાની બહુ શક્તિ ન હોય તો કહે જમાઈને. ત્યાં થયું હતું, નહિ? ગીરધરભાઈ ક્યાં ગયા? લીંબડીમાં થયું હતું. ઓલો કહે, નાનો કહે કે દૂધપાક ન કરાય. જાનમાં ઝાઝા માણસ છે અને દૂધપાક ખૂટે તો તરત દૂધપાક ન થાય. લાડવા-બાડવા કર્યા હોય તો શિરો તરત થાય. એમાં બેને વાંધો ઉઠ્યો. એનો મામો કહે કે દૂધપાક નહિ અને આ કહે કે દૂધપાક કરજો. ... સંઘવી. ઈ રાતે ઝેર ખાઈને મરી ગયો. સવારે જોવે તો મડદું. ધાર્યું થયું નહિ. જાન આવશે સારા ઘરની અને દૂધપાક કરવાનો ભાવ હતો. મામો ના પાડે, મામાનો હેતુ બીજો હતો. કદાચ પચ્ચીસ પચાસ માણસ વધી ગયા તો દૂધપાક કંઈ તૈયાર મળે નહિ કંદોઈને દુકાને. ઈ તો અહીં મળે શિહોર. ઈ પણ રાખતા હશે ત્યારે કહેતા હશે. વરઘી, વરઘી. મરી ગયો ઝેર ખાઈને. આહા..હા..! જોખમ તો ઓલાને માથે હતુંને? સારું કહેવાય કે ન કહેવાય.

એમ નોકર લ્યો. નોકર કામ કરે, બોલે બધું, અમારે ખોટ જાય છે, અમારે આમ થાય છે, વ્યાજ લાવો. શેઠને કહે, તમે બોલશો નહિ. રાણપુરને. શેઠ આવે, નોકર (કહે), શેઠ! તમારું કામ નહિ, બોલશો નહિ બહુ. આવવું હોય તો આવો, નહિતર ઘરે વયા જાઓ. ઓલો સમજે... તમને આવડે નહિ અને દોઢડાહ્યા થાશો અહીં. ઓલો પણ સમજે હોં! ઈ કામ ભલે કરે બીજા પણ એની જવાબદારી તો જેનો માલ છે એને છે. એમ જે વિષયને સેવે છે છતાં એનો ધણી છે નહિ. રાગનો ધણી નથી, એ તો જ્ઞાતા દૃષ્ટાનો ધણી છે. એ સેવતા છતાં અસેવક કહેવામાં આવે છે. અને અજ્ઞાની વિષય ન સેવે, ત્યાગ હોય, બ્રહ્મચારી, પણ અંદરમાં રાગનો પ્રેમ છે એ વિષય સેવતો નથી છતાં સેવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ-૩, બુધવાર, તા. ૭-૦૩-૧૯૭૩**
**શ્લોક-૧૩૫, ૧૩૬, ગાથા-૧૯૭, પ્રવચન-૩૩૬**

૧૩૫ કળશ છે, એનો ભાવાર્થ. આ અધિકાર નિર્જરાનો છે. એટલે? ધર્મ પામેલને શુદ્ધતા વધતી જાય છે, અશુદ્ધતા ઘટતી જાય છે, કર્મ ગળતું જાય છે. ધર્મ પામેલને. એટલે? કે જે આત્મા આનંદ અને જ્ઞાયકસ્વભાવ વસ્તુ છે એમાં જેની દૃષ્ટિ પ્રસરી ગઈ છે અને એમાં અંદર ઠરવું, જેણે પર્યાયમાં પ્રતીત કરીને એના દરેક ધર્મના અંશો પ્રગટ કર્યા છે. સમજાણું કાંઈ? ધર્મના અંશો પ્રગટ કર્યા. હવે શું આમાં (સમજવું)? એમ કહે છે કે ધર્મી એને કહીએ નિર્જરા જ એને હોય, કે જેને આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એમાં જેની દૃષ્ટિ જામી ગઈ છે અને જે રાગથી વિરક્ત થઈ છે દશા, આ બાજુમાં પૂર્ણ સ્વભાવનું ભાન અને પ્રતીત છે, અસ્તિ તત્ત્વ મહા આનંદ તત્ત્વ અને રાગના વિકલ્પથી જેની વિરક્તતા છે એને જ્ઞાની કહીએ અને એને જ્ઞાન અને વૈરાગ્યનું બળ હોય છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :— જ્ઞાન અને વિરાગતાનું એવું કોઈ અચિંત્ય સામર્થ્ય છે કે જ્ઞાની ઈંદ્રિયોના વિષયોને સેવતો હોવા છતાં...**' સેવતો એ તો એક કથન કર્યું છે. એને પાંચ ઈન્દ્રિયના વિષયો તરફનું વલણ, રુચિ જ ખસી ગઈ છે. આત્માના સ્વભાવનો આનંદ એને જેને સ્વાદ આવ્યો છે એને ઈન્દ્રિયના વિષયના સ્વાદમાં રસ આવતો નથી. અજ્ઞાનીને આત્માના આનંદનો સ્વાદ નથી એથી એને પાંચ ઈન્દ્રિયના વિષયો તરફના ભાવમાં એના રસમાં એકાકાર થઈ જાય છે. સમજાણું કાંઈ? ધર્મ અધર્મની આવી વ્યાખ્યા છે. શુભ અશુભ ભાવ કે પાંચ ઈન્દ્રિયના વિષયો એના તરફનો ઝુકાવ જેનો છે એને વિષયના રસમાં આનંદ આવે છે. એ છે દુઃખ, પણ એને સુખ માને છે. સમજાણું કાંઈ? ધર્મીને આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એની અંતરમાં દૃષ્ટિ અને અનુભવ હોવાથી, જ્ઞાન એટલે સ્વરૂપનો અનુભવ અને વૈરાગ્ય એટલે રાગથી વિરક્તતા... સમજાણું કાંઈ? એના સામર્થ્યને લઈને જ્ઞાની ઈન્દ્રિયના વિષયોને સેવતો હોવા છતાં સેવતો કહી શકાતો નથી.

'**કારણ કે વિષયસેવનનું ફળ જે...**' રાગપરિણામ, રસપરિણામ, રસ એમાં આવવો એ રસ જ્ઞાનીને છે નહિ. '**તેને જ્ઞાની ભોગવતો નથી...**' રંજિત પરિણામથી એને ભોગવતો નથી, રાગના રસથી ભોગવતો નથી. આનંદના રસમાં ભરેલો જરી રાગાદિ આવે પણ એનો રસ એને આવતો નથી. ભારે ધર્મ ભાઈ! અનંત કાળ એણે ચૈતન્ય મહાપ્રભુ વસ્તુ શું છે એની ખબર ન મળે અને દૃષ્ટિ હોય તો દયા, દાન, વ્રત અને રાગમાં અને કાં ઉઘડેલું

થોડું જ્ઞાન હોય, વિકાસ, એના ઉપર એની દૃષ્ટિ. એટલું અસ્તિત્વ વ્યક્ત છે. બાકી મહા અસ્તિત્વ અવ્યક્ત છે. આહા..!

મુમુક્ષુ :— પર્યાયનું અસ્તિત્વ છે.

ઉત્તર :— પર્યાયનું અસ્તિત્વ છે. મહા અસ્તિત્વ પૂર્ણ સ્વરૂપ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત પ્રભુતા એવા એવા સ્વભાવની અનંત શક્તિની મર્યાદા વિનાનું એ તત્ત્વ છે. આહા..હા..! એની જેને દૃષ્ટિ નથી એને ઇન્દ્રિયના વિષયમાં રસ આવ્યા વિના રહેતો નથી. ચાહે તો સાધુ થાય બાહ્યથી, પંચ મહાવ્રત (પાળે) પણ એને રાગનો રસ છે. મહાવ્રતના પરિણામ પણ આસ્રવ અને રાગ છે એનો એને રસ છે. તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. એ બાહ્યથી વિષયોને સેવતો નથી પણ અંદરથી વિષયને સેવે જ છે. પરવિષયને સેવે રાગને ઈ પરને જ સેવે છે. એમ છે. આહા..હા..!

અને આત્મા આનંદસ્વરૂપનો જેને વિષય છે, વિષય આ વિષય અને આ વિષય, ફરી ગયો બે વિષય. ચૈતન્ય આનંદ મહાપ્રભુ એનો જેને વિષય એટલે ધ્યેય છે અને એ ધ્યેયમાં એને આનંદ આવે છે. ગમે તે ક્ષણ પળ હોય પણ એનું એ ધ્યેય ધર્મીનું પૂર્ણ સ્વરૂપથી ધ્યેય ખસતું નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

## ગાથા-૧૯૭

अथैतदेव दर्शयति –

सेवंतो वि ण सेवदि असेवमाणो वि सेवगो कोई।
पगरणचेट्ठा कस्स वि ण य पायरणो त्ति सो होदि।।१९७।।
सेवमानोऽपि न सेवते असेवमानोऽपि सेवकः कश्चित्।
प्रकरणचेष्टा कस्यापि न च प्राकरण इति स भवति।।१९७।।

यथा कश्चित् प्रकरणे व्याप्रियमाणोऽपि प्रकरणस्वामित्वाभावात् न प्राकरणिकः, अपरस्तु तत्राव्याप्रियमाणोऽपि तत्स्वामित्वात्प्राकरणिकः, तथा सम्यग्दृष्टि पूर्वसञ्चितकर्मोदयसम्पतान् विषयान् सेवमानोऽपि रागादिभावानामभावेन विषयसेवनफलस्वामित्वाभावादसेवक एव, मिथ्यादृष्टिस्तु विषयानसेवमानोऽपि रागादिभावानां सद्भावेन विषयसेवनफलस्वामित्वात्सेवक एव।

હવે આ જ વાતને પ્રગટ દ્દષ્ટાંતથી બતાવે છે :-

સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,
પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જયમ નહિ ઠરે.૧૯૭.

ગાથાર્થ :- **[कश्चित्]** કોઈ તો **[सेवमानः अपि]** વિષયોને સેવતો છતાં **[न सेवते]** નથી સેવતો અને **[असेवमानः अपि]** કોઈ નહિ સેવતો છતાં **[सेवकः]** સેવનારો છે- **[कस्य अपि]** જેમ કોઈ પુરુષને **[प्रकरणचेष्टा]** [1]પ્રકરણથી ચેષ્ટા (કોઈ કાર્ય સંબંધી ક્રિયા) વર્તે છે **[न च सः प्राकरणः इति भवति]** તોપણ તે [2]પ્રાકરણિક નથી.

ટીકા :- જેમ કોઈ પુરુષ કોઈ પ્રકરણની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું નહિ હોવાથી પ્રાકરણિક નથી અને બીજો પુરુષ પ્રકરણની ક્રિયામાં નહિ પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું હોવાથી પ્રાકરણિક છે, તેવી રીતે સમ્યગ્દ્દષ્ટિ પૂર્વસંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયોને સેવતો હોવા છતાં રાગાદિભાવોના અભાવને લીધે વિષયસેવનના ફળનું સ્વામીપણું નહિ હોવાથી અસેવક જ છે (અર્થાત્ સેવનારો નથી) અને મિથ્યાદ્દષ્ટિ વિષયોને નહિ સેવતો હોવા છતાં રાગાદિભાવોના સદ્‌ભાવને લીધે વિષયસેવનના ફળનું સ્વામીપણું હોવાથી સેવક જ છે.

ભાવાર્થ :- કોઈ શેઠે પોતાની દુકાન પર કોઈને નોકર રાખ્યો. દુકાનનો બધો વેપાર-વણજ-ખરીદવું, વેચવું વગેરે સર્વ કામકાજ-નોકર કરે છે તોપણ તે વેપારી નથી કારણ કે તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો સ્વામી નથી; તે તો માત્ર નોકર છે, શેઠનો કરાવ્યો બધું કામકાજ કરે છે. જે શેઠ છે તે વેપાર સંબંધી કાંઈ કામકાજ કરતો નથી, ઘેર બેસી રહે છે તોપણ તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો ધણી હોવાથી તે જ વેપારી છે. આ દૃષ્ટાંત સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ પર ઘટાવી લેવું. જેમ નોકર વેપાર કરનારો નથી તેમ સમ્યગ્દ્દષ્ટિ વિષય સેવનારો નથી, અને જેમ શેઠ વેપાર કરનારો છે તેમ મિથ્યાદૃષ્ટિ વિષય સેવનારો છે.

## ગાથા-૧૯૭ ઉપર પ્રવચન

'હવે આ જ વાતને પ્રગટ દૃષ્ટાંતથી બતાવે છે :—' ૧૯૭.

सेवंतो वि ण सेवदि असेवमाणो वि सेवगो कोई।
पगरणचेट्ठा कस्स वि ण य पायरणो त्ति सो होदि।।१९७।।

**સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,**
**પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જયમ નહિ ઠરે.૧૯૭.**

'**ટીકા :— જેમ કોઈ પુરુષ કોઈ પ્રકરણની...**' એટલે કોઈ કાર્ય, કોઈ વિવાહનું કાર્ય આવ્યું, .... કાર્ય આવ્યું, વેપારનું કાર્ય, ધંધાનું કાર્ય વગેરે, સટ્ટાનું કાર્ય.

મુમુક્ષુ :— વકીલાતનું તો ન આવેને?

ઉત્તર :— વકીલાતનું કાર્ય બધું ભેગું છે, ડૉક્ટરનું કાર્ય. ડૉક્ટરનું કાર્ય આવ્યું, વકીલાતનું કાર્ય આવ્યું, આ પંડિતાઈનું આવ્યું સંસ્કૃત શીખેલાનું. ગીરધરભાઈ! એ કાર્યકર્તા છે એને ઈ કાર્ય આવ્યું હોય, આસપાસના માણસોનું. આહા..હા..! એ પ્રકરણ એટલે કાર્ય. એ '**ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું નહિ હોવાથી...**' આહા..હા..! લગન હોય લગન ઘરના, પણ લગન કરવાની ક્રિયાવાળો કોઈ બીજો નોકર હોય, કોઈ ભાણેજ હોય, કોઈ બીજો એ કામ કરે પણ એ પ્રકરણની, લેવડદેવડની, લેણદેણનો એ સ્વામી નથી. પૈસા ખર્ચો થાય તોપણ ધણીને અને ખોટ જાય તો ધણીને. બરાબર છે? આહા..હા..! કોઈ માણસને કામ સોંપ્યું નોકરનું, તને આ પાંચસોનો પગાર, દુકાને ધંધો કાપડનો, પાંચ લાખ રૂપિયાનું કાપડ આપીએ છીએ. ધંધો કરો નોકર, બોલે એમ કે અમને ખોટ જાય છે. મુંબઈમાં તો એમ થાયને કે આઠ વાગ્યા પહેલા પૈસા ન આપો તો કાલમાં નોંધાશે. અમારે પણ વ્યાજ ભરવું પડે. એમ બોલે નોકર. સ્વામી-બામી નથી અંદર. પોપટભાઈ! બોલે કે નહિ ત્યાં? પાંચ હજાર દેવા આવ્યા, આઠ વાગ્યા પછી આવ્યા છો. આપણો રિવાજ એવો છે કે આઠ વાગ્યા પહેલા હોય તો આ તીથીના નોંધાય, આઠ વાગ્યા પછીના આ તીથીના નહિ નોંધાય, કાલના નોંધાશે. એક દિ'નું વ્યાજ આપવું પડશે. મૂળચંદભાઈ! ઈ બોલે ત્યારે પણ એનો સ્વામી છે નહિ. ઈ જાણે કે, ખોટ જાય તો શેઠને, મારે શું છે? આહા..હા..! કાયદામાં એમ આવે કે આને ફાંસીએ ચડાવો, તો વકીલને ચડાવે છે?

આમાં એક દાખલો આવ્યો છે, આજે જ આવ્યો છે. પોપટ અને કબુતર, પોપટ અને કબુતર. પારેવા હોયને પારેવા. એ પોપટને સોનાના પાંજરામાં રાખે. રાજા હોય તો સોનાના પાંજરામાં રાખે. રાજા હોય. અને બદામ, પિસ્તા, ખારેક એવું એને ખાવા આપે. પણ જો પાંજરુ ખુલ્લુ પડી જાય તો ઊડી જાય.

મુમુક્ષુ :— બદામ, પિસ્તાનો રસ નથી.

ઉત્તર :— ત્યાં રસ નથી અને પાંજરાનો રસ નથી. સમજાણું કાંઈ? ઈ ખુલ્લું પડ્યું, ઈ ઊડીને ઝાડ ઉપર બેસે. પછી ... આવે એટલે ઈ વયો જવાનો. થઈ રહ્યું. આહા..! અને પારેવાને માટે સાધારણ કરે છે, નહિ? વાંસના ઓલા રાખે. પારેવા અંદર. બંધન એને નહિ. પણ જવાર નાખે, બાજરો નાખે, ખાય. ચરક ન્યાં પડી હોય, ગંદકી હોય. પોપટને

રાખ્યો હોય તો એક માણસ રાખ્યો હોય, સાફ કરજે ભાઈ, સવાર, બપોર. આને તો એ ચરક ન્યાં પડે, બાજરો ખાઈને ન્યાં રહે, ઊડીને જાય બહાર. પણ પાછો ન્યાં આવે ખાવા. છૂટવાનું મળ્યું છતાં છૂટે નહિ. કારણ કે ન્યાં એનો રસ છે એને.

એમ સમ્યગ્દૃષ્ટિને એ સોનાના પાંજરા અને એ બદામ ને પિસ્તા ને ખારેકું.. ખારેકું સમજો છો? છુઆરા. ઊંચી ખારેક હોય છેને ઘણી, સાકર જેવી. અહીં અમારે ખજુરનો વેપાર છેને ભાઈને. ભુરાના છોકરા મનસુખને. ઓહો..હો..! એને ઘરે ખારેકું તો કંઈક જાતની. મોટો ખારેકનો વેપાર છેને. કરોડપતિ, કરોડ. ચાર ભાઈઓ વચ્ચે કરોડ રૂપિયા. ત્યારે વહેંચાઈ ગયું. એક ફેરી અમે ખાવા ગયા હતા. નાનો, મહાસુખ. મહાસુખને? ત્યાં ખાવા ગયા હતા તો કેટલી જાતની ખારેક હતી. શાક કરે ખારેકનું, ફલાણું કરે.. મોટો વેપાર. પચ્ચીસ પચ્ચીસ લાખની ખજૂર, અરબસ્તાનમાંથી લાવે. ઈ નાખે પોપટને તોપણ ઈ પોપટને ઊડવાનું ટાણું આવે તો એને રસ નથી ત્યાં. આહા..હા..! પોપટ છૂટો પડી જાય છે. અને પારેવાને— કબુતર એને કહે છે, જુવાર નાખો, બાજરો નાખો. ન્યાંથી ઊડીને બહાર જાય પણ ન્યાં ખાવા પાછો આવે. એને બંધાવું ઠીક પડે (છે).

એમ મિથ્યાદૃષ્ટિને છૂટવાના ટાણા આવે તોપણ બંધાઈ જાય છે એ. રાગની એકતા કરીને એ બંધાય છે. અને ધર્મીને બહારના સંયોગો એટલા બધા દેખાય, ઈ જાણે કે ઓહો..હો..! કુટુંબ-કબીલામાં ઘેરાયેલો દેખાય, રાજપાટમાં ઘેરાયેલો દેખાય, આમ ઊંચા બધા આવતા હોય પણ ઈ છૂટવાનું ટાણું હોય ત્યારે ફટ બધું છોડી દે. એ વખતે જ દૃષ્ટિમાં છોડેલું પડ્યું છે. આહા..હા..! આ હું નહિ, આ હું નહિ. સમજાણું કાંઈ? શુકરાજ અને ઓલો કબુતર. એમ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ. પાંજરા સોનાના અને આ ખાવાના બદામ, પિસ્તા એને ગણતો નથી. આ નહિ, આ નહિ. અહીંથી છૂટીને અમે તો મીઠી બોલીએ બોલનારા અને સ્વતંત્ર રહેનારા. શુકરાજ ... પોપટરાજ કહેવાયને પોપટરાજ. એવાને છૂટવું.. એ છૂટેલો જ પડ્યો છે. એ તો જરી બારણું ખોલે એટલે નીકળી જાય ફટ દઈને. એ ફરીને આવે નહિ. એમ રાગના પરિણામ જરી અંદર આવ્યા પણ એનાથી વિરક્ત જ્ઞાની છે. આહા..હા..! એ રાગના રસના ઝેરીલા રસ છૂટા થઈ ગયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીને એ રસનો એટલો પ્રેમ છે કે એમાં એક જ જ્ઞેયમાં રોકાઈને બીજું આત્માનું જ્ઞેય ભૂલી જાય છે ઈ. સમજાણું કાંઈ? આ રમતું આવી છે. રાગના રસમાં અજ્ઞાની ઘેરાયેલો એ રાગના રસને જ જ્ઞેય બનાવીને એકાકાર થઈ ગયો હોય છે. પછી ભલે ત્યાગી હોય, સાધુ હો, પણ એ મહાવ્રતના પરિણામમાં એકાકાર, રાગમાં રસ છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

અને ચક્રવર્તીના રાજમાં પડ્યો હોય છતાં એ, આ નહિ, આ નહિ, આ નહિ. જે મારી ચીજ છે એમાં આ નથી અને એ છે એમાં હું નથી. એવી ધારાવાહી દૃષ્ટિ ચાલતી આવે

છે. જેને જ્ઞાનનો અનુભવ એટલે શુદ્ધ સ્વભાવનો અનુભવ (ચાલુ છે). આહા..હા..! આ જ્ઞાનનો અનુભવનો અર્થ, જ્ઞાનનો એટલે શુદ્ધ સ્વરૂપનો અનુભવ. એવા અનુભવમાં એ રાગથી પણ બદલાતો નથી. આહા..હા..!

**'જેમ કોઈ પુરુષ કોઈ પ્રકરણ...'** એટલે વિશેષ કાર્ય આવ્યું. વિવાહનું આવ્યું, દહાડાનું આવ્યું. ઘરનો માણસ સાધારણ હોય, બુદ્ધિ ન હોય, બીજાને સોંપે. આ દુકાનમાં હોયને, વેપારી હોય. શેઠ તો પોતે પૈસા દુકાનમાં નાખે. જા, પાંચ લાખ ... ધંધો તારે કરવાનો છે. હું તો આવું, જાઉં, બેસું એટલું. એ ખોટ ને નફો તો શેઠને ઘરે ઉતરે, કાંઈ નોકરને ઘરે હોય? ઈ ધંધો કરે છતાં નથી કરતો. બરાબર છે? અને ઓલો શેઠ નથી કરતો છતાં કરે છે ઈ.

મુમુક્ષુ :— સોનગઢમાં બેસીને ધંધો કરે?

ઉત્તર :— હા, સોનગઢમાં બેઠા બેઠા ધ્યાન રાખે. છોકરાએ શું કર્યું? કાગળ આપજો બે દિ'એ, ત્રણ દિ'એ. એ.. શેઠ! બે ત્રણ દિ'એ કાગળ આપતા રહેજો. કો'ક હમણાં કહેતું હતું, કાગળ આવ્યો. સમાચાર દેતા રહેજો. દુકાનમાં શું ચાલે છે? અને કેવા ભાવે માલ લીધો છે? કેવા ભાવે દેવા જેવો છે? અને જે ભાવે લીધો ઈ કેટલે પડ્યો છે? એટલા સમાચાર બે ચાર દિ'એ દીધા રાખજો. પડાઈ હાથમાં રાખીને બેઠો હોય ઈ. પોપટભાઈ! પ્રવીણભાઈને અમદાવાદ મોકલ્યો હોય તો ધ્યાન રાખે કે ત્યાં શું કર્યું તમે? શું કર્યું ત્યાં કારખાનામાં? આ તો દાખલો, હોં! બધાને માટે છેને. આહા..હા..! આ..હા..હા..! એ પોપટ પીંજરે પડ્યો પણ છૂટો છે અને કબુતરને બહાર કાઢ્યો તોપણ પીંજરે જ પડ્યો છે ઈ. આહા..હા..!

એમ બાયડી, છોકરા છોડ્યા, કુટુંબ, રાજ છોડ્યું હોય પણ જેને એ ફળરૂપે આવે એવા રાગને તો જેને રાગનો રસ અંદર છે એ બંધાઈ ગયેલો છે. સમજાણું કાંઈ? અને ધર્મીજીવને સંયોગોના ઘેરાવા દેખાય, ઘેરાવામાં ઘેરાયેલો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાંય એને આનંદ સિવાય એની રુચિ જામતી નથી. પોતે આનંદસ્વરૂપ છેને, ભગવાન! એને જ્યાં ઉપાદેય સ્વીકાર્યો, આદરણીય (માન્યો) હવે કયુ આદરણીય રહી ગયું એને? આહા..હા..! કહો, સમજાણું?

**'જેમ કોઈ પુરુષ કોઈ પ્રકરણની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું નહિ હોવાથી...'** નોકર કામ કરે એમાં સ્વામીપણું એને ક્યાં છે? ખોટ જાય તો એના ખાતે નાખે એને? ભાઈ, શેઠનો માલ હતો એમાંથી ગયું આ બધું. ત્રીસ લાખની દુકાન હતી, ભેટમાં આવેલી કાપડની. ખંભાતને કિનારે. વાણિયાનું નામ હતું. નામ નહોતું, સમુચ્ચય હતું. ત્યાં લેવા ગયો ત્યાં કારકુન બધા એના પકડનારા પોલીસો આવ્યા. કોનો માલ છે

આ? લેવા આવેલો. મારો માને? જો હા પાડી તો પકડશે, અને માલ પણ જાશે અને કેદમાં જાશું. ત્રીસ લાખનો માલ હતો ... ખંભાતને નદીને કાંઠે. નદી શું, દરિયાને. અખાતમાં. આહા..હા..! કરોડનો હોય તો શું? એમ જાણે કે આ પોલીસ આવ્યા અને પકડશે આમાંથી. હીરા નાખી દે દસ લાખના દરિયામાં. દરિયામાં નાખી દે સીધા. ચોરીને લાવ્યો હોય ક્યાંકથી. આ સોનું-બોનું લાવે છેને ખજૂરનું. ખજૂરના વાડિયામાં નાખે સોનું. પાંચસો હજાર વાડિયા નાખે એમાં નાખે અંદર સોનું. ખબર પડી કે આ પોલીસો આવ્યા. આ પકડશે. ધણી જ ન થાય. એ મારો માલ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ધર્મીની દૃષ્ટિમાં પરનું સ્વામીપણું છે નહિ. કોનો આ ...? કોની આ બાયડી? કોની આપે આણે? બાયડી કેવી અહીં? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કોને આ રાગ આવ્યો? લગન કરવાનો રાગ આવ્યોને? કોને આવ્યો? અહીં અમને આવ્યો જ નથી. એઈ..! આહા..હા..! કહો, છગનભાઈ!

‘**બીજો પુરુષ પ્રકરણની ક્રિયામાં નહિ પ્રવર્તતો...**’ દુકાને નથી બેસતો, ધંધો નથી કરતો ઈ. સમજાણું કાંઈ? ‘**છતાં પ્રકરણનું સ્વામીપણું હોવાથી...**’ કાર્યનો ધણી તો ઈ છે. પૈસા-બૈસા જાય તો રેલો ન્યાં ઉતરે એવું છે. ઈ કાંઈ નોકરને ઉતરે એવું છે? એના જાતા હોય પાંચસો કે હજાર રૂપિયા. આહા..હા..! ભારે દાખલો. કુંદકુંદાચાર્યે દાખલો આપ્યો. ભાઈ! ધર્મની દૃષ્ટિ એટલે ભગવાન પૂર્ણ આનંદ નિર્વિકલ્પ નિર્લેપ એવું જે અનુભવમાં જ્ઞાન આવે એને અહીંયા અનુભવને સમકિતી કહે છે. આહા..હા..! એવી દૃષ્ટિમાં એ રાગનો સ્વામી નથી, ક્રિયાનો સ્વામી નથી. એનું ધણીપતું એને ઘેર નથી. એ તો પુદ્‌ગલ એનો સ્વામી, હું એનો સ્વામી નહિ. ૭૩ (ગાથામાં) આવી ગયું છે ઈ, પુદ્‌ગલ જેનો સ્વામી એવા રાગરૂપે સદાય હું નહિ પરિણમતો. સમજાણું કાંઈ? ધર્મીની દૃષ્ટિ ધર્મસ્વભાવ આનંદ ઉપર હોય છે. આહા..હા..! એથી એને રાગના રંગ લાગતા નથી. આહા..હા..! અજ્ઞાની ન સેવે, વેપાર ધંધા આદિ ન કરતો હોય પણ અંદરમાં એ વેપાર ધંધાના રંગરૂપ જે રાગ છે, રાગનો જેને રસ છે એ રાગને જ્ઞેયને બનાવીને તેમાં જ રોકાઈ ગયો છે, એ ક્રિયા ન કરતો હોય તોપણ સેવક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

બે વકીલો સામ સામે કોર્ટમાં હોય. બહાર નીકળે પછી બેય ભાઈબંધ થઈ જાય, લ્યો. ઓલો કહે, નહિ આમ હોવું જોઈએ. પેલો કહે, નહિ, આમ હોવું જોઈએ. જાણે ઘેંટા ભેગા હોય એમ લાગે અંદરમાં. બહાર નીકળે તો કાંઈ નહિ. એક વિશીમાં ખાવામાં બેય ભેગા થાય. છે કાંઈ લેવા દેવા અંદરમાં? પોપટભાઈ! એમ છે કે નહિ? એમ ધર્મીજીવને ક્યાંય સંયોગમાં દેખાય પણ કહે છે કે એ સંયોગથી છૂટો જ પડ્યો છે ત્યાં ઈ. આહા..હા..! બાપુ! ધર્મદૃષ્ટિ અને ધર્મસ્વભાવ કોઈ અલૌકિક વસ્તુ છે. દૃષ્ટિ ત્રિકાળને આશ્રયે છે અને

ત્રિકાળને આશ્રયે છે ત્યારે એ ધર્મ સ્વભાવ પ્રગટે છે. એ શાંતિ ને સ્વચ્છ ને નિર્મળ હોય છે. એવામાં સ્વસ્વામીપણું એનું ધર્મીનું, સ્વ પોતાનું દ્રવ્ય, ગુણ અને નિર્મળ પર્યાય ઈ સ્વ અને એનો સ્વામી છે. સમજાણું કાંઈ? સ્વસ્વામીસંબંધ નામનો એક આત્મામાં ગુણ છે. એ ગુણનો ધરનાર એવો પ્રભુ આત્મા એને જ્યાં અનુભવમાં લીધો એ જ્ઞાન, અનુભવમાં લીધો એ જ્ઞાન અને રાગથી વિરક્તપણું પરિણમે છે તે વૈરાગ્ય. સમજાણું કાંઈ? ભલે ચોથે ગુણસ્થાને હો. એ રાગથી તો વિરક્ત જ છે. રાગમાં રત નથી. રાગમાં રત છે એ મિથ્યાદૃષ્ટિ છે. એને સ્વભાવના આનંદનું ભાન નથી. આહા..હા..! ભારે ધર્મ ભાઈ આવો. ઓલું તો સામાયિક કરીએ, પોષા કરીએ, જાઓ કંદમૂળ ન ખાવું, લીલોતરી પાંચ પરબી પાળવી. પોપટભાઈ! આવો ધર્મ હતો, કરી નાખ્યો આકરો એમ કહે. એક જણો એમ કહેતો હતો. વિરમગામમાં આવ્યો હતો. ઓલું શું કહેવાય? શું કહેવાય? કસ્ટમ, કસ્ટમનો હતો એક દેરાવાસી આવ્યો હતોને, ઘણા વર્ષ પહેલા આવ્યો હતો. આ (ધર્મ) સહેલો હતો અને આવું મોંઘું કરી નાખ્યું તમે. એમ કે આ અમે ભક્તિ કરીએ, જાત્રા કરીએ, સામાયિક કરીએ, પોષા કરીએ ઈ ધર્મ છે. હવે આમાં તમે કરી નાખ્યું બધું (આકરું). પરનું કાંઈ થાય નહિ અને રાગ કરે તોપણ ધર્મ નહિ. શુભરાગ. ભારે આકરું. કહો! કર્યું નહિ, વસ્તુનું સ્વરૂપ એવું છે. કરે કોણ? આહા..! આવા અમે પાછા સમન્વય કરીને બેને ભેગા કરો. એ પણ ધર્મ કરનારા અને એ પણ ધર્મ કરનારા. પોતપોતાની દૃષ્ટિ સૌ ધર્મ કરે છે બિચારા. માન્યો છે, હતો કે દિ'? વીતરાગ સ્વરૂપે ભગવાન, 'જિનસ્વરૂપી તે આત્મા, અન્ય હો હી હૈ કર્મ' રાગાદિ તો બીજી ચીજ છે. સ્વના સ્વામીમાં પરનું પરનું સ્વામીપણું જેને હઠી ગયું છે. અજ્ઞાનીને પરના સ્વામીમાં સ્વનું સ્વામીપણું આવ્યું નથી. મિથ્યાદૃષ્ટિને પરના સ્વામીપણામાં સ્વનું સ્વામીપણું આવ્યું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એ ક્રિયા ન કરતો હોય છતાં કાર્યનું સ્વામીપણું હોવાથી તે '**પ્રાકરણિક છે,...**' એ કાર્યનો કરનાર જ છે. આહા..હા..! દૃષ્ટિ ત્યાં પડી છે એની, રસ તો ત્યાં છે. આહા..હા..! '**તેવી રીતે...**' એ દૃષ્ટાંત થયો. '**સમ્યગ્દૃષ્ટિ પૂર્વસંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયોને સેવતો હોવા છતાં...**' અહીં તો આ ભાષા વાપરી છે એ તો લોકને સમજાય એ રીતે વાપરી છે. વિષય સેવે કોણ? પણ પહેલથી નિર્જરાની.... સંયોગોમાં દેખાય ઈ વિષય સેવે છે એમ કહેવામાં આવે છે. '**છતાં રાગાદિભાવોના અભાવને લીધે...**' આહા..હા..! એને રાગની એકતાબુદ્ધિ છે નહિ. એકતાબુદ્ધિ તો આનંદની સાથે છે. સમજાણું કાંઈ? રાગ અને દ્વેષ અને મોહભાવોના અભાવને લીધે. મિથ્યાત્વ નથી અને ઈષ્ટ અનિષ્ટની બુદ્ધિ રાગ દ્વેષ ખસી ગયો છે. આહા..હા..!

'**વિષયસેવનના ફળનું સ્વામીપણું નહિ હોવાથી...**' ધર્મીને એનું સ્વામીપણું—ધણી

નથી. ધણીપતું ઉઠાવી લીધું છે. 'અસેવક જ છે...' સેવક છતાં અસેવક. પાછા ઓલા સામે કહે છેને? કામ કરવા છતાં આસક્તિ નથી તો એ અકર્તા જ છે. એમ નથી. આ બીજી વાત છે. એઈ..! ઈ ભાઈ કહેતા, મગનભાઈ, પહેલા પછી તો.. મગનલાલ ગુલાબચંદ, મોરબીવાળા, દફ્તરી. જુઓ! આ વાંચે તો એમાં ઈ કહે, જુઓ! આમાં પણ અનાસક્તિનું વર્ણન છે. ઈ ગીતાનું અનાસક્તિનું ઈ આ નહિ. ઈ તો કહે છે, પરના કામ કરવા પણ આસક્તિ રાખવી નહિ. ઈ વાત જ જૂઠી છે. પરના કામ કરી શકું છું ઈ માન્યતા જ આસક્તિ અને મિથ્યાત્વ છે. રતિભાઈ! એવી આ અનાસક્તિની વ્યાખ્યા નથી. જુઓ! અહીંયા કરતાં છતાં અકર્તા કીધુંને? કરતા છતાંનો અર્થ આમ દેખાય છે સંયોગમાં એ દૃષ્ટિ વાત કરી છે, બાકી કર્તા જ નથી. આહા..હા..! દેહની ક્રિયા, વેપારની ક્રિયા એનો જ્ઞાની કર્તા જ નથી અને એના તરફના વલણવાળો જે રાગ એનો એ કર્તા નથી. એમ નહિ કે આપણે કરવું તો ખરું પણ આસક્તિ ન રાખવી. એમ વસ્તુ નથી.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એમ નથી, એમ નથી. વસ્તુની સ્થિતિ એમ નથી. આ કહ્યું આમાં. જુઓ! અસેવક છે. સેવતા છતાં અસેવક છે, કામ કરતાં છતાં કામ કરતો નથી એમ કહે છે. એમ નથી. એઈ..! લોકોની દૃષ્ટિથી એણે વાત કરી છે. સમકિતી હોય, લગન કરે, લ્યો. ભરત ચક્રવર્તી જેવા સમકિતી દરરોજ સેંકડો સ્ત્રી, કન્યાઓ પરણે. ચક્રવર્તી પદે હજી સાધવા જાય છે ત્યાં. સમજાણું કાંઈ? દુનિયા એમ માને કે આ તો કરે છે. કરતો નથી. એ તો રાગરસ ઊડી ગયો છે અંદરથી. પણ પૂર્વના પુણ્યના કારણે સંયોગો એવા દેખાય એથી અજ્ઞાની એમ માને કે આને સેવે છે. એ વાત લીધી છે. સેવતો જ નથી. જડની ક્રિયા કોણ કરે? આહા..હા..! દેહને કોણ હલાવે? દેહની ઇન્દ્રિયોને કોણ પોતાની માને? આહા..હા..! પોતાનો અનીન્દ્રિય સ્વભાવ ભગવાન જેની મહત્તા દૃષ્ટિમાં આવી છે એ બીજે ક્યાંય મહત્તા આવતી નથી. એમ કહ્યું છે. આમાં કાઢે જુઓ, સેવન પરનું સ્વામીપણું.. ફળ છોડી દ્યો. એઈ..! કામ કરો પણ ફળ ભગવાનને આપી દો. એમ કહે છેને એમાં? એમ નથી.

અહીં તો બીજી વાત કરે છે કે ભગવાન આત્માની જેને અંતર અનુભવ દૃષ્ટિ થઈ એને રાગનો રસ, બહારમાં બીજો માને કે આને રસ છે, આમાં બેઠો છે પરણવા, કન્યા સાથે આમ કરે છે. ઈ તને દેખાય છે. અંદરમાં છે નહિ. આહા..હા..! આ તે કંઈ વાત છે! રાગથી વિરક્ત છે. રાગનો રસ જ્યાં મરી ગયો છે એને. અને આત્માના રસના આનંદની જેને જાગ્રતિ થઈ છે. આહા..! હવે એનું માપ બહાર કેમ કઢાય? સમજાણું કાંઈ? ઉપરટપકે જોવે. ઈ શૈલીએ વાત કરી છે અહીં. ભોગવે-બોગવે કોણ?

પહેલા ગાથામાં આવ્યું, જ્ઞાની સચેત અચેતને ભોગવે છતાં નિર્જરા છે વૈરાગીને. ભોગવે

છે ઈ? રાગનો પણ જ્યાં ભોક્તા નથી ત્યાં વળી આ બહારના પદાર્થના ભોગવે (એ ક્યાં રહ્યું?). એ તો દુનિયા દેખે ઈ દૃષ્ટિએ કથન કર્યું છે. રતિભાઈ! શું થાય? અજ્ઞાનીને તો પુણ્યનો યોગ ઓછો હોય. રોટલો, બાજરો ને ઘેંસ ખાતો હોય. સમકિતીને પુણ્યનો યોગ એવો હોય કે જેનો એક કોળિયો છન્નુ કરોડ પાયદળ ન પચવે. એવા બત્રીસ કોળિયા ખાય, છન્નુ કરોડ પાયદળ ન પચવે. એવી ભસ્મ અંદર હોય. શેઠ! તમારી હીરાની ભસ્મ હોય છેને? શું કહેવાય ઈ? પોણો શેર પાંચ હજારનું. પડિકામાં આપે છેને? એમને એમ પડીકા પડ્યા છે હોં! શું કહેવાય ઈ નામ? .... સમજાણું કાંઈ? આહા..હા..! એમ ઊંચા ઊંચા ભસ્મ નાખેલી એક કોળિયો છન્નુ કરોડ પાયદળ ન પચવી શકે. એવા બત્રીસ કોળિયા ખોતો છતાં કહે છે ખાવાની ક્રિયાનો તો સ્વામી (નથી), પણ અંદર વિકલ્પ ઉઠ્યો એનો ધણી નથી. આ તો ઝેર છે. અમૃતને લૂંટીને ઉત્પન્ન થયેલો રાગ ઝેર છે.

સહજાનંદી પ્રભુ આત્મા, અરે..! આ રાગમાં લૂંટાઈ ગયો છે. એમ માને. ઓલો રાગમાં હરખ માને છે. સમજાય છે? એમાં મને કાંઈક લાભ થાય છે, મને સુખ થાય છે, મને એનાથી આહ્લાદ થાય છે એમ અજ્ઞાની માને છે. એ ન સેવતો છતાં સેવક છે. ધર્મી સેવતો છતાં અસેવક આ અપેક્ષાએ કહ્યું છે. જ્યાં ત્યાં લગાવી દે લાકડા. જુઓ! ફલાણાંમાં કહ્યું ઈ અહીં કહ્યું છે. ભાઈ, આ બીજી જાત છે. સમજાણું કાંઈ? એક રજકણ અને રાગના કણનો પણ ધર્મી કર્તા છે જ નહિ. પરિણમનમાં હોવા છતાં કરવાલાયક છે એ બુદ્ધિ તો ઊડી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અસેવક જ છે (અર્થાત્ સેવનારો નથી)...**'

'**અને મિથ્યાદૃષ્ટિ વિષયોને નહિ સેવતો હોવા છતાં...**' એનું—અજ્ઞાનીનું ધ્યેય જ રાગ છે એમ કહે છે. એ ભલે બાહ્યના સંયોગો પુણ્યને કારણે ઘટી ગયા હોય અને ત્યાગી થઈને અંતરાય કર્મનો ઉદય હોય એટલે સંયોગ ન હોય. એ.. ચેતનજી! એ અંતરાય કર્મનો ઉદય? બિચારાએ આટલું છોડ્યું તોય? એ રાગની એકતા છોડી નથી, બહારનું અસદ્‌ભૂત વ્યવહારનયે પણ છોડ્યું નથી. અસદ્‌ભૂત વ્યવહાર એ તો છોડવું કહેવું, ઈ તો ભાષા જૂઠી છે. આહા..! '**વિષયસેવનના ફળનું સ્વામીપણું હોવાથી...**' લ્યો. રાગાદિ ભાવોની હયાતીને લીધે, સદ્‌ભાવને લીધે એનું હોવાપણું જ રાગમાં છે અને ધર્મીનું હોવાપણું જ શાંતિ અને આનંદમાં છે એમ કહે છે. આહા..હા..! આ તે આંતરા. આટલો આંતરો પાડે કોણ? સમજાણું કાંઈ? એવો ઉદય આવ્યો હોય કે જેનું કોઈ રીતે સમાધાન થતું ન હોય. એથી એને દેખાય એમ કે આ રાગ છે અને આ ક્રિયામાં જોડાઈ ગયા છે. જોડાણો જ નથી. આહા..હા..! ઉદાસ.. ઉદાસ.. રાગથી ઉદાસ, સ્વભાવના અસ્તિત્વમાં ઠરેલો આત્મા છે. એથી અજ્ઞાની '**વિષયસેવનના ફળનું સ્વામીપણું હોવાથી...**' રાગમાં રંગાઈ જાય છે ઈ. એથી એનું '**સ્વામીપણું હોવાથી સેવક જ છે.**' લ્યો. સમજાણું કાંઈ?

એ શુકરાજ નાખવામાં આવ્યો છે. વીર.. વીર એનું આવ્યું છે. આ વીર નથી? એમાં આવ્યું છે. જુઓ! શુક. શુકદષ્ટિ એટલે પોપટદષ્ટિ. છેને? શુકદષ્ટિ અને કપુદષ્ટિ. એ કોઈ છોકરાએ લખ્યું છે બિચારાએ. એમ સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ ઉતાર્યું એમાં. સારું નાખ્યું છે. આદિશકુમાર જૈન, જૈન કોલેજ, સરદના. સરદના છેને? ત્યાંનો કો'ક છોકરો છે. 'યહી હાલત સમ્યગ્દષ્ટિ ઔર મિથ્યાદષ્ટિ કી હોતી હૈ.' પોપટ. 'જ્ઞાનીજીવ તોતેકી તરહ વિષયભોગોંસે છૂટકર ભાગના ચાહતા હૈ. મિથ્યાદષ્ટિ છૂટનેકા મૌકા મિલનેપર ભી કબુતરકી તરહ નહીં છોડના ચાહતે.' આહા..હા..! કાંઈક એવું લખે તો... પણ વાતું... શુભભાવ આ કરો, .. આ કરો. ઓહો..હો..!

સ્થાનકવાસીમાં તો એટલું આવ્યું છે. વરસાદ વરસે તો આમ થાય ને ઝાડ હોય તો લીલોતરી થાય. નજર આમ ઝાડ હોય તો ઠરે, છાયા મળે. આમ હું ગયો હતો ત્યાં ઘોડાગાડીને છાયો ન મળે. ઈ કરતાં પહેલા ઝાડ હતા તો છાયા મળતા. હવે છાયા-બાયા મૂકને પડતી. આવી વાતું બધી. પહેલા ઝાડ બહુ હતા ને હવે તો ઝાડ કાપી નાખે છે. થાક્યા પાક્યા બેસવું હોય તો નથી મળતું, આમ છે ને તેમ છે. હવે આ થાક્યો પાક્યો ઉતર અહીં અંદરમાં છે ન્યાં જાને. બહારમાં ધૂળમાં એ પાછું ફરીને આવ્યા વિના રહેશે નહિ. મિથ્યાદષ્ટિપણે એવું આવે છે. એવું ફરીને પાછું આવશે. પ્રતિકૂળતાનો પાર નહિ હોય નરકમાં જાઈશ તો. ન્યાં ક્યાં ઝાડ હતું? આહા..હા..! જ્યાં આનંદના ફળ પાકે એવું ઝાડ તો તું પોતે છો. એને છાંયે જાને. એઈ..! આહા..હા..!

શ્રીમદ્દે નથી કહ્યું એકવાર? અહીં લોકોએ તો ફલાણું નાળિયેર... કેવું? નાળિયરને વખાણી માર્યું છે. સાકરના નાળિયેરને વખાણી માર્યું છે પણ અહીં તો સચોટી અમૃતની નાળિયેરી છે. સાકરનું નાળિયેર. શુભભાવ થયો એને વખાણી માર્યું. આવો શુભભાવ કર્યો અને આણે આ કર્યું. ધૂળેય કર્યું નથી એમાં. આહા..હા..! અમૃતના સાગરમાંથી એક પણ બિંદુ અંદરમાંથી આવતાં એના સ્વાદની આગળ આખી દુનિયાનો સ્વાદ ઊડી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહારમાં તો હરખ એવો દેખાય, લ્યો.

સોગાનીએ લખ્યું છેને? ભગવાનનો જન્મ થાય, ઈન્દ્રો આવે. શું કહેવાય? તાંડવ નાચ કરે ઘુઘરા બાંધીને. એ ક્રિયા દેખાય છે ખરી. આમ બાહ્યમાં હરખ પણ દેખાય, અંદરમાં રાગથી વિરક્ત છે. આરે..! રાગનો રસ છે નહિ. કહો હવે ઘુઘરા બાંધીને (નાચે). અષ્ટાહ્નિકા આવે છેને? આ આવશે અષ્ટાહ્નિકા નહિ? ફાગણ. અષ્ટમીથી. બે ઘટે છે, સાતમથી હશે. નહિ? એક ઘટે છે. સાતમથી છે. એ અષ્ટાહ્નિકામાં ઈન્દ્રો જાય નંદીશ્વર. શાશ્વત મંદિરો, રત્નની પ્રતિમાઓ. આમ મહોત્સવ જેવું મનાવે પણ અંદરમાં રાગનો રસ ઊડી ગયો છે. આહા..હા..! બહારમાં હોંશ દેખાય પણ અંદર રાગમાં હોંશ હોય નહિ. આ વાતના આંતરા ક્યાં પાડવા? કહો ચેતનજી! એકાવતારી, શક્રેન્દ્ર એકાવતારી. એક ભવે મોક્ષ જનારા. એની રાણી એક

ભવે મોક્ષ જનારી. ઈન્દ્રાણી. જાય, ભગવાનનો જન્મ થાય એટલે. હાથમાં લે. માતા! ધન્ય રતનને કૂંખમાં રાખનારી! એ બધો ભાવ તો શુભ છે. એઈ..! આવે છે, આવે છે પણ એનો અંદરમાં નિશ્ચય જ્ઞેય બનાવ્યો છે જીવને, એનું આ જ્ઞેય નિશ્ચય નથી. પરજ્ઞેય તરીકે એને જાણે છે. આટલા આંતરા તો અંદર પડ્યા વિના દેખાય એવું નથી. સમજાણું કાંઈ? રાજા ભેગા થાય, ઈન્દ્રો ભેગા થાય, લ્યો. શું કહે છે? જન્મે ત્યારે ભેગા થાયને રાજા? આ આપણે બતાવે છેને પંચકલ્યાણકમાં નહિ. રાજ્યાભિષેક. નાળિયેર લઈને જાય, આ થાય. એમાં સમકિતી પણ હોય ભેગા કોઈ. સૌની સાથે ઈ પણ દેખાય, નાળિયેર લઈને જાય. ઓહો..હો..! ભગવાનનો રાજ્યાભિષેક છે. એ હો રાગ અશુભથી બચવાને માટે અથવા એ કાળે ઈ આવવાનો, એમ બેય વાત છે. નિશ્ચયથી એ કાળે આવવાનો, આમ અશુભથી બચવાની ભાષા, કથન આવે ઉપદેશમાં. પણ એ રાગનો જ્યાં રસ જ, ધણીપતું જ ઊડી ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ બધું દેખાય જાણે આમ ભક્તિ કરે ને આ કરે, અંદરમાં કાંઈ ન મળે. આહા..હા..! આ આંતરા. એને વિષયના સેવનના ફળનું સ્વામીપણું નથી. ધણી થતો નથી. માલિક જ થતો નથીને, કોનો આ રાગ? અહીં કોના ઘરમાં છે. કર્મના નિમિત્તનો ઉપાધિભાવ હશે, જણાય છે. આહા..હા..!

અહીંયા આત્માના સ્વભાવની દૃષ્ટિ કરવી એનું માહાત્મ્ય બતાવે છે. સમજાણું કાંઈ? આમ થાય, એનો અર્થ ઈ. જેણે ભગવાન આત્માને અનુભવ્યો, જેના જ્ઞાનમાં આત્મા આવ્યો એની મહિમા શું કહેવી? કહે છે. એમ આવ્યુંને અંદર? જ્ઞાનનું અચિંત્ય સામર્થ્ય અને વૈરાગ્યનું પણ અચિંત્ય બળ છે. આહા..! એ કંઈ લુખ્ખી વાત નથી. આનંદના રસની ભરેલી વાત છે. રાગના રસથી જે જ્ઞાની ખાલી થઈ ગયો છે. આહા..હા..! કહો! ધર્મી હોય અને દૂધપાક સરખો ન થયો હોય તો એમ પણ કહે, કે આ સરખો નથી થયો. આવું કેમ કર્યું? કોણે કર્યું આ? અને અજ્ઞાની હોય, અરે..! પણ આવું? તમને વૈરાગી કહે છેને? અજ્ઞાની વળી ઓલાને ઠપકો આપે. આહા..હા...!

મુમુક્ષુ :— માપ જ જુદા છે.

ઉત્તર :— માપ જુદું છે.

મુમુક્ષુ :— બહારથી થર્મોમીટર નથી લાગતું.

ઉત્તર :— થર્મોમીટર લાગે છે સમ્યક્જ્ઞાનમાં. સમ્યક્જ્ઞાનમાં એનું માપ આવે છે. અજ્ઞાનીને માપ આવતું નથી. આહા..હા..!

‘**ભાવાર્થ :— કોઈ શેઠે પોતાની દુકાન પર કોઈને નોકર રાખ્યો.**’ લ્યો, દાખલો સાદો. ‘**દુકાનનો બધો વેપાર-વણજ-ખરીદવું,...**’ લ્યો. ‘**વેચવું વગેરે સર્વ કામકાજ-નોકર કરે છે...**’ વીરજીભાઈ કહેતા એક વાર. આ મકાન બનાવ્યા હતાને? એણે બનાવ્યા

છેને નવા? નહિ? તે દિ' મેડીબંધ મકાન પાછળ. ઈ કહે સુથારને મેં આપેલા પૈસા. લાકડા ઈ લાવે, વેચાતા ઈ લાવે. અમને કાંઈ નહિ, અમે પૈસા માંગે ઈ આપી દઈએ. એ વખતે એવું હતુંને. લોકો નીતિવાળા બહુ હતા. શેઠિયાનું કામ શેઠિયો ઊભો હોય તો જરી શિથિલતા બતાવે. ઈ ન હોય ત્યારે બરાબર કામ કરે. અહીં થોડું ઊભા હોય ત્યારે જરી કામ બતાવે, ન હોય ત્યારે સમજવા જેવું. બેસે નિરાંતે વાતું કરે, બાયડ્યું નવરી હોય તો. આહા..હા..! ઈ એમ કહે, અમે સુથારને પૈસા આપીએ. આટલું લાકડું લાવવું છે, આટલું લોઢું લાવવું છે. પૈસા આપો. પૈસા દઈ દ્યે. અમને કંઈ ચિંતા જ નહિ કાંઈ. પણ ઈ માણસ એવા આવે કે આખું મકાન કરીને લાકડાનો આટલો કટકો પણ વધાર્યો નહિ. એવું કામ. વીરજીભાઈ કહેતા. સમજાણું કાંઈ? પણ ઈ ખોટ અને નુકસાનનો સ્વામી કોણ? વીરજીભાઈ. સુથારને ઘરે છે કાંઈ? આહા..! અત્યારે તો બે હજારનું લોઢું હોય તો ઓલો પાંચ હજારનું લઈ આવે. મોંઘા ભાવનું છે પણ હવે લઈ લ્યો, લઈ લ્યો. એમ કરીને કંઈક ગપ્પા મારે છે અત્યારે. આહા..હા..!

અહીં કહે છે કે એ બધો પરસેવો ઉતરે જેને ઘરે જેનો માલ હોય એને, નોકરને શું છે? પગાર આપે બસ્સોનો, સોનો જે આપતા હોય ઈ. તોપણ તે વેપારી, આવું ખરીદવું કરે, વેચવું કરે વગેરે કામકાજ કરે, કહો. ઉઘરાણી નાખે, પણ ઉઘરાણી આવે, ન આવે, દુકાળ પડ્યો તો કોણ એનો ધણી? ઈ નોકર ધણી છે કાંઈ? પોપટભાઈ! **'કોઈ શેઠે પોતાની દુકાન પર કોઈને નોકર રાખ્યો. દુકાનનો બધો વેપાર-વણજ-ખરીદવું, વેચવું વગેરે સર્વ કામકાજ-નોકર કરે છે તોપણ તે વેપારી નથી કારણ તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો સ્વામી નથી;...'** લાભ-નુકસાનનો સ્વામી ઈ ક્યાં છે? નોકર ક્યાં છે? ઈ તો શેઠને ઘરે છે. આહા..હા..! કેવો દાખલો આપ્યો છે, જુઓને! સાદો. **'તે તો માત્ર નોકર છે, શેઠનો કરાવ્યો બધું કામકાજ કરે છે.'**

**'જે શેઠ છે તે વેપાર સંબંધી કાંઈ કામકાજ કરતો નથી,...'** પૈસા આપ્યા હોય દુકાનમાં કે આ પાંચ લાખ તમને આપીએ છીએ અને ટકાનું વ્યાજ આપજો અને અડધો ભાગ આપજો. બે મહિને તપાસવા આવશું અમે. ઉપાડી ન જાય. સમજ્યાને? કહેતા, ઈ મોહનભાઈ કહેતા, મોહનલાલ કાળીદાસ. પૈસા આપીએ, તે દિ' તો ઓછું વ્યાજ, બાર આનાનું વ્યાજ લઈએ અને નફાનો અડધો ભાગ અને મહિને, બે મહિને પાછા ચોપડા તપાસવા જઈએ. ખાઈ તો નથી ગયાને? મોહનભાઈ કહેતા, મોહનભાઈ કાળીદાસ. પણ ઈ કહે છે, નુકસાન અને (નફાનો) ધણી તો ઈ શેઠ છે કે નહિ? કે ઓલો સામો ધણી છે? આહા..હા..! તે તો માત્ર નોકર, શેઠનો કરાવ્યો બધું કામ કરે. અહીં કામ કરી શકે કે ઈ પ્રશ્ન નથી, અહીં તો એક દૃષ્ટાંત દેવો છે. એમાં દૃષ્ટાંતમાં વાંધો કાઢે. જુઓ! કરી શકેને વેપાર? શેઠ કરાવ્યો

કરે પાછો. શેઠે કરાવ્યું બધું કામ કરે, જુઓ! કરાવી શકાય છે કે નહિ પરનું કામ? અહીં તો દાખલો છે, સાંભળને.

'**શેઠ તે વેપાર સંબંધી કાંઈ કામકાજ કરતો નથી, ઘેર બેસી રહે છે તોપણ તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો ધણી હોવાથી તે જ વેપારી છે.**' વેપારી તો ઈ છે. આહા..હા..! '**આ દૃષ્ટાંત સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ પર ઘટાવી લેવું. જેમ નોકર વેપાર કરનારો નથી તેમ સમ્યગ્દૃષ્ટિ વિષય સેવનારો નથી,...**' આહા..હા..! સેવે છે છતાં સેવનારો નથી. એમ કીધુંને? કામ કરે છે છતાં કરનારો નથી. આ અપેક્ષાએ કહ્યું છે. કરી શકે છે એ ક્યાં વાત છે? અહીં લગાવે છે આમાં, ગીતાની સાથે. મગનભાઈ લગાવતા. આમાં ઈ કહ્યું છે. અરે.. બાપુ! આ તો... ઉપરટપકે જુએ તો (સરખું) લાગે, જુઓ! આમાં કરે છતાં કરતો નથી. કામ કરવા છતાં આસક્તિ રાખતો નથી. ઓલામાં નથી આવ્યું આપણે? શિલ્પી કામ કરે, ભાઈ! આવ્યું છેને? રતનચંદજીએ ઈ કાઢ્યું છે. શિલ્પી કામ કરે છતાં તન્મય થતો નથી. કરે છે, ઓલો કહે છે, રતનચંદજી કહે છે. આવાને આવા. અરે..! પણ શું કહે છે? શિલ્પી કામ કરે છે એમ દેખાય છે. લોકો એમ કહે છેને, સોનીએ આ ઘરેણું ઘડ્યું. સુથારને ગાડું કર્યું. દાડિયાએ મકાન ચણ્યું. એમ કહે છે કે શું કહે છે? એની મેળાએ થયું એમ બોલે? બોલે જુદી વાત છે વ્યવહારની, ઈ એણે કર્યું છે? કહો, સમજાણું કાંઈ? દુકાનના થડે ફલાણા ભાઈ જ્યારથી આવ્યા ત્યારથી થડાની વૃદ્ધિ જ છે. લ્યો. બહુ ધ્યાન રાખનારા. એટલે એને લઈને વૃદ્ધિ થાતી હશે? પણ દાખલો આપવો હોય તો એમાં શું દેવો?

સમ્યગ્દૃષ્ટિ, '**નોકર વેપાર કરનારો નથી...**' નોકર જેવો છે. '**સમ્યગ્દૃષ્ટિ વિષય સેવનારો નથી, અને શેઠ જેમ વેપાર કરનારો છે...**' શેઠ વેપાર કરનારો છે ઈ? આ તો દૃષ્ટાંત છે. એ પરનો વેપાર કરી શકે છે આત્મા? લેવડ, દેવડ, આ આપો, લીધું, દીધું એ ભાષાનો કર્તા આત્મા છે? કરી શકે છે? આહા..હા..! ભારે કામ પણ. '**તેમ મિથ્યાદૃષ્ટિ વિષય સેવનારો છે.**' લ્યો. શેઠ જેમ વેપાર કરનારો છે, એમ મિથ્યાદૃષ્ટિ વિષય સેવનારો છે.

## શ્લોક-૧૩૬

(मन्दक्रान्ता)

सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः।
स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्त्या।

यस्माज्ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च
स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्।। १३६।।

હવે આગળની ગાથાઓની સૂચનાનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [सम्यग्दृष्टेः नियतं ज्ञान-वैराग्य-शक्तिः भवति] સમ્યગ્દષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે; [यस्मात्] કારણ કે [अयं] તે (સમ્યગ્દષ્ટિ જીવ) [स्व-अन्य-रूप-आप्ति-मुक्त्या] સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે [स्वं वस्तुत्वं कलयितुम्] પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે, [इदं स्वं च परं] 'આ સ્વ છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે) અને આ પર છે' [व्यतिकरम्] એવો ભેદ [तत्त्वतः] પરમાર્થે [ज्ञात्वा] જાણીને [स्वस्मिन् आस्ते] સ્વમાં રહે છે (-ટકે છે) અને [परात् रागयोगात्] પરથી-રાગના યોગથી- [सर्वतः] સર્વ પ્રકારે [विरमति] વિરમે છે. (આ રીત જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ.) ૧૩૬.

## કળશ-૧૩૬ ઉપર પ્રવચન

'હવે આગળની ગાથાઓની સૂચનાનું કાવ્ય કહે છે :—'

सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः।
स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुकत्या।
यस्माज्ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च
स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्।। १३६।।

'सर्वतो' આવ્યું આમાં. આહા..હા..! 'सम्यग्दृष्टेः नियतं ज्ञान-वैराग्य-शक्तिः भवति' ધર્મીજીવની દૃષ્ટિમાં આત્માનો અનુભવ છે એથી તેને જ્ઞાન સાચું છે અને રાગથી વિરક્તતાનો વૈરાગ્ય છે. સમજાણું? નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ એટલે? શુદ્ધ આત્માનો અનુભવ છે, જ્ઞાન એટલે. અને રાગથી જેને ઉદાસ વૈરાગ્યભાવ છે. સમજાણું કાંઈ? જ્ઞાન એટલે એકલું જાણપણું એમ નહિ. આહા..હા..! સમ્યગ્દષ્ટિને નિશ્ચયથી, શુદ્ધ ચૈતન્ય આનંદમૂર્તિ પ્રભુ એનો એને અનુભવ હોય છે. આહા..હા..! મિથ્યાદષ્ટિને રાગનો અનુભવ હોય છે. સમજાણું કાંઈ? ધર્મીજીવને નિશ્ચયથી શુદ્ધ આત્માનો અનુભવ હોય છે અને નિશ્ચયથી એ રાગથી વિરક્ત હોય છે. આહા..હા..!

'કારણ કે તે (સમ્યગ્દષ્ટિ જીવ)...' '**स्व-अन्य-रूप-आप्ति-मुक्त्या**'. સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ, એ '**કરવાની વિધિ વડે...**' ખરેખર તો સ્વ અન્ય. સ્વરૂપની પ્રાપ્તિ અને અન્યરૂપથી મુક્ત્વા. સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્યસ્વભાવ સ્વ એની પ્રાપ્તિ અને અન્યથી મુક્ત્વા. પરથી મુક્ત જ છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? છ ખંડના રાજ હોય, ઈન્દ્રના ઈન્દ્રાસન હોય, તો કહે છે કે પરથી તો મુક્ત જ છે. સ્વની પ્રાપ્તિ છે, પરથી મુક્ત છે. જુઓને શૈલી! આહા..હા..! સ્વ અન્ય. '**स्व-रूप-आप्ति**' '**अन्य-रूप-मुक्त्या**'. શુદ્ધ ચૈતન્યસ્વભાવની જેની દૃષ્ટિમાં પ્રાપ્તિ છે અને રાગથી તે મુક્ત છે. વૈરાગ્ય બતાવ્યો. સમજાણું? એ વૈરાગ્ય શક્તિ છે. આહા..હા..! રાગ હોવા છતાં મુક્ત છે. હોવા છતાંનો અર્થ જગતની ચીજ છે જગતમાં. ધર્મી એનાથી વૈરાગ્યથી મુક્ત જ છે.

'**स्वं वस्तुत्वं कलयितुम्**' '**પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે...**' '**कलयितुम्**' '**स्वं वस्तुत्वं**' સ્વનું આનંદપણું એનો અનુભવ '**कलयितुम्**' અનુભવમાં એ સમર્થ છે. આહા..હા..! સ્વ એવો જે આત્મા, એનું જે વસ્તુત્વ એનું જે આનંદ ને શાંતિ ને વીતરાગપણું '**कलयितुम्**' એનો અનુભવ કરવામાં સમર્થ છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ સુદ-૪, ગુરુવાર, તા. ૮-૦૩-૧૯૭૩
## શ્લોક-૧૩૬, ગાથા-૧૯૮, પ્રવચન-૩૩૭

નિર્જરા અધિકાર. આ શાસ્ત્ર સોનગઢનું નથી. કોઈને એમ લાગે કે આ ગુજરાતી અહીંથી બન્યું છેને, એટલે કોઈને એવું લાગે છે. છપાય ગમે ત્યાં. આ શાસ્ત્ર કુંદકુંદાચાર્યનું કરેલું બે હજાર વર્ષ પહેલા, સીમંધર ભગવાન પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં ત્યાં ગયા હતા. ત્યાં જઈને આઠ દિ' ત્યાં રહ્યા, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. મૂળ પાઠ એમનો છે અને સંસ્કૃત ટીકા પછી અમૃતચંદ્રાચાર્યની છે. એ પણ દિગંબર મુનિ એક હજાર વર્ષ પહેલા થયેલા એમની આ સંસ્કૃત ટીકા છે. આ કળશ પણ એમનો છે. એનું હિન્દી પહેલું

થયેલું હતું એમાંથી આ ગુજરાતી પછી કર્યું. એટલે ગુજરાતી અહીંનું છે માટે આવા ભાવ ગોઠવ્યા છે આમાં એમ નથી. શંકા છે કોઈને. સમજાણું કાંઈ? કારણ કે સંપ્રદાયમાં એ વાત ચાલતી નથી. એને આ કરો, આ કરો, વ્રત કરો ને તપ કરો. જે અનાદિથી છે ઈનો ઈ વિષય ત્યાં ચાલે છે. ઈ કાંઈ નવું છે નહિ. નિગોદમાં પણ શુભભાવ તો અનંત વાર કર્યો. શુભ અને અશુભ તો અનાદિથી ચાલતો જ આવે છે, એ કોઈ નવી ચીજ નથી. અને એ વાત બહારમાં છે નહિ. એટલે એમ કે આ તે કાંઈ અહીંથી ઘરે બનાવ્યું હશે આ લોકોએ? એ.. શેઠ!

તીર્થંકરો સર્વજ્ઞો અનંત થઈ ગયા એને અનુસરીને સર્વજ્ઞ બધા એક જ અનુસારે વાત કરે છે. એ મહાવીર પરમાત્મા પાસેથી પરંપરાએ કુંદકુંદાચાર્યને પણ મળેલું અને ભગવાન પાસે ગયા, આઠ દિ' રહ્યા ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચાણા છે અને એ પોતે ભાવલિંગી સંત હતા, આચાર્ય હતા. ભાવલિંગી એટલે? જેટલી આ ક્રિયાકાંડ પંચ મહાવ્રતના નગ્નપણું એ નહિ. અંતર આત્માનો અનુભવ.. ઈ અહીં કહેશે ... અંતર આત્મા આનંદસ્વરૂપનો અનુભવ એનું જ્ઞાન, એનું ભાન, એનું વેદન પ્રચુર સ્વસંવેદન. ભગવાન જે તીર્થંકરદેવ મુનિને માટે જે દશા કહે છે એ દશા એમને અંતરથી પ્રગટેલી. પ્રચુર સ્વસંવેદન. સમ્યગ્દૃષ્ટિને આત્માના આનંદનું વેદન હોય પણ થોડું હોય છે. મુનિને તો ઘણો અતીન્દ્રિય આનંદ (પ્રગટ થયો છે). ચારિત્ર એને કહીએ. સમજાણું કાંઈ? જેને અંતર આનંદમાંથી ઘણો જ આનંદ જેને ઊછળી ગયેલો દશામાં એને મુનિ કહીએ. એ મુનિ અને એ આચાર્ય, એમણે આ કરેલું છે. સમજાણું કાંઈ? છપાણું ભલે સોનગઢથી હોય. છપાણું ભલે આ ગુજરાતી સોનગઢથી હોય, પણ વસ્તુ અહીંની નથી. વસ્તુ ભગવાનની તીર્થંકરદેવની છે, ભગવાનના ઘરની છે. આહા..હા..! આખી વાત (બહાર આવી) ગઈ છેને એટલે લોકોને બિચારાને એવું થઈ જાય છે કે આ શું કહે છે આ તે કાંઈ? હવે જુઓ કળશ ફરીથી લઈએ છીએ.

'**શ્લોકાર્થ :— સમ્યગ્દૃષ્ટિને...**' ધર્મી એને કહીએ કે વ્રત ને તપ ને દયા ને દાન કરે એ કંઈ ધર્મી નથી. તે તો પુણ્યભાવ છે. એવો પુણ્યભાવ તો અનંત વાર અનંત જીવોએ અનંત વાર કર્યો છે. એ કોઈ ધર્મ નથી. એ કોઈ જન્મ મરણનો અંત લાવવાની કળા અને રીત નથી. સમજાણું કાંઈ? આ તો જેને જન્મ મરણના ચોર્યાશીના ફેરા ટાળવા હોય એને માટે વાત છે. એ તો અનંત વાર એવી પંચ મહાવ્રતની ક્રિયા, દયા, દાન, વ્રત, પૂજા, તીર્થ, ભક્તિ, કરોડો અબજોના દાન, કરોડો મંદિરો બનાવ્યા એવું અનંત વાર દરેક પ્રાણીએ કર્યું છે. એ કંઈ નવી ચીજ નથી. જેનાથી જન્મ મરણના અંત આવે એ ચીજ ઈ નથી. સમજાણું કાંઈ?

વીતરાગ પરમાત્મા આમ ફરમાવે છે કે '**સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન...**' હોય છે.

એટલે કે આત્માનો અનુભવ હોય છે. આહા..! એને ધર્મી કહીએ. રાગ અને પુણ્ય પાપના પરિણામથી ભિન્ન પડી અંદરમાં આનંદનો ધામ ભગવાન આત્મા એમાંથી ઘણો આનંદ પ્રગટ કરેલો હોય છે. એને જ્ઞાન એટલે શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોય છે. એને જ્ઞાન કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? એ મોક્ષનો માર્ગ છે. વીતરાગમાર્ગ અલૌકિક અપૂર્વ જુદી જાત છે પણ બહારમાં એ ચાલતી નથીને. બહારમાં તો આ કરો, આ કરો, વ્રત કરો, તપસ્યા કરો, પૂજા કરો, ભક્તિ કરો, મંદિર બનાવો, જાત્રા કરો. એ બધું રાગની મંદતા જો એમાં રાખે (તો) પુણ્ય બાંધે, બંધન થાય એને. ભગવાન આત્માનો સ્વભાવ તો અબંધસ્વરૂપી ચૈતન્ય છે.

મુમુક્ષુ :—

ઉત્તર :— ઈ છે, પણ કોઈને અંદરમાં હજી ખટકતું હોય એનું સ્પષ્ટીકરણ થાય છે આ. આ વળી નવું ક્યાંથી કાઢ્યું સોનગઢે? સોનગઢનું નથી, ઈ આત્માનું છે આ. શું થાય પણ? આખી ચીજ જ ફરી ગઈ છેને. ઉગમણો આથમણો ફેર છે.

ધર્મી એને કહીએ, પ્રથમ દરજ્જાનો ધર્મી હોં! ઊંચા પ્રકારનો ધર્મી મુનિ ને છઠ્ઠુ એની દશા તો ઊંચી હોય. અંતરના આનંદના ઝુલે ઝુલતો હોય છે. અતીન્દ્રિય આનંદના હોં! આહા..હા..! પણ અહીં તો સમ્યગ્દૃષ્ટિ ચોથેથી લ્યો, ચોથે ગુણસ્થાને જેને સમ્યગ્દર્શન કહીએ એ જીવને નિયમથી નિશ્ચયથી અનુભવ હોય છે. આહા..હા..! આનંદનો ધામ ભગવાન અનંત ગુણનું સ્વરૂપ.. સવારે કહ્યું નહોતું? કારણદૃષ્ટિ ત્રિકાળ અને એમાં કારણદર્શન ઉપયોગ પડ્યો છે ને અવિચળ ચારિત્ર પડ્યું છે એવું જે ત્રિકાળી સ્વરૂપ એનો એને અનુભવ, એ વસ્તુને અનુસરીને દશા થયેલી હોય છે. આહા..હા..! પુણ્ય અને પાપના વિકલ્પને અનુસરીને થાય એ તો વિકારી દશા છે. એ કંઈ ધર્મ નથી. એટલે વીતરાગનો માર્ગ નથી. સમજાણું કાંઈ? બહુ કામ એવું આકરું કામ. એક તો જગતમાં રળવા અને ખાવા પીવામાં સલવાય બિચારા. એમાં બે, પાંચ પચ્ચીસ લાખ મળે.. કહો, પોપટભાઈ! તમારા જેવાને માટે નહિ, આ તો સાધારણને માટે. તમે બધા તો પચાસ, સાંઈઠ સાંઈઠ, સીત્તેર, એંસી લાખ રૂપિયાવાળા બધા કરોડોપતિઓ. એનું નહિ, આ તો બે પાંચ લાખ પેદા કરતા હોય, બે પાંચ લાખ રૂપિયા હોય. સમજાણું કાંઈ? એને એમ થઈ જાય કે આહા..હા..! આપણે કાંઈક કરીએ છીએ! આપણે પૈસા આટલા પેદા કર્યા, દસ, વીસ લાખ.. ઓહો..હો..! આભે પાટુ માર્યું જાણે, ઓહો..! શું કર્યું! ધૂળેય કર્યું નથી, સાંભળને હવે. એ.. પોપટભાઈ! પાપના પરિણામ કર્યા છે રળવાના. એમાં પણ પૂર્વના પુણ્યના રજકણો શાતાના પડ્યા હોય એ ગળે અને ખરે ત્યારે ઓલી ચીજ બહાર આવે. આવે, એની પાસે તો કાંઈ નથી આવતી, આમ દૂર રહે.

મુમુક્ષુ :—

ઉત્તર :— એ જુદી, એની ક્યાં બાપની હતી? એ તો જડની છે. એ તો જડ છે.

એની પાસે આવે શું? કે આ મારા છે, એવી મમતા એની પાસે આવે. કે પૈસા આવે છે અહીંયા? પૈસા છે અહીંયા? સમજાણું કાંઈ? આહા..હા..! એ હેરાન અને ચાર ગતિમાં રખડવાના પંથ છે બધા. અને એ પૈસો પાંચ પચાસ કરોડ હોય એ દુઃખનું નિમિત્ત છે. દુનિયા એમ કહે છે કે એ સુખી છે. મૂઢ જીવો એને સુખી કહે. એ.. મૂળચંદભાઈ! સમ્યગ્દૃષ્ટિ સુખી છે. આહા..હા..! 'સુખીયા જગતમાં સંત, દુરીજન દુઃખીયા.' સંત એટલે જેને આત્મદર્શન અને આત્મભાન થયું છે, આત્મજ્ઞાન થયું, આત્મજ્ઞાન થયું-આત્મવેદન થયું એ જગતમાં સુખી છે. સમજાણું કાંઈ?

સોગાનીમાં લખ્યું છે એમના દીકરાએ કે આ કલકત્તામાં તો ઘણી વસ્તી છેને, મુંબઈથી, સાંઈઠ લાખ, ઘણી વધારે. એંસી લાખ. વાત સાચી છે. અહીં ચાલીસ લાખ છે. સોગાની ત્યાં થઈ ગયાને, કલકત્તામાં, અજમેરના હતા. ત્યાં હતા સોગાની. એની કપડાની દુકાન હતી મોટી, ઘણા લાખોપતિ. એ તો અહીંયા... એના છોકરાએ લખ્યું છે કે આટલી વસ્તીમાં એક ન્યાલચંદભાઈ એટલે અમારા પિતાજીનો આત્મા સુખી હતો. દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં લખ્યું છે. બાકી બધા દુઃખી દુઃખી બિચારા. મુંબઈમાં ઠસોઠસ વસ્તી. જગ્યા થોડીને એટલે ત્યાં બહુ લાગે. અને અહીં જમીન ઘણી. રસ્તામાં ખાલી.. નહિ? અને ત્યાં આપણે ગયા હતા, કેવું? ભાનપુર? કેવું? ભવાનીપુર. ભવાનીપુર જતા રસ્તામાં ખાલી ઘણું આવતું. ચારે કોર ખાલી બધું. મુંબઈમાં એવું ન મળે. મુંબઈમાં તો ખીચોખીચ. એટલે વસ્તી અહીં ખીચોખીચ લાગે, અહીં વસ્તી ખીચોખીચ નહિ પણ વસ્તીની સંખ્યા ઘણી અહીં. આહા..હા..! મારે તો બીજું કહેવું હતું. એમાં લખાણ છે એક કે ઓહો..! એંસી લાખની મોટી વસ્તી હતી એમાં એક ન્યાલભાઈનો આત્મા સુખી હતો. એમ લખ્યું છે. બાકી દુઃખી દુઃખી બિચારા. સાધુઓ દુઃખી, .. દુઃખી,... વસ્તુનું ભાન ક્યાં છે? જ્યાં આત્મા આનંદનો ધામ છે એની તો ખબર ન મળે અને જે ક્રિયાકાંડનો રાગ આવે એનો કર્તા થાય. એ મેં કર્યું, મારી ક્રિયા એ તો મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન પણ છે નહિ. આહા..હા..! આવી આકરી વાત.

અહીં કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ એ નિયમથી આત્માના આનંદનો વેદનાર છે. ભલે એને વેપાર ધંધા બહારથી દેખાતા હોય. છ ખંડનું રાજ ભરત ચક્રવર્તીને હતું, ઋષભદેવ ભગવાનના પુત્ર. છ ખંડનું રાજ. એમાં પણ લખ્યું છે ભાઈએ. લોકો એમ માનતા કે છ ખંડને સાધ્યા છે. ધીયા! એણે શું કહ્યું છે? પણ ઈ તો અખંડને સાધતા. ચક્રવર્તીનો આત્મા અખંડ આનંદકંદ પ્રભુ છે એને સાધતા હતા. છ ખંડ સાધ્યા નથી એણે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? એ અહીંયા સમ્યગ્દૃષ્ટિ એટલે સમ્યક્ સાચી અનુભવદૃષ્ટિ થઈ છે. ઓ..હો..હો..! જેને પુણ્ય અને પાપના ભાવ જે વિકાર અને વ્યભિચાર છે, શુભ અશુભ, એનાથી ભિન્ન પડેલી પોતાની ચીજ એને જેણે અનુભવમાં લીધી છે એ જીવ શુદ્ધ સ્વરૂપનો

અનુભવી છે. એ જ્ઞાની છે, એ ધર્મી છે, એ સુખી છે અને વૈરાગ્યની શક્તિ એને હોય છે. એને દયા, દાનના, વ્રતના વિકલ્પ શુભથી પણ જેની વિરક્ત દશા છે. આહા..હા..! રાગમાં જેને રુચિ છે એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. સમજાણું કાંઈ? જેને આત્માના આનંદની રુચિ પ્રગટી છે કે જેથી આનંદનો વર્તમાન સ્વાદ આવ્યો છે એ રાગની રુચિથી વિરક્ત છે. આહા..હા..! આવું તત્ત્વ વીતરાગે કહ્યું છે. કહો, રતિભાઈ! મુંબઈમાં તો ઝપાટા બોલે, હો.. હા, હો.. હા.. આહા..!

સમ્યગ્દૃષ્ટિને ભાષા જુઓ! **'नियतं ज्ञान-वैराग्य'** નિશ્ચયથી જ્ઞાનવેદન અને રાગથી વિરક્ત દશા નિશ્ચયથી છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'કારણ કે...' કારણ આપે છે હવે. 'તે (સમ્યગ્દૃષ્ટિ જીવ)...' **'स्व-अन्य'** સ્વરૂપ અને અન્યરૂપની **'आप्ति-मुक्त्या'**. સ્વરૂપની પ્રાપ્તિ અને પરરૂપનો ત્યાગ. આહા..હા..! **'मुक्त्या'** છે અને ઓલામાં **'आप्ति'** છે. સ્વની **'आप्ति'** અન્યની **'मुक्त्या'**. સ્વરૂપની **'आप्ति'** અને પરરૂપની **'मुक्त्या'**. એટલામાં સમાડી દીધું. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી દશાવાળો હજી શ્રાવક થવા પહેલાની વાત છે આ તો. શ્રાવક તો એનાથી આગળ જઈને શાંતિ અને આનંદ બહુ વધે એને શ્રાવક કહેવાય. આ વાડાના શ્રાવક એ શ્રાવક નથી કાંઈ. સમજાણું કાંઈ? વીતરાગના સ્વીકારેલા જે શ્રાવક, એને તો આનંદની શાંતિ ચોથે ગુણસ્થાને હોય એના કરતાં, સર્વાર્થસિદ્ધના દેવને આનંદનો સ્વાદ હોય એના કરતાં એને આનંદ વધારે હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને શ્રાવક અને શાંતિનું વેદન હોય એને કહીએ. અહીં તો એકલા રાગ અને દ્વેષની આકુળતાને વેદે એ તો મિથ્યાદૃષ્ટિ અજૈન છે. એને જૈન ભગવાનની આજ્ઞાની ખબર નથી. સમજાણું કાંઈ?

**'स्व आप्ति'** સ્વરૂપની **'आप्ति'** એટલે સ્વરૂપનું ગ્રહણ. આનંદસ્વરૂપ ભગવાન શાંતસ્વરૂપ, વીતરાગસ્વરૂપ એવો આત્મા છે એનું જેને ગ્રહણ, એને પકડેલો છે, અનુભવ્યો છે અને અન્ય રૂપ **'मुक्त्या'**—જેને શુભરાગાદિનો પણ વિકલ્પ છૂટી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને, સંતોએ કેટલી વાત તીર્થંકરના પેટની મૂકી છે ખોલીને. અરે..! દુનિયાને સાંભળવા મળે નહિ એ ક્યારે જાય રસ્તે? ક્યારે સમજે? અને ક્યારે રુચિ કરે? આહા..હા..! દુર્લભ દુર્લભ વસ્તુ થઈ પડી છે. કહે છે, સ્વરૂપનો અનુભવ અને પરના રાગનો ત્યાગ. અહીં રાગનો ત્યાગ. સ્વરૂપ પૂર્ણ વીતરાગસ્વરૂપ છે. આત્માનું સ્વરૂપ જ ત્રિકાળ વીતરાગ છે. જિનસ્વરૂપ સોહી આત્મા. એના ગ્રહણમાં રાગનો ત્યાગ જ ભાવ હોય છે. એ વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ હોય છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, વ્રતનો વિકલ્પ એ બધો રાગ છે. ધર્મી તો રાગથી વિરક્ત છે. રાગમાં રક્ત નથી. આહા..હા..! આવી વાત ક્યાં? બેસે નહિ. માંડ માંડ બિચારા ચોવીસ કલાકમાં કેટલા કલાક ન્યાં દેતા હોય, ત્રેવીસ કલાક (વેપાર ધંધામાં). એક કલાક

સાંભળવા જાય એમાં વાતું કરતા હોય ઓલી જાડી. એ જ્યાં બેઠી હોય અને એમાં આ વાત કહે એને (કે) એ ધર્મ નહિ. તારા વ્રત પાળીને મરી જા, સૂકાઈ જાય તપસ્યા કરીને વર્ષ વર્ષ, એ ધર્મ નહિ. હાય.. હાય..! કેમકે એ તો પરલક્ષી વૃત્તિનો રાગ છે. સ્વના આશ્રયે જે દશા પ્રગટ થાય એને અહીં ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ કરું ને આ કરું એ તો બધી પરલક્ષી વૃત્તિઓ રાગ છે. પરલક્ષમાં રાગ જ હોય અને સ્વના આશ્રયમાં અરાગ જ ભાવ હોય. આહા..હા..!

એથી કહે છે કે ધર્મીજીવને સ્વરૂપની પ્રાપ્તિ છે અને વિરૂપની મુક્તિ છે. સ્વરૂપથી વિરૂપ એટલે દયા, દાન, વ્રતના વિકલ્પો છે એનાથી દૃષ્ટિમાં મુક્તિ છે. આહા..હા..! જાધવજીભાઈ! શું આમાં કલકત્તામાં શું કર્યું હતું? અગ્રેસર હતા સ્થાનકવાસીમાં. છેને એના છોકરાઓ ત્યાં કલકત્તામાં છે. કોણ? જયંતિભાઈ ને ઈ? જયંતિભાઈ અને અનિલભાઈ. ધારધીરનો ધંધો છે રૂપિયાનો. શું કહેવાય? વ્યાજ વટાવનો. હુંડીનો ને એવો ધંધો છે. આ નવરા થઈને આવ્યા, ઓલા છોકરાઓ કરે છે. પણ એના છોકરાનો છોકરો એવો પાક્યો છે કે બધાને પાણી ભરાવડાવે છે. દિલીપ, દિલીપ. છેને? એના દીકરાનો દીકરો. ... અહીં આવે, રજા પડે ત્યારે આવે. ચૌદ વર્ષની ઉંમર. ધડાકા બોલાવે પણ. એવી રીતે વાત (કરે). ઓહો..! આવું તત્ત્વ! સત્ય છે આ, લોકોને કેમ બેસતું નથી? એમ બોલે. સમજાય છે કાંઈ? લઠ જેવું શરીર છે. ગૃહસ્થ માણસ. અહીં બેસે સામે સમયસાર લઈને. રજા પડેને ત્યારે આવે, સામે બેસે સમયસાર લઈને. લીટીએ લીટી ઉપર લક્ષ રાખે. આત્મા છે તે એમાં ક્યાં એને વર્ષ (ઉંમર) લાગુ પડે છે. એને એ જાતની રુચિ થવી જોઈએ. પહેલી રુચિ જિજ્ઞાસા થવી જોઈએ. પછી આગળ વધે અને અનુભવ થાય. સમજાણું કાંઈ?

અહીં તો અનુભવીની વાત છે. આહા..! સ્વરૂપનો અનુભવ એટલે સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ આનંદમૂર્તિ પૂર્ણ સ્વરૂપની દૃષ્ટિમાં પ્રાપ્તિ અને રાગના વિકલ્પની મુક્તિ. આહા..હા..! આટલો તો મુક્ત થઈ ગયો ત્યાં. એને ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહીએ. એને જૈન પરમેશ્વરને માનનારો એની આજ્ઞાને ઈ આને કહીએ. બાકી રાગથી ધર્મ માનનારા એ બધા જૈનની આજ્ઞાની બહાર છે. સમજાણું કાંઈ? એ જૈન નથી. આહા..હા..!

પછી, એ કારણથી **'પરનો ત્યાગ કરવાની વિધિ વડે...'** આ વિધિ. ચેતનજી! આ તમારે આવે છે કે નહિ? વિધિએ કરવું. વિધિમાં અવિધિ થયે મિચ્છામી દુક્કડમ. કઈ વિધિ? આ વ્રતાદિના વિકલ્પ છે એમાં અવિધિ થઈ છે. એમ. પણ એ વિકલ્પાદિ ... એ વિધિ જ નથી. એ તો રાગ છે. આહા..હા..! પર ઉપર લક્ષવાળી વૃત્તિઓ છે, વિકાર છે. અહીં તો પોતાના ગ્રહણ અને રાગના અભાવસ્વભાવરૂપ પરિણમન એ વિધિ વડે **'स्वं वस्तुत्वं कलयितुम्'** આહા..હા..! સ્વ નામ પોતાના વસ્તુત્વનો એટલે આત્માનું વસ્તુત્વ એટલે આત્મા

વસ્તુ એનું વસ્તુત્વ. આનંદ ને જ્ઞાન ને શાંતિ ને પ્રભુતા એ એની વસ્તુત્વ દશા છે. એ વસ્તુત્વ ગુણ છે એના વસ્તુત્વનું પર્યાયમાં પરિણમન થાય. આહા..હા...! વસ્તુ અને (વસ્તુત્વ).

'**(યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે,...**' સમ્યગ્દૃષ્ટિ તો સ્વના અંદરમાં જવા માટે રાગથી છૂટવા માટે અનુભવમાં અનુભવનો અભ્યાસ કરે છે. આહા..હા..! પોતાના વસ્તુત્વનો અભ્યાસ કરવા માટે એટલે અનુભવ કરવા માટે. વારંવાર અંતરમાં સ્પર્શવા માટે પૂર્ણાનંદનો નાથ એને વારંવાર અનુભવવા માટે '**इदं स्वं च परं**' '**इदं**' એટલે આ પૂર્ણ આનંદસ્વરૂપ તે સ્વ અને રાગાદિનો વિકલ્પ તે પર. '**આ સ્વ છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે) અને આ પર છે' એવો...**' '**व्यतिकरम्**' '**ભેદ પરમાર્થે જાણીને...**' પરમાર્થે એટલે અંતરમાં સ્વભાવની સન્મુખ થઈને રાગથી ભેદ પડીને જેણે જ્ઞાન કર્યું એને પરમાર્થે ભેદ પડ્યો છે. ઈ સ્વ અને અન્ય બે જુદાં પડી ગયા છે. આરે..! ભારે વાતું ભાઈ! ઓલું તો એવું આવે, તસ્સૂતરી કરણેન.. એમાં કાંઈ સમજવાનું રહ્યું? એ થઈ ગયો કાયોત્સર્ગ, લ્યો.! અરે..! ભાઈ! કાયોત્સર્ગ એને ન કહે ભગવાન. આહા..હા..! ભગવાન તો એને કાય, મનને, વચનના નિમિત્તથી જે પરલક્ષે રાગ થાય એને અહીં કાયા કહે છે. એનો વ્યુતસર્ગ એનો અભાવ કરીને સ્વભાવમાં લીન થવું એને કાયોત્સર્ગ કહે છે. આહા..હા..! વાતે વાતે ફેર. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે એક ત્રાંબાના તેર.' એમ ભગવાન કહે છે કે તારે અને મારે વાતે વાતે ફેર છે. તું જે માર્ગે છો ત્યાં મારો માર્ગ નથી. સમજાણું કાંઈ? એ.. પોપટભાઈ! આવું છે આ બધું. આહા..હા..!

સ્વ '**इदं स्वं**' આ સ્વ. આત્માના આનંદને પ્રત્યક્ષ કરીને વેદે, આ સ્વ. એમ. જ્ઞાનમાં સમ્યક્‌જ્ઞાનમાં સમ્યગ્દૃષ્ટિ આ સ્વ, આમ પ્રત્યક્ષ આ આત્મા પૂર્ણાનંદનો ભરેલો એ સ્વ. વિકલ્પની વાત નથી. આ સ્વ તરફ ઢળી ગયો છે એમ કહે છે. આહા..! અને આ પર છે. જેટલી વૃત્તિઓ ઉઠે શુભ અશુભ બધી વિકલ્પ અને પર છે. ચાહે તો ભગવાનનું સ્મરણ હો કે તીર્થંકર પ્રભુની પૂજાનો ભાવ હો, બધો ભાવ રાગ છે. એ પર છે. તારી ચીજ નહિ. હોય છે પણ એ પર છે. કહો, સમજાણું કાંઈ? એવા ભેદને વ્યતિકર એટલે જુદાઈને. સ્વ અને પર. સ્વ શુદ્ધ ચૈતન્યઘન અને રાગાદિ પર. બેને જુદા પરમાર્થે જાણીને. પરમાર્થે જાણીને એટલે? ફક્ત ખ્યાલમાં ધારણામાં લીધા કે રાગાદિ પર છે અને આત્મા સ્વ છે એમ નહિ. આહા..હા..! એ સ્વ ચૈતન્યના આનંદ તરફ ઢળી ગયો છે અને રાગથી મુક્ત થયો છે. એ પરમાર્થે જાણીને કહેવામાં આવે છે. આહા..હા..! જેટલી બહારની વાતું એમાં તો કાંઈ આ આવતી નથી. કાંતિભાઈ! એ અંદરની વાત છે એમાં બહાર ક્યાંથી આવે ઈ? બહારચલો વિકલ્પ ઉઠ્યો એ બધો બહાર છે, એ તો બધો રાગ છે. આહા..હા..!

'**પરમાર્થે જાણીને...**' '**स्वस्मिन् आस्ते**' '**स्वस्मिने**' સ્વસ્વરૂપમાં ઠરે છે. '**आस्ते**'

જેની સ્થિરતા દ્રવ્ય ઉપર છે. 'आस्ते'. આહા..હા..! 'स्वस्मिन्' ચૈતન્ય આનંદકંદ પ્રભુ શુદ્ધ આનંદનો ધામ દ્રવ્યસ્વભાવ એમાં જેની સ્થિતિ છે. એમાં એ રહે છે, એનો વાસ ધર્મીનો સ્વસ્વભાવમાં હોય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ મકાનના વાસ્તુ લે ને વાસ્તુ કરે. નથી કરતા? ધૂળનાય મકાન નથી. ન્યાં ક્યાં મકાન તારા (છે)? એ તો માટીના જડના છે. ત્યાં વાસ્તુ લેવાનો વિકલ્પ પાપ છે. આહા..હા..!

'स्वस्मिन् आस्ते' સ્વ પૂર્ણ જ્ઞાયકભાવ ચૈતન્યદ્રવ્ય આત્મભાવ એમાં 'आस्ते' ટકે છે, ઠરે છે. એને અવલંબીને એમાં રહે છે. આહા..હા..! ભારે આકરી વાત આ. આવો માર્ગ? એક જણો ઓલો નહોતો કહેતો? આવો આકરો માર્ગ? ઓલો કાંપમાંથી આવ્યો હતોને તમારો? રજનીશનો ભગત. ... કાપડનો વેપારી. મોટો વેપારી. રજનીશ ઓલો. વીતરાગમાર્ગથી વિરુદ્ધ એનો ભગત. જૈન નામ ધરાવે. કાળા કેર થઈ ગયા છેને. ભાન ન મળે. વીતરાગ શું કહે છે? ન્યાં પણ કાંઈક ધર્મ છે. રજનીશ મુંબઈમાં. પૈસા દઈને જાય છે સાંભળવા. આહા..હા..!

મુમુક્ષુ :— પૈસાની કિંમત છે.

ઉત્તર :— પૈસામાં શું, ધૂળમાં છે. ભાષા બોલેને એવી સફાઈથી, આમ દાઢી રાખે, પ્રોફેસર છે. જબલપુરનો જ હતોને? જબલપુરનો પ્રોફેસર. મોટી આંખ્યું. ... શેઠ ... છેને, એમાં એનો જન્મ હતો. વાત ન બેઠી એને અંતર. આહા..હા..! સંપ્રદાય મળ્યો સાચો, ભ્રષ્ટ થઈ ગયો. ભાષા બોલતા આવડે, સમાજ ભેગો થાય. દસ દસ હજાર માણસ. વિદ્યાનંદજી માં વીસ વીસ હજાર માણસ. ઇંદોર ઇંદોર. દિગંબર સાધુ છે વિદ્યાનંદજી. વીસ વીસ હજાર, પચ્ચીસ પચ્ચીસ હજાર માણસ. ... જાણે. કરોડોપતિ બધા શેઠિયાઓ ઓહો..! મુનિરાજ.. મુનિરાજ.. મુનિરાજ એમ કરે. આહા..હા..! ઝાંઝરીજી! જોયા છે કે નહિ? તમારા ઉજ્જૈનમાં આવ્યા હતા. ઇંદોરથી ન્યાં ગયા હતા. બહારની વાતું બધી. આહા..હા...! આ કરો, આ કરો, આ સુધારા કરો. આમ કરો, ફલાણું કરો. અરે..! પ્રભુ! તારો સુધારો થયા વિના તારું કલ્યાણ ક્યાં છે? બહારના સુધારા કોણ કરે? રાગમાંથી ભિન્ન પડીને ચૈતન્યને સુધારવો એ સુધારો છે. આહા..હા..! બાકી બધા પુથારા છે. આકરી વાતું બાપુ! તારા જન્મ મરણના આરા ચોર્યાશીના અવતારના આરા લાવવા, આકરી વાતું છે. બાકી તો સાધારણ કરે છે લોકો એમાં શુભભાવ છે, એવો હોય છે. અશુભથી બચવા એવો હોય છે, એ કંઈ વસ્તુ નથી. તેમ એ થયું માટે હવે એને ધર્મ થાશે, કષાય મંદ કર્યો અને કર્મ હળવો કર્યો માટે હવે ધર્મ થશે એમેય નથી. ધર્મ તો આત્મા પૂર્ણાનંદનો નાથ જેને રાગની અપેક્ષા પણ નથી. મંદ રાગ હોય તો આત્મામાં ઢળાય એવી વાત નથી. એ વસ્તુ એવી નથી. આહા..હા..!

**'પરમાર્થે જાણીને સ્વમાં રહે છે...'** 'परात् रागयोगात्' **'પરથી-રાગના યોગથી...'**

એટલે રાગના સંબંધથી, પુણ્યનો વિકલ્પ જે છે એના સંબંધથી '**सर्वतः विरमति**' લ્યો આમાં સર્વતઃ આવ્યું પાછું. એમાં કળશમાં બહુ પ્રકારે કહે છે. સર્વથા, સર્વથા ઘણા મૂક્યા છે, આમાં કળશમાં બહુ મૂક્યા છે. સર્વથા સ્વભાવનો આશ્રય લ્યે છે, સર્વથા રાગથી મુક્ત થાય છે. કથંચિત્ સ્વનો આશ્રય અને કથંચિત્ રાગનો, એમ હોય? ધર્મ માટે હોં! સ્વરૂપની દૃષ્ટિમાં સ્વનો આશ્રય છે અને જેટલો રાગ થાય એમાં પરનો આશ્રય છે. પરનો આશ્રય બાધકભાવ છે. નુકસાનકારક છે. અંતર ભગવાન પૂર્ણાનંદનો સ્વઆશ્રય તે આત્માને નિર્મળ વીતરાગી પરિણતિનો લાભ છે. એ લાભ છે. વાણિયા લખે છેને, લાભ સવાયા નથી લખતા? લખેને બહાર બારણામાં મોટા, લાભ સવાયા. એમાં લાભ હતા, ધૂળમાં? પચાસ લાખની પેદાશ હોય, પચાસ લાખની મૂડી હોય એમાં દસ લાખ પેદા કર્યા હોય. ઓણ બે લાખનો ખર્ચ છે અને આઠ લાખ વધ્યા. લાભમાં દેખું. ધૂળમાંય નથી સાંભળને. હેરાન થવાના બધા રસ્તા છે એ તો. આહા..હા..! અરે..! શુભભાવ કર્યો હોય તોય હેરાનનો રસ્તો છે ઈ. સંસારનો રસ્તો છે ઈ, એમ કહે છે. આહા..હા..! આકરી વાતું ભારે.

અહીં તો પરમાત્મા એમ કહે છે, સંતો જગતના તીર્થંકરોની અનુસરીને વાત કરે છે. '**स्वस्मिन् आस्ते**' ઓહો..હો..! '**परात् रागयोगात्**' રાગના સંબંધથી. છેને? યોગથી, રાગનો સંબંધ. એમ. એનાથી સર્વતઃ પ્રકારે '**વિરમે છે.**' સર્વથા પ્રકારે રાગથી ભિન્ન પડે છે સમકિતી. કંઈ રાગનો અંશ પણ મદદ લઈને અંદરમાં જવાય છે એમ ત્રણકાળમાં છે નહિ. અરે..રે..! આવી વાતું વઈ ગઈ અને થોથા જેવી રહી ગઈ અને એને નામે જૈનપણું ચલાવ્યું. સમજાણું કાંઈ? જૈન તો વસ્તુનું સ્વરૂપ છે. વીતરાગ સ્વભાવથી ભરેલો આત્મા એને જિન કહે છે વસ્તુ તરીકે અને એનો આશ્રય લઈને વીતરાગતા પ્રગટ થાય તે પ્રગટ પર્યાયમાં જિન છે. સમજાણું કાંઈ?

'**विरमति**' '**सर्वतः विरमति**'? '**परात् सर्वतः रागयोगात् विरमति**'. રાગના અભાવસ્વભાવરૂપ પરિણમન છે. સ્વભાવની સદ્ભૂત દશાનું, સદ્ભૂત છે તેવું એનું પરિણમન છે. એવા જીવને '**(આ રીતે જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ).**' આ દશા જ્ઞાન વૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ. આહા..હા..! બે વાત કરતાં કેટલી વાત કરી! આહા..હા..! સ્વમાં '**आस्ते**' સ્વપરમાં એકની પ્રાપ્તિ અને એકનો ત્યાગ, એકમાં રહેવું, બીજાથી વિરમવું. આહા..હા..! સ્વપણે આત્મા પૂર્ણ આનંદ જ્ઞાનપણે છે અને રાગના વિકલ્પપણે નથી. જેનાથી નથી એનાથી એને લાભ કેમ થાય? જ્ઞાન અને વૈરાગની શક્તિ આને કહીએ. એને સમ્યગ્દૃષ્ટિ કહીએ, એને જૈન કહીએ. જૈન કોઈ વાડો નથી, વસ્તુનું સ્વરૂપ જ આવું છે. અમારા માર્ગમાં આમ છે અને તમારે (તેમ છે). એમ નથી. આ તો વસ્તુનો સ્વભાવ જ આવો છે. વીતરાગ જે કહે છે એ તો વસ્તુનો સ્વભાવ કહે છે. એ કંઈ ઘરનું એણે બનાવ્યું

નથી કાંઈ. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો, એ કળશ પૂરો થયો. એકે પૂરું છે આ તો. આહા..હા..! એક ગાથા લ્યો, એક કળશ લ્યો, એક ટીકા થોડી લ્યો, બધું સમાડી દે છે. સમજે એને. ન સમજે તો અનાદિ કાળથી ભગવાનના સમવસરણમાં ગયો અનંત વાર. ભગવાનના સમવસરણમાં. દિવ્યધ્વનિ પણ અનંત વાર સાંભળી. અનંત વાર દીક્ષા લીધી છે. અનંત વાર આચાર્ય થયો જૈનનો—વાડાનો. સમ્યગ્દર્શન શું એની ખબર નથી. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવ તત્ત્વની શ્રદ્ધા વિશ્વાસ રાખવો ઈ સમ્યગ્દર્શન છે. એમ અજ્ઞાની મનાવે છે. એને ભગવાન ના પાડે છે કે એ તારી વાત સાચી નથી. આહા..હા..! નવમાં ભગવાન એકલો શુદ્ધ પૂર્ણ ભરેલો એની પ્રતીતિમાં આ નવની બીજી આઠ પર્યાય એમાં નથી એવી અસ્તિ આ અને નાસ્તિ આ, એનું જ્ઞાન તેને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ?

## ગાથા-૧૯૮

सम्यग्दृष्टिः सामान्येन स्वपरावेवं तावज्जानाति -

उदयविवागो विविहो कम्माणं वण्णिदो जिणवरेहिं।
ण दु ते मज्झ सहावा जाणगभावो दु अहमेक्को।।१९८।।
उदयविपाको विविधः कर्मणां वर्णितो जिनवरैः।
न तु ते मम स्वभावाः ज्ञायकभावस्त्वहमेकः।।१९८।।

ये कर्मोदयविपाकप्रभवा विविधा भावा न ते मम स्वभावः। एष टङ्कोत्कीर्णैकज्ञायक-भावोऽहम्।

હવે પ્રથમ, સમ્યગ્દષ્ટિ સામાન્યપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે - એમ ગાથામાં કહે છે :-

કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,
તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું.૧૯૮.

ગાથાર્થ :- **[कर्मणां]** કર્મોના **[उदयविपाकः]** ઉદયનો વિપાક (ફળ) **[जिनवरैः]** જિનવરોએ **[विविधः]** અનેક પ્રકારનો **[वर्णितः]** વર્ણવ્યો છે **[ते]** તે **[मम स्वभावाः]**

મારા સ્વભાવો **[न तु]** નથી; **[अहम् तु]** હું તો **[एकः]** એક **[ज्ञायकभावः]** જ્ઞાયકભાવ છું.

ટીકા :- જે કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના ભાવો છે તે મારા સ્વભાવો નથી; હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.

ભાવાર્થ :- આ પ્રમાણે સામાન્યપણે સમસ્ત કર્મજન્ય ભાવોને સમ્યગ્દષ્ટિ પર જાણે છે અને પોતાને એક જ્ઞાયકસ્વભાવ જ જાણે છે.

## ગાથા-૧૯૮ ઉપર પ્રવચન

'**હવે પ્રથમ, સમ્યગ્દૃષ્ટિ સામાન્યપણે...**' સંક્ષેપમાં. વિવક્ષાના પ્રકાર વિના '**સામાન્યપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે—**' ઈ ગાથામાં કહે છે. ૧૯૮.

उदयविवागो विविहो कम्माणं वण्णिदो जिणवरेहिं।

જિનવર ભગવાને આમ કહ્યું છે. એમ સંતો આધાર આપે છે.

उदयविवागो विविहो कम्माणं वण्णिदो जिणवरेहिं।
ण दु ते मज्झ सहावा जाणगभावो दु अहमेक्को।।१९८।।

**કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,**
**તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું.૧૯૮.**

'**ટીકા :—**' બહુ થોડી. કહે છે કે ધર્મીજીવને વીતરાગે એમ કહ્યું છે કે '**જે કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા...**' એ શુભ અને અશુભભાવ એ કર્મના પાકનું ફળ, આનંદના આત્માના પાકનું ફળ નહિ. આહા..હા..! ઈ ઝેરનું ખેતર જુદું અને અમૃતનું ખેતર જુદું છે અહીં. આત્મા તો અસંખ્ય પ્રદેશમાં અમૃતનો પાક પાકે એવું એ ખેતર છે અને આ રાગનો વિકલ્પ જે ઉઠે શુભ અને અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એવો જે વિકાર એ તો ભગવાને કર્મના ઉદયના પાકથી કહેલો ભાવ છે. કહો, સમજાણું કાંઈ? પાઠમાં હતુંને? '**जिणवरेहिं**' ટીકામાં ઈ શબ્દ નથી લીધો. આહા..હા..! દેખાવ આપે છે. કર્મના પાકથી થયેલી કમજોરીમાં જે વિકાર દેખાય, પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ કર્મનો પાક છે, મારી ચીજ નહિ. આહા..હા..! હવે આ બાયડી, છોકરા ને વેપાર ક્યાં ગયો? શેઠ! ડાલચંદજી ક્યાં રહી ગયા? એના ઘરે? રાગ આવે શુભ, તો કહે, કર્મનું ફળ. મારા ઝાડનું ફળ નહિ. આહા..હા..! વિષતરુ જે જડ કર્મ એનો પાક થઈને પુણ્યનો પરિણામ આવ્યો કહે છે. આવી વાત છે ભાઈ! આહા..હા..! ઈ કર્મનો ઉદય.

કર્મ જે જડ છેને આઠ, એમાં એક મોહનીય કર્મ છે જડ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય આઠ કર્મ છેને આઠ, એમાં એક મોહનીય કર્મનો પાક (થાય) એનાથી ઉત્પન્ન થયેલો, મારાથી નહિ. આહા..હા..! એનો અર્થ એવો નથી કે વિકાર થયો છે એ કર્મ જડને લઈને. પણ જડના લક્ષે થયેલો ચૈતન્યના લક્ષ વિના એથી એને કર્મના વિપાકનું ફળ કહેવામાં આવે છે. મારી જાત એ નહિ એમ કહે છે. છે તો પુરુષાર્થની નબળાઈથી થયેલો વિકાર. પણ એ નબળાઈ અને વિકાર મારી જાત જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કર્મના ઉદયનો વિપાક. પાછો એનો અર્થ એવો ન લેવો કે જુઓ, આમાં કહ્યું છે કે કર્મને લઈને રાગ થાય. માટે મારે અને એને શું? તારા ઊંધા પુરુષાર્થથી રાગ થાય છે. ઊંધો પુરુષાર્થ એ સ્વભાવની જાત નથી એટલે ઈ કર્મના પાકનું ફળ (છે) એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? '**કર્મના ઉદયના...**' ભાગથી '**વિપાકથી ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના ભાવો છે...**' એમ સામાન્ય કહ્યુંને? પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, રતિ, અરતિ, વાસના, વિષયભોગ વાસના એ બધા ભાવો કર્મના પાકથી ઉત્પન્ન થયેલા. છે તો ખરા એમ કહે છે. આહા..હા..! એક કોર ઝેરનું ઝાડ અને એક કોર અમૃતનું ઝાડ આત્મા. અમૃતના ઝાડમાંથી તો અમૃત પાકે. કહો, સમજાણું કાંઈ?

નાળિયેરના ઝાડમાંથી કેળા પાકતા હશે? નાળિયેર જ પાકે. એમ આનંદનો નાથ ભગવાન, અતીન્દ્રિય આનંદથી ભરેલો એનો જે આશ્રય કરે એને પાકમાં તો શાંતિ અને આનંદ જ આવે. અને જે કર્મના નિમિત્તના લક્ષે ગયો, સ્વભાવનો આશ્રય છૂટી ગયો છે એને જે અનેક પ્રકારના ભાવો છે એમ કીધુંછેને? આ ગાથાનો આધાર ઘણે ઠેકાણે આપે છે સામાવાળા. કર્મને લઈને વિકાર નહિ. નહિ, આ જુઓ. કર્મને લઈને વિકાર થાય છે. આનો આધાર આપે છે. અહીં કઈ અપેક્ષા છે? વિકાર તો એની પુરુષાર્થની નબળાઈથી એની દશામાં થાય છે પણ એ નબળાઈની અને નિમિત્તમાં કર્મ છે એનું એ ફળ ગણીને આત્માનું એ ફળ છે નહિ. આત્મા આનંદ અતીન્દ્રિય આનંદનો ધામ પ્રભુ 'સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ'. આવે છેને? આત્મસિદ્ધિમાં શ્રીમદ્‌માં આવે છે. 'ચેતન રૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો'. ઈ સમયસારનું છે, સમયસાર નાટકનું. 'સુખધામ અનંત સુસંત ચહી' આવે છે છેલ્લો બોલ.

અહીં તો આત્મામાં અતીન્દ્રિય દ્રવ્યસ્વભાવ એનો વસ્તુસ્વભાવ ત્રિકાળ રહેનારો આનંદ અને શાંતિનો સ્વભાવ છે. એમાંથી ઉત્પન્ન થાય તો આનંદ અને શાંતિ ઉત્પન્ન થાય. એને છોડીને કર્મના નિમિત્તના લક્ષે જે વિકાર થાય એ કર્મનો જ વિપાક છે, મારો નહિ. એ અનેક પ્રકારની પર્યાય છે, '**ભાવો છે તે મારા સ્વભાવો નથી;...**' ધર્મી એને મારો સ્વભાવ છે એમ માનતો નથી. આહા..હા..! ભારે કામ! દયા પાળવાનો ભાવ, વ્રત પાળવાનો

ભાવ, પૂજા, ભક્તિનો ભાવ, જાત્રાનો ભાવ બધો રાગ છે, વિકલ્પ છે, એ તો વૃત્તિ છે. એમાં મારાપણું નથી. સ્વામી નથી એમ નથી લીધું અહીંયા. એ મારા સ્વભાવો નથી.

ધર્મીજીવને પોતાનો સ્વભાવ તો શુદ્ધ અને આનંદ ભાસે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવને, ધર્મીજીવને પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય આનંદ પવિત્ર આનંદ પવિત્ર સ્વભાવ ભાસે છે. એનો સ્વભાવ પવિત્ર ભાસે છે, શુદ્ધ ભાસે છે, અશુદ્ધપણું એનો સ્વભાવ ભાસતો નથી. આહા..હા..! એક તો એની દુકાનમાં પંદર કલાક, ચૌદ કલાક સવારમાં ઉઠીને કાઢે, થોડો વખત રહે એ ઊંઘમાં, ભોગમાં ને આબરૂમાં ને રોગમાં જાય. થોડો વખત રહે એમાં સાંભળવા મળે ત્યાં શુભરાગની ક્રિયાને બતાવે ઓલો. ઈ કહે છે, બાપુ! એ તો રાગની ક્રિયા તો કર્મનું ફળ છે, ઈ ધર્મ નહિ. કહો, છગનભાઈ! ઈ કાર્યકર્તા હતા કે નહિ? વાંકાનેરના, નહિ? કાર્યકર. ઈ કરે, જે તે મોઢાઆગળ માન દેવા પડે, બીજું શું? ગીરધરભાઈ! નામ માટે તો કેટલા હજાર ખર્ચ્યા છે એણે. ઘરના થોડા છે, બીજા ભેગા કરીને ખર્ચ્યા. આહા..હા..!

અરે..! ધર્મી તો એમ જાણે છે કે શુભ અને અશુભભાવ મારો સ્વભાવ નથી. સ્વ મારો પોતીકાનો ત્રિકાળ ભાવ એ મારો સ્વભાવ છે. કૃત્રિમ વિકાર.. આહા..હા..! એ મારી જાતથી વિજાત છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ મારો સ્વભાવ નથી. આહા..હા..! તીર્થંકરગોત્ર બાંધે ઈ તો કેવળી થાય. એને લઈને કેવળ થાતું હશે? એ રાગનો અભાવ કરીને કેવળજ્ઞાન થાય. આહા..હા..! બહુ ફેર. જિંદગી થોડી, કામ કરવાનું મોટુ ઘણું, સાંભળવા મળે નહિ. શું કરવું એણે? આહા..હા..! ઘા વાગે અંદરથી હોં! આ તો વ્યવહારનો નાશ કરે છે. પણ ઈ વ્યવહારનો નાશ થાય ત્યારે ધર્મ પ્રગટ થાય. સમજાણું કાંઈ? એ તો કહે છે કે એ પ્રકારના ભાવો મારો સ્વભાવ નથી, એ વિકાર છે. આહા..હા..! **'હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર),...'** દેખો! સમ્યગ્દૃષ્ટિ જીવ તો એમ જાણે કે **'હું તો આ...'** હું તો આ, આ કહેતાં પ્રત્યક્ષ અનુભવગમ્ય, જે જ્ઞાનના સ્વભાવે જણાય એવો હું **'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.'** લ્યો. છઠ્ઠીમાં આવ્યું હતું ઈ. ટીકા તો બહુ થોડી. કહો. વ્રતનો ભાવ ને ભક્તિનો ભાવ ને પૂજાનો ભાવ ને તપનો ભાવ, અપવાસ કરું, ઉણોદરી કરું એ બધો વિકલ્પ કર્મનો સ્વભાવભાવ છે. ઈ તારો સ્વભાવ નહિ. આમાં કેટલું પૃથક્ થવાનો પુરુષાર્થ છે! એ પુરુષાર્થની ગતિનું માપ ન મળે અને આમ કાંઈક કરે, આ કર્યું, આ કર્યું.. ભારે ભાઈ પુરુષાર્થ. સમજાણું કાંઈ?

એ ભાવો હોવા છતાં ધર્મીની દૃષ્ટિ એને સ્વભાવ સ્વીકારતી નથી. મારો સ્વભાવ નહિ. આહા..હા..! **'હું તો આ...'** અનંત ગુણસ્વભાવસંપન્ન વસ્તુ એ હું આ પ્રત્યક્ષ અનુભવગમ્ય મારા મતિ શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષના અનુભવગમ્ય ટંકોત્કીર્ણ એટલે એવોને એવો જેવો અનાદિથી છે એવો હું **'એક જ્ઞાયકભાવ છું.'** એક સ્વરૂપે ત્રિકાળ જ્ઞાયકભાવ છું. આહા..હા..! રાગ

તો નહિ પણ ભેદ પણ નહિ પર્યાયના, એમ કહે છે. સમજાણું કાંઈ? એ રાગાદિ તો મારો સ્વભાવ નહિ, હું તો ત્રિકાળ એકરૂપ જ્ઞાયકસ્વભાવ છું. આહા..હા..!

કાલે વાંચ્યુંને રાત્રે, નહિ? ભાઈએ લખ્યું છે, ફૂલચંદજીએ. સોનગઢની તકરાર ત્રણ. ત્રણ મુખ્ય. ક્રમબદ્ધને .... ક્રમબદ્ધ થાય, કારણ કાર્યની, શુભભાવ વ્યવહાર. મુનિનું બહુ આવ્યું છે લખાણમાં. ... અત્યારે ગડબડ બહુ થઈ ગઈ છે. સાથે મોટર, સાથે ભોજનની સામગ્રીઓ, ચોખા ને દાળ ને બધી સામગ્રી સાથે. ... કોથળા સાથે, કેરીના કોથળા સાથે. જુઓને એ. આ હવે ક્યાં સુધી ચાલ્યું? એમ લખ્યું છે. આવાને સાધુ માનીને તમે શું કરશો? શેઠે આહાર વ્હોરાવ્યો હશેને કોઈ દિ'? ... શું કરે ત્યાં? મોઢાઆગળ બેઠા હોય તો, શેઠાઈ તરીકે હોય.

મુમુક્ષુ :— .. ભૂખ્યા રખાય?

ઉત્તર :— ભૂખ્યા રખાય?... એણે બિચારાએ એવું લખ્યું છે. સન્મતિ સંદેશ એમાં છે. ઘણું લખ્યું છે. આ અત્યારે શું થઈ ગયું? સાધુની સાથે મોટરું ફરે, માણસો, નોકર હોય સાથે, ભોજનના દાણા સાથે હોય અને આ બધા રાંધીને ખવરાવે. શું થઈ ગયું આ? એ.. ઝાંઝરીજી! ત્યાં એને મક્ષીમાં આવે તો શું કરવું? કરવું પડે બધું એને. ત્યાંના મંત્રી છે ઈ. મહારાજ આવ્યા છે, મહારાજ આવ્યા છે.

મુમુક્ષુ :— મહેમાન આવ્યા છે.

ઉત્તર :— મહેમાન છે, ઠીક. આહા..હા..! ભારે વાત.

હું તો ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ. પર્યાયભેદ પણ નહિ એમ કહે છે. રાગાદિ ભાવ તો મારો સ્વભાવ નહિ, પણ હું તો ત્રિકાળી એક જ્ઞાયકભાવ. જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય એ ચીજ હું છું. આહા..હા..! ... કલકત્તાવાળા, ઈ કોઈ પૂછતા હશે ત્યાં, કે આ બધું ગુજરાતી થયું ઈ ક્યાંનું થયું? ક્યાનું છે? અહીંનું છે કે શું છે? ગુજરાતી ક્યાં પહેલેથી હતું આ. એ તો ભાષા ફરે, પણ વસ્તુ તો જે છે ઈ છે. ગુજરાતીમાં પહેલુંવહેલું, હિંમતભાઈએ કર્યું પહેલું. ગુજરાતીમાં નહોતું આ બે હજાર વર્ષમાં. પહેલુંવહેલું હિન્દીમાંથી ગુજરાતી કર્યું, સંસ્કૃતમાંથી ગુજરાતી. સમજાણું કાંઈ? સમયસાર, પ્રવચનસાર, નિમયસાર. બધા ગુજરાતીમાં. પંચાસ્તિકાય ગુજરાતીમાં કર્યું. આહા..હા..! એક જ્ઞાયકભાવ છું.

'**ભાવાર્થ :— આ પ્રમાણે સામાન્યપણે...**' એટલે સંક્ષેપમાં. બધું પર છે એમ સંક્ષેપમાં. પછી રાગ ને પુણ્ય ને પાપ ને ભેદ પાડશે સંક્ષેપમાં '**સમસ્ત કર્મજન્ય ભાવોને...**' દેખો ભાષા. કર્મજન્ય ભાવ. ઓલા પકડે. જોયું, આ કર્મથી પ્રગટેલો ભાવ છે. કઈ અપેક્ષા છે? અહીં દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતા બતાવવા એ વિકારી કર્મજન્ય છે એમ કહેવામાં આવ્યું છે. બાકી આત્માથી ઉત્પન્ન થયેલા સ્વકાળ એનો છે એમાંથી ઉત્પન્ન થાય છે. પણ નિમિત્તને આધીને

થયેલો એનો છે એમ કહેવામાં આવે છે. તેને 'સમ્યગ્દૃષ્ટિ પર જાણે છે અને પોતાને એક જ્ઞાયકસ્વભાવ જ જાણે છે.' લ્યો. આનું નામ સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ અને સ્વરૂપ છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૯૯

सम्यग्दृष्टिर्विशेषेण तु स्वपरावेवं जानाति -

पोग्गलकम्मं रागो तस्स विवागोदओ हवदि एसो।
ण दु एस मज्झ भावो जाणगभावो हु अहमेक्को।।१९९।।
पुद्गलकर्म रागस्तस्य विपाकोदयो भवति एषः।
न त्वेष मम भावो ज्ञायकभावः खल्वहमेकः।।१९९।।

अस्ति किल रागो नाम पुद्गलकर्म, तदुदयविपाकप्रभवोऽयं रागरूपो भावः, न पुनर्मम स्वभावः। एष टङ्कोत्कीर्णैकज्ञायकभावोऽहम्।

एवमेव च रागपदपरिवर्तनेन द्वेषमोहक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकाय-श्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि, अनया दिशा अन्यान्यप्यूह्यानि।

---

હવે સમ્યગ્દૃષ્ટિ વિશેષપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે - એમ કહે છે :-

પુદ્‌ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,
આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું.૧૯૯.

ગાથાર્થ :- [रागः] રાગ [पुद्गलकर्म] પુદ્‌ગલકર્મ છે, [तस्य] તેનો [विपाकोदयः] વિપાકરૂપ ઉદય [एषः भवति] આ છે, [एषः] આ [मम भावः] મારો ભાવ [न तु] નથી; [अहम्] હું તો [खलु] નિશ્ચયથી [एकः] એક [ज्ञायकभावः] જ્ઞાયકભાવ છું.

ટીકા :- ખરેખર રાગ નામનું પુદ્‌ગલકર્મ છે, તેના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો આ રાગરૂપ ભાવ છે, મારો સ્વભાવ નથી; હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું. (આ રીતે સમ્યગ્દૃષ્ટિ વિશેષપણે સ્વને અને પરને જાણે છે.)

**વળી આ જ પ્રમાણે 'રાગ'પદ બદલીને તેની જગ્યાએ દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાયા, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શન - એ શબ્દો મૂકી સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં (-કહેવાં) અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**

---

## ફાગણ સુદ-૫, શુક્રવાર, તા. ૯-૦૩-૧૯૭૩
## ગાથા-૧૯૯, પ્રવચન-૩૩૮

... એ એની જાતમાંથી નથી માટે કર્મના નિમિત્તથી થયેલો ભાવ એનો નથી. રતિભાઈ! પછી આ પૈસા ને કારખાના શેના છે? એ તો અઘાતિના ફળ છે. કહો, સમજાણું કાંઈ? અજ્ઞાની એ રાગ દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ કર્મનો પાક છે એને પોતાના માને છે. જ્ઞાની એ રાગ કર્મનો પાક છે તે આ એ મારા નથી (એમ માને છે). આહા..હા..! જુઓ! આ ભેદજ્ઞાન છે. એ ભેદજ્ઞાનમાં નિર્જરા થાય છે એમ કહે છે. કર્મનું ગળવું, અશુદ્ધતાનું ટળવું અને શુદ્ધતાનું થવું—ત્રણેને નિર્જરા કહેવાય છે. શુદ્ધતા અંતરમાંથી વિશેષ વૃદ્ધિ થાય, અશુદ્ધતા ટળે અને કર્મ એને કારણે તે કાળે ગળે. કર્મની પર્યાય અકર્મરૂપ થાય એને નિર્જરા કહેવાય છે. આહા..હા..! એને તો ધર્મીને તો પોતાનું ચૈતન્ય સ્વરૂપ છે એની સામું જોવે છે ઈ તો. સમજાણું કાંઈ?

અજ્ઞાની પોતાના સ્વરૂપને ન જોતાં એ પરને જ જોવે છે એકલો. પુણ્ય ને પાપ, દયા ને દાન, શુભ અશુભ ભાવ અને બહારની મળેલી (ચીજો) બાયડી, છોકરા, કુટુંબ, આબરૂ, મકાન, પૈસા, વાણી, મન, શરીર એ બધી ચીજ પર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે.. ભાઈ! ચૈતન્ય ભગવાન આત્મા એમાં તો અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંત સ્વચ્છતા, શાંતિ, વીતરાગતા પડી છે. એનું જેને રાગના ભાગથી વિભાવથી જુદું જાણ્યું છે એને ધર્મી કહીએ અને એ ધર્મી રાગના પાકને, '**આ રાગરૂપ ભાવ છે, મારો સ્વભાવ નથી;...**' એમ લીધું છે, જોયું? મારો નથી એટલું ન કહેતાં, મારો સ્વભાવ નથી. આહા..હા..! ટીકા તે પણ ટીકા છેને! જોઈ? ધર્મીજીવની દૃષ્ટિમાં, સમ્યગ્દૃષ્ટિમાં તો આત્મા જ એને હોય અંદર. એની દૃષ્ટિના વિષયમાં રાગ અને પર્યાય હોતી નથી. આહા..હા..! આવો ધર્મ કઈ જાતનો? સમજાણું કાંઈ? આ તો છ કાયની દયા પાળવાની ક્રિયા જે પરની થઈ એની અજ્ઞાની મારાથી થઈ એમ માને અને એના પ્રત્યેનો દયાનો ભાવ થયો રાગ, એ પણ મારો છે એમ માને. ધર્મીને, આ રાગ એ મારો સ્વભાવ જ નથી. મારી અંતર ચૈતન્યજાત છે એની એ ભાત

નથી, એ તો કર્મની ભાત છે બધી. આહા..હા..! દયાનો ભાવ, ભક્તિનો ભાવ એ રાગ મારો સ્વભાવ નથી એમ જોવે છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? વીતરાગ ધર્મ એવી ચીજ છે, ઝીણી છે, ભાઈ! પોતે સૂક્ષ્મ તત્ત્વ છેને. આ રાગ તો સ્થૂળ પરિણામ કીધા છે, અત્યંત સ્થૂળ. ભગવાન સૂક્ષ્મ એને જ્ઞાનમાં જાણનારું એવું તત્ત્વ. એનાથી રાગ તો સ્થૂળ છે. એવો રાગ ધર્મી પોતાના સ્વભાવને જાણનારો—વસ્તુને જાણનારો, આ રાગ મારો સ્વભાવ નથી, આ આત્મા આનંદ છું એ મારો સ્વભાવ છે (એમ જાણે છે). આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે આમાં? નજરે પડે નહિ એની વાતું કરવી. આ નજરે પડે, બીજું પડે શું? આહા..હા..!

જુઓ, હવે કહે છે. આ નથી ન્યાંથી લીધું પહેલું. ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો કે કામ, ક્રોધનો રાગ વિભાવ છે, સ્વભાવથી વિપરીત ભાવ છે. ધર્મીની દૃષ્ટિમાં તો સ્વભાવ આવ્યો છે. જ્ઞાયકભાવ ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન એનો વિષય દૃષ્ટિમાં છે. આહા..હા..! એથી પહેલી અહીંથી ઉપાડી વાત. એ રાગનો વિકલ્પ જે ઉઠ્યો, કહેવામાં રાગ આવે, વાંચવામાં રાગ આવે, ભક્તિમાં રાગ આવે.. આહા..હા..! ભોગના કાળમાં રાગ આવે, ધર્મી જાણે છે કે આ રાગ મારી ચીજ નથી. આહા..હા..! આ મારો સ્વભાવ નથી. અરે..! હું કોણ છું? એમ કહે છે. હું તો આ પ્રત્યક્ષ અનુભવગોચર જ્ઞાયકભાવ છું. જોયુંને, ઈ કહેવું છે. આહા..હા..! હું અસ્તિ આ, મતિ અને શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ જણાવાવાળો એવો હું આ. ઓલામાં પણ આ રાગરૂપ ભાવ છે એમ કીધું હતું. આહા..હા..!

ધર્મી એને કહીએ, સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે આ રાગરૂપ ભાવ છે, છે ખરો, અસ્તિ છે. નિર્જરાના અધિકારની વ્યાખ્યા છેને. રાગ છે, કેવળી થઈ ગયો નથી. એ રાગ મારો સ્વભાવ નથી. આહા..હા..! રાગનો કણ વિકલ્પ ઉઠે સૂક્ષ્મ એ પણ સ્થૂળ છે, પોતાની પર્યાય અપેક્ષાએ. હું તો આ, આ શબ્દ છેને? ઓલો આ હતો ઈ તો જાણવા માટે હતો, આ તો એ તો અનુભવપ્રત્યક્ષ માટે આ છે. સમજાણું કાંઈ? પહેલામાં આ હતો, એ રાગનું અસ્તિત્વ છે એમ બતાવવું છે. બીજા હું તો આ જ્ઞાનના અનુભવમાં જણાય એવો પ્રત્યક્ષ છું. ટંકોત્કીર્ણ એવોને એવો, જેમાં ખોડખાપણ કાંઈ છે નહિ. ખોડખાપણ તો નથી પણ અપૂર્ણતા પણ નથી. આહા..હા..!

**'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.'** જુઓ! સમજાણું કાંઈ? આમાં તો પર્યાય છે એને પણ ઊડાડી દીધી છે. એઈ..! પર્યાય પોતે એમ કહે છે કે હું જ્ઞાયકભાવ એકલો છું. એમ કહે છે. સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનની થયેલી પર્યાય ઈ એમ જાણે છે કે આ રાગ તે પરસ્વભાવ છે અને હું આ તે જ્ઞાયકસ્વભાવ છું. પર્યાય એમ કહે છે. કહે છે એટલે જાણે છે. આહા..હા..! કહો, રતિભાઈ! આવી ચીજ ભાઈ. વીતરાગમાર્ગ.

મુમુક્ષુ :–

ઉત્તર :– પર્યાય કરેને, કોણ કરે? અનિત્યથી નિત્ય જણાય છે. અનિત્ય તે નિત્યનો નિર્ણય કરે છે. ઝીણી વાતું બહુ બાપુ! એવો ભગવાન ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન, એ જ્ઞાનની પર્યાય એમ જાણે છે કે હું તો આ જ્ઞાયકભાવ છું. આહા..હા..! એકરૂપ અસંખ્યપ્રદેશી અનંતગુણનું ધામ એકરૂપ છું. એવો ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું, પર્યાયના ભેદ પણ નહિ. આહા..હા..! એવા જીવને અશુદ્ધતા ગળે છે, શુદ્ધતા વધે છે અને કર્મ એને ગળે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વાડામાં સાંભળવાનું મળે નહિ એટલે એમ લાગે કે આ તે કોના ઘરની છે? કોઈ વેદાંતની હશે? વેદાંતમાં ક્યાં આ (હોય)? આ રાગ ને રાગ એ મારો સ્વભાવ નહિ. અને અસ્તિત્વ તો બતાવે છે, પાછું રાગનું અસ્તિત્વ તો છે. વેદાંતમાં રાગ-ફાગ ને ક્યાં હતું ત્યાં. આહા..હા..! કેટલાકને એવું લાગે કે આ તો નિશ્ચય છે એ બધું વેદાંત જેવું છે. વેદાંત એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એના જેવું છે આ. આહા..હા..! આ એક જ્ઞાયકભાવ છું. હું તો એક જાણનાર દેખનાર. ધર્મીની દૃષ્ટિમાં એકલો જ્ઞાયકભાવ દૃષ્ટિમાં હોય છે. એ દૃષ્ટિ પોતે પર્યાય છે. પણ એ પર્યાયનો વિષય એકલો જ્ઞાયકભાવ છે. વિષય શું? વિષય એટલે લક્ષ કરવાલાયક ચીજ, ધ્યેય. સમજાણું કાંઈ?

'**(આ રીતે સમ્યગ્દૃષ્ટિ વિશેષપણે સ્વને અને પરને જાણે છે).**' જોયું? સ્વ એવો જ્ઞાયકભાવ હું અને પર એવો રાગ તે પર, એમ સમ્યગ્દૃષ્ટિ બેને ભિન્ન જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલું સામાન્ય આવ્યું હતુંને? ૧૯૮ સુધી. સામાન્ય એટલે? રાગથી માંડીને અંદરના વિકલ્પો અને બહારની સામગ્રી એ બધામાં હું નહિ અને એ મારા નહિ. એમ સામાન્ય વાત કરી હતી. હવે એને એક એક જુદી પાડે છે. કારણ કે જ્ઞાનની પર્યાયમાં ભિન્ન ભિન્ન રાગ, ભિન્ન ભિન્ન ભેદ, ભિન્ન ભિન્ન સંયોગ સામગ્રી હોય છે તેને તે જ પ્રકારનું જ્ઞાન એને જાણે છે. સમજાણું કાંઈ? જે કાળે ધર્મીને જે જ્ઞાનનો પર્યાય પ્રગટ થયો એ પર્યાયમાં તે પ્રકારનો રાગાદિ જે વિકલ્પ હોય એનું જ્ઞાન થાય છે. છે ઈ પોતાનું, પોતામાં રહીને એનું જ્ઞાન થાય છે.

અને અઘાતિયાની સામગ્રી મળી હોય છે એને એ જ પ્રકારની સામગ્રીનું એને જ્ઞાનમાં થવાની તાકાતવાળી પર્યાય પોતાથી પ્રગટે છે. આહા..હા..! બધું આમ નિયત થઈ ગયું છે જાણે. જ્ઞાનની પર્યાય પણ એ જ પ્રકારે પ્રગટે, એને જાણવાની યોગ્યતાવાળા જે રાગાદિ પણ એ જ કાળે એ જ જાતના હોય. અને એને અઘાતિની સામગ્રીને પણ જ્ઞાન જાણે છેને, એ જાતની સામગ્રી એની પર્યાયમાં હોય. ચંદુભાઈ! ભારે વાત ભાઈ. '**(આ રીતે સમ્યગ્દૃષ્ટિ વિશેષપણે સ્વને અને પરને જાણે છે.)**'

'**વળી આ જ પ્રમાણે 'રાગ' બદલીને તેની જગ્યાએ દ્વેષ...**' લેવું. કેમકે ધર્મીને

રાગ જ એકલો હોય છે એવું નથી. રાગનું જ જ્ઞાન હોય છે એવું નથી. રાગ હોય છે પણ રાગનું જ જ્ઞાન હોય (એમ નથી), એ તો રાગને કાળને રાગનું જ્ઞાન હોય છે, પણ દ્વેષનો પર્યાય આવ્યો ત્યારે એને દ્વેષનું જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! દ્વેષ લેવો. દ્વેષને પણ, આ મારો સ્વભાવ નથી. ... રાજકુમાર હોય, લડાઈમાં માથે ચડી આવી હોય અને લડવા પણ જાય. જાય એમ કહેવું એ પણ વ્યવહાર છે. જાય કોણ? શરીર જાય અને આ જાય, ક્ષેત્રાંતર આત્માનું થાય. પોતાના પ્રદેશથી આગળ જાતો નથી. અરે.. અરે..! આવી વાત. .. આવું તત્ત્વ છે. આ બધાએ લૌકિક કરી નાખ્યા.

કારણ કે ધર્મીજીવને, હું એક જ્ઞાયકભાવ છું, એવું ભાન હોવાના કાળમાં એના જ્ઞાનમાં રાગ જ જણાય એવો એકલો કાળ નથી. જ્યારે દ્વેષ આવે ત્યારે એને દ્વેષ જણાય કે આ દ્વેષ છે એ મારો સ્વભાવ નથી. એ મારો સ્વભાવ નથી, (એવો) વિકલ્પ ઉઠાવવો નથી. સમજાવવામાં શું સમજાવે? સમજાણું કાંઈ? કહો, ચાંદમલજી! આ શું તમારે ઉજ્જૈનમાં હતુંને બધું? અરે..! વીતરાગમાર્ગ.. આહા..હા..! ત્રણ લોકના નાથ કેવળજ્ઞાની પરમાત્મા, જેને સો ઈન્દ્ર પૂજે અને પૂજ્યભાવ જેને પૂર્ણ પ્રગટ્યો છે. એવા ભગવાનનું કથન એ દુનિયાથી જુદી જાતનું છે. સમજાણું કાંઈ?

કહે છે કે ધર્મીજીવની દૃષ્ટિમાં, હું એક જ્ઞાયકભાવ છું, હું એક પ્રત્યક્ષ જ્ઞાયકભાવ છું, એવું હોવા છતાં એ જ્ઞાયકભાવમાં તે કાળે જે દ્વેષનો અંશ આવ્યો હોય એનું જ્ઞાન એને પર્યાયમાં વર્તે છે, તેથી હું જ્ઞાયકભાવ, પર્યાય એમ કહે છે તો દ્વેષને જાણનારી પર્યાય છે એ પર્યાય કહે છે કે હું તો આ છું, આ (દ્વેષ) નહિ. આહા..હા..! ધીરૂભાઈ! સૂક્ષ્મ વાત છે આ. બહારના જેવી નથી. તમારે વકીલાત છે કોણ છે? ધંધો. ધંધામાં તો બધી બુદ્ધિ ચાલે સાધારણ. આહા..હા..! દ્વેષ. શું કીધું સમજાણું કાંઈ? રાગ બદલીને દ્વેષ લેવો એમ કીધું શું કરવા? એને ધર્મીની દૃષ્ટિ, હું એક પ્રત્યક્ષ જ્ઞાનસ્વભાવ જ્ઞાયકભાવ છું એવું હોવા છતાં એ જ્ઞાનની પર્યાયમાં સ્વપરપ્રકાશકપણું હોય છે એમાં સ્વ આવો છું અને એ વખતે રાગ જ હોય છે એવું નથી. દ્વેષ હોય છે. ભિન્ન ભિન્ન વિશેષ અવસ્થા બતાવે છે. દ્વેષ વખતે પણ એને દ્વેષને જાણનાર જ જ્ઞાન (થાય છે) અને એ જ્ઞાનની પર્યાય, આ હું છું એમ માને છે, આ હું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દ્વેષ આ છે, એવી જ્ઞાનની પર્યાય સ્વ તરફ વળેલી છે એટલે જાણે પણ એ જાણવાની પર્યાય પોતે એમ જાણે છે, આ દ્વેષનું જ્ઞાન થયુંને, જ્ઞાનની પર્યાય પણ એમ જાણે છે, દ્વેષનું અને આનું બેયનું ભેગું, જ્ઞાનપર્યાય જાણે છે કે હું તો જ્ઞાયકભાવ છું. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવી વાતને કોણ (ક્યાં) સાંભળવા મળવાની? કેટલાય વિરોધ કરે. બાપા! સાંભળે છે પણ હવે... સાંભળ્યા વિના પણ અંદરથી કરે છે. બીજા પાસે સાંભળીએ. એઈ.. ન્યાં તો વ્યવહારનો નાશ કરાવે

છે. એકલું એકાંત નિશ્ચય.. ભગવાન! વાત તારી સાચી છે.

ધર્મ ચીજ એવી છે ભાઈ, અપૂર્વ વાત છે! અનંત કાળમાં એક સેકંડમાત્ર પણ ધર્મની ચીજ એણે કરી નથી અને એક સેકંડમાત્ર કરે અને સંસાર પછી રહે એમ બને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં દ્વેષ આવ્યો, કહે છે, તો તેને પ્રકારે જાણે છે કે આ સ્વભાવ મારો નથી. હું તો એને અને આને જાણનારી પર્યાય એમ કહે છે કે હું તો જ્ઞાયક છું. સમજાણું કાંઈ? ત્રિકાળ જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ એ પોતાનું અસ્તિત્વ. એનું જ્ઞાન, ભાન થતાં એ ભાનમાં સ્વનું જ્ઞાન તો થયું પણ બાકી કાંઈક રાગાદિ, દ્વેષાદિ આવ્યા એનું પણ જ્ઞાન ઈ છે માટે થયું એમ નહિ, પોતે સ્વપરપ્રકાશક શક્તિવાળો છે માટે થયું. પંડિતજી! આહા..હા..!

એ જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશમાં સ્વતઃ સ્વથી સામર્થ્યવાળી ઈ એમ જાણે છે, જણાય છે, અહીં તો ઉપદેશ કહેવો છે એટલે શું (કહે)? એને જણાય છે કે આ દ્વેષ એ હું નહિ, હું નહિ એવો વિકલ્પ કરવો પડતો નથી, એવા પરિણમનમાં આ બાજુનું પરિણમન નથી, આ બાજુનું પરિણમન છે. કહો, સમજાણું કાંઈ?

એમ 'મોહ,...' સમકિતની વાત લેવી છેને. મોહ શબ્દે પર તરફની સાવધાની. એટલી કોઈ અસ્થિરતા આવે.. મિથ્યાત્વની અહીં વાત નથી. નિર્જરા અધિકાર છેને. પર તરફની વૃત્તિ કંઈક થઈ જાય સામાન્ય, એ પણ તે પ્રકારે તેનું જ્ઞાન તેને પર તરીકે જાણે, પર તરીકે જાણે એ જાણવાનો ત્યાં ઉપયોગ (છે) માટે જાણે (છે) એમ નથી. સમજાણું કાંઈ? એ સ્વને જાણતા, ઉપયોગ જે સ્વને જાણે છે એમાં એ જાતનો પર્યાય, એ જાતનો મોહ હોય એને એ જાણવાની પર્યાય સહિતનું જ્ઞાન ઉત્પન્ન થાય છે, એ જ્ઞાન એમ જાણે છે અને એમ હોય છે ત્યાં કે મોહ હું નહિ એટલે એમાં હું નથી અને આમાં હું છું. એને અશુદ્ધતા ટળે, કર્મ ગળે અને નિર્જરા થાય. આહા..હા..! આમાં અપવાસ કેટલા કરવાના તો નિર્જરા થાય એ વાત તો આવતી નથી આમાં. મૂળચંદભાઈ! આહા..! ભાઈ! ઉપવાસ એટલે આત્માની સમીપમાં ગયો એટલે એના સમીપમાં એની દૃષ્ટિમાં આ આત્મા અખંડ પરિપૂર્ણ જ્ઞાયક છું એવું જ્ઞાનમાં આવ્યું. એ વખતે મોહનો ભાવ જરી આવ્યો હોય એને પણ ઈ છે માટે જાણે છે એમ નહિ. એને તે જ કાળે તે જ પ્રકારનું જ્ઞાન સ્વપરપ્રકાશકનું જ્ઞાન છે એમાં આ આવતો નથી માટે આ પર છે. અને એ જ્ઞાનનો પર્યાય આમ ઢળેલો છે એટલે આ હું છું. ભારે વાત છે. સમજાણું કાંઈ?

એમ 'ક્રોધ,...' ધર્મીને સ્વ સન્મુખનું જ્ઞાન (હોય છે). એના જ્ઞાનમાં જ્યારે ક્રોધ જણાવાલાયક હોય ત્યારે એની પર્યાય ક્રોધને જાણે. એ ક્રોધ છે માટે એની સામું જોઈને જાણે એમ નહિ. તેમ ક્રોધ છે માટે એને જાણવાની પર્યાય આવી (એમ પણ નથી). એ કાળે એને સ્વને જાણવામાં એ ઉપયોગ ત્યાં અંદર 'આ હું છું' એવા જ્ઞાનની પર્યાયમાં

એને જાણતું જ્ઞાન પોતાથી પ્રગટ થાય તે પર્યાય એમ કહે છે કે હું તો આ જ્ઞાયક છું. ... કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો. નિર્મળાનંદ પ્રભુ છે. આહા..! એવું તત્ત્વ વીતરાગ સિવાય ક્યાંય બીજે નથી. એક એક પર્યાયને પકડીને, હાથ પકડીને જ્ઞાન કરાવે છે. આહા..હા..! એ.. ભાઈ! એક એક પર્યાયનું એટલે તે પ્રકારે તે પર્યાય ત્યાં સ્વને જાણવાવાળી છે એમાં પરને એવો જ પ્રકાર જે આવ્યો એ ક્રોધને જાણવાને યોગ્યવાળી જ પર્યાય આવી. છતાં એ ક્રોધ માટે નહિ. એના પર્યાયનું સામર્થ્ય જ સ્વ ને પરને જાણવાવાળું, એ સમયનો પર્યાય એવો સ્વપરપ્રકાશક (છે). અને એ સ્વપરપ્રકાશક જ્ઞાનનો પર્યાય એમ કહે છે કે આ હું નહિ, આ હું. આહા..હા..! ધર્મની રમતું તો જુઓ આ! ઓહો..હો..! ગજબ વાત છે! સમયસાર એટલે ઓહો..હો..! ભરતક્ષેત્રનું કેવળજ્ઞાનનું નેત્ર છે!! અજોડ વસ્તુને.. વસ્તુની સ્થિતિ કેમ છે? ત્યાં કેમ થાય છે? એનું બધું અસ્તિત્વ ઉઘાડું ચોખ્ખું કરી નાખ્યું છે. સમજાણું કાંઈ? ઈ ક્રોધ (થયો).

એમ '**માન,...**' એ જાતનું જ્ઞાન થવાનો કાળ છે, ત્યાં માન એ જાતનું હોય છે. પણ છતાં, આ માન તે મારો સ્વભાવ નથી. આ માન અસ્તિ બતાવે છે પણ એ અસ્તિ સંબંધીનું જ્ઞાન મારું મારાથી થયેલું છે. સમજાણું કાંઈ? વિશેષપણે બતાવવાનો આ પર્યાયનો ભિન્ન ભિન્ન સ્વનો કાળ હોય છે એનો સ્વકાળ જે એવો જ્ઞાનગુણનો (છે), ભાઈ! શું કીધું સમજાણું? માન આવ્યું તો એ જ્ઞાનના પર્યાયનો સ્વકાળ જ એવો છે. આહા..હા..! આ તે કંઈ વાત કરે છે! સમજાણું કાંઈ? જ્ઞાની પરિણામ ફેરવવા માંગતો નથી. પરિણામ ફેરવવું ઈ વસ્તુના સ્વરૂપમાં જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

ભાવ નામની શક્તિ કીધી છેને? ૪૭ શક્તિમાં. તો એ ભાવ નામની શક્તિ—ગુણ છે, એ ગુણીને પકડતાં એ ગુણનો પર્યાય વર્તમાન જે પ્રકારની છે તે પ્રકારની ભાવરૂપ પર્યાય હોય જ. હું પરિણમું તો આમ થાય એમ નહિ. એ વસ્તુની દૃષ્ટિ થતાં વસ્તુમાં રહેલો જે ભાવ નામની શક્તિ—ગુણ એની કોઈપણ જે સમયની જે પર્યાય હોય જ ભાવરૂપે, હોય જ. હોય એને કરું એવું જ્ઞાનીને હોતું નથી. આહા..હા..! ..ભાઈ! આવું (છે). આહા..હા..! કેમકે તે ભાવના કારણે અને પરના અભાવના કારણે (અભાવરૂપ) ભાવ અભાવ શક્તિ બેય છે. એવી શક્તિવાન અને હું તો જ્ઞાયકભાવ છું એમ લીધું છે ત્યાં. તો એ શક્તિવાનમાં આટલી શક્તિઓ જે છે એ રીતે સ્વતઃ તે કાળે તે પ્રકારની પર્યાય ભાવથી, પર્યાયરૂપ ભાવ હોય જ. અભાવને લઈને એમાં પરનો અભાવ હોય જ. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જાણે છે ઈ આમ જાણું એમ નથી, જણાઈ જાય છે. બહુ આકરી વાતું છે. જ્ઞાનગુણ છેને? તો જ્ઞાનગુણમાં પણ એક ભાવની શક્તિ વસેલી છે અનાદિથી. અનંત

ગુણ છેને ભેગા? ભાવ, પરથી અભાવ એ અભાવનું પરિણમન પણ નિરંતર છે, ભાવનું પરિણમન પણ નિરંતર છે. ભાવઅભાવ, જે વર્તમાન પર્યાય છે એનો અભાવ થાય એવું પરિણમન નિરંતર છે. અને અભાવનો ભાવ થાય, જે પર્યાય વર્તમાનમાં નથી એનો ભાવ થાય એ પણ નિરંતર છે. આહા..હા..! રતિભાઈ! આવો માર્ગ વીતરાગનો છે. આહા..હા..! એવો માર્ગ તારો છે.

કહે છે કે જે વખતે માન આવ્યું તો એ વખતે જ માનને જાણવાનો પર્યાય જ્ઞાનગુણનો ભાવની શક્તિને કારણે અને ગુણનો પણ એવો જ સ્વભાવ છે. એ જ્ઞાનગુણનો પણ સ્વકાળ એવો જ છે. એ માનને જાણે, પોતાને જાણે. એવી પર્યાયનો સ્વકાળ એ પર્યાય આમ લક્ષ કરે છે કે આ જ્ઞાયકભાવ છે તે હું છું. આહા..હા..! જરી ઝીણી આવી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! માનને જ જાણવાનો જ્ઞાનનો પર્યાય એ સ્વકાળ છે એનો. એઈ..! માનને લઈને નહિ, જ્ઞાનગુણને લઈને. આહા..હા..! પોતાનો જ તે કાળે સ્વપરપ્રકાશકનો જે સ્વકાળ છે એ પ્રકારે જ્ઞાન થાય છે. આહા..હા..! એ પ્રકારે ભાવ નામની શક્તિ છે એને લઈને તે બધા ગુણોની સમયની પર્યાય થાય જ, ભાવરૂપ થાય જ, પર્યાયરૂપે એવો જ એનો ગુણ સ્વભાવ છે. એને હું આમ પરિણમું કે ફેરફાર કરું એવું વસ્તુમાં નથી એટલે એની દૃષ્ટિમાં છે નહિ અને એની પર્યાયમાં એમ છે નહિ. ચંદુભાઈ! આહા..હા..!

અરે..! ચૈતન્યચમત્કાર તો જુઓ ઈ. આવા ચમત્કાર બીજે કોને કહેવા? કહે છે કે જ્યારે માન આવ્યું... આહા..હા..! ત્યારે જ્ઞાનગુણનો સ્વપરપ્રકાશક પર્યાય સ્વકાળે પોતાને કારણે થયો છે, માન આવ્યું માટે થયો છે એમ નથી. એ જ્ઞાનગુણનો સ્વપરપ્રકાશનો સ્વકાળ એ જાતનો જ હતો. આહા..હા..! સમજાણું કાંઈ? એ પર્યાયનું લક્ષ, દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. ચાહે તો શુભ અશુભભાવ હો, પણ દૃષ્ટિ જ્યાં દ્રવ્ય ઉપર ગઈ છે એનો ફેરફાર થતો નથી. એનો ફેરફાર થતો નથી અને અહીં પરિણામમાં ફેરફાર કરવો નથી. આહા..હા..! આવું વસ્તુનું સ્વરૂપ (છે). ઓહો..હો..! સમજાણું કાંઈ? આ છ કાયની દયા પાળો ને અપવાસ કરો ને ભક્તિ કરો.. જાડી બુદ્ધિ, સૂક્ષ્મ પકડવાની તાકાત નહિ. નવનીતભાઈ! આહા..હા..!

**'માયા,...'** આહા..હા..! વિશેષ વિશેષ બતાવે છેને. એનો સ્વકાળ જ્યારે માયા આવી એને વિકલ્પ ઉઠ્યો માયા-કપટનો, તો કહે છે કે એ કાળે પણ તેને અને સ્વને જાણવાના સ્વપરપ્રકાશનો કાળ છે તેવો જ કાળ પ્રગટ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ પોતાની ઘરની વાત છે. તારું ઘર આવું છે. તારું ઘરનું હોવાપણું એવડું છે કે એ વસ્તુ જરી માયા આવી માટે તારો જ્ઞાનને જાણવાનો પર્યાય એ રૂપે પરિણમ્યો એમ નથી. આહા..હા..! અને એને જાણવાના પર્યાયનો સ્વકાળ પોતાથી થયો એ જ્ઞાન એમ જાણે છે, જણાઈ જાય છે, આ ભાવ મારો નથી. એના સંબંધીનું જ્ઞાન એ તો મારું પોતાનું છે, એના સંબંધીનું પણ

નથી. જ્ઞાનગુણનો પર્યાય જ એવડો તે કાળે થવાનો છે. આહા..હા..! ભારે વાત બાપા! એની ચમત્કારની શું વાત કરવી! આહા..! પણ એણે સાંભળી ન હોય, વિચારી ન હોય. અંતર્મુખ થઈને આ તે ચીજ શું થઈ છે આ, ખબર ન મળે એટલે એકાંત લાગે, એકાંત લાગે. સમ્યક્ એકાંત જ છે. આહા..હા..!

'**લોભ,...**' જરી રાગ, લોભ ઈચ્છા આવી ઈચ્છા. છતાં તે કાળે એ જ્ઞાનગુણનો પર્યાય, શ્રદ્ધાગુણનો પર્યાય શ્રદ્ધે છે, એ જ્ઞાન આમ સ્વપરને જાણે છે એવી શ્રદ્ધામાં એ જાતની શ્રદ્ધા છે એને. સમજાણું કાંઈ? શ્રદ્ધાનો પર્યાય પણ એ રીતે જ એને માનતો પરિણમે છે. ઈ વળી શું કહ્યું? આ તો એક ગુણની વ્યાખ્યા થઈ. બધા ગુણોનું એ રીતે પરિણમન, એક એક ગુણ જાણનારું આનું આવું જ હોય અને આમ જ હોય એમ જ્ઞાતા દૃષ્ટા જાણે છે. પ્રતીતમાં પણ એ જ્ઞાનનું આવું સ્વરૂપ છે એમ એને પ્રતીતમાં પર્યાયમાં પણ વર્તે છે અને દ્રવ્યમાં પણ વર્તે છે. પર્યાયમાં જ્ઞાન તરીકે પ્રતીત, દ્રવ્યની પ્રતીત તરીકે પ્રતીત છે. સમજાણું કાંઈ? કહો, ચેતનજી! આ હશે તમારે ત્યાં? નહોતું? આહા..હા..! ૪૫ સૂત્ર વાંચે તો મળે નહિ, હાથ ન આવે. આ એક એક કડીએ અને એક એક ગાથાએ.. આહા..હા..! પ્રવીણભાઈ! આવો વીતરાગ તારો માર્ગ. વીતરાગ એટલે આત્મા વીતરાગ છે અને એનો માર્ગ આ છે. સમજાણું કાંઈ?

'**લોભ,...**' ઓહો..હો..! વિશેષપણે કહે છે બધા ... એ વખતનો જ્ઞાનનો પર્યાય એવી જ પર્યાયવાળો સ્વતઃ સ્વકાળને લઈને થયો એમાં આ લોભ છે, આ પરભાવ છે એમ સહજ જણાય છે અને એ પર્યાય 'આ જ્ઞાયકભાવ છું', દરેક વખતની પર્યાય 'હું ત્રિકાળ જ્ઞાયકભાવ છું' એ તો પડ્યું જ છે ત્યાં. સમજાય છે કાંઈ? આહા..હા..! આવા કાળમાં એને અશુદ્ધતા ગળે છે અને કર્મ ગળે એને નિર્જરા કહેવાય છે. વાતું આમ કરે કે અપવાસ કર્યા ને ઓળી આંબેલ કરી ને આંબેલ થાય છેને, હવે બહુ થાય છે. આંબેલ સમજ્યા? ...ભાઈ! ઓળી નથી કરતા? બહુ ... આહા..હા..! બાપુ! અંદર વિકલ્પની જાળ ઉઠે છેને, એ જાળને જાણનારું જ્ઞાન જાળને લઈને ન જાણે. એ પોતાને લઈને જાણે ક્યારે? કે જેની જ્ઞાયકદૃષ્ટિ થઈ છે ત્યારે. સમજાણું કાંઈ? ઓહો..હો..! ક્રમ પણ એ, સ્વકાળ પણ એ, યોગ્યતા પણ એ. આહા..હા..! બધું આ રીતે ચાલતો પ્રવાહ છે. અજ્ઞાનીને જ્ઞાનમાં આવ્યું નથી તત્ત્વ એટલે એને પર ઉપર લક્ષ કરીને રાગથી માંડીને સામગ્રી અઘાતિનો ઉદય, છોકરો એક થયો, સાંઈઠ વર્ષે છોકરો (થયો). આહા..હા..! શું કહેવાય? .. નામ રાખશે. કાકાના દીકરાને જાત એના ઠેકાણે દીકરો થયો તો આપણે રહેશે આ દસ લાખ. નહિ તો કાકાનો દીકરો લઈ જાત, આ મરી જાત તો, આ છોકરો ન થયો હોત તો. એક છોકરો થયો તો બધું થયું. છોકરો થયો મારો, મારે આ લક્ષ્મી રહેશે મારામાં મારી. ભારે! વંશ રહેશે. એ.. પોપટભાઈ!

મૂઢ છો કહે છે. આહા..હા..! દીકરો તો પરદ્રવ્ય છે. એ દીકરો તારો કેવો ઈ? ..શેઠનો દીકરો મરી ગયો તો બિચારા ... ઓલો આવતો હતોને અહીં? નહિ? મરી ગયો. આવ્યા હતા બેસવા. જતા વખતે આવ્યા અને પહેલા સવારમાં આવ્યા. શું આમાં... આહા..હા..!

ખરેખર તો તે પ્રસંગ અઘાતિનો બને એને જાણવાનો પર્યાય પોતાનો તેવો જ થાય, જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે એને. એને કાંઈ જાણવાનું ... આહા..હા..! જાણવાનું રહે છે સ્વનું. .. મનસુખનો. ... તમારે પાંચ છોકરા. એક રોગીલો એને પગમાં કાંઈક થયું. અકસ્માત થયો હતો? એક કાગળ આવ્યો હતો બે દિ' પહેલા. પગમાં દુખાવો ઉપડ્યો છે. ... બે વર્ષનું પરણેતર છે. વાઈનો રોગ હતો. આમ ઉપાડે મૂકે. ગૃહસ્થ માણસ, એને એમ કે ન્યાં ઘણા ... છોકરાઓ ... મરી ગયો. મોટી ઉંમરે પરણ્યો, ના પાડતો હતો પરણવાની. આ શેઠિયા મોટા બાદશાહ, બુંદેલખંડ. શેઠ ભગવાનદાસ અહીં બેસતા હતા. આઠ દિવસ રહ્યા. સવારે આવ્યા પાછા. ... કોને કહેવું આમાં? બાપા! આહા..હા..! મનસુખને તો પાંચ દીકરી પછી એક દીકરો. ૫૩-૫૪ વર્ષની ઉંમર. હવે એમાં હાલતો-ચાલતો, ભાઈ મનસુખને જાણો છો? ભાવનગરમાં છે. ત્યાં રહેતો. જામનગરમાં રહેતા, પોરબંદર, રાજકોટ રહ્યા. વ્યાખ્યાન કરે છે. આમ ચાલતો ... અહીં કંઈક હશે નાકમાં. એમ કે હાડકું વધતું (હશે). લાવોને કરી નાખીએ. હાલતો-ચાલતો, બીજું કાંઈ નહિ. ડૉક્ટરે સુંઘાડ્યું કાંઈક (ક્લોરોફોમ). ખલાસ. હાલતો-ચાલતો ... ડૉક્ટર મુંઝાઈ ગયો. કોણ વાલી? આમ કહ્યું, મુંઝાઓ નહિ ડૉક્ટર. આંખમાં આંસુ નહિ, ધીરૂભાઈ! આંખમાં આંસુ નહિ અને આંખ ભીની નહિ. ... રવિવારે આવે ભાવનગરથી. એ સ્થિતિ એમ જ થવાની હતી. તમે કરી નથી. એ.. મૂળચંદભાઈ! ઓલો ડૉક્ટર તો હેબતાઈ ગયો. આહા..હા...! એકનો એક દીકરો પા કલાક પહેલા હરે છે, ફરે છે એમાં આ કરવાનું. એ બનવાની સ્થિતિ એ જ કાળ છે, કોઈથી થયું નથી અને કોઈ ફેરફારમાં એમાં કરનાર નથી. આહા..! ...ભાઈ! ટાણે કામ આવેને. હથિયાર હાથમાં હોય અને કામ ન આવે ટાણે (શું કામનું)? એમ યથાર્થ જ્ઞાન, ભલે વ્યવહારુ જ્ઞાન છે, પણ એના જ્ઞાનમાં પ્રયોગ તો આવવો જોઈએને. આહા..હા..! પાછા છોકરા ન્યાં... ૫૪ વર્ષ. ... રવિવારે આવે છે ભાવનગરથી.

અહીં કહે છે કે લોભ આવ્યો. ઈ નાખ્યું ઘાતિનું. હવે આવ્યું કર્મ. આઠ કર્મ. ઘાતિ અને અઘાતિ બે કર્મ જાત. વિચારમાં આવે કે આ કર્મ છે, આમ છે. તેનું જ જ્ઞાન થવાનો કાળ હોય છે માટે કર્મ ખ્યાલમાં આવે છે. ચોથે ગુણસ્થાને ... સમજાણું કાંઈ? આહા..હા..! એમ જ્યાં આત્મા જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા પોતાની જાતમાં આરૂઢ થયો એથી એને જ્ઞાનની પર્યાયમાં યાદ આવે કે કર્મ ... એ વખતે કર્મ સંબંધીનો જ્ઞાનનો પર્યાય થવાનો છે માટે કર્મ યાદ આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પણ મારું સ્વરૂપ નહિ. કર્મ

એ મારી ચીજ નહિ, એ તો જડ ચોખ્ખી પર છે. સમજાણું કાંઈ? ... આવે છેને? નામકર્મમાં. કાર્મણશરીર. કાર્મણશરીર નામકર્મમાં નાખ્યું છે. ભાઈ! ઈ અઘાતિમાં નાખ્યું છે. પાંચ શરીર કાર્મણશરીર બધા કર્મનો કોથળો છે પણ એ છે નામકર્મમાં, અઘાતિમાં નાખ્યું છે. ... આહા..હા..! ઉત્પન્ન થયેલો પાક એ ભલે હો, પણ ઈ ચીજ છે એ તો નામકર્મમાં ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં સુધી આ લઈ અને હવે આમ ફેરવી નાખ્યું. ધર્મીજીવને જે કાંઈ ધર્મ આટલા ગુણસ્થાને આવા હોય અને આટલું ટળે, આટલું ગળે, આટલી નિર્જરા થાય ને... એ બધું સાંભળતા તે પ્રકારે તે જ જ્ઞાનમાં તે જ્ઞાનની પર્યાય એમ જાણે છે એવી જ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ, 'આ હું નહિ અને આ હું છું' (એમ જાણે છે). સમજાણું કાંઈ? ... એ વસ્તુની સ્થિતિ જ એવી છે. કહે છે, કર્મ આવ્યું.

હવે નોકર્મ આવ્યું. નોકર્મમાં બાહ્યના નિમિત્તો બધા. સમજાણું કાંઈ? રોગ આવ્યો તે નોકર્મ. શરીરમાં આવ્યોને રોગ, ઈ નોકર્મમાં જાય. રોગના નિમિત્તો બધા આવે ઔષધો ને ફલાણું ને ઢીકણું... નવરંગભાઈ! તમારા હથિયાર યાદ આવ્યા. લોઢાના હોય છેને? ... એના કપાટમાં છે. કહે છે, એવો સંયોગ આવે નોકર્મનો એને જ્ઞાની એ નોકર્મનું નિમિત્તનું જ્ઞાન અહીંયા પોતાથી સ્વકાળે થાય. એ જાણે છે માટે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? નોકર્મમાં બાયડી, છોકરા, કુટુંબ, આબરૂ, પૈસા બધું નોકર્મમાં જાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર ને.. કેવું કહેવાય? સમેદશિખર, સમેદશિખર એ બધા નોકર્મમાં જાય છે. એ વખતે જ્ઞાનીને જ્ઞાન એ સંબંધીનું થાય પણ એને લઈને નહિ. આહા..હા..! શું વાત કરી છે! ગજબ વાત કરી છે!

જ્યાં ચૈતન્યપ્રભુ પોતે જાગ્યો અને ઉઠ્યો, 'જાગીને જોઉં ત્યાં જગત દિસે નહિ', આહા..હા..! આ કર્મ અને નોકર્મ મારામાં છે જ નહિ. હું તો એ સંબંધીના જ્ઞાનને તે કાળે મારે કારણે પ્રગટેલું જ્ઞાન એમાં હું છું. એ છું ઈ એમ કહે છે કે હું તો ત્રિકાળ જ્ઞાયક છું. સમજાણું કાંઈ? આહા..હા..! એની પોતાની પર્યાય તે પ્રકારે નોકર્મને જાણવાની પોતાથી જે પ્રગટી તે કાળે તે સ્વકાળ જ્ઞાનના ગુણનો સ્વકાળ જ હતો. એને કંઈ આ નોકર્મ જણાણું માટે આ જ્ઞાન એ જાતનું થયું એમ નથી. આ છોકરા ને આબરૂ ને મકાન બધા નોકર્મમાં જાય. પૈસા ને આ તમારા શું કહેવાય? કારખાના લોઢાના.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ઈ એમાં જાય, નોકર્મમાં. આ પરમાગમ થાય ... એ અઘાતિના ફળ તરીકેનું ... બહાર. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આ તો આત્મા બાદશાહ ત્રણલોકનો નાથ એની આ રમતુંની વાતું છે. એની રમતે ચડ્યો ત્યાં કર્મની નિર્જરા થઈ જાય છે, અશુદ્ધતા ટળી જાય છે સહેજે, ટાળવી પડતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઠીક વળી આવ્યું ક્યાંનું ક્યાં.

નોકર્મ, બધા નિમિત્તો જેટલા બહારના. દાળ, ભાત, શાક, દેવ, ગુરુ, શાસ્ત્ર, પાણી પીવાનો પ્યાલો, જે બહાર બધાય છે એ બધા નોકર્મ છે. આહા..! રોટલી, રોટલો બધું. કટકો કરીને આમ ઉપાડે, એ બધી ક્રિયાઓ જડની, નોકર્મની. એ સંબંધીનું જ્ઞાન પોતામાં પોતાને કારણે થાય. એ જ્ઞાન જાણે કે આ પર છે, આ ભાવ મારો નથી. મારો નથી એમ ગોખવું પડે નહિ. એ રૂપે થતો જ નથી એટલે એ મારો નહિ. અને એના સંબંધીનું જ્ઞાન થતાં જ્ઞાનરૂપે થાય છે, પણ એ જ્ઞાનરૂપે થાય એ પર્યાય પણ એમ કહે છે કે હું પર્યાય જેટલો નહિ.

મુમુક્ષુ :—

ઉત્તર :— નહિ, એ એટલો હું નહિ. એ તો પોતે નિર્ણય કરે છે. એ પર્યાય નિર્ણય કરે છે કે હું તો જ્ઞાયકભાવ છું, હું જ્ઞાયકભાવ છું. સોગાનીનું ઈ જરી આકરું પડે છેને બીજાને. લ્યો, હું તો ધ્રુવ છું, મારે અને પર્યાયને શું છે? પણ ઈ પર્યાય પોતે એમ જાણે છે કે હું ધ્રુવ છું. ચંદુભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :— પર્યાય ધ્યાન કરો તો કરો...

ઉત્તર :— હા, પર્યાય ધ્યાન કરે તો કરો, પણ ઈ જાણે છે કોણ? પર્યાય. ધ્રુવને ક્યાં જાણવું છે? આહા..હા..! હું તો છું એ છું. મારું ધ્યાન પર્યાય કરે તો કરો. પણ એ પર્યાય કરે તો, એનો અર્થ શું? એ.. ચેતનજી! એનો પર્યાય પોતે એમ જાણે છે, હું તો આ છું. આહા..હા..! મારામાં, એમ કહે લાખ વાત અશુભપણે થઈ જાય, તો હું તો છું એ છું. અને શુભનું થાય અને કેવળજ્ઞાનનો પર્યાય થાય, હું તો છું ઈ છું. કોણ જાણે છે ઈ? તે સમયનો સ્વપરપ્રકાશનો પર્યાય એવી જ જાતનો છે. એ જાણે છે કે હું તો આ છું. આહા..હા..! બહુ ઝીણી વાતું. મૂળચંદભાઈ! તો આ શું કર્યું હશે મારા બેને ઘરે ત્યાં? નહિ? આ મોટપ સેવી હતીને? બાયુંમાં. બાયુંના હતાને? બાયુમાં ત્યાં કર્તાહર્તા હતા, મુંબઈમાં. પણ એ માન્યું હોય એમ હોય. આહા..હા..! વાહ! હવે આવ્યું મન. વખત થવા આવ્યો હોં! વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ-૬, શનિવાર, તા. ૧૦-૦૩-૧૯૭૩**
**ગાથા-૧૯૯, ૨૦૦, પ્રવચન-૩૩૯**

૧૯૯ ગાથાનો ભાવાર્થ ચાલે છેને. ટીકાનો વિસ્તાર છે. અહીં સુધી આવ્યું છે, નોકર્મ સુધી. એટલે શું કહે છે? આ આત્મા છે એ જ્ઞાયકસ્વભાવી ત્રિકાળી વસ્તુ છે. જ્ઞાયકસ્વભાવી કહો કે સર્વજ્ઞસ્વભાવી કહો. ત્યાં જ વાંધા હતા. એ પોતે સર્વજ્ઞસ્વભાવી, જ્ઞ-સ્વભાવ, જ્ઞ-સ્વભાવ, જ્ઞ-સ્વભાવે તન્મય દ્રવ્ય સાથે જ્ઞાયકસ્વભાવ. એ વસ્તુનું ત્રિકાળી સત્ત્વ, સત્ત્વ એટલે સ્વરૂપ જ એવું છે. સત્ એવો આત્મા એનો જે જ્ઞાયકસ્વભાવ એ સત્ત્વ એનું છે. એવા આત્માને જેણે જાણ્યો, એવા આત્માની જેને અંદર અનુભવમાં પ્રતીતિ થઈ એ આત્મા આવો છે જ્ઞાયકભાવ એવું જેને વેદનમાં શાંતિના વેદન સહિત આનંદનું વેદન આવ્યું એને નિર્જરા થાય છે એમ અહીં સિદ્ધ કરવા માગે છે. ઝીણી વાત. કેમ?

આત્માને તે કાળે... અહીં આપણે મન આવ્યું છે. અહીં મન છેને મન? રજકણનું બનેલું. અનંત રજકણનું જડ. અહીં અત્યારે જડની અપેક્ષા છે. મન છે એ જ્ઞાયકભાવમાં મનનું ભિન્નપણું ભાસે છે. શરીરને લેશે. ચૈતન્યસ્વરૂપી ભગવાન આત્મા જેને અંતરના સુખપંથે સુખને પંથે ઢળ્યો છે, અનાદિ તો રાગ અને કર્મના ફળ તરીકેનો સંયોગ અને કર્મના ફળ તરીકેનો વિકાર, એ બેમાં પોતાપણે માનવો, સમજાણું કાંઈ? એમાં બધી ચીજ આવી ગઈ. એનો તો આ વિસ્તાર છે વિશેષ.

પોતાનો જે આનંદસ્વભાવ જ્ઞાયક પૂર્ણ જાણવાનો તેનો સ્વભાવ એવા સ્વભાવના ભાન વિના જેણે વર્તમાન કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા વિકારો કે કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલા સંયોગો, સામગ્રી બેય કર્મની સામગ્રી છે. પંડિતજી! રાગદ્વેષ કર્મની સામગ્રી? એની સામગ્રી છે, આત્માની કેવી? આહા..હા..! ભગવાન આત્મા અનાકુળ આનંદ અને જ્ઞાયકભાવી વસ્તુ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે એને આ સંબંધમાં જે રાગાદિ, દ્વેષાદિ ખ્યાલમાં આવે એ જ્ઞાનથી પૃથક્ જણાય છે. જ્ઞાનથી એકત્વ જણાતું નથી. એકત્વ જણાય તો તેણે જ્ઞાન જ જાણ્યું નથી અને આત્મા જાણ્યો નથી. આહા..હા..! આ ધર્મીની આ બધી શરતું છે. સમજાય છે કાંઈ? એ રીતે ધર્મીની દશા હોય છે.

ચૈતન્યદળ જે આખી વસ્તુ એની વર્તમાન પર્યાય—અવસ્થામાં જે મન જણાય છે, એ મન સંબંધીનું જ્ઞાન પોતાને પોતાથી થાય કે આ મન છે. ઈ મનની હયાતી છે માટે જ્ઞાનની

પર્યાયની હયાતી અહીં એને જાણવાની થાય છે એમ નથી. એને જાણવાની પર્યાય જ નથી ખરેખર તો. એ તો સ્વ અને પરને જાણવાનો પોતાનો જ પર્યાયનો સ્વભાવ છે એમાં એ જણાય છે અને આ જણાય છે એમ વ્યવહાર કહેવાય છે. સમજાણું કાંઈ? ઝીણો માર્ગ બહુ ભગવાન! આહા..હા..! લોકોને બહારથી પકડવું છે અને અંતર ચીજ રહી જાય છે. અંતરઆત્મા. રાગને, દ્વેષને અને કર્મના નિમિત્તથી થયેલી આ શરીર, વાણી, મન, પૈસા, આબરૂ, કીર્તિ, કુટુંબ, બાયડી, છોકરા એ બધી તો પરચીજ છે. એ પરને પોતાના માનવા.. આહા..હા..! એ મિથ્યાત્વભાવ છે. મહા સંસારના નિગોદના ભવનું કારણ ઈ મિથ્યાત્વ છે. પણ આ છોકરા છે એના ત્યાં સુધી તો માનવા કે નહિ? શરીર છે આ. ... આમ શરીર હોય. આત્માને મોટું કુટુંબ ચક્રવર્તી થાય તો હોય. લ્યો. એની સોળ હજાર દેવ સેવા કરતા હોય, છન્નુ હજાર સ્ત્રી હોય એને. લ્યો, શાસ્ત્રમાં એમ આવે. એ તો એના સંયોગમાં શું ચીજ આવે છે એનું એ વર્ણન કર્યું છે. એ ચીજ રાગના વિકલ્પથી માંડીને દયા, દાનનો વિકલ્પ હો કે પ્રભુની ભક્તિના વિકલ્પથી માંડીને, અશુભ અને સંયોગ, આ સંયોગીભાવ છે, બહારની ચીજ સંયોગ છે. આહા..હા..! બેયને, બેને ભગવાન આત્મા પોતાના માને એ મિથ્યાત્વભાવ નરક અને નિગોદનું કારણ છે. આવી વાત છે. એટલે ભવનું કારણ છે. ભવમાં બધું આવી જાય છે. સમજાણું કાંઈ?

પણ જ્યારે તે ભવના કારણોને અને બહારના કારણોને પૃથક્ જાણ્યા (કે) એ મારામાં નહિ, હું એનો નહિ, એમાં નહિ, એ મારામાં નહિ. આવું જ્યાં સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન એટલે કે જેવી વસ્તુની સ્થિતિ છે તે રીતે જણાણું અને મનાણું. સમજાણું કાંઈ? જે રીતે છે એથી વિપરીત જણાણું અને મનાણું એ અજ્ઞાન અને મિથ્યાત્વભાવ છે. આહા..હા..! અને જે વસ્તુ છે એ તો ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ (છે). અહીં તો પર્યાયને ગણી નથી. અહીં તો હું જ્ઞાયકભાવ છું એમ કીધું છે જુઓ! આહા..હા..! એ મન છેને ચીજ મન અહીંયા, કહે છે કે એને યાદ આવતાં એનું જ્ઞાન પોતાનું પોતાથી થાય. એમાં જ્ઞાનની પર્યાયમાં એ મન જુદું રહે છે. અને મન સંબંધીનું જ્ઞાન એ પોતાનું પોતાના સ્વકાળે થયેલું છે તે જ્ઞાનની પર્યાય એમ જાણે છે કે હું તો જ્ઞાયક છું. સમજાણું કાંઈ? આહા..હા..! હું તો સ્વપરને જાણનારો એવો જ્ઞાયકભાવ છું. એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એ રીતે જાણ્યું ત્યારે મનથી જુદું એને જ્ઞાન થાય છે. છતાં મન છે ત્યાં રજકણોનું દળ અસ્તિ એથી એને અહીં જ્ઞાનીને તેની જ્ઞાનની પર્યાય તેના અસ્તિને લઈને થાય છે એમ નથી. પોતાનો જ જ્ઞાયકસ્વભાવ એવો છે કે તે કાળે તે પ્રકારના મન સંબંધીનું જ્ઞાન, આત્મ સંબંધીનું જ્ઞાન સ્વપરપ્રકાશની પર્યાયવાળું જ્ઞાન ઊભું થાય છે. ધીરૂભાઈ! આ બધું ઝીણું બહુ. કાલે એવું ઝીણું આવ્યું હતું, સવારમાં ઝીણું આવ્યું હતું.

મુમુક્ષુ :— મુંબઈમાં જાડું આવે.

ઉત્તર :— વાત સાચી. ન્યાં આવું માંડે તો... આહા..હા..! આવતા આવે એ તો.

કહે છે, જેને ધર્મ કરવો છે એને અધર્મને ટાળવો છે. કરવો એટલે ઉત્પાદ થવો અને અધર્મ એટલે મિથ્યાત્વનો નાશ કરવો છે. એ જીવને તો હું અનંત ગુણનો સંપન્ન એવો જ્ઞાયકભાવ ... એ હું છું. એવી દૃષ્ટિમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનના સ્વભાવને આશ્રયે થયેલી દૃષ્ટિ એ પૂર્ણ જ્ઞાયક છું એમ જાણે. એને અશુદ્ધતા ટળતી જાય છે. કેમકે એ અશુદ્ધતા મારી છે એ તો માની નથી. મન(નો) સંબંધ મને છે એમ માન્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મનનો સંબંધ જ મારે નથી. એ મન જ્ઞેય છે અને હું જાણનાર છું, એ પણ વ્યવહાર છે. વાસ્તવિક એમ નથી. એઈ..! આહા..હા..! ખરેખર તો તે કાળે મનના કાળે મન સંબંધીનું જે પોતાનું તે સમયનું અસ્તિત્વ જ્ઞાનનું એમ જાણે, જાણવામાં આવે છે. જાણવામાં આવે છે એ પર્યાય એમ કહે છે કે હું તો જ્ઞાયકભાવ છું. આ પણ નહિ અને એક સમયની પર્યાય જેટલો પણ નહિ. આહા..હા..! એને અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી, કર્મ ગળતું જાય છે અને શુદ્ધતા વધતી જાય છે. આ એની ક્રિયા છે. સમજાણું કાંઈ? આવી જ જ્યાં ચીજ છે એમાં પછી બીજો તર્કને શું અવકાશ છે? સમજાણું?

એમ 'વચન,...' આ વાણી. વાણીને કાળે જડની પર્યાય વાણીની થાય. અને તે કાળે જ્ઞાનમાં તે વાણી સંબંધીનું વ્યવહારી, એના સંબંધીનું વ્યવહારનું છે. પોતાનું (જ્ઞાન થાય). આહા..હા..! અહીં ભિન્ન ભિન્ન પાડ્યું કેમ? કે ભિન્ન ભિન્ન કાળે ભિન્ન ભિન્ન અવસ્થામાં નિમિત્ત હોય છે. પહેલી સામાન્ય વાત કરી. આ વાણી નીકળે તો કહે છે, એ સંબંધી જ્ઞાનનો પર્યાય જાણે. એને જાણે કહેવું એ વ્યવહાર છે. એ કાળનું જ્ઞાન જ્ઞાનને જાણે. અને એ જ્ઞાન એમ જાણે કે આ વાણી હું નહિ. હું નહિનો અર્થ કે મારામાં નહિ એવું પરિણમન છે. હું નહિ, આ હું નહિ એમ નથી ન્યાં કરવું? એ જ્ઞાનમાં એ વાણી આવતી નથી અને વાણીને અને એને પરિણમન સંબંધ જ ભિન્ન છે એના. આરે..! આ તો ઓલા કહે, વાણી ભગવાનનું કાર્ય છે. લ્યો ઠીક. આવ્યું છે ક્યાં? વીતરાગની વાણી એ જ્ઞાનનું કાર્ય છે. કેવળજ્ઞાન.. પુસ્તક લઈ ગયા હતા કે નહિ? ખાણિયા, ખાણિયા ચર્ચા. એમાં છે. શાસ્ત્રમાં પણ છે. એણે મૂક્યું છે એ છે. વાણી જ્ઞાનનું કાર્ય છે. કઈ અપેક્ષાએ કહ્યું છે? આહા..! અહીં તો ના પાડે છે. કેવળીનું કાર્ય છે વાણીનું એ તો છે નહિ, ફક્ત કેવળજ્ઞાનની પર્યાય વાણી જેને થવામાં એને નિમિત્ત છે એથી એને ઉપાદાનકર્તા આ કરીને એને નિમિત્તકર્તા તરીકે કહ્યું. આ જીવ એનો નિમિત્તકર્તા, નિમિત્તનો એનો કર્તા. કર્તા છે નહિ. એનું ઉપચારથી કથન કર્યું. શાસ્ત્રનું ત્યાં કહ્યું છે રતનચંદજીએ. આહા..હા..! અરે..રે..! આવું વીંખી નાખ્યું. જૈનદર્શન...

નિર્મળાનંદ પ્રભુ એકલો સ્વભાવના સામર્થ્યથી ભરેલો પ્રભુ છે. એનામાં વાણીનું કાર્ય

આત્માનું એ તો નહિ, પણ વાણીના કાળે ખ્યાલ વાણીનો આવે એ જ્ઞાન પણ વાણીને કારણે નહિ. અને જ્ઞાનમાં ખ્યાલ આવ્યો વાણીનો એ પોતાના સ્વપરપ્રકાશની પર્યાયને કારણે. એથી વાણી થઈ છે એમ નહિ. અને વાણી થઈ એનું જ્ઞાન વાણી છે માટે થાય છે એમ નહિ. આહા..હા..! વાણી પર છે. સ્વપરને જાણે છે એવો હું છું. વિશેષપણે સ્વને પરને જાણે છે. એક જ્ઞાયકભાવ છું એનો અર્થ આમ જાણે છે વર્તમાન પણ એ જાણનારો એમ કહે છે કે હું તો જ્ઞાયકભાવ છું. સામાન્ય અને વિશેષને જાણનારો એવો હું જ્ઞાયકભાવ છું. સમજાણું કાંઈ? છેને કૌંસમાં? '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.**' એનો અર્થ કર્યોને કૌંસમાં? '(**આ રીતે સમ્યગ્દષ્ટિ વિશેષપણે સ્વને અને પરને જાણે છે**).' આહા..! શું કરે પણ એમાં? સમજાવવાની શૈલીમાં.. છે એમાં કે નહિ? પરને જાણે છે એટલે? એ તો એ સંબંધીનું જ્ઞાન છે એવું ત્યાં પરિણમન પોતાનું થાય છે. નિશ્ચયથી તેમાં તન્મય છે તેને જાણે છે. વાણીમાં કાંઈ તન્મય નથી કે તેને જાણે. સમજાણું કાંઈ?

એમ '**કાયા,...**' આ શરીર. શરીરનું જ્ઞાન શરીર સંબંધી ખ્યાલ આવતા જ્ઞાન થાય શરીરનું. આ શરીર છે જડ જગતની ચીજ. અનંત પરમાણુના પિંડની એક સ્કંધપર્યાય એ કાયા. એ આત્માની વિકારી પર્યાય પણ નહિ, અવિકારી નહિ, એના દ્રવ્ય ગુણમાં પણ નહિ. વિકારી પર્યાય જીવમાં નહિ અને એ શરીરની પર્યાય જીવમાં નહિ. એ તો બહુ સ્થૂળ થઈ ગયું. ઘાતિ અઘાતિ બેય નાખવા છેને. બધી સામગ્રી, વિકલ્પથી માંડીને બધી સામગ્રી કર્મસામગ્રી છે, ચૈતન્યની પ્રભુની સામગ્રી નથી. આહા..હા..! પોપટભાઈ! આ ... સામગ્રીવાળા એમ કહે છે. બંગલા, પાંચ દસ લાખવાળા... છોકરાનું નામ સાંભળ્યું. છોકરો મારો એમ માન્યું હતું. એ મારો મરી ગયો નથી. લ્યો... અરે..અરે..! મારો માન્યો ત્યારે પણ એનો નહોતો. આહા..હા..! ભારે વાત. શિખરચંદજી મારો છોકરો નહિ. ... ઈ તો કો'કનો ગુજરી ગયો, કો'કનો. આ તો એમની વાત છે પણ કો'કે ... કરી નાખ્યું હશે. ધીરૂભાઈ! એપ્રિલનું કરે છેને? એપ્રિલફુલ. પણ આ તો માર્યું ગપ્પુ ગમે ઈ. નામ ફેર પડી ગયો લખાણમાં... અરે..રે..! એણે કામ કર્યું છે. ... દવા આપે બધાને. એમાં કાળ જાય એને. મહિનાની હજાર રૂપિયાની દવા આપે. ખર્ચ થાય મોટો દવા આપવાનો. એકસાથે દવા આપે મહિનામાં. એક માણસ કોઈ દવા લેવા આવે એને આપે. એમાં વખત જાય. એને આ... ક્યાં હતો? એનો હતો? એનો થઈને રહ્યો હતો? અરે..!

મુમુક્ષુ :— માન્યો તો હતો.

ઉત્તર :— ઈ તો માન્યતા તો મફતની ઉડાવે ગમે એ રીતે. આહા..હા..!

અહીંયા કાયા પણ આત્માની નહિ. તો કાયાથી ક્રિયા થાય એ ધર્મની ખરી કે નહિ? દયા કરે, અપવાસ થાય એ બધું શરીરથી થાય કે નહિ?

મુમુક્ષુ :— શાસ્ત્ર વંચાય, સંભળાય.

ઉત્તર :— શાસ્ત્ર વંચાય, સંભળાય લ્યો. કાંઈ ધૂળેય ન થાય, સાંભળને. આ તો માટી જડ છે. આંધળા તત્ત્વ છે. ઈ છે એવી એને ખબર નથી. ખબરદારને ખબર છે, જ્ઞાનને ખબર છે કે આ ચીજ જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ અલૌકિક અચિંત્ય માર્ગ છે. ઓલાએ નથી કહ્યું તમારે ખાણિયામાં? જીવિત શરીરથી ધર્મ થાય. આ પહેલો પ્રશ્ન, એ બીજો પ્રશ્ન. ... રખડે. ઓલો બીજામાં નાખ્યો છે. જીવિત શરીરથી ધર્મ થાય કે નહિ? અરર..ર..! આ જીવિત શરીર. એટલે આ જીવતું છેને? આમાં જીવ છે ત્યાં સુધી જીવતું શરીર કહેવાયને? સચેત વનસ્પતિ કહેવાય, લ્યો. સચેત ... કહેવાય. સચેત શરીર. સચેત છે, પછી આ અચેત છે. એ તો કથન કરવાની વાત છે. એઈ..! આ નખ નથી? સચેત નખ કપાય નહિ. જીવતો નખ કપાય નહિ. જીવતો નખ હશે? આ તો જીવતો નખ કપાય ગયો. થોડું ઉપર લેવા ગયા ત્યાં આમ થઈ ગયું. જીવતો નખ. નખ જીવતો હશે? ભારે! ... નખ તો જડ છે, આ તો રજકણ છે. પરમાણુ જીવતો નથી, એ તો અચેતન છે. આખું શરીર અચેતન છે. ભગવાન જાણનારો તો તદ્દન ભિન્ન છે. આહા..હા..! સચેત .. નખ સચેત કપાઈ ગયો એટલે દુઃખ થયું. ઉપર ઉપરથી લે ત્યાં સુધી વાંધો નહિ. વાળ ઉપરથી કાપે ત્યાં સુધી વાંધો નહિ, પણ કાપતા કાપતા જ્યાં ... અંદર આવી જાય, છાલ નીકળે જરી, વાળંદ છે? કે બડથોલ જેવો લાગે છે. આહા..હા..! ઈ છરો એને અડ્યો પણ નથી. અને ચામડીમાંથી ... નીકળી છે એ ચૈતન્યની ઉપરથી નીકળી નથી. ચૈતન્યને તો અડીયે નથી આ ચામડી. આહા..હા..!

આ શરીર અને ચૈતન્ય બેય અડ્યા નથી. શરીરમાં આત્માની નાસ્તિ અને આત્મામાં શરીરની નાસ્તિ. છતાં શરીરનું જ્ઞાન થાય એ કાળે એ પ્રકારના જ્ઞાનની પર્યાય થવાની હોય, તેથી અહીં વિશેષ કહ્યું છેને? શરીરની યાદ લક્ષમાં આવતા, આ શરીર છે, ત્રણ શરીર કહ્યા છે. ઔદારિક, તેજસ, કાર્માણ કાયાનું જ્ઞાન થાય એ તો પોતાનો તે કાળે સ્વકાળ છે માટે જ્ઞાન થાય છે. શરીર યાદ આવ્યું માટે શરીરને લઈને જ્ઞાન થયું છે? શરીરને લઈને જ્ઞાન ન થાય એ શરીરને લઈને ધર્મ થાય? ભાઈએ તો કહ્યું છે, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં નહિ? શરીર આદ્ય ખલુ ધર્મ સાધનમ્. લખ્યું છે, આપણે પુરુષાર્થસિદ્ધિમાં છે. છે? શરૂઆતમાં છે. શાસ્ત્રમાં છે. તમે છપાવ્યા એમાં છે જુઓ! પુરુષાર્થસિદ્ધ... આ તો નિયમસાર છે. શરીર આદ્યં ખલુ ધર્મ સાધનમ્. અહીં કહે છે... પછી પૂછેને પ્રશ્ન ઈ. શરીર સારું હોય, ઠીક હોય તો મન પણ ઠીક રહે. મન ઠીક હોય તો ધર્મ કરવામાં અનુકૂળ પડે. એમ હશે? અજ્ઞાનીઓની માન્યતા ભ્રમ છે. આહા..હા..! આપણામાં ઈ શબ્દ લીધો જ નથી? પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગુજરાતીમાં નહિ લીધો હોય. આ લોકોએ લીધો છે. નવા અર્થ કર્યાને. ઓલામાં છે, હિન્દીમાં

છે. ચોખ્ખો પાઠ છે. શરીર આદ્યં ખલુ ધર્મ સાધનમ્. શરીર છે ઈ ધર્મનું સાધન તો નથી પણ તે કાળે સ્વપરપ્રકાશક જ્ઞાન થવામાં પણ એ કારણ નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? નિરપેક્ષ પોતાની પર્યાય પર વિના થાય છે. નથી? પુરુષાર્થસિદ્ધિ આપણે આમાં નથી? અહીં તમે રાખતાને? આ રહ્યું. ઓલામાં લખ્યું છે. આમાં નાખ્યું છે ઈ. ટોટરમલે નાખ્યું છે કે નહિ? એ ટોડરમલની ટીકા છેને. પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ટોડરમલની ટીકા છે. એમાં છે કે નહિ? લ્યો, એની ખબર નથી. પુરુષાર્થસિદ્ધિની ટીકા પહેલા ટોડરમલે કરી છે. છે ટોડરમલમાં આપણે. કહો, સમજાણું આમાં?

આ શરીર અને આત્મા વચ્ચે અત્યંતઅભાવ (છે). છતાં જ્ઞાન થવામાં એ નિમિત્ત છે એમ કહેવું એ પણ એક બીજી ચીજ છે એમ જણાવવા. બાકી એ નિમિત્ત છે માટે અહીં જ્ઞાન થાય છે પોતાનું એના સંબંધીનું એમ છે નહિ. એમ કાન. '**શ્રોત્ર,...**' શ્રોત્ર ઇન્દ્રિય પરમાણુની પર્યાય છે, આત્માથી ભિન્ન છે. જ્ઞાની ધર્મી એને જુદી જાણે છે. એનાથી સંભળાય અને તેથી લાભ થાય એમ નથી. સાંભળ્યા વિના લાભ થાતો હશે? એઈ..! શ્રોત્ર પરવસ્તુ છે આ. પરવસ્તુ નિમિત્ત થાય અને શ્રવણ થાય અને એનાથી જ્ઞાન થાય એમ નથી. સમજાણું કાંઈ? જેમાં ઇન્દ્રિય નિમિત્ત પડે જે જ્ઞાનમાં, શ્રવણમાં તે જ્ઞાન જ જ્ઞાન નહિ. એ ઉપયોગ જ અનુપયોગ છે. આહા..હા..! પરલક્ષી છે, બંધનું કારણ છે. બંધનું કારણ ન હોય તો તો પરલક્ષી જ્ઞાન તો અનંત વાર થયું છે. કંઈ પણ અંદર લાભ હોય તો શુદ્ધતા નિર્જરા થઈ જાય. ઝીણી વાતું છે ભારે આકરી. સમજાણું કાંઈ? એ શ્રોત્રથી સાંભળવું એ ચીજ નથી, કહે છે. આ તો શ્રોત્ર ઇન્દ્રિય છે એ સંબંધીનું અહીં જ્ઞાન થાય એ પણ એને લઈને નહિ. જ્ઞાનીને જ્ઞાન તો થાય. એ સમયનો સ્વને જાણવાનો પર્યાય છે અને તે વખતે તેને જાણવાનું જ્ઞાન સ્વપરપ્રકાશનું એકરૂપ પોતાનું છે ઈ જ્ઞાન થાય. પોતામાં થાય, પરમાં થાય અને પરને લઈને થાય એમ નથી.

એમ '**ચક્ષુ,...**' ભગવાનને દેખવા લ્યો. તીર્થંકર દેખાય, દેવ દેખાય, સમવસરણ દેખાય. પણ કહે છે કે ચક્ષુ જ તારી નથી, પછી દેખવું કોનું? આહા..હા..! ભગવાનને દેખે એમાં આંખ નિમિત્ત. એ જ્ઞાન જ સાચું નથી કહે છે. આહા..હા..! અંતર ભગવાન આત્માને આશ્રયે થતાં જે જ્ઞાન (થાય) એ જ્ઞાનમાં આ શું ચીજ છે, એ સંબંધીનું જ્ઞાન પોતામાં પોતાને કારણે થાય, પણ એને કારણે થાય એમ છે નહિ. એકાંત જ માનવું લાગે હોં લોકોને. શ્વેતાંબરમાં તો એ લ્યે છે, શું કીધું? ચેતનજી! નહિ? .. નહોતા કહેતા? આગમ અને મૂર્તિનો એક આધાર. જિનાગમ ભવ્યનકુ આધાર. એમ કહેતા ઈ. ... હતાને? ભવ્યનકુ આધાર આગમ અને મૂર્તિ. કહો! જિનબિંબ. અહીં કહે છે, આંખ પણ આધાર નથી. આહા..હા..! ભારે ઝીણું. આંખ જ આની નથી. ઈ આંખથી જાણે જ્ઞાન ઈ જ્ઞાન જ એનું નથી. આંખ જાણે

જ્ઞાન. આંખ સંબંધીનું જે જ્ઞાન સ્વને જાણતા થાય એ તો પોતાનું જ્ઞાન. સ્વની સાથે જ્ઞાન થયું એનું, એનું કહેવું વ્યવહારે છે, છે તો પોતાનું. ઈ પોતાનું જ્ઞાન છે. એ જ્ઞાનમાં તો નિર્જરા થાય. આવું ઝીણું કોણ કાંતે? ઝીણું કાંતવા જાય તો બેસે નહિ. ઉઠવા માંડે એમ કો'ક કહેતું હતું. એ તો બીજી.. એવી વાત કરવા માંડે, આપણે તત્ત્વની વાત કરતા હોય, સાંભળવા બેઠા હતા, એમાં આવ્યું હતું નહિ છાપામાં? પણ જ્યાં દાનની, દયાની, ફલાણી વાત કરવા માંડ્યા... આ ક્યાંનો પંડિત છે? આ તે કોણ છે? ઉઠો. એક એક કરીને ઉઠવા માંડ્યા. એમ આવ્યું હતું, છાપામાં ક્યાંક આવ્યું હતું. ઈ કો'કે લખ્યું છે, એમ કે અત્યારે આ તત્ત્વના સાંભળનારાઓને જિજ્ઞાસા તો છે. તત્ત્વની વાત સાંભળનારા ભેગા થાય છે. સોનગઢનું નામ પડે અને વિદ્વાન માણસ હોય તો માણસ ભેગા થાય. એમ કહેવાનો આશય હતો. પણ જ્યાં ઈ બીજી વાત કરવા માંડે (એટલે ઊભા થઈ જાય). આહા..હા..!

અહીં તો કહે છે કે ચક્ષુઇન્દ્રિય જ તારી નથી. જડ ઇન્દ્રિય નથી અને ભાવઇન્દ્રિય ખંડ ખંડ એ પણ તારી નથી. આહા..હા..! અનીન્દ્રિય ભગવાન એ ખંડ ઇન્દ્રિયનું જ્ઞાન કરે અને જડ ઇન્દ્રિયનું પણ એ જ્ઞાન કરે એ પોતાની શક્તિના સામર્થ્યથી કરે છે. '**ઘ્રાણ,...**' નાસિકા. ઈ જડ છે. એ સંબંધીનું જ્ઞાન એ પોતાનું પોતાથી થયું છે. એમ '**રસન,...**' જીભ. ખાટો, મીઠો સ્વાદ જાણે. ઈ જીભને જાણે છે જીવ. સમજાણું? '**અને સ્પર્શન...**' આ સ્પર્શ. ટાઢો, ઊનો, સુંવાળો,... એ સ્પર્શથી જુદી ચીજ છે. ભગવાન તો જુદો છે. સ્પર્શથી કામ લેતો નથી. સ્પર્શ એનામાં છે નહિ. એનામાં નથી એ એનાથી કામ કેમ લ્યે? '**એ શબ્દો મૂકી સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં (-કહેવાં) અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**' અસંખ્ય પ્રકાર આવે છે. જયેસનાચાર્યની ટીકામાં આવે છે. અસંખ્ય પ્રકારના વિભાવ પ્રકાર. જેટલા વિભાવના પ્રકાર અને એ વિભાવના નિમિત્તના જેટલા પ્રકાર, બધાનો નિષેધ કરવો. એ આત્મામાં છે નહિ. ભારે! એવો આત્મા અંદર જ્ઞાયકભાવે જાણે એને નિર્જરા થાય, ધર્મ થાય, જન્મ મરણ એને મટી જાય.

'**આ રીતે સમ્યગ્દૃષ્ટિ પોતાને જાણતો...**' લ્યો ઠીક. સ્વપરને જાણતો આમ આ રીતે જાણતો. '**રાગને છોડતો થકો...**' વિકલ્પને છોડતો થકો. ભાષા તો એમ જ આવેને. સ્વરૂપમાં એકાગ્ર થાય એટલે વિકલ્પ ઉત્પન્ન થતો નથી એને છોડતો થકો એમ કહેવામાં આવે છે. '**નિયમથી જ્ઞાન-વૈરાગ્યસંપન્ન હોય છે...**' ધર્મી તો સ્વના અસ્તિનું જ્ઞાન અને રાગથી વિરક્તતાનો વૈરાગ્ય. આહા..હા..! મોટું પાટીયું ભરશે એમાં. કળશ આવશેને કળશ.

## ગાથા-૨૦૦

एवं च सम्यग्दृष्टिः स्वं जानन् रागं मुञ्चंश्च नियमाज्ज्ञानवैराग्यसम्पतो भवति -

एवं सम्मद्दिट्ठी अप्पाणं मुणदि जाणगसहावं।
उदयं कम्मविवागं च मुयदि तच्चं वियाणंतो।।२००।।
एवं सम्यग्दृष्टिः आत्मानं जानाति ज्ञायकस्वभावम्।
उदयं कर्मविपाकं च मुञ्चति तत्त्वं विजानन्।।२००।।

एवं सम्यग्दृष्टिः सामान्येन विशेषेण च परस्वभावेभ्यो भावेभ्यो सर्वेभ्योऽपि विविच्य टङ्कोत्कीर्णैकज्ञायकभावस्वभावमात्मनस्तत्त्वं विजानाति। तथा तत्त्वं विजानंश्च स्वपरभावोपादानापोहननिष्पाद्यं स्वस्य वस्तुत्वं प्रथयन् कर्मोदयविपाकप्रभवान् भावान् सर्वानपि मुञ्चति। ततोऽयं नियमात् ज्ञानवैराग्यसम्पतो भवति।

---

આ રીતે સમ્યગ્દૃષ્ટિ પોતાને જાણતો અને રાગને છોડતો થકો નિયમથી જ્ઞાન-વૈરાગ્યસંપન્ન હોય છે-એમ હવેની ગાથામાં કહે છે :-

સુદૃષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,
ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો.૨૦૦.

ગાથાર્થ :- [एवं] આ રીતે [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિ [आत्मानं] આત્માને (પોતાને) [ज्ञायकस्वभावम्] જ્ઞાયકસ્વભાવ [जानाति] જાણે છે [च] અને [तत्त्वं] તત્ત્વને અર્થાત્ યથાર્થ સ્વરૂપને [विजानन्] જાણતો થકો [कर्मविपाकं] કર્મના વિપાકરૂપ [उदयं] ઉદયને [मुञ्चति] છોડે છે.

ટીકા :- આ રીતે સમ્યગ્દૃષ્ટિ સામાન્યપણે અને વિશેષપણે પરભાવસ્વરૂપ સર્વ ભાવોથી વિવેક (ભેદજ્ઞાન, ભિન્નતા) કરીને, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવું જે આત્માનું તત્ત્વ તેને (સારી રીતે) જાણે છે; અને એ રીતે તત્ત્વને જાણતો, સ્વભાવના ગ્રહણ અને પરભાવના ત્યાગથી નીપજવા યોગ્ય પોતાના વસ્તુત્વને વિસ્તારતો (-પ્રસિદ્ધ કરતો), કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા સમસ્ત ભાવોને છોડે છે. તેથી તે (સમ્યગ્દૃષ્ટિ) નિયમથી જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે (એમ સિદ્ધ થયું).

ભાવાર્થ :- જયારે પોતાને તો જ્ઞાયકભાવરૂપ સુખમય જાણે અને કર્મના ઉદયથી થયેલા ભાવોને આકુળતારૂપ દુઃખમય જાણે ત્યારે જ્ઞાનરૂપ રહેવું અને પરભાવોથી વિરાગતા- એ બન્ને અવશ્ય હોય જ છે. આ વાત પ્રગટ અનુભવગોચર છે. એ (જ્ઞાનવૈરાગ્ય) જ સમ્યગ્દૃષ્ટિનું ચિહ્ન છે.

## ગાથા-૨૦૦ ઉપર પ્રવચન

एवं सम्मद्दिट्ठी अप्पाणं मुणदि जाणगसहावं।
उदयं कम्मविवागं च मुयदि तच्चं वियाणंतो।।२००।।
સુદૃષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,
ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦.

'**ટીકા :— આ રીતે સમ્યગ્દૃષ્ટિ...**' વસ્તુ પરિપૂર્ણ શુદ્ધ અને આનંદ છે એવી જેની અંતર દૃષ્ટિ થઈ છે એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. સાચી દૃષ્ટિ, પ્રશસ્ત દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ. ત્રિકાળ જ્ઞાયકભાવ પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ એવી સ્વસન્મુખ થઈને પ્રતીતિ થઈ એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. એ '**સામાન્યપણે અને વિશેષપણે...**' સામાન્ય કહ્યુંને? જેટલો કર્મનો ઉદય રાગ અને બાહ્ય બધું. વિશેષપણે ભિન્ન ભિન્ન બતાવ્યું. '**પરભાવસ્વરૂપ સર્વ ભાવોથી વિવેક...**' ઠીક! શુભરાગના વિકલ્પથી માંડીને જગતના બધા પદાર્થો આદિ બાહ્યના '**એવા પરભાવસ્વરૂપ સર્વ ભાવોથી વિવેક '(ભેદજ્ઞાન, ભિન્નતા) કરીને, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવું...**' આત્મતત્ત્વ. એ આત્મતત્ત્વ વસ્તુ એવી છે કે એક જ્ઞાયકસ્વભાવ ટંકોત્કીર્ણ જેનો સ્વભાવ છે '**એવું જે આત્માનું તત્ત્વ...**' લ્યો. આહા..હા..! એકરૂપ રહેવાવાળું '**એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ એવું જે આત્માનું તત્ત્વ તેને (સારી રીતે) જાણે છે;...**' ધર્મી એને સારી રીતે જાણે છે. તેને જાણે છે એનો અર્થ સારી રીતે જાણે છે. મૂળ તો પાઠ તેને જાણે છે.

'**અને એ રીતે તત્ત્વને જાણતો,...**' આનંદ અને જ્ઞાયકસ્વભાવને હું છું એમ જાણતો અને રાગાદિ ભાવને પરભાવને લક્ષમાંથી છોડતો. લક્ષ છોડતો એમ. ઈ પરને છોડતો એમ કહેવામાં આવે છે. '**સ્વભાવના ગ્રહણ અને પરભાવના ત્યાગથી...**' લ્યો. જ્ઞાન અને વૈરાગ્ય. ધર્મીને તો પૂર્ણ તત્ત્વ આત્મતત્ત્વનું ગ્રહણ છે, ગ્રહવું એટલે કે એનો અનુભવ છે. આહા..હા..! અને પરભાવનો ત્યાગ (અર્થાત્) રાગનો ત્યાગ, અભાવ. એનાથી '**નીપજવાયોગ્ય**

**પોતાના વસ્તુત્વને વિસ્તારતો...'** જુઓ ભાષા જુઓ! પોતાના ત્રિકાળી જ્ઞાયકભાવને ગ્રહણ—અનુભવતો અને રાગથી વિરક્ત રહેતો એના ઊપજતો '**પોતાના વસ્તુત્વને વિસ્તારતો...**' પોતાની વસ્તુ જે આનંદ અને જ્ઞાન એની પર્યાયને વિસ્તારતો. આ વિસ્તાર એનો. શુદ્ધ આનંદ અને જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ પ્રભુ એને આત્મા ગ્રહણ કરતો, રાગાદિને છોડતો (અને) એનાથી ઊપજતો સ્વભાવભાવનો વિસ્તાર, વિશાળતા, જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિની વ્યક્તતા એનો વિસ્તારતો. એટલે '**(પ્રસિદ્ધ કરતો)...**' એટલે નિર્મળ આનંદ આદિ પર્યાયને પ્રગટ કરતો.

'**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા સમસ્ત ભાવોને છોડે છે.**' સ્વરૂપનું ગ્રહણ પરભાવના ત્યાગથી નીપજવાયોગ્ય વસ્તુત્વ. એમ. વસ્તુત્વ. વસ્તુ જે અનંત આનંદ અને જ્ઞાનસ્વરૂપ વસ્તુ એનું વસ્તુપણું વિસ્તારતો. નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિને પ્રગટ કરતો. આરે..! એક હમણાં છાપામાં ભાઈ આવ્યું હતું. દુકાળ છેને? બહુ મુશ્કેલી. એક માણસને ૯૬ આદમી. ૯૬ વસ્તી એની, કુટુંબ આખું. એક જ આદમીના ૯૬. હવે એને માલ તોળીને દેવો, આટલો દેવો કે કેટલો દેવો? એક આદમીના ૯૬ કુટુંબીઓ. દીકરા ને દીકરીઓ ને એના દીકરા, દીકરી (એમ કરીને) ૯૬ જણા. એ વિસ્તાર હશે કે નહિ એનો આત્માનો? અહીં તો પુણ્ય પાપનો વિસ્તાર એ આત્માનો વિસ્તાર નહિ. આહા..! શુદ્ધ ચૈતન્યઘન ભગવાન આનંદનું ધામ જ્યોતિ ચૈતન્ય સુખધામ, એની પર્યાયમાં એનો વિસ્તાર કરતો, શુદ્ધતાને પ્રગટ કરતો, પવિત્રતાની પર્યાયને ઉત્પન્ન કરતો અને '**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા...**' ભાવોને છોડતો. આને ઉત્પન્ન કરતો, આને વ્યય કરતો. સમજાણું કાંઈ? કરતો, ભાષા સમજાવવી છે તો શી રીતે સમજાવે? વ્યય કરું એમ છે ન્યાં? વ્યય થઈ જાય છે. ઉદય થતો નથી તો વ્યય થઈ જાય છે. આહા..! પહેલું તો ચીજ કેવી છે એને જાણવા માટે સૂક્ષ્મતા જોઈએ. પોતે સૂક્ષ્મ ચીજ છે. અને એને પકડવા માટે તો અતિ તીક્ષ્ણ સૂક્ષ્મતા જોઈએ. આવ્યું હતુંને ઈ? નહોતું આવ્યું તીક્ષ્ણ? શેમાં? નિયમસાર. તીક્ષ્ણ બુદ્ધિ. આહા..હા..!

'**તેથી તે (સમ્યગ્દષ્ટિ) નિયમથી જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે (એમ સિદ્ધ થયું).**' ધર્મી તો પોતાનું પૂર્ણ સ્વરૂપ તેનું જ્ઞાન એટલે અનુભવ અને રાગથી વિરક્ત એવો જે વૈરાગ્ય (તેનાથી સંપન્ન છે). આહા..હા..! રાગથી જેણે પૂંઠ આપી છે અને સ્વભાવના અસ્તિત્વના પૂર્ણને સન્મુખ કર્યો છે. પર્યાયને ત્રિકાળી સ્વભાવ સન્મુખ કરી છે, રાગથી પૂંઠ આપી છે. આહા..હા..! બદલી નાખી કરવટ, પડખું ફેરવી નાખ્યું. આવો ધર્મ ઈ કરતાં વ્રત કરે ને અપવાસ કરે, લ્યો. દસલક્ષણી પર્વના દસ અપવાસ. સહેલુંસટ. શરીર ઠીક હોય તો થઈ શકે. પૈસાવાળા દાન દઈ શકે, બુદ્ધિવાળા વાતું કરી શકે. એક છે ને વેદાંત છે ને ... સંસાર નથી ને ભ્રમ છે,... શરીરના બળવાળા અપવાસ કરે, પૈસાના બળવાળા દાન કરે, મનના

બળવાળા વાતું કરે. સમજાણું કાંઈ? આત્માના બળવાળા પોતાની શુદ્ધની પ્રસિદ્ધિ કરે. આહા..હા..! જુઓને! આવ્યું છે કે નહિ?

પોતાના... ઓહો..હો..! વસ્તુ સ્વભાવ પૂર્ણ શાંતિ, પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન એને જેણે દૃષ્ટિમાં લીધો છે એને તો શુદ્ધતાની જ ઉત્પત્તિ થાય છે અને કર્મના નિમિત્તે થતાં વિકારાદિ છૂટી જાય છે, ટકતા નથી. ટકે છે જ્ઞાનની ઉત્પત્તિ, શાંતિ. સમજાણું કાંઈ? એથી તે ધર્મીજીવ ભલે તિર્યંચ હો, અરે..! નારકી હો, પણ આ વસ્તુની દૃષ્ટિને ગ્રહણ કરતો, વસ્તુને ગ્રહણ કરતો, પરભાવને છોડતો જ્ઞાનવૈરાગ્યસંપન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? શીલપાહુડમાં લીધું છેને ભાઈ? નારકીમાં શીલ છે. નારકીમાં પણ શીલ છે. તીર્થંકર જીવ થવાનો અને સમકિતી છેને ત્યાં? શ્રેણિકરાજાનો જીવ પહેલી નરકમાં છે એને શીલ છે. સ્વભાવની એકતા છે અને રાગની એકતા તૂટી ગઈ છે. એવો શીલસ્વભાવ તો સમકિતીને નારકીમાં છે. આહા..હા..! વાહ!

મુમુક્ષુ :— શ્રદ્ધાનું શીલ છે...

ઉત્તર :— હા, છેને, બધાનું શીલ છે. શીલ કહ્યું ન્યાં, શીલપાહુડ. અષ્ટપાહુડ છેને. ક્યારે અષ્ટપાહુડ આવશે? આ નિયમસાર પછી. હવે પૂરું થવાની તૈયારી. થોડું રહ્યું છે. પછી નિયમસાર, પછી અષ્ટપાહુડ. આહા..હા..!

કહે છે કે '**નિયમથી જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે...**' નિશ્ચયથી એ વસ્તુ હોય છે એમ કહે છે. જેની દશા, દિશા ફેરવતા દશા ફરી ગઈ છે જેની. પરની દિશા ઉપર રાગ અને નિમિત્તમાં હતો ત્યારે એની દશા મિથ્યાત્વ હતી. દશા ફેરવવામાં દિશા ફરી ગઈ. વસ્તુની દૃષ્ટિ ઉપર જેની દૃષ્ટિ છે, દિશા ફરી ગઈ, એની દશા ભિન્ન થઈ ગઈ. આહા..હા..! '**નિયમથી જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે...**' પરથી વિમુખ અને સ્વથી સન્મુખ—આ જ્ઞાન અને વૈરાગ્ય. ભગવાન પૂર્ણાનંદની સન્મુખ, રાગથી વિમુખ. એવી જ્ઞાનવૈરાગ્યશક્તિ ધર્મીને હોય છે. આહા..હા..! એને વળી રૌદ્રધ્યાન થાય, આર્તધ્યાન થાય તોય? એનાથી વિમુખ છે. '**જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે (એમ સિદ્ધ થયું).**'

'**ભાવાર્થ :— જ્યારે પોતાને તો જ્ઞાયકભાવરૂપ સુખમય જાણે...**' જુઓ! ભાષા બે. જ્ઞાન અને આનંદ, બસ. હું તો જ્ઞાનમય અને આનંદમય છું. '**જ્ઞાયકભાવરૂપ સુખમય જાણે...**' પોતે આત્મા આવો છે. આહા..હા..! ભાવાર્થ છેને ભાવાર્થ. પહેલી લીટી. '**જ્યારે પોતાને તો જ્ઞાયકભાવરૂપ સુખમય...**' મારું સુખનું ધામ તો હું છું. મારે સુખ ક્યાંય બીજે નથી. આહા..હા..! ધર્મીજીવને વિષયોમાં, રાગમાં, પુણ્યમાં, પાપમાં, એના ફળમાં ક્યાંય સુખ ભાસતું નથી. અને ક્યાંય સુખ ભાસે તો એ મિથ્યાદૃષ્ટિ થઈ ગયો. કહો, સમજાણું કાંઈ? 'પહેલું સુખ તે જાતે નર્યા' નથી આવતું? 'બીજું સુખ ઘરે ચાર દીકરા' ચાર નહિ

છ દીકરા છે, બાર દીકરા છે. આ બાર ભાઈ. વીંછીયામાં બાર ભાઈ હતા. બાર ભાઈઓ. આપણે વીંછીયામાં બાર ભાઈ હતા. બાર ભાઈઓ. આ ... બાર ભાઈઓ છે. ભાઈઓ કોના?

મુમુક્ષુ :— આપે યાદ કર્યા અને આપે ના પાડી.

ઉત્તર :— આહા..હા..! એને લઈને કાંઈ સુખ ખરું કે નહિ? નહિ? ઓલા રામચંદ્રજી જ્યારે લક્ષ્મણને થયુંને? લક્ષ્મણને બાણ વાગ્યું હતુંને? વિદ્યા. રાવણે વિદ્યા મારી હતીને? શક્તિ. મૂર્છિત થઈ ગયા મૂર્છિત. રામચંદ્રજી કહે છે ત્યાં, આવું બોલતા ત્યાં પાલેજમાં, (સંવત) ૧૯૬૪-૬૫-૬૬. ૬૪-૬૫-૬૬ની સાલ. પજોસણ આવે, અપવાસ કરીએ, ચોવિહારા કરીએ હોં! આખો દિવસ દુકાને બેસીએ. ધંધો (હતો), સાંજે પડિકમણા. પછી આ કહીએ એમાં, રામચંદ્રજી કહે છે, 'ભાઈ મરે ભવ હારીએ અને બેની મરે દિશ જાય. નાનપણામાં જેની મા મરે એને ચારે દિશુના વા વાય લક્ષ્મણ બોલને એકવાર, બંધવ બોલને એકવાર.' લક્ષ્મણ બંધવ બોલને એકવાર. એકવાર તો બોલ ભાઈ. મૂર્છા આવી ગઈ છે. શું કહેવાય? પંડાલ. પંડાલ નહિ, શું કહેવાય? તંબુ તંબુ. બળદેવ અને વાસુદેવ. મોટા તંબુ છે એમાં વળી વિદ્યા વાગી હતી તો પડ્યો હતો આમ. શક્તિ વાગી. રામચંદ્રજી એ ભવે મોક્ષ જનારા કેવળજ્ઞાન પામવાના, આમ કહે છે, ભાઈ! 'ભાઈ મરે ભવ હારીએ' સાચી વાત હશે? આ રાગના... લોકોએ પછી જોડી નાખ્યું. 'બેની મરે દિશ જાય' બેની, જ્યાં સગપણ કર્યું હોય ને જ્યાં લગન કર્યા હોયને, ઈ મરી ગયો હોય અને ભાણેજ હોય નહિ, એ દિશાએ જ જવાનું બંધ થઈ જાય. ત્યાં જવાનું કાંઈ રહે નહિ. ભાણીયા-બાણીયા કાંઈ હોય નહિ. 'બેન મરે દિશ જાય અને નાનપણામાં જેની માં મરે, એને ચારે દિશાઓના વા વાય.' અરે..રે..! કોને કહીએ? એ બધી ગપ હશેને? એ વખતે એવું સાંજે બોલતા. વૈરાગ્ય... રામચંદ્રજી જેવા પુરુષને પણ આવા યોગમાં આવા ...

અહીં તો કહે છે કે આનંદસ્વરૂપ ભગવાન એનો આનંદ ક્યાંય ધર્મીને ભાસતો નથી. એ પુણ્યના ફળમાં તો નહિ પણ પુણ્યનો ભાવ નવો કરે એમાં સુખ ભાસતું નથી, ઝેર અને દુઃખ ભાસે છે. આહા..હા..! ધર્મીજીવને તો શુભભાવમાં દુઃખ ભાસે છે. એ ભક્તિ ને દયા ને દાનનો ભાવ એ દુઃખ છે, રાગ છે. ભઠ્ઠી? એમાં આખા વાંધા ઉઠ્યાને શેઠિયાને. ભઠ્ઠી. રાગ અગ્નિ છેને. 'રાગ આગ દહે સદા' એ તો છપાયું છે છ ઢાળામાં. છ ઢાળામાં આવે છેને? 'રાગ આગ દહે સદા'. છ ઢાળામાં છે. ક્યાં તમને એની ખબર હતી? ગોખી ગયા હતા, બસ. આ તો પાઠશાળામાં ચાલેને જૈનશાળામાં આવે. રાગ ક્યો? શુભ અશુભ બેય. રાગ આગ છે, ઈ આગ છે, અગ્નિ છે. દહે સદા—શાંતિને બાળે છે. આહા..હા..! સુખ નથી એમાં. આહા..હા..! પુણ્યભાવમાં સુખ નથી તો પછી પૈસામાં ને ધૂળમાં ને બાયડી,

છોકરા ને મોટા હજીરા ચાલીસ ચાલીસ લાખના, ચાલીસ લાખનો બંગલો છેને એને. ગોવા. શાંતિલાલ ખુશાલ. ચાલીસ લાખનો હજીરો. ... એ સુખી હશે કે નહિ? પણ તમારે ક્યાં છોકરો હતો તો... ભાઈની છોડીને લેવી પડી પછી. છોકરાઓ હોય એ તો સુખી હશે કે નહિ? આહા..હા..! ધર્મીને ક્યાંય આત્માના આનંદ સિવાય ક્યાંય સુખ ભાસતું નથી. એનું નામ ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથિયું એને કહેવામાં આવે છે. આહા..હા..! આ વીતરાગમાર્ગ આવો છે. તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા અરિહંત પરમેશ્વરની આ આજ્ઞા છે. કહો, ગીરધરભાઈ! આમ કહે, વીતરાગ.. માને પાછું ઊંધુ.

કહે છે કે જ્યારે પોતાને જ્ઞાયકરૂપ અને સુખમય જાણે. એક વાત અસ્તિથી કરી. '**કર્મના ઉદયથી થયેલા ભાવોને આકુળતારૂપ દુઃખમય જાણે...**' લ્યો. આહા..હા..! કર્મના ઉદયથી થયેલા ભાવમાં શુભ અશુભ ભાવ બેય આવ્યા કે નહિ? '**આકુળતારૂપ દુઃખમય જાણે...**' આકુળતારૂપ દુઃખમય જાણે. આહા..હા..! '**ત્યારે જ્ઞાનરૂપ રહેવું...**' ત્યારે જ્ઞાનમાં શાંતિરૂપે રહેવું '**અને પરભાવોથી વિરાગતા—એ બન્ને અવશ્ય હોય જ છે.**' જરૂર હોય છે. '**આ વાત પ્રગટ અનુભવગોચર છે.**' આ વાત તો પ્રગટ અનુભવગમ્ય છે. જ્યારે આત્મા આનંદ અને જ્ઞાનમય છે એમ જણાણું ત્યારે તો રાગથી વિરક્તતા થઈ. એથી એને જ્ઞાનરૂપે રહેવું અને રાગથી ખસી જવું એ બન્ને જરૂર હોય છે. '**આ વાત પ્રગટ અનુભવગોચર છે. એ (જ્ઞાનવૈરાગ્ય) જ સમ્યગ્દૃષ્ટિનું ચિહ્ન છે.**' આહા..હા..! આ એનું લક્ષણ છે કહે છે. એનો વિસ્તાર કરશે કળશમાં...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૩૭

(मन्दक्रान्ता)

सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बन्धो न मे स्या-
दित्युत्तानोत्पुलकवदना रागिणोऽप्याचरन्तु।
आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा
आत्मानात्मावगमविरहात्सन्ति सम्यक्त्वरिक्ताः।।१३७।।

'જે જીવ પરદ્રવ્યમાં આસક્ત-રાગી છે અને સમ્યગ્દ્રષ્ટિપણાનું અભિમાન કરે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે જ નહિ, વૃથા અભિમાન કરે છે' એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :-

શ્લોકાર્થ :- '[अयम् अहं स्वयम् सम्यग्दृष्टिः, मे जातुः बन्धः न स्यात्] આ હું પોતે સમ્યગ્દ્રષ્ટિ છું, મને કદી બંધ થતો નથી (કારણ કે શાસ્ત્રમાં સમ્યગ્દ્રષ્ટિને બંધ કહ્યો નથી)' [इति] એમ માનીને [उत्तान-उत्पुलक-वदनाः] જેમનું મુખ ગર્વથી ઊંચું તથા પુલકિત (રોમાંચિત) થયું છે એવા [रागिणः] રાગી જીવો (-પરદ્રવ્ય પ્રત્યે રાગદ્વેષમોહભાવવાળા જીવો-) [अपि] ભલે [आचरन्तु] મહાવ્રતાદિનું આચરણ કરો તથા [समितिपरतां आलम्बन्तां] *સમિતિની ઉત્કૃષ્ટતાનું આલંબન કરો [अद्य अपि] તોપણ હજુ [ते पापाः] તેઓ પાપી (મિથ્યાદ્દષ્ટિ) જ છે, [यतः] કારણ કે [आत्म-अनात्म-अवगम-विरहात्] આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત હોવાથી [सम्यक्त्वः-रिक्ताः सन्ति] તેઓ સમ્યક્ત્વથી રહિત છે.

ભાવાર્થ :- પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં જે જીવ 'હું સમ્યગ્દ્રષ્ટિ છું, મને બંધ થતો નથી' એમ માને છે તેને સમ્યક્ત્વ કેવું ? તે વ્રત-સમિતિ પાળે તોપણ સ્વપરનું જ્ઞાન નહિ હોવાથી તે પાપી જ છે. પોતાને બંધ નથી થતો એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તે તે વળી સમ્યગ્દ્રષ્ટિ કેવો ? કારણ કે જ્યાં સુધી રાગ રહે ત્યાં સુધી સમ્યગ્દ્રષ્ટિ તો પોતાની નિંદા-ગર્હા કરતો જ રહે છે. જ્ઞાન થવામાત્રથી બંધથી છુટાતું નથી, જ્ઞાન થયા પછી તેમાં જ લીનતારૂપ-શુદ્ધોપયોગરૂપ-ચારિત્રથી બંધ કપાય છે. માટે રાગ હોવા છતાં, 'બંધ થતો નથી' એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તનાર જીવ મિથ્યાદ્દષ્ટિ જ છે.

અહીં કોઈ પૂછે કે 'વ્રત-સમિતિ તો શુભ કાર્ય છે, તો પછી વ્રત-સમિતિ પાળતાં છતાં તે જીવને પાપી કેમ કહ્યો ?' તેનું સમાધાન :- સિદ્ધાંતમાં પાપ મિથ્યાત્વને જ કહ્યું છે; જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે. વળી વ્યવહારનયની પ્રધાનતામાં, વ્યવહારી જીવોને અશુભ છોડાવી શુભમાં લગાડવા શુભ ક્રિયાને કથંચિત્ પુણ્ય પણ કહેવાય છે. આમ કહેવાથી સ્યાદ્વાદમતમાં કાંઈ વિરોધ નથી.

વળી કોઈ પૂછે છે કે - 'પરદ્રવ્યમાં રાગ રહે ત્યાં સુધી જીવને મિથ્યાદ્દષ્ટિ કહ્યો તે વાતમાં અમે સમજ્યા નહિ. અવિરતસમ્યગ્દ્રષ્ટિ વગેરેને ચારિત્રમોહના ઉદયથી રાગાદિભાવ તો હોય છે, તેમને સમ્યક્ત્વ કેમ છે ?' તેનું સમાધાન :- અહીં મિથ્યાત્વ સહિત અનંતાનુબંધી રાગ પ્રધાનપણે કહ્યો છે. જેને એવો રાગ હોય છે અર્થાત્ જેને પરદ્રવ્યમાં તથા પરદ્રવ્યથી થતા ભાવોમાં આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિ-અપ્રીતિ થાય છે, તેને સ્વપરનું જ્ઞાનશ્રદ્ધાન નથી-ભેદજ્ઞાન નથી એમ સમજવું. જીવ મુનિપદ લઈ વ્રત-સમિતિ પાળે તોપણ જ્યાં સુધી (વ્રત-સમિતિ પાળતાં) પર જીવોની રક્ષા, શરીર સંબંધી જતનાથી

પ્રવર્તવું ઈત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના શુભ ભાવોથી પોતાનો મોક્ષ માને છે અને પર જીવોનો ઘાત થવો, અયત્નાચારરૂપે પ્રવર્તવું ઈત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના અશુભ ભાવોથી જ પોતાને બંધ થતો માને છે ત્યાં સુધી તેને સ્વપરનું જ્ઞાન થયું નથી એમ જાણવું; કારણ કે બંધ-મોક્ષ તો પોતાના અશુદ્ધ તથા શુદ્ધ ભાવોથી જ થતા હતા, શુભાશુભ ભાવો તો બંધનાં જ કારણ હતા અને પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર જ હતું, તેમાં તેણે વિપર્યયરૂપ માન્યું. આ રીતે જ્યાં સુધી જીવ પરદ્રવ્યથી જ ભલુંબૂરું માની રાગદ્વેષ કરે છે ત્યાં સુધી તે સમ્યગ્દષ્ટિ નથી. સમ્યગ્દષ્ટિ જીવ તો જ્યાં સુધી પોતાને ચારિત્રમોહસંબંધી રાગાદિક રહે છે ત્યાં સુધી તે રાગાદિક વિષે તથા રાગાદિકની પ્રેરણાથી જે પરદ્રવ્યસંબંધી શુભાશુભ ક્રિયામાં તે પ્રવર્તે છે તે પ્રવૃત્તિઓ વિષે એમ માને છે કે - આ કર્મનું જોર છે; તેનાથી નિવૃત્ત થયે જ મારું ભલું છે. તે તેમને રોગવત્ જાણે છે. પીડા સહી શકાતી નથી તેથી તેમનો ઈલાજ કરવારૂપે પ્રવર્તે છે તોપણ તેને તેમના પ્રત્યે રાગ કહી શકાતો નથી; કારણ કે જેને રોગ માને તેના પ્રત્યે રાગ કેવો ? તે તેને મટાડવાનો જ ઉપાય કરે છે અને તે મટવું પણ પોતાના જ જ્ઞાનપરિણામરૂપ પરિણમનથી માને છે. આ રીતે સમ્યગ્દષ્ટિને રાગ નથી. આ પ્રમાણે પરમાર્થ અધ્યાત્મદ્રષ્ટિથી અહીં વ્યાખ્યાન જાણવું. અહીં મિથ્યાત્વ સહિત રાગને જ રાગ કહ્યો છે, મિથ્યાત્વ વિના ચારિત્રમોહસંબંધી ઉદયના પરિણામને રાગ કહ્યો નથી; માટે સમ્યગ્દષ્ટિને જ્ઞાનવૈરાગ્યશક્તિ અવશ્ય હોય જ છે. મિથ્યાત્વ સહિત રાગ સમ્યગ્દષ્ટિને હોતો નથી અને મિથ્યાત્વ સહિત રાગ હોય તે સમ્યગ્દષ્ટિ હોતો નથી અને મિથ્યાત્વ સહિત રાગ હોય તે સમ્યગ્દષ્ટિ નથી. આવા (મિથ્યાદષ્ટિના અને સમ્યગ્દષ્ટિના ભાવોના) તફાવતને સમ્યગ્દષ્ટિ જ જાણે છે. મિથ્યાદષ્ટિનો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રથમ તો પ્રવેશ નથી અને જો પ્રવેશ કરે તો વિપરીત સમજે છે-વ્યવહારને સર્વથા છોડી ભ્રષ્ટ થાય છે અથવા તો નિશ્ચયને સારી રીતે જાણ્યા વિના વ્યવહારથી જ મોક્ષ માને છે, પરમાર્થ તત્ત્વમાં મૂઢ રહે છે. જો કોઈ વિરલ જીવ યથાર્થ સ્યાદ્વાદન્યાયથી સત્યાર્થ સમજી જાય તો તેને અવશ્ય સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય જ છે - તે અવશ્ય સમ્યગ્દષ્ટિ બની જાય છે.૧૩૭.

## ફાગણ સુદ-૭, રવિવાર, તા. ૧૧-૦૩-૧૯૭૩
## શ્લોક-૧૩૭, પ્રવચન-૩૪૦

૨૦૦ ગાથાનો કળશ છે. નિર્જરા અધિકાર. 'જે જીવ...' એનું મથાળું છે. '**પરદ્રવ્યમાં આસક્ત—રાગી છે...**' એટલે કે જેને રાગનો અંશ છે તેમાં જેની રુચિ છે. રાગ હોય એ જુદી વાત છે. રાગમાં જેની રુચિ છે અથવા રાગનો જેને રાગ છે એ જીવ પરદ્રવ્યમાં આસક્ત—રાગી છે. કારણ કે રાગ એ પણ ખરેખર પરદ્રવ્ય છે. એમાં વસ્તુનો સ્વભાવ નથી. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હો કે અશુભ હો, એ રાગનો જેને રાગ છે અને રાગમાં જેને એકતા છે એ રાગી પ્રાણી છે, એ ધર્મી નથી. '**અને સમ્યગ્દષ્ટિપણાનું અભિમાન કરે છે તે સમ્યગ્દષ્ટિ છે જ નહિ,...**' આહા..હા..! વીતરાગ માર્ગમાં રાગનો કણ શુભરાગ એનો પણ જેને અંતર પ્રેમ છે એ મિથ્યાદષ્ટિ રાગનો રાગી તે રાગી જ છે. આહા..હા..! ભારે આકરું કામ જગતને. પોપટભાઈ! સમજાણું? '**વૃથા અભિમાન કરે છે...**' જેને જ્ઞાયક ચિદાનંદ આત્મા આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એનો જેને પ્રેમ હોય એને એનાથી વિરુદ્ધ રાગનો કણ પણ એનો પ્રેમ એને હોય નહિ. આહા..હા..! રાગની આસક્તિરૂપ રાગ હો, પણ રાગની રુચિરૂપ રાગ નથી એને. સમજાણું કાંઈ? જો એ રાગના કણને પણ ભલો જાણે, એ તો આકુળતા છે, રાગ ચાહે તો શુભ અશુભ બેય આકુળતા છે.

'રાગ આગ દહે સદા' છ ઢાળામાં આવે છેને? પાટણીજી! છ ઢાળામાં. આહા..! 'રાગ આગ દહે સદા' એ રાગ છે એ અગ્નિ છે એનો જેને પ્રેમ છે, જેની રુચિ છે, જેનામાં ધ્યેય છે અને રાગની જેને એકતા છે એ સમ્યગ્દષ્ટિ છું એનું વૃથા અભિમાન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—**' બહુ કળશ સરસ છે.

सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बन्धो न मे स्या-
दित्युत्तानोत्पुलकवदना रागिणोऽप्याचरन्तु।
आबम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा
आत्मानात्मावगमविरहात्सन्ति सम्यक्त्वरिक्ताः।।१३७।।

'**શ્લોકાર્થ :— આ હું પોતે સમ્યગ્દષ્ટિ છું, મને કદી બંધ થતો નથી** (કારણ કે **શાસ્ત્રમાં સમ્યગ્દષ્ટિને બંધ કહ્યો નથી**)...' શાસ્ત્રમાં કહ્યો નથી. ભાવમાં રાગ મારો નથી એવો ભાવ પ્રગટ્યો નથી. એ રાગનો કણ હું નહિ, હું તો આનંદનો ધામ સુખસ્વરૂપ આતમરામ એવો ભાવ તો પ્રગટ્યો નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે સમ્યગ્દષ્ટિને બંધ નથી. પણ

કોને? સમજાણું કાંઈ? જેને રાગના કણની પણ રુચિ અને પ્રેમ નથી, જેને ઝેર દેખાય છે. આહા..હા..! અશુભરાગ તો આગ છે જ પણ શુભરાગ પણ આગ ને ઝેર ને આકુળતા દુઃખ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવું જેને ભાસ્યું છે એને તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ ભાસ્યો છે. સમજાણું કાંઈ? હું એક આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું, એવી દૃષ્ટિ થઈને જેને સમ્યગ્દર્શનમાં આનંદનો સ્વાદ આવ્યો છે એને તો રાગ દુઃખદાયક અને આગ દેખાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અજ્ઞાની રાગને દુઃખરૂપ ન જાણતાં રાગમાં સુખબુદ્ધિ છે અને માને છે કે હું સમ્યગ્દૃષ્ટિ છું. ઝીણું છે આ, રજનીભાઈ! ન્યાં પૈસા-બૈસામાં ગોટા વાળે ને મળે (એમ નથી), એ તો પૂર્વના પુણ્યને લઈને. ન્યાં કાંઈ ડહાપણ કામ આવતું નથી. એમ હશે? ડાહ્યા થાય એને મળે એમ હશે ત્યાં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળેય કરવું પડે નહિ. ડહાપણની પર્યાયની મર્યાદા એની સીમામાં. એ ડહાપણની બહાર જાય કે બીજાને લાવે અને મૂકે? શું કીધું ઈ? ડહાપણમાં સમજણની જે પર્યાય--અવસ્થા છે એ તો એની સીમામાં, સત્તાની સીમામાં છે. એ પર્યાય કંઈ બહાર જઈને કોઈને લાવે, દે એવું કાંઈ છે નહિ.

મુમુક્ષુ :— નિમિત્ત તો થાય.

ઉત્તર :— એનો અર્થ શું? થવા કાળે થાય ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે. ત્યારે નિમિત્ત કહેવાય. હું કરું અને મારાથી મળે, ત્યાં નિમિત્ત ક્યાં થયું? એ તો એનું ઉપાદાન થઈ ગયું પરનું. આહા..હા..! એવી વાત છે. વીતરાગમાર્ગ. આ ગાથાનું પાટિયું તો મોટું ભર્યું છે. રાગરૂપી આચરણ છે ખરુંને. ભલે સાધુ થાઓ, દિગંબર મુનિ હો, દ્રવ્યલિંગી હો, પંચ મહાવ્રત પાળતો હો, સમિતિ જોઈને ચાલવું, જોઈને બોલવું, નિર્દોષ આહાર-પાણી (લેવા), એને માટે કરેલા ચોકાથી લે નહિ, એવી એની ક્રિયા છે પણ એને એ રાગની રુચિ અને રાગમાં ધ્યેય અને બુદ્ધિ છે. આહા..હા..! તો કહે છે કે એ રાગના રુચિવાળા જીવ એવું આચરણ કરે છતાં એ પાપી છે. ધીરૂભાઈ! એવું ઝીણું છે આ. સમજવું પડશે હિત કરવું હોય તો. આ મનુષ્યદેહ ચાલ્યો જાય છે. આહા..હા..! સમયે સમયે જીવન ઓછા થઈ જાય છે. એના પહેલા પૂરું ન થાય ત્યાં એણે કામ કરી લેવાનું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જરી સંકડાશથી બેસજો. આ બાજુ પહોળા પહોળા છેને. પાછળ માણસ, ઓલો છોકરાઓ પાછળ (છે). થોડા ઓરા ઓરા આવો.

(રાગમાં) મજા પડે તે મૂઢ છે. આહા..હા..! ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ હો, ચાહે તો પંચ મહાવ્રતના વિકલ્પનો રાગ હો, પાંચ લાખ, દસ લાખ દેવાના દાનમાં મંદ

રાગ થયો હોય, એ રાગનો રાગ જેને હોય એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. પાપી છે એમ કહે છે. પાપનો પાઠ આવી ગયોને. આહા..હા..! 'यतोऽद्यापि पापा' અત્યાર સુધી જ્યાં સુધી રાગનો કણ જે શુભ કે અશુભ એના પ્રેમમાં પડ્યો છે એનું ધ્યેય કર્યું છે કે આ કરીએ છીએ એમાંથી આપણને કલ્યાણ થશે. તો કહે છે કે મિથ્યાદૃષ્ટિ પાપી છે. આહા..હા..! આવું છે.

કાલે કોઈ કહેતું હતું, ઓલા ક્ષુલ્લક આવ્યા હતાને? ક્ષુલ્લક આવ્યા હતાને? પાલીતાણા જતા. કોઈ આવ્યા હતા ખરા. જોયું હતું અંદર, જોઈને વયા ગયા. એને આ જોવો હશે સંચો. સાથે કોઈ ભાઈ હતો. સાથે હતો એને પૂછ્યું છોકરાઓ, આપણે પૂછ્યું હતુંને ખરું સાધુને. તમે સાધારણ છો કે અસાધારણ? અહીંના છોકરાઓ પૂછ્યું. તમે કોણ? છોકરાને કહે. સાધારણ, અસાધારણ સમજો છો? એ સમજતા નથી. પાટે ચડ્યા છે કે દિ'? સાધારણ વનસ્પતિ થાય છે કે જેમાં એક શરીરમાં અનંત (જીવ) ભેગા હોય એને સાધારણ કહેવાય અને અસાધારણ એક શરીરમાં એક જીવ હોય એને અસાધારણ કહેવાય. જેમ આ લીંબડાનો જીવ. એક પાંદડામાં અસંખ્ય શરીર છે. એક એક શરીરે એક એક જીવ છે. તો એને અહીંયા અસાધારણ કહેવાય છે. અને બટાટા ને લસણ ને શક્કરકંદ ને આદુ, ડુંગળી એની એક રાઈ જેટલી કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે અને એક શરીરમાં અનંત જીવ છે. ઈ સાધારણ કહેવાય. એને પૂછ્યું છોકરાએ, તમે સાધારણ છો કે અસાધારણ? છોકરાને કહે, તમે કહો. લોકમાં એવું ચાલ્યું છે ત્યાગના માને. હમણા આવ્યા હતાને ભાવનગર? એની વાત છે. કાલે આવ્યા હતા. અહીં અંદર આવ્યા નથી. ઓલો સંચો જોઈને વયા ગયા. આહા..હા..! જીવને પણ ક્યાં છે? હું ક્યાં છું એની એને ખબર ન મળે.

અહીં તો કહે છે, શાસ્ત્રમાં કહ્યું માટે સમ્યગ્દૃષ્ટિ છું અને મને બંધ નથી. પણ ભાવમાં છે કે નહિ? શાસ્ત્રમાં કહ્યું છે એનો અર્થ શું? ભાવમાં તો રાગનો પ્રેમ છે અને રાગરહિત તો છે નહિ. રાગરહિત ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ એની પ્રતીત અને અનુભવ તો છે નહિ અને શાસ્ત્રમાં કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિને બંધ નથી, રાગનો રાગી છે (અને માને છે કે) હું સમ્યગ્દૃષ્ટિ અને મને બંધ છે નહિ. એમ ન ચાલે. આહા..હા..! આ તો વીતરાગમાર્ગ છે. રાગનો રસ છે ઈ વીતરાગની દૃષ્ટિ જ નથી, એ વીતરાગને માનતો નથી. આહા..હા..! કહે છે, **'જેમનું મુખ ગર્વથી ઊંચું...'** અમે સમકિતી છીએ, અમને બંધ નથી શાસ્ત્રમાં કહ્યું છે. એમ રોમાંચથી **'उत्तान-उत्पुलक-वदनाः'** **'મુખ ગર્વથી ઊંચું તથા પુલકિત (રોમાંચિત) થયું છે...'** એ શુભભાવના રસમાં એને રોમાંચ (થઈ ગયો છે), આહા..! કેવી અમે ભગવાનની ભક્તિ કરીએ છીએ, કેવી અમે દયા પાળીએ છીએ, કેવું અમે બ્રહ્મચર્ય શરીરથી કેમ પાળીએ (છીએ), જાવજીવ સ્ત્રીનો સંગ નહિ. એમ એને એ શુભભાવમાં રોમાંચ ઉલ્લસી જાય છે કે આહા..! અમે તો બહુ કર્યું. મૂઢ છે કહે છે. આહા..હા..! છે એમાં?

**'મુખ ગર્વથી ઊંચું...'** થયું છે. અને પુલકિત થયું છે. રોમ રોમ આમ જાણે.. ઓહો..હો..! શું કરી અમે દયા! શું કરીએ અમે વ્રત! કેવી કરીએ અમે ભક્તિ! એવા ષોડશ કારણભાવના ભાવવામાં કૂદે. બખબખિયા બોલાવે. આહા..! એ તો જડની ક્રિયા છે, ભાઈ! એ ક્રિયા તારાથી થઈ નથી, આમ આમ ચાલે છે એ તારાથી નથી હાલતો ઈ. આ હાથ આમ આમ હાલે ઈ તારાથી નથી હાલતો. તને ખબર નથી. આહા..! એમાં રાગ થયો તેનો રાગી અને હું સમકિતી છું. બાપુ! સમકિતીના .... છે. સમજાણું કાંઈ? એ **'રાગી જીવો...'** છેને? **'(-પરદ્રવ્ય પ્રત્યે રાગદ્વેષમોહભાવવાળા જીવો-)...'** શરીરની જે ક્રિયા કરે છે એ મારાથી થાય છે, રાગ થયો એ મારું સ્વરૂપ છે અને એમાં મારો પ્રેમ છે અને શુભ રાગ કરતાં કરતાં આગળ કલ્યાણ થાય, કંઈ અશુભ કરતાં કલ્યાણ થાય? એમ અજ્ઞાની માને છે. આહા..હા..! કહો, પંડિતજી! આમાં શું કરવું? એ.. ઝાંઝરીજી! તમારા બહુ ત્યાં ... મક્ષીમાં તો ઘણું આવે ને જાય. આહા..હા..!

મુમુક્ષુ :— અશુભની નિર્જરા થાય છે.

ઉત્તર :— ધૂળેય અશુભની નિર્જરા નથી થતી. મિથ્યાત્વનો બંધ થાય છે. હા, એમ કહે છે, ભાઈ કહે છે એમ. આહા..હા..! હજી શુભરાગનો રસ છે એ તો મિથ્યાદૃષ્ટિ, એને નિર્જરા-ફિર્જરા કેવી? અશુભની શેની? એને તો મિથ્યાત્વનો બંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, જુઓ! **'ભલે મહાવ્રતાદિનું આચરણ કરો...'** ઠીક! છેને? ભલે છ કાયની દયાના ભાવ કરો, સત્ય બોલવાનો ભાવ હો, અચોરીનો ભાવ હો, શરીરથી બ્રહ્મચર્ય પાળવાનો જાવજિંદગીનો ભાવ હો અને લંગોટીનો એક કટકોય ન હોય એને એવા પંચ મહાવ્રતાદિ, આદિ. સમજાણું કાંઈ? શાંત રહે, કષાય મંદ દેખાય, ઓછું બોલે, ઓછું બોલે, ધીમું બોલે એથી જાણે કે અમે કેટલા શાંત છીએ. સમજાણું કાંઈ? આદિ આચરણ કરો. આહા..હા..! કરો એટલે? ભલે એમ હો. અહીંયા કરો એમ નહિ. ભલે એને પંચ મહાવ્રતના પરિણામ હો, સાધુના અઠ્યાવીશ મૂળગુણ કહેવાય એ રાગ હો. **'समितिपरतां'** અને **'સમિતિની ઉત્કૃષ્ટતાનું આલંબન કરો...'** જોઈને ચાલે, ડગ ભરે તો બરાબર વિચારીને આમ મૂકે, કોઈ જીવ એકેન્દ્રિય ઉપર પગ ન આવે એવી ઈર્યાસમિતિથી જોઈને ચાલે, ભાષા વિચારીને બોલે, નિર્દોષ એને માટે કરેલો આહાર, ચોકા કરેલા માટે આહાર પ્રાણ જાય તો ન લે. ચોકા કરેલા (આહાર) લે તો એના વ્યવહારના પણ ઠેકાણા નથી. એ તો નિશ્ચય પણ જૂઠો અને વ્યવહાર પણ જૂઠો. એ.. ઝાંઝરીજી! ઝાંઝરીને અનુભવ થઈ ગયો છે ત્યાં. આ વ્હોરાવો આહાર, વ્હોરાવો. એક પછી એક લખેને નામ? આજ આનો વારો ને આનો વારો.

મુમુક્ષુ :— દેશ કાળને અનુરૂપ...

ઉત્તર :— દેશ કાળને અનુરૂપ ઝેર પીતા હશે? દેશ કાળને (અનુરૂપ) શિરામાં પાણીને ઠેકાણે પેશાબ નખાતો હશે? અને ગોળને ઠેકાણો ગારો નખાતા હશે નહિ, દેશ કાળ ફરે એટલે? અને લોટને ઠેકાણે .. શિરો કરવામાં દેશ કાળ ફરે કે નહિ? વસ્તુ ફરે કાંઈ? આહા..! સમજાણું કાંઈ? એ.. છોટાભાઈ! આ શું કહે છે સમજાણું?

કહે છે કે એ પરદ્રવ્ય પ્રત્યે મહાવ્રતાદિનું આચરણ કરો, પણ એને એ મહાવ્રતનો જે રાગ છેને, એના ઉપર એની રુચિ છે, રાગનો રસ છે, રાગનું ધ્યેય છે, રાગમાં એની અંતરમાં એકતાબુદ્ધિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ ભારે વીતરાગનો. ઉત્કૃષ્ટતા, પાછો શબ્દ એમે છેને? '**समितिपरतां**' છેને? બરાબર સમિતિ (પાળે). જોઈને ચાલે, વિચારીને બોલે, નિર્દોષ પ્રાણ જાય તો એને માટે સદોષ આહાર લે નહિ, છતાં એ બધો વિકલ્પ અને રાગ છે. આહા..હા..! અને રાગનો રાગ છે એથી એ મિથ્યાદૃષ્ટિ પાપી છે. સમજાણું કાંઈ? જયંતિભાઈ! આ રવિવારે તમારે સવાર બપોરે બેય એવું આવ્યું. '**समितिपरतां**' બરાબર જોઈ મૂકી, કમંડળ પીંછી જોઈને મૂકે, જોઈને લ્યે. વક્ષવામાં વિષ્ટા પેશાબ પણ પાણી નાખવામાં, મેલ નાખવામાં આમ જોઈને (નાખે). એવી સમિતિમાં ઉત્કૃષ્ટતાનું એનું લક્ષ હોય. પણ એ બધો ક્રિયાકાંડનો રાગ છે. એને રાગમાં એકતાબુદ્ધિ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

'**आलम्बन्तां**' '**સમિતિની ઉત્કૃષ્ટતાનું આલંબન કરો...**' એમ કહે છે. પાંચ સમિતિ, જુઓ! શું બાકી રાખ્યું? મહાવ્રત અને સમિતિ, થઈ ગયા, સમાડી દીધા અઠ્યાવીશ મૂળગુણ એમાં. આહા..હા..! એનું આલંબન કરો એટલે આમ ભલે હો. એમ. કરો એટલે કરો કરો એમ અહીં આજ્ઞા નથી દેવી. એમ નથી. આવું કરો એટલે ભલે હો. '**अद्य अपि**' '**તોપણ હજુ...**' '**ते पापाः**' '**તેઓ પાપી (મિથ્યાદૃષ્ટિ) જ છે,...**' આહા..હા..!

મુમુક્ષુ :— અત્યાર સુધી?

ઉત્તર :— અત્યાર સુધી. આટલું આટલું કરતાં છતાં. આવું બિચારા કરે, પંચ મહાવ્રત પાળે, અઠ્યાવીશ મૂળગુણ પાળે, નિર્દોષ આહાર પાણી લે, ઉઘાડે પગે ચાલે, ઉનાળામાં ડુંગર ઉપર બેસી તપસ્યા કરે, શિયાળામાં તળાવને કાંઠે બેસીને ઠંડી હવા સહન કરો. કરો, કહે છે. હો તો હો. પણ અત્યાર સુધી તને રાગનો પ્રેમ છે માટે તું મિથ્યાદૃષ્ટિ છો. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રશસ્ત રાગ એટલે શું? એ તો લાભદાયી છે. એમ. અપ્રશસ્ત રાગ હો તો ભલે નુકસાન કરે, પણ રાગ પ્રશસ્ત છેને? પણ પ્રશસ્ત છે એટલે શું? એ તો અશુભની અપેક્ષાએ એને પ્રશસ્ત કહ્યો. પણ આત્માના આનંદની અપેક્ષાએ તો એને પાપ જ કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'પાપ પાપને તો સહુ કહે પણ અનુભવી જીવ પુણ્યને પાપ કહે.' આહા..હા..! ભારે આ તો આકરી વાત હોં! ઈ વળી પાછા આવું કોને નાખે? કે સોનગઢ આમ કહે છે. પણ આ સોનગઢ કહે છે કે ભગવાન કહે છે? કુંદકુંદાચાર્યે ત્યાં

પોન્નુર હિલ, એનો (અર્થ) સોનું થાય છેને? પોન્નુર હિલનું નામ સોનાની ટેકરી થાય છે. પોન્નુરનો અર્થ સોનું થાય છે. ત્યાં કુંદકુંદાચાર્ય રહેતા હતાને જ્યાં? ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. આઠ દિ' રહ્યા હતા. એ ટેકરીનું નામ પોન્નુર હિલ છે. .. ગયા હતાને ત્યાં. પોન્નુર, પોન્નુર નામ સોનું એની ટેકરી.

કહે છે કે ભાઈ! તને સમજણ નથી બાપુ! તારી સૂક્ષ્મ બુદ્ધિ રાગને પકડીને બેઠી છે. ઝીણવટથી તેને રાગથી ભિન્ન પાડીને આત્મા આનંદ છે તેની તને દૃષ્ટિ અને અનુભવ નથી અને એ વિના મહાવ્રત, સમિતિ, ગુપ્તિ અશુભથી ગોપવીને શુભમાં જ આવે એ તો અને એને ડર લાગે પાપનો. સમજાય છે કાંઈ? સ્ત્રીના સંગ કરવામાં નવ વાડ પાળે. અરે..! આ ... એ બધા શુભરાગનું આચરણ હો તો હો, પણ એ રાગની પર્યાયબુદ્ધિ તારી છે. આહા..હા..! તો આવું કરતાં છતાં પણ '**अद्य अपि**' એટલે તોપણ. એમ. આવું કરતા છતાં પણ '**ते पापाः**' તે પાપી છે. આહા..! કારણ કે મિથ્યાત્વને જ ખરું પાપ કહેવામાં આવે છે. આહા..હા..! એ પહેલી ભૂમિકા મિથ્યાત્વની એની એને ખબર નથી. આ આચરણ આવું કરીએ છીએ અને એ કરતાં કરતાં સમકિત થશે. કહે છેને અત્યારે કેટલાક. જુઓ ભાઈ! આ વ્રત ને ચારિત્ર પાળો, સમકિત તો થવા કાળે થાશે પણ આ વ્રતનું આચરણ કરો. કહો! પ્રરૂપણામાં કહે છે. કાળલબ્ધિ પાકે ત્યારે થાય. આ પુરુષાર્થથી થાય.

અમારે દામોદર શેઠ એમ કહેતા પચાસ વર્ષ પહેલા. ગુજરી ગયા બિચારા ૨૦૦૦માં. એ તો પૈસાવાળા માણસ. તે દિ' દસ લાખ રૂપિયા ક્યાં હતા લોકોમાં. પચાસ વર્ષ પહેલા દસ લાખ (રૂપિયા), ચાલીસ હજારની ઊપજ. શેઠિયા કહેવાય, દામનગર. ઈ એમ કહેતા, વ્રત અને આચરણ કરવું એ પુરુષાર્થથી થાય અને સમકિત થવું એ તો કાળલબ્ધિ પાકે એને કાળે થાય, પુરુષાર્થથી ન થાય. એ વાત સાંઈઠ વર્ષ પહેલા હતી ઈ અહીં બહાર આવી. સમજાણું? પણ આ વાણિયા સાંભળનારા બેઠા હોય એને કાંઈ ખબર ન હો કે શું આ કહે છે. પોપટભાઈ! જી હા.. જી હા. મધ્યમ દશા હોય, કાંઈક બોલકો હોય, આહા..હા..! જુઓ આપણા મહારાજ!

મુમુક્ષુ :—

ઉત્તર :— ચારે ગતિમાં થાય છે. ચારિત્ર મનુષ્યપણામાં હોય. પણ ક્યુ ચારિત્ર? ... એમ જ કહે છે ઈ. સમકિત તો ચારે ગતિમાં હોય, નરકમાં હોય છે. ચારિત્ર તો મનુષ્યપણામાં જ હોય, માટે ચારિત્ર. પણ એ ક્યુ ચારિત્ર? આ તારા વ્રતના ખોખા ને થોથા એ ચારિત્ર ક્યાં હતું? આહા..હા..!

મુમુક્ષુ :— ઈ પણ વ્રત તો ક્યાં છે?

ઉત્તર :— ત્યાં તો એણે માનેલી વાત છે. નવમી ગ્રૈવેયકે ગયો.. 'મુનિવ્રત ધાર અનંત

બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો શું અર્થ થયો? મુનિવ્રત અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ પાળી છતાં 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન...' પણ રાગથી ભિન્ન પડીને આત્મજ્ઞાન વિના એ પંચ મહાવ્રતના પરિણામમાં દુઃખ છે. આહા..હા..! મુનિવ્રત એ દુઃખ છે. આહા..હા..! પંચ મહાવ્રત, મુનિવ્રત એ દુઃખ છે એમ કીધું કે નહિ આમાં? શું કહ્યું એમાં? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, તોપણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો મુનિવ્રત પંચ મહાવ્રતાદિમાં સુખ નથી પણ દુઃખ છે. રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દર્શનશુદ્ધિના ઠેકાણા ન મળે અને કહે અમે વ્રત ને આચરણ ને ચારિત્ર પાળીએ છીએ. રણમાં પોક મૂકવા જેવી વાત છે એની. આહા..હા..!

મુમુક્ષુ :— ગામમાં તો ચાલેને, ઘરમાં ન ચાલે.

ઉત્તર :— ગામમાં બધા મેંઢા જેવા હોય એની પાસે ચાલે. એઈ.. પોપટભાઈ! ઓલામાં આવ્યું છેને. દસ બોઘા, દસ બોઘલી, દસ બોઘાના બચ્ચા, ગુરુ પાસે ગપ્પા અને ઓલો કહે કે સચ્ચા. ઓલો મારે ગપ્પા ગમે એમ તો કહે હા. ભાન કે દિ' છે ન્યાં. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

જુઓને! શ્લોક પણ એવો આકરો છેને. એથી તો મોટું પાટિયું ભર્યું છે. આહા..હા..! આટલું આચરે, આ સમિતિની ઉત્કૃષ્ટતાનું આલંબન કરે તોપણ મિથ્યાદૃષ્ટિ પાપી (છે). કહો, શાંતિભાઈ! આવી વાતું પણ ભારે.

મુમુક્ષુ :—

ઉત્તર :— ... કીધીને, મિથ્યાત્વી અને પાપી છે. ત્યારે કોઈ કે પણ આ તો કાકડીના ચોરને.. શું કહે છે તમારે? કાકડીનો ચોર નથી આ. રાજાના મહેલમાં ગરીને ચોર થયો છે. એમ ભગવાન આત્મા આનંદસ્વરૂપ જ્ઞાતા સહજાનંદની મૂર્તિ એની તો જેને રુચિ નથી અને રાગ, જે સ્વભાવથી વિરુદ્ધ એવી વિકલ્પની ક્રિયા એની જેને રુચિ, એ આત્મ-સામ્રાજ્યનો વેરી છે. સમજાણું કાંઈ? અનંત આનંદ આદિ સમાજ અનંત સામ્રાજ્ય આત્માનું, શુદ્ધ ચૈતન્યઘન અનંત આનંદ પ્રભુ, એક એકનો જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદ, શાંતિનો આનંદ-એ ચારિત્ર, વીતરાગતા.. આહા..હા..! સ્વચ્છતા, પ્રભુતા, કર્તા, કર્મ,.. એ બધો આનંદ, ભાવ અભાવ આદિનો આનંદ.. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે આનંદસ્વભાવ એનો એ વેરી છે. રાગભાવ એ દુઃખરૂપ, એ આનંદથી ઊલટો ભાવ છે. આહા..હા..! એ ઊલટા ભાવનો પ્રેમ એ સામ્રાજ્ય ચૈતન્યનું મહા ભગવાન પ્રભુ એનો વેરી છે. સમજાણું કાંઈ?

'દ્વેષ અરોચક ભાવ'. એ ત્રિકાળી ભગવાન જ્ઞાયક શુદ્ધ પવિત્ર રુચતો નથી એને આત્મા પ્રત્યેનો દ્વેષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગનો જેને પ્રેમ છે તેને સ્વભાવ પ્રત્યેનો

દ્વેષ છે. આવા જીવો... આ બધી ક્રિયાકાંડની માંડી છે, મૂળચંદભાઈ! સમિતિનો અર્થ કર્યો છે નીચે. 'સમિતિ = વિહાર,' જોઈને 'વચન' વિચારીને 'આહાર વગેરેની ક્રિયામાં જતનાથી પ્રવર્તવું તે.' બરાબર જતનાથી પ્રવર્તવું. છેને નીચે? જતનાથી પ્રવર્તવું એ તો વિકલ્પ અને રાગ છે. ભગવાન તો જ્ઞાતા દૃષ્ટા આનંદસ્વરૂપ છે, એવા રાગનો તો એમાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ હીરાજી મહારાજ, સંપ્રદાયના ગુરુ. (સંવત) ૧૯૭૨માં જ્યારે ચર્ચા ચાલી ત્યારે એમણે એમ કહ્યું હતું, મેં તો કીધું, અમારે આ વાત સાંભળવી પાલવતી નથી. ભગવાને દેખ્યું તે દિ' પુરુષાર્થ થાશે, અત્યારે અમે પુરુષાર્થ નહિ કરી શકીએ, એ વાણી ભગવાનની નથી, એ વાણી આગમની નથી. ૭૨ની વાત છે. ૫૭ વર્ષ થયા. ગુરુ બિચારા નરમ હતા, કષાય મંદ. વાત તો સાચી લાગે છે તારી. એમાં એક ગુરુ ભાઈ હતા એ વિરોધી. એ કહે, નહિ, ભગવાને દીઠું હશે તે દિ' આપણે પુરુષાર્થ કરી શકશું. મેં કીધું, આ વાણી કોના ઘરની? આગમની વાણી આવી છે? ભગવાને તો એમ કહ્યું છે... ગજસુકુમાલનો દાખલો આપ્યો હતો તે દિ'. ગજસુકુમાલ સાંભળવા ગયા ભગવાન પાસે ત્યાં આવું સાંભળ્યું હતું? મારફાટ અંદરથી કરીને અંદરમાં જા, રાગને તોડ અને સ્વભાવમાં જા. એવું સાંભળીને તો તે વખતે દીક્ષા લેવાની તૈયારી થઈ. વાણી કેવી હોય? સમજાણું કાંઈ? તે દિ' તો ક્યાં પ્રવચનસાર વાંચ્યું હતું. આ તો ૭૨ની વાત છે. પ્રવચનસારમાં એ નીકળ્યું ૮૦મી ગાથામાં. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**।' જેણે અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય જાણ્યા એ આત્મા જાણ્યા વિના રહે નહિ, એનો મોહ નાશ થયા વિના રહે નહિ. આવી તો વીતરાગની વાણી આ પોકારે છે. સમજાણું કાંઈ? જે વખતે દીક્ષા લીધેલી એ વખતે મસાણમાં ચાલ્યા ગયા રાજકુમાર, શ્રીકૃષ્ણના નાના ભાઈ, જેને દેવ પાસે માંગ્યું હતું, હે દેવ! મારી માને દીકરો નથી. કારણ કે છ છોકરાઓ હતા પહેલા એ તો બીજે ઉછરેલા, પહેલા આવેલા ઈ. કેવી બાઈ? તુલશા. કૃષ્ણ પહેલા છ છોકરા થયા દેવકીને એ તુલશાને ઘરે ઉછરેલા. કારણ કે ઓલો કંસ મારી નાખે. હાથમાં કૃષ્ણ આવ્યા એને ભરવાડને ઘરે મોકલ્યા. જન્મીને તરત. કારણ કે કંસને ખબર પડે તો મારી નાખે. એટલે એને ઠેકાણે મરેલી છોડી ત્યાં મૂકેલી. કંસ આવ્યો, પછાડીને મરી ગઈ જાઓ! એકદમ મરી ગઈ. એ જાણે કે આ બાળક આવ્યું અને મેં મારી નાખ્યું. સાત છોકરામાં એની માંએ કોઈનું બાળકપણાનું હુલામણું કર્યું નહોતું. એટલે ઉદાસ થઈને બેઠા હતા એક ફેરી. કૃષ્ણ ગયા, શ્રીકૃષ્ણ, માતાને પગે લાગવા જાય કે નહિ? છ મહિને પગે લાગવા જતા. છ મહિને. એટલો તો વ્યવસાય. છ મહિને માતા પાસે જાય. માતા ઉદાસ થઈને બેઠા હતા. કેમ બા? માતાજી! અરે..! મારે ભાઈ નાનો થાશે, હું પ્રયત્ન કરીશ. સમજાણું કાંઈ? દેવને બોલાવ્યો. ... સ્વર્ગમાંથી દેવે

જોયું. ગજસુકુમાલ સ્વર્ગમાંથી આવ્યા. માતાની કૂંખે આવશે, મારો નાનો ભાઈ થશે, જાઓ! એઈ..! હવે આવો જેને પ્રેમ, મારે બીજું કહેવું છે, સમજાણું કાંઈ? એણે દીક્ષા લીધી, સાંભળીને આવ્યા જ્યાં ભગવાન પાસે, માતા! મારું મન ક્યાંય રુચતું નથી, ક્યાંય જામતું નથી. મા! મને રજા આપો.

ભગવાન પાસે દર્શન કરવા જાય છે. એક સોમીલા નામની સોનીની કન્યા રૂપાળી, બહુ રૂપાળી. શ્રીકૃષ્ણ માથે બેઠા. ઓલી રમતી હતી સોનાને દડે. માથે બેઠા હતા અને ગજસુકુમાલ ખોળામાં હતા. આ છોડીને લઈ જાઓ અંતેપુરમાં. ગજસુકુમાલને વરાવશું. અંતેપુરમાં આવે છે. શ્વેતાંબરમાં આવે છે. ન્યાં મોકલી અને અહીં આ વૈરાગ્ય પામ્યો. ઘરે આવીને કહે છે, માતા! મને રજા આપો. મારો સ્વભાવ આનંદમાં ક્યાંય રુચતું નથી, મારું મન ક્યાંય ગમતું નથી. દીક્ષા લીધી. પ્રભુ પાસે આજ્ઞા માંગી. આહા..હા..! પ્રભુ! આજ્ઞા આપો, હું મસાણમાં જઈને ઊભો રહું. આહા..હા..! જુઓ તો ખરા પુરુષાર્થ! દીક્ષામાં આવો વ્હાલો ભાઈ એની દીક્ષા અને અહીં પાછી દીક્ષા અને તરત પ્રભુ પાસે આજ્ઞા. એ વખતે તો શ્વેતાંબરનું (વાંચેલું). ... પ્રભુ! આપની આજ્ઞા થાઓ તો હું મસાણમાં-દ્વારિકાના સ્મશાનમાં જાઉં. બારમી ભીક્ષુની પડિમા આખીરની અઠમ કરીને ચોવિહારો ધ્યાનમાં રહું. આહા..હા..! આવી જેની જાગ્રતિ અને વીતરાગની એવી વાણી અને ઝીલનારો આવા પુરુષાર્થ આવ્યો. આવી તમારા જેવી વાણી (હોય)? તે દિ' તો શું... કીધું, આ વાણી મિથ્યાદષ્ટિની છે. આ વાણી ભગવાનની નહિ. એઈ..! ૭૨ની વાત છે, હોં! ૭૨ની સાલ, ફાગણ મહિનો હતો. આ પણ શું છે? ફાગણ છેને? પણ ઈ તેરશ હતી. આજે શું છે? આજે સાતમ છે લ્યો. ચૌદશ હતી કાં તો. આહા..હા..! ૭૨. ૫૭ વર્ષ થયા. આ વાત અમને પસંદ નથી, હું સાંભળવાનો કામી નથી. એ સંપ્રદાય ન જોઈએ, એ ગુરુ ન જોઈએ, એ વાણી ન જોઈએ. એઈ..! એક દિ' તો વયો ગયો હતો બધાને છોડીને. એકલો રહી ગયો. તે દિ' નાની ઉંમર, ચોવીશ વર્ષની ઉંમર, પચ્ચીશ વર્ષની ઉંમર. આ ૫૭ થયા.

અહીં તો જે ભગવાન જેને જ્ઞાનમાં બેઠા એના ભગવાને ભવ ભાળ્યા નથી. પાટનીજી! તમે તો ભગવાને ભાળ્યું... અનંત સંસાર, તમારે હશે એમ કહી દીધું. એઈ..! કષાયવાળા હતાને. કીધું, ગમે એમ કહો, આપણને તો બાપુ, તમે વાત કરો છો એ આપણને ક્યાંય અસંખ્ય પ્રદેશમાં ક્યાંય ગોઠથી નથી. ભગવાન સર્વજ્ઞ... આ જ વાંધા ઉઠ્યાને, જુઓને આ રાત્રે ચર્ચા કરતા. એને આમ નથી,.. અરે..! કેવળજ્ઞાનમાં એ તર્કને અવકાશ (ક્યાં છે)? એ તો આમ ભવિષ્યની પર્યાય પણ આમ વર્તતી હોય એમ ભાળે છે. વર્તમાન વર્તતી નહિ. એઈ..! આહા..હા..! આ દ્રવ્યની આ પર્યાય આમ થશે માટે નહિ. ઈ ન્યાં થયેલી છે એવું અહીં ભાસે છે. આહા..હા..! ત્રણ કાળ ત્રણ લોકની પર્યાય આમ વર્તતી (જાણે

છે). એની પર્યાય વર્તમાન વર્તે છે એમ નહિ, વર્તમાન વર્તે છે તો એક જ પર્યાય, પણ ભૂતમાં વર્તતી જે કાળે તેવી જ અહીંયા ભાળે છે. ભવિષ્યમાં પણ જ્યારે વર્તશે તેવી અહીંયા ભાળે છે. આમ બધું ભાળે છે. આહા..! ચિતાર છે. આવું જેને કેવળજ્ઞાન.. આહા..હા..! મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છેને? જેને દેવ-ગુરુના આત્માની જો શ્રદ્ધા થઈ તો તો સમકિત થયા વિના રહે નહિ. બહારની પીછાણ કે ભગવાનનો માર્ગ દયાનો છે ને ઢીકણો છે.. એવો માર્ગ નથી. સમજાણું કાંઈ?

ઓહો..! મહાવ્રતાદિનું આચરણ કરે, સમિતિ પાળે તોપણ '**તેઓ પાપી (મિથ્યાદષ્ટિ) જ છે,...**' આહા..હા..! '**रागिणोऽप्याचरन्तु**' એમ છેને? '**आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा**' એમ છેને? ત્રીજું પદ છે. આહા..હા...! દષ્ટિની વિપરીતતા અને દષ્ટિની અવિપરીતાનું કેટલું નુકશાન અને લાભ? વિપરીતતામાં કેટલું નુકશાન? અવિપરીતતામાં કેટલો લાભ? લોકોને એની કિંમત નથી. આ વ્રત ને આ પાળ્યા ને આણે આ કર્યું ને ઢીકણું કર્યું. સમજાણું કાંઈ? લ્યો, શ્લોક સારો આવ્યો. હીરાલાલજી! આહા..હા..! 'કારણ કે...' '**आत्म-अनात्म-अवगम-विरहात्**' આહા..હા..! '**આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત હોવાથી...**' રાગ તે અનાત્મા છે અને આનંદકંદ પ્રભુ આત્મા તે આત્મા છે. સમજાણું કાંઈ? ચાહે તો મહાવ્રતના પરિણામ, ભક્તિના ભગવાનની ભક્તિના ભાવ, પણ એ બધો અનાત્મા, રાગ અનાત્મા છે. એ અનાત્માનો જેને પ્રેમ છે તેને આત્માનો પ્રેમ નથી. આહા..હા..! દષ્ટિમાં મોટો ફેર છે. દષ્ટિમાં આખો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એનો ત્યાં અનાદર થઈ જાય છે અને રાગનો આદર થતાં, રાગ તે અનાત્મા અને ભગવાનસ્વરૂપ આત્મા, બેની ભિન્નતાનું એને ભાન નથી. બસ, અહીં અટકેલો છે. નવમી ગ્રૈવેયક ગયો, શુક્લલેશ્યા, ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે, એથી શું? તેથી શું? આવે છેને? ૧૪૩ ગાથા. ત્યાં તો ત્યાં સુધી કહ્યું કે આત્મા નિશ્ચયથી અબદ્ધસ્વરૂપ છે, વ્યવહારે બદ્ધસ્વરૂપ છે, નિશ્ચયથી શુદ્ધ છે, વ્યવહારે અશુદ્ધ પર્યાયમાં દેખાય છે એવો જે વિકલ્પ ઉઠ્યો, એથી શું? હું શુદ્ધ ત્રિકાળી અબદ્ધ છું, અભેદ છું, પૂર્ણાનંદ છું એવો એક પક્ષ ઉઠ્યો નિશ્ચયનયનો વિકલ્પ રાગ, ત્યાં સુધી આવ્યો એથી શું? એથી જીવને—આત્માને લાભ શું? આહા..હા..! સમજાણું કાંઈ? એ વિકલ્પને તોડીને સ્વભાવ સન્મુખ થા. ઉપદેશની શૈલી તો એવી જ હોયને. બાકી તો સ્વભાવ સન્મુખ થાય એટલે વિકલ્પ તૂટી જાય છે. આહા..હા..! ભાઈ! જન્મ, જરા, મરણના આંટા ઘટાડવા, મરણના અવતાર ચોર્યાશીના, ભાઈ! એ અવતાર કરી કરીને થાક્યો નહિ. ઓહો..હો..! એ અનંત અવતારને ટાળવા અને અનંત અનંત આનંદમય પ્રભુનો આદર કરવો એ અલૌકિક ચીજ છે. કોઈ સાધારણ રીતે મળે એવું છે નહિ. આહા..હા..!

કહે છે કે એ '**આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત હોવાથી...**' કેમકે આત્મા

તો આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે અને એનાથી વિરુદ્ધ એવો વિકલ્પ રાગ તે તો અનાત્મા, પર, આસ્રવ અને ઝેર છે. જેને આવા ઝેરનો પ્રેમ છે તેને આત્મા અને અનાત્માનું જ્ઞાન ભિન્ન છે નહિ. સમજાણું કાંઈ? અહીં તો આત્માના હિતની વાત છે. જેને હિત કરવું હોય તો આ રસ્તો છે. બાકી વાતું કરવી હોય અને જગતમાં અમે પણ કાંઈક કરીએ છીએ, કરીને બતાવવું હોય જગતને, એમાં માલ કાંઈ નથી. સમજાણું? ગીરધરભાઈ!

મુમુક્ષુ :— ઊભા રહેવું હોય.

ઉત્તર :— ઊભા રહેવું હોય તો કરો ત્યાં. એ તો કરે જ છેને. ઈ તો કર્યું તેં અત્યાર સુધી, કહે છે. આહા..! હવે કાંઈક દિશા તો પલટ. જ્યાં પ્રેમ છે ત્યાંથી ઉઠાવ, અનાદિનો જ્યાં પ્રેમ નથી ત્યાં ચોંટ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'आत्म–अनात्म–अवगम' 'આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત...'** છે. ભલે એ પંચ મહાવ્રત પાળે, સમિતિ પાળે એ તો રાગનો વિકલ્પ છે, પ્રભુ તો વિકલ્પથી રહિત છે. એ વિકલ્પમાં એકતા છે એ તો અનાત્મામાં એકતા છે. એથી એ તો પાપી જ છે. કહો, સમજાણું કાંઈ? એ મિથ્યાત્વને જ પાપ કહ્યું છે ખરી રીતે તો. આહા..હા..! એ પાપમાં કેટલું નુકશાન છે, કઈ રીતે છે એની એને ખબર નથી. અને એનાથી રહિત ભગવાન આત્મા એની દૃષ્ટિ થતાં કેટલો લાભ છે અને કેટલું ત્યાં અંતરમાં વલણમાં તેનો આદર કર્યો છે એની ખબર નથી. આહા..હા..! આ તો ચોર્યાશીના અવતારના જેને અંત લાવવા હોય એની વાતું છે. હજી કાંઈક ભવ કરીએ ને પછી દેવમાં જાઈએ, પછી ભગવાન પાસે જાશુ... ધૂળમાંય નહિ જાય, સાંભળને! અહીં રાગના પ્રેમમાં ભગવાન આત્મા છે ત્યાં તો જાતો નથી અને રાગના પ્રેમીવાળા ભગવાન પાસે જઈને કરશે શું ત્યાં? સમજાણું કાંઈ? એ ન્યાં પણ રાગના રસમાં આવું જોવે છે ભગવાનના સમવસરણમાં. એ ભગવાન પાસે ઊભો હતો, (પણ) રાગ પાસે રહ્યો છે. આહા..હા..! આકરી વાતું છે, ધીરૂભાઈ! આ તો અવલદોમની (વાતું છે). આહા..હા..!

**'આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત...'** ફક્ત આ ચીજ કીધી લ્યો. એને આત્મા આનંદનો નાથ સહજાનંદ સ્વરૂપ અને રાગ છે તે આકુળતા અને દુઃખ અનાત્મા, એ અનાત્માનો જેને પ્રેમ છે તેને આત્મા અને અનાત્માની ભિન્નતાનું ભાન નથી. આહા..હા..! ખરેખર તો ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ અને આનંદનું સ્વરૂપ જ એનું છે. એમાં જેટલો ઘાતિકર્મના નિમિત્તથી પુણ્ય પાપનો વિકલ્પ ઉઠે એ બધો સંયોગીભાવ, સ્વભાવભાવ નહિ. એ કર્મની સામગ્રી કહેવાય, પુણ્ય પાપનો ભાવ એ પણ કર્મની સામગ્રી છે. ભગવાન આત્માની સામગ્રી નહિ. બીજી વાત, અઘાતિકર્મમાં પુણ્ય અને પાપના પરમાણુ પડ્યા હોય તેના ફળમાં સંયોગો એકદમ રાજ ચક્રવર્તીના મળે, અબજો પૈસા મળે, એક એક દિ'ના પાંચ લાખની પેદાશની

સોગઠી ગોઠવાઈ જાય, પણ એ તો કર્મની સામગ્રી છે. એઇ..!

મુમુક્ષુ :— પણ એને ધર્મની થાયને.

ઉત્તર :— ધૂળેય થાય નહિ ધર્મ ન્યાં.

મુમુક્ષુ :— દાનમાં વાપરે તો ધર્મ થાય.

ઉત્તર :— ધૂળ થાતો નથી. હમુકુ પાપ બાંધ્યું હશે એમાં તે દિ'. એના બાપને પછી ખબર પડી. ... આવ્યા હતા વચ્ચે. ત્યાં આવ્યા હતા અમારી પાસે. આવ્યા હતાને ત્યાં. ગયા હતા તમે. ખબર છેને? વાત તો ખબર હોયને. પાંચ પચ્ચીશ હજાર ખર્ચ્યા હોય ને ફલાણું ઢીકણું.... બાપાને પૂછે નહિ, ... ઓલો કહે, ચાલો, તો ચાલો. કાંતિભાઈ હતાને? કાંતિભાઈ હતા. પહેલા થયું હશે. ભરો પચ્ચીશ, ત્રીસ, ચાલીશ હજાર ખર્ચામાં. ચાલો. અહીંથી નીકળ્યું પછી. પછી તો અહીં આવ્યા પછી સાંભળ્યા પછી નરમ પડી ગયા કે આ તો... ધર્મ કેવો એમાં? રાગ છે એમાં પુણ્ય બંધાય. અને બંધાય એટલે એને લાભ માને તો મિથ્યાત્વનું બંધન થાય. મહા પાખંડનું મિથ્યાત્વનું બંધન થાય. પાપી કહ્યું આહા..હા..! આ તો વીતરાગ સંતોની વાણી છે, એને ક્યાં જગતની પડી છે? કે જગત આમાં સમતોલે રહેશે કે નહિ? આવી વાત કરતાં સમાજ મને માનશે કે નહિ? સમાજ એકઠો થાશે કે નહિ? એના ઘરે રહ્યો. માર્ગ આ છે. સમજાણું કાંઈ? જાધવજીભાઈ! ત્યાં ઈ હતાને પહેલા શેઠ તરીકે, સ્થાનકવાસીમાં. કલકત્તા. આવીને આવી શેઠાયું બધી. આહા..હા..! વ્રત કરે ને ઓલા કરે, એકબીજા શેઠિયાઓ ભેગા થાય. આપણે શું કરવું હવે? વરઘોડો કાઢવો છે કે નહિ? આપણે ભેગા થઈએ. ઈ વરજોળો કાઢે પછી. આહા..હા..!

અરે..! માર્ગ તે માર્ગ પ્રભુનો. જેમાં રાગની ક્રિયાનો અવકાશ નથી, એવો જે વીતરાગી પ્રભુ આત્મા 'જિન સમરો જિન ચિંતવો, જિન ધ્યાવો મન સ્થિર'. જિન એટલે વીતરાગી મૂર્તિ પ્રભુ એને ધ્યાવો, એનું ધ્યાન, એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એનું આચરણ. સમજાણું કાંઈ? એવો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ છે. એને શ્રદ્ધામાં તો પહેલો લ્યે કે માર્ગ તો આ છે. જેટલી રાગની ક્રિયા એ બધો બંધમાર્ગ, એ જૈનમાર્ગ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :— અજૈન તો નહિને?

ઉત્તર :— અજૈનને જૈન માને જગત. જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન આત્માનું સ્વરૂપ છે. વીતરાગસ્વરૂપ ભગવાન અનાદિઅનંત એની માન્યતા એની શ્રદ્ધામાં જે વીતરાગપર્યાય આવે એને ધર્મશાસન કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો આ બે લીધાને? આત્મા અને અનાત્મા. સમજાણું? રાગી જીવો.. એ રાગી જીવો કીધુંને ત્યાં? રાગના રસીલા, શુભરાગનો રસ છે જેને એ રાગી જીવો આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત છે. આ અષ્ટાહ્નિકાનો દિન છે પહેલો. ઈન્દ્રો જાય છે ભગવાનના

(દર્શન કરવા). નંદીશ્વર દ્વીપ. નંદીશ્વર દ્વીપમાં શાશ્વત પ્રતિમાઓ રત્નની છે. રત્નની પ્રતિમાઓ. ઈન્દ્રો જાય, ઘુઘરા બાંધીને ભક્તિ કરે. જાણે કે આ દેહની ક્રિયા છે અને આ શુભભાવ દુઃખરૂપ છે પણ આવ્યા વિના રહેતો નથી. આહા..હા..! અશુભથી બચવા એ ભાવ આવે, પણ છે તો એ દુઃખરૂપ. આહા..હા..! નંદીશ્વર દ્વીપ છેને? શાશ્વત પ્રતિમાઓ છે ૧૦૮, મણિરત્નનો ઓટલો હોય, એમાં પ્રતિમા ... જાણે બોલતી હોય એવું લાગે. શાશ્વત વસ્તુ. બોલશે, હમણાં બોલશે. એવો જેનો દેખાવ છે. એની ભક્તિનો ભાવ પણ શુભભાવ છે, ધર્મ નહિ. સમજાણું કાંઈ? અને એ કરતાં કરતાં હળવે હળવે કલ્યાણ થશે, એમ નહિ. રાગ કરતાં કરતાં અરાગી થશે એમ છે નહિ. આહા..હા..! **'તેઓ સમ્યક્ત્વથી રહિત છે.'** આહા..હા..! રાગની શ્રદ્ધા છે કે રાગથી લાભ થશે, એવી દૃષ્ટિવાળા પંચ મહાવ્રતના, સમિતિનું આચરણ કરો તોપણ એ પાપી છે, સમકિતથી રહિત છે. બે આપ્યા, પાપી અસ્તિ કહ્યું, સમકિતથી રહિત એ નાસ્તિથી કહ્યું. આહા..હા..! વિશેષ વાત કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ સુદ-૮, સોમવાર, તા. ૧૨-૦૩-૧૯૭૩
## શ્લોક-૧૩૭, પ્રવચન-૩૪૧

આ સમયસાર, એની ૨૦૦મી ગાથા, એનો ૧૩૭મો કળશ છે એનો ભાવાર્થ ચાલે છે. હિન્દીમાં ૩૦૬ પાનું છે. સૂક્ષ્મ વાત છે તત્ત્વ.

**'ભાવાર્થ :— પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં જે જીવ 'હું સમ્યગ્દૃષ્ટિ છું, મને બંધ થતો નથી' એમ માને છે તેને સમ્યક્ત્વ કેવું?'** શું કહે છે? કે આત્મા જ્ઞાયક અને આનંદસ્વરૂપ છે. અંદર પરમાનંદસ્વરૂપ આત્મા આનંદનું ધામ (છે) એનાથી વિરુદ્ધ જે કંઈ રાગાદિ આવે છે, શુભ કે અશુભ રાગ, એ રાગ મારો છે અને રાગની જેને રુચિ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે, ધર્મી નહિ. રાગ ઠીક છે, ભલો છે, રાગ મારી ચીજ છે અને રાગથી મારું હિત-કલ્યાણ થશે એવી જેની દૃષ્ટિ છે એ વીતરાગદર્શનથી વિરુદ્ધ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. ઈ કહે, રાગનો પ્રેમ હોય, ચૈતન્ય આનંદધામ પ્રભુ એની રુચિ છોડીને જેણે અનાદિથી રાગની રુચિ અને રાગનું એકત્વ કર્યું છે, ઈ માને કે હું તો

સમ્યગ્દૃષ્ટિ છું, તો કહે છે કે એ તો મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યા નામ જૂઠી દૃષ્ટિવાળો છે, અસત્ય સેવન કરવાવાળો છે. આહા..હા..! ઝીણી વાત.

'**પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં જે જીવ 'હું સમ્યગ્દૃષ્ટિ છું, મને બંધ થતો નથી' એમ માને છે...**' હું તો ધર્મી છું, મને રાગનો બંધ નથી થતો, તો કહે છે કે '**તેને સમ્યક્ત્વ કેવું?**' આવી દૃષ્ટિવંતને ધર્મી કેમ કહેવો? એ સમ્યગ્દૃષ્ટિ ક્યાંથી થયો? ઝીણી વાત છે. સમજાણું કાંઈ? આ શરીરાદિ તો માટી જડ છે, આ તો અજીવતત્ત્વ થઈને રહ્યું છે, રાગ છે ઈ આસ્રવતત્ત્વ થઈને રહ્યો છે. તો અજીવ અને આસ્રવ એનાથી તો આત્મતત્ત્વ જ્ઞાયક આનંદધામ ભિન્ન છે. તો ભિન્નની રુચિ—પોતાની વસ્તુની રુચિ છોડીને, પોતામાં છે નહિ, પોતાની જાત નથી એવું શરીર અને રાગ, એમાં જે પ્રેમ કરે છે અને એમાં એકત્વબુદ્ધિ રાખે છે એ અસત્યબુદ્ધિને સેવનારો છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે.

ભગવાન પ્રત્યે રાગ થાય, પણ એ રાગનો રાગ જેને હોય એ તો મિથ્યાદૃષ્ટિ છે. ધીરૂભાઈ! આવું સાંભળ્યું ન હોયને, જય નારાયણ કરતા હોય. રાગ તો થાય છે, હો પણ જેની દૃષ્ટિમાં રાગનો રસ છે, એને આત્મા રાગથી ભિન્ન ચિદાનંદ સ્વરૂપ આત્મા આનંદનું ધામ એની એને દૃષ્ટિ અને રુચિ નથી. શું કરવું? રાગ તો આ સંસારમાં છે તો રાગ તો થાય છે. રાગ હો એ બીજી વાત છે અને રાગનો રસ અને એકત્વબુદ્ધિ કરવી એ બીજી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરદ્રવ્ય પ્રત્યે રાગ...**' શરીર, કુટુંબ, દેવ, ગુરુ, શાસ્ત્ર, બહારની કર્મના નિમિત્તથી થયેલી સામગ્રી અને કર્મના નિમિત્તથી થયેલો અંદરમાં રાગ, એ રાગ પ્રત્યે જેની દિશા છે એના ઉપર જેનું ધ્યેય છે અને એમાં એકત્વબુદ્ધિ રાખે છે અને માને છે કે હું તો સમ્યગ્દૃષ્ટિ છું, મને બંધ નથી. તો એ સમ્યગ્દૃષ્ટિ કેવો? સમજાણું કાંઈ? ધર્મદૃષ્ટિ થવી એ અપૂર્વ વાત છે. અનંત કાળમાં કરી નથી. પાપ, બાહ્ય પાપ છોડ્યા પણ અંદરમાં જે પુણ્યભાવ છે એની પ્રીતિ ન છોડી તો અંતર પાપ છોડ્યું નથી. સમજાણું કાંઈ? પાંચ મહાવ્રતના ભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, પંચ મહાવ્રતનો ભાવ શુભરાગ છે. આહા..હા..! રાગમાં જેની લીનતા અને રાગનો સ્વાદ, એકલો રાગનો જ સ્વાદ જેને આકુળતાનો છે અને રાગથી ભિન્ન આનંદમૂર્તિ પ્રભુ એનો આનંદનો સ્વાદ નથી અને રાગનો સ્વાદ પોતાનો માનીને, માને છે કે હું ધર્મી છું, સમ્યગ્દૃષ્ટિ છું. જૂઠ દૃષ્ટિ છે. પોપટભાઈ! આહા..હા..!

'**તે વ્રત-સમિતિ પાળે...**' છે? આહા..હા..! પંચ મહાવ્રત પાળતો હોય, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. એક લંગોટી પણ કાપડની રાખે નહિ. એવા પંચ મહાવ્રત પાળતો હોય, અને સમિતિ. જોઈને ચાલતો હોય, વિચાર કરીને બોલતો હોય અને એને માટે ભોજન બનાવ્યું હોય તો લેતો ન હોય, નિર્દોષ એને માટે ન બનાવ્યું હોય એવું લે,

એવું પાલન કરવા છતાં '**સ્વપરનું જ્ઞાન નહિ હોવાથી...**' પણ એ મહાવ્રતના પરિણામ અને સમિતિના પરિણામ એ તો રાગ છે. ભારે વાત. સમજાણું કાંઈ? ભગવાન આત્મા વીતરાગ ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા છે. એને આત્મા કહે છે. રાગ તો આસ્રવ છે. શરીરાદિ તો અજીવ છે, લક્ષ્મી આદિ અજીવ છે. એ પરદ્રવ્ય અને રાગ પ્રત્યે જેને રુચિ છે, અને માને છે કે હું ધર્મી છું. જૂઠ દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પાળતા નથી, રાગનો ભાવ છે, શુભરાગ છે. સમિતિ પાળે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' એમાં શું છે? ... આવે છે કે નહિ છ ઢાળામાં? મુનિવ્રત, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળે છે એ તો રાગ છે, શુભભાવ છે. સમજાણું કાંઈ? શરીરથી જાવજીવ બ્રહ્મચર્ય પાળે તોપણ શુભભાવ છે. પરની દયા પાળવાનો ભાવ એ પણ શુભભાવ છે. ભગવાનની ભક્તિનો ભાવ એ શુભભાવ છે. ભગવાનનું સ્મરણ નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં એ પણ એક વિકલ્પ, રાગ છે. દ્રવ્યદૃષ્ટિપ્રકાશ જોયું છે કે નહિ ભાઈ? જોયું છે? આપ્યું હતું તમારા માતાજીને. એક છે? એક પુસ્તક. સોગાનીનું. આહા..હા..!

જેને પંચ મહાવ્રતનું પાલન હો, સમિતિનું પાલન હો એવા શુભભાવનું આચરણ હોય, '**તોપણ સ્વપરનું જ્ઞાન નહિ હોવાથી...**' કેમકે એ મહાવ્રતાદિના પરિણામ છે એ તો રાગ છે, આસ્રવ છે, ભાવબંધ છે. ભગવાન આત્મા અનાસ્રવી અબંધ છે. તો એને સ્વપરનું જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' એનો શું અર્થ થયો? છ ઢાળામાં આવે છે. મુનિવ્રત પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, પાંચ સમિતિ, છ આવશ્યક, સામાયિક, ચોવિસંતો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ એવા છ આવશ્યક કરે એ બધો શુભભાવ છે. એવા શુભભાવથી નવમી ગ્રૈવેયક ગયો સ્વર્ગમાં, એમાં શું થયું? જન્મ મરણની લાળ તો સાથે પડી છે. કેમકે રાગ છે એ મારી ચીજ છે અને એનાથી મારું કલ્યાણ થશે એવી માન્યતા છે એ મિથ્યાદૃષ્ટિની છે. કઠણ વાત છે ભાઈ! સમજાણું કાંઈ?

ધર્મ ચીજ કોઈ અપૂર્વ છે. અનંત અનંત કાળના પરિભ્રમણમાં કદી એક સેકંડ પણ ધર્મ કર્યો નહિ. એક સેકંડ ધર્મ થાય તો પર્વતમાં જેમ વિજળી પડવાથી બે ટૂકડા થઈ જાય એને.. શું કહેવાય ઈ? રેણ રેણ, તમારે હિન્દીમાં કહે છે? એ.. શું કહે છે? સંધિ. સાંધ કહે છેને? રેણ કરે છેને? એમની ભાષા. સંધાણ નથી થાતું પાછું. પર્વત પર વિજળી પડે અને બે ટૂકડા થઈ જાય એની સંધિ નથી થતી. અમારી કાઠિયાવાડી ભાષામાં (એમ કહે છે), એને રેણ ન દેવાય. રેણ સમજ્યાને? કથીરનો રેણ આપેને? એમ એકવાર પણ રાગનો વિકલ્પ અને શરીરથી પ્રભુ ભિન્ન છે એવો બોધ થાય તો એને આત્માના આનંદનો સ્વાદ

આવે છે. અહીં પંચ મહાવ્રત પાળ્યા, નવમી ગ્રૈવેયક ગયો, મુનિવ્રત બધા ધારણ કર્યા. એમ તો કહ્યું કે 'આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયા' તો સુખ તો છે નહિ એમાં. પંચ મહાવ્રતનું પાલન રાગ એ તો દુઃખરૂપ છે. ઝાંઝરીજી! આ બધા પાળે છે શું છે? બાયડી, છોકરા, સ્ત્રી, કુટુંબ છોડીને જંગલમાં રહે અને પંચ મહાવ્રત પાળે, લોચ કરે એમાં શું છે? ઘેટા પણ લોચ કરે છે, મેઢા પણ છ માસમાં વાળ કાપે છે. એમાં શું થયું? સમજાણું કાંઈ? આહા..હા..! રાગનો લોચ કર્યો નહિ. એને વિકલ્પ જે ઉઠે છે રાગ, શુભ આદિ હો, એ મારી ચીજ નહિ. મારામાં નહિ, હું રાગમાં નહિ, રાગ મારામાં નહિ. હું શુદ્ધ આનંદકંદ છું. એવી દૃષ્ટિ થયા વિના રાગથી પૃથક્ થાય નહિ. સમજાણું કાંઈ?

અનંત કાળ થયો. સંસારમાં અશુભભાવ તો અનંત વાર કર્યા પણ મહાવ્રત આદિના શુભભાવ પણ અનંત વાર કર્યા. પણ એની રુચિ, રસ છે કે એનાથી મારું કલ્યાણ થશે. હું આવી ક્રિયા કરું છું તો એના ફળમાં સરવાળે મારો મોક્ષ થશે (એમ માને છે). ધીરૂભાઈ! આવી આકરી વાત છે. એણે દુકાન છોડી, ધંધા છોડ્યા માટે અમે થઈ ગયા ધર્મી એમ નથી એમ કહે છે. એ.. પોપટભાઈ! છોડ્યું છે સમકિત. આ મેં છોડ્યું ને આ મેં ગ્રહ્યું એવો ભાવ થાય એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! આકરી વાત. સમજાણું કાંઈ?

**'તે વ્રત-સમિતિ પાળે તોપણ સ્વપરનું જ્ઞાન નહિ હોવાથી...'** રાગ ભિન્ન છે અને મારી ચીજ આનંદ જ્ઞાતા દૃષ્ટા શુદ્ધ ચૈતન્ય ભિન્ન છે એવું જ્ઞાન નહિ હોવાથી **'તે પાપી જ છે.'** આહા..હા..! ભારે આકરું. પાપી કહે છે. એઈ..! આ બધા શેઠિયાએ એમને એમ ગાળ્યો છે વખત. સત્ય શું છે અંદર? ચૈતન્યનું તેજ અને આનંદથી ભરેલો એવો આત્મા છે. એમાં એ વિકલ્પ-ફિકલ્પ, રાગ-બાગ એમાં નથી. સ્વભાવથી ભરપૂર ભર્યો છે અને રાગથી બિલકુલ ખાલી આત્મા છે. આહા..હા..! એવી ચીજની અંતર્મુખમાં સ્વસન્મુખની દૃષ્ટિ કર્યા વિના આવી ક્રિયા પંચ મહાવ્રતની કે પાંચ સમિતિ અનંત વાર કરી. શ્રીમદ્ કહે છેને? શ્રીમદ્‌માં ઈ આવે છે.

યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો,
વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો,

'યમ નિયમ સંયમ આપ કિયો' યમ લીધા, નિયમ લીધા, પંચ મહાવ્રત પાળ્યા. દૃઢ આસન લગાવીને ધ્યાન કર્યું. ધ્યાન શેનું? મારી વસ્તુ શું છે એની તો ખબર નથી. તો એના ધ્યેય વિના ધ્યાન શેનું? ધ્યેય જ્યાં લક્ષ કરવું છે એ ચીજ શું છે? એની ખબર વિના આમ બેસી જાય, મૂઢ થઈ જાય. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, આવું તો અનંત વાર કર્યું.

સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે,

જપ ભેદ જપે તપ ત્યોંહી તપે, ઉરસે હી ઉદાસી લહી સબપે,
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ ન પર્યો.
અબ ક્યોં ન બિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે.
બિન સદ્‌ગુરુ કોઈ ન ભેદ લહે,...

આ તો વાંચ્યું છે કે નહિ? શ્રીમદ્‌નું. કોને અર્થની (ખબર છે)? ઓલા ચોપડા વાંચ્યા હોય એવા પ્રેમથી નહિ વાંચ્યું હોય આ. એ તો બધાની વાત છેને. આ તો તમારું નામ છે. એ.. પોપટભાઈ! આ બધા પણ પૈસામાં કેટલા ધુંચી ગયા છે જુઓને. આહા..હા..! ધૂળમાંય નથી. ધૂળમાં તો શરીર માટી છે, અજીવતત્ત્વ છે. લક્ષ્મી અજીવતત્ત્વ છે, આબરૂ અજીવતત્ત્વ છે અને પુણ્ય ને પાપભાવ, શુભ ને અશુભ એ આસ્રવતત્ત્વ છે. એ અજીવ અને આસ્રવતત્ત્વથી જ્ઞાયક ચૈતન્યપ્રભુ ભિન્ન છે. એવી ભિન્ન દૃષ્ટિ થયા વિના રાગથી એકતા તૂટતી નથી અને રાગથી એકતા રહે છે એ જ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે પાપી જ છે.**' એમ લીધું છે. બિચારા કેટલું કરે. મહાવ્રત પાળે, ઉઘાડે પગે ચાલે, ઊના પાણી પીવે. બીજા કરતાં તો સારું કરે છે કે નહિ એટલું? ઓલા દુકાને બેસીને પાપ કરતો ઈ કરતાં. એ શુભભાવ પોતે એને માને મારો એ જ પાપી મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ! '**પોતાને બંધ નથી થતો એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તે...**' ઓહો..હો..! પોતાનું સ્વરૂપ શુદ્ધ જ્ઞાનાનંદ સહજાનંદની મૂર્તિ એની દૃષ્ટિનો જેને અભાવ છે. આહા..હા..! મને બંધ થતો નથી, સ્વચ્છંદ પ્રવૃત્તિ કરે છે. '**તે વળી સમ્યગ્દૃષ્ટિ કેવો?**' એ સમ્યગ્દૃષ્ટિ કેવો? આહા..હા..! '**કારણ કે જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય...**' જ્યાં સુધી આત્મામાં વીતરાગી ચારિત્ર પૂર્ણ ન થાય '**ત્યાં સુધી ચારિત્રમોહના રાગથી બંધ તો થાય જ છે...**' ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિને પણ જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી એને પણ બંધ છે. '**અને રાગ રહે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ તો પોતાની નિંદા-ગર્હા કરતો જ રહે છે.**' જુઓ! એ રાગ આવે છે તો ધર્મીને હેયબુદ્ધિ છે. પાટનીજી!

સોગાનીએ લખ્યું છેને? કે શુભરાગ તો અમને ભઠ્ઠી જેવો લાગે છે. એઈ.. તકરાર. ન્યાલભાઈએ એમાં લખ્યું છે, દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. શુભભાવ તો અમને ભઠ્ઠી જેવો લાગે છે. ભઠ્ઠી કહો કે અગ્નિ કહો, બીજું શું? અગ્નિ છે, રાગ અગ્નિ છે. આહા..હા..! કષાય કહો. એનો તો વિરોધ ચાલે છે. આમ કેમ કહ્યું? હવે સાંભળને. રાગ ચાહે તો શુભ હો કે અશુભ હો, છે તો આગ. છ ઢાળામાં આવે છેને? ભાઈ! પાટનીજી! 'રાગ આગ દહે સદા' રાગ આગ દહે સદા. છ ઢાળામાં આવે છે. આ તમારી ભાષા છે હિન્દી. ... ગુજરાતી ચાલે છે. પણ આવી ગયા વહેલા. કહો, સમજાણું કાંઈ? રાગ ચાહે તો શુભ હો, દયા, દાન,

વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ કે ચાહે તો હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ વાસનાનો રાગ, બેય આગ છે. આહા..હા..!

ભગવાન આત્મા એ રાગની આગથી ભિન્ન છે. અકષાય સ્વભાવ અને શાંતરસનો એ પિંડ છે. સમજાણું કાંઈ? એવી અંતરમાં દૃષ્ટિ ન હોય અને રાગના પ્રેમમાં પડ્યો હોય, એ મિથ્યાદૃષ્ટિ છે. ધર્મીને રાગ આવે છે, કહે છે. સમ્યગ્દૃષ્ટિને પણ રાગ તો થાય છે પણ એની નિંદા-ગર્હા, વળી નિંદા-ગર્હા કરવી એ પણ શુભભાવ છે. સમજ્યા? નિંદા-ગર્હા કરવાનો શુભભાવ આવે છે, નિંદા-ગર્હાનો ભાવ શુભ છે. એક તો ભાવ આવ્યો, વળી એની નિંદા-ગર્હા, બેય શુભભાવ છે પણ એવો ભાવ આવે છે. આહા..હા..! નિંદા ગર્હણા કરે છે. ઠીક છે એમ નથી માનતો. ધર્મી રાગને રોગ માને છે, આગળ આવશે હમણાં. ધર્મીજીવ, રાગ આવે છે તો એને રોગ માને છે. રાગને રોગ માનીને એનો ઉપચાર પણ કરે છે, પણ એ ઉપચાર અને રાગને રોગ માનીને ઉપચાર કરે છે. એને ભલો માનીને કરતો નથી. આહા..હા..! ભારે, આખી દિશા ફેર, બહુ ફેર.

'**જ્ઞાન થવામાત્રથી બંધથી છુટાતું નથી,...**' એ જ્ઞાન સમ્યક્ પણ થયું હોં, એમ કહે છે. એટલામાત્રથી બંધથી છુટાતું નથી. '**જ્ઞાન થયા પછી તેમાં જ લીનતારૂપ-શુદ્ધોપયોગરૂપ-ચારિત્રથી બંધ કપાય છે.**' રાગનો વિકલ્પ જે છે એનાથી ભિન્ન પડીને પોતાનું આત્મજ્ઞાન થયું તો એકલા જ્ઞાનથી કંઈ મુક્તિ નહિ થાય. એ આત્મજ્ઞાનમાં લીનતારૂપ ચારિત્રનો અપૂર્વ પુરુષાર્થ થાય છે ત્યારે એની મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એમ કહ્યું પહેલું, એમાં આ આવ્યું. કઈ અપેક્ષાથી (કથન) છે? ધર્મીને રાગ આવે છે પણ એની રુચિ નથી. એને ઝેર દેખાય છે. જેમ કાળો નાગ દેખે એમ ધર્મીને રાગ આવે છે એ ઝેર, કાળો નાગ દેખાય છે. આહા..હા..! અજ્ઞાનીને પસંદ પડે છે. રાગ આવે છે એમાં ખુશી થાય છે. એટલે ફેર છે. સમજાણું કાંઈ? હજી સમ્યગ્દર્શનની ખબર નથી તો એને ચારિત્ર ને વ્રત આવ્યા ક્યાંથી? સમજાણું કાંઈ? એકડા વિનાના મીંડા છે. શું કહે છે? એકડો નથી અને માને કે સરવાળો આવ્યો, શું આવ્યો? ધૂળ. રાગની રુચિ, રાગનું કર્તવ્ય, રાગ મારું કર્તવ્ય છે એમ માને છે તો એનાથી તો કંઈ આત્માને લાભ થતો નથી.

'**જ્ઞાન થયા પછી તેમાં જ લીનતા...**' આનંદમાં અંદર લીનતા, અતીન્દ્રિય આનંદમાં. આહા..હા..! સમજાણું કાંઈ? ચારિત્ર—શુદ્ધોપયોગરૂપ ચારિત્ર. ચારિત્રની વ્યાખ્યા આ, શુભ નહિ. પંચ મહાવ્રત અને સમિતિનો ભાવ એ તો શુભ છે, એ ચારિત્ર નહિ. આહા..હા..! ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એમાં શુદ્ધ ઉપયોગનું આચરણ, શુભાશુભ પરિણામ ભાવથી રહિત એવા અંતરમાં શુદ્ધ ઉપયોગના આચરણથી મુક્તિ થાય છે. એ શુદ્ધ ઉપયોગ તે ચારિત્ર

છે. અહીં તો પંચ મહાવ્રતના પરિણામ થયા તો ચારિત્ર થઈ ગયું, નગ્ન થયા તો ચારિત્ર થઈ ગયું. ધૂળમાંય ચારિત્ર નથી. સમજાણું કાંઈ?

ઈ આવે છે, શ્વેતાંબરમાં સજ્ઝાયમાં આવે છે, 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો ફેર પીછો પટક્યો'. સમ્યક્ આત્માના અનુભવ વિના આત્મજ્ઞાન વિના આવો દ્રવ્યસંયમ લીધો, નગ્નપણું થયું, છ છ મહિનાના અપવાસ કર્યા, વ્રત ચોખ્ખા પાળ્યા, ઈ દ્રવ્યસંયમ છે. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો'. આ પહેલા કહ્યુંને? નવમી ગ્રૈવેયક? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' પાછો ત્યાંથી નીચે પટકાયો. માખી અહીંથી ઊડીને લાકડી ઉપર જાય તો શું એ મનુષ્યથી ઊંચી થઈ ગઈ? એમ કોઈ શુભભાવ એવો કરે પંચ મહાવ્રતનો અને સ્વર્ગમાં જાય, એમાં શું થયું? જન્મ મરણનો નાશ કરવાનો ઉપાય જ્યારે હાથ આવ્યો નહિ તો ત્યાંથી ગ્રૈવેયકમાંથી નીકળીને મનુષ્ય થશે, ન્યાંથી પશુ અને ત્યાંથી નિગોદમાં જશે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધોપપયોગરૂપ-ચારિત્રથી બંધ કપાય છે.**' આહા..હા..! આ તો શુદ્ધ ઉપયોગ નીચે હોતો જ નથી એમ કહે છે. મુનિને પણ શુદ્ધ ઉપયોગ નથી હોતો, એ તો આઠમે ગુણસ્થાને હોય. સાતમે ક્યાંક લ્યે છે, ક્યાંક લ્યે છે. આઠમે એટલે શું? અત્યારે શુદ્ધ ઉપયોગ નથી એમ કહે છે. અરે..! શુદ્ધ ઉપયોગ ન હોય તો સમ્યગ્દર્શન થાય છે ઈ શુદ્ધઉપયોગમાં થાય છે. કેમકે આત્મા, દૃષ્ટાંત આપ્યું છેને અલિંગગ્રહણમાં, જેમ સૂર્યમાં-સૂરજમાં ઉપરાગ નથી, મલિનતા નથી. અલિંગગ્રહણ છે, વીસ બોલ છે. એમાં એમ લીધું છે, સૂરજમાં.. સૂર્ય છેને? મલિનતા ઉપરાગ નથી. એમ ભગવાન આત્મામાં શુભરાગ નથી. એ તો શુદ્ધઉપયોગસ્વભાવી આત્મા છે. શુભરાગ એનો સ્વભાવ જ નથી, એ તો વિભાવ અજ્ઞાન છે, રાગ છે. આહા..હા..! શુદ્ધઉપયોગસ્વભાવી આત્મા છે. તો આત્મામાં જ્યારે સમ્યગ્દર્શન થાય છે એ શુદ્ધ ઉપયોગની દશામાં થાય છે. શું રાગમાં શુભભાવમાં થાય છે? આહા..! ક્યાં પણ, ખબર ન મળે અને માની લે. શુદ્ધ ઉપયોગરૂપ ચારિત્ર. ભાષા કેવી છે. જુઓ! આ તો ગૃહસ્થ અર્થ કરે છે. જયચંદ્ર પંડિત, જયપુરવાળા. ૨૦૦ વર્ષ પહેલા (થયા). સમજાણું કાંઈ?

'**માટે રાગ હોવા છતાં, 'બંધ થતો નથી' એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તનાર જીવ મિથ્યાદૃષ્ટિ જ છે.**' જૂઠી, મિથ્યા નામ જૂઠી દૃષ્ટિવંત છે, અસત્ય દૃષ્ટિવંત છે, જૂઠી શ્રદ્ધા સેવનારો છે. આહા..હા..!

હવે '**અહીં કોઈ પૂછે...**' છે. અધિકાર તો બહુ સારો આવ્યો છે. '**વ્રત-સમિતિ તો શુભ કાર્ય છે...**' લ્યો. વ્રત પાળવા, સમિતિ પાળવી, નિર્દોષ આહાર લેવો, વિચાર કરીને બોલવું, જોઈને ચાલવું એ તો બધા શુભ કાર્ય છે '**તો પછી વ્રત-સમિતિ પાળતાં છતાં તે જીવને પાપી કેમ કહ્યો?**' આહા..હા..! આટલું પાળે, પરિષહ સહન કરે, પરસેવો,

નગ્નપણે રહે, શિયાળામાં.. શિયાળાને શું કહે છે? શિયાળાના દિવસોમાં ઠંડી સહન કરે, ગરમીના દિવસોમાં તૃષા સહન કરે, બીજી વાર પાણી પણ ન પીવે. આવી આવી ક્રિયા વ્રત કરે, સમિતિ પાળે અને એને તમે પાપી કહો છો? પોપટભાઈ! છે એમાં?

'**તેનું સમાધાન :— સિદ્ધાંતમાં પાપ મિથ્યાત્વને જ કહ્યું છે;...**' વીતરાગ સિદ્ધાંતના નિર્ણયમાં વિપરીત માન્યતાને જ પાપ કહેવામાં આવ્યું છે. ચારિત્રના દોષને પાપ, એ સાધારણ ગૌણ પાપ છે, મુખ્ય પાપ તો આ છે. આહા..હા..! છે? '**સિદ્ધાંતમાં પાપ મિથ્યાત્વને જ કહ્યું છે;...**' લો, બીજાને પાપ નથી કહ્યું? હમણાં કહ્યું, સમકિતીને આવો રાગ થાય છે (તો) નિંદા ગર્હણા કરે છે. એ બીજી વાત છે. અસ્થિરતાનો ચારિત્રનો દોષ છે. આ મિથ્યાત્વનો દોષ તો રાગને પોતાનો માને ઈ મહાપાપ છે. મહા મિથ્યાત્વનું પાપ છે. સમજાણું કાંઈ? રાગ કરતા કરતા કલ્યાણ થશે, હું મહાવ્રત પાળું છું, સમિતિ પાળું છે, આવો નિર્દોષ આહાર લઉં છું, આમ કરતા કરતા કલ્યાણ થશે. કેમકે વ્યવહાર સાધન છે અને નિશ્ચય સાધ્ય છે. તો આમ કરતા સાધ્ય થશે. આમ માનવાવાળો મિથ્યાદૃષ્ટિ પાપી છે. પંડિતજી! આવી વાત છે. ભાઈ! તારી ચીજ શું છે અંદર?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ચારિત્ર ન હોય તો... નિંદા ગર્હણા કરે છે, ઈ તો કહે છે. પણ આ તો રાગને જ પોતાનું સ્વરૂપ માનીને સમિતિ વ્રતાદિ પાળે છે. તો એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! મિથ્યાત્વની ગાંઠ તો રહી ગઈ અને શુભ આચરણ કરે છે. દયા પાળે, અહિંસા કરે, સત્ય બોલે, જોઈને ચાલે સંભાળીને અને એને માટે ભોજન બનાવ્યું હોય તો પ્રાણ જાય તોપણ ન લે. પણ એ તો બધો શુભભાવ છે, એ કોઈ ધર્મ નથી. આહા..હા..! પાપી કીધા. ધીરૂભાઈ! શું કહે છે? આ તો શેઠિયાઓ પણ બધા એમને એમ ચાલતા હતા, આ તો હવે... આહા..હા..!

સિદ્ધાંતમાં વીતરાગના માર્ગમાં '**મિથ્યાત્વને જ...**' પાછું જુઓ. એ.. ચેતનજી! અહીંયા પણ 'જ' આવ્યું. નિશ્ચય પાપી છે ભાઈ! આહા..હા..! જ્ઞાયક પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ પવિત્ર કલ્યાણની મૂર્તિ આત્મા એમાં રાગનો મેલ મારો છે અને એનાથી મારું કલ્યાણ થશે, મેલથી નિર્મળતા પ્રાપ્ત થશે, મહા મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ભારે અહીં સિદ્ધાંત (કહ્યો). '**પાપ મિથ્યાત્વને જ કહ્યું છે;...**' સમયસાર નાટકમાં આવે છે. મિથ્યાત્વ જ આસ્રવ છે, મિથ્યાત્વ જ બંધ છે. સમયસાર નાટકમાં. આહા..હા..! પ્રસિદ્ધ થાઓ. દાંડી પીટીને પોકાર કરે છે. કોઈપણ પ્રાણી શુભક્રિયા કરતો હોય અને એનાથી કલ્યાણ માને એ મિથ્યાદૃષ્ટિ છે. કહો, આ વ્રત પાળે, સમિતિ પાળે તોય મિથ્યાદૃષ્ટિ? તમારા કરતાં તો સારું કરે છે કે નહિ, દુકાને બેસીને પાપ કરે (ઈ કરતાં)? આહા..હા..! શુભભાવ સારો છે જ નહિ, મેલ છે, દુઃખ છે, ઝેર છે. નિજ અમૃત સ્વરૂપ આગળ એ મહાવ્રતનો શુભભાવ એ તો ઝેર છે. આહા..હા..!

પોતાની શાંતિને લૂટનારો છે. સમજાણું કાંઈ?

સિદ્ધાંતમાં ચારિત્રના દોષને રાગ નથી કહ્યો? મિથ્યાત્વને જ નિશ્ચયથી પાપ કહ્યું છે. એને કેવા શુભભાવ કહેવાય છેને. પહેલા ગુણસ્થાનમાં શુભભાવ હોય છતાં એને અશુભભાવ કહે છે. અને આને અશુભ હોય તોપણ શુભ પ્રધાનતાથી ત્યાં હોય. રાગ મંદ છેને. જ્યાં રાગની એકતા તૂટી ગઈ ત્યાં પછી રહ્યું શું? સાધારણ રાગ થયો. મોટું ઝાડ હોય, જેનું મૂળ કપાઈ ગયું એના પાંદડા પત્તાની મુદ્દત કેટલી? પંદર દિ'એ સુકાઈ જશે. જેણે એ પત્તા તોડી નાખ્યા, મૂળ સાજું રાખ્યું તો પંદર દિ'માં પાછા પાંદડા આવી જશે. સમજાણું કાંઈ? એઈ..! મૂળમાં ભૂલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વાત ચાલતી નથીને બહારમાં એટલે લોકોને એવી લાગે કે આહા..હા..! આ નવું ક્યાંથી કાઢ્યું? એમ કહે છે. હિંમતભાઈ!

મુમુક્ષુ :— બહારનું દેખાય છે.

ઉત્તર :— બહારનું દેખાય એની દૃષ્ટિ આંધળી છે. બહિરાત્મા બહારથી દેખે છે. આહા..હા..! પાંચ મહાવ્રત પાળે છે ને ઉઘાડા પગે ચાલે છે, ઊના પાણી પીવે છે, લોચ કરાવે છે, બ્રહ્મચર્ય પાળે છે.. શું આવ્યું એમાં? એ તો રાગનો મંદ ભાવ હો, શુભભાવ હો, એ ધર્મ નથી. એ કરતા કરતા ધર્મ થશે, ઝેર પીતા પીતા અમૃતનો ઓડકાર આવશે એમ નથી. આહા..હા..! ભારે આકરી વાત.

મુમુક્ષુ :— ધીમે ધીમે મરે છે.

ઉત્તર :— મરી ગયેલો છે અત્યારે જ. ધીમે ધીમે નહિ. મિથ્યાદૃષ્ટિ પાપી છે કીધુંને. જેને રાગની મહાવ્રતની ક્રિયા અને સમિતિની ક્રિયા, અઠ્યાવીશ મૂળગુણ લો, છ આવશ્યકની ક્રિયા, પંચ મહાવ્રત, પાંચ સમિતિ અને છ આવશ્યક લ્યો, પછી સામાયિક, પ્રતિક્રમણ આદિ. પાંચ ને પાંચ, દસ ને છ સોળ, બીજા બાર બોલ છે. એકવાર ભોજન કરવું, ઊભા ઊભા ભોજન કરવું. સમજાણું કાંઈ? સ્નાન નહિ કરવું, દંતધોવન કરવા નહિ એવા અઠ્યાવીશ મૂળગુણ સાધુના છે. એ તો રાગની ક્રિયા છે. એમાં પર તરફના હઠમાં વૃત્તિ ઉઠે છે, આમ કરું, આમ કરું એ વૃત્તિ ઉઠે છે એ રાગ છે, આત્મા નહિ. આત્મા રાગમાં આવતો જ નથી, રાગ આત્મામાં આવતો નથી. સમજાણું કાંઈ? આકરું પડે, વાડાવાળાને તો આકરું લાગે. ઠેકાણા શ્રદ્ધાના ન મળે અને આ બહારની ક્રિયાકાંડમાં ધર્મ માને અને મનાવે અને એવા માનનારા મળે. વાણિયાને નવરાશ ન હોય તો પછી એક કલાક, બે કલાક જાય. બહુ ધર્મ થયો, બહુ થયો, જાઓ! રખડો. બાવીસ કલાક ન્યાં ઘરે અને એક કલાક સાંભળવા નવરો થાય. એવું છે ધીરૂભાઈ! અહીંયા તો માર્ગ એવો છે. આહા..હા..! આ તો ગૃહસ્થ કરે છે હોં! જયપુરના જયચંદ્રજી પંડિત હતા. બહુ સારુ, આખું સમયસાર.. બહુ સારા અર્થ કર્યા છે. પાઠમાં હતુંને, કાલે નહોતું આપ્યું? કાલે લાવ્યા હતાને.

'सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बन्धो न मे स्या-
दित्युत्तानोत्पुलकवदना रागिणोऽप्याचरन्तु।'

એ રાગનું આચરણ કરે અને રાગ મારો છે એમ માને છે, '**आबम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा**' પાઠમાં જ છે એ તો. કળશ ઉપર છેને. '**रागिणोऽप्याचरन्तु**' રાગમાં પ્રેમમાં પડ્યો અને રાગનું આચરણ કરે છે એ પાપી છે. અમૃતચંદ્રાચાર્ય તો બોલે છે. દિગંબર મુનિ સંત જંગલમાં રહેવાવાળા હતા. આહા..હા..!

'**પાપ મિથ્યાત્વને જ કહ્યું છે; જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે.**' આહા..હા..! ભારે વાત ભાઈ! '**જ્યાં સુધી મિથ્યાત્વ રહે...**' રાગનો પ્રેમ અને રાગની રુચિ રહે છે ત્યાં સુધી મિથ્યાત્વભાવ છે. આહા..હા..! બાહ્ય પદાર્થની વાત તો શું કરે? પૈસાની રુચિ, પ્રેમ, દેહનો પ્રેમ. પ્રેમ શબ્દે 'આ મારી ચીજ છે' એવો પ્રેમ. આસક્તિ અસ્થિરતાની હોય એ બીજી ચીજ. આ તો મારી ચીજ છે, શરીર સારું હશે તો ધર્મ હશે. શરીરાદ્યં ખલુ ધર્મ સાધનમ્. વૈદ્યો એમ કહે, જુઓ! સવારમાં આવ્યું હતું. શરીર નિરોગ હોય તો મનમાં સ્ફુર્તિ રહે, મનમાં સ્ફુર્તિ રહે તો ધર્મ કરવામાં અવકાશ મળે. સાચું હશે? આહા..હા..! આવો ધર્મ કઈ જાતનો? હજી બિચારા દુકાનના પાપ છોડીને નવરા થાતા નથી.

અહીં તો કહે છે, સમ્યગ્દૃષ્ટિનો વેપાર ભલે હો, ચક્રવર્તીનું રાજ હો, સમ્યગ્દૃષ્ટિ રાગથી ભિન્ન પડીને પોતાની દૃષ્ટિ, પોતાના સ્વભાવનો અનુભવ કર્યો પછી છ ખંડનું રાજ અને છન્નુ હજાર સ્ત્રી હોય તોપણ એને રાગનો અલ્પ દોષ છે. અને રાગથી લાભ માનવાવાળો ત્યાગી મુનિ દિગંબર હોય, મહા મિથ્યાત્વનું પાપ છે. આટલો ફેર છે. વીતરાગમાર્ગમાં રાગમાર્ગથી લાભ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. વિધિએ કરવું અને અવિધિએ ન થયું. મિચ્છામી દુક્કડમ. એ.. ચેતનજી! એમાં તો ઈ છેને. એમ જ છે શ્વેતાંબરમાં તો. વિધિએ કર્યું ન હોય તો અવિધિએ ...

મુમુક્ષુ :—

ઉત્તર :— બસ, મન, વચન અને કાયાથી... આ શેઠિયાઓ પછી સાંભળે. એમ જ કહેતા હતા, હોં! મન, વચન, કાયા... બાર મહિને સંવત્સરીએ જાય એક પડિકમણું કરવા જાય. થઈ રહ્યું જાઓ, જય ભગવાન! આહા..હા..! ભાઈ! તને ખબર નથી. જેને ભગવાન મિથ્યાત્વ કહે છે એ પાપ શું ચીજ છે?

અહો..! એક આત્માના સ્વભાવથી વિરુદ્ધ રાગનો કણ અને રજકણ બેયમાં જ્યાં એકતાબુદ્ધિ અને મારાપણાની બુદ્ધિ છે ત્યાં સુધી ત્યાગી હોય તોપણ મિથ્યાદૃષ્ટિ પાપી છે. અહીં તો ઈ કહે છે. બીજા એમ કહે, આપણા કરતા તો સારા છેને. વળી એમ કહે.

બેય એક જ જાતના છે. તારા કરતા એટલે તારી દૃષ્ટિ ખોટી તો એની દૃષ્ટિ ખોટી. આહા..હા..!

'**જ્યાં સુધી મિથ્યાત્વ રહે...**' છે.. આહા..હા..! શરીરની ક્રિયાથી ધર્મ થાય છે અને રાગથી ધર્મ થાય છે, પુણ્યથી ધર્મ થાય છે, શુભભાવથી મારું કલ્યાણ થશે એવું મિથ્યાત્વ જ્યાં સુધી રહે છે '**ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને...**' શુભાશુભ સર્વ પરિણામને '**અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે.**' આહા..હા..! ચક્રવર્તી ભરત છ લાખ પૂર્વ ચક્રવર્તીપદમાં રહ્યા. સમજાણું કાંઈ? ૮૩ લાખ. ૭૬ લાખ કુંવરપદે. પૂર્વ કોને કહે? સીત્તેર લાખ કરોડ વર્ષ, છપ્પન હજાર કરોડ વર્ષનું એક પૂર્વ. પૂર્વની સંખ્યા કેટલી? સીત્તેર લાખ કરોડ વર્ષ અને છપ્પન હજાર કરોડ વર્ષ, એનું નામ એક પૂર્વ. એવા ચોર્યાશી લાખ પૂર્વનું ભરતનું આયુષ્ય હતું. અને ૭૭ લાખ પૂર્વ તો કુંવરપદે રહ્યા. અને પછી ચક્રવર્તીપદમાં છ લાખ પૂર્વ (રહ્યા). છ લાખ પૂર્વ. સમ્યગ્દૃષ્ટિ હતા, આત્માનું ભાન હતું. રાગ એ ઝેર-દુઃખ છે, મારી વસ્તુ આનંદ છે એમ અંતરમાં ભેદજ્ઞાન હતું. ત્યાં ભેદમાં કદી અભેદ થતું નથી. એ છ લાખ પૂર્વમાં છન્નુ હજાર સ્ત્રીનો સંયોગ. અંતર્મુહૂર્તમાં જ્યાં ધ્યાનમાં બેઠા તો ખલાસ થઈ ગયું. એક અંતર્મુહૂર્ત અંદરમાં એકાગ્ર થયા તો કેવળજ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? કેમકે એ તો ચારિત્રનો દોષ હતો. આ તો રાગને પોતાનો માને છે અને લાભ માને છે એ તો મિથ્યાત્વનો દોષ છે. આહા..હા..!

'**સર્વ ક્રિયાને અધ્યાત્મમાં...**' શુભ અને અશુભભાવને '**અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે.**' આહા..હા..! કેટલાકનું આનું લખાણ પણ પસંદ નહિ પડતું હોય એવું લાગે છે. રતનચંદજી (કહે) નહિ. (પણ) વાત તો યથાર્થ છે. ભગવાન અનંત શાંતગુણસ્વરૂપ પ્રભુ જ્ઞાતા દૃષ્ટા અને આનંદનું ધામ એના સ્વભાવનો અનાદર કરીને જેણે શુભક્રિયાના પરિણામનો આદર કર્યો એણે પોતાના સ્વભાવનો ઘાત કર્યો. સમજાણું કાંઈ? ઘાત શેમાં? પર્યાયમાં. વસ્તુ તો વસ્તુ છે. આહા..હા..! શું વાત! સમજાણું કાંઈ? '**વળી, વ્યવહારનયની પ્રધાનતામાં...**' ઓલું પરમાર્થ કહ્યું હતુંને? શુભાશુભ ભાવ બેય પરમાર્થદૃષ્ટિએ તો પાપ જ છે. યોગસારમાં કહ્યુંને? 'પાપ પાપને તો સહુ કહે, પણ અનુભવીજન પુણ્યને પણ પાપ કહે.' યોગસારમાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આનંદસ્વરૂપ પ્રભુ એમાંથી નીકળીને રાગમાં આવવું, માછલીને અગ્નિમાં નાખવા બરાબર છે. પાણીમાંથી કાઢીને અગ્નિમાં (નાખવા બરાબર છે). અહીંયા તો શુભાશુભ ભાવ બેયને પાપ કહ્યું. સૂક્ષ્મ વાત છે, ભાઈ! અનંત કાળમાં શલ્ય રહી ગયું, શલ્ય. મિથ્યા શલ્ય. રાગની ક્રિયા કરી અને માન્યું કે હું ધર્મક્રિયા કરું છું. એ અશુભ પાપ દુકાન આદિના અને આ શુભભાવ. બેય બંધના કારણ છે. એને ધર્મનું કારણ માન્યું. સમજાણું કાંઈ?

શ્રેણિક રાજા. સમ્યગ્દર્શન પામ્યા. રાજમાં હતા, હજારો રાણીઓ હતી અને તીર્થંકરગોત્ર

બાંધ્યું. રાજપાટનો ત્યાગ નહોતો. આસક્તિ હતી અંદર. પણ આસક્તિ એ ચારિત્રનો દોષ હતો. સમ્યગ્દર્શન ક્ષાયિક પામ્યા હતા. તીર્થંકરગોત્ર બાંધ્યું. અત્યારે પહેલી નરકમાં છે. શ્રેણિક રાજા ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિએ પહેલી નરકમાં છે. અઢી હજાર વર્ષ ગયા, સાડી એક્યાસી હજાર વર્ષ રહ્યા. આગામી ચોવીશીમાં પહેલા તીર્થંકર થશે. બાહ્ય ત્યાગ નહિ, વ્રત નહિ, નિયમ નહિ, તપ નહિ, કાંઈ નહિ. પણ સમ્યગ્દર્શન છે. આખો આત્મા પૂર્ણાનંદનો સ્વીકાર અનુભવમાં થયો. રાગનો અનાદર થઈ ગયો. ચાહે તો શુભ હોય તોપણ દુઃખ છે, આકુળતા છે. આકુળતા અને આનંદ વચ્ચે વિવેક થઈ ગયો. પણ આયુષ્ય પહેલા બંધાઈ ગયું હતું. મુનિની અશાતના કરી હતીને, શ્રેણિક રાજાએ, તો એમને નરકમાં જાવું પડ્યું. ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિ. (ત્યાંથી) નીકળીને આગામી તીર્થંકર થશે. પહેલા તીર્થંકર મહાપદ્મપ્રભુ. પદ્મપ્રભમલધારિદેવ આ ટીકા કરનાર. મહાપદ્મપ્રભુ તીર્થંકર થશે. આહા..! એ પ્રતાપ સમ્યગ્દર્શનનો છે. સમજાણું કાંઈ? ઈન્દ્રો જેના મિત્ર હતા. હીરા માણેકના સિંહાસન ઉપર બેસતા હતા. જેના શરીર ઉપર ક્રોડો અબજોના.. શું કહેવાય? દાગીના. હું એ નહિ, એ મારા નહિ. હું એમાં નથી. હું જ્યાં છું ત્યાં એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો અંતરમાં અનંત કાળમાં નથી કર્યો એવો વિવેક પરથી ભિન્ન પ્રગટ કર્યો. એક ભવ કરીને મોક્ષમાં જશે. અત્યારે નરકમાં છે. ત્યાંથી નીકળીને આગમી ચોવીશીના પહેલા તીર્થંકર થશે અને મોક્ષ જાશે અનંત વાર મુનિવ્રત ધારણ કર્યા, કંઈ લાભ ન થયો. એ વ્રત છે, શુભભાવ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

'**વ્યવહારનયની પ્રધાનતામાં, વ્યવહારી જીવોને...**' પાછુ હોં! '**અશુભ છોડાવી શુભમાં લગાડવા શુભ ક્રિયાને કથંચિત્ પુણ્ય પણ કહેવાય છે.**' વ્યવહારનયથી વ્યવહારી જીવોને પુણ્ય કહેવાય. નિશ્ચયદૃષ્ટિમાં તો સ્વભાવના આશ્રયની દૃષ્ટિમાં બેય ભાવ બાહ્ય છે અને બાહ્ય ભાવને પોતાના માને એ બહિરાત્મા છે. આહા..હા..! આવો ધર્મ ભારે ઝીણો. રાજકુમાર સોળ સોળ વર્ષની ઉંમર, અઢાર અઢાર વર્ષની ઉંમર. ભરત ચક્રવર્તીના પુત્રો હતાને. વસ્તુનું ભાન થઈ ગયું અને જ્યાં વૈરાગ્ય આવ્યો.. ઓહો..! છોડી દીધું. મણિ રત્નના પુતળાં જેવા શરીર. મારી ચીજ તો અનંત આનંદમય મારી ચીજ છે. એવું મને ભાન તો છે પણ હું એમાં લીન થવા માટે ચારિત્ર ગ્રહણ કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? ... એકસો આઠ રાજકુમાર. રવિકીર્તિ (આદિ) અઢાર અઢાર વર્ષના જુવાન મણિ રત્નની ગેડીએ, ગેડીએ ... દડા રમતા રમતા. એમાં એનો સેનાપતિ હતોને? જયકુમાર સેનાપતિ હતો ચક્રવર્તીનો, એણે દીક્ષા લઈ લીધી. એમણે સાંભળ્યું. રમતા હતા. ઓહો..! છન્નુ ક્રોડ પાયદળનો સ્વામી જયકુમારે દીક્ષા લીધી. ચાલો, ચાલો ભગવાન પાસે ચાલો. માણસ મૂક્યા હતા સાથે મા-બાપે. એમણે પણ ચાલો.. ચાલો.. ચાલો.. એમ કરતા કરતા લઈ ગયા ભગવાન પાસે.

ભગવાન પાસે જઈને કહે છે, મહારાજ! મને આત્માના સ્વરૂપમાં રમણ કરવાની ચારિત્રદશા આપો. આહા..હા..! એ ચારિત્ર પહેલા સમ્યગ્દર્શન હતું તો પછી સ્વરૂપમાં રમણતા કરવાની ક્રિયા થઈ. પણ જ્યાં સમ્યગ્દર્શન જ નથી ત્યાં બાહ્ય ક્રિયાકાંડમાં ઘુસી ગયા છે. મિથ્યાદૃષ્ટિ અને અચારિત્રી છે. આહા..હા..!

**'આમ કહેવાથી સ્યાદ્વાદ મતમાં કાંઈ વિરોધ નથી.'** પરમાર્થદૃષ્ટિથી પુણ્ય પાપને પાપ કહેવું અને વ્યવહારનયથી પાપ છોડાવવા શુભભાવને પુણ્ય કહે છે. પુણ્યથી ધર્મ થઈ જાય એમ વાત નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ સુદ-૯, મંગળવાર, તા. ૧૩-૦૩-૧૯૭૩
## શ્લોક-૧૩૭, પ્રવચન-૩૪૨

... છેને? હિન્દી, ૩૦૭ પાનું છે. **'વળી કોઈ પૂછે છે કે—'પરદ્રવ્યમાં રાગ રહે ત્યાં સુધી જીવને મિથ્યાદૃષ્ટિ કહ્યો તે વાતમાં અમે સમજ્યા નહિ.'** સમજ્યા નહિ કે શું કહો છો તમે? સમજાણું કાંઈ? પરદ્રવ્યમાં જ્યાં સુધી રાગ રહે ત્યાં સુધી જીવને મિથ્યાદૃષ્ટિ, જૂઠીદૃષ્ટિ, અસત્યદૃષ્ટિ માનવાવાળો છે એમ કહ્યું તો એ વાત અમે સમજ્યા નહિ. એમ શિષ્યનો પ્રશ્ન છે. તમારી વાત જૂઠી છે એમ નહિ. પણ શું કહો છો એ અમને સમજાયું નહિ. કેમ સમજાયું નહિ? **'અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરેને ચાહિત્રમોહના ઉદયથી રાગાદિભાવ તો હોય છે,...'** સમ્યગ્દૃષ્ટિને, ધર્માત્મા હો, ગૃહસ્થાશ્રમમાં હો, આત્મ અનુભવ હો તોપણ એને રાગ તો થાય છે. સમજાણું કાંઈ? એમ પંચમ ગુણસ્થાનમાં પણ રાગ તો થાય છે. એમ મુનિ છઠ્ઠે ગુણસ્થાને હોય, એમને પણ અનુભવ હોય, સ્થિરતા હોય તોપણ રાગ તો થાય છે. **'ચારિત્રમોહના ઉદયથી રાગાદિભાવ...'** રાગ આદિ છેને? રાગ, દ્વેષ આદિ ભાવ **'તો હોય છે, તેમને સમ્યક્ત્વ કેમ છે?'** પ્રશ્નનું રૂપ સમજ્યા? આચાર્યે એમ કહ્યું કે રાગને પોતાનો માનવાવાળા મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? **'रागिणोऽप्याचरन्तु'** એમ શબ્દ છેને? રાગી કોઈપણ આચરણ કરો તોપણ એ મિથ્યાદૃષ્ટિ છે. તો શિષ્યનો પ્રશ્ન થયો કે રાગ તો થાય છે. તીર્થંકર પણ ગૃહસ્થાશ્રમમાં રહ્યા હતા, ત્રણ જ્ઞાન હતા. ઋષભદેવ ભગવાન

ત્ર્યાશી લાખ પૂર્વ રહ્યા, રાજ હતું એમને, સ્ત્રીઓ હતી, કુટુંબ આદિ હતું કે નહિ? પંચમ ગુણસ્થાને પણ સાચા ધર્મી શ્રાવક હોય છે તેમને પણ રાગ તો હોય છે. મુનિને પણ પંચ મહાવ્રતાદિનો રાગ થાય છે. રાગ થાય છે અને તમે કહો છો કે જ્યાં સુધી રાગ રહે ત્યાં સુધી જીવને મિથ્યાદષ્ટિ કહે છે. પણ 'પરદ્રવ્યમાં' એમ શબ્દ પડ્યો છે.

'**તેનું સમાધાન :- અહીં મિથ્યાત્વ સહિત અનંતાનુબંધી રાગ પ્રધાનપણે કહ્યો છે.**' અહીંયા તો રાગ જે છે એ પોતાની ચીજ છે એવી એકત્વ માન્યતા જેની છે તેને અહીંયા રાગ કહ્યો છે. સમજાણું કાંઈ? ધર્મીને રાગ આવે છે પણ એ રાગમાં એકતાબુદ્ધિ નથી, પૃથક્‌બુદ્ધિ છે. ઝીણી વાત છે. ભરત ચક્રવર્તી, બાહુબલી બે ભાઈઓ હતા. લડાઈ કરતા હતા. અનેક લાખો કરોડો મનુષ્યોનો સંહાર પણ થતો હતો, તો શું એ રાગ વિના થયું? તો શું રાગ છે તો મિથ્યાદષ્ટિ છે ઈ? એમ પૂછે છે. તો એ રાગ છે એ તો અસ્થિરતાનો રાગ છે. રાગની એકતાબુદ્ધિનો રાગ નથી. સૂક્ષ્મ છે, ધીરૂભાઈ! આહા..હા..! જુઓ! શું કહ્યું? મિથ્યાત્વ સંબંધી રાગ, અનંતાનુબંધી રાગ. અનંત સંસારનું કારણ એવો જે રાગ છે એ રાગને પોતાનો માને તો મિથ્યાદષ્ટિ છે. એ રાગ જ્ઞાનીનો હોતો નથી. સમજાણું કાંઈ? પ્રધાનતાથી. ગૌણપણે સમકિતીને રાગાદિ થાય છે એની અહીં ગણતરી નથી.

'**જેને એવો રાગ હોય છે અર્થાત્ જેને પરદ્રવ્યમાં તથા પરદ્રવ્યથી થતા ભાવોમાં...**' શું કહે છે? ખુલાસો કરશે. જેને પોતાના આત્મા સિવાય પરવસ્તુ શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ પરદ્રવ્યમાં જેને, પરદ્રવ્યમાં અને પરદ્રવ્યથી થતા ભાવમાં. પરદ્રવ્યના નિમિત્તથી પોતાની પર્યાયમાં રાગ અને દ્વેષ થાય છે એમાં '**આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિ-અપ્રીતિ થાય છે,...**' દયા, દાન, વ્રતાદિના ભાવ, વિકલ્પ તો થાય છે ધર્મીને, પણ એ આત્મબુદ્ધિપૂર્વક નથી થતા (અર્થાત્) એ મારા છે એવી બુદ્ધિ નથી. આહા..હા..! એકતાબુદ્ધિ તૂટી ગઈ. એને અહીંયા રાગ ગણવામાં આવ્યો નથી. અહીંયા તો આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિ-અપ્રતીતિ થાય છે. રાગમાં એકતાબુદ્ધિથી પ્રીતિ અને દ્વેષમાં એકતાબુદ્ધિથી દ્વેષ. મારી ચીજ રાગ અને દ્વેષ રહિત છે, અનુભવ આનંદના સ્વાદવાળી મારી ચીજ છે એવું જ્યાં ભાન છે ત્યાં આત્મબુદ્ધિપૂર્વક રાગદ્વેષ થતા નથી. સમજાણું કાંઈ?

'**પરદ્રવ્યમાં તથા પરદ્રવ્યથી થતા...**' જુઓ ભાષા. કર્મ પરદ્રવ્ય છે અને શરીરાદિ પરવસ્તુ છે, દેવ-ગુરુ-શાસ્ત્ર પરવસ્તુ છે અને સ્ત્રી, કુટુંબ આદિ પરવસ્તુ છે. એ પરવસ્તુમાં મારો રાગ છે એવી આત્મબુદ્ધિપૂર્વક. આ મારી સ્ત્રી છે, મારો પુત્ર છે, મારા પિતા છે, મારા પિતાજી છે, આ ધંધો મારો છે જ્યાં સુધી આવી બુદ્ધિ પરમાં છે અને પરદ્રવ્યના નિમિત્તે થવાવાળા અંદર રાગ દ્વેષ, એમાં આત્મબુદ્ધિ છે કે આ મારા છે, ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે. પાટણીજી!

મુમુક્ષુ :— .... પરવસ્તુ તો છે.

ઉત્તર :— પરદ્રવ્ય તો છે પણ પરદ્રવ્યમાં એકત્વબુદ્ધિ નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નિમિત્તથી થાય છે. રાગમાં એકત્વબુદ્ધિ નથી. આમાં તો એવું છેને. સૂક્ષ્મ વાત છે.

અંતર ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદમય આત્મા છે. જેને રાગદ્વેષથી ભિન્ન પડીને આત્માના આનંદનો સ્વાદ આવ્યો એને રાગ થાય છે પણ રાગમાં આત્મબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? એ રાગ મારો છે અને એ હું છું, એવી બુદ્ધિ ધર્મીની નથી હોતી. સૂક્ષ્મ કાઢ્યું છે. **'रागिणोऽप्याचरन्तु'** લખ્યું છેને, એમાંથી આ ખુલાસો (કરે છે). **'તેને સ્વપરનું જ્ઞાનશ્રદ્ધાન નથી...'** આત્મા તો અતીન્દ્રિય જ્ઞાન અને આનંદસ્વરૂપ છે અને રાગ જે છે એ તો આકુળતા અને દુઃખજનક છે. ધીરૂભાઈ લખી લ્યે છે થોડું. ઠીક કરે છે, એમાં શું છે? આ તો નવું છે, બધી નવી જાત છે. આહા..હા..!

ત્રણ લોકના નાથ તીર્થંકરદેવની વાણી છે આ તો. સમજાણું કાંઈ? આહા..હા..! સાંભળ તો ખરો એકવાર. ધર્મીને રાગ થાય છે એ એને આકુળતા લાગે છે અને અજ્ઞાનીને રાગ થાય છે એમાં એને પ્રીતિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલા પ્રસ્તાવનામાં લખ્યું છે કે નહિ? બેને લખ્યું છે? હું તો પંગુ છું. છે એમાં? ભાઈ! સોગાનીએ લખ્યું છેને? હું પંગુ છું. મને બે ટંક શરીર ટકાવવા માટે આહાર આપો. હું કોઈનું કામ કરી શકું એમ નથી. છે ભાઈ? લખ્યું છે. બેન પણ કહે છે. 'કુછ ભી આશા મત રખો.' ન્યાલભાઈના શબ્દ છે. 'પંગુ સમજકર દો સમયકા ભોજન શરીર ટીકાનેકે લિયે દો.' છે તો એ વિકલ્પ. સમજાણું કાંઈ? રાગમાં એકત્વબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! પાટનીજી, લખ્યું છેને દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં? આહા..!

લડાઈ કરે છે ભરત ચક્રવર્તી આદિ, એમ લખે છે. લ્યો. દ્વેષનો અંશ આવ્યો પણ એ દ્વેષમાં એકત્વબુદ્ધિ નથી. દ્વેષને આકુળતામય જાણીને એને ભેદજ્ઞાનમાં પૃથક્ રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભરત ચક્રવર્તી સમ્યગ્દૃષ્ટિ હતા. તો જ્યારે છ ખંડ સાધવા ગયા હતા ત્યારે દિન દિન પ્રત્યે સેંકડો સ્ત્રી સાથે લગ્ન કરતા. દિન દિન પ્રત્યે. છન્નુ હજાર સ્ત્રી. સમજાણું કાંઈ? પણ અંદરમાં એ રાગની એકત્વબુદ્ધિ નહોતી. આહા..હા..! સમજાણું કાંઈ? ન્યાલભાઈએ તો લખ્યું છે કે કોઈ લોકો એમ જાણે છે કે ભરત ચક્રવર્તી છ ખંડ સાધે છે. પણ ઈ તો અખંડને સાધે છે. છ ખંડને નહિ. એવો શબ્દ પડ્યો છે. અખંડ આત્મા આનંદકંદને સાધે છે. છ ખંડ સાધે છે એમ દુનિયા દેખે છે. આહા..! ભારે આકરું. ચક્રવર્તી છન્નુ હજાર સ્ત્રી, છન્નુ કરોડ પાયદળ. ઓહો..હો..! છન્નુ હજાર છોકરામાં બત્રીસ હજાર તો

પુત્રી છે, ચોંસઠ હજાર તો પુત્ર છે. એમ છે કાંઈક. ચોસઠ, બત્રીસમાં કાંઈક ફેર હોય. એ બધું હું નહિ એ વસ્તુમાં. મારામાં એ વસ્તુ નથી, એ હું નથી. એમ રાગ અને પર પ્રત્યેની ઉદાસીન દશા સમ્યગ્દષ્ટિને સદા રહે છે. સમજાણું કાંઈ? પરદ્રવ્ય પ્રત્યે પણ એકત્વબુદ્ધિ નથી અને પરદ્રવ્યના નિમિત્તે થતાં પોતામાં રાગદ્વેષ એમાં પણ એકત્વબુદ્ધિ નથી. અને જ્યાં સુધી પરદ્રવ્યમાં અને પરદ્રવ્યથી ઉત્પન્ન થવાવાળા રાગ દયા, દાનાદિ એમાં પણ પ્રીતિ, એકત્વબુદ્ધિ કરે છે, તો કહે છે કે '**પ્રીતિ-અપ્રીતિ થાય છે, તેને સ્વપરનું જ્ઞાનશ્રદ્ધાન નથી...**' એને હું આત્મા આનંદકંદ પ્રભુ છું, જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે અને રાગ આકુળતા દુઃખમય છે, એમ બેનું ભેદજ્ઞાન નથી. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? જુઓ! તેને પરદ્રવ્યનું જ્ઞાનશ્રદ્ધાન નથી, ભેદજ્ઞાન નથી. આહા..હા..!

ધર્મીને, સમ્યગ્દષ્ટિને તો સ્વરૂપનું સાધન, આ ભાવ મારો અને સ્વરૂપ મારું, બસ. ચાહે તો પુણ્યને કારણે બાહ્ય સંયોગના ઘેરાવામાં પડ્યો હોય, ચારે કોર લશ્કર, અંતરમાં તો ભિન્ન છે. સમજાણું કાંઈ? ઈ માપ બહારથી કેવી રીતે નીકળે? અંતર દૃષ્ટિનો વિષય અને એ રાગની પૃથક્તા, અંતરદૃષ્ટિનો વિષય ધ્રુવ અને રાગની પૃથક્તા, એ તો અંતરનું માપ છે. સમજાણું કાંઈ? અને મુનિ હોય, ... છોડીને ત્યાગી થયા હોય, દિગંબર હોય, વસ્ત્રનો દોરો ન હોય પણ એ પંચ મહાવ્રતના પરિણામ જે રાગ છે એમાં એને એકત્વબુદ્ધિ છે. તો એ મુનિ મિથ્યાદૃષ્ટિ છે અને રાગમાં એકત્વબુદ્ધિ નથી તે સમ્યગ્દષ્ટિ છે. આહા..! સમજાણું કાંઈ?

જેને પરદ્રવ્ય, પોતાની વસ્તુ સિવાય પરપદાર્થમાં પ્રીતિ હોય અને દ્વેષ હોય અને પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન થયેલા પોતામાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભાશુભ ભાવ એમાં જેને એકત્વબુદ્ધિ છે તેને પરનું જ્ઞાન નથી. રાગ પર છે અને હું ચિદાનંદ આત્મા ભિન્ન છું એવો એને બોધ અને ભાન નથી. ભારે માર્ગ આ. આહા..! મુંબઈમાં તો સાંભળવાનું મળતું નથી. ધીરૂભાઈ! ધમાધમ ચાલે. આહા..હા..! કહે છે કે એને સ્વપરનું જ્ઞાનશ્રદ્ધાન નથી. આહા..હા..! કેમ કે રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિનો છે પણ એ આસ્રવ અને દુઃખદાયક છે અને મારી ચીજ છે એ તો અતીન્દ્રિય આનંદમય છે, એમ જેને રાગની પ્રીતિ છે તેને રાગ અને આત્માનું ભેદજ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીને રાગ પુણ્યભાવની મીઠાશ છે અને ધર્મીને રાગભાવ દુઃખરૂપ ભાસે છે. આટલો ફેર છે. સમજાણું કાંઈ? તેને સ્વપરનું જ્ઞાન શ્રદ્ધાન બેય નથી અને '**ભેદજ્ઞાન નથી એમ સમજવું.**' આહા..હા..!

વીતરાગ સ્વભાવ આત્માનો, જેને અંતરમાં રુચિ, શ્રદ્ધા અને પરિણતિ થઈ એને રાગનો કણ, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ નુકશાન અને દુઃખરૂપ લાગે છે. આહા..હા..! અજ્ઞાનીને તો એ પંચ મહાવ્રતના, દયા, દાનના પરિણામ સાધન, મારું ધર્મનું સાધન છે (એમ માને છે તો) આત્મામાં અને રાગમાં એકતાબુદ્ધિ થઈ. સ્વપરનું જ્ઞાનશ્રદ્ધાન એનું સત્ય

રહ્યું નહિ. બહુ ફેર, બહુ ફેર. જે 'જીવ...' હવે ખુલાસો કરે છે. પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થવાવાળો વિકાર, બેનો ખુલાસો કરે છે. જે **'જીવ મુનિપદ લઈ...'** મુનિ થયો, નગ્ન થયો દિગંબર થયો. **'વ્રત-સમિતિ પાળે...'** પંચ મહાવ્રત, જોઈને ચાલે, વિચારીને બોલે અને એને માટે ચોકા કરીને બનાવેલો આહાર લે નહિ એવું પાલન કરે **'તોપણ જ્યાં સુધી (વ્રત-સમિતિ પાળતાં) પર જીવોની રક્ષા,...'** આહા..હા..! આ પરદ્રવ્યની પ્રીતિની વ્યાખ્યા છે. હું પરજીવની રક્ષા કરી શકું છું, એવી માન્યતા મિથ્યાદષ્ટિની છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરજીવની પર્યાય તો પરજીવને કારણે થાય છે. તો આ એમ માને કે હું પરજીવની રક્ષા કરું છું. મૂળચંદભાઈ!

મુમુક્ષુ :— વાણિયાનું કામ છે?

ઉત્તર :— ..વાણિયાનું કામ છે. એ તો રાગ ભાવ થાય છે એટલું. પણ રાગથી પરની દયા પાળી શકે છે, રક્ષા કરી શકે છે એમ ત્રણ કાળમાં નથી. એનું આયુષ્ય ખુટી ગયું હોય તો દેહ છૂટી જાય. આયુષ્ય હોય અને મારવાનો ભાવ કરે તોપણ મરે નહિ. એ તો પરની ક્રિયા છે. આ કઠણ પડે છે લોકોને. પરની દયા કરી શકું છું એમ માનવું એ મિથ્યાત્વ છે. આકરી વાત છે. ઈ માનવું પડશે પણ. સાચી સાચી ત્રિકાળી સત્ય.

મુમુક્ષુ :— કરી શકું છું એ માન્યતા જૂઠી છે.

ઉત્તર :— કરી શકું એ માન્યતા જૂઠી છે. વ્હાલામાં વ્હાલી સ્ત્રી હોય, લો, જેને દુનિયા અર્ધાંગના કહે, અર્ધાંગના, અડધું અંગ ઈ અને અડધું અંગ હું, એમ કહેને? ગપ મારનાર તો બધું કહેને? ક્યાં અર્ધાંગના હતી? પણ એ મરતી હોય જ્યારે ચાલીસ વર્ષની ઉંમરે, સમજાણું કાંઈ? અને પોતાની પીસ્તાલીસ વર્ષની ઉંમર હોય અને એની ચાલીસ હોય, મરતી હોય તો ધણી તરફડિયા મારે, બચાવવા માટે. બચી શકે? આયુષ્ય પૂરું થવાનું હોય તો ખલાસ પણ થઈ જાય. પરને બચાવી શકે તો વ્હાલી સ્ત્રીને ન બચાવે? પચ્ચીસ વર્ષનો જુવાન છોકરો હોય, લ્યો. એકનો એક અને બે વર્ષના લગન, લીલા સાંઠા જેવી સ્ત્રી મૂકીને જાતો હોય. આ હાલ્યો. ભાઈ કહ્યું હતું? મૂળજીભાઈ. મૂળજીભાઈના ભાઈ ગુજરી ગયાને? શું નામ? ભાનુભાઈ. ગૃહસ્થ છેને? રાજકોટમાં, મૂળજીભાઈ લાખાણી. પૈસાવાળા ગૃહસ્થ છે. દસ દસ લાખ. જઈ આવ્યા હતા. અઢાર લાખ, તે દિ' ૭૬ની સાલમાં, મુંબઈ. બે ભાઈઓએ વહેંચ્યા અને ચાર છોકરાઓ છે. અને મોટો છોકરો આપણે 'આત્મધર્મ'માં નાખતા પહેલા. શું કહેવાય ઈ? સંપાદક તંત્રી. ઈ ગુજરી ગયો, સામે મોટો ગૃહસ્થ. પચ્ચીસ, પચાસ લાખવાળા. પોરબંદર. ન્યાં એણે લગન કર્યા. એના લગનમાં વિમાનમાં કેરીઓ લાવ્યા હતા મુંબઈથી. ગૃહસ્થ માણસ, આ પણ ગૃહસ્થ. ઈ મરવા પડ્યો, ભાઈ! એક છોડી. એની મા કહે છે કે આ હાલ્યો. મૂળજીભાઈ હતા. આ જાય છે. ... સમજાણું કાંઈ? અને એ જ

મૂળજીભાઈનો જ્યારે દેહ છૂટ્યો, ગૃહસ્થ માણસ, દેહ છૂટવા ટાણે.. આ શું કહેવાય તમારું? હાર્ટ એટેક આવ્યો. લોકો કહે, બોલાવો વૈદને, આ કહે બોલાવો લાલભાઈને. લાલચંદભાઈ છેને, મુંબઈમાં વ્યાખ્યાન કરે છે. બહુ પ્રીતિ એના પર, બહુ પ્રીતિ. બોલાવો લાલભાઈને, ઓલા કહે વૈદને બોલાવો, બોલવો લાલભાઈને. લાલભાઈ આવ્યા. દવા-બવા ચાલતી હશે. મૂળજીભાઈ! એમ લાલભાઈએ કહ્યું. દર્દ શરીરને થાય છે, આત્મા તો એને જાણનારો છે. એમ લાલભાઈએ કહ્યું. ત્યારે એણે જવાબ શું આપ્યો? કે આ શરીરમાં રોગ થયો એને જાણવાવાળો આત્મા છે? કે પોતાને જાણવાવાળો છે? ભાઈ ધીરૂભાઈ! એવો જવાબ આપ્યો. ગૃહસ્થ માણસ હતા. મોટી દુકાન હતી. ૭૩ની સાલમાં... કહેતા હતા. ... બે ભાઈઓ થઈને લઈ આવ્યા હતા. બધું સંકેલી લીધું. ૭૬માં, સોળ લાખ હોં! પણ એને કહે છે, મૂળજીભાઈ! ધ્યાન રાખો, રોગ શરીરને થાય છે. આત્મા તો રોગને દેખનારો છે. જવાબ આપે છે, ... રોગ દેખનારો આત્મા છે? મૂળજીભાઈ એમ કહે છે. પરને દેખે? મરવા ટાણે. ઓલો છોકરો મરવા ટાણે એની વહુએ કીધું, આ જાય છે. આ ભાનું ચાલ્યો. બેય જણા ગૃહસ્થ બે બાજુ. વિધવા બાઈ મૂકીને. શું કરીએ? ઠાઠડીમાં નાખીને બહાર લઈ ગયા તો રોવાનું નહિ કોઈને. ભગવાનનું નામ. અરિહંત.. અરિહંત.. અરિહંત.. છોકરાને હોં! અને ન્યાં બાળ્યો, ત્યાં અપૂર્વ અવસર ગાયું મસાણમાં. ભાઈ આપણા દેવશીભાઈ. ખબર છેને. દેવશીભાઈ લુહાર છે. બહુ ... અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? હવે મૂકને ... શરીર જડ છે. એ પડવાના ટાણે ન પડે તો ક્યારે પડે? છૂટું છે એ છૂટું ક્ષેત્રથી થાય છે. અહીં ભેગું એક ક્ષેત્રે દેખાતું હતું, જુદું તો છે. આ જુદું પડ્યું તો શું થઈ ગયું પણ તને એમાં? આવી પણ એક અવ્યક્ત રીતે શ્રદ્ધામાં પણ આટલું જોર છે. આહા..હા..!

વ્યક્ત રાગના વિકલ્પથી ભિન્ન મારી ચીજ, હું તો આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાતા દૃષ્ટા સિવાય પૂર્ણાનંદ સિવાય મારી કોઈ ચીજ જ નથી. એવી જ્યાં દૃષ્ટિ થઈ, ચાહે તો રાગ હો કે દ્વેષ હોય, એનો જ્ઞાતા દૃષ્ટા છે. સમજાણું કાંઈ? ભાઈને એમ થયું. ન્યાલભાઈને છેલ્લે હાર્ટ (એટેક આવ્યો). આહા..હા..! અહીં તો કહે છે કે રાગ થાય છે, પણ રાગ આ જાતનો થાય છે કે હું પરજીવની રક્ષા કરી શકું છું. મુનિપદ હો, પંચ મહાવ્રત પાળતો હોય, સમિતિ હોય, જોઈને ચાલતો હોય, નિર્દોષ આહાર (લેતો હોય), એને માટે બનાવેલું લેતો ન હોય અને પુસ્તક કે મોરપીંછી, કમંડળ પણ જોઈને મૂકતો હોય. આવું હોવા છતાં જેની દૃષ્ટિમાં, હું પરજીવને બચાવી શકું છું, રક્ષા કરી શકું છે, (તે જીવ) મિથ્યાદૃષ્ટિ છે. ઝાંઝરીજી! આહા..હા..! પરદ્રવ્ય સ્વતંત્ર વસ્તુ છે. એનું ટકવું કે બદલવું એ તો એને આધીન છે. એ.. મૂળચંદભાઈ! કોણ ફેરવે? આહા..હા..!

જે જીવ, હું પરની રક્ષા કરી શકું છું, સમજાણું કાંઈ? અને **'શરીર સંબંધી જતનાથી**

**પ્રવર્તવું...**' ઠીક! શરીરને એમ રાખવું કે કોઈ જીવને દુઃખ ન થાય એમ હું શરીરને રાખું. એ મિથ્યાદૃષ્ટિ છે. શરીરની પર્યાય પોતાથી થાય છે એમ માનવાવાળો છે. આ તો જડ છે. વીતરાગમાર્ગ તીર્થંકરનો માર્ગ અપૂર્વ છે. એ માર્ગ મળે અને સંસાર રહે એમ ત્રણ કાળમાં ન રહે. આહા..! સમજાણું કાંઈ? અહીંયા તો કહે છે, મુનિપદ ધારણ કરે, દ્રવ્યલિંગી હોય, નગ્ન સાધુ હોય, મહાવ્રત પાળતો હોય, સમિતિ પણ ઈર્યા, ભાષા, એષણા બરાબર પાળતો હોય પણ જેની દૃષ્ટિમાં, પરજીવની રક્ષા કરી શકું છું, એવી માન્યતા છે તો એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? છે ભાઈ? કો'ક દિ' વાંચવા જેવું છે આ ઓલા ચોપડા કરતાં. ઓલા ચોપડા તો બહુ વાંચતા હશે. એમ કહેતા હતાને? શું છે મોટું?

જે જીવ... આહા..હા..! '**શરીર સંબંધી જતનાથી પ્રવર્તવું ઈત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી...**' પરદ્રવ્યની ક્રિયાથી ધર્મ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરજીવની રક્ષા કરી શકું છું અને પરજીવની રક્ષાનો ભાવ મને મોક્ષનું કારણ છે. એમ માનનાર જૈન નથી. એને વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર કહે છે એના તત્ત્વની શ્રદ્ધા એને નથી. આહા..હા..! ભારે કામ ભાઈ! આ તો આખો દિ' બધા... ઘણી જીવદયા મંડળી નથી થતી? એમાં પણ .. હોય છેને? જીવદયા મંડળી અને એમાં પાછા બે-પાંચ જણા અગ્રેસર હોય.

મુમુક્ષુ :— ... હજાર રૂપિયા આપવાના.

ઉત્તર :— હા. ભળવું હોય તો એમ ભાઈ કહે છે. અહીં કહે છે, કોણ કરે? ભગવાન! આહા..! ભારે કામ બાપુ!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર અરહિંતનો માર્ગ જગતથી નિરાળો છે. આ શરીરની ક્રિયા જતનાથી આમ રહે અને પરજીવની રક્ષા હું કરી શકું, એવી માન્યતા અને '**પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના શુભ ભાવો...**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ છે. એ કર્મના નિમિત્તથી થયેલી ઉપાધિ છે. ભારે વાત ભાઈ! આહા..હા..! પરદ્રવ્ય... પહેલા પરદ્રવ્ય લીધું. પરજીવની રક્ષા અને શરીરની ક્રિયા, એ ક્રિયા હું કરી શકું છું અને એનાથી મારી મુક્તિ થશે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે, અજ્ઞાની છે. આહા..હા..! ગીરધરભાઈ! તમે તો બધા કાર્યકર્તા ઘણું કરતા હતા. અભિમાનને કર્યું. કાર્યકર્તા છે વઢવાણમાં, આસપાસ ગામડામાં (જાય). એક તો શેઠિયા ને વળી પાછા કાર્યકર્તા. નવરા થઈને કરે બધાનું કાર્ય, ભેગા થઈને. ધૂળેય કરે નહિ એમ કહે છે અહીં. આહા..હા..!

કીધુંને, સ્ત્રી વ્હાલી હોય એ ન કરી શકે. વ્હાલામાં વ્હાલો દીકરો મરતો હોય, લ્યો. અરે..! સ્ત્રી ચાલીસ વર્ષની ઉંમર હોય અને પીસ્તાલીસ વર્ષનો ..., તો બચાવવાનો ઘણો ભાવ કરે, બચાવી શકે? અરે..! અંદર હૃદયમાં કાંઈક બીજું પણ આવી જાય. શું ચોખવટ કરું સમજાણું? આ કરતાં પાંચ વર્ષ પહેલા મરી ગઈ હોત તો બીજી થાત. હવે આ નહિ

કરવા દે. કહેતો હતોને, મારી અર્ધાંગના છે? ઠગ શું કરે છે તું આ? એઈ..! મારી અર્ધાંગના, મને વહાલપ છે. અને ચાલીશ વર્ષે મરતી હોય અને પીસ્તાળીશ વર્ષની ઉંમર પોતાની હોય. હવે તો મોટી (ઉંમરે) પણ કો'ક કરે છે. અત્યારે મરે ત્યારે અધવચના થાયને. ન રહ્યા અહીંના, ન રહ્યા અહીંના. એમ થાય છેને ભાઈ! આ બધું જોયું છેને, અમે તો આખી દુનિયા જોઈ છેને. નાચનારને જોયા છે, નાચ્યા નથી એમાં. સમજાણું કાંઈ? આહા..હા..! ઈ કરતાં પાંચ વર્ષ પહેલા મરી ગઈ હોતને... તું કહેતો હતોને વ્હાલી છે? આવા તારા ભાવ લખણ તો જો. એ એવા ભાવથી મરે નહિ અને રાખવાના ભાવથી રહે નહિ. આહા..હા..! એ તો એની આયુષ્યની સ્થિતિનો જે સમય છે તેટલું રહેવાનો. ઈન્દ્ર ઉપરથી ઉતરે તો એની રક્ષા કરવા સમર્થ છે નહિ. આહા..હા..!

ઈન્દ્રનું આયુષ્ય જ્યારે પૂરું થાય છે ત્યારે ચોર્યાશી હજાર દેવ આમ રક્ષક ચારે બાજુ (ઊભા હોય). અંગરક્ષક ચોર્યાશી હજાર દેવ હોં! આમ ચોર્યાશી, આમ ચોર્યાશી સ્થિતિ પૂરી થાય, જીવ ઊડી જાય. ફટ કરતો. આપણી જેમ અહીંયા શરીર પડ્યું રહે એમ ન રહે. એના શરીરના રજકણ કપુરની ગોટીની જેમ વીંખાઈ જાય. અરે..! ક્યાં ગયા સ્વામી? ક્યાં ગયા સ્વામી? થઈ રહ્યું લ્યો. હથિયારબંધ ઊભા હોય આમને આમ. શું કરે? સ્થિતિ દેહની જેટલી હોય એટલું રહેવાનું. એને કોઈ એક સમય વધારી શકે કે કોઈ ઓછું કરી શકે, પરને બચાવી શકે કે મારી શકે, ત્રણ કાળમાં નહિ. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ! કહો, સમજાણું આમાં? બહુ સરસ લખ્યું છે. આ ખુલાસો કર્યો છે હોં અંદરથી.

**'પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના પોતાના શુભ ભાવો...'** દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો એનાથી **'પોતાનો મોક્ષ માને છે...'** એનાથી પોતાનો મોક્ષ માને છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાય છે કાંઈ? એ વાત જ સાંભળવા મળી ન હોય. આખી જિંદગી એમને એમ બફમમાં ને બફમમાં જાય. અભિમાની એમને એમ.. હું આનું કરું ને હું આનું કરું ને હું આનું કરું. હું કુટુંબ પાળું ને સંઘ પાળું, દુકાનની બરાબર રક્ષા કરું ને નોકરોને આમ જાળવું, ફલાણીને આમ (કરું). અભિમાનના પાર ન મળે. એ બધા મિથ્યાત્વના અભિમાન છે. આહા..! કાંતિભાઈ! શું હશે આ? કાંતિભાઈને ઓળખો છો ભાઈ? ત્યાં મુંબઈમાં ઓલા હતા, ઓફિસર. પંદરસોનો માસિક પગાર હતો. બાળબ્રહ્મચારી છે. લાખોપતિ પિતાજી. છોડી દીધી, નોકરી છોડી દીધી. આ નિવૃત્તિ માટે. પંદરસોનો પગાર ત્યાં ઉપર. મુંબઈમાં... શું કહેવાય ઈ? એરોડ્રમ. માસિક પંદરસો. બે વર્ષથી નોકરી છોડી દીધી. આ કરને ભાઈ હવે, નોકરા-ફોકરામાં ધૂળમાં કાંઈ નથી. બાળબ્રહ્મચારી છે.

કહે છે, ભાષા પાછી કેવી કે કર્મના નિમિત્તથી પોતામાં શુભભાવ, પાછો, ભાવ એના છેને? એ શુભભાવથી પોતાનો મોક્ષ માને છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનની

જાત્રા એ બધા શુભભાવ છે. એ શુભભાવથી ધર્મ માને છે, મૂઢ છે. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ! જાત્રા કાઢે ને દસ દસ લાખ ખર્ચે બિચારા. ...ભાઈ! કોણ કાઢે? સાંભળને હવે. પરદ્રવ્યનું કરે કોણ? આહા..! 'કરે કરમ સો હી કરતારા, જો જાને સો જાનનહારા.' હું આ પરદ્રવ્યની ક્રિયા કરું છું (એમ માનનારો) મિથ્યાદષ્ટિ મૂઢ અજ્ઞાની છે. આહા..હા..! સમજણ પણ જ્યાં સાચી નથી, ત્યાં એનો આરો ક્યાંથી આવે? સમજાણું કાંઈ?

પરદ્રવ્યના નિમિત્તે થવાવાળા (શુભ ભાવથી) પોતાનો મોક્ષ માને છે. એક વાત. '**અને પર જીવોનો ઘાત થવો,...**' મારાથી પર જીવ મરે છે એમ માનનાર પણ મિથ્યાદષ્ટિ છે. પર જીવને આત્મા મારી શકે છે? એનું આયુષ્ય પૂર્ણ થયું તો દેહ છૂટી જશે. તારો બચાવવાનો ભાવ હોય તોપણ મરી જશે. હું પરનો ઘાત કરી શકું છું, મારી શકું છું, જીવ અને શરીર હું જુદા કરી નાખું છું. કહે છે કે મિથ્યાદષ્ટિ છે, અજ્ઞાની છે. વીતરાગ જૈનદર્શનની એને શ્રદ્ધા નથી. અરિહંત પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરના માર્ગની એને ખબર નથી. આહા..હા.! ભારે પણ જગતથી ઊંધું ભારે ભાઈ. જગતથી ઊંધું એટલે સવળું. અને ઊંધે ઘડે ઊંધા જ રહે પછી બધા. ઘડો હોયને ઘડો, આમ ઊંધો હોય એના ઉપર સવળો ન રહે એક્કે. સવળો ઘડો હોય આમ ... તો રહે સવળા. એમ જેની દષ્ટિ ઊંધી એના બધા તર્કો પણ ઊંધા હોય. સમજાય છે કાંઈ? વીતરાગ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા અરિહંતદેવે કહેલું તત્ત્વ એમાં કહે છે કે પર જીવને હું મારી શકું છે. તારી તાકાત છે કે પર જીવની હિંસા કરી શકે. ભાવ થાય, પરને મારું એવો ભાવ થાય પણ ભાવથી કંઈ એ પ્રાણી મરી શકે? સમજાણું કાંઈ?

'**પર જીવોનો ઘાત થવો અયત્નાચારરૂપે પ્રવર્તવું...**' શરીરની અયત્ના થાય શરીરથી, એ તો જડની ક્રિયા છે. આહા..હા..! શરીરથી અયત્નાચારરૂપે પ્રવર્તવું '**ઈત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી...**' એ બધી પરદ્રવ્યની ક્રિયા છે. આહા..હા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— લખ્યું છે, પ્રશ્ન કર્યો છે એણે. પાટનીજી! ખાણિયા ચર્ચા જોઈ? ખાણિયા ચર્ચા, બે. એમાં બીજો પ્રશ્ન ઈ છે કે જીવિત શરીરથી ધર્મ થાય છે કે નહિ? બીજો. પહેલામાં એમ છે કે કર્મથી રખડતો નથી. એ પ્રશ્ન છે. પહેલા પ્રશ્ન ઈ મૂકવો હતો પણ પહેલા પછી આ મૂક્યો છે. ખાણિયા ચર્ચા થઈને પંડિતો વચ્ચે. ફૂલચંદજી અને... એક બાજુ બધા અને એક બાજુ ફૂલચંદજી. ખાણિયા ચર્ચા. ઘણા ... તમે જોયું નથી. એ પુસ્તક છે. ... એમાં લખ્યું છે. શું કહ્યું? જીવિત શરીર. જીવિત શરીરથી ધર્મ થાય છે કે નહિ? પંડિતનો પ્રશ્ન આવ્યો. આ શરીરથી ધર્મ થાય, આ શરીર તો માટી જડ છે, અજીવતત્ત્વ છે, પુદ્‌ગલ માટી તત્ત્વ છે. માટી તત્ત્વથી આત્મામાં ધર્મ થાય? ઘણો ખુલાસો ફૂલચંદજીએ કર્યો છે. થોડું

થોડું વાંચવું હવે, ધીરૂભાઈ! થોડો થોડો વખત લેવો. ખાણિયા ચર્ચા છે આપણે અહીં. એમને પુસ્તક આપજો. બહુ સારું છે, છે જૂનું. થોડું થોડું વાંચવું. હવે નવરાશ લેશેને! શું કરશે ત્યાં? દાંત કાઢે છે. એમ કે, આ ભાર ક્યાં નાખ્યો? હવે આમાં થોડો વખત લેવો. એ બધું ચાલ્યો જાય છે સંસાર. આહા..! બહુ સારું પુસ્તક છે. છે હિન્દી, પણ હિન્દી તો તમને સમજાયને. બહુ પુસ્તક સારા છે. એક હજાર છપાણા છે પુસ્તકો, થોડા રહી ગયા છે. બેય વાંચ્યાને? બેય તમે વાંચ્યા છે? વાંચ્યા? આખા? માટે ...

મુમુક્ષુ :—

ઉત્તર :— એમ કહે છે, હવે વાંચે તો સમજાશે, તે દિ' તો ઓઘે ઓઘે પડ્યું હોયને...

અહીં કહે છે કે પર જીવનો ઘાત કરવો એનાથી મને બંધ થાય છે, મિથ્યાદૃષ્ટિ છે. અયત્નાચારરૂપ પ્રવૃત્તિથી બંધ થાય છે, એ પરદ્રવ્યની ક્રિયાથી મને બંધ થાય છે. મિથ્યાદૃષ્ટિ છે. **'તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના અશુભ ભાવોથી જે પોતાને બંધ થતો માને છે...'** અને અશુભ ભાવથી જ બંધ થાય છે એમ માને છે. પણ શુભ ભાવથી પણ બંધ થાય છે એની ખબર નથી. ભારે ખુલાસો કર્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :—

ઉત્તર :— ઈ નહિ, વિકલ્પ જ એવો થાય છે પણ વિકલ્પનો સ્વામી નથી. ધર્મ નથી માનતો. શુભ ભાવ છે એનો જ્ઞાતા રહે છે. એવી વાત છે. ભાવમાં હોં! શરીરની અયત્નાચાર કરી શકતો જ નથી. ઈર્યા સમિતિથી ચાલે છે, જીવ દેખાય તો પગ ઊંચો કરવો એવું આત્મા કરી શકતો નથી. એ તો જડની ક્રિયા છે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં એવું આવે. એ શુભભાવ છેને એટલો. શરીર આમ કરવું. શરીરની ક્રિયા કરી શકતો નથી. શરીર ઊંચું થવું, નીચા થવું એ તો જડની ક્રિયા છે, આત્મા શું કરી શકે? ભાવ થાય છે, ભાવ શુભ છે. અને એનાથી ધર્મ માને અને એકલા અશુભથી જ બંધ માને, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! તત્ત્વની ખબર નથી, એક્કેય તત્ત્વની. જીવ શું? અજીવ શું? આસ્રવ શું? બંધ શું? નવ તત્ત્વના નામેય આવડતા ન હોય. સમજાણું કાંઈ?

કહે છે, **'અશુભ ભાવોથી જ પોતાને બંધ થતો માને છે ત્યાં સુધી તેને સ્વપરનું જ્ઞાન થયું નથી એમ જાણવું;...'** લ્યો ઠીક. અશુભ રાગથી જ બંધ માને છે, શુભ રાગથી ધર્મ માને છે. દેહની ક્રિયા જતનાથી પ્રવર્તવી એ મારાથી થાય છે, અજતનાથી થાય એ પણ મારાથી થાય છે. ત્યાં સુધી તેને સ્વ અને પરનું ભેદજ્ઞાન નથી. આહા..! આવો માર્ગ છે ભાઈ ઝીણો. અરે..! ચોર્યાશીના અવતારમાં દુઃખી.. દુઃખી.. દુઃખી. નરક, નરકની પીડા, નારકીની પીડા, ભગવાન કહે છે કે સાંભળે તો ખબર પડે. આહા..હા..! એક એક પળમાં એની વેદના સંયોગની નહિ પણ ભાવની. આકુળતા. આહા..હા..! કોઈ તો રાજા મહારાજા

હોય અને નરકનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો નરકમાં જાય. આહા..! આ શું છે? આ દુઃખની સ્થિતિ કેટલી? આ ક્યા સંયોગમાં હું છું? મૂઢ થઈ જાય મૂઢ. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જાય છે નરકમાં, આયુષ્ય પહેલા બંધાઈ ગયું હોય તો. જાણે છે કે એ તો સંયાગી ચીજ એવી છે. એનાથી મારામાં કોઈ દુઃખ નથી. મારી નબળાઈ જેટલી હોય એનું દુઃખ છે. એ આકુળતાનો પણ જ્ઞાતા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— દૃષ્ટિ પર જોર છે.

ઉત્તર :— દૃષ્ટિ જ્ઞાન ઉપર છે. આહા..હા..! ડબલ ન્યુમોનિયા થાય છેને? જુઓને! કફ. બેય બાજુ ફેફસા (ભરાઈ જાય). આમ કરે તો શૂળ નીકળે શૂળ. શું કરે? જડની ક્રિયાને રોકી શકે? એ દવાથી મટે? ડૉક્ટર કેમ મરી જાય છે? એ તો એની જડની પર્યાય થવાની હોય તો દવાને નિમિત્ત કહેવામાં આવે. શું દવાથી મટે છે? આહા..હા..!

મુમુક્ષુ :— આયુષ્ય હોય તો નિમિત્ત કહેવાય.

ઉત્તર :— આયુષ્ય હોય તો નિમિત્ત કહેવાય. એમાં શું? એ તો ... સ્થિતિનું કામ છે. એમાંથી ક્યાં બચ્યો છે? એ તો સ્થિતિને લઈને બચ્યો છે. આહા..હા..!

કહ્યું નહોતું તે દિ'? ૧૯૯૦ની સાલમાં. આ બેચરભાઈ. આખું કુટુંબ કરોડપતિ. પુંજાભાઈનો દીકરો અમુલખ. ૯૦ની સાલમાં અમારુ ચોમાસુ ત્યાં હતુંને. નવમ, નવમ. આખુ કુટુંબ કરોડપતિ ત્રણ ભાઈઓ, બૈરા, આખો ઓરડો ભરાઈ ગયેલો. મહારાજને બોલાવો ભાઈ, છેલ્લી સ્થિતિ છે. નવી પરણેલો. એને ડબલ ન્યુમોનિયા. બેચરભાઈ બિચારા ઊભેલા. હાથમાં રકાબીમાં મોસંબી આપી એને. ઝાલી શી રીતે શકે? ... લીધે જાય. આખું કુટુંબ ગૃહસ્થ ભાઈ. ભેગું ભાઈ ઓરડામાં. ત્રણ ભાઈઓ, ત્રણની વહુરુઓ, નાનાલાલભાઈ. છેને ભાઈ ત્યાં કંપની? ઝવેરી છે. જસાણી. ત્રણે ભાઈ ગુજરી ગયા. એ તો તે દિ' ત્રણ ભાઈ, વહુરુઓ, બધું મોટુ કુટુંબ ભેગું થયેલું. આહા..હા..! આંખમાંથી આંસુ ચાલ્યા જાય. એટલી પીડા. આમ કરે ત્યાં શૂળ, હેઠે બેસાડે ત્યાં શૂળ. શૂળ શૂળ સમજ્યા? ખૂંચે. બાપુ! એ તો જડની દશા છે, ભાઈ! તને ખબર નથી. જેણે જડથી જુદા જાણ્યા નથી એ જડમાં ભીંસાઈ જવાનો ઈ. આહા..હા..! સમજાય છે કાંઈ? એ ડબલ ન્યુમોનિયામાં હલોહલ કસ.

આ દરબાર હતા અહીં, ભાવસિંહજી. પચાસ લાખનો તાલુકો. અત્યારે કરોડનો. ભાવનગર. એની છોકરાની માં પહેલી મરી ગઈ. છેલ્લી સ્થિતિ આવી પોતાની દરબારની. હિંસા બહુ કરતા. હરણિયાને બહુ મારતા. છેલ્લે... ડૉક્ટર તો મોટા મોટા હોયને. મોટો પચાસ લાખની ઊપજવાળો. એ.. ડૉક્ટર! આ છોકરા માં વિનાના અને બાપ વિનાના થાય છે. કાંઈક કરો, કાંઈક કરો. મોટું રાજ, પચાસ લાખની ઊપજ, અત્યારે કરોડની. હવે તો.. આ બળકો અહીં નડે છે અહીં નડે છે. ડૉક્ટર શું કહે? આપણે મોટા ડૉક્ટરને બોલાવીએ. એમ કહેને? એમ

કહે કે નહિ નીકળે? ઈ ડૉક્ટર એમ કહે, આપણે મોટા ડૉક્ટરને બોલાવીએ. એમ કહે એટલે જરી ઓલાને રાહત થાય. આમાં ક્યાં નીકળે એવું છે? એક કાઢશે ત્યાં બીજો આવશે ન્યાંથી. આહા..હા..! જડનું હાડકાનું પૂતળું છે. એના પરમાણુના રજકણની જે અવસ્થા અંદર થાય એને રોકે કોણ? કાઢે કોણ? આહા..હા..! શ્વાસ એનો સગો નથી. નથી કહેવાતું આપણે ધીરૂભાઈ? શ્વાસ તારો સગો નથી એમ કહેવાય છે. કારણ કે ઈ શ્વાસ ખબર પડે કે અહીંથી ઉપડ્યો નાભિથી. નહિ રોકી શકે. આહા..! એ જડની ક્રિયા. પોપટભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :— સ્વતંત્ર પરિણામ.

ઉત્તર :— સ્વતંત્ર ઈ શ્વાસ ચાલે છે જડ. આ ડુંટીથી આમ. એ આત્માથી નહિ. એ શ્વાસ જ્યારે બંધ થાય... અમારે અહીં થયું હતુંને, શિવા પટેલને. શિવા પટેલ હતાને અહીં? વલ્લભ પટેલ એના કુટુંબી હતા. અહીં રહ્યા હતા. છેલ્લે ખાઈ-પીને આવ્યા. રસોડાની રસોઈ સારી અને એમાં શું કહેવાય? ઓળા ઓળા, શિંગના ઓળા ખાધેલા અને કેળા. નિરોગ શરીર. હું આહાર કરીને આમ નીકળ્યો. ત્યાં વળી.. કેમ પટેલ? કેમ છે? ખાઈને આવ્યા, નિરોગ શરીર. અંતક્રિયા છે. મેં કીધું, શું કહો છો? ગમે તેમ શ્વાસ અહીંથી ખસી ગયો. હું ખાઈને આવ્યો છું. બીજો કાંઈ નહિ રોગ, શરીર નિરોગી હતું. હું આહાર કરીને બહાર ફરતોને પહેલા, હમણાં તો અહીંને અહીં ફરું. કેમ છે પટેલ? અંતક્રિયા. શું થયું? શ્વાસ ખસી ગયો અહીંથી, બેસતો નથી હેઠે. બસ, છત્રીસ કલાક રહ્યો શ્વાસ. શક્તિ હોય તો બેસાડને હેઠે! જડની ક્રિયાને કોણ કરે અને કોણ રોકે? પણ શ્રદ્ધાના ભાન નથી અને પરનું શરીરનું કરી દઉં ને શ્વાસનું કરી દઉં ને પરનું કરી દઉં. આહા..હા..!

કહે છે એવા '**પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના અશુભ ભાવોથી જ પોતાને બંધ માને છે ત્યાં સુધી તેને સ્વપરનું જ્ઞાન થયું નથી એમ જાણવું;...**' પરદ્રવ્યની ક્રિયા હું જીવાડી શકું છું, રક્ષા કરી શકું છું, હું પરને મારી શકું છું, શરીરની અયત્ના અને યત્નાની ક્રિયા હું કરી શકું છું, શુભથી મોક્ષ થાય છે અને અશુભથી બંધ થાય છે એમ જ્યાં સુધી માને ત્યાં સુધી આત્મા અને જડનું ભેદજ્ઞાન નથી. આહા..હા..! '**કારણ કે બંધ-મોક્ષ તો પોતાના અશુદ્ધ તથા શુદ્ધ ભાવોથી જ થતા હતા,...**' ખુલાસો કરે છે. બંધ કોઈ જડની ક્રિયાથી કે પરના મરણથી કે મારવાથી બંધ થતો નથી. અશુદ્ધ ભાવ પુણ્ય અને પાપના ભાવ એનાથી બંધ થાય છે. અને શુદ્ધ ઉપયોગ શુદ્ધ ભાવ એનાથી ધર્મ થાય છે, મોક્ષ થાય છે. એની તો ખબર નથી. સમજાણું કાંઈ? બહુ સરસ ભર્યું છે પાટિયું. લ્યો, એ પાટિયું કહેવાય. ત્યાં પણ પાટિયું ફેરવે છે લઈ જવા.

કહે છે, '**બંધ-મોક્ષ તો પોતાના અશુદ્ધ...**' બંધ તો અશુદ્ધ ભાવથી થાય છે. અશુદ્ધમાં શુભ અને અશુભ બેય આવ્યા. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા શુભભાવ એ અશુદ્ધ છે,

એનાથી બંધ છે, ધર્મ નહિ. અને ધર્મ શુદ્ધભાવથી થાય છે. એ પુણ્ય અને પાપના ભાવથી પોતાની શુદ્ધ દૃષ્ટિ ચૈતન્યની (થાય) એવો ઉપયોગ શુદ્ધ થાય, શુદ્ધ આચરણની દૃષ્ટિ થાય ત્યારે એનો મોક્ષ થાય છે. સમજાણું કાંઈ? **'શુભાશુભ ભાવો તો બંધના જ કારણ હતા...'** આહા..હા..! એક વાત. **'પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર જ હતું,...'** આ બંધના કારણમાં ઓલું પરદ્રવ્ય તો નિમિત્ત છે. આહા..હા..! એ કળશની ટીકા ભરી છે. જયચંદ્રજી પંડિત, જયપુરના.

**'તેમાં તેણે વિપર્યયરૂપ માન્યું.'** વિપરીત માન્યું. પરદ્રવ્યની ક્રિયાથી બંધ, યત્નાથી મોક્ષ, અયત્નાથી બંધ. શુભભાવથી મોક્ષ અને અશુભભાવથી બંધ. બધી મિથ્યાદૃષ્ટિ જૂઠી દૃષ્ટિ છે. **'તેણે વિપર્યયરૂપ માન્યું. આ રીતે જ્યાં સુધી જીવ પરદ્રવ્યથી ભલુબૂરું માની...'** **'પરદ્રવ્યથી ભલુંબૂરું માની રાગદ્વેષ કરે છે ત્યાં સુધી તે સમ્યગ્દૃષ્ટિ નથી.'** ત્યાં સુધી ધર્મી નથી. ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. વિશેષ ખુલાસો આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ સુદ-૧૦, બુધવાર, તા. ૧૪-૦૩-૧૯૭૩
## શ્લોક-૧૩૭, પ્રવચન-૩૪૩

સમયસાર, નિર્જરા અધિકાર ચાલે છે. ત્રીજો પેરેગ્રાફ છે. છેલ્લી લીટી આવીને એમાં?

**'આ રીતે જ્યાં સુધી જીવ પરદ્રવ્યથી જ ભલુંબૂરું માની રાગદ્વેષ કરે છે ત્યાં સુધી તે સમ્યગ્દૃષ્ટિ નથી.'** છે? શું એનો અર્થ? કે આ આત્મા છે એ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક આનંદકંદસ્વરૂપ છે. એ તો ઊલટો અભિપ્રાય કરે છે તો અશુદ્ધતા ઉત્પન્ન થાય છે અને દેહાદિની ક્રિયા તો પરથી થાય છે. પણ એમ માને કે હું પર જીવની હિંસા કરી શકું છું, પર જીવની દયા, રક્ષા કરી શકું છું તો એ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— દયા કોની કરે? ભાવ આવે કષાયની મંદતાનો. એનાથી પર જીવની રક્ષા થઈ શકે એમ નથી. એ પરદ્રવ્ય તો સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? શરીરનું જતનાથી પ્રવર્તન

થવું એ પણ જડની ક્રિયા છે. અને પરની રક્ષા થવી એ તો પરની ક્રિયા છે. શરીરની અજતનાથી પ્રવૃત્તિ થાય એ પણ જડની ક્રિયા છે. અને પરની હિંસા થાય છે એ તો પરની છે. એ આત્મા કરી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ માને કે હું તો પરની રક્ષા કરી શકું છું, આ કુટુંબની, જીવની, પુત્રની, પત્નીની રક્ષા કરી શકું છું. મૂઢ છે. કેમકે એ તો પર પદાર્થ સ્વતંત્ર પોતાની પર્યાયથી ત્યાં ટકી રહ્યો છે. પોતાનું કાર્ય કરીને ત્યાં ટકી રહ્યો છે. એનું કાર્ય બીજો કરે એમ કદી બનતું નથી. આહા..હા..!

મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિમાં ઘણો તફાવત છે. એ બતાવ્યું. અને મિથ્યાદૃષ્ટિ અશુભ ભાવ થાય છે એનાથી જ બંધ માને છે. પણ શુભ ભાવ થાય છે દયા, દાનનો એ પણ બંધનું કારણ છે. એ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ? શુભ અશુભ ભાવ થાય. તો શુભ અને અશુભ બેયથી બંધન થાય છે. ધર્મ બેયથી નથી થતો. અને દેહની જતના અજતનાની પ્રવૃત્તિ થાય છે એ તો જડની છે. એમાં આત્માનો અધિકાર નથી. અને પર જીવની રક્ષા થવી અને હિંસા થવી એ તો પર જીવની ક્રિયા છે. પોતાનો અધિકાર એમાં નથી. પંડિતજી! એવી વાત છે? પછી કોઈ રક્ષા નહિ કરે. અહિંસા તો રાગની ઉત્પત્તિ ન થવી એ અહિંસા છે. અહિંસા, પરને ન મારવો એ અહિંસા તો રાગ છે, ન મારવો એ તો રાગ છે, રાગ છે તે હિંસા છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ એણે અનંત કાળમાં સમજણમાં લીધો નથી. માન્યું છે કે હું કાંઈક ધર્મ કરું છું. અજ્ઞાનપણે. પણ ધર્મ કઈ રીતે થાય એની ખબર નથી.

પૂજા, ભક્તિ, દયા, દાનના જે ભાવ છે એ શુભ પુણ્ય છે. બંધનું કારણ છે, ધર્મ નહિ. અજ્ઞાની એને ધર્મ માને છે. અને અશુભ ભાવ છે, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપ છે. તો એ પાપના પરિણામથી જ બંધ માને છે. પણ શુભ ભાવથી બંધ થાય છે એમ અજ્ઞાની માનતો નથી. કહો, સમજાણું કાંઈ? '**આ રીતે જ્યાં સુધી જીવ પરદ્રવ્યથી જ ભલુંબૂરું માની...**' હું પરદ્રવ્યનું ભલું કરી શકું છું અને પરદ્રવ્યની એટલે જીવની રક્ષા કરી શકું છું અને જીવને મારી શકું છું, એવી જ્યાં સુધી બુદ્ધિ છે ત્યાં સુધી એમ માની '**રાગદ્વેષ કરે છે ત્યાં સુધી તે સમ્યગ્દૃષ્ટિ નથી.**' એ ધર્મી નહિ, અધર્મી છે. ભારે વાત છે. સમજાણું કાંઈ? ડાહ્યાભાઈ! આવી વાત ... છે. પોપટભાઈ! શું કરવું આમાં? છોકરાને સાચવવા કે નહિ?

મુમુક્ષુ :— હવે તો છોકરાઓ એને સાચવો એવો વખત આવ્યો છે.

ઉત્તર :— ઈ પણ સાચવે ક્યાં? એ કોણ સાચવે? કોને સાચવે? આહા..હા..! જે જગતના સ્વતંત્ર પદાર્થ છે એ પોતાની વર્તમાનરૂપી કાર્ય કરવામાં સ્વતંત્ર છે. એ પર હોય તો એમાં કાર્ય થાય છે એમ નથી. કઠણ વાત છે ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવનું

આમ ફરમાન છે અને એવી વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? શરીરની અયત્ના થાય, અયત્ના થઈ તો જડની પર્યાય થઈ. પોતાનો ભાવ તો એમાં ભિન્ન છે. સમજાણું કાંઈ? એ જતના થઈ કે અજતના થઈ એ મારાથી થઈ છે, એમ માનવું તત્ત્વથી વિરુદ્ધ દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? મિથ્યા ભ્રાંતિ અજ્ઞાનીની છે.

ત્યારે કહે કે સમકિતીને તો રાગ થાય છેને? તમે કહો છો કે પરદ્રવ્યને ભલુંબૂરું માનવાથી મિથ્યાત્વ થાય છે અને રાગ થતાં જ અશુભથી જ બંધ માને અને શુભથી બંધ ન માને તો મિથ્યાદૃષ્ટિ છે. તો અમે કહીએ છીએ કે સમ્યગ્દૃષ્ટિને રાગ તો થાય છે. ચક્રવર્તીને છ ખંડ, છન્નુ હજાર સ્ત્રી, તીર્થંકરદેવ ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિત લઈને જન્મે છે. અને પછી છન્નુ હજાર સ્ત્રી સાથે લગન કરે છે, આ શું છે? એમ પૂછે છે.

તો કહે છે કે '**જ્યાં સુધી પોતાને ચારિત્રમોહસંબંધી રાગાદિક રહે છે...**' જ્યાં સુધી પોતાની પર્યાયમાં નબળાઈથી શુભ અને અશુભ રાગ થાય છે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ જીવ રાગાદિકમાં (અર્થાત્) એ પુણ્ય પાપના ભાવમાં '**રાગાદિક વિષે તથા રાગાદિકની પ્રેરણાથી જે પરદ્રવ્યસંબંધી શુભાશુભ ક્રિયામાં તે પ્રવર્તે છે...**' એમ દેખાય છે એનો અર્થ ઈ. '**તે પ્રવૃત્તિઓ વિષે એમ માને છે...**' એ પ્રવૃત્તિ દેહની ક્રિયા એવી થાય છે, રાગ પણ એવો શુભાશુભ થાય છે એમાં એમ માને છે કે '**તે તેમને રોગવત્ જાણે છે.**' આહા..હા..! '**આ કર્મનું જોર છે;...**' પણ રોગવત્ માને છે. તો એ કર્મના નિમિત્તથી, જોરથી થયું એમ માને છે. સમજાણું કાંઈ?

જેમ રોગની રુચિ જગતને નથી અને રોગનો ઉપચાર કરે ઔષધથી એની પણ એને રુચિ છે? પ્રેમ છે? એમ સમ્યગ્દૃષ્ટિ તો એને કહીએ, ધર્મી તો એને કહીએ કે જેને પોતાના આનંદનો સ્વાદ આવ્યો હોય. આહા..હા..! પોતાનું ચિદાનંદ સ્વરૂપ એનો આનંદ, અતીન્દ્રિય આનંદનો અનુભવ વર્તમાન દશામાં અસંખ્ય પ્રદેશે આનંદની સ્ફુરણા થઈને વેદન થયું છે. ભલે ગૃહસ્થાશ્રમમાં હો. સમજાણું કાંઈ? એ રાગ થાય છે એ કર્મનું જોર માને છે. કર્મના જોરનો અર્થ મારી નબળાઈ છે પણ રુચિ નથી. રાગ કરવાની રુચિ નથી અને રાગની પ્રેરણાથી દેહની ક્રિયા થાય એનો સ્વામી એ નથી. અરે.. ભારે! સમજાણું કાંઈ? ઈ એમ માને છે કે કર્મનું જોર (છે). મારી વસ્તુમાં મારો સ્વભાવ તો... અસ્થિરતાને કારણે જે રાગાદિક થયા એ મારી વસ્તુ નહિ. એ તો કર્મ જડ છે એના સંગમાં એવી દશા ઉત્પન્ન થઈ જાય છે. '**તેનાથી નિવૃત્ત થયે જ મારું ભલું છે.**' સમ્યગ્દૃષ્ટિ તો એમ માને છે કે ઈ રાગ આવ્યો એનાથી નિવૃત્ત થયે જ મારું કલ્યાણ છે. રાગથી મારું કલ્યાણ નથી, રાગમાં મને સુખબુદ્ધિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરનો પંથ કોઈ અલૌકિક જગતથી ભિન્ન જાત છે.

જગત સાથે મેળ કરવાથી એ ચીજ મળતી નથી, મેળ થઈ શકતો જ નથી. આહા..હા..! દુનિયા કહે કે અહિંસા પરમો ધર્મ. લ્યો. મૂળચંદભાઈ! એ અહિંસા કઈ? પોતામાં રાગની ઉત્પત્તિ ન થવી અને સ્વભાવ વીતરાગદશાની ઉત્પત્તિ થવી એનું નામ અહિંસા પરમો ધર્મ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! પર જીવની રક્ષા કોણ કરી શકે? કહ્યું નહિ? પોતાની સ્ત્રી હો અર્ધાંગના, નાની ઉંમરમાં દેહ છૂટે તો શું રાખવાનો ભાવ નથી? રહે છે? એ તો આયુષ્ય પૂર્ણ થતાં જ ખલાસ, ચાલી જાય છે. તારો ભાવ, તું સ્ત્રીને પ્રિય માને છે એ રાગનું કાર્ય પણ ત્યાં જીવાડી શકતું નથી. એ જીવી નથી શકતી. જે સમયે દેહ છુટવાનો છે તે સમયે છુટશે જ છુટશે. ચાહે તો લાખ ઇન્દ્ર અને દેવ ઉતારીને ઇંજેક્શન આપે, જે સમયે દેહ છુટવાનો તે સમયે છુટશે. તારો રાગ ત્યાં કાર્યગત નહિ થાય. તો એમાં કાર્યગત નથી થતો તો એ રાગ પર જીવને બચાવવામાં કાર્યગત થાય?

રાગથી કમાવાનો ભાવ આવે છે તો કમાઈ તો શકે છેને? રતનલાલજી! રાગ આવે છે કે નહિ કે હું કમાઉં. તો રાગથી ઈ પૈસા કમાય છે કે નહિ? ધૂળમાંય નથી. રાગ તો પાપ છે. પાપથી કમાણી થાય છે? એ તો પૂર્વના પુણ્યને કારણે જ્યારે પુણ્યની સ્થિતિ પૂરી થાય છે તો એવી સોગઠી ગોઠવાઈ જાય છે. તો ઈ એમ માની લે છે કે હું બરાબર વ્યવસ્થિત કામ કરું છું અને વ્યવસ્થા રાખું છું, નોકર ઉપર પણ બરાબર કબજો રાખું છું તો આ પૈસા (કમાઉં છું).

મુમુક્ષુ :— કબજો તો રાખવો જ પડે.

ઉત્તર :— ધૂળેય કબજો રાખતો નથી, કોણ રાખે છે? ગૃહસ્થાશ્રમમાં હોય તો એવો રાગ આવી જાય. સમજાણું કાંઈ? એ સોગાનીના પત્રમાં છે. નોકર હતોને? લઈ જતો હતો. એ છે. રાગ આવી જાય, આવે છે પણ રાગને ઝેર માને છે. દુઃખદાયક માને છે, આકુળતાનું કારણ માને છે. આહા..હા..! અજ્ઞાની એ રાગને શાંતિ અને આનંદનું કારણ માને છે. અથવા રાગથી હું કમાઉં છું અને વ્યવસ્થિત વ્યવસ્થા કરવાની મારી તાકાત છે તો આ કારણે અહીંયા પૈસા આવે છે. એમ અજ્ઞાની મૂઢ માને છે. એ.. ગીરધરભાઈ!

મુમુક્ષુ :— શું કરવું ..

ઉત્તર :— હાથ ક્યાં એના બાપના છે, જડના છે. આ તો જડના છે. આ તો જડ છે. આમ ચાલવું કે રહેવું એ તો જડને કારણે છે. આત્માના ભાવને કારણે ત્યાં પર્યાય ચાલે છે? સમજાણું કાંઈ?

પરદ્રવ્ય અને સ્વદ્રવ્ય ભિન્ન શું છે એની ખબર નથી અને પરદ્રવ્યની ક્રિયા થાય છે તો મારાથી થાય છે, પોતાને ઉપસ્થિત જોઈને અને અંદર રાગદ્વેષના પરિણામ થાય છે તો એની એકત્વબુદ્ધિ છે ત્યાં તો એ રાગદ્વેષને જ પોતાનું સ્વરૂપ માને છે. કહો, સમજાણું

કાંઈ? અનંત કાળમાં આ વાત રહી ગઈ છે. મુનિવ્રત ધારણ કર્યા અનંત વાર. આવે છેને છ ઢાળામાં? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, નિર્દોષ આહાર, ચોકા કરીને આહાર ન લે એવા જેના પરિણામ છે.

મુમુક્ષુ :— ઈ તો ચોથા કાળની વાત છે.

ઉત્તર :— ચોથા કાળની, પાંચમા કાળની... ઈ ભગવાનભાઈ કહેતા હતા. ચોથા પાંચમામાં ફેર હશે? પાંચમા આરામાં પકવાન કંઈ ગારાનો થાય છે? શિરો. શિરો ધૂળનો થાય છે? ચોથા આરામાં શિરો લોટનો થાય. ઘી, લોટ અને સાકર એનો શિરો થાય. શિરો સમજ્યા? હલવા. તો પંચમ કાળમાં શિરામાં કાંઈ ફેર હશે? કે લોટને ઠેકાણે ધૂળ નાખે અને ઘીને ઠેકાણે પાણી નાખે? શિરો થાય? એમ નથી. સમજાણું કાંઈ? પંચમ આરામાં હો કે ચોથા આરામાં હો, ધર્મ તો એક જ પ્રકારનો છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'.

અહીં કહે છે કે જ્ઞાનીને રાગાદિક થાય છે પણ ઈ માને છે કે એનાથી નિવૃત્ત થવામાં જ મારું હિત છે. અજ્ઞાની તો એમ માને છે કે રાગ કરું છું તો મને એનાથી પૈસા મળે છે, શરીર ચાલે છે, વ્યવસ્થા હું કરી શકું છું. એમ અજ્ઞાની માને છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**તે તેમને રોગવત્ જાણે છે.**' ધર્મીને રાગ તો આવે છે પણ રોગ માને છે, ઉપદ્રવ માને છે, ઉપસર્ગ માને છે. આહા..હા..! અજ્ઞાનીને રાગ ઉત્સાહિત થઈને, ઠીક કરું છું, એમ માને છે. દૃષ્ટિમાં ઘણો ફેર છે. દૃષ્ટિની ખબર નહિ અને એકલી ક્રિયાકાંડ કરે અને કહે, માને કે મને ધર્મ થઈ જશે. ધૂળમાંય ધર્મ નથી. એ વ્રત પાળે, સમિતિ જોઈને ચાલે, વિચારીને બોલે, એને માટે ચોકા કરીને બનાવેલો આહાર ન લે, એવી ક્રિયા હોય તોપણ શુભ ભાવ છે, એ ધર્મ નહિ. આહા..હા..! એ શુભ ભાવ બંધનું કારણ છે. એનાથી એ ધર્મ માને છે કે મેં ધર્મ કર્યો, પંચ મહાવ્રત પાળું છું તો ધર્મ કરું છું. મૂઢ જીવ પણ એને સાધુ માને છે. સમજાણું કાંઈ? બેય મિથ્યાદૃષ્ટિ છે. જૈનની શ્રદ્ધા, વીતરાગની શ્રદ્ધા શું છે એની ખબર નથી. પંડિતજી!

'**પીડા સહી શકાતી નથી...**' રાગ આવે છે ધર્મીને, પીડા સહન થતી નથી '**તેથી તેમનો ઈલાજ કરવારૂપે પ્રવર્તે છે તોપણ તેને તેમના પ્રત્યે રાગ કહી શકાતો નથી;...**' જેને રોગ અને રોગનો ઉપચાર કરે એમાં રુચિ અને પ્રેમ છે એમ કહી શકાય નહિ. સમજાણું કાંઈ? ભારે.. પંચ મહાવ્રત પાળે, એ પંચ મહાવ્રત મારું કર્તવ્ય છે, એ મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે એ તો રાગ છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહેલો દેખાય અને રાગ પણ દેખાય છે પણ રાગને રોગ માને છે. દૃષ્ટિમાં આ ફેર છે. આહા..હા..! '**તોપણ તેને તેના પ્રત્યે રાગ કહી શકાતો નથી;...**' આહા..હા..! '**કારણ કે જેને રોગ માને તેના**

પ્રત્યે રાગ કેવો?' આહા..હા..! સમજાણું કાંઈ?

રામચંદ્રજીમાં એક વાત છે. સીતાજીને રાવણ લઈ ગયો. સીતાજીએ.. હતાને? શું કહેવાય? દાગીના. ઈ ઉપરથી નાખી દીધા. ખબર પડે રામચંદ્રજીને પાછળ. તો પહેલા તો નુપુર હાથ આવ્યા સીતાજીના. તો લક્ષ્મણજીને પૂછે કે ભાઈ! આ નુપુર કોના છે? (લક્ષ્મણજી કહે છે), ભાઈ! મેં એક વાર માતાને પગે લાગતો હતો, ભાઈની સ્ત્રી હતીને તો માતા તુલ્ય માનતા હતા. લક્ષ્મણ બહુ સીતાજીને... હું એક વાર પગે લાગતો હતો તો એમના પગમાં નુપુર જોયા હતા તો ઈ નુપુર (એમના) લાગે છે. બાકી બીજા દાગીના ક્યા એના ઉપર મારી નજર નથી પડી. બાર વર્ષ જંગલમાં સાથે રહ્યા. વનવાસમાં બાર વર્ષ રહ્યા. સમજાણું કાંઈ? ત્રણે સાથે, રામચંદ્રજી, લક્ષ્મણ, સીતા. લક્ષ્મણજી કહે છે, મને સીતાજીના બીજા દાગીના શું છે એની મને ખબર નથી. એક વાર મારી નજર, માતાને પગે લાગવા ગયો હતો ત્યારે નુપુર જોયા હતા, આ નુપુર એમના લાગે છે. સમજાણું કાંઈ?

એમ ધર્મી રાગ આવે છે પણ 'રાગ મારો છે' એમ માનતો નથી. નજર નથી એની. નજર તો દ્રવ્યસ્વભાવ ઉપર છે. આહા..હા..! બહુ ઝીણી વાત. ધર્મી તો એને કહીએ કે જેની નજરું ચિદાનંદ નિધાન આનંદકંદ પ્રભુ છે એમાં જેની નજર પડી છે. સમજાણું કાંઈ? આહા..હા..! પરિણામ યથાર્થપણે જોવાની પણ તાકાત (નથી). માનતો નથી કે આ શું? હું તો આ વસ્તુ છું. એઈ..! આહા..હા..! આ ચીજ હું. ચિદાનંદ પ્રભુ.

આઠ વર્ષની બાલિકા હો પણ ધર્મી સમ્યગ્દષ્ટિ હો, તો એની દૃષ્ટિમાં તો દ્રવ્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ ઈ જ આવે છે. સમજાણું કાંઈ? એ લગન પણ કરે, પ્રેમ નથી, પ્રેમ નથી. રાગ આવ્યો, સહન નથી થતું રાગથી લગન કર્યા. પણ એ રાગ અને ક્રિયા, એ બધાનો સ્વામી નથી. એ મારી ચીજ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીને તો જ્યાં થોડો શુભ રાગ આવે, દયા, દાન શુભ આદિ.. ઓહો..! આપણે ધર્મ થઈ ગયો. ભગવાનની ભક્તિ કરી, સમેદશિખરની એક જાત્રા કરી, લો. ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી, સાંભળ તો ખરો. એ તો રાગ છે. સમેદશિખર જાત્રા લાખ કર પણ એ શુભરાગ છે, ધર્મ નહિ. એમાં આવે છેને? 'એક વાર વંદે જો કોઈ...' આવે છે? 'તાહિ નરક પશુ ગતિ નહિ હોઈ'. એકાદ ભવમાં એવું પુણ્ય હોય તો ન થાય.

મુમુક્ષુ :— આગળ લઈ જાય તો મોક્ષ જાય એમ કહે છે.

ઉત્તર :— ધૂળેય મોક્ષ જાય નહિ. એવી ક્રિયા ભગવાનના સાક્ષાત્ સમવસરણમાં ભગવાનની મણિ રત્નના થાળમાં, હીરાના થાળમાં મણિ રત્નના દીપકથી, કલ્પવૃક્ષના ફૂલથી સમવસરણમાં અનંત વાર ભક્તિ કરી છે. અનાદિ કાળનો આત્મા છે. સમવસરણમાં પણ અનંત વાર એવી ભક્તિ કરી. પુણ્ય હતું. ધર્મ માન્યો તો મિથ્યાદષ્ટિ હતો. રતનલાલજી! થોડી એવી વાત છે.

આહા..હા..! પાટનીજી! આવી વાત હશે આ ધર્મ વીતરાગનો? ભગવાન સાક્ષાત્ તીર્થંકર, સો ઇન્દ્રો પૂજે છે, ખમા ખમા... સિંહ અને વાઘ એમની સભામાં આવે છે. શાંત.. શાંત... નાગ અને વાઘ. નાગ સર્પ જંગલમાંથી આવે છે. શાંત... શાંત... શુભભાવ છે, ધર્મ નહિ. પોપટભાઈ! ભારે વાત! ઈ રાગથી હું ભિન્ન છું. મારી ચીજમાં પરદ્રવ્ય તો છે નથી પણ પરદ્રવ્યના નિમિત્તે થવાવાળા શુભ અશુભ રાગ એ પણ મારી ચીજ નહિ. આહા..હા..! એમ આત્મા સમ્યક્ ચૈતન્યમૂર્તિ ઉપર દૃષ્ટિ પડી તો રાગને રોગ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'કારણ કે જેને રોગ માને તેના પ્રત્યે રાગ કેવો?'** રોગવાળો એમ માને છે કે અત્યારે આ રોગ છે અને ઘણા માણસો જોવા આવે છે તો આ રોગ લાંબો સમય રહે તો ઠીક, એમ માને છે? ડાહ્યાભાઈ! ડાહ્યાભાઈ જેવા જજ હોય એને તો બહુ જોવા આવે. ચાલો ભાઈ જોવા, જજ છે. તો એ રોગને લંબાવે કે નહિ? અને ઔષધ-બૌષધના બાટલા ભરી રાખો. બે વર્ષ કામ આવે, રોગ હોય તો. એવી ભાવના છે? ડાહ્યાભાઈ! આહા..હા..! રોગ અને રોગનો ઉપચાર દવા બેયને છોડવાનો ભાવ છે.

એમ ધર્મીને રાગનો રોગ અને રાગનો ઉપચાર ક્રિયા જે થાય છે બધાને છોડવાનો ભાવ છે. આહા..હા..! અજ્ઞાનીને એ રાગ આવ્યો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા બસ! થઈ ગયો અમારે ધર્મ, કરતા કરતા ધર્મ થશે. મૂઢ છે, અજ્ઞાની છે, વીતરાગ દર્શનથી વિરુદ્ધ માન્યતા છે એની. સમજાણું કાંઈ? **'તે તેને મટાડવાનો જ ઉપાય કરે છે...'** ધર્મી તો રાગ અને રાગની પ્રેરણાથી થવાવાળી દેહાદિની ક્રિયા એને તો મટાડવાનો ઉપાય કરે છે, રાખવાનો ઉપાય કરતો નથી. આવો ધર્મ ભારે ભાઈ! **'અને તે મટવું પણ...'** શું કહે છે? ધર્મીને રાગ આવે છે, રોગ સમાન જાણે છે અને મટાડવા ઈચ્છે છે અને તે રાગનું મટવું પણ **'પોતાના જ જ્ઞાનપરિણામરૂપ પરિણમનથી માને છે.'** દેખો! આહા..હા..! એ રાગ જે શુભ અશુભ છે એને મટાડવા માંગે છે પણ મટાડવાનો ઉપાય, હું નવો રાગ કરું તો મટશે એમ નહિ, હું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છું, મારો જ્ઞાનસ્વરૂપી આત્મા જ્ઞાનરૂપે પરિણમન કરે, આનંદરૂપે પર્યાય ધારણ કરે તો રાગ મટશે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે પાટિયું ભર્યું છે.

જ્ઞાનપરિણામરૂપ પરિણમન. દેખો! શુદ્ધ ચૈતન્યપ્રભુ આત્મા એનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, એનું સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપમાં રમણતા એ ત્રણે જ્ઞાનપરિણામ છે, રાગ નહિ. એ જ્ઞાનપરિણમનથી રાગ મટાડવાનો ઉપાય માને છે.

મુમુક્ષુ :—

ઉત્તર :— દુનિયાથી વિરુદ્ધ છે, ભગવાન!

મુમુક્ષુ :— ડૉક્ટરની જરૂર નહિને?

ઉત્તર :— ડૉક્ટર-બોક્ટરની કોઈ જરૂર નહિ. ડૉક્ટર મરી જાય છે. એ ડૉક્ટર પોતે છે. રાગ મટાડનાર. એઈ..! ન્યાં ગુરુની જરૂર નહિ, દેવની જરૂર નહિ, શાસ્ત્રની જરૂર નહિ. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ રાગ, એ પણ રાગ મટાડવામાં સહાયક નથી. એવી વસ્તુ છે. પહેલી સમજણમાં સત્યતા તો લાવે કે વાત આમ છે. બીજી રીત કોઈ માને તો અજ્ઞાની મૂઢ જીવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયા તો કહે છે, 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા, ભાવધર્મ રુચિ હીન...' આવે છેને ભાઈ? ડાહ્યાભાઈ! 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા...' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા બસ એ દ્રવ્યક્રિયા, શુભભાવ. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા, ભાવધર્મ રુચિ હીન...' રાગથી ભિન્ન પોતાની વસ્તુ શું છે એના શ્રદ્ધા અને જ્ઞાનથી તો હીન છે. 'ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવીન?' ઉપદેશક પણ એને એવા મળે. રતનલાલજી! કરો દાન, તમારું કલ્યાણ થશે. ધૂળમાંય નહિ થાય, સાંભળને. શેઠિયાને પૈસાથી ધર્મ થાય અને શરીરનું બળ હોય એને અપવાસથી ધર્મ થાય અને મનનું બળ હોય એને વિચાર, વિકલ્પ કરે એનાથી ધર્મ થાય. ત્રણે ખોટા છે. બરાબર છે? રમેશભાઈ!

મુમુક્ષુ :— રાગ કરે છે કોણ? અને કરાવનાર કોણ છે?

ઉત્તર :— રાગ કરે છે પોતે, કરાવનાર કોણ હોય? રાગ પોતે કરે છે જાતે. પણ રાગની રુચિ જ્ઞાનીને નથી હોતી. રુચિ નથી પણ આવ્યા વિના રહેતો નથી. અને અજ્ઞાનીને રાગની રુચિ અને પ્રેમ છે. વાતમાં આ ફેર છે. આહા..હા..! કરે કોણ? બીજો કરે છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ કારણ કહે છેને, આ તો કહ્યું. તારી ચીજ જે અંદર આનંદસ્વરૂપ છે એનું પરિણમન કર તો રાગ છુટી જશે. આહા..હા..! આ તો અવલદોમની વાત છે. દુનિયાથી તો વિરુદ્ધ છે, ભાઈ! આહા..હા..!

રાગ અને રાગની પ્રવૃત્તિ જે ક્રિયામાં જડમાં નિમિત્ત થાય છે, શરીરની ક્રિયા, વિષયની, ભોગની, પૈસા લેવા દેવાની એ બધી ક્રિયાને ધર્મી મટાડવા માંગે છે અને મટાડવાનો ઉપાય પણ એ માને છે કે હું મારી વસ્તુમાં એકાગ્ર થાઉં તો એ બધું મટી જાય. આહા..હા..! હું આનંદધામ સચ્ચિદાનંદ પ્રભુ સહજાનંદ મૂર્તિ હું છું. આહા..હા..! મને પરદ્રવ્યની કાંઈ પડી નથી, રાગ આવ્યો એની સાથે મારે કોઈ સંબંધ નથી. વર્તમાન એક સમયની પર્યાય જે દ્રવ્યમાં પ્રસરે છે એ પર્યાય પણ દ્રવ્યથી ભિન્ન રહે છે. આહા..હા..! ભારે! દ્રવ્ય એટલે શું? પૈસો? દ્રવ્ય એટલે વસ્તુ, વસ્તુ. આત્મા આત્મા છેને અનાદિ અનંત, દ્રવ્ય દ્રવતિ દ્રવ્યં. પર્યાયને દ્રવે માટે દ્રવ્ય કહીએ. વસ્તુ વસ્તુ. ત્રિકાળ આનંદકંદ આદિઅંત રહિત એવી જે પોતાની વસ્તુ એ દ્રવ્યની અંતર દૃષ્ટિ થવાથી સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે. ધર્મીને રાગ

આવે છે, રોગ જાણે છે. અજ્ઞાનીને ભોગનો રાગ આવ્યો એમાં પ્રેમ લાગે છે, એની સુખબુદ્ધિ હોય છે. આહા..હા..! ધર્મીને રાગમાં દુઃખબુદ્ધિ છે. આહા..હા..! ચાહે તો ભગવાનની ભક્તિ હો, ધર્મીને રાગમાં કષાયભાવ દેખાય છે. આહા..હા..! કષ નામ સંસાર, રાગ સંસારનું કારણ છે. જેટલો શુભ અંશ આવે છે એ પણ સંસારનું કારણ છે, ભવનું કારણ છે. ભવના અભાવનું કારણ એ વસ્તુ નથી. એવું છે ભાઈ!

'**આ રીતે સમ્યગ્દૃષ્ટિને રાગ નથી.**' આ રીતે ધર્મીને રાગ હોવા છતાં રાગને રોગ સમાન જાણે છે, રાગને રાખવાનો ભાવ નથી, રાગ મટાડવાનો ભાવ છે અને મટાડવાનો ઉપાય, નિજ સ્વરૂપની રમણતાની મટશે એમ માનવાવાળાને રાગ છે પણ રાગ છે જ નહિ, જાઓ! સમજાણું કાંઈ? '**આ પ્રમાણે પરમાર્થ અધ્યાત્મદૃષ્ટિથી અહીં વ્યાખ્યાન જાણવું.**' આહા..હા..! આ પ્રમાણે અહીંયા પરમાર્થ, પોતાનો આનંદસ્વરૂપ ભગવાન એના આશ્રયે જે શાંતિ ઉત્પન્ન થાય છે તે જ ધર્મ છે. શુભ અશુભ પરિણામ બેય આકુળતા અને દુઃખ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**અધ્યાત્મદૃષ્ટિથી અહીં વ્યાખ્યાન જાણવું.**' પહેલા કહ્યું હતુંને? '**સિદ્ધાંતમાં પાપ મિથ્યાત્વને જ કહ્યું છે.**' પહેલા આવી ગયું. રાગની ક્રિયા અને દેહની ક્રિયાને પોતાની માનવી એ જ મિથ્યાત્વ છે, એ મિથ્યાત્વ મોટું પાપ છે. બીજા સત્તર પાપ કરતાં મિથ્યાત્વનું પાપ મોટું છે. સમજાણું કાંઈ?

જુઓ! '**અહીં મિથ્યાત્વ સહિત રાગને જ રાગ કહ્યો છે,...**' વિપરીત માન્યતાવાળાને જે રાગ છે તેને જ રાગ કહ્યો છે. જેની બુદ્ધિમાં રાગથી લાભ છે, રાગની ક્રિયા મારાથી થાય છે, જડની ક્રિયા પણ મારાથી થાય છે એવા મિથ્યાદૃષ્ટિના રાગને જ રાગ કહેવામાં આવ્યો છે. આહા..હા...! મોટી સમજણમાં ભૂલ. મણમાં આઠ પાનશેરીની ભૂલ. સમજાણું કાંઈ? મણ, મણ હોય છેને? મણ. આઠ પાનશેરી. આઠ પાનશેરીનો મણ થાયને? તો આઠ પાનશેરીની ભૂલ, મણમાં મણની ભૂલ. આહા..હા..! '**મિથ્યાત્વ વિના ચારિત્રમોહસંબંધી ઉદયના પરિણામને રાગ કહ્યો નથી;...**' આહા..હા..! મિથ્યાત્વ રહિત વિપરીત અભિપ્રાય છુટીને સમ્યગ્દર્શન થયું તેને ચારિત્રમોહસંબંધી પરિણામ શુભ અશુભ ભાવ છે એને રાગ કહ્યો નથી, તેનો તો આત્મા જ્ઞાતા છે, એનો રાગ નથી. આહા..! સમજાણું કાંઈ? '**માટે સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનવૈરાગ્યશક્તિ અવશ્ય હોય જ છે.**' લ્યો, આ સરવાળો. આ કારણે '**સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનવૈરાગ્યશક્તિ અવશ્ય હોય જ છે.**' એનો અર્થ શું? કે પોતાનું પૂર્ણાનંદ સ્વરૂપ મહાસત્તા ચૈતન્ય આનંદનું જ્ઞાન, એનો અનુભવ એ જ્ઞાન અને રાગથી વિરક્ત છે એનું નામ વૈરાગ્ય. આહા..હા..! બહુ વાત (આકરી).

વસ્તુ પરમાત્મસ્વરૂપ પોતાનું એનો અનુભવ. વસ્તુ સ્વભાવ ચૈતન્યમૂર્તિનો અનુભવ એ જ્ઞાનશક્તિ અને તે જ કાળે રાગથી વિરક્ત ભાવ એ વૈરાગ્યશક્તિ. આહા..હા..! આ વાત

વીતરાગ સિવાય ક્યાંય નથી, ક્યાંય નથી. બધે ગપેગપ માર્યા છે બધાએ. સર્વજ્ઞ આ તો પરમેશ્વર એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, પૂર્ણ અનુભવ થયો, ઈચ્છા વિના વાણી સર્વજ્ઞ અનુસાર નીકળી. એ વાણીને આગમ કહેવામાં આવ્યા. એ આગમમાં આવું લખાણ છે. કહો, સમજાણું કાંઈ? ... આવવામાં મોડું થયું? ત્રણથી ચાર હોય છેને. શું કહે છે? સૂક્ષ્મ છે. ...

આ આત્મા જે છે, અંદર આત્મચીજ જે છે એ તો જ્ઞાન અને આનંદથી ભરેલો પદાર્થ છે અને એમાં જે રાગ ને દ્વેષ ને દયા, દાન ને પુણ્ય પાપના ભાવ થાય છે એ વિકાર છે, એ દુઃખ છે, ઝેર છે અને શરીર, વાણી, મન તો અન્ય દ્રવ્ય, અન્ય પદાર્થ છે. ડાહ્યાભાઈ! આ ત્રણ વસ્તુ. પોતાની ચીજ જે છે મૂળ ચીજ એ તો આનંદ અને જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. અનાદિથી એની ખબર નથી અને એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એ શુભ રાગ, અશુભ રાગ બેય વિકાર છે, બેય દોષ છે, બેય ઝેર છે, બેય બંધનું કારણ છે. અજ્ઞાનીને અનંત કાળમાં એની ઓળખાણ થઈ નથી. એમને એમ ચાર ગતિમાં રખડે છે.

વીતરાગ પરમાત્મા સર્વજ્ઞદેવ કહે છે કે જે વિપરીત અભિપ્રાય સહિતના જે રાગ દ્વેષ છે એને અહીંયા રાગ કહેવામાં આવ્યો છે. ધર્મની જે દૃષ્ટિ થઈ કે અરે..! હું તો ચિદાનંદ આત્મા છું. આઠ વર્ષની બાલિકા પણ સમ્યગ્દર્શન ધર્મ પામે તો (એમ માને છે કે) હું તો આત્મા આનંદસ્વરૂપ છું. રાગ છેને? હો, દુઃખરૂપ છે. શુભ અને અશુભ રાગ આકુળતાજન્ય ઉપાધિ છે. અને શરીર અને વાણી, બાહ્ય કુટુંબ, સ્ત્રી આદિ એ તો બધા ભિન્ન પદાર્થ છે. મારે અને એને કોઈ સંબંધ નથી. એવી અંતરમાં દૃષ્ટિ થાય તો એને ધર્મ થાય છે. રતનલાલજી! આવી વાત છે. આ પૈસા-બૈસા બહુ ખર્ચે એટલે ધર્મ થાય છે એમ નથી એમ કહે છે. પૈસા તો જડ છે, ધૂળ. રાગ મંદ કરે તો પુણ્ય થાય. તીવ્ર રાગ કુટુંબને માટે રાખવાનો હોય તો પાપ છે. ધર્મ નથી એનાથી. એ રાગથી પૃથક્ થઈને પોતાની વસ્તુની સંભાળ કરે, જેને આત્મજ્ઞાન કહે છે. આહા..હા..! એ રાગનું પણ જ્ઞાન નથી, પરનું જ્ઞાન પણ નથી, પોતાના સ્વરૂપનું જ્ઞાન છે. ત્યારે એને મિથ્યાત્વરૂપી ગાંઠ નાશ પામે છે અને અલ્પ રાગ રહે છે તેનો એ સ્વામી રહેતો નથી. સમજાણું કાંઈ? તો ઈ કહે છે, જુઓ!

અધ્યાત્મ શાસ્ત્રોમાં '**મિથ્યાત્વ સહિત રાગને જ રાગ કહ્યો છે,...**' વિપરીત માન્યતા. દેહની ક્રિયા હું કરી શકું છું, પરની દયા હું પાળી શકું છું, પરની હિંસા હું કરી શકું છું, હું વ્યવસ્થિત વ્યવસ્થા કરવાવાળો છું તો આ બધી વ્યવસ્થા ચાલે છે. રતનલાલજી! નહિ? તમારે .... તમે વિશેષ વ્યવસ્થા કરો છો એમ સાંભળ્યું છે. સમજાણું કાંઈ? બે ભાઈ છેને. કહે છે કે રતનલાલજી વિશેષ વ્યવસ્થા કરે છે. લોકો માને છે હોં! વ્યવસ્થા કરી શકે છે?

પોપટભાઈ! નહિ?

મુમુક્ષુ :— અહીં તો નહિ જ કહેવાયને.

ઉત્તર :— પણ આ આંગળી ચાલે છે એ જડ છે. આ તો પરમાણુ માટી છે, અજીવ છે. અજીવની અવસ્થા અજીવથી થાય છે. આ અવસ્થા છે એની, એ અજીવની અવસ્થા આત્માથી ત્રણ કાળમાં થતી નથી. એક તત્ત્વ બીજા તત્ત્વની ક્રિયા કરે એમ ત્રણ કાળમાં બને નહિ. ભાન નથી મૂઢને. જ્યાં ત્યાં માની લે છે કે મારાથી આ થયું, મારાથી આ થયું. મહા મિથ્યાત્વના પરિણામ છે એનાથી ચાર ગતિમાં રખડે છે. વેપાર-બેપારમાં ધ્યાન રાખે છે તો થાય છે કે નહિ કાપડ બજારમાં?

મુમુક્ષુ :— આખી દુનિયા રાખે છે.

ઉત્તર :— દુનિયા ગાંડી છે પાગલ. માને છે કે હું આમ કરું છું.

પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા અરિહંત પરમેશ્વરની વાણીમાં એમ આવ્યું ઈ વાત અહીંયા કહે છે. પરનું હું કાંઈ કરી શકું, મૂઢ છે. આહા..હા..! અરે..! પોતાની પર્યાયમાં પણ જ્યારે રાગ અને દ્વેષ થાય છે તો એ વિકારની દશા મારી નિર્વિકારી વસ્તુથી અભેદ છે એમ માનવાવાળો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. મૂળચંદભાઈ! સમજાણું કાંઈ? કાલે વાત થઈ હતી હોં! તમારા રામાનંદજી તમારા પિતાજી, પછી યાદ આવ્યું, અહીંયા રહ્યા હતા, પછી યાદ આવ્યું. ભાઈએ કહ્યું. શેઠનું ઘર છેને, સાગરવાળા, ભગવાનલાલ શેઠ, બીડીવાળા છેને સાગર, એમનું મકાન છે ત્યાં રહ્યા હતા. પછી યાદ આવ્યું. કાલે વાત કરી, મારા પિતાજી રામાનંદ છે. આવી ગયા હતા. રાત્રે વાત થઈ હતી. ચંદુભાઈએ કહ્યું. મેં કીધું, બરાબર યાદ આવ્યું. ... ચાર-પાંચ દિ' રહ્યા હતા, બહુ પ્રેમથી સાંભળતા હતા. એમને રુચિ ગયું હતું. આ માર્ગ બાપુ, જન્મ મરણનો ટાળવાનો માર્ગ કોઈ જુદો છે. આહા..હા..!

શરીર રાખવાની તાકાત નથી, ઈન્દ્ર સરીખાનું પણ જ્યાં આયુષ્ય પૂરું થાય, ચોર્યાશી હજાર દેવ સેવા કરતા હોય, સ્થિતિ પૂરી થાય તો ચાલ્યા જાય, ખલાસ. અને શરીર તો કપુરની ગોટીની જેમ ઊડી જાય. કોણ રાખે? આ તો જડ છે, અજીવ છે. અજીવ થઈને રહ્યું છે. આ કાંઈ જીવનું થઈને રહ્યું નથી. જીવનું થઈને રહે તો જીવ તો અરૂપી છે તો આ અરૂપી થઈ જાય. સમજાણું કાંઈ? અને રૂપી છે ઈ જીવનું થઈ જાય તો એ રૂપી જીવ થઈ જાય. એમ તો કદી બનતું નથી. આહા..હા..! હુશિયાર માણસ પૈસા પેદા કરે છે એમ નથી માનતા? અભિમાન કરે. આહા..હા..!

પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ એને છોડીને જેટલી અન્ય વસ્તુ, અન્ય આત્માઓ અને અન્ય પુદ્ગલ રજકણો છે એની ક્રિયા આત્મા કરી શકતો નથી ત્રણ કાળમાં. સમજાણું કાંઈ? દુકાનમાં થડે બેઠો હોય પણ એ ધંધો આદિ ચાલે છે એ ક્રિયા મારાથી થાય છે એમ માનનારો

જડને પોતાનું માને છે. સમજાણું કાંઈ? ઈ કહે છે, અધ્યાત્મદૃષ્ટિમાં... આહા..હા..! એ રાગ અને રાગની પ્રેરણાથી થતી શરીરની ક્રિયા બધીને જ્ઞાની પોતાની નથી માનતો. આહા..હા..! સૂક્ષ્મ વાત છે. થોડો અભ્યાસ હોય તો સમજાય. મેટ્રિક ભણે છે તો મેટ્રિકમાં થોડા વર્ષ જોઈએ છે કે નહિ? ધૂળમાં એનો અભ્યાસ છે. આ વકીલાતનો અભ્યાસ રામજીભાઈને નહોતો? મોટી વકીલાત. કેટલો અભ્યાસ હતો ઘણો લ્યો. શું હશે? જ્ઞાન હશે? કુજ્ઞાન. કુજ્ઞાન હતું.

મુમુક્ષુ :— મોટા મોટા કેસ જીતે.

ઉત્તર :— મોટા કેસ જીતે, કોણ જીતે? આહા..હા..! વિકલ્પ કરે, રાગ કરે રાગ. બીજાની ચીજ જીતાડી શકે ત્રણ કાળમાં નહિ. આહા..હા..!

કહે છે '**મિથ્યાત્વ વિના ચારિત્રમોહસંબંધી ઉદયના પરિણામને રાગ કહ્યો નથી;...**' ભગવાને તો એમ કહ્યું છે કે જેની પરદ્રવ્યની દૃષ્ટિ ઉઠી ગઈ, પરદ્રવ્ય જે છે શરીર, વાણી, મન, કુટુંબ, સ્ત્રી આદિ એનું હું કાંઈ કરી શકતો નથી. એની રક્ષા પણ કરી શકતો નથી અને એનો અભાવ પણ કરી શકતો નથી અને રાગ આવે છે એ પણ મને દુઃખદાયક છે. આહા..હા..! એમ જાણે ત્યારે એને ધર્મ થાય છે, એ વિના ધર્મ થતો નથી. અનંત કાળમાં આવા ધર્મની દૃષ્ટિ કરી જ નથી. એને અભ્યાસ નથી કે આ શું કહે છે? પાગલ જેવા દેખાય.

પરમાત્મપ્રકાશમાં કહ્યું છે, અજ્ઞાનીને ધર્મી પાગલ જેવા દેખાય, ધર્મી અજ્ઞાનીને પાગલ જેવા દેખે. શું કહે છે આ? આખો દિવસ બધું કરે છે, વ્યવસ્થા કરે છે, આમ કરે છે. શરીર ચલાવે. કોણ ચાલે? અને કોણ બોલે? સાંભળ તો ખરો. એ તો જડની ક્રિયા થાય છે, આ અવાજ ઉઠે છે એ જડમાંથી ઉઠે છે. શું આત્મામાંથી ઉઠે છે? આત્મામાં આ રજકણ છે? એ તો અવાજ છે, ધૂળ છે. ભગવાન આત્મા તો જ્ઞાન અને આનંદસ્વરૂપ જ્ઞાતા દૃષ્ટા છે. આવી દૃષ્ટિ થયા વિના રાગ અને રાગની પ્રેરણાથી-નિમિત્તથી થયેલી દેહાદિની ક્રિયાને પોતાની માને છે અને હું કરી શકું છું ત્યાં સુધી મૂઢ જીવ સંસારી ચાર ગતિમાં રખડવાવાળો છે. ચોર્યાશીના અવતારમાં રખડવાવાળો છે. પોપટભાઈ! એ પૈસાવાળા કરોડપતિ હો કે અબજપતિ હો, બધા ભિખારા છે. રતનલાલજી!

દરબાર આવ્યા હતા વ્યાખ્યાનમાં એક વાર, કહ્યું હતુંને? ભાવસિંહજી. કૃષ્ણકુમાર. ગુજરી ગયાને કૃષ્ણકુમાર, ભાવસિંહજીના પુત્ર. એનો પુત્ર છે રાજ ઉપર. વ્યાખ્યાનમાં આવ્યા હતા, બે ત્રણ આવ્યા હતા. તો એકવાર તો એને કહ્યું કે, એક મહિનામાં મને પાંચ હજાર જોઈએ તો નાનો માંગણ છે, માંગણ સમજ્યા? માંગવાવાળા ભિખારી. અને એક મહિનામાં લાખ જોઈએ તો એ મોટો માંગણ ભિખારી છે, અને એક મહિનામાં કરોડ જોઈએ તો મોટો ભિખારીમાં ભિખારી છે. જડ જોઈએ છે? તને આત્મા આનંદકંદનું તો ભાન નથી. સાચી વાત મહારાજ!

કૃષ્ણકુમાર હતા. પણ કહે તો સાંભળે. અહીં ક્યાં અમારે રાજ હોય કે અબજપતિ હોય. સમજાણું કાંઈ? કૃષ્ણકુમાર એને કાંઈ નહિ, માણસ નરમ હતો.

કહે છે, જેને લક્ષ્મીની ઈચ્છા છે તેને આત્મા આનંદની ઈચ્છા નથી. આત્મલક્ષ્મી અંદર અનંત જ્ઞાન આનંદ પડ્યા છે. લીંડીપીપર હોય છેને લીંડીપપર. અમારે લીંડીપીપર કહે છે, તમારે છોટીપીપર કહે છે. એમાંથી ચોસઠ પહોરી તીખાશ નીકળે છેને? એ પીપરમાં ચોસઠ પહોરી તીખાશ પડી છે. તો ઘસવાથી બહાર આવે છે. એ કંઈ ઘસવાથી નથી આવતી, છે ઈ આવે છે. ઘસવાથી આવે તો પત્થર અને કોલસા ચોસઠ પહોર ઘસી નાખે તો ચોસઠ પહોરી તીખાશ આવશે? છે નહિ તો આવશે ક્યાંથી? આટલા દાણામાં ચોસઠ પહોરી, એક રૂપિયે રૂપિયો, સોળ આના.. શું કહ્યું? તીખાશ-ચરપરાઈ અંદરમાં ભરી છે. તો છે એમાંથી આવે છે.

એમ ભગવાન આત્મા શરીર પ્રમાણે દેખાય અને એમાં પુણ્ય પાપના મલિન પરિણામ દેખાય પણ અંદર સ્વભાવમાં ચોસઠ નામ પૂર્ણ પૂર્ણ આનંદ અને જ્ઞાન ભરેલા છે. એની જેને ખબર નથી એ મૂઢ જીવ ચાર ગતિમાં રખડવાવાળા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'માટે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનવૈરાગ્યશક્તિ અવશ્ય હોય જ છે.'** બે વાત કરી. જેનો અભિપ્રાય ખોટો છે (અર્થાત્) શરીરની ક્રિયા હું કરું, પરની હું કરું, રાગ મારું સ્વરૂપ છે, એને તો અજ્ઞાન અને રાગનો પ્રેમ, અજ્ઞાન અને રાગનો પ્રેમ (હોવાને લીધે) મૂઢ છે. અને ધર્મીજીવ ચક્રવર્તી હો, રાજા હોય કે સાતમી નરકનો નારકી હોય, નીચે નરક છે, સાતમી નરક છે. રૌવરૌવ નરકનું સ્થાન ત્યાં પણ આત્મધર્મ સમ્યગ્દર્શન પામે છે. થાય છે સમ્યગ્દર્શન? એટલા પાપ કર્યા હોય કે મરીને નરકે ગયો. ત્યાં પૂર્વે સાંભળ્યું હતું, અરે..! ભગવાન! તારી ચીજ તો અંદર આનંદ શુદ્ધ ચિદાનંદઘન છે. એમ જેમ વિજળી નીચે ઊતરી જાય તાંબાના તારમાં એમ અંદર ઊતરી જાય. ઓહો..! મારી ચીજ તો આનંદઘન છે. એમ ભાન થતાં સાતમી નરકમાં રહ્યો છતાં રાગ અને પરની ક્રિયાનો સ્વામી થતો નથી. આહા..! અને આ સાધુ થવા છતાં, અઠ્યાવીશ મૂળગુણ પાળવા છતાં એ રાગની ક્રિયા મારી છે અને એનાથી મને ધર્મ થશે, મહાવ્રતની પાળવાથી ધર્મ થશે એમ માનવાવાળો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. અનંત સંસારી છે. આહા..હા..!

**'સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનવૈરાગ્યશક્તિ...'** **'મિથ્યાત્વ સહિત રાગ સમ્યગ્દૃષ્ટિને હોતો નથી...'** વિપરીત શ્રદ્ધા સહિતનો રાગ જ્ઞાનીને હોતો નથી. **'અને મિથ્યાત્વ સહિત રાગ હોય તે સમ્યગ્દૃષ્ટિ નથી.'** વિપરીત માન્યતા સહિત રાગ હોય તે તો ધર્મી જ નથી. રાગ પુણ્ય પાપનો ભાવ પોતાનો માને છે અને પુણ્ય પાપનું ફળ જે બહાર મળ્યું એ પણ પોતાનું માને છે, એ તો મૂઢ જીવ છે. આહા..હા..! દુનિયામાં મોટો સમજુ કહેવાય. શું

કહે છે? ડહાપણ... શાણો. શાણો કહેવાય, ધર્મીની અપેક્ષાએ મોટો મૂર્ખ કહેવાય. સમજાણું કાંઈ? પોતાની ચીજ અંદર સહજાનંદમૂર્તિ... ચોર્યાશી લાખ (યોનિમાં) રખડે છે એ મિથ્યાત્વભાવથી રખડે છે, વિપરીત અભિપ્રાયથી રખડે છે. એ વિપરીત અભિપ્રાય.. જેણે પોતાનો ચૈતન્યસ્વભાવ આનંદસ્વરૂપ.. જેમ પીપરમાં, લીંડીપીપરમાં તીખાશ પડી છે તો બહાર આવે છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે, એમ ભગવાન આત્મામાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન પડ્યા છે. એ પીપરની વાત બેસે. પોતાની ન બેસે. એક બીડી વિના ચાલે નહિ, તમાકૂ વિના ચાલે નહિ. આહા..હા..! સિગરેટ આમ પીવે, જાણે ઓહો..! બાદશાહ થઈ ગયો. બે સિગરેટ પીવે ત્યારે જંગલ ઉતરે પાયખાનામાં. આવા તો વ્યસન. એકાદ બે પીવે ત્યારે દસ્ત ઉતરે. આવા તે કાંઈ ગાંડા કાંઈ જુદી જાતના હશે? ગામદીઠ ગાંડા. ગાંડા સમજ્યા? પાગલ.

અહીં તો પરમાત્મા કહે છે, ભાઈ! જેને મિથ્યાશ્રદ્ધા છે, વિપરીત માન્યતા છે (અર્થાત્) રાગથી ધર્મ થાય છે, પરની ક્રિયા હું (કરું છું) એ રાગીને રાગ કહેવામાં આવે છે. આહા..હા..! જેને રાગનો રાગ નથી, રાગ થાય છે પણ રાગનો રાગ નથી એને ધર્મીને રાગ કહેવામાં આવતો નથી. આહા..હા..! **'મિથ્યાત્વ સહિત રાગ સમ્યગ્દૃષ્ટિને હોતા નથી અને મિથ્યાત્વ સહિત રાગ હોય તે સમ્યગ્દૃષ્ટિ નથી. આવા (મિથ્યાદૃષ્ટિના અને સમ્યગ્દૃષ્ટિના ભાવોના) તફાવતને સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે.'** આહા..હા..! સૂક્ષ્મ વાત છે. આવા સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિના ભાવ, એનો તફાવત ધર્મી જાણે છે, અજ્ઞાનીને પતો લાગતો નથી. પોતાની વસ્તુની ખબર નથી તો એને બીજાની વસ્તુનો પતો ક્યાંથી લાગે? આહા..હા..! સમજાણું કાંઈ? **'તફાવતને સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે.'**

**'મિથ્યાદૃષ્ટિનો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રથમ તો પ્રવેશ નથી...'** શું કહે છે? અધ્યાત્મશાસ્ત્રમાં વિપરીત માન્યતા જેની છે એનો તો પ્રવેશ જ નથી. શું કહે છે એ સમજાય નહિ એને. આહા..હા..! **'અને જો પ્રવેશ કરે તો વિપરીત સમજે છે...'** શુભભાવને **'વ્યવહારને સર્વથા છોડી ભ્રષ્ટ થાય છે...'** શુભ ભાવ છોડીને અશુભમાં જાય છે. શાસ્ત્રમાં લખ્યું છે, શુભ ભાવ બંધનું કારણ છે. પણ શુભ ભાવ બંધનું કારણ છે તો શુભ છોડીને શુદ્ધમાં આવવું એમ કહ્યું છે. તો અજ્ઞાની તો શુભ છોડીને અશુભમાં આવે છે. એ તો વિશેષ ભ્રષ્ટ થયો. સમજાણું કાંઈ? શુભને છોડીને શુદ્ધમાં આવવા માટે કહ્યું હતું. અજ્ઞાની પોતાથી કલ્પનાથી શુભ છોડીને અશુભમાં જાય છે. શાસ્ત્રનો મર્મ એને સમજાયો નહિ. **'અધ્યાત્મશાસ્ત્રમાં પ્રથમ તો પ્રવેશ નથી અને પ્રવેશ કરે તો વિપરીત સમજે છે—વ્યવહારને સર્વથા છોડી ભ્રષ્ટ થાય છે...'** અર્થાત્ અશુભ ભાવમાં પ્રવર્તે છે **'અથવા તો નિશ્ચયને સારી રીતે જાણ્યા વિના વ્યવહારથી જ મોક્ષ માને છે,...'** આ સરવાળો. બસ, વ્યવહાર કરો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અપવાસ, ષોડશકારણભાવના, 'ષોડશકારણભાવના ભાય'

આવે છે કે નહિ ઈ? 'તીર્થંકરપદ પાય' તીર્થંકરપદ પાય. શુભભાવથી ધર્મ માની લે છે. મૂઢ છે. એવા શુભભાવ તો અનંત વાર થયા તો એનાથી તો આત્માને કંઈ લાભ થયો નહિ. અજ્ઞાની શુભ ભાવને સર્વથા છોડી દે છે અથવા શુભ ભાવથી મોક્ષ માને છે.

**'પરમાર્થ તત્ત્વમાં મૂઢ રહે છે.'** ઓહો..હો..! પરમાર્થ તત્ત્વ જે આત્મા રાગથી ભિન્ન એવી દૃષ્ટિ કરવામાં તો એ મૂઢ છે. સત્યને સમજતો નથી અને અસત્યથી ધર્મ માની લે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૦૧-૨૦૨

कथं रागी न भवति सम्यग्दृष्टिरिति चेत् -

परमाणुमित्तयं पि हु रागादीणं तु विज्जदे जस्स।
ण वि सो जाणदि अप्पाणयं तु सव्वागमधरो वि।।२०१।।
अप्पाणमयाणंतो अणप्पयं चावि सो अयाणंतो।
कह होदि सम्मदिट्ठी जीवाजीवे अयाणंतो।।२०२।।
परमाणुमात्रमपि खलु रागादीनां तु विद्यते यस्य।
नापि स जानात्यात्मानं तु सर्वागमधरोऽपि।।२०१।।
आत्मानमजानन् अनात्मानं चापि सोऽजानन्।
कथं भवति सम्यग्दृष्टिर्जीवाजीवावजानन्।।२०२।।

यस्य रागादीनामज्ञानमयानां भावानां लेशस्यापि सद्भावोऽस्ति स श्रुतकेवलिकल्पोऽपि-ज्ञानमयस्य भावस्याभावादात्मानं न जानाति। यस्त्वात्मानं न जानाति सोऽनात्मानमपि न जानाति, स्वरूपपररूपसत्ता-सत्ताभ्यामेकस्य वस्तुनो निश्चीयमानत्वात्। ततो य आत्मानात्मानौ न जानाति स जीवाजीवौ न जानाति। यस्तु जीवाजीवौ न जानाति स सम्यग्दृष्टिरेव न भवति। ततो रागी ज्ञानाभावात भवति सम्यग्दृष्टिः।

હવે પૂછે છે કે રાગી (જીવ) કેમ સમ્યગ્દષ્ટિ ન હોય ? તેનો ઉત્તર કહે છે :-

અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,
તે સર્વઆગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧.
નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,
તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો? ૨૦૨.

ગાથાર્થ :-[खलु] ખરેખર [यस्य] જે જીવને [रागादीनां तु परमाणुमात्रम् अपि] પરમાણુમાત્ર-લેશમાત્ર-પણ રાગાદિક [विद्यते] વર્તે છે [सः] તે જીવ [सर्वागमधरः अपि] ભલે સર્વ આગમ ભણેલો હોય તોપણ [आत्मानं तु] આત્માને [न अपि जानाति] નથી જાણતો; [च] અને [आत्मानम्] આત્માને [अजानन्] નહિ જાણતો થકો [सः] તે [अनात्मानं अपि] અનાત્માને (પરને) પણ [अजानन्] નથી જાણતો; [जीवाजीवौ] એ રીતે જે જીવ અને અજીવને [अजानन्] નથી જાણતો તે [सम्यग्दृष्टिः] સમ્યગ્દષ્ટિ [कथं भवति] કેમ હોઈ શકે ?

ટીકા :- જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્‌ભાવ છે તે ભલે શ્રુતકેવળી જેવો હો તોપણ જ્ઞાનમય ભાવના અભાવને લીધે આત્માને નથી જાણતો; અને જે આત્માને નથી જાણતો તે અનાત્માને પણ નથી જાણતો કારણ કે સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા-એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે; (જેને અનાત્માનો-રાગનો-નિશ્ચય થયો હોય તેને અનાત્મા અને આત્મા-બન્નેનો નિશ્ચય હોવો જોઈએ.) એ રીતે જે આત્મા અને અનાત્માને નથી જાણતો તે જીવ અને અજીવને નથી જાણતો; અને જે જીવ-અજીવને નથી જાણતો તે સમ્યગ્દષ્ટિ જ નથી. માટે રાગી (જીવ) જ્ઞાનના અભાવને લીધે સમ્યગ્દષ્ટિ હોતો નથી.

ભાવાર્થ :- અહીં 'રાગ' શબ્દથી અજ્ઞાનમય રાગદ્વેષમોહ કહેવામાં આવ્યા છે. ત્યાં 'અજ્ઞાનમય' કહેવાથી મિથ્યાત્વ-અનંતાનુબંધીથી થયેલા રાગાદિક સમજવા, મિથ્યાત્વ વિના ચારિત્રમોહના ઉદયનો રાગ ન લેવો; કારણ કે અવિરતસમ્યગ્દષ્ટિ વગેરેને ચારિત્રમોહના ઉદય સંબંધી રાગ છે તે જ્ઞાનસહિત છે; તે રાગને સમ્યગ્દષ્ટિ કર્મોદયથી થયેલો રોગ જાણે છે અને તેને મટાડવા જ ઈચ્છે છે; તે રાગ પ્રત્યે તેને રાગ નથી. વળી સમ્યગ્દષ્ટિને રાગનો લેશમાત્ર સદ્‌ભાવ નથી એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે :- સમ્યગ્દષ્ટિને અશુભ રાગ તો અત્યંત ગૌણ છે અને જે શુભ રાગ થાય છે તેને તે જરાય ભલો (સારો) સમજતો નથી-તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરતો નથી. વળી નિશ્ચયથી તો તેને રાગનું સ્વામિત્વ જ નથી. માટે તેને લેશમાત્ર રાગ નથી.

જો કોઈ જીવ રાગને ભલો જાણી તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરે તો-ભલે તે સર્વ શાસ્ત્રો ભણી ચૂક્યો હોય, મુનિ હોય, વ્યવહારચારિત્ર પણ પાળતો હોય તોપણ-એમ સમજવું કે તેણે પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ નથી જાણ્યું, કર્મોદયજનિત રાગને જ સારો માન્યો છે અને તેનાથી જ પોતાનો મોક્ષ માન્યો છે. આ રીતે પોતાના અને પરના પરમાર્થ સ્વરૂપને નહિ જાણતો હોવાથી જીવ-અજીવના પરમાર્થ સ્વરૂપને જાણતો નથી. અને જ્યાં જીવ અને અજીવ-બે પદાર્થોને જ જાણતો નથી ત્યાં સમ્યગ્દૃષ્ટિ કેવો ? માટે રાગી જીવ સમ્યગ્દૃષ્ટિ હોઈ શકે નહિ.

---

## ફાગણ સુદ-૧૨, ગુરુવાર, તા. ૧૫-૦૩-૧૯૭૩
## ગાથા-૨૦૧-૨૦૨, પ્રવચન-૩૪૪

... **'તે અવશ્ય સમ્યગ્દૃષ્ટિ બની જાય છે.'** શું કહ્યું ઈ? નજીક આવો થોડા. આત્મામાં સ્યાદ્વાદ... શું કહે છે? આત્મા છે એ તો શુદ્ધ ચૈતન્ય આનંદઘન છે. એની દૃષ્ટિમાં તો રાગ પણ હેય છે. રાગ ચાહે તો દયા, દાન, વ્રત, ભગવાનની ભક્તિનો હો, એ પણ હેય છે, છોડવાલાયક છે. જે રાગને ઉપાદેય માને તો મિથ્યાદૃષ્ટિ છે. અને રાગ આવે છે ધર્મીને તો એ સમયે જાણે છે કે આ મારી ચીજ નથી, પણ મારી નબળાઈને કારણે એ રાગ આવે છે તો એ બંધનું કારણ છે, એમ હેય તરીકે એને જાણે છે, તેને હેય માને છે. અજ્ઞાનીને રાગને સુખરૂપ અને ધર્મનું સાધન માને છે. આ ફેર છે. કહો, સમજાણું કાંઈ? **'સ્યાદ્વાદ ન્યાયથી સત્યાર્થ સમજી જાય તો તેને અવશ્ય સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય જ છે...'** હવે ૨૦૧-૨૦૨ ગાથા આવી.

**'હવે પૂછે છે કે રાગી (જીવ) કેમ સમ્યગ્દૃષ્ટિ ન હોય?'** એનો અર્થ કે રાગવાળો જીવ એ સમ્યગ્દૃષ્ટિ કેમ ન હોય? રાગ તો દસમા ગુણસ્થાન સુધી હોય છે. સમજાણું કાંઈ? તો રાગી પ્રાણી ધર્મી નથી હોતો એનો હેતુ શું? કહે છે.

परमाणुमित्तयं पि हु रागादीणं तु विज्जदे जस्स।
ण वि सो जाणदि अप्पाणयं तु सव्वागमधरो वि।।२०१।।
अप्पाणमयाणंतो अणप्पयं चावि सो अयाणंतो।
कह होदि सम्मदिट्ठी जीवाजीवे अयाणंतो।।२०२।।

નીચે હરિગીત.

અણુમાત્ર પણ રાગાદિનો સદ્ભાવ વર્તે જેહને,
તે સર્વઆગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧.
નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,
તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો? ૨૦૨.

'**ટીકા :— જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્ભાવ છે...**' આ વચન છે. અજ્ઞાનમયનો અર્થ વસ્તુ સ્વરૂપ જે ચિદાનંદ ભગવાન છે એનાથી વિરુદ્ધ જે રાગ, એ રાગનો કણ પણ મારો છે અને એનાથી મને લાભ થશે એમ રાગાદિ અજ્ઞાનમય ભાવ એમ લીધુંને? સમ્યગ્દર્શન થયા પછી, ધર્મદૃષ્ટિનો અનુભવ થયા પછી રાગ થાય છે એ અજ્ઞાનમય રાગ નથી, એ જ્ઞાનમાં જ્ઞેય થઈને જાણવાલાયક થાય છે. સમજાણું કાંઈ? પણ જેને રાગનો કણ પણ, મને લાભદાયક છે, એ રાગનો કણ મારી ચીજ છે, એવો અજ્ઞાનમય રાગ, એવા ભાવોનો '**લેશમાત્ર પણ સદ્ભાવ છે...**' અજ્ઞાનમય. આહા..હા..! '**તે ભલે શ્રુતકેવળી જેવો હો...**' ભણીને શાસ્ત્રમાં પારંગત થઈ ગયો હોય, શાસ્ત્ર ઘણા ભણ્યા હોય અને શાસ્ત્રની યાદગીરી પણ ઘણી હોય, પણ રાગના કણને પોતાનો માને છે અને લાભ માને છે તો તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શબ્દમાં ફેર છે.

રાગ થાય છે પણ પોતાનું નિજ સ્વરૂપ નિર્વિકલ્પ અભેદ વીતરાગ સ્વરૂપ છે. એવી દૃષ્ટિ નહિ કરીને રાગનો શુભભાવ કણ પણ મારો છે અને મને લાભ થશે, એ અજ્ઞાનમય રાગ છે. સમજાણું કાંઈ? '**તે ભલે શ્રુતકેવળી જેવો હો...**' જેવો. શ્રુતકેવળી જે હોય છે બાર અંગવાળા એ તો સમકિતી હોય છે પણ આવું જાણનારો ઘણા શાસ્ત્ર ભણ્યો હોય, પાણીના પુરની જેમ શાસ્ત્રની ધારણા થઈ હોય પણ અંદરમાં રાગનો કણ, મહાવ્રતાદિના પરિણામ, વ્રત, દાન, દયાભાવનો રાગનો ભાવ એ અનાત્મા છે, એ અનાત્માને આત્મા સાથે ભેળવે છે એ મિથ્યાદૃષ્ટિ છે. રતનલાલજી! સૂક્ષ્મ વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :—

ઉત્તર :— શ્રુતકેવળી જેવો, શ્રુતકેવળી નહિ. શ્રુતકેવળી જેવો કહ્યું છેને? શ્રુતનો ઘણો અભ્યાસ હોય અને શાસ્ત્રની પદ્ધતિ એટલી બધી જાણતો હોય કે પ્રવચનમાં પણ પાણીના પુરની જેમ પ્રવાહ ચાલે. ભાષણ. પણ અંદરમાં, એ રાગનો કણ છે, જે વિકલ્પ ઉઠે છે એનાથી મને લાભ થશે અને એ રાગ મારી ચીજ છે, એવી જેની માન્યતા છે એ શ્રુતકેવળી જેવો હો તોપણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! વીતરાગમાર્ગ છેને. વીતરાગમાર્ગમાં રાગ છે પણ રાગથી લાભ માને તો એ વીતરાગમાર્ગ રહ્યો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ પંચ મહાવ્રત પાળતો હોય, સમિતિ, ગુપ્તિ પાળતો, છ આવશ્યક કરતો હોય, સામાયિક, વંદન, પ્રતિક્રમણ વગેરે પણ એ રાગનો કણ ચીજ છે એ તો વિકલ્પ છે, આનંદ નહિ,

એ વિકલ્પ છે તે દુઃખદાયક છે. આહા..હા..! ચાહે તો આત્મા સંબંધી વિકલ્પ હો, હું શુદ્ધ છું, અખંડ છું, અભેદ છું એવો વિકલ્પ હો, ચાહે તો પરના દાન, દયા સંબંધી રાગ વિકલ્પ હો પણ છે તો દુઃખદાયક રાગ. સમજાણું કાંઈ? એનાથી પોતાનું હિત માને છે, પંચ મહાવ્રત પાળતા પાળતા કલ્યાણ થઈ જશે, વ્યવહાર કરતા કરતા નિશ્ચય થઈ જશે. આહા..હા..! એવી જેની માન્યતા છે તે **'શ્રુતકેવળી જેવો હો તોપણ જ્ઞાનમય ભાવના અભાવને લીધે...'** કેમકે રાગનો કણ એ તો જ્ઞાનમય સ્વભાવથી ભિન્ન છે. આહા..હા..! જ્ઞાનમય ભાવ. ભગવાનસ્વરૂપ આત્મા એ તો ચૈતન્યસ્વભાવમય ભાવ છે. ચૈતન્યસ્વભાવમય જ્ઞાનની પરિણતિ પણ... કાલે આવ્યું હતું, જ્ઞાનપરિણામરૂપ પરિણમનથી છૂટાશે એમ માને છે. રાગ આવે છે પણ ધર્મી એ સ્વભાવ સન્મુખની પરિણતિ દશાથી રાગ છૂટવાનો ઉપાય માને છે. રાગ કરતા કરતા રાગ છૂટી જશે એમ ધર્મી કદી નથી માનતો. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત ભારે.

બાહ્ય ત્યાગ દેખાય નગ્નપણું, પંચ મહાવ્રત દેખાય બહારની ક્રિયા, શુદ્ધ ભોજન લે. એના માટે બનાવ્યું હોય તો પ્રાણ જાય તોપણ ન લે, પણ એ તો અંદર રાગની ક્રિયા છે અને એ બધી ક્રિયા તો રાગ છે અને રાગથી પોતાને (લાભ માને છે). એઈ..! સમજાણું કાંઈ? એ રાગ કરતા કરતા લાભ થશે, વ્યવહાર કરો તો એના ફળસ્વરૂપે નિશ્ચય થશે. વ્યવહાર વિના નિશ્ચય કેવી રીતે થાય? એમ જે અજ્ઞાની માને છે... આહા..હા..! મોટી દૃષ્ટિની ભૂલ છે. સમજાણું કાંઈ? અને એવી શ્રદ્ધા મિથ્યાત્વ છે, એનો સંગ કરવાવાળો પણ મોટો દોષી થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એનો સંગ નહિ કરવો એમ કુંદકુંદાચાર્ય કહે છે. ભગવાન કુંદકુંદાચાર્ય તો ત્યાં સુધી કહે છે કે કદાચિત્ રાગથી ધર્મ માનવાવાળો પાખંડદૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે, એનો સંગ કરવાથી તારો મિથ્યાત્વ ભાવ થઈ જશે. કદાચિત્ એકલો ન રહી શકે, પાટનીજી! કઠણ વાત આવે છે, એકલો ન રહી શકે તો લગન કરી લેજે. કેમકે લગન કરવામાં તો ચારિત્રનો દોષ છે. સમજાણું કાંઈ? એ.. ઝવેરચંદભાઈ! આ બધા જૂના માણસને ભારે લાકડા આકરા. જૂનું સાંભળ્યું હોય બધું ઘણુંને.

મુમુક્ષુ :— હવે તો મૂકીને આવ્યા છે.

ઉત્તર :— પણ હળવે હળવે બેસે ત્યારેને. એકદમ બેસે એવી આ વાત નથી. પરિચય વધારે. એનું મનન જોઈએ, વિચાર જોઈએ, મિંઢવણી કરવી જોઈએ કે હું શું માનતો હતો? આ શું વસ્તુ આવે છે? એની સાથે મિંઢવણી કરે તો સમજાય. આહા..હા..!

તો કહે છે, કુંદકુંદાચાર્ય કહે છે, એ શ્રુતકેવળી જેવો હોય પણ રાગથી લાભ માને છે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાની છે, એ અનંત સંસારમાં રખડવાવાળો છે અને એનો સંગ કરવાવાળા પણ, એને ભલો માન્યો તો એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહા.હા..! સમજાણું કાંઈ? તો આચાર્યે મૂલાચારમાં એમ કહ્યું, ભાઈ! તારી એકલા રહેવાની શક્તિ ન હોય અને રાગથી ધર્મ માનવાવાળા

મિથ્યાદષ્ટિનો સંગ કરતો હો, ઈ કરતાં સ્ત્રી સાથે લગન કરી લેજે, તો ચારિત્રનો દોષ થશે, મિથ્યાત્વનો દોષ નહિ થાય. આહા..હા..! આકરું કામ. એ.. વીરચંદભાઈ! આહા..હા..! ભાઈ! તને ખબર નથી. દષ્ટિની ભૂલમાં કેટલું પાપ છે અને ચારિત્રનો દોષ કેટલો અલ્પ છે એની અંતર મિંઢવણી કરતો નથી. બસ, બ્રહ્મચર્ય પાળે છેને શરીરથી, જુઓ! જાવજીવ બ્રહ્મચર્ય પાળે છે, કોઈને હણતો નથી, નિર્દોષ ભોજન લે છે, નગ્ન રહે છે, આવી આવી ક્રિયા (પાળે છે), ઠંડીના દિવસોમાં ઠંડી સહન કરે છે, ઉનાળાના દિવસોમાં... ઉનાળાને શું કહે છે? ગરમીના દિવસોમાં ગરમી સહન કરે છે, તો શું થયું? એમાં જે રાગ થાય છે એ મારી ક્રિયા છે અને એ ક્રિયાથી મારું કલ્યાણ થશે... ગીરધરભાઈ!

મુમુક્ષુ :— આકરું પડે.

ઉત્તર :— આકરું પડે પણ માન્યે છુટકો છે, એને સમજવું હોય તો. અમારે પોપટભાઈ કહે છે કે સમજ્યે છુટકો છે. પોપટભાઈ! હિત કરવું હોય, ચોર્યાશીના અવતાર.. આહા..હા..! ભાઈ! તેં અવતાર કરીને દુઃખ ભોગવ્યા છે, તારા દુઃખ જોનારને આંસુ આવ્યા, આંસુ એટલા દુઃખ. ભાઈ! તને ખબર નથી. તને ખબર નથી અનંત કાળ ક્યાં ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? આજ પહેલા અનંત કાળમાં ક્યાં રહ્યો? કેવા દુઃખ સહન કર્યા એ તું ભુલી ગયો. સમજાણું કાંઈ? એવા એવા દુઃખમાં (રહ્યો). એ દુઃખ તારે ટાળવું હોય તો તને અવસર મળ્યો છે. સમજાણું કાંઈ?

એ રાગ દુઃખરૂપ રાગ છે. ચાહે તો શુભભાવ હો, ભગવાનની ભક્તિ હો, વ્રતનો ભાવ હો, અપવાસનો વિકલ્પ હોય, સંથારો કરવાનો રાગ હોય, એ બધો રાગ છે. આહા..હા..! એ દુઃખરૂપ છે. એનાથી ભગવાન આત્મા આનંદરૂપ ભિન્ન છે. એવી જેને દષ્ટિ નથી અને એ રાગની સત્તાથી કલ્યાણ થશે, પ્રશસ્ત રાગ છેને ઈ, એમ કરીને...

મુમુક્ષુ :— વખાણે પછી.

ઉત્તર :— વખાણે, વખાણે. શુભરાગ છેને, પ્રશસ્ત છેને. ભાઈ! એ તો અશુભની અપેક્ષાએ પ્રશસ્ત કહ્યું. ભગવાન આત્માની અપેક્ષાથી તો અપ્રશસ્ત ઝેર છે. કડક પડે કે ન પડે, પણ વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ? તો રાગના કણથી પણ મારું કલ્યાણ થશે એમ માનનાર શ્રુતનો ભંડાર ભર્યો હોય, શ્રુતનો, એટલું જાણપણું હોય તોપણ એ મિથ્યાદષ્ટિ છે, એ જૈન નહિ. આહા..હા..! કઠણ વાત છે. વસ્તુ એવી છે, ભાઈ! કહે છે કે નહિ? આ શું કહ્યું?

રાગાદિ, દ્વેષાદિનો વિકલ્પ એ તો અજ્ઞાનમય રાગ છે, એ કંઈ જ્ઞાનસ્વરૂપ છે? વિકલ્પ જે પંચ મહાવ્રત કે અરે..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, પંચ મહાવ્રતનો રાગ, નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ એ બધું અજ્ઞાન છે. અજ્ઞાન કહેતા તેમાં જ્ઞાનનો અંશ નથી. આહા..હા..! ચૈતન્યસૂર્યના કિરણમાં તો સફેદાઈ હોય છે. શું સૂર્યના કિરણમાં કોલસાનું કિરણ

નીકળે છે? એમ ભગવાન ચૈતન્યજ્યોત પ્રભુ, ચૈતન્યસૂર્ય એમાંથી જે પર્યાય નીકળે છે એ તો સૂર્યપ્રકાશ નિર્મળ તેજમય પર્યાય થાય છે, રાગ તો અંધકાર છે. સમજાણું કાંઈ? અજ્ઞાન કહ્યું જુઓને અહીંયા. અજ્ઞાનમય ભાવ કહ્યો. વિકલ્પને અજ્ઞાન કહ્યું. કેમકે એમાં આત્માના જ્ઞાનનું કિરણ નથી, જ્ઞાનની દશા નથી. એ રાગને અશુચિ કહ્યો, જડ કહ્યો. કેમકે રાગ પોતાને જાણતો નથી અને રાગ બીજી ચીજને પણ જાણતો નથી. એ રાગ બીજા દ્વારા જણાય છે માટે એ રાગ અચેતન જડ છે. વીરચંદભાઈ! આવી વાત ભારે. આહા..હા..!

મનુષ્યપણું માંડ અનંત કાળે મળ્યું. એમાં પણ આ વાત જો એની દૃષ્ટિમાં ન આવે તો એ જન્મ એળે જાશે. ભલે એમાં કોઈ દાતા થઈને લક્ષ્મી (આપે), દાતા તો આત્મા દાતા છે ખરેખર તો. પોતાની શાંતિનો દાતા તો આત્મા છે. આહા..હા..! એઈ..! નિશ્ચયથી તો શાંતિનો દાતા પણ આત્મા નહિ, શાંતિ શાંતિની દાતા છે. આહા..હા..! ગજબ વાત છે! સમજાણું કાંઈ? પોતાની પર્યાય રાગરહિત શુદ્ધ ચૈતન્યની નિર્વિકલ્પ શાંતિ એ તો પોતાના આત્માથી ઉત્પન્ન થાય છે. એ, રાગના કણની મદદ મળે તો ઉત્પન્ન થાય છે એમ નથી. નિશ્ચયથી તો આત્મા પણ શાંતિનો દાતા નથી. પાટનીજી! એ પર્યાય દાતા અને પર્યાય દે. પોતાને દે અને પોતે લે. આહા..હા..! કેમકે આત્મામાં એક સંપ્રદાન નામનો ગુણ ત્રણે કાળ અનાદિ અનંત પડ્યો છે.

ભગવાન આત્મામાં શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદમાં એક સંપ્રદાન નામની શક્તિ નામ ગુણ પડ્યો છે. તો ગુણને ધરનાર ભગવાન ગુણી જે આત્મા છે એની દૃષ્ટિ થઈ તો એ સંપ્રદાન શક્તિમાંથી જ અને સંપ્રદાન શક્તિની સાથે રહેલા અનંત ગુણ એ બધા ગુણની પરિણતિ-પર્યાય પોતાથી થાય છે. આહા..હા..! પોતાની પર્યાયનું પોતાને દાન આપે છે. બીજાને દાન દઈ શકે એ આત્મામાં નથી. આહા..હા..! ગજબ વાત છે! લક્ષ્મી દે છે અને અમે ખર્ચ કરીએ છીએ એ વાત ખોટી છે એમ કહે છે. રતનલાલજી! લક્ષ્મી તો જડ છે, શું તારી વસ્તુ છે? શું તું એનો સ્વામી છે? અહીં તો કહે છેને, કરોડપતિ ને લખપતિ ને બહુ ઓળખે. આ પોપટભાઈને ઓળખે, બીજાને ઓળખે.. એમાં હેતુ હોય ઓળખવામાં. સમજાણું કાંઈ? પોપટભાઈ! ભાઈ આ કરોડપતિ છે, આ કરોડપતિ છે. બીજાને જરી એમ થાય કે માણસો આવતા લાગે છે. કોના પતિ? પૈસાના પતિ? રાગનો પતિ માને તોય મૂઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પતિ નામ પત્નીનો પતિ. સાચી વાત હશે? નૃપતિ, આ નરપતિ નથી હોતા? નરના પતિ રાજા. નૃપતિ કહે છેને? નૃપતિ. સાચી વાત છે? ધૂળેય નથી, પતિ કોનો હોય? સમજાણું કાંઈ?

અહીંયા નિર્જરા અધિકારમાં આગળ કહે છે, હું જો રાગનો સ્વામી થાઉં તો હું તો જડ થઈ જાઉં. આહા..હા..! હું પરિગ્રહ, રાગ એ પરિગ્રહ છે, અભ્યંતર પરિગ્રહ છે. આહા..હા..!

એ રાગના કણને પણ હું મારો માનું, એનો સ્વામી થાઉં તો હું જડ થઈ જાઉં. ભેંસનો સ્વામી તો પાડો હોય. પાડો કહે છેને? ભૈંસા. ભેંસનો સ્વામી ભેંસા (પાડો) હોય. એમ હું રાગનો સ્વામી હોઉં તો હું પણ અચેતન-અજ્ઞાન થઈ જાઉં. આહા..હા..! કહો, ક્યાં ગયા? તમારા પૈસા-ફૈસા તો ક્યાંય રહી ગયા. આ બાયડી, છોકરા અમારા. આ અર્ધાંગના બાયડી છે ને... આ મારો દીકરો છે ને કહ્યાગરો છે, બહુ હુશિયાર છે અને હમણાં કર્મી જાગ્યો છે. એમ વાતું કરે માણસ. હુશિયાર છે, મહિનાના પાંચ પાંચ લાખ પેદા કરે છે અને બહુ આવડે છે, બુદ્ધિ ઘણી આવડે છે, બહુ હુશિયાર છે. આ મારો દીકરો. ધૂળેય નથી, સાંભળને! મૂર્ખાઈના પ્રદર્શન છે બધાય. ગીરધરભાઈ! શું હશે આ? મૂર્ખાઈની પ્રસિદ્ધિ કરે છે કે આ મૂર્ખ માણસ છે એમ પ્રસિદ્ધ કરે છે. એમ અહીંયા આચાર્ય કહે છે. આહા..! રાગના કણનો પણ સ્વામી થા, નીચે કહેશે, એનો સ્વામી નથી. રાગનું સ્વામીત્વ જ નથી. ભાવાર્થમાં છેલ્લી લીટી. આહા..હા..!

ભાઈ! ધર્મ ચીજ કોઈ અલૌકિક અપૂર્વ છે. અરેરે..! અનંત અનંત કાળમાં ક્યાંય એક સમયમાત્ર પણ ધર્મ કર્યો નહિ. ધર્મને બહાને અભિમાન કર્યા, અમે ધર્મ કરીએ છીએ, અમે ધર્મ કરીએ છીએ, અમે ધર્મ કરીએ છીએ. સમજાણું કાંઈ? ધર્મ ચીજ તો, ભગવાન! અપૂર્વ છે. આહા..હા..! કહે છે કે જે કોઈ પ્રાણી રાગનો ભાવ જે વિકલ્પ શુભ અશુભ થાય એ અજ્ઞાનમય છે. એનો લેશમાત્ર પણ સદ્‌ભાવ પોતામાં માને છે, ભલે એ શ્રુતકેવળી જેવો હો, તે જ્ઞાનમય ભાવના અભાવને કારણે આત્માને નથી જાણતો. શું કહે છે? રાગને પોતાનો માને છે એ રાગથી રહિત આત્માને નથી જાણતો. આત્મા તો રાગથી રહિત જ્ઞાનમય છે. આત્મા તો આનંદમય, શાંતમય, શાંતરસનો પિંડ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનમય ભાવના અભાવને લીધે...**' ઈ શું કહ્યું? આત્મા તો જ્ઞાનમય, શાંતિમય, આનંદમય ભાવ છે. તો રાગનો સદ્‌ભાવ માન્યો તો જ્ઞાનમય ભાવનો એમાં અભાવ છે. આહા..હા..! જેની દૃષ્ટિમાં રાગથી લાભ માન્યો અને રાગ મારી હયાતીમાં છે, મારી હયાતી સદ્‌ભાવમાં રાગ છે તો એણે રાગને પોતાનો માન્યો ત્યાં જ્ઞાનમય ભાવનો તો અભાવ થયો. રાગરહિત જે આત્મા જ્ઞાનમય સ્વરૂપ ચૈતન્યપુંજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અભાવને લીધે...**' ઓલામાં સદ્‌ભાવ કીધો. રાગનો સદ્‌ભાવ છે. હયાતી, રાગ મારો છે એવી હયાતી છે. એને રાગરહિત જ્ઞાનમય આત્માનો સ્વભાવ એનો અભાવ છે. તેને લીધે '**આત્માને નથી જાણતો;...**' આત્મા તો રાગથી રહિત છે. રાગ તો અનાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનાત્માને જેણે પોતાનો માન્યો એને, આત્મા જે જ્ઞાનમય ભાવ છે એનો તો એની પાસે અભાવ છે. કહો, બરાબર છે? વાત ઊંચી છે પણ સત્ય આ છે. આ સમજ્યા વિના સંસારના નિવેડા-અંત નહિ આવે. આહા..હા..!

મુમુક્ષુ :—

ઉત્તર :— આગમધર હોય તો શું થયું? પત્થરમાં શાસ્ત્ર લખ્યું હોય, આ પાટિયા નથી લખતા? એ લખેલા પાટિયા પાણીમાં-જળમાં મૂકે તો? શાસ્ત્ર લખ્યા છે. રતનલાલજી! સંચો જોયો કે નહિ? જોયો? અચ્છા. માજીએ જોયો? મનફૂલાબેને જોયો સંચો? પત્થરમાં કોતરવા ... એક પાટિયું અહીંથી જાય છે, એક પાટિયું અહીંથી જાય છે. અહીંથી દેખાય છે. પાટિયા લઈ જાય છે. એ પાટિયામાં અક્ષર લખ્યા છે, જળમાં મૂકે તો? શાસ્ત્ર છે. શાસ્ત્ર છે તો શું કરે? ડૂબી જાયને અંદર. સમજાણું કાંઈ? એમ શાસ્ત્રનું જ્ઞાન કરે છે પણ રાગ મારો છે એવો મિથ્યાત્વનો બોજ છે. ડૂબી જશે ઈ. આહા..હા..! મુનિ થઈને ડૂબી જશે ચાર ગતિમાં. આહા..હા..! ભારે!

અહીં તો આચાર્ય મહારાજ, એને નિર્જરા નથી થતી પણ અજ્ઞાન થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? પંચ મહાવ્રત પાળતો હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય એને બંધ થાય છે. કેમકે એ તો રાગ છે. આહા..હા..! પણ બીજા કરતા તો સારા છેને ઈ? નહિ, સારા નથી. આહા..હા..! અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ ચૈતન્યસ્વરૂપ એમ બતાવે છે કે ભગવાન! તારી ચીજ તો જ્ઞાનના તેજથી ભરેલી છે. રાગ તો અંધકાર છે. એ અંધકારનો ભાવ મારો છે, મને લાભ થશે એને જ્ઞાનના તેજના ભાવનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્માને નથી જાણતો;...**' એ રાગના પરિણામ જે અનંત સંસારનું કારણ છે એને પોતાના આત્મા છે, એ આત્મા રાગથી રહિત છે એની એને પ્રતીતિ કે ભાન નથી. '**અને જે આત્માને નથી જાણતો...**' અને જે આત્મા રાગરહિત વિકલ્પરહિત નિર્વિકલ્પ આનંદસ્વરૂપનું જેને જ્ઞાન નથી, એનું જેને જાણપણું નથી '**તે અનાત્માને પણ નથી જાણતો...**' તે રાગને પણ જાણતો નથી એમ કહે છે. આહા..હા..! સૂક્ષ્મ વાત છે ભાઈ! આહા..હા..! એક ફેરી કહ્યું હતુંને? એક છોડીનું નહોતું કહ્યું? લાઠી, લાઠીમાં એક બાઈ, છોડી હતી. બે વર્ષનું લગન. રૂપાળી છોડી હતી. એનો ધણી આ બીજી પરણેલો. પહેલી મરી ગઈ. એમાં બે વર્ષનું લગન. એને શીતળા નીકળ્યા. શીતળા સમજો છો? અને દાણે દાણે ઈયળ-કીડા. તળાઈ, તળાઈ કહે છે? સૂવાની. બિસ્તર નીચે. ખાટલા ઉપર સૂવેને? તળાઈ. તળાઈને શું કહે છે? ગદ્દી. આ સૂવાની હોયને? આમ (ફેરવે ત્યાં) ઈયળ-કીડા (પડે). આમ કરે ત્યાં (આમ પડે). અરે..! બા! એમ કહેતી હોં બિચારી. અઢાર વર્ષની જુવાન ઉંમર. એ.. બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. એમ કહેતી બિચારી. ઈયડ પડે આમ. ઈ ગાદલું હોયને ગાદલું? શું કહ્યું? તળાઈ. તળાઈમાં સૂતી હોય, આખા શરીરમાં દાણે દાણે કીડા-ઝીણી ઈયળ. આમ ફેરવે તો સેંકડો, આમ કરે તો અહીં સેંકડો (પડે). પોકાર કરતી બિચારી. એ.. બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. ક્યાંથી આ પાપ આવ્યા? બા

તો બિચારા... આહા..હા..! એ પીડા, એ ગાદી ઊની લાગે, ઈયળ કરડે. આહા..હા..! કરડે સમજ્યા? કાટે. આહા..હા..! ક્યાંય આમ સુખ નહિ, આમ સુખ નહિ. દુઃખ.. દુઃખ.. એ આકુળતાનું, શરીરની એકતાનું દુઃખ છે. એ સંયોગનું દુઃખ નથી. સમજાણું કાંઈ? એ શરીર અને રાગની એકતાનું દુઃખ છે. આહા..હા..! આવા દુઃખ તો અનંત વાર સાતમી નરકે રહ્યો. આહા..! રવરવ નરક. સાતમી અપરિઠાણા નરક. તેંત્રીસ સાગરની સ્થિતિ. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યોપમના અસંખ્યભાગમાં અસંખ્ય અબજ વર્ષ, આહા..હા..! એવા ભવ અનંત કર્યા ત્યાં આટલા દુઃખ. રાગ મારો, એ દૃષ્ટિથી મિથ્યાત્વને કારણે આ બધા ભવ કરવા પડ્યા. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે આત્મા ભગવાન એ તો રાગ તો આસ્રવભાવ છે અને આત્મા તો અનાસ્રવી ચૈતન્યમૂર્તિ છે. રાગ જે છે શુભ આદિ, દયા, દાન એ તો આસ્રવ છે. નવ તત્ત્વમાં તો એ આસ્રવતત્ત્વ છે, શરીર અજીવતત્ત્વ છે, ભગવાન આત્મા જ્ઞાયકતત્ત્વ છે. ત્રણ તત્ત્વમાં અજ્ઞાનીએ ખીચડો કરી નાખ્યો. આહા..હા..! કહો, ગુણવંતભાઈ! ભારે આવો માર્ગ. આહા..હા..! ભાઈ! માર્ગ તો એવો છે. અપૂર્વ માર્ગ છે. અનંત કાળમાં એને ખરેખર સાંભળવા મળ્યું નથી. સાંભળવા મળ્યું તો એને કહે કે રાગથી મારી ચીજ ભિન્ન છે. આહા..હા..! આવી દૃષ્ટિ થાય ત્યારે સાંભળ્યું કહેવામાં આવે. સમજાણું કાંઈ?

અહીંયા કહે છે કે જે રાગને અંશમાત્ર પણ, અજ્ઞાન રાગ, મિથ્યાત્વનો રાગ છેને ઈ તો? પોતાનો માન્યો છે તો. પોતાનો માનનાર '**આત્માને નથી જાણતો;...**' તે અનાત્માને રાગને પણ જાણતો નથી. રાગ ભિન્ન છે એમ પણ નથી જાણતો. આહા..હા..! '**કારણ કે સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા—એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે;...**' શું કહે છે? ભગવાન આત્મા પોતાના ચૈતન્યસ્વરૂપની સત્તા રાખે છે અને રાગની સત્તા નથી રાખતો. આહા..હા..! જ્ઞાયક ચૈતન્ય તેજ, જ્ઞાનસાગર પરમાત્મા, પોતે પરમાત્મા સાક્ષાત્ છે. કેમ બેસે? એક બીડી વિના ચાલે નહિ, તમાકૂ વિના ચાલે નહિ, છીકણી સૂંઘે ત્યાં આમ થઈ જાય, એને વૈકુંઠ દેખાય. આહા..હા..!

મુમુક્ષુ :— ચા પીવે ત્યારે વૈકુંઠ દેખાય.

ઉત્તર :— અને ચા પીવે એટલે જાણે.. આહા..! એની સાથે વળી કાંઈક પત્તરવેલિયા હોય. શું કહેવાય ઈ? પત્તરવેલિયાના ભજીયા નથી થાતા? અળવી અળવીના પાન. એ નથી સમજતા? શું કહે છે એને? પાત્રા હોય છેને? ચણાનો લોટ હોયને લોટ, એ ચોપડીને કટકા કરીને તળે છેને તેલમાં? લાંબા પાત્રા નથી થાતા? અળવી અળવીના. એમાં ચણાનો.. ચણાનો શું કહે છે તમારે? બેસન. ચણાનો લોટ નાખે પછી વાટા કરે છે. આ તો દેખ્યું છેને, આપણે ક્યાં કર્યું છે? આ તો લોકો કરે છે વાટા. પછી કટકા કરે, કટકા કરીને પછી તેલમાં

તળે, ઈ ચા સાથે જ્યારે સવારે પત્તરવેલિયા ખાતો હોય... ઓ.. વૈકુંઠ દેખે જાણે, સુખી છીએ. ધૂળમાંય નથી, સાંભળને! આહા..હા..! પત્તરવેલિયા આપણે કહે છેને? આ મુંબઈમાં બહુ થાય હોટલમાં. હોટલમાં જાયને જે, એને દૂધપાક, પુરી, પત્તરવેલિયા આપે. પાંચ પાંચ રૂપિયા લેતા હશે અત્યારે, ક્યાંક દસ રૂપિયા લેતા હશે. મુંબઈની હોટલમાં. દસ હશે. ગમે ઈ હોય ધૂળમાં. દસ રૂપિયાનું એક ટંક. દૂધપાક.. આહા..હા..! ખાતા ખાતા.. અરે..! ધૂળેય નથી, સાંભળ તો ખરો, પ્રભુ! તારા રાગનો એમાં અનુભવ-વેદન છે. એ તો દુઃખનો અનુભવ છે, પત્તરવેલિયાનો નહિ, દૂધનો અનુભવ નથી. એ તો જડ ચીજ છે. જડનો અનુભવ થાય છે આત્માને? સ્ત્રીનું શરીર છે જડ માંસ, હાડકાનો અનુભવ થાય છે આત્માને? એ તો અંદરમાં રાગ થાય છેને કે આ ઠીક છે, એ રાગનું વેદન કરે છે. મૂઢ માને છે કે હું એનો અનુભવ કરું છું.

કૂતરો હોયને કૂતરો? હાડકાને ચાવે છે, સૂકાયેલું હાડકું, ચાવતા ચાવતા અહીંયા (પેઢામાં) અણી વાગે. લોહી નીકળે. લોહી સમજો છોને? લોહી નીકળે તો ચાટે, ઈ જાણે કે ન્યાંથી આવે છે. ધૂળમાંય નથી આવતું, તારી દાઢમાંથી આવે છે. એમ જડનો ભોગ કરવામાં રાગ આવે છે એ રાગને ચાટે છે. અને એ રાગમાં સુખ માને છે તો કહે છે કે એ આત્માને જાણનારો નથી, એ ધર્મી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! વાત તો આવી છે. આહા..હા..! આનંદમૂર્તિ પ્રભુ, અંતરમાં આનંદ ભર્યો છે. એ આનંદનો સ્વાદ નહિ લઈને એ રાગનો અનુભવ અને વેદન કરે છે તે આત્માનો જાણતો નથી એમ કહે છે. આહા..હા..! કહો, છગનભાઈ! આ બધા કાર્યકર્તા છે. જેને આત્માનો રાગ મારો છે અને દુઃખ ભોગવે છે ઈ માને છે કે મારી ચીજ છે. આહા..હા..! એ વેદન મારું છે, તો એને રાગરહિત આત્માના જ્ઞાનભાવનું ભાન નથી. આહા..હા..! ગજબ વાત છે! વાત તો આવી છે, ભાઈ! અને જેને એ રાગથી રહિત પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી એને રાગનું પણ જ્ઞાન નથી. આ રાગ દુઃખરૂપ છે એવું જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની વાત ચાલે છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ એમ નથી કે દેવ-ગુરુ-શાસ્ત્રને માની લો, નવ તત્ત્વને માનો એ સમ્યગ્દર્શન. એમ નથી.

મુમુક્ષુ :—

ઉત્તર :— આ ભગવાન પોતે બિરાજે છે અંદર એની તો ખબર નથી અને બીજા ભગવાન પાસે ગોથા ખાય. કહો, સમજાણું કાંઈ?

પોતાના આત્માને જાણનારો રાગરહિત, જ્ઞાનભાવથી રહિત છે તો પોતાનું જાણપણું નથી તો રાગનું પણ જાણપણું નથી. બેયમાં અંધકાર છે. આહા..હા..! શ્વેતાંબરમાં એ આવે, છેદોપચાર ચારિત્ર આવે છેને? દશવૈકાલિકમાં ચોથું અધ્યયન છે. એમાં ઈ આવે છે. પણ

ઈ કાંઈ નહિ. શાસ્ત્રનું જાણપણું ઈ જ્ઞાન. શાસ્ત્રના જ્ઞાન તો અનંત વાર કર્યા. આતમજ્ઞાન વિના જ્ઞાન કદી થતું નથી. આહા..હા..! તેથી કહ્યુંને એમાં? 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આટલા આટલા મહાવ્રત પાળ્યા, ચામડી ઉતરડીને ખાર છાંટે, મીઠાનો લવણનો, ક્રોધ ન કરે. તો પણ શું થયું? અંતરમાં દૃષ્ટિમાં રાગને પોતાનો માને છે અને દ્વેષ થાય છે એ વેદન મારું છે, મૂઢ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**કારણ કે સ્વરૂપે સત્તા...**' પોતાના ચૈતન્ય સ્વરૂપની સત્તા રાગની સત્તાથી રહિત છે. જીવની સત્તામાં અજીવની સત્તાનો અભાવ છે. સત્તા સમજ્યા? આ એક આંગળીમાં પોતાના સ્વરૂપની અસ્તિ છે, આ આંગળીની નાસ્તિ છે. બરાબર છે? આ આંગળીની અસ્તિ સત્તા છે, આ આંગળીની એમાં નાસ્તિ છે. ત્યારે તો બે સિદ્ધ થાય છે. એમ આત્માની સત્તાનું જ્ઞાન નથી એને રાગનું જ્ઞાન નથી. કેમકે સ્વરૂપ સત્તામાં રાગ નથી, તો સ્વરૂપ સત્તાનું જ્ઞાન નથી તો એને અનાત્માનું પણ જ્ઞાન નથી. રાગમાં હું નથી અને મારામાં રાગ નથી. આહા..હા..! ભારે ઝીણી વાત, ભાઈ! લોકોને બિચારાને ક્રિયાકાંડે ચડાવી દીધા. જેમાં ભવનો અભાવ ન થાય એ શું ચીજ? જેમાં ભવ રહે એ શું ચીજ? ભલે સ્વર્ગમાં જાય તો ત્યાં અંગારાથી શેકાશે. ભોગના વિષયની વાસનાથી અંગારામાં (શેકાશે). શાસ્ત્રમાં પંચાસ્તિકાયમાં લીધું છે, કષાયરૂપી અંગારામાં શેકાશે. આહા..હા..! શાંતિસ્વરૂપ ભગવાન આત્મા શ્રદ્ધા તો કર, પહેલી સમજણમાં તો લે. સમજાણું કાંઈ? આહા..હા..!

હું તો આનંદસ્વરૂપ રાગરહિત છું. રાગસહિત માન્યું એને રાગરહિત આત્માનું જ્ઞાન નથી અને આત્માનું જ્ઞાન નથી તો એને અનાત્મા—રાગનું જ્ઞાન નથી. કારણ કે સ્વરૂપની સત્તામાં પરનો અભાવ છે. તો એક સત્તાનો નિર્ણય કરવામાં પરના અભાવનો નિર્ણય થઈ જાય છે. આ માર્ગ વિના હેરાન.. હેરાન.. દુઃખી છે. પૈસાવાળા દુઃખી, નિર્ધન દુઃખી, સધન દુઃખી, રાજા દુઃખી, રંક દુઃખી, દેવ દુઃખી, કીડા દુઃખી. આહા..હા..! દુઃખમાં ડૂબકી મારી છે બધા જીવે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ, જેમાં દુઃખની ગંધ નથી અને આનંદ પરિપૂર્ણ ભર્યો છે. આત્મા વિકલ્પથી શૂન્ય છે અને નિર્વિકલ્પ સ્વભાવથી ભરેલો છે. સમજાણું કાંઈ? બહારની પ્રવૃત્તિ દેખીને લોકોને એવું લાગે કે આ કેટલો ત્યાગ કરે છે? પણ મિથ્યાત્વના ત્યાગ વિના બીજો ત્યાગ અસદ્ભૂત નયથી પણ કહેવામાં નથી આવતો. એઈ..! પૂનમચંદજી! મિથ્યાત્વ છે કે નહિ? મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ—પાંચ બંધના કારણ છે. તો પહેલા મિથ્યાત્વ જ મોટું બંધનું કારણ છે. એ છૂટ્યા વિના અવ્રત ક્યાંથી છૂટશે? સમજાણું કાંઈ?

અહીં ઈ કહે છે '**કારણ કે સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા—**' સ્વરૂપે હોવું અને પરરૂપે ન હોવું એ વસ્તુની સ્થિતિ એવી છે. '**એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે;...**' દેખો! આ બન્ને વડે એકનો નિર્ણય થાય છે. પોતાની અસ્તિ પોતાથી છે અને

પોતાની અસ્તિ પરથી નથી, આ બન્ને થઈને આત્માનો નિર્ણય થાય છે. બરાબર છે? વાંચન કરે તો આમાં કાંઈ સમજાય નહિ સાધારણ, લ્યો. સમયસાર વાંચો છો? એક જણો કહેતો હતો, સમયસાર તો પંદર દિ'માં વાંચી ગયો. બહુ સારું કર્યું. બાપા! એની એક લીટી પંક્તિ સમજવી કઠણ છે. જીવ, અજીવ આદિ નવ તત્ત્વનો અધિકાર છેને? મેં કીધું, નવ નહિ, એક આત્માનો અધિકાર છે. આહા..હા..! નવ તત્ત્વમાં પર્યાયમાં રહેલું ભગવાન દ્રવ્યસ્વરૂપ એકાકાર એ ચીજ છે. હું પંદર દિ'માં વાંચી ગયો. તમે બહુ વખાણ કરો છે. ભાઈ! તને ખબર નથી, બાપુ! આહા..હા..! બાળક તો ઓલા ઢીંગલા ઢીંગલી રમેને, એમાં માની લે કે પતિ-પત્ની છીએ. ઢીંગલાથી કામ આવતા હશે ઘરે? ઢીંગલા સમજો છો? શું કહે છે? રમકડા, ખિલૌના. એમ રાગની રમતું બધી રમકડાં છે. સમજાણું કાંઈ? એમાં રાજી થાય છે અને એમાં પ્રસન્નતા બતાવે છે. મૂઢ છે. તને રાગથી રહિત ભગવાનની સત્તાની ખબર નથી અને એમાં રાગનો અભાવ છે એવા રાગની સત્તાની પણ ખબર નથી. અને રાગનું જ્ઞાન નથી તો રાગની સત્તામાં સ્વરૂપની સત્તાનો અભાવ છે. આહા..હા..! આસ્રવમાં આત્મા છે? રાગ તો આસ્રવ છે. આત્મામાં આસ્રવ છે? આત્મા તો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે. આહા..હા..! બહુ મોટી ભૂલ અને એ ભૂલની કંઈ કિંમત નહિ. બાહ્ય ત્યાગ કર્યો અને રાગ મંદ કર્યો, ઓહો..હો..! ભારે કામ કર્યા, ભારે કામ કર્યા. ઓહો..હો..! મૂઢ છે, સાંભળ તો ખરો.

અહીં તો આચાર્ય કહે છે, ઓહો..હો..! '**સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા—એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે; (જેને અનાત્માનો-રાગનો-નિશ્ચય થયો હોય...**' દેખો! રાગ અનાત્મા છે. એ આત્મા નહિ, આસ્રવ છે. '**(જેને અનાત્માનો-રાગનો..**' અનાત્મા એટલે રાગ. કહ્યુંને? '**નિશ્ચય થયો હોય તેને અનાત્મા અને આત્મા—બન્નેનો નિશ્ચય હોવો જોઈએ).**' રાગ ભિન્ન છે એવું જો અનાત્માનું જ્ઞાન થયું હોય તો રાગથી રહિત ભગવાન આત્માનું પણ એને જ્ઞાન હોવું જોઈએ. આહા..હા..! ભારે માર્ગ આવો. આવો માર્ગ? એક જણો આવ્યો હતો હમણાં, સ્થાનકવાસી નહિ? રજનીશને માનનારો. નહિ? આ રજનીશ છેને ઓલો? રજનીશ નથી? ઈ સાંભળ્યું છે કે નહિ? ગપ્પા મારે છે. આહા..હા..! એ રજનીશનો ભગત છે. ઓહો..! સુરેન્દ્રનગરનો હતો. વાણિયો આવ્યો હતો સાંભળવા, ત્યાં ઉતર્યો હતો સોસાયટીમાં. આવ્યો હતો, પછી કહે, મહારાજ! આવું આકરું કેમ કઠણ? ઓલું કાંઈક બતાવેને, આમ કરવું, આમ કરવું. પાગલ થઈને નાચે છે અને લુગડા કાઢીને નાગા થાય. રજનીશ એવી જાદુગરી કરે છેને કાંઈક. અરે..રે..! જૈનમાર્ગ મૂકીને આવા કુમાર્ગે જૈનના નામ ધરાવનારા પણ ચાલ્યા જાય છે. ભાન ન મળે કાંઈ. સમજાય છે કાંઈ?

ત્રણ લોકના નાથ વીતરાગદેવનો આ માર્ગ એ માર્ગમાં સાંભળવાની માર્ગની ચીજ મૂકી દઈને જ્યાં ત્યાં રખડે.. આહા..હા..! ભિખારા અજ્ઞાની છે બધા. ત્રણ લોકના નાથ જેમાં

અરિહંત, સિદ્ધ, આચાર્ય... આહા..હા..! એ તે શું પદ છે? એ કિંમતી ચીજ શું છે? જેના મૂલ્યાંકન થતા નથી. એવી ચીજ જેને મળી એને છોડીને જ્યાં ત્યાં સાંઈબાબા ને.. મુંબઈમાં બહુ છે ઈ. સાંઈબાબો છેને કો'ક?

મુમુક્ષુ :— લાભ કરી દે છે.

ઉત્તર :— ધૂળ કરી દેતા નથી, મૂર્ખા છે બધા. ઓલો મરી ગયો ત્યારે કીધું નહિ? પૂનમચંદ. બે ચાર કરોડ રૂપિયા હતા. રામજીભાઈ કામાણી, કામાણી રામજી હંસરાજ. એનો મોટો દીકરો ચાર અને છમાં. પૂનમ મરી ગયો એક ઓલામાં, વાત કરતો હતો એમાં મરી ગયો. હું હવે નિવૃત્તિ લઈને સાંઈબાબા પાસે જવાનો છું. ઠીક! મરી ગયો ત્યારે પૂછ્યું, આ મડદું કાઢવું કે નહિ? કાઢો. ઈ જાણે જીવતું કરી દેશે. મૂર્ખાઈના તે કાંઈ ગામ જુદા હોય? આહા..હા..! ત્રણ ચાર કરોડ રૂપિયા છે. મોટો હતો. બાયું કામ કરશે, છોકરા કામ કરશે. હવે નિવૃત્તિ લઈને સાંઈબાબા પાસે જાવું છે. આહા..હા..! બુદ્ધિ તો દિવાળિયે મુકી છેને.

આવો વીતરાગ માર્ગ, ત્રણ લોકના નાથ જેને સો ઈન્દ્રો પૂજે એવી જેની શક્તિ. વીતરાગ સર્વજ્ઞદશા પ્રગટ થઈ ગઈ એવા વીતરાગ માર્ગ સિવાય ક્યાંય માર્ગ બીજે હોતો નથી. બધાએ ગપેગપ માર્યા છે. આમ ધ્યાન કરો, શ્વાસ આમ કરો, આમ કરો.. વિકલ્પશૂન્ય થઈ જાઓ. પણ અસ્તિ તત્ત્વના ભાન વિના વિકલ્પની શૂન્યતા આવશે ક્યાંથી? એમ કહે છે. સ્વ સત્તાના ભાન વિના પરની સત્તાનો વિકલ્પનો અભાવ થશે નહિ. સમજાણું કાંઈ? પગથિયા ચડેને? પગથિયા. શું કહેવાય ઈ? નિસરણી, સોપાન. ઉપર પગ મૂકે તો નીચેથી ઉપાડવો પડે છે. નીચેથી ઉપડે તો ઉપર મૂકે. એમ ઉપરથી મૂકે ત્યારે નીચેથી ઉપડી જાય છે. એમ ત્રિકાળ વસ્તુ ભગવાન આત્મા એની મહાસત્તા ઉપર દૃષ્ટિ પડતાં વિકલ્પનો અભાવ થઈ જાય છે. એ વિના વિકલ્પનો અભાવ થતો નથી. સમજાણું કાંઈ?

'**આ રીતે જે આત્મા અને અનાત્માને નથી જાણતો તે જીવ અને અજીવને નથી જાણતો;...**' એને જીવ અજીવની ખબર નથી. રાગ તો અજીવ છે. દયા, દાન, વ્રતના પરિણામ, તપના, અપવાસ કરવા એ વિકલ્પ અજીવ છે. આહા..હા..! જીવથી જુદા તે અજીવ. સમજાણું કાંઈ? ચેતનથી વિરુદ્ધ. ૭૨ ગાથામાં આવ્યું છે. ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ છે, રાગ અજીવસ્વરૂપ છે. આહા..હા..! જડ છે. એ જડ ચૈતન્યને લાભ કરે...? પંચ મહાવ્રત પાળે, કષાય મંદ કરે, બધી ક્રિયા કરે તોપણ લાભ નહિ? આહા..હા..! એ રાગ છે. એ તો રાગ બદલાવ્યો, માર્ગ તેં બદલ્યો નહિ. એ તો અશુભ રાગ છોડીને શુભરાગ, જાત તો એક જ છે. સમજાણું કાંઈ? આહા..! જેનાથી જન્મ મરણના અંત ન આવે તે ધર્મ નહિ. ધર્મથી તો અનંત અવતારના અંત આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ-૧૩, શુક્રવાર, તા. ૧૬-૦૩-૧૯૭૩**
**ગાથા-૨૦૧-૨૦૨, શ્લોક-૧૩૮, પ્રવચન-૩૪૫**

૨૦૧-૨૦૨ ગાથા, નિર્જરા અધિકાર છે. એનો ભાવાર્થ ચાલે છે. ગાથામાં એમ કહ્યું કે લેશમાત્ર પણ જો રાગ હોય તો તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એને ધર્મ થતો નથી, અધર્મ થાય છે. એમ કહ્યું. લેશમાત્ર રાગ છે તેને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની કહ્યો, કઈ રીતે?

'ભાવાર્થ :— **અહીં 'રાગ' શબ્દથી અજ્ઞાનમય રાગદ્વેષમોહ કહેવામાં આવ્યા છે.**' જે રાગમાં જેની એકતાબુદ્ધિ છે, ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવમાં જે રાગનો કણ છે, દયા, દાન, વ્રતાદિ, કોઈપણ શુભ અશુભ એ રાગને પોતાના સ્વભાવમાં ભેળવે છે એવા અજ્ઞાનીનો રાગ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? ચાહે તો શાસ્ત્ર ભણ્યો હોય તોપણ જેને રાગ પોતાની ચીજ જે છે એ તો નિર્વિકારી નિર્દોષ આનંદસ્વરૂપ આત્મા છે. એમાં એક ક્ષણનો ક્લિષ્ટ રાગ દુઃખદાયક, ચાહે તો શુભ હો, પણ છે તો દુઃખદાયક અને આકુળતા. એ આકુળતાનો ભાવ નિરાકુળ આત્માના સ્વભાવ સાથે એકત્વ કરે છે એવા મિથ્યાદૃષ્ટિના રાગને અહીંયા ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

'**અહીં 'રાગ' શબ્દથી અજ્ઞાનમય રાગદ્વેષમોહ કહેવામાં આવ્યા છે. ત્યાં 'અજ્ઞાનમય' કહેવાથી મિથ્યાત્વ-અનંતાનુબંધીથી થયેલા...**' વિપરીત માન્યતા.. કેમ ભાઈ નથી આવ્યા નવનીતભાઈ? કહો, સમજાય છે કાંઈ? મિથ્યાત્વ અને અનંતાનુબંધી. અનંતાનુબંધીનો અર્થ વિપરીત રાગની પોતાની માન્યતા તે મિથ્યાત્વ, એની સાથે જે રાગદ્વેષના પરિણામ છે તેને અનંતાનુબંધી કહે છે. અનંત નામ મિથ્યાત્વ, વિપરીત માન્યતા. રાગનો કણ પણ શુભરાગ હો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો શુભ રાગ, એ મારું કર્તવ્ય છે અને એ મારામાં છે એવી જેની માન્યતા છે તે મિથ્યાદૃષ્ટિ અને અનંતાનુબંધી કષાયવાળાની છે. સમજાણું કાંઈ? આ બહુ ઝીણું. આહા..હા..!

મુમુક્ષુ :— સમજવું પડે.

ઉત્તર :— હિત કરવું હોય તો આ સમજવું પડશે, એના વિના કોઈ આરા નથી. ચોર્યાશીના અવતાર.. આહા..હા..! અનંત અનંત મિથ્યાત્વને કારણે જન્મ મરણ કર્યા. પંચ મહાવ્રત પણ અનંત વાર લીધા. જૈન દિગંબર સાધુ આત્મજ્ઞાન વિના અનંત વાર થયો. એનાથી કોઈ જન્મ મરણ મટ્યા નહિ. જન્મ મરણ મટાડવાની ચીજ, એ રાગ નામ વિકલ્પમાત્ર મારી

વસ્તુમાં નથી અને હું રાગમાં નથી. નિશ્ચયથી તો હું તો પર્યાયમાં પણ નથી. એક સમયની પર્યાય થાય છે જાણવાની, એ સમયની અવસ્થામાં હું નથી, હું તો ત્રિકાળી ધ્રુવ અભેદ છું. સમજાણું કાંઈ? અભેદનો પ્રશ્ન કર્યો હતો, કેશવભાઈ. ચાલે છે અભેદનું? કૈલાસચંદજીને. ગોટા વાળ્યા છે. અભેદ એટલે ત્રણે થઈને એક, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ અને અંતર્લીન પર્યાય થઈ જાય એને અભેદ (કહે છે). આવે છેને? ૨૬માં, પછી જ્ઞેય અધિકાર વિશેષ ચાલે છે. .... એ તો પરથી જુદા પાડવા માટે અભેદ કહ્યું. પણ રાગ અને પુણ્યની પર્યાય એનાથી હું છું અને એ મારી ત્રિકાળી ચીજ છે એની સાથે ભેળવે છે. આહા..હા..! ઝીણી વાત. એક સમયના પરિણામ અથવા પર્યાય ત્રિકાળની સાથે ભેળવે છે તો એ પરિણામની દૃષ્ટિ પર્યાયબુદ્ધિ છે. સૂક્ષ્મ છે ભાઈ! સમજાય છે કાંઈ?

અહીંયા જેણે પરિણામની રાગની એકતા કરી છે એવા મિથ્યાદૃષ્ટિનો રાગ ગણવામાં આવ્યો છે. સૂક્ષ્મ વાત છે ધર્મ સમજવો. એમ ઉપરથી સામાયિક કરી લીધી, પૌષધ કરે ને અપવાસ કરે ને કંદમૂળ છોડી દે, રાત્રે ચોવીહાર છોડી દે (તો) ધર્મ થઈ જાય, એવી વસ્તુ નથી. ડાલચંદજી! આહા..હા..! ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં શુદ્ધ ચૈતન્યઘન આનંદઘન આત્મા છે. એમાં આકુળતા રાગનો વિકલ્પ હો, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો, એ રાગ છે, વિકલ્પ છે, આકુળતા છે. એ નિરાકુળ સ્વભાવની સાથે આકુળતાની એકતા કરે છે. પોપટભાઈ! મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિના રાગને જ રાગ ગણવામાં આવ્યો છે. અભ્યાસ કરવો પડશે ઝવેરચંદભાઈ! એમ નહિ ચાલે ઉપરટપ્લે શેઠાઈ આવીને. જ્યાં ત્યાં પછી થોડાઘણા પૈસા દઈને ધર્મ થઈ જાય એમ અહીંયા નથી.

મુમુક્ષુ :— ન્યાં તો ખરોને, અહીં ન હોય.

ઉત્તર :— ન્યાં માને, મનાવે એનાથી કંઈ વસ્તુ થઈ જાય છે?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમાત્મા અરિહંતનો (માર્ગ) છે. આ તો વિશ્વધર્મ, જૈનધર્મ, આત્મધર્મ છે. આત્માનું અંતર અખંડ આનંદસ્વરૂપ એની અંતર દૃષ્ટિ કરવાથી ધર્મ થાય છે. એ રાગની ક્રિયાથી ધર્મ થશે અને રાગ કરતા કરતા, શુભરાગ કરતા, વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે, એની બુદ્ધિ રાગ સાથે એકતાબુદ્ધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે એ રાગાદિ મિથ્યાત્વ સહિતના સમજવા. '**મિથ્યાત્વ વિના ચારિત્રમોહના ઉદયનો રાગ ન લેવો;...**' જ્ઞાનીને પણ, સમકિતીને પણ રાગ તો થાય છે. પણ રાગની એકતાબુદ્ધિ નથી. રાગને પૃથક્ રાખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર દૃષ્ટિમાં ધર્મીને ચૈતન્યસ્વરૂપ, આઠ વર્ષની બાલિકા હો, તોપણ સમ્યગ્દર્શન થાય છે તો પોતાના ત્રિકાળી સ્વભાવની સ્વામી છે. રાગ આવે છે, રાગના સ્વામી નથી. રાગ પોતાની ચીજ નથી એમ

માને છે. એનો રાગ ગણવામાં નથી આવ્યો. એવી વાત છે. અરે..! સત્ય શરણ મળે નહિ અને એમને એમ ચોર્યાશીના અવતાર જન્મ મરણની ઘાણી.. ઘાણી સમજો છો? તલમાંથી તેલ નીકળે એમ ઘાણીમાં પીલાયો છે. આહા..હા..! રાગની ઘાણીમાં ચૈતન્ય ભગવાન પીલાયો છે. એ રાગને પોતાનો માને એને અહીંયા મિથ્યાદૃષ્ટિનો રાગ કહેવામાં આવ્યો છે.

ચારિત્રમોહના ઉદયનો રાગ, રાગની એકતા તૂટીને સ્વભાવનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું તો એના ચારિત્રમોહના ઉદયનો રાગ નહિ લેવો જોઈએ. એ રાગ અહીંયા ગણવામાં આવ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**કારણ કે અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરેને ચારિત્રમોહના ઉદય સંબંધી રાગ છે તે જ્ઞાનસહિત છે;...**' એનો અર્થ શું? ધર્મીને રાગ છે પણ પોતાના જ્ઞાનમાં રાગની એકતા કરતો નથી. સમજાણું કાંઈ? એને ભાન છે કે હું આત્મા આનંદ છું અને આ રાગ છે તે દુઃખ છે. એમ બે વચ્ચે ભેદજ્ઞાનની છીણી પડી ગઈ છે. સમજાણું કાંઈ? રાગ તો આવે છે, તીર્થંકરો સંસારમાં છે. ૠષભદેવ ભગવાન ૮૩ લાખ પૂર્વ સંસારમાં રહ્યા. ત્રણ જ્ઞાન સહિત હતા, સમકિત સહિત હતા. બીજાને બતાવ્યું કે આમ કરો, આમ કરો. જુગલિયાને પદ્ધતિ કેવી રીતે કમાવું અને ખાવું એ ખબર નહોતી તેથી બતાવ્યું. પણ એ તો રાગ હતો પણ એ રાગનું ભિન્ન જ્ઞાન હતું. માલિક નહિ, સ્વામી નહિ. આહા..હા..! એ મારી ચીજ નહિ.

ભરત ચક્રવર્તી, છન્નુ હજાર સ્ત્રી, છન્નુ કરોડ પાયદળ અને છન્નુ કરોડ ગામ. એ તો રાગની કણિકા પણ મારી નથી તો પછી આ ચીજ મારી એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? એવા સંયોગમાં ઘેરાયેલો હોવા છતાં, ઘેરાયેલા સમજ્યા? ચારે બાજુ, અંતરથી નિરાળા છે. 'સમ્યગ્દૃષ્ટિ જીવડો કરે કુટુંબ પ્રતિપાળ, અંતરસે ન્યારા રહે, જ્યાં ધાવ ખીલાવે બાળ' ધાવમાતા હોય છેને? ઈ બાળકને ધવરાવે, પણ જાણે કે મારો પુત્ર નથી. મને તો પચ્ચીસ રૂપિયા, ત્રીસ રૂપિયા છે ઈ મળશે. બાકી કંઈ નહિ. જેનો પુત્ર છે એનો એ પુત્ર છે એને જીવન કરશે. એમ સમ્યગ્દૃષ્ટિ જીવ(ને) રાગ છે, એ રાગને પોતાપણે માનતો નથી. હું પરનું પોષણ કરું છું એમ માનતો નથી. આહા..હા..! અને અજ્ઞાનીને રાગ આવ્યો એ જ મારું કર્તવ્ય છે અને એ મારું આચરણ છે. શુભ આચરણ મારી ચીજ છે એવી માન્યતાવાળાને મિથ્યાદૃષ્ટિ કહે છે. અનંત કાળ થયો રખડતા રખડતા રખડતા.. ઓહો..હો..! જેની સીમા નહિ, મર્યાદા શું? અનંત કાળ.. આદિ.. આદિ.. આદિ ક્યાં? રહ્યો ક્યાં અત્યાર સુધી? મોક્ષ થયો હતો? સંસારમાં રખડે છે ચાર ગતિના અવતાર, નરક ને નિગોદ, કીડી ને કાગડો, રંક અને રાજા, નરક અને સ્વર્ગ એ બધી ચાર ગતિ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ?

કહે છે કે ધર્મીજીવને, અવિરત સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને છે, પાંચમે સાચા શ્રાવક હોય એને અને મુનિ હોય છે, એને ઉદય સંબંધી રાગ છે પણ એ જ્ઞાનસહિત છે. જ્ઞાનસહિતનો

અર્થ—આત્મજ્ઞાન સહિત, ભેદજ્ઞાન સહિત, રાગથી ભિન્ન જ્ઞાન સહિત. નેમિચંદજી! બહુ ઝીણી વાત. આહા..હા..! લોકો તો બિચારા અત્યારે બાહ્ય ક્રિયાકાંડમાં મથ્યા છેને અને એને ધર્મ માને છે. આહા..! એની વાત કરે છે. ભાઈ! તારી ચીજ તો એવી છે અંદરમાં, જેમાં રાગની વિકલ્પની ગંધ નથી. આનંદની ગંધ છે એમાં તો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી છલોછલ લબાલબ ભરેલો છે. આહા..! અને વિકલ્પ, રાગથી તો શૂન્ય છે. એવી ચીજને રાગસહિત છું એમ માને છે. આહા..! આવે છેને? ભાઈ! આમાં નથી નાખ્યું, નહિ? પુરુષાર્થસિદ્ધિ ઉપાય. આમાં નથી, એમાં ગુજરાતી છે, નહિ? પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ૧૪મી ગાથા. આમાં છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. અમૃતચંદ્રાચાર્યદેવનું શાસ્ત્ર છે. લો, એ ગાથા નીકળી, પાનું ફેરવ્યું ત્યાં. શું છે જુઓ!

**'આગળ આ સંસારનું મૂળ કારણ બતાવીએ છીએ :—'** અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર છેને, હજાર વર્ષ પહેલા થયા. કુંદકુંદાચાર્ય દિગંબર સંત બે હજાર વર્ષ પહેલા સંવત ૪૯માં થયા. પછી આ અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર હજાર વર્ષ પછી થયા. દિગંબર સંત વનવાસી જંગલમાં રહેતા હતા. ઈ કહે છે કે **'આગળ આ સંસારનું મૂળ કારણ બતાવીએ છીએ :—**

एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त एव।
प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।

**'एवमयं कर्मकृतैर्भावै'** એ શુભ અશુભ રાગ તો કર્મકૃત ઉપાધિ છે, પોતાની ચીજ નહિ. આહા..હા...! **'एवमयं' 'આ આત્મા કર્મોના કરેલા રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી...'** જડ. આસ્રવ અને શરીર જડ **'સંયુક્ત ન હોવા છતાં પણ...'** ભગવાન આત્મા તો રાગ અને શરીર સહિત છે જ નહિ. આહા..હા...! તો લક્ષ્મી સહિત ને પુત્ર સહિત ને આબરૂ સહિત હશે? આહા..હા..! કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયા શુભાશુભ ભાવ અને શરીર જે જીવ એનાથી અસંયુક્ત **'असमाहितो'** સહિત છે જ નહિ પણ **'युक्त एव प्रतिभाति'** જેને રાગ અને શરીર સહિત હું છું એમ પ્રતિભાસ થાય છે. **'बालिशानां'** અજ્ઞાનીને **'प्रतिभासः स खलु भवबीजम्'** એ ભવનું બીજ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! કહો, રતિભાઈ! આ શું તો પછી આ કારખાના ને મા-બાપ ને છોકરાને ક્યાં નાખવા?

અહીં તો પુરુષાર્થસિદ્ધિ ઉપાય છે. અમૃતચંદ્રાચાર્ય (કર્તા છે). આ ટીકા અમૃતચંદ્રાચાર્યની છે, સમયસારની. ઈ કહે છે જુઓ! **'ટીકા :— આવી રીતે આ આત્મા કર્મ વડે કરેલા નાના પ્રકારના ભાવથી સંયુક્ત નથી તોપણ અજ્ઞાનીને પોતાના અજ્ઞાનથી આત્મા કર્મજનિત ભાવોથી સંયુક્ત જેવો પ્રતિભાસે છે.'** એ ભવબીજ છે. એ મિથ્યાત્વભાવ ચાર ગતિમાં રખડવાનું બીજ છે. એ બીજ ફાટવાથી ચાર ગતિ ફળે છે.

મુમુક્ષુ :— ચારિત્રગ્રંથમાં લખ્યું છે.

ઉત્તર :— આ ચારિત્રગ્રંથ છે, ચરણાનુયોગનો ગ્રંથ છે એમાં પણ આવી વાત છે. ચરણાનુયોગમાં આવી વાત છે. બરાબર છે. વસ્તુ તો હોય ઈ હોયને. સમ્યગ્દર્શન વિના જ્ઞાન પણ સાચું નથી અને એને વ્રત ને તપ ને ચારિત્ર-બારિત્ર કંઈ હોતું નથી. રણમાં પોક મૂકવા જેવી એની વાત છે. આહા..હા..! પોક સમજો છો રણમાં? અરણ્યરૂદન. કોઈ રૂદન રોકે નહિ અને એને રોકાવે નહિ.

કહે છે કે ચારિત્રમોહના ઉદય સંબંધી રાગ તે જ્ઞાનસહિત છે. '**તે રાગને સમ્યગ્દૃષ્ટિ કર્મોદયથી થયેલો રોગ જાણે છે...**' આહા..હા..! ડાલચંદજી! પંચ મહાવ્રતના પરિણામ આવે છે તો ધર્મી રોગ માને છે એમ કહે છે. વિકલ્પ છેને, આસ્રવ છેને. આહા..હા..! બાપુ! માર્ગ બીજો છે. આહા..હા..! ભગવાન આત્મા તો રાગના રોગરહિત ચિદાનંદસ્વરૂપ છે. પોતાની ચીજની એને ખબર નથી. એવા જ્ઞાની જેને રાગ પોતાનો નથી અને રાગથી ભેદજ્ઞાન થયું છે તો ભેદજ્ઞાન સહિત સમકિતીનો રાગ રાગ ગણવામાં આવ્યો નથી. આહા..હા..! કહો, વીરચંદભાઈ! બહુ ઝીણી પણ હોં! સમાજ બહુ એકદમ સાંભળવા માટે હવે તો જોકે તૈયાર થયા છે. ચારે કોર ચાલ્યું છે. આ શું? આ તો વ્યવહારનો લોપ કરી નાખે છે. મુનિવ્રત ને આ વ્રત ને, એ વ્રત કંઈ નહિ? કોણે કીધું નથી? ચીજ છેને મિથ્યાત્વની. રાગને પોતાનો માનીને કરે છે તો મિથ્યાત્વ છે. આહા..હા..!

કહે છે, ધર્મીજીવ ચોથે ગુણસ્થાને ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં એ રાગને કર્મોદયથી ઉત્પન્ન થયેલો રોગ જાણે છે. રોગને કોઈ ભલો જાણે? '**અને તેને મટાડવા જ ઈચ્છે છે;...**' આહા..હા..! મટાડવા ઈચ્છે છે. પહેલા વાત આવી ગઈ છે. '**તે રાગ પ્રત્યે તેને રાગ નથી.**' આહા..હા..! ધર્મીને રાગ પ્રત્યે રાગ નથી. મિથ્યાદૃષ્ટિને રાગ પ્રત્યે રાગ છે. આ મોટો ફેર છે, દૃષ્ટિમાં ફેર છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અરે..! અનંત સંસાર, જન્મ મરણનો અંત લાવવો હોય તો આ વસ્તુ છે. બાકી તો રખડે છે. રંક હો, રાજા હો, સ્વર્ગ હો, શેઠ હો એ બિચારા દુઃખી દુઃખી પ્રાણી છે. બિચારા દુઃખી છે. એઈ..! રતનલાલજી! આહા..હા..! પહેલી દૃષ્ટિનો તો સુધાર થવો જોઈએને. દૃષ્ટિના સુધાર વિના એનું કોઈ દિ' કલ્યાણ થશે નહિ. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ રાગને રોગ (જાણે છે). '**રાગ પ્રત્યે તેને રાગ નથી. વળી સમ્યગ્દૃષ્ટિને રાગનો લેશમાત્ર સદ્‌ભાવ નથી એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે :—**' ધર્મીને રાગ નથી. ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હો, ચાહે તો છન્નુ હજાર સ્ત્રીના વૃંદની વચ્ચે દેખાતો હોય તો પણ એને રાગ નથી એનું શું કારણ? એનું શું કારણ? ઈ કહે છે જુઓ. '**સમ્યગ્દૃષ્ટિને અશુભ રાગ તો અત્યંત ગૌણ છે...**' પાપરાગ તો ક્યારેક થાય છે. સમજાણું કાંઈ? એ તો ગૌણ છે, એની મુખ્યતા નથી. '**અને જે શુભ રાગ થાય છે...**' શુભ રાગ આવે

છે '**તેને તે જરાય ભલો (સારો) સમજતો નથી...**' આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી જીવ એને કહીએ કે જેને આત્મા શુદ્ધ આનંદસ્વરૂપનો અનુભવ થયો, સમ્યક્દૃષ્ટિ થઈ એને અહીંયા ધર્મી કહેવામાં આવે છે. ભલે બહારથી ત્યાગ ન હોય પણ અંતરમાં મિથ્યાત્વનો ત્યાગ થયો અને સમ્યગ્દર્શનનો અંતરમાં અનુભવ થયો એને અશુભરાગ તો ઘણો ગૌણ છે, બહુ થોડો છે. શુભ રાગ થાય છે તેને જરાય ભલો સમજતો નથી. આહા..હા..! દુઃખ લાગે છે.

આ સોગાનીનું જે થયું છેને? સોગાનીએ લખ્યું છેને, ભગવાનની ભક્તિ પણ ભટ્ઠી છે. ખળભળાટ.. ખળભળાટ... આ શું લખે છે? સાંભળ તો ખરો. એ ભગવાન તરફ લક્ષ જાય છે ત્યાં શુભ રાગ છે. રતનલાલજી! હોય છે, પણ છે દુઃખ. અને છે કષાય-અગ્નિ. આહા..હા..! એઈ..! છ ઢાળામાં નથી આવતું? છ ઢાળામાં આવે છેને? પાઠશાળામાં ભણાવે છે. 'રાગ આગ દાહ દહે સદા' 'રાગ આગ દહે સદા' એમ આવે છે, છેલ્લું પદ. છ ઢાળા છેને? દૌલતરામજીની. 'રાગ આગ દહે સદા'. ચાહે તો શુભ રાગ હો કે અશુભ રાગ, દહે. આહા..! લોકોને ભાષા જરી બીજી આવે ત્યાં આહા..! ભગવાનની ભક્તિ રાગ અગ્નિ. પણ રાગ છે તો કષાયનો અંશ છે. અને કષાયનો અર્થ શું? કષ નામ સંસાર અને આય નામ લાભ. એનાથી તો સંસારનો લાભ મળે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ચર્ચા ચાલે છે, ભટ્ઠીની. સોગાનીનું. પુસ્તક નથી જોયું તમે. જોયું છે? તમારી પાસે ક્યાંથી આવ્યું? લીધું? અહીંથી લીધું હશે. ત્રીજો ભાગ મળ્યો? ત્રીજો ભાગ નહિ હોય. બે ભાગ (હશે). પાઠ છે? બેન! મનફુલાબેન ત્રીજો ભાગ નહિ હોય. ત્રીજો ભાગ છેને? પહેલા બે ભાગ હશે. પહેલા બે ભાગ. તમને તો આપ્યું છે. સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ છે. બહુ સરસ છે. સાધારણ જીવને તો એમ લાગે કે અર..ર..ર..! આ શું કહે છે? ફોટો છેને? એમના પિતાજી. એમ લખે છે કે ભટ્ઠી છે. મને તો શુભભાવ ભટ્ઠી લાગે છે. રાગ આગ છે. સાંભળને! આહા..હા..!

ભગવાન આત્માનો તો શાંત શાંત અકષાયસ્વભાવ છે. એવી શાંતિ જ્યાં દૃષ્ટિમાં આવી તો શાંતિને મેળવે છે તો રાગ અગ્નિ દેખાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અશુભ રાગની તો વાત શું કરવી? અશુભ રાગ તો તીવ્ર રાગ છે જ, પાપ છે, અગ્નિ છે. પણ શુભરાગ પણ દુઃખ છે અને અગ્નિ છે. સમજાણું કાંઈ? '**શુભ રાગ થાય છે તેને તે જરાય ભલો (સારો) સમજતો નથી—તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરતો નથી.**' દુશ્મન તરીકે રાગને જાણે છે. કાળો નાગ જેમ જોવે, નાગ નાગ કાળો, સર્પ એમ જ્ઞાનીને રાગમાં દુઃખ લાગે છે. ચાહે તો શુભ હો કે અશુભ હો, અજ્ઞાની શુભ રાગને ઠીક માને છે. બસ, એ જ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

મૂળ વાત દર્શનશુદ્ધિ અને સમકિત શું ચીજ છે એ વાત પડી રહી. ઉપરથી આવા વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો ને ષોડશકારણભાવના ભાય.. આવે છે કે નહિ ઈ? તીર્થંકરપદ પાય.. દરશવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકરપદ પાય. કોને પણ? સમ્યગ્દર્શન વિના? એ તો આસ્રવ છે. સમ્યગ્દૃષ્ટિને જ એવો રાગ આવે છે, પણ એ રાગને દુઃખદાયક માને છે. એ દુઃખદાયકથી તીર્થંકરપ્રકૃતિનો બંધ પડે છે, કર્મથી નહિ. સમજાણું કાંઈ? આ તો ત્રણ લોકના નાથ ચૈતન્ય તીર્થંકર પરમાત્માના દરબારની આ વાત છે. આ કોઈ સાધારણ વાત નથી. આહા..હા..!

કહે છે, શુભ રાગ થાય છે. '**તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરતો નથી. વળી નિશ્ચયથી તો તેને રાગનું સ્વામિત્વ જ નથી.**' લ્યો. આહા..હા..! વિષ્ટા હોય, મેસુબ.. મેસુબ સમજો છો? મેસુબ નથી થતા? ચણાનો લોટ અને ચાર શેર ઘી. મેસુરપાક થાય છેને? ચણાનો... શું કહે છે? બેસન. એક શેર ચણાના લોટમાં ચાર શેર ઘી પાય કંદોઈ. કંદોઈ સમજ્યા? હલવાઈ. એક શેર લોટમાં ચાર શેર ઘી. એને મેસુબ કહે છે. અને એક શેર ઘઉંનો લોટ, એમાં ચાર શેર ઘી પાઈને કરે એને શક્કરપારા કહે છે. અમે તો બધું જોયું છેને. સમજાણું કાંઈ? ગઢડામાં ચોમાસુ હતુંને, ૧૯૮૧માં તો લાઠીવાળાએ શક્કરપારા કર્યા હતા. લાઠીવાળા નહિ? પૈસાવાળા છે. ૧૯૮૧માં. એક શેર ઘઉંનો લોટ, ચાર શેર ઘી. એ પાય એમાં. એની વિષ્ટા થાય છે. ખાધા પછી વિષ્ટા થાય છેને, શું થાય છે? ઊંચા શક્કરપારા છે, મેસુબ હોય એની વિષ્ટા ડબ્બામાં રાખે છે? રાખો ભાઈ ઊંચી વસ્તુ છે. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ પ્રભુ, એનો જ્યાં બોધ થયો, ભાન થયું ધર્મીને એને રાગ તો ઝેર જેવો દેખાય છે. વિષ્ટા કીધી ત્યાં લોકો ભડકી ગયા. આહા..! ઝેર કહે છે એને, વિષ્ટા તો ક્યાંય રહી. સોગાનીમાં વિષ્ટા કહ્યું છે. પુણ્ય વિષ્ટાનો ઢગલો છે. મોટો વિષ્ટાનો ઢગલો છે એમ લખ્યું છે. કેટલામો છે? આંકડો ખબર નહિ હોય. ૧૫૬. કોણ કહ્યું? 'અધિક પુણ્ય વિષ્ટાકા બડા ઢેર હૈ.' રતનલાલજી! ન્યાલભાઈ લખે છે. 'અધિક પુણ્ય વિષ્ટાકા બડા ઢેર હૈ. કેવલજ્ઞાનકી પર્યાય ઉપેક્ષણીય હૈ, તબ ફિર ક્ષયોપશમ ભાવ જ્ઞાનકી તો બાત હી ક્યા હૈ?' સમજાણું કાંઈ? તો કહે છે કે '**લેશમાત્ર રાગ નથી. વળી નિશ્ચયથી તો તેને રાગનું સ્વામિત્વ જ નથી.**' વિષ્ટાનો સ્વામી થાય? '**માટે તેને લેશમાત્ર રાગ નથી.**'

'**જો કોઈ જીવ રાગને ભલો જાણી તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરે તો—ભલે તે સર્વ શાસ્ત્રો ભણી ચૂક્યો હોય, મુનિ હોય, વ્યવહારચારિત્ર પણ પાળતો હોય...**' પંચ મહાવ્રત પાલન કરે, નગ્ન રહે, નિર્દોષ ચોકા કર્યા વિનાનો આહાર લે. ચોકા કરાવીને આહાર લે તો વ્યવહાર નિશ્ચય બેય મુનિપણું નથી. બેયથી મુનિ નથી એ તો. લાલચંદજી! એને કરવું પડ્યું છેને ન્યાં. ઈંદોરમાં. ઝાંઝરી ના પાડતા હતા. ઝાંઝરી પછી નીકળી ગયા

એમાંથી. બધા ભેગા ભળવું જોઈએને. શું કરે? શેઠિયા.. નહિતર જુદા પડી જાય. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ખબર છેને. નામ. આને દેવું, લાલચંદભાઈનું નામ આવ્યું હશે એમાં તો. આવ્યું છે? ઝાંઝરીનું નામ આવ્યું હતું, ઝાંઝરી ગયા નહિ. અરે..! ચોકા કરીને દેવું એ જૈનમાર્ગથી મોટી વિરુદ્ધતા છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એણે મુનિવ્રત **'વ્યવહારચારિત્ર પણ પાળતો હોય...'** બરાબર પાળતો હોય. **'તોપણ—એમ સમજવું કે તેણે પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ નથી જાણ્યું,...'** એ રાગની ક્રિયા મારી છે અને એનાથી મને લાભ થશે અને રાગને લેશમાત્ર ભલો માને, એ મહાવ્રત પાળનારો મુનિ હો, સમિતિ, ગુપ્તિથી ચાલવાવાળો હોય, નગ્ન હોય, પણ એ આત્માનો જાણનાર નથી, મિથ્યાદૃષ્ટિ છે. તમારા કાકાને કઠણ પડે એવું છે આ બધું. નહિ? હજી તો ત્યાં લઈ જવા છે... આપણે તો નેમચંદભાઈ ને... પણ એવું સાંભળ્યું છે કે મુનિના ભગત છેને બહુ પાક્કા. જ્યાં હોય ત્યાં અપવાસ બોધ કરે. અહીં તો આ કહે છે. દર્શનશુદ્ધિ વિના બધું એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ?

શ્રેણિક રાજા. સાંભળ્યું છેને? શ્રેણિક રાજા ભગવાનના વખતમાં હતા. હજારો રાણીઓ હતી. ક્ષાયિક સમકિત થયું. ત્યાગ નહોતો, વ્રત નહોતા, ચારિત્ર નહોતું. પણ સમ્યગ્દૃષ્ટિ હતા, તીર્થંકરગોત્ર બાંધ્યું ભગવાનના સમવસરણમાં. પણ પહેલી નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. નરક. સાધુની અશાતના કરી હતી, સાચા સાધુની તો નરકઆયુ બંધાઈ ગયું. જે બંધાઈ ગયું એ તો ભોગવવું જ પડે. લાડવા બનાવે ઘી સાકર નાખીને, એ ઘી પાછું કાઢીને પુરી તળવામાં કામ ન આવે. એમાં તો ઘી આવી ગયું છે, ખાવું પડશે. લાડવો બન્યા પછી એમાંથી ઘી કાઢીને પુરી બનાવવી, સાકર કાઢીને... એમ થાય નહિ. એમ એકવાર નરકની ગતિ (આયુ) બંધાઈ ગઈ એમાંથી ફેર નહિ થાય, જાવું જ પડશે. એ ગતિની સ્થિતિ વધી જાય છે અને કોઈને ગતિની સ્થિતિ ઓછી થઈ જાય પણ ગતિ ન ફરે.

સમ્યગ્દર્શન પહેલા શ્રેણિક રાજાનું નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. પછી આત્માનું ભાન થયું. નરકની ઘણી સ્થિતિ હતી, ચોર્યાશી હજાર વર્ષ રહી ગઈ. તેંત્રીસ સાગરની મોટી સ્થિતિ બાંધી હતી, એ ચોર્યાશી હજાર વર્ષની રહી ગઈ. પહેલી નરકમાં છે. અઢી હજાર વર્ષ પૂરા થઈ ગયા. સાડી એક્યાસી હજાર વર્ષ પછી ત્યાંથી નીકળીને આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર થશે. પદ્મનાભ તીર્થંકર થશે. જેવા મહાવીર એવા ઈ થશે. ત્યાગ નહોતો, વ્રત નહોતા, ચારિત્ર નહોતું, ગૃહસ્થાશ્રમમાં હતા. હજારો રાણીઓ હતી. આત્માનું ભાન હતુંને. સમજાણું કાંઈ? એ તો સાંભળ્યું છેને? ભાઈ! આહા..! એક સમ્યગ્દર્શનમાં રાગને ભલો નહિ માનવો અને નિજ સ્વરૂપના આનંદનો સ્વાદ આવવો એવી દૃષ્ટિમાં જન્મ મરણનો અંત આવી ગયો, એકાદ

ભવ કરવાલાયક હતો તો તીર્થંકર થશે. નારકીમાંથી નીકળીને તીર્થંકર થશે અને ત્યાંથી મોક્ષ થશે. શ્રેણિક રાજા મુનિ થશે. ચારિત્ર તો અંતરમાં આવશેને. અંતરમાં ચારિત્ર હોય તો નગ્નદશા થઈ જાય છે. સમજ્યા? અંતરમાં ચારિત્ર પ્રગટ થાય અને વસ્ત્ર પાત્ર રહી જાય એમ બને નહિ. પણ વસ્ત્ર પાત્ર છોડી દીધા છે માટે અંતર દૃષ્ટિ થઈ ગઈ છે એમ નથી. ઝાંઝરીજી! આહા..હા..! એઈ..! પદમચંદજી! ઈ તો અતડા રહેતા હતા. અતડા રહેતા હતા, દૂર દૂર રહેતા હતા. આહા..હા..!

કહે છે કે રાગને જીવ ભલો જાણીને લેશમાત્ર રાગ કરે. રાગનો પ્રેમ કરે કે આ ઠીક છે, ઝેરને ઠીક માને '**ભલે તે સર્વ શાસ્ત્રો ભણી ચૂક્યો હોય,...**' મુનિ થઈ ગયો હોય, વ્યવહારચારિત્ર બરાબર પાળતો હોય '**તોપણ—એમ સમજવું કે તેણે પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ નથી જાણ્યું,...**' ભગવાન આત્મા તો રાગથી રહિત છે એની એને દૃષ્ટિ નથી. બહુ સરસ વાત આવી છે. સમજાણું કાંઈ? '**કર્મોદયજનિત...**' જુઓ, કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલો રાગ તેને '**જ સારો માન્યો છે...**' આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગને જ સારો માને છે. આહા..હા..! માર્ગ બાપા જુદી જાતના છે, પ્રભુ! આહા..હા..! તારી પ્રભુતા તો શાંતિથી પ્રભુતા છે, રાગથી પ્રભુતા છે? રાગ તો પામરતા છે. આહા..હા..! એને ભલો માનવો, એ મુનિવ્રત પાળતો હોય, શાસ્ત્ર ભણ્યો હોય, લાખો મનુષ્યોમાં સભા ભરીને લોકોનું રંજન કરતો હોય તોપણ એ આત્માને જાણનાર નથી. રાગને ભલો માને છે તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— પરંપરા કારણ છે.

ઉત્તર :— ધૂળમાંય પરંપરા કારણ નથી. પરંપરા અનર્થનું કારણ છે. સમ્યગ્દૃષ્ટિનો રાગ પરંપરા કારણ છે. કેમ? કે અશુભ રાગ ટાળ્યો છે અને શુભ રાગ છોડી દેશે એ અપેક્ષાથી કારણ છે. એનાથી લાભ થાય છે એમ નહિ. છોડશે ત્યારે લાભ થશે. સમકિતદૃષ્ટિને હોં! અજ્ઞાનીનો રાગ તો ઝેરનું જ કારણ છે. છેને, બાર અનુપ્રેક્ષા? કુંદકુંદાચાર્ય (રચિત) બાર ભાવના છે એમાં છે કે અજ્ઞાનીનો રાગ પરંપરા અનર્થનું કારણ છે. આ તો ભાવનામાં છે. બાર ભાવના છપાઈ ગઈ છે. આ નિયમસાર થયુંને? નિયમસાર પછી અષ્ટપાહુડ થશે. અષ્ટપાહુડ છેને, ભગવાન કુંદકુંદાચાર્યદેવનું. દર્શનપાહુડ, સૂત્રપાહુડ, ચારિત્રપાહુડ... ઈ એકલી ગાથા છે, એની ટીકા નથી. ટીકા નથી. આ બધાની તો ટીકા થઈ ગઈ. પંચાસ્તિકાય મૂળ પાઠ અને ટીકા, સમયસાર મૂળ પાઠ અને ટીકા, પ્રવચનસાર મૂળ પાઠ અને ટીકા, નિયમસાર મૂળ પાઠ અને ટીકા, અષ્ટપાહુડ મૂળ પાઠ, ટીકા નહિ. કેમકે એની ટીકામાં ગરબડી છે. બહુ સાધારણ, બહુ સાધારણ. કોઈના પ્રત્યે દ્વેષ નહિ. એવો દ્વેષ કર્યો છે ટીકાકારે કે જે કોઈ મૂર્તિ પૂજા આદિ ન માને, શાસનદેવને ન માને તો એને ખાસડા લઈને... ખાસડા સમજ્યા? જૂતા,

ખાસડા લઈને વિષ્ટા ચોપડીને (મારે) અને પાપ નાસ્તિ.. કોઈ પ્રત્યે વિરોધ નહિ. સત્વેષુ મૈત્રી, ગુણેશુ પ્રમોદં. બધા આત્મા છે. કોઈ ઉપર વેરબુદ્ધિ નહિ. ચાહે તો વિરોધદૃષ્ટિ હો, એની સાથે વેર કરવું... નહિ, નહિ, નહિ. એ તો ભગવાન છે આત્મા અંદરમાં. દૃષ્ટિની ભૂલ છે, તો એમ જાણવું. સમજાણું કાંઈ? પણ કોઈ પ્રત્યે વેરવિરોધ નહિ, કોઈને દુશ્મન નહિ માનવો. સત્વેષુ મૈત્રી, ગુણેશુ પ્રમોદં, ... મધ્યસ્થભાવના ... આહા..હા..! ભાવનામાં આવે છે. સત્ત્વેષુ મૈત્રી. બધા આત્માઓ મિત્ર પ્રભુ છે. કોઈ પ્રત્યે વેર નહિ. આહા..હા..! ચાહે તો દુશ્મન હો, માથાનો વાઢનાર હો, પાક્કો વિરોધ કરનારો હોય, વેર નહિ, વેર નહિ. પોતાના અંતરમાં મૈત્રીતા છૂટે નહિ. ધર્મીજીવની સર્વ પ્રાણી પ્રત્યે મિત્રતા હોય છે. નેમિચંદજી! આહા..હા..! વિરોધ ભલે કરો, દૃષ્ટિ ભલે વિપરીત હો, વિરોધ નહિ, વેર નહિ.

ગુણેશુ પ્રમોદં. ગુણી પ્રત્યે પ્રમોદ કરવો. ક્લિષ્ટેશુ .. વિરોધ કરનારા ક્લિષ્ટ જીવો અજ્ઞાની પ્રત્યે કૃપા... કેમકે એવી વિરોધદૃષ્ટિથી જેને નરક, નિગોદમાં જાવું પડે એની દયા ખાવી, એનો તિરસ્કાર નહિ કરવો. આહા..હા..! જે પાપથી દુર્ગતિમાં જાશે એનો શું તિરસ્કાર કરવો? આહા..હા..! એમાં તો એમ લખ્યું છે ટીકામાં, ટીકા પછી છાપી નહિ. આવી ટીકા હોય? કોઈ ભટ્ટારક જેવા હતા એમણે બનાવી હતી. માને નહિ કોઈ, જિનશાસન દેવને પૂજે નહિ, ફૂલથી ભગવાનની પૂજા કરે નહિ, ... થાય છે, જગતમાં શું ન થાય? ભગવાન વખતે ઈન્દ્રો નહોતા? તો કોઈને મારતા હતા? વિરોધ કરનારા તો ઘણા હતા. ભગવાન વખતે પણ. કોઈ પ્રત્યે ... કોઈ પ્રત્યે મને વેર નથી, સમતા છે, પ્રભુ! ધર્મીની આવી દૃષ્ટિ હોય છે. સમજાણું કાંઈ? અસત્યને અસત્ય કહે, અસત્યને અસત્ય સમજાવે પણ અસત્યદૃષ્ટિવંતનો તિરસ્કાર કરે (એમ ન હોય). સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**કર્મોદયજનિત રાગને જ સારો માન્યો છે અને તેનાથી જ પોતાનો મોક્ષ માન્યો છે.**' દેખો! સારો માની રાખ્યો છે અને તેનાથી જ પોતાનો મોક્ષ માન્યો છે. આહા..હા..! માન્યતા ખોટી છે. શ્રદ્ધામાં મોટો વિપર્યાસ છે. રાગ હો, પણ એ રાગ કરતા કરતા કલ્યાણ થશે, રાગથી મારી મુક્તિ થશે, પ્રશસ્ત રાગ છેને, ઈ ક્યાં અપ્રશસ્ત છે, એમ માનીને મુક્તિ માને છે તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આવી વાત છે. સમજાણું કે નહિ? ગોહાટીમાં આવી વાત ચાલશે? થોડી થોડી. સાધારણ ચાલેને. આવી સૂક્ષ્મ વાત ન ચાલે. થોડી થોડી.. એવી વાત છેને. આહા..હા..!

અહીં તો સ્પષ્ટ કરી નાખ્યું છે. જયચંદ્ર પંડિત થયા છે, જયપુરમાં. આ ટીકા એમણે બનાવી છે. મૂળમાંથી ભાવાર્થ બનાવ્યો. ભાવાર્થ એમણે કર્યો છે. લાલચંદજી!

મુમુક્ષુ :—

ઉત્તર :— ... ગૃહસ્થાશ્રમમાં હતા પણ વાત સત્ય હતીને? શ્રદ્ધા સત્ હતી. ખુલ્લું કરી

નાખ્યું. વ્યવહારચારિત્ર પાળે, મહાવ્રત પાળે, સમિતિ ગુપ્તિ પાળે, લોચ કરે, વિહાર કરે, મુનિવ્રતમાં વ્યવહારમાં દોષ ન લાગવા દે. પણ રાગને પોતાનો માને છે અને રાગની ક્રિયાથી ધર્મ થાય એમ માને છે અને રાગને ભલો માને છે, મિથ્યાદષ્ટિ છે.

મુમુક્ષુ :— બધું ફોગટ.

ઉત્તર :— ફોગટ જ હતુંને. રાગમા હતું શું? આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ રીતે પોતાના અને પરના પરમાર્થ સ્વરૂપને નહિ જાણતો હોવાથી જીવ-અજીવના પરમાર્થ સ્વરૂપને જાણતો નથી.'** આહા..હા..! જેણે કણમાત્ર પણ રાગને ભલો માન્યો.. આહા..હા..! **'અને જ્યાં જીવ અને અજીવ—બે પદાર્થોને જ જાણતો નથી ત્યાં સમ્યગ્દષ્ટિ કેવો?'** એ ધર્મી કેવો? સત્યદષ્ટિ ક્યાં છે એની પાસે? સમજાય છે કાંઈ? **'માટે રાગી જીવ સમ્યગ્દષ્ટિ હોઈ શકે નહિ.'** રાગનો રાગી જીવ સમ્યગ્દષ્ટિ હોઈ શકે નહિ. રાગ થાય છે. ધર્મીને પૂજાનો ભાવ આવે છે કે નહિ? વિનયનો ભાવ પરદ્રવ્ય ભગવાનનો એ બધો શુભભાવ છે પણ માને છે કે એ શુભ ભાવ ભલો નથી. આવ્યા વિના રહેતો નથી. અશુભથી બચવા માટે આવે છે. પણ એ મોક્ષનું કારણ છે એમ નથી. અને મોક્ષના કારણમાં શુભ રાગ કિંચિત્ સહાયક છે એમ નથી. પાટનીજી! આવી વાત છે. આહા..હા..! **'સમ્યગ્દષ્ટિ હોઈ શકે નહિ.'**

## શ્લોક-૧૩૮

(मन्दाक्रान्ता)

आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मितपदमपदं तद्विबुध्यध्वमन्धाः।
एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति।।१३८।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જે કાવ્ય દ્વારા આચાર્યદેવ અનાદિથી રાગાદિકને પોતાનું પદ જાણી સૂતેલાં રાગી પ્રાણીઓને ઉપદેશ કરે છે :-

શ્લોકાર્થ :- (શ્રી ગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કે:) **[अन्धाः]** હે અંધ પ્રાણીઓ ! **[आसंसारात्]** અનાદિ સંસારથી માંડીને **[प्रतिपदम्]** પર્યાયે પર્યાયે **[अमी रागिणः]** આ રાગી જીવો **[नित्यमत्ताः]** સદાય મત્ત વર્તતા થકા **[यस्मिन् सुप्ताः]** જે પદમાં

સૂતા છે-ઊંઘે છે **[तत्]** તે પદ અર્થાત્ સ્થાન **[अपदम् अपदं]** અપદ છે-અપદ છે, (તમારું સ્થાન નથી,) **[विबुध्यध्वम्]** એમ તમે સમજો. (બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે.) **[इतः एत एत]** આ તરફ આવો આ તરફ આવો, (અહીં નિવાસ કરો,) **[पदम् इदम् इदं]** તમારું પદ આ છે-આ છે **[यत्र]** જ્યાં **[शुद्धः शुद्धः चैतन्यधातुः]** શુદ્ધ-શુદ્ધ ચૈતન્યધાતુ **[स्व-रस-भरतः]** નિજ રસની અતિશયતાને લીધે **[स्थायिभावत्वम् एति]** સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે-અવિનાશી છે. (અહીં 'શુદ્ધ' શબ્દ બે વાર કહ્યો છે તે દ્રવ્ય અને ભાવ બન્નેની શુદ્ધતા સૂચવે છે. સર્વ અન્યદ્રવ્યોથી જુદો હોવાને લીધે આત્મા દ્રવ્યે શુદ્ધ છે અને પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી રહિત હોવાને લીધે ભાવે શુદ્ધ છે.)

ભાવાર્થ :- જેમ કોઈ મહાન પુરુષ મદ્ય પીને મલિન જગ્યામાં સૂતો હોય તેને કોઈ આવીને જગાડે-સંબોધન કરે કે 'તારી સૂવાની જગ્યા આ નથી; તારી જગ્યા તો શુદ્ધ સુવર્ણમય ધાતુની બનેલી છે, અન્ય કુધાતુના ભેળથી રહિત શુદ્ધ છે અને અતિ મજબૂત છે; માટે હું તને બતાવું છું ત્યાં આવ, ત્યાં શયન આદિ કરી આનંદિત થા'; તેવી રીતે આ પ્રાણીઓ અનાદિ સંસારથી માંડીને રાગાદિકને ભલા જાણી, તેમને જ પોતાનો સ્વભાવ જાણી, તેમાં જ નિશ્ચિંત સૂતાં છે-સ્થિત છે, તેમને શ્રી ગુરુ કરુણાપૂર્વક સંબોધે છે-જગાડે છે-સાવધાન કરે છે કે 'હે અંધ પ્રાણીઓ ! તમે જે પદમાં સૂતાં છો તે તમારું પદ નથી; તમારું પદ તો શુદ્ધ ચૈતન્યધાતુમય છે, બહારમાં અન્ય દ્રવ્યોના ભેળ વિનાનું તેમ જ અંતરંગમાં વિકાર વિનાનું શુદ્ધ છે અને સ્થાયી છે; તે પદને પ્રાપ્ત થાઓ-શુદ્ધ ચૈતન્યરૂપ પોતાના ભાવનો આશ્રય કરો'.૧૩૮.

## કળશ-૧૩૮ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જે કાવ્ય દ્વારા આચાર્યદેવ અનાદિથી રાગાદિકને પોતાનું પદ જાણી સૂતેલાં રાગી પ્રાણીઓને ઉપદેશ કરે છે :—' રાગમાં જ સૂતો છે, રાગથી લાભ માને છે એવા અજ્ઞાની રાગમાં સૂવે છે તેને ઉપદેશ કરે છે. અરે..! સાંભળ રે સાંભળ પ્રાણી! શું કહે છે જુઓ! ૧૩૮, ૧૩૮ કળશ છે.

आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिपदमपदं तद्विबुध्यध्वमन्धाः।

एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति।।१३८।।

આહા..હા..! ભગવાન તીર્થંકર અને ગુરુ આચાર્ય કુંદકુંદાચાર્ય,

'**શ્લોકાર્થ :— (શ્રી ગુરુ સંસારી ભવ્ય જીવોને...**' સંસારી ભવ્ય—લાયક જીવોને '**(સંબોધે છે કે) હે અંધ પ્રાણીઓ!**' આહા..હા..! માતા કહેને પુત્રને, તોફાન કરતો હોય તો કહે અરે..! મૂરખ છે. એમ કહે કે નહિ? માતા, માતાજી બાળક તોફાન બહુ કરતો હોય તો કહે, ગાંડો થઈ ગયો છે? એમ ભગવાન ગુરુ કહે છે, અરે.. અંધ! અરે..! રાગથી ધર્મ માનવાવાળો અંધ! સમજાણું કાંઈ? કરુણાબુદ્ધિ છે. છે વિકલ્પ પણ કરુણા છે. અરેરે..! પ્રાણીઓ! ક્યાં તમારે જાવું છે? ભાઈ! સમજાણું કાંઈ? હે અંધ પ્રાણીઓ! છેને પાઠમાં? '**अन्धाः**' બીજા પદમાં છે '**अन्धाः**'. '**અનાદિ સંસારથી માંડીને...**' ભગવાન! અનાદિ સંસારથી લઈને, પ્રભુ! '**પર્યાયે પર્યાયે આ રાગી જીવો...**' શરીર શરીરમાં, પર્યાયે પર્યાયે સ્વકાળે '**રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા...**' એ રાગમાં ઘેલછા, ગાંડપણ વર્તે છે એને. સમજાણું કાંઈ? અનાદિ નિગોદથી માંડી, નિગોદથી આવા જીવ મનુષ્ય થયા, નવમી ગ્રૈવેયક ગયા, પણ અનાદિ સંસારમાં રાગી પર્યાયે પર્યાયે રાગી જીવ. સમય સમયની પર્યાયમાં અને શરીર શરીરદીઠ ભવમાં રાગને જ પોતાનો માન્યો છે. સમજાણું કાંઈ? રાગ તો અંધકાર છે. ભગવાન આત્મા તો પ્રકાશની મૂર્તિ છે. ચૈતન્યપ્રકાશની મૂર્તિ પ્રભુ આત્મા છે. આહા..હા..! ચૈતન્યનું પુર એનું નુર.. આહા..હા..! તેજ, ચૈતન્યના તેજથી ભગવાન ભરેલો છે. રાગ તો અંધકાર છે.

અરે.. પ્રાણી! આહા..હા..! હે અંધ જીવ! '**અનાદિ સંસારથી માંડીને...**' નિગોદની પર્યાયથી. હજી કેટલાક નિગોદ એવા છે કે હજી ત્રસ નથી થયા, મનુષ્ય થયા નથી એવા અનંત પ્રાણી પડ્યા છે નિગોદમાં. બટાકા-આલુ. બટાકા સમજ્યા? આલુ. કંદમૂળ. લસણ, ડુંગળી એની કટકીમાં અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા એના કરતાં અનંતગુણા જીવ છે. શું કહ્યું? લસણ, ડુંગળી.. ડુંગળી સમજો છો? પ્યાજ. ડુંગળી, લસણ, કાંદા, મૂળા મૂળા, મૂળીના કાંદા, આલુ, લીલી હળદર, આદુ, શક્કરકંદ એની એક રાઈ જેટલી કટકીમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. કોણ માને? એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા, છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ મુક્તિ પામે છે, અઢી દ્વીપમાંથી, ભગવાનનો લેખ છે, આટલા જીવોમાંથી છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ મુક્તિ પામે છે. આટલા અનંત કાળથી સિદ્ધ થયા એના કરતાં અનંતગુણા જીવ એક શરીરમાં છે. આહા..હા..! એમાંથી કેટલાક હજી ત્રસ નથી થયા. આહા..હા..! તને તો મનુષ્યપણું મળ્યું આમાં ... કેટલું દુર્લભ છે મનુષ્યપણું, એમાં સત્ય સાંભળવું કેટલું દુર્લભ છે અને એમાં

નિજ અનુભવ કરવો એ કેટલું દુર્લભ છે. સમ્યગ્દર્શન દુર્લભ વાત છે. પૈસા મળવા, રાજપાટ મળવા, સ્વર્ગ મળવું એ દુર્લભ નથી, એ તો અનંત વાર મળ્યા. સમજાણું કાંઈ? શરીરની સુંદરતા મળવી, લક્ષ્મી મળવી, સ્ત્રી અનુકૂળ મળવા, પુત્ર અનુકૂળ થવા એ તો અનંત વાર થઈ ગયું, એ શું ચીજ છે? એ ક્યાં શરણભૂત છે? એ ક્યાં તારી ચીજ છે? ક્યાં તું એમાં છો? જ્યાં તું છો ત્યાં તો આનંદ અને જ્ઞાન ભર્યા છે. સમજાણું કાંઈ?

અરે.. અંધ પ્રાણીઓ! આહા..હા..! '**आसंसारात्**' છેને? અનાદિ, આ સંસાર એટલે અનાદિ સંસાર. '**પર્યાયે પર્યાયે આ રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા...**' પ્રભુ! તું રાગમાં એકતા કરીને ઘેલછાઈમાં વર્તે છે, ગાંડપણમાં વર્તે છે. આહા..હા..! નિગોદના જીવને પણ શુભ ભાવ તો અનંત વાર થયા. જે મનુષ્ય નથી થયા એવા નિગોદજીવ છે, એને પણ અનંત વાર શુભ થયું. શુભ અશુભ, શુભ અશુભ તો નિરંતર એને થાય છે. એ શુભ ભાવ કોઈ નવીન ચીજ નથી. નિગોદમાં બટાકામાં, કંદમૂળમાં, મૂળીમાં શુભભાવ થાય છે. ભગવાનની વાણી છે. ક્ષણમાં શાતા બાંધે છે, ક્ષણમાં અશાતા બાંધે છે એવો પાઠ છે. તો ક્ષણમાં શુભ ભાવ છે, ક્ષણમાં અશુભ છે. અનંત વાર એવું કર્મચક્ર થયું છે. સમજાણું કાંઈ? શુભ ભાવ કોઈ નવીન ચીજ નથી, અપૂર્વ નથી. અજ્ઞાની રાગમાં મત્ત થાય છે.

હે પ્રાણી! આહા..! '**જે પદમાં સૂતા છે—ઊંઘે છે તે પદ અર્થાત્ સ્થાન અપદ છે—અપદ છે,...**' આહા..હા..! ભગવાન! તું રાગમાં એને પોતાનો માનીને સૂતો છો એ તો તારું અપદ છે, તારું સ્થાન નથી. આહા..હા..! શરીર-બરીરની વાત કરી નથી. એ તો જડ છે એમાં તો રહેતો નથી. રાગ આવ્યો વિકલ્પ, એમાં મત્ત થઈને લીન થઈને અનાદિ કાળથી રહ્યો છે. પ્રભુ! એ તારું પદ નહિ. એ તારું સ્થાન નહિ, એમાં તારી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**અપદ છે—અપદ છે,...**' બે વાર કહ્યું. '**(તમારું સ્થાન નથી,) એમ તમે સમજો.**' આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ થાય છે તે પણ અપદ છે. આહા..હા..! વીતરાગ આમ કહે હોં! અમારી સામું જોઈને અમારી ભક્તિ કરવામાં તને રાગ થશે. એ તો વીતરાગ કહે હોં! આવે છે, પણ રાગ છે. તું તારી સામું જો અંદર. કહો. આહા..હા..! '**એમ તમે સમજો.**' રાગમાં રહે છે એ તારું પદ નહિ. આહા..હા..! નીચે દાખલો આપશે. દારૂ પીને, કોઈ રાજા હો અને દારૂ પીધો હોય, પછી વિષ્ટા હોય ત્યાં સૂઈ જાય અને કોઈ મોઢામાં પેશાબ નાખે તો એને ઓલું ન લાગે. બેભાન હોય છેને બેભાન. એમ મહાપુરુષ તું પરમાત્મા ચિદાનંદ છોને. આ રાગમાં સૂવે છે એ તારી ચીજ નહિ. આહા..હા..! એ અપદ છે, તારું પદ નહિ. તારા પદમાં રાગ નથી, રાગ તારું પદ નહિ. આહા..હા..! છે કે નહિ? આહા..હા..! તો પછી આ મકાન ને પૈસા તારું પદ હશે?

મુમુક્ષુ :— ધર્મમાં ન હોય, લૌકિકમાં હોય.

ઉત્તર :— લૌકિકમાં હોય એટલે? લૌકિકમાં એમ કહે. આહા..હા..! કેમ પંડિતજી!

મુમુક્ષુ :— સ્વાધ્યાય મંદિરમાં બેઠા હોય ત્યારે ન કહેવાય.

ઉત્તર :— બહારમાં એમ કહે, દુનિયા એમ કહે. દુનિયા તો ગાંડી પાગલ છે. આહા..હા..! ભગવાન! તારું પદ ચીજ તો આનંદસ્વરૂપ છે. એનાથી વિરુદ્ધ જે રાગનો વિકલ્પ આવ્યો એ તો આકુળતાનું પદ છેને. એ તારું અપદ છે, એ તારું સ્થાન નહિ, ત્યાં તારે રહેવાલાયક નથી. તારું એમાં રહેઠાણ નહિ. આહા..હા..! હમણાં કહેશે ત્રીજી ગાથામાં. સમજાણું કાંઈ? **'એમ તમે સમજો.'** અપદ શબ્દ **'(બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે).'** આચાર્યે કરુણા કરી છે હોં! હે ભગવાન! તમે રાગમાં ન રહો, પ્રભુ! તારું પદ નહિ. છોડી દે રાગને. આહા..હા..! નેમિચંદજી! કરુણા કરી છે. **'આ તરફ આવો—'** અંદર આનંદસ્વરૂપ ભગવાન તારું સ્વરૂપ ત્યાં આવે. એ સ્થાન છોડી દે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ-૧૪, શનિવાર, તા. ૧૭-૦૩-૧૯૭૩**
**શ્લોક-૧૩૮, ગાથા-૨૦૩, પ્રવચન-૩૪૬**

સમયસાર, નિર્જરા અધિકાર, ૧૩૮ કળશ ચાલે છે.

**'શ્રી ગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કે :—'** કુંદકુંદાચાર્ય આદિ, અમૃતચંદ્રાચાર્ય સંત છે. પોતાના સ્વસંવેદનમાં આનંદમાં જેને ઉગ્રપણે વેદન છે એ મુનિપણું છે. મુનિપણું કોઈ પંચ મહાવ્રતના વિકલ્પ કે શરીરનું નગ્નપણું એ કોઈ મુનિપણું નથી. એવું નિમિત્ત હોય છે પણ એ મુનિપણું નથી. મુનિપણું તો અંતર આનંદસ્વરૂપ ભગવાન આત્મા એ આનંદનું ઉગ્રપણે વેદન, સ્વસંવેદન—સ્વ નામ પોતાથી, સં નામ પ્રત્યક્ષ અતીન્દ્રિય આનંદના પુર આવે પર્યાયમાં, લ્યો વળી ઈ આવ્યું. જેમ સમુદ્રમાં ભરતી આવે છે, અમારે ગુજરાતીમાં ભરતી કહે છે, બાઢ, એમ આત્મામાં અંતર દૃષ્ટિ કરવાથી અંતર પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે એનું નામ મુનિપણું છે. આહા..હા..! એ ગુરુ કહે છે, **'હે અંધ પ્રાણીઓ!'** આહા..હા..! અરે..! આત્મામાં આનંદના અનુભવ વિનાના પ્રાણી એમ કહે છે. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા એના આનંદથી રહિત, હે અંધ પ્રાણીઓ! એમ સંબોધન કરે છે.

આહા..હા..! ચાહે તો સ્વર્ગના દેવ હો, અબજોપતિ રાજા હો, પણ શુદ્ધ આત્મા આનંદસ્વરૂપના અનુભવ વિના તો અંધ જ કહે છે અહીંયા તો. આહા..!

હે અંધ પ્રાણીઓ! જે વસ્તુ અંદર આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ છે એનો તો તમને બોધ નથી, વેદન નથી, શાંતિ નથી. અને એકલા રાગ અને પુણ્ય પાપના વિકલ્પનું તમને વેદન છે એ અંધ છે, એમ કહે છે. આહા..હા..! વીરચંદભાઈ! આહા..હા..! છતી આંખે, પણ એ અંતર દૃષ્ટિમાં આત્માનો અનુભવ નથી, સમ્યગ્દર્શન નથી એ રાગના વેદનવાળા અનાદિથી એકેન્દ્રિયથી માંડીને, એકેન્દ્રિય પ્રાણી, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, બે ઈન્દ્રિય કીડા આદિ, ત્રણ ઈન્દ્રિય મકોડા, ચૌઈન્દ્રિય માખી, પંચેન્દ્રિય પશુ આદિ, જ્યાં આત્મા આનંદસ્વરૂપ પ્રભુ છે એની જ્યાં દૃષ્ટિ અને વેદનનો અભાવ છે એને અહીંયા અંધ કહે છે. આહા..હા..! નારણભાઈ! એ.. પોપટભાઈ! આહા..હા..!

ભગવાન અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ તું તો છેને! તેના એક અંશના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ સડ્યા તરણા જેવા દેખાય. તરણા સમજ્યા? તિનકા. આહા..હા..! સડેલા તરણા. એવી તારી આનંદની એક સમયની ઝલક... પોપટભાઈ! વેદન, એ વેદન વિનાના પ્રાણીને અંધ પ્રાણી તરીકે બોલાવ્યા છે. આહા..હા..! જેને આત્માના ચક્ષુ ખુલ્યા નથી, સમજાણું કાંઈ? રાગના વિકલ્પ ચાહે તો ભગવાનની ભક્તિ આદિનો હો, રાગાદિ ગમે તે હો, એ તો કષાય છે, અગ્નિ છે. આહા..હા..! એનાથી રહિત ભગવાન આત્મા શાંતરસનો પિંડ છે, ઉપશમરસનો સરોવર છે, અરે..! તારા આનંદના સરોવરમાં તારી દૃષ્ટિ નથી અને તને આનંદનો અનુભવ નથી એને અહીંયા અંધ પ્રાણી કહેવામાં આવે છે. રતનલાલજી! અંધ છે. આ બે આંખ ... આ આંખ તો પરને દેખે છે. દેખવામાં નિમિત્ત છે, આ તો જડ છે, દેખે તો છે પર્યાયને અને પરને દેખે છે. આહા..હા..! અંતરચક્ષુ વડે પોતાનો સ્વભાવ અતીન્દ્રિય આનંદનો રસ પૂર્ણ પરિપૂર્ણ ભર્યો છે. એ પુણ્ય પાપના વિકલ્પ નામ રાગથી શૂન્ય અને ખાલી છે. આહા..હા..! આ શરૂઆતની વાત છે હોં! આહા..હા..!

ભગવાન! એક વાર ભગવાન કહે છે. ૭૨ ગાથામાં એમ આવ્યું. આત્મા ભગવાન એમ કરીને બોલાવ્યો. ભગવાન! તારી પર્યાયમાં શુભ અશુભ રાગ થાય છે, પ્રભુ! એ તો અશુચિ છે, મેલ છે. ભગવાન આત્મા તો નિર્મળાનંદ છે. એ મેલથી ભિન્ન છે. એમ ભગવાન તરીકે બોલાવ્યો છે. અહીંયા ઉપદેશમાં અંધ તરીકે સંબોધન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભો અંધ પ્રાણીઓ! **'અનાદિ સંસારથી માંડીને...'** પ્રભુ આદિના વિનાનો સંસાર નિગોદથી માંડીને એકેન્દ્રિય જીવ આ લીલોતરી છેને, હરિતકાય, પૃથ્વી, પાણી, જળકાય. એક જળના બિંદુમાં અસંખ્ય જીવ છે. એક પૃથ્વીનો કણ જે સચેત માટી હોય છેને, પત્થરની ખાણ, એમાં એક કણીમાં અસંખ્ય એકેન્દ્રિય પૃથ્વીના જીવ છે. આહા..! એમ અગ્નિના એક કણમાં

અસંખ્ય જીવ છે. વાયુ અને આ વનસ્પતિ. .. એમાંથી અનાદિ કાળથી ભગવાન તેં તો રાગ અને દ્વેષને જ વેદ્યા છે. એ તારું પદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અનાદિ સંસારથી માંડીને...**' ભગવાન! તું તો અનાદિનો છે. તો અનાદિથી તારી વર્તમાન દશામાં પર્યાયે પર્યાયે ક્ષણે ક્ષણે અવસ્થામાં અને ભવ ભવમાં અને શરીર શરીરદીઠ '**આ રાગી જીવો...**' રાગને કરનારા, રાગને દેખનારા, રાગમય થવાવાળા એવા અજ્ઞાની. રાગી એટલે એમ નહિ કે અશુભ રાગ, શુભ અશુભ રાગ એ બેય રાગી છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, લાલચંદ શેઠી! શું છે આ? આ વાત આવી? સાધારણ સમાજ વચ્ચે આ વાત? સમાજ છે જ નહિ, પ્રભુ! એ તો ભગવાન છે. આજે ઓલું આવ્યું છેને? સર્વોદયનું? કંકોત્રી આવી છે. એમાં ચારે બાજુ લખ્યું છે. આત્મા પરમાત્મા, આત્મા પરમાત્મા, આત્મા પરમાત્મા. છે અહીંયા ક્યાંક. અંદર હશે. કંકોત્રી આજે આવી છેને સર્વોદયની? ન્યાંથી. જાવું છેને ન્યાં, ઘાટકોપર. મોટી ઈસ્પિતાલ છે. ત્યાં જવાનું છે. લખ્યું છે, ચારે બાજુ લખ્યું છે. આત્મા સો પરમાત્મા, આત્મા એ પરમાત્મા, આત્મા એ પરમાત્મા. આ બાજુ આત્મા પરમાત્મા.. ઠીક લખ્યું છે, કીધું. કંકોત્રી આવી છે. એની માં ઉપર, માંના નામની કંકોત્રી છે. અને આખું દિગંબર મુમુક્ષુ મંડળ એમ કરીને. જીવીબેનને. આત્મા પરમાત્મા.. આહા..હા..!

પરમ આનંદસ્વરૂપ, પરમ શાંતસ્વરૂપ, પરમ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા તો છે. અરે..! આંધળા! તેં અનાદિ સંસારથી રાગનું જ વેદન કર્યું છે. સમજાણું કાંઈ? સદા રાગી જીવ '**સદાય મત્ત વર્તતા થકા...**' અરે..! પુણ્ય અને પાપના વિકલ્પ જે વિકાર છે એમાં તને અભિમાન વર્તે છે અને મત્ત—ઘેલછા થઈ ગઈ છે તને. આહા..હા..! સમજાણું કાંઈ? પૂરણચંદજી! અરે..! ક્ષણે ક્ષણે પ્રભુ તેં તો... રાગી જીવ તું થયો છો. જીવ જ્ઞાની અને આનંદસ્વરૂપ છે એવો અનુભવ નહિ કરીને તેં તો રાગનું, વિકલ્પનું, શુભ અશુભ ભાવનું વેદન કર્યું પ્રભુ! એ રાગી જીવ મત્ત પાગલ થઈને વર્તે છે કહે છે. આહા..હા..! ગાંડા છે, આપણી કાઠિયાવાડી ભાષામાં કહે છે, પાગલ પાગલ.

'**જે પદમાં સૂતા છે...**' જેમાં તારી જાગ્રતિ છે. રાગ અને પુણ્ય ને પાપના વિકલ્પમાં તારી જાગ્રતિ છે, એમાં સૂતો છે. આ મારી છે, એમાં તું સૂઈ ગયો છો. આહા..હા..! શરીર, વાણી, મન એ તો જડ છે, એની વાત અહીંયા કરી જ નથી. આ તો માટી જડ છે, એ તો જડ થઈને રહ્યા છે. શરીર તો જડ થઈને રહ્યું છે, લક્ષ્મી જડ થઈને રહી છે, પર આત્મા સ્ત્રી આદિનો એ તો એનો આત્મા થઈને રહ્યો છે, એ કોઈ ચીજ આત્મામાં આવી નથી. પણ તારી પર્યાયમાં તે રાગ અને દ્વેષનો ભાવ કરીને.. આહા..હા..! તમારા કાકાનો છે ઈ? ઠીક છે. ... આહા..! સમજાણું કાંઈ? અરે..! ભગવાન આત્મા છે. બાળગોપાળ

શરીરને ભૂલી જાઓ. એ અંદરમાં પરમાત્મા આનંદકંદ પ્રભુ છે. અરે..રે..! એનું તને વેદન નથી એમ કહે છે અહીં.

**'મત્ત વર્તતા થકા જે પદમાં સૂતા છે...'** રાગમાં પોતાપણું માનીને જે લીન થઈ ગયા છે **'તે પદ અર્થાત્ સ્થાન અપદ છે—અપદ છે,...'** આહા..હા..! તારું સ્થાન નહિ, તારું ક્ષેત્ર નહિ, તારો ભાવ નહિ, તારી દશા નહિ. આહા..હા..! પોપટભાઈ! ભારે વાત આ!

મુમુક્ષુ :— બંગલામાં સૂતા હોય એ બંગલો અમારો નહિ?

ઉત્તર :— બંગલો કોના બાપનો હતો? જડનો છે એ તો. છોકરા કોના? એ તો એના આત્માનો આત્મા છે, શરીર શરીરનું છે. મૂઢ ઘેલછાઈમાં 'ઈ મારો છે' એમ રાગ કરીને રાગમાં મત્ત થઈ ગયો છે. આહા..હા..! અહીંયા તો એવી વાત છે, રતનલાલજી! અહીંયા માખણ-બાખણ કંઈ નથી. માખણ સમજ્યા? શેઠિયાઓને માખણ ચોપડેને? તમે મોટા છો, બહુ સારા છો. અહીં તો કહે છે, આંધળો છો. નારણભાઈ! એ.. અમરચંદભાઈ! આ બધા શેઠિયાઓ છે. આહા..હા..! શેઠ કોને કહીએ? કે જેને શ્રેષ્ઠ તત્ત્વ ચૈતન્યનું વેદન હોય એને શ્રેષ્ઠ કહીએ. રાગના વેદનને તો અંધ અને અજ્ઞાની ને નીચ કહેવામાં આવે છે. આહા..હા..! વીતરાગ પંથ સર્વજ્ઞદેવ એમની દિવ્યધ્વનિમાં આમ આવ્યું એ સંતો જગત પાસે આડતિયા તરીકે કહે છે. આડતિયા કહે.

અરે..! **'અપદ છે—અપદ છે,...'** ભગવાન! એ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ રાગાદિ વિકલ્પમાં તારી દૃષ્ટિ પડી છે અને ઈ જ તું છો, એમ આંધળો થઈને એને તેં માન્યું છે, એ તારું સ્થાન નહિ, પ્રભુ! આહા..હા..! એ વિકલ્પ ચાહે તો દયા, દાન, પૂજા, ભક્તિનો હો પણ એ તો રાગ છે, એ રાગમાં રહેવું એ તારું પદ, તારું સ્થાન, તારો ભાવ નહિ. પોપટભાઈ! છોકરા અને પૈસા ક્યાં ગયા હશે? બહુ દૂર રહી ગયું? વાત તો જે હોય એ હોયને. વાત તો આ છે.

મુમુક્ષુ :— વસ્તુ એક જ છે.

ઉત્તર :— હા, એક જ છે, જ્યાં જાય ત્યાં વસ્તુ આ એક જ છે. આહા..હા..! ક્ષેત્ર બદલાય છે બહારથી. અંતરનું ક્ષેત્ર બદલાતું નથી અને ભાવ બદલાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જૈન સાધુ થઈને પંચ મહાવ્રતના પરિણામ રાગ છે એમાં વેદનમાં પડ્યો હોય તો કહે છે કે પ્રભુ! એ તારું પદ નહિ. આહા..હા..! એ તો વિકલ્પની લાગણી દુઃખરૂપ છે. આહા..હા..! બે વાર કહ્યું, **'અપદ છે—અપદ છે,...'** છેને? **'अपदम् अपदं'** આહા..! તારું સ્થાન નહિ, ભાઈ! એ તારો ભાવ નહિ હોં! આહા..હા..! સમજાણું કાંઈ? **'એમ તમે સમજો.'**

એમ સંતો જગતને સંબોધે છે. કહો, રસિકભાઈ! આહા..હા..! અહીં તો કાંઈક પાંચ, પચાસ લાખ મળે, બંગલા કાંઈક થાય.. રતનલાલજીને વળી વધારે હોય, આ તો એક સાધારણ માણસની વાત છે, કહો, સમજાણું કાંઈ? એમાં એને એમ થઈ જાય, ઓહો..હો..! આપણે તો બહુ સુખી છીએ. દુઃખના ડુંગરમાં માથા પછાડે છે. અપદ છે તારું. આહા..હા..! એ આકુળતા (છે). ઝવેરચંદભાઈ! છ છ ભાઈઓ ભેગા, દુકાન ચાલે મોટી, લાખોની પેદાશ હોય એને દુઃખી કહેવા? ઝવેરચંદભાઈ!

ભગવાન! તારું અંતર આનંદસ્વરૂપ જ્યોતિ ચૈતન્યજ્યોત સુખધામ. એકલું ધામ તારું સ્થાન, ધામ નામ સ્થાન એ તો આનંદરૂપ તારું સ્થાન છે. આહા..હા..! અંતરમાં અતીન્દ્રિય આનંદરૂપી તારું ધામ—સ્થાન છે. આ રાગનું વેદન એ તારું ધામ—સ્થાન નહિ. આહા.હા..! ભારે વાત ભાઈ! અપદ શબ્દ '**(બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે).**' સંતોની કરુણા છે. અરે.. પ્રભુ! તું આ શું કરે છે? એ તારું પદ નહિ, તારું સ્થાન નહિ. સમજાણું કાંઈ? નીચે દૃષ્ટાંત આપશે. '**મહાન પુરુષ મદ્ય પીને મલિન જગ્યામાં સૂતો હોય તેને કોઈ આવીને જગાડે...**' નીચે છે ભાવાર્થમાં. '**સંબોધન કરે કે 'તારી સૂવાની જગ્યા આ નથી; તારી જગ્યા તો શુદ્ધ સુવર્ણમય ધાતુથી બનેલી છે.**' તમારું તો અંદર દિવાન.. શું કહેવાય? દિવાનપરું, દિવાનખંડ. ભૂલી જવાય છે. દિવાનખાનું હોય છેને? આહા..હા..! હાથીના દાંતના તો બેસવાના હોય. દિલ્હીમાં નથી? જુઓને ગયા હતા એક ફેરી જોવા. સોનાના બધા સિંહાસન. બધા આવે મોટા મોટા ગવર્નર ને, ભેગા થાય બધા ભિખારા, પછી એને ચા પાય. એક ફેરી ગયા હતા જોવા. દિલ્હી ગયા હતાને, આપણે નાનાલાલભાઈના જમાઈ હતાને, એના ઓલા હતા. શું કહેવાય? ધારાસભ્ય. અંદર લઈ ગયા હતા જોવા. આ શું કરવા છે? સાહેબ! મોટા માણસ આવે તો અહીંયા બેઠા બેઠા દૂધ પીવે, ચા પીવે, ઉકાળો પીવે. નારણભાઈ! ઉકાળા છે. રાગ ને દ્વેષ ને વિકલ્પના ઉકાળા પીવે છે. આહા..હા..!

ભગવાન આચાર્ય કરુણાથી સંબોધન કરીને કહે છે, એ તારું પદ નહિ. આહા..હા..! '**આ તરફ આવો—આ તરફ આવો,...**' આહા..હા..! અંદર આનંદસ્વરૂપ ભગવાન ત્યાં આગળ નજર કરો, ત્યાં આવો એમ કહે છે. ચંદુભાઈ! આહા..હા..! સારો દીકરો પાકે, પાંચ પાંચ લાખની પેદાશ હોય, અનુકૂળતા હોય તો એમાં સુખ હશે કે નહિ? સુખ છે કે નહિ એમાં? આહા..હા..! અજ્ઞાની મૂઢ લક્ષ્મીમાં, પુત્રમાં, આબરૂમાં અને શરીરની સુંદરતામાં સુખ માને છે તેને અહીંયા અંધ કહે છે. હે અંધ પ્રાણીઓ! આંધળા! તને આત્મામાં આનંદ સુખ છે એની તને ખબર નથી. ચાહે તો ત્યાગી થયો અને ભોગી હોય, ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ એની તને ખબર નથી અને રાગ ને પુણ્ય ને પાપના ભાવ તારું સ્થાન નહિ,

એમાં તું સૂઈ ગયો છો. જાગ રે જાગ, પ્રભુ! એમ કહે છે. સમજાણું કાંઈ? તમે સમજો. આહા..હા..! આ તરફ આવો. એ રાગ ને પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ છે એ તો રાગ છે. આહા..હા..! એ રાગમાં સૂવું, તું આંધળો છો. પંડિતજી! આહા..હા..! અરે..રે..! એને ખબર નથી બિચારાને. મારી સ્થિતિ શું છે અંદર? એ પુણ્ય અને પાપના ભાવથી રહિત તારી ચીજ અંદર છે. ત્યાં આવો રે આવો, ત્યાં આનંદ છે. તારી રાગની ક્રિયામાં તો એકલું દુઃખ છે. આહા..હા..! કેમ બેસે આ વાત? બહારમાં મજા માનતા હોય, લ્યો. વીસ વીસ લાખની પેદાશું હોય, બાર મહિને પચ્ચીસ પચ્ચીસ લાખ, પચાસ લાખ, છોકરા સારા હોય, બાયડી ઠીક હોય, આબરૂ મોટી—નાક લાંબા હોય, એ બધા અજ્ઞાની પ્રાણી દુઃખી છે. કેમકે અંદર વિકલ્પ જે દયા, દાન, વ્રત ને કામ, ક્રોધના વિકલ્પ ઉઠે છે રાગ, એ રાગને પોતાનો માનીને ત્યાં સૂવે છે એ મૂઢ અજ્ઞાની પ્રાણી છે. એ દુઃખી છે. ડાહ્યાભાઈ! દુઃખી હશે? આહા..હા..!

અરે..! ભગવાન! રાગની શુભ વૃત્તિ ઉઠે છે એ પણ દુઃખ છે. કેમકે આત્મા આનંદસ્વભાવથી ઊલટો વિપરીત એ રાગભાવ છે. સમજાણું કાંઈ? ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ હોય, જાત્રાનો ભાવ હોય એ બધો રાગ છે. વ્રત, તપ, ભક્તિ આદિ પુણ્યના વિકલ્પ રાગ છે, દુઃખ છે, આકુળતા છે. આત્માના સ્વભાવથી એ બીજી ચીજ છે. એમાં તારી રુચિથી તું પડ્યો છો, હે અંધ! એકવાર અંદર તો આવ. અંતરમાં તારું આનંદધામ પડ્યું છે. નેમચંદભાઈ! આવી વાત છે ભાઈ અહીં તો. અહીંયા શેઠિયાને માખણ ચોપડવાની (વાત) નથી. શેઠિયા પાંચ પચાસ લાખ ખર્ચે એટલે ધર્મ ધુરંધર થઈ જાય. ધૂળમાંય નથી. પૈસા ક્યાં એના બાપના હતા? પૈસા તો જડ છે. જડ મારા છે એમ માનીને આપે છે તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. સમજાણું કાંઈ?

અહીંયા તો કહે છે કે એ વિકલ્પ જે ઉઠે છે શુભ અને અશુભ રાગ, એ તારું પદ નહિ, તારું સ્થાન નહિ, તારું સ્વરૂપ નહિ, તારો ભાવ નહિ, તારી સ્થિતિ નહિ. આહા..હા..! એ પર્યાયબુદ્ધિવાળા રાગમાં સૂવે છે એમ કહે છે. તો કહે છે, અરે..! આવ રે, આવ અંદર. જ્યાં ચૈતન્યધામ આનંદનું ધામ પડ્યું છે. આહા..હા..! શ્રીમદ્‌માં આવે છે નહિ?

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.

દયા પામ તો પામ, ભક્તિ કર તો પામ એમ નથી કહ્યું ત્યાં. એ તો બધા વિકલ્પ છે, રાગ છે. આહા..હા..! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન..' શુદ્ધ પવિત્ર તારી ચીજ, બુદ્ધ નામ જ્ઞાનનો પુંજ. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' ચૈતન્યઘન આમ અસંખ્ય પ્રદેશ. અસંખ્ય પ્રદેશ તારા છે અંદર, એ બધા અસંખ્ય પ્રદેશ સુખધામ. 'સ્વયં જ્યોતિ' પોતાથી જ્યોતિ છે, એનો

કોઈ કર્તા હર્તા છે નહિ. એવી 'સ્વયં જ્યોતિ સુખધામ' આનંદનું ધામ અંદર પડ્યું છે, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..! એક વાર આવ તો ખરો અહીંયા. લાલચંદભાઈ! આહા..હા..!

**'આ તરફ આવો—આ તરફ આવો,...'** આહા..હા..! અરે..! તમે રાગ અને પુણ્ય પાપના ભાવમાં એકાકાર થઈ ગયો છો, દુઃખી છો, ચાર ગતિમાં રખડવાવાળો પ્રાણી તમે દુઃખી છો. ચાહે તો રાજા હો, શેઠ હો અબજોપતિ એ બધા પ્રાણી રાગની ક્રિયા કરે છે, રાગમાં રહે છે એ બધા દુઃખી છે. આહા..હા..! અરે..રે..! એને પોતાની વસ્તુ શું છે એ સાંભળવા મળે નહિ અને આમ રખડાઉ (થઈને) અનંત કાળથી રખડે છે. રખડાઉ સમજો છો? ચાર ગતિમાં રખડે, રખડવાવાળા. આહા..હા..! ભટક ભટક એક ભવમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં. રાજા પણ અનંત વાર થઈ ગયો, સ્વર્ગ પણ અનંત વાર મળ્યું. કોઈ પુણ્યક્રિયા કરી હોય તો સ્વર્ગ મળ્યું પણ એ દુઃખી છે. આહા..હા..! સ્વર્ગમાં પણ કષાયરૂપી અંગારા બળે છે. સમજાણું કાંઈ? રાગમાં પ્રભુ તું સૂવે છો. ઓહો..હો..! એક વાર રાગથી છૂટીને એ પુણ્ય પાપના વિકલ્પની વૃત્તિની રુચિ છોડીને, ભગવાન! એકવાર અંદર આવી જા. આહા..હા..! અંતર્મુખ તારું સુખધામ સ્થાન પડ્યું છે. આહા..હા..! અરે..! વાત સાંભળવા પણ મળે નહિ. જિંદગી એમને એમ ચાલી જાય. પચાસ પચાસ, સાંઈઠ સાંઈઠ, સીત્તેર વર્ષ. ઢોરની જેવી જિંદગી છે ઈ. એ... વીરચંદભાઈ! પશુમાં અને એનામાં ફેર શું છે?

જેમાં પુણ્ય અને પાપના રાગમાં મંથનમાં પડ્યો છે અને રાગના વેદનમાં પડ્યો છે, ઢોર પણ રાગના વેદનમાં છે. એકેન્દ્રિય જીવ જે પૃથ્વી, વનસ્પતિ એ પણ એકેન્દ્રિય રાગના વેદનમાં છે, તું પણ રાગના વેદનમાં છો, ફેર શું છે? આહા..હા..! સંતો જગતને એની ચીજ જે છે એ પ્રસિદ્ધ કરીને બતાવે છે. ભાઈ! તું તો આનંદસ્વરૂપ છોને. અરે..! તારી ચીજ અંદર સચ્ચિદાનંદ પ્રભુ તું છો, તું ભગવાન પૂર્ણાનંદ છો. આહા..હા..! એ રાગની રુચિ છોડીને એકવાર અંતરમાં તો આવો. આહા..હા..! સમજાણું કાંઈ?

આવો, **'તમારું પદ આ છે—આ છે...'** આહા..હા..! નિવાસ કરો. અંદર આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે (એમાં) નિવાસ કરો, પ્રભુ! ત્યાં તારો વાસ, રહેવાનું સ્થાન ઈ છે. આહા..હા..! આ મકાન-બકાનની હજીરાની વાત નથી અહીંયા. દસ લાખના મકાન કર્યા ને ચાલીસ લાખના મકાન—હજીરા મોટા બનાવે અને માથે મોટા પંખા ફરે. હેઠે ખુરશીમાં બેઠો હોય અને શીખંડ ને પત્તરવેલિયા ખાતો હોય, સુખી છે. ધૂળેય નથી. સાંભળ તો ખરો. દુઃખના ગંજમાં પડ્યો છે. પુનમચંદજી! કેમ હશે આ? મોટો દુઃખી છે. સનેપાતિયો, તને સનેપાત લાગ્યો છે. જેમ સનેપાત ઘણો છે તોય હરખ કરે છે, હસે છે. સન્નિપાત સમજ્યા? વાત, પિત્ત, કફ. સન્નિપાત થાય છેને? સન્નિપાત. વાત, પિત્ત, કફ ત્રણેનું વકરવું, ઉગ્ર થવું

એનું નામ સન્નિપાત.

અહીંયા ભગવાન કહે છે કે તારી મિથ્યાશ્રદ્ધા, રાગથી હું છું અને રાગથી મારું કલ્યાણ થશે, એ તારી મિથ્યાશ્રદ્ધા, રાગનું જ્ઞાન અને રાગમાં આચરણ, તારા શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણે. તને સનેપાત થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? પેલો દ્રવ્ય સનેપાત છે, આ ભાવ સનેપાત છે. આહા..હા..!

ભગવાન! તારી વસ્તુની તને ખબર નથી. તું તો અહીંયા નિવાસ કરે, પ્રભુ! અંદર આવો, અંદર આવો અંદર. આહા..હા..! અંતર્મુખમાં જવાથી તારી ચીજનો તને પત્તો લાગી જશે. એઈ..! બહાર ભટકવાથી તો શુભ અને અશુભ રાગ, અનંત વાર કર્યો છે અને અનંત વાર એ રાગને ભોગવ્યો છે. એ સ્થાન છોડી દે હવે. અરે..રે..! આવું મનુષ્યપણું મળ્યું, સમજાણું કાંઈ? વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરનો સંપ્રદાય, જૈન સંપ્રદાય મળ્યો. અને વાત સાંભળવા મળે તોપણ તું ન્યાંથી ખસતો નથી, હટતો નથી. એકવાર તો આવી જા નાથ! આહા..હા..! નેમિચંદજી! અહીં તો આ વાત છે, ભગવાન! પહેલી શ્રદ્ધા તો કરે કે અંતરમાં જાવું એ સમ્યગ્દર્શન છે. અંતરમાં અનુભવમાં આનંદમાં આવવું એ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના કોઈ જ્ઞાન ને ચારિત્ર ને વ્રત, તપ બધા એકડા વિનાના મોટા મીંડા છે. રણમાં પોક મૂકવા જેવા છે. એ પોક કોઈ સાંભળે નહિ અને પોક એની મટે નહિ. આહા..હા..! પણ લોકોને એવા ચડાવી દીધા છેને. આહા..હા..! બિચારી જિંદગી પચાસ પચાસ, સાંઈઠ સાંઈઠ વર્ષ મનુષ્યની ચાલી જાય છે. કાંઈ ભાન નથી. આહા..હા..!

કહે છે, આ તરફ આવો રે આવો. આચાર્ય મહારાજ પોકાર કરે છે. '**તમારું પદ આ છે—આ છે...**' તમારું પદ—સ્થાન તો અંતરમાં છે પ્રભુ! કેવું છે? શુદ્ધ બુદ્ધ '**શુદ્ધ-શુદ્ધ ચૈતન્યધાતુ...**' આહા..હા..! પવિત્ર ચૈતન્યરસથી ભરેલો તારો આત્મા છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો તારો ભગવાન છે. આહા..હા..! તારી નજરને આળસે રે, તેં નિરખ્યા ન નયણે હરિ. એ હરિ આ હોં! ઓલો હરિ (કોઈ નથી). જગતનો કર્તા, હર્તા કોઈ છે નહિ. સમજાણું કાંઈ? હરિ સમજો છો? હરિ નથી કહેતા? હરિ. ભગવાન કૃષ્ણ. પણ આ હરિ તો ભગવાન આત્માને કહે છે. કારણ કે તે અજ્ઞાન અને રાગ-દ્વેષને હરનાર એવો ભગવાન આત્મા હરિ છે. બીજો કોઈ કર્તા હર્તા, હરિ-બરિ નથી. સમજાણું કાંઈ?

કહે છે કે અરે..! શુદ્ધ ચૈતન્યધાતુ, ભગવાન તો શુદ્ધ ચૈતન્યરસથી ભરેલો છે, ટકી રહ્યો છે. શુદ્ધ ચૈતન્યધાતુ '**નિજ રસની અતિશયતા...**' આહા..હા..! પોતાના આનંદની શક્તિના રસથી અતિશયતાથી વિશેષતાથી ભરેલો છે. કેમ બેસે બહારની પ્રવૃત્તિ આડે? જૈન સાધુ અનંત વાર થયો, નગ્ન મુનિ અનંત વાર થયો, ક્રિયાકાંડ કર્યા પણ રાગથી ભિન્ન મારી ચીજ શું છે એવા સમ્યગ્દર્શન વિના, આત્મજ્ઞાન વિના એક ભવ પણ ઘટ્યો નહિ. સમજાણું

કાંઈ? તો કહે છે, શુદ્ધ શુદ્ધ ચૈતન્યધાતુ. બે વાર લીધું. '**નિજ રસની અતિશયતાને લીધે સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે...**' શું કહે છે? ભગવાન! રાગ તો પલટતી વસ્તુ છે અને આ ધ્રુવ ચીજ તો સ્થાયી ભાવ છે. સ્થિર થવા લાયક વસ્તુ છે. એ સ્થિર થવાની ચીજ છે ધ્રુવ, તારો આનંદસ્વરૂપ ભગવાન. આહા..હા..!

'**અતિશયતાને લીધે સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે...**' સ્થિર છે, ધ્રુવ છે, અચળ છે, અભેદ છે. શુદ્ધ ચૈતન્યધાતુ નિત્યાનંદ ધ્રુવસ્વરૂપ એક સમયના રાગની પાછળ પડ્યો છે એ સ્થિર ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અવિનાશી છે.**' આહા..હા..! ભગવાન! તારી ચીજ તો અવિનાશી છે. પૂર્ણાનંદથી અતીન્દ્રિય આનંદથી ભરેલો. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ અરિહંત સર્વજ્ઞ પરમાત્માને જ્યારે કેવળજ્ઞાન થયું (ત્યારે) એમની વાણીમાં આવું આવ્યું. સમજાણું કાંઈ? ઓહો..! સ્થિર અવિનાશી ધ્રુવ તારી વસ્તુ છે ત્યાં દૃષ્ટિ લગાવ, તને આનંદ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગની દૃષ્ટિ કરવી અને રાગમાં રહેવું એ તો મિથ્યાદૃષ્ટિ છે. જૈનનો સાધુ થયો હોય, પંચ મહાવ્રત પાળતો હોય તોપણ મહાવ્રતનો ભાવ તો વિકલ્પ અને રાગ છે. રાગમાં એકત્વ માને છે તે મિથ્યાત્વ છે. આહા..હા..! અરે..! અવિનાશી ભગવાન આત્મા પરમાત્મા, આત્મા પરમાત્મા, ઠીક લખ્યું છે. એ કંકોત્રીમાં આવ્યું છે. આ સર્વોદયમાં જાવું છેને. સર્વોદય છેને ત્યાં મુંબઈ. ઘાટકોપર. કંકોત્રી ક્યાં પડી છે? અંદર? ચારે બાજુ લખ્યું છે. આપણો અહીંનો છેને. સર્વોદયમાં મંદિર થયું છેને ગતકાળમાં. એની આ ત્રીજને દિ' વર્ષગાંઠ છે. અમે અહીંથી બીજે જવાના છીએને, તો કંકોત્રી આવી છે. મુમુક્ષુ ત્યાં સાડા ત્રણ હજાર છે. એ સિવાય બીજા ઘણા દસ દસ હજાર માણસ આવે છે. ગયા વર્ષે અમે ઘાટકોપર ગયા હતા. દસ દસ હજાર માણસ. સ્થાનકવાસી, દેરાવાસી બધા સાંભળો તો ખરા. ભગવાન! તારી આ ચીજ છે. સંપ્રદાય બાંધીને બેઠા પણ તત્ત્વ શું છે એની ખબર નથી. આહા..હા..!

કહે છે, અરે..! તારી ચીજ તો.. આહા..હા..! શુદ્ધ ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ આનંદસ્વરૂપ તારી ધાતુ અંદર તેં ધાર્યો છે. એ રાગ ને પુણ્ય કે પાપ એ તારામાં નથી. એવો અવિનાશી છે. '**(અહીં 'શુદ્ધ' શબ્દ બે વાર કહ્યો છે તે દ્રવ્ય અને ભાવ બન્નેની શુદ્ધતા સૂચવે છે.)**' શું કહે છે? કે તારી ચીજ જે વસ્તુ છે તે શુદ્ધ છે અને એની પર્યાય પણ ખરેખર તો શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? આ કંકોત્રી આવી છે. ચારે કોર લખ્યું છે. આત્મા સો પરમાત્મા, આત્મા સો પરમાત્મા, આત્મા સો પરમાત્મા. આ કંકોત્રીમાં ચારે બાજુ લખ્યું છે. ચારે બાજુ, ચારે બાજુ. ગયા વર્ષે ત્યાં વ્યાખ્યાન થયા હતાને. દસ દસ હજાર માણસ માય નહિ, એટલું માણસ. ... વસ્તી ઘણી છે ઘાટકોપર, તો બધા આવતા હતા. સ્થાનકવાસી, દેરાવાસી આવતા હતા. કાઠિયાવાડી ઘણા, ઘાટકોપર. અહીંયા કહે છે,..

એણે લખ્યું છે, આત્મા સો પરમાત્મા, આત્મા સો પરમાત્મા. આ આત્મા એ પરમાત્મા હોં! બીજા કોઈ પરમાત્મા અહીં જુદા નથી. એના પરમાત્મા એની પાસે રહ્યા. આ તો આ આત્મા. પૂર્ણાનંદથી શુદ્ધ ચૈતન્યધાતુથી, નિજ શાંતિરસથી ભરેલી વસ્તુ છે. પ્રભુ! ત્યાં જા, નિવાસ કર. તારું રહેવાનું સ્થાન તો ઈ છે. રાગ ને પુણ્યભાવ એ રહેવાનું સ્થાન નથી. આહા..હા..! બહાર મકાનની વાત અહીંયા છે જ નહિ. રતનલાલજી! તમારા બંગલા-ફંગલાની વાત અહીંયા નથી. બંગલામાં નિવાસ કરો એ નહિ. રાગમાં નિવાસ કરે છે એ મૂઢતા છે એમ કહે છે. આહા..હા..!

નિવાસ કરો, પ્રભુ! આહા..હા..! '**સર્વ અન્યદ્રવ્યોથી જુદો હોવાને લીધે...**' ભગવાન! તું તો અન્ય પદાર્થથી ભિન્ન છોને અંદર. ચૈતન્ય ઝળહળ જ્યોતિ અતીન્દ્રિય આનંદથી ભરેલું ચૈતન્યદ્રવ્ય છે, તારી તને ખબર નથી. એ ભજનમાં આવે છે, 'મારા નયનને આળસે રે, મેં નિરખ્યા ન નયણે હરિ' આ હરિ આત્મા હોં! કોઈ હરિ દર્શન દેવા આવતો નથી. વીતરાગ એ તો સર્વજ્ઞ પરમાત્મા સિદ્ધ થઈ દયા. એ કોઈ દર્શન દેવા નીચે નથી આવતા. સમજાણું કાંઈ? આહા..હા..! તારી ચીજની નજર વિના તારા નિધાનની તને ખબર ન પડી. આહા..હા..! '**સર્વ અન્યદ્રવ્યોથી જુદો હોવાને લીધે આત્મા દ્રવ્યે શુદ્ધ છે અને પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી રહિત...**' મલિન શુભાશુભ ભાવ છે એ મલિન ભાવ છે. આહા..હા..! લોકોને તો એવું લાગે. પુણ્યભાવ એ તો પવિત્ર લાગે. દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો ભાવ તો ધર્મ છે. ધૂળમાંય ધર્મ નથી, સાંભળ તો ખરો. એ તો વિકલ્પ છે, રાગ છે. મલિન છે, મેલ છે. એનાથી ભગવાન ભિન્ન છે. આહા..હા..! '**પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી રહિત હોવાને લીધે ભાવે શુદ્ધ છે).**' ભાવાર્થ. બહુ સારો કળશ આવ્યો છે.

મુમુક્ષુ :— પર્યાય પણ શુદ્ધ?

ઉત્તર :— પર્યાય પણ શુદ્ધ. ખરેખર તો રાગ રહિત એ જ તારી પર્યાય છે. રાગવાળી પર્યાય તારી છે જ નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— છે જ નહિ. નિશ્ચયથી તો કારણપર્યાય પણ શુદ્ધ છે અને વર્તમાન પર્યાય પણ રાગરહિત છે એ તારી શુદ્ધ પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્ય તો શુદ્ધ છે જ, ત્રિકાળ ચૈતન્ય ભગવાન. એના જ્ઞાન, દર્શન અનંત ગુણ પણ શુદ્ધ છે. અને એની પર્યાય ત્રિકાળી ધ્રુવ કારણશુદ્ધ એ પણ શુદ્ધ છે. અહીં તો ચોથી વાત લેવી છે. પ્રગટ પર્યાયમાં પણ રાગ, પુણ્ય, વિકલ્પથી રહિત જે તારી દશા છે એ તારી શુદ્ધ પર્યાય (છે). રાગપર્યાય તારી નથી. ભારે આકરી વાત હોં! સમજાણું કાંઈ? આ બધા નવા છેને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સંસાર બંધ થાય. વ્યવહાર કાર્ય કહેવા કોને? સદાચરણ કોને કહેવા?

મુમુક્ષુ :— ભલે કાર્યમાં કેવળજ્ઞાન ન હો...

ઉત્તર :— ભલે કેવળજ્ઞાન ન હો, ભલે ન હો, એનો પ્રશ્ન નથી. પર્યાય રાગરહિત એ તારી પર્યાય છે. રાગ નથી એટલી તારી પર્યાય છે. આહા..હા..! વીતરાગ માર્ગ સમજવો ઘણો કઠણ છે, ભાઈ! દુનિયાને વીતરાગ માર્ગના નામે અન્ય માર્ગ કહેવામાં આવ્યો છે. અજૈન માર્ગને જૈન બનાવ્યો છે. અજૈનને જૈન બનાવ્યો છે.

'**ભાવાર્થ :— જેમ કોઈ મહાન પુરુષ મદ્ય પીને...**' દારૂ પીને '**મલિન જગ્યામાં સૂતો હોય...**' પેશાબ કરે છે જ્યાં એમાં (સૂતો હોય), ભાન પડતી નથી. પડી જાય, પડી જાય અને મુખમાં કોઈ પેશાબ કરે તોય ખબર ન પડે. દારૂના ઘેનમાં પેશાબની ખબર ન રહે. કૂતરો પેશાબ કરે મોઢું દેખીને. એક તો દારૂ પીધેલો રાજકોટ જોયો હતો મેં. હું દિશાએ જંગલ જાતો હતો. ઈ પીને આવતો હતો. આમ આમ (ચાલતો હતો). પીને આવતો હતો. આહા..હા..! બહુ દારૂ પીધેલો હશે. હું જંગલ જાતો હતો ત્યાં સામો મળ્યો હતો. આહા..હા..! મૂર્ખાઈના પાર છે. એ દારૂ નહિ, અહીં તો મિથ્યાત્વનો દારૂ પીધો છે. ઝોલા ખાય છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ રાગ, એને પોતાનો માને છે એ દારૂ પીધો છે. મિથ્યાદષ્ટિને મિથ્યાત્વનો મદ ચડી ગયો છે. આહા..હા..!

કહે છે, '**તારી જગ્યા તો શુદ્ધ સુવર્ણમય ધાતુની બનેલી છે,...**' રાજા કે એવો કોઈ શેઠ દારૂ પીને (મલિન જગ્યામાં સૂતો હોય તો એને કહે છે), અરે..! ભાઈ! આ તારું સ્થાન નથી. તારું સ્થાન તો દિવાનખાનામાં છે. એમાં મણિરત્નનું સિંહાસન, સુવર્ણનું સિંહાસન, માથે પંખા હોય, નીચે બાયું, આદમી પગ દાબતા હોય, એવી એ તારી વસ્તુ ત્યાં છે, આ નહિ. આહા..હા..! '**તારી જગ્યા તો શુદ્ધ સુવર્ણમય ધાતુની બનેલી છે, અન્ય કુધાતુના ભેળથી રહિત શુદ્ધ છે...**' જુઓ! સોનામાં જે કુધાતુ આદિ છેને? કથિર આદિ એનાથી રહિત છે. '**અને અતિ મજબૂત છે;...**' એ આસન અતિ મજબૂત છે. '**માટે હું તને બતાવું છું ત્યાં આવ, ત્યાં શયન આદિ કરી આનંદિત થા...**' આ દૃષ્ટાંત આપ્યું. અરે..! આ ક્યાં સૂતો છો? ભગવાન! પેશાબના સ્થાનમાં ક્યાં સૂતો છો? દારૂ પીધો છે તો ખબર નથી.

'**તેવી રીતે આ પ્રાણીઓ અનાદિ સંસારથી માંડીને...**' ઓહો..હો..! એકેન્દ્રિય જીવ, નિગોદના જીવ, બટાકાના જીવ, બટાટા આલુના જીવ એ અનંત જીવ ત્યાં પણ તું અનંત વાર રહ્યો છો. આહા.હા..! મનુષ્યપણું મળ્યું, ભૂલી ગયો બધું. ઉંઆ ઉંઆ કરતો. ઈ ત્યાં અને હું અહીં. બહાર નીકળ્યો એટલે. બહાર નીકળેને, જન્મેને એટલે ઉંઆ ઉંઆ પછી કરે. એ ત્યાં અને હું અહીં, થઈ રહ્યું જાઓ. પોપટભાઈ! આહા..હા..! પહેલા જન્મેને

ત્યારે ઉંઆ.. ઉંઆ કરે. ત્યારે એની મા જોવે કે આ દીકરી છે કે દીકરો. આહા..હા..! એ મોટો થાય જ્યારે, શરીર હોં! મોટું, જીવ તો છે ઈ છે. જીવ કાંઈ નાનો મોટો થતો નથી. શરીર મોટું થાય એટલે એને થઈ જાય (મોટો થયો).

બાળપણ ખેલમેં ખોયા, યુવાની સ્રીમેં મોહ્યા, વૃદ્ધાપણ દેખકર રોયા. અમારે ત્યાં પાલેજમાં ઓલા હોયને? શું કહેવાય એનું મુસલમાનનું? રોજા રોજા. રોજામાં સવારે આવે ગાવા. ફકીર ગાયને સવારમાં. એ બોલે ઈ. બાળપણ ખેલમેં ખોયા. બાળપણ રમતમાં ગયું. યુવાની સ્રીમાં મોહ્યા. જરી સુંદર સ્રી રૂપાળી મળે તો.. ઓહો..! સાંભળને હવે, હાડકા તારા જડ છે. આહા..હા..! મૂર્ખાઈના કાંઈ ગામ જુદા હશે? આહા..હા..! યુવાનીમાં સ્રીમાં મોહ્યો, વૃદ્ધાવસ્થા દેખકે રોયા. હાય.. હાય..! એંસી વર્ષ થયા, નેવું વર્ષ થયા. આહા..! ક્યારે હવે કરવું છે તારે? જુવાન શરીર હોય લઠ્ઠ જેવું. બળદ બળદ જેવું. બૈલ બૈલ. પગમાં પહેર્યા હોય બૂટ, જમ જમ જમ થતા હોય નવા હોય ત્યારે. જાણે શું છે પણ હવે, સાંભળને. મૂર્ખાઈથી ભરેલી તારી મૂર્ખાઈની પ્રસિદ્ધિ થાય છે. સમજાણું કાંઈ?

તારી ચીજ તો અંદર આનંદનું ધામ પડ્યું છે. પ્રભુ! ત્યાં ચમચમ કરને જઈને અંદર. અરે..રે..! એણે સાંભળ્યું ન હોયને બિચારાએ, એમને એમ જિંદગી (પુરી કરે). આ વ્રત પાળીએ છીએ અને અપવાસ કરીએ છીએ અમે, કલ્યાણ થઈ જશે. ધૂળમાંય નહિ થાય, સાંભળને! તારા લાખ અપવાસ કર તો એ રાગની મંદતા છે. એ પુણ્યભાવ છે. ધર્મ નહિ. ધર્મ તો રાગના વિકલ્પથી રહિત પ્રભુ ચિદાનંદ આત્મા સુખનો ધામ એમાં એકાગ્ર થતાં જે શાંતિ આવે છે એને ધર્મ કહે છે. ગજરાજજી! આહા..હા..! કહે છે, અરે..! '**અનાદિ સંસારથી માંડીને...**' અનાદિ સંસાર સમજ્યા? નિગોદથી માંડીને. પહેલા તો નિગોદમાં હતોને? સ્રી પહેલા તો પિયરમાં હોયને, પછી સાસરે જાય. એમ આ આત્મા પહેલા નિગોદ, બટાકા, શક્કરકંદ, નિત્યનિગોદમાં હતો. એમાંથી કોઈ જીવ નીકળ્યા. અત્યારે તો કોઈ નીકળ્યા ન હોય એટલા આત્મા છે. નિત્યનિગોદ એટલા પડ્યા છે, ભગવાન ત્રિલોકનાથ કહે છે, કે હજી કદી મનુષ્ય નથી થયા, ઈયળ કીડા નથી થયા એવા અનંત જીવ પડ્યા છે. નિગોદ. આ કાઈ હોય છેને? લીલ ફૂગ. એ લીલ ફૂગની એક કણીમાં અનંત જીવ છે. એ કદી મનુષ્ય નથી થયા એવા પડ્યા છે. તને મનુષ્યપણું મળ્યું તો ગાંડપણમાં, પાગલપણામાં કાઢે છે. આહા..હા..!

અરે..! તારો સ્વભાવ રાગાદિ માનીને, પોતાનો સ્વભાવ માનીને એમાં નિશ્ચિંત થઈને સૂતા છે. અમે ઠીક કરીએ છીએ, બરાબર ઠીક કરીએ છીએ. બીજા કરતા, દેખો, દુકાન છોડી છે, ધંધો વેપાર છોડ્યા છે, શરીરથી બ્રહ્મચર્ય પાળીએ છીએ, સ્રી છોડી છે. લો. ધર્મ કરે છે કે નહિ? ધૂળેય નથી, સાંભળ તો ખરો. એ પરને છોડ્યા એવું અભિમાન છે

એ જ મિથ્યાત્વ ભાવ છે. છોડ્યા શું છે? એ પર તો છૂટેલા જ પડ્યા છે. શું તારામાં ઘુસી ગયા છે કે છોડી? સમજાણું કાંઈ? સમકિતને છોડ્યું છે અને મિથ્યાત્વને ગ્રહણ કર્યું છે. એ.. પદમચંદજી! ભારે વાત આ. બરાબર છે? ક્યાં ગયા તમારા બીજા? ભંવરલાલજી કે શું નામ? ... બિમાર છે, ઠીક. આહા..હા..!

કહે છે કે રાગ ને વિકલ્પ, પુણ્ય કે પાપના ભાવ એ તારું પદ નથી. એ તારું સ્વરૂપ નથી, એ તારું સ્થાન નથી. આહા..હા..! પ્રભુ! ત્યાં તું નિશ્ચિંત થઈને સૂતો છો. નિશ્ચિંત થઈને સૂતો છે. હું કાંઈક કરું છું, હું કાંઈક કરું છું. '**તેમને શ્રી ગુરુ કરુણાપૂર્વક સંબોધે છે...**' આહા..હા..! '**જગાડે છે—સાવધાન કરે છે કે 'હે અંધ પ્રાણીઓ! તમે જે પદમાં સૂતાં છો એ તમારું પદ નથી;...**' આહા..હા..! એ તમારું સ્થાન નથી, ભગવાન! જ્યાં તું નજર નાખે છો એ પદ રાગનું છે, તારું પદ નથી. જ્યાં નજર નાખવાની છે એ તારું પદ તો રાગથી ભિન્ન છે. આહા..હા..! અરે..! ચૈતન્યધાતુમય છે. '**તમારું પદ તો શુદ્ધ ચૈતન્યધાતુમય છે, બહારમાં અન્ય દ્રવ્યોના ભેળ વિનાનું...**' જેમ ઓલા સુવર્ણમાં કુધાતુના ભેળથી રહિત હતુંને? સુવર્ણમય સિંહાસન. એમ તારો ભગવાન આત્મા પુણ્ય અને પાપના વિકલ્પ કુધાતુ છે, એ કુધાતથી ચૈતન્યધાતુ ભગવાન આત્મા કુધાતુથી ભેળસેળ રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ પણ ઘટી ગયો. બિચારા ક્યાં સાંભળે ને શું કરે? એમને એમ જિંદગી વ્યર્થ જાય. જાય ઢોરમાં પશુમાં અવતરે. મમતા હોય. મનુષ્યપણું ક્યારે મળે? અનંતે કાળે મળ્યું એમાં સત્ય તો સમજ્યો નહિ. સમ્યગ્દર્શન શું ચીજ છે? એનો વિષય શું છે? અને સમ્યગ્દર્શન થવામાં શું થાય છે? રાગથી પૃથક્ થઈને નિજ સ્વરૂપનો અનુભવ થાય એનું (નામ) સમ્યગ્દર્શન છે, એની તો એને ખબર નથી. અમે દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ, દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ એ અમારું સમકિત છે. ધૂળેય નથી, સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? અમે ભગવાન અરિહંતને માનીએ છીએ, ભગવાને કહેલા શાસ્ત્રને માનીએ છીએ, ભગવાને કહેલા સાધુને માનીએ છીએ. ભગવાને સાધુ કોને કહ્યા છે એની તને હજી ખબર નથી. આહા..હા..!

'**તમારું પદ તો શુદ્ધ ચૈતન્યધાતુમય છે,...**' આ રાગની ભેળસેળથી રહિત છે. '**અંતરંગમાં વિકાર વિનાનું શુદ્ધ છે અને સ્થાયી છે;...**' શુદ્ધ સ્થાયી આત્મા છે. સ્થિર સ્થિર બિંબ છે. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય શુદ્ધ ચૈતન્યબિંબ સ્થિર છે. એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા..! એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. '**તે પદને પ્રાપ્ત થાઓ...**' ભગવાન! તું શુદ્ધ ચૈતન્ય છો, ત્યાં આવી જા. આરૂઢ થાઓ. એ તારી સાચી જાત્રા છે. સમેદશિખર ને શેત્રુંજયની જાત્રા કરી કરીને મરી ગયો અનંત વાર. સમજાણું કાંઈ? એઈ..! એ તો શુભ ભાવ હોય છે અશુભથી બચવા માટે, એટલી વાત. પણ એ ધર્મ

છે અને એકવાર કલ્યાણ થઈ જશે (એમ નથી). એ પુણ્યમાં જઈ આવે જાત્રા. કાલે હતીને, ફાગણ સુદ તેરસ. છ ગાઉની (જાત્રા). હમણાં એક માણસ આવ્યો હતો. છ ગાઉની મોટી જાત્રા. પ્રદક્ષિણા કરે. શું થયું એમાં? એમાં તારામાં શું થયું? રાગ. અને પછી બહુ ખવરાવે લોકો દહીં ને ઢેબરા. દહીં સમજ્યા? દહીં. દૂધનું દહી. છ ગાઉ ફરે. કાલે દિવસ હતો એનો, ફાગણ સુદ તેરસ. છ મહિના ફરે. શીખંડ પણ આપે એમ વળી કોઈ કહેતું હતું. કોઈ હશે.

મુમુક્ષુ :— ઢેબરા તેરસ.

ઉત્તર :— ઢેબરા તેરસ. કોઈ શીખંડ પુરી આપતા હોય. ધૂળમાં શું છે એમાં? એ રાગની મંદતા હોય તો શુભભાવ છે. ધર્મ-ફર્મ એમાં ત્રણ કાળમાં નથી. આહા..હા..! વીરચંદભાઈ! તો પછી આ દેરાસર કેમ રાખ્યું છે અહીંયા? કોણે રાખ્યા છે? એ તો બન્યું છે એને કારણે. કોણ બનાવે છે? શુભ ભાવ હોય છે અશુભથી બચવા માટે, ... શુભભાવ હોય છે, પુણ્ય છે, ધર્મ નહિ. સમજાણું કાંઈ? એઈ..! પોપટભાઈ!

**'તે પદને પ્રાપ્ત થાઓ—શુદ્ધ ચૈતન્યરૂપ પોતાના ભાવનો આશ્રય કરો.'** દેખો! **'भूदत्थमस्सिदो खलु'** લીધું. સત્યાર્થ પ્રભુ પૂર્ણ અભેદ સામાન્ય અખંડ એકરૂપ અચળ એનો આશ્રય કરો. તને આનંદ આવશે, અશાંતિ મટી જશે અને આનંદનો તને સ્વાદ આવશે. એનું નામ ધર્મ છે. કહો, સમજાણું કાંઈ? આશ્રય કરો. છેને? **'શુદ્ધ ચૈતન્યરૂપ પોતાના ભાવનો આશ્રય કરો.'** પુણ્ય પાપના વિકલ્પ એ પરભાવ છે, પોતાનો ભાવ નથી.

---

## ગાથા-૨૦૩

किं नाम तत्पदमित्याह –

आदम्हि दव्वभावे अपदे मोत्तूण गिण्ह तह णियदं।
थिरमेगमिमं भावं उवलब्भंतं सहावेण।।२०३।।
आत्मनि द्रव्यभावानपदानि मुक्त्वा गृहाण तथा नियतम्।
स्थिरमेकमिमं भावमुपलभ्यमानं स्वभावेन।।२०३।।

इह खलु भगवत्यात्मनि बहूनां द्रव्यभावानां मध्ये ये किल अतत्स्वभावेनोपलभ्यमानाः, अनियतत्वावस्थाः, अनेके, क्षणिकाः, व्यभिचारिणो भावाः, ते सर्वेऽपि स्वयमस्थायित्वेन

स्थातुः स्थानं भवितुमशक्यत्वात् अपदभूताः। यस्तु तत्स्वभावेनोपलभ्यमानः, नियतत्वावस्थः, एकः, नित्यः, अव्यभिचारी भावः, स एक एव स्वयं स्थायित्वेन स्थातुः स्थानं भवितुं शक्यत्वात् पदभूतः। ततः सर्वानेवास्थायिभावान् मुकत्वा स्थायिभावभूतं परमार्थरसतया स्वदमानं ज्ञानमेकमेवेदं स्वाद्यम्।

હવે પૂછે છે કે (હે ગુરુદેવ !) તે પદ કયું છે ? (તે તમે બતાવો). તે પ્રશ્નનો ઉત્તર કહે છે :-

જીવમાં અપદભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,
સ્થિર, નિયત, એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ૨૦૩.

ગાથાર્થ :- **[आत्मानि]** આત્મામાં **[अपदानि]** અપદભૂત **[द्रव्यभावान्]** દ્રવ્ય-ભાવોને **[मुक्त्वा]** છોડીને **[नियतम्]** નિશ્ચિત, **[स्थिरम्]** સ્થિર **[एकम्]** એક **[इमं]** આ (પ્રત્યક્ષ અનુભવગોચર) **[भावम्]** ભાવને-**[स्वभावेन उपलभ्यमानं]** કે જે (આત્માના) સ્વભાવરૂપે અનુભવાય છે તેને-**[तथा]** (હે ભવ્ય ! ) જેવો છે તેવો **[गृहाण]** ગ્રહણ કર. (તે તારું પદ છે.)

ટીકા :- ખરેખર આ ભગવાન આત્મામાં બહુ દ્રવ્ય-ભાવો મધ્યે (-દ્રવ્યભાવરૂપ ઘણા ભાવો મધ્યે), જે અતત્સ્વભાવે અનુભવાતા (અર્થાત્ આત્માના સ્વભાવરૂપે નહિ પરંતુ પરસ્વભાવરૂપે અનુભવાતા), અનિયત અવસ્થાવાળા, અનેક ક્ષણિક, વ્યભિચારી ભાવો છે, તે બધાય પોતે અસ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ નહિ થઈ શકવા યોગ્ય હોવાથી અપદભૂત છે; અને જે તત્સ્વભાવે (અર્થાત્ આત્માના સ્વભાવરૂપે) અનુભવાતો, નિયત અવસ્થાવાળો, એક, નિત્ય, અવ્યભિચારી ભાવ (ચૈતન્યમાત્ર જ્ઞાનભાવ) છે, તે એક જ પોતે સ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ થઈ શકવા યોગ્ય હોવાથી પદભૂત છે. તેથી સમસ્ત અસ્થાયી ભાવોને છોડી, જે સ્થાયીભાવરૂપ છે એવું પરમાર્થરસપણે સ્વાદમાં આવતું આ જ્ઞાન એક જ આસ્વાદવાયોગ્ય છે.

ભાવાર્થ :- પૂર્વે વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો કહ્યા હતા તે બધાય, આત્મામાં અનિયત, અનેક, ક્ષણિક, વ્યભિચારી ભાવો છે. આત્મા સ્થાયી છે (-સદા વિદ્યમાન છે) અને તે બધા ભાવો અસ્થાયી છે (-નિત્ય ટકતા નથી), તેથી તેઓ આત્માનું સ્થાન-રહેઠાણ-થઈ શકતા નથી અર્થાત્ તેઓ આત્માનું પદ નથી. જે આ સ્વસંવદેનરૂપ જ્ઞાન છે તે નિયત છે, એક છે, નિત્ય છે, અવ્યભિચારી છે. આત્મા સ્થાયી છે અને આ જ્ઞાન પણ સ્થાયી ભાવ છે તેથી તે આત્માનું પદ છે. તે એક જ જ્ઞાનીઓ વડે આસ્વાદ લેવા યોગ્ય છે.

## ગાથા-૨૦૩ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે હે (ગુરુદેવ!) તે પદ ક્યું છે?' કેટલા વખાણ કર્યા તમે. ક્યાં છે? શું છે? તમે કેટલા વખાણ કરો છો. આહા..હા..! શું છે અંદર? જેમાં દૃષ્ટિ દેવી છે એ વસ્તુ શું છે? કેવી છે? ક્યાં છે? તારી પાસે જ અંદર છે, તું જ છો એમ કહે છે. '**તે પ્રશ્નનો ઉત્તર કહે છે :—**'

**आदम्हि दव्वभावे अपदे मोत्तूण गिण्ह तह णियदं।**
**थिरमेगमिमं भावं उवलब्भंतं सहावेण।।२०३।।**

નીચે હરિગીત.

**જીવમાં અપદભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,**
**સ્થિર, નિયત, એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ૨૦૩.**

'**ટીકા :— ખરેખર આ ભગવાન આત્મામાં...**' ભાષા દેખો! ભગવાન આત્મા એમ સંબોધન કર્યું છે. આહા..હા..! બહારમાં માતા એને સૂવડાવવામાં પ્રશંસા કરે છેને. બહુ હુશિયાર છે, તું મામાને ઘરે જાય છે, ખારેક... ખારેકને શું કહે છે? સૂપડા ભરી લાવે છે. એમ વખાણ કરે તો સૂઈ જાય. ગાળ્યું દે તો નહિ સૂવે હોં! જોઈ જોજો. ગાળ્યું દે, મૂરખ છે, એમ કહેશે તો નહિ સૂવે. અવ્યક્તપણે પણ એની પ્રશંસા એને પસંદ છે. સૂવડાવેને. આહા..હા..! એક ફેરી વડોદરામાં ક્યાંક સાંભળ્યું હતું. નાટક હતું. અનુસૂયાનું નાટક. તો એ બાઈને પુત્ર થયો. એ પુત્રને ઝુલાવતી હતી. ૧૯૬૪-૬૫ની વાત હશે, સંવત ૬૪-૬૫. સમજાણું કાંઈ? અમે પાલેજથી વડોદરા માલ લેવા ગયેલા. ગુજરાતમાં છેને, ત્યાં અમારી દુકાન હતીને. ત્યાં ગયા હતા, માલ તો લીધો. રાત્રે નવરા હતા. એને દીકરો થયો. અરે..! ભાઈ! તું તો શુદ્ધોસી, બુદ્ધોસી, નિર્વિકલ્પોસી, ઉદાસીનોસી એમ બોલતી હતી. આપણે આવે છેને, બે વાર આવે છે. ડાહ્યાભાઈ! નાટકમાં હોં! અનુસૂયાનું નાટક. આ નર્મદા છેને, ભરૂચને કાંઠે. નર્મદા અને અનુસૂયા બે બહેનો હતી. અનુસૂયા નામની નદી પણ ત્યાં છે, અમારે પાલેજની પાછળ. એ અનુસૂયા પહેલા સાધારણ બાઈ હતી. પરણ્યા વિના સ્વર્ગમાં જાતી હતી. સ્વર્ગમાં નકાર થયો. અપુત્રસ્ય ગતિ નાસ્તિ. પુત્ર ન હોય એને ગતિ નહિ મળે. એ વાક્ય છેને એનું, અજ્ઞાનીનું. આ તો પુત્ર ન હોય તો ઓલું નાખે નહિને? શું કહેવાય? શ્રાદ્ધ, શ્રાદ્ધ. એને માટે નથી. ધૂળેય નથી, તારા પુત્ર લાખ હોય અને શ્રાદ્ધ નાખે તો, નરકમાં જાઈશ. એમાં શું છે? એણે શું કરવું? એમ કહે છે. સ્વર્ગમાં ના પાડી. શું કરવું?

નીચે એક માણસ છે, એની સાથે લગન કરો. આંધળો બ્રાહ્મણ હતો. લગન કર્યા. એને થયું બાળક. બહારથી ક્યાંકથી લાવ્યા હશે. નાખ્યું હતું ઘોડિયામાં. શુદ્ધોસી, તું શુદ્ધ છો, બુદ્ધોસી, તું જ્ઞાનસ્વરૂપ છો, ઉદાસીનોસી, નિર્વિલ્પોસી એમ કહેતી હતી લ્યો! એઈ..! નાટકમાં હોં! અત્યારે તો બધા નાટક પણ ફરી ગયા. આહા..હા..! ફિલમ ફિલમ ને નાગાઈના ... એક બાઈ આમ જોવે ને એક આદમી આમ જોવે... હાથ નાખે.. અર..ર..ર..! આ સજ્જનતા? એવા દેખાવ બહારમાં કરે. એ ફિલમ ને નાટક બધું ફરી ગયું. પહેલા તો વૈરાગી નાટક હતા. જોવા જાય તો વૈરાગ્ય થઈ જાય થોડો. એ અહીં કહે છે, શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન ભગવાન તું છો. ત્યાં નજર કરવાથી તને આનંદ આવશે. તારું પદ તો ઈ છે, બીજું કોઈ પદ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ-૧૫, રવિવાર, તા. ૧૮-૦૩-૧૯૭૩**
**ગાથા-૨૦૩, પ્રવચન-૩૪૭**

નિર્જરા અધિકાર, સમયસાર. ૨૦૩ ગાથામાં કહે છે, '**(હે ગુરુદેવ!) તે પદ ક્યું છે?**' આપ કહો છો કે નિજપદ આ છે અને અપદ આ છે, એ પદ છે શું? એમ શિષ્યનો ગુરુ પ્રત્યે પ્રશ્ન છે.

'**ટીકા :— ખરેખર આ ભગવાન આત્મામાં...**' જુઓ! ભગવાન આત્મા કહ્યું છે. '**બહુ...**' પાઠમાં છેને, '**आदम्हि दव्वभावे अपदे मोत्तूण**'. તો એનો અર્થ સવળામાં છેને, '**णियदं थिरमेगमिमं**' એનો અર્થ કર્યો કે આ આત્મામાં '**બહુ દ્રવ્ય-ભાવો મધ્યે (-દ્રવ્યભાવરૂપ ઘણા ભાવો મધ્યે),...**' આત્મામાં કર્મ, શરીરાદિ જડ એ દ્રવ્ય અને પોતાની પર્યાયમાં રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિ કે કામ, ક્રોધના ભાવ ઉત્પન્ન થાય છે એ ભાવ. એ આત્મામાં દ્રવ્ય અને ભાવરૂપ ઘણા ભાવો મધ્યે. '**જે અતત્સ્વભાવે અનુભવાતા...**' શું કહે છે જુઓ! જે રાગ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કે કામ, ક્રોધ એવા જે ભાવ અતત્સ્વભાવ છે, નિજ સ્વભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં

એવો શબ્દ લીધો છે. આહા..! ચિદાનંદ પ્રભુ તદ્દન રાગથી નિવૃત્તસ્વરૂપ પ્રભુ આત્મા છે. લોકોને અભ્યાસ નથી કે આત્મા શું ચીજ છે? એમને એમ અનાદિથી અંધકારમાં ચાર ગતિમાં રખડે છે. દુઃખી થઈને રખડે છે. રખડે છે સમજ્યા? રુલતે હૈં, ભટકતે હૈં. આહા..હા...!

ભગવાન આત્મા શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ પ્રભુ આત્મા છે. એની વર્તમાન પર્યાયમાં સંયોગરૂપ કર્મ, શરીર, વાણી આદિ છે એ દ્રવ્ય પર વસ્તુ છે, એ દ્રવ્ય છે અને પોતાની પર્યાયમાં જે શુભ અશુભ રાગ વિકલ્પ જે છે એ અતત્સ્વભાવ વિકારી વિભાવી પર્યાય છે. એમાં શબ્દ છે, **'व्रतानी अपदानि'** વ્રત, પંચ મહાવ્રતના વિકલ્પ એ પણ અપદ અને અતત્સ્વભાવ છે. આહા..હા..! પુનમચંદજી!

મુમુક્ષુ :— બરાબર છે.

ઉત્તર :— શું બરાબર છે? તો પછી આ બધા મહાવ્રત પાળે છે ઈ? લાલચંદજી!

મુમુક્ષુ :— દ્રવ્ય-ભાવરૂપ..?

ઉત્તર :— દ્રવ્ય (એટલે) કહ્યુંને, દ્રવ્યરૂપ શરીર, વાણી, મન એ દ્રવ્ય અને ભાવ. બેના અર્થ કર્યા. આ શરીર, વાણી, મન, કર્મ છે ઈ એ દ્રવ્યરૂપ સંયોગ દેખાય છે અને એની પર્યાયમાં વિકારી ભાવ છે એ દ્રવ્ય અને ભાવ, બેય અતત્સ્વભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :— પોતાનો સ્વભાવ નથી.

ઉત્તર :— પોતાનો સ્વભાવ નથી.

પ્રભુ ભગવાન આત્મામાં.. આહા..હા..! 'બહુ દ્રવ્ય...' દ્રવ્ય શબ્દે કર્મ, શરીર, વાણી આદિ પરદ્રવ્ય. એ પરદ્રવ્ય જે દેખાય છે એ આત્માથી અતત્સ્વભાવ—ભિન્ન સ્વભાવરૂપ છે. આહા..હા..! આ તો માટી જડ છે. પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા ધૂળ. આહા..હા..! કહે છે, બહુ, ઘણા પ્રકારના શરીર આદિ, વાણી, ઈન્દ્રિય આદિ જડ અને ભાવઈન્દ્રિયમાં જે વિકલ્પ ઉઠે છે, દયા, દાન, શુભરાગ, નામસ્મરણ પ્રભુનું એ બધા ભાવ અતત્સ્વભાવ છે. ભગવાન આત્માનો સ્વભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્યકંદ પ્રભુ આત્મા એના આનંદથી વિરુદ્ધ ભાવ એ બધા પુણ્ય હો કે પાપ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ આત્માનો અતત્સ્વભાવ છે. વાત એવી છે. આ તો વીતરાગ માર્ગ છે. આહા..હા..! ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. અંદર જાપ જપવા. કહે છે એ પણ વિકલ્પ છે, રાગ છે, એ અપદરૂપી અતત્સ્વભાવ છે. તારું પદ નહિ, તારું સ્થાન નહિ, તારો ભાવ નહિ, તું એમાં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અતત્સ્વભાવે અનુભવાતા...'** અંદરમાં વિકારીનો વિકારી ભાવનો અનુભવાતા **'(અર્થાત્ આત્માના સ્વભાવરૂપે નહિ પરંતુ પરસ્વભાવરૂપે અનુભવાતા),...'** આહા..હા..! આ નિર્જરાનો અધિકાર છેને. એ અતત્સ્વભાવને પોતાનો માને છે એને મિથ્યાત્વનો બંધ પડે

છે અને અતત્સ્વભાવથી ભિન્ન પડીને નિજ તત્સ્વભાવનો અનુભવ કરે છે તેને નિર્જરા થાય છે. કેટલા તપ કરવાથી નિર્જરા થાય? અપવાસ કરે તો નિર્જરા, તપસા નિર્જરા નથી કહેતા? તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. શેઠે પ્રશ્ન કર્યો હતો. તમારા દાદા. સમજાણું કાંઈ? અહીં બેઠા હતા. (સંવત) ૨૦૦૯ની સાલમાં. તોલારામજી, એમના મોટા પિતાજી. સમજાણું કાંઈ? ૨૦૦૯ની સાલમાં આવ્યા હતાને, આપણે માનસ્તંભજી થયો હતો. ત્યારે એ નીકળ્યા હતાને. શું કહેવાય તમારી? રેલ આખી, સ્પેશયલ, સ્પેશયલ નીકળી હતીને? જાવા માટે, ક્યાં? બાહુબલીજી જવા માટે નીકળી હતી. વચ્છરાજજી તો અહીં હતા. ગજરાજજી હતાને? ત્રણે એકઠા થયા હતા. ૨૦૦૯ની સાલ. આ માનસ્તંભજી થયોને, એની પહેલા. આખી સ્પેશયલ આવી હતી. એમાં સુજાનગઢવાળા હતા, લાડનુવાળા હતા. આખી સ્પેશયલ અહીંયા ચોવીશ કલાક રહી હતી. તોલારામજી અહીંયા બેઠા હતા. એમણે પ્રશ્ન કર્યો હતો. કોઈ છોકરો બીજો હતો, એ છોકરાએ કહ્યું, પ્રેરણા આપી, છોકરાએ પ્રેરણા આપતા કહ્યું, શેઠ! પ્રશ્ન કરો મહારાજને. કોઈ છોકરો હતો, ભૂલી ગયા, એ વખતે કોઈ હતો તમારા માયલો. તપસા નિર્જરા શાસ્ત્રમાં કહ્યું છેને? કરો પ્રશ્ન. ૨૦૦૯ની સાલ, વીસ વર્ષ થયા. ૨૯ થઈને, વીસ વર્ષ પહેલાની વાત છે.

ભાઈ! તપસા નિર્જરાની વ્યાખ્યા શું? એ તપસાની વ્યવહારની વાત છે. નિશ્ચય તપસ્યા હોય તો નિર્જરા થાય છે. નિશ્ચય તપસ્યા એને કહે છે કે પોતાના અતીન્દ્રિય આનંદ સ્વભાવની, અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ થઈને રાગનો નાશ થઈને પોતાની પર્યાયમાં, જેમ સોનું-સુવર્ણને ગેરુ,.. ગેરુ કહે છે? ગેરુ લગાડે છે. ગેરુ કહે છે? સુવર્ણ પર ગેરુ લગાડે છેને, તો ઓપિત થાય છે. ઓપિત-શોભિત. એમ ભગવાન આત્મા અંતર અતીન્દ્રિય આનંદમાં ઘુસીને રાગનો અભાવ કરીને શાંતિ અને વીતરાગી પર્યાય ઉત્પન્ન થવી એને પરમાત્મા તપયંતિ ઈત તપઃ એને તપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વીસ વર્ષ પહેલાનો પ્રશ્ન છે. એમના મોટા પિતાજી.

મુમુક્ષુ :—

ઉત્તર :— ઈ તપ ક્યાં હતા? અપવાસ-બપવાસ તપ છે ક્યાં? અપવાસ. પોતાના આનંદ સ્વભાવમાંથી નીકળીને રાગમાં આવવું એ અપવાસ નામ માઠો વાસ નામ બંધનનું કારણ છે. ઉપવાસ—પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદસ્વરૂપ, ઉપ નામ સમીપમાં અંદરમાં વાસ કરવો એનું નામ ઉપવાસ છે. નેમિચંદજી! ભગવાન! બીજી ચીજ છે આ તો, બાપા! આહા..હા..! શું કરે? દુનિયાને દરકાર નહિ, શું વસ્તુ છે? ક્યાં જાય એ? જન્મ મરણમાં રખડતા રખડતા.. ઓહો..! વંટોળિયો કહે છેને? વંટોળિયાને શું કહે છે? બબુલા. આંધી નહિ, બબુલા. આંધી જુદી, જયપુરમાં આંધી બહુ આવે. અમે ગયા હતાને ગયા વર્ષે જયપુરમાં, વૈશાખ વદ પાંચમ, બહુ આંધી આવતી. પ્લેનમાંથી જ્યારે ઉતર્યા, ત્યાં આંધી. જયપુર. ઘણી આંધી. વરસાદ..

અમે ઘણા દિવસ રહ્યા, સોળ દિવસ રહ્યા હતા. વરસાદ.. વરસાદ.. વરસાદ.. એ નહિ, આ તો જોરદાર પવન અને એમાં તણખલું ઊડે તણખલું, ઈ તણખલું ઊડીને ક્યાં જશે? કાંઈ ખબર છે? એમ મિથ્યાદૃષ્ટિ આત્માના ભાન વિનાના પ્રાણી, રાગનો પોતાનો માનનારા મિથ્યાત્વના વંટોળમાં ઊડે છે ઈ ક્યાં જશે? ચોર્યાશીના અવતારમાં ક્યાંય જશે. સમજાણું કાંઈ?

કહે છે, **'આત્માના સ્વભાવરૂપે નહિ...'** એ પુણ્ય અને પાપના ભાવ.. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ એ પુણ્યભાવ છે અને હિંસા, જૂઠું, પૈસાનું રક્ષણ કરવું, કમાવું અને એમાં દૃષ્ટિ કરવી એ બધો પાપભાવ છે. બેય ભાવ અતત્સ્વભાવ છે. પોતાના આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એ નહિ. પોપટભાઈ! આહા..હા..! આ છોકરાઓ પણ આવી ગયા આમાં, દ્રવ્યમાં આવી ગયા.

મુમુક્ષુ :— છોકરાઓ દ્રવ્યમાં ગણાય?

ઉત્તર :— દ્રવ્યમાં. દ્રવ્ય અને ભાવ નહિ? પાટનીજીએ પ્રશ્ન કર્યો કે આ દ્રવ્ય ભાવ શું? કર્મ, શરીર, આ ઇન્દ્રિયો એ બધું દ્રવ્ય જડ છે. છોકરા, પૈસા, લક્ષ્મી આદિ એ જડ પરદ્રવ્ય છે. એ દ્રવ્ય છે. પોતાની પર્યાયમાં જે સંબંધરૂપ દ્રવ્ય દેખાય છે એ અતત્સ્વભાવ છે, તારી ચીજ નહિ, તારો સ્વભાવ નહિ.

મુમુક્ષુ :— ક્યારે?

ઉત્તર :— અત્યારે, ક્યારે શું? એઈ..! અત્યારે તો અમારા છે કે નહિ? એ.. પોપટભાઈ!

મુમુક્ષુ :— અમે વયા જઈએ પછી નહિ અમારો.

ઉત્તર :— ક્યાં વયો જાય? જાય ક્યાં? આહા..હા..! અનાદિઅનંત આત્મા જાય ક્યાં? પોતાની પર્યાયમાં જાય છે જ્યાં ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, કે ભગવાન આત્મામાં... જુઓ! આચાર્ય મહારાજ આત્માને ભગવાન તરીકે બોલાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત અને અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. જેમ શક્કરકંદ હોય છેને? શક્કરકંદ કહે છેને? લાલ. બાફીને ખાય છેને? શિવરાત્રીએ બહુ ખાય, વૈષ્ણવ અન્યમતિ બહુ ખાય. શક્કરકંદમાં જ્યાં જુઓ ત્યાં રસ જ ભર્યો છે. એમાં નથી કોઈ ઠીકરા કે ઠીકરાના કૂચા કાંઈ નહિ, એકલો રસ. એમ ચૈતન્ય ભગવાન એકલા આનંદરસથી ભરેલો છે. ક્યાં ખબર પડે પણ? ક્યાં જાય? સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા આનંદરસથી ભરેલો એના સંયોગમાં શરીર, કર્મ, વાણી, મન, ઇન્દ્રિયો, લક્ષ્મી આદિ જે સંયોગ સંબંધમાં દેખાય છે એ દ્રવ્ય છે અને અતત્સ્વભાવી છે, એ તારો સ્વભાવ નહિ. અને તારી પર્યાય વર્તમાન અવસ્થામાં શુભ અને અશુભ વિકલ્પ

ઉઠે છે રાગ, આહા..હા..! એ પણ ચૈતન્યનો નિજ સ્વભાવ નહિ. એ વિભાવ અતત્સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ અતત્સ્વભાવે અનુભવાય છે એમ અહીં તો કહે છે. આહા..હા..! આનંદનો અનુભવ છોડીને વિકારનો આકુળતાનો અનુભવ થાય છે. એ અતત્સ્વભાવી અનુભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જો કે જડનો અનુભવ નથી થતો. જડના લક્ષે ઉત્પન્ન થયેલા જે વિકારી ભાવ એ વિકારી ભાવનો અનુભવ છે, જડનો અનુભવ નથી. પણ સંબંધમાં દ્રવ્ય આવ્યું એ પણ અતત્સ્વભાવી અને એ દ્રવ્યના લક્ષે થયેલા જે દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ એ ભાવરૂપ અતત્સ્વભાવી. એ પર્યાયમાં વિકારરૂપ અતત્સ્વભાવી. તત્સ્વભાવી નહિ. ભંવરલાલજી! આહા..હા..! બહુ ઝીણું. લોકો પછી બહારથી માને. હજી એટલાય ઠેકાણા ન હોય. આહા..હા..! જન્મ મરણના અંત લાવવાની વસ્તુ કોઈ બીજી છે.

તો કહે છે, અતત્સ્વભાવ '**અનિયત અવસ્થાવાળા,...**' આહા..હા..! શું કહે છે? એ સંયોગી ચીજ પણ નિશ્ચયથી સંબંધમાં રહેતી જ નથી, હટી જાય છે બધું. અને તારી પર્યાયમાં પણ રાગ ને દ્વેષ ને પુણ્યના ભાવ થાય છે એ પણ અનિયત સ્વભાવ છે. નિશ્ચય સ્વભાવ નહિ, પલટવાવાળો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અનિયત-નિશ્ચિત સ્વભાવ નહિ. વ્યવહારુ અનિયત સ્વભાવ છે ઈ. આહા..હા..! '**અનિયત અવસ્થાવાળા,...**' એકરૂપ દશા નહિ. શુભ અશુભ રાગની વિકલ્પની દશા અનેક પ્રકારની વૃત્તિઓ ઉઠે છે. એ અનિયત અવસ્થા છે. તારી દશામાં અનિયત દશા છે, નિયત તારી દશા એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અનિયત અવસ્થાવાળા, અનેક,...**' છે. શું કહે છે? શુભ અને અશુભ લાગણી અને કર્મ આદિ સંયોગ અનેક છે. વિકાર ભાવ પણ અનેક છે. અસંખ્ય પ્રકારના શુભભાવ, અસંખ્ય પ્રકારના અશુભભાવ અને દ્રવ્યનો સંયોગ અનંતનો છે, બધું અનેક છે. આહા..હા..! અનિયત (અવસ્થાવાળા) અને અનેક છે. '**ક્ષણિક,...**' છે. સંયોગો બધા ક્ષણિક અવસ્થાનો સંબંધ છે અને વિકાર પણ ક્ષણિક છે. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, રળવું, કમાવું એવો જે ભાવ એ ક્ષણિક છે. નિત્ય નથી, ક્ષણિક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વ્યભિચારી ભાવો છે,...**' છેલ્લો શબ્દ આ લીધો. આહા..હા..! કેમકે કર્મના નિમિત્તના સંબંધમાં ઉત્પન્ન થવાવાળા શુભ અને અશુભરાગ એ વ્યભિચાર છે. સમજાણું કાંઈ? જુઓ! વ્રતના પરિણામ, મહાવ્રતના પરિણામ.. લાલચંદ શેઠી! આ શું કહે છે? અત્યારે તો ઘણી ગડબડ ઉઠી છે. શેઠિયાઓને પણ બધામાં ભળવું જોઈએ, શું કરે? નાક રાખવું જોઈએને પછી. બધા જાય છે તો અમે પણ જઈએ છીએ. આહા..હા..! કસાઈખાનામાં માંસ લેવા જાય તો આર્ય માણસ સાથે ન જાય. માંસ લેવા જાય મુસલમાન, તો હિન્દુ સાથે જાય?

એમ કુગુરુ, કુશાસ્ત્ર અને કુધર્મની સેવા કરનારની સાથે જાય તે પણ એની સેવા કરવા બરાબર છે. વાત તો એવી છે, ભગવાન! પાટનીજી! એવી વસ્તુ છે, ભગવાન!

મુમુક્ષુ :— આવી સરખામણી...

ઉત્તર :— આવી સરખામણી બહુ આકરી સરખામણી છે. એમાં લખ્યું છે, સમયસાર નાટકમાં ... પાછળ આવ્યું છે. શુભભાવ પોતાનો માનવો એ માંસ ખાવા બરાબર છે. આહા..! એ માંસ છે. આવે છે, શબ્દ છે. શુભ અને અશુભ બેયની વાત છે. જુગટી રમત લ્યોને, જુગટી રમત. જુગટુ નથી રમતા? સટ્ટો. એ જુગાર છે. સમયસાર નાટકમાં છે. ક્યાંક છે, ક્યાં છે? સમયસાર નાટકમાં પાછળ છે. આહા..હા..!

**'વ્યભિચારી ભાવો છે,...'** ભગવાન! જેમ મૈથુનમાં સ્ત્રી અને પુરુષ બે હોય તો મૈથુન કહેવામાં આવે છે. આહા..હા..! એમ ભગવાન તું નિર્મળાનંદ પ્રભુ અને કર્મ જડ એની સાથે સંબંધ કરીને જે પરિણામ થાય છે એ વ્યભિચાર છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ઈ. .. માંસભખવો. દેહકી મગનતા એ માસભખવો. પછી શુભનું છે જુઓ! શુભાશુભ ભાવ એ જુગટું રમવું છે. મોહનીયનો દારૂ પીવે છે. એમાં છે ઘણું. શી ખબર, આમાં ક્યાંક છે. સમયસાર નાટક. પાછળ છે પાછળ. જુગટું જુગટું. પણ ખરેખર તો એ આત્માની શાંતિ લૂટનાર છે. ઝેર કહ્યું છે પછી શું? વિષકુંભ કહ્યું છે. પુણ્યના ઉદયના ઢગલાને સમકિતી વિષ્ટાનો ઢગલો માને છે. કાગડાની.. આવે છેને? ઈંદોરમાં શ્લોક છે ઈ, કાચનું મંદિર છેને, કાચનું. કાચના મંદિરમાં. 'ચક્રવર્તીકી સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ, કામવિટ સમ માનત હૈ, સમ્યગ્દૃષ્ટિ લોક.' આહા..હા..! સાચો ધર્મીજીવ સત્યનું શરણ લેવાવાળો પુણ્યના ભાવને કાગડાની વિષ્ટા માને છે. પુરુષની વિષ્ટા તો ભુંડ પણ ખાય છે અને એની વિષ્ટાનું ખાતર પણ થાય છે. ખાતર સમજ્યા? ખાધ. પણ કાગડાની વિષ્ટાનું ખાતર પણ ન બને. કાગડાની વિષ્ટા. એમ ધર્મી જેને આત્મા હું શુદ્ધ ચૈતન્ય છું એવી દૃષ્ટિ થઈ, એ સંપદા લક્ષ્મીની જે પુણ્યનું ફળ છે એ કાગડાની વિષ્ટા માને છે. આહા..હા..!

મુમુક્ષુ :— શેઠના મંદિરમાં છે.

ઉત્તર :— શેઠના મંદિરમાં છે, ઈંદોરમાં છે, કાચના મંદિરમાં લખ્યું છે. શીશમહલ, શીશમહલ તો આ બાજુ છે. એ તો ખલાસ થઈ ગયું, શીશમહલમાં તો હોટલ થઈ ગઈ. શીશમહલમાં તો અમે રહ્યા છીએ. પહેલી વાર ગયા હતાને, બીજી વાર. પહેલી વાર ગયા ત્યારે નસિયામાં રહ્યા હતા. બીજી વાર ત્યાં રહ્યા હતા એના ઘરે. ઓહો..હો..!

કહે છે, ક્યાં આવ્યું? આવ્યુંને? (સાધ્ય-સાધક દ્વાર-૨૯).

**'અશુભમૈં હારિ શુભજીતિ યહૈ દૂત કર્મ,...'** જુગટું છે જુગટું, સટ્ટો. અશુભ હોય

તો હારી ગયો અને શુભ હોય તો હું જીત્યો, જુગટું રમ્યો છે. જુગટું સમજ્યા? જુઆ. જુઆ કહે છે. દૂર કર્મ, જુઆ. લખ્યું છે. **'અશુભમૈં હારિ...'** અશુભભાવ થાય તો જાણે હારી ગયો અને શુભ હો તો જીત્યો. જુગાર છે. આહા..હા..! ભારે! આ સમયસાર નાટકમાં છે. **'દેહકી મગનતાઈ યહૈ માંસ ભખિયૌ.'** દેહ માંસ, હાડકા મારા છે એમ માનવું એ માંસભક્ષણ છે. બનારસીદાસ.

**'મોહકી ગહલસૌં અજાન યહૈ સુરાપાન,...'** મોહ મિથ્યાત્વના ગાંડપણમાં અજાન દારૂ પીધો છે. આહા..હા..! કંઈ ખબર નથી, શું વ્યવહાર? શું વિવેક? શું નિશ્ચય? આહા..હા..! સમજાણું કાંઈ? **'કુમતિકી રીતિ ગનિકાકૌ રસ ચખિવૌ.'** કુમતિમાં આવવું એ ગણિકાનો-વેશ્યાનો ભોગ છે. આહા..હા..! કુમતિ મિથ્યાજ્ઞાન. આહા..હા..! **'કુમતિકી રીતિ ગનિકાકૌ રસ ચખિવૌ.'** **'મિથ્યાત્વથી મૂર્છિત થઈને સ્વરૂપને ભૂલી જવું એ ભાવ-મદ્યપાન છે, કુબુદ્ધિના રસ્તે ચાલવું એ ભાવ-વેશ્યાસેવન છે,...'** આહા..હા..! **'નિરદૈ હ્વૈ પ્રાનઘાત કરવૌ યહૈ સિકાર,...'** નિર્દય થઈને પ્રાણનો ઘાત કરવો એનું નામ શિકાર છે. એણે પોતાનો શિકાર કર્યો. અપૂર્વ માર્ગ છે ભાઈ આ. આ તો પંડિત છે બનારસીદાસ ગૃહસ્થાશ્રમી. પહેલા તો બહુ વેશ્યા આદિ, લંપટી હતા. પહેલા. પછી જ્યારે ધર્મ પામ્યા, પુસ્તક જે બનાવ્યા હતા, બહુ શ્રૃંગારી, ગંગા નદીમાં નાખી દીધા. ગોમતીમાં. એનો ફોટો પણ આવે છે, ગોમતીમાં નાખે છે. આહા..હા..! શું કર્યું મેં? ભાન થયું, જ્યારે સમ્યગ્દર્શન થયું.. વ્યભિચારી હતા, પણ સત્‌સમાગમ મળ્યો અને પાત્રતાથી પોતાનો અનુભવ થયો. પછી આ લખ્યું છે.

**'પરનારી સંગ પરબુદ્ધિકૌ પરખિવૌ.'** પરમાં બુદ્ધિ રાખવી એ પરનારીનો સંગ છે. આહા..હા..! **'પ્યારસૌં પરાઈ સૌંજ ગહિવેકી ચાહ ચોરી,...'** **'અનુરાગપૂર્વક પર પદાર્થોનું ગ્રહણ કરવાની અભિલાષા તે ભાવ-ચોરી છે.'** **'એઈ સાતૌં વિસન બિડારૈ બ્રહ્મ લખિવૌ. ૨૯.'** આ સાત વ્યસન, બ્રહ્મ નામ આનંદસ્વરૂપ ભગવાનને બિડારૈ—એનો નાશ કરી નાખે છે. સમજાણું કાંઈ? માર્ગ કોઈ જન્મ મરણ મૂકવાની ચીજ કોઈ બીજી છે. સાધારણ લોકો માને છે એવું (તો નથી). સંસારના પાપ આડે નિવૃત્તિ લઈને ધર્મના નામે પુણ્ય પણ જેને નથી એને તો આ વસ્તુની ખબરેય નથી કે આ શું છે. સમજાણું કાંઈ?

કહે છે કે, **'વ્યભિચારી ભાવો છે,...'** આહા..હા..! એ પંચ મહાવ્રતનો રાગ છે, પાંચ સમિતિ, જોઈને ચાલવું અને નિર્દોષ આહાર લેવો આદિ જે ભાવ છે એ વ્યભિચારી ભાવ છે.

મુમુક્ષુ :— થોડું હળવું..

ઉત્તર :— થોડું હળવું કરો એમ કહે છે. વસ્તુ છે એવી એમાં કેવી રીતે હળવું કરે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'વ્યભિચારી ભાવો છે,...'** શુભભાવ કે અશુભભાવ અતત્સ્વભાવ છે, અનિયત દશા છે, અનેક, ક્ષણિક છે અને વ્યભિચારી ભાવ છે. **'તે બધાય પોતે અસ્થાયી હોવાને લીધે...'** એ બધા પોતે અસ્થાયી છે, સ્થિર છે જ નહિ. આહા..હા..! **'અસ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ નહિ થઈ શકવા યોગ્ય હોવાથી...'** જેને સ્થિર થવું છે એનું એ સ્થાન નથી માટે તે **'અપદભૂત છે;...'** જ્યાં મુકામ નાખવો હોય અને સ્થિર થવું હોય એ ચીજ આ નહિ. સમજાણું કાંઈ? **'પોતે અસ્થાયી હોવાને લીધે...'** એમ કહ્યું છે. એ શુભ અને અશુભ રાગ, ભગવાન આત્મા તો વીતરાગમૂર્તિ છે. 'જિન સોહી આત્મા, અન્ય સોહી હૈ કર્મ, યેહી વચનસે સમજ લે જિનવચનકા મર્મ.' સમજાણું કાંઈ? વ્યભિચારી (ભાવો છે), બધા પોતે અસ્થાયી છે. એ વિકારી ભાવ શુભ અશુભ સ્વયં અસ્થાયી છે. જેને રહેવું છે, રહેઠાણ કરવું છે એનું એ સ્થાન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ નહિ થઈ શકવા યોગ્ય હોવાથી અપદભૂત છે;...'** એ તારું પદ નહિ, એ તારું રહેવાનું સ્થાન નહિ, એ તારી ચીજ નહિ. એ અતત્સ્વભાવી ક્ષણિક પર્યાય વ્યભિચારી છોડવા લાયક છે. આહા..હા..! અને અવ્યભિચારી પોતાનો સ્વભાવ એનો આશ્રય કરવાથી નિર્મળ અવિકારી દશા થાય એ અવ્યભિચારી છે, એ ધર્મ છે. ભારે! **'અપદભૂત છે;...'** **'अपदे दव्वभावे अपदे मोत्तूण'** ભગવાન! હવે છોડ. તારે સુખ અને શાંતિ જોઈતા હોય અને જન્મ મરણના દુઃખથી મુક્ત થવું હોય, પરિભ્રમણનો તને થાક લાગ્યો હોય, થાક લાગ્યો હોય તો. આહા..હા..! એ પદ વ્યભિચાર ભાવને દૃષ્ટિમાંથી છોડ, એનો આશ્રય છોડ, એની મહિમા છોડ. આહા..હા..! પોતે અસ્થાયી હોવાને લીધે અપદભૂત છે. એ પદ તારું પદ નહિ, તારું સ્થાન નહિ, તારો ભાવ નહિ, એ તારું ક્ષેત્ર જ નહિ. આહા..હા..! વિકારનું ક્ષેત્ર ભિન્ન, ભાવ ભિન્ન, કાળ ભિન્ન, દ્રવ્ય તો વસ્તુ પોતે છે. આહા..હા..! ભેદજ્ઞાન સૂક્ષ્મ વાત છે.

**'અને જે તત્સ્વભાવે...'** હવે સવળું કહે છે. પાઠમાં સવળું છે પછી. **'अपदे मोत्तूण'**ની વ્યાખ્યા કરી. **'गिण्ह'** ભગવાન! હવે અપદને છોડ, પદને ગ્રહણ કર. આહા..હા..! **'અને તત્સ્વભાવે (અર્થાત્ આત્માના સ્વભાવરૂપે) અનુભવાતા...'** જ્ઞાન અને આનંદ એ તો તત્સ્વભાવ છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે. આ તો ગૃહસ્થાશ્રમમાં રહ્યા હોય, મુનિ હોય બધાને આ ઉપદેશ છે. તારી ક્રિયાકાંડ છે એ તારો સ્વભાવ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? **'તત્સ્વભાવે (અર્થાત્ આત્માના સ્વભાવરૂપે) અનુભવાતા...'** જ્ઞાન જ્ઞાનમાં અનુભવમાં આવે એ પર્યાયમાં, (વસ્તુ) ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપને અંતર આશ્રય કરવાથી જ્ઞાનની સમ્યક્ પર્યાય અનંત આનંદના વેદન સહિત જે ઉત્પન્ન થાય છે તે તત્સ્વભાવી છે. આહા..હા..!

તત્સ્વભાવ, તત્સ્વભાવે અનુભવાતા. પોતાનો ચૈતન્ય ભગવાનની સન્મુખ જોવાથી જે જ્ઞાન અને આનંદની દશા અનુભવમાં આવે છે એ તારો સ્વભાવ છે, એ તો તારી વસ્તુ છે. આહા..હા..! એ તારું પદ છે, એ તારી પદવી છે. હજી વ્યવહારે ધર્મ સાંભળ્યો ન હોય એને તો આ (એમ લાગે) આ શું?

**'તત્સ્વભાવે અનુભવાતો...'** રાગભાવ વ્યભિચાર અતત્સ્વભાવે વેદનમાં આવે છે અને રાગરહિત ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ તરફ ઢળવાથી, સ્વભાવ સન્મુખ થવાથી જે પર્યાયનું વેદન થાય એ ચૈતન્યના તત્સ્વભાવનું વેદન છે. આરે..! શું હશે આ? માર્ગ તો આવો છે, ભગવાન! લોકો ગમે તે રીતે કલ્પે તો કંઈ એ ધર્મ થઈ નથી જતો. વસ્તુની સ્થિતિ તો આવી છે. પહેલી સમજણમાં લેવી પડશે. જેને જન્મ મરણનો અંત કરવો હોય તો. બાકી સંસારમાં સુખ માને છે, તો તો ક્યાંથી નીકળે એમાંથી? પડ્યો છે, દુઃખી થાય. આહા..હા..! એ અપદ છે, આકુળતા છે અને આત્માના સ્વભાવ સન્મુખ થઈને જે વેદન થયું એ અનાકુળ આનંદનું વેદન છે. એને નિર્જરા થાય છે. પોતાનો નિજ સ્વ-ભાવ, ત્રિકાળી વસ્તુ અને એનો સ્વ આનંદ, જ્ઞાનાદિ ભાવ એમાં સન્મુખ થઈને જે જ્ઞાન અને આનંદ વેદનમાં આવે છે એને અહીંયા નિર્જરા, એ શુદ્ધભાવને નિર્જરા કહી. અશુદ્ધ ભાવ પણ ગળે છે તો એને નિર્જરા કહે છે અને કર્મ ગળે છે તેને નિર્જરા કહે છે. નિર્જરા ત્રણ પ્રકારની.

ફરીથી. જે શુદ્ધ સ્વભાવની સન્મુખ થઈને જે પવિત્ર પ્રગટ થાય એ શુદ્ધ ઉપયોગ અને શુદ્ધ ભાવ, એને નિર્જરા કહે છે. એક અસ્તિ. અને એક અશુદ્ધતાનો તે ક્ષણે નાશ થાય છે, એ બીજી નિર્જરા નાસ્તિ. ત્રીજી, તે સમયે કર્મનું ગળવું, ઝરવું થાય એ જડની નિર્જરા. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગને પણ નિર્જરા કહે છે. શુદ્ધ પવિત્ર દશા પ્રગટ થઈને? એ નિર્જરા, એ નિર્જરા થઈ-શુદ્ધ પવિત્ર થયો. આહા..હા..! નિર્જરાની વ્યાખ્યા—શુદ્ધિની વૃદ્ધિ થવી એ નિર્જરા. સંવર—શુદ્ધિની ઉત્પત્તિ થવી તે સંવર અને શુદ્ધિની વૃદ્ધિ થાય તે નિર્જરા અને શુદ્ધિની પૂર્ણતા થાય તે મોક્ષ. આ તો સાદી ભાષા છે. સમજાણું કાંઈ? અરે..રે..! એને ગરજ નહિ હોં અનંત કાળથી. આહા..હા..! જીવની દયા નહિ એને, પોતાની દયા નહિ એને. અરે..! હું ક્યાં જઈશ? હું કઈ રીતે દુઃખી છું અને એ દુઃખથી હું ભવિષ્યમાં પણ દુઃખમાં ક્યાં જઈશ? દયા નહિ. પરની દયા પાળવા નીકળી જાય છે. એ તો વિકલ્પ થાય છે, પરની દયા થાય કે ન થાય, આયુષ્ય હોય તો બચે અને ન હોય તો ન બચે. શું તારા દયાભાવથી એ બચે છે? દયાભાવ તો એક શુભરાગ છે. આહા..હા..! અહીંયા તો એને વ્યભિચાર કહ્યો.

ત્રણ લોકના નાથ કેવળી તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા એની હાજરીમાં ઈન્દ્રોને પરમાત્મા એમ કહેતા હતા, ગણધરોને એમ કહેતા, પ્રભુ! તારી ચીજમાં અંતર એકાગ્ર થઈને શુદ્ધિ

પ્રગટ કરવી એનું નામ શુદ્ધિની વૃદ્ધિ નામ નિર્જરા કહેવામાં આવી. કોઈ અપવાસ કરવા ને લાંઘણ કરવી.. એ તો લાંઘણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શુભભાવ હો, .. પણ એ કંઈ વસ્તુ નથી. એ તો વ્યભિચાર ભાવ છે. બે પદાર્થના સંગથી ઉત્પન્ન થવાવાળો ભાવ છે. એકલા પદાર્થના સંગથી ઉત્પન્ન થાય તે તો ધર્મ છે. સમજાણું કાંઈ? ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ સ્વ વસ્તુ એના સંગથી-આશ્રયથી, ઉત્પન્ન થાય એ તો શુદ્ધિ છે, એ તો રાગનો અભાવ છે. એ જ અહિંસા પરમધર્મ છે. આહા..હા..! એનું નામ અહિંસા પરમધર્મ છે. પરની દયા એ અહિંસા પરમધર્મ નહિ. એ તો રાગ છે. આહા..હા..! રાગની ઉત્પત્તિ. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં (આવે છે). પંડિતજીને બહુ યાદ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે. રાગની ઉત્પત્તિ તે હિંસા અને રાગની અનુત્પત્તિ તે અહિંસા.

જૈનશાસનનો મર્મ અહિંસા છે. કહે છે, ભગવાનની અહિંસા ગાંધીજીએ અપનાવી. સ્વતંત્ર થયા. બધું જૂઠ છે. આ જુદી જાત છે. ગાંધીજીએ લૌકિક વાત કરી. ભગવાન જે અહિંસા કહે છે એની તો ગંધેય નથી. અહિંસાથી સ્વતંત્રતા અપાવી. ધૂળમાંય નથી મળી. અંદરની સ્વતંત્રતા. આહા..હા..! પરમાનંદસ્વરૂપ એનો અંતર દૃષ્ટિમાં સ્વીકાર કરવો અને એમાં એકાગ્ર થવું એ સ્વરાજ સ્વતંત્ર છે. અહીં તો પરાધીન દુઃખી બિચારા રાડે રાડ પાડે છે. જૈનમાં એવું આવે છે પત્રમાં. આપણે ઓલા પત્ર કોણ દેખે? જૈન ગેજેટ ને.. ચારે કોર નેતાઓ અને કાર્યકર્તાઓ લોકોને લૂંટે છે. વાત આવે છે. આપણે જૈન ગેજેટ છેને. આહા..હા..! રાજના વખતમાં એટલી પરાધીનતા નહોતી, એટલી પરાધીનતા થઈ ગઈ અને કહે કે અમને સ્વરાજ મળ્યું. ધૂળમાંય મળ્યું નથી. આહા..! ...

સ્વરાજ તો પોતાની ચૈતન્ય શુદ્ધિ રાગના વિકલ્પથી રહિત નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ અંતરમાંથી પ્રગટવા એ જ સ્વાધીન સ્વરાજ્ય છે, બાકી રાગમાં પરાધીન થવું એ પણ પર રાજ્ય છે, સ્વરાજ્ય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? રાણી હતીને રાણી આ? જામનગરની, ગુલાબબાઈ. એક વાર અમે ત્યાં હતાને, ૨૦૧૦ની સાલ. એના બંગલા પાસે પાંચ માઈલ દૂર અમે જંગલ જાતા દિશાએ. એને ખબર પડી, મહારાજ! મારે દર્શન કરવા છે. એક કરોડની ઊપજ બહારમાં. એક કરોડની. રાજા હતા, દિગ્વિજય. પણ એની આંખમાં ... ચડાવ્યો હતો. મહારાજ! હું આવી શકતો નથી, મારે દર્શન કરવા છે તો આપ મારા બંગલા પાસે આવો છો, પાંચ મિનિટનો રસ્તો.. ગયા હતા. બેઠા, રાણી હુશિયાર બહુ, એ પણ સામે બેઠી. સવારનો ટાઈમ. મેં કીધું, જુઓ! સામ્રાજ્ય તો એને કહીએ, આ જડનું સામ્રાજ્ય એ નહિ. અનંત અનંત શાંતિ આદિ ગુણો આત્મામાં છે એ ગુણોનું અંદર ધણીપતું—સ્વામીપણું કરવું એ સામ્રાજ્ય છે. રાણી ખુશી થઈ. ઘણા કરોડો રૂપિયા એની પાસે, ઘણા કરોડો. ... ઘણા કરોડો વેપારમાં પેદા કર્યા હતા. પા કલાક અમે બેઠા હતા. સવારે જંગલ ગયા હતા તો

એના બંગલામાં પા કલાક બેઠા હતા. એક હજાર રૂપિયા મૂક્યા, એક હજાર. પા કલાકમાં એક હજાર.

મુમુક્ષુ :— મોક્ષશાસ્ત્ર..

ઉત્તર :— પછી મોક્ષશાસ્ત્રમાં આપ્યા. ... એક હજાર આપ્યા. મોક્ષશાસ્ત્ર છપાયાને, એમાં લખ્યા છે. એક હજાર દિગ્વિજય તરફથી મળ્યા છે. એ રાણી કહે, સામ્રાજ્ય આ... ધૂડના નહિ. અંદર ત્રણસો ને ચારસો ને પાંચસો ગામ હેઠે.. સામ્રાજ્ય છે અમારે, એક કરોડની ઊપજ છે બહારમાં. ધૂળેય નથી. સમજ્યા? અમારે કાંઈ ખરડો કરાવવો છે? ખરડો કરવો છે કે એ ખુશી થાય તો ખરડો ઠીક કરે. ખરડો સમજ્યા? ચંદા. એની ઇચ્છા હોય તો કરે, ન હોય તો ન કરે, અમારે શું છે? એક હજાર મૂક્યા. દુઃખી છે બધા. આ સામ્રાજ્ય તો દુઃખરૂપ છે. ભગવાન આત્મામાં અનંત ગુણ પડ્યા છે એનો સ્વીકાર દૃષ્ટિમાં કરવાથી સ્વરાજ્ય પ્રાપ્ત થાય છે. એ સુખી પ્રાણી છે, બાકી બધા દુઃખી છે. આહા..હા..!

અહીંયા ઈ કહે છે.. આહા..હા..! '**નિયત અવસ્થાવાળો,...**' જે ભગવાન આત્મા નિશ્ચય સ્વભાવવાળો છે ત્રિકાળ એની સન્મુખ થઈને જે દશા પ્રગટ થાય છે તે નિયત અવસ્થા છે. સમજાણું કાંઈ? ત્રિકાળ પણ નિયત છે અને અવસ્થા પણ નિયત જ છે. સ્વભાવની છેને. '**એક,...**' એક છે. વસ્તુ પણ ત્રિકાળ એક છે અને એની સન્મુખ થઈને શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ થયા એ પણ એકરૂપ દશા છે, વિવિધતા નથી. વિવિધતા તો વિકલ્પમાં આવે છે, રાગમાં. આ તો શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ પણ ચક્રવર્તી હોય છે. છ ખંડનું રાજ હોય છે. હુકમ પણ કરે બીજાને, આમ કરો. ભરત ચક્રવર્તી છ ખંડ સાધવા નીકળ્યા હતા. જ્યારે એ પરદેશમાં ગયા હતા ત્રણ ખંડની બહાર, વૈતાલ પર્વતની આ બાજુ ત્રણ ખંડ છે, ત્રણ અનાર્ય દેશમાં ગયા હતા. ત્યાં અનાર્ય લોકો નારાજ થઈ ગયા હતા, આ કોણ છે? કરોડો અબજો વર્ષમાં કોઈ રાજા નહોતો આવ્યો. .. પૂછ્યું, આ શું? ત્યારે એના દેવને બોલાવ્યા, દેવને, કુળદેવ હોયને? અનાર્ય રાજા. અનાર્ય રાજાના કુળદેવ. બોલાવ્યા કે આ કોણ આવ્યા છે? જાઓ, ... સાત દિવસ અને સાત રાત વરસાદ દેવે (કર્યો). વિચાર આવ્યો, આ કોણ છે? આ વરસાદ કુદરતનો નથી. ભરતને વિચાર આવ્યો, આ કુદરતનો વરસાદ નથી. એકધારા મુસળધાર. મુસળ સમજો છો? સાંબેલા, સાંબેલા હોયને? આ કુદરતી વરસાદ નથી. અરે.. દિવાન! અને એના હતા.. શું કહેવાય ઈ? જયકુમાર, લશ્કરનો સેનાપતિ. જયકુમાર! શું છે આ? અન્નદાતા! હું જાઉં. પછી જોયું કે આ તો દેવ છે. એને કીધું, ભાગી જા નહિતર... પછી ખબર પડી કે આ તો કુળદેવ છે. કોઈનો કોપ છે. આવો વરસાદ ન હોય. ચાલ્યો જા. ભરત ચક્રવર્તી

પાસે આવ્યો, જાઓ.. મેગેશ્વર બિરૂદ મળ્યું. સમકિતી હતા એ તો ભરત ચક્રવર્તી. છે એટલો રાગ. જાણે છે કે આ રાગ છે, મારી ચીજ નહિ. આહા..! સમજાણું કાંઈ?

બે ભાઈઓ લડ્યા, લ્યોને. બાહુબલીજી અને ભરત. બથમબથ્થા. પાણીમાં... પાણી ઉડાવ્યુંને આમ? ભરતનો દેહ તો પાંચસો ધનુષનો હતો. પાણી ઉડે તો એને પહોંચે નહિ અને આ પાણી ઉડાડે તો.. હારી ગયા. પાણીમાં હારી ગયા, લડાઈમાં હારી ગયા અને દૃષ્ટિમાં હારી ગયા. ... જો ભાઈ! એ તો મોટા ભાઈ હતા. ઈ (ભરત) ક્રોધમાં આવી ગયા. ચક્ર ચલાવ્યું. હજાર દેવ (જેની) સેવા કરે એવું ચક્ર છોડ્યું. એ સમકિતી. થાય છે, સમજે છે, ખ્યાલમાં છે કે આ શું? સમજાણું કાંઈ? ચક્ર છોડ્યું તો.. કુટુંબના માણસને મારે નહિ, કુળના માણસને એ ચક્ર ન મારી શકે. બાહુબલીજીના હાથમાં આવ્યું ચક્ર. એક હજાર દેવ સેવા (કરતા હતા). છોડ્યું ચક્ર. તેં ચક્ર છોડ્યું? કુટુંબ ઉપર તમેં આવું કર્યું? મુનિ થઈ ગયા. આહા..હા..! એવો વિકલ્પ હો, પણ છે વ્યભિચાર દુઃખરૂપ છે. એમ જ્ઞાની જાણે છે. સમજાણું કાંઈ? પણ છે અનિયત ભાવ, વ્યભિચાર ભાવ, એ મારી ચીજ નહિ. આહા..હા..! દૃષ્ટિમાંથી છોડે છે અને અંતર જ્ઞાયકભાવને ગ્રહણ કરે છે. આવી ચીજ છે. સમજાણું કાંઈ?

‘**નિયત અવસ્થાવાળો, એક, નિત્ય,...**’ છે. એ વસ્તુ નિત્ય ત્રિકાળ જ્ઞાયકભાવ છે અને એની પર્યાયનો અનુભવ થયો એ પણ કાયમ રહેવાવાળી વસ્તુ છે. ભલે ક્ષણિક છે પણ ઈ અંદર એકાગ્ર થાય છેને, એટલે કાયમ રહે છે. ‘**અવ્યભિચારી ભાવ (ચૈતન્યમાત્ર જ્ઞાનભાવ**) છે,...’ લ્યો. ત્રિકાળી ચૈતન્યમાત્ર ભાવ અને એના આશ્રયે પર્યાય ઉત્પન્ન થઈ એનો અનુભવ છે. સમજાણું કાંઈ? ‘**તે એક જ પોતે સ્થાયી હોવાને લીધે...**’ ઈ એક જ ત્રિકાળ જ્ઞાયકભાવ આનંદભાવ ધ્રુવભાવ એકભાવ સ્વભાવભાવ ‘**એક જ પોતે સ્થાયી હોવાને લીધે...**’ સ્વયં સ્થિર છે. કહો, સમજાણું કાંઈ? ત્રિકાળી ભાવ અવ્યભિચારી છે અને એના આશ્રયે ઉત્પન્ન થયેલો ભાવ પણ અવ્યભિચારી છે. સ્વદ્રવ્યના આશ્રયે થયો એ પણ અવ્યભિચારી ભાવ છે. અહીં તો ત્રિકાળ ભાવ લીધો એકલો. ‘**(ચૈતન્યમાત્ર જ્ઞાનભાવ) છે, તે એક જ પોતે સ્થાયી હોવાને લીધે...**’ એમાં રહેવાથી, સ્થિરમાં રહેવાથી સ્થિરતા ઉત્પન્ન થાય છે. પર્યાય અસ્થિર છે એમાં રહેવાથી અસ્થિરતા કંપે છે એ તો. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું. અપવાસ કરી નાખો, વ્રત કરો, આ કરો,... સહેલુંસટ. સામાયિક કરો, લ્યો. બે ઘડી સામાયિક કરવા બેસે. નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં.. લ્યો સામાયિક થઈ ગઈ. બે ઘડી થઈ ગઈ. એ તો રાગ છે, સાંભળને! સામાયિક ક્યાં છે?

સામાયિક તો અંદર ચૈતન્ય ભગવાન પૂર્ણ વસ્તુ સ્વભાવને પકડીને એમાં સ્થિર થવું એનું નામ સામાયિક છે. પોપટભાઈ! બાહ્ય સામાયિક તો ઘણી કરી હશે. અમે પણ બધી કરી હતી હોં દુકાન ઉપર. અમે નાની ઉંમરમાં સામાયિક કરતા હતા, પ્રતિક્રમણ કરતા હતા,

ચોવિહાર રાત્રે આહારનો ત્યાગ. દુકાન ઉપર હોં! દીક્ષિત થયાને સાંઈઠ વર્ષ થયા. પહેલા ચાર વર્ષથી. રાત્રે આહાર અને પાણીનો ત્યાગ ૬૪ વર્ષથી, ૬૪ વર્ષ. દુકાન ઉપર ધંધામાં (હતા), આહાર પાણી રાત્રે નહિ. પણ એ તો વિકલ્પ હતો. સમજાણું કાંઈ? આપણે જૈનને રાત્રે ભોજન ન હોય. નાની ઉંમરથી, ૬૪ની સાલ. ૬૪ની સાલમાં અઢાર વર્ષની ઉંમર હતી. રાત્રે આહાર પાણીનો ત્યાગ છે. રાત્રે પાણી પણ નહિ, જળ નહિ. ઔષધિ તો શેની હોય? પણ એ તો બધો વિકલ્પ, બાહ્ય ક્રિયા. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, આ તો રહેવાનું સ્થાન, સ્વયં સ્થાયી ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એ જ સ્થાયી રહેવાનું સ્થાન છે. આહા..હા..! '**રહેઠાણ થઈ શકવા યોગ્ય હોવાથી પદભૂત છે.**' લો. રહેનારનું રહેઠાણ, રહેનારનું રહેઠાણ, રહેવાનું સ્થાન ઈ છે. આહા..હા..! રહેઠાણ શબ્દ આવે છે હિન્દીમાં? રહેઠાણ હોય છે હિન્દીમાં? આ હિન્દી છે. રહેઠાણ, રહેવાનું સ્થાન. જેને રહેવું છે એનું સ્થાન. રાગાદિ ભાવ એ રહેવાનું સ્થાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ૨૦૩ ગાથા બહુ સારી છે. સવારે નયનો અધિકાર હતો. સૂક્ષ્મ છે. અમારે ઝવેરચંદભાઈને જરી સૂક્ષ્મ પડી ગયું. ક્યાં ગયા ઝવેરચંદભાઈ? દુકાને ધંધા આડે નવરા કે દિ' હતા? ધંધા.. ધંધા.. ધંધા.. કેમ ઝવેરચંદભાઈ! પાંચ છ ભાઈઓ, મોટી દુકાન, મોટો વેપાર... મશગુલ. ક્યાં નિવૃત્તિ લઈને શું વસ્તુ છે? શું આત્મા છે? વીતરાગ શું કહે છે? કેવી શ્રદ્ધા હોય તો ઊલટી શ્રદ્ધા છે? કેવી શ્રદ્ધા સુલટી છે? કોઈ દિ' સાંભળ્યું નથી, સમજ્યો નથી, વિચાર નહિ અને એમને એમ દશા.. સવારે સાંભળીને કહેતા હતા, સૂક્ષ્મ પડી ગયું. ભાઈ, સૂક્ષ્મ તો છે. વાત તો સારી આવી છે. આ તો સમજાય એવી વાત છે.

મુમુક્ષુ :— સવારની અપેક્ષાએ સહેલી છે.

ઉત્તર :— હા, સહેલી છે. સવારે તો વ્યંજનપર્યાય ને અર્થપર્યાય ને... શું હશે આ તે? સત્તાગ્રાહક.. સાંભળી નથી. આહા..હા..!

પદભૂત તો ભગવાન આત્મા, ચૈતન્યમાત્ર ભગવાન પૂર્ણાનંદ નિત્યાનંદ સહજાનંદ પ્રભુ. પ્રત્યેક આત્મા નિત્યાનંદ છે. સમજાણું કાંઈ? એ નિત્યાનંદમાં રહેવાથી સ્થિરતા થાય છે. વિકલ્પમાં રહેવાથી સ્થિરતા થતી નથી. આહા..હા..! '**તેથી સમસ્ત અસ્થાયી ભાવોને છોડી,...**' સરવાળો કરે છે. '**સમસ્ત અસ્થાયી...**' ઉપર કહ્યા એ બધા વિકાર '**છોડી, જે સ્થાયીભાવરૂપ છે એવું પરમાર્થરસપણે સ્વાદમાં આવતું...**' દેખો! '**સ્થાયીભાવરૂપ છે એવું...**' પરમાર્થસ્વરૂપ ભગવાન આનંદસ્વરૂપ એના '**સ્વાદમાં આવતું...**' આનંદના અનુભવમાં આવતું. આહા..હા..! વિકારનો અનુભવ તો વિકાર અતત્સ્વભાવી વ્યભિચારી અનુભવ હતો, અતત્સ્વભાવી હતો. જ્ઞાનસ્વભાવ નિત્યાનંદ સ્વભાવ એની સન્મુખ થઈને જે દશા પ્રગટ થાય છે એ સ્વાદરૂપ છે. એ '**પરમાર્થરસપણે સ્વાદમાં આવતું...**' આનંદનો

સ્વાદ આવતું. સ્વાદ તો ભાઈ આ કહે છે ખાટો, મીઠો. ધૂળનો સ્વાદ કહે છે. આ સ્વાદ સારો છે, દૂધપાક બહુ સારો છે ને પુરી સારી છે, ભજીયા.. ભજીયાને શું કહે છે? પકોડી, પકોડી તીખી છે, ચરપરી છે. ધૂળમાં છે, એ તો જડ છે. આ તો આત્માના આનંદનો રસ શુદ્ધ ચૈતન્યઘન અતીન્દ્રિય આનંદ પિંડ પ્રભુ એ તરફની દૃષ્ટિ કરવાથી **'સ્વાદમાં આવતું આ જ્ઞાન એક જ આસ્વાદવાયોગ્ય છે.'** ધર્મીજીવને હિત કરવાવાળાને તો આત્મા એક જ આનંદનો સ્વાદવા યોગ્ય છે. વ્યભિચાર આદિ રાગાદિ આસ્વાદવાયોગ્ય નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ-૧, સોમવાર, તા. ૧૯-૦૩-૧૯૭૩**
**ગાથા-૨૦૩, શ્લોક-૧૩૯, ૧૪૦, પ્રવચન-૩૪૮**

**'ભાવાર્થ :— પહેલા વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો કહ્યા હતા...'** જીવ-અજીવ (અધિકારમાં). અનંત કાળથી સત્ય સમજવાની એણે દરકાર કરી નથી. જે કાંઈ સમજ્યો ઈ અમને સમજાવો. એ તો અજ્ઞાન સમજાવ્યું અનાદિ કાળથી. પંડિતજી! એ અજ્ઞાન સમજાવ્યું, તો એ તો છે. અનાદિ કાળનું અજ્ઞાન તો પડ્યું છે. એની ચીજ ભિન્ન શું ચીજ છે ઈ અહીંયા બતાવે છે. અનંત કાળમાં સેકંડમાત્ર પણ એની સ્થાયી ચીજ શું છે એનું માહાત્મ્ય આવ્યું નહિ. એ વિના વ્રત ને તપ ને ક્રિયાકાંડ કરે, ચાર ગતિમાં રખડવાનો છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! .. આજે ચાલે છે કે બંધ છે? બંધ છે. આજે ધૂળેટી છેને. માણસો બિચારા ... આજે કર્યું એમને? કહો. માણસો ઓલા છે.

આ રંગ, ગંધ, રસ ને સ્પર્શ, શુભ અને અશુભ ભાવ અને માર્ગણાસ્થાન, જીવસ્થાન, ગુણસ્થાન એ બધા પ્રકારો વર્ણવ્યા છે. એ **'ભાવો કહ્યા હતા તે બધાય, આત્મામાં અનિયત,...'** છે. હીરાલાલજી! પૈસા અનિયત છે? પૈસા તો બહાર રહી ગયા.

મુમુક્ષુ :— અમે છીએ ત્યાં સુધી રહે છે.

ઉત્તર :— કોના રહે? કોના છે? પૈસા પણ ક્યાં એના બાપના હતા. એ તો જડના છે. અહીંયા તો ત્યાં સુધી કહે છે, પૈસા, લક્ષ્મી, શરીર તો પરદ્રવ્ય છે. એ તો આવ્યુંને?

આત્મામાં પરદ્રવ્ય ભાવોથી. પરદ્રવ્યનો તો અભાવ જ છે પણ અહીંયા જેને આત્મા પ્રાપ્ત કરવો હોય, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય, જે અનંત કાળે એક સેકંડમાત્ર પણ કર્યું નથી, એ કરવું હોય તો કહે છે કે જીવના ચૌદ ભેદ, ગુણસ્થાનના ચૌદ ભેદ, માર્ગણામાં તો સેંકડો બોલ આવે છે, એ ચૌદ ભેદ એ બધા આત્માથી અનિયત છે. નિયત નહિ, એક સમયની સ્થિતિવાળી ચીજ એ છે. તેરમું ગુણસ્થાન પણ અનિયત છે આત્મામાં એમ કહે છે.

મુમુક્ષુ :— ચૌદમું પણ નથી.

ઉત્તર :— ચૌદમું તો વળી.. આ તો ઉદયભાવ સુધી લીધું. સમજાણું કાંઈ?

જીવમાં પ્રથમ ગુણસ્થાન મિથ્યાત્વ, પછી સાસાદન, મિશ્ર, સમ્યગ્દર્શન, શ્રાવકનું પંચમ ગુણસ્થાન સાચા શ્રાવકનું, મુનિની છઠ્ઠી-સાતમી ભૂમિકા ગુણસ્થાન એ બધા અનિયત છે. આ વાત..! લાલચંદજી! વસ્તુ જે એક સમયમાં અખંડ અભેદ (છે). આહા..હા..! એ દૃષ્ટિમાં તો ગુણસ્થાનના ભેદ છેને કેવળજ્ઞાનની દશા, ચૌદમા ગુણસ્થાનની દશા બધી અનિયત છે. નેમિચંદજી! એવી વાત છે, ભાઈ! આહા..હા..! શું કહે? પર્યાય કહો કે અવસ્થા. અવસ્થા છે. ત્રિકાળ ચીજ અંદર નિત્યાનંદ પ્રભુ પૂર્ણ પરમાત્મા પોતે જ નિર્વિકલ્પ આનંદકંદ. આહા..હા..! જેમાં ભાવલિંગ નિર્વિકલ્પ દશા એ પણ એક અનિયત છે. આહા..હા..! ભાવલિંગ મુનિનું, સાચા મુનિનું હોં!

અંતરમાં પોતાની આનંદ દશાનો અનુભવ, સપ્તમ ગુણસ્થાનનો, અષ્ટમ ગુણસ્થાનનો, છઠ્ઠું ગુણસ્થાન એ તો બધી દશા તો અવસ્થા છે, એક સમયની અનિયત છે. ભગવાન આત્મા અનિયત અવસ્થાથી ભિન્ન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અત્યારે તો સમન્વય કરવાનો પંથ બહુ નિકળ્યો છે. શું કહેવાય? સમય, સમય. આજે આવ્યું છેને. તે દિ' તો આવ્યું. આમાં તો બહુ લખ્યું છે. તુલસી આમ કહે છે. તો મૂકી દોને પહેલો, મુહપત્તિનો પોતાનો આગ્રહ. અને પરની દયા પાળવામાં પાપ છે, જીવને બચાવવામાં પાપ છે એ માન્યતા છોડી દેને! તેરાપંથની દૃષ્ટિ તો ઈ છે. ... પરજીવને બચાવવાનો ભાવ જૂઠ છે. બચાવી શકે છે કે નહિ, એની તો એને ખબર નથી. એના ગુરુને ખબર નહોતી. પર જીવને બચાવી શકે છે (કે નહિ), એ તો એના ગુરુને ખબર નહોતી. બચાવવાનો ભાવ મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. રક્ષા કરવાનો ભાવ એ મિથ્યાત્વ છે. નહિ મારવાનો ભાવ એ પુણ્ય છે. ધર્મ છે, એ તો વળી ધર્મ કહે છે. તેરાપંથ છેને? તુલસી. આહા..હા..! હવે કોની સાથે સમન્વય કરવો?

આ તો આત્મા જેને સમ્યક્ વસ્તુ પ્રાપ્ત કરવી હોય અને જન્મ મરણના અંત લાવવો હોય એને માટે તો આત્મા એ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત જે ભાવ કહ્યા હતા, ભાવ છે ખરા તો કહ્યા હતાને? પર્યાયમાં છે, અવસ્થામાં છે, હાલતમાં છે. ચૌદ ગુણસ્થાન છે, ચૌદ જીવસ્થાન છે, ચૌદ માર્ગણાસ્થાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્ષાયિકસમકિત ને

ઉપશમસમકિત ને ક્ષાયિકચારિત્ર ને ... યથાખ્યાત ચારિત્ર ને એવી એવી જે પર્યાય છેને? કેવળજ્ઞાન ને મતિ શ્રુતજ્ઞાન એવા જ્ઞાનના ભેદ છે એ બધાની અવસ્થા તો એક સમયની અનિયત છે. કેવળજ્ઞાન પણ એક સમય રહેવાવાળું છે. પર્યાય છેને ઈ. આહા..હા..!

તો કહે છે, પહેલા વર્ણાદિક—રંગ, ગંધ, રસ, સ્પર્શથી માંડીને ગુણસ્થાન. ૨૯ બોલનો આવ્યોને? ઉકરડો. અમારે નારણભાઈ એમ કહેતા. આહા..હા..! જે '**ભાવો કહ્યા હતા તે બધાય, આત્મામાં અનિયત,...**' છે. કાયમ રહેવાવાળી ચીજ નથી. એક સમય પૂરતી દશા. આહા..હા..! વિકાર પણ એક સમય પૂરતો અને ધર્મની દશા પણ એક સમયની અવસ્થા. તો ત્રિકાળ આત્મામાં તો એ છે નહિ. પર્યાયબુદ્ધિ છોડીને ત્રિકાળ દ્રવ્યની બુદ્ધિ અંતરમાં કરે તો એને નિર્વિકલ્પ આનંદનો સ્વાદ આવે એને સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! ધર્મની પહેલી સીઢી આ છે. કહ્યું હતુંને પહેલા? '**એવું પરમાર્થરસપણે સ્વાદમાં આવતું આ જ્ઞાન એક જ આસ્વાદવાયોગ્ય છે.**' એકરૂપ ચિદાનંદ પ્રભુ.. એનું હજી જ્ઞાન પણ ન હોય કે શું પર્યાય છે? શું દ્રવ્ય છે? ભાષાની ખબર ન હોય. એ શેમાંથી રસ ઉઠાવે? અને શેમાં રસ લે?

કહે છે કે પોતાની ચીજમાં તો પરમાત્મા, આત્મા સો હી પૂર્ણ પરમાત્મા છે. એવી પૂર્ણ વસ્તુમાં આ બધી અવસ્થાઓ અનિયત છે, અનેક છે, ક્ષણિક છે, વ્યભિચારી ભાવ છે. આ કારણે તે આશ્રય કરવાલાયક નથી. એમાં દૃષ્ટિ છોડવાલાયક છે. આહા..હા..! '**આત્મા સ્થાયી છે (–સદા વિદ્યમાન છે)...**' ભગવાન તો. ત્રિકાળ પરમાત્મસ્વરૂપ ધ્રુવ ધામમાં પડ્યો છે ભગવાન. ધ્રુવ એ જ આત્મા છે એમ અહીં તો કહે છે. સમજાણું કાંઈ? '**(–સદા વિદ્યમાન છે)...**' ત્રિકાળ વિદ્યમાન છે. આત્મા.. આત્મા.. આત્મા.. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. અનાદિઅનંત ત્રિકાળ વિદ્યમાન છે. '**અને તે બધા ભાવો અસ્થાયી છે...**' એક સમયની દશા તો કાયમ રહેવાવાળી નથી, અસ્થાયી છે. આહા..હા..! અધિકાર પહેલા ઘણો ચાલી ગયો.

'**તેથી તેઓ આત્માનું સ્થાન–રહેઠાણ–થઈ શકતા નથી...**' તેથી આત્મામાં સ્થિર રહેવાવાળી એ વસ્તુ નથી. '**અર્થાત્ તેઓ આત્માનું પદ નથી.**' આહા..! છ ઢાળામાં બોલ્યા હતાને? નવનીતભાઈ! સવારે. પરપદ.. છ ઢાળા પાઠશાળામાં ચાલે છે. દૌલતરામજીએ બનાવી છે. શું પરપદમાં તું ચાલે છો? નિજપદ ભૂલી જા છો, ભગવાન! આહા..હા..! તારું નિજપદ તો સ્થાયી, સ્થિર, ધ્રુવ છે. સમજાણું કાંઈ? નિત્ય છે. જુઓ! છે? આત્માનું સ્થાન થઈ શકતા નથી. '**તેઓ આત્માનું પદ નથી.**' આહા..હા..! '**જે આ સ્વસંવેદનરૂપ જ્ઞાન છે તે નિયત છે,...**' અહીં તો પર્યાય સહિત વેદન લીધુંને. ત્રિકાળી જ્ઞાયકભાવના આશ્રયે જે વેદન થાય સ્વ પોતાનું, સં પ્રત્યક્ષ આનંદનું વેદન થાય તે સ્થાયી છે. ઈ પર્યાયમાં

આવ્યું તો ઈ સ્થાયી છે. આહા..હા..! લોકો હોડે હોડે ચડ્યા. આને મદદ કરો, આમ કરો, બધા એકઠા થઈને સમન્વય કરો. કોનો સમન્વય કરે? કોઈ પ્રાણી પ્રત્યે વિરોધ નહિ. સર્વ મૈત્રી ભાવ. ... એ કારણે તો આપણે ટીકા પણ નથી છાપતા. શ્રુતસાગરની. અષ્ટપાહુડ છેને, અષ્ટપાહુડ. આ ચાર—સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય એની ટીકા છપાઈ ગઈ છે. અષ્ટપાહુડની ટીકા નથી. અષ્ટપાહુડના મૂળ શ્લોક આવશે આગમમાં. ટીકામાં તો વિરોધ કર્યો છે. એવો દ્વેષ ન હોવો જોઈએ. ટીકમાં તો એવો વિરોધ કર્યો છે, સંસ્કૃત સંસ્કૃત ટીકા. શ્રુતસાગર. કોઈપણ પ્રાણી ભગવાનની પૂજાનો નિષેધ કરે, શું કહેવાય? દેવ, શાસનદેવને ન માને, ન પૂજે અને ભક્તિની ના પાડે તો એને જોડા લઈને, વિષ્ટામાં બોળીને, મોઢે મારવા પાપ નાસ્તિ. આવી વાત? નેમિચંદજી! આવી ચીજ જૈનદર્શનમાં હોય? કોઈ પ્રત્યે વિરોધ નહિ. જાણી લેવું. જાણીને વિરોધ કરવો? વેર કરવું એની સાથે? અને મારવામાં પાપ નથી? આ શું લખ્યું છે? ઈ ટીકામાં આવે છે. તો ઈ ટીકા અહીં છાપી નહિ. આરસપહાણમાં લખાય છેને? એમાં ટીકા નથી. અમારે હિંમતભાઈને કેટલા વર્ષથી કીધું, તો ઈ કરતા નથી, કેમકે ઓલી ટીકા માન્ય નથી. ટીકાનો કાંઈક આધાર હોય તો કરી શકે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર તો બનાવ્યા, ચાર તો બનાવ્યા. હિન્દુસ્તાનમાં ન બની હોય એવી ચીજ છે. પણ અષ્ટપાહુડ તો કેટલા વર્ષથી બનાવે છે, પણ હજી બન્યું નથી. કેમકે ટીકા સાચી નથી, ટીકા પસંદ નથી. ... કોઈ શાસ્ત્ર આચાર્યનું હ્દય હાથમાં હોય એના આધારે બનવી જોઈએ. સમજાણું કાંઈ? આવા પ્રાણી (પ્રત્યે) હોય કાંઈ? કોઈ માણસ ન માને એટલે એને વિષ્ટા જોડાથી મારવા? આ તે કાંઈ... એમ કાંઈ હોય કોઈ પ્રાણી પ્રત્યે? સત્વેષુ મૈત્રી. બધા પ્રાણી મિત્ર છે, ભગવાન છે, મારી નાતના આત્મા છે. કોઈ પ્રત્યે વિરોધ નથી. સત્ય વાતને સત્ય કહે, અસત્યને અસત્ય કહે. એમાં શું વિરોધ છે? સમજાણું કાંઈ? એમાં એવું લખાણ છે, હોં! અષ્ટપાહુડમાં ટીકામાં છે. સંસ્કૃત ટીકા. એવી ન હોય. ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા ખમંતુ મે... કોઈ પ્રત્યે વેર નહિ. સમજાણું કાંઈ? સત્ય વાત છે એ તો સત્ય કહે કે માર્ગ તો ભાઈ આ છે. નેમિચંદજી! તો એમાં કાંઈ વિરોધ નથી. એ તો મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ લખ્યું છે. માર્ગ તો સત્ય છે એ સત્ય કહે. એવી કઈ ચીજ છે? જો દારૂની નિંદા કરે તો દારૂ પીવાવાળાને વિરોધ લાગે, એનું અમે શું કરીએ? કલાલ નારાજ થઈ જાય. દારૂનો દુકાનદાર. એમાં શું કરીએ? વેશ્યાના વેપાર ધંધાનો નિષેધ કરે તો વેશ્યાને ઠીક ન લાગે, એનું શું કરવું? જે સત્ય છે એ સત્ય તો કહેવું પડે છે.

એ તો શ્રીમદ્દે કહ્યું છે. આત્મજ્ઞાન... છેને? સમભાવ. ક્યાં? ગયા છે. સમદર્શિતા, પણ પહેલું શું છે? આત્મજ્ઞાન સમદર્શિતા.. પણ અહીં તો સમદર્શિતા ઉપર છે. ચેતનજી ગયા છે હમણાં બહાર, અમદાવાદ ગયા છે, તલોદ ગયા હશે. સમદર્શિતા. તો સમદર્શિતાની વ્યાખ્યા

શું કરી છે? શ્રીમદ્. 'આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ, અપૂર્વ વાણી પરમશ્રુત સદ્ગુરુ લક્ષ યોગ'. એમાં એમ લીધું છે કે સમદર્શિતાની વ્યાખ્યા એવી નથી કે કુદેવને સુદેવ માનવા, સુદેવ અને કુદેવને સરખા માનવા. એવો સમભાવ નથી. કુદેવને કુદેવ કહે, સુદેવને સુદેવ કહે, સત્શાસ્ત્રને સત્ય કહે, અન્ય શાસ્ત્રને નિષેધે એનું નામ સમભાવ છે. ખીચડો કરે એનું નામ સમભાવ છે? એઈ..! ભંવરલાલજી! એવું લખ્યું છે એમાં. શ્રીમદ્ રાજચંદ્ર. સમદર્શિતાની વ્યાખ્યા એમાં કરી છે મોટા અક્ષરમાં હોં! કુદેવને કુદેવ માને, સુદેવને સુદેવ માને, કુદેવનો નિષેધ કરે, કુગુરુનો નિષેધ કરે, સુદેવ, સુગુરુને સ્થાપે, સુધર્મને સ્થાપે, કુધર્મને ઉથાપે. લાલચંદજી! તો એ સમભાવ છે. બધાનો ખીચડો કરવો એ તો મૂર્ખાઈ છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ એમનો જે હુકમ, આજ્ઞા દિવ્યધ્વનિમાં આવી એ પ્રમાણે વાત કરે. એમાં શું છે? સમજાણું કાંઈ?

ઈ કહે છે, અહો..! આત્માનું પદ નહિ, હોં! જુઓને, આપણે કાલે તો આવ્યુંને? વ્રતાદિ. વ્રત કરવા આદિ વિકલ્પ છે એ અપદ છે. સંસ્કૃત ટીકામાં છે. કાલે બતાવ્યું હતું. સમજાણું કાંઈ? પંચ મહાવ્રત, બાર વ્રત વિકલ્પ છેને, રાગ છે એ તો. રાગ અપદ છે. પોતાનું સ્થાન નહિ, પોતાનું સ્વરૂપ નહિ. આહા..હા..! આ તો વ્રત કરતા કરતા કલ્યાણ થઈ જશે અને અમે વ્રત પાળીએ છીએ માટે વ્રતી છીએ, સંયમી છીએ. ધૂળેય નથી. ધૂળેય નથી એનો અર્થ શું? જે સમકિતીને પુણ્ય બંધાય છે એવા પુણ્ય પણ એને નહિ બંધાય. એવી વસ્તુ છે. અનાદિ કાળથી એને સત્ય રુચ્યું જ નથી. માન્યું છે એણે કલ્પનાથી.

અહીં તો કહે છે, નિયત ભાવ. સ્વસંવેદનરૂપ એ નિયત. પોતાનો આત્મા આનંદસ્વરૂપ એનું પ્રત્યક્ષ રાગની અને મનની અપેક્ષા છોડીને જ્ઞાનનું સ્વસંવેદન આત્મામાં અતીન્દ્રિય આનંદની પર્યાયમાં વેદન થવું તે સ્થાયી છે, નિત્ય છે. સમજાણું કાંઈ? '**નિયત છે, એક છે, નિત્ય છે, અવ્યભિચારી છે.**' શુદ્ધ ચૈતન્યઘનના આશ્રયે જે પર્યાય પ્રગટ થાય છે તે અવ્યભિચારી છે. હજી તો વાતને સમજવાના ઠેકાણા નહિ. અરે..રે..! ક્યાં જાવું એને? ચોર્યાશીના અવતાર, કોઈ શરણ નથી ક્યાંય. એટલા પૈસા હોય, શરીર નિરોગ હોય અને કુટુંબ, સ્ત્રી પડ્યા હોય પણ અંદરથી પીડા બીજી હોય, શું છે? ડૉક્ટર પણ નક્કી કરી શકે નહિ હમણા તો. એક માણસને એટલા બધા રોગ કે ડૉક્ટર પણ નક્કી કરી શકે નહિ. ઘણા રોગ. અંદર શું છે કંઈ ખબર પડતી નથી. મરી જાય બિચારા. આહા..હા..! કેન્સર થાય, જુઓને અંદર. પેટમાં કેન્સર ઊંડે. બહાર આવે ત્યારે ખબર પડે. ચાર છ મહિને. બસ, જ્યાં ખબર પડે ત્યાં બે ત્રણ મહિને ખલાસ. જાઓ! એની કોઈ દવા નથી, એનો કોઈ ... કેન્સરનો હતોને? ઓલો એક પારસી નહોતો? મુંબઈ. બધાના કેન્સરની દવા કરી. એ ડૉક્ટર પોતે કેન્સરમાં મરી ગયો. મુંબઈમાં. એને પોતાને કેન્સર હતું. પણ આ પૈસા.. કેન્સરની દવા કરે, મરી

ગયો કેન્સરમાં.

અરે..! આ મોટો ડૉક્ટર નહિ, આપણે ભાવનગર હતો ઈ? વૈદ્ય નહિ. ઈ તો મરી ગયો. એના બાપ બે-ચાર વર્ષથી એમને એમ અસાધ્ય થઈ ગયો. દસ્તુર, દસ્તુર પારસી. પહેલા અહીં ભાવનગર હતો. એનો બાપ અસાધ્ય. ત્રણ, ચાર, પાંચ, સાત વર્ષ અસાધ્ય. ભુંગળી દ્વારા આપે અને એમને એમ રહે. તું ડૉક્ટર છો, એના બાપને કરને. ધૂળ કરે નહિ, શું ... કરે? પાણી ચડાવે આમ ભુંગળી દ્વારા અને અસાધ્ય. જોકે હવે તો ગુજરી ગયો હશે. એનો બાપ હતો. દસ્તુર દસ્તુર. આહા..હા..! આવા સંસાર. પણ લોકોને શરણ ક્યાં છે એની ખબર નથી.

કહે છે કે **'આત્મા સ્થાયી છે અને આ જ્ઞાન પણ સ્થાયી ભાવ છે...'** જ્ઞાન લેવું છેને. **'તેથી તે આત્માનું પદ છે.'** આત્માનું પદ તો જ્ઞાનસ્વભાવ જે ત્રિકાળ અને આત્મા એ પદ પોતાનું છે. **'તેથી તે આત્માનું પદ છે. તે એક જ જ્ઞાનીઓ વડે...'** ભગવાન આત્માનો સ્વાદ ધર્મી દ્વારા **'લેવા યોગ્ય છે.'** આહા..હા..! **'આસ્વાદ લેવા યોગ્ય છે.'** શું કહે છે? સમજાણું કાંઈ? અન્ય મતમાં પણ અનુભવ ને એવી વાત તો બહુ આવે છે પણ આ નહિ. રાગની મંદતામાં કોઈ એવી સુખ જેવી ઝળક દેખાય, સુખ નથી એ તો ઝેર છે પણ એને ખબર નથી. સમજાણું કાંઈ? અમારે ત્યાં તો પાલેજમાં આસપાસમાં વેદાંતી ઘણા. અમારા એક ઘરાક હતા બ્રાહ્મણ, એ ગુરુ હતા ઘણાના. માલ લઈ જતા. નામ ભૂલી ગયા. ઘણાના ગુરુ, આવે તો પગે લાગે બધા. ભાન નહિ કાંઈ. અદ્વૈત છે, આત્મા એક જ છે. ઈશ્વર સર્વવ્યાપક છે. એનો અનુભવ કરે છે એમ અનુભવ કરીએ છીએ. ધૂળેય અનુભવ નથી. સમજાણું કાંઈ? એ તો બફમ અજ્ઞાનના બફમમાં માની લે છે. શાસ્ત્ર એમ કહે છે કે અંદરમાં શાતાનો એવો કોઈ ઉદય હોય કે ઈષ્ટ મીઠો મધુરો જેવો સ્વાદ લાગે, પણ છે તો ઈ રાગનો સ્વાદ. આત્મા તો જ્ઞાનનો સ્વાદ અહીંયા તો કહે છે. સમજાણું કાંઈ?

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જેનું ફળ કાયમ રહે અને કાયમના આશ્રયે ઉત્પન્ન થાય. આ ચીજ છે. પેલાનું થોડું ફળ મળે, પુણ્યાદિ હોય તો સ્વર્ગાદિ મળે ધૂળમાં પછી નરકમાં જાશે. આહા..હા..! ઈ કહે છે, જુઓ!

**'એક જ...'** ધર્મીજીવને જેને જન્મ મરણનો અંત લાવવો હોય તો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ જાનન સ્વભાવ એનો આસ્વાદ લેવા લાયક છે. કહો, સમજાણું કાંઈ? છેને? **'એક જ જ્ઞાનીઓ વડે...'** 'જ' તો એકાંત થઈ ગયું. રાગનો સ્વાદ લેવા લાયક નથી. પૂર્ણ જ્યાં સુધી ન થાય તો જ્ઞાનીઓને પણ થોડો રાગનો ભાવ આવે છે, પણ એની મુખ્યતા નથી. આત્મા આનંદસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ આત્મા.. આહા..હા..! એવી વસ્તુમાં

એકાગ્ર થઈને અંતરમાંથી અતીન્દ્રિય આનંદની દશા, સ્વાદ અંતરમાં આવવો એ જ્ઞાનનો અનુભવ અને આત્માનો અનુભવ છે. ધર્મીને તો આ કર્તવ્ય છે. સમજાણું કાંઈ?

'આસ્વાદ લેવા યોગ્ય છે.' આહા..હા..! 'એક જ...' કથંચિત્ બીજો (સ્વાદ લેવા યોગ્ય છે) એમ તો છે નહિ અહીંયા. આહા..હા..! પહેલા સમજણમાં તો લે. શ્રદ્ધા એ જાતની પહેલી કરે તો ખરો કે મારી વસ્તુ જ ભિન્ન છે. કોઈપણ ક્રિયાકાંડના વિકલ્પથી મારી ચીજ જુદી છે. એનો અંતરમાં સ્વાદ લેવો એ જ ધર્મ છે. સમજાણું કાંઈ? એનું નામ જૈનધર્મ છે. એનું નામ ધર્મ છે, એનું નામ આત્મધર્મ છે, એનું નામ વિશ્વધર્મ છે. સમજાણું કાંઈ?

## શ્લોક-૧૩૯

(अनुष्टभ्)

एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।
अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः।।१३९।।

હવે આ અર્થનો કળશરૂપ શ્લોક કહે છે :-

શ્લોકાર્થ :- [तत् एकम् एव हि पदम् स्वाद्यं] તે એક જ પદ આસ્વાદવાયોગ્ય છે [विपदाम् अपदं] કે જે વિપત્તિઓનું અપદ છે (અર્થાત્ જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી) અને [यत्पुरः] જેની આગળ [अन्यानि पदानि] અન્ય (સર્વ) પદો [अपदानि एव भासन्ते] અપદ જ ભાસે છે.

ભાવાર્થ :- એક જ્ઞાન જ આત્માનું પદ છે. તેમાં કોઈ પણ આપદા પ્રવેશી શકતી નથી અને તેની આગળ અન્ય સર્વ પદો અપદસ્વરૂપ ભાસે છે (કારણ કે તેઓ આકુળતામય છે આપત્તિરૂપ છે). ૧૩૯.

## કળશ-૧૩૯ ઉપર પ્રવચન

'હવે આ અર્થનો કળશરૂપ કાવ્ય કહે છે :—' ૧૩૯.

एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।
अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः।।१३९।।

'**શ્લોકાર્થ :— તે એક જ પદ આસ્વાદવાયોગ્ય છે...**' નિર્જરા એને થાય છે. દેખો! આનંદસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી એક જ પદ આસ્વાદવાયોગ્ય છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પ હોય છે પણ એ આસ્વાદવાલાયક નથી. મોહનલાલજી! આવી ચીજ છે. આકરી લાગે માણસને. બહાર સમાજ સમાજ કરીને મરી જાય બિચારા. આહા..હા..! તારું કરને હવે, સમાજ સમાજમાં રહ્યો. સમજાણું કાંઈ? તો કહે છે, એક જ. ચૈતન્યમૂર્તિ ભગવાન રાગનો ભાવ જે વિકલ્પ છે એનાથી ભિન્ન આત્માનો સ્વાદ લેવાલાયક છે. આહા..હા..! '**કે જે વિપત્તિઓનું અપદ છે (અર્થાત્ જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી)...**' ઓહો..હો..! રાગરૂપી આપદા એમાં છે નહિ. ભારે ઝીણું આવું. આવો વીતરાગનો માર્ગ. વીતરાગ માર્ગ વીતરાગ ભાવથી ઉત્પન્ન થાય છે. રાગથી ઉત્પન્ન થાય એ વીતરાગ માર્ગ નહિ, સર્વજ્ઞનો માર્ગ નહિ. અજ્ઞાનીનો માર્ગ છે. આહા..હા..! આની શ્રદ્ધાનો પક્ષ તો કરે કે આ ચીજ જ અંદર આદરવાલાયક છે. એમ કહે કે વ્રત કરતા કરતા, તપસ્યા કરતા કરતા.. બાહ્યની તપસ્યા કરતા કરતા આવું થશે. એને તપ પણ કહેતા નથી અને વ્રત પણ કહેતા નથી. આત્મા મહા તપ તો એને કહીએ કે પોતાના અતીન્દ્રિય આનંદનો ઉગ્રપણ સ્વાદ લેવો એને મહાતપ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પરમાત્મપ્રકાશમાં છે શબ્દ, નિયમસારમાં (છે). આહા..હા..! તપંતે. આનંદનો સ્વાદ આવવો. અંતર્મુખ થઈને અંતરમાં પ્રવેશ કરીને ચૈતન્યના આનંદના સ્વાદમાં પ્રવેશ કરીને જેમ સમુદ્રમાં પ્રવેશ કરીને તળિયામાંથી મોતી લાવે, તળિયું કહે છે? જાય છેને? પવન આવે થોડો, દરિયાના તળે. ત્યાંથી ઉપરથી પવન આવે (શ્વાસ લેવા માટે). આંખમાં ઓલું રાખે, આમ દેખાય કે મોતી છે. એમ ભગવાન એના તળમાં નિત્યાનંદમાં અનંત આનંદ પડ્યો છે. એ આનંદના તળમાં જઈને પ્રકાશ જ્ઞાનથી જાણીને એનો સ્વાદ લેવાનો છે. કહો, સમજાણું કાંઈ?

એ '**વિપત્તિઓનું અપદ છે...**' આપદાનું સ્થાન નથી. વ્રતાદિ વિકલ્પ છે એ તો આપદા છે. આહા..હા..! રાગ છેને. આ તો વીતરાગ માર્ગ છે. વસ્તુ જૈન સ્વરૂપ એટલે આત્મા વીતરાગસ્વરૂપ છે. 'જિન સોહી આત્મા' એ આત્મા પોતે જ વીતરાગસ્વરૂપે છે. વીતરાગ શબ્દે રાગરહિત છે, વિકારરહિત છે, નિર્દોષતા સહિત છે, અલ્પજ્ઞતાથી રહિત છે. સમજાણું કાંઈ? આમ અંતર્મુખ થઈને જ્ઞાન એક જ આસ્વાદવા લાયક છે, કે જેમાં આપદા નામ આકુળતાનો અભાવ છે. આકુળતાનો એમાં અભાવ છે. વિપદાની આપત્તિ એમાં નથી. આહા..હા..!

**'અને જેની આગળ અન્ય (સર્વ) પદો અપદ જ ભાસે છે.'** આહા..હા..! શું કહે છે? નિર્જરા અધિકાર સૂક્ષ્મ છે. એ રાગ-વિકલ્પથી રહિત પોતાની ચીજનો સ્વાદ આવ્યો તો એ સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસન પણ અપદ ભાસે છે. જે ભાવે તીર્થંકર (પ્રકૃતિનો) બંધ પડે એ ભાવ પણ અપદ છે એમ ભાસે. આહા..હા..! સમજાણું કાંઈ? તે **'પદો અપદ જ ભાસે છે.'** અપદ જ ભાસે છે એમ કહે છે. નિર્જરા સૂક્ષ્મ અધિકાર છે. અપવાસ કરે અને થઈ ગઈ નિર્જરા. ધૂળમાંય નિર્જરા નથી. છ છ મહિનાના અપવાસ અનંત વાર કર્યા છે. સમજાણું કાંઈ? સમાધિમરણ કહે છેને છેલ્લે? બે બે મહિનાના સંથારા. ઝાડની ડાળ પડી રહે એમ પડ્યો રહે. એ તો રાગની ક્રિયા છે. સ્વભાવની દૃષ્ટિ તો છે નહિ. સમજાણું કાંઈ? એ તો પરલક્ષી ક્રિયા છે. અંતર દૃષ્ટિ તો આવી નહિ. રાગથી, ક્રિયાથી, દેહથી ભિન્ન છે એવો જે આત્મા એ પદના અનુભવ આગળ વ્રતાદિના પરિણામ પણ અપદ ભાસે છે. આહા..હા..! શું કર્યું હશે અત્યાર સુધી તમે બધા શેઠિયાઓએ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— માન્યું કે અત્યાર સુધી માનતા ઈ... આહા..હા..! પહેલી વસ્તુ શું છે એનો ખ્યાલ પણ નથી. ખ્યાલ વિના પ્રયોગ અને અનુભવ ક્યાંથી થાય? શું ચીજ છે એના જ્ઞાન વિના એમાં એકાગ્ર થાય ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે જેના આનંદના સ્વાદ આગળ, અરે..! જગતમાં થાય છેને? તમારે ખીર કહે છે, અમારે દૂધપાક કહે છે. દૂધપાક થાયને, ખીર ખીર, તમારે ખીર કહે છે. ખીર અને દૂધપાકમાં ફેર છે અમારે કાઠિયાવાડમાં. એક શેર દૂધમાં નવટાક ચોખા નાખે, ચોખાને શું કહે છે? ચાવલ, તો એને ખીર કહે છે. અને એક શેર દૂધમાં એક રૂપિયાભાર ચોખા નાખે એને દૂધપાક કહે છે. દૂધનો પાક. એક શેર દૂધ અને એક રૂપિયાભાર ચોખા. પછી કઢે એનું નામ દૂધપાક—દૂધનો પાક. અને ખીર-એક શેર દૂધ, નવટાક ચોખા. એ ખીર. ઈ હલકો ખોરાક કહેવાય. સાધારણ પ્રાણીને આપે. આ તો ભારે ખોરાક, દૂધપાક છે આ તો. સમજાણું કાંઈ?

આત્મા આનંદમાં એકાગ્ર થવું એ દૂધપાકનો સ્વાદ છે. અને એ સ્વાદ આગળ.. જુવાર હોય છેને? જુવાર, જુવાર સમજો છો? જુવારમાં એક લાલ જુવાર થાય છે. જુવારમાં પણ એક લાલ જુવાર થાય છે. અમારે તો ઘણા અનુભવ થાયને. લાલ જુવારના ફોતરા હોય ઉપરના, એની રોટલી થાય, કોઈપણ સ્વાદ વિનાની. અમને એક વાર મળી હતી. (સંવત) ૧૯૭૬ની સાલની વાત છે. વિઠ્ઠલગઢ છેને, વિઠ્ઠલગઢ, વિરમગામ પાસે. અમે ગયા હતા ૭૬માં ત્યાં. રોટલી લેવા ગયા ત્યાં જુવારની સાધારણ કૂચા જેવી રોટલી મળી હતી. ૭૬ની સાલની વાત છે. ૫૩ વર્ષ થયા. વિઠ્ઠલગઢ છે વિરમગામ પાસે. ભિક્ષા માટે જતા હતા તો ગમે ત્યાં જતા હતા. ત્યાં એવી રોટલી મળી. લાલ જુવારની ફોતરી. એનો સ્વાદ દૂધપાક

પાસે તુચ્છ છે. જેણે દૂધપાકનો સ્વાદ લીધો એને જુવારની ફોતરીની રોટલીનો સ્વાદ કેમ આવે? એમ જેને આત્માનો સ્વાદ આવ્યો.. આહા..હા..! આ તો મેળવણી કરીએ છીએ. સમ્યગ્દર્શનમાં આત્માનો સ્વાદ આવે છે. સમ્યગ્દર્શન.. સમ્યગ્દર્શન એમ નહિ. ભગવાનને અમે માનીએ છીએ માટે અમે સમ્યગ્દૃષ્ટિ છીએ એમ નહિ. ઝાંઝરીજી! ઝાંઝરીયા મુનિવર.. એવું આવે છે, એક સ્વાધ્યાય આવે છે. ચાર સજ્ઝાય છેને એમાં આવે છે. દુકાન ઉપર વાંચતાને. અમારે ઝાંઝરીયા મુનિવર.. એવી કાંઈક ભાષા છે. ભૂલી ગયા. મોઢે કરેલું તે દિ' હોં! ૬૪-૬૫ની સાલની વાત છે. એમાં ઝાંઝરીયા મુનિની એક સજ્ઝાય આવે છે. મુનિ હતા. એનું નામ ઝાંઝરીયા હશે. અહીંયા છે, ચાર પુસ્તક છે અહીંયા. ઝાંઝરીયા મુનિની સજ્ઝાય. એમાં નામ પણ એવું છે. એ મુનિ હતા. શ્વેતાંબરની દૃષ્ટિથી લખ્યું છે. ધ્યાનમાં રહે.. ઝાંઝરીયા મુનિવર ધ્યાનમાં રહે... એવું આવે છે.

આમાંય આવે છેને આપણે. રહનેમિ, રહનેમિ ગયા હતા. નેમિનાથ ભગવાનના ભાઈ રહનેમિ ગુફામાં ધ્યાનમાં બેઠા હતા. એમાં રાજુલ નીકળી. વરસાદ બહુ આવ્યોને તો રાજુલના કપડા ભીંજાય ગયા. ગુફામાં જઈને કપડા ખુલ્લા કરીને સુકવતી હતી. એને ખબર નહિ કે અહીંયા રહનેમિ છે. નેમિનાથના નાના ભાઈ હતા. રહનેમિ દીક્ષા લીધી હતી, મુનિ થયા હતા. ગુફામાં બેઠા હતા. રાજુલ તો બહુ સુંદર હતીને, રૂપાળી બહુ સુંદર. ભીંજાયેલા કપડા. કપડા જ્યાં ઓઢ્યા, ઓલાની નજર પડી. ગૃદ્ધિ થઈ ગઈ. સાધુમાંથી ભ્રષ્ટ થઈ ગયા દૃષ્ટિમાંથી. એટલે રાજુલ કહે છે, દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો... એમ આવે છે. અમે તો ઘણું જોયું છેને. એ આવે છે આપણે. શ્વેતાંબરમાં... દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો.. ધ્યાન થકી નહિ આવો રે દેવરિયા મુનિવર. બહાર ન આવશો, પ્રભુ! શું થયું તમને? સુંદર સ્ત્રીનું શરીર જોયુંને, વૃત્તિ ચળી ગઈ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, .. ઈ આવે છે. બહુ લાંબુ છે. અહીં છે ચાર ચોપડી, ચાર સજ્ઝાય માળા છે. એક એક સજ્ઝાય માળામાં ૨૦૦-૩૦૦ સજ્ઝાય છે. અમે તો દુકાન ઉપર બધું વાંચતા હતાને. અમારે તો પહેલો ધંધો આ હતો. દુકાન તો ચાલતી હતી. સમજાણું કાંઈ? તમને દેખીને ઝાંઝરીયા મુનિ યાદ આવી ગયા. ઝાંઝરી છેને. મક્ષીના મંત્રી છે. મક્ષી છેને. આહા..હા..! મુનિવર.. દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો.. એ.. પોપટભાઈ! એ ઝાંઝરીયા મુનિનું આવે છે. આહા..હા..!

ભાઈ! તારી ચીજ જે ધ્યાન કરવાલાયક છે એ તો તારી પાસે પડી છે. આહા..હા..! જો તારું ધ્યાન રાગ ને દ્વેષ ને પુણ્ય પાપમાં ચાલ્યું ગયું છે એ તો દુઃખના વેદનનું ધ્યાન છે. આહા..હા..! જ્યારથી સાંભળ્યું ત્યારથી અંદરમાં જા. આહા..હા..! એમ કહે છે. આજે

જ કર એમ કહે છેને. પ્રવચનસાર. સોગાનીને કોઈએ કહ્યું હતું, હળવે હળવે.. હળવે હળવે શું? સોગાની કહે છે. આજ જ શરૂઆત કર. પુનમચંદજી! એ પુસ્તક જોયું છે કે નહિ? ભાઈને આપ્યું હતું. સૂક્ષ્મ છે, વાંચવું થોડું થોડું. મગજમાં પેસવું કઠણ છે. બહુ કઠણ છે. ઈ તો એમ કહે છે, સાંભળનારને વિકલ્પથી નુકશાન છે. સંભળાવનારને વિકલ્પથી નુકશાન છે. અને જે દૃષ્ટિ થઈ અને દૃષ્ટિ સહિત હોય તો સાંભળવાના કાળમાં પણ શુદ્ધતા વધતી જાય છે. પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ છેને. એ વિકલ્પને કારણે નહિ. વાંચન, શ્રવણ, મનન આદિ હો, પણ સ્વભાવની દૃષ્ટિ છે અનુભવની તો એ દૃષ્ટિને કારણે વિકલ્પના કાળમાં પણ શુદ્ધિ અંદર વધતી જાય છે. આહા..હા..! ભારે માર્ગ ભાઈ!

કહે છે કે '**અન્ય (સર્વ) પદો અપદ જ ભાસે છે.**' આહા..હા..! જેને અંતર આત્માનો સ્વાદ આવ્યો એને તો ઈન્દ્રના ઈન્દ્રાસન સડેલા કૂતરાનું શરીર મડદું અને બિલાડીનું શરીર મડદું જેમ ગંધ મારે, એમ પોતાના નિજ પદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસન અને ઈન્દ્રાણીના ભોગ અપદ ભાસે છે, દુઃખ ભાસે છે. સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન છે. પોતાના આનંદના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસન, સ્ત્રીના ભોગ અને લક્ષ્મીની આબરૂ, કીર્તિ સાંભળવામાં રાગ આવે છે, દુઃખ ઝેર લાગે છે. આહા..હા..! છેને? '**જેની આગળ...**' ભગવાન આત્માના આનંદસ્વરૂપનો જ્યાં અનુભવ થાય તો એની આગળ '**સર્વ પદો અપદસ્વરૂપ ભાસે છે...**' સર્વમાં બાકી કોણ રહ્યું? ઈન્દ્રના ઈન્દ્રાસન, ચક્રવર્તીનું ચક્રવર્તીપદ, સોળ હજાર દેવ સેવા કરતા હોય, જેની એક રાણી હોય છે એની એક હજાર દેવ સેવા કરે. રાણીની. ચક્રવર્તીની એક રાણી હોય છે, પટરાણી, રાણી.. શું કહેવાય ઈ? સ્ત્રી-રતન. સ્ત્રી-રતન એક હોય છે, એની એક હજાર દેવ સેવા કરે. એવી એવી છન્નુ હજાર સ્ત્રી બીજી. આ એક મુખ્ય હોય. પણ આત્માના સમ્યગ્દર્શન અને સ્વાદ આગળ એ ભોગ પણ અપદ ને ઝેર ને દુઃખ લાગે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો ભગવાન નિજપદ છે. આહા..! '**તેની આગળ અન્ય સર્વ પદો...**' સર્વ પદો. અન્યને? અન્ય એટલે બધું આવ્યું. અપદ જ ભાસે છે.

'**ભાવાર્થ :— એક જ્ઞાન જ આત્માનું પદ છે.**' જાણન સ્વભાવ એ આત્માનું પદ છે. જ્ઞાન શબ્દે આ શાસ્ત્રનું (જ્ઞાન) એ વાત નથી. જ્ઞાનસ્વરૂપ પહેલા તો કહ્યું. જ્ઞાનભાવ. જે જ્ઞાનભાવ છેને સ્વભાવ, એ જ આત્માનું પદ છે. જાણનસ્વભાવ ત્રિકાળ એ જ આત્માનું પદ છે. આરે..! આવી વ્યાખ્યા તે કેવી? ઓલું તો એક કલાકમાં આ છોડો, અપવાસ કરો, આ ખાવો, આ ન પીવો, આ ન ખાવો.. એવું આવે તો સમજાય પણ ખરું. પણ એ તો સમજીને બેઠા છે અનાદિ કાળથી. આહા..હા..! એ.. કાંતિભાઈ! ત્યાં એમાં હતા. પંદરસોનો માસિક પગાર હતો. છોડી દીધું. બાલબ્રહ્મચારી છે. પંદરસોનો પગાર હતો. છોડી દીધું. બે વર્ષથી નોકરી છોડી દીધી. મારે આ કરવું છે. ધૂળમાં શું છે? પાંચ લાખની પેદાશ હોય,

કરોડની હોય એ તો માટી છે. પોતાના નિજ સ્વભાવની રુચિ આગળ જગતની કોઈ ચીજની રુચિમાં સ્વાદ આવતો નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? (અન્ય સર્વ પદ) અપદ છે.

**'એક જ્ઞાન જ આત્માનું પદ છે. તેમાં કોઈ પણ આપદા પ્રવેશી શકતી નથી...'** આત્મામાં રાગ પ્રવેશ કરી શકે છે? પાક્કો કિલ્લો છે. રાગનો વિકલ્પ જે છે શુભ અશુભ, બેયનો, ચૈતન્યઘન પ્રભુ આત્મા એમાં એનો પ્રવેશ નથી. આહા..હા..! એ તો આનંદનું ધામ પદ છે. એમાં દુઃખની આપદાનું સ્થાન ક્યાં? **'અને તેની આગળ અન્ય સર્વ પદો અપદસ્વરૂપ ભાસે છે...'** શાંતિનો સ્વાદ આવ્યો, ભગવાન તો શાંતિસ્વરૂપ છે. એની આગળ રાગનો સ્વાદ અપદ જેવો ભાસે છે, દુઃખ ભાસે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહ્યુંને? કાચનો મહેલ, નહિ? 'ચક્રવર્તીકી સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ, કાગવીટ સમ જાનત હૈ, સમ્યગ્દૃષ્ટિ લોક.' આહા..હા..! ચક્રવર્તીની સંપદા.

ચક્રવર્તીની સંપદા કોને કહે છે? સોળ હજાર તો દેવ સેવા કરે છે. બે હજાર તો અંગરક્ષક છે. એક હજાર અહીંયા, એક હજાર.. અંગરક્ષક બે હજાર. ભરત આદિ બાર ચક્રવર્તી થયાને? એક એક હજાર દેવ સાથે (સેવા કરનારા હોય). ચૌદ હજાર ચૌદ હજાર રત્નની રક્ષા કરનારા હોય છે. ચૌદ રત્ન હોય છે. એની એક તલવાર હોય છે એની એક હજાર દેવ સેવા કરે. અને એ તલવાર એવી હોય છે કે હાથમાં લે તો વજ્રના સ્તંભ હોય વજ્રના, કાકડી જેમ ચીરી નાખે એમ ચીરી નાખે. કાકડી સમજો છો? કકડી. ભાષા તમારી હિન્દી, કકડી કહે છે. ભાઈ! કાકડી. એવી તલવાર એવી તીખી. એક હજાર દેવ તો તલવારની સેવા કરનારા. વ્યંતર દેવો. અને વજ્રનો સ્તંભ હોય.. પહેલા તો ઘણા હતાને, અહીં મૂડબિદ્રી નહિ આપણે ગયા હતા. મૂડબિદ્રીમાં રાજાનો નહિ? શ્રાવક છે. મૂડબદ્રીના શ્રાવક છે એ રાજાનો ભક્ત. એ વખતના મકાન એના, થાંભલા બહુ મજબુત. ત્યાં ગયા હતા પગલા કરવા, ઉતર્યા હતા બીજે. એક ... એક સ્તંભ છે. આ તો ચક્રવર્તીના રત્નના સ્તંભ, મણિરત્નના સ્તંભ મકાનમાં. અહીં લાદી અને આરસપહાણનો સ્તંભ. આ તો એમ કે આમ.. આમ.. (અહીંયા છે). ઓલા તો મણિરત્ન હીરા. એક એક હીરાની ક્રોડની કિંમત, એવા હીરાના મહેલ અને હીરાના સ્તંભ. પણ તલવાર એવી કે આમ કરે તો ચીરી નાખે. એ પણ તુચ્છ છે. આત્માના સ્વાદ આગળ એ બધું તુચ્છ છે. એની મહત્તા જ્ઞાનીને ભાસતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એવું થયું હતુંને? એક વાર ભરત ગયા હતાને? સાધવા, દેશ સાધવા ગયા. તો માતાજીને બહુ વિરહ થઈ ગયો. સાંઈઠ હજાર વર્ષ થયા. દેશ સાધવામાં. ચક્રવર્તીના મોટો દેશ હોયને? તો બહુ વાર લાગી. તો માતાજીને એમ થયું, ભરત ક્યાં છે? ભરત થોડા નજીક આવ્યા હતા. ત્યાં મરુદેવી.. શું એની માતા? મરુદેવી માતાને? યશસ્વતી. મરુદેવી તો ૠષભદેવ

ભગવાનની, એ તો ઋષભદેવ ભગવાનની. આમની માતાને એમ થયું કે આ કેમ થયું? ભાઈ કેમ ન આવ્યા? એમના માતાજી... આ કેમ ન આવ્યા? પોતે વિમાનમાં જઈને ત્યાં પડાવ હતો ચક્રવર્તીનો, ત્યાં ઉતર્યા ત્યાં તો છન્નુ કરોડ પાયદળમાં ખળભળાટ થઈ ગયો. એ માતાજી.. માતાજી.. ત્યાં ભરતને એમ થયું કે શું થયું? છે કોણ આ? તલવાર લઈને (નીકળ્યા). એ તો માતાજી આવ્યા હતા વિમાનમાં, મળવા માટે. ઘણા વર્ષ થઈ ગયા. મળવા આવ્યા તો લશ્કર તો ખુશી થઈ ગયા. ખુશી થઈને.. માતાજી આવ્યા. ... ભરતને ખબર પડી કે કોણ આવ્યું? હાથમાં તલવાર લઈને ચકચકાટ કરતા ગયા. કોણ આવ્યું? મહારાજ! માતાજી આવ્યા છે. માતાજી આવ્યા છે. એ કારણે આખું લશ્કર ખુશીમાં કોલાહલ કરે છે. ભરતેશ વૈભવમાં આવે છે. ભરતેશ વૈભવ છેને? રતનલાલજી! જોયું નહિ હોય. ભરતેશ વૈભવ પુસ્તકમાં આવે છે. બહુ આખું...

અહીં કહે છે કે એવા સુખની કલ્પના પણ ઝેર લાગે. આહા..હા..! જેને આત્માના જ્ઞાનનો સ્વાદ આવે છે, ધર્મી હોય છે, સમ્યગ્દૃષ્ટિ હોય તો એને આવા સુખની... આહા..હા..! ઝેર છે. ભાઈ! મૂળચંદભાઈ! આવી વાત છે આ. આહા..હા..! આકુળતા છે, જુઓને! આકુળતા. **'અપદસ્વરૂપ ભાસે છે (કારણ કે તેઓ આકુળતામય છે—આપત્તિરૂપ છે).'**

---

## શ્લોક-૧૪૦

(शार्दूलविक्रीडित)

एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्
स्वादं द्वन्द्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं विदन्।
आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं
सामान्यं कलयन् किलैष सकलं ज्ञानं नयत्येकताम्।।१४०।।

વળી કહે છે કે આત્મા જ્ઞાનનો અનુભવ કરે છે ત્યારે આમ કરે છે :-

શ્લોકાર્થ :- **[एक-ज्ञायकभाव-निर्भर-महास्वादं समासादयन्]** એક જ્ઞાયકભાવથી ભરેલા મહાસ્વાદને લેતો, (એ રીતે જ્ઞાનમાં જ એકાગ્ર થતાં બીજો સ્વાદ આવતો નથી

માટે) **[द्वन्द्वमयं स्वादं विधातुम् असहः]** સ્વાદને લેવા અસમર્થ (અર્થાત્ વર્ણાદિક, રાગાદિક તથા ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ), **[आत्म-अनुभव-अनुभाव-विवशः स्वां वस्तुवृत्तिं विदन्]** આત્માના અનુભવના-સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી નિજ વસ્તુવૃત્તિને (આત્માની શુદ્ધપરિણતિને) જાણતો-આસ્વાદતો (અર્થાત્ આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવનમાંથી બહાર નહિ આવતો) **[एषः आत्मा]** આ આત્મા **[विशेष-उदयं भ्रश्यत्]** જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો, **[सामान्यं कलयन् किल]** સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો, **[सकलं ज्ञानं]** સકળ જ્ઞાનને **[एकताम् नयति]** એકપણામાં લાવે છે-એકરૂપે પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ :- આ એક સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ અન્ય રસ ફિક્કા છે. વળી સ્વરૂપજ્ઞાનને અનુભવતાં સર્વ ભેદભાવો મટી જાય છે. જ્ઞાનના વિશેષો જ્ઞેયના નિમિત્તે થાય છે. જ્યારે જ્ઞાનસામાન્યનો સ્વાદ લેવામાં આવે ત્યારે જ્ઞાનના સર્વ ભેદો પણ ગૌણ થઈ જાય છે, એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે.

અહીં પ્રશ્ન થાય છે કે છદ્મસ્થને પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો સ્વાદ કઈ રીતે આવે ? આ પ્રશ્નનો ઉત્તર પહેલાં શુદ્ધનયનું કથન કરતાં દેવાઈ ગયો છે કે શુદ્ધનય આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ જણાવતો હોવાથી શુદ્ધનય દ્વારા પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો પરોક્ષ સ્વાદ આવે છે. ૧૪૦.

## કળશ-૧૪૦ ઉપર પ્રવચન

૧૪૦.

एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्
स्वादं द्वन्द्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं विदन्।
आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं
सामान्यं कलयन् किलैष सकलं ज्ञानं नयत्येकताम्।।१४०।।

'**શ્લોકાર્થ :— એક જ્ઞાયકભાવથી ભરેલા...**' આહા..હા..! અપૂર્વ વાત છે ભાઈ આ તો. ભગવાન આત્મા તો એક જ્ઞાયક અને આનંદભાવથી ભરેલો છે. ધર્મીજીવ '**મહાસ્વાદને લેતો,...**' એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેતો. સમજાણું કાંઈ? વસ્તુમાં જ્ઞાયકભાવ પૂરો ભર્યો છે. તો એવા જ્ઞાયકભાવથી ભરેલો મહાસ્વાદ (લેતો). '**(એ રીતે જ્ઞાનમાં જ એકાગ્ર**

**થતાં...'** જ્ઞાન એટલે આત્મા, જ્ઞાનસ્વભાવી વસ્તુમાં એકાગ્ર થતાં **'(બીજો સ્વાદ આવતો નથી...'** અતીન્દ્રિય આનંદના સ્વાદમાં અનુભવમાં બીજો સ્વાદ નથી. આહા..હા..! એને નિર્જરા થાય છે, આ ઈ અધિકાર છે. સમજાણું કાંઈ? આ અપવાસ કર્યા ને આ અપવાસ કર્યા (એટલે) નિર્જરા થાય છે એમ છે નહિ.

કાલે કહ્યું હતુંને? તમારા તોલારાજી. એમણે એ પ્રશ્ન કર્યો હતો વીસ વર્ષ પહેલા. તપસા નિર્જરા કહ્યું છેને શાસ્ત્રમાં? ઈ કઈ તપસ્યા? કીધું. વીસ વર્ષ થયા. ૨૦૦૯ની સાલમાં આવ્યા હતા. ચૈત્ર મહિનામાં હતુંને, એ પહેલા માહ મહિનામાં આવ્યા હતા. ૨૦૦૯ની સાલ. આ બધાને લોકોને ચડાવી દીધા બિચારાને. અપવાસ કરે ઈ તપસા નિર્જરા. ધૂળમાંય નિર્જરા નથી. અંતરમાં આનંદનો સ્વાદ લેતાં જે શુદ્ધતા વધે છે, અશુદ્ધતા નાશ પામે છે એનું નામ નિર્જરા છે. સમજાણું કાંઈ? વસ્તુને કદી સમજણમાં લીધી નથી તો ક્યાં જાવું અને ક્યાંથી ખસવું? એનું જ્ઞાનેય નથી તો ક્યાં જાશે ઈ? એ તો રાગમાં અનાદિ કાળથી રમે છે ત્યાં રહેશે.

અહીંયા તો કહે છે, **'એક જ્ઞાયકભાવથી ભરેલા...'** ઓહો..હો..! વસ્તુ આત્મા એક જ્ઞાયક જાણનસ્વભાવભાવથી ભરેલી મહાસ્વાદને (લેતો). અંતરમાં જ્ઞાનભાવના, આનંદના મહાસ્વાદને અનુભવતો, લેતો **'(એ રીતે જ્ઞાનમાં જ એકાગ્ર થતાં બીજો સ્વાદ આવતો નથી માટે) દ્વંદ્વમય સ્વાદ લેવા અસમર્થ...'** છે. આહા..હા..! દ્વંદ્વ નામ બીજો રાગનો સ્વાદ લેવા ધર્મી અસમર્થ છે. આહા..હા..! ભારે અધિકાર ભાઈ! સમજાણું કાંઈ? જ્ઞાનમાં જ એકાગ્ર (થતાં). જ્ઞાન શબ્દે આ આત્મા સ્વભાવ જે જ્ઞાન ઈ જ્ઞાન હોં! આ શાસ્ત્રનું જ્ઞાન ને એ જ્ઞાન નહિ. આત્મા જ્ઞાન(સ્વરૂપ). જેમ સાકર મીઠા સ્વાદથી ભરેલી છે એમ આત્મા એકલા અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. આહા..હા..! એની કિંમત નથી. સમજાણું કાંઈ? **'દ્વંદ્વમય સ્વાદ એવા અસમર્થ (અર્થાત્ વર્ણાદિક, રાગાદિક તથા ક્ષાયોપશમિક...'** ત્રણ ભેદ લીધા ભાઈ લ્યો. ૨૯ બોલમાં ત્રણ છેને. ધર્મી આત્માના આનંદના સ્વાદમાં રંગ, ગંધનો પણ એને સ્વાદ નથી, રાગાદિ પુણ્ય કે વિકલ્પનો પણ સ્વાદ નથી અને ક્ષયોપશમજ્ઞાનના ભેદ (અર્થાત્) પર્યાયમાં ભેદ દેખાય છે એના તરફ દૃષ્ટિ નથી તો એનો પણ સ્વાદ નથી. એ ૨૯ બોલમાં ત્રણે સમાઈ ગયા. રંગ, ગંધ, રસ આદિ પરદ્રવ્ય, રાગાદિ સ્વવિકાર અને ક્ષયોપશમ ખંડ ખંડની પર્યાય. શું કહે છે

રંગ, ગંધ, રસ, સ્પર્શ આદિ શરીર છે કે આ પૈસા છે કે લાડવા છે એ તો ભિન્ન વસ્તુ, એનો સ્વાદ લેવા માટે જ્ઞાની અશક્ત છે. અજ્ઞાની કંઈ એનો સ્વાદ નથી લેતો. એ મારું છે એવો રાગ કરીને મિથ્યાત્વનો સ્વાદ લે છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ આવો. પડિકમણા કરવામાં આવું સાંભળ્યું હતું ત્યાં? ઘણા કર્યા છે, પાથરણા ફાડ્યા છે કેટલાય. પંડિતજી

સાથે હતા. ભાઈ અમેય હતા ત્યાં. ... બધું અમે કર્યું છે. અપવાસ કર્યા, પડિકમણા કર્યા, ચોવિહારા અપવાસ. ચાલતું ઈ કરતા, માનતા હતા. ઓય માર્યા, આ તો ચીજ બીજી. આ તો રાગથી ભિન્ન ચીજ એનો સ્વાદ નામ ધર્મ છે. એ ક્રિયામાં રાગ થાય છે એનું નામ ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

બીજા વર્ણાદિ, રંગ આદિ, રાગાદિ અને ક્ષયોપશમજ્ઞાન. ક્ષયોપશમ જ્ઞાનની પર્યાયનો અલ્પ વિકાસ એનો '**સ્વાદ લેવાને અસમર્થ)...**' છે. કારણ કે એના ઉપર દૃષ્ટિ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ વદ-૭, સોમવાર, તા. ૨૬-૦૩-૧૯૭૩
## શ્લોક-૧૪૦, ગાથા-૨૦૪, પ્રવચન-૩૪૯

આ સમયસાર, નિર્જરા અધિકાર, ૧૪૦ કળશ. નિર્જરા કોને થાય છે? એનો અધિકાર છે. નિર્જરા એટલે આત્માની શુદ્ધિ. જેને અંતર આત્મા શુદ્ધ અને આનંદસ્વરૂપ છે એવો જ્યાં અંતર અનુભવ થયો છે એ અનુભવમાં આગળ એકાગ્રતા વધે છે એની શુદ્ધિ વધે છે એને નિર્જરા કહેવામાં આવે છે. અપવાસ કરે એટલે નિર્જરા કરે એ વાત નથી. બીજા શાસ્ત્રમાં (કહ્યું હોય) એ તો નિમિત્તથી કથન છે. તપસા નિર્જરા. આવે છે કે નહિ? નિમિત્તનું કથન (છે). વસ્તુ તો આ છે.

'**एक-ज्ञायकभाव-निर्भर-महास्वादं**' મહાસ્વાદ. અનાદિથી રાગ અને દ્વેષનો જે સ્વાદ અને અનુભવ છે એ અધર્મ છે. અનાદિનો એને રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, બેય આકુળતાનું વેદન દુઃખરૂપ છે. એને તો અધર્મ છે. '**એક જ્ઞાયકભાવથી ભરેલા મહાસ્વાદને લેતો,...**' પણ નિર્જરા એને થાય એટલે કે શુદ્ધિની વૃદ્ધિ એને થાય કે એક જ્ઞાયકભાવ, ભેદ નહિ જ્યાં. નિમિત્તનું લક્ષ નહિ, રાગનું લક્ષ નહિ, પર્યાયના ભેદોનું લક્ષ નહિ. '**એક જ્ઞાયકભાવથી...**' એકલો જાણકસ્વભાવ શુદ્ધ એવા ભાવથી ભરેલા મહાસ્વાદ. એવા અંતર્મુખમાં અતીન્દ્રિય આનંદના મહાસ્વાદને (લેતો). મહાસ્વાદ શબ્દ વાપર્યો છે. મહાસ્વાદ વાપર્યો છેને? વિકારનો સ્વાદ એ તો તુચ્છ સ્વાદ છે. પુણ્ય પાપના રાગનો સ્વાદ-અનુભવ એ તો તુચ્છ

છે. આ મહાસ્વાદ છે. અતીન્દ્રિય આત્મા એનો અનુભવ કરતાં જે મહાઆનંદનો સ્વાદ આવે (એ) મહાસ્વાદને લેતો. એક જ્ઞાયકભાવ છું. સ્વભાવની એકતામાં દૃષ્ટિ હોવાથી એને અંતરનો આનંદનો મહાસ્વાદ આવે.

'**(એ રીતે જ્ઞાનમાં જ એકાગ્ર થતાં...**' પોતાનું સ્વરૂપ જ્ઞાન છે, જ્ઞાનમાં એકાગ્ર થતાં અનાદિનો રાગમાં-વિકલ્પમાં એકાગ્ર હતો એ જ્ઞાનમાં એકાગ્ર થતાં '**(બીજો સ્વાદ આવતો નથી...**' અંતરના આનંદના સ્વભાવમાં એકરૂપ ભાવમાં આનંદના સ્વાદ આગળ બીજો સ્વાદ એમાં હોતો નથી. આ વ્યાખ્યા જુદી જાતની. એને નિર્જરા થાય છે એમ કહે છે. એને શુદ્ધિ થાય છે, અશુદ્ધિ જાય છે, કર્મ ગળે છે. ત્રણેને નિર્જરા કહેવામાં આવે છે. '**(બીજો સ્વાદ આવતો નથી માટે)...**' શાંત અકષાય સ્વભાવ એના સન્મુખમાં અકષાય શાંતિનો સ્વાદ આવતા અશાંતિનો સ્વાદ એને હોતો નથી. જરી બાધકપણું છે તો એને અશાંતિનો સ્વાદ ગૌણ છે. અરે..! આ શું કહે છે? કહો, સમજાણું આમાં? ધર્મ એને થાય. જેને સંવરપૂર્વક શુદ્ધિ વધે એને ધર્મ થાય. તો સંવરમાં પહેલો તો રાગ અને વિકલ્પથી ભિન્ન પડી, એકરૂપ જ્ઞાયકભાવ ત્રિકાળ સ્વભાવ, ભેદનું લક્ષ છોડી દઈને એકલા અભેદ ઉપરની એકાગ્રતા (થાય) એનું નામ ભેદજ્ઞાન અને એનું નામ સંવરરૂપી ધર્મ, એને જ્યારે નિર્જરા થાય ત્યારે વિશેષ અંતર આનંદના સ્વાદને લેતો એથી એટલે કે જ્ઞાયકભાવમાં ઉગ્રપણે એકાગ્ર થતો.. એવું છે આ.

'**દ્વંદ્વમય લેવા અસમર્થ...**' છે. લ્યો. એથી વર્ણ, ગંધ, રસનો પણ એનો સ્વાદ નથી કેમકે એ તો જડ છે, રાગનો સ્વાદ નથી કેમકે જ્ઞાનમાં એકાગ્રતા છે, ક્ષયોપશમ જ્ઞાનનો સ્વાદ નથી એટલે પર્યાયના ભેદ ઉપરનું લક્ષ છૂટી ગયું છે અને અંતર અભેદમાં ગયો છે એથી ખંડ ખંડના જ્ઞાનનો પણ એને સ્વાદ નથી. કહો, પોપટભાઈ! આવી વાત ઝીણી છે. ત્રણ પ્રકાર કહ્યા. અજ્ઞાનીને આ રંગ, ગંધ, રસ, સ્પર્શ ચીજ ઉપર લક્ષ હોવાથી એને એના તરફના ઉત્પન્ન થતા રાગ દ્વેષને અનુભવે છે. અને એની પર્યાયના ભેદ ઉપર લક્ષ હોવાથી વિકલ્પ ઉત્પન્ન કરીને વિકલ્પને અનુભવે છે. ત્યારે ધર્મી એને કહીએ કે એકરૂપ જ્ઞાયકભાવ એમાં એકાગ્ર થતાં જેને શરીરાદિ કે લક્ષ્મી આદિ કે વર્ણ, ગંધ, રસવાળી વસ્તુ એના તરફનું લક્ષ એનું છૂટી ગયું છે અને અંદર રાગના સ્વાદનો પણ ભાવ એનું સ્વામીપણું છૂટી ગયું છે એટલે એનું લક્ષ છૂટી ગયું છે અને પર્યાયમાં અનેક પ્રકારના ભેદ જે પર્યાયબુદ્ધિમાં વ્યવહારબુદ્ધિમાં હતા, એ એક જ્ઞાયકભાવમાં આવવાથી પર્યાયભેદનો વિકલ્પ પણ છૂટી ગયો છે. ભારે ધર્મ ભાઈ! આવો ધર્મ વીતરાગ, લ્યો. એ કરતાં તો દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, જાત્રા કરવી (એ સહેલું હતું). એ ધર્મ નથી, ભાઈ! તને ખબર નથી. એ તો એક શુભરાગની લાગણી છે. પુણ્યભાવ છે. પવિત્રતાને રોકનાર ભાવ છે. આહા..હા..!

ધર્મ તો વીતરાગ પરમાત્મા સર્વજ્ઞદેવનું આગમમાં એ રીતનું કથન છે. જુઓને, ભાષા

કેટલી વાપરી છે! એક જ્ઞાયકભાવને સ્વાદમાં લેતો. એકરૂપ ચૈતન્ય એટલે અનેક પર્યાય નહિ, રાગ ને નિમિત્ત પણ નહિ. આકરી વાત છે આ તો. '**દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ...**' છેને? '**द्वन्द्वमयं**' એ દ્વંદ્વની વ્યાખ્યા ત્રણ કરી. એક ચૈતન્યમૂર્તિ ભગવાન એના ઉપર અભેદમાં દૃષ્ટિ હોવાથી દ્વંદ્વ નામ રંગ, ગંધ, રસ, સ્પર્શને, રાગને અને પર્યાયના ભેદને. એ ત્રણે દ્વંદ્વ છે. આહા..હા..! ધર્મીની એ ત્રણ ઉપરથી દૃષ્ટિ છૂટી ગઈ છે. આહા..હા..! વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ઉપરથી દૃષ્ટિ છૂટી અવર્ણ, અગંધ એવા જ્ઞાયકભાવ ઉપર આવી ગયો છે, રાગથી છૂટીને અરાગી આત્માના સ્વભાવ ઉપર આવી ગયો છે, પર્યાયના ભેદ ઉપરથી છૂટીને અભેદ ઉપર આવી ગયો છે. આહા..! આવી વસ્તુ છે. વીતરાગી માર્ગ લોકોને બિચારાને મળ્યો પણ નથી, નામ સાંભળ્યા નથી અને માની બેઠા છે કે અમે ધર્મ કરીએ છીએ. પૂજા કરી ને જાત્રા કરી સમેદશિખરની. ભાઈ! સમેદશિખર તો તું છો મોટો અંદર. આહા..હા..!

એકરૂપ ચૈતન્યસ્વભાવ એની દૃષ્ટિમાં ત્યાં વર્તમાન અવસ્થાના ભેદો પણ લક્ષમાં નથી, એને રાગ અને નિમિત્તની તો વાત શું કરવી? સમજાણું કાંઈ? એવા ચૈતન્યસ્વભાવમાં આનંદનો સ્વાદ લેતો એ અસ્તિ કરી. દ્વંદ્વમય સ્વાદને નહિ લેતો એ નાસ્તિ કરી. આવી અસ્તિ ને નાસ્તિ. આવો ધર્મ કેવો હશે? ભાઈ! માર્ગ તો એવો છે. એને હાથ આવ્યો નથીને એટલે ઉપરટપકે માનીને જીવન જાય છે. આહા..હા...! એની દૃષ્ટિમાં ધર્મીને એકલો જ્ઞાયક અભેદ સ્વભાવ એના ઉપર એની દૃષ્ટિ હોય છે. એ દૃષ્ટિમાં તો પર્યાયના ભેદ પણ જ્યાં લક્ષમાં રહેતા નથી તો રાગ ને નિમિત્ત તો ક્યાંય રહી ગયા. આહા..!

અહીં કહે છે કે ભગવાનની ભક્તિ ઉપર જ્યાં લક્ષ છે ત્યાં તો રાગ છે એને. રાગમાં ધર્મ નહિ અને રાગમાં નિર્જરા નહિ. સમજાણું કાંઈ? એમ વ્રત કરું છું ને તપસ્યા કરું છું ને અપવાસ કરું છું, એવો જ્યાં કરવાનો રાગનો વિકલ્પ છે ત્યાં આગળ આત્મા એની નજરમાં નથી. એની નજરુંમાં એ રાગની ક્રિયા પડી છે. એ મિથ્યાદૃષ્ટિ રાગને માનતો, મિથ્યાત્વને બાંધતો અશુદ્ધને વેદે છે. આરે..! આવો કેવો ધર્મ હશે? મુંબઈમાં પણ હવે થોડું થોડું ચાલે છે. બાયું રાત્રે પ્રશ્ન કરતી ઝીણા. હજારો માણસો. થોડું થોડું વાંચન છેને. દ્રવ્યદૃષ્ટિપ્રકાશનું. લાલભાઈનું કાયમ રહેવાનું ત્યાં છેને હવે. મુંબઈમાં જેવામાં પણ જરી ફેરફાર થઈ ગયો છે. થોડા ઘણામાં. થોડો થોડો ફેરફાર છે. ઝીણી પ્રશ્નો કરતા રાત્રે.

કહે છે, ભાઈ! ચીજ લક્ષમાં તો લે. આ લીધે જ ધર્મ થાય, બીજી રીતે ધર્મ ન થાય. એમ એના જ્ઞાનમાં, એ જાતની શ્રદ્ધામાં જો લક્ષમાં લે તો એને અંતર જવાનો અવકાશ રહે. પણ એ જાતની શ્રદ્ધા જ હજી વિપરીત હોય. એને અંદર જવાનો અવકાશ નથી. અંદર ગયા વિના ધર્મ કોઈ દિ' થાય નહિ. સ્વનો આશ્રય ન આવે, પરનો આશ્રય ન ટળે ત્યાં ધર્મ ન થાય. સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો છે. લોકોને તો એમ જ લાગે

કે આ તો નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય. પણ નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે આરોપિત ખોટું. આ રીતે જ્યાં સુધી એ સમજે નહિ ત્યાં સુધી એ અંતર્મુખ જાય નહિ અને એને ધર્મ થાય નહિ. કહો, સમજાણું?

ત્યાં પણ વાત થઈ હતી પરમ દિ' સવારમાં. પરમ દિ' સવારે થયુંને ત્યાં બેંગલોરમાં, મુહૂર્ત. પાંચ લાખ રૂપિયા કાઢ્યા. અઢી લાખ કાઢ્યા જુગરાજજીએ અને અઢી લાખ ભભૂતમલ, ભભૂતમલ. બે કરોડ રૂપિયા છે. અઢી અઢી લાખ કાઢ્યા. અને એ વખતે ખરડો કર્યો એમાં અગિયાર અગિયાર તો નવા આપ્યા બેયએ. ચાલીસ હજારનો ખરડો બીજો થયો સવારમાં. હજી પરમ દિ'ની વાત છેને. પરમ દિ' સાંજે, મુંબઈ. પણ વાત કરી કે જુઓ ભાઈ જુઓ, આ લાખ ને પાંચ લાખ ને દસ લાખ ખર્ચે એથી એને ધર્મ થાય, ત્રણ કાળમાં નહિ. આ તમે પૈસાવાળા માટે પૈસા ખર્ચીએ માટે ધર્મ થાય, મંદિર બનાવીએ માટે ધર્મ થાય (એમ ત્રણ કાળમાં નથી). એક વાત, મંદિર બનાવી શકતો તો નથી. કારણ કે એ તો પરની ક્રિયા અજીવની છે. અજીવ એ પ્રમાણે રચાય ત્યારે રચે. અજીવ રચે ત્યારે રચાય. કરનારમાં શુભભાવ હોય કે આવું થાય, શુભ, એ શુભભાવથી કાંઈ લક્ષ્મી દીધી માટે પુણ્ય થયું એમ નહિ, એમાં રાગની મંદતા કરે તો શુભ પુણ્ય થાય. પણ એ આત્માની સમીપ જવાનો જરીયે રસ્તો નહિ. ત્યાં તો કહ્યું, બધા કરોડોપતિ બેઠા હતા. માર્ગ તો આ છે, ભાઈ! ઢંઢેરો પીટીને વાત કહેવાય છે. તમે જાણે કે આહા..હા..! બેંગલોરમાં એક જ મંદિર છે. પાંચસો ઘર છે પણ કોઈને કાંઈ પડી નથી. આ તો બીજું થાય છે. ગલીમાં ને ગલીમાં આઘે આઘે છે. ત્રણ કરે છે. સમવસરણ કરશે, મંદિર કરશે અને સ્વાધ્યાય મંદિર ત્રણ કરશે. પાંચ છ લાખ નાખશે. પણ બાપુ! એ વસ્તુ છે, પૈસા મારા, એ માન્યતા જ મિથ્યાત્વ છે. કેમકે પૈસો તો અજીવ છે. અહીં તો ભાઈ વીતરાગમાર્ગ છે. અજીવને પોતાના માનવા એ જ મિથ્યાત્વ છે. અને મારા માનીને આપવું એ મિથ્યાત્વ છે અને એમાં રાગની મંદતા હોય તો ભેગું પુણ્ય છે, પણ મિથ્યાત્વ સહિત પુણ્ય છે. પોપટભાઈ! આવું છે. આવા બધા પૈસા ખર્ચે તો કહે, આહા..! ભારે ધર્મની પ્રભાવના થઈ. ધર્મની પ્રભાવના તો અંદર થાય.

ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદથી ભરેલો એક સ્વભાવી વસ્તુ, એક સ્વભાવી વસ્તુ ભેદ સ્વભાવ પણ જેનો નહિ, તો રાગની શું વાતું કરવી? નિમિત્ત તો પર રહી ગયું ક્યાંય. આહા..હા..! જુઓને, ભાષા કેવી છે! **'एक-ज्ञायकभाव-निर्भर'** આહા..! મહાસ્વાદથી ભરેલો. નિર્ભર એટલે ભરેલો. **'महास्वादं समासादयन्'** **'सम आसादयन्'** સમ્યક્ પ્રકારે આત્માના અંતર્મુખમાં આનંદના સ્વાદને લેતો જીવ **'द्वन्द्वमयं स्वादं विधातुम् असहः'** દ્વંદ્વમય સ્વાદને લેવા **'विधातुम्'** (એટલે) લેવા **'અસમર્થ...'** છે. આહા..હા..! કેમકે જે પુણ્ય અને પાપના વિકલ્પ જે ઉઠે છે રાગ એ તો દુઃખ છે. ધર્મીની દૃષ્ટિ આનંદ ઉપર હોય છે. ભારે આવો

આકરો માર્ગ. એમ જ લાગે કે આ તો વ્યવહારનો લોપ થઈ જાય છે. ભગવાનનો માર્ગ તો સ્યાદ્વાદ છે. આમેય થાય અને આમેય થાય. એવો માર્ગ નથી, ભાઈ! આત્માના સ્વભાવથી થાય, ભેદ અને વિભાવથી ન થાય એનું નામ અનેકાંત છે. જુઓને, આ બે બોલે તો અનેકાંત કરી નાખ્યું છે. આહા..હા..!

'**(અર્થાત્ વર્ણાદિક, રાગાદિક...**' વર્ણ, ગંધ, રસ આદિમાં. રાગમાં રાગ-દ્વેષ, વિષયવાસના વગેરે. ક્ષયોપશમમાં, ક્ષયોપશમ આદિ એટલે ઉપશમ આદિ પર્યાયના ભેદ, ક્ષયોપશમ આદિના ભેદ, ક્ષાયિક સમકિત આદિના પણ પર્યાયના ભેદ. એ '**(જ્ઞાનના ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ)...**' છે. ત્યાં સુધી તો આવ્યું હતું. '**आत्म-अनुभव-अनुभाव-विवशः स्वां वस्तुवृत्तिं विदन्**' '**આત્માના અનુભવના...**' પ્રભાવથી. છેને? '**अनुभव-अनुभाव**' આત્મા આનંદસ્વરૂપ પરમાત્મા પોતે એમાં અંતર્મુખના સ્વાદમાં આવતો. '**આત્માના અનુભવના-સ્વાદના...**' '**अनुभाव**' '**પ્રભાવ...**' આનંદના સ્વાદના પ્રભાવને આધીન થયો થકો. ધર્મી રાગના સ્વાદને આધીન નહિ થયો થકો. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ભરેલું તત્ત્વ છે. એના સ્વાદના પ્રભાવથી, એના સ્વાદની મહિમાથી એને આધીન થયો હોવાથી. જેની મહિમા આનંદના સ્વભાવના વેદનમાં છે.

'**નિજ વસ્તુવૃત્તિને...**' પોતાની વસ્તુની વૃત્તિ એટલે પરિણતિ. અભેદ ચૈતન્યની પરિણતિને સ્વાદમાં લેતો, '**જાણતો-આસ્વાદતો...**' '**વસ્તુવૃત્તિને...**' '**विदन्**' એમ છેને? વસ્તુ એટલે ભગવાન આત્મા એમાં અનંત અનંત શાંત, આનંદ આદિ ગુણ છે એની પરિણતિ. વૃત્તિ એટલે અનંત ગુણની પરિણતિને જાણતો, વેદતો, અનુભવતો, આસ્વાદતો. આહા..હા..! છે? '**विदन्**' અનુભવતો, આનંદને લેતો. આહા..હા..! ચૈતન્યના સ્વભાવને સ્વાદતો. વિભાવ ને નિમિત્ત ને રંગ આદિના સ્વાદને છોડતો. આહા..હા..! આને નિર્જરા થાય છે કહે છે. ઓલો કહે કે અપવાસ કર્યો (એટલે) નિર્જરા (થઈ). મહિનાના અપવાસ કર્યા. થઈ ગઈ, અપવાસ કર્યા (એટલે) નિર્જરા. ધૂળેય નિર્જરા નથી, સાંભળને. ધૂળ એટલે? લોકોત્તર પુણ્ય પણ નથી ત્યાં તો. સમજાણું કાંઈ?

પોતાના અનુભવના સ્વાદને પ્રભાવને લઈને. આહા..હા..! શુદ્ધ ચૈતન્ય આનંદના સ્વાદના મહિમાને આધીન થયો. '**નિજ વસ્તુવૃત્તિને (આત્માની શુદ્ધપરિણતિને) જાણતો-આસ્વાદતો...**' નિજ નામ પોતાની વસ્તુની પરિણતિ. એમાં એમ થયું કે શરીર, વાણી, મનની ક્રિયા એ વસ્તુની વૃત્તિ નહિ, રાગ અને દ્વેષના પરિણામ એ વસ્તુની વૃત્તિ નહિ, ભેદના પરિણામ એ પણ વસ્તુની વૃત્તિ નહિ. છે વસ્તુની વૃત્તિ પરિણતિ ભેદ, પણ એ અભેદની દૃષ્ટિએ, દૃષ્ટિ વસ્તુની વૃત્તિ જે પડે છે એને વેદતો. સમજાણું કાંઈ? '**(અર્થાત્ આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવનમાંથી બહાર નહિ આવતો)...**' એમ કર્યું. '**સ્વાં**

**वस्तुवृत्तिं विदन्**' છેને? પોતાના વસ્તુના સ્વભાવને અતીન્દ્રિય આનંદના સ્વાદને વશ પડ્યો પરના સ્વાદમાંથી ખસી ગયો છે. ભારે! એથી એ બહાર નહિ આવતો. એટલે કે રાગમાં નહિ આવતો.

'**एषः आत्मा**' આ પ્રત્યક્ષ ભગવાન આત્મા એમ કહે છે. એ મતિ અને શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થતો આત્મા. સમ્યગ્દૃષ્ટિને, ધર્મીને અંતર્મુખમાં મતિ અને શ્રુતજ્ઞાન જેને મન અને રાગનું અવલંબન નથી, એવું સમ્યક્જ્ઞાન એમાં એ પ્રત્યક્ષ થતો '**આ આત્મા...**' એમ. જ્ઞાનની પર્યાયમાં 'આ આત્મા' એમ જાણવામાં આવતો. બહારના વ્યવહાર ને નિમિત્તમાં એટલો બધો ખીચડો થઈ ગયો છે કે એને આ વાત જાણે કોઈ કેવળીની વાત હશે, કોઈ ઊંચા ગુણસ્થાનની વાત હશે એમ માને છે. આ તો ચોથા ગુણસ્થાનની વાત છે સમ્યગ્દૃષ્ટિની. સમજાણું કાંઈ? '**एषः आत्मा**' '**આ આત્મા...**' જે નિશ્ચયઆત્મા, જ્ઞાયકભાવ આત્મા, ધ્રુવભાવ આત્મા, અભેદ આત્મા એ પ્રત્યક્ષ થતો. જ્ઞાનમાં તે આત્મા પ્રત્યક્ષ અનુભવમાં આવતો.

'**विशेष-उदयं भ्रश्यत्**' '**જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો,...**' '**भ्रश्यत्**' એટલે નાશ, અભાવ કરતો. એને ગૌણ કરીને જરી (એવો અર્થ કર્યો છે). હોય છે ખરુંને. વિશેષજ્ઞાનની મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એવા ભેદો હોય છે પણ એ ભેદને ગૌણ કરતો એમ કહે છે. ભારે આકરો શ્લોક. એઈ..! રાગના વ્યવહાર એનાથી તો ચ્યુત થતો પણ વસ્તુ જે અભેદ અખંડ જ્ઞાયકમાં રહેતો એના પર્યાયના ભેદોને ગૌણ કરતો. ભેદ તો છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન સમ્યક્જ્ઞાન હોં, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન પાંચ પર્યાય છે પણ એ ભેદને લક્ષમાં ન લેતો. આહા..હા..! વિશેષનું પ્રગટપણું તો થાય છે, કહે છે. છેને? '**विशेष-उदयं**' પર્યાયમાં વિશેષતા પ્રગટ તો છે પણ તે પ્રગટતાના ભેદોને લક્ષમાં ન લેતો, ગૌણ કરતો.

'**सामान्यं कलयन् किल**' ઓ..હો..હો..! '**સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો,...**' '**कलयन्**' '**किल**'નો અર્થ રહી ગયો. ખરેખર, નિશ્ચય. સામાન્ય વસ્તુ જે સામાન્ય જ્ઞાયકભાવ ત્રિકાળ એને નિશ્ચયથી અનુભવતો '**सकलं ज्ञानं**' '**સકળ જ્ઞાનને એકપણામાં લાવે છે...**' એટલે? કે જે મતિ શ્રુતજ્ઞાનની પર્યાયો વધતી જાય છે સ્વના આશ્રયે એને, '**સકળ જ્ઞાનને એકપણામાં લાવે છે...**' એ જ્ઞાનમાં અભેદપણું થાય છે, ભેદ રહેતો નથી. '**एकताम्**' '**प्राप्तो**'. પર્યાયમાં રાગની વાત તો એક કોર રાખે, વ્યવહાર, પણ જ્ઞાનની પર્યાયમાં વિશેષપણું જે પ્રગટ થાય સમયે સમયે શુદ્ધિ વધે એવા ભેદોને પણ લક્ષમાં ન લેતો એકપણામાં લાવે છે, અભેદમાં લાવે છે એમ. પર્યાય જે વધે છે પણ આમ અભેદમાં લાવે છે. ભેદ કરીને લેતો નથી. આહા..હા..! ભારે શ્લોક ભાઈ! એક શ્લોકે તો આખા બાર અંગનો સાર છે

આ. આહા..હા..!

'**एकताम् नयति**' એકપણાને પામે છે. એટલે કે જ્ઞાયકભાવ એકરૂપની દૃષ્ટિ હોવાથી પર્યાયમાં નિર્મળતા હોવા છતાં, વધતી હોવા છતાં એકપણાને અંતરમાં એકપણાને લાવે છે, અનેકપણાને પામતો નથી. ઓહો..હો..! કેટલું એક કળશમાં સમાડી દીધું છે! ગજબ ટીકા છે! એટલે? એક ચૈતન્ય સામાન્ય ધ્રુવ. સામાન્ય કરતાં વિશેષ બળવાન છે એવું આવે છેને? ઈ તો જાણવાની અપેક્ષાની વાત છે. આ તો અનુભવવાની અપેક્ષાની વાત છે. અહીં તો વિશેષોને ગૌણ કરતો. પર્યાયની શુદ્ધતા વધતી હોવા છતાં અનેકપણાને ન પામતો, વસ્તુ જ્ઞાયકભાવ એકરૂપમાં અભેદ કરતો. કેટલું યાદ રાખવું આમાં? ઓલી છ કાયની દયા પાળવી, વ્રત પાળવા, વ્રત કરો, તપસ્યા કરો, દાન કરો, ભક્તિ કરો.. બાપુ! એ બધી વિકલ્પની રાગની ક્રિયાની વાતું છે. એમાં ધર્મ નથી. આહા..હા..!

ધર્મ તો ભગવાન આત્મા, સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરદેવે જે ધ્રુવ એકરૂપ ચૈતન્યસ્વભાવને કહ્યો ને જોયો ને અનુભવ્યો એવી ચીજ ઉપર નજર પડતાં એના સ્વાદને લેતા, એની પર્યાયોમાં વિશેષતા પ્રગટ હોવા છતાં ભેદને પામતો નહિ પણ અભેદને પમાડે છે. એ પર્યાયમાં અભેદતા આવી જાય છે. સમજાણું કાંઈ? '**એકરૂપે પ્રાપ્ત કરે છે.**' આહા..હા..! લ્યો, આ ધર્મીનો માર્ગ.

'**ભાવાર્થ :— આ એક સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ...**' ધર્મીજીવને ધર્મ પ્રગટ્યો છે. તો ધર્મ એ વસ્તુનો સ્વભાવ (છે). વસ્તુનો સ્વભાવ જ્ઞાન અને આનંદ આદિ. એ સ્વભાવમાં એકાગ્ર થતાં ધર્મ (અર્થાત્) વસ્તુ સ્વભાવ પ્રગટ્યો છે. એવા '**સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ...**' ધર્મીજીવને આત્માના આનંદના સ્વરૂપના આનંદના સ્વાદ આગળ '**અન્ય રસ ફિક્કા છે.**' ઈન્દ્રાણીના વિષયભોગ પણ દુઃખરૂપ લાગે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ–ધર્મી એને કહીએ કે જે સ્વરૂપનો રસીલો, જ્ઞાનનો રસીલો થયો. એને ઈન્દ્રના ઈન્દ્રાસન અને ભોગ, સગવડતાનો પાર ન મળે એવા ભોગ પણ જેને દુઃખરૂપ લાગે છે. સમજાણું કાંઈ? આઠ વર્ષની બાળિકા હો, પણ આત્માના આનંદના સ્વાદનું ભાન થયું સમ્યગ્દર્શનમાં, એ લગન કરે તોપણ એને અંદર રાગનું દુઃખ લાગે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મીને રાગનો રસ હોતો નથી. અજ્ઞાનીને આત્માના આનંદનો રસ હોતો નથી. આવો માર્ગ વીતરાગનો.

એક આ (અર્થાત્) પ્રત્યક્ષ. એક (એટલે) ભેદ વિનાનું. '**સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ...**' ચૈતન્યના શાંત અને આનંદના સ્વાદ આગળ '**અન્ય રસ ફિક્કા છે. વળી સ્વરૂપજ્ઞાનને અનુભવતાં...**' પહેલી એટલી વાત કરી. સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ બીજા રસ ફિક્કા છે. હવે, '**સ્વરૂપજ્ઞાનને અનુભવતાં સર્વ ભેદભાવો મટી જાય છે.**' નિમિત્ત તો મટી જાય છે, રાગ મટી જાય, પર્યાયના ભેદ પણ મટી જાય. '**જ્ઞાનના વિશેષ**

**જ્ઞેયના નિમિત્તે થાય છે.**' મતિજ્ઞાન આમ જાણે, શ્રુતજ્ઞાન આમ જાણે. આવે છેને એમાં? અવધિજ્ઞાન આમ જાણે, મનઃપર્યયજ્ઞાન આમ જાણે. એ જ્ઞાનના વિશેષો જ્ઞેયના નિમિત્તે એવા ભેદ પડે છે કહે છે. સમજાણું કાંઈ? આ તો ભાઈ થોડોઘણો અભ્યાસ હોય એને આ સમજાય એવું છે.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એનું કહેલું તત્ત્વ છે આ. કોઈ અલ્પજ્ઞાની કે કલ્પિત કરીને નિર્ણય કર્યો હોય એ આ નથી. આ તો એક સમયમાં સેકંડના અસંખ્યભાગમાં જેની જ્ઞાનની પરિણતિ નામ પર્યાયમાં, સમય એક અને ત્રણ કાળ જેમાં સમાઈ જાય. આહા..હા..! અરે..! ત્રણ કાળના જાણનારા કેવળીઓ એ પણ એક સમયની પર્યાયમાં, જ્ઞાનીની પર્યાયમાં કેવળીઓ સમાઈ જાય. સમજાણું કાંઈ? એવી પર્યાયને પ્રગટ કરીને જેણે જગત પાસે જાહેર કર્યું, ઈચ્છા વિના, કે તારો સ્વભાવ અંદર પૂર્ણ આનંદ અને એકરૂપ સ્વરૂપ પડ્યું છે. એવા એકરૂપ સ્વભાવની દૃષ્ટિ અનુભવ કર તો તને ધર્મ થાય ને નિર્જરા થાય ને સમકિત થાય. આહા..હા..! પણ પછી કાંઈ એનું સાધન હશે કે નહિ? કે આ પાધરું આમને આમ પ્રગટ થાતું હશે? એ સાધન જ ઈ પોતે છે. સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય. પરથી ખસીને સ્વભાવમાં વલણ કરે એ જ એનું સાધન છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનના વિશેષો જ્ઞેયના નિમિત્તે થાય છે.**' એમ કે આ મતિજ્ઞાન પાંચ ઈન્દ્રિય અને મનથી જાણે, શ્રુતજ્ઞાન મનથી જાણે, અવધિ આમ જાણે, મનઃપર્યય ફલાણું જાણે સામાના મનની વાત. એ બધા જ્ઞેયના નિમિત્તે એવા બધા ભેદ પડ્યા છે. બાકી જ્ઞાન તો જ્ઞાન જ છે. સમજાણું કાંઈ? '**જ્યારે જ્ઞાનસામાન્યનો સ્વાદ લેવામાં આવે...**' જ્યારે જ્ઞાન એકરૂપ ચૈતન્યસ્વરૂપ છે એવા ભાવનું વેદન હોય '**ત્યારે જ્ઞાનના સર્વ ભેદો પણ ગૌણ થઈ જાય છે,...**' વ્યવહારના વિકલ્પની તો શું વાત કરવી? એ તો અન્ય દ્રવ્ય અને પૃથક્ થઈ ગયું એ તો. પણ એના દ્રવ્યમાં જે જ્ઞાનના વિશેષ પર્યાયો થાય એ પણ ગૌણ થઈ ગયા. '**એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે.**' લ્યો. રાગ જ્ઞેયરૂપ થાય એમ ન લીધું, પર્યાયના ભેદો જ્ઞેયરૂપ થાય એમ ન લીધું. સમજાણું કાંઈ? એક આત્મા અખંડ જ્ઞાયકભાવ એક જ્ઞાનનું જ્ઞેય થાય છે. છેને?

'**એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે.**' એક જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકભાવ એ જ જ્ઞાનનું જ્ઞેય થાય છે. જ્ઞાનમાં એ જ જણાવાયોગ્ય વસ્તુ રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે.**' પરજ્ઞેયરૂપ થાય છે એમ ન લીધું. એમ કહ્યુંને કે વિશેષ જ્ઞેયના નિમિત્તે થાય છે. એ ન લેવું. અહીં તો પોતે જ્ઞાયકભાવ એકરૂપ છે તે જ્ઞેયરૂપ થાય છે તેથી પર્યાયમાં પણ અભેદતા જ વધે છે. આહા..હા..! આમાં શું સમજવું આ? આવો તે વીતરાગનો માર્ગ હશે જૈનનો? જૈનમાં તો છ કાયની દયા પાળવી, કંદમૂળ ન ખાવા, પાંચ

પરબી આવું કરવું, રાત્રે ચોવીહાર કરવો, રાત્રે આહાર-પાણી ન લેવા. એવી વાત તો આવી (નહિ) એક્કે આમાં. એ તો એક શુભભાવની વ્યાખ્યા છે. આ આત્મા એનો પત્તો મેળવ્યા વિના એને ધર્મ અને નિર્જરા કોઈ દિ' થાય નહિ.

**'અહીં પ્રશ્ન થાય છે...'** આટલું બધું તમે કહ્યું કે એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે. ક્યાં તમે લઈ ગયા? તો કહે છે, **'છદ્મસ્થને પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો સ્વાદ કઈ રીતે આવે?'** તમે તો એક જ જ્ઞાનનો સ્વાદ લેવાનું કહો છો અને છદ્મસ્થ છે એને કેવળજ્ઞાન તો નથી. તો એક **'પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો સ્વાદ કઈ રીતે આવે?'** સમજાણું? આ પ્રશ્ન ક્યાંથી ઉઠ્યો કે તમે એક જ જ્ઞાનને જ્ઞેયરૂપે જાણવું અને સ્વાદ લેવો એમ કહો છો, તો છદ્મસ્થને કેવળજ્ઞાન એકલું જ્ઞાન, એકલો જ્ઞાનપર્યાય જેમાં કાંઈ ભેદ નહિ, કર્મના નિમિત્તની અપેક્ષા નહિ એવું કેવળજ્ઞાન તો છદ્મસ્થને સ્વાદમાં કઈ રીતે આવે? **'આ પ્રશ્નનો ઉત્તર પહેલાં શુદ્ધનયનું કથન કરતાં દેવાઈ ગયો છે...'** કે સ્વભાવની સન્મુખના અનુભવમાં આગળ વધતાં એની પ્રતીતમાં એમ એ કાળે આવે છે કે કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાન, એકલું જ્ઞાન. એમાં અપૂર્ણતા નહિ અને બીજાની સહાય નહિ. એવું જ્ઞાન પરોક્ષ રીતે એને પ્રતીતમાં આવે છે. એ કથન દેવાઈ ગયું છે.

**'શુદ્ધનય આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ જણાવતો હોવાથી...'** જુઓ! શુદ્ધનય ખરેખર તો ત્રિકાળી પૂર્ણ સ્વભાવને જણાવતો હોવાથી અને શુદ્ધનયનું પૂર્ણપણું કેવળજ્ઞાન પ્રગટ થાય ત્યારે એનું પૂર્ણપણું અંતર વળવાનું રહેતું નથી એથી **'શુદ્ધનય આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ જણાવતો હોવાથી શુદ્ધનય દ્વારા પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો પરોક્ષ સ્વાદ આવે છે.'** જોયું? હું પરિપૂર્ણ છું એવા સ્વાદમાં કેવળજ્ઞાનની પર્યાય જે છે આવડી મોટી એ વર્તમાનમાં ન હોવા છતાં એકલું જ્ઞાન જ છે એવો પરોક્ષ સ્વાદ અંદરમાં આવે છે. આહા..હા..! ભારે વાત નાખી. કહો.

શુદ્ધનય પૂર્ણ કેવળજ્ઞાનમાં આવે છે એમ કીધું છેને? શુદ્ધનયનો વિષય તો ધ્રુવ છે અથવા ધ્રુવ શુદ્ધનય છે. પણ એને વળવું નથી રહેતું હવે, એવી પૂર્ણ દશા કેવળજ્ઞાનમાં હોય છે. અને પૂર્ણતાનું ભાન વેદન ખ્યાલમાં પરોક્ષ રીતે આવી જાય છે કે જ્ઞાનની દશા આ પૂર્ણતાને આશ્રયે થઈ તો પૂર્ણતા જ્યારે પૂર્ણ આશ્રય થાય ત્યારે પૂરી પર્યાય પ્રગટ થાય. એમાં અધૂરું રહે નહિ, અપૂર્ણતા હોય નહિ, વિપરીત હોય નહિ. એવો પરોક્ષ જ્ઞાનનો સ્વાદ છદ્મસ્થને કેવળજ્ઞાન પર્યાયમાં પ્રગટ પૂર્ણ ન હોવા છતાં પૂર્ણનો પરોક્ષ જ્ઞાનમાં ખ્યાલ આવે છે અને એનો સ્વાદ આવે છે. પરોક્ષ સ્વાદ આવે છે એમ કીધું છેને અહીંયા. આહા..! ભારે! આ તો આખો શ્લોક એવો (આવ્યો). ચીમનભાઈ! આ તો એંજિનમાં ધુંચી ગયા, એમાં આ તો ક્યાંય હાથ (આવે નહિ). ન્યાં વાતું કરવી હોય તો કેટલી હુશિયારીથી વાત

કરે. અહીંયા તો એવું થઈ જાય કે અમારું આમાં ક્યાંય મગજ પહોંચે નહિ. ઓલામાં કડાકા ધડાકા કરે, લ્યો. હવે ઈ અજ્ઞાનના જ્ઞાનમાં શું? એ તો અનાદિથી માથા ફોડ્યા છે એમાં. આહા..હા..!

આ ચૈતન્ય ભગવાન પરમાત્મા કેવળજ્ઞાનીએ કહ્યો એ હોં! સર્વજ્ઞ સિવાય જેટલા બીજા આત્માની વાતું કરે એ બધી નિરર્થક છે. સર્વજ્ઞના અનુયાયીઓ કહે છે એ સર્વજ્ઞને અનુસરીને કહે છે. સમજાણું કાંઈ? પણ જેનામાં સર્વજ્ઞપણું જ નથી, એક સમયની પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને (જાણે). સમય એક, કાળ એક ત્રણ કાળને જાણે. આ તે કંઈ વાત છે! એવું સ્વરૂપ જ છેને. એવો જ નિજ સ્વભાવ છે એ જ્ઞાનીને એ પરોક્ષ રીતે બેસે છે અને પરોક્ષ રીતે સ્વાદ આવે છે. એમ. સમજાણું આમાં? પહેલો શ્લોક આવ્યો આવો. મંગળાચરણ છે. કેટલાય તાર આવ્યા છે દિલ્હીના. પાંચ-સાત તાર લઈને આવ્યા હતા હમણાં. દિલ્હીથી તાર આવ્યો છે કે... હવે ક્યાં... બધા આવે. કોણ બહાર જાય? આહા..હા..!

**'શુદ્ધ પૂર્ણ સ્વરૂપ જણાવતો હોવાથી શુદ્ધનય દ્વારા...'** શુદ્ધનય દ્વારા એકલા જ્ઞાનને માનતો, એકલું જ્ઞાન રહેશે એવી પ્રતીત આવ્યા વિના રહેતી નથી. આહા..! સમજાણું કાંઈ? શું ઈ કીધું? એકલો જ્ઞાયકભાવ એકરૂપ છે તેનું ભાન થતાં એની પર્યાય એકલી પૂર્ણ થઈ જશે એવો એમાં પરોક્ષ સ્વાદ આવ્યા વિના રહેતો નથી. એમ કહે છે. કાંતિભાઈ! આહા..હા..! કાલે અત્યારે તો માણસ માતું નહોતું. સાત-આઠ હજાર માણસ હોં! બે બે હજાર માણસ વયું ગયું. તડકો બહુ. મકાન નાનું પડ્યું. ત્રણ હજાર માણસ માય. બહાર માણસ.. માણસ.. માણસ.. વયા ગયા. તડકે ઊભા રહેવું પડ્યું. સાત-આઠ હજાર માણસ. ... એક દિ'નો પંડાલ નાખ્યો, દસ હજારનો પડે... મકાનમાં બહાર બાંધતા હતા. માણસ એટલું ખીચોખીચ. ઢગલા માણસના. શું થાય પણ? મુંબઈ જેવામાં એવું મકાન પણ ક્યાંથી થાય? બિચારા સાંભળે. અરે..રે..! આવી વાત ક્યાં છે? પોતાના ગુણની પૂર્ણતા અને ગુણ પૂર્ણ. ગુણ પૂર્ણ અને ગુણની પર્યાય પૂર્ણ. આહા..હા..! સમજાણું કાંઈ? એવું જેને અંતરમાં સમ્યક્થી બેઠું અને કેવળજ્ઞાન પરોક્ષરૂપે સ્વાદમાં આવે જ છે કહે છે. આહા..હા..! ૧૪૦ કળશ થયો. આહા..હા..!

એક જ ગાથા, એક જ શ્લોક શાંતિથી, મધ્યસ્થથી સાંભળે, સમજે (તો) એકે પાર. એવી કોઈ દિગંબર સંતોની રચના! ઓહો..હો..! કેવળીના કેડાયત કેવળીના પેટ ખોલીને મૂક્યા છે. બહુ ટૂંકી ભાષામાં પરમાત્માને પ્રગટ બતાવ્યો છે. આહા..હા..!

## ગાથા-૨૦૪

तथाहि -

आभिणिसुदोधिमणकेवलं च तं होदि एक्कमेव पदं।
सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं जादि।।२०४।।
आभिनिबोधिकश्रुतावधिमनःपर्ययकेवलं च तद्भवत्येकमेव पदम्।
स एष परमार्थो यं लब्ध्वा निर्वृत्तिं याति।।२०४।।

आत्मा किल परमार्थः, तत्तु ज्ञानम्; आत्मा च एक एव पदार्थः, ततो ज्ञानमप्येकमेव पदं; यदेतत्तु ज्ञानं नामैकं पदं स एष परमार्थः साक्षान्मोक्षोपायः। न चाभिनिबोधिकादयो भेदा इदमेकं पदमिह भिन्दन्ति, किन्तु तेऽपीदमेवैकं पदमभिनन्दन्ति। तथाहि-यथात्र सवितुर्घनपटलावगुण्ठितस्य तद्विघटनानुसारेण प्राकटयमासादयतः प्रकाशनातिशयभेदा न तस्य प्रकाशस्वभावं भिन्दन्ति, तथा आत्मनः कर्मपटलोदयावगुण्ठितस्य तद्विघटनानुसारेण प्राकटयमासादयतो ज्ञानातिशयभेदा न तस्य ज्ञानस्वभावं भिन्द्युः, किन्तु प्रत्युत तमभिनन्देयुः। ततो निरस्तसमस्तभेदमात्मस्वभावभूतं ज्ञानमेवैकमालम्ब्यम्। तदालम्बनादेव भवति पदप्राप्तिः, नश्यति भ्रान्तिः, भवत्यात्मलाभः, सिध्यत्यनात्मपरिहारः, न कर्म मूर्छति, न रागद्वेषमोहा उत्प्लवन्ते, न पुनः कर्म आस्त्रवति, न पुनः कर्म बध्यते, प्राग्बद्धं कर्म उपभुक्तं निर्जीर्यते कृत्स्नकर्माभावात् साक्षान्मोक्षो भवति।

---

હવે, 'કર્મના ક્ષયોપશમના નિમિત્તે જ્ઞાનમાં ભેદ હોવા છતાં તેનું સ્વરૂપ વિચારવામાં આવે તો જ્ઞાન એક જ છે અને તે જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે' એવા અર્થની ગાથા કહે છે :-

મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ તેહ પદ એક જ ખરે,
આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.

ગાથાર્થ :- **[आभिनिबोधिकश्रुतावधिमनःपर्ययकेवलं च]** મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન- **[तत्]** તે **[एकम् एव]** એક જ **[पदम् भवति]** પદ છે (કારણ કે જ્ઞાનના સર્વ ભેદો જ્ઞાન જ છે); **[सः एषः परमार्थः]** તે આ પરમાર્થ છે

(-શુદ્ધનયના વિષયભૂત જ્ઞાનસામાન્ય જ આસ્વાદવાયોગ્ય છે. આ પરમાર્થ છે) **[यं लब्धवा]** કે જેને પામીને **[निर्वृतिं याति]** આત્મા નિર્વાણને પ્રાપ્ત થાય છે.

ટીકા :- આત્મા ખરેખર પરમાર્થ (પરમ પદાર્થ) છે અને તે (આત્મા) જ્ઞાન છે; વળી આત્મા એક જ પદાર્થ છે; તેથી જ્ઞાન પણ એક જ પદ છે. જે આ જ્ઞાન નામનું એક પદ છે તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે. અહીં, મતિજ્ઞાન આદિ (જ્ઞાનના) ભેદો આ એક પદને ભેદતા નથી પરંતુ તેઓ પણ આ જ એક પદને અભિનંદે છે (-ટેકો આપે છે). તે દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :- જેવી રીતે આ જગતમાં વાદળાંના પટલથી ઢંકાયેલો સૂર્ય કે જે વાદળાંના *વિઘટન અનુસારે પ્રગટપણું પામે છે, તેના (અર્થાત્ સૂર્યના) પ્રકાશનની (પ્રકાશવાની) હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) પ્રકાશસ્વભાવને ભેદતા નથી, તેવી રીતે કર્મપટલના ઉદયથી ઢંકાયેલો આત્મા કે જે કર્મના વિઘટન (ક્ષયોપશમ) અનુસારે પ્રગટપણું પામે છે, તેના જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી પરંતુ ઊલટા તેને અભિનંદે છે. માટે જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે એવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એકનું આલંબન કરવું. તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે, ભ્રાંતિનો નાશ થાય છે, આત્માનો લાભ થાય છે, અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે, (એમ થવાથી) કર્મ જોરાવર થઈ શકતું નથી, રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી, (રાગદ્વેષમોહ વિના) ફરી કર્મ આસ્રવતું નથી, (આસ્રવ વિના) ફરી કર્મ બંધાતું નથી, પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું નિર્જરી જાય છે, સમસ્ત કર્મનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે. (આવું જ્ઞાનના આલંબનનું માહાત્મ્ય છે.)

ભાવાર્થ :- કર્મના ક્ષયોપશમ અનુસાર જ્ઞાનમાં જે ભેદો થયા છે તે કાંઈ જ્ઞાનસામાન્યને અજ્ઞાનરૂપ નથી કરતા, ઊલટા જ્ઞાનને પ્રગટ કરે છે; માટે ભેદોને ગૌણ કરી, એક જ્ઞાનસામાન્યનું આલંબન લઈ આત્માનું ધ્યાન ધરવું; તેનાથી સર્વ સિદ્ધિ થાય છે.

## ગાથા-૨૦૪ ઉપર પ્રવચન

'હવે, કર્મના ક્ષયોપશમના નિમિત્તે જ્ઞાનમાં ભેદ હોવા છતાં...' આ મતિ ને શ્રુત ને ભેદ પડેને? 'તેનું સ્વરૂપ વિચારવામાં આવે તો જ્ઞાન એક જ છે...' એટલે કે પર્યાયો પ્રગટ અનેક પ્રકારની થાય છતાં જ્ઞાન એકરૂપે અભેદપણાને જ પામે છે, ભેદપણે

* વિઘટન = છૂટું પડવું તે; વિખરાઈ જવું તે; નાશ.

પામતું નથી. એકપણાને જ અભિનંદે છે એ બધું. આવો નિર્જરાનો અધિકાર.

બે ગાથા આવે છેને? એવો પ્રશ્ન હતો, ભાઈ! '**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं**' (નિયસમાર) ૩૮માં નહિ? '**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो**' અને ૧૫માં એમ આવે છે, ગુણ '**कम्मोपाधिविवज्जियपज्जाया**' સ્વભાવ. કર્મની ઉપાધિ, કર્મઉપાધિથી રહિત પર્યાય, એ સ્વભાવપર્યાય. ન્યાં શબ્દ એ આવે છે. ૧૫માં, '**कर्मोपाधिविवर्जितपर्याय**' પર્યાય ત્યાં આવે છે, એ સ્વભાવપર્યાય. અને ૩૮માં કર્મોપાધિથી ગુણપર્યાય(થી), કર્મઉપાધિથી પોતાના ગુણપર્યાયથી વ્યતિરિક્ત આત્મા છે. બાયુંનો પ્રશ્ન હતો રાત્રે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! બાયું કેટલીક વાંચે છે બહુ ઘણું. આદમીને તો ધંધા, કામ મોટા કામ હોયને. બાયુંને કામ નહિ. રાંધવું ને ખાઈને બેઠા. ધણી જાય વેપારે પછી નિવૃત્તિ.

મુમુક્ષુ :— મુંબઈમાં રસોઈયા રાખે છે.

ઉત્તર :— એ તો વળી વધારે નિવૃત્તિ. આહા..હા..!

અહીં તો કહે છે કે સમ્યગ્દષ્ટિને જ્ઞાયક એક ભાવ ઉપર દૃષ્ટિ હોવાથી કર્મના નિમિત્તના અભાવે પર્યાયની વિશેષતા ભેદરૂપે પ્રગટ હોવા છતાં તે એકપણાને પામે છે. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. ફલાણાનું જ્ઞાન અને ફલાણાનું જ્ઞાન ને ફલાણાનું જ્ઞાન એમ નહિ. મતિ, પાંચ ઇન્દ્રિય અને મનથી જાણે, શ્રુત મનથી જાણે, અવધિ આમ જાણે એમ નહિ. કેવળ ત્રણ કાળ ત્રણ લોકને જાણે. '**તેનું સ્વરૂપ વિચારવામાં આવે તો જ્ઞાન એક જ છે...**' અંતર જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ પડતાં એ પર્યાયો વિકાસ હોવા છતાં તે અભેદતાને જ પામે છે. સમજાણું કાંઈ? મેટ્રિકના અભ્યાસમાં કેટલી મહેનત નથી કરતા? અજ્ઞાનમાં. એલ.એલ.બી. થવા ને એમ.એ. થવાને. રખડી મરવાના રસ્તામાં ઉદ્યમ કરે અને આ... રખડી મરવાના રસ્તા છે. તમારા સુમનભાઈ આવ્યા હતા. આવતા હતા વ્યાખ્યાનમાં. આહા..હા..! આવે તો ખરા, માણસ તો આવતા હતા ખુબ. આદમીઓ પણ બહુ આવતા. ...

'**અને તે જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે**' બે વાત કરી. કર્મના નિમિત્તનો અભાવ થતાં જ્ઞાનની પર્યાયનો વિકાસ અંશે અંશે વધતો જાય અને એને નિમિત્તના જ્ઞાનથી ઓળખાવાય કે મતિમાં આમ જાણે, શ્રુતમાં આમ જાણે. આ જાણે એમ નહિ. અવધિમાં આમ જાણે, મનઃપર્યયમાં આમ જાણે અને કેવળમાં આમ જાણે. પણ એ બધા ભેદોને સ્વરૂપમાં જ્ઞાન એક જ છે, ઈ એકલું જ્ઞાન એકાકાર જ્ઞાન છે અને તે જ્ઞાન મોક્ષનો ઉપાય છે. અંતરના જ્ઞાયકભાવના આશ્રયે જે પર્યાય પ્રગટ થઈને અભેદ થાય છે એ જ મોક્ષનો ઉપાય છે. આહા..હા..! જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન... '**એવા અર્થની ગાથા કહે છે :—**'

आभिणिसुदोधिमणकेवलं च तं होदि एक्कमेव पदं।
सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं जादि।।२०४।।

બે અર્થ કર્યા છે.

**મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ તેહ પદ એક જ ખરે,**
**આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.**

અન્વયાર્થ લઈએ, ગાથાર્થ. '**મતિજ્ઞાન,...**' આ સમ્યક્‌જ્ઞાનની વાત ચાલે છે. શુદ્ધ સમ્યગ્દર્શન થતાં એક જ્ઞાયકભાવનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન થતાં સાથે જે જ્ઞાન થાય એ જ્ઞાનની વ્યાખ્યા ચાલે છે. મિથ્યાદૃષ્ટિની અહીં વાત છે નહિ. '**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન—તે એક જ પદ છે...**' આહા..હા..! એ ભેદ નથી એમ કહે છે. દાખલો આપ્યો છે એમાં, નહિ? આ તરણાની અગ્નિ, આ લાકડાની અગ્નિ, આ છાણાની અગ્નિ એ તો કહેવામાત્ર. બાકી અગ્નિ.. અગ્નિ.. અગ્નિ જ છે. ફલાણાની ફલાણાની એમ નહિ. સમજાણું કાંઈ? એમ આ મતિજ્ઞાન આને જાણે, શ્રુતજ્ઞાન આને જાણે, અવધિ આને જાણે.. એ બધું જ્ઞાન એ પોતાને જાણનારું છે. સમજાણું કાંઈ? '**કેવળજ્ઞાન—તે એક જ પદ છે (કારણ કે જ્ઞાનના સર્વ ભેદો જ્ઞાન જ છે);...**' જોયું? એ કંઈ ફલાણા મનથી, ઈન્દ્રિયથી જાણે એ મતિ, મતિપૂર્વક જાણે એ શ્રુત એવા ભેદો તો વ્યવહારથી જણાવ્યા છે. '**(સર્વ ભેદો જ્ઞાન જ છે);...**' જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. અંતર્મુખ જ્ઞાયક ચૈતન્ય એક ભાવથી ભરેલો એવો અંદર ભાનમાં આવ્યો અને જે જ્ઞાનના વિશેષ પ્રગટ થાય છતાં તે જ્ઞાનનું પદ એક જ છે. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. ફલાણાનું જ્ઞાન, ફલાણાનું, ફલાણાનું એમ નહિ. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**सः एषः परमार्थः**' '**તે આ પરમાર્થ છે (—શુદ્ધનયના વિષયભૂત જ્ઞાનસામાન્ય જ આ પરમાર્થ છે-) કે જેને પામીને...**' ભેદો કાઢી નાખ્યા, હવે (કહે છે), અભેદને પામીને '**આત્મા નિર્વાણને પ્રાપ્ત થાય છે.**' જ્ઞાયકભાવમાં એકાગ્રતા થતાં અભેદપણાને જ્ઞાન પર્યાયમાં પણ અભેદપણું પામતાં આત્મા નિવૃત્તિ નામ મોક્ષને પામે છે. એ મોક્ષનો ઉપાય એક જ છે, બીજા કોઈ ઉપાય છે નહિ. વચ્ચે વળી રાગ ને પુણ્ય આવે માટે વ્યવહાર મોક્ષમાર્ગ છે, એ તો કથનમાત્ર કહેવામાત્ર છે. બીજો મોક્ષમાર્ગ છે નહિ. જ્ઞાયકભાવમાં એકાકાર થતાં થતાં જે પર્યાયો જ્ઞાનરૂપ થઈને અભેદ થાય છે એ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ છે નહિ. ટીકામાં કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ-૮, મંગળવાર, તા. ૨૭-૦૩-૧૯૭૩**
**ગાથા-૨૦૪, પ્રવચન-૩૫૦**

આ સમયસાર નિર્જરા અધિકાર છે. ૨૦૪ ગાથા. એની ટીકા. નિર્જરા એટલે ધર્મ કેમ થાય? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ આત્માની વીતરાગી પર્યાય છે. એ નિર્જરાસ્વરૂપ છે અથવા એ સ્વરૂપને લઈને અશુદ્ધતા ટળે છે એને પણ નિર્જરા કહેવામાં આવે છે. નિર્જરા એટલે કર્મનું ગળવું, અશુદ્ધતાનું ટળવું, શુદ્ધતાનું વધવું કઈ રીતે કેમ થાય એની વ્યાખ્યા છે. કોઈ એમ કહેને, અપવાસ કરે અને નિર્જરા થાય, છઠ અઠમ કરે અને નિર્જરા થાય. પોપટભાઈ! એ બધું ખોટું છે.

મુમુક્ષુ :— એનો અર્થ તો શું ખાવાથી નિર્જરા થાય?

ઉત્તર :— ખાવાનો ભાવ એ પાપ છે અને નહિ ખાવાનો ભાવ એ પણ એક રાગની મંદતાનું પુણ્ય છે, એમાં ધર્મ નથી. આહા..હા..! આ વર્ષીતપ કરેને, લોકો આમ રાજી રાજી થઈ જાય. ગૃહસ્થ માણસ હોય, પાંચ છ લાખ રૂપિયા હોય, વર્ષીતપ કરે, કાંઈક પાંચ દસ હજાર ખર્ચવાના હોય, દસ વીસ હજાર.. ઓહો..! અપવાસ કર્યા એનું ઉજવણું કર્યું. વરઘોડા કાઢે. થઈ ગઈ ધર્મની પ્રભાવના. ધૂળેય નથી કહે છે. ધર્મ કોને કહેવો એની ખબર નથી. ઈ કેમ ધર્મ થાય એની આ વાત છે.

'ટીકા :— આત્મા...' ત્યાંથી શરૂઆત કરે છે. કેમ ધર્મ થાય જીવને? કે આ આત્મા.. આત્માને ધર્મ થાય છેને? આત્માની પર્યાયમાં શુદ્ધિ થાય છેને? શુદ્ધિનો કરનાર એ આત્મા છેને? ત્યારે એ આત્મા કોણ છે? શું છે? '**આત્મા ખરેખર પરમાર્થ (પરમ પદાર્થ) છે...**' વસ્તુ. વસ્તુથી શરૂઆત કરી છે. આત્મા વસ્તુ પરમ પદાર્થ છે. અવિનાશી અનાદિ અનંત એવો એ પરમ પદાર્થ આત્મા. '**અને તે (આત્મા)...**' એ વસ્તુ લીધી. '**જ્ઞાન છે;...**' એ જ્ઞાનસ્વભાવ છે તે આત્મા છે. આત્મા કીધો એ તો દ્રવ્ય વસ્તુ કીધી. હવે એનો ભાવ શું? વસ્તુ જ્યારે અવિનાશી છે તો એનો ભાવ શું? એ તો ભાવવાન વસ્તુ. ભાવ એનો જ્ઞાન છે. જાણકસ્વભાવ જાણકસ્વભાવ એ એનો ભાવ છે.

'**વળી આત્મા એક જ પદાર્થ છે;...**' બે વાત આમ કરી. પહેલો આત્મા પરમ પદાર્થ છે અને તે આત્મા જ્ઞાન છે. જાણકસ્વભાવનું સત્ત્વ. જાણક ચૈતન્યસ્વભાવ, જાણકસ્વભાવ એ એનું સ્વરૂપ છે. '**વળી આત્મા એક જ પદાર્થ છે;...**' જ્યારે વસ્તુ પોતે એક જ

પદાર્થ, એકરૂપ એક જ છે '**તેથી જ્ઞાન પણ એક જ પદ છે.**' તેથી એનું જ્ઞાનપદ જે સ્વભાવ છે એ પણ એક જ છે, ભેદ અને ખંડ નથી. વસ્તુ પરમ પદાર્થ છે. '**એક જ પદ છે.**' છેને? આત્મા એક જ પદાર્થ છે, એક જ છે. વસ્તુ છે ઈ, પણ એનો સ્વભાવ જ્ઞાન, જ્ઞાન ઈ એનો સ્વભાવ. સાકર વસ્તુ છે, તો એનો ગળપણ સ્વભાવ છે. ખડી એક વસ્તુ છે, તો સફેદાઈ એ એનો સ્વભાવ ત્રિકાળ છે. પણ અહીં તો ત્રિકાળનું પરિણમન થવું ઈ કહે છે.

'**જ્ઞાન પણ એક જ પદ છે. જે આ જ્ઞાન નામનું એક પદ છે...**' જ્ઞાન નામનો જે સ્વભાવ એકરૂપે છે '**તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.**' એ આત્મા જ્ઞાનસ્વભાવ એનું જે પરિણમન અને એનો આશ્રય થઈને જ્ઞાનની પર્યાય જે પ્રગટ થાય એ મોક્ષનો ઉપાય છે. એ જ્ઞાનની.. વસ્તુ છે અને વસ્તુનું જ્ઞાન પદ છે એકરૂપ અને એનો આશ્રય કરતાં જે જ્ઞાનપર્યાય પ્રગટ થાય, આ છે આત્મા જ્ઞાન છે, એમ એની દૃષ્ટિમાં જ્યાં આવે ત્યારે એ જ્ઞાનનું પરિણમન થાય. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ જ્ઞાન એનો એકરૂપ પદ, વસ્તુ એક પદ છે, એકરૂપ છે તો જ્ઞાન પણ એનું એકરૂપ છે. પણ એમ જ્યાં નજર કરી, દૃષ્ટિ થઈ ત્યારે એનો એકરૂપ જ્ઞાનપર્યાય પ્રગટ્યો. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ સમાડ્યા.

આ આત્મા પરમ પદાર્થ છે એ એક છે. તો એનો જ્ઞાનસ્વભાવ છે તે એક છે. એક જ્ઞાનપદાર્થ સ્વભાવ, 'આ એક છે' એવો જે આશ્રય કર્યો ત્યારે જ્ઞાનની પર્યાય ભેદ વિનાની એકપણે પ્રગટી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનનું એકપણું પ્રગટ્યું એ જ્ઞાનની જ પર્યાય છે. એટલે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જે જ્ઞાનનું પરિણમન થયું એમાં રાગનું પરિણમન નહિ. આવી મોંઘી વાતું છે. આવો ધર્મ..

મુમુક્ષુ :— સમજવું સમજવું..

ઉત્તર :— સમજવું.. સમજવું.. પણ એ પોતે સમજણનો પિંડ છે. છે બીજું, વિકલ્પ અને ઈ છે ક્યાં એમાં? અહીં તો ભેદ પણ નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..!

વસ્તુ અસ્તિ છે, જુઓને, અસ્તિથી ઉપાડ્યું છે. રજનીશ નાસ્તિ નાસ્તિ કરે છે, વિકલ્પશૂન્ય થઈ જાઓ, એમ પોતે કહેતો હતો. ... આ હિંમતભાઈના વેવાઈ નહિ? એનો ભાઈ હુશિયાર છે, ઈ રજનીશનો ભગત છે. હિંમતભાઈનો દીકરો પરણ્યોને? એનો વેવાઈ. પૈસાવાળો છેને કરોડપતિ. અને ત્રણ ભાઈ વ્યાખ્યાનમાં આવ્યા હતા ઘાટકોપર, સર્વોદય. ત્રણે આવ્યા હતા, મોઢાઆગળ બેઠા હતા ત્રણેય. ભગવાનજીભાઈ હતા. આગળ નહોતા, પાછળ (હતા). એક વાર હતા. ત્રણે શેઠિયા બેઠા હતા અને ત્રીજો જણ નાનો છે ઈ રજનીશનો ભગત છે. ગજબ કરે છેને! જૈન પરમેશ્વર સિવાય જ્યાં ત્યાં ભટક્યા ભટક કરે.

મુમુક્ષુ :— જ્યાં લાભ માને ત્યાં..

ઉત્તર :— ... એવા ભ્રમણા, ભ્રમણા બધા. વિરોધ કર્યો, લોકોએ વિરોધ કર્યો. મોટા મોટા ચોપાનીયા છપાવ્યા છે. બહુ આગ્રહ છે એના શિષ્યનો. હોય જગતમાં. ... અનાદિ કાળ કાઢ્યો છે અજ્ઞાનમાં, એ અજ્ઞાનનું શૂળ હોય ત્યારે કાઢ્યો હોયને. આહા..!

અહીં તો આત્મા વસ્તુ આત્માને નિર્જરા થાયને? ધર્મ થાયને? નિર્જરા કહો કે ધર્મ કહો, સંવરપૂર્વક નિર્જરા. એટલે શુદ્ધિપૂર્વક વિશેષ શુદ્ધિ પર્યાયમાં. કોની? કે આત્માની. એ આત્મા કોણ? એકરૂપ પદાર્થ. અસ્તિ અહીં તો લેવાની વાત છે. અને એનો જ્ઞાનભાવ પણ એકરૂપ છે. વસ્તુ એક છે તો એનો ભાવ પણ એકરૂપ છે. ઈ એકરૂપ છે એમ જેણે લક્ષમાં, દૃષ્ટિમાં લીધું એથી કહ્યું તે પરમાર્થસ્વરૂપ... '**આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.**' આ આત્મા એક છે એવો જ્ઞાનસ્વભાવ પણ એક પદ છે એમ જેણે દૃષ્ટિમાં લીધું. એ છે એની કબુલાત આવે ત્યારે એને 'છે' એમ થાયને? સમજાણું કાંઈ? છે પણ ઈ છે, છેની પ્રતીતિ કોણે કરી? છે એની કબુલાત કોણે કરી? પર્યાયે કરી. 'આ છે, આ આત્મા છે, જ્ઞાન પણ છે, એકરૂપ છે' એમ જે પર્યાયે જાણ્યું એ પર્યાય '**પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.**' આહા..! કહો, સમજાણું કાંઈ?

આમ લ્યો તો જ્ઞાનપદ ત્રિકાળી છે તે મોક્ષનો ઉપાય એમ નહિ. એ ત્રિકાળી છે એમ જેને છે એવી સત્તાની કબુલાત થઈ. જેની વર્તમાન દશામાં 'હું રાગ છું અને પુણ્ય છું' એવી જે પ્રતીત છે એ મિથ્યાત્વ છે, પણ હું એક આત્મા અને એક જ્ઞાનસ્વભાવી, આનંદસ્વરૂપ છે ભેગું પણ જ્ઞાનસ્વભાવની મુખ્યતા છે, એ જ્ઞાન એક પદ, એક જ સ્વરૂપે છે એવું જે દૃષ્ટિમાં આવ્યું, આ છે એમ જેણે જાણ્યું, છે એમ જેની પ્રતીતિ થઈ અંદરમાં એ બધી જ્ઞાનની પરિણતિ છે. જ્ઞાન જ પોતે પરિણમ્યું છે. સમ્યગ્દર્શનરૂપે, સમ્યક્જ્ઞાનરૂપે, સમ્યક્ચારિત્રરૂપે જ્ઞાનની જાત એ પોતે પરિણમી છે. ઓહો..! છોટાભાઈ! ભારે આવી વાત. આહા..હા..! આવો વીતરાગ માર્ગ લોકોને સાંભળવા મળે નહિ અને ત્યાં ક્યાંક બિચારા રોકાઈ ગયા. ઓહો..!

આ છે, એમ જાણ્યું કોણે? આ છે, છે ઈ તો છે પણ છે એમ જેણે જાણ્યું એ પરમાર્થ જ્ઞાનની પર્યાય મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ? એમાં આ વિકલ્પ ઉઠે કે આમ કરું ને આમ છોડું, એ તો બધો રાગ છે. એ કંઈ જ્ઞાનપદ નથી. એ આત્મસ્થાન અને આત્મધામ નથી. વસ્તુ પરમાર્થ પદાર્થ છે આત્મા, તો વસ્તુ છે તો એ સ્વભાવ વિનાની વસ્તુ હોય? ભાવ વિનાનો ભાવવાન હોય? ભાવવાન જેમ એક છે તો એનો ભાવ જ્ઞાન પણ એક જ છે. અહીં જ્ઞાનની મુખ્યતાથી વાત લેવી છેને. એમાં પછી શ્રદ્ધા, શાંતિ બધી ભેગી હોય. પાંચ જ્ઞાન લેવાને છેને ભેદરૂપ.

કહે છે કે આ વસ્તુ છે એવો જ એનો જ્ઞાનભાવ પણ અનાદિ એકરૂપે છે. એમ એકરૂપે

છે એમ જેણે જાણ્યું, છે એમ જેને જ્ઞાનમાં આવ્યું, એ જ્ઞાનની પરિણતિ એ જ મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ? કહો, આમાં કાંઈ તમારા ઈજનેર... શું કહેવાય? એમાં કાંઈ આવું આવે એક્કે એકડો? જાડી બુદ્ધિમાં મોટા ... વાતું હોય. લાખો રૂપિયા પેદા (કરે).

મુમુક્ષુ :— લૌકિકમાં તો બધે એવું જ હોય.

ઉત્તર :— બધી જાડી બુદ્ધિ હોય. લાખો રૂપિયા પેદા કરે એટલે જાણે હુશિયાર કહેવાય. દસ દસ લાખ રૂપિયાની પેદાશ ને વીસ વીસ લાખની પેદાશ. આહા..! ઓલો નહોતો કાલે કહેતો? ઝવેરીના ધંધા હોયને, ઝવેરીવાળાની ... શાંતિભાઈ કહે, એક છોકરો ત્રીસ વર્ષનો છે. ત્રીસ વર્ષના છોકરાએ હીરામાં કરોડ પેદા કર્યા. રાતે વાત કરી હતીને? હીરાના વેપાર હોયને, એને ખબર હોય. બધા કોણ કોણ વેપાર કરે છે, ક્યા ઠેકાણે (કરે છે)? હીરો લાવ્યો હતો આવડો. સોળ લાખનો છે. એવા એવા તો કેટલાય હીરા ભર્યા હોય. ઓહો..! જેટલા ઝવેરી હોય ક્યાં ક્યાં મોટા મોટા એ બધી એને ખબર હોય. એમાં આ ઝવેરી ત્રીસ વર્ષના છોકરાએ પોતે રળીને એક કરોડ ભેગા કર્યા.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— લઈ જશે સાથે મમતા. રૂપિયા ક્યાં એના હતા? એ તો જડ છે. પણ એમ કે ત્રીસ વર્ષના છોકરાએ... બોલતા હતા, વાતું કરતા હતા. નાના છોકરા હોયને એના પણ એટલે વેપારમાં બધા ... હતા. મોટો છોકરો હતો. વેપારમાં મશગુલ છે. એમાંને એમાં છે. નાનો છે એને રસ પડતો, છે જુવાન નાની ઉંમરનો. વર્ષ, બે વર્ષનું પરણેતર છે. એને રસ પડ્યો છે આમાં. ઝીણા પ્રશ્ન કરે. અને એક કલાકની વાત હોય ઈ આખી કલાકની વાત કહી દે. એટલો રસવાળો છે. ઝીણી વાત આવે તો.. આહા..હા..! વાહ! વાત તો આમ જ છે એમ કહે. શાંતિભાઈ... આપણા ચીમનભાઈ નહિ? પાલનપુરવાળા. એનો દીકરાનો દીકરો. આહા..હા..!

'**આ પરમાર્થસ્વરૂપ...**' 'આ' એમ આવ્યુંને? આ જ્ઞાન આ પ્રત્યક્ષ અંદર થયું, જ્ઞાનમાં પ્રત્યક્ષ થયું. રાગ અને મનનું અવલંબન છૂટી અને આ જ્ઞાન, આ જ્ઞાન પરમાર્થસ્વરૂપ એવું જેને અંતરમાં (થયું), એનો સ્વભાવ જ પ્રત્યક્ષ થવું એ એનો સ્વભાવ જ છે. પરોક્ષ રહેવું એ એનો સ્વભાવ નથી. આહા..હા..! બહુ માર્ગ પણ એવો ઝીણોને. ઝીણો જ હોયને. અરૂપી વસ્તુ એમાં પણ પુણ્ય પાપના ભાવ એ તો સ્થૂળ જાડા. ત્યારે એની પર્યાય તો સૂક્ષ્મ અને એ અનંત પર્યાયનો પિંડ તે દ્રવ્ય, એ તો મહાસૂક્ષ્મ. આહા..હા..!

કહે છે, આ '**એક પદ છે તે આ...**' એમ છેને? '**જે આ જ્ઞાન નામનું...**' જાણવું.. જાણવું.. જાણવું... ચૈતન્યસૂર્ય એવું જે આ એક પદ છે '**તે આ પરમાર્થસ્વરૂપ...**' તે આ. જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ સ્વરૂપ આ છે આત્મા એનું જ્ઞાન, એમ જે ખ્યાલમાં આવ્યું,

એવો જે ખ્યાલ એ પર્યાય છે. એ સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યક્જ્ઞાનની પર્યાય, સમ્યક્ચારિત્રની પર્યાય ત્રણે પર્યાયરૂપ જ્ઞાનની પર્યાય છે. એ રાગની પર્યાય નથી. સમજાણું કાંઈ? એમ થયુંને? જુઓને! આ '**સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.**' મોક્ષ-ઉપાય તો ત્રણે આવ્યા. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ જ્ઞાન એક પદ છે એમ જ્યાં અંતર દૃષ્ટિ ગઈ ત્યારે એમાં પ્રતીત થઈ, એનું જ્ઞાન થયું, એમાં ઠર્યો, આ છે એમ જે અંદર ઠર્યો એ બધી જ્ઞાનની અવસ્થાઓ એ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ એ આ મોક્ષમાર્ગ ત્યાં થયો. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ગાથા ઊંચી છે. ઓહો..હો..!

'**એક પદ છે તે...**' આ સ્વરૂપમાં છે એવું જે જણાણું એ તો પ્રત્યક્ષ જ્ઞાનમાં જણાયું. મતિ અને શ્રુતજ્ઞાનના ભાવમાં 'આ છે, આ છે' એમ જણાણું. એવી જે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાય એમાં પ્રતીત પણ આવી ભેગી અને સ્થિરતા પણ આવી. એ ત્રણે જ્ઞાનનો પર્યાય એટલે રાગનો પર્યાય નહિ, એ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે. વળી સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે તો પરંપરા પણ મોક્ષ-ઉપાય હશે. એ તો વ્યવહારનું કથન છે. એ કથન, વસ્તુ નથી. વસ્તુ તો આ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ પરમાર્થસ્વરૂપ...**' પરમાર્થ કીધો હતોને પહેલો? '**આત્મા ખરેખર પરમાર્થ (પરમ પદાર્થ) છે...**' અહીંયા પણ પાછું લીધું હવે પર્યાયમાં. આ એક '**પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.**' વસ્તુ જે પરમ પદાર્થ પરમાર્થસ્વરૂપ છે એનું જ્ઞાન પણ પરમાર્થસ્વરૂપ એક છે અને તેની 'આ છે' એમ જે દૃષ્ટિ થઈ એ પણ પરમાર્થસ્વરૂપ પર્યાય સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે. ઓહો..હો..! ટીકા તે પણ ટીકા કરી છેને! થોડા શબ્દોમાં ઘણું ભર્યું છે. સમાવેશ એટલો છે... આવું શાસ્ત્ર બત્રીસ, પીસ્તાલીસ (સૂત્ર) જોઈ જોઈને વાંચે અને મરી જાય તોય હાથ આવે નહિ. આ તો એક શબ્દમાં હાથ આવી જાય. આહા..હા..!

આ સમયસાર છે. સમયસાર થોડુંક તો આવ્યું હશે, નહિ? અંદર ચોડવામાં. પૂરું થઈ ગયું? લ્યો, એ બધું ધ્યાન રાખે છે. ન્યાં પણ ધ્યાન રાખે અને ચોડવામાં ધ્યાન રાખે. ૧૪૩ થઈ ગયા પાટિયા? ૧૪૨ છે? બાકી છે? પ્રવચનસાર શરૂ થશે. પાંચ-છ પાટિયા છે, ઠીક. અહીં તો પૂરું થયું અહીં. સમજાણું? કોણ છે ઈ છોકરો? છોટુભાઈનો? ઠીક. લક્ષ રાખે છે, સાંભળવામાં ધ્યાન રાખે છે. આ તો આત્મા છે તો બધાએ ધ્યાન રાખવું જોઈએ. એમાં શું છે? બાળક, વૃદ્ધ એ તો આ દેહ છે. સમજાણું કાંઈ? આહા..હા..! તમે કલકત્તા રહો છોને? ત્યાં નથી દિલીપ? કેવો? ત્યાં જાઓ છોને ક્લાસમાં? દિલીપ ભણાવે છે. નહિ? ચારે કોર વલણ થઈ ગયું છે. મુંબઈમાં ભાઈ બહુ થઈ ગયું. ઓહો..હો..! માણસો.. બાયું પ્રશ્ન કરે, ઘણું કરીને બાયુંના પ્રશ્ન હતા. ઝીણા ઝીણા પ્રશ્ન.

મુમુક્ષુ :– ...

ઉત્તર :— હા, આવ્યું છે ઘાટકોપરનું. ... કહ્યું હતું, થોડુંક આવ્યું હતું. ઈ ત્યાં હતો. હું સૂતો હતો ત્યાં ... અને માથે ઓલા... પ્રવૃત્તિમય આખું. મુંબઈ તો મોહમયી નગરી છે. આહા..હા..!

અહીં તો ભગવાન નિવૃત્તસ્વરૂપ તદ્દન. આહા..હા..! રાગથી નવરો, નિમિત્તથી નવરો એવી જે આત્મા વસ્તુ એનું જે સ્વભાવ જ્ઞાન ત્રિકાળી ભાવ એમ જેણે કબુલ કર્યું, દૃષ્ટિમાં, જ્ઞાનમાં જ્ઞેય કરીને અને ઠરીને જેણે જાણ્યું કે આ આત્મા છે, એવી જે દશા થઈ... આહા..હા..! આ મોક્ષનો ઉપાય છે. હવે આમાં વિકલ્પ ને વ્યવહાર મોક્ષમાર્ગ છે.. ક્યાંનું ક્યાં.. હેરાન થઈ જાય છે. અરે..! ભાઈ! તારો માર્ગ તો તારી પરિણતિથી હોય. એ રાગની પરિણતિ તો અનાત્માની પરિણતિ છે. રાગાદિ જે દયા, દાન, વ્રતાદિના પરિણામ એ તો અનાત્મા છે. મોક્ષનો માર્ગ આત્માથી હોય કે અનાત્માથી હોય? આહા..હા..! અહીં તો અસ્તિથી જ વાત લીધી. સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.

ત્યારે એમ કહે છે કે એમાં જે અંદર વસ્તુ છે એને પ્રતીત અને જ્ઞેય બનાવતા જે જ્ઞાનની પર્યાયમાં ઓછી કે વિશેષ પછી વિશેષ એવા પ્રકાર પડે છેને? ઈ શું છે? એમ કહે છે. એક વાત દ્રવ્યની કરી, પછી ગુણની કરી, પછી પર્યાય મોક્ષનો ઉપાય એમ કહ્યું. હવે એ મોક્ષના ઉપાયમાં શુદ્ધિમાં જ્ઞાનનો શુદ્ધિ પહેલો પર્યાય થયો, પછી શુદ્ધિના અંશો વધે છેને? શુદ્ધિ એકરૂપ રહેતી નથી, અંશો વધે છે. મતિમાંથી નિર્મળ જ્ઞાન, સમ્યગ્દર્શન, શુદ્ધિ વિશેષ.. વિશેષ શુદ્ધિ એ ત્રણે જ્ઞાનની પર્યાયો છે.

**'અહીં, મતિજ્ઞાન આદિ (જ્ઞાનના) ભેદો...'** એ મતિજ્ઞાન સ્વસન્મુખ થઈને થયું, જેણે પોતાના આત્મપદને જ્ઞેય બનાવ્યું એવું જે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એણે પણ આત્માને જ્ઞેય બનાવ્યું, અવધિજ્ઞાન એણે પરને જ્ઞેય બનાવ્યું. સમજાણું? અને મનઃપર્યયજ્ઞાન એ પણ પરને જ્ઞેય બનાવ્યું, સામાના મનને, કેવળજ્ઞાન એ પણ લોકાલોક જાણે એ પરને જ્ઞેય બનાવ્યું. એ પણ અંતર વળેલા ભાવ છે, કહે છે. સમજાણું કાંઈ? જે આ **'મતિજ્ઞાન આદિ (જ્ઞાનના) ભેદો આ એક પદને ભેદતા નથી...'** એ શુદ્ધિની વૃદ્ધિઓ એકરૂપતાને અનેકરૂપ નથી કરતી. એ તો એકરૂપ જ્ઞાનભાવમાં એકરૂપતાની વૃદ્ધિ થાય છે. આમ ભેદ પડ્યો માટે અનેકતા છે એમ નથી. સમજાણું કાંઈ?

અંતરના દ્રવ્યસ્વભાવ અને ગુણસ્વભાવમાં જે જ્ઞાને સ્વને જ્ઞેય બનાવ્યું અને બનાવીને એ જ્ઞાનની પર્યાય વિશેષ વિશેષ શુદ્ધિને પામતી અનેકપણાને પામતી છતાં એ એકપણાને ભેદતી નથી, અનેકપણું બતાવતી નથી. **'તેઓ પણ આ જ એક પદને અભિનંદે છે...'** એ તો જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. ફલાણાનું જ્ઞાન, ફલાણાનું જ્ઞાન એવા ભેદ જ્ઞેયના કારણે એ એમાં નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનના ભેદને કારણે ભેદ હો, પણ એ ભેદ પણ

એકરૂપતાના ભેદ છે. એકરૂપપણું જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. શ્રદ્ધા.. શ્રદ્ધા.. શ્રદ્ધા.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. એકરૂપતા બધામાં. આવી વાત દ્રવ્ય, ગુણ, પર્યાયની કેવળી સિવાય ક્યાંય હશે? આ ફલાણા આમ કહે છે, ફલાણો આમ કહે છે. સાંઈબાબાને ભગવાન કહે છે. એને માનનારા પણ જૈનો છે, કહે છે.

મુમુક્ષુ :— આપ બધાયને ભગવાન કહો છો.

ઉત્તર :— ભગવાન, પણ એ તો વસ્તુએ. ભગવાન વસ્તુએ ભગવાન છે. આ તો પર્યાયમાં જાણનારા છે ને એવા મહાગુરુ આવ્યા છે એમ કહેતો હતો. રમેશ કહેતો હતો. આવ્યા હતા મારી પાસે, મહાગુરુ આવ્યા હતા, ચાલો સાંભળવા. વિનંતી કરવા આવ્યા હતા રમેશ ને.. અમે તો ક્યાંય જાતા નથી. કાંઈ ખબર ન મળે. બૈરા તો કહેને માર્ગ તો આ છે. જયંતિભાઈ ગયા હતાને? કુંડલાવાળા નહિ? ઈ એમ કહેતા હતા, કાનજીસ્વામી કહે છે એવું જ છે આ. ત્યાં મુખ્ય હતોને ઘાટકોપરમાં પહેલા. પછી મનમોહનદાસ થયા, પછી હવે અત્યારે બીજા ભોગીભાઈ છે. વિનંતી કરવા આવ્યા હતા. કુંડલાવાળા. બૈરા કહે કે એમ નહિ, મહારાજ પાસે કબુલ કરાવો. તમે કહો છો કે કાનજીસ્વામી જેવું આ છે. આપણને તો બેસતું નથી. અરે..! આ વાત ક્યાંય સર્વજ્ઞ સિવાય, તીર્થંકર પરમાત્મા જેના કેવળજ્ઞાનમાં જણાણું એ પર્યાયમાં જણાણું એ પર્યાય મોટી અને પહેલા સમ્યક્જ્ઞાનની પર્યાય નાની, એવા કહે છે કે ભેદો સમ્યક્જ્ઞાનમાં થતા નથી. હિનાધીકપણું ત્યાં નથી. હિન પર્યાય ને પછી અધિક ને એવા ભેદો તો એ તો ત્રિકાળ સ્વરૂપમાં એકરૂપતાને પામે છે. સમજાણું કાંઈ?

**'આ એક પદને...'** એટલે જ્ઞાનરૂપી એક ભાવ એકરૂપ સ્વભાવ પર્યાયમાં હોં! **'આ એક પદને ભેદતા નથી...'** એકરૂપતાને અનેકપણું બતાવતા નથી. આહા..હા..! ઈ અનેક હોવા છતાં એ એક.. એક.. એક.. અભેદતાને પમાડે છે. આહા..હા..! ભારે પણ ટીકા! ઓ..હો..હો..! **'આ એક પદને...'** એટલે આ કીધું હતુંને જે? જ્ઞાન એક પદ છે અને એનું પરમાર્થસ્વરૂપ તે સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે, એ એક પદને ભેદતા નથી. જ્ઞાનની પર્યાય શુદ્ધિની વૃદ્ધિ થઈ એ વૃદ્ધિ થઈ એટલે અનેકપણું ત્યાં નથી થતું. સ્વરૂપની એકતાપણાને એ જણાવે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ સાંભળવા મળે નહિ. સાંભળવા નવરાશ ન હોય. ત્રેવીસ કલાક ઓલામાં, એક કલાક મળે વખતે તો સાંભળવા જાય ત્યાં. ત્યાં એમ કહે, અપવાસ કરો તો નિર્જરા થાશે, વ્રત પાળો તો સંવર થાશે. અને સંવર અને નિર્જરા એ મોક્ષનો ઉપાય છે. લ્યો, હવે ... ભાઈ!

મુમુક્ષુ :—

ઉત્તર :— ઘણા.. અરે..રે..! આવો મનુષ્યદેહ.. આહા..હા..! જે કરવાનું કર્તવ્ય છે એની

ખબર ન મળે અને ન કરવાનું કરીને, કાંઈક કર્તવ્યમાં આવ્યા છીએ, કાંઈક કરીએ છીએ એમ માનીને બેસી ગયા. એની એ અનાદિની દશા છે એ તો. સમજાણું કાંઈ?

કહે છે, આ આત્મા **'એક પદને ભેદતા નથી...'** એની પર્યાયો એમ કહે છે. પર્યાયની વાત છે હોં આ. **'અહીં, મતિજ્ઞાન આદિ (જ્ઞાનના) ભેદો...'** એમ છેને? પર્યાયના ભેદની વાત છેને અહીંયા? **'આ એક પદને ભેદતા નથી...'** આહા..હા..! ત્યાં તો કહે, વ્રત પાળો, અહિંસા, સત્ય, દત્ત એ મહાવ્રત અને એ સાધુપણું. આહા..હા..! અને એ સાધુના ગુરુ એ આચાર્ય. આહા..! અમારે દરિયાપરીમાં તકરાર ચાલી છેને, બે જણા વચ્ચે, નહિ? છેને ઓલો શાંતિ એક છે, એ જુદો પડી ગયો છે.. એ ખબર નથી? બે જુદા પડી ગયા છે. ... ઠેકાણા વિનાના આચાર્ય. અત્યારે જુદા પડી ગયા છે. બીજા સાધારણ સાધુઓ જુદા પડી ગયા છે. ... એમાંય બે ભાગ પાછા. વસ્તુ તો બધી ખોટી, આહા..હા..!

અહીંયા તો કહે છે, જે સાક્ષાત્ જ્ઞાનની પર્યાયમાં શ્રદ્ધા, શાંતિ આદિ એ બધી જ્ઞાનની પર્યાયો છે. એટલે કે સ્વભાવની દશા છે. એ સ્વભાવ એ રૂપે થાય છે એમાં ભેદ જે દેખાય છે એ પદ એકને ભેદતા નથી **'પરંતુ તેઓ પણ આ જ એક પદને અભિનંદે છે...'** એકતાને જ એ ટેકો આપે છે. અંદરમાં અભેદ થાય છે, અભેદ થાય છે, અભેદ થાય છે. સમજાણું કાંઈ? આરે..! ... આહા..હા..! વીતરાગની વાણી આ છે. સર્વજ્ઞ પરમાત્મા.. આ ટીકા કરનારા પણ કેવી ટીકા! પરંપરા જે આવી છે એ ટીકા છે આ. અમૃતચંદ્રાચાર્ય, ઘણી ગંભીર ટીકા. વાચક શબ્દોમાં વાચ્યને બતાવવા, ઘણી ગંભીરતા! આ તો ધીરાના કામ છે. ઉતાવળે આંબા પાકે એવું આ નથી. આંબો વાવ્યો હોય અને કહે લાવો કેરી. વાવે ને તરત કેરી ક્યાંથી આવતી હશે? એને દસ વર્ષ જોઈએ. એમ શું ચીજ છે એને સમજવા માટે વખત જોઈએ.

**'પરંતુ તેઓ પણ...'** એટલે કે મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન ને અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન એવા જ્ઞેયના નિમિત્તે પડેલા ભેદો એ જ્ઞાનની એકતાને તોડતા નથી. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. બસ. સમજાણું કાંઈ? ચાર બોલ થયા. સમજાણું કાંઈ? એક આત્મ પદાર્થ કીધો પરમાર્થ, એવો એક જ્ઞાનપદ એનો સ્વભાવ પરમાર્થ, આ છે એને કબુલ્યું એવો પરમાર્થ મોક્ષનો ઉપાય અને એમાં ભેદ પડે છે ભિન્ન ભિન્ન એ પણ એકતાને પામે છે. આ ચોથો બોલ. કહો, સમજાણું કાંઈ? એને નિર્જરા થાય છે એમ કહે છે. આવા જીવ જે ત્રિકાળી જ્ઞાયકભાવ એનું અસ્તિપણું કબુલ્યું જે જ્ઞાને, શ્રદ્ધાએ, સ્થિરતાએ એ મોક્ષનો જે ઉપાય એ શુદ્ધ ઉપયોગ છે અને શુદ્ધ ઉપયોગને જ નિર્જરા કહેવામાં આવે છે. અને અશુદ્ધતા ટળે છે એને નાસ્તિથી નિર્જરા કહેવામાં આવે છે. શુદ્ધ ઉપયોગરૂપી ભાવ તે નિર્જરા. એ અસ્તિથી છે. અશુદ્ધતાનો નાશ તે નાસ્તિથી છે. અને કર્મનું ગળવું એ તો

અસદ્‌ભુત વ્યવહારનયથી કર્મ ટળે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

'**પરંતુ તેઓ પણ...**' તેઓ એટલે કોણ? મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિની નિર્મળતા વધે છે ઈ. '**આ જ એક પદને અભિનંદે છે...**' એકતાને જ ટેકો આપે છે, ભેદતાને ટેકો આપે છે એમ છે નહિ. આરે..! આ વસ્તુની ખબર ન મળે અને મુનિપણું લઈ લીધું, વ્રત લીધા માટે સંયમી થઈ ગયા. એકડા વિનાના મીંડા છે બધા. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરંતુ તેઓ પણ...**' એટલે મતિજ્ઞાનાદિ ભેદો પણ એકને એટલે અભેદતાને જ પામે છે. એમ. '**તે દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :—**' તે દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે.

'**જેવી રીતે આ જગતમાં...**' આ જગતમાં એમ લીધુંને? વાદળાં વાદળાં એનાથી '**ઢંકાયેલો સૂર્ય કે જે વાદળાંના વિઘટન અનુસારે...**' વાદળાં છૂટા પડે, વિખરાઈ જાય, નાશ થાય તેના પ્રમાણમાં '**પ્રગટપણું પામે છે,...**' તેના પ્રમાણમાં સૂર્યનો પ્રકાશ પ્રગટપણાને પામે છે. વાદળાંનું ઘટવું, વિખરાવું, નાશ થવું એના પ્રમાણમાં સૂર્યનો પ્રકાશ પ્રગટપણાને પામે છે. '**તેના (અર્થાત્ સૂર્યના) પ્રકાશનની (પ્રકાશવાની) હીનાધિકતારૂપ ભેદો...**' (પહેલા) થોડું પ્રકાશ્યું, પછી વિશેષ પ્રકાશ્યું, વિશેષ પ્રકાશ્યું... સૂર્યના '**પ્રકાશનની (પ્રકાશવાની) હીનાધિકતારૂપ...**' પહેલા થોડો પ્રકાશ હતોને, પછી અધિક પ્રકાશ (થયો). એવા '**ભેદો તેના (સામાન્ય) પ્રકાશસ્વભાવને ભેદતા નથી,...**' પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશ.. એમાં કોઈ ભેદ નથી. પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશ.. છે, ભલે થોડો કે ઘણો, પણ એની વસ્તુ તો પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશ છે. આ થોડો પ્રકાશ અને વિશેષ પ્રકાશ એવા ભેદ નથી. સમજાણું કાંઈ? આ તો દાખલો કઠણ પડે. '**વિઘટન અનુસારે...**' દૃષ્ટાંત છેને આ તો. વાદળાંમાં ઘટવા અને વિખરાવાની અપેક્ષાએ સૂર્યના પ્રકાશનું હીનાધિકપણું પ્રગટપણાને પામે છે.

'**તેવી રીતે કર્મપટલના ઉદયથી ઢંકાયેલો આત્મા...**' ભાષા. લ્યો, કર્મનું તો જડપણું છે પણ એના નિમિત્તનું લક્ષ થયું છેને, એથી કર્મપટલના ઉદયથી ઢંકાયેલો... ખરેખર એ કર્મનો જે ઉદય છે એ તો જડ છે. પણ તેમાં લક્ષ થતા, તેનું અવલંબન લેતા જે પર્યાયમાં ઢંકાવું થાય છે એવો જે આત્મા કે જે કર્મના વિઘટન અનુસારે. ઓલામાં વિઘટન છૂટું પડવું, વિખરાઈ જવું, નાશ હતું. અહીં ક્ષયોપશમ પ્રમાણે. માણસ આમ લે કે જુઓ! આના પ્રમાણે આ થયું. પણ અહીંયા તો પુરુષાર્થથી સ્વભાવની સન્મુખતામાં જ્ઞાનની એકતામાં જે વિકાસ થયો એ કર્મના ક્ષયોપશમનું નિમિત્ત છે એમ કરીને વાત કરી છે. સમજાણું કાંઈ? એક ગાથા સમજવા માટે પણ કેટલી.. શાસ્ત્રની ભાષાનું કાંઈક જ્ઞાન તો હોવું જોઈએને, જાણપણું આ જાતનું.

મુમુક્ષુ :— જ્ઞાનનું શું કામ છે?

ઉત્તર :— થઈ રહ્યું તો. તો આત્માનું શું કામ?

મુમુક્ષુ :— સુખનું કામ છે.

ઉત્તર :— સુખેય આત્મા વિના ક્યાં છે? બહારમાં સુખ છે ધૂળમાં? જ્ઞાન પોતે પદ છે એમાં સુખ પદ છે. જ્યાં આત્મા પરમ પદાર્થ છે ત્યાં સુખ પદ ત્રિકાળ પરમાર્થ પદાર્થ છે. એમ જે ત્રિકાળનો સ્વીકાર થતાં જે પર્યાયમાં આનંદ આવે એ સુખરૂપ દશા છે. એ આનંદની વૃદ્ધિ થાય તો એ વૃદ્ધિ થતાં સુખનું એકપણું ટળતું નથી. સુખ.. સુખ.. સુખ.. સુખ.. સુખ.. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનમાં સુખ અંશ છે, પાંચમે એથી વિશેષ છે, અતીન્દ્રિય આનંદ. પણ

અહીં તો કર્મના વિઘટનની અપેક્ષા લઈને એ રાગ જે છે એ હિણી દશા છે એનો અભાવ થતાં એ પોતાથી અભાવ થાય એ બધું કર્મનું ઘટવું છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'જે કર્મના વિઘટન (ક્ષયોપશમ) અનુસારે પ્રગટપણું પામે છે,...'** ભાષા આમ લ્યે, જુઓ! કર્મ છે આવરણરૂપે એનું ઘટવું થાય તો પ્રગટ થાય. એ તો નિમિત્તથી કથન છે. કેમ કે આત્માને કર્મના નિમિત્તથી થતી દશા એ આત્માનો સ્વભાવ નથી. એથી જરી બતાવવા કર્મના ઘટવાની અપેક્ષાએ, એના ક્ષયોપશમની અપેક્ષાએ એને અનુસારે પ્રગટપણું પામે છે. જ્ઞાન પ્રકાશપણાને પામે છે. સમજાણું કાંઈ? કઈ નયથી કથન છે એમ ન જાણે, શબ્દાર્થ એકલો કરે તો થઈ જાય કે કર્મના ઘટવાથી જ્ઞાન થાય, કર્મના ક્ષયોપશમથી અહીં જ્ઞાન થાય.

મુમુક્ષુ :— લખ્યું છે સમયસારમાં.

ઉત્તર :— લખ્યું છે પણ કઈ અપેક્ષાએ? એનો ક્ષયોપશમ થવો પર્યાય એ પણ એનો ખરો સ્વભાવ નથી. સમજાય છે? એને નિમિત્તની અપેક્ષા છે, ભલે નિમિત્તના અભાવની અપેક્ષા છે. એથી એને કહ્યું કે કર્મના નિમિત્તથી ઘટતા ઘટતા ક્ષયોપશમ થતાં જે અહીં જ્ઞાનની વૃદ્ધિ થાય **'તેના જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો...'** જ્ઞાનનો પ્રકાશ વર્તમાન જ્ઞાનની પર્યાયે જ્ઞાયકને જ્ઞેય બનાવીને જે પર્યાય પ્રગટી.. આહા..હા..! **'જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી...'** જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જેમ ઓલો પ્રકાશ... પ્રકાશ.. પ્રકાશ.. વાદળાં ઘટવાથી પણ પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશ છે કે બીજું કાંઈ છે એમાં? સામાન્ય પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશ.. એમ સામાન્ય. પર્યાય સામાન્ય હોં! સમજાણું કાંઈ? આ સામાન્ય ત્રિકાળ દ્રવ્યની વાત નથી.

ત્રિકાળી વસ્તુ અને એનો જ્ઞાનસ્વભાવ એ છે એમ જે જ્ઞાને જાણ્યું એ જ્ઞાનની પર્યાય ક્ષણે ક્ષણે વધતી જાય છે, એવા જે ભેદો તે અભેદતાને અભિનંદે છે. એ ભેદ તોડીને ભેદમાં જાય છે એમ નથી. આહા..! **'તેના જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો...'** પહેલા જ્ઞાન ઓછું હોય, પછી વિશેષ (થાય), આ જ્ઞાનનો અર્થ પોતાનું જ્ઞાન હોં! આત્માનું જ્ઞાન પહેલું

થોડું હોય, મતિ આદિ, શ્રુત આદિ પછી વિશેષ થઈ જાય એવા પ્રકારો હોવા છતાં તેના જ્ઞાનસ્વભાવને એટલે પર્યાયમાં એકરૂપતાના જ્ઞાનને... પર્યાયની વાત છે આ, સામાન્યપણું એ પર્યાયની વાત છે. સમજાણું કાંઈ? નહિતર દ્રવ્યસામાન્ય, ગુણસામાન્ય અને પર્યાય એકરૂપ એ અપેક્ષાએ સામાન્ય કીધી છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનસ્વભાવને ભેદતા નથી...**' ભલે હીનાધિક દશાઓ થાય. જ્ઞાનની એટલે શ્રદ્ધાની, શાંતિની, વીતરાગતાની એવી હીનાધિક અવસ્થાઓ થાય પણ એ હીન અધિક થઈ એ ભેદતાને પામતી નથી, એકતાને પામે છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. એમ ત્યાં જ્ઞાનમાં આ ફલાણું.. ફલાણું.. એવું નથી ત્યાં. '**(સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી...**' આ સામાન્ય એટલે શું? પર્યાય કે ગુણ? એ.. છોટાભાઈ! પર્યાયની વાત ચાલે છે. ... પર્યાયની વાત છે. ત્રિકાળી દ્રવ્ય, ત્રિકાળી ગુણ જેમ સામાન્ય એકરૂપ છે એમ પર્યાય એકરૂપતાને સામાન્યપણાને, હીનાધિકતા તે સામાન્યપણાને ભેદતી નથી. એકપણાને અભિનંદે છે. ભારે ટીકા પણ! એક એક શબ્દ અને એક એક ભાવ.. આહા..હા..! દિગંબર સંતોએ જગત પાસે કરુણા કરીને આવી ટીકા બની છે. ભાવમાં એમ આવે.. ઓહો..! આવું જે સમયસાર ગૂઢ છે એને સ્પષ્ટ કર્યા વિના લોકો નહિ સમજી શકે. એવી કરુણાબુદ્ધિથી એ થવામાં નિમિત્ત પણ એને કહે છે. કરુણાબુદ્ધિને નિમિત્ત કહે છે.

'**(સામાન્ય) જ્ઞાનસ્વભાવને...**' સામાન્ય જ્ઞાનસ્વભાવ એટલે? ત્રિકાળી દ્રવ્ય, ત્રિકાળી ગુણ અને અહીં પર્યાયમાં જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. એવું જે સામાન્યજ્ઞાન, જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. એવું સામાન્યજ્ઞાન. એવા '**(સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી પરંતુ ઊલટા તેને અભિનંદે છે.**' ભેદતા તો નથી પણ એકતામાં વિશેષ મદદ (કરે) છે. સમજાણું કાંઈ? ઓલો એક જણો કહે, પંદર દિ'માં સમયસાર વાંચી ગયો. નવ તત્ત્વની વાત છેને એમાં? નવ નહિ પણ એકની, લેને. એકની વાત છે પણ એકને સમજવા એક્કો બાદશાહથી ચડી જાય છે. આવે છે કે નહિ તમારે? રમત રમત. શું કહેવાઈ ઈ? હુકમનો એક્કો. ગુલ્લો, રાણી, બાદશાહ અને એક્કો. ગુલ્લો ગુલ્લો શું કહેવાય? ચડી જાય ઈ. હુકમનો એક્કો આવ્યો એટલે થઈ રહ્યું, જાઓ.

દ્રવ્ય એકરૂપ, ગુણ એકરૂપ અને પર્યાયની હીનાધિકતા હોવા છતાં એકરૂપ. આહા..હા..! જાધવજીભાઈ! આવું સ્વરૂપ છે આ. રૂપિયા રળવામાં આવી કાંઈ મહેનત કરવી પડી નથી હોં! એ તો એની મેળાએ આવવું હોય તો આવે પુણ્યને લઈને. આ તો એક એકમાં પ્રયત્ન જોઈએ. આહા..હા..! એને આચાર્ય તો કહે છે, આજે જ કરી લે. શરૂઆત કરી લે અહીંથી. આહા..હા..! ભાઈ! વાયદા ન કર. અંતર સત્તાના સ્વીકારને આજથી શરૂ કરી દેને. સમજાણું કાંઈ? રતિભાઈ! આમાં પોષા ને પડિકમણા શું કરવું આમાં? બધા કરી કરીને (મરી ગયા).

..માં કર્યા, વળી પોરબંદરમાં કર્યા. સામાયિક કરી ને પોષા કર્યા ને પડિકમણા કર્યા સાંજ સવાર.

મુમુક્ષુ :— ...સરવાળો દેખાણો નહિ.

ઉત્તર :— મીંડામાં સરવાળો શું આવે? મીંડા કર્યા હોય લાખ, એનો સરવાળો એક આવે? આહા..હા..! આ તો એકડો.. એક. આહા..હા..!

એકરૂપ વસ્તુ, ગુણ એકરૂપ અને એની પર્યાયનું એકરૂપપણું. ઓહો..હો..! ગજબ વાત કરે છે! એ એકડો શરૂ થઈ ગયો એનો, બગડો નહિ હવે ભેદ નહિ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં નિર્જરા થાય છે એમ કહે છે. ત્યાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે. અશુદ્ધતા ટળે અને કર્મ ગળે. આ એનો ઉપાય છે. અપવાસ કર્યા ને કર્મની નિર્જરા થાય ને... ઓલા દાખલો આપેને? તપેલાને મોટો કાટ ચડ્યો હોય તો કાથી ને વઢવાણની રેતી જોઈએ. આજ રેતી લાવ્યા છે. તપેલા ઉપર ઘસે તો મેલ ટળે. એમ હાથ ફેરવ્યા કરે તો મેલ ટળતો હશે? ગપેગપ મારે. દાખલાય ખોટા એના.

અહીં તો આત્માની અંદરમાં એનું એક પદ સ્વરૂપ છે એવો જ્યાં અંદર સ્વીકાર થયો ત્યાં અશુદ્ધતા ટળતી જાય છે. અશુદ્ધતા ટળે છે એ પણ એક અશુદ્ધનિશ્ચયનયનું વચન છે. આહા..હા..! કર્મ ગળે છે એ અસદ્‌ભુત વ્યવહારનયનું વચન છે, શુદ્ધિ થાય છે એ સદ્‌ભુત વ્યવહારનયનું વચન છે. કહો, સમજાણું કાંઈ? '**(સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી પરંતુ ઊલટા તેને અભિનંદે છે.**' આહા..હા..! નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. બસ એક જ પ્રકાર. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. ત્રિકાળી પદાર્થમાં જ્ઞાનપદ એકરૂપ, તો એને સ્વીકારનાર જ્ઞાનની પર્યાયમાં પણ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. સમજાણું કાંઈ? અગ્નિ.. અગ્નિ.. અગ્નિ.. અગ્નિ.. આ તરણાની અગ્નિ, લાકડાની અગ્નિ, છાણાની અગ્નિ. એ બધું કાઢી નાખીને કહે છે, અગ્નિ.. અગ્નિ.. અગ્નિ.. અગ્નિ.. અગ્નિ.. સમજાણું કાંઈ? એમ મતિજ્ઞાન આને જાણે, શ્રુતજ્ઞાન આને જાણે, અવધિ આને જાણે એ બધું કાઢી નાખ, કહે છે. એ બધું જ્ઞાન આત્માને જાણે. આહા..હા..! ગજબ શૈલી છે!

એવો ભગવાન આત્મા એની સત્તાનો સ્વીકાર પ્રત્યક્ષ જ્ઞાનમાં આવતા જે જ્ઞાન ઓછું, વૃદ્ધિ પામે, વૃદ્ધિ પામે એવા અંશો હોવા છતાં એકતાને એ ટેકો આપે છે. અંદરમાં એકપણું પામે છે. ભેદ પાડીને વિકલ્પ થાય છે કે ભેદ રહે છે એમ છે નહિ. ઓહો..હો...! એક ગાથા, કાલે કળશ આવ્યો હતો, નહિ? આહા..હા..! '**ઊલટા તેને અભિનંદે છે. માટે જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે...**' જ્ઞાન એમાં અંતરમાં જ એકાકાર થાય છે. જ્ઞાનની પર્યાયો વૃદ્ધિ થઈ, હીન કે વૃદ્ધિ, પણ એ બધું ભેદતાને પામી નથી. અંદરમાં એકતા થાય છે એથી પર તરફના લક્ષવાળી જ્ઞાનદશા છૂટી જાય છે. અથવા આ આનું જ્ઞાન, આનું જ્ઞાન એમ નહિ પણ જ્ઞાનનું જ્ઞાન. સમજાણું કાંઈ? આ રાગને જાણે જ્ઞાન, આ દ્વેષને જાણે જ્ઞાન,

શરીરને જાણે, કર્મને જાણે એ બધું નહિ. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન જ્ઞાનને જાણે. બહુ ... હવે આ નિર્જરા બતાવે છે અહીં. આવું જેને થાય એને નિર્જરા કહેવાય. હજી તો એ વાત ભેજામાં પકડાવી કઠણ પડે. આહા..હા..! પ્રયોગ, વસ્તુ પોતે આવી છે એમ અંદરમાં અજમાયશ કરવા માટે અનંત પુરુષાર્થ છે. સમજાણું કાંઈ?

'**એવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ...**' આહા..હા..! '**માટે જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે એવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ...**' એ આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એટલે આત્માનું જ '**એકનું આલંબન કરવું.**' એ આલંબનમાં એકનું આલંબન કરવું. આહા..હા..! ભગવાનની મૂર્તિનું આલંબન એ શુભભાવમાં જાય છે. રાગનું આલંબન નહિ, પર્યાયનું આલંબન નહિ. એકલા ચૈતન્યની એકતાનું આલંબન કરવું. એનાથી એને નિર્જરા થાય છે. વિશેષ એનું સ્પષ્ટીકરણ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ-૯, બુધવાર, તા. ૨૮-૦૩-૧૯૭૩**
**ગાથા-૨૦૪, શ્લોક-૧૪૧, પ્રવચન-૩૫૧**

૨૦૪ ગાથા, નિર્જરા (અધિકાર). અહીં આવ્યું છે. '**જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે એવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એકનું આલંબન કરવું.**' 'જ' બહુ આવે છે. એ.. ચેતનજી! બધે ઠેકાણે 'જ' આવે છે. આહા..હા..! શું કહે છે? કે આત્મ પદાર્થ જે વસ્તુ છે ઈ એક છે અને એનો જ્ઞાનભાવ પણ એકરૂપ છે. એ જ્ઞાનભાવનું આલંબન લેતા જે પર્યાય પ્રગટે એમાં અનેકપણાની પર્યાય હોવા છતાં એકપણાને અભિનંદે છે. જ્ઞાનમાં એકત્વ થાય છે, ભેદ પડતો નથી. એવા '**સમસ્ત ભેદ દૂર થયા છે એવા આત્મસ્વભાવભૂત...**' ઓહો..હો..! માખણ છે એકલું! આત્મસ્વભાવભૂત જ્ઞાન. આત્મદ્રવ્ય છે એનો સ્વભાવ સ્વરૂપભૂત એટલે ત્રિકાળ એનું સ્વરૂપ, એવું જે જ્ઞાનનું જ એકનું આલંબન કરવું. જ્ઞાનસ્વભાવ જે આત્મસ્વભાવભૂત વસ્તુ એનું એકનું જ આલંબન કરવું. લ્યો, આ પ્રતિમાનું આલંબન, દેવ-ગુરુ-શાસ્ત્રનું આલંબન એ બધું આમાં રહ્યું નહિ. આ તકરાર છેને? શ્વેતાંબર અને સ્થાનકવાસી વચ્ચે. ભગવાનની મૂર્તિ આલંબન છે, ફલાણું આલંબન છે. એ

તો શુભભાવ હોય ત્યારે નિમિત્તરૂપે આલંબન કહેવામાં આવે, પણ એ હેય છે. આહા..હા..! ભગવાન આત્માનો જે સ્વભાવ, જ્ઞાનસ્વભાવભાવ ભાવ આત્મસ્વભાવભૂત જ્ઞાન એનું એકનું જ, એમ પાછું. જ્ઞાનનું જ એકનું આલંબન કરવું. એટલે અહીંયા અનંતા ગુણો જ્ઞાન સાથે અવિનાભાવ છે પણ જ્ઞાનની પ્રધાનતાથી આત્માને જ્ઞાનસ્વભાવ જ વર્ણવ્યો એકલો. એનું એકનું જ આલંબન કરવું. લ્યો, આલંબન કરવું. કરવું એમ કહ્યું ન્યાં. ત્રિકાળ આત્મજ્ઞાન સ્વભાવભૂત એનું એકનું જ આલંબન કરવું. એના તરફનો આશ્રય એકનો જ આશ્રય કરવો, એકનો જ આશ્રય કરવો.

'**તેના આલંબનથી જ...**' બધે 'જ' છે. '**તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે,...**' જ્ઞાનસ્વભાવ આત્મભૂત ત્રિકાળ એનું આલંનબ કરતાં વસ્તુની સ્થિતિ છે એ નિજ પદની પ્રાપ્તિ થાય છે. આત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ એની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાણું કાંઈ? ત્યારે એમ કહે કે, આવું જ્યારે છે પછી આ બધું શું ઉપાધિ? મંદિરો ને મૂર્તિઓ? એ તો વચ્ચે એવા વિકલ્પ આવે છતાં એ હેય છે. એ વ્યવહાર વચમાં આવે. સમજાય છે? પણ એ વ્યવહાર પુણ્યબંધનું કારણ છે. એ બને છે વસ્તુ તો એને કાળે એ બને છે, એને સ્વકાળે એ બને છે. એમાં ઉપસ્થિત પ્રાણી ભક્તિવાળો હોય એનો શુભભાવ નિમિત્ત તરીકે કહેવાય. શુભને એ નિમિત્ત કહેવાય અને.. સમજાણું? શુભભાવને એને નિમિત્ત કહેવાય. થનારને શુભ નિમિત્ત અને શુભને એ વસ્તુ નિમિત્ત. ભગવાનની મૂર્તિ આદિ. એવી એક ચીજ વચમાં આવે છે. એ વ્યવહાર એને વ્યવહાર કહેવાય છે. સમજાણું કાંઈ?

'**તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે,...**' કોઈ ભગવાનનું આલંબન કે મૂર્તિનું આલંબન કે સમવસરણનું આલંબન કે એના આલંબનથી નિજ પદની પ્રાપ્તિ છે એમ છે નહિ. ત્યારે કેટલાક ઉડાવે છેને કે સમયસારમાં તો આમ કહ્યું છે. ત્યાં મૂર્તિનું દેરાસરનું આલંબન નથી. આ તો મફતના વચમાં કરે છે એમ કહે છે. એઈ..! અરે..! કરે કોણ? બાપુ! તને ખબર નથી, ભાઈ! એ વચમાં એવો ભાવ, પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે એને કાળે એ સ્વકાળમાં એને ચારિત્રનો કાળ હોય રાગનો, હોય છે અને એ રાગનું લક્ષ જે પ્રકારનો રાગ હોય એવું ત્યાં લક્ષ જાય. કોઈ દયાનું હોય તો ત્યાં જાય, ભક્તિનું હોય તો ત્યાં જાય, સ્તુતિ આદિનું હોય તો ત્યાં જાય. એવા અસંખ્ય પ્રકારના રાગ તે પ્રકારે ઉત્પન્ન થવાને કાળે થાય. છતાં એના આલંબનથી કલ્યાણ નથી. ત્યારે કલ્યાણ નથી તો કરવું શું કરવા? એઈ..! ચીમનભાઈ! એ આવે વચમાં. એ આવે વચમાં શુભભાવ એવા. વીતરાગ ન હોય ત્યાં શુભભાવ આવે પણ એથી કરીને એમ માને કે એનાથી અહીં નિર્જરા થાય કે કલ્યાણ થાય કે ધર્મ થાય એમ નથી.

**'તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે,...'** ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ, જ્ઞાનસ્વભાવભૂત એનું લક્ષ કરતાં, એનું આલંબન લેતાં તે વસ્તુની પ્રાપ્તિ થાય છે કે આ આત્મા પૂર્ણાનંદ અને જ્ઞાનથી ભરેલો છે. ઝીણું બહુ પણ. છોટાભાઈ! આ તો સંપ્રદાયમાં તો વ્રત કરવા, અપવાસ કરવા.. નિર્જરા થઈ જાય. અહીં તો કહે છે કે વ્રત ને તપ તારા વિકલ્પ છે એ બંધના કારણ છે. એના આલંબને કલ્યાણ થાય એમ વસ્તુ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— જે વિધિ હોય એ વિધિએ માર્ગ કપાય.

ઉત્તર :— આ વિધિએ માર્ગ કપાય. એમ છે.

તેના આલંબનથી જ એટલે જ્ઞાનનું એકનું જ આલંબન કરવું. કરવું કહ્યુંને અહીંયા. એટલે એનો અર્થ કે એના તરફનો આશ્રય કરવો. એ આશ્રય કરતાં એનું પરિણમન સહજ થઈ જાય છે. આહા..હા..! ત્રિકાળ જ્ઞાયકભાવ એવું આત્મસ્વભાવભૂત જ્ઞાન એનો આશ્રય કરતાં પરિણતિ શુદ્ધ થાય છે. એમાં નિજ પદની પ્રાપ્તિ થાય છે કે આ આત્મા. સમજાણું કાંઈ? જેને જન્મ મરણથી રહિત થવું હોય તો આ ઉપાય છે. બાકી ચોર્યાશીના અવતારમાં રખડી મર્યો છે. અનંત કાળથી એમને એમ છે. 'ભવે ભવે જિન પૂજિયો' એવું આવે છે શાસ્ત્રમાં લ્યો. જિનવરની પૂજા પણ સમવસરણમાં ભવો ભવ કરી, અનંત ભવ કરી એમ કહે છે. એ શુભભાવ છે. એ કંઈ ધર્મ નથી. ત્યારે કરવો શું કરવા? પણ ઈ આવ્યા વિના રહેતો નથી. એ.. ચેતનજી! એક વળી ઈ લાવ્યા છે કે અશુભથી બચવા શુભ લેવો જોઈએ. લે શું? આવે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— શુભથી બચવા માટે શુદ્ધ છે એમ છે? બચવા માટે શુદ્ધ છે? એનો આશ્રય લે ત્યાં શુભ એને હોતું જ નથી. આહા..હા..! ઠીક છે. મોક્ષમાર્ગમાં કહ્યું છે. શુભ આવેને છેલ્લો માટે શુભ હોય તો શુદ્ધતા એને થાય. છેલ્લે શુભ હોય. એમ નથી. નિજ સ્વભાવની પ્રાપ્તિમાં કોઈને આશ્રય અને આલંબન છે જ નહિ. ત્રિકાળ વસ્તુનું જ એકલું આલંબન છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુના સ્વભાવની પ્રાપ્તિ માટે કોઈપણ પરની અપેક્ષા છે જ નહિ. નિરપેક્ષ આવ્યું નહિ? નિયમસારમાં, ત્રીજા ગાથા. નિરપેક્ષ રત્નત્રય છે. જેને રાગ અને વ્યવહારના અવલંબનથી આ હતું માટે અહીં થયું છે એમ છે જ નહિ. એવો જ આત્મસ્વભાવ નિરાલંબી પરની અપેક્ષા વિનાનો. સ્વભાવથી જણાય અને પ્રત્યક્ષ થાય એવો જ એનો સ્વભાવ છે. આહા..હા..!

**'તેના આલંબનથી જ પદની પ્રાપ્તિ...'** પદ એટલે પોતાનું પદ. **'પદની પ્રાપ્તિ થાય છે, ભ્રાંતિનો નાશ થાય છે,...'** પછી લીધું જોયું? નિજ સ્વરૂપ આનંદઘન જ્ઞાયકભાવ

એનો આશ્રય લેતાં નિજપદની પ્રાપ્તિ થતાં સમ્યગ્દર્શન થાય છે અને તેથી ભ્રાંતિનો નાશ થાય છે. '**ભ્રાંતિનો નાશ થાય છે,...**' પર્યાયબુદ્ધિ, પર્યાય જેટલો છું, અંશ જેટલો છું એવી મૂળ ભ્રાંતિ તો ત્યાં રહી છે આખી. નિમિત્તને લઈને અને રાગને... પણ અંશબુદ્ધિ છે એ જ પર્યાયબુદ્ધિ. પરિણામમાં પરિણામની બુદ્ધિ રહી ગઈ છે. કેમકે પરિણામ પ્રગટ છે અને એની બુદ્ધિ જ એને અનાદિથી રહી ગઈ છે. સમજાણું કાંઈ? એક સમયના પરિણામમાં જ એની બુદ્ધિની રમતું છે. એ મિથ્યાત્વ ભાવ છે.

'**ભ્રાંતિનો નાશ થાય છે,...**' મિથ્યાત્વની ઉત્પત્તિ થતી નથી. એમ. સ્વરૂપનું આલંબન લેતા, જ્ઞાનસ્વભાવી વસ્તુમાં સ્થિર થતાં 'આ વસ્તુ છે' એવી એની પ્રાપ્તિ થાય છે અને પ્રાપ્તિના કાળમાં જ ભ્રાંતિની ઉત્પત્તિ થતી નથી. સમજાણું કાંઈ? એ વખતે ભ્રાંતિ હતી અને નાશ થઈ એમ નથી. આ કાળે આમ થયું એટલે ભ્રાંતિ ત્યાં ઉત્પન્ન થતી નથી. એટલે ભ્રાંતિનો નાશ થાય છે. નિજ પદની પ્રાપ્તિની પર્યાય ઉત્પન્ન થઈ, ભ્રાંતિનો નાશ થયો. ધ્રુવનું અવલંબન રહી ગયું. '**આત્માનો લાભ થાય છે,...**' ભાષા. (અર્થાત્) સ્વરૂપમાં સ્થિરતાની શાંતિ થાય છે. આત્માનો લાભ થાય છે. નિજ પદમાં તો કીધું હતું એણે, એકલું ફક્ત જ્ઞાનના એકના આલંબનથી પ્રાપ્તિ થાય છે. પ્રાપ્તિ થાય એનો અર્થ વિસ્તાર કર્યો. એમ કરીને આત્માનો લાભ થાય છે. એને આનંદનો લાભ થાય છે એમ કહે છે. આ નિર્જરા. આહા..હા..!

અનંતા ગુણોનો સમુદાય આત્મા.. પહેલા જ્ઞાનની વાત લીધી હતીને? જ્ઞાનસ્વભાવભૂત પહેલું એકલું હતું. હવે એના પદની પ્રાપ્તિ થતાં, ભ્રાંતિનો નાશ થતાં આત્માની પ્રાપ્તિ-લાભ થાય છે. લ્યો! આ આત્માનો લાભ. લાભ સવાયા નથી કરતા વાણિયા? બારણા ઉપર લખે કે નહિ? એને તો પૈસાનો હોય. પૈસાનો લાભ. એ.. છોટુભાઈ! લખે છે કે નહિ બારણામાં? લાભ સવાયા. બીજું શું છે? શુભ શુભ..

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, ઈ પણ લખે છે, લખે છે. માથે લખે છે. આહા..હા..! ધૂળેય શુભ નથી અને લાભ પણ નથી ત્યાં. આહા..હા..!

અહીંયા આત્મા ભગવાન જ્ઞાનસ્વભાવમાં પ્રાપ્ત થતાં અનંતા ગુણની પર્યાયની પ્રાપ્તિ એને થાય છે. '**આત્માનો લાભ થાય છે,...**' વાહ! જે આત્માનો અલાભ હતો અનાદિથી, પર્યાયબુદ્ધિમાં જે આત્માનો અલાભ હતો એ વસ્તુબુદ્ધિ થતાં એને આત્મા અનંત ગુણનો પિંડ આ છે એવું અનુભવમાં આવે છે. '**અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે,...**' લ્યો. આ અસ્તિ નાસ્તિ કરી. અનાત્મા એટલે રાગાદિ એનો પરિહાર સિદ્ધ થાય છે. રાગાદિ એમાં ઉત્પન્ન થતા નથી. ભ્રાંતિનો નાશ કીધું, પણ પાછું વિશેષ લીધું હવે. બધા જ ગુણો પ્રાપ્ત થતાં અનાત્માનો, બધા દોષો રાગાદિ છે એનો નાશ થાય છે, પરિહાર સિદ્ધ થાય છે.

ત્યારે અનાત્માનો પરિહાર-અભાવ સાબિત થાય છે. આહા..હા..! એની સમજમાં આ રીતની આ કળા ન મળે એ શી રીતે કરે? ઓહો..! ... આનાથી આમ થાય ને આનાથી આમ થાય. રખડી મર્યો છે અનાદિથી. દુઃખી.. દુઃખી.. દુઃખી.. સુખસ્વરૂપ ભગવાન આત્મા.. ઈ કહેશે.

'**આત્માનો લાભ થાય છે, અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે,...**' વસ્તુનો સ્વભાવ જ્ઞાન, એ જ્ઞાનભૂતનું આલંબન લેતા, એકનું આલંબન લેતા એને નિજપદની પ્રાપ્તિ થાય, ભ્રાંતિનો નાશ થાય, આત્માનો લાભ થાય, અનાત્માનો પરિહાર થાય. '**(એમ થવાથી) કર્મ જોરાવર થઈ શકતું નથી,...**' લ્યો. કર્મ જોરાવર થઈ શકતું નથી એટલે વિકાર જોરાવર થઈ શકતો નથી. એટલે વિકાર ત્યાં હોતો જ નથી એટલે કર્મ જોરાવર થઈ શકતું નથી. નહિતર પહેલા કર્મ જોરાવર થતું? કર્મ ઉપર લક્ષ થતાં વિકારનું જોર હતું એ વિકારનું જોર હવે ઉત્પન્ન થતું નથી. આહા..હા..! એ પુણ્ય પાપના ભાવ અને જડ કર્મ બેય એક ચીજ છે. એટલે કર્મ જોરાવર થઈ (શકતું નથી). એટલે પહેલા કર્મ જોરાવર થઈ શકતું હતું એમ હતુંને? એનો અર્થ સમજવો જોઈએને. રાગ અને પર્યાયબુદ્ધિ હતી ત્યાં વિકારનું જ જોર હતું. મિથ્યાત્વનું જોર હતું એ અહીં જોર રહેતું નથી. આહા..હા..!

ક્રમ કેવો મૂક્યો જુઓને! '**રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી,...**' જુઓ ઈ આવ્યું. એ રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી. સ્વરૂપની સ્થિરતા દ્વારા અંદરમાં એને રાગદ્વેષનો નાશ થાય છે એમ ન લેતાં ઉત્પત્તિ થતી નથી. આહા..હા..! પૂર્ણ જ્ઞાનસ્વભાવ એવો જે આત્મા એનો આશ્રય લેતા એને નિજ પદ 'આ વસ્તુ છે' એમ પ્રાપ્તિ થઈ, ભ્રાંતિનો નાશ થયો, આત્માનો લાભ થયો, અનાત્માનો પરિહાર થયો, કર્મ જોરાવર થયું નહિ એટલે રાગદ્વેષમોહની ઉત્પત્તિ થતી નથી. પાછો મોહ પણ નાખ્યો છે ભેગો. '**(રાગદ્વેષમોહ વિના) ફરી કર્મ આસ્રવતું નથી,...**' એને નવા કર્મ આવતા નથી. કર્મ આવતા નથી. આહા..હા..! ઓલામાં જોરાવર હતું મિથ્યાત્વભાવમાં, એ જોરાવર રહ્યું નહિ અને રાગદ્વેષ હવે થતા નથી એટલે કર્મ આવતું નથી. આહા..હા..! એને '**ફરી કર્મ બંધાતું નથી,...**' આસ્રવ થતો નથી એટલે બંધાતું નથી.

એટલેથી ન અટકતા (આગળ કહે છે), '**પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું નિર્જરી જાય છે,...**' લ્યો. હવે નિર્જરા સુધી લઈ જવું છેને. '**પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું...**' એમ લીધું છે. એનો અર્થ કે એનો પાક આવીને ખરી જાય છે. આહા..! '**પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું...**' કર્મ બંધ ભોગવાય છે? પણ જે કર્મના નિમિત્તમાં પાક આવતો વિકારનો એ હવે એને છે નહિ. તેથી કર્મ ભોગવાયું થકું પૂર્વનું આવેલું ખરી જાય છે. નિર્જરા લીધી. પહેલા સંવર લીધો. જોયો? કર્મ આસ્રવતું નથી એ સંવર લીધો. કર્મ બંધાતું નથી

એને બંધ અટકી ગયો, એની નિર્જરા થઈ. હવે '**સમસ્ત કર્મનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે.**' લ્યો. સમજાણું કાંઈ? બધા કર્મનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે. મોક્ષસ્વરૂપ તો છે. શક્તિરૂપે મોક્ષસ્વરૂપ જ આત્મા છે. પર્યાયમાં સાક્ષાત્ મોક્ષ થાય છે. '**(આવું જ્ઞાનના આલંબનનું માહાત્મ્ય છે).**' આહા..હા..! વસ્તુ અને વસ્તુનો સ્વભાવ જે જ્ઞાન ત્રિકાળી ભાવ એનું જે આલંબન એનું આ ફળ છે. એના આલંબનથી જ ભ્રાંતિ નાશ થાય, આત્મલાભ થાય, ચારિત્ર પ્રાપ્ત થાય, નિર્જરા થાય અને મોક્ષ થાય. બીજાના કારણે થાય એમ અહીં નહિ, વ્યવહાર વચમાં આવે માટે ત્યાં થાય એમ નહિ. કહો, સમજાણું?

'**(આવું જ્ઞાનના આલંબનનું માહાત્મ્ય છે).**' ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ એનો આશ્રય, આધાર, આલંબન લેતાં ક્રમે ક્રમે આ બધા લાભ થાય છે. છેવટે એના આલંબનથી મુક્તિ થાય છે. આમ તો ચારિત્રથી મુક્તિ થાય છે એમ કહેવું છે. પણ ઈ આવી ગયું બધું. જ્ઞાનમાં લાભ થતાં બધા ગુણોનો લાભ એકાગ્ર થતાં ચારિત્ર થાય છે. સંવર થઈ ગયોને ઈ. કર્મ બંધાતું નથી, નિર્જરી જાય છે, મોક્ષ થાય છે લ્યો. ભાવાર્થ. બહુ સરસ વાત આ છે.

મુમુક્ષુ :— ૩૮મી ગાથામાં શું છે?

ઉત્તર :— ૩૮મી ગાથામાં ઈનું ઈ છે, બીજું શું? પર્યાયનો (આશ્રય) નાશ થઈને દ્રવ્યનો આશ્રય કરતાં થાય છે એમ કીધું છે. અહીં આલંબન આશ્રય કરીને થાય છે. પર્યાયનો આશ્રય આમાં નથી. ત્યાં તો પર્યાયને નાશવાન કીધી. સર્વ તત્ત્વમાં સારભૂત ત્રિકાળી જ્ઞાયકભાવ છે.

મુમુક્ષુ :— આમાં જ્ઞાનભાવ લીધો.

ઉત્તર :— ઈ તો ઈનું ઈ છે. જ્ઞાનગુણને જુદો પાડીને કહ્યું. જ્ઞાન તે જ આત્મા છે એમ કીધુંને. જ્ઞાન તે આત્મા. આખો આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે, પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે.

મુમુક્ષુ :— એમાં હેય ઉપાદેય...

ઉત્તર :— હેય ઉપાદેય એમાં આવી ગયું. આવી ગયું જુઓને એમાં. ભ્રાંતિનો નાશ થાય એટલે ભ્રાંતિ હેયરૂપ થઈ ગઈ. આત્માનો લાભ થાય એ ઉપાદેય થઈ ગયો. અનાત્માનો પરિહાર થાય એ હેય થઈ ગયું, રાગદ્વેષમોહ આસ્રવતો નથી એ હેય થઈ ગયું, આસ્રવ વિના કર્મ બંધાતું નથી એ હેય થઈ ગયું, બંધાયેલું કર્મ ભોગવાયું થકું નિર્જરી જાય છે એ પણ હેય થઈ ગયું. આહા..! સમસ્ત કર્મનો અભાવ થઈને સાક્ષાત્ મોક્ષ થાય છે. દ્રવ્યનો આશ્રય લેતા સાક્ષાત્ મોક્ષ પર્યાયમાં થાય છે. શૈલી જ્યાં હોય એ પ્રમાણે લેવું જોઈએને. સંવર નિર્જરા...

આ જ્ઞાનપ્રધાનથી કથન છે. છે દૃષ્ટિપ્રધાન પણ જ્ઞાનસ્વરૂપ આત્મા છે એમ લીધું છેને? એકલો આત્મા જેને સાત પર્યાય નાશવાન છે એ નથી. આહા..હા..! અહીં તો ક્રમ સિદ્ધ

કરવો છેને. નિજ આત્માના અવલંબનથી, જ્ઞાનના અવલંબનથી એને ભ્રાંતિનો નાશ થાય, આત્માનો લાભ થાય, અનાત્માનો પરિહાર થાય, કર્મ આસ્રવે નહિ, રાગદ્વેષ ઉત્પન્ન થાય નહિ, કર્મ આસ્રવે નહિ, સંવર થાય, સંવર થાય એટલે બંધ પડે નહિ, બંધ પડે નહિ એટલે પૂર્વનું કર્મ જે છે એ આવીને ખરી જાય, ખરતાં એકલો મોક્ષ થઈ જાય. મોક્ષની પર્યાય પ્રાપ્ત થાય. કેટલા અપવાસ કર્યે આમ થાય એવું તો કાંઈ આવ્યું નહિ આમાં. ચીમનભાઈ! કેટલા વર્ષીતપ કરવા? શું કરે? એ તો રાગની મંદતાનો વિકલ્પ હોય. એ છોડવા જેવો છે. આહા..હા..!

અહીંયા તો જેને આત્માનો લાભ કરવો હોય, અનાત્માને છોડવો હોય એની વાત છે. જેને પ્રેમ લાગ્યો છે પર્યાયમાં, પર્યાયથી માંડીને બધી ચીજો, એ પ્રેમીલાને આત્મા પ્રત્યે વ્હાલપ નથી. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયના વ્હાલપવાળાને ત્રિકાળ આત્મસ્વભાવ જ્ઞાનસ્વભાવ કહો કે આત્મા કહો, એની એને વ્હાલપ નથી. અને જેને એ (ત્રિકાળ સ્વભાવની) વ્હાલપ થઈ એ છૂટ્યો. ક્રમે કરીને નિર્જરા કરીને મોક્ષ કરશે. સમજાણું કાંઈ? નિર્જરા થવાનો પણ આ ઉપાય છે. નિજ સ્વરૂપને અવલંબીને અનંત ગુણની પર્યાયની શુદ્ધતા આદિ પ્રગટ થાય એ પ્રગટ થતાં એને રાગદ્વેષની ઉત્પત્તિ ન થાય અને પૂર્વનું કર્મ ખરી જાય એ નિર્જરા સહિત મોક્ષ થઈ ગયો. સંવરપૂર્વક નિર્જરાપૂર્વક મોક્ષ. એમ ત્રણે લીધા. સમજાણું કાંઈ?

‘**ભાવાર્થ :—**’ એક એક શ્લોક અને એક એક ગાથા એવી છે આ. જેવી રીતે... પ્રવચનસારમાં પણ ત્યાં.. ઓહો..હો..! કેવી વાત કરી છે! લોકો પોતાની કલ્પનાથી વાંચેને (એટલે) ન બેસે. ત્યાં તો એમ કહ્યું કે સંવરની પર્યાય પણ પોતે પોતાથી ઉત્પન્ન થાય છે. ભાઈ! એઈ..! શુદ્ધતાની વૃદ્ધિ જે નિર્જરા એ પણ પોતાથી થાય અને મોક્ષની પર્યાય પણ પોતાથી ઉત્પન્ન થાય છે અને અશુદ્ધતાનો વ્યય પણ એને કારણે અશુદ્ધતા નાશ થાય છે. આહા..હા..! ગજબ સ્યાદ્વાદ શૈલી છેને! અશુદ્ધતાનો નાશ એ શુદ્ધતાની ઉત્પત્તિ થઈ માટે નાશ થાય છે એમેય નથી એમ કહે છે. આહા..હા..! અને એ શુદ્ધિની ઉત્પત્તિ પરથી જુદો પડીને નહિ પણ આમ પોતાના અવલંબને લઈને એમ લીધું અહીં તો. પરથી જુદો પડીને નહિ લેતા અહીં આલંબન આવ્યું એટલે ત્યાં જુદો પડી જ ગયો. આહા..હા..! જુદો પડ્યો એટલે પછી એને ભેદજ્ઞાન કરવું પડે છે એમ નહિ. આમ કરું. એને ભેદજ્ઞાનનો અભ્યાસ જ વર્તે છે. આવે છેને અભ્યાસ? નિયમસાર. ઓલામાં સમયસારમાં પણ આવે છે. ચારિત્ર જ્યાં (આવે છે), સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ચારિત્રનો ત્યાં ભેદઅભ્યાસથી.

સ્વભાવમાં અભેદના અભ્યાસથી ભેદનો અભ્યાસ અંદરમાં આવી ગયો, એ કરવો પડતો નથી. ક્ષણે ક્ષણે રાગથી જુદો પડું, જુદો પડું એ રહેતું નથી. સ્વભાવનો આશ્રય થયો એટલે ક્ષણે ક્ષણે સહજ રાગથી ભિન્નનું પરિણમન સહજ વર્તે છે. આહા..હા..! આવી વાત! અલૌકિક

વસ્તુ જ આમ છે. જગતનું જાહેર તત્ત્વ જ સત્‌નું આવું છે. કહેશે કળશમાં, રત્નાકર ભગવાન એવો છે. એમ લેશે. આહા..હા..!

**'કર્મના ક્ષયોપશમ અનુસાર...'** લ્યો ભાષા તો એમ આવી. જુઓ! **'જ્ઞાનમાં જે ભેદો થયા છે તે કાંઈ જ્ઞાનસામાન્યને અજ્ઞાનરૂપ નથી કરતા,...'** એટલે? એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયોને જાણવાના પ્રકાર જેમ ભિન્ન ભિન્ન થાય છે મતિ, શ્રુત આદિના તે કંઈ જ્ઞાનસામાન્ય એટલે સ્વરૂપની એકતા જે થાય છે અંદર, એ એકતારૂપ સામાન્યને અજ્ઞાન નથી કરતું. સામાન્ય એટલે ઓલો ત્રિકાળી સામાન્ય એમ નહિ. પર્યાયનું સામાન્ય. આવ્યું હતુંને માથે? ભેદો તેના જ્ઞાનસ્વભાવને ભેદતા નથી, સામાન્યને ભેદતા નથી. આહા..હા..! અંતરમાં જતા જેમ બીજનો, ત્રીજનો, ચોથ, પાંચમનો ચંદ્રમાં વૃદ્ધિ પામે છે પણ એ પ્રકાશની એકતાને પામે છે. એ પ્રકાશની જુદાઈને કરતું નથી. સમજાણું કાંઈ? આવો ધર્મનો ઉપદેશ. ઓલું તો ઈચ્છામી પડિકમણું તસૂરતરી કરણેન કરે એટલે થઈ ગયું, જાઓ સામાયિક થઈ ગઈ, લ્યો. એ.. રતિભાઈ! આ બધા જૂના માણસ હતા, એ બધા એમ કરતા. ઈચ્છામી પડિકમણા ... તસતૂરી કરણેન, પ્રાયશ્ચિત કરણેન.. લોગસ્સ કરે, કર્મ ભંતિ બોલે, નમોત્થુણં જાઓ થઈ ગઈ સામાયિક. આહા..હા..!

અહીં તો પાછા હઠવાની વાતમાં પણ હઠી જાય છે કહે છે. સ્વભાવનું અવલંબન છે ત્યાં પાછો હઠી જાય છે, હઠવું પડે છે એમ છે નહિ. ઉપદેશની શૈલી (એવી), શું થાય? આહા..હા..! એ દુઃખી છે અનાદિથી, એને ભાન નથી. દુઃખના અંગારે શેકાય છે અને માને છે અમે સુખી છીએ. આહા..હા..!

મુમુક્ષુ :— અગ્નિનો ઉંદર..

ઉત્તર :— અગ્નિના ઉંદરને અગ્નિમાં મજા પડે છે. અગ્નિના ઉંદર થાય છે, જોયું? અગ્નિના ઉંદર ભઠ્ઠીમાં થાય. એવા જ રંગના. અગ્નિની ભઠ્ઠીમાં અગ્નિના ઉંદર થાય. એક ફેરી ત્યાં ખસમાં વાત સાંભળી હતી. કુંભાર કહે આમાં ઉંદર છે. ભઠ્ઠીમાં. આહા..હા..! ઘણા વર્ષ પહેલાની વાત છે. જીવ થાય, અગ્નિના ઉંદરો થાય. એની યોનિ અગ્નિની છે. એમાંથી બહાર નીકળે તો મરી જાય. એમ આ રાગની અગ્નિ છે અંદર એમાં રહે, એમાં રહે તો એને ઠીક લાગે છે. કષાયની અગ્નિ શુભ અને અશુભ ભાવ બેય કષાયની અગ્નિ છે. આહા..હા..!

સમાધિશતકમાં કહ્યું છેને? પહેલો અવિરતનો ત્યાગ કરી વિરતી કરવી. નથી કહ્યું? વિરતી થાય ક્યારે? વિરતીનો વિકલ્પ પણ જે છે એ થાય કોને? પાંચમા ગુણસ્થાને અંદર સ્વરૂપની સ્થિરતા કરતો હોય એને. એકલો વિરતીનો વિકલ્પ છે ત્યાં? એવી વાત છે. પણ કથનપદ્ધતિ એવી છેને. પહેલું આમ કરવું. તડકે બેઠા કરતા છાંયે બેસવું. આવે છે કે નહિ? આહા..હા..! વિરતીમાં એમ કે છાંયો છે. પણ કોને? એ વિરતીના વિકલ્પ હોય કઈ ભૂમિકાને? કે જેણે

આત્માનો ઉગ્ર આશ્રય લીધો છે ચોથા કરતાં, એની સ્થિરતાવાળાને આવા વિકલ્પો હોય છે. સ્થિરતામાં જ છાંયો છે. વિકલ્પમાં છાંયો નથી. ભારે કથનપદ્ધતિ. વાદવિવાદ કરે એને નીકળે...

અહીં તો કહે છે, જે કંઈ જ્ઞાનમાં અનેકતા જ્ઞેયને જાણવાથી અનેકતા દેખાય છે **'તે કાંઈ જ્ઞાનસામાન્યને અજ્ઞાનરૂપ નથી કરતા,...'** પર્યાયમાં જ્ઞાનની એકતા જે છે, પર્યાયમાં હોં! એમાં એકતા કંઈ અજ્ઞાન નથી કરતા. એ તો જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. શુદ્ધિને પામે છે. **'ઊલટા જ્ઞાનને પ્રગટ કરે છે;...'** જોયું? જ્ઞાન.. જ્ઞાન. નિર્મળતા જ્ઞાનસ્વભાવની વ્યક્તતા પ્રગટ થાય છે. **'માટે ભેદોને ગૌણ કરી,...'** મતિ ને શ્રુત ને અવધિ એવા પાંચ ભેદનું લક્ષ છોડી દઈ એમ કહે છે. **'એક જ્ઞાનસામાન્યનું આલંબન લઈ...'** હવે એ આવ્યું ત્રિકાળી પાછું. એક જ્ઞાનસામાન્ય-ત્રિકાળ જ્ઞાનસામાન્યનું આલંબન લઈ **'આત્માનું ધ્યાન ધરવું; તેનાથી સર્વ સિદ્ધિ થાય છે.'** લ્યો. આ બધી માથે કીધી ઈ એનાથી સિદ્ધ થાય. આહા..હા..!

---

## શ્લોક-૧૪૧

(શાર્દૂલવિક્રીડિત)

अच्छाच्छाः स्वयमुच्छलन्ति यदिमाः संवेदनव्यक्तयो
निष्पीताखिलभावमण्डलरसप्राग्भारमत्ता इव।
यस्माभितरसः स एष भगवानेकोऽप्यनेकीभवन्
वल्गत्युत्कलिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः।।१४१।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- **[निष्पीत-अखिल-भाव-मण्डल-रस-प्राग्भार-मत्ताः इव]** પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ તેની અતિશયતાથી જાણે કે મત્ત થઈ ગઈ હોય એવી **[यस्य इमाः अच्छ-अच्छाः संवेदनव्यक्तयः]** જેની આ નિર્મળથી પણ નિર્મળ સંવેદનવ્યક્તિઓ (-જ્ઞાનપર્યાયો, અનુભવમાં આવતા જ્ઞાનના ભેદો) **[यद् स्वयम् उच्छलन्ति]** આપોઆપ ઊછળે છે, **[सः एषः भगवान् अद्भुतनिधिः चैतन्यरत्नाकरः ]** તે આ ભગવાન અદ્‌ભુત નિધિવાળો ચૈતન્યરત્નાકર, **[अभिन्नरसः]** જ્ઞાનપર્યાયોરૂપી તરંગો સાથે જેનો રસ

અભિન્ન છે એવો, [एकः अपि अनेकीभवन्] એક હોવા છતાં અનેક થતો, [उत्कलिकाभिः] જ્ઞાનપર્યાયોરૂપી તરંગો વડે [वल्गति] દોલાયમાન થાય છે-ઊછળે છે.

ભાવાર્થ :- જેમ ઘણાં રત્નોવાળો સમુદ્ર એક જળથી જ ભરેલો છે અને તેમાં નાના મોટા અનેક તરંગો ઊછળે છે તે એક જળરૂપ જ છે, તેમ ઘણા ગુણોનો ભંડાર આ જ્ઞાનસમુદ્ર આત્મા એક જ્ઞાનજળથી જ ભરેલો છે અને કર્મના નિમિત્તથી જ્ઞાનના અનેક ભેદો-વ્યક્તિઓ આપોઆપ પ્રગટ થાય છે તે વ્યક્તિઓ એક જ્ઞાનરૂપ જ જાણવી, ખંડખંડરૂપે ન અનુભવવી. ૧૪૧.

## કળશ-૧૪૧ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—' ૧૪૧.

अच्छाच्छाः स्वयमुच्छलन्ति यदिमाः संवेदनव्यक्तयो
निष्पीताखिलभावमण्डलरसप्राग्भारमत्ता इव।
यस्माभितरसः स एष भगवानेकोऽप्यनेकीभवन्
वल्गत्युत्कलिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः।।१४१।।

ચૈતન્ય રત્નાકર-દરિયો કીધો. આહા..હા..!

'શ્લોકાર્થ :— 'निष्पीत-अखिल-भाव-मण्डल-रस-प्राग्भार-मत्ताः इव' 'પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ...' જ્ઞાનમાં બધું જણાઈ ગયું કહે છે. જ્ઞાનની પર્યાયને જાણે છે ખરેખર તો. પરને જાણે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. એ દોષને જોવે છે એ કહેવું એ વ્યવહાર છે. એઈ..! ખરેખર તો દોષનું જે જ્ઞાન થયું છે એ જ્ઞાનને જોવે છે વ્યવહારે. આહા..હા..! એટલે જ્ઞાનમાં બધું પીવાઈ ગયું એમ કહે છે. દોષનું જ્ઞાન, પરનું જ્ઞાન એ બધું જ્ઞાનની પર્યાયમાં આવી ગયું છે. સમજાણું કાંઈ? 'પી જવામાં આવેલો...' પી જવામાં આવેલો કેમ કીધું? એ તો અનંત જ્ઞાનની શક્તિ એટલી છે, એ બધું એટલું જાણે પણ એથી અનંતગુણું જાણે એટલી એની શક્તિ છે. એવો એને વ્યવહાર વિકલ્પ આવે અને સામે નિમિત્ત દેહની ક્રિયા આદિ થાય એ બધાને જ્ઞાન પી ગયું છે, કહે છે. આહા..હા..! એ સંબંધીના પોતાનું જ્ઞાન પોતાથી થયેલું એમાં બધું આવી ગયું છે કહે છે. કંઈ બાકી રહ્યું નથી. આહા..હા..! ખરેખર તો લોકાલોક વિકલ્પથી માંડીને જ્ઞાનમાં જણાઈ ગયો છે. એટલી જ્ઞાનની પર્યાયની તાકાત છે.

**'સમસ્ત પદાર્થોના સમૂહરૂપી...'** **'मण्डल'** **'मण्डल'** એટલે સમૂહ (અર્થ) કર્યો. **'रस'** એની એકતા **'તેની અતિશયતાથી...'** એની વિશેષતાથી **'જાણે કે મત્ત થઈ ગઈ...'** છે એવી જ્ઞાનજ્યોતિ. કહો, સમજાણું કાંઈ? પોતે પોતાના જ્ઞાનપર્યાયમાં મસ્ત થઈ ગઈ છે. બહુ શબ્દ ઝીણા. **'निष्पीत'** પી જવામાં આવી. **'अखिल'** સમસ્ત પદાર્થનો ભાવ એ રૂપી **'मण्डल'** સમૂહ એનો રસ-એકતા તેની અતિશયતા-એની વિશેષતાથી-જાણે કે જ્ઞાનની પર્યાય આત્માની અવસ્થા મત્ત થઈ ગઈ છે, મતવાળી થઈ ગઈ છે, કોઈને ગણતી નથી. હું એક જ મારું જ્ઞાનનું પરિણમન એટલું મારું અસ્તિત્વ છે. સમજાણું કાંઈ? પર છે કે નહિ, એ પ્રશ્ન અહીં નથી. મારું પરિણમન જ્ઞાનનું છે એ જ એક હું છું. આહા..હા..! બીજા છે કે નહિ? બીજાનું જ્ઞાન છે કે નહિ? એ પણ નહિ. સમજાણું કાંઈ? પી ગયું એ તો, કહે છે. જેમ પ્યાલો પાણી પી ગયો હોયને. એમ એ જ્ઞાનની પર્યાય બધાને પી ગઈ. આરે..! શું કરે?

**'સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ...'** આ ભાવશ્રુતજ્ઞાનની વાત ચાલે છે હોં! નિર્જરા થવાના કાળની વાત ચાલે છે આ. એ જ્ઞાનસ્વભાવ એવો આત્મા એના આશ્રયથી જે જ્ઞાનની પર્યાય પોતાને કારણે બધાને જાણવારૂપે એટલે બધી જે ચીજ છે વિકલ્પથી માંડીને, એ સંબંધીનું જે જ્ઞાન પોતાથી પરિણમેલું એથી એ જ્ઞાન મસ્ત થઈ ગયું છે. સમજાણું કાંઈ? સમયસાર તો આ જગતમાં અજોડ પરમેશ્વર છે! આહા..હા..! થઈ ગયુંને પૂરું ત્યાં હવે છપાઈ ગયું છે, કહે છે. પાટિયા સમયસારના. પાંચ છ બાકી રહ્યા હવે. ગયા હતાને તમે કાલે જોવા? ...

કહે છે, એક જ્ઞાનની પરિણતિ બધા **'अखिल-भाव-मण्डल-रस-प्राग्भार'** જાણે બોજો વધી ગયો. આહા..હા..! પોતાના સ્વભાવનો આશ્રય લઈને જે જ્ઞાન પરિણતિ પ્રગટી છે એ સ્વપરના પ્રકાશની પરિણતિથી એ તો **'प्राग्भार'** વધી ગયું જોર. અતિશયતા થઈ ગઈ, એની જ વિશેષતા થઈ ગઈ. આહા..હા..! **'જાણે કે મત્ત થઈ ગઈ હોય...'** **'मत्ताः इव'** છેને? **'यस्य इमाः अच्छ-अच्छाः संवेदनव्यक्तयः'** **'જેની આ...'** આ **'अच्छ-अच्छाः'** શબ્દ છેને પહેલો. **'अच्छ-अच्छाः'** **'નિર્મળથી પણ નિર્મળ...'** અંદર પરિણતિ. ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ એને પકડતાં, એને આધારે, એનું અવલંબન લેતાં ધર્મીને એક પછી એક નિર્મળથી નિર્મળ **'સંવેદનવ્યક્તિઓ (-જ્ઞાનપર્યાયો, અનુભવમાં આવતા જ્ઞાનના ભેદો)...'** સંવેદનવ્યક્તિઓ. સંવેદનવ્યક્તિનો અર્થ એ કર્યો જ્ઞાનપર્યાયો. જ્ઞાનની દશાઓ અનુભવમાં આવતા જ્ઞાનના ભેદો **'यद् स्वयम् उच्छलन्ति'** **'આપોઆપ ઊછળે છે,...'** વસ્તુનો ત્રિકાળી સ્વભાવભાવ જ્યાં આલંબનમાં આવ્યો એટલે એનો ભાવ આદિ શક્તિથી, અભાવ આદિ શક્તિથી એને કારણે આપોઆપ ઊછળે છે. એક પછી એક શક્તિ સ્વચ્છ

નિર્મળ એની મેળાએ પ્રગટ થાય છે. એનો સ્વકાળ ઈ જાતનો છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિર્મળથી પણ નિર્મળ...**' શુદ્ધિ વધે છેને? નિર્જરા છેને આ. '**નિર્મળથી પણ નિર્મળ...**' શુદ્ધ ચૈતન્ય જ્ઞાનપ્રભા એનો સમૂહ. આહા..હા..! '**स्वयम् उच्छलन्ति**' '**આપોઆપ ઊછળે છે,...**' એટલે કે હું આમ પરિણમું એમ એને છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? હું આમ પરિણમું એમ નથી ત્યાં. .. આલંબન કરવું કહ્યું હતું. પણ ઈ તો ત્રિકાળનું આલંબન કરવું એમ કહ્યું છે. એ આલંબન કરતાં એ પરિણતિ એવી સહજ ઉત્પન્ન થઈ જાય છે એમ કહે છે. ભારે ભાઈ! શ્લોક પણ એવા ને ગાથા પણ એવી અને ટીકા એવી! એકલો ચૈતન્યરત્નાકર ઘુંટ્યો છે. ભાષા જુઓને, ચૈતન્ય રત્નાકર. ચૈતન્ય એના ગુણરૂપી રતનથી આખો દરિયો ભર્યો છે. ઓહો..હો..! કહો, સ્વયંભૂરમણ સમુદ્રમાં એના તળિયામાં રતન છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં તળિયામાં રતન. અસંખ્ય જોજનનો સ્વયંભૂરમણ સમુદ્ર છે એના તળિયામાં છે. આ તો આખામાં રતન ભર્યા છે એમ કહે છે. એઈ..! એની રેતી રતનની છે. સ્વયંભૂરમણ સમુદ્ર છેને છેલ્લો? એની રેતી રતન છે. ન્યાં કોણ રતન લેવા જાય પણ?

મુમુક્ષુ :— રતનના વેપારી જાય.

ઉત્તર :— ધૂળેય જાય નહિ. ન્યાં ક્યાં રતન મળતા હતા. ... જઈ શકે જ નહિને. ક્ષેત્ર અઢી દ્વીપ બહાર જઈ શકે નહિ. આહા..! એવા પડ્યા છે રતન, રેતી જેમ આ વઢવાણની રેતી છેને, એવી ત્યાં રતનની રેતી. પણ એ નીચે તળિયે. આ તો આખો ચૈતન્ય રત્નાકર ભર્યો છે કહે છે. સમજાણું કાંઈ? અનંત ગુણરૂપી મણિ, અનંત ગુણરૂપી મણિનો ચૈતન્ય-આકર—ચૈતન્ય દરિયો છે.

સ્વયં ઊછળે છે. દરેક પર્યાય, દરેક ગુણની સ્વયં તે સમયના પર્યાયને કારણે સ્વયં ઊછળે છે એટલે પ્રગટ થાય છે. આહા..! દરિયામાં તરંગ ઉઠેને, ઊછળેને? એમ ઉપમા આપી છે. એમ આ પર્યાય ઊછળે છે, મોજા ઉછે છે અંદરથી. આહા..હા..! '**स एष**' ભગવાન આહા..હા..! '**स**' નામ તે આ. છેને? '**स एष**' તે આ ભગવાન. ભંગ ભંગ કર્યો છે અંદર. ભગવાન છેને? એનો અર્થ ભંગ કર્યો છે ઓલામાં ટીકામાં. ભંગ. ભંગ એટલે જ્ઞાનાદિ લક્ષ્મી, વાન એટલે વાળો. ભગ નહિ પણ ભંગ કર્યો છે... ભંગનો અર્થ ભંગ કર્યો છે. જૂની ટીકા છેને, એમાં નાખ્યો છે. ક્યાંક નાખ્યું છે. ભગવાન. '**स एष**' ભગવાન. '**स**' નામ તે આ. એમ. પૂર્ણાનંદનો નાથ એ દૃષ્ટિમાં આવ્યો છે. તે આ ભગવાન. આહા..હા..! બીજા ભગવાન નહિ કેવળી તીર્થંકર એમ કહે છે.

અદ્‌ભુત નિધિ. અદ્‌ભુત નિધિ—આશ્ચર્યકારી નિધાન. ઓલા નિધાન તો બધા સમજવા જેવા, આ તો અદ્‌ભુત નિધાન! આહા..હા..! ઉપરથી જરી ધૂળ નીકળે અને રતનના ચરુ

દેખાય, આમ.. ઓહો..હો..! આ તો કેટલાય ભર્યા છે! હમણાં ક્યાંક આવ્યું છે, છાપામાં આવ્યું હતું. આટલા કરોડ રૂપિયા ક્યાંકથી નીકળ્યા છે. સરકારને. કો'કે દાટ્યા હશે. આવ્યું છે છાપમાં. કેટલા કરોડો પડ્યા છે ત્યાં. જમીન ખોદતા કેટલા રૂપિયા નીકળ્યા. એટલા કરોડ. એટલા રૂપિયા મળ્યા. ધૂળ મળી એને. અહીંયા તો આ અદ્‌ભુત નિધિ. જેના અનંતા ગુણની નિધિ ભગવાન આત્મા. આશ્ચર્યકારી નિધિ એમ શબ્દ વાપર્યો છેને. ઓલી આશ્ચર્યકારી નિધિ નથી. આ તો આશ્ચર્યકારી નિધિ છે. એવો ચૈતન્ય રત્નાકર, લ્યો.

**'તે આ...'** અર્થ કર્યો જુઓ. **'સઃ एषः'** એટલે **'આ..'** પ્રત્યક્ષ ભગવાન **'અદ્‌ભુત નિધિવાળો...'** ઓહો..હો..! **'ચૈતન્યરત્નાકર,...'** છે. ચૈતન્યરત્ન, ચૈતન્યરૂપી રત્નથી ભરેલો દરિયો છે. અહીં તો રતન કેટલાક હોય. પચ્ચીસ, પચાસ, સો કરોડ. પચાસ કરોડ એટલા રતન લ્યોને. આ તો અનંત રતનથી ભરેલો ભગવાન! આહા..હા..! પરમ દિ' ત્યાં છેલ્લે દિ' હતાને, સાંજે હીરો લાવ્યા હતા. કેટલી કિંમત? ભાઈ અમને ખબર પડે હીરાની? આની ખબર પડે, એની ક્યાં અમને ખબર પડે. કીધું, દોઢ લાખનો છે. જરી ઝાંય છે માટે. નહિતર તો ત્રણ લાખનો. આટલો હતો ધોળો. આ બાયું નથી મૂકતી અહીં? ... એવો હતો હીરો. આવડો ધોળો. જરીક આમ પીળાશ છે. અને એને લઈને દોઢ લાખ. નહિતર તો અઢી લાખ. આટલો હીરો, પથરો. મૂળ તો પ્રકાશ અને ટકતું તત્ત્વ એટલે એની કિંમત કરી લોકોએ. આ તો ચૈતન્યપ્રકાશ અને ત્રિકાળ રહેનારું તત્ત્વ. હવે એની શું કિંમત કહેવી? આહા..હા..! પેલા ચીકણા રજકણ હોયને એના અને ધોળા ધોળા ચકચક થાય. અહીં નાખે તો આમ ચકચક થાય, અહીં બાંધે તો ચકચક થાય, બાંધે શું નાખે તો. આ કાણું પાડીને નાખેને અંદર. ચકચક થાય. આ મારવાડીઓ બાંધે છેને ભાઈ અહીં ખૂણે. એમાં નાખે. આહા..! મડદાને શણગાર છે. આ તો ચૈતન્ય જીવતી જ્યોત એમાં અદ્‌ભુત રત્ન પડ્યા છે. આહા..હા..! જેણે એની નજરું કરી એને નિધાન દેખાણા કહે છે. કહો, ચીમનભાઈ! આ તમારા પૈસા-ફૈસાની કિંમત આમાં કાંઈ ન મળે. બે, પાંચ, દસ લાખ થયા, મોટું મકાન કર્યું ને..

એવો **'સઃ एषः' 'ભગવાન અદ્‌ભુત નિધિવાળો...'** આશ્ચર્યકારી નિધિ એટલે આ નિધિ પણ આ તો આશ્ચર્યકારી નિધિ. આહા..હા..! પર્યાયની પાછળ આખું તત્ત્વ અદ્‌ભૂત નિધિ છે કહે છે. જે પર્યાય જોનાર છે એ તો એક સમયની પણ આ તો અદ્‌ભુત નિધિ ભગવાન છે પોતે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો ચૈતન્ય રત્નાકર. ચૈતન્યના રતનનો દરિયો, ચૈતન્યના રતનનો દરિયો. જ્ઞાન-રતન, દર્શન-રતન, આનંદ આદિ રતન અંદર. આહા..હા..! એ આંખ્યું વીંચીને દેખાય કે નહિ? આંખ્યું વીંચે એમાં ક્યાં (દેખાય)? આંખ્યું નથી નારકીને. ફૂટી જાય છે એને. આંખ હોય તો આમ અગ્નિનો ... થઈ જાય છે. પણ સમકિતી જીવ છે એને ચૈતન્ય રત્નાકર નજરે પડે છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ?

શરીર ઓગળતું જાય, ઇન્દ્રિયો ઓગળી જાય અગ્નિમાં પણ ભગવાન અંદર વજ્રનો બિંબ અંદર ચૈતન્યના સ્વભાવના રતનથી ભરેલો આકર નામ દરિયો એ '**अभिन्नरसः**' '**જ્ઞાનપર્યાયોરૂપી તરંગો સાથે જેનો રસ અભિન્ન છે...**' આહા..હા..! દરિયામાં તરંગ ઉઠે પણ એ તરંગો બધા ... છેને, એમ અભિન્ન રસ. જ્ઞાનદશારૂપી તરંગો સાથે જેનો ચૈતન્યરસ અભિન્ન છે. નિર્મળ પર્યાયો જે ઊછળે છે એની સાથે આ ચૈતન્યરત્નાકર એકમેક છે, અભિન્ન છે. જેમાં અનંત આનંદ છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો એ આત્મા છે. આહા..હા..! એવું તો એક રતન. એવા અનંત રતનથી ભરેલો નિધિ છે ભગવાન. ગરીબ માણસને ચાલતાં ઠેબું લાગે ને પથરો ઉખડે અને એમાંથી દેખાય ચરુ તો આશ્ચર્ય લાગે કે નહિ? .... આહા..હા..! આ શું છે? કોઈ ન જાણે એમ ઊભો રહે. અંધારુ થાય ત્યારે લઈ જાશું. દેખતા લઈ જશું તો વળી ભાગ પાડે. આહા..હા..! આ તો અદ્ભુત નિધિ, જેની નજરું નાખતાં નિધાન ચૈતન્યરત્નાકર જણાય. આહા..હા..! અને જેની પર્યાયો ઊછળે તે બધી અભિન્ન થાય છે. જુદી રહેતી નથી. આહા..હા..! '**અભિન્ન છે એવો...**'

'**एकः अपि अनेकीभवन्**' વસ્તુ તરીકે, ગુણ તરીકે એકરૂપ છે છતાં પરિણતિ તરીકે અનેક થાય છે. '**અનેક થતો...**' પરિણતિ અનંત ગુણની અનેક રૂપે પરિણતિ થાય. આહા..હા..! પણ એ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાનની પરિણતિ હોં! જ્ઞેયના ભેદે પરિણમે એ નહિ. એ જ્ઞાનની જ પરિણતિ અનેકપણે પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલા ભેદોનો નકાર કર્યો, પાંચ પ્રકારનો જે ભેદ છે એનો જે વિકલ્પ છે એમ નથી. આ તો જ્ઞાનની પર્યાય જ એવી ઉત્પન્ન થાય છે કહે છે. કે જે આત્મા સાથે તેનો અભિન્ન રસ છે. આહા..હા..! આવી ધર્મકથા કેવી હશે આ? ઓલું તો દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો. બાયડી પણ સમજે, છોકરા સમજે. અપવાસ કરી નાખે એક, બે. લ્યો. આહા..! ભગવાનજીભાઈ! આહા..હા..! નિજઘર જોયું નથી એણે, હું કોણ છું? પરઘરની પંચાત બધી માંડી. આહા..હા..!

કહે છે કે પ્રભુ! તારામાં તો અનંત અતીન્દ્રિય આનંદરૂપી રતન એવા અનંતા રતન પડ્યા છે. શાશ્વત રતનો છે. આહા..હા..! એમાં જે ઊછળે પરિણતિ એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં પર્યાયની અવસ્થાઓ જે નિર્મળ ઊછળે એ અભિન્ન રસ છે. એ ગુણ અને દ્રવ્ય સાથે એકમેક છે, જુદી છે નહિ. '**એક હોવા છતાં અનેક થતો...**' '**उत्कलिकाभिः**' '**જ્ઞાનપર્યાયોરૂપી તરંગો વડે...**' તરંગો. '**જ્ઞાનપર્યાયોરૂપી તરંગો વડે દોલાયમાન...**' ઓલો સમુદ્ર ડોલાયમાન થાયને આમ, એમ પરિણતિ દ્વારા દોલાયમાન છે. પરિણમે છે એમ કહેવું છે. દોલાયમાન એટલે આમ પરિણમે છે. ભિન્ન ભિન્ન ભિન્ન ભિન્ન અવસ્થા. આહા..હા..! આ આફ્રિકા જાઈએ ત્યારે વચ્ચે દરિયો નહિ દેખાતો હોય, મોટો કેવો. આગબોટમાં બેઠા હોય, ... ઈ બોટ જાણે હમણાં ... એવો લોડ દેખાય મોટો ઊંચો આમ. ઈ જાણે અહીં

આવ્યો હોય તો આને બૂડશે પણ એ તો પાછો આમ થઈને આમ... આહા..હા..! દરિયાની ઉપમા આપી છે. કળશટીકામાં એની બહુ ઉપમા આપી છે.

'**वल्गति**' '**દોલાયમાન થાય છે...**' કહે છે. આહા..હા..! જે ચૈતન્યરત્નાકર અનંત ગુણથી ભરેલો ભગવાન એની એકતા કરતાં, એના ઉપર દૃષ્ટિ આપતાં, એનું આલંબન લેતા પરિણતિ અનંત ગુણની પરિણતિ ઊછળે છે. આહા..હા..! ઓલામાં આવે છેને? ... અનંત શક્તિ ઊછળે છે. જ્ઞાન ઉત્પન્ન થાય એમાં ભેગી અનંતા ગુણની પર્યાય ઊછળે છે. એવો ભગવાન ચૈતન્યરત્નાકર છે. એને નિર્જરા થાય છે એમ કહે છે. એને શુદ્ધિ વધે છે, અશુદ્ધિ ટળે છે, કર્મ એની મેળાએ ગળે છે. એને અહીંયા ધર્મ અને નિર્જરા કહેવામાં આવે છે. આવી વ્યાખ્યા છે. ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ વદ-૧૦, ગુરુવાર, તા. ૨૯-૦૩-૧૯૭૩
## શ્લોક-૧૪૨, ગાથા-૨૦૫, પ્રવચન-૩૫૨

૨૦૪ ગાથાનો, ૧૪૧ કળશનો ભાવાર્થ છે.

'**ભાવાર્થ :— જેમ ઘણા રત્નોવાળો સમુદ્ર એક જળથી જ ભરેલો છે અને તેમાં નાના મોટા અનેક તરંગો ઊછળે છે...**' ત્રણ વાત. એક તો ઘણા રત્ન ભર્યા છે છતાં એક જળરૂપ છે અને નાના મોટા અંદર તરંગો ઊછળે છે. મોજા એ એક જળરૂપ જ છે. ગમે એવા ઉઠે નાના મોટા પણ એ બધું જળરૂપ છે, કંઈ બીજી અવસ્થારૂપે નથી. '**તેમ ઘણા ગુણોનો ભંડાર...**' જેમ ઘણા રત્નોવાળો સમુદ્ર એમ ઘણા ગુણોનો ભંડાર '**આ જ્ઞાનસમુદ્ર આત્મા એક જ્ઞાનજળથી જ ભરેલો છે...**' એ જ્ઞાનરૂપ જ છે. જાણે ઈ, '**ખંડ ખંડરૂપે ન અનુભવવી...**' અંશ અંશ ઉપર દૃષ્ટિ રાખીને એનો અનુભવ ન કરવો. ત્રિકાળ જ્ઞાયક ઉપર દૃષ્ટિ રાખીને જે જ્ઞાનની પર્યાયો અનેકપણે ઉત્પન્ન થાય એને અંતર અભેદપણે અનુભવવી, પર્યાયને હોં અહીંયા. દ્રવ્ય તો અભેદ છે. પર્યાયો અનેક પ્રકારની ઉત્પન્ન થાય એને એકપણે અનુભવવી એનું નામ નિર્જરા છે. નિર્જરાની વ્યાખ્યા. ૧૪૨ કળશ ચાલે છે.

## શ્લોક-૧૪૨

(शार्दूलविक्रीडित)

क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः
क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।
साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं
ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।।१४२।।

હવે વળી વિશેષ કહે છે :-

શ્લોકાર્થ :- **[दुष्करतरैः]** કોઈ જીવો તો અતિ દુષ્કર (મહા દુઃખે કરી શકાય એવાં) અને **[मोक्ष-उन्मुखैः]** મોક્ષથી પરાઙમુખ એવાં **[कर्मभिः]** કર્મો વડે **[स्वयमेव]** સ્વયમેવ (અર્થાત્ જિનાજ્ઞા વિના) **[क्लिश्यन्तां]** ક્લેશ પામે તો પામો **[च]** અને **[परे]** બીજા કોઈ જીવો **[महाव्रत-तप-भारेण ]** (મોક્ષની સંમુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં) મહાવ્રત અને તપના ભારથી **[चिरम्]** ઘણા વખત સુધી **[भग्नाः]** ભગ્ન થયા થકા (-તૂટી મરતા થકા) **[क्लिशयन्तां]** ક્લેશ પામે તો પામો; (પરંતુ) **[साक्षात् मोक्षः]** જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, **[निरामयपदं]** નિરામય (રોગાદિ સમસ્ત ક્લેશ વિનાનું) પદ છે અને **[स्वयं संवेद्यमानं]** સ્વયં સંવેદ્યમાન છે (અર્થાત્ પોતાની મેળે પોતે વેદવામાં આવે છે) એવું **[इदं ज्ञानं]** આ જ્ઞાન તો **[ज्ञानगुणं विना]** જ્ઞાનગુણ વિના **[कथम् अपि]** કોઈ પણ રીતે **[प्राप्तुं न हि क्षमन्ते]** તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી.

ભાવાર્થ :- જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે; તે જ્ઞાનથી જ મળે છે, અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી. ૧૪૨.

## કળશ-૧૪૨ ઉપર પ્રવચન

'વળી વિશેષ કહે છે :—'

क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः
क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।
साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं
ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।।१४२।।

'**શ્લોકાર્થ :— 'दुष्करतरैः' 'કોઈ જીવો તો અતિ દુષ્કર (મહા દુઃખે કરી શકાય એવાં) અને મોક્ષથી પરાઙ્મુખ...'** અજ્ઞાનની ક્રિયા, અન્ય ધર્મની ક્રિયા. અગ્નિમાં બેસે છેને. છાણા, જુઓને ... વચમાં બેસે. પંચાગ્નિ. અને લોઢાના ખીલા ઉપર સૂવે. એવું કરે છેને? ખીલાની પાટ લોઢાની પાટ. બાણશૈયા એમાં સૂવે ઈ. ઊભા ઊભા... અમારે એકવાર આવ્યો હતો પાલેજમાં. બાર, બાર વર્ષથી ઊભોને ઊભો. આવ્યો હતો એક, ઊભો ઊભો ખાય, ઊભા ઊભા પેશાબ, ઊભા ઊભા દિશા.. ઊભાને ઊભા. એક દોરડું બાંધી રાખ્યું હોય તો આમ રાખે. બાર વર્ષથી. અજ્ઞાની આવી તપસ્યાઓ કરે. મહા કષ્ટ સહન કરે.

'**કર્મો વડે સ્વયમેવ (અર્થાત્ જિનાજ્ઞા વિના)...**' જોયુંને? વીતરાગની વ્યવહારી જે આજ્ઞા છે એ વિના આવી ક્રિયા કરે. '**ક્લેશ પામે તો પામો...**' એવી ક્લેશની ક્રિયા હોય પણ એનાથી ધર્મ નહિ. હવે '**બીજા કોઈ જીવો...**' જૈનમાં આવેલા '**महाव्रत-तप-भारेण**' '**(મોક્ષની સંમુખ...**' અર્થાત્ જિનાજ્ઞામાં એમ. વીતરાગે કહેલા ચરણાનુયોગમાં મહાવ્રત અથવા સાધુની ક્રિયા તપની '**(મોક્ષની સંમુખ...**' થયેલા મહાવ્રત અને તપના ભાર. છ છ મહિનાના અપવાસ, બે બે મહિનાના સંથારા, વ્રતમાં રસનો ત્યાગ, ખાલી લુખ્ખા આહાર (લે) એવી તપસ્યા કરે અને મહાવ્રત પાળે તોપણ '**ઘણા વખત સુધી ભગ્ન થયા...**' એવું કરોડો અબજો વર્ષ સુધી કરે, તૂટી મરે એ ક્રિયા કરતા, ધર્મ નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ? જિનાજ્ઞા બહાર કે જિનાજ્ઞા અંદર, એ ક્રિયાકાંડની જેટલી મહાવ્રતધારીની ક્રિયા વ્યવહાર સમિતિ, ગુપ્તિની ક્રિયા, વ્યવહાર તપસ્યા આદિની ક્રિયા એમાં રાગ મંદ હોય તો મિથ્યાત્વ સહિત પુણ્ય બાંધે, ધર્મ નહિ. એને નિર્જરા નહિ અને એને સંવર પણ નહિ.

કહે છે, '**ક્લેશ પામે તો પામો;...**' '**चिरम कालम्, चिरम भग्ना**' હજારો લાખો વર્ષ સુધી એવી તપસ્યાઓ કરે, મહાવ્રત પાળે, નગ્ન રહે, કપડાનો કટકો ન રાખે, જંગલમાં શીત સહન કરે, ઉષ્ણતા સહન કરે, તળાવને કાંઠે જેની ઠંડી હવા શિયાળામાં (સહન કરે) પણ એ બધી ક્રિયાઓ, આત્માના ભાન અને અનુભવ વિના. આત્માના અનુભવ વિના એ ક્રિયા કોઈ આત્માને લાભદાયક છે નહિ. કહો, સમજાણું કાંઈ? '**ક્લેશ પામે તો પામો;...**' હમુકુ મહાવ્રતને પાળવા, અપવાસ કરવા એ ક્લેશ છે એમ કહે છે.

મુમુક્ષુ :— કોઈ આવું પાળે...

ઉત્તર :— કોણ પાળતો હતો?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– મોટો ... છે. આહા..હા..!

આનંદસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી એ તો એક સમયની રાગની ક્રિયા છે આ બધી. ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વભાવ એનો અનુભવ અને એને સ્પર્શ્યા વિના એને કોઈ દિ' સંવર, નિર્જરા ને ધર્મ થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અઠ્યાવીશ મૂળગુણ પાળે, છ આવશ્યક હંમેશાં, સામાયિક, ચઉવિસંતુ, વંદન, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન કરે એવી તપસ્યાઓ કરે એ બધી રાગની ક્રિયા છે કહે છે, એ ધર્મ નથી. અહીં તો પાંચ મહાવ્રતના ઠેકાણા નથી એને પણ ધર્મ માને, એને સાધુપણું માને, ચારિત્ર થાય. આચાર્ય થાય. આથણા (અથાણા) છે. આથણાને આચાર કહે છે. આથણા હોયને? આ આચાર. હોય છે કે નહિ? આહા..હા..! જ્ઞાનાનંદ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ નિર્વિકલ્પ સ્વભાવથી ભરેલો પ્રભુ છે એને સ્પર્શીને અનુભવ ન કરે અને આવી ક્રિયાકાંડ કરે પણ એને કાંઈ ધર્મનો લાભ છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કજીયા કરે. વાત સાચી છે. આ પણ છે ક્યાં? બધી સમજવા જેવી છે. આહા..હા..!

કહે છે કે આવા વીતરાગની આજ્ઞાવાળા મહાવ્રત એમ કહે છે. વ્યવહાર. છેને? '**કથંચિત્ જિનાજ્ઞામાં કહેલા...**' કથંચિત્ એટલે વ્યવહારથી કહેલા, વ્યવહારથી કહેલા. જિનનું સ્વરૂપ તો ભિન્ન જ છે ભગવાનનું .... જ્ઞાનાનંદ સ્વભાવી સચ્ચિદાનંદ પ્રભુ એમાં અંતરમાં ઊંડુ ઊતરવું અને સ્વભાવનો સ્પર્શ કરવો એનું નામ આનંદ અને એનું નામ સંવર ને નિર્જરા છે. એ વિના આવી ક્રિયાકાંડમાં મરીને તૂટી મરે.. પોપટભાઈ! તૂટી મરે, જુઓને! '**भग्नाः**' ભગ્ન થઈ જાય, ભગ્ન. ભગ્ન નામ તુટી મરે. જીર્ણ શરીર. આહા..! મહિના મહિનાના અપવાસ કરે, વળી પારણે એક ડાળિયા કે ચોખા કે તુલસી (લે). જીર્ણ જીર્ણ (શરીર થઈ જાય), ઈ શું? ઈ કંઈ ધર્મ છે? આહા..હા..! એ તો ક્રિયાકાંડનો રાગ છે. એમાં આત્મા ન આવ્યો. એ તો અનાત્માની ક્રિયા છે. આહા..હા..!

'**ઘણા વખત સુધી...**' પાછી ભાષા એમ છેને? ઘણો કાળ. લાખો કરોડો અબજો વર્ષ સુધી મહાવ્રત પાળે, ઉઘાડે પગે ચાલે, ઊના પાણી પીવે, ઘેંટા જેમ છ મહિને લોચ કરાવે એમ લોચ કરે, પણ એ કંઈ ધર્મ નથી. આહા..હા..! પણ ગૃહસ્થાશ્રમમાં પાપ કરનારા કરતા તો સારા કે નહિ કાંઈક?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– પાપ છે અમારે, આ છોડવા જેવું છે. આ તો આદરવા જેવા માને, જે

ક્રિયા છોડવા જેવી. રાગ છે, આસ્રવ છે, પુણ્યબંધનું કારણ છે એને પોતે ધર્મ માને છે. આહા..હા..! મોટી ભૂલ છે, મણમાં આઠ પાનશેરીની, પૂરેપૂરી. આહા..!

'**क्लिशयन्तां**' બેય ઠેકાણે નાખ્યું છે. પહેલું '**क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः**' '**क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।**' બેય ક્લેશ કરે છે. મહાવ્રત પાળવા એ ક્લેશ છે એમ કહે છે. પોપટભાઈ! તો એ કરતાં, તમારી લાદી કરતાં બિચારા થોડી નિવૃત્તિ લઈને મહાવ્રત કરે એટલા સારા નથી? છોટુભાઈ!

મુમુક્ષુ :—

ઉત્તર :— દુનિયા કહે ગાંડી. અંદર વસ્તુનું પડખું જ્યાં જોયું નથી, ચૈતન્યમૂર્તિનો જ્યાં અનુભવ નથી, જેને અનુભવવો જોઈએ તે ચીજને જાણતો નથી અને આ રાગની ક્રિયા તો અનાદિની અભવી પણ કરે છે એ તો અનંત વાર કરી, એમાં ધર્મ ક્યાં હતો? આહા..હા..! મોટો રાજાનો રાજકુમાર હોય, ત્યાગી થાય, ક્રિયાઓ કરે, મહિના મહિનાના અપવાસ (કરે), શરીર જીર્ણ થઈ જાય, ચામડી સુકી થઈ જાય, એક ચોખા અને દાળ લે. મહિના મહિનાના અપવાસને કારણે. રસમાંથી કોઈ રસ ન લ્યે, ઘીનું ટીપુ ન લ્યે. એવી ક્રિયા (પાળે). શરીર જેમાં લુખ્ખા લુખ્ખા થઈ જાય. .. મરી જાઓ તો પણ એમાં ધર્મ નથી, કહે છે. આહા..હા..! એ તો રાગ છે.

'**ઘણા વખત સુધી ભગ્ન થયા થકા (-તૂટી મરતા થકા) ક્લેશ પામે તો પામો; (પરંતુ) જે સાક્ષાત્...**' મોક્ષ પરમાનંદની પ્રાપ્તિ, પૂર્ણ આનંદની પ્રાપ્તિ, પૂર્ણ આનંદપ્રભુ એની પર્યાયમાં પૂર્ણ આનંદની પ્રાપ્તિ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' એમ કહ્યુંને? પૂર્ણ શુદ્ધ, પૂર્ણ પવિત્રતા, પૂર્ણ આનંદ એની પ્રાપ્તિ '**નિરામય (રોગાદિ સમસ્ત ક્લેશ વિનાનું) પદ છે...**' એ તો. આહા..હા..! જેમાં આમય—રોગાદિ છે નહિ. રાગાદિનો રોગ નથી એમ કહે છે. એવો નિરોગી આત્મા ચિદાનંદસ્વરૂપ એવા ભગવાન આત્માને જે નિરામય પદ છે એ '**સ્વયં સંવેદ્યમાન છે...**' એને પરદ્રવ્યની અપેક્ષા નથી. રાગની, વ્યવહારની, આવા કાયક્લેશની, વ્રત, તપના પરિણામની જેને અપેક્ષા નથી. આહા..હા..! તેથી સ્વયં સંવેદ્યમાન કહ્યું છે. એને રાગની મંદતા આવી હોય તો અનુભવ થાય એવી અપેક્ષા એને નથી. સમજાણું કાંઈ? ઠીક માર્ગ ગોતી કાઢ્યો, એક જણો વળી એમ કહેતો હતો. ભાઈ! બાપા! તને ખબર નથી.

વસ્તુ આખી આનંદ અને જ્ઞાનની મૂર્તિ એને સ્પર્શ્યા વિના, એને અનુભવ્યા વિના ધર્મ કે દિ' હતો? આહા..! માર્ગ તો આ જ છે. આ જ હોય. આત્માનો સ્વભાવ છે તો સ્વભાવનું સાધન સ્વભાવ હોય. સ્વભાવનું સાધન રાગની ક્રિયા અને વિભાવ હોય? આહા..હા..! ભાઈ, મહાવ્રત પાળે છે એ વ્રતધારી છે, વ્રતધારી છે એ સંયમી છે, સંયમી છે એ મોક્ષનું કારણ છે એમ કહે છે. ધૂળેય નથી. એ મહાવ્રત કેવા? સમ્યક્ વસ્તુ આત્મા ચિદાનંદસ્વરૂપ એનો

તો જ્યાં અનુભવ નથી, એને અનુસરીને દશા કરી નથી અને રાગને પરને અનુસરીને રાગની ક્રિયા (થાય) એ તો બધી નિરર્થક છે ધર્મને માટે. કહો, સમજાણું કાંઈ? આ બધા પડિકમણા કર્યા એ નિરર્થક છે એમ કહે છે. નિરર્થક એટલે ધર્મને માટે નિરર્થક. સંસાર માટે સફળ. કહ્યું છેને? આવી ક્રિયા અજ્ઞાનીની સફળ છે. કારણ કે અનંત સંસાર મળે છે, એને સંસાર ફળશે. આહા..હા..! પ્રવચનસાર.

આમાંય આવે છે, સૂયગડાંગમાં આવે છે શ્વેતાંબરમાં, ... ... છે સૂયગડાંગનું. શ્રીમદ્‌માં આવે છે. આ તો બધું મોઢે હતું. અધ્યયનનું અધ્યયન મોઢે. છ સાત હજાર શ્લોક મોઢે કરતો. હે અબુધા! જેને આત્મા આનંદમૂર્તિ જ્ઞાનસ્વરૂપી પ્રભુ એનું તો જેને જ્ઞાન નથી, મહાભાગા.. મહિના મહિનાના અપવાસ કરે, દુનિયા લાખો કરોડો એમ કહે આ..હા..હા...! વખાણ કરે, જેના વરઘોડા નીકળે, લાખો માણસ હો હા કરે, એવા મહા ભાગ્યવાન પુણ્યને લઈને આવેલા હોય. આહા..હા..! સમજાણું કાંઈ? જે અબુધા, જે મહાભાગા.. લાખો કરોડો મનુષ્યો વખાણે, પ્રશંસે એવી એની પુણ્યની પ્રકૃતિ હોય. વીરા. પુરુષાર્થ ઊંધો કરવામાં બહુ વીર છે. તપસ્યામાં, અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ. વીર છે.. '**वीरा, असमगदंसणं**' પણ સમ્યગ્દર્શન રહિત છે. બે ઉપમા આપી. અબુધા, મહાભાગા, વીરા, અસમગદંસણં. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિષય પ્રવચનસારમાં છે. એમાંથી લીધું હશે. આહા..હા..! અને જે ... એની સામે છે. બુધા નામ જ્ઞાની છે. વસ્તુનો સ્વભાવનો સ્પર્શ થઈ ગયો છે. એટલે કે અનુભવ છે. ચૈતન્ય ભગવાન આનંદનો નાથ, જેમાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભરેલો છે. આનંદથી લઈએ તો એ આનંદસ્વરૂપ જ છે, જ્ઞાનથી લઈએ તો જ્ઞાનસ્વરૂપ જ છે, શ્રદ્ધાથી લઈએ તો શ્રદ્ધાસ્વરૂપ છે, શાંતિથી લઈએ તો શાંતિસ્વરૂપ છે. સર્વવ્યાપક આખા અસંખ્યપ્રદેશમાં. આહા..!

એવા હે બુધા, એના જાણનાર હોય, સ્વસંવેદ્ય જે હોય. મહાભાગા-પુણ્ય પ્રકૃતિ પણ એવી બહાર હોય કે લાખો માને. ધર્મીને. વીરા પુરુષાર્થ કરવામાં, સ્વભાવમાં પુરુષાર્થ કરવામાં વીર છે, સમ્યગ્દૃષ્ટિ છે. ... એનું બધું પરાક્રમ, સ્વભાવ સન્મુખની ક્રિયા સંસાર ફળવા માટે નિષ્ફળ છે.

મુમુક્ષુ :— પ્રવચનસારમાં આવે છે.

ઉત્તર :— ઈ છે, એમાંથી જ લીધું છે. ... શ્રીમદ્દે નાખ્યું છે, પત્રમાં નાખ્યું છે. આ વાત... દિગંબર સંતોના શાસ્ત્રો તો મહામંત્રો છે. ઉછીનું લઈને કાંઈક બનાવ્યું હોય. આહા..હા..!

પ્રવચનસારમાં એમ કહ્યું, સફળ તારી ક્રિયા પ્રભુ, આત્માના ભાન અને સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન વિના જેટલી તારી મહાવ્રતાદિની ક્રિયા સફળ છે. અનાદિથી ભવ ફળતા આવ્યા એ ભવ ફળશે તને. ધીરૂભાઈ! સફળ ક્રિયા છે તારી એમ કીધું. રખડવા માટે સફળ છે.

રખડવાનું સફળ છે તને. મળશે ભવ બરાબર કરવા માટે. આહા..હા..! અને આત્માના જ્ઞાનની ક્રિયા, આનંદની ક્રિયા એ નિષ્ફળ છે, એનું ફળ ભવ નહિ આવે હવે. ભવ નહિ ફળે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, '**ક્લેશ પામે તો પામો; (પરંતુ) જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, નિરામય પદ છે...**' આત્મા આનંદમૂર્તિ પ્રભુ, નિરામય—રોગ જ નથી જેમાં. રોગ અને રાગ કંઈ નથી. એવી ચીજનો આશ્રય લઈને '**સ્વયં સંવેદ્યમાન છે...**' જે આનંદ અને જ્ઞાન સ્વયં પોતાથી સંવેદ્યમાન છે, '**(પોતે વેદવામાં આવે છે)...**' દેખો ભાષા! અહીં અનુભવ લેવો છેને, એટલે વેદવામાં. જ્ઞાનમાં આવે છે એમ અહીં નથી આવ્યું. આહા..હા..! સ્વસંવેદ્ય એટલે જ્ઞાનમાં આનંદને વેદવામાં આવે. છ ઢાળામાં આવે છેને? 'જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારણ.' આહા..હા..! જ્ઞાન તો એને કહીએ કે જેમાં અતીન્દ્રિય આનંદ આવે. કારણ કે જ્ઞાન અને આનંદ અવિનાભાવી તત્ત્વથી ભરેલું તત્ત્વ છે આખું. આહા..હા..! એવું જ્યાં ભાન નથી, જેને એના તરફની વલણ દશા નથી એ બધા આવા પદને સંસારને પામે. આ પદ તો સ્વયં સંવેદ્યમાન છે. આહા..હા..! પોતે પોતાથી અનુભવવા લાયક એ આત્માનું નિજ પદ છે. એને રાગ ને મંદ ને ક્રિયા ને નિમિત્તના અવલંબનની જરૂર નથી. આહા..હા..! શુભરાગ એટલો શુદ્ધમાં જવામાં મદદ કરે કે નહિ? રાગની મંદતા હોય તો શુદ્ધમાં જવાય, એમ નથી આવતું મોક્ષમાર્ગ પ્રકાશકમાં? જવાયનો અર્થ શું? એને છોડીને જવાય. એટલી અપેક્ષા હતી માટે છોડ્યું છે એમેય નહિ. આહા..હા..!

'**સ્વંય સંવેદ્યમાન...**' પોતાથી સમ્યક્ પ્રત્યક્ષ આનંદના વેદનવાળું '**એવું આ જ્ઞાન...**' એવો જે ભગવાન આત્મા. એમ. જ્ઞાન શબ્દે આખો આત્મા. સહજાનંદ સ્વભાવથી ભરેલો પ્રભુ, જેની સન્મુખ થતાં આનંદની દશા પ્રગટ થાય એવું જે નિજપદ એ '**જ્ઞાનગુણ વિના...**' એટલે જ્ઞાનના અનુભવ વિના. એમ. જ્ઞાનગુણ વિના કહ્યુંને? જ્ઞાનગુણ એટલે ગુણ તો ત્રિકાળ છે. પણ જ્ઞાનના અનુભવ વિના, ત્રિકાળી જ્ઞાનના વેદન વિના, શુદ્ધ અનુભવ વિના. આહા..હા..! '**આ જ્ઞાન...**' '**इदं ज्ञानं**' એમ છેને? '**આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના...**' જ્ઞાનના અનુભવ વિના, અંતરના આત્માના અનુભવ વિના '**કોઈ પણ રીતે...**' '**कथम् अपि**' કોઈ પણ પ્રકારે. આહા..હા..! '**તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી.**' '**प्राप्तुं न हि क्षमन्ते**' છે. '**प्राप्तुं न हि क्षमन्ते**'. એ પ્રાપ્ત કરી શકતા નથી. ભગવાન આત્મા સીધો જ્ઞાન અને આનંદથી વેદાય અને જણાય એવો આત્મા આવા કાયક્લેશ કરીને પામી શકતા નથી. એનું અત્યારે જોર આપ્યું છે. બહારમાં આ કરો, આ કરો, ત્યાગ લ્યો, ત્યાગ લ્યો. એકલી આત્મા આત્માની વાતું કરે એ નહિ હવે. પણ આત્માને સંભારે ત્યાં, આત્માને સંભારે ત્યાં આનંદ ભેગો આવે ઈ આત્માની વાત છે આ. સમજાણું કાંઈ? એ આત્માને યાદ કરે, અવગ્રહ, ઈહા, અવાય,

ધારણ કરીને જેને પકડ્યો છે, એની સ્મૃતિ આવે ત્યાં એનો આનંદ આવે એને તો. સમજાય છે કાંઈ? એવા આત્માના અનુભવ વિના કોઈ પણ પ્રકારે એમ ભાષા છે. વ્યવહારથી તો કાંઈક કાંઈક થાય કે નહિ બીજે પ્રકારે? એમ કહે છે. કોઈ પણ પ્રકારે ન પામે.

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદના સ્વભાવવાળું તત્ત્વ. એ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ દ્વારા જ પ્રાપ્ત થાય છે. બીજા કોઈ રીતે વ્યવહારના વિકલ્પની અપેક્ષા રાખીને પ્રાપ્ત થાય એવું એ પદ છે નહિ. આમાં તો એકાંત કરી નાખ્યું. આહા..હા..! 'જ' કરી નાખ્યું. 'प्राप्तुं न हि' રાગાદિની ક્રિયાથી બિલકુલ પ્રાપ્ત ન થાય. કંઈક કથંચિત્ થાય એમ તો રાખો, વ્યવહારથી કથંચિત્ થાય, નિશ્ચયથી કથંચિત્ થાય. એમ તો કહ્યું નહિ કાંઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

બહુ કળશ અમૃતથી ભર્યો છે. આત્મા પણ અમૃતથી ભરેલો છે. અમૃતના અનુભવથી નિરોગતા, રાગના રોગ વિનાની ચીજ એના અનુભવથી જે તે મુક્તિને પ્રાપ્ત કરે છે. ક્રિયાકાંડ મહાવ્રત આદિના પરિણામથી એને મુક્તિ (થતી નથી). સમકિતી હોય એને મહાવ્રતના પરિણામ આવે પણ એનાથી મુક્તિ નહિ. આવે ખરા, હોય ખરા. સમ્યક્ અનુભવ આત્માના આનંદનો અનુભવ, એવા અનુભવીને પણ આગળ શાંતિમાં સ્થિર થતાં એવા વિકલ્પો મહાવ્રતના હોય પણ એનાથી મુક્તિ છે, એની મદદથી મુક્તિ છે (એમ નથી). એને નિમિત્ત કહેવાય, નિમિત્ત કહેવાયનો અર્થ કે કાંઈ ન કરે એમ એનો અર્થ છે. મહાવ્રત આદિને નિમિત્ત કહેવાય. નિમિત્તનો અર્થ શું પણ? અહીં પરિણમ્યો છે ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય. નિમિત્ત કહેવાય એનો અર્થ કે એનાથી કાંઈ થાતું નથી. એક બીજી ચીજ છે એનું જ્ઞાન કરાવ્યું.

આવે છેને ઉપાદાન નિમિત્તમાં આવે છે. મહાવ્રત આવે છે વચમાં, ... છેને? એ બધું હોય, સાંભળને હવે. ઉપાદાન નિમિત્તમાં નાખ્યું કેટલું, જુઓને! જ્ઞાનદાન આપે છેને! છોડ તારી ... આવે છેને? આહા..હા..! ભગવાન મોટા બિરાજે છે એના પડખે જાને. રાગના પડખેથી છૂટી જા. તો મુક્તિ થશે. આહા..હા..! એમ કહે છે. તો એને નિર્જરા થશે, એની શુદ્ધિ થશે અને પૂર્ણ શુદ્ધિ તો થશે એમ કહે છે. આમાં તો મહાવ્રતનું કાંઈ ફળ આપ્યું નહિ. ... છે કે નહિ? આ કોનો કળશ છે? આચાર્યનો છે? કે સોનગઢનો છે આ? પંડિતજી! અર્થ કરવામાં ફેર કરે છે લોકો એમ કહે છે. શાસ્ત્રમાં એને સાધન કહ્યું છે. એનાથી થાય છે. વ્યવહાર હોય પહેલો પછી નિશ્ચય થાય. અહીં કહે છે કે નિશ્ચયને વ્યવહારની અપેક્ષા છે જ નહિ. એવું જ એ તત્ત્વ છે. આહા..હા..! કહો, ગીરધરભાઈ! ત્યારે શું બધા સાધુ માન્યા હશે? બધા સમજવા જેવા હતા. ... બીજો કાંઈક આવ્યો હતો. રાયચંદજી મળ્યા હતા. રાયચંદજી.. દિગંબર હતો. કલોલનો હતો. કલોલનો શેઠિયો. અગ્રેસર સ્થાનકવાસીનો ઈ અહીં આવ્યો હતો. અહીં આવ્યો હતો. વ્યાખ્યાન સાંભળ્યું. અગ્રેસર સ્થાનકવાસીનો. અમારા

... મળ્યા હતા. કીધું, લાઠીમાં આવ્યા હતા. લાઠી મળ્યા હતા. કાંઈ ખબર નહિ. નરમ માણસ હતો. સંસારમાં મળેલા, દુકાને ત્યાં પાલેજ આવેલા. ૭૦ પહેલા. હાથીભાઈ હાથીજી, એ બધા આવ્યા હતા. કાંઈ ખબર ન મળે. ક્રિયાકાંડના પણ ઠેકાણા ન મળે. આહા..હા..!

અહીં તો બેય જણાને ક્લેશ ભોગવનારા કહ્યા. વીતરાગની આજ્ઞા બહાર પંચાગ્નિ તપે કે ઊભાને ઊભા રહે, નગ્ન રહે. અન્યમતિમાં નગ્ન ઘણા બાવા હોય. ... કુંભનો મેળો, નાગા બહુ. એક ફેરી તો ભાઈ, હાથમાં રાખેને મોટું. પગે લાગવા આવે તો પછી દબાઈ ન જાય એટલે આમ રાખ્યું હતું. કેટલાય માણસો મરી ગયા. માણસો મરી ગયા. મૂર્ખા માણસો પણ કેવા. હોય ગાંડા મૂર્ખા જેવા. ... લાખો માણસ ભેગા થાય કુંભના મેળામાં. પછી ઓલા બાવા હોયને, મોટા મોટા રાખતા હોય. ભીંસ ન પડે એટલે જરી આમ રાખે. એમ રાખે અને ઓલાને જરી ભીંસ કરવા જાય એટલે મરી જાય. કેટલા મરી ગયા. અરે..રે..! મૂર્ખાઈના પાર છે જગતને? એવાઓ આવું.. એ તો બિચારા ક્રિયા કાંઈ કરતા નથી. બીજા કેટલાક સહન કરે, જંગલમાં રહે, તપસ્યા કરે. એકલા કંદમૂળ ખાય, મહિને એક રૂપિયાભાર ... મહિના સુધી ખાવું ન પડે, પાણી ન પીવું પડે. ધ્યાનમાં મસ્ત રહે, અજ્ઞાનમાં. એ ક્રિયા કરીને મરી જાય તોય કહે છે કે આત્માને કંઈ લાભ નથી.

'**ભાવાર્થ :— જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે.**' લ્યો ઠીક! જ્ઞાન જે વસ્તુનું સ્વરૂપ છે તે સાક્ષાત્ મોક્ષ છે. '**તે જ્ઞાનથી જ મળે છે,...**' આ સ્વભાવનું સાધન જ્ઞાન છે, સ્વભાવનું સાધન જ્ઞાન. જ્ઞાન શબ્દે આત્માની દશા, અનુભવ. એ અનુભવથી જ મળે છે. '**અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી.**' હવે આમ ભાષા... '**અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી.**'

## ગાથા-૨૦૫

णाणगुणेण विहीणा एदं तु पदं बहु वि ण लहंते।
तं गिण्ह णियदमेदं जदि इच्छसि कम्मपरिमोक्खं।।२०५।।
ज्ञानगुणेन विहीना एतत्तु पदं बहवोऽपि न लभन्ते।
तद् गृहाण नियतमेतद् यदीच्छसि कर्मपरिमोक्षम्।।२०५।।

यतो हि सकलेनापि कर्मणा, कर्मणि ज्ञानस्याप्रकाशनात्, ज्ञानस्यानुपलम्भः। केवलेन ज्ञानेनैव, ज्ञान एव ज्ञानस्य प्रकाशनात्, ज्ञानस्योपलम्भः। ततो बहवोऽपि बहुनापि कर्मणा ज्ञानशून्या नेदमुपलभन्ते, इदमनुपलभमानाश्च कर्मभिर्न मुच्यन्ते। ततः कर्ममोक्षार्थिना केवलज्ञानावष्टम्भेन नियतमेवेदमेकं पदमुपलम्भनीयम्।

હવે આ જ ઉપદેશ ગાથામાં કરે છે :-

બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;
રે ! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.

ગાથાર્થ :- **[ज्ञानगुणेन विहीनाः]** જ્ઞાનગુણથી રહિત **[बहवः अपि]** ઘણાય લોકો (ઘણા પ્રકારનાં કર્મ કરવા છતાં) **[एतत् पदं तु]** આ જ્ઞાનસ્વરૂપ પદને **[न लभन्ते]** પામતા નથી; **[तद्]** માટે હે ભવ્ય ! **[यदि]** જો તું **[कर्मपरिमोक्षम्]** કર્મથી સર્વથા મુક્ત થવા **[इच्छसि]** ઈચ્છતો હો તો **[नियतम् एतत्]** નિયત એવા આને (જ્ઞાનને) **[गृहाण]** ગ્રહણ કર.

ટીકા :- કર્મમાં (કર્મકાંડમાં) જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી; જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી કેવળ (એક) જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે જ્ઞાનશૂન્ય ઘણાય જીવો, પુષ્કળ (ઘણા પ્રકારનાં) કર્મ કરવાથી પણ આ જ્ઞાનપદને પામતા નથી અને આ પદને નહિ પામતા થકા તેઓ કર્મથી મુક્ત થતા નથી; માટે કર્મથી મુક્ત થવા ઈચ્છનારે કેવળ (એક) જ્ઞાનના આલંબનથી, નિયત જ એવું આ એક પદ પ્રાપ્ત કરવા યોગ્ય છે.

ભાવાર્થ :- જ્ઞાનથી જ મોક્ષ થાય છે, કર્મથી નહિ; માટે મોક્ષાર્થીએ જ્ઞાનનું જ ધ્યાન કરવું એમ ઉપદેશ છે.

## ગાથા-૨૦૫ ઉપર પ્રવચન

'હવે આ જ ઉપદેશ ગાથામાં કરે છે :—'

णाणगुणेण विहीणा एदं तु पदं बहु वि ण लहंते।
तं गिण्ह णियदमेदं जदि इच्छसि कम्मपरिमोक्खं।।२०५।।

**બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;**
**રે ! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.**

જુઓ, આચાર્ય પોતે કહે છે. કર્મ એટલે ક્રિયાકાંડની ભાષા અહીં છે. કર્મનો અર્થ અહીંયા ક્રિયા છે. કર્મનો અર્થ અહીંયા જડ કર્મ એ નહિ, રાગની ક્રિયાને અહીં કર્મ કહેવામાં આવે છે. કર્મ એટલે ક્રિયા કર્મકાંડમાં એટલે દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, રસત્યાગ આદિ. ઓહો..હો..! પાંચ દ્રવ્ય ખપે, બીજા વધારે ખપે નહિ. કરતા કરતા... આઠથી વધારે ખપે નહિ, એક એક વર્ષે એક એક ઘટાડવું. સાત, છ, પાંચ અને છેલ્લે એક પાણી જ ખપે. પછી તો સંથારો જ કરવો પડે. શું થાય? પહેલા .. થાય. પહેલેથી વેગમાં આવે. આઠ વર્ષમાં આઠ જ ચીજ .. લેવી, બીજે વર્ષે સાત, ત્રીજે વર્ષે છ એમ કરીને છેલ્લે પાણી. ત્યાં સુધીમાં દેહ છૂટી જાય તો છૂટી જાય, નહિતર સંથારો કરી નાખે. અને એ પીડા... શેઠિયા કહેતા હતા. ન દ્રવ્ય ખપે ન પાણી રહ્યું, સંથારા કર્યા અને તૃષા લાગી હતી. તેરાપંથી સાધુ હોં! પચ્ચીસ પચાસ સાધુ પગ ઝાલે, એ.. મા-બાપ, મને છોડો, મને પાણી આપો. મરણ બગડી જશે મારું. અને જીવતો હોઈશ તો હું મારા પરિણામ સારા રાખીશ. અત્યારે બગડી જશે. ત્યારે એવા સાધુ હોય કોઈ ઉપર ચડવા ન દે. મરી જા હવે અહીંથી. આમ રાડ પાડે હોં બિચારા. અરે..! હું નથી રહી શકતો, મારા પરિણામ બગડી ગયા છે. મારું મરણ બગડશે. હું જીવતો હોઈશ પાણી પીને, મને બચાવો, બચાવો. સહન ન થાય ત્યાં. અગ્નિ ઝરે અંદરથી તૃષાની. ક્યાંય નજર નાખે... આત્મા તો ખબર છે નહિ. એકલી ક્રિયાકાડમાં રાગની મંદતા કંઈક એના પ્રમાણમાં એ જાતની કરી હોય, એમાં રોકાઈ જાય. આહા..હા..! અરે..! શેઠિયા કહેતા, એ તો રાડ પાડે, અરે..! રોવે હોં! અરે..! પગ પકડે સાધુના. ઊભા હોયને સેવા કરવામાં. મને બચાવો, મને બચાવો. ઈ મરી જાય, જય જય નંદા, જય જય ભદ્દા. એને ખબર છે કે આ પ્રમાણે મર્યો. આવા સાધુ. આ તેરાપંથીની આજ્ઞા. મર્યાદા મહોત્સવ જપે. છાપામાં આવ્યું છે. ... મોટા ડૉક્ટર કહેવાયને? શું કહેવાય? .. વખાણ કર્યા છે. તેરાપંથી જેવો સંઘ નહિ. એક આજ્ઞામાં, એક મર્યાદામાં. પણ આ તારી મર્યાદા? ઈ તમને ખબર છે કે આ મરી ગયો આવા ભાવમાં, છતાં તમે ત્યાં પોકાર કર્યા કે સમાધિમરણ થયું. બહાર કહે, સમાધિ થઈ ગઈ. આહા..હા..! મહાવ્રત ક્યાં? રોયો, રાડ પાડે પાણી માટે. આ મર્યાદા એની. ભારે કામ આકરું. માનના માર્યા બિચારા. ક્રિયાકાંડમાં..

'**ટીકા :— કર્મમાં (ક્રિયાકાંડમાં) જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી...**' જેટલી દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યાની ક્રિયા એમાં આત્માનો પ્રકાશ જરીયે છે નહિ. આહા..હા..! છે કે નહિ છોટુભાઈ? આ બધા રાડુ પાડે છે. ... તમારે કલકત્તામાં હતો એક. તુલસીનો તેરાપંથી. બહુ વિરોધ થયો હતો. ... વિરોધ થયો હતો. વસ્તીમાં આવું ન હોય. પચ્ચીસ,

પચાસ, પચાસ પચાસ સાધુ અને ન્યાં ક્યાં વાડા .. હતા. ગયો ક્યાં? ... આમ ગંધ મારે. બહુ વિરોધ થયો હતો. આ મર્યાદા બાંધી. અરે..રે..! જીવે જીવને છેતર્યો છેને. સારી રીતે છેતર્યો છે. આહા..હા..!

કહે છે કે એવી જે ક્રિયા કર્મકાંડ, પંચ મહાવ્રતના પરિણામ, અપવાસના ભાવ, સંથારાના ભાવ, રસ ત્યાગવાના ભાવ એ બધી ક્રિયાકાંડના ભાવ એમાં આત્મા એટલે આત્માનું પ્રકાશવું નથી. એમાં તો રાગનું પ્રકાશવું છે. આહા..હા..! આવી ચોખ્ખી વાત છે પણ... એમાં આત્માનું પ્રકાશવું નહિ હોવાથી. જ્ઞાન એટલે જ્ઞાન આમ જાગતું નથી. જ્ઞાનની વેદના એમાં આવતી નથી, એમાં તો એકલા રાગની વેદના આવે છે. આહા..! રાગને ભોગવવો અને રાગનું વેદન નથી. બે તો વિરોધ થયો. એઈ..! ચેતનજી! એમ કે દોષને જોવા, વળી કહે કે દોષનું વેદન નથી. જ્ઞાનીને વેદન નથી. અને જ્ઞાની જ દોષ જોઈ શકે એમ છેને? જ્ઞાની જ દોષ જોઈ શકે. વળી કહે કે જ્ઞાનીને દોષનું વેદન નથી. વિરોધ થયો. માણસ ક્યાં ભૂલે છે, ખબર પડતી નથી. અરે..રે..!

કર્મકાંડમાં. જ્ઞાનકાંડમાં ખરું કર્મકાંડ નહિ. ભક્તિકાંડમાં પણ નહિ. એ કર્મકાંડમાં જાય છે ભક્તિ. ભગવાનની ભક્તિ ને એના સમવસરણ ને એના મંદિરો રચવા ને એમાં ભક્તિની ધૂન મચાવવી. એવા અનેક પ્રકારે બે બે કલાક, પાંચ પાંચ કલાક સુધી ત્યાં ભગવાનની સામું જોઈને બેસી રહેવું. એવી જે ક્રિયાકાંડ એમાં આત્માનું પ્રકાશવું નથી, કહે છે. એમાં આવે છે કે નહિ? ભગવાન આવા હોય એવું જોનારને, હું વીતરાગી આવો છું એમ થાય છે કે નહિ? પણ કોને? એનું લક્ષ છોડીને અંદર જાય એને. એનાથી થાય છે? આહા..હા..! ભગવાનને સમવસરણમાં સામું જોયા કરે એમ મૂર્તિની ભગવાનની સામું જોયા કરે. એ તો પરલક્ષીનો ભાવ થયો. પરલક્ષીનું જ્ઞાન પણ પરસત્તાવલંબી થયું. આહા..હા..!

માણસને એવું લાગે કે આ માર્ગ કાંઈક નવો કાઢ્યો છે. નવો ક્યાં બાપુ, માર્ગ તો અનાદિનો છે આવો. તને ખબર ન પડે એથી કરીને.. આહા..હા..! મિંદડીના બચ્ચાને આંખ ઉઘડે ત્યારે લાગે કે ઓહો..! (જગત) છેને. પણ (આંખી) ઉઘડી એ પહેલાં પણ જગત તો હતું જ. તને દેખાણું ત્યારે હતું એમ તને થયું? આહા..હા..! આંખ ઉઘાડી ત્યારે.. એમ તો વસ્તુ અનાદિની જ છે. આહા..હા..! અનંત સંતો શાંતિને આરાધીને ચાલ્યા ગયા. આનંદને આરાધે છે, લ્યો. તિર્યંચો અસંખ્ય પડ્યા છે બહાર. આહા..હા..! એ આનંદને આરાધે છે અંદર.

ભક્તિ કીધી નહિ? નિયમસારમાં નહિ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ભક્તિ તો શ્રાવકને હોય છે, પાંચમા ગુણસ્થાનવાળાને હોય છે. મુનિને હોય છે એવી શ્રાવકને હોય એમ કીધું છે. એ જાતની. એવી ભલે એમ ન હોય.

મુમુક્ષુ :— પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં પણ કહ્યું છે.

ઉત્તર :— હા, કહ્યું છેને. મુનિને જેટલું કહ્યું એનો એકદેશ શ્રાવકને હોય છે. હોય પણ વસ્તુ છે તો હોયને. ... શ્રાવકને શુદ્ધ ઉપયોગનો અવકાશ નહિ. એને શુદ્ધ ઉપયોગનો અવકાશ નથી. એક ઠેકાણે લખ્યું છે. પણ ઈ તો કઈ અપેક્ષાએ લખ્યું છે. મુનિને લાયક શુદ્ધ ઉપયોગ છે એવો ન હોય. આહા..હા..! બહુ પણ અર્થ કરવામાં ફેર. એ ક્રિયાકાંડીના બધાય લખાણ.

કર્મકાંડમાં આત્માનું પ્રકાશવું નહિ હોવાથી. આ કારણ મૂક્યું. એ વ્રતની ક્રિયા, તપની ક્રિયા, ભક્તિની ક્રિયા એનાથી આત્માનું પ્રકાશવું નહિ હોવાથી. એમાંથી આત્મા પ્રકાશતો નથી. '**સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી;...**' એથી બધાય ક્રિયાકાંડના ભાવથી આત્માની પ્રાપ્તિ થતી નથી. આહા..! જ્ઞાન શબ્દે આત્મા આખો. વ્યવહારની ક્રિયાકાંડથી પણ આત્માની પ્રાપ્તિ થતી નથી એમ કહ્યું. વ્યવહારનો નિષેધ કર્યો. હોય છે, પણ એનાથી આત્માની પ્રાપ્તિ થાય એમ નથી. કહો. '**સઘળાંય કર્મથી...**' સઘળી ક્રિયાકાંડના ભાવથી. છ પરબી બ્રહ્મચર્ય પાળે, છ પરબી કંદમૂળ ન ખાય, લીલોતરી ન ખાય લ્યોને. છ પરબી સમજાય છે? બીજ, સાતમ, આઠમ, અગ્યારસ, ચૌદસ અને પૂનમ. એ તો બધી ક્રિયા છે, કહે છે. એ '**સઘળાંય કર્મથી...**' ક્રિયાથી '**જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી;...**' ભગવાનજીભાઈ! ભારે આકરું કામ. બિચારા બહાર કરે, તપસ્યાઓ કરે, ઊભી ઊભી.. ઓલો કહેતો હતો, શેઠિયાઓની વહુરુ ઊભી ઊભી વર્ષીતપ કરે અને આ કહે છે આ વર્ષીતપ છે ઈ લાંઘણું છે. ૧૯૯૦માં થયું હતું, રાજકોટમાં. બિચારા જુવાન બાયું હોય ૪૦-૪૫ વર્ષની. છોકરાના ઘરે છોકરા થયા હોય તો વર્ષીતપ કરીને પછી જાવજીવનું બ્રહ્મચર્ય લેશું. ધૂળમાંય નથી ક્યાંય ધર્મ, સાંભળને! એવા કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. આત્માનો સ્વભાવ એનાથી અનુભવમાં આવતો નથી એમ કહે છે. જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી એટલે આત્માની પ્રાપ્તિ થતી નથી. એમ છે. સઘળાં કર્મકાંડથી આત્માનો અનુભવ થતો નથી એમ કહે છે.

'**જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી...**' લ્યો. આત્મામાં જ આત્માના અનુભવનું પ્રગટપણું હોવાથી '**કેવળ (એક) જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.**' અહીં 'જ' આવ્યો, એકાંત આવ્યું, સર્વથા આવ્યું. '**કેવળ (એક) જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.**' અંતર ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ એની જે જ્ઞાન અને આનંદની ક્રિયા એનાથી જ આત્માની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે એટલે મોક્ષની પ્રાપ્તિ થાય છે હોં! અને મોક્ષના માર્ગની પણ એના જ્ઞાનથી જ પ્રાપ્તિ થાય છે. ચારિત્ર કેમ લીધું? પણ જ્ઞાન શબ્દે આખો આત્મા લીધો છે અહીં. આહા..હા..! અહીં તો આખો આત્મા છે. શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એના શુદ્ધ અનુભવથી તેની પ્રાપ્તિ છે. સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિ અને પછી કેવળની પ્રાપ્તિ શુદ્ધ અનુભવથી છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાષા જુઓને.

**'જ્ઞાનમાં જ...'** એક તો 'જ' નાખ્યો. **'જ્ઞાનનું પ્રકાશવું હોવાથી કેવળ (એક) જ્ઞાનથી જ...'** આહા..હા..! આ બધું એકાંત એકાંત (થાય છે). એકાંત એ અનેકાંત છે. રાગથી ને નિમિત્તથી લાભ થતો નથી. એનું નામ અનેકાંત છે. એકલો ચૈતન્યબિંબ પ્રભુ રાગની, નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના સ્વસંવેદનજ્ઞાનનો અનુભવ એનાથી પૂર્ણ જ્ઞાનની એટલે આત્માની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનમાં જ જ્ઞાનનો અનુભવ હોવાથી કેવળ એક (જ્ઞાનથી જ આત્માની પ્રાપ્તિ થાય છે).

**'માટે જ્ઞાનશૂન્ય ઘણાય જીવો,...'** ભાષા જુઓ, ઘણાય જીવો છે. **'बहवोऽपि'** પાઠ છેને? ઘણાય લોકો. દેખો, પાઠ છેને? કુંદકુંદાચાર્યનો પાઠ છે. **'णाणगुणेण विहीणा'** બહુ જીવો. લાખો કરોડો જીવો ભલે ધર્મને નામે તપસ્યાઓ કરે, અપવાસ કરે, મહાવ્રત ધારણ કરે. આહા..હા..! તોય **'જ્ઞાનશૂન્ય ઘણાય જીવો...'** આત્માના અનુભવ વિનાના ઘણાય જીવો. જ્ઞાનશૂન્ય નામ આત્માના અનુભવના ભાન વિનાના ઘણા જીવો. **'પુષ્કળ (ઘણા પ્રકારનાં) કર્મ કરવાથી...'** ઘણા પ્રકારની ક્રિયા કરવાથી. એમ. આહા..! કષાયની મંદતારૂપ ઘણા પ્રકારની ક્રિયા. સવારે આ કરે, બપોરે આ કરે. આહા..હા..!

ઉપધાન કરેને દેરાવાસીમાં. કેટલી ઉઠબેસ કરવી પડે એક દિ'માં. કેટલી? ૧૦૦. કહો! ભગવાનજીભાઈએ નહિ કર્યું હોય. રળવા વયા હતાને. સો સો કરવી પડે. અપવાસ કરે, કેટલા ૪૫? ૪૫ દિવસ ઉપધાન. એક દિ' ખાય અને એક દિ' અપવાસ. એમને? એક દિ' અપવાસ નકોરડોને? એક દિ' ખાવાનું ખરું. સો શું કહેવાય ઈ? ખમાસણા. ભગવાનને મૂર્તિને સો ખમાસણા દેવા. મરી જાય બિચારા. ઓલો નહોતો ખમાસણા કરતો હતો? ત્યાં અમે ગયા હતાને, ગયામાં. બૌદ્ધનો હતો એક. બહાર ઊભો હતો. બૌદ્ધના મંદિરની બહાર. બિચારા બુદ્ધિ વિનાના. જાડી બુદ્ધિ. ચામડી ધોળી હોયને, ન્યાંના અમેરિકન ને એવા.. ઢેઢ જેવા હોય કેટલાક. હેઠે લૂગડું ચોપાટીયું હોય. બસ, સવારથી સાંજ સુધી આમ... કહો, ગયામાં બૌદ્ધનું દેવળ છેને? બહાર હતું બહાર. અંદર ઓલો દીઠો ગોરો. અંદર ગર્યા ત્યારે ઓલો ગોરો. ... અંદર ગર્યા તો, ઓહો..! કાનજીસ્વામી! અહીં એક ગોરો આવ્યો હતોને? વ્રત પાળતો ને ઊનું પાણી પીતો. નળનું પાણી પીતો. એને કાંઈ ઠેકાણા નહિ. જૈનના ઠેકાણા નથી ત્યાં... અહીં આવ્યો હતો. બે દિ' રહ્યો. અરે..!

**'(ઘણાં પ્રકારનાં)...'** 'પુષ્કળ' શબ્દ વાપર્યો છે. બહવે જીવો, ઘણા પ્રકારના ... બહુમાંથી ઘણા પ્રકારના (અર્થ કર્યો). આત્માના અનુભવ વિના એમ કહે છે. આત્મા ચિદાનંદ પ્રભુ એના સ્પર્શ વિના, એના અનુભવ વિના, સમકિત વિના, સ્વસંવેદનજ્ઞાન વિના જેટલા પ્રાણીઓ એ બધી ક્રિયાકાંડ કરે એમાંથી જ્ઞાનપદને પામતા નથી. એમાં આત્માનું પદ એને મળતું નથી. ધૂળનું પદ મળે એને. આ શેઠિયા કે કોઈ સ્વર્ગમાં જાય. ન્યાંથી મરીને પાછા હેઠે પછડાય.

આહા..હા..! આ બાજુ છેને. '**(ઘણાં પ્રકારનાં)**...' ક્રિયાકાંડ કરવાથી પણ. એમ. આવું કરવાથી પણ એમ. નથી કરતો એની તો વાતેય નથી. આવા પંચ મહાવ્રત અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. લંગોટીનો તાણોવાણો નહિ. નગ્ન દશા. માંએ જન્મ્યો એવો. અને તપસ્યાઓ કરે, શેરડીનો રસ, સાકરનો રસ એવા આવે છેને? અનેક પ્રકારના રસનો ત્યાગ. લુખ્ખી રોટલી ખાય, મમરા અને ડાળિયા લે. અને આવી તપસ્યા કરે પણ '**આ પદને પામતા નથી**...' આત્મા મળતો નથી. આહા..હા..!

'**અને આ પદને નહિ પામતા થકા**...' ભગવાન ચિદાનંદસ્વરૂપ નિર્વિકલ્પ આત્માના પદને નહિ પામતા થકા, એવા વિકલ્પની ક્રિયાથી નહિ પામતા થકા '**તેઓ કર્મોથી મુક્ત થતા નથી;**...' એ રાગથી ને કર્મથી મુક્ત થતા નથી. કહો, સમજાણું કાંઈ? '**માટે કર્મથી મુક્ત થવા ઈચ્છનારે**...' લ્યો. '**तं गिण्ह णियदमेदं**' આવ્યુંને પછી ત્રીજું પદ. '**માટે કર્મથી મુક્ત થવા ઈચ્છનારે કેવળ (એક) જ્ઞાનના આલંબનથી,**...' લ્યો. એકલા આત્માનું અવલંબન. જ્ઞાન એટલે આત્મા. એકલા આત્માના આલંબનથી, એકલા આત્માનું આલંબન. વ્યવહારનું આલંબન નહિ, વ્યવહારમાં નિમિત્ત બીજું આવે ભગવાનની મૂર્તિ આદિ એ નહિ. આહા..હા..! ક્રિયાકાંડથી અને કર્મથી મુક્ત થવા ઈચ્છનારે એક જ્ઞાનના આલંબનથી, એક ભગવાન આત્મા વિકલ્પના વિકલ્પ વિનાનો એવો એકલો. એના આલંબનથી '**નિયત જ**...' નિશ્ચય જ '**એવું આ એક પદ**...' નિયત જ નિશ્ચય '**એવું આ એક પદ પ્રાપ્ત કરવાયોગ્ય છે.**' આહા..હા..! ભારે કઠણ જગતને. ગૃહસ્થને માટે કાંઈક બીજો માર્ગ હશે કે નહિ? આખો દિ' ઉપાધિ કરવી ને... પ્રવચનસારમાં આવે છે, એને શુભભાવથી મોક્ષ થાય. એ તો અશુભભાવ ઘણા હોય છે એથી એને શુભ.. છૂટે છે એથી એને વ્યવહારે એમ કહ્યું કે એ છોડે અને પછી એને છોડીને કેવળજ્ઞાન પામશે. એટલે આ એક પદ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે.

'**ભાવાર્થ :— જ્ઞાનથી જ મોક્ષ થાય છે,**...' લ્યો. 'જ' છે અહીં પણ. આત્માથી જ મોક્ષ થાય છે. કર્મથી ક્રિયાકાંડથી નહિ. '**માટે મોક્ષાર્થીએ જ્ઞાનનું જ ધ્યાન કરવું**...' એ આત્માના સ્વભાવને ધ્યેય કરીને ધ્યાન કરવું. ભગવાન પૂર્ણાનંદનો નાથ તેને લક્ષમાં લઈને ધ્યાન કરવું. ધ્યાનના વિષયને એને બનાવવો તો એને લઈને મુક્તિ થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

